આચાર્ય હરિભદ્રસૂરિ વિરચિત

# ધર્મસંગ્રહણી

ભાગ ૧

# ધર્મસંગ્રહણિ

ગુર્જર અનુવાદ સહિત

## ભાગ ૧


મૂળ ગ્રંથકાર

સૂરિ પુરંદર, ૧૪૪૪ ગ્રંથકર્તા આચાર્ય દેવ

**શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ**

ટીકાકાર

સમર્થ ટીકાકાર આચાર્ય દેવ શ્રી

**મલયગિરિ સૂરિજી મહારાજ**

ગુર્જર અનુવાદ પ્રેરક-કૃપાદાતા

સુવિશાળ ગચ્છનાયક, ન્યાયવિશારદ આચાર્યદેવ શ્રી વિ.

**ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજ**

ગુર્જર અનુવાદ સંશોધક

**વિદ્વદ્વર્ય ગણિવર્ય શ્રી કુલચંદ્ર વિજયજી મહારાજ**

ગુર્જર અનુવાદ કર્તા+સંપાદક

**વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી અજિતશેખર વિજયજી મહારાજ**



પ્રકાશક

**દિવ્ય દર્શન ટ્રસ્ટ**

**૩૬, કલિકુંડ સોસાયટી**

**ધોલકા - ૩૮૭ ૮૧૦ (ગુજરાત)**

સંપૂર્ણ દ્રવ્ય સહયોગી

**શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન સંઘ**

**બાબુલનાથ - ચોપાટી, મુંબઈ - ૪૦૦ ૦૦૭**

Computer Compose :
**Hansa Compugraphics**
Bangalore-1 ✆ 260655
**Hrimkar Compu Printers**
Vijayawada-1 ✆ 76927

Offset Print :
**Indovijay Offsets**
Bangalore-40

**પ્રથમાવૃત્તિ - સંવત ૨૦૪૮** **મૂલ્ય - રૂ ૧૩૫/-**

શ્રી આદિનાથાય નમ:

એક આસ્તિક વિદ્વાન અને એક નાસ્તિક વિદ્વાન વચ્ચે વાદ વિવાદ થયો. તર્કની તીરંદાજી અને બુદ્ધિની પટાબાજી ખેલતા ખેલતા છ મહિના પસાર થઇ ગયા. વાદવિવાદના ધમ્મર વલોણાનું નવનીત એ બહાર આવ્યું કે આસ્તિક વિદ્વાન નાસ્તિક વિદ્વાનની દલીલો સાંભળી નાસ્તિક બની ગયા અને નાસ્તિક વિદ્વાન આસ્તિક વિદ્વાનના મુદ્દાઓ સાંભળી સાંભળી આસ્તિક બની ગયા.

આ વાતનો મુખ્ય સાર એ જ છે કે મુખ્યતયા માનવજીવનમાં જ આત્મા-શરીર, પુણ્ય-પાપ, આલોક-પરલોક, દેવ-નારક, બંધન-મુક્તિ વગેરે અંગે આસ્તિક-નાસ્તિક ચર્ચાઓ, વિવાદો, ખંડન-મંડન ચાલતા હોય છે. નરકના જીવો તો ક્ષેત્ર વગેરેથી જન્ય નાનાવિધ પીડાઓના ત્રાસમાંથી જ ઊંચા નથી આવતા, તેથી તેઓને તો પ્રાય: આ બધું સાંભળવાય નથી મળતું.

વિશેષ ખાસ પ્રવૃત્તિ વિનાના આળસ-જડતાના પ્રતીક સમા પશુઓને ક્વચિત ક્યારેક આવી વાતો કાને પડે છે ખરી-સાંભળવા સદ્ભાગી બની શકે છે, પણ એટલી વિવેકશક્તિ-વિચારશક્તિ ન હોવાથી પ્રાય: સમજી શકતા નથી, તેથી એ બધું સાંભળેલું તેઓ માટે 'ભેંસ આગળ ભાગવત' બની રહે છે. દેવો પાસે સાંભળવાની અને સમજવાની શક્તિ છે પણ સુખ-સામગ્રી વિપુલ પ્રમાણમાં હોવાથી મોટા ભાગે તેમાં લીન રહેતા હોવાથી એ તરફ ખાસ લક્ષ્ય પ્રાય: જતું નથી... આવી બધી ચર્ચા-વિચારણાઓનો અવકાશ ઓછો મળે છે. અને દેવોને એક બંધન છે કે સાંભળવા-સમજવા મળે તો પણ જીવનમાં એક વિશેષ અસરભૂત થાય એ રીતે તેઓ આચરણમાં ખાસ મુકી શકતા નથી.

મનુષ્ય પાસે જ એવી શક્તિ-બુદ્ધિ-સામગ્રી છે કે તે સાંભળી શકે છે, શંકા કરી શકે છે, તર્ક-દલીલ-વાદ કરી શકે છે, વિચારી શકે છે, વિવેક શક્તિથી પરીક્ષા કરી શકે છે, અને સત્યાર્થનો નિર્ણય કરી જીવનમાં આચરી શકે છે. જીવનપદ્ધતિમાં એ મુજબ ધરખમ ફેરફાર કરી શકે છે.

આ માનવ સમૂહમાં પણ બે વિચારધારા સ્પષ્ટ ઉપસી આવે છે.

(૧) વર્તમાન વિશ્વના પશ્ચિમના વિદ્વાનોએ મુખ્યતયા ભૌતિકવાદને નજરમાં રાખી વિજ્ઞાનના ક્ષેત્રે ચિંતન-મનન-આવિષ્કારો કરવામાં નોંધપાત્ર પ્રગતિ સાધી છે.

## હૃદયોર્મિના શાબ્દિક આકાર

(૨) ભારતદેશ પ્રથમથી જ અધ્યાત્મવાદી રહ્યું છે. આત્માના અસ્તિત્વ, તેના શાશ્વત સુખના તથા આલોક-પરલોકના સુખના કારણભૂત ધર્મની આવશ્યકતા, તેની સાધનાવિધિ-આચાર-અનુષ્ઠાન, એ બધાની આલોક-પરલોકમાં થતી અસર, બંધન-મુક્તિ વગેરે વિષયોઅંગે ખુબ જ ઊંડાણથી ચિંતનો થયા છે. આજ સુધીમાં થયેલા મોટા-મોટા વિચારકોએ આ વિષયોમાં ઘણું ઘણું વિચાર્યું છે. સમાજમાં પણ જુદા જુદા વિચારકોની જૂદી જૂદી વિચારસરણીના આધારે જૂદા જૂદા ધર્મ-સંપ્રદાય- શાખા-પ્રશાખાવગેરે ઘણા ઘણા ફાંટાઓ ફંટાયા.... પ્રાય: દરેક પ્રકારની કુદરતી સંપત્તિથી સમૃદ્ધ ભારતદેશ વિચારકો, સંતપુરુષો, વિચારધારાઓ અને ધર્મોની વિવિધતાથી પણ સમૃદ્ધ બન્યો છે. જૈન, બૌદ્ધ, વૈદિક, નૈયાયિક, વૈશેષિક, મીમાંસક અને સાંખ્ય આ મુખ્ય છ પ્રખર અધ્યાત્મવાદી દર્શનો અને અનધ્યાત્મવાદી નાસ્તિક દર્શનની ઉત્પત્તિ-પ્રવૃત્તિનું મુખ્યસ્થાન ભારતભૂમિ રહી છે.

અલબત્ત, આ બધા દર્શનોની વિચારધારાઓમાં સ્પષ્ટ અંતર દેખાય છે. છતાં એક રીતે જોવા જઇએ, તો એના બે વિભાગ પડે. એક બાજૂ અનેકાન્ત-સ્યાદ્વાદને અનુસરતું જૈનદર્શન અને બીજી બાજૂ એકાન્તને આગળ કરનારા બાકીના દર્શનો. એ અન્ય દર્શનોમાં એક એકાન્ત નિત્યવાદી છે, તો બીજો એકાન્ત અનિત્યવાદી. એક દ્રવ્ય-પર્યાય વચ્ચે એકાન્તે ભેદ ઇચ્છે છે, તો બીજો એકાન્તે અભેદ. એકને મન આ જગતમાં બ્રહ્માદ્વૈત એકાન્ત સત્ય છે, બાકી બધું માયારૂપ હોવાથી મિથ્યારૂપ છે. તો બીજાને મન દ્વૈતમાં જ સત્ય છે, અદ્વૈતમાં નહી. એકની નજરમાં આખું જગત સમાન્યરૂપ-સન્માત્ર છે, તો બીજાની આંખે જગતમાં માત્ર વિશેષ જ છે, સામાન્યનું નામોનિશાન નથી. એક ઇશ્વરના નામમાત્રથી ભડકી જાય છે, ઇશ્વરના અસ્તિત્વનો ધરાર ઇન્કાર કરે છે, તો બીજો ઇશ્વરની ઇચ્છા વિના એક પાંદડું પણ હલે નહીં, એમ માની જીવન વિતાવે છે. ટૂંકમાં આ બધાને મન પોતે જે કલ્પના-વિચારધારા અપનાવી છે તે મુજબ જ એકાન્તે આ જગત રહેલું છે, અને તે મુજબ સ્વીકારીને ચાલવાથી જ આત્મોદ્ધાર શક્ય છે. ગણિતમાં જેમ કોઇ અપવાદ નથી તેમ આ બાબતમાં તેઓ જરા પણ અપવાદ ચલાવી લેવા માંગતા નથી.

સામે પક્ષે જૈનદર્શન સ્યાદ્વાદપર નિર્ભર છે. 'સ્યાત્' એ જૈનદર્શનનું સિમ્બોલ છે. અનેકાન્ત એ જૈન-દર્શનની જયપતાકા છે. જૈનમતે દરેક વસ્તુ અપેક્ષીને નિત્ય પણ છે તો અપેક્ષીને અનિત્ય પણ છે, તેથી પરસ્પરાનુવિદ્ધ નિત્યાનિત્ય છે. દ્રવ્ય-પર્યાય અમુક અપેક્ષાએ ભિન્ન છે તો અમુક અપેક્ષાએ અભિન્ન છે. તેથી અન્યોન્યવ્યાપ્ત ભિન્નાભિન્ન છે. દ્વૈત પણ આવકાર્ય છે, અદ્વૈત પણ, તેથી એકબીજાપર અવલંબિત દ્વૈતદ્વૈત છે.

સ્વપરાક્રમથી વીતરાગતા-સર્વજ્ઞતારૂપ શુદ્ધતમ ભાવને પામેલા આત્માઓ જ ભગવાન છે કે જે જગત્કર્તા નથી પણ જગતદ્રષ્ટા છે અને મોક્ષમાર્ગોપદેષ્ટા છે.

જૈનદર્શન બધા જ દ્દષ્ટિકોણને નિષ્પક્ષભાવે નજરમાં લેતું હોવાથી જ આવી મૌલિક સ્યાદ્વાદ શૈલીને વરેલું છે. બીજા દર્શનો પાસે પોતાપોતાના અંશનું સત્ય હોવા છતાં એ જ એકમાત્ર સત્ય છે બીજા અંશોના સત્ય મિથ્યા છે એવો અતિ આગ્રહ રાખે છે. જેમ અતિલસોટવાથી ઘી પણ ઝેર બની જાય છે, તેમ આ આગ્રહના કારણે તેઓનું સત્ય પણ મહાઅસત્ય બની જાય છે. અને બીજા અંશના સત્યને અપનાવવાની -વિચારવા જેટલી પણ તૈયારી ન હોવાથી માનસ સંકુચિત બની જાય છે, જે જીવનવ્યવહારમાં પણ સહિષ્ણુતા ગુણને આંચ પહોંચાડે છે.

શુદ્ધ અનાત્મવાદી હોવાથી નાસ્તિકના મતે મન-શરીર-ઇન્દ્રિયને તર્પણ થાય એવી પ્રવૃત્તિ કરવી એ જ ધર્મ છે, 'ऋणं कृत्वा घृतं पिबेत्' એ એમનો સિદ્ધાન્ત છે. અધ્યાત્મવાદી દર્શનો અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય વગેરે ધર્મો અંગે તો લગભગ એકમત છે, પરંતુ અલગ-અલગ પ્રકારના એકાન્તો પકડ્યા હોવાથી એ ધર્મના સ્વરૂપ, હેતુ, ફળ અને આત્માપર અસરની બાબતમાં તથા મોક્ષ-નિર્વાણ-પરિમુક્તિ અને એથી વિરુદ્ધ સંસાર અને સંસારના સ્વરૂપની બાબતમાં ખૂબ જ વિભિન્ન માન્યતાઓ ધરાવે છે. જેથી અહિંસાદિરૂપે સીધા સરળ પણ ધર્મમાં ઘણી ગૂંચ ઊભી થાય છે, અને સામાન્ય જન તેમાં મૂંઝાય છે.

સ્યાદ્વાદને વરેલા જૈનદર્શને તમામ દૃષ્ટિકોણ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવવગેરે તમામ પરિબળોને ધ્યાનમાં લઇ અનેકાન્ત દૃષ્ટિથી ધર્મ, ધર્મસાધક

ક્રિયાઓ, અસરપાત્ર આત્મા, ફળભૂત મોક્ષ, એનો પ્રતિપક્ષ સંસાર વગેરે પદાર્થોની એટલી સુંદર છણાવટ કરી છે કે આ બધી ગૂંચ દૂર થાય અને બધા પોતાની શક્તિ મુજબ આત્મકલ્યાણમાં પ્રવૃત્ત થઇ શકે. તેથી જ કસ, છેદ, તાપ અને તાડનરૂપ ચાર પરીક્ષામાં જિન ભાષિત ધર્મ સુવર્ણવત્ અણિશુદ્ધ ઉત્તીર્ણ થાય છે. આ બધી વિચારણા આ ધર્મ (પ્રતિપાદક) સંગ્રહણિ ગ્રંથમાં મૂળકાર/ટીકાકાર આચાર્યવર્યોએ સકૌશલ નિરૂપી છે.

આ ગ્રંથમાં 'ધૃ' ધાતુથી બનેલા ધર્મ શબ્દની વ્યુત્પત્તિને નજરમાં રાખી અને આત્મકલ્યાણને લક્ષમાં રાખી (૧) દુર્ગતિ-ગમનથી અટકાવે તે અને (૨) શિવગતિમાં ધારી-સ્થાપી રાખે તે ધર્મ એવો અર્થ કર્યો છે. આ ધર્મના બે સ્વરૂપ બતાવ્યા (૧) પુણ્યકર્મરૂપ અને (૨) આત્મસ્વભાવરૂપ. એમાં ચૌદમા ગુણસ્થાને શૈલેશીકરણના ચરમસમયે રહેલો આત્મધર્મ ધર્મા-ધર્મના ક્ષયમાં હેતુ હોવાથી મુખ્ય ધર્મ છે, બાકીના ધર્મો તે જ ધર્મના સાક્ષાત-પરંપરાએ સાધક ધર્મો છે. આ ધર્મ શબ્દ પર અન્ય ગ્રંથાદિમાં પણ અનેકવિધ વિચારણાઓ થઇ છે. જેમકે લોકવ્યવહારને મુખ્ય માનતા વ્યવહારનયથી બાહ્ય શુભ આચાર-ક્રિયા-અનુષ્ઠાન ધર્મરૂપ છે. જીવની આંતરિક શુભાશુભ પરિણતિના ગ્રાફપર જ નજર રાખતા નિશ્ચયમતે કર્માંશોથી બિલ્કુલ અસર નહીં પામેલો, ક્ષાયિકભાવથી સહજ બનેલો અને તેથી આત્મસ્વભાવભૂત શુદ્ધ પરિણામ જ શુદ્ધ ધર્મરૂપ છે. ક્ષયોપશમભાવનો-કર્માંશથી કાં'ક પ્રભાવિત થવાથી અપૂર્ણતાને વરેલો શુભપરિણામ અશુદ્ધ ધર્મ છે. બાહ્ય ક્રિયા-આચાર-અનુષ્ઠાનો આ શુદ્ધા-શુદ્ધ ધર્મમાં સહાયક-નિમિત્તભૂત બનતા હોવાથી પ્રધાન દ્રવ્યધર્મરૂપ છે. અભવ્યોની શુભ ક્રિયા-આચાર વગેરે આ શુદ્ધા-શુદ્ધ ધર્મમાં કારણ બનતા ન હોવાથી અપ્રધાન દ્રવ્યધર્મ છે. એજ પ્રમાણે મુખ્યરૂપે પુણ્યમાં કારણ બનતો ધર્મ સાશ્રવધર્મ અને નિર્જરામાં કારણ બનતો ધર્મ નિરાશ્રવધર્મ એવા પણ ધર્મના ભેદ પડે છે.

ધર્મબિંદુ જેવા ગ્રન્થોમાં ન્યાયસંપન્ન-વૈભવવગેરે માર્ગાનુસારીના ગુણોને સામાન્યધર્મરૂપ અને સાધુ-શ્રાવકના વ્રતોને વિશેષધર્મરૂપે બતાવ્યા છે. એ જ રીતે અન્યત્ર સાધુધર્મ અને ગૃહસ્થધર્મ એમ બે આરાધ્ય ધર્મ બતાવ્યા છે. આમ અનેક પ્રકારે ધર્મની વિચારણા થઇ શકે છે.

'ધર્મ' એટલે ગતિમાં સહાયક દ્રવ્ય એ ધર્માસ્તિકાય સ્થળે અર્થ છે. જીવવગેરે દ્રવ્યના સ્વભાવ, સ્વરૂપ, ગુણ, પર્યાય (-પરિણામ-અવસ્થા) શક્તિવગેરે માટે પણ 'ધર્મ' શબ્દ ઉપયુક્ત થાય છે, જેમકે ઊર્ધ્વગમન ધૂમાડાનો ધર્મ (=સ્વભાવ) છે. અમૂર્ત્તપણું આકાશનો ધર્મ(=સ્વરૂપ) છે. ક્ષમાવગેરે આત્માના ધર્મો(=ગુણ) છે. કુંડળ વગેરે સોનાના ધર્મ(=પર્યાય-પરિણામ) છે. બાળવું એ અગ્નિનો ધર્મ(=શક્તિ) છે. ઇત્યાદિ આ બધા અર્થોવાળા ધર્મના દ્રવ્યસાથેના સંબંધના વિષયમાં પણ એકાંતવાદીઓ પરસ્પરના એકાંતસામે લડે છે. જ્યારે સત્યસ્વરૂપદર્શન જૈનમત-સ્યાદ્વાદ સિદ્ધાન્ત બતાવે છે. આ અંગે પણ વિવિધસ્થળે રસપ્રદ ચર્ચાઓ મૂળકારશ્રી તથા ટીકાકારશ્રીએ ઉઠાવી છે. આવા અનેકાનેક મુદ્દાઓ પર વિસ્તારથી ચર્ચાઓ હોવાથી જ આ ગ્રન્થની મૂળગાથાઓ ૧૩૯૬ સુધી અને ટીકાગ્રંથ લગભગ ૧૦,૦૦૦ શ્લોક પ્રમાણ સુધી પહોંચ્યો છે. એમાં પ્રથમભાગમાં ૫૪૫ ગાથા + ટીકા છે. ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા સૂરિપુરંદર આચાર્યદેવશ્રી **હરિભદ્રસૂરિજી** મહારાજ મૂળ ગાથાકાર છે, તો સમર્થઆગમ ટીકાકાર આચાર્યદેવશ્રી **મલયગિરિસૂરિજી** ટીકાકાર છે. આ બન્ને પૂજ્યોના જીવનકવન વગેરે વિશેષ વાતો દ્વિતીય ભાગની પ્રસ્તાવનામાં લેવાની ગણત્રી હોવાથી એ બાબતમાં અહીં વિશેષથી સર્યું.

વાદ-યુદ્ધભૂમિરૂપ આ ગ્રન્થ આપણા માટે તો બે મિઠાઇવાળાની લડાઇમાં પ્રેક્ષકને તો મિઠાઇની મિજબાની મળે, તેવો છે, કેમકે આ ગ્રંથના અવગાહન-સ્વાધ્યાયથી (૧) અનેક વિષયો પર તર્ક, અનુમાન, આગમના બળપર ઊંડાણથી અવગાહન કરી તાત્પર્યાર્થ પામવાનો અદ્વિતીય માર્ગ પ્રાપ્ત થાય છે, (૨) તમામ કસોટીમાં અણિશુદ્ધ, અને આલોક-પરલોકના તમામ જીવનવ્યવહારમાં શાંતિ-સમૃદ્ધિ-સમાધિના મહાસાગરમાં ઝીલાવતા સ્યાદ્વાદના સિદ્ધાંતને બતાવનારી જિનાજ્ઞા પર બહુમાન-શ્રદ્ધેયભાવ પેદા કરવાનો સોનેરી સન્માર્ગ જડે છે, (૩) તીક્ષ્ણ બુદ્ધિવાળા અન્ય દર્શનકારોની એક એકાન્તના કારણે થઇ જતી ગંભીર ભૂલોના દર્શનથી સ્વયંને સાવધાન બનવાનો અવસર મળે છે. તત્ત્વવિનોદ અને ધર્મશ્રદ્ધા આ ગ્રન્થના સીધા સાધ્ય છે.

પ. પૂ. સ્વ. સિદ્ધાન્તમહોદધિ, સુવિશુદ્ધબ્રહ્મચર્યૈકનિષ્ઠ આચાર્યદેવ શ્રી વિ. **પ્રેમસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટાલંકાર પૂજ્યપાદ, પરમશાસનપ્રભાવક, સંઘહિતૈકચિંતક, ન્યાયવિશારદ, વર્ધમાનતપોનિધિ તમામ-ચર્ચા-વિચારણા-વાદોના એક સાર-તત્ત્વ-નવનીતભૂત અનેકાન્તની સિદ્ધિને આત્મસાત્ કરી પ્રવચનપરબથી પીરસવામાં કુશળ-પરમગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્વિજય **ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજ** મારા સંયમજીવનના પ્રાણદાતા છે, તેઓશ્રીની પ્રેરણા-કૃપાની અમીવૃષ્ટિથી જ આ મહાગ્રન્થના ગુર્જરાનુવાદના મહાકાર્યને સંપન્ન કરવા અલ્પમતિ હું સમર્થ બન્યો છું.

આ ક્ષણે પૂજ્યપાદ કર્મસાહિત્યનિષ્ણાત, જિનબિંબચંદ્રચકોર, સહજાનંદી સ્વ. પ્રદાદા ગુરુવર્ય આચાર્યદેવ શ્રી વિ. **ધર્મજિત સૂરીશ્વરજી** મહારાજ, પરમાત્મભક્તિસાગરમરજીવા, ચારવાર સૂરિમંત્ર પંચપ્રસ્થાન સમારાધક દાદાગુરુદેવ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિ. **જયશેખર સૂરીશ્વરજી મહારાજ**, તથા વિદ્વદ્વર્ય, ન્યાયકુશાગ્રબુદ્ધિ, ચિંતનગગનવિહંગમ પૂજ્યપાદ ગુરુવર્ય શ્રી **અભયશેખર વિજયજી મહારાજ**ના અદ્યાવધિ થયેલા અનેકવિધ ઉપકારોની પરંપરાને કેમ ભૂલી શકાય....?

સિદ્ધાન્તદિવાકર, આગમમાનસરોવર-રાજહંસ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજય **જયઘોષ સૂરીશ્વરજી મહારાજ** તથા વિદ્વદ્વર્ય તર્ક-સુવર્ણનિકષભૂમિ પૂજ્યપાદ **જયસુંદર વિજયજી મહારાજ** પણ સ્મરણીય છે, કેમકે અનેક ગૂઢ પ્રશ્ન સ્થળોએ પોતાની પ્રતિભાથી સચોટ ઉત્તર-માર્ગદર્શન આપી મને વારંવાર કૃતાર્થ કર્યા છે.

મુખ્ય વિશેષતા આ અનુવાદની એ છે કે સંયમાગ્નિ-વિશુદ્ધમૂર્ત્તિ, વિદ્વદ્વર્ય પૂજ્યપાદ ગણિવર્ય શ્રી **કુલચંદ્ર વિજયજી ગણિવર્ય** પોતાની સૂક્ષ્મ પ્રજ્ઞાથી અને અથક ખંતથી આ સમગ્ર અનુવાદગ્રંથને તપાસી ગયા છે. સુધારા-વધારા-સુયોગ્ય સૂચન, માર્ગદર્શન, વિશેષ માહિતિ વગેરેથી આ ગ્રંથને માત્ર સુવર્ણરૂપ નહીં, પણ સુગંધ ભળેલા સુવર્ણરૂપ બનાવ્યો છે. તેઓશ્રીની સરળતા, શ્રુતભક્તિ, તમામ રીતે સહાય થવાની વૃત્તિવગેરે આદર્શ ગુણો મારે માટે અનુવાદકાર્યમાં શક્તિ પૂરનારી B Complex ની ટેબલેટ્સ સમા બની ગયા.

ચારિત્ર પર્યાયથી મોટા હોવા છતાં દરેક કાર્યમાં સદા સહાયક બનેલા વિદ્વાન તપસ્વી મુનિરાજ શ્રી **દિવ્યરત્ન વિજયજી** મહારાજ અને વિદ્વાન સંયમી સહાયગુણવરેલા મુનિવર શ્રી **વિમલબોધિ વિજયજી** મહારાજ પણ ખાસ ઉલ્લેખપાત્ર છે, કેમકે આ અનુવાદ ગ્રન્થના સર્જનમાં તેઓનો મોટો ફાળો છે.

**શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન સંઘ**–બાબુલનાથ મુંબઇના અત્યાગ્રહથી પૂજ્યપાદ, ભવોદધિત્રાતા–અનંતોપકારી ગુરુદેવશ્રી પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિ. **ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજ**નું વિશાળ સમુદાય સાથે શ્રેયસહોલ–ચોપાટીમાં સંવત ૨૦૪૧નું યાદગાર–ઐતિહાસિક વિશિષ્ટ આરાધનામય ચાતુર્માસ થયું. એ ચાતુર્માસમાં શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાનની અમીદૃષ્ટિથી અને પૂજ્યપાદ પરમગુરુદેવશ્રીની નિશ્રા–પ્રેરણા–કૃપાથી આ તત્કાલીન લગભગ તમામ વિવાદાસ્પદ વિષયોને સ્પર્શતા મહાન ગ્રન્થના ગુર્જરાનુવાદનું કાર્ય અલ્પમતિ મેં ચાલુ કર્યું. પૂજ્યપાદશ્રીની પ્રેરણાપિયુષથી પુલકિત શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન સંઘ – બાબુલનાથ ટ્રસ્ટ આ ચાતર્માસની સુપ્રસન્ન સ્મૃત્યર્થે સ્વકીય જ્ઞાનનિધિમાંથી ગ્રન્થના પ્રકાશનનો આર્થિક ભાર ઉપાડવા તૈયાર થયો. આ સંઘ આ શ્રુતભક્તિ માટે ધન્યવાદપાત્ર છે. આ જ પ્રમાણે આગળ પણ શ્રુતભક્તિમાં અગ્રેસર રહે તેવી શુભેચ્છા....

આ ગ્રંથના પ્રિન્ટીંગ કાર્યમાં રસપૂર્વક પરિશ્રમ ઉઠાવવા બદલ શ્રી હંસા કોમ્પ્યુગ્રાફિક્સ (બેંગ્લોર)ના શ્રી અશ્વિનભાઇ, શ્રી હ્રીંકાર કમ્પ્યુ પ્રિન્ટર્સ (વિજયવાડા)ના શ્રી હેમલભાઇ તથા ઇન્ડો વિજય ઓફસેટ (બેંગ્લોર) ના શ્રી વિજયભાઇ ધન્યવાદપાત્ર છે.

અનેક વિઘ્ન – અડચણોના કારણે પ્રકાશન કાર્યમાં થયેલા વિલંબને ક્ષમ્ય ગણવા વિનંતિ છે. આ ગ્રન્થના અનુવાદના સુકૃતથી ***'સર્વથા સહુ સુખી થાઓ'*** નો વિશ્વમંગલનાદ મારા હૃદયમાં ગુંજતો રહે એવી મારી શુભભાવના વ્યક્ત કરું છું.

ગ્રંથકાર – ટીકાકારના આશય વિરુદ્ધ જે કાંઇ લખાણ મતિમંદતાથી કે પ્રમાદથી લખાયું હોય કે વીતરાગવાણી વિરુદ્ધ પ્રરૂપણા થઇ હોય તે બદલ મિચ્છામિ દુક્કડમ્ દઇને વિરમું છું.

પોષ સુદ ૧૨ સંવત ૨૦૪૮
પેદમીરમ તીર્થ

***મુનિ અજિતશેખર વિજય....***

***જેઓશ્રીનો જીવનબાગ.....***

**❀ સુવિશુદ્ધબ્રહ્મચારી, સંયમરોપાઓને વિકસાવવામાં કુશળ માળી સ્વ. પ્રેમસૂરીશ્વરજી મહારાજની અનન્ય કૃપાસુધાજળથી સિંચાયેલો હોવાથી નંદનવનસમો બન્યો છે.....**

**❀ પરમાત્મભક્તિના ગુલાબોથી મઘમઘાયમાન છે....**

**❀ સંયમશુદ્ધિના ચંપકવનોથી સુશોભિત છે.....**

**❀ એંસી વર્ષની જૈફ વયે પણ અખંડ અપ્રમત્તભાવના મોગરાથી હરિયાળો બન્યો છે......**

**❀ આગમ, પ્રકરણ, વ્યાકરણ, ન્યાયાદિ ગહન શ્રુતકુંજથી મનોભિરામ બન્યો છે.....**

**❀ વૈરાગ્યજનક, અનેકાન્તપિયુષવાહક, પ્રવચન ગુંજારવથી શ્રવણેન્દ્રિય–ચિત્ત–આકર્ષક બન્યો છે.....**

**❀ શિબિરોની નવ્યપ્રથાથી હજારો યુવાજન સરોવરમાં ઉદ્ભાવિત વિકસ્વર ધર્મશ્રદ્ધાકમળોથી સુદર્શનીય બન્યો છે....**

**❀ સેંકડો સંવિગ્ન, વિદ્વાન, તપસ્વી, વૈયાવચ્ચી, પ્રવચનકુશળ શિષ્યોરૂપી આમ્રવનોથી ભવ્યતમ બન્યો છે....**

**❀ દિવ્યદર્શન સાપ્તાહિક–પાક્ષિક, અનેક ચિંતનસામગ્રી સભર, પુસ્તક શ્રેણિરૂપ અમૃતફૂવારાઓથી સર્વજન સંસેવ્ય બન્યો છે...**

**❀ ૧૦૮ વર્ધમાનતપ ઓળી વગેરે ઉત્કૃષ્ટ તપ સુરલત્તાઓથી જગતશ્રેષ્ઠ બન્યો છે....**

**તેવા અમ સહુના પરમઉપકારી, ભવોદધિત્રાતા કૃપાસાગર, પૂજ્યપાદ પરમગુરુદેવ આચાર્યવર્ય શ્રીમદ્વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજના વિશાળ હૃદયપટ પર આ તુચ્છ શિશુએ આ ગ્રંથના બહાને આરોપેલો શ્રદ્ધા–ભક્તિ–બહુમાનનો ત્રિસેરિયો હાર સદા સુસ્થિત રહો અને બધાને આનંદદાયક બનો એવી હાર્દિક અભ્યર્થના.....**

***અજિતશેખર વિજય***



સુવિશાલ ગચ્છનાયક આચાર્યદેવ
શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

# વિષયાનુક્રમ


ટીકાકારકૃત મંગલ ૧
સ્તવવિઘ્નવિરોધક ૨
વીતરાગવિશેષણની મહત્તા ૩
સર્વજ્ઞતાવિશેષણની ઉપાદેયતા ૩
ત્રિદશપૂજિતવિશેષણની આવશ્યકતા ૪
યથાજ્ઞાતવસ્તુવાદીવિશેષણની સાર્થકતા ૫
અચિન્ત્યશક્તિ વિશેષણની સરાહનીયતા ૫
અતિશયોના ક્રમની યથાર્થતા ૭
તીર્થંકરપદનું વિવેચન ૭
સંસારને સાગરની ઉપમા ૭
તીર્થનું સ્વરૂપ ૮
પરમાત્મા અનુપકૃતપરહિતરત ૮
જિનનામકર્મના ઉદયથી પરહિતપ્રવૃત્તિ ૯
તીર્થંકરપદની સાર્થકતા ૯
પ્રયોજનકથનની આવશ્યકતા ૧૦
અભિધેય પ્રયોજનાદિ ૧૨
એવકારનું સ્વરૂપ ૧૨
આશંકિત અંશના વ્યવચ્છેદમાટે એવકાર ૧૩
દ્રવ્યઉપકારનું સ્વરૂપ ૧૪
ભાવોપકારનું સ્વરૂપ ૧૫
નિશ્ચયથી ભાવોપકાર વિશિષ્ટ
આત્મપરિણામરૂપ ૧૬
જીર્ણશ્રેષ્ઠી -અભિનવશ્રેષ્ઠીનું દૃષ્ટાન્ત ૧૭
જિનવચનની સ્તુતિ ૨૦
શાબ્દજ્ઞાન નિર્વિષયક હોવાથી
અપ્રમાણ-બૌદ્ધ ૨૦
શાબ્દજ્ઞાનની અવિષયવત્તાની સિદ્ધિ ૨૧
શાબ્દજ્ઞાનની વિષયવત્તાની સિદ્ધિ - જૈન ૨૨
સંકેતની આવશ્યકતા ૨૩
વાચ્યવાચકભાવની અનાદિસિદ્ધતા ૨૪
મૃષાભાષાશબ્દની અર્થવિકલતા ૨૫
અતીતાદિ અર્થક શબ્દોની પ્રમાણતા ૨૫
શબ્દની અનેકાર્થતાની ઉપપત્તિ ૨૬
શબ્દથી બુદ્ધિમાં અર્થાવભાસની ઉપપત્તિ ૨૬
શાબ્દજ્ઞાન વસ્તુના ભાવાભાવનું
અનનુવિધાયક-બૌદ્ધ ૨૭
પ્રત્યક્ષની પ્રતિબન્દીથી શાબ્દજ્ઞાનની
પ્રમાણતાની સિદ્ધિ ૨૮
શબ્દથી વક્તાના અભિપ્રાયના
અનુમાનની અસિદ્ધિ ૨૯
દૃશ્યાર્થ-વિકલ્પ્યાર્થ એકીકરણ ચર્ચા ૩૦
જિનવચનમાં રોચનાદિની જરુર ૩૧
ધર્મ ધર્માધર્મક્ષયનો હેતુ ૩૨
ધર્મના બે સ્વરૂપ ૩૩
ધર્મના નામાદિ છ નિક્ષેપા ૩૫
કાળ દ્રવ્યના પર્યાયરૂપ ૩૭
કાળની દ્રવ્યરૂપતા-અન્યાચાર્યમત ૩૮
જીવનાસ્તિત્વવાદની સ્થાપના-નાસ્તિક ૪૧
નાસ્તિકવાદ ખંડન ૪૬
અવગ્રહાદિજ્ઞાનોની સિદ્ધિ ૪૬
મીમાંસકમતખંડન ૪૭
નૈયાયિક-જ્ઞાનાન્તરવેદ્યજ્ઞાનમતનિરાસ ૪૮
પ્રત્યક્ષથી આત્માની સિદ્ધિ ૫૦
વ્યાપ્તિમત નિરાસ ૫૧
પ્રત્યક્ષમાં પણ વિવાદ ૫૨
કાયાકાર પરિણતિ મત ૫૪
ધર્મને અનુરૂપ ધર્મી ૫૫
અભિવ્યક્તિવાદ ખંડન ૫૬
ભેદ - અભેદ વિકલ્પોથી ભૂતવાદખંડન ૫૮
પ્રત્યેક ભૂતોમાં ચૈતન્યનિષેધ ૫૯
મદ્યદૃષ્ટાન્તથી સમુદાયવાદનું ખંડન ૬૦
ચૈતન્યની સમુદાયધર્મતાનું ખંડન ૬૧
ભૂતકાર્યતાવાદ ખંડન ૬૨
કારણાનુરૂપકાર્યનિયમ અનૈકાન્તિક ૬૪
કારણાનુરૂપ કાર્ય ઐકાન્તિક-ઉત્તરપક્ષ ૬૬
ચૈતન્યનો દેહવિકારસાથે અસમ્બન્ધ ૬૭
પરમાણુઓ સમુદિતઅવસ્થામાં
ઇન્દ્રિયગ્રાહ્ય ૬૯
વાયુના અભાવમાં ચૈતન્યાભાવનું ખંડન ૭૧
તેજસના અભાવથી ચૈતન્યાભાવનું ખંડન ૭૨
ભૂતભિન્નભૂતકાર્યવાદનું ખંડન ૭૩
મદશક્તિદૃષ્ટાન્ત અસંગત ૭૪
શક્તિ અન્યત્ર સંક્રમણવાદનું ખંડન ૭૮
ચૈતન્યના ભૂતધર્મ-કાર્યવાદબાધક પ્રમાણ ૮૦
ચૈતન્ય અનભિવ્યક્તિવાદનિરાસ ૮૧
કાયાકારપરિણામજન્ય ચૈતન્યવાદ નિરાસ ૮૨
ભૂતસ્વભાવવૈચિત્ર્ય ખંડન ૮૩
ભૂતકાર્યસાધક પ્રમાણ ખંડન ૮૫
પરિશેષથી ચૈતન્યસિદ્ધિ ૮૭
હેતુમાં વિરોધદોષોદ્ભવનનું ખંડન ૯૪
માતૃચૈતન્ય પુત્રચૈતન્યને અનુરૂપ નથી ૯૫
ચૈતન્યોત્પત્તિવાદીમત નિરાસ ૯૬
આત્મનિષેધક પ્રમાણાભાવ ૯૮
પ્રત્યક્ષ કે તેની નિવૃત્તિ અપ્રતિષેધક ૯૮
અનુમાનની પ્રમાણતરીકે સિદ્ધિ ૧૦૨
અનુમાનવિરોધાદિનું ખંડન ૧૦૩
અનુમાન આત્માનું અનિષેધક ૧૦૫
મુખ્યવૃત્ત્યા પ્રતિપત્તિ પ્રમાણરૂપ ૧૦૭
પ્રતિપત્તિની કરણતયા સિદ્ધિ ૧૦૭
મીમાંસકકલ્પિત આલોચનાજ્ઞાનના
પ્રામાણ્યનો નિષેધ ૧૦૯
વિશેષણ-વિશેષ્યજ્ઞાન પ્રમાણ-
પ્રમિતિભાવ નિરાસ ૧૦૯
બૌદ્ધમાન્ય પ્રમેયસારુપ્યવાદ નિરાસ ૧૦૯
સદસત્તુલ્યતા અપ્રામાણ્યપ્રયોજક ૧૧૧
પ્રતિબન્દિથી પ્રામાણ્ય સિદ્ધિ ૧૧૨
આગમથી આત્મસિદ્ધિ ૧૧૩
અસંગત અભિપ્રાય આગમપ્રમાણનું
અનિષેધક ૧૧૪
જૈનાગમનું પ્રામાણ્ય ૧૧૫
આત્મા પરલોકગામી છે ૧૧૬
દાનઆદિના અદૃષ્ટફલની સિદ્ધિ ૧૧૯
ક્રિયામાત્રનું અદૃષ્ટફળ ૧૨૦
ક્રિયા-ફળમાં અવિપર્યાસના કારણો ૧૨૨
જાતિસ્મરણની સિદ્ધિ ૧૨૪
પ્રથમસ્તનાભિલાષથી પરલોકસિદ્ધિ ૧૨૭
વિજ્ઞાનાન્તરજન્ય પ્રથમ વિજ્ઞાનથી
પરલોકસિદ્ધિ ૧૨૯
કર્મ વિચિત્રતાજન્ય લાભ-નુકશાનથી
જીવસિદ્ધિ ૧૩૦
જીવ અનાદિનિધન ૧૩૧
જગત્કર્તૃત્વનિરાસ ૧૩૧
જીવોત્પત્તિ કરવામાં પ્રયોજનાભાવ ૧૩૨
સત્તામાત્રથી કર્તૃત્વનો નિષેધ ૧૩૪
સ્વભાવભેદ નિરાસ ૧૩૫
ઇશ્વરમાં ક્રીડાઆદિ ન સંભવે ૧૩૬
રાગાદિની હાજરીમાં જગત્કર્તૃત્વ નિષેધ ૧૩૭
રાગાદિથી ચીકણો કર્મબંધ બધાને સમાન ૧૩૮
ઇશ્વરીય સ્વભાવવાદ નિરાસ ૧૩૯
અજીવ જગતકર્તાનો નિષેધ ૧૪૨
અમૂર્તત્વસિદ્ધિ ૧૪૪
પરિણામવાદની પુષ્ટિ ૧૪૬
એકાન્તનિત્યપક્ષનું ખંડન ૧૪૬
એક સાથે બે અનુભવનો નિષેધ ૧૪૭
સુખાદિવેદનકાળે વિશેષકારણની હાજરી ૧૪૮
સહકારીકૃત ઉપકારાદિ ચિંતા ૧૪૯
સાંખ્યમત નિરાસ ૧૫૫
નિત્યપક્ષે અન્ય દોષો ૧૫૬
નિત્યપક્ષે બંધમોક્ષાભાવ ૧૫૭
સાંખ્યમતનિરાસ ૧૬૦
અનિત્યપક્ષનું ખંડન ૧૬૨
ક્ષણિકવાદમાં કાર્યકારણભાવ અસંગત ૧૬૫
કારણપૂર્વ કાર્યમાં અન્વયસિદ્ધિ ૧૬૬
સમકાલીનમાં કાર્યકારણભાવની અસિદ્ધિ ૧૬૭
નાશ-ઉત્પત્તિ તાત્ત્વિક છે ૧૬૮
ધર્મિધર્મભાવ પારમાર્થિક છે ૧૬૯
પ્રતીત્યોત્પાદપક્ષનું ચાર વિકલ્પે ખંડન ૧૬૯
કાર્યભાવ વિનાશરૂપ પ્રથમવિકલ્પનું ખંડન ૧૭૦
'કારણ કાર્ય કરે' બીજા વિકલ્પનું ખંડન ૧૭૧
છેલ્લા બે વિકલ્પોનું ખંડન ૧૭૨
ઉત્પન્ન થયેલી....વિચારણા યોગ્ય છે ૧૭૩
ક્ષણિકપક્ષે કાર્યકારણભાવમાં અન્યદૂષણો ૧૭૪
કારણક્ષણમાં વૈશિષ્ટ્યાભાવ ૧૭૭
હેતુ-ફળભાવમાં સ્વભાવવાદ નિરાસ ૧૭૯
પ્રત્યક્ષાનુપલમ્ભાદિથી કાર્ય-કારણભાવ
ગમ્ય નથી ૧૮૨
સ્વભાવ ક્યારે પર્યનુયોજ્ય બને ? ૧૮૫
સત્તામાત્રથી કાર્ય અસિદ્ધ ૧૮૬
વિપરીતસ્વભાવકલ્પનાથી
સ્વભાવવાદ ખંડન ૧૮૭
ધૂમજનનસ્વભાવવિજ્ઞાનનું ખંડન ૧૮૮
સમનન્તરપ્રત્યય કાર્યકારણભાવ
નિયમમાં નિરર્થક ૧૮૯

ક્ષણિકતાવિજ્ઞાન પણ પ્રદીર્ઘએકાનુભવથી જ શક્ય ૧૯૧
નિર્વિકલ્પકબુદ્ધિ અવિચારક ૧૯૨
બૌદ્ધમતે નિશ્ચયબુદ્ધિ પણ વસ્તુત્વમાં અનિર્ણાયક ૧૯૩
નિર્વિકલ્પથી ધ્રુવાદિની અઘટમાનતા અયથાર્થ ૧૯૪
આલોચનાજ્ઞાન પણ અસમર્થ ૧૯૫
ક્ષણિકમાં અર્થક્રિયાવિરોધ ૧૯૬
અસત્ની ઉત્પત્તિની આપત્તિ ૧૯૭
કારણધર્મના અનુગમ વિના કાર્યકારણભાવનિયમ અસિદ્ધ ૧૯૮
બૌદ્ધ મતે સામાન્યાભાવ ૧૯૯
તુલ્યાર્થ પ્રસાધકશક્તિ નામાન્તરથી સામાન્યરૂપ ૨૦૦
વાસનાથી પણ કાર્યકારણભાવ અસંગત ૨૦૨
આત્માની પરિણામિતામાં હેતુઓ ૨૦૪
અનેકાન્તપક્ષે જ અવસ્થાભેદ સંગત ૨૦૪
દ્રવ્ય-પર્યાય ઉભયરૂપતા અનુભવસિદ્ધ ૨૦૬
અનિન્દ્રિયજ્ઞાન પણ ઉભયરૂપ સમર્થક ૨૦૬
કથંચિદ્ભેદાભેદ જાત્યંતરરૂપ અને નિર્દોષ ૨૦૭
જૈન ભેદાભેદ અંગે અન્યોની કલ્પનાનું ખંડન ૨૧૦
શબ્દ-અર્થ વચ્ચે વાસ્તવિક સંબંધ ૨૧૧
સંજ્ઞાભેદથી પણ ભેદાભેદ ૨૧૨
સત્ નો સર્વથા વિનાશ ન થાય ૨૧૩
દ્રવ્ય-પર્યાય ઉભય ક્રિયામાં પ્રવૃત્ત ૨૧૪
દ્રવ્ય-પર્યાયવચ્ચે ભેદાભેદ ૨૧૫
એકમેકતા અભેદનિયામક ૨૧૬
ભેદાભેદમાં અન્યદોષોનો અભાવ ૨૧૭
વિકલ્પજ્ઞાન પ્રમાણભૂત ૨૧૯
નિવૃત્તરૂપસાથે અનિવૃત્તરૂપનો કથંચિદ્ અભેદ ૨૨૨
બાળાદિઅવસ્થાભેદ કથંચિદ્ આત્માના ૨૨૩
સાંખ્યમતનિરાસ ૨૨૪
આત્મા શરીરપ્રમાણ છે ૨૨૪
જ્ઞાનની શક્તિઅંગે લોહચુંબકનું દૃષ્ટાંત ૨૨૭
કેવળજ્ઞાન આત્મામાં રહીને જ લોકાલોક પ્રકાશક ૨૨૯
આત્મા સપ્રદેશ છે ૨૩૦
આત્માની પરિણામિતા અંગે દૃષ્ટાન્ત ૨૩૨
ભાવોના નિર્હેતુકનાશવાદનું ખંડન ૨૩૪
વિનાશહેતુઅંગે બૌદ્ધના ચાર વિકલ્પ ૨૩૫
પરિણામવાદમાં ચારેય વિકલ્પો અસ્થાને ૨૩૮
અન્વય-વ્યતિરેકનું જ્ઞાન પ્રત્યક્ષ ૨૪૦
નિર્વિકલ્પકજ્ઞાન પણ અભેદગ્રાહક ૨૪૦
વિકલ્પજ્ઞાનની પ્રમાણતાની સિદ્ધિ ૨૪૨
શબ્દપ્રતિભાસ પ્રામાણ્યપ્રતિબંધક નથી ૨૪૪
નિર્વિકલ્પકજ્ઞાનની સમાનતાથી વિકલ્પજ્ઞાનનું પ્રામાણ્ય ૨૪૫
ભાવહેતુઓ સ્વભાવનશ્વરભાવોત્પાદક તરીકે અસિદ્ધ ૨૪૭
ચાર વિકલ્પોથી પરકલ્પના ખંડન ૨૪૯
વિનાશની તુચ્છરૂપતાનો નિષેધ ૨૫૧
વિનાશ વસ્તુસ્વભાવરૂપ ૨૫૪
નિવૃત્તિ કલ્પિત નહીં પણ વાસ્તવિક ૨૫૬
બૌદ્ધમાન્ય હિંસાનું ખંડન ૨૫૮
બૌદ્ધદર્શિત પરિણામ-અન્તક્ષયાદિ અહેતુભૂત ૨૬૦
આત્મા જ્ઞાયક છે ૨૬૨
સમવાયનું ખંડન ૨૬૩
કર્તા-કારણવચ્ચે અભેદનો સંભવ ૨૬૫
અજ્ઞાનવાદીનો મત ૨૬૮
અજ્ઞાનવાદનું ખંડન ૨૭૧


## ॥ धर्मसंग्रहणि ग्रन्थेऽकारादिक्रमेण गाथा संकेतः ॥


| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| आगी डहति ण तु | २९३ | अन्नेण अन्नहा | ५०० | अह उ सहावकतं चिय | ४७८ | अह परसिद्धेणं चिय | १२५ |
| अच्चंतभेदतो इय | २३४ | अन्ने भणंति नाणं | ४९९ | अह उ सहेउउ च्चिय | ४६७ | अह भंतं अपडुं | ४२६ |
| अच्चंतं भेदाओ | ४२९ | अन्नो करेइ कम्मं | २३३ | अह कज्जातो भावो | १५१ | अह मणुमाणविरुद्धादि | १२३ |
| अच्चंताऽसाहारण | ४३४ | अन्नो वेदेइ सुहं | २३२ | अह कारणं चिय | २५३ | अह मोत्तूण सहेउं | ४४३ |
| अज्जायस्सियरस्सवि | २७० | अपरायत्तो य कहं? | १६६ | अह णिव्विगप्पगेणं | ३१३ | अह विसए णणु | ४९४ |
| अज्जीवो तु ण | १८९ | अपरिमितद्धाएऽवि य | १७० | अहऽणुप्पत्ति सहावं | ४५० | अहऽवेइ सो सहावो | २१३ |
| अज्झवसियतब्भावा | ४२८ | अब्भिन्नम्मि अणिच्चो | २०४ | अह णो कुणतुवगारं | २०५ | अह संताणो णेओ | २३७ |
| अणलादिअणुभवातो तह | ३०२ | अब्भिंतरेवि कज्जे | ३९९ | अह णो तस्स निवित्ती | १९८ | अह सत्तामेत्तेण | १६९ |
| अणियत्ते य कहंची | ३९८ | अब्भुवगम्मापुणं | ३८० | अह णो बंधइ एवं | १७८ | अह सा ण वत्थुधम्मो | ४६५ |
| अणुमाणंपि ण जुत्तं | ९५ | अरहंतमादिवच्छल्लयादि | ५२८ | अह णो भिन्ना कह | ३३१ | अह सोऽणादी ण घडई | २७३ |
| अणुमाणमप्पमाणं | ३७ | अवहिखणातो संताणं. | २३८ | अह तंपइ हेउस्सा | ४४४ | अह सो तप्पडिबद्धो | ३५८ |
| अणुवित्तिं वावित्तिं | ३४१ | अविणट्ठस्स विणासे | ४५९ | अह तं पुव्वं रूवं | ४१९ | अह सो निव्विसओ | ३५६ |
| अणुरूवेणं कज्जं | १०३ | अविसिट्ठे सब्भावे | १८० | अह तत्तो सवणाओ | ५०६ | अह सोऽबाहित | ४३० |
| अण्णस्स बंधमोक्खा ण | २२५ | अविसिट्ठम्मि तु भेदे | ३२३ | अह तम्मि किं पमाणं | १४७ | आगमतो चिय सिद्धो | १३१ |
| अतदुब्भवत्तणम्मि | ४११ | असति य तहोवयारे | २८० | अह तव्विहपरिणामो | ७३ | आगमतो सव्वन्नू | ५२२ |
| अत्थकिरियाए भावो | ४६९ | अस्स य पमाणभावं | १३२ | अह तस्स सहेऊतो | २७४ | आगमतो सव्वन्नू | ५२३ |
| अत्थगयसद्दगहणा | ४३१ | अह अणुमाणेणं चिय | १२४ | अह तस्सेव सहावो | २०८ | आयरियपरंपरओ | ५३१ |
| अतुल्लं अविगप्पं | ३५३ | अह अणुरूवो धम्मी | ११२ | अह तस्सेवमजुत्ती | ३१५ | आलोयणाए वि कहं | ३१४ |
| अत्थि पडिसेहगो इह | ४० | अह अण्णे सुखदुक्खे | २१४ | अह तस्सेस सहावो | ६१ | आवरणंपि न जुज्जइ | ४०५ |
| अत्थि विसेसो जम्हा | १९९ | अह अन्नाणं ण तयं | ५१४ | अह तस्सेस सहावो | २६७ | आसज्ज कुंथुदेहं | ३६५ |
| अत्थि विसेसो हेतु. | २३९ | अह अत्थमंतरेणवि | ४३२ | अह तुच्छा तीए | १२१ | आहऽन्नवत्थलयणादि | ९ |
| अद्दिट्ठेगंतफला तम्हा | १४३ | अह अम्हेहिँ ण दिट्ठो | १४९ | अह तु तदंतरमेसा | १२० | आहरणं सेट्ठिदुगं | १० |
| अन्नं च दलविहीणं | ३९७ | अह उ खणट्ठितिधम्मा | २४६ | अह तु सभावो जुत्ती | ८५ | इय कह नाणेण | ५४४ |
| अन्नं च नस्सरो वा | ४०९ | अह उ खणट्ठितिधम्मा | ४४२ | अह धम्मी, तत्तंतर. | ६२ | इय कत्तिकरणभावे | ४९३ |
| अन्नह य पवत्तंतं | ५२७ | अह उ जहिच्छाहेतू | १४८ | अह धम्मिधम्मभावो | २४७ | इय दिट्ठादिट्ठविरोह | २२७ |
| अन्नाणओ वि दिट्ठा | ५३४ | अह उत्तरावरट्ठिय | ३१८ | अह धम्मिधम्मभावो | २४८ | इय नाणगहण. | ४९२ |
| अन्नाणिणोवि जम्हा | ५३८ | अह उ तदन्नं किं | ४०४ | अह न किलेसोऽत्ति | १६७ | इय पढमं विन्नाणं | १५७ |
| अन्नाणिमतं पि इमं | ५३२ | अह उप्पत्ति दीसइ | ४६० | अह नु सभावकयं | ७० | इय परिणामंतकखय | ४७४ |

इय भावहेतवो ४४०
इय संभवाणुमाणा १५३
इय सहकारितो २७६
इह दव्वं चेव ३१
इहपरलोगट्ठा तह ६
इहपरलोगासंसं ८
इह पुण बंधनिमित्तं १८२
इहरा य किसीएवि १४०
उक्खिवणपेरणादी ८०
उप्पन्नं चिय भावो २५९
उप्पत्तिसहावं वा ४४६
उप्पत्तीएऽविगाणं. ४५७
उभयं अणुहवसिद्धं ३४३
उभयक्खयम्मि हेऊ २४
उभयसहावत्तम्मि ४५३
उभयसहावोत्ति मती १९६
उवचरियत्था किरियासद्दा २४५
एगंत खणिगपक्खेत्ति ३३३
एगंतेण विभिन्नं ४७९
एगपडिवत्तिरूवं तं ३०१
एगसहावत्ता सति ३३६
एगसहावो णिच्चो १९५
एतेणं चिय खित्ता २५७
एतेणं पडिसिद्धा १८३
एत्तो इदंति सिद्धे २९०
एत्तो च्चिय णाभावो १३८
एत्तो य कज्जकारण २८७
एयस्स एगदेसोऽवि १७
एवं अणुहवसिद्धो २१८
एवं च अणादित्तं १६८
एवं जीवदव्वस्स ३९४
एवं ण भूतधम्मो ८७
एवंऽपणुहवबाहा ३०५
एवं पि किंचि नियमा ३६०
एवंपि भूतसमुदय. ८१
एवं पि सासयाभिन्न. ८३
एवं समवातोऽवि हु ४८८
एवं सरीरमेत्तो आया ३८४
एवं सुहादिजोगो न ३९१
एवमन्नाणिया नाणं ५०९
एवमिह नाणसत्ती ३७३
एसो कहंचि भिन्नो ३२८
एसो चेव सहावो १७१
एसो चेव सहावो १७९
एसो य सहावो ने १६५
कज्जंतरेव्व अणुगम. २७९
कज्जाण अखिलाणं २८४
कतगत्तमेत्तसत्ताणुबंधि २६६
कम्मविमुक्कसरूवो १९२
करचरणादिसु जोगा ३८५
कह कारणं निरूवणट्ठं २४०
कह णु मुहा? तब्भावो ९८
कायागारादिविसिट्ठ ९०
कारणकज्जाणं णणु २४३
कारणधम्माणं जइ ३९५
कारणविणासकज्जु. २४२
कारणविरहा परमरिसि. १९१
किं एवं ति? अह ४६८
किं कुणइ नासहेऊ ४०२
किं च इह ते ४८६
किं च पडिसेहगं किं ११८
किं च पडिसेहगं तं १३०
किं च पडुच्चेदमिण २८६
किं च सहेउगपक्खे ४१३
किं चाणलविण्णाणं ३००
किं चे यं मदसत्ती ७८
किं चोवादाणं सेऽतं ३५५
किं तस्सत्तामेत्तं किं २६१
किं तिण्हं किं सण्हं ४५४
किं तु पसिद्धेसु चिय १०१
किं तेण ततो कोरइ ४६३
किं पुण सुहादिभेदो २१२
किरणा गुणा ण दव्वं ३७०
किरिया ण कत्तिरहिता १४५
किरियाफलभावातो १३९
केई केवलनाणं ३८२
को तस्स णणु सहावो २८२
कोऽयमणुरूवगहो १०४
को वि कदाई भावो ४१५
खणिगत्ते सदसत्तं ३१६
खणिगं वत्थु ३०६
खणिगो चेव सहावो २२८
गंतु ण परिच्छिंदइ ३७१
चरमम्मि य तब्भावो २४४
चरमम्मि वि कह ४०८
चित्तत्था वि य सद्दा ५३०
चित्तो कम्मसहावो १५८
चित्तो भूयसहावो ४३
छउमत्थाणुवलंभा १९३
जं अण्णहावि तीरइ २८५
जं एगम्मि सत्त ४३६
जं कारणाणुरूवं ६३
जं चाकज्जायरणे ५१०
जं जायई सती ४५
जं त चिय परिणमए ४१८
जं तक्खणभवणम्मि २६८
जं रागादिविजुत्तो १७४
जं वत्तणादिरूवो ३२
जं सव्वण्णुवदेसा ५०३
जइ अन्नो किं २३६
जइ उप्पत्तिसहावं ४४७
जइ कुणइ हंत २०२
जइ कोइ कुतोइ ३२१
जइ जीवो जेण १६०
जइ तस्स कह ३६२
जइ तस्सत्तामेत्तं २६२
जइ पडिवत्तिणिमित्तं १२७
जइ भिन्नो उवगारो २०३
जइ रायसासणं ३१२
जइ वि ण आगम. ५३३
जइ संतं उवलद्धी ६०
जति एगा कहं ३२५
जति ताव मतं ४९
जत्तियमेत्ते खेत्ते ३७५
जत्तो च्चिय तस्सत्ता २६५
जमकित्तिमो ण १७५
जमखिलतक्कज्जाणं ६६
जमणुप्पत्तिसहावा ४५१
जमभिन्नो सपगासा ४८४
जम्हा अणुहवसिद्धे ४४५
जम्हा ण कित्तिमो १५९
जम्हा ण तस्स १०२
जम्हाऽणुप्पन्नो ४५५
जलसंजोयणणिमित्तं १८१
जह अन्नमविसओ ३५७
जह कंचणस्स ३९३
जह खगसरिसवाणं २०७
जह खलु महापमाणो ३८८
जह दीवो महति ३६६
जह संठाणविसेसो ९३
जाइच्छदाणं धारा. १२
जाईसरणं च इहं १४६
जाणंतो विसखाणू ५३९
जा पुण अणाइमिच्छा. ३१०
जाव ण विणासहेऊ ४०१
जा वत्थुणुहवसहगारि ३०९
जीवंतदेवदत्त ८८
जीवम्मि कम्मजोगे ३४
जीवस्स तु मयसत्ती ७९
जीवस्साजीवस्स २८
जीवाजीवविभिन्नं १९०
जीवाण भावधम्मो ३३
जीवो अणादिणिहणो ३५
जीवो तु णत्थि ३६
जो उप्पन्नो णियहेतु ४५६
जो चेव उ करदेसे ३८६
जो दिट्ठेट्ठाऽविरुद्धो ५२५
जो पडिसेहेइ तधा १३४
जो पडिसेहेति सिया ३९
जो पुण्णकम्मरूवो २५
जो बालथणभिलासो १५४
जो संवेगपहाणो ५४०
जो सो अकित्तिमो १६१
डाहम्मि णो विगाणं २९६
णणु तं पुव्वमपत्तं २१०
णणु लोगंते णाणं ३६७
णणु संसया पवित्ती ५३५
णणु सो वियास्सरो ३०३
णत्थित्थीकुच्छीसमं ७२
ण य इहं मज्जंगाणं ७४
ण य. एगंतेण तओ ४६१
ण य णाणं णाणिस्सा २१९
ण य णिव्वियप्पबुद्धी ३०७
णय तं कए वि ६८
ण य तं तदेव २५६
ण य तं विघायगं ५२९
ण य तक्कज्जं पि ११४
ण य तद्धम्माणुगमो ३१७
णय तस्स तहा ५५
ण य तेसिं सण्णिहाणं २००
ण य देहादेगंतेण ३६३
ण य पडिसेहोवि १३७
ण य पुढवादिसहावो १०९
ण य भावहेतवो वि हु ४४९
ण य मज्जंगेहिं ७७
ण य मातीचेतण्णं ११६
ण य मोत्तु तहसहावं २९२
ण य संगया भवादी १३३
ण य सव्वगतो जीवो ३६४
ण य सा उप्पत्ति ४६६
ण य सामन्नं पतिवत्थु ३१९
ण विवज्जयम्मि वि १४४
ण विसेसविरुद्धोऽविय १११
ण हि अपसिद्धे धम्मिणि ९९
ण हि तुल्लम्मि दियत्ते १७६
ण हि धम्मंतरवित्ती ११३
ण हि मधुणो मदसत्ती ११०
ण हि सुयजम्मे ४७१
णाता संवित्तीओ जीवो ४७६
णाते य तदुवदेसे ५२६
णाते वि तदुवदेसे ५०५
णामं ठवणा दविए २७
णिच्छयओ पुण १२८
णिरहेतुगो विणासो ४००
णो तदभावविणासं २५१
णो तस्सेस सहावो २९९
णो मज्जसत्ति ८२
तं अन्नत्तविसयं ४३३
तं खलु बज्झं ४९०
तं चिय उभयविभिन्नं ४२५
तं चिय कहं च ३५०
तं चेव अहुवयारो २८१
तं चेव तदणुरूवं २८३
तं णाम पडुच्चिज्जइ २५०
तं सत्ताऽसत्तुभय. २५४
तक्कालम्मि य भावे २६३
तक्किरिया चुप्पत्तिं २६४
ततियम्मि पज्जदासे ४०६
तत्तो च्चिय फलभूओ ५२१
तत्तोवि जइ तइ ४९५
तत्तोऽह परिणतीओ २२४
तदणंतरं च भावे २७७
तदभावमह करेती ४०७
तदभावम्मि अभावो १५०
तदभावम्मि य नज्जइ ५०७
तदभावम्मि य भावो ७५

| | |
|---|---|
| तद्भावम्मि य मुत्ती | १४१ |
| तदभावे णावगमो | १२२ |
| तदभावे य अणट्ठे | २५२ |
| तदभेदम्मि य एगम्मि | २२२ |
| तद्धम्मत्तेवि सय्क | ५४ |
| तप्फलजणणसहावं | २७८ |
| तप्फलजणणसहावं | २८८ |
| तब्भावम्मि य भावो | ६७ |
| तब्भावम्मि य भावो | ४४१ |
| तब्भावम्मि वि कह | ५६ |
| तब्भावो अविसिट्ठो | १८६ |
| तम्मत्ताऽसिद्धीए | ९७ |
| तम्हा ण जातु बंधो | २२१ |
| तम्हा ण भूयधम्मो | ५२ |
| तम्हा तग्गहणाओ ततो | ४३८ |
| तम्हा तहाविहाणेग | ४९८ |
| तम्हा नाणी जीवो | ५४५ |
| तम्हा परलोगसमुज्जयस्स | ५१२ |
| तम्हा परलोगसमुज्जतस्स | ५४२ |
| तम्हा परिणामी खलु | ४७५ |
| तम्हा मज्जंगेहिं | ८६ |
| तम्हा रोएतव्वं | १८ |
| तव्विसयदरिसणातो | ५०२ |
| तव्विसयदरिसणाऽसंभवे | ५१८ |
| तस्स अणादित्तं तह | १८७ |
| तस्स अवग्गहादी | ३५१ |
| तस्स तु ण तेण | ३४६ |
| तस्सत्थि इहं हेऊ | ४५२ |
| तस्स नियत्तति जम्हा | ३६१ |
| तस्स य तहपरिणामे | २१६ |
| तस्साजुत्ती किं | ३११ |
| तस्साणुट्ठाणफलं | २३ |
| तस्सामत्थप्पभवो | ४२४ |
| तस्सेव एस सत्ती जं | ३७७ |
| तस्सेव णिवित्तीए | ११९ |
| तस्सेवेस सहावो | ४४८ |
| तह णिच्छयबुद्धीए | ३०८ |
| तह पुढवादिसमुदया | ७१ |
| तह भावहेतवो च्चिय | ४३९ |
| तहवि य पमाणभावो | ३४५ |
| तह संतेऽसंते वा कुणति | १८८ |
| ता इय जातिवियप्पा | २६० |
| ता कहमागमपमुहा | ३८ |
| ता धम्मधम्मिभावो | ५१ |
| ता भावहेतवो च्चिय | ४१६ |
| ता वंजिज्जति तेहिं | ५३ |
| तीरइ न अन्नह आगमस्स | ५२४ |
| तुल्लत्थसाधिगा अह | ३२४ |
| तुल्लत्थसाधिगा इह | ३२७ |
| तुल्लफलसाधगाणं | १४२ |
| तुल्लाणं [illegible]चारा | १२९ |
| ते चेव कि[illegible] एवं | ४८३ |
| ते तुल्लं सव्वदिसं नाणं | ३६९ |
| तेयाभावातो ण तं उवणीते | ६९ |
| तेसिं उप्पत्तीए को | १६३ |
| तेसिं खलु जो सहावो | ३७९ |
| तेसिं चेव सहावो | १७२ |
| तेसिं चेवुप्पत्ती | १६२ |
| तेसिं न तेण जोगो | ४७७ |
| दव्वग्गमणंपि जुज्जइ | ३८३ |
| दव्वम्मि अन्नपाणा | ५ |
| दिट्ठेणं इट्ठेणं य | ५१९ |
| दीवम्मि को णु भावो | ४६२ |
| दीवा दीवुप्पत्ती | ११५ |
| दीवो वि हंत दव्वं | ४८५ |
| दीसइ किंचि दहंतो | २९५ |
| दीसइ च णासहेउ | ४५८ |
| दीसइ पच्चक्खं | ३४८ |
| दीहाणुहवत्तं से | ३०४ |
| देवागमादियं चेव | ५०४ |
| देसे संपुन्नाणं | ३८९ |
| धम्मम्मि नियत्तंते जइ | ३४२ |
| धम्मा अवग्गहादी | ४६ |
| धम्माधम्मक्खयतो | २१ |
| धम्मे नियत्तमाणे | ३४७ |
| धम्मेसु दुतभरण | १०० |
| धम्मो खलु पुरुसत्थो | ४ |
| धारेइ दुग्गतीए | २० |
| धूमजणणस्सभावो | २८९ |
| नज्जति य तव्विवक्खा | ५३६ |
| न णु जं कुणउवगारं | २०६ |
| नमिऊण वीयरागं | १ |
| न य तस्स तं ण | ४२३ |
| न य बाहगं पमाणं | ३३९ |
| न य सो हवेज्ज | ४१४ |
| न विणस्समेव जम्हा | ४०३ |
| नहि भावाउ सहावो | ४१२ |
| न हि भिन्ने चेतन्ने | ५८ |
| न हु ता गिहीतगाही | ३५२ |
| नाणनिसेहणहेतू | ५१३ |
| नाणी वि कुणइ | ५११ |
| निच्छयनाणेण तहा | ४२७ |
| नियदेससंठियस्सवि | ३६८ |
| नियमेण तस्स चातो | ४२० |
| निरहेउगो तओ | ४७३ |
| निरहेउगो विणासो | ४१७ |
| निरुवक्खत्ता ण य | २४१ |
| नो अन्नमिह स भावो | ४१० |
| नो तस्स तन्निमित्तो | ३७८ |
| पगतमिदाणीं भणिमो | ३१० |
| पच्चक्खपसिद्धातो | ३१२ |
| पच्चक्खेणेव तहा | ४२१ |
| पच्छावि अणुवलंभा | ८९ |
| पत्तम्मि अपत्तम्मि | २११ |
| पत्तम्मि सो सहावो | २०९ |
| पतिणियतत्ता तु | ४८० |
| पतिनियतेगसहावा | ३२० |
| पढमं नाणं तओ दया | ५४३ |
| परिकप्पितो तु एसो | ४९७ |
| परिणामी खलु जीवो | १९४ |
| परिणामम्मि य णणु | २२६ |
| परिणामाओ हिंसा | ४७२ |
| परिणामे पुण एगत्थ | ४११ |
| परिणामे पुण जं | ३३७ |
| परिणामो पुण तिव्वो | ५३७ |
| परिमियविसया सत्ती | ३७६ |
| पाणाइवायविरई | ४७० |
| पाणापाणनिमित्तं | १०८ |
| पुट्ठो केणइ भोतो | ४१ |
| पुढवीतत्ताणुगमो | १०७ |
| पुढवीधम्माण पडे | ३९६ |
| फलिहमणिस्सा | २१५ |
| बालकताणुसरणं | १५२ |
| बालाइपज्जवातो | १३६ |
| बालादिदरिसणातो | ३३४ |
| बालो होइ कुमारो | ३३५ |
| बितियक्खणे य | २६९ |
| बोहसहावममुत्तं | ५० |
| भण्णइ ण जुत्तमेयं | ४४ |
| भावुवयारो सम्मत्त. | ७ |
| भिन्नद्धाणमुवादाण. | २७२ |
| भिन्नाभिप्पायाण | ५७ |
| भूतत्थगाहगं जं | ३४० |
| भूतफलत्तं चेयण्ण. | ९४ |
| भूताणं अविसेसे | ९२ |
| भूतेहिं चेतन्नं | ४७ |
| भेयम्मिवि सा तुल्ला | ३२६ |
| मज्झत्थो य किमत्थं | १७३ |
| माणं किमत्थ तीरति | २७५ |
| मिच्छत्तसेलकुलिसं | १५ |
| मिलक्खू अमिलक्खुस्स | ५०८ |
| मुत्तत्तादिअणुगमा | १०५ |
| मेत्तादिसुगुणपगरिस. | २३१ |
| मेधामतिपरिहीणावि | १४ |
| मोत्तूणमणुभवं | ३४४ |
| रागादिदोसवसगो बंधति | १७७ |
| रागादिपरिणती पुण | १८५ |
| लोहोवलछायाणू | ३७४ |
| लोहोवलस्स सत्ती | ३७२ |
| वक्कत्तमंगुलीओ | ३४९ |
| वादे वि कलुसभावो | ५१५ |
| वादो वि वादिनरवइ. | ५१६ |
| विणिवायकरणसत्ती | १२६ |
| विलयाहारभिलासो | १५५ |
| विहितुत्तरमेवेदं | २९१ |
| वेदेइ जया स | १९७ |
| वेदेइ य पुव्वकयं | २३० |
| वेफल्लादिपसंगा | २५५ |
| वेसालि वासठाणं | ११ |
| वेसिट्ठंपि न जुज्जति | २७१ |
| संकारविसेसातो सव्वमिणं | ३५४ |
| संगंपि भूयसमुदयरूवं | ६४ |
| संतं पि किं ण साहइ? | ९६ |
| संतस्स णत्थि णासो | १३५ |
| संताणातो अह सो | २३५ |
| संमुच्छिमसब्भावा | ११७ |
| संसारासारत्ते | ५४१ |
| सचित्तेतरभेदस्स | ३० |
| सति तम्मि ससंवेदणरूवे | ४८ |
| सति यण्णयप्पसिद्धी | ३३२ |
| सत्तादीणं साधारणतत्तो | ४३५ |
| सत्तामेत्तेण जलं | २९८ |
| सत्तामेत्तेण य से दाहग. | २९४ |
| सत्तीण य उक्करिसो | ३८१ |
| सपरुवगारट्ठाए | ३ |
| सफलो मे तो एवं | १९ |
| सब्भावासब्भावे | २९ |
| समवाइसु समवातो इह | ४८७ |
| समवाया संबंधो तेसिं | ४८१ |
| सम्मत्तादिसु जम्हा | १३ |
| सव्वे वि मिहो भिन्नं | ५१७ |
| सव्वे वि मिहो भिन्नं | ५०१ |
| सव्वेसिं तओऽसिद्धो | ७६ |
| सव्वेसि दव्वपज्जव. | ३३८ |
| सव्वेसिं सामन्नं | १०६ |
| सहकारिकारणं से | २०१ |
| सा खलु विसिट्ठ. | ८४ |
| साधारणं ण एगं अवि | ४३७ |
| सा वासगातो भिण्णा | ३३० |
| सावि हु तदुब्भवच्चिय | ४६४ |
| सिय उप्पण्णं भावो | २५८ |
| सिय कत्तिकरणभावो | ४९६ |
| सिय करणमेव नाणं | ४८९ |
| सिय कारणं विसिट्ठं | २४९ |
| सिय कुंभारादीया | १६४ |
| सिय जातीसरणातो | ४२ |
| सिय णेदं पच्चक्खं | ४२२ |
| सिय वइचित्तं दिट्ठं | ६५ |
| सिय वासगातो गम्मइ | ३२९ |
| सिय संधाणं व तयं | ५९ |
| सिय सो उभयसहावो | ४८२ |
| सिवसुहफलकप्पतरुं | १६ |
| सुहदुक्खे सातेतर. | २१७ |
| सुहभावज्जिय. | २ |
| सुहितो स एव दुहितो | २२९ |
| सो उण जीववत्था | ५२० |
| सो उभयक्खयहेऊ. | २६ |
| सो य असंखपएसो | ३८७ |
| सोवक्कमादिङज्झादि. | १८४ |
| सोऽवि ण एगतेणं | १५६ |
| सो सज्झो ण उ सिद्धो | ९१ |
| हिंसादिपरिणती बंधकारणं | २२० |
| हिंसादिविरतिपरिणती | २२३ |
| हेऊ उभयखयस्स | २२ |
| होउ स सत्तामेत्तेण | २९७ |

। श्री अर्हं नमः ।
। श्री शङ्खेश्वरपार्श्वनाथाय नमः ।
। श्री प्रेम—भुवनभानुसूरिवराभ्यां नमः ।
। ऐं नमः ।

श्रीमद्-हरिभद्रसूरिविरचिता--

# धर्मसङ्ग्रहणिः

आचार्यमलयगिरिप्रणीतया टीकया समलङ्कृता ।

श्रीवीतरागाय नमः ।

यथास्थिताशेषपदार्थसार्थप्रकाशनं शासनमद्वितीयम् ।
कुतर्कसम्पर्कविमूढचित्तप्रवाद्यधृष्यं जयताज्जिनानाम् ॥१॥
ज्योतिर्ध्वस्ततमस्काण्डं, प्रकाण्डं वस्तुदेशिनाम् ।
बृहस्पत्यादिखद्योतोद्योतमार्त्तण्डमंडलम् ॥२॥
श्री वर्द्धमानमानम्य, प्रमाणं तत्त्वनिर्णये ।
धर्म्मसङ्ग्रहणेष्टीकामहमाधातुमुत्सहे ॥३॥ (युग्मम्)

अविघ्नेन शास्त्रपरिसमाप्त्यर्थमिष्टदेवतास्तवमभिधित्सुरादौ इदमाह–1

नमिऊण वीयरागं, सव्वन्नुं तियसपूइयं विहिणा ।
जहणायवत्थुवादिं, अचिंतसत्तिं महावीरं ॥१॥
सुहभावज्जियतित्थगरणामकम्मस्स सुहविवागातो ।
अणुवगियपरहियरयं तित्थगरमिमस्स तित्थस्स ॥२॥

(नत्वा वीतरागं सर्वज्ञं त्रिदशपूजितं विधिना । यथाज्ञातवस्तुवादिनमचिन्त्यशक्तिं महावीरम् ॥)
(शुभभावार्जिततीर्थकरनामकर्मणः शुभविपाकात् । अनुपकृतपरहितरतं तीर्थकरमेतस्य तीर्थस्य ॥)

नन्वविघ्नेन[2] शास्त्रपरिसमाप्त्यर्थमिष्टदेवतास्तवाभिधानमित्ययुक्तं, स्तवविघ्नयोः शीतपावकयोरिव परस्परं विरोधासिद्धेः, तत्सिद्धौ च स्तवाभिधानतो विघ्नानामभावसिद्धिः, यथा शीतस्य पावकसद्भावतः, अन्यथा परस्परतः सकलवस्तु–

---

*(શ્રી ટીકાકારકૃત મંગલ)*

શ્રી જિનેશ્વરોનું (જિનેશ્વરોએ સ્થાપેલું) શાસન (તીર્થ–આગમ) જય પામો. આ શાસન કેવું છે ? તો કે, (૧) આ શાસન સઘળાય પદાર્થોના સમુદાયનું યથાર્થ પ્રકાશન કરે છે. (૨) તેથી આ શાસન અદ્વિતીય છે. અન્યતીર્થિકોના શાસનોથી શ્રેષ્ઠ છે. (૩) તથા આ શાસન કુતર્કના સંપર્કથી વિમૂઢ ચિત્તવાળા પરપ્રવાદીઓ–પરદર્શનમાં રહેલાઓથી પડકારી શકાય તેવું નથી.

જે **શ્રીવર્ધમાનજિને** પોતાના જ્ઞાનરૂપી પ્રકાશથી અંધકારના સમુદાયને નેસ્તનાબૂદ કર્યો છે. તથા જે **શ્રીવર્ધમાનજિન** વસ્તુવાદીઓમાં–તીર્થસ્થાપકોમાં સર્વશ્રેષ્ઠ છે. અથવા જેઓ વસ્તુદેશીઓના (વસ્તુના દેશ=અંશવાળા= વસ્તુના એકદેશગ્રાહી એકાન્તવાદીઓના) પ્રકાણ્ડ=ગાઢ અંધકારનો જ્ઞાનજ્યોતિથી નાશ કરે છે. તથા જે **શ્રીવર્ધમાનજિન** જ્ઞાનપ્રકાશની બાબતમાં બૃહસ્પતિ (નાસ્તિકમતસ્થાપક અથવા દેવોના ગુરુ) વગેરેરૂપ આગીયાઓની અપેક્ષાએ સૂર્યબિંબ સમાન છે. તથા જે **શ્રીવર્ધમાનજિન** તત્વના નિર્ણય=નિશ્ચયની બાબતમાં પ્રમાણભૂત છે (અર્થાત્ જે શ્રીવર્ધમાનનું વચન તત્વનો બોધ કરાવે છે.) તે **શ્રીવર્ધમાન જિનને** નમસ્કાર કરી હું **ધર્મસંગ્રહણિ ગ્રંથની** ટીકા રચવા ઉત્સાહી થયો છું. (અર્થાત્ શ્રી વર્ધમાનને મેં કરેલા નમસ્કારે મારામાં એવો ક્ષયોપશમ જગાવ્યો છે, એવું સામર્થ્ય પેદા કર્યું છે કે જેથી મંદબુદ્ધિ એવો પણ હું ધર્મસંગ્રહણિ ગ્રંથની ટીકા રચવા માટે ઉત્સાહવાળો થયો છું. એટલે કે આ ગ્રંથની ટીકા રચનામાં શ્રી વર્ધમાન જિનનો અચિંત્યપ્રભાવ જ કામ કરે છે.)

આરંભાયેલું શાસ્ત્ર વિઘ્ન વિના પૂર્ણ થાય એ હેતુથી મૂળકાર સૌ પ્રથમ ઇષ્ટ દેવતાની સ્તુતિ કરવાની ઇચ્છાથી આ પ્રમાણે કહે છે.

*ગાથાર્થ* :– (૧) વીતરાગ (૨) સર્વજ્ઞ (૩) ત્રિદશ = દેવોથી પૂજાયેલા (૪) યથાજ્ઞાત વસ્તુવાદી=કેવળજ્ઞાનથી જોયેલા યથાર્થ પદાર્થોના નિરૂપક (૫) અચિન્ત્યશક્તિથી સભર (૬) શુભભાવથી ઉપાર્જન કરેલા તીર્થંકરનામકર્મના શુભ–વિપાકથી આ તીર્થના સ્થાપક અને (૭) અનુપકારી બીજાઓપર ઉપકાર કરવામાં રત શ્રી મહાવીરને નમસ્કાર કરી.... ॥૧॥૨॥

---

1हरिभद्रसूरिरिति कर्तुरध्याहारः । 2. आद्यमंगलस्यैतदर्थकत्वात् पर आशंकते–नन्विति ।

नामप्यभावापत्तेः। **उच्यते**–विघ्नो हि प्रागुपात्ताशुभकर्म्मविपाकोदयलक्षणः, तच्चाशुभं कर्म्म विशिष्टेष्टदेवतास्तवकरणतः प्रशस्तभावोपपत्या क्षयमुपपद्यते, ततो जलानलयोरिव स्तवविघ्नयोर्विरोधः, एतेन यदुच्यते 'नानयोर्विरोधः, स्तवभावेऽपि क्वचित् विघ्नदर्शनात्तदभावेपिच क्वचित् विघ्नानुपलब्धेरिति' तदपि प्रत्युक्तमवसेयम् । **तथाहि**–यथा नातिप्रबलोऽग्निर्जलकणिकामात्रेणोपशाम्यति न चासावल्पः स्वयमेव नोपशान्तिमेति, न चानयोर्न विरोधस्तथेहापि द्रष्टव्यमित्यलं प्रसङ्गेन ।

तत्र **व्याख्या**––रज्यतेऽनेनेति रागः रागवेदनीयं कर्म्म, क्वचिदिष्टे वस्तुनि तेन जन्तोरभिष्वङ्गपरिणामापादनात्, रञ्जनं वा रागः–रागवेदनीयकर्म्मविपाकोदयसम्पादितो जन्तोरभिष्वङ्गपरिणाम एव। वीतो रागो येन[1] स वीतरागस्तम् '*नमिऊण*' नत्वा । रागग्रहणं द्वेषमोहोपलक्षणं, ततो वीतद्वेषं वीतमोहं चेत्यपि द्रष्टव्यम्। तत्र द्विष्यतेऽनेनेति द्वेषः–द्वेषवेदनीयं कर्म्म, क्वचिदनिष्टे वस्तुनि तेनात्मनोऽप्रीतिपरिणामापादनात्, द्वेषणं वा द्वेषः–द्वेषवेदनीयकर्म्मविपाकोदयजनितो जन्तोरप्रीतिपरिणाम एव । तथा मुह्यतेऽनेनेति मोहः मोहवेदनीयं कर्म्म, तेन यथा–

---

## (*સ્તવ વિઘ્નવિરોધક*)

*પૂર્વપક્ષ* :– શાસ્ત્રને વિઘ્નરહિત પૂર્ણ કરવા ઇષ્ટદેવતાની સ્તુતિ કરવાનું તમે કહ્યું. પરંતુ તે બરાબર નથી. કેમકે ઇષ્ટદેવતાની સ્તુતિ કર્યા પછી પણ વિઘ્નો રહી શકે છે. કારણકે ઇષ્ટદેવતાની સ્તુતિ અને વિઘ્નને ઠંડી અને અગ્નિની જેમ પરસ્પર વિરોધ નથી. અર્થાત્ "જેમ અગ્નિની હાજરીમાં ઠંડક રહી શકતી નથી. તેમ ઇષ્ટદેવતાના સ્તવની હાજરીમાં વિઘ્નો રહી શકે નહિ.' તેમ કહેવામાં કોઇ પ્રમાણ નથી. વિઘ્ન અને ઇષ્ટદેવતાની સ્તુતિના વચન સાથે ઠંડક અને અગ્નિ જેવો પરસ્પર વિરોધ સિદ્ધ થાય, તો જ એમ કહેવું સંગત બને કે "સ્તુતિના વચનથી વિઘ્નનો અભાવ સિદ્ધ થાય છે."

*શંકા* :– વિઘ્ન અને સ્તવ વચ્ચે પરસ્પર વિરોધ સિદ્ધ ન થાય, તો પણ સ્તવને કારણે વિઘ્નનો અભાવ માનવામાં શો વાંધો છે ?

*સમાધાન* :– અવિરૂદ્ધ સ્તવની હાજરીમાં વિઘ્નનો અભાવ માનવામાં સર્વત્ર પરસ્પર અવિરૂદ્ધ વસ્તુઓમાં પણ એકની હાજરીમાં અન્યનો અભાવ માનવાની મોટી આપત્તિ છે. અર્થાત્ જેમ સ્તવ અને વિઘ્નને પરસ્પર વિરોધ નથી. અને છતાં સ્તવની હાજરીમાં વિઘ્ન રહી શકે નહી, તેમ ઘડો અને કપડું પણ પરસ્પર વિરોધી નથી. તેથી ઘડાની હાજરીમાં કપડાનો પણ અભાવ માનવો જોઇએ... તેથી એમ સાર નીકળે કે પરસ્પર વિરૂદ્ધ વસ્તુઓ તો સાથે રહે જ નહી. પણ પરસ્પર અવિરૂદ્ધ વસ્તુઓ પણ સાથે રહી શકે નહિ. અને તેથી જગતમાં એક પણ વસ્તુની હાજરીમાં બીજી તમામ વસ્તુઓએ અદૃશ્ય થઇ જવું જોઇએ. પરંતુ આમ કોઇને માન્ય નથી. તેથી સ્વીકારવું જ રહ્યું કે પરસ્પર અવિરૂદ્ધ વસ્તુઓ સાથે રહી શકે છે. તેથી સ્તવ અને વિઘ્ન પરસ્પર વિરૂદ્ધ ન હોવાથી સાથે રહી શકે છે. માટે વિઘ્નના અભાવમાટે સ્તવ કરવાનું વિધાન અસંગત છે. કેમકે સ્તવ એ વિઘ્નના અભાવનું કારણ નથી .

*ઉત્તરપક્ષ* :– તમારી વાત સંગત નથી. કેમકે વિઘ્ન અને સ્તવ વચ્ચે અગ્નિ અને પાણી જેવો સહાનવસ્થાનરૂપ વિરોધ સિદ્ધ જ છે. વિઘ્નપૂર્વે બાંધેલા અશુભકર્મોના વિપાકઉદયરૂપ છે. જો આ અશુભ કર્મોનો છેદ કરવામાં આવે, તો વિઘ્નો આવવાનો સંભવ નથી. આ અશુભકર્મો અશુભભાવથી બંધાયા છે. તેથી જો શુભભાવ જગાવવામાં આવે તો તે અશુભકર્મો નેસ્તનાબૂદ કરી શકાય. અને શુભ ભાવ જગાવવા વિશિષ્ટ ઇષ્ટદેવતાની સ્તવના કરવી જોઇએ. કેમકે વિશિષ્ટ ઇષ્ટદેવતાની સ્તવના અંદરના શુભ ભાવોને જાગૃત થવામાટે આલંબન બને છે. આ આલંબનથી જાગેલા શુભભાવોથી અશુભભાવથી બાંધેલા કર્મોનો ક્ષય થવાથી વિઘ્નો પણ ટળે છે. આમ સ્તવ અને વિઘ્ન વચ્ચે પાણી અને અગ્નિ જેવો વિરોધ સિદ્ધ છે.

*પૂર્વપક્ષ* :– સ્તવ અને વિઘ્ન વચ્ચે પાણી અને અગ્નિ જેવો વિરોધ સિદ્ધ નથી. કેમકે કાદંબરીવગેરે કેટલાક આસ્તિક ગ્રંથોમાં સ્તવ અને વિઘ્ન સહઉપલબ્ધ થાય છે. અર્થાત્ ઇષ્ટદેવતાની સ્તવના કરવા છતાં વિઘ્નો આવવાથી ગ્રંથની સમાપ્તિ દેખાતી નથી. તો કેટલાક નાસ્તિક ગ્રંથોમાં દેવતાની સ્તવના અને વિઘ્નો બન્નેનો અભાવ દેખાય છે. અર્થાત્ દેવસ્તુતિ ન હોવા છતાં વિઘ્નો આવતા નથી. અને ગ્રંથ સમાપ્તિ પામતા દેખાય છે.

*ઉત્તરપક્ષ* :– તમારી વાત અણસમજથી ઉત્પન્ન થઇ છે. વિઘ્ન અને દેવસ્તવ વચ્ચે પાણી અને અગ્નિની જેમ સહાનવસ્થાનવિરોધ તો છે જ. પણ જેમ ભડભડ બળતા દાવાનલને પાણીની એક પીચકારી શાંત કરી શકે નહિ. તેમ બળવત્તર વિઘ્ન અથવા વિઘ્નના મોટા સમુદાયને નબળા અથવા અલ્પસંખ્યામાં કરેલા દેવસ્તવથી દૂર કરી શકાય નહિ. વળી જેમ અગ્નિના નાનકડા તણખાને બૂઝવવા પાણીની જરૂર પડતી નથી, પરંતુ તે તણખો સ્વતઃ જ ઓલવાઇ જાય છે. તેમ અતિમંદ વિઘ્નો ઇષ્ટદેવતાની સ્તુતિ વિના પણ સહજ જ દૂર થઇ જાય છે. છતાં પણ જેમ અગ્નિ અને પાણી વચ્ચે સહાનવસ્થાન વિરોધ માન્ય છે. તેમ વિઘ્ન અને ઇષ્ટદેવતાના સ્તવ વચ્ચે સહાનવસ્થાનવિરોધ સિદ્ધ છે. તેથી જ નિર્વિઘ્ને શાસ્ત્રની પરિસમાપ્તિ માટે મંગલસ્તવ કર્તવ્ય છે.

---

1. कर्तृत्वविवक्षया अन्तर्भूतणिजर्थत्वम् ।

वस्थितवस्तुतत्त्वपरिच्छेदविषये जन्तोरज्ञानपरिणामापादनात्, मोहनं वा मोहः मोहनीयकर्मविपाकोदयजनितो जन्तोरज्ञान-परिणाम एव। एतदुपलक्षणं रागग्रहणं यस्मादाह-"सव्वण्णुं" सर्वज्ञम्। नह्यवीतराग इवावीतद्वेषादिः सर्वज्ञो भवतीति। सर्वं जानातीति सर्वज्ञः, यथा च विशेषग्राह्यपि ज्ञानं कथञ्चित्सामान्यस्यापि ग्राहकत्वात्सर्ववस्तुग्राहि भवति तथो-त्तरत्र स्वयमेवाचार्यो दर्शयिष्यतीति नाधुना वितन्यते। ननु यो वीतरागः स सर्वज्ञ एव, ततो गतार्थमिदं विशे-षणमिति नोपादेयम्, न छद्मावस्थाभाविवीतरागव्यवच्छेदफलत्वात्। यद्येवं तर्हि सर्वज्ञमित्येतावदेवास्तामलं वीतराग-ग्रहणेन, न अवीतरागाणामपि सकलशास्त्रार्थोपनिषद्वेदिनामुपचारेण लोके सर्वज्ञत्वव्यवहारदर्शनात्, आजीविक-नयमतानुसारिभिश्च गोशालशिष्यैः सर्वज्ञस्तत्त्वतः खल्ववीतरागोऽप्यभ्युपगम्यते,'*अवाप्तमुक्तिपदा अपि तीर्थनिकार-दर्शनादिहागच्छन्तीति*' वचनात्, तत्त्वतो वीतरागस्य चेहागमनासंभवात्, ततस्तद्व्यवच्छेदार्थं वीतरागग्रहणम् ।

---

## (*વીતરાગ વિશેષણની મહત્તા*)

હવે મૂળગાથાની વ્યાખ્યા કરે છે. 'વીતરાગ' જેનાથી જીવ રંગાય તે રાગ. અર્થાત્ રાગવેદનીય કર્મ (ચારિત્ર મોહનીયકર્મનું જ એક સ્વરૂપ.) રાગકર્મ જીવમાં કોઇક ઇષ્ટવસ્તુમાં અભિષ્વંગ=આસક્તિનો પરિણામ ઉભો કરે છે, અને આમ જીવને પોતાના સ્વરૂપથી રંગે છે. આ વ્યાખ્યા કરણકારકથી કરી. હવે 'ભાવ'પ્રયોગથી વ્યાખ્યા બતાવે છે. રંગાવું તેજ રાગ. અર્થાત્ રાગવેદનીયકર્મના વિપાકઉદયે ઉભો કરેલો જીવનો આસક્તિપરિણામ પોતે જ રાગરૂપ છે. જેણે રાગને વિશેષ કરીને દૂર કર્યો છે અર્થાત્ સર્વથા નષ્ટ કર્યો છે તે વીતરાગને નમસ્કાર કરીને...

*શંકા* :- 'વીતરાગ'વિશેષણથી માત્ર રાગનો જ નાશ સૂચિત થયો. તો શું દ્વેષ અને મોહનો નાશ ન થયો હોય તો પણ નમસ્કરણીય બની શકાય ?

*સમાધાન* :- ના, એમ નથી. જે વીતરાગ હોય તે વીતદ્વેષ અને વીતમોહ હોય જ, તેથી જ મૂળમાં વીતરાગનો જે ઉલ્લેખ છે તેના ઉપલક્ષણથી વીતદ્વેષ અને વીતમોહ પણ સમજી જ લેવાના છે. જેનાથી જીવ દ્વેષયુક્ત બને તે દ્વેષ, અર્થાત દ્વેષવેદનીયકર્મ. આ કર્મ અનિષ્ટવસ્તુની પ્રાપ્તિવગેરેવખતે જીવમાં અપ્રીતિ-અરૂચિનો પરિણામ ઉત્પન્ન કરે છે. અથવા દ્વેષ કરવો એ જ દ્વેષ. અર્થાત્ દ્વેષકર્મના કારણે જીવમાં ઉત્પન્ન થયેલો અપ્રીતિનો પરિણામ પોતે જ દ્વેષરૂપ છે. જેણે દ્વેષને સર્વથા દૂર ભગાવી દીધો છે તે વીતદ્વેષ. તથા મોહ-જેનાથી જીવ મૂંઝવણ પામે તે મોહ. આ કર્મ યથાવસ્થિત વસ્તુતત્ત્વના બોધઅંગે જીવમાં અજ્ઞાનપરિણામ ઉભો કરે છે. અર્થાત્ જે જીવને વાસ્તવિક વસ્તુતત્ત્વનો હેય-ઉપાદેયરૂપે યથાર્થ બોધ ન કરવા દે તે મોહનીયકર્મ. અથવા મૂંઝવણ પોતે જ મોહરૂપ છે. અર્થાત્ મોહનીયકર્મના વિપાકઉદયના કારણે જીવમાં ઉત્પન્ન થયેલો વિવેકરહિતનો અજ્ઞાનનો પરિણામ પોતે જ મોહ છે. જેણે આ મોહને સર્વથા નેસ્તનાબૂદ કર્યો છે તે વીતમોહ. જેમ જે વીતરાગ નથી તે સર્વજ્ઞ નથી તેમ જેઓ વીતદ્વેષ અને વીતમોહ નથી તેઓ પણ સર્વજ્ઞ બની શકે નહિ. તેથી બીજા વિશેષણતરીકે જે 'સર્વજ્ઞ'પદ મુક્યું છે. તેનાથી જ સૂચિત થાય છે કે 'વીતરાગ' વિશેષણના ઉપલક્ષણથી વીતદ્વેષ અને વીતમોહનું ગ્રહણ કરવાનું છે.

## (*સર્વજ્ઞતા વિશેષણની ઉપાદેયતા*)

જે બધા પદાર્થોને જાણે તે સર્વજ્ઞ. અર્થાત્ બધી વસ્તુના બધા પર્યાયોનું જ્ઞાન કરનાર સર્વજ્ઞ છે.

(*શંકા* :- જ્ઞાન વિશેષગ્રાહી તરીકે માન્ય છે. અર્થાત્ 'વસ્તુના વિશેષપર્યાયોનો બોધ જ્ઞાનથી થાય છે. અને સામાન્ય પર્યાયોનો બોધ દર્શનથી થાય' તેમ જ આગમમાન્ય છે. તેથી જ્ઞાનથી સંપૂર્ણ બોધ થતો નથી એ નિશ્ચિત છે. માટે 'જેને બધા પદાર્થોનું જ્ઞાન હોય તે સર્વજ્ઞ' એ વચન અસંગત છે.)

*સમાધાન* :- જ્ઞાન વિશેષગ્રાહી છે. તે વાત સાચી છે. છતાં આ જ્ઞાન કથંચિત્ સામાન્યગ્રાહી પણ છે જ. તેથી જ્ઞાન સર્વ વસ્તુઓનો બોધ કરે જ છે. આ અંગેની વિશેષસ્પષ્ટતા મૂળકાર આચાર્ય પોતે કરવાના છે તેથી હમણાં અમે દર્શાવતા નથી.

*શંકા* :- જે વીતરાગ છે તે સર્વજ્ઞ જ છે. કેમકે વીતરાગપણું સર્વજ્ઞતાનું અવિકલ કારણ છે. અને અવિકલ કારણની હાજરીમાં કાર્ય અવશ્ય હોય જ. આમ 'વીતરાગ'પદના ઉલ્લેખથી તેની સાથે અવશ્ય રહેનાર 'સર્વજ્ઞતા' નું પણ અર્થથી સૂચન થઇ જાય છે. માટે સર્વજ્ઞતાદર્શક 'સર્વજ્ઞ'પદ માત્ર પુનરુક્તિરૂપ જ છે. ઉપાદેય નથી.

*સમાધાન* :- તમે કહ્યું તેમ નથી. ઉપશમના ઘરનો વીતરાગભાવ અર્થાત્ મોહનીયકર્મની પ્રકૃતિઓના ક્ષયને બદલે ઉપશમભાવથી પ્રગટેલો વીતરાગભાવ સર્વજ્ઞતાનો હેતુ બનતો નથી. અર્થાત્ સર્વત્ર વીતરાગભાવ સર્વજ્ઞતાનું અવિકલ કારણ નથી, માત્ર ક્ષાયિકભાવનો વીતરાગભાવ જ સર્વજ્ઞતાનું અવિકલ કારણ છે. વળી વીતરાગભાવની પ્રાપ્તિ પછી પણ અન્તર્મુહૂર્ત રહીને સર્વજ્ઞતા પ્રાપ્ત થાય છે. આ વચ્ચેના અંતર્મુહૂર્તમાં જીવ વીતરાગ હોવા છતાં સર્વજ્ઞ નથી. તેથી એવા છદ્મસ્થ વીતરાગોને બાકાત કરવાદ્વારા સર્વજ્ઞવિશેષણ સફળ છે. માત્ર પુનરુક્તિરૂપ નથી. (વળી કુમારિલ ભટ્ટ વગેરે કેટલાક પરદર્શનકારો 'કોઇ પણ આત્મા સર્વજ્ઞ હોય જ નહિ' તેમ સ્વીકારે છે. તેઓની આ માન્યતા જૂઠી છે તેમ દર્શાવવા માટે આ 'સર્વજ્ઞ' વિશેષણ આવશ્યક છે.)

एतद्विशेषणायैवाह *"तियसपूइयं विहिणा"* त्रिदशपूजितं विधिना, उपपातान्तर्मुहूर्त्तानन्तरं सदा तृतीया यौवनलक्षणा दशा –अवस्था येषां ते त्रिदशा–वैमानिकादयो देवाः,पूरणार्थश्च वृत्तावन्तर्भूतो यथा तृतीयो भागस्त्रिभाग इति, तैः पूजितः—समभ्यर्चितो यो विधिना तदेकतानतादिलक्षणेन तं,*'नमिऊणे'*तिक्रियापदविशेषणं वा विधिना[1] नत्वेति। ननु यो वीतरागः सर्वज्ञश्च सोऽवश्यं त्रिदशपूजित एवेति नार्थोऽनेन विशेषणेन, तदयुक्तं [2]मुण्डकेवलिप्रभृतीनां केषाञ्चिदत्रिदशपूजितानामपि यथोक्तविशेषणविशिष्टत्वात्, तद्व्यवच्छेदार्थं त्रिदशपूजितग्रहणम्। यद्येवं तर्हि त्रिदश–पूजितमित्येतावदेवास्तु, कृतं वीतरागादिग्रहणेन, न, अवीतरागाणामपि गणधरादीनां त्रिदशपूजितत्वश्रवणात् तदपनोदार्थं वीतरागादिग्रहणम्। पुनरप्येतद्विशेषणायैवाह*"जहनायवत्थुवादिं"* यथाज्ञातवस्तुवादिनं, भूतभवद्भाविभावस्वभावावभासिना केवलज्योतिषा (यथा)यथा–सदसद्रूपत्वादिना प्रकारेण ज्ञातं–परिच्छिन्नं वस्तु (तथा)तथा वदितुं शीलो यथाज्ञात–वस्तुवादी तम् । ननु यो वीतरागः सर्वज्ञस्त्रिदशपूजितश्च स यथाज्ञातवस्तुवाद्येवेति किमनेन विशेषणेन?, न अस्य कुवादिमतव्यवच्छेदार्थत्वात्। विद्यते हि परेषामेवंविधोऽप्यसदभ्युपगमो, यथा–'वीतरागत्वादिविशेषणयुक्तोऽपि न

---

*શંકા* :– જો આમ 'સર્વજ્ઞ'પદનો ઉલ્લેખ આવશ્યક હોય, તો 'વીતરાગ'પદની આવશ્યક્તા નથી. કારણ કે ભલે વીતરાગ સર્વજ્ઞ હોય કે ન પણ હોય, પરંતુ સર્વજ્ઞ તો અવશ્ય વીતરાગ જ હોય. કેમકે વીતરાગતા વિના સર્વજ્ઞતા આવતી નથી. તેથી સર્વજ્ઞના કથનથી અર્થતઃ વીતરાગનું કથન પણ થઇ જાય છે. તેથી 'વીતરાગ' પદનું ઉપાદાન માત્ર પુનરુક્તિરૂપ જ છે.

*સમાધાન* :– તમારી આ વાત પણ સંગત નથી. કેમકે (૧) સકલ શાસ્ત્રસમુદ્રનું મંથન કરી શાસ્ત્રના સારરૂપ અમૃતને પામેલા શાસ્ત્રજ્ઞો વીતરાગ ન હોય તો પણ લોકો તેમને ઉપચારથી 'સર્વજ્ઞ' તરીકે બીરદાવે છે. આમ અવીતરાગને પણ સર્વજ્ઞ કહેવાનો વ્યવહાર છે. આવા અવીતરાગોને બાકાત કરવાદ્વારા 'વીતરાગ'વિશેષણ સાર્થક છે. વળી (૨) આજીવિકનયમતને અનુસરનારા ગોશાળકના શિષ્યો વાસ્તવમાં અવીતરાગને સર્વજ્ઞ તરીકે સ્વીકારે છે. કેમકે તેઓના આગમમાં *"મુક્તિને પામેલાઓ પણ તીર્થની અવહેલના જોઇ અહીં (સંસારમાં) આવે છે."* એવું વચન છે. જેઓ તત્ત્વથી વીતરાગ હોય, તેઓમાં રાગદ્વેષનો સર્વથા અભાવ હોય છે તેથી તેઓને તીર્થની અવહેલના જોવાથી પણ રાગદ્વેષ થતો નથી. અને સંસારમાં પાછા આવવાનું હોતું નથી. તેથી તીર્થના તિરસ્કારને જોવાથી જેઓ સંસારમાં પાછા આવે છે. તેઓ રાગદ્વેષથી યુક્ત છે. કેમકે રાગદ્વેષની હાજરીમાં જ સંસારમાં જન્મ છે. રાગદ્વેષના અભાવમાં નવો જન્મ નથી. આમ આજીવિકમતવાળાઓએ સ્વીકારેલા આપ્તપુરુષ વીતરાગ નથી. આમ તેમના વ્યવચ્છેદમાટે 'વીતરાગ'પદ આવશ્યક છે.

### *(ત્રિદશપૂજિતવિશેષણની આવશ્યક્તા)*

આના જ(વીતરાગના) વિશેષણ તરીકે **'तियसपूइयं'**"ત્રિદશ=દેવતાઓથી વિધિપૂર્વક પૂજાયેલા"પદ દર્શાવ્યું છે. ઉપપાતથી જન્મ થયા બાદ પ્રથમ અન્તર્મુહૂર્ત પછી તરત કાયમમાટે ત્રીજી યૌવનરૂપ દશા=અવસ્થા જેઓની હોય છે, તે ત્રિદશો=વૈમાનિક દેવો. અર્થાત્ દેવો હંમેશા યુવાનીરૂપ ત્રીજી અવસ્થામાં જ રહેતા હોવાથી તેઓ ત્રિદશ કહેવાય છે. જોકે સંખ્યાવાચક 'ત્રિ'શબ્દને સંખ્યાપૂરકપ્રત્યય લાગી 'તૃતીય'શબ્દ બન્યો છે. અને વાક્યઅવસ્થામાં 'તૃતીય'પદ ઉપયુક્ત છે. છતાં પણ સમાસવૃત્તિ થવાથી 'તૃતીય'માં રહેલો પૂરણપ્રત્યય લુપ્ત થયો તેથી 'ત્રિદશ'પદ બન્યું. છતાં પણ આ સમાસમાં સંખ્યાપૂરકઅર્થ સમાયેલો તો છે જ. જેમકે તૃતીયઃ ભાગઃ=ત્રિભાગઃ (=ત્રિભાગ=ત્રીજોભાગ). આ ત્રિદશ–દેવોથી 'પૂજામાં એકતાન થવું' વગેરે વિધિથી જે (વીતરાગ સર્વજ્ઞ મહાવીર પ્રભુ) પૂજાયા છે તે (વીતરાગ...) ને નમસ્કાર કરી. અથવા 'વિધિના'પદ ક્રિયાવિશેષણ છે, અર્થાત્ 'નત્વા'પદસાથે સંબધિત છે. જોકે ક્રિયાવિશેષણને નપુંસકલિંગ બીજી વિભક્તિ એકવચનનો પ્રત્યય લાગે છે. છતાં અહીં જે ત્રીજી વિભક્તિ એકવચનનું રૂપ વાપર્યું છે. તે હેતુની (=અહીં વિધિની) પ્રધાનતા દર્શાવવામાટે છે. તેથી દોષ નથી.

*શંકા* :– વીતરાગપણું અને સર્વજ્ઞપણું આ બન્ને, જીવનું સર્વોત્તમ ઐશ્વર્ય છે, સર્વશ્રેષ્ઠ ગુણ છે અને દરેકને માટે પરમસાધ્યભૂત છે. તેથી વીતરાગભાવને અને સર્વજ્ઞપણાને ઝંખતા દેવો વીતરાગ અને સર્વજ્ઞ થયેલાને પૂજે તે નિર્વિવાદ છે. આ વાત 'વીતરાગ'પદ અને 'સર્વજ્ઞ'પદ મુકવાથી સૂચિત થઇ જાય છે. તેથી ફરીથી 'ત્રિદશપૂજિત' વિશેષણનો શબ્દોલ્લેખ કરવામાં પુનરુક્તિ સિવાય બીજો કોઇ અર્થ સરતો નથી.

*સમાધાન* :– તમારી વાત સરાહનીય નથી. કેમકે અતિશય વિનાના મુણ્ડકેવળીવગેરે વીતરાગ સર્વજ્ઞો દેવોથી પૂજાતા નથી. આમ તેમના વ્યવચ્છેદમાટે 'ત્રિદશપૂજિત'વિશેષણ જરુરી છે.

*શંકા* :– તમારા કહેવાથી 'વીતરાગ અને સર્વજ્ઞ દેવોથી પૂજાય જ છે' તેવો એકાન્ત નિયમ ભલે ન હો, પણ 'જે દેવોથી પૂજાય તે અવશ્ય વીતરાગ અને સર્વજ્ઞ હોય જ' તેવો નિયમ તો છે જ. તેથી દેવોથી પૂજાયેલા તેટલું કહેવા

---

1. हेतुत्वप्राधान्यविवक्षया तृतीया पुंस्त्वं च । 2. अतिशयरहिताः सामान्यश्रमणा मुण्डाः ।

यथाज्ञातवस्तुवादी, *"वस्तु वाचामगोचर"* इति वचनप्रामाण्यात्। यद्येवं तर्हि यथाज्ञातवस्तुवादिनमित्येतावदेव शोभनमलं वीतरागादिग्रहणेन, न, [1]चतुर्दशपूर्वधरादीनामपि यथाज्ञातवस्तुवादित्वसंभवात्, ततस्तद्व्यवच्छेदार्थं वीतरागादिग्रहणम्। भूयोऽप्येतद्विशेषणायाह– *"अचिंतसत्तिमिति"* अचिन्त्या–चिन्तातिक्रान्ता प्राकृतजनानामध्यवसातुमप्यशक्यत्वात् शक्तिः–स्वप्रदेशैः सकललोकाकाशप्रदेशपूरणसामर्थ्यादिलक्षणा यस्यास्ति सोऽचिन्त्यशक्तिस्तम्। नन्विदं विशेषणमपार्थकं, यथोक्तवीतरागत्वादिस्वरूपोपेतस्याचिन्त्यशक्तित्वव्यभिचाराभावात्, सति च व्यभिचारसंभवे विशेषणोपादानमर्थवत्तामश्नुते, तदुक्तम्––"संभवे *व्यभिचारे च विशेषणमर्थवद्भवति, यथा नीलोत्पलमिति"* व्यभिचाराभावे तु तदुपादीयमानं न प्रयासमृते अन्यमर्थं पुष्णाति, यथा कृष्णो भ्रमरः शुक्ला बलाकेति, तस्मादचिन्त्यशक्ति-मित्यतिरिच्यते, न, अभिप्रायापरिज्ञानात्, यस्मादिह यथोक्तवीतरागत्वादिस्वरूपोपेतोऽचिन्त्यशक्तिरेव नान्यथेति नियमार्थत्वेन स्वरूपपरिज्ञानार्थमिदं विशेषणम्, ततोऽनवद्यमेव। न चैकान्ततो व्यभिचारसंभव एव विशेषणोपादानम्, उभयपदव्यभिचारे एकपदव्यभिचारे स्वरूपज्ञापने च शिष्टोक्तिषु तत्प्रयोगदर्शनात् । तत्रोभयपदव्यभिचारे यथा–नीलोत्पलम्, एकपदव्यभिचारे यथा–आपो द्रव्यं, पृथ्वी द्रव्यं, स्वरूपज्ञापने यथा–परमाणुरप्रदेश इति । यद्येवं तर्हि अचिन्त्यशक्तिमित्येतावदेव मनोहरं, वीतरागादिग्रहणं पुनरपार्थकम्, न लोके मण्यादीनामपि अचिन्त्यशक्त्युपेततयाऽभ्युपगमात्, *"अचिन्त्यो हि मणिमन्त्रौषधीनां प्रभाव"* इतिप्रवादात्, अतस्तत्कल्पो भगवान् मा प्रापदिति तद्व्यवच्छेदार्थं वीतरागादिग्रहणम्। एतैश्च विशेषणपदैरपायापगमातिशयादयश्चत्वारो [2]मूलातिशया निर्दिष्टा वेदितव्याः

---

માત્રથી વીતરાગત્વ અને સર્વજ્ઞત્વનો ખ્યાલ આવી જાય છે. તેથી 'ત્રિદશપૂજિત' આ એક વિશેષણ જ પર્યાપ્ત છે. 'વીતરાગ' અને 'સર્વજ્ઞ' આ બે વિશેષણો નકામા છે.

*સમાધાન* :– 'દેવોથી પૂજાયેલા વીતરાગ અને સર્વજ્ઞ હોય જ' તેવો પણ એકાંત નિયમ નથી. છદ્મસ્થ-અવસ્થામાં રહેલા તથા વીતરાગભાવને નહિ પામેલા ગણધરભગવંતોવગેરે પણ દેવોથી પૂજાયા છે તેમ સંભળાય છે. તેથી તે ગણધરોવગેરેની બાદબાકી કરવામાટે 'વીતરાગ' અને 'સર્વજ્ઞ' આ બન્ને વિશેષણો આવશ્યક છે.

*(યથાજ્ઞાતવસ્તુવાદી વિશેષણની સાર્થકતા)*

વળી આ નમસ્કરણીયને વધુ વિશિષ્ટ બતાવવા મૂળકાર આચાર્ય બીજું વિશેષણ **'यथाज्ञातवस्तुवादिनं'**, બતાવે છે. વીતરાગ અને સર્વજ્ઞ થયેલા ભગવાનને પ્રાપ્ત થયેલું કેવલજ્ઞાન ભૂતકાળના, વર્તમાનકાળના અને ભવિષ્યકાળનાં પદાર્થોના સંપૂર્ણ સ્વરૂપને પ્રકાશવા સમર્થ છે. આ કેવળજ્ઞાનથી વસ્તુનું સ્વરૂપ સત્ કે અસત્ રૂપ જેવું જેવું દેખાયું હોય તેવું તેવું જ કહેવાના સ્વભાવવાળો=યથાજ્ઞાતવસ્તુવાદી. અર્થાત્ કેવળજ્ઞાનથી યથાર્થજ્ઞાત થયેલા પદાર્થોનું યથાર્થરૂપે જ પ્રતિપાદનકરનાર યથાજ્ઞાતવસ્તુવાદી કહેવાય. નમસ્કરણીય ભગવાન મહાવીર યથાજ્ઞાતવસ્તુવાદી હતા.

*શંકા* :– જે વ્યક્તિ વીતરાગ, સર્વજ્ઞ અને ત્રિદશપૂજિત હોય, તે વ્યક્તિ અવશ્ય યથાર્થવસ્તુવાદી જ હોય તેમાં શંકા નથી. તેથી એ વ્યક્તિના સ્વરૂપની ઓળખાણ આપવા 'યથાજ્ઞાતવસ્તુવાદી' વિશેષણનો પ્રયોગ કરવો વ્યર્થ છે. તેથી આ વિશેષણથી સર્યું.

*સમાધાન* :– નહિ. આ વિશેષણ ખૂબ આવશ્યક છે. કેમકે આ વિશેષણ કુવાદીઓના મતનો છેદ ઊડાડવા સમર્થ છે. કેટલાક પરવાદીઓ તેવાપ્રકારની ખોટી માન્યતા ધરાવે છે કે ''વીતરાગપણુંવગેરે વિશેષણોથી અલંકૃત વ્યક્તિ પણ યથાજ્ઞાતવસ્તુવાદી ન હોઇ શકે. અહીં 'વસ્તુ *વાણીનો વિષય બની શકે નહિ'* તેવાપ્રકારનું વચન પ્રમાણભૂત છે.'' પરવાદીઓની આ કુમાન્યતાનો વ્યવચ્છેદ કરવાદ્વારા 'યથાજ્ઞાતવસ્તુવાદી'વિશેષણ સાર્થક બને છે. આ વિશેષણથી નિશ્ચિત થાય છે કે વીતરાગપણુંઆદિ ભાવોને પામેલી વ્યક્તિ વસ્તુનું યથાર્થ નિરૂપણ કરી શકે છે. તેથી વસ્તુ કથંચિત્ વાણીનો વિષય બની શકે છે. અને તેમ સ્વીકારવાથી જ બધા વ્યવહાર વગેરે સુસ્થ બને છે.

*શંકા* :– અસ્તુ ! તો પછી આ 'યથાજ્ઞાતવસ્તુવાદી' એક જ વિશેષણ પર્યાપ્ત છે. આ વિશેષણમાત્રથી 'વીતરાગ' અર્થનું અર્થતઃ જ્ઞાન થઇ જશે. 'અબજપતિ' કહેવાથી જ 'લખપતિ' અને 'કરોડપતિ'નું જ્ઞાન થઇ જાય છે.!! પછી 'લખપતિ' 'કરોડપતિ' કહેવાની આવશ્યકતા નથી.

*સમાધાન* :– તમારું જ્ઞાન અધુરું છે. ચૌદપૂર્વધરો સમસ્ત શ્રુતજ્ઞાનના પારગામી હોય છે. તેથી તેઓ પણ યથાર્થવસ્તુવાદી સંભવે જ છે. તેથી જ તેઓની દેશના કેવળીની દેશના તુલ્ય ગણાય છે. આ ચૌદપૂર્વધરો 'વીતરાગપણું' વગેરે ભાવને પામ્યા નથી. તેથી તેઓને અહીં નમસ્કાર્યની શ્રેણિમાંથી દૂર કરવા દ્વારા 'વીતરાગ' વગેરે વિશેષણો સાર્થક છે.

*('અચિન્ત્યશક્તિ' વિશેષણની સરાહનીયતા)*

વળી નમસ્કરણીય પરમાત્માને અન્ય વિશેષણથી નવાજે છે. અચિન્ત્ય=સામાન્ય માણસ જેનો વિચાર પણ ન કરી શકે તેવી શક્તિથી યુક્ત. શક્તિ=પોતાના આત્મપ્રદેશોદ્વારા આખા લોકાકાશના તમામ આકાશ પ્રદેશોને પૂરવાનું સામર્થ્ય વગેરે

---

1. प्ररूपणामाश्रित्य श्रुतकेवलिनः केवलितुल्यत्वात् । 2. भावार्हन्त्यनिबन्धनत्वादेषाम् ।

**तद्यथा**–अपायापगमातिशयः ज्ञानातिशयः पूजातिशयो वागतिशयश्च। तत्र वीतरागमित्यनेनापायापगमातिशयमाह, सर्वज्ञ–मित्यनेन ज्ञानातिशयम्, त्रिदशपूजितमित्यनेन पूजातिशयम् यथाज्ञातवस्तुवादिनमित्यनेन तु वागतिशयम्, अचिन्त्य–शक्तिमित्यनेन पुनः स्वरूपावधारणमिति। नन्वेषामतिशयानामित्थमुपन्यासे किञ्चिदस्ति प्रयोजनमुत यथाकथञ्चिदेष प्रवृत इति, **अस्तीति ब्रूमः**, किं तदिति चेत् ?, उच्यते–एवमेव भावः, **तथाहि**—नावीतरागः सर्वज्ञो भवति, न चासर्वज्ञस्य सततस्त्रिदशास्तथा पूजां कुर्वन्ति, नच तत्कृतपूजोपचाराभावे भगवान् धर्ममाचष्टे इति। एते चान्येषामपि देहसौगन्ध्यादीनामतिशयानामुपलक्षणम्, ततश्चतुस्त्रिंशदतिशयसम्पत्समन्वितं भगवन्तं नत्वेत्युक्तं द्रष्टव्यम्।

---

અર્થાત્ ‘કેવલીસમુદ્ઘાતવગેરે શક્તિઓથી સંપન્ન ભગવાન  મહાવીરને નમસ્કાર કરી’ એવો અન્વય કરવો.

*પૂર્વપક્ષ* :– ‘વીતરાગ’વગેરે વિશેષણપદોથી જ સૂચિત થાય છે કે આ વિશેષણોથી વિશિષ્ટ વ્યક્તિ અચિન્ત્ય–શક્તિથી સંપન્ન જ હોય. આ બાબતમાં કોઇ વ્યભિચાર નથી. અર્થાત્ ‘વીતરાગ’આદિ વિશેષણોથી યુક્ત વ્યક્તિ અચિંત્ય શક્તિથી યુક્ત ન હોય તેવું કદી બનતું નથી. જેમકે હંસ હોય અને ઉજ્જવળ ન હોય તેમ બનતું નથી. તેથી જેમ ‘આ હંસ ઉજ્જવળવર્ણનો છે’ એમ ‘ઉજ્જવળવર્ણ’ વિશેષણ હંસમાટે નિરર્થક છે તેમ વીતરાગવગેરે વિશેષણોથી વિશિષ્ટ વ્યક્તિ માટે ‘તે વ્યક્તિ અચિન્ત્યશક્તિસંપન્ન છે’ એમ ‘અચિન્ત્યશક્તિસંપન્ન’ વિશેષણ વ્યર્થ છે.

*શંકા* :– તો પછી વિશેષણ ક્યારે સાર્થક બને ?

*સમાધાન* :– જ્યારે વિશેષણ વિના વિશેષ્યમાં વ્યભિચાર સંભવતો હોય, ત્યારે વિશેષણપદ આવશ્યક બને છે. જેમકે ભૂરા કમળમાટે માત્ર ‘કમળ’પદનો પ્રયોગ કરવામાં આવે, તો કમળ તો લાલ પણ હોય છે, તેથી લાલ કમળનું પણ ગ્રહણ થઇ જવાનો પ્રસંગ આવે. તેથી ત્યાં ‘કમળ’માટે ‘ભૂરુ’વિશેષણ આવશ્યક અને સાર્થક છે, કેમકે ‘ભૂરુ’પદ ‘કમળ’ રૂપ વિશેષ્યમાંથી ‘રક્તત્વ’ વગેરેનો વ્યવચ્છેદ કરે છે અને ભૂરા કમળના બોધમાં વ્યભિચારને રોકે છે. તેથી જ કહ્યું છે કે *‘વ્યભિચાર સંભવતો હોય ત્યારે વિશેષણ સાર્થક બને છે જેમકે ‘નીલકમળ’* વ્યભિચારના અભાવમાં વિશેષણનો પ્રયોગ માત્ર પ્રયાસરૂપ છે, જેમકે ‘કાળો ભમરો’, ‘સફેદ બગલાઓ’ ઇત્યાદિ. માટે ‘અચિન્ત્યશક્તિ’ વિશેષણ નિરર્થક છે.

*ઉત્તરપક્ષ* :– એમ નથી. જેમ વ્યભિચારના સંભવમાં વિશેષણ સાર્થક છે તેમ ક્યારેક વિશેષ્યના સ્વરૂપનું જ્ઞાન શ્રોતાને ન હોય ત્યારે પણ વિશેષ્યના સ્વરૂપનો બોધ કરાવવા વિશેષણ આવશ્યક બને છે. દરેક શ્રોતા કંઇ એટલા ચતુર નથી હોતા કે વિશેષ્યના ઉલ્લેખમાત્રથી કે વિશેષ્યના એક બે વિશેષણના જ્ઞાનથી વિશેષ્યના બીજા સ્વરૂપને સમજી જાય. નહિતર તો નાના બાળકને કાગડાનું જ્ઞાન થવા માત્રથી ‘બધા કાગડા કાળા હોય’ તેવું જ્ઞાન થઇ જવાની આપત્તિ આવે. તેથી કેટલીકવાર સ્વરૂપબોધકવિશેષણ પણ અર્થસભર બને છે. પ્રસ્તુતમાં પણ વીતરાગાદિ વિશેષણથી યુક્ત વ્યક્તિ અવશ્ય અચિન્ત્યશક્તિથી યુક્ત જ હોય, તેવો નિયમ કરવાદ્વારા ‘અચિન્ત્યશક્તિ’ વિશેષણપદ સાર્થક બને છે. માટે કોઇ દોષ નથી. વળી એવો એકાંત નિયમ નથી કે વ્યભિચારના સંભવમાં જ વિશેષણપદ ઉપાદેય છે.  કેમકે શિષ્ટપુરુષોના વચનમાં ત્રણ સ્થાને વિશેષણનો પ્રયોગ દેખાય છે (૧) ઉભયપદ વ્યભિચારમાં (૨) એકપદ વ્યભિચારમાં (૩) સ્વરૂપનો બોધ કરાવવામાં.

*(૧) ઉભયપદ વ્યભિચાર* :– જ્યાં વિશેષણપદ અને વિશેષ્યપદ આ બન્ને પરસ્પરના અભાવમાં પણ ઉપલબ્ધ થતા હોય ત્યાં ઉભયપદવ્યભિચાર કહેવાય છે. જેમકે ‘નીલોત્પળ’ અહીં ‘નીલ’પદ ભૂરા કપડાવગેરેનું પણ વિશેષણ બની શકે. તે જ પ્રમાણે ઉત્પળ=કમળ પણ નીલભિન્ન રક્ત=લાલવગેરે વર્ણનું પણ હોય છે. તેથી નીલકમળની જેમ ‘રક્તકમળ’ વગેરે પ્રયોગ પણ થઇ શકે છે. આમ ‘નીલ’પદ અને ‘કમળ’ પદ બન્ને એકબીજાના અભાવમાં પણ ઉપલબ્ધ થાય છે તેથી અહીં ઉભયપદવ્યભિચાર છે.

*(૨) એકપદ વ્યભિચાર* :– જ્યાં બે પદમાંથી એક પદ(=વિશેષણ)નો અર્થ બીજા પદના અર્થને(=વિશેષ્ય) છોડી અન્યત્ર ઉપલબ્ધ થતો ન હોય, અર્થાત્ બીજા પદના અર્થને વ્યભિચારી ન હોય. જ્યારે બીજા પદનો અર્થ પ્રથમ પદના અર્થને છોડીને પણ ઉપલબ્ધ થતો હોય–અર્થાત્ વ્યભિચારી હોય ત્યાં એકપદવ્યભિચાર કહેવાય. જેમકે ‘પાણી દ્રવ્ય છે.’ ‘પૃથ્વી દ્રવ્ય છે.’ ઇત્યાદિ સ્થળે જળત્વ (=પાણીપણું) કે પૃથ્વીત્વ ‘દ્રવ્યત્વ’ને છોડી અન્યત્ર ન મળે. અર્થાત્ પાણી કે પૃથ્વી દ્રવ્યરૂપ જ છે. ગુણવગેરે રૂપ નથી. પરંતુ ‘દ્રવ્યત્વ’ તો જળત્વ, કે પૃથ્વીત્વ વગેરેના અભાવમાં પણ ઉપલબ્ધ થાય છે. અર્થાત્  દ્રવ્ય પાણીરૂપ જ હોય કે પૃથ્વીરૂપ જ હોય, તેવું નથી. કેમકે પાણી કે પૃથ્વીરૂપ નહિ તેવા અગ્નિવગેરે પણ દ્રવ્ય જ છે. તેથી ‘પાણી દ્રવ્ય છે’ વગેરેસ્થળે પાણીરૂપ વિશેષણ એકપદવ્યભિચાર સ્થળે છે. (ઉભયપદવ્યભિચારસ્થળે  બન્ને પદ પરસ્પરનો અન્યત્રથી વ્યવચ્છેદ કરે છે. એકપદવ્યભિચારસ્થળે અન્યત્રપ્રસક્ત વિશેષ્યનો અન્યત્રથી વ્યવચ્છેદ કરવાદ્વારા વિશેષણપદ સાર્થક બને છે.)

*(3) સ્વરૂપજ્ઞાપન* :– જ્યાં વિશેષ્યપદ વિશેષણપદને વ્યભિચારી ન હોય તેવા સ્થળે વિશેષણપદનું ઉપાદાન માત્ર સ્વરૂપના બોધમાટે જ થાય છે, જેમકે પરમાણુ અપ્રદેશ(=પ્રદેશ વિનાનો) છે. અહીં ‘પરમાણુ’વિશેષ્યપદ છે. ‘અપ્રદેશ’ વિશેષણપદ છે. બધા જ પરમાણુઓ અપ્રદેશ જ હોય, તેથી ‘અપ્રદેશ’ વિશેષણ પરમાણુના માત્ર સ્વરૂપનો જ બોધ કરાવે છે વ્યવચ્છેદક બનતું નથી. આમ સ્વરૂપનો બોધ કરાવવા પણ વિશેષણનો પ્રયોગ થાય છે. માટે ‘અચિન્ત્યશક્તિ’ વિશેષણ

**तथाचाह**–*तित्थयरं* तीर्थकरम्, नह्यपायापगमातिशयादिरहित इव[1]देहसौगन्ध्याद्यतिशयरहितस्तीर्थकरो भवतीति। तत्र जन्मजरामरणसलिलसङ्कुलं मिथ्यादर्शनाविरतिगम्भीरं रागद्वेषपवनविक्षोभितं नानाविधानिष्टेष्टसंयोगवियोगवीचीनिचयोपेतं दुरवगाहमोहावर्त्तभीषणं विविधशारीरमानसानेकदुःखौघदुष्टश्वापदं महाभीमकषायपातालं प्रबलमनोरथवेलाकुलं, सुदीर्घ-संसारसागरं तरन्त्यनेनेति तीर्थम्, एतच्च सकलजीवाजीवादिपदार्थसार्थप्ररूपकं त्रिलोकीगतावदातधर्म्मसम्प्रयुक्तमहासत्त्वाश्रयम् अत्यन्तानवद्यान्याविज्ञातचरणकरणक्रियाधारम्, अचिन्त्यशक्तिसमन्वितम्, अविसंवादिप्रवचनम्, तदाधारश्च सङ्घः, निराधारस्य प्रवचनस्याभावात्, तत्करणशीलः तीर्थकरः, *"हेतुतच्छीलानुलोमेष्वशब्दे"* त्यादिनाटः, तं नत्वा । कस्य पुनस्तीर्थस्य भगवान्कर्त्तेत्यत आह–*'इमस्स तित्थस्स'* अस्य ऐदंयुगीनजनानां साक्षादुपकारितया

---

માત્ર સ્વરૂપબોધક હોવા છતાં નિષ્ફળ નથી.

*શંકા* :– જો એમ જ હોય, તો બસ "અચિન્ત્યશક્તિ" આ એક જ વિશેષણ અર્થતઃ વીતરાગભાવવગેરેનું સૂચન કરતું હોવાથી યોગ્ય છે. તેથી 'વીતરાગ'વગેરે વિશેષણપદો અર્થહીન છે.

*સમાધાન* :– તમારી વાત અમાન્ય છે. કેમકે લોકોમાં વીતરાગઆદિ ભાવોથી રહિતના પારસમણિવગેરે પણ અચિંત્યશક્તિથી યુક્ત છે તેવો અભ્યુપગમ (=સ્વીકૃતિ–માન્યતા) પ્રવર્તે છે. કેમકે *'મણિ, મંત્ર અને ઔષધોનો પ્રભાવ અચિન્ત્ય છે'*. તેવો લોકમાં પ્રવાદ છે. તેથી માત્ર "અચિન્ત્યશક્તિ"વિશેષણપદ મુકવાથી તો મણિવગેરે પણ સમાવેશ પામી જાય. તેથી મણિવગેરેનો વ્યવચ્છેદ કરવા અને ભગવાન મણિતુલ્ય ન થઇ જાય તે માટે મુકેલા વીતરાગવગેરે વિશેષણપદો સાર્થક છે.

## *(અતિશયોના ક્રમની યથાર્થતા)*

ઉપરોક્ત વિશેષણપદો *શ્રી મહાવીરપ્રભુના* (ભાવઅરિહંતપણાના હેતુ, સ્વરૂપ અને ફળભૂત) ચાર મૂળાતિશયના સૂચક છે. આ ચાર મૂળાતિશયો ક્રમશઃ (૧) અપાયાપગમ અતિશય (૨) જ્ઞાનાતિશય (૩) પૂજાતિશય અને (૪) વચનાતિશય છે. આ ચાર અતિશયો સૂચવવા ક્રમશઃ (૧) વીતરાગ (૨) સર્વજ્ઞ (૩) ત્રિદશપૂજિત અને (૪) યથાજ્ઞાતવસ્તુવાદી વિશેષણપદો મુક્યા છે. 'અચિન્ત્યશક્તિ' આ વિશેષણ સ્વરૂપના નિશ્ચયઅર્થે મુકેલું છે.

*શંકા* :– અતિશયસૂચક આ વિશેષણો આ ક્રમે દર્શાવ્યા તેમાં કોઇ નિયામક હેતુ છે ખરો? કે પછી સ્વેચ્છાથી યથાકથંચિત્ આ પ્રમાણે વિશેષણો મુક્યા છે.

*સમાધાન* :– વિશેષણોના આ ક્રમમાં પ્રયોજન છે.

*શંકા* :– એ પ્રયોજન શું છે ?

*સમાધાન* :– જૂઓ ! બતાવીએ છીએ. વીતરાગ નહિ થયેલો પુરુષ સર્વજ્ઞ થઇ શક્તો નથી. અસર્વજ્ઞની દેવો તેવાપ્રકારની વિશિષ્ટપૂજા કરતા નથી. અને દેવકૃતપૂજોપચારના અભાવમાં ભગવાન ધર્મ ઉપદેશતા નથી. અર્થાત્ ભગવાન સર્વજ્ઞ થાય તે પછી દેવો અષ્ટપ્રાતિહાર્યની શોભા અને સમવસરણવગેરેની રચનારૂપ ભગવાનની પૂજા કરે છે. અને તે દ્વારા વિનય પ્રગટ કરે છે. ત્યારબાદ ભગવાન પોતાની પ્રથમ દેશના ફરમાવે છે. (આમ વીતરાગ ભાવ સૌ પ્રથમ છે. અને 'વીતરાગભાવ' અપાયાપગમઅતિશયરૂપ છે. કેમકે જીવને અપાય=નુકશાન કરનાર સૌથી ખતરનાક તત્ત્વો (૧) રાગ (૨) દ્વેષ અને (૩) મોહ છે. આ ત્રણે તત્ત્વો શુક્લધ્યાનની આગમાં ખાખ થઇ ગયા પછી જ સર્વજ્ઞભાવ આવે છે. આમ રાગાદિરૂપ અપાયના અપગમ=નાશથી પ્રગટેલા વીતરાગભાવ પછી સર્વજ્ઞભાવ આવે છે. માટે બીજું વિશેષણ 'સર્વજ્ઞ' મુક્યું. 'સર્વજ્ઞતા' જ્ઞાનાતિશયરૂપ છે. આ બે અતિશયો ભાવઆર્હન્ત્યની પ્રાપ્તિમાં હેતુરૂપ છે. પૂજાતિશય ભાવઆર્હન્ત્યનું સ્વરૂપ છે. અને વચનાતિશય ભાવઆર્હન્ત્યનું ફળ છે.) આ ચાર અતિશયોના ઉપલક્ષણથી ભગવાનના શરીરની સહજ સુગન્ધિતા વગેરે બાહ્ય ચોંત્રીશ અને આભ્યન્તર અનંત અતિશયોનો ઉલ્લેખ સમજવો. તેથી ચોંત્રીશ અતિશયસંપત્તિથી યુક્ત ભગવાનને નમસ્કાર કરી... તેવો અન્વયબોધ કરવો.

## *('તીર્થંકર' પદનું વિવેચન)*

*શંકા* :– અહીં તમે અપાયાપગમાતિશયવગેરે ચાર અતિશયના ઉપલક્ષણથી ચોંત્રીશ અતિશય શી રીતે લીધા ? કેમકે મૂળમાં તો એવું કથન નથી.

*સમાધાન* :– મૂળમાં 'તીર્થંકર' એવું જે વિશેષણ મુક્યું છે તે વિશેષણ જ સૂચન કરે છે કે ઉપલક્ષણથી ચોંત્રીશ અતિશય સમજી લેવા, કેમકે તીર્થંકર જેમ અપાયાપગમ અતિશય વગેરેથી રહિત ન હોય, તેમ દેહસૌગન્ધ્યવગેરે ચોંત્રીશ અતિશયોથી પણ રહિત ન હોય.

## *(સંસારને સાગરની ઉપમા)*

તીર્થંકર=તીર્થના સ્થાપક. તીર્થ=સંસારસાગર જેની સહાયથી તરી શકાય તે

*શંકા* :– સંસારને સાગરની સાથે શા માટે સરખાવો છો ?

---

1. अतिशयचतुष्कस्य आजन्मभावित्वात् ।

प्रत्यक्षीभूतस्य तीर्थस्य पूर्वव्यावर्णितशब्दार्थस्य । ननु प्रेक्षावतां प्रवृत्तिः फलवत्तया व्याप्ता, अन्यथा प्रेक्षावत्ताक्षतिप्रसङ्गात्, फलं चेदसौ तीर्थकरणादपेक्षते व्यक्तमवीतरागत्वप्रसङ्ग इत्यारेकानिराकरणार्थमिदमाचष्टे– *"अणुवयियपरहियरयं"* अनुपकृतपरहितरतम्, योऽनुपकृत एव सन् परस्मै यत् हितं तस्मिन् कर्त्तव्यतया रतः=आसक्तः सकलतिर्यङ्नरामरगणसाधारण्या वाण्या तदुपायप्रदर्शनेन, सोऽनुपकृतपरहितरतस्तम् नत्वेति योगः। अनुपकृतत्वाविशेषाच्च सर्वेष्वपि जन्तुष्वविशेषेण परहितकरणे भगवतः प्रवृत्तिरिति न पूर्वोक्तदोषावकाशः । ननु च यद्यसावुपकार्यैरनुपकृतः स्वयं चाशेषरागादिदोषविप्रमोषापेतस्ततः कथं परहितसम्पादनार्थमेष प्रवर्त्तते?, प्रयोजनाभावादित्याशङ्काशेषमपाचिकीर्षुरिदमाह–*'सुहभावज्जियतित्थयरनामकम्मस्स सुहविवागाउत्ति'* अर्हदादिवात्सल्य–प्रभृतिलक्षणेन शुभेन भावेन=अध्यवसायेन यत् अर्जितं तीर्थकरनामकर्म तस्य यः शुभो विपाकः उदयदानाभिमुख्यं तस्मादनुपकृतपरहितरतम्। <u>एतदुक्तं भवति</u>–अर्हद्वात्सल्यादिनिमित्ततीर्थकरनामकर्मोदयसामर्थ्यात्तत्स्वभावतया सवितेव प्रकाशमुपकार्यकृतोपकारानपेक्षः शास्त्रार्थमातनोति, ततो न यथोक्तदोषप्रसङ्ग इति ।

---

*સમાધાન* :– સંસાર ઘણી બાબતમાં સાગરને મળતો આવે છે. જૂઓ (૧) સાગરમાં જેમ અખૂટ પાણીનો જથ્થો હોય છે તેમ સંસાર પણ અનંત જન્મ, જરા, અને મરણોથી ભરેલો છે. (સ્વયંભુરમણસમુદ્રમાં પાણીના જેટલા બુંદ છે તેનાથી પણ અનંતગુણ જન્મ–મરણો દરેક જીવે સંસારમાં કર્યા છે.) (૨)વળી સમુદ્ર ગંભીર છે=ઊંડો છે. તેમ સંસાર પણ મિથ્યાત્વ અને અવિરતિને કારણે ઊંડો–ગંભીર બન્યો છે. જીવ મિથ્યાત્વ અને અવિરતિના કારણે જ આદિરૂપ તળવિનાના અનાદિ સંસારમાં રહ્યો છે. (૩) વળી જેમ સમુદ્ર પવનથી ખળભળાટ પામે છે. તેમ આ સંસાર પણ રાગદ્વેષરૂપ પવનથી ખળભળેલો છે. (જો રાગદ્વેષરૂપ પવનના તોફાન ન હોત તો આ સંસારમાં શાંત સમુદ્રની જેમ કોઈપણ જાતના સંક્લેશ, વિશ્વાસઘાત, પ્રપંચ વગેરેરૂપ ખળભળાટ=અશાંતિ ન હોત.) તથા (૪) જેમ સમુદ્ર તરંગોથી સભર હોય છે તેમ સંસાર પણ અનેક પ્રકારના અનિષ્ટસંયોગ ઇષ્ટવિયોગ વગેરે તરંગોના સમુદાયથી સભર છે. (૫) અથવા જેમ દુઃખે કરીને અવગાહન કરી શકાય તેવા આવર્તો=વમળો સમુદ્રમાં હોય છે. તેમ સંસાર પણ જેને દુઃખે કરીને પાર કરી શકાય તેવા મોહના ભેદી વમળોથી ભયંકર બન્યો છે. (૬) તથા જેમ સમુદ્ર મગરવગેરે હિંસક જીવોથી યુક્ત હોય છે. તેમ આ સંસાર પણ અનેકપ્રકારના શારીરિક અને માનસિક દુઃખોની રાશિરૂપ દુષ્ટ હિંસક પ્રાણીઓથી યુક્ત છે. (૭) જેમ સમુદ્ર પાતાલયુક્ત હોય છે. તેમ આ સંસાર પણ કષાયરૂપ પાતાલથી યુક્ત છે. (જેમ સમુદ્ર પાતાલના આધારે છે તેમ સંસારનું મૂળકષાય છે. માટે (મહાભયંકર) કષાય એ સંસારનું પાતાલ છે) તથા (૭) વળી જેમ સમુદ્ર વેલાકુલ=તટપ્રદેશથી (અથવા ભરતીથી) યુક્ત હોય છે. તેમ આ સંસારસમુદ્ર પણ પ્રબળમનોરથોરૂપ વિશાળ તટપ્રદેશ અથવા ભરતીથી યુક્ત છે. આ પ્રમાણે ઘણો વિશાળ સંસાર સમુદ્ર છે.

*(તીર્થનું સ્વરૂપ)*

આ સંસારસમુદ્રને તરી જઇ મોક્ષનગરમાં પહોંચવા માટે જે પ્રબળ સાધન છે તેને 'તીર્થ' કહે છે. આ તીર્થ તરીકેની યોગ્યતા જૈનપ્રવચન જ પામી શકે છે. કેમકે આ પ્રવચન (૧) જીવ, અજીવવગેરે સઘળાય પદાર્થો=તત્ત્વોના સમુદાયનું યથાર્થ નિરૂપક છે. (જીવાજીવાદિના યથાર્થજ્ઞાન વિના મોક્ષમાટેની સમ્યગ પ્રવૃત્તિ થઇ શકતી નથી. તેથી સત્યજ્ઞાનરૂપ પ્રકાશથી દિગ્દર્શનરૂપ સહાય આપવાદ્વારા આ પ્રવચન સંસાર તરવાનું સાધન બને છે.) વળી (૨) આ પ્રવચન ત્રણે લોકમાં રહેલા શ્રેષ્ઠ કોટિના ઔદાર્યઆદિ ધર્મરૂપ સંપત્તિથી યુક્ત મહાસત્વશાળી જીવોનું આશ્રયસ્થાન છે. તથા આ પ્રવચન (૩) અત્યંત નિષ્પાપ તથા અન્યતીર્થિકોએ ક્યારેય સ્વપ્નમાં પણ નહિ કલ્પેલી ચરણકરણક્રિયાઓ (ચરણ=મૂળગુણક્રિયાઓ કરણ=ઉત્તરગુણ ક્રિયાઓ)નું આધારસ્થાન છે. અર્થાત્ જૈનપ્રવચનમાં જ અત્યંત અનવદ્ય–નિર્દોષ ચરણકરણક્રિયાઓ સૂચવાયેલી છે. વળી આ પ્રવચન (૪) અચિન્ત્યશક્તિસંપન્ન છે. તથા (૫) આ પ્રવચન અવિસંવાદિ છે. અર્થાત્ સમર્થપ્રવૃત્તિજનક છે. (આ પ્રવચનથી પ્રાપ્ત થયેલું જ્ઞાન એવી પ્રવૃત્તિનું જનક બને છે કે જે પ્રવૃત્તિ અવશ્યમેવ સુયોગ્ય ફળ આપનારી જ બને,) આવા પ્રકારનું જિનપ્રવચન જ વાસ્તવિક તીર્થ છે. આવું પ્રવચન નિરાધાર રહી શકે નહિ. તેથી આ પ્રવચનને વહન કરનારો ચતુર્વિધ સંઘ પણ તીર્થ જ છે. આ પ્રવચન કે પ્રવચનના આધારભૂત સંઘને કરવાના=સ્થાપવાના સ્વભાવ અને પ્રવૃત્તિવાળા પરમાત્મા 'તીર્થંકર' કહેવાય છે. અહીં *'હેતુતચ્છીલાનુલોમેષ્વશબ્દ'* ઇત્યાદિસૂત્રથી '*ટ*' પ્રત્યય લાગ્યો છે. (આ સૂત્ર ટીકાકાર શ્રીમલયગિરિસૂરિરચિત વ્યાકરણનું લાગે છે. આ વ્યાકરણ હાલ પ્રાયઃ ઉપલબ્ધ નથી.) આ તીર્થંકરને નમીને..

*શંકા* :– ભગવાન ક્યા તીર્થના કર્તા છે ?

*સમાધાન* :– ભગવાન આ–વર્તમાનકાળના લોકોપર સાક્ષાત્ ઉપકાર કરતું હોવાથી પ્રત્યક્ષ ઉપલબ્ધ થતાં અને પૂર્વે દર્શાવી ગયેલા શબ્દાર્થથી યુક્ત–તીર્થના કર્તા છે.

*(પરમાત્મા અનુપકૃતપરહિતરત)*

*શંકા* :– પ્રેક્ષાવાન પુરુષોની પ્રવૃત્તિ ફળવત્તાથી વ્યાપ્ત હોય છે. અર્થાત્ પ્રેક્ષાવાન પુરુષોની પ્રત્યેક પ્રવૃત્તિ ફળવાળી જ હોય છે. અને ફળની અપેક્ષાથી જ પ્રેક્ષાવાન પુરુષો પ્રવૃત્તિ કરતા હોય છે. જો ફળની અપેક્ષા વિનાની અથવા ફળ

ननु यो वीतरागत्वादिगुणकलापोपेतः सोऽवश्यं तीर्थकर एवेति नार्थोऽनेन विशेषणेन, न, गणभृतां समुत्पन्न-केवलज्योतिषां सकलस्यापि विशेषणकलापस्य घटनात्, अतस्तद्व्यवच्छेदार्थं तीर्थकरग्रहणम्। यद्येवं ततस्तीर्थकरम् इत्येतावदेवोच्यतामलं वीतरागादिग्रहणेन, उच्यते-इह सरिदादीनां विषमस्थानेषु ये सुखावताराय तीर्थकरणशीलाः तेऽपि लोके तीर्थकरा उच्यन्ते, तन्मा भूदतिमुग्धबुद्धीनां तेष्वपि संप्रत्यय इति तदपनोदाय वीतरागादिग्रहणम् । कं पुनरेवंभूतं नत्वेत्यतो विशेष्यमाह-महावीरमिति, *'ईर्गतिप्रेरणयो'* रित्यस्य विपूर्वस्य विशेषेण ईरयति-प्रेरयति विनाशयति कर्म्म याति च शिवमिति वीरः, महांश्चासौ वीरश्च महावीरस्तं नत्वा । ननु यो महावीरः स वीतरागत्वादिगुणकलापोपेत एवेत्यपार्थकं वीतरागाद्युपादानम्, न, नाममहावीरादिभेदव्युदासकारितया अस्य सफलत्वात्। एवं द्व्यादिसंयोगापेक्षयाऽपि विचित्रनयमताभिज्ञेन यथाशक्ति विशेषणसाफल्यं वाच्यमित्यलं प्रसङ्गेन ॥१-२॥

एवमिष्ट[1]देवतास्तवाभिधानेन निरस्ताशेषविघ्नविनायकः प्रेक्षावतां प्रवृत्त्यर्थं प्रयोजनादि प्रतिपिपादयिषुरिदमाह--

---

વિના પ્રવૃત્તિ કરે તો તે પ્રેક્ષાવાન રહે જ નહિ. હવે જો તીર્થંકર પોતે પ્રેક્ષાવાન હોય, તો તીર્થ કરવાદ્વારા કોઈક ફળની અપેક્ષાવાળા અવશ્ય હોવા જોઈએ. અને જો તીર્થંકર તીર્થકરણદ્વારા ફળની અપેક્ષા રાખે, તો વીતરાગ ન રહે, કેમકે અપેક્ષા ઈચ્છારૂપ છે. ઈચ્છા લોભ કષાયરૂપ છે. અને કષાયની હાજરીમાં વીતરાગભાવ રહેતો નથી. તેથી જો તીર્થંકર વીતરાગ હોય, તો તીર્થકરણમાં ફળની અપેક્ષાવાળા નથી તેમ જ માનવું પડે, અને જો તીર્થંકર કોઈપણ જાતના ફળની અપેક્ષા વિના એમને એમ જ તીર્થ સ્થાપતા હોય, તો તીર્થંકરને કારણ વિના જ બસ તાણખલા તોડવાવગેરે વ્યર્થક્રિયા કરનાર ગામડીયાની જેમ પ્રેક્ષાવાન કલ્પી શકાય નહિ.

*સમાધાન* :- તમારી આ શંકાને ટાળવા જ મૂળકારે *'અણુવગિયપરહિયરયં'* (=અનુપકૃતપરહિતરત) એવું ભગવાનનું વિશેષણ મુક્યું છે. બીજાઓએ જેનાપર ઉપકાર ન કર્યો હોય, તે 'અનુપકૃત' કહેવાય. પરમાત્માએ પોતાના બળપર કૈવલ્યશ્રી પ્રાપ્ત કરી છે, આ પ્રાપ્તિમાં બીજાઓની સહાય લીધી નથી. તેથી પ્રભુ અનુપકૃત છે. આવા અનુપકૃત પરમાત્મા બીજાઓનાં જે વાસ્તવમાં હિતભૂત છે તેમાં જ કર્તવ્યરૂપે આસક્ત છે. બીજાઓના હિતમાં જ સદા પ્રવૃત્ત છે. જિન બધા તિર્યંચ, મનુષ્ય અને દેવોને સાધારણ(=બધા પોતપોતાની ભાષામાં સમજી શકે તેવી) વાણીદ્વારા તેઓના હિતના સાચા ઉપાયોને બતાવે છે. આમ અનુપકૃત પરમાત્મા સન્માર્ગનો ઉપદેશ દેવાદ્વારા પરહિતમાં રત છે. આવા પરમાત્માને નમીને. અહીં પરમાત્માને માત્ર 'પરહિતરત' ન કહેતા 'અનુપકૃતપરહિતરત' કહ્યા. તેનાથી સૂચિત થાય છે કે, પરમાત્મા કોઈ વ્યક્તિ કે સમુદાયવિશેષના હિતમાં રત નથી. પણ સમગ્ર જીવસૃષ્ટિના હિતમાં સમાનતયા રત છે. (કેમકે પરમાત્મા સમગ્ર જીવસૃષ્ટિથી અનુપકૃત હોવાથી તે બધાની અપેક્ષાએ પરમાત્મામાં 'અનુપકૃતત્વ' સમાનરૂપે છે. તેથી પરમાત્માની આ પરહિતની પ્રવૃત્તિ કોઈક પ્રત્યેના રાગાદિથી નથી તેમ સિદ્ધ થાય છે.) તેથી પરમાત્માની પ્રવૃત્તિ પ્રેક્ષાપૂર્વક પણ છે અને ફળાપેક્ષાદિથી રહિત હોવાથી રાગ વિનાની પણ છે. તેથી અપ્રેક્ષાવત્તા કે અવીતરાગત્વ દોષને અવકાશ નથી.

*(જિનનામકર્મના ઉદયથી પરહિતપ્રવૃત્તિ)*

*શંકા* :- જો પરમાત્મા ઉપકાર્ય(=જેઓપર ઉપકાર કરવો છે તેઓ)થી ઉપકૃત થયા નથી, અને રાગાદિ સમસ્તદોષોથી રહિત છે, તો પછી પરમાત્મા બીજાઓના હિતનું સંપાદન કરવા શા માટે પ્રવૃત્ત થાય ? કેમકે પરમાત્માને કોઈ પ્રયોજન રહ્યું નથી. (બીજાઓએ જો ભગવાનપર ઉપકાર કર્યો હોત, તો તે ઉપકારનો બદલો વાળવાના પ્રયોજનથી પરમાત્માની પરહિતની પ્રવૃત્તિ સાર્થક થાત. અથવા મા જેમ પુત્રે ઉપકાર કર્યો ન હોવા છતાં, પુત્રપરના રાગથી જ પુત્રના હિતમાં પ્રવૃત્ત થાય છે, તેમ ભગવાન અનુપકારી જીવોપર પણ તેઓ પ્રત્યેના રાગઆદિથી જ ઉપકાર કરતા હોત, તો સમજી શકાય કે પરમાત્માને પરહિતની પ્રવૃત્તિમાં પ્રયોજન છે. પણ અહીં તો નથી પ્રથમ વિકલ્પ જેવો કૃતજ્ઞતાભાવ, કે નથી બીજા વિકલ્પ જેવો રાગઆદિ ભાવ. તેથી પ્રવૃત્તિનું કોઈ પ્રયોજન દેખાતું નથી.)

*સમાધાન* :- આ આશંકાને દૂર કરવા જ મૂળકારશ્રીએ 'સુહભાવજિજ્ય' ઈત્યાદિ કહ્યું છે. 'અરિહંત'આદિનું વાત્સલ્યવગેરે કરવાના ભાવરૂપ શુભઅધ્યવસાયોથી જિનનામકર્મ નિકાચિત થાય છે. (તત્ત્વાર્થ-અધ્યયન ૬માં 'દર્શનવિશુદ્ધિ'ઈત્યાદિસૂત્રથી જિનનામકર્મના બંધમાં હેતુઓ બતાવ્યા છે.) આ જે તીર્થંકરનામકર્મ ઉપાર્જિત કર્યું છે, તેના શુભવિપાક (=ઉદયદાનની અભિમુખતા)થી જ ભગવાન અનુપકૃતપરહિતરત છે. તાત્પર્ય: અરિહંતવગેરેનું વાત્સલ્યવગેરે નિમિત્તે બંધાયેલા તીર્થંકરનામકર્મના ઉદયના સામર્થ્યથી ભગવાનનો સ્વભાવ જ એવો છે કે, ઉપકાર્ય તરફથી કરાયેલા ઉપકારની અપેક્ષા રાખ્યા વિના શાસ્ત્રાર્થ વિસ્તારવો=ઉપદેશ આપવો. જેમકે સૂર્યનો તેવો સ્વભાવ જ છે કે, બીજાઓ તરફથી ઉપકારને નિરપેક્ષ થઈ બીજાઓને પ્રકાશ આપવો. તેથી અનુપકૃત હોવા છતાં, અને રાગાદિ ન હોવા છતાં પરમાત્મા પરહિતમાં પ્રવૃત્તિ કરે તેમાં દોષની ગન્ધ પણ નથી.

*(તીર્થંકર પદની સાર્થકતા)*

*શંકા* :- છતાં પણ, જે 'વીતરાગત્વ' વગેરે ગુણસમુદાયના આશ્રયસ્થાન છે તે અવશ્ય તીર્થંકર જ હોય, તેથી

---

1. धर्मस्यात्राधिकृतत्वात्तस्य प्रकृष्टस्य च तीर्थकर एव सत्त्वाद्धर्मधर्मिणोश्चाभेदादत्र तीर्थकर एवाधिकृतदेवता इष्टदेवता तस्मै कृतैव नतिरत्र गाथायुग्मेन ।

सपरुवगारट्ठाए जिणवयणं गुरुवदेसतो णाउं।

वोच्छामि समासेणं पयडत्थं धम्मसंगहणिं ॥ ३ ॥

(स्वपरोपकारार्थं जिनवचनं गुरूपदेशतो ज्ञात्वा । वक्ष्यामि समासेन प्रकटार्थां धर्मसङ्ग्रहणिम् ॥)

असति हि प्रयोजनाद्यभिधाने प्रेक्षावतामेवमाशङ्का प्रवर्त्तेत–निष्फलमस्याभिधेयं, काकदन्तपरीक्षावत्, अशक्यानुष्ठानं वा, सत्यपि फले सर्वव्याधिहरानन्तचूडारत्नधारणोपदेशवत्, अनभिमतं वा श्रवणप्रयोजनं, मातृविवाहोपदेशवत्, अतो वा प्रकरणाल्लघुरन्यस्तस्य प्रयोजनस्य प्राप्त्युपायो भविष्यतीति । न चासामन्यतमयाऽप्याशङ्कया प्रेक्षावान् प्रवर्त्तेत, तद्वत्ताहानिप्रसङ्गात्, अतस्तन्निवृत्त्यर्थमेष प्रयोजनाद्युपन्यास इति। नन्वयं प्रयोजनाद्युपन्यासोऽनर्थकः,अतः सम्यक् प्रयोजनाद्यनवगतेः, सकलप्रकरणार्थपरिज्ञानपुरस्सरो हि प्रयोजनाद्यवगतिः, सा कथमतो भवितुमर्हतीति, न, अस्मादेव प्रयोजनाद्युपन्यासात्सामान्येन सम्यक् प्रयोजनाद्यवगतेः, लोके तथाव्यवहारदर्शनात्। सामान्येन तदवगतावेव च तद्विशेषपरिज्ञानार्थं प्रकरणे प्रेक्षावतां प्रवृत्तिर्नान्यथेति, तत्प्रवृत्त्यर्थत्वान्नासावपार्थक इति स्थितम्।

---

મૂળમાં દર્શાવેલું ભગવાનનું 'તીર્થંકર'વિશેષણ નિરર્થક છે. કેમકે જે અર્થતઃ પ્રાપ્ત હોય, તેનામાટે શબ્દપ્રયોગની આવશ્યકતા હોતી નથી.

*સમાધાન* :– તમારી વાત સુયોગ્ય નથી. કેમકે કેવળજ્ઞાની ગણધરભગવંતોમાં પણ 'વીતરાગત્વ'વગેરે ગુણો સારી રીતે સંભવી શકે છે. તેથી 'તીર્થંકર'વિશેષણના અભાવમાં તેઓ પણ ગ્રાહ્ય બને. પણ તે મૂળકારશ્રીને ઇષ્ટ નથી. કેમકે તેઓશ્રીને પરમાત્માની સ્તુતિ અભિમત છે. તેથી ગણધરભગવંતોની બાદબાકી કરવા 'તીર્થંકર'પદનું ઉપાદાન કર્યું છે. ગણધરભગવંતો વીતરાગઆદિરૂપ હોવા છતાં તીર્થંકર નથી. તેથી પ્રસ્તુતસ્તુતિના વિષયતરીકે તેમનો સમાવેશ થશે નહિ.

*શંકા* :– તો પછી, માત્ર 'તીર્થંકર' પદ જ હો. 'વીતરાગ'વગેરે વિશેષણોની શ્રેણિની આવશ્યકતા નથી. કેમકે 'તીર્થંકર' વિશેષણના સામર્થ્યથી જ 'વીતરાગપણું'વગેરે ગુણો સૂચિત થઇ જાય છે. અને કેવલજ્ઞાની ગણધર ભગવંતોવગેરેનો વ્યવચ્છેદ પણ થઇ જશે.

*સમાધાન* :– એમ નથી. નદીવગેરેના વિષમસ્થાનોમાં સુખેથી ઉતરવામાટે જેઓ 'તીર્થ'કરવાના સ્વભાવવાળા છે તેઓને પણ લોકો 'તીર્થંકર' કહે છે. તેથી માત્ર 'તીર્થંકર'પદ જોઇને મુગ્ધબુદ્ધિ જીવો આ લૌકિકતીર્થંકરોની બુદ્ધિ ન કરે તે હેતુથી લૌકિકતીર્થંકરોનો વ્યવચ્છેદ કરવામાટે 'વીતરાગપણું'વગેરે ગુણો દર્શાવતા 'વીતરાગ'આદિ વિશેષણોનું ગ્રહણ કર્યું છે.

આટલા બધા વિશેષણોથી વિશિષ્ટ કઇ વ્યક્તિને અહીં નમસ્કાર કર્યો છે? એ દર્શાવવા વિશેષ્યપદ દર્શાવે છે, મહાવીરં 'મહાવીર'પદની વ્યુત્પત્તિ– ईर् गतिप्रेरणयोः 'ઇર્'ધાતુ ગતિ અને પ્રેરણા અર્થમાં આવે છે. વિ +ઇર્=જે વિશેષથી કર્મને પ્રેરે છે=વિનાશ કરે છે. તથા શિવ=મોક્ષમાં જાય તે વીર. મહાન વીર=મહાવીર...તેમને નમીને....

*શંકા* :– વાસ્તવમાં જે મહાવીર હોય તે 'વીતરાગપણું' વગેરે ગુણગણથી ગરિષ્ઠ જ હોય. તેથી આ સમર્થ વિશેષ્યપદનું ગ્રહણ પર્યાપ્ત છે. 'વીતરાગ'વગેરે વિશેષણો વધારાના છે.

*સમાધાન* :– એમ નથી. નામઆદિમાત્રથી મહાવીરવગેરેને બાકાત કરવાદ્વારા વીતરાગવગેરે વિશેષણો સફળ છે. અહીં પ્રત્યેક પદોની સાર્થકતાની સિદ્ધિ કરી. આજ પ્રમાણે વિચિત્ર પ્રકારના નયોના જ્ઞાતાએ બેવગેરે પદોના સંયોગની અપેક્ષાએ પણ શક્તિમુજબ સ્વયં જ વિશેષણોની સફળતાનો વિચાર કરી લેવો. તેથી અહીં વિસ્તારથી સર્યું. આ પ્રમાણે મૂળકારશ્રીએ ઇષ્ટદેવતાની સ્તુતિ કરી. આ સ્તુતિથી ગ્રંથની પ્રવૃત્તિઅંગેના મૂળકારશ્રીના સઘળા વિઘ્નોનો સમુદાય નષ્ટ થયો.

હવે ગ્રંથકાર પોતાના ગ્રંથમાં પ્રેક્ષાવાન પુરુષોની શ્રવણાદિ પ્રવૃત્તિ કરાવવા પ્રયોજનવગેરેનું પ્રતિપાદન કરવાની ઇચ્છાથી આ પ્રમાણે કહે છે –

*ગાથાર્થ* :–ગુરુના ઉપદેશથી જિનવચનનું જ્ઞાન કરી, હું સ્વપરના ઉપકાર માટે સંક્ષેપથી પ્રગટ અર્થથી યુક્ત ધર્મસંગ્રહણિ કહીશ. ॥૩॥

### *(પ્રયોજનકથનની આવશ્યકતા.)*

પ્રયોજનવગેરે જો બતાવવામાં ન આવે, તો વિચારશીલ વ્યક્તિને આશંકા થાય કે આ ગ્રંથથી જે કહેવાનું છે તે (૧) કાગડાના દાંતની પરીક્ષાની જેમ કદાચ નિષ્ફળ=વ્યર્થ ન હોય! અથવા (૨) ફળયુક્ત હોવા છતાં, જેમ શેષનાગના મસ્તકપર રહેલાં સર્વવ્યાધિને દૂર કરનારાં ચૂડારત્નને ધારણ કરવાનો ઉપદેશ અશક્ય અનુષ્ઠાનસૂચક હોઇ અનાદેય છે. તેમ આ ગ્રંથ પણ કદાચ અશક્ય અનુષ્ઠાનસૂચક ન હોય! અથવા (૩) આ ગ્રંથ સાંભળવાનું પ્રયોજન માતાના વિવાહના ઉપદેશની જેમ કદાચ અનિષ્ટ=અશ્રાવ્ય ન હોય ! અથવા (૪) તે પ્રયોજનની પ્રાપ્તિઅંગેનો આ પ્રકરણથી પણ ટૂંકો અન્ય કોઇ ઉપાય કદાચ ન હોય! ઉપરોક્ત ચારમાંથી કોઇપણ પ્રકારની આશંકાની હાજરીમાં પ્રેક્ષાવાન પુરુષ પ્રવૃત્તિ કરે નહિ. કેમકે જો આશંકાની હાજરીમાં પણ પ્રવૃત્તિ કરે, તો તેની વિચારશીલતાને જ વ્યાઘાત પહોંચવાનો પ્રસંગ છે. માટે, આ આશંકાઓને દૂર કરવા પ્રયોજનવગેરેનો ઉપન્યાસ આવશ્યક છે.

तत्र **व्याख्या**–'*जिणवयणं*' रागादिशत्रुजेतृत्वाज्जिनः तस्य वचनम्–आचाराद्यनेकविधम् अर्थतस्तेन प्रणीतत्वात्, तत् *ज्ञात्वा*–अवबुध्य। कुत इत्याह–*गुरूपदेशात्,* गृणाति यथावस्थितमर्थमिति गुरुस्तस्योपदेशः पूर्वापरसूत्रावयवानाबाधया–ऽभिधेययाथात्म्यनिर्देशः, तस्मात् । ततः किमित्याह–-*वक्ष्यामि धर्म्मसङ्ग्रहणिं,* धर्म्मो वक्ष्यमाणशब्दार्थः, स संगृह्यतेऽनयेति धर्मसङ्ग्रहणिः–धर्म्मस्वतत्त्वाभिधायी प्रकरणविशेष इतियावत् । तां, वक्ष्यामि एतत्क्रियापदापेक्षश्च नत्वेति पूर्वकालक्रियानिर्देशः, अस्माच्च क्रमभाविक्रियाद्वयैककर्त्रभिधानादेकान्ताविकारिपक्षः क्षणिकपक्षश्च निरस्तो द्रष्टव्यः, तत्रैवंविधव्यवहारासम्भवात्, एतच्चोत्तरत्राचार्यः स्वयमेव प्रपञ्चयिष्यति। तामेव धर्म्मसंग्रहणिं विशेषयति–'*पयडत्थं*' प्रकटार्थां प्रकटः स्थूरयुक्त्याऽभिधीयमानत्वात् अर्थोऽभिधेयं यस्यास्ताम् । कथं पुनर्वक्ष्यामीत्यत आह–'*समासेन*'– संक्षेपेण ।अनेन चैतदाह–यद्यपि पूर्वाचार्यैरतिगम्भीरमतिविस्तरेण च धर्म्मस्वतत्त्वमावेदितं तथापि दुष्षमानुभावेनापचीयमानमेधायुरादिगुणानामैदंयुगीनजन्तूनां नोपकाराय तद् जायत इति तान् प्रति संक्षेपेण धर्म्म–सङ्ग्रहणिरेषा प्रारभ्यते।किमर्थमित्याह–'*सपरुवयारट्ठाए*' स्वपरोपकाराय।तत्र परेषामात्मव्यतिरिक्तानामुपकारो मिथ्या–त्वादिदोषापनयनेन सम्यक्त्वाद्यनुत्तरगुणाध्यारोपणं, स्वस्य त्वशुभकर्म्मनिर्जरादिः । इह च यद्यपि परोपकारे सत्य–वश्यमात्मनोऽपि कृपाविशेषयोगतो यथोदित उपकारो भवति, अनुग्रहबुद्ध्या प्रवृत्तेः, तथापि यदा क्लिष्ट–कर्मोदयवशेन यथावस्थितवस्तुतत्त्वानवगत्या परेषामुपकाराभावस्तदाप्यात्मनोऽनुग्रहबुद्ध्या प्रवृत्तस्य सतोऽवश्यमुपकारो

---

*શંકા* :– તમે અહીં જે પ્રયોજનાદિનો ઉપન્યાસ કરશો, તેટલામાત્રથી કંઇ શ્રોતાને પ્રયોજનાદિનું સમ્યગ્જ્ઞાન થવાનું નથી, કેમકે પ્રસ્તુત પ્રકરણના સઘળાય અર્થ (=અભિધેય) નું જ્ઞાન થયા પછી જ પ્રયોજનવગેરેનો બોધ થાય. તેથી અહીં પ્રયોજનાદિનો ઉપન્યાસ નિરર્થક છે.

*સમાધાન* :– અહીં પ્રયોજનઆદિનો કરેલો ઉપન્યાસ સાર્થક છે, કેમકે તેનાથી શ્રોતાને સામાન્યતયા પ્રકરણના પ્રયોજનાદિનો ઠીક ઠીક બોધ થાય છે. તથા લોકોમાં તેવાપ્રકારનો વ્યવહાર દેખાય છે. અને પ્રયોજનઆદિનો સામાન્યથી ખ્યાલ આવ્યા પછી જ પ્રાજ્ઞ પુરુષો પ્રયોજનઆદિનો વિશેષ બોધ મેળવવા પ્રકરણમાં પ્રવૃત્તિ કરે છે. પ્રયોજનઆદિનું સામાન્યથી જ્ઞાન પૂર્વોક્ત આશંકાઓને દૂર કરે છે. અને પ્રેક્ષાવાન પુરુષને શ્રવણઆદિમાં પ્રેરે છે. આમ વિચારશીલપુરુષોની આ ગ્રન્થના શ્રવણઆદિ પ્રવૃત્તિમાં કારણભૂત હોવાથી પ્રયોજનાદિનો ઉપન્યાસ સાર્થક છે. એવું નક્કી થયું.

હવે ગાથાની વ્યાખ્યા કરે છે–જે રાગવગેરે શત્રુને જીતે તે જિન. તેના આચારાંગઆદિ દ્વાદશાંગીરૂપે અનેક પ્રકારના જે વચનો છે. (કેમકે આચારાંગવગેરેને અર્થથી તો ભગવાને જ પ્રરૂપેલા છે.) તે વચનોનો ગુરુના ઉપદેશથી બોધ કરી હું ધર્મસંગ્રહણિ કહીશ. ગુરુ=જેઓ યથાવસ્થિત અર્થોને પ્રકાશે છે તે. તેમનો ઉપદેશ–સૂત્રના પૂર્વાપર અવયવોને બાધ ન પહોંચે–સૂત્રમાં પૂર્વાપર વિરોધ ન આવે, એ પ્રમાણે અભિધેયના (=કથનીય વસ્તુના) યથાર્થસ્વરૂપનો નિર્દેશ. 'ધર્મ'શબ્દનો અર્થ આગળ ઉપર કહેવાશે. આ ધર્મ જેનાદ્વારા સંગૃહીત કરાય તે ધર્મસંગ્રહણિ. અર્થાત્ ધર્મના સ્વતત્ત્વ=યથાર્થસ્વરૂપને દર્શાવતું પ્રકરણવિશેષ. વક્ષ્યામિ=હું કહીશ. આ કહેવાની ક્રિયાની અપેક્ષાએ નમન કરવાની ક્રિયા પૂર્વકાલીન છે. તેથી 'વક્ષ્યામિ' ક્રિયાપદને અપેક્ષીને 'નત્વા'પદમાં 'ત્વા'પ્રત્યયથી સમાનકર્તૃકપૂર્વકાલીન ક્રિયાનો નિર્દેશ કર્યો. આમ એક કર્તાદ્વારા ક્રમભાવી બે ભિન્નક્રિયાના નિર્દેશથી એકાન્તઅવિકારી(=કૂટસ્થ નિત્ય–સાંખ્ય) પક્ષનું અને એકાંત ક્ષણિક (બૌદ્ધ)પક્ષનું ખંડન થાય છે. કેમકે આ બન્ને પક્ષે એકકર્તાની ક્રમભાવી બે ક્રિયાનો વ્યવહાર સંભવી શકતો નથી. મૂળકાર પોતે આ બાબતનો વિસ્તાર પાછળથી કરશે. આ ધર્મસંગ્રહણિનું વિશેષણ બતાવે છે. '**पयडत्थं**' પ્રગટ અર્થવાળી. આ ધર્મસંગ્રહણિ સ્થૂળયુક્તિઓથી નિર્દેશ પામતી હોવાથી પ્રગટ અર્થવાળી છે. મૂળકાર આ ધર્મસંગ્રહણિ સંક્ષેપથી કહેશે. 'સંક્ષેપથી કહીશ' એમ કહેવાનું તાત્પર્ય આ છે. જોકે પૂર્વાચાર્યોએ ઘણા વિસ્તારથી ધર્મનું અતિગંભીર સ્વરૂપ દર્શાવ્યું છે.. છતાં પણ, 'દુષમ' નામના આ પાંચમા આરાના પ્રભાવથી આ યુગના લોકોના બુદ્ધિ, આયુષ્યવગેરે ગુણો હીન હીનતર થતા જાય છે. તેથી પૂર્વાચાર્યોના સૂક્ષ્માર્થયુક્ત અને ઘણા વિસ્તારવાળા ગ્રન્થો આજના લોકોના ઉપકારમાટે થતા નથી. તેથી આજના લોકોને આશ્રયીને જ આ ધર્મસંગ્રહણિ સંક્ષેપથી દર્શાવાય છે. આ પ્રવૃત્તિ સ્વપરના ઉપકારમાટે જ આરંભાઇ રહી છે. તેમાં, શ્રોતાવગેરેમાં રહેલા મિથ્યાત્વવગેરે દોષોને દૂર કરવાદ્વારા, તેઓમાં સમ્યક્ત્વવગેરે અનુપમગુણોનો અધ્યારોપ કરવો એ પરોપકાર છે. તથા પોતાના અશુભકર્મોની નિર્જરાવગેરે સ્વોપકાર છે.

*શંકા* :– નિ:સ્વાર્થ પરોપકાર પરપ્રત્યેની કૃપા=કરુણાવિશેષથી જ સંભવે છે. તેથી આ પરોપકારની પ્રવૃત્તિ અનુગ્રહબુદ્ધિથી જ થઇ રહી છે. તેથી '**ब्रुवतोऽनुग्रहबुद्ध्या..**' (તત્ત્વાર્થપ્રથમકારિકા શ્લોક–૨૯) વચનથી સ્વોપકાર તો અવશ્ય થવાનો જ છે. તેથી અર્થત:પ્રાપ્ત સ્વોપકારનો 'સ્વ'પદથી નિર્દેશ કરવામાં માત્ર પુનરુક્તિ જ છે.

*સમાધાન* :– અલબત્ત, પરોપકારમાં સ્વોપકાર છુપાયેલો જ છે. છતાં પણ, જ્યારે ક્લિષ્ટકર્મના ઉદયના કારણે શ્રોતાઓ યથાવસ્થિતવસ્તુતત્ત્વનો બોધ મેળવી શકતા નથી, ત્યારે, પરોપકારનું સંપાદન થતું નથી. તો પણ અનુગ્રહબુદ્ધિથી પ્રવૃત્ત થનારનો પોતાના શુભાશયના કારણે સ્વોપકાર તો અવશ્ય થાય જ છે. આ પ્રમાણે માનતા મૂળકારશ્રીએ 'સ્વ'પદનું ઉપાદાન કર્યું છે.

भवतीति मन्यमानः स्वशब्दोपादानमकार्षीदिति। इयं च गाथा साक्षात्प्रकरणस्याभिधेयप्रयोजनमेव वक्तुं प्रवृत्ता, द्विविधं हि प्रकरणशरीरं शब्दोऽर्थश्च । तत्र शब्दोऽर्थप्रतिपादनफलत्वात् क्वचिदपि स्वतो न निष्फलारम्भः, अर्थस्तु क्वचिद् निष्प्रयोजनोऽपि दृष्टः, तादृशं च नारम्भणीयं, प्रेक्षावतां सर्वस्याप्यारम्भस्यार्थित्वेन व्याप्तेः, निष्फलाभिधेयेन च पुरुषार्थानुपयोगितया कस्यचिदपि प्रेक्षावतोऽर्थित्वाभावात्, अतः प्रकरणारम्भं सफलं दिदर्शयिषुराचार्योऽनया गाथयाऽभिधेयप्रयोजनमेवाभिधत्ते, तस्मिंश्चाभिहिते सति सामर्थ्यादभिधेयं प्रयोजनं संबन्धश्चोक्तो भवति । वाक्यावयवभेदकल्पनया च केवलं पृथगुपदर्शयिष्यन्ते । नत्वेकं वाक्यमनेकमर्थं स्वतन्त्रमुपादातुं समर्थम्। तत्राभिधेयप्रयोजनम्--यतो धर्मेऽभिधीयमाने स्वपरयोरुपकारो भवति, ततो *धर्मसङ्ग्रहणिरारभ्यते* । अनेन चाभिधेयस्य निष्फलत्वाशङ्काव्युदासः । एवं चोक्ते सति सामर्थ्याद्धर्मशब्देन धर्मोऽभिधेय उक्तः तथाच सत्यशक्यानुष्ठानत्वाशङ्कानिरासः अनुक्तादपि च सामर्थ्यलब्धाद्धर्मस्वरूपावगमलक्षणात् श्रोतुरनन्तरप्रयोजनात् अनभिमत-

---

*(અભિધેયપ્રયોજનાદિ)*

મૂળકારે આ ગાથા પ્રકરણના સાક્ષાત્ અભિધેયનું પ્રયોજન દર્શાવવા જ રચી છે. પ્રકરણનું શરીર બે પ્રકારનું છે. (૧) શબ્દ અને (૨) અર્થ. તેમાં શબ્દોનો ઉપયોગ તો તેના અભિધેય અર્થનું પ્રતિપાદન કરવા પૂરતો જ હોય છે. અને દરેક શબ્દો સ્વાભિધેય અર્થથી સંકળાયેલા હોવાથી હંમેશા પોતાના અર્થના સૂચક જ હોય છે. તેથી શબ્દોનો આરંભ (=શબ્દોચ્ચાર) સ્વત: તો નિષ્ફળ હોતો જ નથી. (ડિત્થ, ડવિત્થવગેરે શબ્દો પણ સ્વાભિધેય અર્થના અસત્વને કારણે નિષ્ફળ ગણાય છે.) અર્થ ક્યારેક પ્રયોજન વિનાનો પણ દેખાય છે. (દા.ત. કાગડાના દાંત ગણવાની ક્રિયાવગેરે) આવા પ્રકારના અર્થનો આરંભ કરવો જોઈએ નહિ. કારણ કે વિચારશીલ માણસોની બધી પ્રવૃત્તિઓ અર્થિત્વથી વ્યાપ્ત છે. અર્થાત્ ડાહ્યા માણસો યથાયોગ્ય ફળ મેળવવાની ઇચ્છાપૂર્વક જ, તે તે પ્રવૃત્તિ આદરે છે. તેથી નિષ્ફળ અભિધેય-નિષ્ફળ અર્થનો આરંભ ન કરવો, કેમકે તે અર્થ ધર્માદિ ચાર પુરુષાર્થમાંથી એકપણ પુરુષાર્થમાં ઉપયોગી બનતો નથી. અને તેથી કોઇ પણ સુજ્ઞ પુરુષ તે અર્થનો અર્થી બનતો નથી. માટે 'પોતાનો આ પ્રકારનો આરંભ સફળ છે' તેમ દર્શાવવા ઇચ્છતા આચાર્યે આ ગાથાથી અભિધેયનું જ પ્રયોજન દર્શાવ્યું છે, અને આ દર્શાવવાથી સામર્થ્યથી જ અભિધેય, પ્રયોજન અને સંબંધ પણ દર્શાવાયો છે. (સાક્ષાત નહિ.) એક જ વાક્ય એકસાથે અનેક અર્થોનું સ્વતંત્ર ઉપાદાન કરવા સમર્થ નથી. તેથી પ્રસ્તુતમાં વાક્યના અવયવોમાં ભેદની કલ્પના કરીને અભિધેય, પ્રયોજન, અભિધેયનું પ્રયોજન અને સંબંધ આ ચાર સ્વતંત્રઅર્થોનું અલગ અલગ ઉપદર્શન દર્શાવવામાં આવે છે-તેમાં સૌ પ્રથમ અભિધેયનું પ્રયોજન-'ધર્મનું ઉપદર્શન કરાવવાથી સ્વ(પોતાનાપર) અને પર(-બીજાપર) ઉપકાર થતો હોવાથી ધર્મસંગ્રહણિ આરંભાય છે.' આ ઉપન્યાસથી ધર્મરૂપ અભિધેયની નિષ્ફલતાની આશંકા દૂર થાય છે. વળી આમ કહેવાથી 'ધર્મ'શબ્દથી પ્રસ્તુતમાં 'ધર્મ'અભિધેય છે-તેવું કથન સામર્થ્યથી પ્રાપ્ત થાય છે. આ ધર્મરૂપ અભિધેયઅર્થમાં પ્રવૃત્તિ શક્ય જ છે. તેથી અશક્યઅનુષ્ઠાનઅંગેની આશંકા અલોપ થાય છે. વળી શ્રોતાનું અનન્તર પ્રયોજન 'ધર્મના સ્વરૂપનો બોધ' છે. જો કે આ પ્રયોજન સાક્ષાત દર્શાવ્યું નથી, છતાં પણ સામર્થ્યથી તો આ પ્રયોજનનો ખ્યાલ આવી જ જાય છે. તેથી જેનું શ્રવણ અનભિમત છે તેવા પ્રયોજનની આશંકા પણ વિલીન થાય છે. કેમકે દરેક વિવેકી શ્રોતાને ધર્મના સ્વરૂપનો બોધ અભિમત જ હોય છે. 'ધર્મનું પ્રતિપાદન કરનારી સંગ્રહણિનો આરંભ કરાય છે.' આ વચનથી તથા સમાસના શબ્દાર્થથી પ્રકરણ અને અભિધેય વચ્ચેનો ઉપાય-ઉપેયસ્વરૂપ સંબંધનો નિર્દેશ કર્યો. આ કથનથી અન્ય ઉપાયની આશંકા ઓગળી જાય છે. કેમકે 'જો આનાથી પણ લઘુભૂત ઉપાય હોત તો (આચાર્ય) આ સંગ્રહણિનો આરંભ કરત જ નહિ.'

જો અતીન્દ્રિય પદાર્થો સ્વમતિકલ્પનાથી જ કહેવામાં આવે, તો ડાહ્યા માણસોને ઉપાદેય બને નહિ. ધર્મ પણ અતીન્દ્રિય છે. તેથી અતીન્દ્રિયાર્થદર્શી-સર્વજ્ઞના વચનને અનુસારે જ ધર્મનું કથન કરવું યોગ્ય છે. તેથી આચાર્ય પણ પોતાનું વચન સર્વજ્ઞના વચનને અનુસરનારૂં છે. તેમ દર્શાવતા અને ક્રિયાના આનન્તર્યરૂપ બીજા સંબંધને' ***जिणवयणं गुरुवएसतो याउं वोच्छामि*** ' ઇત્યાદિ શબ્દોથી દર્શાવે છે. પ્રથમ જિનવચનમાં વિસ્તારથી ધર્મનું કથન થયા બાદ જ આ સંક્ષેપથી ધર્મનું કથન થાય છે.

હવે, 'આ પ્રકરણ અવશ્ય આરંભવા યોગ્ય છે તથા વિચારશીલ પુરુષોને અવશ્ય ઉપાદેય છે' તે વાત યુક્તિપુરસ્સર સિદ્ધ કરવા ઉપક્રમ કરે છે.

*ગાથાર્થ* :- ધર્મ પુરુષાર્થ છે અને તે (ધર્મ) સ્વ અને પર ઉપર ઉપકારસ્વરૂપ સમજવો. ઉપકાર પણ બે પ્રકારે સમજવો (૧) દ્રવ્યવિષયક અને (૨) ભાવવિષયક. ॥ ૪ ॥

*('એવ'કારનું સ્વરૂપ)*

ગાથામાં 'ખલુ'શબ્દ એવકારાર્થ(='જ'કારઅર્થમાં) વપરાયો છે. આ એવકારનો વિશેષણ, વિશેષ્ય અને ક્રિયાની સાથે ઉચ્ચાર થાય છે ત્યારે 'ધનુર્ધરપણું'વગેરે ધર્મોના ક્રમશઃ અયોગ, અન્યયોગ અને અત્યન્તાયોગનો વ્યવચ્છેદ થાય છે. દા.ત (૧) ચૈત્ર ધનુર્ધર જ છે. (૨) પાર્થ-અર્જુન જ ધનુર્ધર છે. (૩) નીલ કમળ હોય છે જ. (જ્યારે વિશેષણસંગત એવકાર હોય, ત્યારે અયોગવ્યવચ્છેદ થાય, અને વિશેષ્યમાં વિશેષણના અભાવનો વ્યવચ્છેદ-નિષેધ થાય. દા.ત. ચૈત્ર ધનુર્ધર જ છે. અહીં ચૈત્રમાંથી

श्रवणप्रयोजनाशङ्कापनोदः। धर्म्मप्रतिपादिका संग्रहणिरारभ्यते, इत्यनेन समासार्थेन च प्रकरणाभिधेययोरुपायोपेय-लक्षणः संबन्ध उक्तो द्रष्टव्यः, तेनान्योपायत्वाशङ्काव्युदासः, यदि ह्यतोऽपि लघुरुपायः स्यात् नैवेयमारभ्येतेति। नचातीन्द्रियं वस्तु स्वमनीषिकयाऽभिधीयमानं प्रेक्षावतामुपादेयं भवतीति धर्माभिधानस्यातीन्द्रियार्थदर्शिवचननिबन्धनतां दर्शयन् क्रियानन्तर्यलक्षणं सम्बन्धान्तरमुपदर्शितवान्-- *'जिणवयणं, गुरुवएसओ भाउं वोच्छामि* त्ति' जिनवचन-गताद्विस्तरतो धर्म्माभिधानादिदं संक्षेपतो धर्म्माभिधानमनन्तरं भवतीति ॥३॥ साम्प्रतं यथेदं प्रकरण-मवश्यमारम्भणीयं भवति यथा च प्रेक्षावतामिदमवश्यमुपादेयं भवति तथोपपादयितुमुपक्रमते--

धम्मो खलु पुरुसत्थो सपरुवयारो य सो मुणेयव्वो ।
उवगारोऽविय दुविहो दव्वे भावे य नायव्वो ॥ ४ ॥

(धर्मः खलु पुरुषार्थः स्वपरोपकारश्च स ज्ञातव्यः । उपकारोऽपि च द्विविधो द्रव्ये भावे च ज्ञातव्यः ॥)

खलुशब्द एवकारार्थः,स चैवकारो विशेषणविशेष्यक्रियाभिस्सहोच्चार्यमाणो यथाक्रमं धनुर्द्धरत्वादेर्द्धर्म्मस्य अयोगमपरैर्योगमत्यन्तासंभवं च व्यवच्छिनत्ति, यथा चैत्रो धनुर्धर एव, पार्थ एव धनुर्द्धरो, नीलं सरोजं भवत्येवेति। इहापिच खलुशब्द एवकारार्थो विशेष्येण सहोच्चार्यते, ततः पुरुषार्थत्वस्यापरैरर्थादिभिस्सह संबन्धं व्यवच्छिनत्ति, धर्म्मः खलु पुरुषार्थो, न त्वर्थकामौ इति । **तथाहि**--इह परप्रतिपत्तये वाक्यमुच्चार्यते, ततो

---

ધનુર્ધરત્વવિશેષણ-ગુણના અભાવનો નિષેધ થયો. આ વ્યવચ્છેદ ચૈત્ર સિવાયની વ્યક્તિઓમાં તે ગુણની હાજરીઅંગે મૌન રહે છે. જ્યારે એવકાર વિશેષ્યસંગત બને છે, ત્યારે તે વિશેષણનો નિર્દિષ્ટ વિશેષ્યને છોડી અન્યમાંથી વ્યવચ્છેદ થાય છે. જેમ કે 'અર્જુન જ ધનુર્ધર છે' અહીં ધનુર્ધરપણું અર્જુનને છોડી બીજા કોઇનામાં નથી તેવો ધ્વનિ પ્રગટ થાય છે. જ્યારે એવકાર ક્રિયાપદસંગત બને છે, ત્યારે અત્યન્તઅયોગવ્યવચ્છેદ થાય છે. તેનાથી વિશેષ્યમાં વિશેષણના સર્વથા અભાવનો નિષેધ થાય છે. અને અર્થતઃ કથંચિદ્ અભાવનું સૂચન થાય છે. અર્થાત્ તે વિશેષણ વિશેષ્યમાં સર્વવ્યાપી નથી અને સર્વથા અવ્યાપી પણ નથી, પરંતુ દેશવ્યાપી છે તેવો ફલિતાર્થ પ્રાપ્ત થાય છે, જેમ કે 'કમળો ભૂરા હોય જ' અહીં બધા જ કમળો ભૂરા હોય, કે કમળો ભૂરા ન જ હોય, આ બન્ને સંભાવનાનો નિષેધ કરી, 'કેટલાક કમળો ભૂરા હોય, અને બીજા કેટલાક કમળો ભૂરા ન હોય' તેવો અર્થ સૂચિત થાય છે.) પ્રસ્તુતમાં એવકારઅર્થક 'ખલુ'શબ્દ વિશેષ્યસાથે ઉચ્ચારવાનો છે, તેથી અન્યયોગવ્યવચ્છેદ થાય છે. અને તેના ફળરૂપે 'પુરુષાર્થપણુંરૂપ વિશેષણ(=ગુણ-ધર્મ)નો ધર્મ સિવાયના બીજાઓ સાથેના સંબંધનો વ્યવચ્છેદ થાય છે. તેથી 'ધર્મ જ વાસ્તવમાં પુરુષાર્થરૂપ છે અર્થ અને કામ નહિ' તેવો તાત્પર્યાર્થ પ્રાપ્ત થાય છે.

*(આશંકિત અંશના વ્યવચ્છેદ માટે એવકાર)*

એવકારનું સાફલ્ય બતાવે છે 'તથાહિ' બીજાને બોધ કરાવવા વાક્યનો ઉચ્ચાર થતો હોય છે. તેથી બીજાઓએ વ્યામોહથી જે અંશની આશંકા કરી હોય, તે અંશનો જ વ્યવચ્છેદ કરવો જોઇએ. જેમ કે 'ચૈત્ર' નામની વ્યક્તિ લોકમાન્ય ધનુર્ધર તરીકે પ્રસિદ્ધ ન હોય, તો 'ચૈત્ર ધનુર્ધર હશે કે નહિ' તેવી આશંકા ઊભી થાય. તેથી તેવી આશંકા ટાળવા અને ચૈત્રની ધનુર્ધરતરીકે ઓળખ આપવા એવું વાક્ય બોલાય છે કે 'ચૈત્ર ધનુર્ધર જ છે.' અર્જુન ધનુર્ધરતરીકે પ્રખ્યાત છે. તેથી 'તે ધનુર્ધર હશે કે નહિ' તેવી આશંકા કોઇને થાય નહિ. પણ તેવી આશંકા થાય કે 'બીજો કોઇ પુરુષ અર્જુન જેવો ધનુર્ધર=બાણાવલી છે ખરો કે નહિ' તેથી અહીં અર્જુનગત 'ધનુર્ધરપણું' ધર્મની પુરુષાન્તરસાધારણતાની (-બીજા પુરુષમાં પણ સમાનતયા તે ધર્મની હાજરીની) આશંકા થાય છે. આ આશંકાને દૂર કરવા અને બીજા પુરુષમાં સામાનતયા તે ધર્મની હાજરીનો વ્યવચ્છેદ કરવા 'અર્જુન જ ધનુર્ધર છે' તેવો વાક્યપ્રયોગ થાય છે. અને જ્યારે કોઇક વ્યક્તિને કમળ નીલવિવિક્ત(=ભૂરા સિવાયના લાલવગેરે રંગના) હોવાનો ખ્યાલ છે પણ નીલવર્ણના હોય કે નહિ ? તે બાબતમાં આશંકા છે. તેથી 'કમળ નીલવર્ણનાં ન જ હોય' એવી અત્યંત અસંભવની આશંકાને દૂર કરવા 'ભૂરા કમળ હોય છે જ' એવા પ્રકારનો વાક્યપ્રયોગ થાય છે. બસ, તેજ પ્રમાણે લોકોને એટલો ખ્યાલ છે જ કે, ધર્મ પુરુષાર્થરૂપ છે. તેથી 'ધર્મ પુરુષાર્થરૂપ હશે કે નહિ' તેવી શંકા થવાનો સંભવ નથી. પરંતુ 'ધર્મમાં જેવું ઐકાન્તિક અને આત્યન્તિક પુરુષાર્થપણું છે, તેવું પુરુષાર્થપણું અર્થ અને કામરૂપ પુરુષાર્થાન્તરમાં છે કે નહિ ?' તેવી જ આશંકા ઉદ્ભવે. તેથી ધર્મના પુરુષાર્થપણાની સાથે અર્થ અને કામના પુરુષાર્થપણાની તુલ્યતાનો નિષેધ કરવા- અર્થ અને કામ પુરુષાર્થ ધર્મપુરુષાર્થના પેંગડામાં પગ મુકી શકે તેમ નથી- તે દર્શાવવા જ આવો વાક્યપ્રયોગ કરવામાં આવે છે-'ધર્મ જ પુરુષાર્થ છે અર્થ અને કામ નહિ' 'અર્થ અને કામ પુરુષાર્થરૂપ નથી' તે વાતની ઉપપત્તિ ધર્મસારટીકામાં (પ્રાયઃ ઉપલબ્ધ નથી.) કરેલી છે. તેથી અહીં ફરીથી કરતાં નથી. જે ધર્મ અત્યંત અસાધારણ પુરુષાર્થરૂપ છે તે ધર્મ ક્યા સ્વરૂપવાળો છે? તેવી આશંકા ટાળવા ધર્મનું સ્વરૂપ બતાવે છે. '**सपरुवयारो**' ઇત્યાદિ. આ ધર્મ સ્વપરઉપકારસ્વરૂપ છે. આ ઉપકાર પણ નામઆદિ ચાર નિક્ષેપાને આશ્રયી નામઆદિ ચાર પ્રકારનો છે. તેમાં નામ અને સ્થાપના અત્યંત સુજ્ઞાત છે. તેથી મૂળકારશ્રી તે બન્નેનો ઉલ્લેખ છોડી દ્રવ્ય અને ભાવના ભેદથી ઉપકારનું દ્વૈવિધ્ય દર્શાવતાં કહે છે- 'ઉવયાર' ઇત્યાદિ. દ્રવ્યવિષયક અને ભાવવિષયક એમ બે પ્રકારે ઉપકાર છે. અથવા દ્રવ્યસ્વભાવભૂત, અને ભાવસ્વભાવભૂત એમ બે પ્રકારે ઉપકાર સમજવો. અર્થાત સ્વભાવથી દ્રવ્યભૂત અને સ્વભાવથી ભાવરૂપ એમ બે પ્રકારે ઉપકાર છે. ॥ ૪॥

यदेव परेण व्यामोहादाशङ्कितं, तदेव व्यवच्छेत्तव्यम् । चैत्रस्तु धनुर्धरो लोके न प्रतीतस्ततश्चैत्रस्या-धनुर्धरत्वाशङ्काव्यवच्छेदनाय धनुर्द्धरत्वविधानाय च वाक्यमुच्चार्यते-चैत्रो धनुर्द्धर एवेति। पार्थस्तु धनुर्द्धरो लोके प्रतीत इति तस्मिन्नाधनुर्द्धरत्वाशङ्का कस्यचिद्विद्यते, ततो यदतिशयवत्तस्य धनुर्द्धरत्वं तत्किमन्यत्रापि पुरुषान्तरेऽस्ति नवेत्येवं पुरुषान्तरसाधारणमाशङ्कितमिति पुरुषान्तरेण सह तस्य साधारण्यव्यवच्छेदाय वाक्यमिदमुच्यते-पार्थ एव धनुर्धर इति । यदा तु सरोजं नीलवर्णविविक्तं कस्यचित्प्रसिद्धं, नीलत्वं पुनरस्य किमस्ति नास्तीति शङ्कितं भवति, तदा तदत्यन्तासंभवाशङ्काव्यवच्छित्तये वाक्यमेतत्प्रयुज्यते-नीलं सरोजं भवत्येवेति । तथेहापि धर्म्मः पुरुषार्थो लोके प्रतीत एवेति तस्मिन्नापुरुषार्थत्वाशङ्का कस्यचिद्विद्यते, यत्पुनरैकान्तिकात्यन्तिकरूपं पुरुषार्थत्वं तत् किमन्यत्रापि अर्थादौ विद्यते नवेत्येवं पदार्थान्तरसाधारण्यमाशङ्कितम्, अतस्तस्यार्थादिभिः साधारण्यव्यवच्छित्तये वाक्यमिदमुच्चार्यते-<u>धर्म्मः</u> <u>खलु</u> <u>पुरुषार्थो,</u> <u>नार्थकामाविति</u> । यथा चापुरुषार्थता अर्थकामयोस्तथा धर्म्मसारटीकाया मभिहितमिति नेह प्रतायते । अथ किंस्वरूपः स धर्म्मो योऽत्यन्तासाधारणः पुरुषार्थ इत्यतस्तत्स्वरूप-मुपदिशति-'*सपरुवयारो य सो मुणेयव्वोत्ति*' स्वपरयोरुपकारस्वरूपश्च 'स' धर्म्मो ज्ञातव्यः। स चोपकारो नामादिभेदाच्चतुर्द्धा । तत्रातीव सुज्ञातत्वान्नामस्थापने अनादृत्य द्रव्यभावभेदेनोपकारस्य द्वैविध्यमुपदर्शयन्नाह *उवयारेत्यादि*' उपकारोऽपि च द्विविधो '*द्रव्ये*' द्रव्यविषयो '*भावे च*' भावविषयश्च ज्ञातव्यः, द्रव्यभावस्वभावभेदेन द्विविध उपकारो ज्ञातव्य इतियावत् ॥४॥ तत्र-'<u>यथोद्देशं</u> <u>निर्देश</u>' इति न्यायात् द्रव्योपकारं तावदाह---

दव्वम्मि अन्नपाणादिदाणरूवो तु होइ विन्नेओ ।

नेगंतिओ अणच्चंतिओ य जं दव्वतो तेणं ॥ ५ ॥

(द्रव्ये अन्नपानादिदानरूपस्तु भवति विज्ञेयः । नैकान्तिकोऽनात्यंतिकश्च यद् द्रव्यतस्तेन ॥)

'*द्रव्ये*' द्रव्यविषय उपकारोऽन्नपानादिदानरूपो विज्ञेयः। तुः पूरणार्थः।यथा चास्य द्रव्यरूपता तथा भावयति '*नेगंतिये*' त्यादि, 'यत्' यस्मान्नैवासावुपकार ऐकान्तिकः, कदाचिदतोऽपकारसंभवात्। नाप्यात्यन्तिकः, पुनरुपकारापेक्षणात्। तेन कारणेनायमुपकारो'*दव्वओत्ति*' द्रव्यतो द्रव्यस्वभावत्वेन विज्ञेय इति ॥५॥ प्रकारान्तरेण पुनरपि द्रव्योपकारमाह-

इहपरलोगट्ठा तह जो कीरइ अविहिणा व भत्तीए ।

एसोऽवि दव्वओ च्चिय मोक्खंगाभावतो जाण ॥ ६ ॥

(इहपरलोकार्थं तथा यः क्रियतेऽविधिना वा भक्त्या । एषोऽपि द्रव्यत एव मोक्षाङ्गाभावतो जानीहि ॥ )

इहलोकार्थं परलोकार्थं वा, *तथेति*' द्रव्योपकारप्रकारान्तरतासमुच्चयार्थं, यः क्रियते स्वपरयोः सम्यग्दर्शन-ज्ञानचारित्रेषु संस्थापनलक्षण उपकारः, यद्वा इहपरलोकाशंसाविरहेण परमभक्त्या सम्यक्त्वादिषु स्वपरयोः संस्थापन-लक्षणो य उपकारः क्रियते, केवलमविधिना, एषोऽपि द्रव्यत एव, <u>चियशब्दः</u> प्राकृतनिपात एवकारार्थो, द्रव्य-स्वभावत्वेनैव ज्ञातव्यः । द्रव्यत्वं चेहाप्राधान्यं विवक्षितम् । तथाचाह- 'मोक्खंगाभावओ *जाणत्ति*' भावप्रधानोऽयं निर्देशः, मोक्षाङ्गत्वाभावादेषोऽप्युपकारो द्रव्यत एवेति जानीहि। <u>मोक्षाङ्गत्वाभावश्चाविधिकलुषितत्वात्</u> ॥ ६ ॥ सम्प्रति भावोपकारं व्याख्यानयन् आह---

---

*(દ્રવ્યઉપકારનું સ્વરૂપ)*

તેમાં 'ઉદ્દેશના ક્રમથી નિર્દેશ હોય' તે ન્યાયથી સૌ પ્રથમ દ્રવ્યઉપકાર બતાવે છે.

*ગાથાર્થ* :- દ્રવ્યવિષયમાં ઉપકાર અન્નપાનવગેરેના દાનરૂપ સમજવો. ('તુ' શબ્દ પૂરણ અર્થે-શબ્દપૂર્તિમાટે છે.) (અન્નપાનવગેરેની દ્રવ્યરૂપતા બતાવે છે)- આ ઉપકાર ઐકાન્તિક નથી (કેમકે ક્યારેક તેનાથી અપકાર પણ સંભવે છે.) વળી આ ઉપકાર આત્યંતિક પણ નથી. (કેમકે ફરીથી ઉપકારની અપેક્ષા રાખે છે.) તેથી આ ઉપકાર દ્રવ્યથી-દ્રવ્યસ્વભાવરૂપ સમજવો. ॥ ૫ ॥

(જે સ્વકાર્યમાં હંમેશા અને સર્વત્ર અવ્યભિચારી હોય, તે ઐકાન્તિક કહેવાય અને જે સ્વકાર્યને ફરીથી કરવાની અપેક્ષા ન રહે તેવી રીતે પૂર્ણ કરે તે આત્યંતિક કહેવાય. જેમકે, ભાવઉપકાર-જેનું સ્વરૂપ બતાવાશે)

અન્યપ્રકારદ્વારા ફરીથી દ્રવ્યઉપકારનું સ્વરૂપ દર્શાવે છે.

*ગાથાર્થ* :- ('તથા' શબ્દ દ્રવ્યઉપકારના વિષયમાં પ્રકારાન્તરનો સમાવેશસૂચક છે.) આલોકમાટે કે પરલોકમાટે, અથવા ભક્તિથી પણ અવિધિથી જે કરાય, તે પણ દ્રવ્યતઃ ઉપકાર જ છે. કેમકે તેમાં મોક્ષાંગપણાનો અભાવ છે-મોક્ષની કારણતાનો અભાવ છે.

(પૂર્વે બાહ્ય દ્રવ્યને અપેક્ષીને દ્રવ્યતઃ ઉપકારની વિવક્ષા કરી. હવે આભ્યંતર ઉપકાર પણ આશંસા કે અવિધિથી યુક્ત હોય, તો દ્રવ્યોપકાર બને, તેમ દર્શાવે છે.) સ્વ અને પરને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં સ્થાપવા-સ્વપરને આ રત્નત્રયીની પ્રાપ્તિ કરાવી આપવી, તે જ વાસ્તવમાં ઉપકારરૂપ છે. આવો ઉપકાર જો આલોકની કે પરલોકની આશંસાથી કરાય, તો તે દ્રવ્ય

भावुवयारो सम्मत्तणाणचरणेसु जमिह संठवणं ।
सइ अप्पणो परस्स य अणियाणं तं जिणा बिंति ॥ ७ ॥
( भावोपकारो सम्यक्त्वज्ञानचरणेषु यदिह संस्थापनम् । सदाऽऽत्मनः परस्य चानिदानं तं जिना ब्रुवते)

भावोपकारो स विज्ञेयो, यदिह सम्यक्त्वज्ञानचरणेषु सदा आत्मनः परस्य च संस्थापनम्। तं चामुं भावोपकारं *'जिनाः'* समुत्पन्नकेवलज्योतिषस्तीर्थकरा ब्रुवते, 'अनिदानं' निदानं–भोगप्रार्थना तद्रहितम्। तथा च सति *'इहपरलोगट्ठा तह जो कीरइ'* इत्यस्य पूर्वोक्तस्य न व्याघातः, सनिदानत्वेन तस्य भावोपकारत्वप्रसङ्गाभावात्॥७ ॥

इहपरलोगासंसं मोत्तुं जो कीरते अविहिणा तु ।
भत्तीए दव्वतोऽवि हु एसो भावम्मि बोद्धव्वो ॥ ८ ॥
(इहपरलोकाशंसां मुक्त्वा यः क्रियतेऽविधिना तु । भक्त्या द्रव्यतोऽपि तु एष भावे बोद्धव्यः)

इहपरलोकाशंसां मुक्त्वा यः पुनः सम्यक्त्वादिषु, *'भक्त्या'* बहुमानेन, स्वपरयोः संस्थापनलक्षण उपकारः *'अविहिणा उत्ति'* अविधिना–विधिवैपरीत्येन क्रियते, 'तुः' पुनरर्थे भिन्नक्रमश्च, स च यथास्थानं योजितः, एष *'अविहिणा व भत्तीए'* इत्यनेन प्राक् द्रव्यस्वभावत्वेनोक्तोऽपि *'भावे'* भावविषयो द्रष्टव्यः, अस्य परम्परया मोक्षाङ्गत्वात् । अविधिदोषस्य तु भक्तिगुणेन निरनुबन्धिकृतत्वात् । यत्तु प्रागस्य द्रव्यस्वभावत्वमुक्तं तत् साक्षान्मोक्षाङ्गत्वाभावापेक्षया द्रष्टव्यमिति ॥ ८ ॥

तत्र परस्य चोद्यमाशङ्कते––

आहऽन्नवत्थलयणादिदाणतो भोगतो य इह सिद्धी ।
गिहिसंजयाण सुव्वइ सुव्वइ णणु भावतो साऽवि ॥ ९ ॥
(आहान्नवस्त्रलयनादिदानतो भोगतश्चेह सिद्धिः । गृहिसंयतानां श्रूयते, श्रूयते ननु भावतः सापि)

---

ઉપકારરૂપ બને. (અહીં એટલો ખ્યાલ રાખવો કે પરને માટે રત્નત્રયીની પ્રાપ્તિ તો ભાવઉપકારરૂપ જ છે. છતાં અહીં દ્રવ્ય-ભાવવિવક્ષા સ્વને રત્નત્રયી પમાડનારને અપેક્ષીને જ છે. તે પોતે આશંસાથી યુક્ત હોવાથી પરની ઉપર થયેલો ભાવઉપકાર પણ પોતાનામાટે તો દ્રવ્યઉપકારરૂપ જ બને છે. વળી જોકે આલોક કે પરલોકની ઇચ્છાથી સ્વને સમ્યગ્દર્શનાદિત્રિકમાં સ્થાપવો એ પરસ્પર વિરુદ્ધ લાગે. છતાં પણ અહીં સમ્યગ્દર્શનાદિત્રિકથી બાહ્યાચાર અર્થ કરવાથી વિરોધદોષ નહિ રહે. તેથી પોતાને આલોકવગેરેની ઇચ્છાથી સમ્યગ્દર્શનાદિના આચારમાં જોડવો એ દ્રવ્યોપકાર છે. અહીં અંગારમર્દક આદિ અભવ્ય આચાર્યો દૃષ્ટાંતરૂપ છે.) અથવા આલોક કે પરલોકની આશંસા વિના માત્ર પરમભક્તિથી જ પરંતુ અવિધિથી સ્વપરને સમ્યક્ત્વાદિકમાં સ્થાપવા એ પણ દ્રવ્યોપકારરૂપ જ છે.('ચિય'શબ્દ એવકારઅર્થમાં પ્રાકૃતમાં નિપાત છે.) તેથી 'આ ઉપકાર પણ દ્રવ્યસ્વભાવરૂપ જ જાણવો' એવો અર્થ થયો. અવિધિદોષના કારણે સાક્ષાત મોક્ષની કારણતાનો અભાવ હોવાથી જ દ્રવ્યઉપકાર જાણવો. તેથી જ મૂળકાર પણ કહે છે. 'मोक्खंगाभावओ जाण' અહીં ભાવ=સ્વરૂપપ્રધાન નિર્દેશ છે. તેથી 'મોક્ષાંગપણાનો અભાવ હોવાથી આ પણ દ્રવ્યત: ઉપકાર છે તેમ સમજો' એવો અર્થ પ્રાપ્ત થાય છે. આ ઉપકાર અવિધિથી કલંકિત હોવાથી જ મોક્ષમાં કારણભૂત બનતો નથી. (અહીં પણ મોક્ષમાં અકારણતા સ્વઅપેક્ષીને જ છે.)

(અથવા 'अविहिणा वऽभत्तीए' એવા પાઠની કલ્પના કરી–'આલોકપરલોકની આશંસાવાળો' અથવા 'અવિધિથી અથવા અભક્તિથી' એવો અર્થ કરવાથી ત્રણ વિકલ્પ મળે (૧) આશંસાયુક્ત (૨) અવિધિયુક્ત (૩) ભક્તિરહિત. આ ત્રણે વિકલ્પો સમસ્ત કે વ્યસ્તરૂપે દ્રવ્યઉપકારના સૂચક છે. કારણ કે તેઓમાં મોક્ષની સાક્ષાત્ કારણતાનો અભાવ છે.) ॥૬॥

*(ભાવોપકારનું સ્વરૂપ)*

હવે ભાવોપકારનું વ્યાખ્યાન કરતાં કહે છે–

*ગાથાર્થ* :– અહીં સદા પોતાનું અને બીજાનું સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્રમાં જે સંસ્થાપન છે તેને જિનો (ઉત્પન્ન થઇ છે કેવળજ્ઞાનરૂપ જ્યોતિ જેઓને તેવા તીર્થંકરો) ભાવઉપકાર કહે છે. આ ઉપકાર નિદાન=ભોગની પ્રાર્થનાથી રહિત હોય છે. આમ ભાવઉપકારને અનિદાન કહેવાથી 'इहपरलोगट्ठा तह जो कीरइ' ઇત્યાદિ પૂર્વોક્તવચનને વ્યાઘાત=વિરોધ આવતો નથી. કારણ કે પૂર્વોક્ત ઉપકાર નિદાનયુક્ત હોવાથી અહીં બતાવેલી વ્યાખ્યાથી ભાવોપકાર બનવાનો પ્રસંગ નથી. ॥ ૭ ॥

*ગાથાર્થ* :– આલોક અને પરલોકની આશંસા છોડીને ભક્તિ=હાર્દિક બહુમાનથી પણ અવિધિ=વિધિની વિપરીતતાથી જે સ્વપરને સમ્યક્ત્વાદિમાં સંસ્થાપનરૂપ ઉપકાર કરાય છે તે ઉપકાર દ્રવ્યત: હોવા છતાં ભાવવિષય જ સમજવો.

અલબત્ત, આ ઉપકાર સાક્ષાત્ મોક્ષનું અંગ=કારણ નથી. આ અપેક્ષા=દૃષ્ટિકોણને આગળ કરી પૂર્વે 'अविहिणावभत्तीए' વચનથી આ ઉપકારને દ્રવ્યઉપકાર કહ્યો, છતાં પણ, ભક્તિગુણથી અવિધિદોષ અનુબંધરહિત કરાયો હોવાથી આ ઉપકાર પરંપરાએ મોક્ષનું કારણ બને છે. તેથી ભાવઉપકાર તરીકે જ જાણવો. (માત્ર સાક્ષાત્કારણને જ સ્વીકારનો નય નિશ્ચયનય છે. અને પરંપરાએ કારણને સ્વીકારનો નય વ્યવહારનય છે.) ॥ ૮ ॥

અહીં બીજાની વિપરીત કલ્પના આશંકારૂપે બતાવે છે.–

*अह* परः–अन्नवस्त्रलयनादिदानतो गृहस्थानां परिभोगतश्च संयतानां *'सिद्धिः'* निर्वृत्तिलक्षणा श्रूयते, गृहिणामुत्तर–कालं तत्सामर्थ्यतो विशिष्टज्ञानादिलाभात्, *इतरेषां*–संयतानां तु यथागमपरिभोगतस्तदुपष्टम्भेन ज्ञानादिगुणानामुत्तरोत्तर–प्रकर्षभावसंभवात् । ततोऽन्नादिद्रव्यदानं भावोपकार एव युज्यते, न तु द्रव्योपकार इति प्रष्टुरभिप्रायः। इह च यदेव येषामेवोत्तरोत्तरपरमज्ञानदर्शनादिगुणलाभाय जायते तदेव तेभ्य एव दीयमानमात्मोपकाराय भवति, नान्यत् अन्येभ्यो वा दीयमानमिति ख्यापनार्थं परिभोगतश्च संयतानां सिद्धिरित्युक्तम्। अन्यथा उपकर्तुर्द्रव्यादिरूपतयोपकार–स्वरूपव्यावर्णनप्रसङ्गे नैतदुपन्यासः फलवत्तामियृयादिति । अत्रोत्तरमाह श्रूयते सा सिद्धिः, परं सा सिद्धिः *'भावओत्ति'* भावोपकारात् द्रष्टव्या, नत्वन्नादिद्रव्यदानमात्ररूपात् द्रव्योपकारात्। **तथाहि**––तैर्गृहिभिस्तेभ्यः संयतेभ्यः तथाविशिष्टेनाध्यवसायेन कल्पनीयमन्नादि संप्रदीयते, यथा न केवलं तेषां संयतानां ज्ञानादिगुणोपष्टम्भो जायते, किंतु स्वस्याप्यायत्यां विशिष्टज्ञानदर्शनादिगुणलाभो भवति, एवं चायं भावोपकार एव, स्वपरयोः सम्यक्त्वादिषु संस्थापितत्वात् । एष च भावोपकारो निश्चयनयमतेन तथाविधविशिष्टात्मपरिणामरूप एव केवलो द्रष्टव्यः। ***"परिणामियं पमाणं निच्छयमवलंबमाणाणं"*** [1]इतिवचनात् । यत्पुनः कल्पनीयान्नादिद्रव्यदानं तत्तस्य सहकारि–कारणमात्रम्, अत एव क्वचित् कदाचित् तथाविधसामग्र्यभावेन कल्पनीयान्नादिद्रव्यदानाभावेऽप्येष भावोपकारो न

---

*ગાથાર્થ* :– અહીં બીજો કહે છે– અન્ન, વસ્ત્ર, રહેઠાણવગેરેના દાનથી ગૃહસ્થને અને પરિભોગથી સાધુને સિદ્ધિ સંભળાય છે. (તેથી અન્નાદિ દાન પણ ભાવોપકાર છે.) (ઉત્તર) એ સંભળાય છે, પણ તે સિદ્ધિ ભાવથી છે (નહિ કે અન્નાદિ દ્રવ્યથી. તેથી અન્નાદિદાન વગેરે તો દ્રવ્યઉપકાર જ છે.)

*(નિશ્ચયથી ભાવોપકાર વિશિષ્ટ આત્મપરિણામરૂપ)*

*પૂર્વપક્ષ* :– ગૃહસ્થ સાધુને અન્નવગેરેનું જે દાન કરે છે, તે દાનના સામર્થ્યથી ગૃહસ્થને તે પછી વિશિષ્ટજ્ઞાનવગેરેનો લાભ થાય છે. અને ઉત્તરોત્તર વિશિષ્ટતરજ્ઞાનાદિની પ્રાપ્તિમાટે અપ્રમત્તપણે સાધના કરતા સાધુનો અપ્રમાદભાવ અન્નાદિની યથાવિધિ પ્રાપ્તિથી ટકી રહે છે. અને વૃદ્ધિ પામે છે. તેથી તે ગુણો પ્રકર્ષ પામે છે. આમ ગૃહસ્થ અન્નાદિના દાનદ્વારા સ્વ અને પરને જ્ઞાનાદિરત્નત્રયીમાં જોડે છે. તેથી આ અન્નાદિદ્રવ્યનું દાન ભાવોપકારરૂપ છે કેમકે ભાવોપકારના લક્ષણથી સમન્વિત છે. માટે તેને દ્રવ્યોપકાર કહી ન શકાય. અહીં એટલો ખ્યાલ રાખવો કે, જે વસ્તુ જેઓના જ ઉત્તરોત્તર પરમજ્ઞાનદર્શનવગેરે ગુણોની પ્રાપ્તિમાટે થાય છે, તેજ વસ્તુનું તેઓને જ કરેલું દાન આત્મોપકાર= સ્વઉપકારમાટે થાય છે, બીજી ત્રીજી વસ્તુનુ દાન, કે જેને તેને કરેલું દાન સ્વઉપકાર માટે થતું નથી. [2]એમ દર્શાવવામાટે જ પરિભોગથી સંયતોને સિદ્ધિ પ્રાપ્ત થાય છે તેમ કહ્યું. (અન્યથા પ્રસ્તુતમાં ઉપકાર કરનારના દ્રવ્યાદિરૂપ ઉપકારના સ્વરૂપના વર્ણનનો પ્રસંગ ચાલે છે. તેમાં સંયતોની સિદ્ધિની વાત ફળવત્તાને પામી ન શકે. **તાત્પર્ય:** દ્રવ્યભાવઉપકારની ચર્ચા વખતે 'અન્નાદિના પરિભોગથી સાધુ સિદ્ધિ પામે છે' એવો ઉપન્યાસ અપ્રસ્તુત દેખાય છતાં ગીતાર્થ મૂળકારે કર્યો છે. તેનાથી યોગ્યદ્રવ્ય યોગ્યપાત્રઆદિનો ઉપરોક્તભાવ પ્રાપ્ત થાય છે. આમ ગૃહસ્થના સ્વોપકારના સ્વરૂપનું એક અંગ બનતું હોવાથી આ ઉપન્યાસ અસંગત નથી–તેમ કહેવાનો ટીકાકારનો આશય છે.)

ઉત્તરપક્ષ :– અલબત્ત, તમે કહ્યું તેમ અન્નઆદિના દાનથી ગૃહસ્થો સિદ્ધિ પામે છે, તેમ સંભળાય છે, પણ તે સિદ્ધિ હકીકતમાં ભાવઉપકારથી જ થાય છે નહિ કે, અન્નવગેરે દ્રવ્યના દાનમાત્રરૂપ દ્રવ્યોપકારથી. તે આ પ્રમાણે–તે ગૃહસ્થો સંયતોને કલ્પ્યઅન્નવગેરે તેવા વિશિષ્ટ અધ્યવસાયપૂર્વક આપે છે, કે જેથી માત્ર સંયતોના જ જ્ઞાનાદિગુણોને પોષણ=ટેકો મળે તેમ નહિ; પરંતુ ગૃહસ્થને પોતાને પણ ભવિષ્યમાં વિશિષ્ટજ્ઞાન–દર્શનવગેરેગુણોનો લાભ થાય. આમ આ વિશિષ્ટઅધ્યવસાયપૂર્વક દાન સ્વ અને પરને જ્ઞાનાદિગુણોમાં સ્થાપિત કરતું હોવાથી ભાવોપકારરૂપ જ છે. અને નિશ્ચયનયથી વિચારીએ તો,આ ભાવઉપકાર માત્ર તેવા પ્રકારના વિશિષ્ટઆત્મપરિણામરૂપ જ છે. કેમકે '*નિશ્ચયનું અવલંબનકરનારાઓને તો પારિણામિક (=આત્મપરિણામ જ) પ્રમાણભૂત છે.*' એવું ઓઘનિર્યુક્તિનુ વચન છે. અને કલ્પનીયઅન્નાદિ દ્રવ્યનું જે દાન છે, તે તો તે ભાવઉપકારમાં સહકારી કારણમાત્રરૂપ છે. તેથી જ ક્યાંક, ક્યારેક તેવા પ્રકારની

---

1. परिणामिकं प्रमाणं निश्चयमवलम्बमानानाम् ।

2. (અહીં ચતુર્ભંગી (૧) યોગ્ય વસ્તુ, યોગ્ય પાત્ર (૨) યોગ્ય વસ્તુ, અયોગ્ય પાત્ર (૩) અયોગ્ય વસ્તુ, યોગ્ય પાત્ર (૪) અયોગ્ય વસ્તુ, અયોગ્ય પાત્ર. આમાં પ્રથમ વિકલ્પ શુદ્ધ છે. ત્રીજો વિકલ્પ પુષ્ટાલંબને શુદ્ધ છે. બાકીના બે અશુદ્ધ છે. આ દાન પણ ભક્તિ અને અનુકંપા આ બે આશયમાંથી યથાયોગ્ય આશયથી અપાય, તો જ દાનધર્મરૂપ બને. તેમાં પણ, પાત્રને ભક્તિથી અપાયેલું દાન સ્વોપકારપ્રધાન છે અને વિપુલનિર્જરાનું કારણ છે. તે સિવાયનાને અનુકંપાથી દાન આપી શકાય, આ અનુકંપાદાન પરોપકારપ્રધાન છે. અને પુણ્યનું કારણ છે. અપાત્રને ભક્તિદાન સ્વના અપકાર માટે થાય છે. કેમકે મિથ્યાત્વપોષક છે. પાત્રમાં હીનતાની બુદ્ધિ કર્યા વિના પાત્રને અપાયેલું દાન અનુકંપાદાનરૂપ હોય તોપણ નુકસાનકારી નથી તેમજ વિશિષ્ટલાભકારી પણ નથી. હીનતાની બુદ્ધિથી પાત્રને કરેલું દાન મહાઅનિષ્ટકારી છે. કેમકે પરમાત્મા અને પરમાત્માના શાસનની હીલના કરનારું છે. પાત્રને વિવેકપૂર્વક આપેલું અશુદ્ધદાન પણ શુદ્ધદાનતુલ્ય ફળ આપે છે. વિવેકહીન–મુગ્ધજીવે આપેલું અશુદ્ધદાન બહુનિર્જરા અને અલ્પબંધ માટે થાય છે. ઇત્યાદિ વાત મહો. યશોવિજય મહારાજાએ પોતે રચેલા 'દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા પ્રકરણ' ના દાનદ્વાત્રિંશિકા પ્રકરણમાં ચર્ચેલી છે. પ્રસ્તુતમાં અવિધિથી પણ ભક્તિથી કરેલો ઉપકાર ભાવની અપેક્ષાએ અપ્રધાન–ગૌણ છે પરંતુ ભાવમાં કારણભૂત છે, તેથી પ્રધાનદ્રવ્યોપકાર છે આશંસાદિથી કરેલો ઉપકાર ભાવમાં કારણભૂત નથી. તેથી અપ્રધાન દ્રવ્યોપકારરૂપ છે.)

विरुध्यते, यथा **जीर्णश्रेष्ठिन** इति ॥ ९ ॥साम्प्रतमभिहितस्वरूपेणैव भावोपकारेण सह सिद्धेरन्वयव्यतिरेकौ दिदर्शयिषुरन्नादिद्रव्यदानमात्ररूपेण च द्रव्योपकारेण सह व्यभिचिचारयिषुर्दृष्टान्तमाह--

आहरणं सेट्ठिदुगं जिणिंदपारणगऽदाणदाणेसु ।
विहिभत्तिभावऽभावा मोक्खंगं तत्थ विहिभत्ती ॥ १० ॥

(उदाहरणं श्रेष्ठिद्विकं जिनेन्द्रपारणकादानदानयोः । विधिभक्तिभावाभावाभ्यां मोक्षाङ्गं तत्र विधिभक्ती ॥ )

उदाहरणमत्र*'श्रेष्ठिद्विकं'* 'जीर्णश्रेष्ठी अभिनवश्रेष्ठी' च *जिनेन्द्रपारणकादानदानयोरिति* जिनेन्द्र-पारणककाले अदाने दाने च, यथाक्रमं *विधिभक्तिभावाऽभावादिति* । एकत्र विधिभक्त्योरदानेऽपि भावात्। अन्यत्र च दानेऽप्यभावात्, तत्र मोक्षाङ्गं विधिभक्ती जाते, नतु तद्रहितं दानमात्रमिति ॥१०॥ एतदेव स्पष्टयति--

वेसालि वासठाणं समरे जिण पडिम सेट्ठिपासणया ।
अइभत्ति पारणदिणे मणोरहो अन्नहिं पविसे ॥ ११ ॥

(वैशाली, वर्षास्थानं, स्मरे जिन प्रतिमा श्रेष्ठिदर्शनकम् । अतिभक्तिः पारणादिने मनोरथः अन्यत्र प्रविष्टः ।)

जाईच्छदाणं धारा लोए कयपुण्णगोत्ति य पसंसा ।
केवलिआगम पुच्छण को पुण्णो ? जिण्णसिट्ठित्ति ॥ १२ ॥

(यदृच्छिकदानं धारा लोके कृतपुण्यक इति च प्रशंसा । केवल्यागमः प्रच्छनं, कः पुण्यः? जीर्णश्रेष्ठीति ।)

**वैशाल्यां** नगर्यां *'स्मरे'* स्मरायतने, *जिनस्य*-भगवतो **महावीरस्य** वर्षास्थानमभूत्। तत्र च स्थित-स्य भगवतः *प्रतिमां* -कायोत्सर्गं प्रपन्नस्य श्रेष्ठिनो दर्शनमजायत, श्रेष्ठी प्रतिमाप्रतिपन्नं भगवन्तं दृष्टवानित्यर्थः। दर्शनानन्तरं चातिभक्तिः समुल्ललास। चतुर्मासानन्तरं च पारणकदिने मनोरथः प्रादुरभूत्-यदि भगवान् मम गृहे पारयति ततोऽहं कृतपुण्य इति।भगवांश्चान्यत्र प्राविशत् । तत्र च यादृच्छिकदानमभूत् । ततो *'धारा'* इति वसुधारा न्यपप्तत् । लोके च कृतपुण्य इति प्रशंसा । तस्मिन्नेव च दिने केवलिन आगमनं, तस्य समीपे जनस्य पृच्छा, कः पुण्यवानस्यां नगर्यां ?, केवली प्राह जीर्णश्रेष्ठीति गाथाद्वयाक्षरार्थः ॥११-१२॥

**भावार्थः** कथानकादवसेयः, तच्च संक्षेपत इदम्-एकदा भगवान् **वर्द्धमानस्वामी** ग्रामानुग्रामं विचरन् **वैशाल्यां** नगर्यां स्मरायतनेऽवग्रहमनुज्ञाप्य वर्षाकालमवस्थितवान् । तत्र स्थितं भगवन्तं प्रतिमाप्रतिपन्नमपश्यत् **जीर्णश्रेष्ठी**। दृष्ट्वा चाहो भगवतो निष्प्रतिकर्म्मशरीरता, निरुपमं किमपि वचनगोचरातीतं परमपदविषयं ध्यानं, असाधारणा जगज्जन्तुवत्सलता मनागपि चेष्टाया अकरणात्, मूर्त्तः खल्वेष संयमराशिः सर्वात्मना गुप्तत्वात्, भावी चैष सम्भाव्यते तीर्थकरः अन्यथैवंविधलक्षणानामयोगादिति विचिन्त्य परमभक्तिपरीतचेता बभूव । भिक्षाटनाकरण-तश्च ज्ञातो भगवतस्तेन चातुर्म्मासिकोऽभिग्रहः, अतिक्रान्ताश्चत्वारो मासाः, प्राप्तो भगवतः पारणकदिवसो, ददृशे भिक्षागोचरं प्रति चलितो भगवान् । समुद्बभूव तस्य पुण्यप्रेरितो निरुपमपुण्यानुबन्धी मनोरथो, यथा "धन्यो-

---

સામગ્રીનો અભાવ હોય, તો કલ્પ્યઅન્નવગેરેદ્રવ્યનું દાન ન હોય તો પણ આ-વિશિષ્ટઅધ્યવસાયરૂપ ભાવોપકારમાં વિરોધ નથી આવતો. દા.ત. જીરણશેઠ. ॥ ૯ ॥

હવે પૂર્વોક્તસ્વરૂપવાળા ભાવોપકારસાથે જ સિદ્ધિના અન્વયવ્યતિરેક છે. તેમ દર્શાવવાની ઇચ્છાવાળા તથા અન્નવગેરેદ્રવ્યના દાનમાત્રરૂપ દ્રવ્યોપકારસાથે સિદ્ધિને વ્યભિચાર=અનેકાન્ત છે- સિદ્ધિના અન્વયવ્યતિરેક નથી તેમ દર્શાવવાની ઇચ્છાવાળા મૂળકાર દૃષ્ટાન્ત બતાવે છે-

*ગાથાર્થ* :- અહીં જીર્ણશ્રેષ્ઠી અને અભિનવશ્રેષ્ઠી આ બે શ્રેષ્ઠી ઉદાહરણરૂપ છે. જિનેન્દ્ર(=મહાવીરસ્વામી)ના પારણાવખતે તે બન્નેના દાનના અભાવમાં અને દાનની હાજરીમાં ક્રમશઃ વિધિભક્તિના સદ્ભાવ અને અસદ્ભાવથી (ભાવોપકારનો સદ્ભાવ અને અસદ્ભાવ હતો.) કેમકે એકસ્થળે દાન ન હોવા છતાં વિધિભક્તિ હતી. અને અન્યત્ર દાન હોવા છતાં વિધિભક્તિ ન હતા. તેથી ત્યાં વિધિભક્તિ જ મોક્ષના અંગ=કારણ બન્યા, નહિ કે વિધિ-ભક્તિ વિનાનું દ્રવ્યદાનમાત્ર. ॥ ૧૦ ॥

### *(જીર્ણશ્રેષ્ઠી-અભિનવશ્રેષ્ઠીનું દૃષ્ટાન્ત)*

*ગાથાર્થ* :- વૈશાલીનગરીમાં સ્મરાયતન=કામદેવના મંદિરમાં જિન=ભગવાન મહાવીરસ્વામીનું ચોમાસું થયું. ત્યાં કાયોત્સર્ગ-પ્રતિમામાં રહેલા ભગવાનના શ્રેષ્ઠીએ દર્શન કર્યા. તે દર્શનથી અત્યંત ભક્તિ ઉત્પન્ન થઇ અને ચોમાસા પછી પારણાના દિવસે મનોરથ ઉત્પન્ન થયો. "જો ભગવાન મારા ઘરે પારણું કરે, તો હું કૃતપુણ્ય=પુણ્યશાલી થાઉં." પણ ભગવાન પારણામાટે અન્ય ઘરે પ્રવેશ્યા અને ત્યાં યાદૃચ્છિક દાન થયું (ભક્તિભાવવિનાનું દાન થયું.) તથા ધનની વૃષ્ટિ થઇ. લોકોમાં પણ કૃતપુણ્યતરીકે પ્રશંસા થઇ. તેજ દિવસે કેવલીભગવંત આવ્યા. તેમને લોકોએ પૂછ્યું. "આ નગરીમાં કોણ પુણ્યવાન છે ? કેવલીએ કહ્યું-'જીર્ણશ્રેષ્ઠી'. આ બે ગાથાનો અક્ષરાર્થ થયો. ૧૧-૧૨.

ऽहमस्मि यदि भगवान् मम गृहे पारणकं करोति" । तत एवं सञ्जातमनोरथस्त्वरितमेव स्वगृहमागत्य प्रवृद्धशुभशुभतरभावनाको भगवन्तमागच्छन्तमीक्षितुं प्रावर्त्तिष्ट । अचिन्तयच्च–इहेदानी किलागच्छति इहेदानी किलागच्छतीति । भगवांश्चादीनमनस्को यथास्थितगोचरस्थित्या परिभ्रमन् **अभिनवश्रेष्ठीगृहे** प्राविशत् । सोऽपि चाभिनवश्रेष्ठी भगवन्तमागच्छन्तमालोक्य भद्रकभावेन यदृच्छया कुल्माषादिभोजनमदापयत्। ततः पात्रविशेष-प्रभावतः प्रादुरभूवन् नभसि चेलोत्क्षेपादीनि दिव्यानि । निपतिता अर्द्धत्रयोदशहिरण्यकोटयः। जाता चाभिनवश्रेष्ठिनो लोकतः प्रशंसा–अहो कृतपुण्योऽयमिति । जीर्णश्रेष्ठ्यपि भगवतः पारणकं संवृत्तमाकर्ण्य नागमद्भगवान्मद्गृहमि-त्यवस्थितपरिणामो बभूव । भगवानपि ततः स्थानात्क्षेत्रान्तरं विजहार। अथ च तस्मिन्नेव दिने **भगवत्पा–र्श्वनाथसन्तानवर्ती** मुनिरुत्पन्नकेवलज्ञानदर्शनो वैशाल्यामागच्छत् । विदितश्च लोकेनागतः । समस्तोऽपि लोकस्तस्य समीपमाययौ । वन्दित्वा विस्मितचेता वसुधारावृत्तान्तमपृच्छत्। यथा–भगवन्नत्र कोऽस्यां नगर्यां कृतपुण्य इति, भगवानुक्तवान्–**जीर्णश्रेष्ठी** । लोक उवाच–भगवन् ! न तस्य गेहे भगवान् पारणकं कृतवान्, न च वसुधारा निपतिता, ततः कथं स पुण्यवानिति। केवल्यवादीत्–कारितो भगवान् भावतस्तेन पारणम्, अपि चेदृशः खलु तस्य परिणामस्तदानीमजायत, यदि स्तोकवेलायां(लया?) भगवतः पारणकवृत्तान्तं नाश्राविष्ट (नाऽश्रोष्यत्), ततः प्रवर्द्धमानसंवेगतया क्षपकश्रेणिमारुह्य केवलज्ञानमवाप्स्यत् परं पारणकवृत्तान्तं श्रुत्वा झटित्येवावस्थितपरिणामः समजनि। अपि च–प्राप्तं तेन श्रद्धातिशयतो निरुपहतं मोक्षबीजम्, अतो महत्तमपुण्यस्कन्धार्ज्जनेन स एवास्यां नगर्यां सुपुण्यो, यस्त्वभिनवश्रेष्ठी । स भगवतो दानं दापयन्नपि मन्दपरिणामत्वान्न सुपुण्यो, यच्च वसुधारानिपतनं तदेकजन्मिकत्वान्न महदिति ॥ तदेवं यतः स्वपरयोः सम्यक्त्वादिषु संस्थापनरूपाद्भावोपकारादेव सिद्धिः, नान्यस्माद्, अत आचार्योऽपि भव्यजन्तूनुपचिकीर्षुरत्रैव भावोपकारे प्रवृत्तिमातन्वानो यथेदं प्रकरणमारम्भणीयं भवति तथा प्रतिपादयन्नाह––

सम्मत्तादिसु जम्हा संठवणं होइ जिणुवदेसातो ।
सो अपरिमिओ उ तओ सुहगम्मं किंपि वोच्छामि ॥ १३ ॥

(सम्यक्त्वादिषु यस्मात्संस्थापन भवति जिनोपदेशात् । सोऽपरिमितस्तु, ततः सुखगम्यं किमपि वक्ष्यामि ॥ )

यस्मात्सम्यक्त्वादिषु स्वपरयोः संस्थापनं जिनोपदेशाद्भवति, 'स च' जिनोपदेशः सूत्रतोऽर्थतश्चापरिमितो नाल्पमेधोभिरिदानीतनजनैरवगाढुं शक्यते, अतस्तदुपकाराय जिनोपदेशादुद्धृत्य सुखगम्यं किमपि वक्ष्यामि ॥ १३ ॥ यत्कथंभूतमित्याह––

मेधामतिपरिहीणावि, जमिह णाऊण चरणरयणस्स ।
होन्ति परिवालणखमा तत्तो मोक्खं च पावंति ॥ १४ ॥

(मेधामतिपरिहीणा अपि यदिह ज्ञात्वा चरणरत्नस्य । भवन्ति परिपालनक्षमास्तस्माच्च मोक्षं प्राप्नुवन्ति ॥ )

विशिष्टो ग्रन्थग्रहणपटुरात्मनः परिणामविशेषो मेधा, सहजस्तु मतिः ताभ्यां परीहीणा अपि यत् ज्ञात्वा

---

હવે સંક્ષેપથી કથા કહેવાદ્વારા ભાવાર્થ બતાવે છે– ગ્રામાનુગ્રામ વિહાર કરતા ભગવાન મહાવીરસ્વામીએ એકવખત વૈશાલીનગરી પાવન કરી. અને ત્યાં ત્રિલોકનાથે સ્મરાયતન=કામદેવના મંદિરમાં અવગ્રહની અનુજ્ઞા લઈ ચોમાસું કર્યું. ત્યાં જીર્ણશ્રેષ્ઠીએ સર્વત્ર અપ્રતિબદ્ધ પરમાત્માને પ્રતિમા સ્વીકારીને રહેલા જોયા. પરમાત્માના દર્શનથી લઘુકર્મી તે શેઠનું હૈયું બહુમાનથી ભારે થઇ ગયું. અને વિચારવા લાગ્યા. "અહો! ભગવાનનો દેહપ્રત્યે ગજબનો નિષ્પ્રતિકર્મભાવ છે (=અલ્પ પણ દેહની પરવા નથી) અહો ! ભગવાનનું અકલ્પ્ય, અવર્ણનીય નિરૂપમ પરમપદવિષયક ધ્યાન! અહો ! ભગવાનનો જગતના જીવોપ્રત્યે અસાધારણ વાત્સલ્યભાવ છે કે જેથી શરીરને સાવ નિષ્ક્રિય બનાવી દીધું છે. સંપૂર્ણપણે ગુપ્ત (મન, વચનકાયાની અખંડ ગુપ્તિને ધારતા) હોવાથી ભગવાન સાક્ષાત 'જ સંયમરાશિ=સંયમરૂપ છે, ચોક્કસ આ ભવિષ્યમાં તીર્થંકર થશે, તેમ સંભાવના થાય છે, કેમકે તે વિના આવા પ્રકારના લક્ષણો સંભવી શકતા નથી."આવા પ્રકારના વિચારોએ તે શ્રેષ્ઠીના હૃદયને પરમભક્તિના ભાવથી" ભરી દીધું. ભગવાન તો ચોમાસામાં એક પણ દિવસ ગોચરીમાટે નીકળતા જ ન હતાં, તેથી શ્રેષ્ઠી સમજી ગયા કે, ભગવાને ચાતુર્માસિક અભિગ્રહ ધારણ કર્યો છે. ચારે મહિનાના ચોવિહારા ઉપવાસ લગાવી દીધા છે. ચાર મહિના પૂરા થઇ ગયા. ભગવાનના પારણાનો દિવસ આવી ગયો. શ્રેષ્ઠીએ જોયું– ભગવાન ગોચરીએ નીકળ્યા છે. અને શ્રેષ્ઠીના પ્રબળ પુણ્યોદયે (શ્રેષ્ઠીના મનમાં) નિરુપમ પુણ્યાનુબંધમાં કારણભૂત મનોરથ પ્રગટ્યો કે "જો ભગવાન મારા ઘરે પારણું કરેતો હું ખરેખર ધન્ય બની જાઉં." આ મનોરથ માત્ર મનોરથ ન રહેતા કાર્યરત બન્યો. ઉત્પન્ન થયેલા સુભગમનોરથવાળા તે શેઠ તરત જ ઘરે ગયા. અને ભાવનાનાવનું લંગર ઉપડી જતા, પ્રત્યેક ક્ષણે શુભભાવના વધુને વધુ પ્રબળ બનવા માંડી. ભાવનાનો વેગ તીવ્રતર, તીવ્રતમ થવા માંડ્યો અને પધારતા ભગવાનના દર્શનની ચાતકનજરે રાહ જોવા માંડી અને વિચારતા હતા કે "હમણા અહીં ભગવાન આવશે, હમણા અહીં ભગવાન આવશે" પણ અદીનમનવાળા, તથા ભક્તિ–અભક્તિમાં સમાનચિત્તવાળા ભગવાન તો યથાસ્થિત ગોચરસ્થિતિથી ભમતા

*'इह'* जगति *चरणं*–मूलगुणादिरूपं वक्ष्यमाणं तदेव सर्वोत्तममुक्तिपदाविकलनिबन्धनत्वात् रत्नमिव रत्नं तस्य परिपालने *क्षमाः*–समर्था भवन्ति, तस्माच्च यथोक्तविधिपरिपालनेन प्रकर्षप्राप्ताच्चरणरत्नाद् *मोक्षम्*–अशेषकर्म्मांशापगमलक्षणं प्राप्नुवन्ति तदहं वक्ष्यामीति सम्बन्धः ॥ १४ ॥ इदानीं यथैतत् वक्ष्यमाणं प्रेक्षावतामुपादेयं भवति, तथोपपिपादयिषुर्जिनवचनं तावत् स्तवीति––

**मिच्छत्तसेलकुलिसं अण्णाणतमोहभक्खरब्भूतं ।**
**चरणरयणायरनिभं अचिंतचिंतामणीकप्पं ॥ १५ ॥**

**(मिथ्यात्वशैलकुलिशमज्ञानतमओघभास्करभूतं । चरणरत्नाकरनिभमचिन्त्यचिंतामणिकल्पम् ॥)**

---

ભમતા અભિનવ શેઠને ઘરે પ્રવેશ્યા. તે અભિનવ શેઠે પણ ભગવાનને પધારેલા જોઇ ભદ્રક પરિણામથી યદૃચ્છાથી=તેવા પ્રકારના ભક્તિના પરિણામ વિના ભગવાનને કુલ્માષ=અડદવગેરેનું ભોજન અપાવ્યું. તેથી તીર્થંકરરૂપ શ્રેષ્ઠપાત્રના પ્રભાવે આકાશમાં વસ્ત્રવૃષ્ટિવગેરે પાંચ દિવ્ય પ્રગટ્યા. અને સાડાબાર કરોડ સુવર્ણની વૃષ્ટિ થઇ. આ જોઇને લોકોમાં અભિનવ શેઠની પ્રશંસા થઇ કે 'અહો આ કૃતપુણ્ય છે' જીર્ણશેઠે પણ 'ભગવાનનું પારણું થઇ ગયું' તેમ સાંભળ્યું. તેથી 'ભગવાન મારે ઘરે ન પધાર્યા' એવા ભાવથી પરિણામ વધતા અટકી ગયા. તે પછી ભગવાન પણ અન્યત્ર વિહાર કરી ગયા. તેજ દિવસે જોગાનુજોગ પાર્શ્વનાથ ભગવાનના સંતાનીય(=પરંપરામાં થયેલા) કેવલજ્ઞાન અને કેવલદર્શનના ધારક મુનિભગવંત વૈશાલી નગરીમાં પધાર્યા. લોકોને ખબર પડી કે 'કેવલી ભગવંત પધાર્યા છે.' તેથી બધા જ લોકો તેમની પાસે આવ્યા. વંદન કર્યા પછી વિસ્મિતચિત્તવાળા લોકોએ ધનવૃષ્ટિવગેરેનો વૃત્તાંત કહ્યો અને પૂછ્યું 'હે ત્રૈલોક્યદર્શી ભગવન્ ! આ નગરમાં શ્રેષ્ઠ પુણ્યશાળી કોણ છે?' જ્ઞાનદીપક પરમાત્માએ ફરમાવ્યું 'જીર્ણશેઠ શ્રેષ્ઠ પુણ્યશાલી છે.'લોકોએ કહ્યું–'હે ભગવન્! ભગવાને તેમના ઘરે પારણું કર્યું નથી. અને તેમના ઘરે ધનની વૃષ્ટિ પણ થઇ નથી, તો પછી તે કેવી રીતે પુણ્યશાલી?' કેવલીએ કહ્યું 'તે જીર્ણશેઠે ભગવાનને ભાવથી પારણું કરાવ્યું છે. તથા આ શેઠને એવો શુભ પરિણામ ઉત્પન્ન થયો હતો કે, જો અલ્પકાળ પણ ભગવાનના પારણાનો વૃત્તાંત તેણે સાંભળ્યો ન હોત, તો જરૂર પ્રવર્ધમાનસંવેગના કારણે તે જીર્ણશેઠે ક્ષપકશ્રેણિ માંડી હોત, અને કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું હોત, પરંતુ પારણાના સમાચાર સાંભળી જલ્દીથી તેમના પરિણામ સ્થિર થઇ ગયા. વળી શ્રદ્ધાના અતિશયથી આ જીર્ણશેઠે અવન્ધ્ય મોક્ષબીજ પ્રાપ્ત કર્યું છે. આમ ઉત્કૃષ્ટ પુણ્યસમુદાય પ્રાપ્ત કર્યો હોવાથી આ નગરમાં તે જ સુંદર પુણ્યવાળા છે. અભિનવશેઠે ભગવાનને દાન અપાવ્યું હોવા છતાં તેના પરિણામ મન્દ હોવાથી તે સુંદર પુણ્યવાળા નથી, અને ધનવૃષ્ટિ તો એક જન્મમાં લાભકારી હોવાથી મહત્ત્વની નથી.' લોકોને તત્ત્વનો પ્રકાશ થયો.

આ પ્રમાણે સ્વ અને પરને સમ્યક્ત્વઆદિમાં સંસ્થાપન કરવારૂપ ભાવોપકારથી જ સિદ્ધિ થાય છે. નહિંકે દ્રવ્યોપકારથી. તેથી ભવ્યજીવોપર ઉપકાર કરવાની ભાવનાવાળા આચાર્ય (=મૂળકાર) પણ આ ભાવોપકારમાં પ્રવૃત્તિ કરે છે અને ભાવોપકારસાધકપ્રવૃત્તિ તરીકે જે રીતે આ પ્રકરણનો આરંભ કરવા યોગ્ય છે તે રીતે પ્રતિપાદન કરતા કહે છે.

*ગાથાર્થ* :– સ્વ અને પરની સમ્યક્ત્વવગેરેમાં સ્થાપના જિનઉપદેશથી=જિનેશ્વરના વચનોથી જ શક્ય છે. પણ આ જિનવચન સૂત્રથી અને અર્થથી અપરિમિત છે. વર્તમાનકાલીન મંદબુદ્ધિજીવો આ - અપરિમિત જિનવચનસાગરમાં અવગાહન કરી શકે તેમ નથી. તેથી હું આ જીવોના ઉપકારમાટે જિનેશ્વરના ઉપદેશમાંથી ઉદ્ધાર કરી સુખેથી સમજી શકાય તેવું કંઇક કહીશ ('મારો આ પ્રયાસ ખાસ કરીને મંદબુદ્ધિવાળા જીવોના ઉપકાર અંગે છે.' એવો ભાવ છે.) ॥૧૩॥ (*શંકા* :– જો વર્તમાનકાલીન જીવો મંદબુદ્ધિ હોય, તો તેઓને ઉપદેશ આપવાથી સર્યું. કેમકે તેઓને જે ઉપદેશ અપાશે તે કંઇ ભગવાને કહેલા ઉત્કૃષ્ટ માર્ગરૂપ નહિ હોય. અને સુખેથી સમજી શકાય તેવા ઉપદેશથી અને સુખેથી આરાધી શકાય, તેવા સમ્યક્ત્વવગેરેના અનુષ્ઠાનોથી કંઇ મોક્ષ પ્રાપ્ત થાય નહિ. આવી શંકાના સમાધાનમાં કહે છે–)

આ ઉપદેશ કેવો છે? તે બતાવે છે–

*ગાથાર્થ* :– મેધા અને મતિથી વિકલ એવા આધુનિક જીવો જે (=અમે જે ઉપદેશ આપવાના છીએ) ઉપદેશથી જ્ઞાન મેળવીને આ જગતમાં ચારિત્રરૂપરત્નને પાળવા સમર્થ થાય છે. અને તેનાથી મોક્ષ પામે છે. મેધા=ગ્રન્થને સમજવામાં કુશળ અને જ્ઞાનાવરણના ક્ષયોપશમરૂપ વિશિષ્ટ આત્મપરિણામ. મતિ=આત્માનો સહજ પરિણામ. ચરણ=આગળ બતાવવામાં આવશે તેવા મૂળગુણો. આ ચારિત્ર સર્વશ્રેષ્ઠ મોક્ષસ્થાનની પ્રાપ્તિનું અવિકલ કારણ હોવાથી રત્નતુલ્ય છે. અલબત્ત, વર્તમાનકાલીન ચારિત્રાદિઅનુષ્ઠાનો સાક્ષાત્ મોક્ષદ નથી બનતા, છતાં પણ અમે આપેલા સુખગમ્ય ઉપદેશના જ્ઞાનથી વર્તમાનકાલીન જીવો વર્તમાનકાલયોગ્ય ચારિત્રાદિ પાળવા અવશ્ય સમર્થ બને જ છે. અને યથોક્તવિધિથી પાળેલા આ ચારિત્રવગેરે વિશિષ્ટતર–પ્રકૃષ્ટતર ચારિત્રની પ્રાપ્તિમાં હેતુ બને છે. અને તે જીવ સર્વકર્મના નાશરૂપ મોક્ષ પામે જ છે. તેથી આધુનિક મંદબુદ્ધિજીવોને આપેલો સુખગમ્ય ઉપદેશ નિરર્થક નથી. પણ ભાવોપકારરૂપ છે–એવું તાત્પર્ય છે. આવો ઉપદેશ હું (=આચાર્ય) આપીશ. એવો પૂર્વની ગાથા સાથે સંબંધ છે. ॥૧૪॥

હવે કહેવાવાનો ઉપદેશ પ્રેક્ષાવાન પુરુષને ઉપાદેય=આદરણીય બને, તેવું સિદ્ધ કરવાની ઇચ્છાથી આચાર્ય જિનવચનની સ્તુતિ કરે છે–

सिवसुहफलकप्पतरुं जहट्ठियासेसणेयपडिबद्धं ।
णाणानओहगहणं जिणवयणं तिहुयणपसिद्धं ॥ १६ ॥ (युग्मम्)

( शिवसुखफलकल्पतरुः, यथास्थिताशेषज्ञेयप्रतिबद्धम् । नानानयौघगहनं जिनवचनं त्रिभुवनप्रसिद्धम् ॥)

*मिथ्यात्वम्*–अतत्त्वादिषु तत्त्वाद्यभिनिवेशः तदतिदुर्लङ्घ्यतया *शैल इव* मिथ्यात्वशैलस्तद्भेदे अप्रतिहत–शक्तितया कुलिशमिव *कुलिशं* मिथ्यात्वशैलकुलिशम् । अज्ञानं–विशिष्टसंविदभावस्तदेवाप्रतिपत्तिहेतुत्वसाम्यात्तम–ओघ इव अज्ञानतमओघः, तद्विध्वंसने भास्करभूतं *अज्ञानतमओघभास्करभूतम्* । चरणं व्रतादि, उक्तं च–[1]"वयसमणधम्मसंजमवेयावच्चं च बंभगुत्तीओ । नाणाइतियं तवकोहनिग्गहा इइ चरणमेयं ॥१॥" इति तदेव मुक्तिहेतुतया रत्नमिव चरणरत्नं तस्य *आकरनिभमन्यत्र* तदसंभवात् चरणरत्नाकरनिभम् । तथा अचिन्त्य–चिन्तामणिकल्पं चिन्तातिक्रान्तानाबाधसकलदेशकालावलम्बिवस्तुस्तोमावगमनिबन्धनत्वात् । तदुक्तम् [2]*अब्भुयतरमिह एत्तो अन्नं किं अत्थि जीवलोगम्मि?। जं जिणवयणेणत्था तिकालजुत्तावि नज्जंति ॥१॥"* त्ति तथा

---

## (જિનવચનની સ્તુતિ)

*ગાથાર્થ* :– મિથ્યાત્વરૂપપર્વતમાટે વજ્રસમાન, અજ્ઞાનરૂપઅંધકારસમુદાયમાટે સૂર્યતુલ્ય, ચરણ=ચારિત્રરૂપ રત્નની ખાણ જેવું, અચિન્ત્યચિંતામણિસદૃશ, મોક્ષસુખરૂપ ફળમાટે કલ્પવૃક્ષ, યથાસ્થિત અશેષ જ્ઞેયપદાર્થોસાથે સંબદ્ધ, અનેક નયોના સમૂહથી ગહન બનેલું જિનવચન ત્રણ ભુવનમાં=ત્રણ લોકમાં વિખ્યાત છે. ॥૧૫॥૧૬॥

મિથ્યાત્વ=અતત્ત્વવગેરેમાં તત્ત્વવગેરેરૂપે પકડ. આ મિથ્યાત્વનું ઉલ્લંઘન કરવું એ કપરું કામ છે. માટે મિથ્યાત્વને પર્વતની ઉપમા આપી. જિનવચન આ મિથ્યાત્વને ભેદવાની સચોટ શક્તિથી વજ્રસમાન છે. તેથી જિનવચનને વજ્રની ઉપમા આપી. અજ્ઞાન=વિશિષ્ટજ્ઞાનનો અભાવ. અંધકારની જેમ અજ્ઞાન પણ બોધ થવા દેતું નથી. આમ અબોધમાં હેતુ તરીકેની સામ્યતાથી અજ્ઞાનને અંધકારસાથે સરખાવ્યું. સૂર્ય જેમ અંધકારને ભેદે છે, તેમ જિનવચન અજ્ઞાનને ભેદે છે. માટે જિનવચનને 'ભાસ્કર' શબ્દથી નવાજ્યું. ચરણ=વ્રતવગેરે. કહ્યું જ છે કે, *'વ્રત, શ્રમણધર્મ, સંયમ, વૈયાવચ્ચ, બ્રહ્મચર્યની ગુપ્તિઓ, જ્ઞાનાદિત્રિક (દર્શન, જ્ઞાન, ચારિત્ર) તપ અને ક્રોધનો નિગ્રહ આ ચરણ છે.'* ચારિત્ર મોક્ષમાં કારણ હોવાથી રત્ન સમાન છે. આ ચરણરત્ન જિનવચનને છોડી અન્યત્ર પ્રાપ્ત થતું નથી. માટે જિનવચનને 'ચરણરત્નાકર' તુલ્ય ઓળખાવ્યું. વળી ચિન્તા=મનનો વિષય ન બને તેવી સકલદેશને અને સકળકાળને આશ્રયીને રહેલી તમામ વસ્તુઓનો બાધા વિના=સુખેથી બોધ થવામાં કારણભૂત હોવાથી જિનવચનને અચિન્ત્યચિન્તામણિતુલ્ય કહ્યું. કહ્યું જ છે કે, *'આને છોડી આ જીવલોકમાં બીજું શું અદ્ભુત છે?, જિનવચનદ્વારા ત્રણેકાળમાં રહેલા પણ અર્થો=પદાર્થોનો બોધ થાય છે.'*

જેઓ શિવ=મોક્ષના સુખરૂપ ફળની પ્રાર્થના કરે છે તેઓને અમોઘશક્તિના કારણે તે ફળ અવશ્ય આપનારું હોવાથી જિનવચન કલ્પવૃક્ષતુલ્ય છે. તથા આ જિનવચન (તેના વિષયભૂત) સઘળા જ્ઞેયપદાર્થોસાથે વાચ્યવાચકભાવ સંબંધથી સંકળાયેલું છે.

*શંકા* :– 'જિનવચન અચિન્ત્યચિન્તામણિતુલ્ય છે.' તેમ કહેવામાત્રથી અર્થથી 'જિનવચન સઘળા જ્ઞેયસાથે વાચ્યવાચકભાવસંબંધથી સંકળાયેલું છે' તેમ સિદ્ધ થઇ જાય છે..

*તાત્પર્ય* :– તમે જ એવી વ્યાખ્યા કરી કે, 'જિનવચન વસ્તુસમુદાયનો સુખેથી બોધ કરાવતું હોવાથી અચિન્ત્યચિંતામણિતુલ્ય છે.' આ અર્થના સામર્થ્યથી જ એવો બોધ થઇ જાય છે કે, 'જિનવચન અશેષ વસ્તુસમુદાયસાથે વાચ્યવાચકભાવ સંબંધ ધરાવે છે. અન્યથા આ સંબંધ વિના, આ સંબંધથી જ થતો અશેષવસ્તુસમુદાયનો બોધ થઇ શકે નહિ. તેથી 'જહઠ્ઠિય' વિશેષણ પુનરુક્તિરૂપ હોઇ નકામું છે.

*સમાધાન* :–આ વિશેષણ કુમતનો વ્યવચ્છેદ કરતું હોવાથી સાર્થક છે. એવો પણ એક કુમત છે કે, 'શબ્દ અવસ્તુવિષયક હોવા છતાં પણ વસ્તુના અધ્યવસાયમાં કારણ છે.' અર્થાત્ જો કે, શબ્દથી વસ્તુનો અધ્યવસાય થાય છે, છતાં પણ વસ્તુ શબ્દનો વિષય નથી. શબ્દ અને વસ્તુ વચ્ચે સંબંધ નથી. જ્ઞાનવાદી બૌદ્ધાચાર્યે અપોહનિરૂપણના આરંભશ્લોકમાં કહ્યું છે કે *'જે (સકળદોષદુષ્ટમનોના) વિજયીએ (=બુદ્ધે) જગતને તત્ત્વવિકલ અને આરોપિતમાત્ર જે તત્વ (=અપોહ) કહ્યું છે.'* ઇત્યાદિ. અહીં શબ્દના વિષયતરીકે નિસ્તત્વ અને કલ્પિત અપોહ જ બતાવ્યો. આમ શબ્દને અવસ્તુવિષયક બતાવ્યો. આમ શબ્દ અને અર્થવચ્ચે સંબંધ નહિ સ્વીકારનાર બૌદ્ધોના મતનો વ્યવચ્છેદ કરવાદ્વારા 'યથાસ્થિત અશેષજ્ઞેયપ્રતિબદ્ધ' વિશેષણપદ સાર્થક નીવડે છે.

## (શાબ્દજ્ઞાન નિર્વિષયક હોવાથી અપ્રમાણ–બૌદ્ધ)

અહીં બૌદ્ધમત દર્શાવી તેનું નિરાકરણ કરે છે.

---

1. व्रतश्रमणधर्मसंयमवैयावृत्त्यं च ब्रह्मगुप्तयः । ज्ञानादित्रिकं तपःक्रोधनिग्रहा इति चरणमेतत् ।
2. अद्भुततरमिह एतस्मादन्यत् किमस्ति जीवलोके ? यज्जिनवचनेनार्थास्त्रिकालयुक्ता अपि ज्ञायन्ते ॥१॥

*शिवो*–मोक्षस्तस्मिन् यत्सुखं तदेव *फलं* तस्य प्रार्थ्यमानस्य अवन्ध्यशक्तियुक्ततया *कल्पतरुरिव* शिवसुखफलकल्पतरुः। *'जहट्ठियासेसनेयपडिबद्धंति'* यथास्थितैरशेषैर्ज्ञेयैस्तद्गोचरैः सह वाच्यवाचकभावसंबन्धेन प्रतिबद्धं–संबद्धं यथास्थिताशेषज्ञेयप्रतिबद्धम् । नन्वचिन्त्यचिन्तामणिकल्पमित्यनेनैव गतार्थत्वादपार्थकमिदं विशेषणम् । यथाहि–अचिन्त्यचिन्तामणिकल्पत्वमनाबाधवस्तुस्तोमावगमनिबन्धनत्वं व्याख्यातं तथाच सति सामर्थ्यादवगम्यत एव अस्य यथास्थिताशेषज्ञेयप्रतिबद्धत्वम्, अन्यथा तन्निबन्धनस्य वस्तुस्तोमावगमस्यानाबाधकत्वायोगादिति, न, कुनयमतव्यवच्छेदफलतयाऽस्य सार्थकत्वात् । अस्ति ह्येवंविधमपि कुनयमतं यदवस्तुविषयोऽपि वस्त्वध्यवसायनिबन्धनं शब्द इति। *तदुक्तम्*—[1]*"यदेव च वदन्निस्तत्त्वमारोपितम् । यस्तत्त्वं जगते जगाद विजयीति"* । अतस्तद्व्यवच्छेदार्थमिदं विशेषणमिति । एतेन यदुच्यते–*"प्रमेयं हि वस्तु परिच्छिन्नं प्रापयत्प्रमाणमुच्यते,* प्रमेयं च विषयः प्रमाणस्येति प्रामाण्यं विषयवत्तया व्याप्तं, ततो यद्विषयवन्न भवति, न तत्

---

*બૌદ્ધ :*"પ્રમેય વસ્તુને પરિચ્છિન્નઅવસ્થા(જ્ઞાનાત્મક સચોટપણું) પ્રાપ્ત કરાવે તે પ્રમાણ" અર્થાત્ બોધ્ય વસ્તુનો જે સચોટ બોધ કરાવે, તે જ પ્રમાણ છે. (જ્યારે વસ્તુ જ્ઞાનયોગ્ય હોય, ત્યારે પ્રમેય=જ્ઞેયઅવસ્થામાં છે, અને જ્યારે વસ્તુનું યોગ્ય જ્ઞાન થયું હોય, ત્યારે વસ્તુ પરિચ્છિન્ન=જ્ઞાતઅવસ્થામાં આવે છે. પણ વસ્તુ સ્વયં જ્ઞેયઅવસ્થામાંથી જ્ઞાતઅવસ્થામાં આવી શકવા સમર્થ નથી. વસ્તુ સ્વયં પોતાનું જ્ઞાન કરાવવા સમર્થ નથી, તેથી વસ્તુને જ્ઞાતઅવસ્થામાં આવવા પ્રમાણની જરૂર પડે છે. પ્રમાણનું આ જ કાર્ય છે, જ્ઞેય વસ્તુને જ્ઞાત બનાવવી.) અને પ્રમેય વસ્તુ પ્રમાણનો વિષય હોય છે. આમ પ્રામાણ્ય વિષયવત્તાથી વ્યાપ્ત છે. અર્થાત જે જે પ્રમાણ હોય, તે તે વિષયવાળું જ હોય, જે વિષયવાળું ન હોય તે પ્રમાણ બની શકે નહિ. જેમકે ખપુષ્પનું જ્ઞાન. શાબ્દજ્ઞાન પણ વિષયવાળું નથી તેથી પ્રમાણભૂત નથી. તે નીચે પ્રમાણે.

*(શાબ્દજ્ઞાનની અવિષયવત્તાની સિદ્ધિ)*

જ્ઞાનના વિષય બે પ્રકારના છે. (૧)પ્રત્યક્ષ અને (૨)પરોક્ષ. તેમાં પ્રત્યક્ષવસ્તુ શાબ્દજ્ઞાનનો વિષય બની ન શકે. "જે જ્ઞાતાના જ્ઞાનના પ્રતિભાસદ્વારા સ્ફુટ નીલવગેરે આકારરૂપે જે અર્થ (=વસ્તુ-વિષય)ના અન્વય-વ્યતિરેકનું અનુકરણ કરાય છે, તે અર્થ તે જ્ઞાતાને પ્રત્યક્ષ છે." જે વસ્તુનો જેને અન્વયવ્યતિરેકદ્વારા નીલાદિઆકારરૂપે સ્ફુટ પ્રતિભાસ થાય, તે વસ્તુ તેના માટે પ્રત્યક્ષપ્રમાણનો વિષય બને. પ્રત્યક્ષવિષયનો બોધ આ જ પ્રકારે થાય છે, અન્ય કોઇ પ્રકારે નહિ. અને આ પ્રત્યક્ષવિષયના અન્વય અને વ્યતિરેકને અનુસરનારું સ્ફુટ પ્રતિભાસવાળું જ્ઞાન પ્રત્યક્ષપ્રમાણરૂપ છે, કેમકે તેનો જ્ઞેય(=વિષય)પ્રત્યક્ષ છે. આમ પ્રત્યક્ષઅર્થ અનેક પ્રકારના બોધનો વિષય નથી. તેથી તેને શાબ્દપ્રમાણના વિષયતરીકે કલ્પી શકાય નહિ. વિષયનું જ્ઞાન પ્રત્યક્ષપ્રમાણથી જે પ્રકારે થતું હોય, તેના કરતાં ભિન્ન પ્રકારે જો શાબ્દપ્રમાણથી થતું હોય, તો જ શાબ્દપ્રમાણને પ્રત્યક્ષપ્રમાણથી અલગ સ્વતંત્ર પ્રમાણતરીકે સ્વીકારી શકાય અને પ્રત્યક્ષ વસ્તુનું પ્રત્યક્ષ સિવાય અન્ય કોઇ પ્રકારે જ્ઞાન સંભવતું નથી. તેથી પ્રત્યક્ષવસ્તુ શાબ્દજ્ઞાનના વિષયતરીકે સિદ્ધ નથી. તેજ પ્રમાણે, પરોક્ષ અર્થ પણ શાબ્દજ્ઞાનનો વિષય નથી. "અન્વય અને વ્યતિરેકદ્વારા નિશ્ચિત કરાયેલા તદ્અવિનાભાવી(=અવશ્યસહચારી) પદાર્થના દર્શનથી જ પરોક્ષ અર્થનું જ્ઞાન થાય છે. પરોક્ષઅર્થના જ્ઞાનનો આ જ પ્રકાર છે. *તાત્પર્ય :–* અન્વયવ્યતિરેકથી જે પદાર્થનો જેની સાથે અવિનાભાવ નિશ્ચિત કર્યો હોય, તે પદાર્થના દર્શનથી તે અન્ય પરોક્ષ પદાર્થનું જ્ઞાન થાય. દા.ત. અન્વયવ્યતિરેકદ્વારા ધૂમાડાનો અગ્નિસાથે અવિનાભાવ સિદ્ધ છે. તેથી ધૂમાડાના દર્શનથી અગ્નિનું જ્ઞાન થાય છે. (અવિનાભાવ=નાન્તરીયકતા=ના અભાવમાં ન હોવું. અગ્નિના અભાવમાં ધૂમાડો હોતો નથી. તેથી ધૂમાડાનો અગ્નિસાથે અવિનાભાવ છે.) જો અન્વયવ્યતિરેકથી સિદ્ધ અવિનાભાવ વિના પણ પરોક્ષ અર્થનો બોધ માનવામાં આવે, તો "ધૂમાડાના દર્શનથી જગતની સર્વવસ્તુઓનો બોધ થઇ જવો જોઇએ" ઇત્યાદિરૂપ અતિપ્રસંગ આવે. શાબ્દજ્ઞાનમાં શબ્દના શ્રવણથી પરોક્ષઅર્થનો બોધ કરવાનો છે. પણ આ બોધ તો જ સંભવે, જો શબ્દનો અર્થસાથે અવિનાભાવ(=સહચાર) સંભવતો હોય, આ અવિનાભાવ પણ અન્વયવ્યતિરેકથી જ નિશ્ચિત થાય. તથા શબ્દ અને અર્થ વચ્ચે સંબંધ હોય તો જ અન્વયવ્યતિરેકથી નિશ્ચય પણ થઇ શકે. વળી આ સંબંધ પણ તાદાત્મ્ય કે તદુત્પત્તિ આ બેમાંથી એકરૂપ જ હોવો જોઇએ. હવે, શબ્દનો અર્થસાથે તાદાત્મ્યસંબંધ(=સ્વરૂપનો સ્વરૂપી સાથેનો સંબંધ) તો સ્વપ્નમાં પણ સિદ્ધ નથી. કેમકે ઘટવગેરે વસ્તુઓ ઘટાદિશબ્દોના, કે ઘટાદિશબ્દો ઘટવગેરે વસ્તુઓના સ્વરૂપતરીકે ક્યારેય પ્રતીત થયા નથી. તેથી ઘટાદિશબ્દોનો ઘટાદિઅર્થસાથે તાદાત્મ્ય સંબંધ સંભવતો નથી. "કૃતકત્વ" (કરાયેલાપણું) અને "અનિત્યત્વ"વ્યવસ્થા રૂપે ભિન્ન છે. (=બોધમાં ભિન્નરૂપે ભાસે છે.) છતાં પણ બન્નેવચ્ચે તાદાત્મ્ય છે. (કેમકે કૃતકવસ્તુઓનું કૃતકત્વની જેમ અનિત્યત્વ સ્વરૂપ પણ છે.) તેથી બન્ને વચ્ચે અવિનાભાવ સિદ્ધ છે. અને તેથી એકના જ્ઞાનથી બીજાનું જ્ઞાન થાય છે. પરંતુ શબ્દ અને અર્થ વચ્ચે તો તાદાત્મ્ય અસિદ્ધ છે. તેથી તે સંબંધથી બે વચ્ચે અવિનાભાવ પણ અસિદ્ધ છે. વળી જો શબ્દ અને અર્થ વચ્ચે તાદાત્મ્યનો સ્વીકાર કરવામાં આવે, તો "છરી" શબ્દ બોલતાની સાથે જીભ કપાઇ જાય કે "અગ્નિ" શબ્દના ઉચ્ચારમાત્રથી મુખ બળવા માંડે, અને

---

1. एतत्खण्डं चेदं पद्यम्–बुद्ध्या कल्पिकया विविक्तमपरैर्यद्रूपमुल्लिख्यते, बुद्धिर्नो न बहिर्यदेव च वदन्निस्तत्त्वमारोपितम् । यस्तत्त्वं जगते जगाद विजयी निःशेषदोषद्विषो, वक्तारं तमिह प्रणम्य शिरसाऽपोहः स विस्तार्यते ॥

प्रमाणं, यथा गगनेन्दीवरज्ञानं, न भवति च विषयवत् शाब्दं ज्ञानमिति। **तथाहि**--द्विविधो विषयः, प्रत्यक्षः परोक्षश्च। तत्र न तावत्प्रत्यक्षः शाब्दज्ञानस्य विषयः, यस्य हि प्रतिपत्तुः संबन्धिनो ज्ञानस्य प्रतिभासेन स्फुटाभनीलाद्याकाररूपेण योऽनुकृतान्वयव्यतिरेकोऽर्थः स तस्य प्रत्यक्षः, तस्य च प्रत्यक्षस्यार्थस्यायमेव प्रतिपत्तिप्रकारो नापरः। तदर्थान्वयव्यतिरेकानुविधायि च स्फुटप्रतिभासं ज्ञानं प्रत्यक्षं, प्रत्यक्षज्ञेयत्वात्। तन्नो प्रत्यक्षोऽर्थोऽनेकप्रकारप्रतिपत्तिविषयो, यः शाब्दप्रमाणस्यापि विषयः कल्प्येत। नापि परोक्षोऽर्थस्तस्य विषयो, यतोऽन्वयव्यतिरेकनिश्चिततन्नान्तरीयकार्थदर्शनात्परोक्षस्यार्थस्य प्रतिपत्तिः, यथा धूमदर्शनाद् वह्नेः, अन्यथाऽतिप्रसङ्गात्। न चार्थेन सह शब्दस्य नान्तरीयकता अन्वयव्यतिरेकाभ्यां निश्चिता, प्रतिबन्धाभावात्, तादात्म्यतदुत्पत्त्यनुपपत्तेः । **तथाहि**–अर्था बाह्या घटादयो न रूपं शब्दानां, नापि शब्दो रूपमर्थानां, तथाप्रतीतेरभावत्, तत्कथमेषां तादात्म्यं ? येन कृतकत्वानित्यत्वयोरिव व्यवस्थातो भेदेऽपि नान्तरीयकता स्यात् । अपि च तादात्म्याभ्युपगमे क्षुरिकानलाचलादिशब्दोच्चारणे वदनपाटनदहनपूरणादिदोषप्रसङ्गः, तन्नायमभ्युपगमः श्रेयान्। नापि तदुत्पत्त्यभ्युपगमः, वस्तुनः शब्दोत्पत्तावकृतसंकेतस्यापि पुंसः प्रथमपनसदर्शने सति तच्छब्दोच्चारणप्रसङ्गात् । शब्दाच्च वस्तूत्पत्तौ विश्वस्यादरिद्रताप्रसङ्गः, तत एव कटककुण्डलाद्युत्पत्तेः। ततः प्रतिबन्धाभावान्न शब्दस्यार्थेन सह नान्तरीयकतानिश्चयः। तदभावाच्च न शब्दान्निश्चितार्थप्रतिपत्तिर्युक्ता, अपि त्वनिवर्त्तितशङ्कत्वादस्ति नवेति विकल्पितार्थप्रतिपत्तिः। न च विकल्पितमुभयरूपं वस्त्वस्ति यत्प्राप्यं सत् शब्दस्य विषयः स्यात्। प्रवर्त्तमानस्य तु पुरुषस्यार्थस्य पृथिव्याममज्जनादवश्यमन्यत् ज्ञानान्तरं तत्प्रतिपत्तिनिमित्तभूतमुत्पद्यते,*यतः सोऽवाप्यत इति शाब्दज्ञानस्य विषयवत्त्वाभाव इति"* । **तदेतदयुक्तमवगन्तव्यं**, विषयवत्त्वाभावासिद्धेः। परोक्षस्य तद्विषयत्वात् ।यत्पुनरुक्तं–*'नैवार्थेन* सह शब्दस्य

---

'પર્વત' શબ્દ કહેતાની સાથે જ મુખ પૂરાઇ જાય. (કેમકે 'છરી'વગેરે શબ્દો 'છરી'વગેરે અર્થસાથે તાદાત્મ્યથી જોડાયેલા છે, પરંતુ તેમ થતું નથી.) માટે શબ્દનો અર્થસાથે તાદાત્મ્ય સંબંધ સ્વીકારવો શ્રેયસ્કર નથી. તથૈવ, શબ્દનો અર્થસાથે તદુત્પત્તિસંબંધ પણ સ્વીકાર્ય નથી. વસ્તુમાંથી શબ્દ ઉત્પન્ન થતો નથી જો વસ્તુમાંથી શબ્દની ઉત્પત્તિ માનશો તો જેને ફનસ (ફળવિશેષ)નો સંકેત ખબર નથી ('આને ફનસ કહેવાય' એવું જ્ઞાન નથી) એવી વ્યક્તિ પણ પ્રથમવાર ફનસના દર્શન કરતાની સાથે 'ફનસ'શબ્દનો ઉચ્ચાર કરશે. તેમ માનવાનો પ્રસંગ આવશે. (જો વસ્તુના પ્રથમ દર્શનની સાથે જ વસ્તુના શબ્દનો ઉચ્ચાર સંભવિત હોય, તો વસ્તુ અને શબ્દ વચ્ચે તદુત્પત્તિસંબંધ માન્ય થાય.) અથવા જો શબ્દમાંથી વસ્તુની ઉત્પત્તિ થતી હોય, તો આ જગતની ગરીબી કાયમમાટે હટી જાય. કેમકે 'સુવર્ણવલય' 'કુંડળ' વગેરે શબ્દો બોલતાની સાથે જ જાદુઇ ચિરાગની જેમ ટપોટપ તે તે સુવર્ણવલયાદિ વસ્તુ હાજર થઇ જાય, પણ આ પ્રમાણે થતું દેખાતું નથી. તેથી શબ્દમાંથી અર્થની ઉત્પત્તિ અસિદ્ધ છે. તેથી તે રૂપે પણ તદુત્પત્તિ સંબંધ અસિદ્ધ છે. આમ તાદાત્મ્ય કે તદુત્પત્તિ બેમાંથી એકપણ સંબંધ શબ્દ અને અર્થ વચ્ચે વિદ્યમાન નથી. તેથી શબ્દ અને અર્થ વચ્ચે અન્વય-વ્યતિરેકદ્વારા અવિનાભાવ નક્કી થઇ શકતો નથી. અને આ અવિનાભાવના નિશ્ચયના અભાવમાં શબ્દથી નિશ્ચિત અર્થની પ્રતિપત્તિ (=બોધ) સંભવતી નથી. બલ્કે, શંકાનું નિવારણ થતું ન હોવાથી 'તે હશે કે નહિ' એવા વિકલ્પિત અર્થનું જ જ્ઞાન થાય છે. ('ઘટ' શબ્દોચ્ચારથી 'ઘડો છે જ' તેવો નિશ્ચય નથી થતો. પણ ''આ વક્તા 'ઘટ' શબ્દ બોલે છે, તો શું જગતમાં ઘટ જેવી કોઇ વસ્તુ હશે કે નહિ,'' એવો શંકાસ્પદ બોધ જ થાય) અને જેમાં ઉભયરૂપ (અસ્તિત્વરૂપ અને નાસ્તિત્વરૂપ) વિકલ્પિત હોય તેવી કોઇ વસ્તુ વાસ્તવમાં છે જ નહિ. કેમકે વસ્તુમાત્ર સત્ હોવાથી એકમાત્ર અસ્તિત્વરૂપવાળી જ છે.) આમ શબ્દના વિષયતરીકે કોઇ વસ્તુ સિદ્ધ થતી નથી.

*શંકા* :- આમ તો, વક્તા જે જે વસ્તુનો શબ્દોચ્ચાર કરે, શ્રોતાને તે તે વસ્તુ ઉભયરૂપ વિકલ્પિત જ જ્ઞાત થશે. અને તેવી વસ્તુ તો છે જ નહિ. તેથી શ્રોતાને તે તે વસ્તુના અભાવનો નિશ્ચય થશે. તેથી શ્રોતા ક્યારેય પણ સાંભળેલી વસ્તુ અંગે પ્રવૃત્તિ કરશે જ નહિ, કેમકે તેને માટે તો તે વસ્તુ અસત્ છે.

*સમાધાન* :-અલબત્ત, શબ્દશ્રવણથી તો વિકલ્પિતઉભયરૂપવાળી વસ્તુનો જ બોધ થાય, અને તે રૂપે વસ્તુનો અભાવ જ છે. છતાં પણ તે વસ્તુમાં પ્રવૃત્ત થતા પુરુષ માટે કંઇ તે વસ્તુ પૃથ્વીમાં ડૂબી જતી નથી-તે વસ્તુનો અભાવ થઇ જતો નથી. પણ તે વસ્તુ ઉપલબ્ધ થાય જ છે. શબ્દની વસ્તુની ઉપલબ્ધિમાં કારણતા નથી, એ તો ઉપરની ચર્ચાથી સિદ્ધ થાય છે. છતાં શબ્દશ્રવણ પછી પ્રવૃત્તિ કરનાર પુરુષને અર્થની ઉપલબ્ધિ પણ થાય છે. માટે માનવું જ પડશે કે ત્યાં તે વસ્તુની ઉપલબ્ધિ = જ્ઞાનમાં કારણભૂત જ્ઞાનાન્તર ઉત્પન્ન થાય છે. અને તે જ્ઞાનાન્તરથી જ વસ્તુ ઉપલબ્ધ થાય છે. માટે શાબ્દજ્ઞાન વિષયવત્તાના અભાવવાળું=નિર્વિષય હોવાથી પ્રમાણભૂત નથી.

*(શાબ્દજ્ઞાનની વિષયવત્તાની અને પ્રમાણતાની સિદ્ધિ)*

*જૈન* :- બૌદ્ધની આ દલીલ યુક્તિયુક્ત નથી, કેમકે 'શાબ્દજ્ઞાન વિષયવત્તાના અભાવવાળું છે-નિર્વિષય છે' એવું કથન સત્યથી વેગળું છે. કારણ કે પરોક્ષ વસ્તુઓ શાબ્દજ્ઞાનના વિષય છે જ. (બધા જ પરોક્ષ અર્થો માત્ર અનુમાનગમ્ય જ છે તેવો સિદ્ધાંત પ્રમાણસિદ્ધ નથી. પરોક્ષ અર્થોમાં પણ જેટલા પદાર્થો પ્રત્યક્ષઆદિ પ્રમાણસિદ્ધ અર્થસાથે વ્યાપ્તિ ધરાવતા હોય, અને જેઓના વિના સિદ્ધ અર્થ અન્યથાઅનુપપન્ન બનતો હોય, તેવા જ અર્થો અનુમાનયોગ્ય બને. બાકીના પરોક્ષ અર્થો અનુમાનગમ્ય નથી. વળી અર્થોની પ્રત્યક્ષતા કે પરોક્ષતા નિશ્ચિત નથી પણ તે તે પ્રમાતાની અપેક્ષાએ તે તે દેશકાળને આશ્રયીને વસ્તુ પ્રત્યક્ષ કે પરોક્ષ બને છે. વળી સત્ પદાર્થો પ્રત્યક્ષઆદિ સર્વ પ્રમાણોના વિષય બનવા સમર્થ છે. જે વખતે જેવા પ્રકારના પ્રતિભાસનો તે વિષય બને, તેવા પ્રકારના પ્રમાણનો

नान्तरीयकतानिश्चयोऽस्ति, प्रतिबन्धाभावात्, तादात्म्यतदुत्पत्त्यनुपपत्तेरिति' । **तदसमीचीनम्** वाच्यवाचकभावलक्षणेन प्रतिबन्धान्तरेण नान्तरीयकतानिश्चयोपपत्तेः। शब्दो हि विवक्षितबाह्यवस्तुवाचकस्वभावतया तन्नान्तरीयकः ततश्च शब्दान्निःशङ्कितावाधितार्थप्रतिपत्तौ नातोऽस्ति नवेति विकल्पितार्थप्रतिपत्तिः, येन विकल्पितस्याभावात्तदप्रापयत् शाब्दं ज्ञानमविषयं भवेत् । **स्यादेतत्**, यदि वास्तवः संबन्धोऽर्थैः सह शब्दानां तर्हि किमिदानी संकेतेन?; स हि संबन्धो यतोऽर्थप्रतीतिः, स चेद्वास्तवो निरर्थकः संकेतः, तमन्तरेणापि तत एवार्थप्रतीतिसिद्धेः। नहि प्रदीपः स्व-प्रकाश्यप्रकाशने संकेतमपेक्षते इति । **नैष दोषः**, यतो न सम्बन्धो विद्यमान इत्येतावतैवार्थप्रतीतिनिबन्धनं, किंतु स्वात्मज्ञानसहकारी, प्रदीपवदेव, **तथाहि**–यथा प्रदीपः स्वात्मदर्शनसहकारी सन् रूपप्रकाशनस्वभावः, ततोऽसति चक्षुषि न प्रकाशयति, स्वात्मदर्शनसहकार्यभावात्, तथा संबन्धोऽपि स्वात्मज्ञानसापेक्षः सन् प्रतीतिजननस्वभाव इति

---

વિષય બને. દા.ત. પર્વતપર રહેલો અગ્નિ ત્યાં રહેલી વ્યક્તિને પ્રત્યક્ષ પ્રમાણનો વિષય બને. દૂર રહેલી માત્ર ધૂમાડાને જોઇ શકતી વ્યક્તિમાટે અનુમાનનો વિષય બને. અને આ બેમાંથી એક વ્યક્તિ બોલે કે 'પર્વતપર અગ્નિ છે' ત્યારે અંધ જેવી વ્યક્તિ કે જેણે અગ્નિ અને ધૂમાડો આ બન્નેને જોયા નથી, તેના શાબ્દબોધનો વિષય બને. તેથી વિષયના પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે વિભાગ કરી, વિષયના પ્રત્યક્ષ અને અનુમાન એ બે જ પ્રમાણ સ્વીકારવા અને શાબ્દપ્રમાણને નિર્વિષય જાહેર કરવું વ્યાજબી નથી.)

*બૌદ્ધ* :– શબ્દનો અર્થસાથે તાદાત્મ્ય કે તદુત્પત્તિ બેમાંથી એક પણ પ્રકારનો સંબંધ ઘટતો નથી. આમ સંબંધના અભાવમાં શબ્દનો અર્થસાથે અવિનાભાવનો નિશ્ચય થઇ શકે નહિ. અને તેના અભાવમાં શબ્દથી નિશ્ચિત અર્થનો બોધ શી રીતે થશે ?

*સમાધાન* :– તાદાત્મ્ય અને તદુત્પત્તિ આ બેજ સંબંધથી અવિનાભાવનો નિશ્ચય થાય તેવું ક્યાંથી લાવ્યા ? શબ્દ અને અર્થવચ્ચે જે વાચ્યવાચકભાવસંબંધ છે તે સંબંધથી બન્ને વચ્ચેના અવિનાભાવની ઉપપત્તિ થઇ શકે છે. (ઘટાદિ બાહ્યાર્થનો જો સર્વથા અભાવ હોય, તો ઘટાદિશબ્દનો ઘટાદિબાહ્યાર્થવાચકસ્વભાવ અનુપપન્ન બને.) આમ નિશ્ચિત શબ્દનો નિશ્ચિત અર્થસાથે વાચ્યવાચકભાવ સંબંધદ્વારા અવિનાભાવ છે. તેથી શબ્દથી નિઃશંકિત અને અબાધિત અર્થનો બોધ થાય જ છે. તેથી તમે (બૌદ્ધે) જે કહ્યું કે ''શબ્દથી 'તે હશે કે નહિ.' તેવા વિકલ્પિતઅર્થની જ પ્રતિપત્તિ થાય છે.'' એ વાત ખોટી ઠરે છે. અને 'વિકલ્પિત અર્થનો અભાવ હોવાથી શાબ્દજ્ઞાન નિર્વિષય છે' તેવી વાત પણ પોકળ ઠરે છે.

*(સંકેતની આવશ્યકતા)*

*શંકા* :– જો શબ્દોનો અર્થ સાથેનો સંબંધ વાસ્તવિક હોય, અને તે સંબંધમાત્રથી અર્થની પ્રતીતિ થતી હોય, તો સંકેતથી સર્યું. કેમકે સંકેતના અભાવમાં પણ શબ્દ અને અર્થવચ્ચે વાચ્યવાચકભાવ સંબંધ રહ્યો જ છે. આ વાચ્યવાચકભાવ સંબંધ જ અર્થની પ્રતીતિમાં સમર્થ હોય, તો તેને અર્થની પ્રતીતિમાં સંકેતની કોઇ અપેક્ષા નથી. દીવો કંઇ પોતાના પ્રકાશ્ય (=પ્રકાશિત થવા યોગ્ય 'ઘટ'આદિ વસ્તુ)નો પ્રકાશ કરવામાં સંકેતની અપેક્ષા રાખતો નથી. પણ સંકેતથી નિરપેક્ષપણે જ સ્વપ્રકાશ્યને પ્રકાશે છે. પણ લોકમાં તે તે શબ્દનાં તે તે અર્થમાં સંકેતના જ્ઞાન વિના તે–તે શબ્દથી તે–તે અર્થનો બોધ થતો દેખાતો નથી. અને સંકેતથી જ અર્થનો બોધ થતો હોય, તો નિરર્થક એવા વાચ્યવાચકભાવ સંબંધથી સર્યું.

*સમાધાન* :–અહીં તમે બતાવી તેવી આપત્તિ નથી. સંબંધ પોતાની હાજરીમાત્રથી અર્થની પ્રતીતિમાં કારણ બનતો નથી. પરંતુ શ્રોતામાં રહેલા પોતાના=સંબંધના જ્ઞાનનો સહકાર રાખીને જ કારણ બને છે. જેમ દીવો દર્શકમાં રહેલા પોતાના દર્શનરૂપ સહકારીને સાથે રાખીને જ ઘટાદિ બાહ્યાર્થનો પ્રકાશ કરવાના સ્વભાવવાળો છે. તેથી દીવાની હાજરી હોવા છતાં આંખના અભાવમાં દીવો કોઇપણ વસ્તુ દેખાડી શકતો નથી. કેમકે ત્યાં દીવાના દર્શનરૂપ સહકારીની ગેરહાજરી છે. (જે દીવાને જોવા સમર્થ છે તે જ દીવાથી પ્રકાશ્ય વસ્તુને જોઇ શકે છે.) તેમ જે વ્યક્તિને શબ્દ અને અર્થ વચ્ચેના નિશ્ચિત વાચ્યવાચકભાવ સંબંધનો ખ્યાલ હોય તે જ વ્યક્તિને એ સંબંધ નિશ્ચિત અર્થની પ્રતીતિમાં હેતુ બને. કેમકે સંબંધ પણ શ્રોતાગત સંબંધજ્ઞાનને સાપેક્ષ રહીને જ અર્થની પ્રતીતિ કરાવવામાં સમર્થ છે. તેથી આ સંબંધ વાસ્તવિક હોવા છતાં સંકેતવગેરેના અભાવમાં અર્થની પ્રતીતિ કરાવતો નથી. કેમકે સંકેતવગેરેના અભાવમાં આ વાચ્યવાચકસંબંધના સ્વરૂપના જ્ઞાનરૂપ સહકારીનો અભાવ હોય છે. ટૂંકમાં શબ્દથી અર્થની નિશ્ચિત પ્રતિપત્તિમાં વાચ્યવાચકભાવસંબંધ નિયામક છે. વાચ્યવાચકભાવસંબંધની આ નિયામકતા એ સંબંધના સ્વરૂપના જ્ઞાનની અપેક્ષા રાખે છે. અને એ સંબંધના સ્વરૂપનું જ્ઞાન સંકેત વગેરેથી થાય છે.

*શંકા* :– ઘણીવાર સંકેત વિના પણ શબ્દથી અવિપરીતપણે અર્થની પ્રતીતિ થતી દેખાય છે. માટે સંકેતની આવશ્યકતા નથી.

*સમાધાન* :– અહીં વસ્તુતત્વ આ છે.— વાચ્યવાચકભાવસંબંધના સ્વરૂપનું જ્ઞાન તે જ્ઞાનાવરણકર્મના 'ક્ષયથી કે ક્ષયોપશમથી થાય છે. આ ક્ષય કે ક્ષયોપશમ કાંતો (૧) સંકેતથી થાય અથવા (૨) તપથી થાય, કેપછી (૩) ચારિત્રથી થાય અથવા (૪) ભાવનાવગેરેથી થાય. કેટલાકને તપ, સંયમ અને ભાવનાવગેરેથી તે જ્ઞાનાવરણકર્મનો ક્ષય કે ક્ષયોપશમ થાય છે. તેથી સંકેતના અભાવમાં પણ માત્ર શબ્દ કે માત્ર અર્થથી જ શબ્દ અને અર્થવચ્ચેના વાચ્યવાચકભાવ સંબંધનું જ્ઞાન

न संकेताद्यभावेऽर्थप्रतीतिं जनयति, तदा स्वात्मज्ञानसहकार्यभावात्, तत्स्वात्मज्ञानं हि तदाऽऽवरणक्षयक्षयोपशमाभ्यां, तौ च क्षयक्षयोपशमौ संकेततपश्चरणभावनादिजन्यौ, अत एव कदाचित्संकेताभावेऽपि केषाञ्चित् तपश्चरण-भावनादिभ्यः समुत्पन्नतज्ज्ञानाऽऽवरणकर्मक्षयक्षयोपशमभावानां शब्दादर्थाच्च केवलादप्यवैपरीत्येन वाच्यवाचकभाव-संबन्धावगमो भवति । तथा सर्व एव सर्वज्ञाः सुमेरुजम्बूद्वीपादीनर्थान् प्रतिपद्यमानास्तच्छब्दवाच्यानेव प्रतिपद्यन्ते, तैरेव तथाप्ररूपणात्. अन्यैरेवं प्ररूपिता इति तैरपि तथाप्ररूपिता इति चेत्? तेषामपि तथाप्ररूपणे को हेतु-रिति वाच्यं? तदन्यैरेवं प्ररूपणादिति चेत्, नन्वत्रापि स एव प्रसङ्गः, समाधिरपि स एवेति चेत्? न, सुमेर्वाद्यर्थानां तदभिधायकानां च शब्दानां वास्तवसंबन्धसिद्धिप्रसङ्गात्, कल्पान्तरवर्त्तिभिरपि सर्वज्ञैस्तेषामर्थानां सुमेर्वा-

---

અવિપરીતપણે થાય છે. (શંકા :- જો આમ સંકેત વિના પણ અન્ય સાધનથી સંબંધના સ્વરૂપનો બોધ થતો હોય, તો સંકેતથી સર્યું. સમાધાન :- એમ સંકેતને તગેડી મુકાય તેમ નથી. કેમકે બધા જીવોને કંઇ તપવગેરે અન્ય સાધનો પ્રાપ્ત થયા નથી. વળી અન્ય સાધનોની પ્રાપ્તિ માટે પણ સંકેતની જરૂર તો છેજ. વળી કારણભેદે કાર્યભેદ માન્ય છે.. દા.ત. કાષ્ઠરૂપ કારણથી ઉત્પન્ન થતો અગ્નિ જુદો, ચકમક પથ્થરથી ઉત્પન્ન થતો અગ્નિ જુદો. તેથી અગ્નિપ્રત્યે કાષ્ઠ, ચકમકવગેરે કારણો માન્ય છે, તેમ સંકેતવગેરેથી ઉત્પન્ન થતા ક્ષયોપશમઆદિરૂપ અને તેથી સંબંધના બોધરૂપ કાર્યમાં ભેદ માનવો જોઇએ. અને સંકેતવગેરે સ્વસ્વજન્યકાર્યના અવ્યભિચારી કારણો છેજ. તેથી સંકેત વગેરે બધાને જ સંબંધના બોધમાં સ્વતંત્ર કારણ માનવા રહ્યા, તેથી સંકેત પણ આવશ્યક જ છે.)

*(વાચ્યવાચકભાવની અનાદિસિદ્ધતા)*

વળી બધા જ સર્વજ્ઞો સુમેરુ, જમ્બૂદ્વીપવગેરે અર્થોનો બોધ કરે છે ત્યારે તે બધાને 'સુમેરુ' 'જમ્બૂદ્વીપ'વગેરે શબ્દોથી વાચ્ય તરીકે જ સ્વીકારે છે. કેમકે તે સર્વજ્ઞો તે તે અર્થોની પ્રરૂપણા 'સુમેરુ'વગેરે તે તે શબ્દોથી જ કરે છે.

*બૌદ્ધ* :- અન્યોએ આ પ્રમાણે પ્રરૂપણા કરી હોવાથી જ સર્વજ્ઞોએ પણ આ પ્રમાણે પ્રરૂપણા કરી છે. નહિ કે સુમેરુવગેરે અર્થો સુમેરુવગેરે શબ્દોથી વાચ્ય તરીકે જ જ્ઞાત થયા હોવાથી એવી પ્રરૂપણા કરી છે.

*સમાધાન* :- બીજાઓએ 'સુમેરુ'વગેરેને 'સુમેરુ' વગેરે શબ્દોથી જ કેમ દર્શાવ્યા ?

*બૌદ્ધ* :- તેમનાથી પણ અન્યોએ એ પ્રમાણે પ્રરૂપણા કરી છે માટે.

*સમાધાન* :- આ ઉત્તરમાં તો ફરીથી એ જ પ્રશ્ન આવીને ઉભો રહ્યો કે, એ અન્યોએ પણ શા માટે આ પ્રમાણે જ પ્રરૂપણા કરી ?

*બૌદ્ધ* :- અમારું ફરીથી આ જ સમાધાન છે કે 'તેઓથી પણ અન્યોએ આ પ્રમાણે પ્રરૂપણા કરી હોવાથી તે અન્યોએ પણ આજ પ્રમાણે પ્રરૂપણા કરી.

*સમાધાન* :- ના એમ ન કહેશો, કેમકે તો તો, સુમેરુવગેરે અર્થો અને તેના વાચકશબ્દો વચ્ચે વાસ્તવિક સંબંધની સિદ્ધિનો પ્રસંગ આવશે. કેમકે આ સર્વજ્ઞની પૂર્વના, તેઓની પૂર્વના એમ બધાએ એકસરખી પ્રરૂપણા કરી, તો પૂર્વ-પૂર્વકાળ તરફ આગળ વધતા ત્યાં આવીને અટકશે કે, 'આ કલ્પ=યુગની આદિના અન્યોએ આવી પ્રરૂપણા કેમ કરી?' તેના ઉત્તરમાં 'આ કલ્પની પૂર્વના કલ્પના સર્વજ્ઞએ આ પ્રમાણે પ્રરૂપણા કરી હોવાથી આ કલ્પની આદિના પુરુષો એ પણ આવી પ્રરૂપણા કરી.' આમ અન્યકલ્પમાં રહેલા બધા જ સર્વજ્ઞોએ પણ સુમેરુવગેરે અર્થોની સુમેરુવગેરેશબ્દોથી પ્રરૂપણા કરી હોવાથી શબ્દ અને અર્થવચ્ચે વાસ્તવિકસંબંધ સિદ્ધ થશે.

*બૌદ્ધ* :- સંસાર અનાદિનો છે. તેથી એમાં અનન્તા કલ્પો અને અનન્તા તીર્થંકરો થઇ ગયા. તેમાંથી કેટલાક તીર્થંકરોએ અન્યથા પણ પ્રરૂપણા કરી હોય, તેમ સંભવે છે. તેથી શબ્દ અને અર્થ વચ્ચેનો સંબંધ અનાદિસિદ્ધ વાસ્તવિક સિદ્ધ થતો નથી.

*સમાધાન* :- 'કેટલાક તીર્થંકરોએ અન્યથા પ્રરૂપણા કરી હોય' તેમ કહેવામાં કોઇ પ્રમાણ નથી. કેમકે આ કથન આપણા જેવા અલ્પજ્ઞો માટે અતીન્દ્રિય છે.

*બૌદ્ધ* :-'તે બધા સર્વજ્ઞોએ તે જ પ્રમાણે પ્રરૂપણા કરી છે' તેમં કહેવામાં પણ કોઇ પ્રમાણ નથી. કેમકે આ કથન પણ અતીન્દ્રિયવિષયક છે. આમ આ આપત્તિ તો ઉભયત્ર સમાન છે.

*સમાધાન* :- એમ નથી. તમને માન્ય સર્વજ્ઞ શાક્યમુનિ=બુદ્ધે વર્તમાનમાં સુમેરુવગેરે અર્થો 'સુમેરુ'શબ્દથી પ્રરૂપ્યા છે, તે તો તમને માન્ય છે જ. હવે એમ તો બને જ નહિ કે, સંકેતદ્વારા પણ સુમેરુઅર્થનો સુમેરુશબ્દવાચ્યસ્વભાવ ન હોય, અર્થાત્ સુમેરુઅર્થ સુમેરુ શબ્દથી વાચ્ય ન હોય, અને સુમેરુશબ્દનો સુમેરુઅર્થવાચકસ્વભાવ ન હોય, અર્થાત્ 'સુમેરુશબ્દ સુમેરુઅર્થનો વાચક ન હોય, તો પણ સુમેરુઅર્થમાટે સુમેરુશબ્દનો પ્રયોગ થાય. (કેમકે શબ્દ અને અર્થના તેવા નિશ્ચિતસ્વભાવરૂપ નિયામક વિના નિશ્ચિત સંકેત પણ સંભવી શકે નહિ. અને યથાકથંચિદ્ સંકેતઆદિ કરવામાં તો ઘણા દોષો સંભવે છે.) અને જો, શબ્દનો તથાવાચકસ્વભાવ અને અર્થનો તથાવાચ્યસ્વભાવ સ્વીકારશો, તો તમે અમારા પંથમાં ભળી જશો. કેમકે અમારા સમીહિતની જ સિદ્ધિ કરશો. તે આ પ્રમાણે-જેમ વર્તમાનમાં સુમેરુઅર્થનો સુમેરુશબ્દવાચ્યસ્વભાવ છે.= પરિણામ છે. તેમ ભૂતકાળમાં પણ હતો. તે જ પ્રમાણે સુમેરુશબ્દનો જેમ વર્તમાનમાં સુમેરુઅર્થવાચક સ્વભાવ છે તેમ ભૂતકાળમાં પણ હતો. આમ આ સમાન સ્વભાવ=પરિણામ પ્રવાહથી અનાદિકાળથી સિદ્ધ થાય છે. આમ અર્થ અને શબ્દમાં પરસ્પર

दिशब्दवाच्यतया प्ररूपणात्, अनादित्वात् संसारस्य कदाचित् कैश्चिदन्यथापि सा प्ररूपणा कृता भविष्यतीति चेत्?न, अतीन्द्रियत्वेनात्र प्रमाणाभावात्, तैरपि तथैव सा प्ररूपणा कृतेत्यत्रापि प्रमाणाभावः समान एवेति चेत्? तदयुक्तम्, सर्वज्ञमुनिना हि तावदिदानीं सुमेर्वाद्यर्थः सुमेर्वादिशब्देन प्ररूपितः, न च सुमेर्वादौ सुमेर्वा- दिशब्दप्रयोगः संकेतद्वारेणाप्यतत्स्वभावत्वे तयोर्भवति, तत्स्वभावाभ्युपगमे च सिद्धं नः समीहितं, तत्समानपरिणाम- स्य प्रवाहतोऽनादित्वात्, तत्रैव च तत्स्वभावतया संबन्धाभ्युपगमात्, इत्थं चैतदङ्गीकर्त्तव्यमन्यथाऽनाद्यनन्तत्वात् संसारस्य कदाचिदन्यतोऽपि धूमादीनां भावो भविष्यतीतिव्यभिचारचोदनं धूमधूमध्वजादिष्वपि समानमित्यलं प्रसङ्गेन। ननु यदि वास्तवसंबन्धोपेतत्वादेते शब्दास्तात्त्विकार्थाभिधायिनस्तर्हि दर्शनान्तरभिन्नेष्वर्थेषु तेषां प्रवृत्तिर्न घटेत, परस्परविरोधित्वेन तथाभूतानामर्थानामसंभवात्, तथातीतेऽनुत्पन्ने चार्थे प्रवृत्तिर्न स्यात्, तयोरसंभवात्, न च स्यात्

---

વાચ્યવાચકસ્વભાવ હોવાથી જ તે બે વચ્ચે તેવો સંબંધ સ્વીકાર્યો છે. તેથી 'સુમેરુવગેરે અર્થ અને સુમેરુવગેરે શબ્દવચ્ચે અનાદિસિદ્ધ વાસ્તવ સંબંધ માનવામાં પ્રમાણ નથી' તેમ ન કહેવું. અને વર્તમાનકાલના સ્વભાવ અને સંબંધને કારણે અનાદિકાલથી તેમ જ છે એમ અંગીકાર કરવું. નહિતર તો, અનાદિઅનન્ત સંસારમાં ક્યારેક અગ્નિ વિના પણ અન્યતઃ ધૂમાડાની હાજરી સંભવી શકતી હોવાથી ધૂમ અને અગ્નિ વચ્ચેના સંબંધમાં પણ સમાનતયા વ્યભિચાર આપી શકાશે. અને આમ અનુમાનપ્રમાણને પણ અપ્રમાણતરીકે જાહેર કરવું પડશે. માટે વર્તમાનમાં શબ્દ અને અર્થ વચ્ચે રહેલા તેવા અવ્યભિચારી સંબંધને અનાદિસિદ્ધ વાસ્તવિક માનો. અને તેનાદ્વારા શાબ્દપ્રમાણથી પણ નિશ્ચિત બોધ થાય છે તેમ સ્વીકારો. અસ્તુ..... પ્રસંગથી સર્યું.

*(મૃષાભાષાશબ્દની અર્થવિકલતા)*

*બૌદ્ધ :–* જો, આમ વાસ્તવસંબંધથી યુક્ત હોવાના કારણે શબ્દો તાત્ત્વિક અર્થના વાચક હોય, તો (૧)આ શબ્દો તમારા દર્શનથી ભિન્ન એવા બૌદ્ધાદિદર્શનોને માન્ય અર્થોમાં પ્રવૃત્ત થવા ન જોઇએ, કેમકે તમારે મન એ અર્થો તાત્ત્વિક નથી પણ મિથ્યા છે. કારણ કે પરદર્શનના તે અર્થો તમારા અર્થસાથે વિરોધ ધરાવતા હોવાથી તે અર્થો સંભવતા નથી. (એક શબ્દ બે ભિન્નદર્શનના બે વિરુદ્ધ અર્થનો વાચક હોય, અને બન્ને અર્થ તાત્ત્વિક હોય, તેમ તો સંભવે જ નહિ. અન્યથા પરદર્શનને મિથ્યાદર્શન કહી જ ન શકાય, અને બન્ને દર્શન અધુરા સિદ્ધ થાય. અને જો એક અર્થ મિથ્યા હોય, તો પરદર્શનસંમત અર્થ જ મિથ્યા હોવો જોઇએ, અન્યથા સ્વદર્શન મિથ્યાદર્શન અને પરદર્શન સમ્યગ્દર્શન એવી વિપરીત માન્યતા ઉભી થાય.) વળી (૨) ભૂતકાલીન અને અનાગત અર્થોઅંગે શબ્દોની પ્રવૃત્તિ થવી ન જોઇએ. કેમકે એ અર્થો નષ્ટ અને અનુત્પન્ન હોવાથી અસત્ છે. જ્યારે શબ્દથી અભિધેય અર્થ સત્=તાત્ત્વિક જ ઇષ્ટ છે. તથા (૩) કોઇની પણ વાણી ક્યારેય મિથ્યારૂપ નહિ બને, કેમકે વાણીમાત્ર સદ્ભૂતાર્થમાં જ પ્રવૃત્ત થતી હોવાથી મિથ્યાઅર્થમાં તેની પ્રવૃત્તિ જ અસંગત છે.

*જૈન :–* આ ત્રણે આપત્તિઓનું સમાધાન અમારી પાસે મૌજૂદ છે. (૧)શબ્દો બે પ્રકારના છે. (૧)મૃષાભાષાવર્ગણારૂપ ઉપાદાનમાંથી બનેલા અને (૨)સત્યભાષાવર્ગણારૂપ ઉપાદાનમાંથી સર્જાયેલા. તેમાં મૃષાભાષાવર્ગણારૂપ ઉપાદાનવાળા શબ્દો પોતપોતાના નિમિત્તોની વિચિત્રતાના કારણે 'પ્રધાન=પ્રકૃતિનાં પરિણામરૂપ આ જગત છે'. (સાંખ્ય),'ઇશ્વરે સર્જેલું આ જગત છે'(=વૈશેષિક વગેરે.) ઇત્યાદિ અનેક સ્વરૂપવાળા છે. અને અનર્થકતરીકે જ અમારે સ્વીકૃત છે. આ શબ્દો વન્ધ્યાની જેમ પોતાના અર્થની પ્રાપ્તિઆદિરૂપ પ્રસવથી= ફળથી રહિત છે. અને તેવાપ્રકારના સંવેદનરૂપ ભોગમાત્ર ફળવાળા છે. અર્થાત્ તે શબ્દોથી જ્ઞાન થાય છે પણ બાહ્યઅર્થ પ્રાપ્ત થતો ન હોવાથી અસમર્થ છે. આમ આ શબ્દોનો અર્થસાથે વાચ્યવાચકભાવસમ્બન્ધ જ નથી. તેથી એ શબ્દોથી નિશ્ચિતઅર્થની પ્રાપ્તિ ન થાય તો પણ, દોષ નથી. વ્યભિચાર નથી, કેમકે અમે વાચ્યવાચકભાવસંબંધથી યુક્ત શબ્દોને જ તાત્ત્વિકઅર્થના અભિધાયક કહ્યા છે.

*શંકા :–* 'આ શબ્દો મૃષાભાષાવર્ગણારૂપ ઉપાદાનવાળા હોવાથી નિરર્થક છે.' તેવો બોધ શી રીતે થાય ?

*સમાધાન :–* જેમ પ્રમાણથી જ અપ્રમાણના સ્વરૂપ, વિષયવગેરેની વિચારણા થાય છે અને તેનાદ્વારા અપ્રમાણના સ્વરૂપનો બોધ થાય છે. (અપ્રમાણ જેમ વસ્તુના જ્ઞાનમાં સમર્થ નથી તેમ પોતાની અપ્રમાણતાના જ્ઞાનમાં પણ સમર્થ નથી. અપ્રમાણની અપ્રમાણતાનો નિર્ણય પણ પ્રમાણદ્વારા જ થાય છે.) તેમ, સત્યભાષાવર્ગણારૂપ ઉપાદાનવાળા જીવવગેરે વસ્તુવાચક શબ્દોથી જ મૃષાભાષાવર્ગણારૂપ ઉપાદાનવાળા શબ્દોના સ્વરૂપવિશેષનો બોધ થાય છે. દેખાય છે કે, કેટલાક વિમલબુદ્ધિવાળાઓ સાંભળવામાત્રથી શબ્દોનું મિથ્યાર્થવાચકપણું ઇત્યાદિ યથાર્થસ્વરૂપ સમજી લે છે.

*(અતીતાદિ અર્થક શબ્દોની પ્રમાણતા)*

(૨) જે શબ્દો અતીત અને અનુત્પન્ન અર્થોને વર્તમાનઅર્થ તરીકે નિર્દેશે છે, તે શબ્દો પણ મૃષાભાષાવર્ગણારૂપ ઉપાદાનવાળા હોવાથી અનર્થક છે. અને 'આ શબ્દોનો અર્થસાથે વાચ્યવાચકભાવ સંબંધ ન હોવાથી પ્રમાણભૂત નથી' તેમ માનવામાં અમને કોઇ વાંધો આવતો નથી. જ્યારે તે શબ્દો અતીતઅર્થને અતીતરૂપે અને અનાગતઅર્થને અનાગતરૂપે નિરૂપે છે. ત્યારે તે શબ્દનો વિષય સર્વજ્ઞજ્ઞાનના વિષયની જેમ સદ્ભૂતાર્થવિષયરૂપ હોવાથી શબ્દો પ્રમાણભૂત બને છે. અન્યથા 'અતીત કલ્પાન્તરમાં પાર્શ્વનાથ સર્વજ્ઞ થઇ ગયા' તેવી દેશના કે 'અનાગતકાળમાં શંખચક્રવર્તી થશે' તેવી દેશના ઉપપન્ન જ નહિ થાય. કેમકે અતીત અને અનુત્પન્ન વસ્તુઓ અસત્ હોવાથી તે બધાનાં જ્ઞાનમાં અને એ

कस्याश्चिदपि वाचो मिथ्यार्थता, सद्भूतार्थमन्तरेण तस्याः प्रवृत्तेरेवानुपपद्यमानत्वादिति, **अत्रोच्यते,** द्विविधा हि शब्दाः, मृषाभाषावर्ग्गणोपादानाः सत्यभाषावर्ग्गणोपादानाश्च, तत्र ये मृषावर्ग्गणोपादानाः स्वस्वनिमित्तवैचित्र्यवशात् प्रधानपरिणामरूपं जगत्, ईश्वरेण कृतं जगत् इत्येवं नानारूपास्तेऽनर्थका एवाभ्युपगम्यन्ते, ते हि वन्ध्याऽबला इव तदर्थप्राप्त्यादिप्रसवविकलाः, केवलं तथाविधसंवेदनभोगमात्रफला इति न तैर्व्यभिचारः, यथा प्रमाणादितरस्य स्वरूपविषयादिपर्यालोचनया स्वतत्त्वावसायस्तथा सत्यभाषावर्ग्गणोपादानेभ्योऽपि जीवादिवस्तुवाचकेभ्यः शब्देभ्यस्तेषां मृषाभाषावर्ग्गणोपादानानां शब्दानां स्वरूपविशेषावसायो भवति, **तथाहि**-दृश्यन्त एव केचिद्विमलमतयः श्रवणमात्रादपि मिथ्यार्थत्वादिलक्षणं याथात्म्यमवधारयन्तः शब्दानामिति, अतीताजातयोश्च वर्त्तमानरूपतयाभिधायकः शब्दोऽनर्थक एवेष्यते इति न किञ्चिन्नः क्षुण्णं, यदा तु ते अपि वस्तूनि अतीताजातरूपतयाऽभिधत्ते तदा तद्विषयः सार्वज्ञज्ञानमिव सद्भूतार्थविषयत्वात् प्रामाण्यमश्नुत एव, अन्यथा अतीतकल्पान्तरवर्त्तिपार्श्वादिसर्वज्ञदेशना

---

જ્ઞાનથી બોલાતા શબ્દોમાં પ્રવૃત્તિ જ સંભવે નહિ. જે બૌદ્ધને પણ ઇષ્ટ નથી. તેથી માનવું જ રહ્યું કે, અતીતાદિ અર્થો અતીતાદિરૂપે સત્ છે. અને તે રૂપે જ્ઞાન અને શબ્દના તાત્ત્વિક વિષય બની શકે છે.

('કોઈની વાણી ક્યારેય મિથ્યારૂપ નહિ બને' તેવી ત્રીજી આપત્તિ પણ સંભવતી નથી. કેમકે મૃષાભાષાવર્ગણારૂપ ઉપાદાનવાળા શબ્દોદ્વારા મિથ્યાવાણી સંભવી શકે છે.)

*(શબ્દની અનેકાર્થતાની ઉપપત્તિ)*

*બૌદ્ધ* :– 'અનલ'શબ્દ અનલઅર્થઅભિધાન=વાચકસ્વભાવવાળો છે. તેથી આ શબ્દ અનલઅર્થમાં જે અભિધેય પરિણામને આશ્રયી પ્રવર્તે છે તે અભિધેયપરિણામ 'જળ'અર્થમાં નથી. જો જળ–અનલ(=અગ્નિ)નો સમાન વાચ્યપરિણામ માનો, તો જળ અને અનલને એક જ માનવાનો–અભિન્ન માનવાનો પ્રસંગ આવે, જે ઇષ્ટ નથી. તેથી 'અનલ' શબ્દનો પ્રયોગ જળઅર્થમાં થવો જોઇએ નહિ. પરંતુ દેખાય જ છે કે સંકેતના કારણે જળઅર્થમાં પણ અનલ શબ્દ વપરાય છે. તેથી નક્કી થાય છે કે, શબ્દ અને અર્થ વચ્ચે વાસ્તવિક સંબંધ નથી.

*જૈન* :– તમારી વાત આવકાર્ય નથી. કેમકે શબ્દ અનેક શક્તિઓથી સભર હોવાથી તમે કહેલો દોષ પગ માંડી શકે તેમ નથી. **તથાહિ**–'અનલ'શબ્દનો અનલવસ્તુમાં રહેલા અભિધેય પરિણામની અપેક્ષાવાળો માત્ર અનલવાચક એક જ સ્વભાવ છે તેમ નથી. પરંતુ જળવસ્તુમાં રહેલ વાચ્યપરિણામની અપેક્ષાવાળો જળવાચકસ્વભાવ પણ છે જ. અલબત્ત અનલશબ્દથી જળની પ્રતીતિ દીર્ઘસ્મૃતિઆદિના કારણે વિલમ્બિત થાય છે. પણ નથી જ થતી એવું દેખાતું નથી. ('અનલ'શબ્દના શ્રવણથી તે શબ્દનો અભ્યાસઆદિના કારણે અનલવસ્તુમાં રહેલા વાચ્યપરિણામની અપેક્ષાવાળો અનલવાચકસ્વભાવ શીઘ્ર સ્ફુરાયમાણ થાય છે. તેથી અનલવસ્તુનો બોધ શીઘ્ર થાય છે. જળવગેરે વસ્તુગતવાચ્યપરિણામની અપેક્ષાવાળા સ્વભાવનું સ્ફુરણ સ્મૃતિઆદિની અપેક્ષા રાખે છે. તેથી તે અર્થનો બોધ વિલમ્બે થાય છે.) જો અનલશબ્દનો જળવાચકસ્વભાવ સર્વથા હોય જ નહિ, તો 'અનલ શબ્દથી જળની પ્રતીતિના અભાવનો પ્રસંગ આવે.

*(શબ્દથી બુદ્ધિમાં અર્થાવભાસની ઉપપત્તિ)*

*બૌદ્ધ* :– જો શબ્દો તત્ત્વથી વસ્તુવિષયક હોય, તો પછી કેમ આંખવગેરે ઇન્દ્રિયથી રૂપ આદિ જોયા બાદ ઉત્પન્ન થતી બુદ્ધિની જેમ તે વસ્તુનો પ્રતિભાસ શાબ્દજ્ઞાનમાં થતો નથી. આંખવગેરે ઇન્દ્રિયોથી ભાસતી વસ્તુ જ સત્ છે. કેમકે તે વસ્તુ જ અર્થક્રિયા કરવામાં સમર્થ છે. અને 'અર્થક્રિયાકારિતા' જ વસ્તુનું લક્ષણ છે. આવી વસ્તુ શાબ્દજ્ઞાનમાં તો પ્રતિભાસતી જ નથી. માટે શબ્દો અવસ્તુવિષયક જ છે. અહીં અનુમાન પ્રયોગ :– જે શબ્દ સાથે સંલગ્ન થયેલો જે અર્થ શાબ્દજ્ઞાનમાં પ્રતિભાસતો નથી, તે અર્થ તે શબ્દનો વિષય નથી દા.ત. ગોશબ્દથી અશ્વઅર્થ શાબ્દજ્ઞાનમાં પ્રતિભાસતો ન હોવાથી અશ્વઅર્થ ગોશબ્દનો વિષય નથી. અને આ વાત તો સ્પષ્ટ જ છે કે, ઘટ, પટવગેરે ઇન્દ્રિયગમ્ય અર્થો શબ્દસંસૃષ્ટ(=શબ્દના સંસર્ગવાળા) થઈને શાબ્દજ્ઞાનમાં અવભાસ પામતા નથી. (ઘટ–પટાદિ ઇન્દ્રિયગમ્ય વસ્તુઓ 'ઘટ' 'પટ'આદિ શબ્દોચ્ચારમાત્રથી શાબ્દજ્ઞાનમાં ભાસતા નથી.) જે અર્થ જે શબ્દનો વિષય હોય છે, તે શબ્દથી સંસૃષ્ટ થયેલો તે જ અર્થ શાબ્દજ્ઞાનમાં ભાસે છે. જેમકે 'ગો'શબ્દથી સંસૃષ્ટ થયેલો 'ગોપિણ્ડ' અર્થ. વાચ્યતા માત્ર આટલી જ અપેક્ષા રાખે છે.

(તાત્પર્ય :– 'ગો'શબ્દથી શાબ્દજ્ઞાનમાં માત્ર 'ગોપિણ્ડ' એવો શબ્દાત્મક અર્થજ પ્રતિભાસિત થાય છે, નહિ કે ગોવસ્તુ. આમ શાબ્દજ્ઞાનથી માત્ર શાબ્દિક જ બોધ થાય વસ્તુના પ્રતિભાસરૂપ નહિ. ચક્ષુવગેરે ઇન્દ્રિયના વિષયો શાબ્દજ્ઞાનમાં પ્રતિભાસતા નથી. તેથી તેઓ શબ્દના તાત્ત્વિક વિષય નથી.)

*જૈન* :– તમારી આ વાત યુક્તિયુક્ત નથી. કેમકે શબ્દથી સંસૃષ્ટ ઇન્દ્રિયગમ્ય ઘટ, પટવગેરે અર્થોનો શાબ્દજ્ઞાનમાં અવભાસ થતો નથી, એ વાત અસિદ્ધ છે. જૂઓ કોઇ બીજાને કહે 'કાળો, મોટો, અખંડ, લીસો, નવો ઘડો ઓરડામાંથી લાવ' ત્યારે આ જ્ઞાનના આવરણના ક્ષયોપશમવાળો તે સાંભળનાર તે જ વસ્તુનો પ્રત્યક્ષની જેમ શાબ્દ- જ્ઞાનથી બોધ કરે છે. કેમકે તે ઓરડામાં પડેલા બીજા અનેક ઘડાઓની મધ્યમાં તે કહેવાયેલા ઘડાને જ લાવવા એ ઘડાપ્રત્યે વિવેકપૂર્વક પ્રવૃત્તિ કરે છે. અર્થાત્ બીજા ઘડાઓને છોડી એ ઘડાપર જ નજર ઠરે છે. અને એજ ઘડાને ઉપાડે છે. આમ શાબ્દજ્ઞાન

भविष्यच्छक्रचक्रवर्त्यादिदेशना च सर्वथा नोपपद्येत, तेषामभावेन तद्विषयज्ञानतन्निबन्धनशब्दप्रवृत्त्ययोगात् । **स्यादेतत्** --अनले अनलशब्दस्तदभिधानस्वभावतया यमभिधेयपरिणाममाश्रित्य प्रवर्त्तते स जले नास्ति, जलानलयोरभेद प्रसङ्गात्, प्रवर्त्तते च संकेतवशात् जलेऽप्यनलशब्दस्तत्कथं शब्दार्थयोर्वास्तवः संबन्ध उद्घुष्यत इति, **तदयुक्तं**, शब्दस्यानेकशक्तिसमन्विततया उक्तदोषानुपपत्तेः, **तथाहि**--नानलशब्दस्य अनलवस्तुगताभिधेयपरिणामापेक्षी तदभिधान एवैकः स्वभावः, अपि तु समयाधानतत्स्मरणापेक्षितया विलम्बितादिप्रतीतिनिबन्धनं, जलवस्तुगताभिधेयपरिणामापेक्षी तदभिधानस्वभावोऽपि, तथा ततस्तस्यापि प्रतीतेः, अन्यथा ततस्तथा तत्प्रतीत्यभावप्रसङ्गात् । **ननु** यद्येते शब्दाः तत्त्वतो वस्तुविषयास्तत्कथं चक्षुरादीन्द्रियसमुत्थबुद्धाविव शाब्दे ज्ञाने तस्य वस्तुनो न प्रतिभासः, चक्षुरादीन्द्रियगम्यमेव हि वस्तु नेतरत्, तस्यैवार्थक्रियासमर्थत्वात्, वस्तुनश्च तल्लक्षणत्वात्, न च तत् शाब्दे ज्ञाने प्रतिभासते, तस्मादवस्तुविषया एते शब्दाः, तथाचात्र **प्रयोगः**--योऽर्थः शाब्दे ज्ञाने येन शब्देन सह संसृष्टो नावभासते, न स तस्य शब्दस्य विषयः यथा गोशब्दस्याश्वः। नावभासते चेन्द्रियगम्योऽर्थः शाब्दे ज्ञाने शब्दसंसृष्ट इति, यो हि यस्य शब्दस्यार्थः स तेन शब्देन संसृष्टः शाब्दे ज्ञानेऽवभासते, यथा गोशब्देन गोपिण्डः, एतावन्मात्रनिबन्धनत्वाद्वाच्यत्वस्येति, **तदेतदयुक्तम्**, इन्द्रियार्थस्य शाब्दे ज्ञाने शब्दसंसृष्टस्यानवभासासिद्धेः **तथाहि**--कृष्णं महान्तं खण्डं मसृणमपूर्वमपवरकात् घटमानयेत्युक्तः सन् कश्चित् तज्ज्ञानावरणकर्मक्षयोपशम-

---

દ્વારા પણ શબ્દોલ્લિખિત વસ્તુનો અવભાસ થાય છે. અને જ્ઞાનને અનુરૂપ વસ્તુની પ્રાપ્તિ પણ થાય છે.

*બૌદ્ધ* :- જો શાબ્દજ્ઞાનમાં ઇન્દ્રિયગમ્ય વસ્તુનો પ્રતિભાસ થતો હોય, તો પ્રત્યક્ષની જેમ સ્પષ્ટ પ્રતિભાસ જ થવો જોઇએ. પણ તેવો અનુભવ થતો નથી. તેથી શાબ્દજ્ઞાનમાં સ્પષ્ટ પ્રતિભાસ નથી થતો તેમ સિદ્ધ થાય છે. તેથી શાબ્દજ્ઞાન ઇન્દ્રિયગમ્યવિષયવાળું નથી.

*જૈન* :- તમારી વાત સરાહનીય નથી. સ્ફુટાસ્ફુટ પ્રતિભાસ કંઇ વસ્તુભેદક નથી.. જેનો સ્ફુટ પ્રતિભાસ થાય, તેજ વસ્તુ, અને જેનો સ્ફુટ પ્રતિભાસ ન થાય, તે વસ્તુ નહિ. તે વાત બાલિશ છે. કેમકે નીલસ્વરૂપવાળી એકની એક વસ્તુ પણ દૂર અને નજીક રહેલા જોનારના ચાક્ષુષપ્રત્યક્ષજ્ઞાનમાં ક્રમશઃ અસ્પષ્ટ અને સ્પષ્ટ રૂપે ભાસે છે. શું તેટલામાત્રથી એ નીલાદિ વસ્તુમાં ભેદ માનશો ? શું એમ કહેશો કે, "દૂર રહેલાના જ્ઞાનમાં ભાસતી વસ્તુ અસ્પષ્ટ છે, માટે તે નીલઆદિરૂપવાળી વસ્તુ ઇન્દ્રિયગમ્યવિષય નથી. અને માટે દૂરની વ્યક્તિનું અસ્પષ્ટ પ્રત્યક્ષ ઇન્દ્રિયાર્થવિષયક નથી. આમ કહી શકાય તેમ નથી. કેમકે તેમાં પ્રત્યક્ષજ્ઞાનને અપ્રમાણ માનવાની વગેરે આપત્તિ છે. બસ, તેજ પ્રમાણે પ્રસ્તુતમાં કોઇક વસ્તુ ઇન્દ્રિયજ પ્રત્યક્ષજ્ઞાનમાં સ્ફુટ ભાસે, અને શાબ્દજ્ઞાનમાં અસ્ફુટ ભાસે, તેટલા માત્રથી કંઇ વસ્તુમાં ભેદ પડતો નથી. અર્થાત એકની એક વસ્તુ જ સ્પષ્ટાસ્પષ્ટઆભાસરૂપે પ્રત્યક્ષમાં અને શાબ્દજ્ઞાનમાં ભાસે છે. માટે શાબ્દજ્ઞાન પણ ઇન્દ્રિયાર્થવિષયક જ છે.

### *(શાબ્દજ્ઞાન વસ્તુના ભાવાભાવનું અનનુવિધાયક-બૌદ્ધ)*

*બૌદ્ધ* :- "ઘટ"વગેરે વસ્તુના અભાવમાં પણ, "ઘટ"વગેરે શબ્દથી શાબ્દજ્ઞાનમાં "ઘટ"વગેરે વસ્તુનો પ્રતિભાસ થાય છે. તેથી "ઘટ"વગેરે પદાર્થની હાજરીમાં થતો શાબ્દબોધ વસ્તુના યથાસ્વરૂપને સ્પર્શ કરતો નથી. કેમકે વસ્તુના ભાવાભાવનું અનુવિધાયક નથી. શાબ્દજ્ઞાનમાં વસ્તુનો પ્રતિભાસ વસ્તુના ભાવ અને અભાવમાં સમાનરૂપે થતો હોવાથી આ પ્રતિભાસ પ્રતિભાસિત થતી વસ્તુના ભાવાભાવને અનુસરતો નથી. માટે આ પ્રતિભાસ વસ્તુનું ગ્રાહક નથી. વસ્તુના અભાવમાં વસ્તુનો પ્રતિભાસ થતો ન હોય, અને વસ્તુની હાજરીમાં વસ્તુનો પ્રતિભાસ થતો હોય, તો તે પ્રતિભાસ વસ્તુના ભાવાભાવનો અનુવિધાયક ગણાય. શાબ્દજ્ઞાનનો પ્રતિભાસ આ પ્રમાણે વસ્તુના ભાવાભાવનો અનુવિધાયક નથી. તેથી રસજ્ઞાનની જેમ શાબ્દજ્ઞાન બાહ્ય વસ્તુનું ગ્રાહક નથી. અહીં અનુમાનપ્રમાણ આ પ્રમાણે છે-જે જ્ઞાન જેના અન્વયવ્યતિરેકને અનુસરતુ નથી, તે જ્ઞાન તે વસ્તુવિષયક ન હોય, જેમકે રૂપજ્ઞાન રસવિષયક નથી. (રૂપવિષયક જ્ઞાનમાં રસની હાજરી કે ગેરહાજરીમાં રસવિષયનો પ્રતિભાસ થતો નથી. આમ રૂપજ્ઞાન રસના અન્વયવ્યતિરેકને અનુસરતું નથી.) શાબ્દજ્ઞાન ઇન્દ્રિયાર્થના અન્વય અને વ્યતિરેકને અનુસરતું નથી. તેથી અહીં વ્યાપકાનુપલબ્ધિ છે. (જ્યાં અભાવાત્મક હેતુથી અભાવાત્મક સાધ્ય સિદ્ધ કરવાનું હોય, ત્યાં હેતુભૂત અભાવ વ્યાપકાનુપલબ્ધિરૂપ હોય છે. એક નિયમ છે કે "વ્યાપકનો અભાવ વ્યાપ્યના અભાવનો વ્યાપ્ય હોય અને વ્યાપ્યના અભાવનો સાધક હોય. સામાન્યથી વ્યાપ્યથી વ્યાપકની સિદ્ધિ કરવાની હોય છે, પરંતુ જ્યારે પક્ષમાં વ્યાપકનો અભાવ સિદ્ધ હોય, અને "વ્યાપ્ય હાજર છે કે નહિ" તે અંગે નિર્ણય ન થયો હોય, ત્યાં વ્યાપકના અભાવદ્વારા વ્યાપ્યના અભાવની સિદ્ધિ કરાય છે. પરંતુ તેમ કરતાં પહેલા, વ્યાપ્ય અને વ્યાપક વચ્ચે અન્વયવ્યતિરેકદ્વારા વ્યાપ્યવ્યાપકભાવ સિદ્ધ કરવો જોઇએ. પછી પક્ષમાં વ્યાપકના અભાવને દર્શાવી વ્યાપ્યના અભાવનું અનુમાન કરવું જોઇએ.) જ્ઞાનની નિયતવસ્તુવિષયતા નિમિત્તવત્તાથી વ્યાપ્ત છે. અર્થાત્ જ્ઞાનમાં નિમિત્તવત્તાને અનુરૂપ જ નિયતવસ્તુવિષયતા હોય છે. (તાત્પર્ય :- જ્ઞાનનો વિષય નિમિત્તને આધીન હોવાથી નિમિત્તને આધારે જ જ્ઞાનનો વિષય નિયત થાય છે.) અને નિમિત્તનું કામ કરે છે "અન્વયવ્યતિરેકનું અનુવિધાન". જ્ઞાન જે વિષયના અન્વયવ્યતિરેકને અનુસરવારૂપ નિમિત્તવાળું હોય તે જ વિષયવાળું હોય અને તેવા અન્વયવ્યતિરેકના અનુવિધાન વિનાનું હોય, તો જ્ઞાન નિમિત્તના અભાવવાળું થાય છે. તેથી વિવક્ષિતવસ્તુની વિષયતા નિમિત્તવદ્ભસ વિપક્ષમાંથી વ્યાપકાનુપલબ્ધિથી વ્યાવૃત્ત થઇને તેના અન્વયવ્યતિરેકનાં અનુવિધાનદ્વારા વ્યાપિત થાય છે.

युक्तस्तमेवार्थं तथा प्रत्यक्षमिव शाब्देन ज्ञानेन प्रतिपद्यते तदन्यानेकघटमध्ये तदानयनाय तं प्रति भेदेन प्रवर्त्तनात्, तथैव चापि तत्प्राप्तेरिति । अथोच्येत--यदि शाब्देऽपि ज्ञाने इन्द्रियार्थः प्रतिभासमानोऽभ्युपगम्यते, तर्हि प्रत्यक्षस्येव तस्यापि स्फुट एव प्रतिभासो भवेत्, न च भवति, तथानुभवाभावात्, तन्न शाब्दज्ञानमिन्द्रियार्थविषयमिति, तदयुक्तं, स्फुटास्फुटप्रतिभासयोर्वस्तुभेदकत्वायोगात्, तथाहि-एकस्मिन्नपि नीलस्वलक्षणे दूरासन्नदेशवर्त्तिप्रतिपत्तृज्ञाने स्फुटास्फुटप्रतिभासे भवतः, न च तद्भावेऽपिबा ह्यवस्तुभेदः, तथेहाप्येकस्मिन् स्वलक्षणे इन्द्रियजशाब्दज्ञाने स्फुटास्फुटप्रतिभासे भविष्यतः, न च तद्गोचरवस्तुभेद इति । अथ मन्येथाः-वस्त्वभावेऽपि शाब्दज्ञाने प्रतिभासाविशेषात् सत्यपि वस्तुनि शाब्दज्ञानमुदयपदवीमासादयत् न तद्याथात्म्यसंस्पर्शि, तद्भावाभावयोरननुविधानात् । ज्ञानस्य हि प्रतिभासो यस्य भावाभावावनुविधत्ते तस्य तद्ग्राहकं, न च शाब्दज्ञानप्रतिभासः प्रतिभासमानवस्तुभावाभावावनुविधत्ते, तदभावेऽपि तत्प्रतिभासाविशेषात्, तस्मान्न बाह्यवस्तुनो ग्राहकं शाब्दं ज्ञानं, रसज्ञानवत्, तथा चात्र प्रमाणम्-यत् ज्ञानं यदन्वयव्यतिरेकानुविधायि न भवति, न तत्तद्विषयं, यथा रूपज्ञानं रसविषयं, न भवति चेन्द्रियार्थान्वयव्यतिरेकानुविधायि शाब्दज्ञानमिति व्यापकानुपलब्धिः. नियतवस्तुविषयत्वं हि ज्ञानस्य निमित्तवत्तया व्याप्तम्, अन्वयव्यतिरेकानुविधानाभावे च निमित्ताभावः स्यात्, तेन विवक्षितवस्तुविषयत्वं निमित्तवद्विपक्षाद् व्यापकानुपलब्ध्या व्यावर्त्तमानं तदन्वयव्यतिरेकानुविधानेन व्याप्यत इति प्रतिबन्धसिद्धिरिति, तदेतदसमीचीनं, प्रत्यक्षज्ञानेऽप्येवमविषयत्वप्रसक्तेः तथाहि-यथा जलवस्तुनि पुरतो विद्यमाने जलोल्लेखि प्रत्यक्षमुदयते, तथा जलवस्त्वभावेऽपि मरीचिकास्वक्षुण्णजलप्रतिभासं तदुदीयमानमुपलभ्यत एव, ततो जलाभावेऽपि जलप्रतिभासाविशेषात् सत्यपि जले जलप्रतिभासं प्रादुर्भवन्न तद्याथात्म्यसंस्पर्शि, तद्भावाभावयोरननुकारादित्यादि सर्वं समानमेव, अथ देशकालस्वरूपादिपर्यालोचनया प्रवृत्तौ तत्प्राप्त्यभावेन मरीचिकासु जलोल्लेखिनः प्रत्यक्षस्य भ्रान्तत्वमवसीयते, भ्रान्तं चाप्रमाणं, प्रमाणभूतस्य च वस्त्वन्वयव्यतिरेकानुविधायित्वाव्यभिचार इष्यते, ततो न कश्चिद्दोष इति, तदेतदन्यत्रापि समानं, तथाहि--प्रतिपाद्यमर्थं यथास्वरूपं यः पश्यति यथादर्शनं चोपदिशति तेन तथाभूतेना-

---

*તાત્પર્ય* :- 'વસ્તુના ભાવાભાવને અન્વયવ્યતિરેકદ્વારા અનુસરવા'રૂપ નિમિત્તથી યુક્ત જ્ઞાનનો વિષય તે વસ્તુ બને. અને જે જ્ઞાન એવા નિમિત્તથી રહિતનું હોય છે ત્યાં નિમિત્તરૂપ વ્યાપકની અનુપલબ્ધિ હોય છે. તેથી તે જ્ઞાનમાં તે વસ્તુની વિષયતા પણ આવતી નથી. આમ વ્યાપ્તિ સિદ્ધ થાય છે. આમ વસ્તુની વિષયતા નિમિત્તને વ્યાપીને રહેલી છે. શાબ્દજ્ઞાનમાં નિમિત્તવત્તારૂપ વ્યાપકની અનુપલબ્ધિ હોવાથી એ નિમિત્તને વ્યાપીને રહેલી ઇન્દ્રિયાર્થવિષયતા પણ અનુપલબ્ધ છે. આમ શાબ્દજ્ઞાન ઇન્દ્રિયાર્થવિષયક નથી.

### *(પ્રત્યક્ષની પ્રતિબન્દિથી શાબ્દજ્ઞાનની પ્રમાણતાની સિદ્ધિ-જૈન)*

*જૈન* :- આ પ્રમાણે તો પ્રત્યક્ષજ્ઞાનમાં પણ, ઇન્દ્રિયાર્થની અવિષયતાનો પ્રસંગ છે. તથાહિ જેમ પાણી નજર સામે હાજર હોય ત્યારે 'પાણી' એવા ઉલ્લેખવાળું પ્રત્યક્ષજ્ઞાન ઉત્પન્ન થાય છે, તેમ મૃગજળવગેરે સ્થળે પાણીના અભાવમાં પણ સ્પષ્ટ પાણીનો પ્રતિભાસ ઉત્પન્ન થતો દેખાય જ છે. આમ પાણીની હાજરીની જેમ પાણીના અભાવમાં પણ સમાનતયા પાણીનો પ્રતિભાસ થાય છે. તેથી પાણીની હાજરીમાં થતો પાણીનો પ્રત્યક્ષ પ્રતિભાસ પણ યથાર્થ સ્વરૂપસ્પર્શી ન થાય. કેમકે પાણીના ભાવાભાવનો અનુવિધાયક નથી. ઇત્યાદિ બધી વાત ઉપરમુજબ અહીં પણ સમાનતયા લાગુ પડે છે.

*બૌદ્ધ* :- દેશ, કાલ વગેરે સ્વરૂપનો વિચાર કરી જો પ્રવૃત્તિ કરવામાં આવે, તો સ્પષ્ટ દેખાય છે કે, ત્યાં પાણી ઉપલબ્ધ થતું નથી. તેથી નિશ્ચય થાય છે કે મૃગજળમાં થતું પાણીનું પ્રત્યક્ષજ્ઞાન પ્રમાણભૂત નથી, પરંતુ ભ્રાન્ત છે. અને અમે 'પ્રમાણભૂત જ્ઞાન વસ્તુના અન્વયવ્યતિરેકનુ અનુવિધાન કરવામાં અવ્યભિચારી હોવું જોઇએ'તેમ કહીએ છીએ. તેથી ભ્રાન્તપ્રત્યક્ષમાં તમે બતાવેલો અન્વયવ્યતિરેકનો અભાવ બાધક નથી.

*જૈન* :-ખુબ સરસ! બસ આજ ઉત્તર શાબ્દજ્ઞાનઅંગે પણ સમજી લો. જુઓ-જે વ્યક્તિ પ્રતિપાદ્ય વસ્તુને યથાસ્વરૂપ જુએ છે અને દર્શનને અનુરૂપ જ પ્રરૂપે છે તે વ્યક્તિ જ આપ્તપુરુષ છે. આ આપ્તપુરુષે કહેલા શબ્દોથી થતું જ્ઞાન જ પ્રમાણભૂત છે એમ અમને સંમત છે. બીજા ત્રીજાના શબ્દોથી થતું જ્ઞાન નહિ. અને આવા આપ્તપુરુષના વચનથી થયેલા શાબ્દબોધમાં પોતાનામાં પ્રતિભાસતી વસ્તુના અન્વયવ્યતિરેકના અનુવિધાનમાં વ્યભિચાર સંભવતો નથી.

*તાત્પર્ય*:-આપ્તપુરુષના વચનો યથાર્થવસ્તુવિષયક જ હોય છે. તેથી તે વચનોથી થતું જ્ઞાન પણ યથાર્થવસ્તુ વિષયક જ હોય છે. અને આ શાબ્દબોધ વસ્તુના ભાવાભાવને યથાર્થ અનુસરે પણ છે. તેથી આપ્તપુરુષના વચનથી થયેલો શાબ્દબોધ પ્રમાણભૂત જ છે. તે સિવાયની જે તે વ્યક્તિના વચનથી થયેલું શાબ્દજ્ઞાન ભ્રાન્ત સંભવે છે. તેથી અપ્રમાણભૂત છે. અને અપ્રમાણભૂત હોવાથી વ્યભિચારનું સ્થાન બને જ છે. વળી શાબ્દની અપ્રમાણતા સિદ્ધ કરવા જે પ્રમાણ તમે બતાવ્યું તે પણ સાધ્ય સિદ્ધ કરવા સમર્થ નથી, કેમકે તેનો હેતુ જ અસિદ્ધ છે. કેમકે યથોક્ત આપ્ત

ऽऽप्तेन प्रणीयमानात् शब्दादुपजायमानं ज्ञानं प्रमाणत्वेनास्माभिरिष्यते, नेतरत्, न च तस्य स्वप्रतिभासमानवस्त्वन्वय-व्यतिरेकानुविधायित्वाद्व्यभिचारसंभवो, यत्पुनरितरत् शाब्दं ज्ञानं तत् भ्रान्तत्वादप्रमाणमप्रमाणत्वाच्च व्यभिचारास्पदमिति यत्किञ्चिदेतत्। यदपि चानन्तरमुपन्यस्तं प्रमाणं तदपि हेतोरसिद्धत्वात्साध्यसाधनाक्षमम्, असिद्धता च हेतोर्य-थोक्ताप्तपुरुषप्रणीतस्य शब्दस्य वस्तुव्यतिरेकेण प्रवृत्त्यसंभवात् इति । यत्पुनरिदमुच्यते-शब्दः श्रूयमाणो वक्तुर-भिप्रायं विकल्पप्रतिबिम्बात्मकं तत्कार्यतया धूम इव वह्निमनुमापयति, तत्र स एव वक्ता विवक्षितार्थाभिप्राय-शब्दयोराश्रयत्वाद्धर्मी अभिप्रायविशेषः साध्यः, शब्दः साधनमिति, *आह च--"वक्तुरभिप्रेतं तु सूचयेयुरिति स एव तथा प्रतिपद्यमान आश्रयोऽस्त्विति"*, तदत्यन्तापेशलं, तथाप्रतीतेरभावात्, न खलु कश्चिदिह धूमादिव वह्निं तत्कार्यतया शब्दादभिप्रायमनुमिमीते, अपि तु वाचकत्वेन बाह्यमर्थं प्रत्येति, तथाप्रवृत्त्यादिदर्शनात्, तथाप्यन्यथा-ऽभ्युपगमेऽतिप्रसङ्गो, वस्तुव्यवस्थाऽनुपपत्तिप्रसङ्गात्, नाग्निर्धूमं जनयति किंतु पिशाचादिरित्यादेरपि कल्पयितुं शक्य-त्वात्, अपिच-अर्थक्रियार्थी प्रेक्षावान् प्रमाणमन्वेषते, अन्यथा प्रेक्षावत्ताक्षितिप्रसङ्गात्, न चाभिप्रायो विवक्षितार्थ-क्रियासमर्थः, किंतु बाह्यमेव वस्तु, तत्किं तेनानुमितेनापि?, न च वाच्यमभिप्रायं ज्ञात्वा बाह्ये वस्तुनि प्रवर्त्तिष्यते प्रमाता ततो न कश्चिद्दोष इति, अन्यस्मिन् ज्ञाते अन्यत्र प्रवृत्त्ययोगात्, दृश्यविकल्प्यावर्थावेकीकृत्य बाह्येऽर्थे प्रवर्त्तते तेनायमदोष इति चेत्, न तयोरेकीकरणासंभवात्, अत्यन्तवैलक्षण्येन साधर्म्यायोगात्, साधर्म्यं चैकीकरण-निमित्तम्, अन्यथाऽतिप्रसङ्गात्, अन्यच्च क एतावेकीकरोतीति वाच्यं?, स एव विकल्प इति चेत्, न, तत्र स्वलक्षणावभासानभ्युपगमात्, अन्यथा विकल्पत्वहानिप्रसङ्गात्, अनवभासितेन च एकीकरणानुपपत्तेः, अतिप्रसङ्गात्, अथ विकल्पादन्य एव कश्चिद्विकल्प्यमेवार्थं दृश्यमित्यध्यवस्यतीति प्रतिपद्येथाः, तदयुक्तं, स्वदर्शनपरित्यागप्रसङ्गात्, एवमभ्युपगमे सत्यात्माऽभ्युपगमप्रसङ्गात्, विकल्पकाले हि विकल्पादन्यो बोधस्वभावो दृश्यविकल्प्यावर्थावेकीकुर्व-न्नात्मैवोपपद्यते, तदानीमन्यस्य विकल्पस्याभावादनभ्युपगमाच्च, निर्विकल्पकदर्शनस्य चैकीकरणाध्यवसायासंभवात्, अन्यथा विकल्परूपताप्रसङ्गादित्यलं दुर्म्मतिस्पन्दितेषु। तदेवं वाच्यवाचकभावसंबन्धेन यथास्थिताशेषज्ञेयप्रतिबद्धं जिन-वचनमिति स्थितम् । पुनरप्येतदेव विशेषयति--'*नानानयौघगहनं*' नाना-अनेकप्रकारा नयाः-नैगमादयस्तेषामोघः-सङ्घातस्तेन गहनं गुपिलम्। इत्थं जिनवचनं त्रिभुवनेऽपि प्रसिद्धं त्रिभुवनप्रसिद्धं, प्रसिद्धिग्रहणेन चैतदाह त्रिभुवन-प्रसिद्धचैवास्य जिनवचनस्य एवंविधगुणोपेतत्वं सिद्धमिति किमन्यतत्साधकप्रमाणोपन्यासेन?, निष्फलत्वादिति ॥१६॥

पुनरप्यस्यैवातिशयविशेषमाह--

---

પુરુષથી પ્રણીત શબ્દોની પ્રવૃત્તિ વસ્તુ વિના થતી જ નથી. ('શાબ્દજ્ઞાન ઇન્દ્રિયના અન્વયવ્યતિરેકને અનુવિધાયી નથી' આ હેતુ પૂર્વપક્ષે દર્શાવ્યો. તે અસિદ્ધ એટલા માટે છે કે, આપ્તપુરુષના શબ્દથી થયેલું શાબ્દજ્ઞાન ઇન્દ્રિયાર્થ અન્વયવ્યતિરેક અનુવિધાયી છે.)

*(શબ્દથી વક્તાના અભિપ્રાયના અનુમાનની અસિદ્ધિ)*

*બૌદ્ધ* :- વાસ્તવમાં શાબ્દજ્ઞાન અનુમાનરૂપ જ છે. જેમ ધૂમાડો અગ્નિનું કાર્ય છે તો દેખાતો ધૂમાડો પોતાના કારણભૂત અગ્નિનું અનુમાન કરાવે છે. તેમ શબ્દ એ વક્તાના અભિપ્રાયના કાર્યરૂપ છે. અને અભિપ્રાય વિકલ્પપ્રતિબિમ્બ રૂપ છે. (બુદ્ધિમાં ભાસતા અર્થના આકારરૂપ છે.) તેથી સંભળાતો શબ્દ પોતાના કારણભૂત વક્તાના અભિપ્રાયનું જ અનુમાન કરાવે છે. અને આ કલ્પના ઉચિત પણ છે. કેમકે અહીં સાધ્ય અને સાધન=હેતુ સમાનાધિકરણ ઉપલબ્ધ થાય છે. કેમકે તે જ વક્તા વિવક્ષિતવસ્તુના સ્વગતઅભિપ્રાય અને તદનુરૂપ શબ્દનો આશ્રયભૂત ધર્મી=પક્ષ છે. એ વક્તારૂપ ધર્મીમાં રહેલો અભિપ્રાયવિશેષ સાધ્ય છે. અને શબ્દ સાધન છે. કહ્યું જ છે-'શબ્દો વક્તાનાં અભિપ્રેતને=અભિપ્રાયને સૂચવે છે તેથી તે જ તે પ્રમાણે પ્રતિપન્ન કરતો વક્તા આશ્રય હો.'

*જૈન* :- તમારી આ વાત તો અત્યંત મિથ્યા છે. કેમકે તેવી પ્રતીતિ થતી જ નથી. બધા ધૂમાડાથી અગ્નિનું અનુમાન કરે છે. પણ એવી કોઇ વ્યક્તિ નથી કે જે શબ્દથી તેના કારણતરીકે અભિપ્રાયનું અનુમાન કરતી હોય. પરંતુ દરેક વ્યક્તિ તે શબ્દને તે તે બાહ્યાર્થના વાચકતરીકે જ સમજી બાહ્યાર્થનો જ પ્રત્યય કરે છે. કેમકે તે જ પ્રમાણે પ્રવૃત્તિવગેરે થતું દેખાય છે. (શબ્દના શ્રવણથી શ્રોતાને સૌ પ્રથમ તો તેના વાચ્યાર્થ-બાહ્યવસ્તુનું જ જ્ઞાન થાય છે. જ્યારે વાચ્યાર્થસાથે શબ્દનો મેળ ખાતો ન દેખાય, ત્યારે જ તે વક્તાના અભિપ્રાયને સમજવા પ્રયત્ન કરે છે.) આમ સ્પષ્ટ પ્રતીત થતું હોવા છતાં, જો વક્તાના અભિપ્રાયના અનુમાનાદિરૂપ અન્યથા જ અભ્યુપગમ કરશો, તો પછી વસ્તુની વ્યવસ્થા જ અનુપપન્ન બનશે. કેમકે અગ્નિમાંથી ધૂમાડાની ઉત્પત્તિ સ્પષ્ટ હોવા છતાં, 'ધૂમાડાનો જનક અગ્નિ નથી, પણ પિશાચ વગેરે કોઇ અન્ય જ છે' ઇત્યાદિ કલ્પના પણ થઇ શકે. વળી, અર્થક્રિયાઇચ્છુક પ્રેક્ષાવાન પુરુષ હંમેશા પ્રમાણની જ અન્વેષણા કરે છે. જે વસ્તુ પ્રમાણસિદ્ધ અર્થક્રિયાસમર્થ હોય, તેમાં જ પ્રવૃત્તિ કરે તે ડાહ્યો. જે વ્યક્તિ 'આ અર્થક્રિયા સમર્થ છે કે નહિ' તેવો વિચાર કર્યા વિના તે વસ્તુમાં પ્રવૃત્ત થાય, તે પ્રેક્ષાવાન રહેતો નથી. અને વક્તાનો અભિપ્રાય કંઇ 'ઘટાદિ' વિવક્ષિત અર્થની 'જળધારણ'આદિ ક્રિયા કરવા સમર્થ નથી. પરંતુ 'ઘટ'આદિ બાહ્ય વસ્તુ જ તે ક્રિયામાં સમર્થ છે. તેથી વક્તાના અભિપ્રાયના અનુમાનથી પણ પ્રયોજન શું સર્યું ? અને તેવા નિષ્પ્રયોજન અર્થમાટે અનુમાન- પ્રમાણને પણ શા માટે શોધે ? જે વસ્તુ કંઇ કરવા સમર્થ હોય, તે વસ્તુના યથાર્થ અર્થક્રિયાના જ્ઞાન માટે પ્રમાણનો વિચાર વાજબી ગણાય.

एयस्स एगदेसोऽवि भावओ भव्वजणपरिग्गहिओ ।
अत्थोऽविऽवितहणातो दुक्खक्खयकारणं होइ ॥१७॥

(एतस्य एकदेशोऽपि भावतो भव्यजनपरिगृहीतः । अर्थोऽप्यवितथज्ञातो दुःखक्षयकारणं भवति)

*'एतस्य'* जिनवचनस्य, एकदेशोऽपि, आस्तां समस्तं जिनवचनमित्यपिशब्दार्थः, *'भावतो'* बहुमानतो, भव्यजनेन सूत्रतोऽर्थतश्च परिगृहीतः तथाविधशक्त्यभावेन तु सूत्रतोऽपरिग्रहेऽपि अर्थोऽपि केवलः *'अवितथज्ञातः'* अवैपरीत्येनावबुद्धः सन् दुःखक्षयकारणं भव्यजनस्य भवति, जिनवचनस्याचिन्त्यशक्तिसमन्वितत्वात् ॥ १७ ॥
ततः किमित्याह–

तम्हा रोएतव्वं भावेयव्वं पगासियव्वं य ।
अव्वक्खित्तेणेदं दुक्खक्खयमिच्छमाणेणं ॥ १८ ॥

(तस्माद् रोचयितव्यं भावयितव्यं प्रकाशयितव्यं च । अव्याक्षिप्तेनेदं दुःखक्षयमिच्छता)

यत एवं तस्मादिदं जिनवचनादुद्धृत्य मया वक्ष्यमाणं *'रोचयितव्यं'* रुचिविषयीकर्त्तव्यं, सकलस्याप्यनुष्ठानस्य रुचितस्यैव स्वफलसिद्धिनिबन्धनत्वात्, तथा *'भावयितव्यं'* पूर्वापरावयवावैपरीत्यपर्यालोचनेनाऽऽत्मसात्कर्त्तव्यं, तत्त्वाभिनिवेशमूलत्वादुत्तरोत्तरविशिष्टक्रियाप्रवृत्तेः, तथा परेभ्यः *प्रकाशयितव्यं* च, परप्रतिबोधकरणस्य परमनिर्जराकारणत्वात्, *'अव्याक्षिप्तेन'* व्याक्षेपविरहितेन सता, व्याक्षेपाकुलस्य सम्यग्रोचनाद्यनुपपत्तेः, सम्यग्रोचनादेरवश्यकर्त्तव्यतायां हेतुमाह–*'दुक्खक्खयमिच्छामाणेणं'* दुःखक्षयमिच्छता, सम्यग्रोचनादिव्यतिरेकेण सकलसांसारिकदुःखक्षयायोगात् ॥ १८ ॥ एवं च सति किमित्याह––

---

*બૌદ્ધ* :– તમે સમજતા નથી. શબ્દથી વક્તાનો અભિપ્રાય જાણીને પ્રમાતા બાહ્યાર્થમાં પ્રવૃત્તિ કરે છે. તેથી અભિપ્રાય અર્થક્રિયા સમર્થ ન હોય તો પણ તેનું અનુમાન કરવામાં 'પ્રેક્ષાવત્તામાં ક્ષતિ' વગેરે દોષો નથી.

*જૈન* :– આ દલીલ પાણી વિનાની છે. કેમકે જ્ઞાન એક વિષયનું થાય અને પ્રવૃત્તિ અન્યત્ર થાય તેમ બની ન શકે. અહીં જ્ઞાન અભિપ્રાયનું કરવાનું કહો છો, અને પ્રવૃત્તિ બાહ્યાર્થમાં બતાવો છો, તે શી રીતે સંગત બને ?

*(દૃશ્યાર્થ વિકલ્પ્યાર્થ એકીકરણ ચર્ચા)*

*બૌદ્ધ* :– આંખ સામે દેખાતો અર્થ, અને વિકલ્પ્યઅર્થ=બુદ્ધિમાં વિકલ્પેલો અર્થ–આ બન્નેનું એકીકરણ કરી–આ બન્નેમાં સમાનતા ઉભી કરી પ્રમાતા બાહ્યઅર્થમાં પ્રવૃત્તિ કરશે તેથી દોષ નથી.

*જૈન* :– આ તર્ક પણ કસ વિનાનો છે. બાહ્યાર્થ અને વિકલ્પ્યાર્થ વચ્ચે જમીન–આસમાનનું અંતર છે. બન્ને અત્યંત વિલક્ષણ છે (એક અર્થક્રિયા સમર્થ છે. બીજો નહિ. ઇત્યાદિ વિલક્ષણતા છે.) તેથી બન્નેમાં સાધર્મ્ય નથી. અને સાધર્મ્યના અભાવમાં એકીકરણ સંભવી ન શકે, કેમકે સાધર્મ્ય જ એકીકરણનું નિમિત્ત છે. જો તેવા સાધર્મ્ય વિના જ એકીકરણ થઇ શકતું હોય, તો આખા જગતનું એકીકરણ થવાની શક્યતા ઉભી થાય, જે અતિપ્રસંગરૂપ છે.

વળી આ બન્નેનું (બાહ્યાર્થ અને વૈકલ્પ્યાર્થનું) એકીકરણ કોણ કરે છે ? જેમાં વિકલ્પ્યઅર્થ પ્રતિભાસે છે. તે વિકલ્પ જ આ બન્નેનું એકીકરણ કરે છે, તેમ કહેવું બરાબર નથી. કારણ કે વિકલ્પમાં સ્વલક્ષણ=બાહ્યાર્થનો પ્રતિભાસ સ્વીકાર્યો નથી. અન્યથા તેમાં વિકલ્પરૂપતાની હાનિનો પ્રસંગ છે. (આ અંગે વિસ્તૃતચર્ચા ગા.૪૨૨થી ૪૩૮થી જાણી લેવી.) આમ વિકલ્પમાં બાહ્યાર્થનો અવભાસ નથી. તેથી વિકલ્પ તે દૃશ્ય બાહ્યાર્થ સાથે વિકલ્પ્ય અર્થનું એકીકરણ કરે તે સંગત નથી અન્યથા અતિપ્રસંગ આવે. હવે જો વિકલ્પથી અન્ય જ કોઇક "વિકલ્પ્ય અર્થ દૃશ્ય છે." એવો અધ્યવસાય કરે છે. એમ સ્વીકારશો તો તે બરાબર નથી. કારણકે તેમાં સ્વમતવિરોધ છે. કારણકે આત્મતત્ત્વ સ્વીકારનો પ્રસંગ છે. તે આ પ્રમાણે–વિવક્ષિતવિકલ્પથી અન્ય વિકલ્પ એકીકરણ કરે તે સંભવિત નથી, કારણકે એક વિકલ્પકાળે અન્ય વિકલ્પ હોય નહિ. તથા યોગ્ય પણ નથી, કારણ કે વિકલ્પમાં દૃશ્ય બાહ્યાર્થનો અવભાસ નથી. આજ પ્રમાણે નિર્વિકલ્પક દર્શન પણ આ કાર્યમાં સમર્થ નથી, કારણકે તેમાં એકીકરણ અધ્યવસાય સંભવે નહિ. (વિકલ્પ્યઅર્થનો અવભાસ નથી ઇત્યાદિ કારણોથી અસંભવ છે.) અન્યથા (વિકલ્પ્યઅર્થનો અવભાસવગેરે હોય) તો તે નિર્વિકલ્પકરૂપ ન રહેતા વિકલ્પરૂપ બની જાય. આમ દૃશ્યાર્થ અને વિકલ્પ્યાર્થના એકીકરણના કર્તાતરીકે વિવક્ષિત વિકલ્પ, અન્યવિકલ્પ અને નિર્વિકલ્પક અસિદ્ધ છે. અને જે કર્તા હોય, તે બોધસ્વભાવવાળો હોવો જરૂરી છે. તેથી પરિશેષન્યાયથી અને એકીકરણની અન્યથા અનુપપત્તિથી એકીકરણના કર્તાતરીકે બોધસ્વભાવવાળો આત્મા સિદ્ધ થાય છે. પણ આ તમારા મતથી વિરુદ્ધ છે. તેથી દુર્બુદ્ધિવાળાઓના તરંગોની ચર્ચાથી સર્યું. આમ જિનવચન વાચ્યવાચકભાવસંબંધદ્વારા સઘળાય જ્ઞેય પદાર્થો સાથે યથાસ્થિત પ્રતિબદ્ધ છે. અર્થાત વાસ્તવિક અર્થસાથે સંકળાયેલું છે. એમ નિર્ણય થાય છે. વળી આ જિનવચનનું વિશેષણ બતાવે છે. "નાનાનયૌઘગહન"–આ જિનવાણી નૈગમવગેરે અનેક નયસમુદાયથી ગહન બનેલી છે. આવા વિશેષણોથી–ગુણોથી સભર જિનવચન ત્રણેલોકમાં પ્રસિદ્ધ છે. "પ્રસિદ્ધિ" શબ્દથી ત્રણલોકમાં પ્રસિદ્ધ હોવાથી જ ""જિનવચન આવા પ્રકારના ગુણોથી યુક્ત છે."" તેમ સિદ્ધ છે, તેથી તે સાધક બીજા પ્રમાણો બતાવવાથી શું? અર્થાત્ બીજા પ્રમાણોનું ઉપદર્શન પિષ્ટ–

सफलो मे तो एवं आरंभो रोयणाइजोगतो ।
तत्थऽप्पणो परस्सा य णियमातो कयं पसंगेणं ॥१९॥

(सफलो मे तत एवमारंभो रोचनादियोगतः । तत्रात्मनः परस्य च नियमात् कृतं प्रसङ्गेन)

यतोऽनन्तरोक्तप्रकारेण वक्ष्यमाणमवश्यं रुच्यादिविषयीकर्त्तव्यमतो *'मे'* ममास्य प्रकरणस्यारम्भः *'एवम्'* उक्तनीत्या सफलः । कुत इत्याह-*'तत्र'* आरभ्यमाणे प्रकरणे *'नियमाद्'* अवश्यंतया आत्मनः परस्य च *'रोचनादियोगात्'* रोचनाभावनादिभावात् । इह स्वस्य रोचनाद्ययोगे *कथञ्चितुरङ्गारमर्दकस्येव* विवक्षितफलानुपपत्तिः, कर्मदोषेण पुनः कदाचित् परेषां रोचनाद्यभावेऽप्यात्मनो रोचनादिभावतो विशिष्टफलावाप्तिर्न व्याहन्यत इत्यात्मन इत्युपादायि, अन्यथा परोपकाराय प्रकरणस्याऽऽरभ्यमाणत्वात् परस्यैव रोचनाद्यभिधातव्यं स्यान्नात्मन इति। यत एवं मम प्रकरणस्यारम्भः सफलोऽतः *'कृतं'* पर्याप्तमिहाधिकेन प्रसङ्गेन ॥ १९ ॥ इह *'धर्म्मसङ्ग्रहणिं वक्ष्ये'* इत्यनेन सामर्थ्यादस्य प्रकरणस्य धर्म्मोऽभिधेय उक्तः, तत्र धर्म्मशब्दान्वर्थमाह--

धारेइ दुग्गतीए पंडतमप्पाणगं जतो तेणं ।
धम्मोत्ति सिवगतीइ व, सततं धारणा समक्खाओ ॥ २० ॥

(धारयति दुर्गतौ पतन्तमात्मानं यतस्तेन । 'धर्म' इति शिवगतौ वा सततं धारणात् समाख्यातः)

*'धारयति'* निवारयति दुर्गतौ प्रपतन्तमात्मानं यतस्तेन कारणेन धर्म्म इति समाख्यातो वक्ष्यमाणः सम्यग्दर्शनाद्यात्मपरिणामः। अथवा शिवगतौ सततं *'धारणात्'* स्थापनात् धर्म्म इति समाख्यातः ॥२० ॥
अत्र परः पिपृच्छिषुरिदमाह--

धम्माधम्मक्खयतो सिवगतिगमणं ति ता कहं ताए ।
धारेति तओ? भन्नति हेतुम्मि फलोवयारोऽयं ॥२१॥

(धर्माधर्मक्षयात् शिवगतिगमनमिति ततः कथं तस्याम् । धारयति सकः? भण्यते, हेतौ फलोपचारोऽयम्)

---

પિંજરારૂપ હોઇ નિષ્ફળ છે" એમ સૂચવવા માટે છે. ॥૧૬॥
ફરીથી આ જ ધર્મનો અતિશય વિશેષ બતાવે છે.

*(જિનવચનમાં રોચનાદિની જરૂર)*

*ગાથાર્થ* :- આ સમસ્ત જિનવચનની વાત જવા દો (=અપિશબ્દનો અર્થ) પણ જિનવચનનો એક દેશ પણ જો ભવ્યજીવ બહુમાનપૂર્વક સૂત્ર અને અર્થથી ગ્રહણ કરે, તો તે દુઃખક્ષય=મોક્ષમાટે થાય છે. કદાચ તેવી શક્તિના અભાવમાં સૂત્રથી જિનવચનનું ગ્રહણ ન થાય, તો માત્ર અર્થ પણ જો અવિપરીતપણાથી જ્ઞાત થાય, તો તે અર્થ પણ ભવ્યજીવોના દુઃખના ક્ષયનું કારણ બને છે. કારણકે જિનવચન અચિન્ત્ય શક્તિથી સભર છે. ॥૧૭॥
તો હવે શું કરવું ? તે બતાવે છે.

*ગાથાર્થ* :- તેથી દુઃખક્ષયની ઇચ્છા કરનારે વ્યાક્ષેપ વિના આ-જિનવચનમાંથી ઉદ્ધાર કરી મારાવડે જે કહેવાશે તેનું રોચન કરવું જોઇએ, ભાવન કરવું જોઇએ અને બીજાને પ્રકાશન કરવું જોઇએ. રુચિપૂર્વકના જ દરેક અનુષ્ઠાનો પોતાના ફળની સિદ્ધિમાં હેતુ બને છે માટે "રોચયિતવ્ય" એમ કહ્યું. જિનવચનના પૂર્વાપર અવયવ=અંગને વિરોધ ન આવે એ પ્રમાણે જિનવચનની વિચારણા કરી તેને આત્મસાત્ કરવું-આત્મામાં પરિણામ પમાડવું કેમકે તેનાથી તત્ત્વની પકડ ઉભી થાય છે. અને તત્ત્વની પકડ જ ઉત્તરોત્તર વિશિષ્ટક્રિયાની પ્રવૃત્તિમાં હેતુ છે. આ સૂચવવા જ "ભાવયિતવ્ય" એમ કહ્યું. તથા રુચિત અને ભાવિત થયેલા જિનવચનો બીજા આગળ પ્રકાશિત કરવા જોઇએ, કેમકે બીજાને પ્રતિબોધ પમાડવો એ પરમનિર્જરાનું કારણ છે. આ દર્શાવવા "પ્રકાશયિતવ્ય" એમ કહ્યું. આ રોચનઆદિ ત્રણ પણ વ્યાક્ષેપથી વ્યાકુલ બનેલાને સંભવે નહિ. અર્થાત્ વ્યાક્ષેપ રોચનાદિ ત્રણનો પ્રતિરોધક છે. માટે વ્યાક્ષેપને દૂર કરવા "અવ્યાક્ષિપ્તેન" એમ કહ્યું. સમ્યગ્રોચનવગેરે અવશ્ય કર્તવ્ય છે. તેમ સૂચવવા તેના હેતુતરીકે "દુઃખક્ષયમિચ્છતા" એમ કહ્યું. જિનવચનના સમ્યગ્રોચન, ભાવન અને પ્રકાશન વિના [illegible]બંધી બધા દુઃખોનો ક્ષય સંભવી શકે નહિ. તેથી "જો તમને સઘળા સાંસારિકદુઃખોના ક્ષયની ઇચ્છા હોય, તો તમે જિનવચનનું સમ્યગ્રોચન આદિ કરો" તેમ કહેવાનો ભાવ છે. ॥૧૮॥
આમ હોવાથી શું કરવું ? તે કહે છે-

*ગાથાર્થ* :- ઉપર કહ્યું તે પ્રમાણે ઉપદેશ્ય ધર્મસંગ્રહણિ અવશ્ય રુચિવગેરેનો વિષય કરવા યોગ્ય છે. તેથી આ ધર્મસંગ્રહણિરૂપ આરંભાતા પ્રકરણમાં અવશ્ય પોતાને અને બીજાને રોચનવગેરેનો યોગ છે. તેથી આ પ્રમાણે મારો આરંભ સફળ છે.

જો ધર્મના ઉપદેશમાં ઉપદેશદેનારને પોતાને જ રુચિ ન હોય, તો અંગારમર્દક આચાર્યની જેમ ઉપદેશ દેનારને એ ધર્મથી વિવક્ષિત ફળની પ્રાપ્તિ થાય નહિ. પણ જો સાંભળનારને કર્મના દોષથી ક્યારેક સાંભળેલા ધર્મવચનમાં રુચિવગેરે ન જાગે તો પણ ગ્રન્થકારને પોતાને રુચિવગેરે હોવાથી પોતાને વિશિષ્ટ ફળની પ્રાપ્તિમાં પ્રતિરોધ થતો નથી, તે સૂચવવા

ननु '*धर्माधर्मक्षयात्*' पुण्यापुण्यक्षयात्संकाशात् शिवगतौ गमनं 'भवति' "*धर्माधर्मक्षयान्मुक्ति*" रिति वचनात्, ततः कथं तस्यां शिवगतौ धारयति '*तओत्ति*' सको धर्म्मो?,नैवासौ धारयति, किन्तु धर्माधर्म्मक्षय एवेति भावः– **अत्राह** '*भण्यते*' अत्रोत्तरं दीयते, '*हेतुम्मि फलोवयारोऽयमिति*' हेतौ–धर्म्मे फलस्य धर्म्माधर्म्मक्षयलक्षणस्योपचारोऽयं पूर्वोक्तो निर्देशः, एतदुक्तं भवति–कारणे कार्योपचारात्तन्दुलान् वर्षति पर्जन्य इत्यादिनिर्देशवत् शिवगतौ सततं धारणाद्धर्म्म इत्युक्तमतो न कश्चिद्दोष इति ॥ २१ ॥ तमेव कार्यकारणभावमुपचारनिबन्धनं दर्शयति––

हेऊ उभयखयस्स य धम्मो जं तस्समुज्जतो नियमा ।

कुणइ तयं तदभावे तस्साणुट्ठाणवेफल्लं ॥२२॥

(हेतुरुभयक्षयस्य च धर्मः तत्समुद्यतो नियमात् । करोति तकं, तदभावे तस्यानुष्ठानवैफल्यम् )

'*हेतुश्च*' हेतुरेव कारणमेव '*उभयक्षयस्य*' धर्म्माधर्म्मक्षयस्य '*धर्म्मो*' वक्ष्यमाणः चोऽवधारणे, भिन्नक्रमश्च, स चादावेव योजितः, कुतो हेतुरेवोभयक्षयस्य धर्म्म इत्यत आह–'*यत्*' यस्मात् *तस्मिन्*–धर्म्मे समुद्यतो '*नियमाद्*' अवश्यंतया करोति '*तकम्*' उभयक्षयं धर्म्माधर्म्मक्षयम् । अत्रैव विपक्षे बाधामाह– '*तदाभावे*' धर्म्माधर्म्मलक्षणोभयक्षयाभावे '*तस्य*' धर्म्मस्य संबन्धिनोऽनुष्ठानस्य वैफल्यं–वैफल्यप्रसङ्गः, तदनुष्ठानं हि धर्माधर्मक्षयार्थं, स चेत्ततो न भविष्यति किं तदनुष्ठानेनेतिभावः ॥ २२ ॥ अत्र पराभिप्रायमाह–

तस्साणुट्ठाणफलं देवादिसु सातमेव सिय होज्जा ।

तं नो धम्मरयाणवि मोक्खाभावप्पसंगातो ॥ २३ ॥

(तस्यानुष्ठानफलं देवादिषु सातमेव स्याद् भवेत् । तन्नो धर्मरतानामपि मोक्षाभावप्रसङ्गात् )

---

'આત્મનઃ' એમ કહ્યું. નહિતર તો બીજાના ઉપકારમાટે આ પ્રકરણનો આરંભ હોવાથી બીજાની જ રુચિવગેરે કહેવું યુક્તિયુક્ત બનત, નહિ કે પોતાની રુચિવગેરે સૂચવવું. આમ મારો પ્રકરણનો આરંભ સફળ હોવાથી અહીં અધિક કહેવાથી સર્યું. ॥૧૯॥

### *(ધર્મ ધર્માધર્મક્ષયનો હેતુ)*

અહીં પૂર્વે 'હું ધર્મસંગ્રહણિ કહીશ' એમ કહ્યું. આ વચનના સામર્થ્યથી આ પ્રકરણના અભિધેય તરીકે 'ધર્મ' બતાવ્યો. તેમાં 'ધર્મ' શબ્દનો અન્વર્થ બતાવે છે.

*ગાથાર્થ* :– દુર્ગતિમાં પડતા આત્માને ધારી રાખતો હોવાથી–અટકાવતો હોવાથી 'ધર્મ' કહેવાય છે. અથવા શિવગતિ=મોક્ષમાં સતત ધારી રાખતો હોવાથી=સ્થાપી રાખતો હોવાથી ધર્મ કહેવાય છે. ॥૨૦॥

અહીં પૂછવાની ઇચ્છાવાળો બીજો કોઇ આ પ્રમાણે કહે છે.

*ગાથાર્થ* :– પ્રશ્નઃ– ધર્માધર્મ=પુણ્યપાપના ક્ષયથી મોક્ષમાં ગમન થાય છે. કેમકે **'ધર્માધર્મના ક્ષયથી મુક્તિ'** એવું વચન છે. તેથી ધર્મ મોક્ષમાં શી રીતે ધારી શકે ? (મોક્ષની પ્રાપ્તિ વખતે ધર્મ હાજર નથી. અને અસત એવા ધર્મમાં જો ધારી રાખવાનું સામર્થ્ય માનશો, તો આકાશકુસુમમાં પણ તેવી કલ્પનાની આપત્તિ આવશે.) તેથી મોક્ષમાં ધર્મ ધારી રાખતો નથી. પરંતુ ધર્માધર્મનો ક્ષય જ ધારી રાખે છે.

ઉત્તર :– અહીં ધર્મરૂપ હેતુમાં ધર્માધર્મના ક્ષયરૂપ ફળ=કાર્યનો ઉપચાર છે. 'વરસાદ ચોખા વરસાવે છે' ઇત્યાદિ પ્રયોગોની જેમ કારણમાં કાર્યનો ઉપચાર કરી 'શિવગતિમાં સતત ધારી રાખતો હોવાથી ધર્મ' એમ કહ્યું છે. તેથી કોઇ દોષ નથી, એવું તાત્પર્ય છે. ॥૨૧॥

ઉપચારમાં કારણભૂત કાર્યકારણભાવ દર્શાવે છે–

ગાથાર્થ :– ધર્મ ધર્માધર્મરૂપ ઉભયના ક્ષયનો હેતુ જ છે. (મૂળમાં 'ય' (='ચ') નો અર્થ જકાર છે. અને તેને 'હેતુ'સાથે જોડવાનો છે.) કેમકે ધર્મમાં સમ્યગ્ઉદ્યમી બનેલી વ્યક્તિ અવશ્યતયા ધર્માધર્મનો ક્ષય કરે છે. વિપક્ષમાં–આમ ન થાય તો બાધક દર્શાવે છે. જો ધર્માધર્મનો ક્ષય ન થાય (જો ધર્મથી ધર્માધર્મનો ક્ષય થતો ન હોય) તો ધર્મના બધા જ અનુષ્ઠાનો નિષ્ફળ થવાનો પ્રસંગ આવે. કેમકે ધર્માધર્મના ક્ષયમાટેના ધર્માનુષ્ઠાનો ધર્માધર્મનો ક્ષય ન કરે તો તે અનુષ્ઠાનોનું પ્રયોજન જ શું રહે ? ॥૨૨॥

અહીં બીજાનો અભિપ્રાય દર્શાવે છે–

ગાથાર્થ :– અહીં બીજાને શંકા થાય કે 'ધર્મના અનુષ્ઠાનોનું ફળ દેવલોકવગેરેમાં (વગેરેથી વિશિષ્ટ કુળવગેરે સમજવા) શાતાનો અનુભવ હોઇ શકે છે. તેથી ધર્મથી ધર્માધર્મનો ક્ષય ન થતો હોય, તો પણ ધર્માનુષ્ઠાનને વિફળ શી રીતે કહી શકાય ? તેના સમાધાનમાં કહે છે–'આ વાત બરાબર નથી. કેમકે આમ સ્વીકારવામાં તો, જેઓ ધર્મમાં રત છે તેઓના પણ મોક્ષના અભાવનો પ્રસંગ આવશે. કેમકે ધર્મના ફળતરીકે દેવલોકઆદિ સંબંધી સુખનો જ સ્વીકાર કર્યો છે. અહીં અનુમાનપ્રયોગ :– જે વસ્તુ જેને ઉત્પન્ન કરવામાં જ નિયતશક્તિવાળી હોય, તે વસ્તુથી તેના સિવાય બીજું કંઇ ઉત્પન્ન થઇ શકે નહિ. દા.ત. જવના બીજો જવને જ ઉત્પન્ન કરવાની નિયતશક્તિવાળાં છે. તો તે બીજો જવને છોડી

स्यादेतत्, *'तस्य'* धर्म्मस्य संबन्धिनोऽनुष्ठानस्य फलं देवादिषु, आदिशब्दाद्विशिष्टकुलादिपरिग्रहः, सातमेव भवेत्, ततः कथं तदनुष्ठानस्य वैफल्यप्रसङ्ग इति । अत्रोत्तरमाह–*'तं नो'* इति यदेतदुक्तं तत्र, कुत इत्याह एवमभ्युपगमे सति धर्म्मानुष्ठाननिरतानामपि मोक्षाभावप्रसङ्गात्, तस्य देवादिविषयसातफलत्वेनैवाभ्युपगमात्, प्रयोगश्चात्र–यत् यज्जनन एव प्रतिनियतशक्तिकं, न ततस्तदन्यत् भवति, यथा यवबीजात् शाल्यङ्कुरः, देवादिविषयसातजनन एव च प्रतिनियतशक्तिकमभ्युपगम्यते धर्मानुष्ठानमिति, ततस्तदन्यभावो हि तदन्यजननशक्तिमत्तया व्याप्तः, तद्विरुद्धं च तज्जनन एव प्रतिनियतशक्तिकत्वमिति व्यापकविरुद्धोपलब्ध्या व्याप्यस्य मोक्षभावस्याभावः प्रसज्यते, अनिष्टं चैतत्, ततो धर्म्माधर्मक्षयहेतुर्धर्म इति स्थितम् ॥ २३ ॥ अपिच–

उभयक्खयम्मि हेऊ को वा अन्नोत्ति? झाणमह बुद्धी ।
इट्ठमिदं णो जम्हा धम्मातो ण तं पिहब्भूयं ॥ २४ ॥

(उभयक्षये हेतुः को वाऽन्य इति? ध्यानमथ बुद्धिः । इष्टमिदं नो यस्माद् धर्मात्र तत् पृथग्भूतम्)

*'उभयक्षयस्य'* धर्म्माधर्मक्षयस्य धर्म्मादन्यः को हेतुः स्यादिति वाच्यं?, निर्हेतुकत्वे सति सदाभावादिप्रसङ्गात्। अथ स्यादियं तव बुद्धिः–ध्यानमुभयक्षयस्य हेतुरिति, अत्राह–इष्टमिदमस्माकं, नात्र विप्रतिपत्तिः, यस्मात्, *'तत्'* ध्यानं न *'धर्म्माद्'* वक्ष्यमाणस्वरूपात् पृथग्भूतं, तस्योत्तरगुणरूपत्वात् ॥२४॥ इह वा धर्माधर्मक्षयस्य हेतुर्धर्म्म इत्युक्तं, तत्रापरो धर्म्माधर्मस्वरूपमजानानः प्रश्नयति–ननु धर्मादधर्मस्य क्षयो भवतु, तस्य तेन सह विरोधात्, धर्म्मस्य पुनः कथं?, नहि स्वस्मात् स्वस्यैव क्षयो भवितुमर्हति, सर्वभावानामपि स्वरूपत एव क्षयप्रसक्तया सकलशून्यताऽऽपत्तेरित्यत आह–

जो पुण्णकम्मरूवो धम्मो तस्स क्खयातो सिवगमणं ।
जो पुण आतसहावो पगरिससुद्धो ण तस्सावि ॥ २५ ॥

( यः पुण्यकर्मरूपो धर्मस्तस्य क्षयात् शिवगमनम् । यः पुनः आत्मस्वभावः प्रकर्षशुद्धो न तस्यापि )

इह [1]द्विविधो धर्म्मः––पुण्यकर्म्मप्रकृतिलक्षणः सम्यग्ज्ञानादिरूपात्मपरिणामलक्षणश्च, तत्र धर्म्माधर्मक्षयात् शिवगतौ गमनं भवतीत्यत्र यः पुण्यकर्मरूपो धर्म्मस्तस्य क्षयादिति द्रष्टव्यं, न पुनरयं आत्मस्वभावः सम्यग्दर्शनादिरूपः प्रकर्षशुद्धस्तस्यापि क्षयात्, ततो न कश्चिदिह पूर्वोक्तदोषावकाशः। ननु यद्यसौ सम्यग्दर्शनादिरूपो धर्म्मः पुण्यक्षयहेतुरिष्यते, ततो नैवासौ तन्निबन्धनं भवेत्, न हि यो यत्क्षयहेतुः स तदुत्पाद–

---

शालिचोखाना अंकूरो उत्पन्न करी शके नहीं. एज प्रमाणे धर्मानुष्ठान पण देवादिसंबंधी शाता उत्पन्न करवानी ज शक्तिरूपे स्वीकारायुं छे. तो धर्मानुष्ठानथी ते सिवाय बीजुं कंइ उत्पन्न थइ न शके. तेथी धर्मथी भिन्नवस्तु ज देवादिगत शाताथी भिन्न वस्तुने उत्पन्न करवानी शक्तिथी व्याप्त थाय छे. अने देवादिसंबंधी शातानी उत्पत्तिमां ज नियतशक्ति वास्तवमां देवादिगतशाताथी भिन्न एवा मोक्षादिजनकशक्तिथी विरुद्ध छे. आम व्यापकना विरुद्धनी उपलब्धि थती होवाथी पण मोक्षना अभावनो प्रसंग छे. (तात्पर्य :– जो धर्ममां मात्र देवगत्यादिना सुखजनकशक्ति ज होय, तो धर्मथी मात्र देवगत्यादिना सुख ज मळे. तेथी बे वात निश्चित थाय. (१) देवगत्यादिना सुखथी भिन्न एवा मोक्षनी जनकशक्ति धर्मथी भिन्नमां मानवी पडे. अने (२) धर्मने मोक्षनो बाधक मानवो पडे. केमके धर्मपासे तो मात्र देवगत्यादिना सुखने उत्पन्न करवानी ज शक्ति छे. तेथी धर्मना सेवनथी तो देवगतिना सुखो ज मळ्या करवाना. अने मोक्ष तो दूरने दूर ज ठेलातो जवानो. अने अधर्ममां तो मोक्षजनकशक्ति मानवी ईष्ट ज नथी. आम धर्म के अधर्म बन्नेथी मोक्ष सिद्ध थतो न होवाथी मोक्षना अभावनो प्रसंग आवे.) परंतु ते अनिष्ट छे. तेथी अनन्यगत्या स्वीकारवुं ज पडशे, के धर्म ज धर्माधर्मना क्षयनो हेतु छे.

*गाथार्थ* :– वळी, धर्माधर्मना क्षयमां धर्मथी भिन्न एवो बीजो क्यो हेतु छे. ? ते बतावो, कारणके धर्माधर्मनो क्षय निर्हेतुक थवामां सदा थवानी आपत्ति छे. अहीं जो तमे एवी बुद्धि करशो, के "ध्यान उभयक्षयमां हेतु छे." तो ते अमने ईष्ट ज छे. कारण के ते ध्यान धर्मथी भिन्न नथी. केमके ते ध्यान धर्मना उत्तरगुणरूप छे. ॥२४॥

*(धर्मना बे स्वरूप)*

अहीं धर्माधर्मना क्षयना हेतुतरीके धर्म बताव्यो. त्यां जेने धर्मना स्वरूपनी पीछाण नथी तेवी बीजी व्यक्ति प्रश्न करे छे के–धर्मथी अधर्मनो क्षय थाय ते बराबर छे. केमके धर्मनो अधर्मसाथे विरोध छे. परंतु धर्मथी धर्मनो क्षय शी रीते थाय? "पोतानाथी ज पोतानो क्षय थाय" ते बेसे तेवी वात नथी. केमके तेम मानवामां तो बधी ज वस्तुनो पोताना स्वरूपथी ज क्षय मानवानो प्रसंग आवे अने जगतने सकळ वस्तुओथी शून्य मानवानी आपत्ति आवशे. आ प्रश्नना समाधानमां कहे छे–

*गाथार्थ* :– अहीं बे प्रकारनो धर्म छे. (१) पुण्यकर्मप्रकृतिरूप अने (२) सम्यग्ज्ञानआदि आत्मपरिणामरूप. तेमां

---

1. अत एव व्याख्याप्रज्ञप्तौ धम्मकामए पुण्णकामए इति पदयुगलपाठः ।

हेतुर्भवति, यथाऽऽपो ज्वलनस्य, पुण्यकर्म्मक्षयहेतुश्चासौ सम्यग्दर्शनाद्यात्मपरिणामलक्षणो धर्म्मः,[1]*"उभयक्खयस्स हेऊ धम्मो"* इतिवचनात्, तथा च सति [2]*"पच्छा वि ते पयाया खिप्पं गच्छंति अमरभवणाइं। जेसिं पिओ तवो संजमो य खंती य बंभचेरं च ॥ १ ॥"* इत्याद्यागमविरोधः, अत्र तपस्संयमादेः स्वर्गादिफलत्वेनाभिधानात् तस्य चानन्तरपुण्यकर्म्मप्रकृतिलक्षणकारणनान्तरीयकत्वादित्यत **आह**–

सो उभयक्खयहेऊ सेलेसीचरमसमयभावी जो।
सेसो पुण निच्छयओ तस्सेव पसाहगो णेओ ॥ २६ ॥

(स उभयक्षयहेतुः शैलेशीचरमसमयभावी यः। शेषः पुनर्निश्चयतस्तस्यैव प्रसाधको ज्ञेयः)

इह *'निश्चयतो'* निश्चयमतेन सम्यग्दर्शनादिरूपात्मपरिणामलक्षणो धर्म्मः स एवोभयक्षयहेतुः, यः शैलेश्यवस्थाचरमसमयभावी, न चासौ पुण्यकर्म्मप्रकृतिकारणमागमेऽपीष्यते, ततो न कश्चिदागमविरोधः, शेषः पुनः सर्वोऽपि यथोक्तो धर्म्मः *'तस्यैव'* शैलेश्यवस्थाचरमसमयभाविनो धर्म्मस्य साक्षात् पारम्पर्येण वा साधकः। तत्र तदनन्तर(पूर्व?)पश्चात्समयभावी साक्षात्, शेषः पुनः सर्वोऽपि पारम्पर्येण, एकद्वित्र्यादिभवव्यवधानलक्षणेन च पारम्पर्येण तस्य धर्मस्य प्रसाधको भवति स्वर्गादिफलपुण्यकर्म्मप्रकृतीर्जनयन्नेव, नान्यथा[3]। ततस्तदपेक्षया सूत्रमप्यनन्तरोक्तं समीचीनमेवेति स्थितम् ॥२६॥

तदेवं सप्रपञ्चं धर्मशब्दान्वर्थमभिधाय साम्प्रतं धर्म्मशब्दनिक्षेपप्र[4]कारमाह–

णामं ठवणा दविए खेत्ते काले तहेव भावे य।
एसो खलु धम्मस्सा णिक्खेवो छव्विहो होइ ॥ २७ ॥

(नाम स्थापना द्रव्ये क्षेत्रे काले तथैव भावे च । एष खलु धर्मस्य निक्षेपः षड्विधो भवति)

---

*"ધર્માધર્મના ક્ષયથી શિવગતિમાં ગમન"* કહ્યું, ત્યાં જે પુણ્યકર્મરૂપ ધર્મ છે તેના ક્ષયથી શિવગતિમાં ગમન સમજવું, નહિ કે, સમ્યગ્દર્શનાદિરૂપ પ્રકર્ષશુદ્ધ આત્મપરિણામસ્વભાવરૂપ ધર્મના પણ ક્ષયથી. તેથી પૂર્વે કહેલી જગતની શૂન્યતાની આપત્તિને અવકાશ નથી.

*શંકા* :– જો આ સમ્યગ્દર્શનાદિરૂપ ધર્મ પુણ્યક્ષયના હેતુતરીકે ઇષ્ટ હોય, તો તેને પુણ્યના કારણતરીકે કહી શકાય નહિ. નિયમ છે કે "જે જેના ક્ષયનો હેતુ હોય, તે તેની ઉત્પત્તિનો હેતુ બને નહિ"જેમકે પાણી અગ્નિના નાશનું કારણ છે. તો પાણી અગ્નિની ઉત્પત્તિનું કારણ બનતું નથી. સમ્યગ્દર્શનઆદિ આત્મપરિણામરૂપ ધર્મ પુણ્યક્ષયનું કારણ છે. કેમકે "ઉભયક્ષયનો હેતુ ધર્મ છે." એવું વચન છે અને જો સમ્યગ્દર્શનાદિરૂપ ધર્મને પુણ્યનું કારણ નહિ માનો, તો આગમવિરોધ છે. આગમમાં કહ્યું જ છે કે "પાછળી વયે પણ જેઓ પ્રવ્રજ્યા સ્વીકારે છે તેઓ શીઘ્ર પણ દેવલોકમાં જાય છે. કે જેઓને તપ, સંયમ, ક્ષાન્તિ અને બ્રહ્મચર્ય પ્રિય છે." અહીં તપ, સંયમવગેરેના સ્વર્ગવગેરે ફળ બતાવ્યા છે. અને સ્વર્ગવગેરે અનન્તર પૂર્વવર્તી પુણ્યકર્મપ્રકૃતિરૂપ કારણને અવિનાભાવી છે. અર્થાત્ સ્વર્ગાદિનું અનન્તરકારણ પુણ્ય જ છે. આમ તપ અને સંયમવગેરે પુણ્યના કારણતરીકે આગમથી સિદ્ધ થાય છે. આમ તપ, સંયમવગેરે ધર્મને પુણ્યના કારણ તરીકે માનવામાં યુક્તિવિરોધ છે. અને પુણ્યના કારણતરીકે ન માનવામાં આગમવિરોધ છે. ॥૨૫॥

આ શંકાના સમાધાનમાં કહે છે–

*ગાથાર્થ* :– અહીં નિશ્ચયનયમતે સમ્યગ્દર્શનાદિઆત્મપરિણામરૂપ તે જ ધર્મ ઉભયક્ષયનો હેતુ છે, કે જે ધર્મ શૈલેશીઅવસ્થાના ચરમસમયે હોય છે. બાકીના ધર્મો શૈલેશી ચરમસમયભાવી તે ધર્મના જ પ્રસાધક છે. શૈલેશી ચરમસમયભાવી ધર્મ ઉભયક્ષયનો હેતુ છે. પણ પુણ્યકર્મનું કારણ નથી. એમ આગમને માન્ય હોવાથી કોઇ આગમવિરોધ રહેતો નથી. બાકીના સમ્યગ્દર્શનાદિ ધર્મો આ શૈલેશીઅવસ્થાના ચરમસમયભાવી ધર્મના સાક્ષાત્ કે પરંપરાએ કારણ છે. તેમાં પણ શૈલેશીઅવસ્થાના દ્વિચરમસમયભાવી જે ધર્મ છે, તે ધર્મ સાક્ષાત્કારણ છે. બાકીના બધા ધર્મો પરંપરાએ કારણ છે. અને જે ધર્મો એક, બે, ત્રણ વગેરે ભવોના વ્યવધાનરૂપ પરંપરાથી તે ધર્મના (શૈલેશી ચરમસમયભાવી ધર્મના) પ્રસાધક હોય છે, તેઓ સ્વર્ગઆદિફળવાળા પુણ્યકર્મને ઉત્પન્ન કરવાપૂર્વક જ કારણ બને છે. અન્યથારૂપે નહિ. તેથી તે ધર્મોની અપેક્ષાએ "પચ્છા વિ પયાયા" ઇત્યાદિ ઉપરોક્ત સૂત્ર પણ સંગત ઠરે છે. (તાત્પર્ય :– પુણ્ય–પાપરૂપ ધર્માધર્મના ક્ષયમાં ચૌદમાં ગુણસ્થાનના ચરમસમયે વર્તતા આત્મપરિણામરૂપ ધર્મ જ કારણ છે. અને આ ધર્મ પુણ્યનું કારણ બનતો નથી. તેથી "જે ક્ષયનું કારણ હોય, તે ઉત્પત્તિનું કારણ શી રીતે બને ?" એવી આપત્તિ રહે નહિ. ચૌદમાં ગુણસ્થાનના ઉપાંત્ય સમયનો ધર્મ ચરમસમયના ધર્મનું સાક્ષાત કારણ છે બાકીના ધર્મો પરંપરાએ કારણ છે. આ પરંપરાના કારણો બે પ્રકારના છે. (૧) સાશ્રવ અને (૨) નિરાશ્રવ. જે ધર્મો પુણ્યાદિના હેતુ બનવા દ્વારા–પુણ્યને દ્વાર બનાવી કારણ બને તે બધા સાશ્રવધર્મો અને જે ધર્મો પુણ્યના હેતુ બન્યા વિના કારણ બને, તે નિરાશ્રવધર્મો. આમ સાશ્રવધર્મોદ્વારા દેવાદિગતિમાં કારણભૂત પુણ્યની પણ સિદ્ધિ થાય છે.) ॥૨૬॥

---

1.उभयक्षयस्य हेतुर्धर्मः 2.पश्चादपि ते प्रयाताः क्षिप्रं गच्छन्ति अमरभवनानि। येषां प्रियं तपः संयमश्च क्षान्तिश्च ब्रह्मचर्यं च। 3.मोक्षहेतोरपि सम्यक्त्वादेः पुण्यकारणत्वेऽध्यवसायविशेषयुक्ततैव हेतुरिति अत्रत्यो विशेषः शास्त्रवार्तावृत्तौ। 4.प्रकारानाहेति पाठान्तरम्

नामधर्मः स्थापनाधर्मः द्रव्यधर्मः क्षेत्रधर्मः कालधर्मस्तथैव भावधर्मश्च, एष खलु धर्मस्य निक्षेपः षड्विधो भवतीति गाथासंक्षेपार्थः । **नन्विदं** निक्षेपप्रकाराभिधानमयुक्तम्, अप्रस्तुतत्वात्, न हि नामादिभिरिहाभिहितैः किञ्चित्प्रयोजनमीक्षामहे इति, न, व्यामोहनिवृत्तिफलत्वेनास्य प्रस्तुतत्वात्, **तथाहि** पूर्वोक्तं धर्मशब्दान्वर्थमाकर्ण्य नामादिषु धर्मशब्दाभिधेयेषु धर्मशब्दान्वर्थादर्शनात् कश्चिद्व्यामुह्येत, ततस्तद्व्यामोहापनोदार्थं नामादीन् अप्रस्तुतान् अपाचिकीर्षुः प्रस्तुतेन च वक्ष्यमाणेन भावधर्मेण यथोक्तधर्मशब्दान्वर्थयुक्तेनाधिकारमुपदिदर्शयिषुः सप्रपञ्चं नामादिनिक्षेपप्रकारानाचष्ट इत्यदोषः *तदुक्तम् – "अप्रस्तुतार्थापाकरणात् प्रस्तुतार्थव्याकरणाच्च निक्षेपः फलवानिति"* ॥२७॥ तत्र '<u>यथोद्देशं निर्देशः</u>' इति न्यायान्नामधर्ममभिधित्सुराह––॥ दारगा[1]हा ॥

**जीवस्साजीवस्स व अन्नत्थविवज्जियस्स जस्सेह।**

**धम्मो णामं कीरइ स नामधम्मो तदक्खा वा ॥ २८ ॥ दारं ॥**

(जीवस्याजीवस्य वाऽन्वर्थविवर्जितस्य यस्येह । धर्मो नाम क्रियते स नामधर्मस्तदाख्या वा)

जीवस्याजीवस्य वा यथोक्तधर्मशब्दान्वर्थविवर्जितस्य यस्य कस्यचिद् *'इह'* जगति धर्म इति नाम क्रियते, स नाम्ना धर्मो नामधर्मो, यद्वा नामनामवतोरभेदोपचारान्नाम चासौ धर्मश्चेति व्युत्पत्तेर्नामधर्म इत्युच्यते । तत्रैव प्रकारान्तरमाह[2]––*'तदक्खा वत्ति'* तस्य–धर्मस्य आख्या वा–संज्ञा वा नामैव धर्मो नामधर्म इति व्युत्पत्त्या नामधर्मः ॥ २८ ॥ दारं । साम्प्रतं स्थापनाधर्ममाह–

**सब्भावासब्भावे पडुच्च लेप्पक्खचित्तमादीसु ।**

**धम्मवतो जा ठवणा ठवणाधम्मो स विन्नेओ ॥ २९ ॥**

(सद्भावासद्भावे प्रतीत्य लेप्याक्षचित्रादिषु । धर्मवतो या स्थापना स्थापनाधर्मः स विज्ञेयः )

सद्भावम्–आकारं–प्रतीत्य लेप्यचित्रादिषु, असद्भावम्–आकाराभावमाश्रित्याक्षवराटकादिषु,*'धर्मवतः'* साध्वादेर्या स्थापना क्रियते, स स्थापनाधर्मो विज्ञेयः, ननु धर्मवतः स्थाप्यमानत्वात्स स्थापनाधर्मवान् स्यान्न स्थापनाधर्मः, तत्कथमुक्तं स स्थापनाधर्मो विज्ञेय इति?, नैष दोषः, धर्मधर्मवतोरभेदोपचारादिति ॥२९॥ द्रव्यधर्ममाह–

**सचित्तेतरभेदस्स होइ दव्वस्स जो खलु सहावो ।**

**एसो उ दव्वधम्मोऽणुवउत्तस्सऽहव सुयमादी ॥ ३० ॥**

(सचित्तेतरभेदस्य भवति द्रव्यस्य यः खलु स्वभावः । एष तु द्रव्यधर्मोऽनुपयुक्तस्याथवा श्रुतादिः)

---

## *(ધર્મના નામાદિ છ નિક્ષેપા)*

આ પ્રમાણે "ધર્મ" શબ્દનો અન્વર્થ વિસ્તારથી બતાવ્યો. હવે ધર્મશબ્દના નિક્ષેપ પ્રકારો બતાવે છે.

*ગાથાર્થ* :– નામધર્મ, સ્થાપનાધર્મ, દ્રવ્યધર્મ, ક્ષેત્રધર્મ, કાલધર્મ તથા ભાવધર્મ આ પ્રમાણે ધર્મનો નિક્ષેપ છ પ્રકારે થાય છે.

*શંકા* :– આ પ્રમાણે નિક્ષેપના પ્રકારો કહેવા અયોગ્ય છે. કેમકે અપ્રસ્તુત છે. અહીં નામવગેરે જણાવવામાં અમને તો કોઇ પ્રયોજન દેખાતું નથી.

*સમાધાન* :– આ પ્રમાણે નિક્ષેપાનું કથન વ્યામોહ દૂર કરતું હોવાથી પ્રસ્તુત છે. અને સફળ છે. પૂર્વે દર્શાવેલા ધર્મશબ્દનો અન્વર્થ સાંભળ્યા બાદ ધર્મશબ્દના નામવગેરે અભિધેયોમાં ધર્મશબ્દનો અન્વર્થ ન દેખાતા કોઇક વ્યક્તિ મૂંઝાઇ જાય. તેથી તેમની મૂંઝવણ દૂર કરવી જોઇએ. આ હેતુથી આચાર્યને નામઆદિ અપ્રસ્તુત અભિધેયો દૂર કરવાની ઇચ્છા છે. તેમજ ભાવધર્મ જ યથોક્ત ધર્મશબ્દના અન્વર્થથી યુક્ત છે. અને પ્રસ્તુતમાં ભાવધર્મથી જ અધિકાર છે. તેમ ઉપદર્શન કરાવવાની ઇચ્છા છે. તેથી જ આચાર્ય વિસ્તારપૂર્વક નામાદિનિક્ષેપ પ્રકારો કહી રહ્યા છે. માટે અહીં કોઇ દોષ નથી. કહ્યું છે કે, *"અપ્રસ્તુત અર્થને દૂર કરવાદ્વારા અને પ્રસ્તુત અર્થનું નિરુપણ કરવા દ્વારા નિક્ષેપ સફળ થાય છે."* ॥૨૭॥

આ નિક્ષેપાઓમાં "ઉદ્દેશને અનુરૂપ નિર્દેશ હોય" એ ન્યાયથી સૌ પ્રથમ નામધર્મનું નિરુપણ કરવાની ઇચ્છાથી કહે છે–

*ગાથાર્થ* :–પૂર્વોક્ત ધર્મશબ્દના અન્વર્થથી રહિત હોય, તેવા જીવ કે અજીવનું આ જગતમાં જે "ધર્મ" એવું નામ કરાય છે તે નામથી ધર્મ નામધર્મ કહેવાય–અથવા નામ અને નામવાળા વચ્ચે અભેદ ઉપચાર કરીને "નામ એજ ધર્મ" એવી વ્યુત્પત્તિથી નામધર્મ કહેવાય. આજ બાબતમાં બીજો પ્રકાર બતાવે છે.– અથવા તે ધર્મનું જે નામ છે તે જ નામધર્મ એવી વ્યુત્પત્તિથી નામધર્મ. નામદ્વાર બતાવ્યું. ॥૨૮॥

હવે સ્થાપનાધર્મ બતાવે છે.––

*ગાથાર્થ* :–ધર્મથી યુક્ત એવા સાધુવગેરેની સદ્ભાવ=આકારને આશ્રયીને લેપ્ય, ચિત્રવગેરેમાં અને

---

1. निक्षेपनगराभिसरणाय नामादीनां द्वाराणां प्ररूपिका गाथा द्वारगाथा । 2. समस्तन्यासस्थलस्यापि लक्ष्यत्वात्।

सचित्तस्य-मनुष्यादेरचित्तस्य वा-धर्मास्तिकायादेर्यः खलु स्वभावः-चेतनावत्त्वादिलक्षणः, स किमित्याह- *'एसो उ दव्वधम्मो'* 'तु': पुनरर्थे एष पुनर्द्रव्यधर्मो ज्ञातव्य इति शेषः। [1]प्रकारान्तरमाह--'*अणुवउत्तस्सऽहव सुयमाई*" अथवेति द्रव्यधर्मस्य प्रकारान्तरतासूचने, श्रुतमिति श्रुतधर्म आदिशब्दाच्चारित्रधर्मपरिग्रहः, अनुपयुक्तस्य-श्रुतधर्मादिविषयोपयोगविकलस्य द्रव्यधर्मो विज्ञेयः, "*अनुपयोगो द्रव्य*" मितिवचनात् ॥३०॥

अधुना क्रमप्राप्तं क्षेत्रधर्ममाचष्टे-

इह दव्वं चेव णिवासमित्तपज्जायतो मतं खेत्तं ।
जो तस्सायसभावोऽमुत्तत्तादी खेत्तधम्मो सो ॥ ३१ ॥
(इह द्रव्यमेव निवासमात्रपर्यायतो मतं क्षेत्रम् । यस्तस्यात्मस्वभावोऽमूर्तत्वादिः क्षेत्रधर्मः सः)

*'इह'* प्रवचने"*अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः*" "*द्रव्याणि जीवाश्चे*" ति (तत्त्वा.अ.५सू.१-२) वचनात् द्रव्यमेव सत् आकाशं *'निवासमात्रपर्यायतः'* निवासमात्रपर्यायमाश्रित्य क्षेत्रमिति *'मतं'* संमतम् । तदुक्तम्-[2]"खेत्तं खलु *आगासमिति*"। एतेन च आकाशस्य द्रव्यत्वात्तद्धर्मो द्रव्यधर्म एवान्तर्गत इति पृथग्नैवासौ वक्तव्य इत्याशङ्का निरस्ता द्रष्टव्या, निवासमात्रपर्यायापेक्षया द्रव्यरूपस्याप्याकाशस्य क्षेत्रत्वेन पृथग्विवक्षितत्वात्, ततो यस्तस्य-क्षेत्रस्यात्मस्वभावोऽमूर्तत्वादिकः स क्षेत्रधर्मः, धर्मः स्वभाव इत्यनयोरनर्थान्तरत्वात् ॥३१॥

इदानी कालधर्ममाह-

जं वत्तणादिरूवो कालो दव्वस्स चेव पज्जातो ।
सो चेव ततो धम्मो कालस्स व जस्स जो लोए ॥ ३२ ॥
(यद् वर्त्तनादिरूपः कालो द्रव्यस्यैव पर्यायः । स एव तस्माद् धर्मः कालस्य वा यस्य यो लोके )

*'यद्'* यस्मात् *'द्रव्यस्यैव'* धर्मास्तिकायादेः *'पर्यायो'* वर्त्तनादिरूपः, वर्त्तते पदार्थः स्वयमेव, तं च वर्त्तमानं या क्रिया तथापरिणत्याभिमुख्यस्वभावा प्रयोजयति-वर्त्तस्व वर्त्तस्व मा निवर्त्तिष्ठा इति, सा वर्त्तना, आदिशब्दात्साद्यनादिपरिणामपरिग्रहः, तत् रूपं-स्वभावो यस्य पर्यायस्य स इत्यम्भूतः काल इत्युच्यते। न हि जीवादिवस्तुव्यतिरिक्तः कश्चित् कालो नाम पदार्थविशेषः परपरिकल्पित एकः प्रत्यक्षेणोपलभ्यते, अथ मा

---

અસદ્ભાવ=આકારના અભાવને આશ્રયીને અક્ષ, કોડીવગેરેમાં જે સ્થાપના કરાય છે, તે સ્થાપના ધર્મ સમજવો.

શંકા :- અહીં તો ધર્મવાળાની સ્થાપના હોવાથી સ્થાપનાધર્મવાન એમ કહેવાય નહિ કે સ્થાપનાધર્મ. તેથી આને તમે સ્થાપનાધર્મ તરીકે કેમ કહો છો ?

*સમાધાન* :- એમાં દોષ નથી. કેમકે ધર્મ અને ધર્મવાન વચ્ચે અભેદનો ઉપચાર કરી સ્થાપનાધર્મવાનને સ્થાપનાધર્મ કહ્યો છે. ॥૨૯॥

હવે દ્રવ્યધર્મનું સ્વરૂપ બતાવે છે.

*ગાથાર્થ* :- મનુષ્યવગેરે સચિત્ત, અથવા ધર્માસ્તિકાયવગેરે અચિત્તનો જે 'ચેતના'વગેરેરૂપ સ્વભાવ છે, તે જ દ્રવ્યધર્મ સમજવો. બીજા પ્રકારે દ્રવ્યધર્મ બતાવે છે. અથવા (=આ પદ દ્રવ્યધર્મનો બીજો વિકલ્પ સૂચવવા છે.) અનુપયુક્તનો શ્રુતાદિધર્મ દ્રવ્યધર્મ છે. શ્રુતાદિમાં આદિપદથી ચારિત્રધર્મ સમજવાનો છે. અનુપયુક્ત:- શ્રુતધર્મવગેરેની જાણકાર પણ ઉપયોગથી શૂન્ય વ્યક્તિ. '*અનુપયોગ દ્રવ્યરૂપ છે.*' તેવું વચન હોવાથી શ્રુતધર્માદિમાં અનુપયુક્તના શ્રુતાદિધર્મને દ્રવ્યરૂપ કહ્યો. ॥૩૦॥

હવે ક્રમપ્રાપ્ત ક્ષેત્રધર્મ બતાવે છે-

*ગાથાર્થ* :- જૈનશાસનમાં આકાશ નિવાસ (=અવગાહન) માત્ર પર્યાયને આશ્રયીને જ ક્ષેત્રતરીકે માન્ય છે. કેમકે 'ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગળો અજીવકાય છે.' 'અને (ધર્માદિ ચાર અને) જીવો દ્રવ્ય છે.' તત્વાર્થના આ વચનથી આકાશ દ્રવ્ય તરીકે જ સત્ છે.

(તાત્પર્ય :- દ્રવ્યરૂપ આકાશ અવગાહ આપવાનું કામ કરતું હોવાથી, તે પર્યાયને આશ્રયીને ક્ષેત્રતરીકે ઓળખાય છે. તેથી જ વચન છે-'આકાશ ક્ષેત્ર જ છે.')

*શંકા* :- જો આમ આકાશ પણ દ્રવ્યરૂપ જ હોય, તો દ્રવ્યધર્મના ઉલ્લેખમાં આકાશના ધર્મનો સમાવેશ થઇ જાય છે. તેથી દ્રવ્યધર્મને અલગ ક્ષેત્રધર્મરૂપે કહેવો યોગ્ય નથી.

સમાધાન :- એમ નથી. દ્રવ્યરૂપ પણ આકાશ તેના નિવાસપર્યાયને આગળ કરી ક્ષેત્રની વિવક્ષા પામે છે. અને ક્ષેત્રરૂપે જ તેની ધર્માદિ દ્રવ્યોથી અલગ વિવક્ષા કરી છે. આ આકાશરૂપ ક્ષેત્રનો જે અમૂર્તત્વવગેરે સ્વભાવ છે, તે ક્ષેત્રધર્મ.

---

1. षष्ठीतत्पुरुषं लक्षयित्वा कर्मधारयं लक्षयितुम् । 2. क्षेत्रं खल्वाकाशमिति ।

भूत्प्रत्यक्षेणोपलम्भः, अनुमानतो भविष्यति, **तथाहि**–दृश्यते पूर्वापरव्यवहारः स च न वस्तुस्वरूपमात्रनिमित्तो, वर्त्तमानेऽपि तत्प्रसङ्गात्, ततोऽसौ यन्निमित्तः, स कालः, तस्य च कालस्य पूर्वत्वमपरत्वं च स्वयमेव प्रतिपत्तव्यम्, अन्यथाऽनवस्थानुषङ्गात्, ततः पूर्वकालयोगी पूर्वोऽपरकालयोगी चापरः, उक्तं च–"*पूर्वकालादियोगी यः, स पूर्वाद्यपदेशभाक्। पूर्वापरत्वं तस्यापि, स्वरूपादेव नान्यतः॥,*" **तदयुक्तम्,** एकान्तैकत्वाभ्युपगमे पूर्वादित्वा–संभवात्। **तथाहि**–यद्येकान्तेनैकत्वं, कथं तस्य पूर्वत्वमपरत्वं चेति कल्पना, **अथ** सहचारिसंपर्कवशादेकस्यापि तथात्वकल्पना, **तथाहि**––सहचारिणो रामादयः पूर्वे, अपरे चापरे, ततस्तत्संपर्कवशात्कालस्यापि पूर्वापरत्वव्यपदेशः, भवन्ति च सहचारिणो व्यपदेशाः, यथा–मञ्चाः क्रोशन्तीति, **तदेतद**समीचीनम्, इतरेतराश्रयदोषप्रसङ्गात्, **तथाहि**–सहचारिणां रामादीनां पूर्वादित्वं कालगतपूर्वादित्वयोगात्, यदि पुनः स्वत एव तेषां स्यात्तर्हि निरालम्बना कालकल्पना भवेत्, कालस्य च पूर्वादित्वं सहचारिगतपूर्वादित्वयोगात्, तत एकासिद्धावपरस्याप्यसिद्धिः, ततः परपरिकल्पितस्य कालस्य युक्त्याऽनुपपद्यमानत्वाद्वर्त्तनालक्षण एव कालः प्रतिपत्तव्यः, तत्राक्लेशेन पूर्वादित्वसंभवात्, **तथाहि** यस्यातीता वर्त्तना स पूर्व उच्यते, यस्य च भाविनी सोऽपरो, यस्य च तत्काले सती स वर्त्तमानः, तस्य च वर्त्तनालक्षणस्य कालस्य प्रतिद्रव्यं भिन्नत्वादानन्त्यं, ततः स एव कालो धर्म्म इति विशेषणसमासः,

---

'સ્વભાવ' અને 'ધર્મ' પરસ્પર પર્યાયવાચી શબ્દો હોવાથી સ્વભાવને ધર્મ કહ્યો છે. ॥૩૧॥

હવે કાલધર્મનું સ્વરૂપ દર્શાવે છે.

ગાથાર્થ :– વર્તનાદિરૂપ કાળ ધર્માસ્તિકાયવગેરે દ્રવ્યના જ પર્યાય છે. તેથી તે વર્તનાદિરૂપ કાલ એજ ધર્મ = કાલધર્મ. અથવા લોકમાં જે કાળનો જે ધર્મ હોય, તે કાળધર્મ. વર્તના–પદાર્થ સ્વયં વર્તી રહ્યો છે. આ પ્રમાણે વર્તી રહેલા પદાર્થને તેવા પ્રકારની પરિણતિને અભિમુખ લઇ જવાના સ્વભાવવાળી જે ક્રિયા પ્રેરે છે કે 'પદાર્થ! તું વર્ત । વર્ત । નિવૃત્ત ન થા.' તે ક્રિયા વર્તના કહેવાય છે. વર્તનાદિમાં 'આદિ'પદથી 'સાદિ', 'અનાદિ' પરિણામ પણ સમજવા. આ બધા પરિણામરૂપ સ્વભાવવાળો પર્યાય જ કાલ છે.

(કાળ દ્રવ્યના પર્યાયરૂપ)

પ્રશ્ન :– વૈશેષિક વગેરેની જેમ તમે કેમ કાળને અલગ દ્રવ્ય માનતા નથી ?

ઉત્તર :– વૈશેષિક વગેરે બીજાએ જે કાળનામના એક વ્યાપક અને નિત્ય દ્રવ્યની કલ્પના કરી છે. તે કાળ નામનો પદાર્થવિશેષ જીવાદિ વસ્તુથી અલગરૂપે ક્યાંય ઉપલબ્ધ થતો નથી.

પૂર્વપક્ષ :– પ્રત્યક્ષથી ભલે ઉપલબ્ધ ન થાય, પણ અનુમાનથી તો ઉપલબ્ધ થાય જ છે ને. લોકોમાં 'પૂર્વ 'અપર' (જૂનો–નવો) એવો વ્યવહાર થતો દેખાય છે. આ વ્યવહાર કંઇ વસ્તુના સ્વરૂપમાત્રના નિમિત્તે થતો નથી. અર્થાત વસ્તુનું કંઇ પૂર્વત્વ કે અપરત્વ સ્વરૂપ નથી કે જેથી તેને આગળ કરી વસ્તુને પૂર્વ કે અપર કહી શકાય. જો વસ્તુનું જ એવું સ્વરૂપ હોત, તો વર્તમાનઅવસ્થામાં પણ વસ્તુને પૂર્વ કે અપર કહેવાનો પ્રસંગ આવત. તેથી વસ્તુમાં 'પૂર્વ' 'અપર' ઇત્યાદિ જે વ્યવહાર છે. તે કોઇ સ્વતંત્ર પદાર્થને આધીન છે અને તે સ્વતંત્રપદાર્થ 'કાળ' છે. કાળમાં પૂર્વત્વ હોવાથી કાળસાથે જોડાયેલી વસ્તુ 'પૂર્વ' તરીકે ઓળખાય છે. આજ પ્રમાણે 'અપર' માટે સમજવું. કાળમાં રહેલું આ 'પૂર્વત્વ' અને 'અપરત્વ' સ્વત: સમજવું. નહિતર એ માટે નવા પદાર્થની કલ્પના કરવામાં, એ નવા પદાર્થમાં 'પૂર્વત્વ' 'અપરત્વ' લાવવા નવા પદાર્થની કલ્પના...એમ અનવસ્થાદોષ આવે. તેથી પૂર્વકાળસાથે યોગ કરનારી વસ્તુ 'પૂર્વ' બને. અને અપરકાળસાથે સંયોગ પામેલી વસ્તુ અપર બને. કહ્યું પણ છે. ''પૂર્વકાળવગેરેસાથે જે જોડાય તે પૂર્વઆદિ વ્યપદેશ પામે છે. તેનું પણ (પૂર્વાદિકાળનું પણ) પૂર્વત્વ અને અપરત્વ સ્વરૂપથી જ છે, અન્યથી નથી.''

ઉત્તરપક્ષ :– આ વાત ગળે ઉતરે એવી નથી. તમે કાળને એકાન્તે એક જ માનો છો. પછી તેમાં પૂર્વાદિપણું શી રીતે સંભવી શકે ? જો કાળ એકાન્તે એકરૂપ હોય, તો તેમાં પૂર્વપણું અને અપરપણાની કલ્પના શી રીતે ઘટી શકે ? (કેમકે પૂર્વપણું અને અપરપણું એ બે વિરુદ્ધ ધર્મો છે. અને વિરુદ્ધધર્મવાળી વસ્તુ ભિન્ન જ હોય, કેમકે એકત્ર એક સાથે બે વિરુદ્ધ ધર્મો તમને ઇષ્ટ નથી. આમ તમારા મતે જ કાળ દ્રવ્ય બે સંખ્યાવાળું થાય.)

પૂર્વપક્ષ :– વાસ્તવમાં તો કાળ એક જ છે. પણ તે કાળને સહચારી વસ્તુના સંપર્કથી એક એવા પણ તે કાળની પૂર્વત્વ, અપરત્વ ઇત્યાદિ કલ્પના થાય છે. 'રામ'વગેરે સહચારી વ્યક્તિ પૂર્વવર્તી છે તો ભરતઆદિ બીજી સહચારી વ્યક્તિઓ અપરવર્તી–ઉત્તરવર્તી છે. તેથી રામઆદિના સંપર્કથી કાળ 'પૂર્વ' કહેવાય છે અને ભરતાદિના સંપર્કથી કાળ 'અપર' કહેવાય છે. અને સહચારીનો વ્યપદેશ સહચાર્યમાં થતો દેખાય જ છે. જેમકે અવાજ કરતા પુરુષોના સહચારથી 'માંચડા અવાજ કરે છે.' એવો વ્યપદેશ થાય જ છે.

ઉત્તરપક્ષ :– તમારી અન્યોન્યાશ્રયદોષગ્રસ્ત વાત અમાન્ય છે. રામવગેરે સહચારીઓમાં પૂર્વાદિપણું શાનાથી છે? જો સ્વત: જ હોય, તો 'કાલ' પદાર્થના અભાવમાં પણ પૂર્વાદિપણું ઉપપન્ન થશે. કેમકે કાળપદાર્થના અભાવમાં પણ પૂર્વઆદિપણું ઉપપન્ન થાય છે. અને જો રામવગેરેમાં પૂર્વઆદિપણું કાળગતપૂર્વાદિપણાથી છે, તો કાળમાં પૂર્વાદિપણું શાનાથી આવ્યું? જો સ્વત: સિદ્ધ માનશો તો ઉપર કહ્યું તેમ કાળના એકત્વને વ્યાઘાત આવશે. અને જો રામઆદિ સહ–

पर्यायस्य च द्रव्यात्कथञ्चिदभिन्नत्वात्, जीवादिवस्त्वपि तत्पर्यायविशिष्टं कदाचित्कालशब्देनोच्यते, तथा चागमः– [1]"*किमयं भंते । कालोत्ति पवुच्चइ?, गोयमा। जीवा चेव अजीवा चेवत्ति*" । अन्ये त्वाचार्याः संगिरन्ते– अस्ति धर्मास्तिकायादिद्रव्यपञ्चकव्यतिरिक्तमर्द्धतृतीयद्वीपसमुद्रान्तवर्त्ति षष्ठं कालद्रव्यं, यन्निबन्धना एते ह्यः श्व इत्यादयः प्रत्ययाः शब्दाश्च प्रादुष्षन्ति। तथाच प्रयोगः–ह्यःश्व इत्यादीनि वचनानि यथार्थानि, आप्तेनाभिहितत्वात्, यथा प्रमाणावगम्यः प्रमेयोऽर्थ इति। वचनस्य हि अयथार्थत्वं यथावस्थितवस्तुपरिज्ञानाभावनिमित्ततया क्रोधाद्यभिभूतत्वनिमित्ततया च व्याप्तं, यथार्थदर्शननिर्मूलक्रोधापगमादिगुणयुक्तश्च पुरुष इह आप्तोऽभिप्रेतः, ततस्तस्य वचनं यथार्थदर्शनादिगुणनिमित्ततया व्याप्तं, तस्य चायथार्थत्वेऽभ्युपगम्यमाने स्वव्यापकाभावप्रसङ्गः, तद्विरुद्धयथावस्थितपरिज्ञानाभावादिनिमित्ततासद्भावप्रसङ्गात्, विरुद्धयोश्चैकत्रासंभवात्, तथा च सति तत् आप्तवचनमाप्तवचनमेव न स्यात्, स्वव्यापकाभावात्, तेनाऽऽप्तवचनमयथार्थत्वलक्षणे विपक्षे यथार्थदर्शनादिगुणनिमित्ततालक्षणस्वव्यापकविरुद्धे यथावस्थितवस्तुपरिज्ञानाभावादिनिमित्ततोपलब्ध्या ततो व्यावर्त्तमानं यथार्थत्वेन व्याप्यत इति प्रतिबन्धसिद्धिः, साक्षादपि चाभिहितमागमे षष्ठं कालद्रव्यं, यथा–" [2]*कइ णं भंते। दव्वा पण्णत्ता?, गोयमा। छ दव्वा पण्णत्ता, तंजहा धम्मत्थिकाए अधम्मत्थिकाए, आगासत्थिकाए, जीवत्थिकाए अद्धासमए*" इति। एष चाद्धासमयो न समुच्छिन्नपूर्वापरकोटिरेक एव, अत्यन्तासत उत्पादायोगात्, सतश्च सर्वथा विनाशासंभवात्, अपित्वन्वयी, तेन तस्यान्वयि रूपं ध्रौव्यं, पूर्वापरपर्यायनाशोत्पादौ तु व्ययोत्पादौ, ततश्च "*उत्पादव्ययध्रौव्ययुक्तं सदिति*" (तत्त्व.अ.५सू.२९) सल्लक्षणयोगात् सत् कालद्रव्यं, "*गुणपर्यायवत् द्रव्य*" (तत्त्वा.अ.५सू. ३७)मिति द्रव्यलक्षणयोगाच्च द्रव्यम्। एष च कालो हेमन्ताद्यृतुविभागेन परिणममानः शीतोष्णादिपरिणामानामपेक्षाकारणं, बलाकाप्रसवस्येव गर्जितध्वनिरिति, तन्मतमाश्रित्याह–"*कालस्स व जस्स जो लोए*" इति, वाशब्दो मतान्तरसूचकः, यस्य कालस्य हेमन्तादेर्यो धर्मः–शीतकारित्वादिलक्षणो लोके प्रसिद्धः स कालस्य संबन्धी धर्मः कालधर्म इत्युच्यते ॥३२॥ अधुना भावधर्ममाह––

---

ચારીના સંપર્કથી માનશો તો ઇતરેતરાશ્રયદોષ સ્પષ્ટ જ છે. તેથી એકની અસિદ્ધિમાં બીજાની પણ અસિદ્ધિ છે. (કેમકે જ્યાં સુધી રામાદિમાં પૂર્વાદિપણું સિદ્ધ ન થાય, ત્યાં સુધી કાળમાં પૂર્વાદિપણું સિદ્ધ ન થાય. અને જ્યાં સુધી કાળમાં પૂર્વાદિપણું સિદ્ધ ન થાય ત્યાં સુધી રામઆદિમાં પૂર્વાદિપણું સિદ્ધ ન થાય.) આમ બીજાઓએ કલ્પેલું કાળદ્રવ્ય યુક્તિથી યુક્ત બનતું નથી. તેથી કાળને વર્તનાસ્વરૂપ જ સ્વીકારવો જોઇએ. કેમકે તેમ સ્વીકારવામાં ક્લેશ વિના પૂર્વાદિપણું સંભવી શકે છે. જેનો વર્તનાપર્યાય પસાર થઇ ગયો છે–તે 'પૂર્વ' કહેવાય. જેનો વર્તના પર્યાય ભવિષ્યમાં આવવાનો છે તે 'અપર' કહેવાય. અને જેનો તે જ કાળે 'વર્તના' પર્યાય વિદ્યમાન હોય, તે 'વર્તમાન' કહેવાય છે. આ વર્તનાસ્વરૂપ કાળપર્યાય પ્રત્યેક દ્રવ્યનો અલગ અલગ છે. તેથી દ્રવ્યો અનંત હોવાથી આ કાળ પણ અનંત છે. આ કાળરૂપ જે ધર્મ તે કાળધર્મ એવો વિશેષણ સમાસ છે. વળી પર્યાય દ્રવ્યથી કથંચિદ્ અભિન્ન છે. તેથી ક્યારેક કાળપર્યાયથી વિશિષ્ટ જીવાદિ વસ્તુ પણ 'કાળ' શબ્દથી કહેવાય છે. અહીં આ આગમપાઠ સાક્ષી રૂપ છે 'હે ભંતે ! આ કાળતરીકે શું કહેવાય છે ? હે ગૌતમ ! જીવો અને અજીવો.'

(કાળની દ્રવ્યરૂપતા–અન્યઆચાર્યોનો મત)

બીજા આચાર્યો કહે છે કે ધર્માસ્તિકાયઆદિ પાંચ દ્રવ્યથી ભિન્ન અને અઢી દ્વીપસમુદ્રઅન્તર્વર્તી છઠ્ઠુ કાળદ્રવ્ય છે. આ કાળ દ્રવ્યના કારણે જ 'ગઇકાલ' આવતીકાલ વગેરે પ્રતીતિઓ થાય છે અને તેવા શબ્દપ્રયોગો થાય છે. અનુમાનપ્રયોગ 'ગઇકાલ, આવતીકાલવગેરે વચનો યથાર્થ છે કેમકે આપ્તપુરુષે કહેલા છે., જેમકે પ્રમાણથી જ્ઞેય પ્રમેય અર્થ.' અયથાર્થ વચનના વ્યાપકતરીકે યથાવસ્થિતવસ્તુપરિજ્ઞાનનો અભાવરૂપ નિમિત્ત અને ક્રોધાદિથી અભિભૂત થવારૂપ નિમિત્ત ઇષ્ટ છે. અર્થાત્ અસત્યવચન કાંતો અજ્ઞાનના કારણે બોલાય, અને કાંતો ક્રોધવગેરેથી (ક્રોધ, લોભ, ભય અને હાસ્ય) બોલાય છે. તથા યથાર્થદર્શન અને ક્રોધાદિના અભાવવગેરે ગુણોથી યુક્ત પુરુષ આપ્તપુરુષતરીકે અભિપ્રેત છે. અને યથાર્થદર્શનાદિકારણો સત્યવચનના વ્યાપક છે. તેથી યથાર્થદર્શનઆદિ કારણોરૂપ વ્યાપકની હાજરીના કારણે આપ્તપુરુષનું વચન યથાર્થ જ હોય. જો તેમના વચન પણ અયથાર્થ હોય, તો તે આપ્તપુરુષમાં યથાર્થવચનના વ્યાપકીભૂત યથાર્થદર્શનાદિનો પણ અભાવ માનવાનો પ્રસંગ આવે. કેમકે અયથાર્થવચન સ્વવ્યાપક–વસ્તુના યથાર્થજ્ઞાનનો અભાવ= અજ્ઞાનવગેરેની હાજરી સૂચવે છે. તેથી આપ્તના વચનને અયથાર્થવચન માનવામાં તો આપ્તમાં યથાર્થદર્શનાદિથી વિરુદ્ધ અજ્ઞાનવગેરે નિમિત્તોની હાજરી માનવાનો પ્રસંગ છે. અને અજ્ઞાનવગેરેની હાજરીમાં યથાર્થદર્શનાદિ સંભવે જ નહિ. કેમકે પ્રકાશ અને અંધકારની જેમ પરસ્પરનો પરિહાર કરી રહેનારી વિરુદ્ધ વસ્તુઓ એકત્ર રહી શકે નહિ. અને જે યથાર્થદર્શનઆદિથી યુક્ત ન હોય, તે આપ્ત જ નથી. તેથી તેના વચનો પણ આપ્તવચન કહી શકાય નહિ. આમ

---

1. किमयं भदन्त ! काल इति प्रोच्यते?, गौतम ! जीवाश्चैवाजीवाश्चैवेति । 2. कति खलु भदन्त ! द्रव्याणि प्रज्ञप्तानि?, गौतम ! षड्द्रव्याणि प्रज्ञप्तानि, तद्यथा–धर्मास्तिकायोऽधर्मास्तिकाय आकाशास्तिकायः पुद्गलास्तिकायो जीवास्तिकायः अद्धासमयः ।

**जीवाण भावधम्मो कम्मोवसमेण जो खलु सहावो ।**
**पसमादिलिंगगम्मो सोऽणेगविहो मुणेयव्वो ॥ ३३ ॥**

**(जीवानां भावधर्मः कर्मोपशमेन यः खलु स्वभावः । प्रशमादिलिंगगम्यः सोऽनेकविधो ज्ञातव्यः)**

**जीवानां यः खलु *'कम्मोवसमेणेति'* कर्मणां–मिथ्यात्वमोहनीयादीनामुपशमेन, उपलक्षणात् अस्य क्षयोपशमेन क्षयेण च, स्वभावः *'प्रशमादिलिङ्गगम्यः'* प्रशमः–उपशमो यद्वशादपरस्मिन्नपराधकारिण्यपि सति न कुप्यति, आदिशब्दात्संवेगनिर्वेदानुकम्पास्तिक्यपरिग्रहः त एव लिङ्गानि गमकत्वात् तैर्गम्यः स भावधर्मो ज्ञातव्यः । स चानेकप्रकारः, सा चानेकप्रकारताऽस्य सम्यक्त्वभेदाभिधानादिना यथास्थानं निर्देशयिष्यते । अनेनैव च भावधर्मेणेहाधिकारः, अस्यैव धर्मशब्दान्वर्थयुक्तत्वात्, न नामादिरूपेण, तद्विकलत्वात् ॥३३॥ अमुमेव भावधर्ममिहाधिकृतं चेतसि संस्थाप्याह––**

**जीवम्मि कम्मजोगे य तस्स सइ एस जुज्जई जम्हा ।**
**तं चेव ततो पुव्विं वोच्छामि सुताणुसारेणं ॥ ३४ ॥**

**(जीवे कर्मयोगे च तस्य सति एव युज्यते यस्मात् । तमेव ततः पूर्वं वक्ष्यामि श्रुतानुसारेण)**

***'एव'* प्रशमादिलिङ्गगम्यो जीवस्वभावलक्षणो भावधर्मो, यस्मात्सति जीवे तस्य जीवस्य कर्मयोगे च सति युज्यते, नान्यथा, तस्मात्तमेव जीवं तस्य कर्मयोगं च पूर्वं वक्ष्यामि, पश्चाद्धर्मम्। कथं वक्ष्यामीत्यत आह–– *'सुयाणुसारेण'* श्रुतस्य–आगमस्यानुसारेण, न स्वमनीषिकया ॥ ३४॥**

---

આપ્તના વચનો યથાર્થદર્શનઆદિ ગુણોરૂપ સ્વવ્યાપકના વિરોધી અયથાર્થજ્ઞાનઆદિ ગુણોવાળા વિપક્ષમાં રહેતું નથી. કેમકે તે વિપક્ષમાં અજ્ઞાનવગેરે નિમિત્તોની હાજરી છે. આમ વિપક્ષમાંથી નિવૃત્ત થતું સત્યવચન યથાર્થ જ્ઞાનવાળામાં જ ઉપલબ્ધ થાય છે. આમ સત્યવચન યથાર્થજ્ઞાનાદિની હાજરીમાં મળે છે. અને જેઓના વચન સત્ય નથી તેઓમાં યથાર્થ જ્ઞાન દેખાતું નથી. આમ સત્ય વચનની યથાર્થ જ્ઞાનઆદિ સાથેની વ્યાપ્તિ સિદ્ધ થાય છે. અને યથાર્થજ્ઞાનવાળી વ્યક્તિ આપ્ત છે. તેથી આપ્તના વચન ખોટા હોઇ શકે નહિ. આવા આપ્તપુરુષે 'ગઇકાલ' વગેરે વચનપ્રયોગો કર્યા છે. માટે તે વચનો યથાર્થ છે. તેથી કાળદ્રવ્ય સિદ્ધ થાય છે. વળી આગમમાં પણ કાળદ્રવ્યની સાક્ષાત્પ્રરૂપણા કરી છે. જૂઓ–'*હે ભદન્ત! કેટલા દ્રવ્યો પ્રરૂપ્યા છે ? ગૌતમ! છ દ્રવ્યો પ્રરૂપ્યા છે. તે આ પ્રમાણે– (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) પુદ્ગલાસ્તિકાય (૫) જીવાસ્તિકાય અને (૬) અદ્ધાસમય' આ અદ્ધાસમય પૂર્વાપરછેડાના અભાવવાળો એક નથી* અર્થાત આદિ અને અંતના અભાવવાળો એકમાત્ર નથી. કેમકે સર્વથા અસતની ઉત્પત્તિ નથી અને સર્વથા સત્નો વિનાશ નથી. (અને આદિ અને અંતવિનાની વસ્તુ માત્ર બે જ હોય (૧) અત્યંત અસત ખપુષ્પવગેરે અને (૨) સર્વથા સત આકાશવગેરે) આમ કાળદ્રવ્ય અન્વયીદ્રવ્ય છે. તેથી તેનું અન્વયીસ્વરૂપ ધ્રૌવ્ય=સ્થિરતાનું દ્યોતક છે. પૂર્વ પર્યાયનો નાશ અને ઉત્તરપર્યાયની ઉત્પત્તિ તેના વ્યય અને ઉત્પાદ સ્વરૂપના સૂચક છે. તેથી '*જે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત હોય તેજ સત્ છે.*' એવું સતનું લક્ષણ કાળદ્રવ્યમાં ઘટી શકે છે. વળી '*જે ગુણ અને પર્યાયવાળું હોય તે દ્રવ્ય*' આ લક્ષણ પણ બંધબેસતુ હોવાથી 'કાળ' પદાર્થ સત્ દ્રવ્યતરીકે સિદ્ધ થાય છે 'હેમન્ત'વગેરે ઋતુતરીકે પરિણામ પામતું આ કાળદ્રવ્ય ઠંડી, ગરમીવગેરે પરિણામો પ્રત્યે અપેક્ષાકારણ બને છે. જેમકે બતકના જન્મમાં મેઘગર્જનાનો અવાજ કારણ છે. (અપેક્ષાકારણ=સહકારી કારણ. કાર્યની ઉત્પત્તિમાં જેની અપેક્ષા હોય, તે અપેક્ષા કારણ કહેવાય) અન્ય આચાર્યોના આ મતને ધ્યાનમાં લઇ મૂળકાર આચાર્યે કહ્યું છે '*કાલસ્સ વા જસ્સ જો લોએ*' અહીં 'વા' શબ્દ આ મતાન્તરનો સૂચક છે. હેમન્તઆદિ જે કાળનો ઠંડી કરવી વગેરે જે ધર્મ=સ્વભાવ, લોકમાં પ્રસિદ્ધ છે કાળનો તે ધર્મ કાળધર્મ કહેવાય. ॥૩૨ ॥

હવે ભાવધર્મ બતાવે છે.

*ગાથાર્થ* :– જીવોનો કર્મના ઉપશમથી પ્રગટ થતો અને પ્રશમઆદિ લિંગથી સૂચવાતો જે સ્વભાવ છે તે જ ભાવધર્મ છે. અને તે અનેક પ્રકારનો સમજવો.

'કર્મના ઉપશમથી' એમ જે કહ્યું છે તેના ઉપલક્ષણથી 'કર્મના ક્ષયથી અને ક્ષયોપશમથી પ્રગટ થતો સ્વભાવ' પણ સમજી લેવો. પ્રશમ=જેને કારણે અપરાધી એવા પણ બીજા પર ગુસ્સો ન આવે તેવો ઉપશમભાવ. 'પ્રશમઆદિ' અહીં આદિપદથી સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યનો સમાવેશ થયો છે. આ બધાને સમ્યક્ત્વસ્વભાવના સૂચક હોવાથી લિંગ કહ્યા છે. સમ્યક્ત્વના ભેદવગેરે કહેવાદ્વારા ભાવધર્મની અનેકપ્રકારતા આગળ બતાવાશે. પ્રસ્તુતમાં 'ધર્મ' પદથી આ ભાવધર્મનો જ અધિકાર છે. કેમકે આ ભાવધર્મ જ 'ધર્મ'શબ્દના અન્વર્થથી યુક્ત છે. નામાદિરૂપધર્મોનો અહીં અધિકાર નથી, કેમકે તેઓ 'ધર્મ' પદના અન્વર્થથી રહિત છે. ॥૩૩॥

અહીં અધિકૃત આ ભાવધર્મને ચિત્તમાં ધારી કહે છે–

*ગાથાર્થ* :– 'જીવ'તત્ત્વ હોય, અને જીવને કર્મનો યોગ હોય, તો જ પ્રશમાદિલિંગગમ્ય અને જીવના સ્વભાવભૂત આ ભાવધર્મ યુક્તિયુક્ત થાય, તેથી હું=મૂળકાર શ્રુત=આગમને અનુસારે સૌ પ્રથમ જીવ અને તેનો કર્મયોગ

तत्रानेकधा जीवविषया विप्रतिपत्तिरतस्तदपनोदार्थं यद्यत्स्वरूपविषया विप्रतिपत्तिस्तत्तत्स्वरूपविशिष्टं जीवं ताव- न्निर्दिदिक्षुराह–

जीवो अणादिणिहणोऽमुत्तो परिणामी जाणओ कत्ता ।
मिच्छत्तादिकतस्स य णियकम्मफलस्स भोत्ता उ ॥ ३५ ॥

(जीवोऽनादिनिधनोऽमूर्तः परिणामी ज्ञायकः कर्त्ता । मिथ्यात्वादिकृतस्य च निजकर्मफलस्य भोक्ता तु)

जीवति प्राणान् धारयतीति जीवः, द्विविधाश्च प्राणाः–द्रव्यप्राणा भावप्राणाश्च, तत्र द्रव्यप्राणा इन्द्रियादयः, यदाह–"*पञ्चेन्द्रियाणि त्रिविधं बलं च उच्छ्वासनिःश्वासमथान्यदायुः। प्राणा दशैते भगवद्भिरुक्ता*" इति। भावप्राणा ज्ञानादीनि । उभयथा च प्राणसंबन्धः संसारिजीवानां, भावप्राणैरेव च सिद्धजीवानामिति । अयमेव च जीवो विशेष्यते–'*अनादिनिधन*' इति, न विद्येते आदिनिधने यस्य तदुत्पादककारणाभावात् सतः सर्वथा विनाशायोगाच्च सोऽनादिनिधनः। पुनरप्येष विशेष्यते––*अमूर्त* इति, रूपादिसंस्थानविशेषो मूर्त्तिस्तदभावादमूर्तः । '*परिणामी*' ति, परिणमनं परिणामः–कथञ्चिद्द्रव्यवस्थितस्यैव सतः पूर्वरूपत्यागेनोत्तररूपाऽऽस्कन्दः स यस्यास्तीति परिणामी। पुनरपि कथंभूत इत्याह–'*ज्ञायकः*' ज्ञाता ज्ञानस्वभावो, न पुनरेकान्तेन ज्ञानादेरन्यो, यथाऽन्यैः परिकल्प्यत इति । एनमेव पुनर्विशेषयति––'*कर्ते*' ति मिथ्यात्वाविरत्यादिबन्धहेतुयुक्ततया तत्तत्कर्म्मणां कर्त्ता निर्वर्त्तकः। तथा मिथ्यात्वादिकृतस्य च निजकर्मफलस्य *भोक्ता* त्विति, मिथ्यात्वम्–अतत्त्वाभिनिवेशः, आदिशब्दादविरतिकषायादिग्रहणं, तैः कृतस्य, चः पूर्वोक्तविशेषणापेक्षया समुच्चयार्थः,'*निजकर्म्मफलस्य*' स्वोपात्तकर्मफलस्य भोक्ता, तुरवधारणे, भोक्तैव, न त्वभोक्ता। इह कर्म्मणां मिथ्यात्वादिहेतुकत्वात् तत्फलमपि तैः कृतमित्युक्तं, किमर्थमिति चेत्, उच्यते, मिथ्यात्वादिकृतस्यैव कर्मणः फलं विपाकानुभूतितोऽपि भोक्तव्यं, न तु केवलयोगप्रत्ययस्य, तस्य प्रदेशत एवानुभवादिति प्रतिप्राणिप्रसिद्धविपाकानुभूतिभोगयोग्यकर्म्मफलहेतुविशेषज्ञापनार्थमित्यदोषः॥३५॥ तत्र भौतिकपुरुषवादिनो जीवसत्तायामेव विप्रतिपन्नाः, ततस्तद्विप्रतिपत्तिनिराकरणार्थं तन्मतं तावदुपन्य(स्य ?)न्नाह––

जीवो तु णत्थि केई पच्चक्खं णोवलब्भती जम्हा ।
ण य पच्चक्खादण्णं पमाणमत्थित्ति मण्णंति ॥ ३६ ॥

(जीवस्तु नास्ति केचित् प्रत्यक्षं नोपलभ्यते यस्मात् । नच प्रत्यक्षादन्यत् प्रमाणमस्तीति मन्यन्ते)

---

જ કહીશ. તે પછી ધર્મનું વર્ણન કરીશ. અહીં 'શ્રુતાનુસાર'પદ હોવાથી 'મૂળકાર પોતાની બુદ્ધિથી આ બધું કહેશે' તેવી આશંકા ટળી જાય છે. ॥૩૪॥

જીવના વિષયમાં ઘણા પ્રકારની વિપરીત માન્યતાઓ પ્રવર્તી રહી છે. આ બધી વિપરીત માન્યતાઓ દૂર કરવા જે જે સ્વરૂપ અંગે વિપ્રતિપત્તિ છે તે તે સ્વરૂપથી વિશિષ્ટ જીવનો નિર્દેશ કરવાની ઇચ્છાથી મૂળકારશ્રી કહી રહ્યા છે.

*ગાથાર્થ* :– જીવ (૧) અનાદિનિધન છે (૨) અમૂર્ત છે. (૩) પરિણામી છે. (૪) જ્ઞાતા છે. (૫) કર્તા છે. અને (૬) મિથ્યાત્વવગેરેથી કરાયેલા પોતાના કર્મોનો ભોક્તા છે.

જે જીવે છે–તે જીવ. જીવવું=પ્રાણોને ધારી રાખવાં. પ્રાણો બે પ્રકારના છે. (૧) દ્રવ્યપ્રાણો અને (૨) ભાવપ્રાણો. ઇન્દ્રિય વગેરે દ્રવ્યપ્રાણો છે. કહ્યું છે કે, "*પાંચ ઇન્દ્રિય, ત્રણ પ્રકારનું બળ (મન, વચન, કાયા) શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય. ભગવાને આ દશ પ્રાણો કહ્યા છે.*" જ્ઞાનવગેરે ભાવપ્રાણો છે. સંસારીજીવોને દ્રવ્ય અને ભાવ આ બન્ને પ્રકારના પ્રાણો સાથે સંબંધ છે. અને સિદ્ધજીવોને માત્ર ભાવપ્રાણો સાથે જ સંબંધ છે. 'અનાદિનિધન'વગેરે પદો આ જીવના વિશેષણરૂપ છે. (૧) અનાદિનિધન=જેને આદિ અને નિધન=અંત નથી તે અનાદિનિધન, જીવને ઉત્પન્ન કરનારું કોઇ કારણ ન હોવાથી જીવ આદિ=આરંભ=ઉત્પત્તિ વિનાનો છે. તથા સત્ એવા જીવનો સર્વથા વિનાશ સંભવતો નથી. તેથી અંત પણ નથી. આમ જીવ અનાદિનિધન છે. (૨) અમૂર્ત. જેને રૂપઆદિ આકારવિશેષ હોય, તે મૂર્ત કહેવાય. અને એવા રૂપઆદિ આકાર વિનાની વસ્તુ અમૂર્ત કહેવાય. જીવ અમૂર્ત છે. (૩) પરિણામી પરિણમવું કથંચિદ્ અવસ્થિત રહેલી વસ્તુની જે પૂર્વપર્યાયના ત્યાગદ્વારા ઉત્તર–પર્યાયની પ્રાપ્તિ છે તેજ પરિણામ છે. આવા પરિણામવાળો હોવાથી જીવ પરિણામી છે. (૪) જ્ઞાયક :– જીવ જ્ઞાનસ્વભાવવાળો છે. બીજાઓએ કલ્પના કરી છે તેમ જ્ઞાનથી એકાંતે ભિન્ન નથી. (૫) કર્તા:– મિથ્યાત્વ, અવિરતિવગેરે બન્ધના હેતુઓથી યુક્ત જીવ તે તે કર્મોનો કર્તા–નિવર્તક છે. અને (૬) ભોક્તા:– જીવ મિથ્યાત્વવગેરેથી કરાયેલા પોતાના તે તે કર્મોના ફળનો ભોક્તા છે. મિથ્યાત્વ=અતત્ત્વમાં તત્ત્વરૂપે પકડ. 'મિથ્યાત્વઆદિ'માં આદિપદથી અવિરતિ, કષાય વગેરેનો સમાવેશ છે. મૂળમાં 'તુ' પદ 'જકાર' અર્થક છે. અર્થાત્ જીવ સ્વકર્મનો=પોતાના કર્મના ફળનો ભોક્તા છે જ. ભોક્તા નથી એમ નથી.

*શંકા* :– કર્મો મિથ્યાત્વવગેરે હેતુઓથી બંધાય છે. તે બરાબર છે. પણ મિથ્યાત્વવગેરેને કર્મના ફળના પણ હેતુ તરીકે સૂચવ્યા તેમાં શો હેતુ છે ?

*'केचित्'* भौतिकपुरुषवादिनो *'जीव'*: स्वोपात्तशुभाशुभकर्मफलभोक्ता परलोकयायी आत्मा नास्तीति मन्यन्ते। कुत इत्याह--यस्मात् स जीवः प्रत्यक्षं नोपलभ्यते, प्रत्यक्षमिति क्रियाविशेषणं, यथा प्रत्यक्षो भवति तथा नोपलभ्यत इतियावत्। सन्निहिते ह्यर्थे यथावस्थितार्थग्रहणात्मकं ज्ञानं प्रत्यक्षं, न च घटादेरिवात्मनोऽपि तथाभूतं ग्रहणमस्ति, तथाप्रतीत्यभावात्, **मा भूत्** प्रत्यक्षतोऽस्य प्रतीतिः, अनुमानादितो भविष्यतीत्यारेकानिराकरणार्थमाह- *'नचे'* त्यादि, न च प्रत्यक्षादन्यत् प्रमाणमस्ति, तल्लक्षणाद्ययोगात् ॥३६॥ यथा च तल्लक्षणा- द्ययोगस्तथोपपादयन्नाह--

अणुमाणमप्पमाणं अणुमाणविरुद्धमादिदोसातो ।
आगमपमुहेसुं पुण सव्वेऽवि ण संगया पायं ॥ ३७ ॥

(अनुमानमप्रमाणमनुमानविरुद्धादिदोषात् । आगमप्रमुखेषु पुनः सर्वेऽपि न संगताः प्रायः)

अनुमानमप्रमाणम्, *'अनुमानविरुद्धादिदोषात्'* अनुमानविरुद्धत्वादिदोषसद्भावात्, तद्रहितं चानुमानं प्रमाणमिति लक्षणायोगः। तत्रानुमानविरोधो यथा घटस्य नित्यत्वे साध्ये घटस्य हि नित्यत्वं साध्यमानमनित्यत्वसाधकेन परिणामित्वसाधकेन चानुमानेन बाध्येते एवं सर्वत्रापि। आदिशब्दादिष्टविघातकृत्त्वादिदोषपरिग्रहः, **तदुक्तम्**--"*अनुमानविरोधो वा, यदि- वेष्टविघातकृत्। विरुद्धो व्यभिचारीवा, सर्वत्र सुलभोदयः॥१॥*" इति । अपिच अनुमानस्य विषयो भवेत् सामान्यं विशेष उभयं वेति विकल्पत्रयं, तत्र **यदि** सामान्यं तदा सिद्धसाधनम्, अग्निमात्रास्तित्वे कस्यचिद्विप्रतिपत्त्य- भावात्, न च तेन सिद्धेनापि किञ्चित्प्रयोजनं, देशादिविशिष्टस्यैव वह्नेः पुरुषस्य प्रवृत्तिं प्रति कारणत्वात्। **अथ** विशेषः साध्यो, यथा विवक्षितदेशादिविशिष्टो वह्निरस्तीति, **तदप्ययुक्तं,** विवक्षितदेशादिविशेषणसहितस्य वह्नेरन्वयाभावात्, न हि अस्मिन्पर्वते वह्निरस्ति धूमादित्यादौ विवक्षितदेशादिविशिष्टेन साध्येन सह हेतोरन्वयो- ऽस्ति, तथाविधेन वह्न्यादिना सह धूमादेर्व्याप्त्यनिश्चयात् । उभयपक्षस्त्वनुपपन्न एव, **यथाहि**--तत्रापि सामान्यवान् विशेषः साध्यः, तथा च सति पूर्वोक्ताद्विशेषपक्षादस्य विशेषाभाव इति, **तदुक्तम्**- *"विशेषेऽनुगमा- भावात्सामान्ये सिद्धसाधनात्। तद्वतोऽनुपपन्नत्वादनुमानकथा कुतः* ॥१॥" इति। तदेवं लक्षणाद्ययोगादनुमानमप्रमाण-

---

*સમાધાન* :- મિથ્યાત્વવગેરેથી બંધાયેલા કર્મોનું જ ફળ વિપાકોદયથી ભોગવવાનું હોય છે. નહિ કે માત્ર યોગના કારણે બંધાતા કર્મોનું ફળ. કેમકે માત્ર યોગના કારણે બંધાતા કર્મો તો પ્રદેશોદયથી જ અનુભવવા યોગ્ય હોય છે. આમ પ્રત્યેક જીવને પ્રસિદ્ધ વિપાકાનુભવને યોગ્ય એવા કર્મફળમાં મિથ્યાત્વવગેરે વિશેષ કારણો છે તે સૂચવવા મિથ્યાત્વવગેરેને કર્મફળના હેતુતરીકે સૂચવ્યા, માટે દોષ નથી. ॥૩૫॥

*(જીવનાસ્તિત્વવાદની સ્થાપના-નાસ્તિક)*

અહીં 'પાંચ ભૂતમાંથી પુરુષ=જીવની ઉત્પત્તિ થાય છે' તેમ કહેનારા નાસ્તિકો 'જીવ' નામના સ્વતંત્ર તત્ત્વની સત્તા=વિદ્યમાનતા અંગે વિવાદ ધરાવે છે. મૂળકારશ્રી તેઓના આ વિવાદનું નિરાકરણ કરતાં પહેલા તેઓના મતનો ઉપન્યાસ કરતાં કહે છે-

*ગાથાર્થ* :- કેટલાક=ભૌતિકપુરુષવાદી નાસ્તિકો પોતે ઉપાર્જેલા શુભાશુભકર્મોના ભોક્તા અને પરલોકગામી જીવતત્ત્વને સ્વીકારતા નથી. કેમકે જીવ પ્રત્યક્ષ ઉપલબ્ધ થતો નથી. મૂળમાં 'પ્રત્યક્ષ'પદ ક્રિયાવિશેષણ હોવાથી-'પ્રત્યક્ષ થાય એ પ્રમાણે ઉપલબ્ધ થતો નથી' એવો અર્થ છે. વસ્તુ સમીપ રહેલી હોય, ત્યારે તેનું યથાવસ્થિત બોધ કરાવનારું જ્ઞાન પ્રત્યક્ષ જ્ઞાન છે. પરંતુ 'ઘડા' વગેરેની જેમ આત્માનો તેવો યથાવસ્થિત બોધ થતો નથી. કેમકે તેવી પ્રતીતિ થતી નથી. માટે આત્મા પ્રત્યક્ષથી ઉપલબ્ધ નથી. 'ભલે પ્રત્યક્ષથી આની પ્રતીતિ ન હો, પણ અનુમાનવગેરેથી તો થશે' એવી આશંકા ટાળવા 'ન ચ' ઇત્યાદિ કહે છે- પ્રત્યક્ષ પ્રમાણ સિવાય બીજું કોઇ પ્રમાણ નથી, કેમકે તે બધા કહેવાતા પ્રમાણોમાં પ્રમાણનું લક્ષણ બંધબેસતું નથી. તેથી અનુમાનવગેરેથી આત્મતત્ત્વની સિદ્ધિ થઇ શકે નહિ. ॥૩૬॥

અનુમાન વગેરેમાં પ્રમાણના લક્ષણના અભાવમાં ઉપપત્તિ દર્શાવે છે.

*ગાથાર્થ* :- અનુમાનવિરુદ્ધત્વવગેરે દોષોથી ભરેલું હોવાથી અનુમાનજ્ઞાન પ્રમાણભૂત નથી. અને આગમવગેરે પ્રમાણોમાં તો બધા પ્રવાદીઓ પ્રાયઃ તેઓના પ્રામાણ્યઅંગે એકમત નથી. જેમ ઘડાની નિત્યતાનું સાધક અનુમાન તેથી વિરુદ્ધ અનિત્યત્વ અને પરિણામિત્વ સાધક અનુમાનોથી બાધિત થાય છે. તેમ પ્રાયઃ બધા અનુમાનો પરસ્પરથી બાધિત થતા હોય છે. અહીં 'અનુમાનવિરુદ્ધાદિ' પદમાં 'આદિ'પદથી 'ઇષ્ટવિઘાતકૃત્ત્વ'વગેરે દોષોનો સમાવેશ થાય છે. (ઇષ્ટવિઘાતકૃત્ત્વ=અનુમાનહેતુથી એવા અર્થની સિદ્ધિ કરવી કે જે અભિપ્રેત સાધ્યઅર્થની સિદ્ધિમાં અવરોધક બને. જેમકે શબ્દના નિત્યત્વની સિદ્ધિમાં શબ્દના 'કૃતકત્વ'ની સિદ્ધિ બાધક છે. તેથી કૃતકત્વસાધક અનુમાન ઇષ્ટનું વિઘાતક બને.) કહ્યું જ છે કે-'*અનુમાનવિરોધ અથવા ઇષ્ટવિઘાતકૃત કે પછી વિરુદ્ધ, અથવા વ્યભિચારી, આ બધા દોષો સર્વત્ર=બધા અનુમાનમાં સરળતાથી પ્રાપ્ત થાય છે.*' વળી અનુમાનનો વિષય કયો છે ? (૧) સામાન્ય (૨) વિશેષકે (૩) સામાન્યવિશેષ ઉભય ? જો અનુમાનનો વિષય સામાન્ય હોય, તો સિદ્ધસાધનદોષ છે. કેમકે અગ્નિમાત્રઆદિ સામાન્યની સિદ્ધિમાં કોઇને વિવાદ નથી. પરંતુ સામાન્યની સિદ્ધિ થવાથી કોઇ પ્રયોજન સરતું નથી. કારણકે કોઇક દેશવિશેષમાં રહેલો અગ્નિવિશેષ જ પુરુષની પ્રવૃત્તિમાં કારણ બને છે. આમ સામાન્યસાધક અનુમાન સમર્થપ્રવૃત્તિજનક ન હોવાથી પ્રમાણભૂત નથી. હવે બીજો વિકલ્પ કહે છે '*અનુમાનના વિષય*

मभिधाय साम्प्रतमागमादीनामप्रामाण्यमुद्भावयन्नाह---'*आगमे*'त्यादि, आगमप्रमुखेषु पुनः प्रमाणेषु '*सर्वेऽपि*' प्रवादिनः प्रामाण्यं प्रति '*न संगता*' नैकाभिप्रायाः, **तथाहि**-दृश्यन्त एवागमादीनां प्रामाण्यं प्रति बहवो विप्रतिपत्तारस्तत्कथं तेषां प्रामाण्यं भवेत्?, यत्पुनः प्रमाणं परमार्थसत् वा, तत्सर्वेषामप्यविगानेन स्थितं, यथा प्रत्यक्षं प्रमाणं, तद्ग्राह्याणि च पृथिव्यादीनि भूतानि ॥३७॥ उपसंहरति---

ता कहमागमपमुहा होंति पमाणा उ णज्जती कह य? ।
एवं एत्थ पमाणं ण पमाणमिदं तु वत्तव्वं ॥ ३८ ॥

(तस्मात् कथमागमप्रमुखाणि भवन्ति प्रमाणानि तु ज्ञायते कथं च । एवमत्र प्रमाणं न प्रमाणमिदं तु वक्तव्यम्)

'*ता*' तस्मात्कथमागमादीनि प्रमाणानि भवितुमर्हन्ति?, नैवार्हन्तीतियावत्। अपि च-कथमिदं ज्ञायते '*अत्र*' जीवविचारे, एतत् [1]"*जीवो अणाइनिहणो नाणावरणाइकम्मसंजुत्तो*"' इत्यादिकं जीवास्तित्वप्रतिपादकं वचः प्रमाणं, एतत्तु पुनः "*पृथिव्यप्तेजोवायुरिति तत्त्वानि*", "*तत्समुदायेषु* शरीरेन्द्रयविषयसंज्ञा", तथा "*विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय पुनस्तान्येवानुविश(नश्य)ति*" इत्यादिकं जीवप्रतिषेधपरं वचनं न प्रमाणमिति । तस्मादत्र किञ्चिन्नियामकं वक्तव्यं, तच्च नास्तीति यत्किञ्चिदेतत् ॥३८॥ अत्र पराभिप्रायमाशङ्कते--

जो पडिसेहेति सिया स एव जीवो ण जुत्तमेतंपि ।
नत्थि परलोगगामी भणिमो जं ण पुण एसोऽवि ॥ ३९ ॥

(यः प्रतिषेधति स्यात् स एव जीवो न युक्तमेतदपि । नास्ति परलोकगामी भणामो यन्न पुनरेषोऽपि)

**स्यादेतत्**, य एवं भूतव्यतिरिक्तं जीवं प्रतिषेधति स एव जीवो ज्ञातव्यः, तदतिरेकेणान्यस्य घटादेरिवाचेतनत्वेन प्रतिषेधकत्वायोगात् । **अत्र** प्रतिविधानमाह-'*न जुत्तमेयंपि*' एतदपि-अनन्तरोक्तं न युक्तं-न समीचीनम्, कुत इत्याह-'*यत्*' यस्मात् य एव शुभाशुभानां कर्म्मणां निष्पादकस्तत्फलस्य च स्वर्गादिविषय-

---

*તરીકે વિશેષ છે. જેમકે અનુમાનથી વિવક્ષિતદેશમાં રહેલા અગ્નિનું જ્ઞાન થાય છે.'* એમ કહેવું પણ બરાબર નથી. કેમકે અનુમાનવગેરેમાં ધૂમાદિ હેતુઓ સાથે કંઇ વિવક્ષિતદેશઆદિ વિશેષણયુક્ત અગ્નિનો અન્વય ઉપલબ્ધ થતો નથી. 'આ પર્વતપર અગ્નિ છે કેમકે ધૂમાડો છે.' વગેરે સ્થળોએ પર્વતઆદિ વિવક્ષિત દેશઆદિથી વિશિષ્ટ અગ્નિવગેરે સાધ્યસાથે ધૂમઆદિ હેતુઓનો અન્વય મળતો નથી. કેમકે તેવા વિશિષ્ટ અગ્નિસાથે ધૂમાડાની વ્યાપ્તિનો નિશ્ચય થતો નથી. આમ અનુમાનથી વિશેષનું જ્ઞાન થતું નથી. અને 'અનુમાનનો વિષય સામાન્યવિશેષઉભય છે' તેવો ત્રીજો વિકલ્પ તો, ઉભો થવા પણ સમર્થ નથી. કેમકે તે વિકલ્પમાં સામાન્યયુક્તવિશેષને સાધ્ય માનવાનો રહેશે. અને તેથી વાસ્તવમાં પૂર્વે કહેલા વિશેષપક્ષથી આ પક્ષમાં જરાય તફાવત રહેતો નથી. તેથી વિશેષવિકલ્પની જેમ આ વિકલ્પ પણ અસિદ્ધ છે. કહ્યું જ છેકે *'વિશેષમાં(વિશેષપક્ષમાં) અનુગમ(=નિશ્ચય) નથી. સામાન્યમાં (સામાન્યપક્ષે) સિદ્ધસાધનદોષ છે. તથા તદુભયપક્ષ તો અનુપપન્ન છે તેથી અનુમાનની વાત પણ ક્યાં રહી ?'* આમ લક્ષણવગેરે બેસતા ન હોવાથી અનુમાન પ્રમાણ નથી. હવે આગમવગેરેની અપ્રમાણતા દર્શાવતા કહે છે:-

આગમવગેરે પ્રમાણોની બાબતમાં તો બધા પ્રવાદીઓ પ્રામાણ્યઅંગે એકમત છે જ નહિ. દેખાય જ છે કે, આગમવગેરેના પ્રામાણ્યપ્રત્યે ઘણા વિરોધી માન્યતાવાળા છે. તે બધા શી રીતે પ્રમાણભૂત બની શકે ? જે પ્રમાણ હોય, અથવા પરમાર્થથી સત્ હોય, તેના પ્રત્યે તો બધા જરા પણ વિરોધ વિના એકમત જ હોય, જેમકે પ્રત્યક્ષપ્રમાણ અને તે પ્રમાણથી ગ્રાહ્ય પૃથ્વીવગેરે ભૂતો. આ પ્રમાણ પ્રતિ, કે આ પ્રમાણથી ગ્રાહ્ય પૃથ્વીવગેરે પ્રતિ કોઇને વિરોધ નથી. ॥૩૭॥

ઉપસંહાર કરે છે-

*ગાથાર્થ* :- તેથી આગમવગેરે કેવી રીતે પ્રમાણ બની શકે ? અર્થાત્ આગમવગેરે પ્રમાણ બનવા યોગ્ય નથી. વળી પ્રસ્તુતમાં જીવઅસ્તિત્વઅંગેના વિચારમાં 'જીવ અનાદિનિધન છે અને જ્ઞાનાવરણીયઆદિ કર્મોથી સંયુક્ત છે' ઇત્યાદિ પ્રતિપાદક વચન પ્રમાણભૂત છે. અને 'પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ આ ચાર તત્ત્વો છે' અને તેના સમુદાયમાં જ (૧) શરીર (૨) ઇન્દ્રિય અને (૩) વિષય આ ત્રણ સંજ્ઞા છે.' તથા 'વિજ્ઞાનઘન ચેતન આ ભૂતોમાંથી ઉત્પન્ન થાય છે અને ફરીથી એ ભૂતોમાં જ વિલય પામે છે' ઇત્યાદિ જીવનાસ્તિત્વ પ્રતિપાદક વચનો પ્રમાણભૂત નથી. એવું જ્ઞાન શી રીતે થાય ? એકની પ્રમાણતામાં અને બીજાની અપ્રમાણતામાં કોઇક નિયામક બતાવવો જોઇએ પણ તેવો કોઇ નિયામક નથી. માટે જીવપ્રતિપાદક વચનો આગમપ્રમાણ રૂપ છે' ઇત્યાદિ કથન વચનમાત્ર છે. તથ્ય નથી. ॥ ૩૮ ॥

*સમાધાન* :- આ ઉક્તિ યુક્તિ વિનાની છે. કેમકે બીજાઓ જેને શુભાશુભ કર્મના સર્જકતરીકે ગણાવે છે તથા તેના ફળભૂત સ્વર્ગઆદિ સંબંધી વિષયસુખવગેરેના ભોક્તાતરીકે વર્ણવે છે. તેવા અને ચારભૂતથી ભિન્ન પરલોકગામી જીવતત્ત્વની માન્યતા ધરાવે છે. આવા જીવતત્ત્વનો જ અમે નિષેધ કરીએ છીએ. બાકી પરલોકગામી જીવના નિષેધક જીવનો અમે નિષેધ કરતા નથી ॥૩૯॥

---

1. जीवोऽनादिनिधनो ज्ञानावरणादिकर्मसंयुक्तः ।

सातादेर्भोक्ता कश्चित् भूतचतुष्टयव्यतिरिक्तः परलोकगामी परैरिष्यते स एव नास्तीति ब्रूमः, न पुनरेषोऽपि-परलोकगामिजीवनिषेधकोऽपि नास्तीति ॥३९॥ कोऽन्यः पुनरेतस्य प्रतिषेद्धेत्यत आह-

अत्थि पडिसेहगो इह चेतण्णविसिट्ठकायमेत्तो तु ।
दाणादिफलाभावो सो(तो) अत्थि ण संगतमिदंपि ॥ ४० ॥

(अस्ति प्रतिषेधक इह चैतन्यविशिष्टकायमात्रस्तु । दानादिफलाभावः स (ततः)अस्ति न संगतमिदमपि)

अस्ति प्रतिषेधकः *'इह'* जीवविचारप्रक्रमे चैतन्यविशिष्टकायमात्र एव। तुरवधारणे। न तु भूतचतुष्टयव्यतिरिक्तः परिकल्पितो जीवः, तत्साधकप्रमाणाभावात्। पुनरप्यत्र पराभिप्रायमाशङ्कमान आह-*'दाणेत्यादि'* अयं च प्रसज्यमानो हेतुः यदि जीवो नास्तीत्यभ्युपगम्यते तर्हि दानादीनामादिशब्दात् यमादीनां च फलाभावः प्राप्नोति। ततो दानादीनां फलाभावप्रसङ्गात् अस्त्येव जीवः परलोकगामीति प्रतिपद्यतामिति, एतद्दूषयति-*'न स,गतमिदमपी'ति* ॥४०॥ तदेवासंगतत्वं भावयति-

पुट्ठो केणइ भोतो देवो णत्थित्ति केइ सो आह ।
किं धम्मिओ गतो ता वाडीए अणेण जं तुल्लं ॥ ४१ ॥

(पृष्टः केनापि भौतो देवो नास्तीति केचित् स आह । किं धार्मिको गतस्ततो वाट्यामनेन यत् तुल्यम्)

*'भौतो'* भस्मावगुण्ठितवपुः*'केनापि'* प्रमाणमार्गविदा पृष्टो यथा-केचिदाचक्षते वादिनो-देवो नास्ति, तत्साधकप्रमाणाभावात्, तत्र किमुत्तरमिति। स एवं पृष्टः सन्नाह-यदि नास्ति देवस्तर्हि किमिति धार्म्मिको देवार्च्चननिमित्तं पुष्पानयनाय वाट्यां गत इति, ततश्च यथेदं वचनं प्रश्नाननुरूपत्वादसंगतं, तथा पूर्वोक्तमपि। *'यत्'* यस्मात्तदपि तत्त्वतोऽनेन भौतवचनेन तुल्यं, तत्साधकप्रमाणानभिधानात्। दानादिव्यवहारस्य च लोभमिथ्याज्ञानादितः कैश्चित् प्रवर्त्तितत्वादिति ॥४१ ॥ पुनरप्यन्यथा परमा(आ)शङ्कते--

सिय जातीसरणातो थणाहिलासातो चेव अत्थित्ति ।
जातिस्सरणमसिद्धं भूयसहावातो इतरंपि ॥ ४२ ॥

(स्याद्, जातिस्मरणात्, स्तनाभिलाषादेव चास्तीति । जातिस्मरणमसिद्धं भूतस्वभावादितरदपि)

**स्यादेतत्**-पूर्वभवसंबद्धजातिस्मरणदर्शनादस्त्येव परलोकगाम्यात्मेति प्रतीयते, स्मरणं हि अनुभूतविषयं, अननुभूतविषयत्वेऽतिप्रसङ्गात्, अनुभूतश्च तेन पूर्वो भवस्ततः सिद्धो नः परलोकगाम्यात्मेति। तथा स्तनाभिलाष-

---

'પરલોકગામી જીવનો નિષેધક વળી બીજો કોણ છે ?' આવી આશંકાના સમાધાનમાં કહે છે-

*ગાથાર્થ* :- અહીં જીવતત્ત્વના વિચારમાં પરલોકગામી જીવના પ્રતિષેધક તરીકે માત્ર ચૈતન્યથી યુક્ત શરીર જ ઇષ્ટ છે. નહિ કે, ચારભૂતથી ભિન્ન પરિકલ્પના કરાયેલો જીવ. કેમકે તેવા જીવનું સાધક કોઇ પ્રમાણ નથી. ફરીથી અહીં બીજાના અભિપ્રાયની આશંકા કરતા 'દાણાદિ' ઇત્યાદિ કહે છે-

*શંકા* :- જો, ભૂતોથી વ્યતિરિક્ત જીવતત્વ જ ન હોય, તો દાન, યમવગેરેના ફળના અભાવનો પ્રસંગ છે. ('દાનાદિના ફળનો અભાવ' આ જીવની સિદ્ધિમાં હેતુ છે.આ હેતુ જીવતત્ત્વના અભાવમાં અનિષ્ટની આપત્તિ દર્શાવતો હોવાથી પ્રસજ્યમાન હેતુ કહેવાય) આમ દાનવગેરેના ફળના અભાવનો પ્રસંગ હોવાથી 'પરલોકગામીજીવ છે જ' તેમ સ્વીકારવું જ રહ્યું

*સમાધાન* :- આ કથન પણ સંગત નથી. ॥૪૦॥

શંકાકારના વચનની અસંગતતાનું ભાવન કરે છે.--

*ગાથાર્થ* :- કોઇક પ્રમાણમાર્ગના જાણકારે ભૌત (આખા શરીરે ભસ્મ લગાડતા તાપસ) ને પૂછ્યું કે "કેટલાક કહે છે કે 'દેવ નથી, કેમકે દેવસાધક પ્રમાણ નથી' અહીં તમારો શું જવાબ છે ?" આ પ્રમાણે પૂછાયેલા ભૌતે કહ્યું "જો દેવ ન હોય, તો ધાર્મિક વ્યક્તિ શા માટે દેવની પૂજાનિમિત્તે પુષ્પો લેવા વાડીમાં જાય ?" (અર્થાત્ જો દેવતત્વ ન હોય, તો ધાર્મિકની વાડીમાં પુષ્પ લેવા જવાની ક્રિયા નકામી ઠરે. તેથી જો આ ક્રિયાને સફળ માનવી હોય, તો દેવતત્ત્વનું અસ્તિત્વ સ્વીકારવું જોઇએ.) ખરેખર ભૌતનું આ વચન પ્રશ્નને અનુરૂપ નથી. (કેમકે ધાર્મિકની પરિકલ્પિત દેવની પૂજામાટે પુષ્પ લેવા જવાની ક્રિયાને દેવના અસ્તિત્વસાથે કોઇ સંબંધ નથી.) તેજ પ્રમાણે આશંકાકારનું પૂર્વોક્ત વચન પણ અસંગત છે કેમકે તે વચન પણ પરમાર્થથી તો ભૌતના વચનને તુલ્ય જ છે. કેમકે એ વચનમાં જીવતત્ત્વસાધક કોઇ પ્રમાણ તો બતાવ્યું જ નથી. કેમકે દાનવગેરે વ્યવહાર તો કેટલાકે લોભ, મિથ્યાજ્ઞાનવગેરેને વશ થઇ પ્રવર્તાવ્યો છે. તેથી દાનાદિના ફળના અભાવના પ્રસંગમાત્રથી જીવતત્ત્વની સિદ્ધિ થતી નથી. ॥૪૧॥

અન્ય વ્યક્તિ ફરીથી બીજા પ્રકારે આશંકા કરે છે.

*ગાથાર્થ* :- કદાચ કોઇ એમ કહે કે 'જાતિસ્મરણના દર્શન અને સ્તનાભિલાષના દર્શનથી જીવના અસ્તિત્વની સિદ્ધિ થાય છે.' તો તે બરાબર નથી. કેમકે જાતિસ્મરણ અસિદ્ધ છે. અને સ્તનાભિલાષ પણ ભૂતના સ્વભાવથી જ છે.

*શંકા* :- અનુભવેલી વસ્તુઅંગે જ સ્મરણ થાય. કેમકે નહિ અનુભવેલી વસ્તુઅંગે પણ સ્મરણ માનવામાં તો ભૂતકાલીન સર્વ વસ્તુઓના સ્મરણની આપત્તિ આવે. અને પૂર્વભવને સંબદ્ધ વસ્તુઓનું જાતિસ્મરણ થતું દેખાય છે.

दर्शनादस्त्यात्मेति प्रतीयते, तथाहि-बालकस्य प्रथमत एवोत्पन्नस्य स्तनदर्शनानन्तरं स्तनादानाभिलाषो जायते, स चाभिलाषः पूर्वं विवक्षितकारणदृष्टावेव दृष्टेषु कार्येषु तत्कार्यतया च ज्ञातेषु सत्सु पुनरपि कालान्तरे विवक्षितकारणदर्शनानन्तरमुपजायमानेन स्मरणेन विवक्षितकार्यार्थितया विवक्षितकारणादानविषयो जन्यते, नान्येन, न चासौ बालकस्य तदानीमसिद्ध इति वाच्यम्, अभिलाषादेव प्रतिनियतविवक्षितकारणोपादानाद्यर्थं प्रवृत्त्यादि-व्यवहारोपपत्तेः। यदुक्तम्--*"तद्दृष्ट्वैव दृष्टेषु, संवित्सामर्थ्यभाविनः। स्मरणादभिलाषेण, व्यवहारः प्रवर्त्तते ॥१॥"* इति। ततः प्रथमत एव बालकस्य स्तनादानाभिलाषदर्शनादनुमीयते अस्ति देहातिरिक्तः परलोकयायी जीवो, येन पूर्वभवे [1]क्षुदपनोदकारिस्तना दृष्टाः संप्रति स्मरणविषयीकृता इति।अत्र प्रतिविधातुमाह-*'जाईत्यादि'* तत्र यदुक्तं जातिस्मरणादस्त्यात्मेति प्रतीयत इति, तदयुक्तम्, जातिस्मरणस्यासिद्धत्वात्, न हि लोके जातिस्मरणं कस्याप्युपलभ्यत इति।*'भूयसहावाउ इयरंपित्ति'* इतरदपि स्तनादानाभिलषणं भूतस्वभावात् द्रष्टव्यम्। तथाहि-भूतानामेवैष स्वभावो यत्पूर्वमननुभूतमपि किञ्चित्स्वात्मन उपष्टम्भकारकमुपाददते ॥४२॥ तथा चाह--

**चित्तो भूयसहावो एताओ चेव लाभहरणादी ।**
**सिद्धत्ति णत्थि जीवो तम्हा परलोगगामी तु ॥ ४३ ॥**

(चित्रो भूतस्वभाव अत एव लाभहरणादिः । सिद्ध इति नास्ति जीवस्तस्मात् परलोकगामी तु)

---

તેથી જીવે પૂર્વભવ અનુભવ્યો છે, તેમ સિદ્ધ થાય છે. અને જો જીવે પૂર્વભવ અનુભવ્યો હોય, તો જીવ પરલોકગામી સિદ્ધ થાય છે.

વળી, બાળકને ઉત્પત્તિ પછી સ્તનના પ્રથમ દર્શન થતાંવાર તે ગ્રહણ કરવાનો અભિલાષ થાય છે, તેમ દેખાય છે. આનાથી પણ આત્માના અસ્તિત્વની પ્રતીતિ થાય છે. પ્રથમ ક્યારેય પણ વિવક્ષિતકારણ અને કાર્યો જોયા હોય, અને કાર્યોમાં તે તે કારણની કાર્યતાનું ભાન થયું હોય, તે પછી કાળાન્તરે તે વિવક્ષિત કારણના દર્શન થાય, ત્યારે તેના કાર્યનું પણ સ્મરણ થાય છે. અને તેથી જ્યારે તે કાર્યની ઇચ્છા થાય છે, ત્યારે તે કાર્યના કારણને ગ્રહણ કરવાની ઇચ્છા પ્રગટે છે. આ ઇચ્છા પૂર્વોક્ત પૂર્વકાર્યકારણભાવના સ્મરણથી જ થાય, અન્યથા થાય નહિ. બાળકને તત્કાળે તૃપ્તિકાર્યની ઇચ્છાથી સ્તનનો અભિલાષ થાય છે તે અસિદ્ધ નથી. કેમકે એ અભિલાષથી જ પ્રતિનિયત વિવક્ષિત કારણને ગ્રહણ કરવાની પ્રવૃત્તિ વગેરે વ્યવહાર ઉપપન્ન થાય છે. અર્થાત તેવી ઇચ્છાથી જ પ્રવૃત્તિ વગેરે થતી હોય છે. આમ બાળકની સ્તનગ્રહણ પ્રવૃત્તિ તેવી ઇચ્છા વિના અસંભવિત છે. તેથી બાળકને સ્તનગ્રહણની ઇચ્છા છે તે સિદ્ધ થાય છે. કહ્યું જ છે કે, *"તેના દર્શન થયે છતે, દેખાયેલા પદાર્થોઅંગે જ્ઞાનના સામર્થ્યથી થતા સ્મરણથી અભિલાષ થાય છે. અને આ અભિલાષથી જ વ્યવહાર પ્રવર્તે છે."* આમ બાળકને પ્રથમથી સ્તનગ્રહણઅંગેનો અભિલાષ થતો દેખાય છે. આ અભિલાષદર્શનથી અનુમાન થાય છે કે, 'શરીરથી ભિન્ન પરલોકમાં જતો કોઇક જીવ છે. કે જેણે પૂર્વભવમાં જોયેલા, ભૂખને દૂર કરનારા બે સ્તનોને વર્તમાનમાં સ્મરણના વિષય બનાવ્યા. આમ સ્તનઅભિલાષદર્શનથી પણ પરલોકગામી જીવ સિદ્ધ થાય છે.

*સમાધાન* :- 'જાતિસ્મરણના દર્શનથી આત્માના અસ્તિત્વની સિદ્ધિ થાય છે.' એ વચન અસંગત જ છે. કેમકે જાતિસ્મરણ અસિદ્ધ છે. કેમકે લોકમાં કોઇને પણ જાતિસ્મરણ થતું દેખાતું નથી. અને સ્તનઅભિલાષઅંગે જે વાત કરી, તે પણ ભૂતસ્વભાવથી જ સિદ્ધ છે, પૃથ્વી વગેરે ભૂતોનો જ એવો સ્વભાવ છે કે, પહેલા નહિ અનુભવેલી પણ જે પોતાને ઉપકારી હોય, તેવી વસ્તુ ગ્રહણ કરવી.' ॥૪૨॥

આ હેતુથી જ કહે છે-

*ગાથાર્થ* :- ભૂતો અચિન્ત્ય અને વિચિત્ર કાર્ય કરનારા છે. તેથી તેઓનો સ્વભાવ પણ અનેક પ્રકારનો સિદ્ધ થાય છે. અને સ્વભાવમાં પ્રશ્ન સંભવતો નથી. (પર્યનુયોગ=આપત્તિ દર્શાવવી) કહ્યું જ છેકે *'અગ્નિ બાળે છે આકાશ બાળતું નથી, અહીં કોણ પર્યનુયોગ કરે ?'* (તાત્પર્ય :- સ્વભાવસિદ્ધ વસ્તુમાં આપત્તિ દર્શાવવી કે ખોટા તર્ક લગાવી વિપરીત કલ્પના કરવી સંગત નથી.) સ્તનનો અભિલાષ કરવાનો સ્વભાવ ભૂતોનો જ છે. વિચિત્ર સ્વભાવવાળા ભૂતોનો આ સ્વભાવ પણ પર્યનુયોગને પાત્ર નથી. તેથી સ્તનના અભિલાષના હેતુથી પણ, ભૂતોથી ભિન્ન એવા પરલોકગામી આત્માની સિદ્ધિ કરવી યુક્તિયુક્ત નથી.

*શંકા* :- પૂર્વે પ્રાપ્ત નહિ કરેલા ધનનો એકાએક લાભ, અને ઉપાર્જેલા ધનનો એકાએક નાશ-હરણ અને નિયતરૂપે સુખ કે દુઃખવગેરેની પ્રાપ્તિ ઇત્યાદિ અનેક વિચિત્રતા નિયામક વિના યુક્તિસંગત બને નહિ. (કેમકે દરેક કાર્યો સ્વસ્વકારણસામગ્રીરૂપ નિયામકને આધીન રહીને જ ઉત્પન્ન થાય છે. અને અહીં કોઇ દૃષ્ટ કારણસામગ્રી નિયામક તરીકે ઉપલબ્ધ થતી નથી.) તેથી ઉપરોક્ત વિચિત્ર કાર્યો અન્યથાઅનુપપન્ન થવાદ્વારા અનન્યગત્યા પોતાના નિયામક તરીકે પૂર્વભવમાં ઉપાર્જેલા અચિન્ત્ય અદૃષ્ટને સિદ્ધ કરે છે. આમ અદૃષ્ટ=કર્મનો સ્વીકાર અવશ્ય કરવો જ પડે. અને કર્મનો સ્વીકાર સાર્થક કરવો

---

1. क्षुदपनोदकारी स्तने दृष्ट्वा संप्रति स्मरणविषयीकृतं इति पाठांतरम् ।

*'चित्रो'* नानारूपोऽचिन्त्यविचित्रकार्यकारितया भूतानां स्वभावो, न च स्वभावे पर्यनुयोगोऽस्ति । तदाहुः *"अग्निर्दहति नाकाशं, कोऽत्र पर्यनुयुज्यत"* इति । तस्मान्न स्तनादानाभिलाषदर्शनादप्यात्मानुमानं युज्यत इति । तथा यदप्युच्यते प्रतिनियतालब्धवित्तलाभलब्धवित्तापहारसुखदुःखादिवैचित्र्यस्य नियामकमन्तरेणानुपपद्यमानत्वात्पूर्वभवोपार्जितमदृष्टं किमपि तन्नियामकमभ्युपगन्तव्यं, तदभ्युपगमे च कर्त्तारमन्तरेण तस्यानुपपद्यमानत्वात् तत्कर्तुरात्मनः पूर्वभवेऽप्यऽस्तित्वं प्रतिपत्तव्यमिति, तदप्येतेन प्रत्युक्तमवसेयं, भूतानामेव तथास्वभावत्वेनालब्धवित्तलाभादिवैचित्र्योपपत्तेः, यदाह-*"जलबुद्बुदवज्जीवा"* इति। यथैव हि सरित्समुद्रादौ नियामकादृष्टरहिता अपि स्वस्वभावसामर्थ्यवशाद् वैचित्र्यभाजो बुद्बुदाः प्रादुष्षन्ति, तथा पूर्वभवोपार्ज्जितमदृष्टमन्तरेणापि अलब्धवित्तलाभलब्धवित्तापहारादिवैचित्र्यभाजो जीवा अपि चैतन्यविशिष्टकायमात्ररूपा भविष्यन्तीति। तथा चाह--*'एयाओ चेव लाभहरणाई।सिद्धंत्ति'* अत एव भूतस्वभाववैचित्र्यतो लाभहरणमादिशब्दाद्विचित्रसुखादिभावश्च सिद्ध इति। तस्मान्नास्त्येवात्मा परलोकगामी । तुरेवकारार्थो भिन्नक्रमश्च, स च यथास्थानं योजितः । परलोकिनोऽभावाच्च परलोकस्यापि नारकत्वाद्यवस्थालक्षणस्याभावः। आह च-*"एतावानेव लोकोऽयं, यावानिन्द्रियगोचर"* इति। एवं च परलोकार्थे तपश्चरणाद्यप्यनुष्ठानमनर्थकम्, यदाह-*"तपांसि यातनाश्चित्राः, संयमो भोगवञ्चनेति"* ॥४३॥

तदेवं भौतिकपुरुषवादिमतमुपन्यस्य साम्प्रतमेतद्दूषयितुमुपक्रमते--

भण्णइ ण जुत्तमेयं पच्चक्खं णोवलब्भइ जमुत्तं ।
जम्हा अवग्गहादी हंदि ससंवेयणपसिद्धा ॥ ४४ ॥

(भण्यते न युक्तमेतत् प्रत्यक्षं नोपलभ्यते यदुक्तम् । यस्मादवग्रहादयः हंदि स्वसंवेदनप्रसिद्धाः)

**'भण्यते'** तत्रोत्तरं दीयते, तत्र यत्तावदुक्तं *'प्रत्यक्षं नोपलभ्यते जीव'* इति। एतन्न युक्तम्, कुत इत्याह यस्माद*वग्रहादयः*-अवग्रहेहापायधारणाः हंदि स्वस,वेदनप्रसिद्धाः। तत्र अवग्रहणमवग्रहः, अनिर्देश्यसामान्यमात्रावगम इत्यर्थः। उक्तं च-[1]*"सामन्नत्थावग्गहणमुग्गहोत्ति"*। तथा असद्भूतविशेषपरित्यागेन सद्भूतविशेषोपादानाभिमुखं ज्ञानमीहा। आह च-[2]"भूयाभूयविसेसादाणच्चायाभिमुहमीहा"। तथा सद्भूतविशेषानुयायिलिङ्गदर्शनादसद्भूतविशेषप्रतिक्षेपेण सद्भूतविशेषावधारणमवायज्ञानम् । अवायज्ञानानन्तरमन्तर्मुहूर्त्तं यावत्तदुपयोगादविच्यवनमविच्युतिः। ततस्तदाहितो यः संस्कारः संख्येयमसंख्येयं वा कालं यावत् स वासनेत्युच्यते। पुनः कालान्तरे कुतश्चित्तादृशार्थदर्शनादिकात् कारणात्संस्कारस्य प्रबोधे सति यत् ज्ञानमुदयते *'तदेवेदं' यत् प्रागुपलब्धमित्यादि'* तत् स्मृतिः। एतानि च त्रीण्यप्यविच्युत्यादीनि ज्ञानानि अविशेषेण धारणाशब्दवाच्यानि। यदाह-"तदऽनंतरं तदत्था-

---

હોય, તો તેના કર્તાનો પણ સ્વીકાર કરવો જ પડે. કેમકે કર્તા વિના કર્મ જ અનુપપન્ન છે. (કેમકે કર્મ પોતે કર્તાની ક્રિયાનું કર્મ=કર્મકારક છે.) આમ પૂર્વભવના કર્મો પૂર્વભવમાં તે કર્મોના કર્તાતરીકે જીવના અસ્તિત્વની ઉદ્ઘોષણા કરે છે. (અને તેમ જ માનવું યુક્ત છે કે પૂર્વભવમાં જેણે કર્મો કર્યા તે જ પછીના ભવમાં તે કર્મોના ફળનો આસ્વાદ માણે) આમ પરલોકગામી જીવ સિદ્ધ થાય છે.

*સમાધાન* :- 'ભૂતો અનેક વિચિત્ર સ્વભાવવાળા છે' એવા પૂર્વોક્ત વિધાનથી જ તમારી આ દલીલ પણ સલીલ (=પાણી) વિનાની સાબિત થાય છે. ભૂતોનાં તેવા પ્રકારના સ્વભાવના કારણે જ અપ્રાપ્ત ધનનો લાભવગેરે વિચિત્રતાઓ સિદ્ધ થાય છે. તેથી તે માટે પૂર્વભવીય કર્મ અને તેના કર્તાતરીકે જીવની કલ્પના કરવાની તસ્દી લેવા જેવી નથી. કેમકે *'જીવો પાણીના પરપોટા જેવા છે'* એમ જ કહ્યું છે. જેમ નદી, સમુદ્રવગેરેમાં નિયામક એવા અદૃષ્ટ=કર્મના અભાવમાં પણ પોતાના સ્વભાવના સામર્થ્યથી જ વિચિત્રતા ધારણ કરનારા પરપોટાઓ પ્રાદુર્ભાવ પામે છે, તેમ જીવો પણ પૂર્વભવમાં ઉપાર્જેલા કર્મના અભાવમાં પણ, ચૈતન્યથી યુક્ત શરીરમાત્રરૂપે ઉત્પન્ન થતા માનવામાં દોષ નથી. અને જીવોની અપ્રાપ્ત ધનની પ્રાપ્તિ કે પ્રાપ્તધનના નાશવગેરેરૂપ વિચિત્રતા પણ ભૂતોના તથાસ્વભાવથી જ સિદ્ધ છે. તેથી મૂળમાં પણ 'એયાઓ ચેવ લાભહરણાદી સિદ્ધત્તિ' એમ કહ્યું. આમ ભૂતોના તથાસ્વભાવથી જ જો લાભ, હરણ, સુખવગેરે ભાવો સિદ્ધ થતા હોય, તો કર્મ, આત્માવગેરેની કલ્પનાના ગૌરવની આવશ્યક્તા નથી. તેથી 'પરલોકગામી આત્મા નથી' તેમ જ સિદ્ધ થાય છે. (મૂળમાં 'તુ'પદ જકારઅર્થક છે. અને 'નત્થિ'પદસાથે સંબંધિત છે. વ્યાખ્યા પણ તે પ્રમાણે જ કરી છે.) આમ પરલોકમાં જનારો આત્મા અસિદ્ધ હોવાથી નારકપણું વગેરે અવસ્થારૂપ જે પરલોક છે તે પણ અસિદ્ધ છે. કહ્યું જ છે કે *'જેટલો ઈન્દ્રિયનો વિષય બને છે, તેટલો જ લોક છે.'* આમ પરલોકનો અભાવ હોવાથી કાલ્પનિક પરલોકને સુધારવા કરાતા તપ, ચારિત્રવગેરે અનુષ્ઠાનો પણ નકામા છે. કહ્યું જ છે કે, *'તપો વિચિત્ર પ્રકારની યાતનારૂપ છે. અને સંયમ ભોગોથી છેતરાવા જેવું છે.'* ॥૪૩॥

---

1. सामान्यार्थावग्रहणमवग्रह इति । 2. भूताऽभूतविशेषाऽऽदानत्यागाभिमुखमीहा । 3. तदनंतरं तदर्थाविच्यवनं यश्च वासनायोगः। कालान्तरेण यत्पुनरनुस्मरणं धारणा सा तु ॥ १ ॥

विच्चवणं जो य वासणाजोगो। कालंतरेण जो पुण अणुसरणं धारणा सा उ ॥१॥" इति। त एते अवग्रहादयो 'हंदीति' परामन्त्रणे स्वप्रकाश्यं प्रकाशयतः सतो ज्ञानस्य स्वयं प्रकाशनं स्वसंवेदनं तेन प्रसिद्धाः- प्रतीतस्वरूपाः स्वसंवेदनप्रसिद्धाः ॥४४॥ स्वसंवेदनप्रसिद्धत्वमेषां कार्यान्यथानुपपत्त्या--

जं जायई सती मे उप्पन्नमिहासि णीलविन्नाणं ।

इयमणणुभूयविसया जुज्जइ नातिप्पसंगातो ॥ ४५ ॥

(यत् जायते स्मृति र्मे उत्पन्नमिहासीत् नीलविज्ञानम् । इयमननुभूतविषया युज्यते नातिप्रसङ्गात्॥ )

*'यत्'* यस्मात् जायते स्मृतिः-अवग्रहादिरूपज्ञानविषया, स्मृतेरेवाकारमुपदर्शयति-*'इह'* विवक्षितनीलस्व- लक्षणविषये नीलविज्ञानं ममोत्पन्नमासीदित्येवमाकारा। ननु यदीयं स्मृतिरुदयते ततस्तेषामवग्रहादीनां स्वदसंवेदन- प्रसिद्धत्वे किमायातमित्यत आह-- *'इयमित्यादि'*, इयं-स्मृतिरननुभूतविषया यस्मान्न युज्यते-न घटते। कुत इत्याह -अतिप्रसङ्गात् प्रक्रान्तं विषयमतिक्रान्तः प्रसङ्गोऽतिप्रसङ्गस्तस्मात्, अतिप्रसङ्गश्चात्यन्ताननुभूतपञ्चमभूतविषयाया अपि स्मृतेः प्रसक्तितः। ततः स्मृत्यन्यथानुपपत्त्याऽवग्रहादयोऽनुभूता इति प्रतिपत्तव्यम्। अनुभवश्चैषां स्वसंवेदने- नेति सिद्धं स्वसंवेदनप्रसिद्धत्वमेषामिति। तेन यदुच्यते मीमांसकैः-"*अप्रत्यक्षा च नो बुद्धिः, प्रत्यक्षोऽर्थ इति*" तदपास्तमवगन्तव्यम्, तथाहि-एते अवग्रहादयः स्वसंविदितस्वरूपा एवोदयमाना व्ययमानाश्च लक्ष्यन्ते।तत्र(ते च) क्वान्तर्भाव्यन्तां, किमर्थे बुद्धौ वा?, नार्थे अध्यात्ममेषां परिस्पन्दनात्, अर्थानां चैवं परिस्पन्दायोगात्। नापि

---

*(નાસ્તિકવાદખંડન)*

આ પ્રમાણે 'ભૂતોના જ વિકારરૂપ આત્મા છે' એવો નાસ્તિકમત સ્થાપ્યો. હવે આ મતને દૂષિત કરવાનો આરંભ કરે છે-

*ગાથાર્થ* :- અહીં ઉત્તર અપાય છે-'જીવ પ્રત્યક્ષ ઉપલબ્ધ થતો નથી' એવું જે કહ્યું તે સંગત નથી. કેમકે અવગ્રહવગેરે સ્વસંવેદન પ્રસિદ્ધ છે.

હવે નાસ્તિકવાદની પૂર્વોક્ત સ્થાપનાના પ્રત્યેક મુદ્દાના સયુક્તિ ભૂક્કા બોલાવવાદ્વારા તે મતની અસારતા સિદ્ધ કરે છે.

નાસ્તિકોએ એવું જે કહ્યું કે, *'જીવ પ્રત્યક્ષ ઉપલબ્ધ થતો નથી.'* તે તદ્દન અસંગત છે. કેમકે અવગ્રહ, ઇહા, અપાય અને ધારણા આ ચાર જ્ઞાનો સ્વસંવેદન સિદ્ધ છે. તેમાં અવગ્રહણ અવગ્રહ છે. અર્થાત્ નિર્દેશ કરી ન શકાય તેવો સામાન્યમાત્રગ્રાહી બોધ અવગ્રહ છે. કહ્યું છે કે, *'સામાન્યઅર્થનું અવગ્રહણ અવગ્રહ છે.'* તથા અવિદ્યમાન-અસંભવિ વિશેષ અર્થના ત્યાગદ્વારા વિદ્યમાન-સંભવિત વિશેષ અર્થના ઉપાદાનતરફ જતું જ્ઞાન ઇહા છે. કહ્યું છે કે, 'ભૂતાર્થ= વિદ્યમાન અર્થવિશેષના ગ્રહણતરફ અને અભૂતાર્થ=અવિદ્યમાન અર્થવિશેષના ત્યાગતરફ જતું જ્ઞાન ઇહા છે.' (વસ્તુના સત્ય અને નિશ્ચિત અર્થતરફ દોરી જતો વિચાર-તર્ક ઇહા કહેવાય.) તથા વિદ્યમાન અર્થવિશેષને અનુસરતા લિંગના દર્શનથી અવિદ્યમાનઅર્થનો નિષેધ કરવાપૂર્વક વિદ્યમાનઅર્થનો નિશ્ચય કરતું જ્ઞાન અવાય-અપાય છે. અપાયજ્ઞાન પછી અન્તર્મુહૂર્તસુધી તે જ્ઞાનોપયોગમાંથી ભ્રષ્ટ ન થવું. અર્થાત્ અંતર્મુહૂર્તસુધી સતત રહેતો જ્ઞાનોપયોગ અવિચ્યુતિ કહેવાય છે. ત્યારબાદ તે અવિચ્યુતિથી સંસ્કારવિશેષનું આધાન થાય છે. આ સંસ્કાર સંખ્યાત કે અસંખ્યાત કાળસુધી ટકે છે. અને 'વાસના'તરીકે ઓળખાય છે. તે પછી કાળાન્તરે જ્યારે તેવા પ્રકારની વસ્તુના દર્શનવગેરે કોઇક હેતુથી એ સંસ્કારો જાગૃત થાય છે. ત્યારે 'પૂર્વે જે અનુભવેલું તે જ આ છે.' ઇત્યાદિ જે જ્ઞાન થાય છે. તે સ્મૃતિ છે. અવિચ્યુતિ, વાસના અને સ્મૃતિ આ ત્રણે જ્ઞાનો અવિશેષરૂપે 'ધારણા'શબ્દથી વાચ્ય છે અર્થાત્ આ ત્રણે જ્ઞાનો ધારણારૂપ મતિજ્ઞાનના ભેદો છે. કહ્યું જ છે કે, તે *પછી (=અપાય પછી) જે તે અર્થથી અવિચ્યવન છે, તથા જે વાસનાયોગ છે અને કાળાન્તરે ફરીથી જે અનુસ્મરણ થાય છે તે ધારણા છે'* આ અવગ્રહવગેરે જ્ઞાનોનું સ્વરૂપ બતાવ્યું (મૂળમાં 'હંદિ' આમંત્રણઅર્થે છે) આ અવગ્રહવગેરે જ્ઞાનો સ્વસંવેદનદ્વારા સ્વસ્વરૂપની પ્રતીતિ કરાવે છે. પોતાનાથી પ્રકાશ્ય=બોધ્ય અર્થોને પ્રકાશતી વખતે જ્ઞાન પોતાને પણ પ્રકાશે છે. અર્થાત પોતાનો પણ બોધ કરાવે છે. તેથી જ્ઞાન સ્વસંવેદનસિદ્ધ છે. ॥૪૪॥

*(અવગ્રહાદિજ્ઞાનોની સિદ્ધિ)*

કાર્યની અન્યથાઅનુપપત્તિ બતાવવાદ્વારા અવગ્રહાદિ જ્ઞાનોનું સ્વસંવેદનપ્રસિદ્ધત્વ દર્શાવે છે-

*ગાથાર્થ* :- 'મને અહીં નીલજ્ઞાન ઉત્પન્ન થયું હતું' એવી સ્મૃતિ થાય છે. આ સ્મૃતિ અનનુભૂતવિષયવાળી સંભવતી નથી. કેમકે તેમાં અતિપ્રસંગ છે.

'અહીં=ઉલ્લેખ્યનીલસ્વરૂપઅંગે મને નીલજ્ઞાન થયું હતું' ઇત્યાદિરૂપ અવગ્રહવગેરે જ્ઞાનઅંગે સ્મૃતિ થાય છે.

*શંકા* :- આવી સ્મૃતિ થાય છે તેનાથી અવગ્રહવગેરેની સ્વસંવેદનપ્રસિદ્ધિ શી રીતે સિદ્ધ થશે ?

*સમાધાન* :- એ જ બતાવીએ છીએ. આ સ્મૃતિ નહિ અનુભવેલા વિષયોઅંગે તો સંભવી શકે નહિ. કેમકે જો અનનુભૂત વિષયઅંગે પણ સ્મૃતિ થતી હોત, તો ક્દી નહિ અનુભવેલા પાંચમા ભૂતઅંગે પણ તેવી સ્મૃતિ માનવાનો અતિપ્રસંગ આવે (અતિપ્રસંગ=પ્રસ્તુત વિષયને ઉલ્લંઘી જતો પ્રસંગ) અવગ્રહવગેરેની સ્મૃતિ થતી તો દેખાય જ છે.

बुद्धौ, यतस्ता भवन्मतेन विद्यमाना अपि सत्यो न प्रकाशन्ते, तासामत्यन्तपरोक्षत्वेनाभ्युपगमात्। एते च प्रकाशमाना अनुभूयन्ते, न च बुद्धितज्ज्ञेयव्यतिरेकेणान्यः कश्चिदनुभवप्रक्रमेऽनुषङ्गो विद्यते। तत एषामवग्रहादीनामित्थं प्रकाशमानानामभाव एव प्रसक्तः। स च दुरुपपादो, मा भूत्सर्वस्यापि निषेधप्रसङ्गः। तस्मात् बुद्धय एवैते ताश्च प्रत्यक्षा इति स्थितम्। अपि च स्वसंवेदनप्रत्यक्षेण बुद्धिमेनामवग्रहादिरूपामवेदयमानः कथमात्मनि निश्चिनुयात्? यथा बुद्धिर्ममोत्पन्नेति। आत्माधिकरणतया च तस्या अनिश्चये मया ज्ञातमिदं वस्त्विति आत्मानुभवितृकं वस्तु न ज्ञातं भवेत्। तथा च सति प्रतीतिविरोधः। अथोच्येत–यावदर्थो न ज्ञातो भवति न तावत् बुद्धिर्निश्चीयते, तेन सर्वोऽपि बुद्धिनिश्चयोऽर्थज्ञाननिबन्धनः, ततो योग्यदेशावस्थितार्थज्ञानाद् बुद्धिरात्मन्यस्तीत्यनुमीयते, तन्निमित्तत्वादर्थज्ञानस्येति, तदेतन्निबिडजडिमाऽवष्टब्धान्तःकरणताविलसितम् । न हि नामार्थज्ञानमन्यदन्या

---

તેથી અનુભવાતી આ સ્મૃતિ અન્યથાઅનુપપન્ન થવાદ્વારા અવગ્રહવગેરેની અનુભૂતિને સિદ્ધ કરે છે. અને અવગ્રહ વગેરેનો અનુભવ તો સ્વસંવેદનદ્વારા જ સંભવે છે. અર્થાત્ અવગ્રહવગેરેનું સંવેદન અન્ય જ્ઞાનદ્વારા સંભવતું નથી.

*(મીમાંસકમત ખંડન)*

*અહીં મીમાંસક* કહે છે કે *'આપણી બુદ્ધિ* (=અવગ્રહાદિજ્ઞાન) અપ્રત્યક્ષ=પરોક્ષ છે. અને બાહ્યઅર્થ પ્રત્યક્ષ છે.' આમ મીમાંસકમતે જ્ઞાનનું સ્વસંવેદન નથી. જ્ઞાનને સ્વસંવિદિત કહેવાથી આ મતનો પ્રતિક્ષેપ થાય છે. તે આ પ્રમાણે આ અવગ્રહવગેરે સ્વસંવિદિતસ્વરૂપવાળા જ ઉદય પામતા અને વિલય પામતા દેખાય છે. આમ સંવેદિત થતા અવગ્રહ વગેરેનો કેમાં સમાવેશ થશે ? બાહ્યાર્થમાં કે બુદ્ધિમાં ? બાહ્યાર્થમાં તો સમાવેશ પામતા જ નથી. કેમકે આ અવગ્રહવગેરે આત્મામાં જ ઉત્પત્તિ અને વિલયરૂપ પરિસ્પન્દન કરે છે. બાહ્યાર્થનો આ પ્રમાણે પરિસ્પન્દ સંભવતો નથી. આ જ પ્રમાણે અવગ્રહઆદિનો બુદ્ધિમાં પણ સમાવેશ થતો નથી. કેમકે તમારા મતે વિદ્યમાન એવી પણ બુદ્ધિ ક્યારેય પણ પ્રકાશતી નથી=બુદ્ધિનું ક્યારેય સ્વસંવેદન થતું નથી. કેમકે તમે બુદ્ધિઓને અત્યન્ત પરોક્ષ સ્વીકારી છે. જ્યારે અવગ્રહવગેરે તો સ્વસંવેદનરૂપે પ્રકાશતા અનુભવાય છે. તેથી તેઓનો બુદ્ધિમાં પણ સમાવેશ થતો નથી. તમારા મતે આમ તેઓનો અર્થ કે બુદ્ધિ બેમાંથી એકેમાં સમાવેશ થતો નથી. અને અનુભવની બાબતમાં બુદ્ધિ અને બુદ્ધિથી જ્ઞેય અર્થને છોડી ત્રીજા કોઇ પ્રકારની વસ્તુ સંભવતી નથી. તેથી આ પ્રમાણે પ્રકાશતા અવગ્રહવગેરેનો અભાવ માનવાનો જ પ્રસંગ આવશે. અને અનુભૂત વસ્તુનો નિષેધ કરવો કે અભાવ માનવો અસંગત છે. કેમકે બધી જ અનુભવાતી વસ્તુઓના નિષેધનો પ્રસંગ આવશે. તેથી આ અવગ્રહવગેરે બુદ્ધિરૂપ જ છે, અને આ બુદ્ધિ પ્રત્યક્ષ જ છે. તેમ અનિચ્છાએ પણ સ્વીકારવું જ રહ્યું (કેમકે અર્થમાં તો અવગ્રહવગેરેનો સમાવેશ સંભવતો જ નથી. કારણ કે અર્થથી તેઓ અત્યન્ત ભિન્ન છે.) વળી, જો સ્વસંવેદન પ્રત્યક્ષદ્વારા આ અવગ્રહાદિરૂપ બુદ્ધિનું પોતે સંવેદન ન કરે, તો આત્મામાં શી રીતે નિશ્ચય કરે કે "મને આ પ્રમાણે બુદ્ધિ ઉત્પન્ન થઇ" અને જ્યાં સુધી આત્મામાં આ બુદ્ધિનો નિશ્ચય થતો નથી ત્યાં સુધી 'મેં આ વસ્તુનું જ્ઞાન કર્યું' એ પ્રમાણે વસ્તુનું આત્માનુભવિજ્ઞાન (=આત્મા જેમાં અનુભવીતરીકે ભાસે તેવું જ્ઞાન) ન થાય. તેથી પ્રતીતિવિરોધ છે. કેમકે વસ્તુની તેવા પ્રકારની પ્રતીતિ થતી દેખાય છે.

*પૂર્વપક્ષ* :– જ્યાં સુધી અર્થનું જ્ઞાન થતું નથી. ત્યાં સુધી બુદ્ધિનો નિશ્ચય થતો નથી. આમ બધા જ બુદ્ધિનિશ્ચયમાં અર્થનું જ્ઞાન કારણ છે. તેથી યોગ્યદેશમાં રહેલા અર્થના જ્ઞાનથી 'બુદ્ધિ આત્મામાં છે' તેવું અનુમાન થાય છે. કેમકે અર્થનું જ્ઞાન બુદ્ધિ વિના સંભવે નહિ. આમ પરોક્ષ બુદ્ધિનો અર્થજ્ઞાનદ્વારા અનુમાનથી નિર્ણય થાય છે. માટે બુદ્ધિને પ્રત્યક્ષ કે સ્વસંવિદિત માનવાની આવશ્યક્તા નથી.

*ઉત્તરપક્ષ* :– અત્યંત જડતાથી યુક્ત હૃદયનો આ વિલાસ છે. અર્થાત્ તમારી આ દલીલ અજ્ઞાનથી ઉદ્ભવી છે. તમે અર્થજ્ઞાનથી બુદ્ધિના અનુમાનની વાત કરી અને તે વાત તો જ સુયોગ્ય બને, જો અર્થજ્ઞાન અને બુદ્ધિ પરસ્પર ભિન્ન હોય પરંતુ અર્થજ્ઞાન અને બુદ્ધિ વચ્ચે ભેદ નથી. કેમકે જે અર્થજ્ઞાન છે તે જ બુદ્ધિ છે. તેથી આ બે વચ્ચે અનુમાન અનુમેયભાવ માનવો યોગ્ય નથી. (અર્થજ્ઞાન=અનુમાન=અનુમાન કરવાનું સાધન અને બુદ્ધિ અનુમેય–અનુમાન કરવાયોગ્ય એવો અનુમાન–અનુમેયભાવ યોગ્ય નથી.) કેમકે આ ભાવ બે ભિન્ન વસ્તુ વચ્ચે જ ઘટી શકે છે.

*પૂર્વપક્ષ* :– બુદ્ધિનું લિંગ અર્થજ્ઞાન નથી. પરંતુ ઇન્દ્રિય અને પદાર્થ છે. તે આ પ્રમાણે–'ઇન્દ્રિય અને વિષયભૂત પદાર્થ ઉપલબ્ધ થાય છે તેથી ચોક્કસ ઇન્દ્રિયને આશ્રય કરનારી અને અર્થવિષયક બુદ્ધિ હોવી જોઇએ' (કેમકે ઇન્દ્રિય પોતે જડ સાધન હોઇ વિષયનું સંવેદન કરાવી ન શકે અને વિષયમાં તો સ્વનું સંવેદન કરાવવાનું સામર્થ્ય જ નથી. અને આ બેની હાજરીમાં વિષયનું સંવેદન થતું દેખાય છે. તેથી આ બેથી ભિન્ન એવી બુદ્ધિ જ સંવેદન કરાવનાર તરીકે સિદ્ધ થાય છે.)

*ઉત્તરપક્ષ* :– આ વાત પણ આદેય નથી. કેમકે બુદ્ધિના લિંગતરીકે ઇન્દ્રિય અને અર્થ બન્ને વ્યભિચારી છે. જે વસ્તુ જેને વ્યભિચારી ન હોય તે વસ્તુ તેનું લિંગ બને, જેમકે ધૂમાડો અગ્નિને વ્યભિચારી નથી તેથી ધૂમાડો અગ્નિનું લિંગ બને છે. ઇન્દ્રિય તો જ્ઞાનને વ્યભિચારી છે. કેમકે તે તે ઇન્દ્રિયની હાજરીમાં પણ તે તે ઇન્દ્રિયસંબંધી જ્ઞાનની પ્રવૃત્તિ થતી નથી. નહિતર તો મનુષ્યને પાંચ ઇન્દ્રિય હોવાથી હંમેશા એકીસાથે પાંચે ઇન્દ્રિયના જ્ઞાનોનો ઉદય માનવાનો પ્રસંગ આવશે. પણ આ દૃષ્ટ કે ઇષ્ટ નથી. (કેમકે જ્યારે એક ઇન્દ્રિયના પણ ભિન્નભિન્ન જ્ઞાનોપયોગ સમાનકાળે માન્યા નથી ત્યારે પાંચ ભિન્ન ઇન્દ્રિયોના પાંચ જ્ઞાનોનો ઉપયોગ એક કાળે શી રીતે સંભવી શકે ? વળી નિદ્રા વગેરે કાળે ઇન્દ્રિયો હાજર હોવા છતાં તે

च बुद्धिः, येनैवमुच्यमानमुपशोभेत, किंतु यदेवार्थज्ञानं तदेव बुद्धिरिति कथमनयोरनुमानानुमेयभावः। अथ मन्येथा–नार्थज्ञानं बुद्धेर्लिङ्गं, किं तर्हि?, इन्द्रियार्थौ यथाहि–यस्मादिन्द्रियमस्ति अर्थश्च, तस्माद्भवितव्यमिन्द्रियाश्रितया अर्थविषयया च बुद्ध्येति, तदप्ययुक्तम्, उभयोरपि व्यभिचारित्वात्। यो ह्यर्थो यन्न व्यभिचरति स तस्य लिङ्गम्, इन्द्रियं च ज्ञानं व्यभिचरति, सत्यपि तस्मिन्निन्द्रिये तज्ज्ञानस्याप्रवृत्तेः। अन्यथा सर्वेन्द्रियाणां सदा सद्भावात्सर्वदा सर्वेन्द्रियज्ञानोदयप्रसङ्गः। न चैतद्दृष्टमिष्टं वा, तस्मान्नेन्द्रियं ज्ञानाव्यभिचारि। अर्थोऽपि च ज्ञानं व्यभिचरत्येव, तस्मिन्सत्यपि तदभावात्। इतरथा हि असन्निहितश्चेदर्थो ज्ञानस्य हेतुरिष्यते, तर्हि सर्वस्य सर्वदा सर्वार्थवित्त्वप्रसङ्गः। सन्निहितश्चेत्ततः सन्निहितस्य सर्वस्यापि युगपद्ग्रहणप्रसङ्गो, न चैतदिष्टं, तथानुभवाभावात्। युगपदपीन्द्रियार्थौ ज्ञानं व्यभिचरतः, इन्द्रिये सन्निहितेषु चार्थेषु सर्वेषु युगपद् ज्ञानाभावात्, नेन्द्रियार्थौ लिङ्गं किन्तु मन इति चेत्, तदयुक्तम्, यतस्तदपि पूर्वं तावत्सिद्धस्य ज्ञानस्य सिद्ध्या तस्य युगपदनुत्पत्त्या स्वयमनुमातव्यम्, तच्च ज्ञानमद्यापि असिद्धमिति कुतः तत्सिद्धिर्येन तल्लिङ्गमुद्घुष्येतेति। व्यक्तोऽर्थो बुद्धेर्लिङ्गं, न तु

---

ઇન્દ્રિયોના જ્ઞાનોનો ઉપયોગ હોતો નથી.) તેથી ઇન્દ્રિય જ્ઞાનને વ્યભિચારી છે. આ જ પ્રમાણે અર્થ પણ જ્ઞાનનું લિંગ ન બની શકે. કેમકે અર્થ પણ જ્ઞાનને વ્યભિચારી છે. કેમકે અર્થની હાજરીમાં પણ જ્ઞાનનો અભાવ હોય છે. જો દૂરવર્તી પદાર્થ જ્ઞાનનો હેતુ=લિંગતરીકે ઇષ્ટ હોય, તો બધાને હંમેશા સર્વ અર્થના જ્ઞાતા માનવા પડશે. કેમકે હંમેશા દૂરવર્તી અર્થોની વિદ્યમાનતા છે. તેથી 'લિંગ હોય ત્યાં લિંગી હોય' એ ન્યાયથી તેઓના જ્ઞાનની પણ વિદ્યમાનતા માનવી પડે . હવે જો નજીક રહેલા અર્થો જ્ઞાનના હેતુ=લિંગ હોય, તો નજીક રહેલા તમામ અર્થોનું એકીસાથે જ્ઞાન થવાની આપત્તિ આવે. પણ આ ઇષ્ટ નથી. કેમકે સઘળા અર્થોનું એકીસાથે જ્ઞાન થવાનો અનુભવ થતો નથી..

*શંકા* :– ઇન્દ્રિય અને અર્થ ભેગા મળીને જ્ઞાનના લિંગ બને છે. તેથી ઉપરોક્ત દોષ નહિ આવે.

*સમાધાન* :– આ બન્નેને ભેગા મળીને જ્ઞાનના લિંગ માનવામાં પણ વ્યભિચારદોષ ઉભો જ છે. કેમકે બધી ઇન્દ્રિયો અને એ બધી ઇન્દ્રિયોના અર્થો હાજર હોવા છતાં એકીસાથે તે બધાનું જ્ઞાન થતું નથી. (અન્યમનસ્ક તો એક પણ ઇન્દ્રિયના અર્થનું જ્ઞાન કરતો નથી, પણ અન્ય જ વિચારમાં ડૂબેલો રહે છે.)

*શંકા* :– ઇન્દ્રિય અને અર્થ જ્ઞાનના લિંગ નથી, પણ મન જ જ્ઞાનનું લિંગ છે.

*સમાધાન* :– આ વાત પણ બરાબર નથી. કેમકે મન પોતે જ હજી પગભર=સિદ્ધ નથી. કેમકે જ્ઞાનની સિદ્ધિ થયા બાદ, મનની સિદ્ધિ થાય છે. મન જ્ઞાનની સાથે યુગપત્ ઉત્પન્ન થતું ન હોવાથી મન સ્વયં અનુમેય છે. અને જ્ઞાન પોતે જ અત્યારના અસિદ્ધ છે. તેથી મન પણ અસિદ્ધ અવસ્થામાં છે. (કેમકે મનની સિદ્ધિ જ્ઞાનપર અવલંબિત છે.) તેથી અસિદ્ધ મનને જ્ઞાનનું લિંગ શી રીતે કહી શકાય ? અર્થાત્ જ્ઞાનના લિંગ તરીકે મન અસિદ્ધ છે.

*શંકા* :– વ્યક્ત થયેલો અર્થ બુદ્ધિનું લિંગ બને છે, જે તે અર્થ નહિ. તેથી પૂર્વોક્ત દોષ નથી.

*સમાધાન* :– આ વિકલ્પ પણ ત્યાજ્ય છે. અર્થની વ્યક્તિથી (=વ્યક્તપણાથી) તમારે શું અભિમત છે ? જ્ઞાન ? કે અર્થમાં રહેલું જ્ઞાનહેતુક પ્રાકટ્યરૂપ સ્વરૂપવિશેષ ? જો અર્થની વ્યક્તિતરીકે જ્ઞાન ઇષ્ટ હોય, તો જ્ઞાન પોતે હજી અસિદ્ધ અવસ્થામાં છે, તેથી અર્થની વ્યક્તિ અસિદ્ધ છે. તેથી તે રૂપે અર્થ પણ અસિદ્ધ છે. (વ્યક્તિ અર્થનું વિશેષણ છે અને તે અર્થ જ્ઞાનનું વિશેષણ=લિંગ છે. તેથી વ્યક્તિની અસિદ્ધિમાં અર્થ અને જ્ઞાન બન્ને અસિદ્ધ બને.) હવે, જો જ્ઞાનહેતુક અર્થગત સ્વભાવવિશેષ જ 'વ્યક્તિ'રૂપે ઇષ્ટ હોય, તો જ્ઞાન અસિદ્ધ હોવાથી તેના કાર્યભૂત એ સ્વભાવ પણ અસિદ્ધ થાય છે. તેથી આ પ્રમાણે અર્થગત સ્વભાવવિશેષ અસિદ્ધ હોવાથી તે સ્વભાવથી વિશિષ્ટ અર્થ પણ શી રીતે બુદ્ધિનું લિંગ બને? સિદ્ધ થાય છે કે, વ્યક્ત અર્થ પણ બુદ્ધિનું લિંગ નથી, વળી અર્થમાં રહેલું આ સ્વરૂપવિશેષ તો દરેક પુરુષ પ્રત્યે સમાનપણે રહેલું છે. તેથી તેનાથી તો બધા જ પુરુષોમાં તે અર્થવિષયક બુદ્ધિનું અનુમાન કરવાનો પ્રસંગ આવશે.

વળી કદાચ લિંગ હોય, તો પણ તમે તો બુદ્ધિને હંમેશા પરોક્ષતરીકે જ સ્વીકારી છે. તેથી તે ક્યારેય સિદ્ધ=પ્રત્યક્ષઆદિથી અનુભૂત થયેલી નથી. તેથી તેની સાથે લિંગનાં સંબંધનું પણ જ્ઞાન કોઇપણ હિસાબે થાય તેમ નથી. અને જ્યાં સુધી લિંગ અને લિંગી વચ્ચેના સંબંધનો નિર્ણય ન થાય, ત્યાં સુધી આ લિંગ છે અને તેનાથી આ લિંગીનું અનુમાન થાય છે તેવો નિર્ણય પણ થઇ શકે નહિ. તેથી બુદ્ધિવિષયક અનુમાન પ્રવર્તી શકતું જ નથી. આમ બુદ્ધિ પરોક્ષતરીકે સિદ્ધ થતી નથી. તેથી 'બુદ્ધિ સ્વસંવિદિતરૂપ જ છે' તેવો નિર્ણય થાય છે.

### *(નૈયાયિક જ્ઞાનાન્તરવેદ્યજ્ઞાનમત નિરાસ)*

*નૈયાયિક* :– બુદ્ધિનું સંવેદન થાય છે, તે વાત બરાબર છે. પરંતુ તેને સ્વસંવિદિત માનવાની જરૂર નથી, કેમકે તે પ્રમેયરૂપ હોવાથી અન્યજ્ઞાનથી જ સંવિદિત થાય છે. *પ્રયોગ*:– "જ્ઞાન બીજા જ્ઞાનથી જ વેદ્ય(=સંવેદનયોગ્ય) છે. કેમકે પ્રમેયરૂપ છે. જેમકે ઘડો"

*ઉત્તરપક્ષ* :– તમારો આ આલાપ વ્યર્થ વિલાપતુલ્ય છે. કેમકે તમારા અનુમાનપ્રયોગમાં હેતુ ઇશ્વરના જ્ઞાનથી અનૈકાન્તિક ઠરે છે. કેમકે ઇશ્વરનું જ્ઞાન જ્ઞાનરૂપ હોવા છતાં તમને જ્ઞાનાન્તરવેદ્યતરીકે સંમત નથી. કેમકે તમે ઇશ્વરના જ્ઞાનને સ્વસંવેદ્ય માન્યું છે.

यः कश्चित्, तेनोक्तदोषाभाव इति चेत्, ननु केयं व्यक्तिरर्थस्य?, किं ज्ञानमुत ज्ञाननिबन्धनस्तद्गतः प्राकट्य-लक्षणः स्वरूपविशेषः? तत्र यदि ज्ञानं ततस्तस्यासिद्धत्वात्तद्विशेषणस्यार्थस्याप्यसिद्धिः। अथ ज्ञाननिबन्धनस्तद्गत-स्वभावविशेषः, ननु ज्ञानासिद्धौ सोऽप्यसिद्ध इति कथं तद्विशिष्टोऽप्यर्थो बुद्धेर्लिङ्गं भवेदसिद्धत्वात् । अपिच तस्यार्थगतस्वरूपविशेषस्य सर्वान्पुरुषान्प्रति साधारणत्वात् सर्वपुरुषेष्वपि तद्विषयबुद्धीनामनुमानप्रसङ्गः । अन्यच्च सत्यपि लिङ्गे सर्वदा बुद्धेः परोक्षत्वेनाभ्युपगमात् असिद्धया तया सह न कथञ्चिदपि लिङ्गस्य सम्बन्धावगमः, ततः कथं तद्विषयानुमानप्रवृत्तिः?, तन्न बुद्धिः परोक्षा, किन्तु स्वसंविदितरूपैवेति। तथा यदप्युच्यते नैयायिकैः-ज्ञानं ज्ञानान्तरवेद्यं, प्रमेयत्वात् घटवदिति, तदप्ययुक्तम्, ईश्वरज्ञानेन हेतोरनैकान्तिकत्वात्। अथोच्येत-अस्मदादिज्ञानापेक्षयैव ज्ञानस्य ज्ञानान्तरवेद्यत्वमभ्युपगम्यते, नेश्वरज्ञानापेक्षया, तद्धि अस्मदादिज्ञानात् विशिष्टम्, न च विशिष्टे दृष्टं धर्म्ममविशिष्टेऽपि योजयन् प्रेक्षावत्तां लभते, अशेषार्थग्राहित्वस्यापि निःशेषज्ञानानां तत्प्रसङ्गादिति। तदयुक्तम्, ज्ञानत्वस्यार्थग्रहणात्मक(त्मकत्व)स्य चेश्वरज्ञाने विशिष्टे दृष्टस्य धर्म्मस्यास्मदादिज्ञाने स्वसंविदितत्व-स्येव प्रतिषेधप्रसङ्गात् । स्यादेतत्, ज्ञानत्वस्यार्थग्रहणात्मकत्वस्य चाभावे तत् ज्ञानमेव न स्यात् तस्मान्नास्मदा-दिज्ञाने तत्प्रतिषेध इति। तदेतदन्यत्रापि समानम्, नहि स्वसंविदितत्वमपि विना ज्ञानस्य ज्ञानरूपता घटते, प्रदी-पस्येव स्वप्रकाशकत्वमन्तरेण प्रदीपरूपता, ज्ञानस्य प्रदीपस्येव तत्स्वभावात्मकत्वात्। यदप्युक्तम्-अस्मदादिज्ञानस्य स्वसंविदितत्वाभ्युपगमे ईश्वरज्ञानवत् अशेषार्थग्राहित्वप्रसङ्ग इति, तदप्यसमीचीनम्, योग्यतया अवभासकत्वात्, प्रदीपवत्। नहि प्रदीपस्यादित्यवत् स्वपरप्रकाशकत्वाभ्युपगमेऽपि तद्वन्निखिलेष्वर्थेषु प्रकाशकत्वप्रसङ्गः, तथा अत्रा-पि । योग्यता च ज्ञानानां स्वावरणक्षयोपशमतारतम्यलक्षणा प्रतिपत्तव्या, तदभावे विषयग्रहणतारतम्याभावात्, निःशेषस्वावरणक्षयोत्थकेवलज्ञानवत्। तस्मादीश्वरज्ञानेन हेतोरनैकान्तिकत्वात् न पूर्वोक्तं साधनं साध्यं साधयितुं साधीय इति स्थितम् । अन्यच्च-ज्ञानं ज्ञानान्तरवेद्यं किं सहभूतज्ञानसंवेद्यम् उत उत्तरकालभाविज्ञानसंवेद्यम्?।

---

*નૈયાયિક* :- તમે અમારી વાત સમજતા નથી. અમે આપણાવગેરેના જ્ઞાનની અપેક્ષાએ જ જ્ઞાનને જ્ઞાનાન્તરવેદ્ય (=બીજા જ્ઞાનથી વેદ્ય) કહીએ છીએ. નહિ કે, ઈશ્વરના જ્ઞાનની અપેક્ષાએ. કેમકે ઈશ્વરનું જ્ઞાન તો આપણી અપેક્ષાએ વિશિષ્ટ છે. ઈશ્વરના આ વિશિષ્ટજ્ઞાનમાં રહેલો 'સ્વસંવેદ્યત્વ'ધર્મ આપણા અવિશિષ્ટજ્ઞાનમાં પણ કલ્પવો ઉચિત નથી. કેમકે તો, તો સ્વસંવેદ્યત્વધર્મની જેમ ઈશ્વરજ્ઞાનમાં રહેલા અશેષઅર્થગ્રાહિતાધર્મ પણ આપણા જ્ઞાનમાં માનવો પડશે. અને તો, ઈશ્વરની જેમ આપણે પણ સર્વજ્ઞ થવાનો પ્રસંગ આવે. અને ઈશ્વરના જ્ઞાનમાં આપણી અપેક્ષાએ રહેલું વૈશિષ્ટ્ય વિલય પામે. તેથી વિશિષ્ટમાં રહેલા ધર્મની અવિશિષ્ટમાં પણ કલ્પના કરવામાં ડહાપણ નથી. માટે ઈશ્વરના જ્ઞાનની જેમ આપણા જ્ઞાનને સ્વસંવેદ્ય માનવાની ભૂલ કરવા જેવી નથી.

*ઉત્તરપક્ષ* :- બુદ્ધિના અભાવમાં જ તમારી વાત રમણીય લાગે તેવી છે. જો વિશિષ્ટમાં રહેલા બધા જ ધર્મો અવિશિષ્ટમાં અસ્વીકાર્ય હોય, તો ઈશ્વરના જ્ઞાનમાં રહેલા સ્વસંવેદ્યત્વ ધર્મની જેમ 'અર્થગ્રાહકત્વ'ધર્મનો પણ આપણા જ્ઞાનમાં પ્રતિષેધ કરવાનો પ્રસંગ છે. તેથી 'ઈશ્વરનું વિશિષ્ટજ્ઞાન અર્થગ્રાહક છે, તેથી આપણું અવિશિષ્ટ જ્ઞાન અર્થગ્રાહક નથી' એમ સ્વીકારવું પડશે.

*નૈયાયિક* :- તમે કેવી વાત કરો છો ? જ્ઞાન જો અર્થગ્રાહક ન હોય, તો પછી તેને જ્ઞાન જ શી રીતે કહેવાય ? અર્થાત્ જ્ઞાનનું સ્વરૂપ જ અર્થગ્રાહકતા છે. આ સ્વરૂપના અભાવમાં નિઃસ્વરૂપ જ્ઞાન ખપુષ્પની જેમ અસત્ જ થઈ જાય. તેથી આપણા જ્ઞાનમાં અર્થગ્રાહકતાનો પ્રતિષેધ કરી શકાય નહિ. અર્થાત્ આપણું જ્ઞાન અર્થગ્રાહક જ છે.

*ઉત્તરપક્ષ* :- તદ્દન બરાબર છે. બસ, આ જ પ્રમાણે 'સ્વસંવેદ્યત્વ' જ્ઞાનનું સ્વરૂપ છે. જો જ્ઞાન આ સ્વરૂપ વિનાનું થઈ જાય, તો જ્ઞાનરૂપ ન રહેતા અસત્ જ બની જાય. જેમ પ્રદીપનો સ્વપ્રકાશતા સ્વભાવ છે તેમ જ્ઞાનનો સ્વસંવેદ્યત્વ સ્વભાવ છે. તેથી જેમ પ્રદીપ પોતાના સ્વપ્રકાશતા સ્વભાવ વિના પ્રદીપરૂપે રહી શકતો નથી, તેમ જ્ઞાન પોતાના સ્વસંવેદ્યત્વસ્વભાવ વિના જ્ઞાનરૂપે ઘટી શકતું નથી.

*નૈયાયિક* :- અમે આગળ જ કહી ગયા, કે જો આપણા જ્ઞાનને ઈશ્વરના જ્ઞાનની જેમ સ્વસંવેદ્ય માનશો, તો ઈશ્વરના જ જ્ઞાનની જેમ અશેષઅર્થગ્રાહક પણ માનવું પડશે.

*ઉત્તરપક્ષ* :- 'તમે કહી ગયા' તે યથાર્થ છે. પણ જે કહ્યું તે યથાર્થ નથી. એવું નથી કે એક ધર્મનું સાધર્મ્ય હોય, તેટલામાત્રથી સર્વથા સાધર્મ્ય હોય. પ્રદીપને સૂર્યની જેમ સ્વપ્રકાશકતરીકે સ્વીકારવા છતાં કંઈ સૂર્યની જેમ સર્વ પદાર્થપ્રકાશકતરીકે સ્વીકારવાની આપત્તિ આવતી નથી. તેમ આપણા જ્ઞાનને ઈશ્વરના જ્ઞાનની જેમ સ્વસંવેદ્યતરીકે માન્ય કરવાથી કંઈ તે જ્ઞાનની જેમ સર્વઅર્થગ્રાહકતરીકે માન્ય કરવાની આપત્તિ નથી. કેમકે આપણું જ્ઞાન પ્રદીપની જેમ યોગ્યતા(=સામર્થ્ય)ને અનુરૂપ જ અવભાસક બને છે. (જો સ્વસંવેદ્યત્વધર્મનું 'અશેષઅર્થગ્રાહિતા' ધર્મસાથે સજ્જડ સાહચર્ય સિદ્ધ હોત, તો નૈયાયિકે આપેલી આપત્તિ વ્યાજબી ઠરત. પણ તેવું સાહચર્ય અસિદ્ધ છે. બલ્કે પ્રદીપ-સૂર્યના દૃષ્ટાંતથી તો વિપરીતતા જ સિદ્ધ થાય છે.)

*શંકા* :- જ્ઞાનની આ યોગ્યતા શું છે ?

तत्राद्यः पक्षोऽनुपपन्नः, युगपज्ज्ञानानामसंभवात् *"युगपद्धि ज्ञानानुत्पत्तिर्मनसो लिङ्गमिति"* वचनात्, द्वितीयोऽपि पक्षोऽनुपपन्नः, प्रागर्थज्ञानं पश्चात् ज्ञानज्ञानमिति सान्तरप्रतीतेरभावात्। किंच ज्ञानज्ञानकाले तत्प्राक्तनमर्थज्ञान-मनुवर्त्तते न वा?, यद्यनुवर्त्तते ततः स एव ज्ञानयौगपद्यप्रसङ्गः अक्षणिकत्वानुषङ्गश्च, अथ नानुवर्त्तते, तर्हि कस्यैतत् ग्राहकं, ग्राह्यस्य प्रागेव विलीनत्वादिति कृतं प्रसङ्गेन ॥४५॥

तदेवमवग्रहादिज्ञानानां तद्विषयस्मृत्यन्यथानुपपत्त्या स्वसंवेदनप्रसिद्धित्वमभिधाय साम्प्रतं प्रस्तुतमभिसंधातुमाह-

धम्मा अवग्गहादी धम्मी एतेसि जो स जीवो तु ।
तप्पच्चक्खत्तणतो पच्चक्खो चेव तो अत्थि ॥ ४६ ॥

( धर्मा अवग्रहादयो धर्मी एतेषां यः स जीवस्तु । तत्प्रत्यक्षत्वतः प्रत्यक्ष एव तस्मादस्ति ॥ )

न केवलमेते अवग्रहादयः स्वसंवेदनप्रसिद्धाः किं तु धर्म्माश्च, सदा परतंत्रतयोपलभ्यमानत्वात् । यश्चैतेषामवग्रहादिधर्म्माणां धर्मी स एव जीवः। अन्यस्य वक्ष्यमाणयुक्त्या तद्धर्म्मित्वायोगात्। तुरेवकारार्थः । *'तो'* तस्मादेतेषामवग्रहादिधर्म्माणां प्रत्यक्षत्वतोऽसौ जीवः *'प्रत्यक्ष एव'* प्रत्यक्षप्रमाणेनोपलभ्यमानस्वभाव एव। नहि घटादीनामपि तद्गतरूपादिधर्मप्रत्यक्षीकारात् अन्यत् प्रत्यक्षेण उपलम्भनमस्ति, ततो घटादिवत् तद्गतधर्म्म-प्रत्यक्षीकारादसावपि जीवः प्रत्यक्ष एव । अपिच--लिङ्गलिङ्गिसंबन्धस्मरणादिनिरपेक्षमहमितिज्ञानं नीलादिज्ञानवत् प्रतिप्रमातृ संवेद्यमानत्वादप्रत्याख्येयम्, स्वसंविदितरूपत्वात् स्पष्टप्रतिभासत्वाच्च, तदन्यप्रत्यक्षतुल्यमात्मग्राहकमुदयते, तत्कथमुच्यते प्रत्यक्षमात्मा नोपलभ्यत इति?, अत्र व्याडिराह-*"असति प्रत्यक्षाभिमान इति"* असति--अविद्यमाने

---

*સમાધાન :-* જ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમની તરતમતારૂપ છે. ક્ષયોપશમની આ તરતમતાથી જ વિષયગ્રહણ અંગેની તરતમતા દેખાય છે. એકસરખા વચનના શ્રવણાદિથી ભિન્ન ભિન્ન શ્રોતાવગેરેને ઓછાવત્તા પ્રમાણમાં અને ભિન્ન-ભિન્નરૂપે બોધ થતો દેખાય છે. આ બોધ અન્યથાઅનુપપન્ન થવાદ્વારા તેઓમાં જ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમમાં ભેદનું સૂચન કરે છે. જો ક્ષયોપશમમાં તરતમભાવ ન હોય, તો વિષયગ્રહણની બાબતમાં પણ તરતમભાવ ન દેખાય, જેમકે કેવળજ્ઞાનાવરણના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થતું કેવળજ્ઞાન. બધા જ કેવળજ્ઞાનીઓના જ્ઞાનાવરણકર્મો સર્વથા ક્ષીણ થયા છે. તેથી તેઓમાં ક્ષયોપશમની તરતમતાનો અવકાશ રહ્યો નથી. તેથી તેઓના અર્થગ્રહણમાં તરતમભાવ આવતો નથી. આમ જ્ઞાનમાત્ર જ્ઞાનરૂપે અને સ્વસંવેદ્યરૂપે સમાન છે. અને અર્થગ્રહણની બાબતમાં યોગ્યતાની અપેક્ષા રાખે છે. તેથી નૈયાયિકને સંમત ઈશ્વરના દૃષ્ટાંતથી તેઓના અનુમાનનો હેતુ અનૈકાંતિક ઠરે છે. (તેમના મતે ઈશ્વરનું જ્ઞાન અપ્રમેય છે. તેથી તેમાં જ્ઞાનત્વ હોવા છતાં પ્રમેયત્વ નથી. આમ હેતુ અસિદ્ધિદોષગ્રસ્ત છે. વળી તેઓને ઈશ્વરનું જ્ઞાન સ્વસંવેદ્ય તરીકે સિદ્ધ છે. તેથી જ્ઞાનને જ્ઞાનાન્તરવેદ્ય તરીકે સિદ્ધ કરવામાં ઈશ્વરના જ્ઞાનના દૃષ્ટાંતથી બાધદોષ પણ છે. વળી ઘટ પોતે અર્થગ્રાહક=સંવેદક નથી. જ્યારે જ્ઞાન અર્થગ્રાહક છે. તેથી દૃષ્ટાંત-દાર્ષ્ટાન્તિક વચ્ચે વૈષમ્યદોષ પણ છે. પ્રમેયત્વ ધર્મના સાધર્મ્યથી અન્યધર્મની સમાનતાનું આપાદાન કરવામાં તો, જગતની તમામ વસ્તુઓમાં પરસ્પરના ધર્મોનું આપાદાન થઇ શકે. ઇત્યાદિ) આમ નૈયાયિકોના અનુમાનનો હેતુ ઘણા દોષોથી જર્જરિત થઇ ગયો હોવાથી પોતાના સાધ્યને સાધવા સમર્થ નથી. વળી આ જ્ઞાન જ્ઞાનાન્તરવેદ્ય છે, તે સાથે ઉત્પન્ન થયેલા જ્ઞાનાન્તરથી વેદ્ય છે કે ઉત્તરકાળે થનારા જ્ઞાનાન્તરથી વેદ્ય છે ? પ્રથમ પક્ષ તો અસંગત જ છે. કેમકે *'એકસાથે અનેક જ્ઞાનની ઉત્પત્તિનો અભાવ જ મનની સિદ્ધિનું લિંગ છે.'* એવા વચનના બળપર તમે એકસાથે અનેક જ્ઞાન સ્વીકારતા નથી. તેથી એકજ્ઞાનવખતે સહભાવી બીજું જ્ઞાન થતું જ નથી, કે જેથી બીજું જ્ઞાન પ્રથમ જ્ઞાનનું વેદન કરે. બીજો પક્ષ પણ અસ્વીકાર્ય છે. કેમકે 'પ્રથમ અર્થનું જ્ઞાન અને પછી એ જ્ઞાનનું જ્ઞાન' એવી સાન્તર (=ભેદવાળી) પ્રતીતિ થતી નથી. વળી, આ જ્ઞાનના જ્ઞાનકાળે પૂર્વકાળભાવી અર્થજ્ઞાન અનુવર્તે છે (=હાજર રહે છે) કે પછી નાશ પામે છે ? જો અનુવર્તતું હોય, તો એકકાળે બે જ્ઞાન (અર્થજ્ઞાન અને જ્ઞાનનું જ્ઞાન) માનવાનો અનિષ્ટ પ્રસંગ આવશે. અને જ્ઞાનની તમે સ્વીકારેલી ક્ષણિકતાનો લોપ થઇ જશે. (કેમકે 'ઉત્તરકાળભાવી જ્ઞાનથી પૂર્વકાલીનજ્ઞાન નાશ પામતું હોવાથી જ્ઞાન ક્ષણિક છે.' તેવો અભ્યુપગમ છે. હવે જો ઉત્તરકાલીનજ્ઞાનથી પૂર્વકાલીન અર્થજ્ઞાન વિલય પામતું ન હોય, તો પૂર્વકાલીન જ્ઞાનનું કોઇ નાશક ન રહ્યું. તેથી તે જ્ઞાન અક્ષણિક થઇ જશે. અને જ્ઞાનની ક્ષણિકતાનો સિદ્ધાંત પણ પાયાવિનાનો પુરવાર થશે.) હવે, જો અર્થજ્ઞાન જ્ઞાનના જ્ઞાનકાળે અનુવર્તતું ન હોય, તો ઉત્તરકાલીનજ્ઞાન શાનું ગ્રાહક બને ? કેમકે પોતાનું અર્થજ્ઞાનરૂપ ગ્રાહ્ય તો વિલીન થયું છે. (જ્ઞાનજ્ઞાનનાં ગ્રાહ્યતરીકે અર્થજ્ઞાન સંમત છે. પણ જે કાળે જ્ઞાનનું જ્ઞાન થાય છે તે કાળે અર્થજ્ઞાન તો રહેતું નથી. તેથી જ્ઞાનનાં જ્ઞાનનો વિષય જ નષ્ટ થવાથી તે જ્ઞાન પણ સંભવે નહિ.) આમ નૈયાયિકમાન્ય જ્ઞાનનો જ્ઞાનાન્તરવેદ્યત્વમત પણ પોકળ ઠરે છે. તેથી અવગ્રહવગેરે જ્ઞાનો નિષ્પ્રતિપક્ષપણે સ્વસંવિદિતતરીકે સિદ્ધ થાય છે. અસ્તુ પ્રસંગથી સર્યું... ॥૪૫॥

*(પ્રત્યક્ષથી આત્માની સિદ્ધિ)*

આ પ્રમાણે અવગ્રહાદિવિષયક સ્મૃતિની અન્યથાઅનુપપત્તિ દર્શાવવાદ્વારા અવગ્રહાદિજ્ઞાનોને સ્વસંવિદિતરૂપે સિદ્ધ કર્યા. હવે તે વાતનું પ્રસ્તુત મુદ્દા સાથે અભિસંધાન કરતા કહે છે.

*ગાથાર્થ :-* અવગ્રહવગેરે ધર્મો છે. અને તેઓનો જે ધર્મી છે તે જીવ છે. તેથી અવગ્રહવગેરેના પ્રત્યક્ષથી જીવ પ્રત્યક્ષ જ છે.

प्रत्यक्षगोचरतामतिक्रान्ते आत्मशब्दाभिधेये प्रत्यक्षग्रहणाभिमान एष आत्मवादिनां, यथा निमीलिताक्षस्यान्धकार-ग्रहणाभिमानः, यस्मात्तत् ज्ञानमेव तथोत्पद्यते भूतचतुष्टयावलम्बनं नात्मालम्बनमिति । *"रूपादिवत्स्वभावान-वधारणादितीन्द्रदत्तः"* यथा रूपादिषु तन्निर्भासं ज्ञानमुदयमानं स्वभावमवगमयति, नैवमहमितिज्ञानमात्मस्वरूपम-साधारणमवगमयति, न च प्रत्यक्षग्राह्ये वस्तुनि विप्रतिपत्तिरुपलभ्यते, तस्मादप्रत्यक्ष एवात्मेति **व्याडीन्द्रदत्तौ।** **अत्रोच्यते**–सम्यग्न्यायानभिज्ञताख्यापनमेतदनयोरिति **पुरुषचन्द्रः।** नहि तस्य सम्यग्न्यायाभिज्ञः कण्ठगतप्राणोऽप्येवम-समञ्जसत्वेन विद्वज्जनोपहास्यमभिधत्ते इति **पात्रस्वामी** । असमञ्जसता चाहमितिप्रत्यक्षस्यानात्मग्राहित्वानुपपत्तेः, अन्तर्मुखावभासित्वात्। यत् पुनर्भूतचतुष्टयालम्बनं तद्बहिर्मुखावभास्येव, तथाप्रतीयमानत्वात्। यदप्युच्यते *"यथा निमीलिताक्षस्यान्धकारग्रहणाभिमान इति"* तदपि न नो बाधकम्, प्रागगृहीतान्धकारस्यैव निमीलिताक्षस्य प्राग्गृही-तस्यान्धकारस्योपस्थापनेनान्धकारग्रहणोपपत्तेः, जात्यन्धस्य तद्ग्रहणाभिमानाभावात्, न चैवं प्राग्गृहीतस्यात्मन उपस्थापनेनाहंप्रत्ययादात्मग्रहणाभिमानः, तथाऽनभ्युपगमात्, अभ्युपगमश्चेदात्मसिद्धिप्रसङ्गः, एवं च *"तत् ज्ञानमेव*

---

આ અવગ્રહવગેરે સ્વસંવેદનથી સિદ્ધ છે એટલું જ નહિ પણ તેઓ ધર્મરૂપે પણ સિદ્ધ છે. કેમકે તેઓ ક્યારેય સ્વતંત્રપણે ઉપલબ્ધ થતા નથી, પરંતુ પરતંત્રપણે જ–કોઇક આશ્રયના આશ્રિતતરીકે જ ઉપલબ્ધ થાય છે. આ અવગ્રહાદિ ધર્મોના ધર્મી=આશ્રયતરીકે જીવ સિદ્ધ થાય છે. કેમકે આગળ બતાવશું તેમ જીવથી ભિન્ન જડ શરીરવગેરે તેના ધર્મીતરીકે સંભવતા નથી. (મૂળમાં 'તુ'પદ 'જ'કારઅર્થક છે.) આમ અવગ્રહવગેરે ધર્મો પ્રત્યક્ષ હોવાથી જીવ પણ પ્રત્યક્ષપ્રમાણથી ઉપલબ્ધ થવાના સ્વભાવવાળો છે.

*શંકા* :– ધર્મો પ્રત્યક્ષ થવાથી ધર્મીને શી રીતે પ્રત્યક્ષ કહી શકાય ?

*સમાધાન* :– સર્વત્ર ધર્મોના પ્રત્યક્ષથી જ ધર્મી પ્રત્યક્ષ થાય છે. ઘડાવગેરે વસ્તુઓ પણ પોતાના રૂપવગેરે ધર્મોના પ્રત્યક્ષથી જ પ્રત્યક્ષ છે. બીજી કોઇ રીતે નહિ. આ ઘડાવગેરેની જેમ જીવ પણ પોતાના ધર્મોના પ્રત્યક્ષથી જ પ્રત્યક્ષ છે. વળી, જેમ દરેક પ્રમાતાને 'નીલ' વગેરેનું જ્ઞાન થાય છે, તેમ લિંગલિંગીના સ્મરણવગેરેની અપેક્ષા વિના જ 'હું' એવું સંવેદન પણ થાય છે. બધાને સ્વસંવેદનથી સિદ્ધ આ વસ્તુનો નિષેધ થઇ શકે તેમ નથી. કેમકે આ જ્ઞાન સ્વસંવિદિત છે અને સ્પષ્ટપ્રતિભાસવાળું છે. આમ અન્યવસ્તુગ્રાહક જ્ઞાનની જેમ આત્મગ્રાહકજ્ઞાન પણ ઉદય પામે છે. તેથી 'આત્મા પ્રત્યક્ષથી ઉપલબ્ધ થતો નથી' તેવું કથન વ્યાજબી નથી.

## *(વ્યાડિઆદિ મત નિરાસ)*

*અહીં* **વ્યાડિ** *કહે છે 'અવિદ્યમાનમાં પ્રત્યક્ષનું અભિમાન છે.'* અવિદ્યમાન=પ્રત્યક્ષના વિષયને ઓળંગી ગયેલા=પ્રત્યક્ષના વિષયને અયોગ્ય તથા 'આત્મા'શબ્દથી અભિધેય એવી વસ્તુમાં 'પ્રત્યક્ષ' એવો બોધ આત્મવાદીઓનું અભિમાન(=મિથ્યા ભ્રમ)માત્ર છે. જેમ બંધ કરેલી આંખવાળી વ્યક્તિને અંધકારનું જે પ્રત્યક્ષજ્ઞાન થતું દેખાય છે, તે વાસ્તવમાં તેની ભ્રાન્તિ (=અભિમાન) રૂપ જ છે. તેમ આત્માનું પ્રત્યક્ષ પણ ભ્રાન્તિરૂપ છે. કેમકે આ જ્ઞાન વાસ્તવમાં ચારભૂતોને અવલંબીને જ ઉત્પન્ન થાય છે.

**ઈન્દ્રદત્ત** આ પ્રમાણે કહે છે – *"રૂપની જેમ સ્વભાવનું અવધારણ થતું ન હોવાથી" અર્થ* :– જેમ રૂપવગેરેમાં રૂપવગેરેનું ઉદય પામતું અવભાસકજ્ઞાન સ્વભાવનો નિર્ણય કરાવે છે. તે પ્રમાણે 'હું' એવું જ્ઞાન આત્માના અસાધારણ સ્વરૂપનો નિશ્ચય કરાવતું નથી. વળી પ્રત્યક્ષથી ગ્રાહ્ય વસ્તુમાં વિરોધ–વિવાદ સંભવતો નથી. (જ્યારે આત્માની બાબતમાં તો અનેક વિરુદ્ધ વાતો દેખાય છે.) તેથી આત્મા પ્રત્યક્ષ સંભવતો નથી.' આ પ્રમાણે વચનો ક્રમશઃ વ્યાડી અને ઇન્દ્રદત્તના મતના છે.

અહીં ઉત્તર આપતા પુરુષચન્દ્ર કહે છે. – *'આ બન્નેની વાત પોતે ન્યાયના સમ્યગ્જ્ઞાતા નથી એવું જ સૂચન કરે છે.'* **પાત્રસ્વામી** કહે છે – *'ન્યાયનો કુશળ જ્ઞાતા મરવા પડે, તો પણ, આત્માની બાબતમાં આ પ્રમાણે અસમંજસ અને વિદ્વાનપુરુષને ઉપહાસપાત્ર વચન બોલે નહિ.'* આ અસમંજસતા આ પ્રમાણે છે. 'અહં'પ્રત્યય પ્રત્યક્ષ છે. આ પ્રત્યક્ષપ્રત્યય 'આત્મગ્રાહી નથી' એવું કથન યુક્તિસિદ્ધ નથી. કેમકે આ પ્રત્યય અન્તર્મુખઅવભાસી હોવાથી આત્મગ્રાહીતરીકે જ ઉપપન્ન બને છે. જે પ્રત્યયો ચારભૂતને અવલંબીને થતા હોય છે. તે પ્રત્યયો બહિર્મુખ અવભાસી જ હોય છે. કેમકે તેવી જ પ્રતીતિ થતી દેખાય છે. આમ 'અહં' પ્રત્યય બહિર્મુખઅવભાસી ન હોવાથી ચાર ભૂતને અવલંબીને નથી તેમ સિદ્ધ થાય છે. તેથી જ તે પ્રત્યય ચાર ભૂતથી ભિન્ન એવા આત્માને અવલંબીને થાય છે. તેમ સિદ્ધ થાય છે. વળી *વ્યાડિએ 'જેમ આંખ બંધ કરનારને અંધકારના ગ્રહણનું અભિમાન(=ભ્રમ) થાય છે.'* ઇત્યાદિ જે કહ્યું, તે પણ અમને (=આત્મવાદીઓને) બાધક નથી, કેમકે જે વ્યક્તિએ પૂર્વે અંધકારનું પ્રત્યક્ષજ્ઞાન કર્યું છે, તે જ વ્યક્તિને આંખ બંધ કર્યા પછી પૂર્વજ્ઞાત અંધકારની ભ્રમ કરાવનારી ઉપસ્થિત સમાનતાથી અંધકારનો બોધ થાય છે. જે જન્માન્ધ વ્યક્તિએ ક્યારેય અંધકારનું પ્રત્યક્ષ કર્યું નથી, તેને કંઇ અંધકારનો ભ્રમ થતો નથી. આમ ભ્રમ પણ પૂર્વાનુભૂત સત્ વસ્તુઅંગે જ થાય, તેથી આત્માઅંગે પણ જો પ્રત્યક્ષાદિના ભ્રમને સ્વીકારશો, તો આત્માને પૂર્વાનુભૂત તરીકે અને સત્તરીકે ન છૂટકે પણ સ્વીકારવો પડશે. તેથી [illegible] વાત સિદ્ધ કરવા દ્વારા તમારા માથે પડે

*तथोत्पद्यते भूतचतुष्टयालम्बनं, नात्मालम्बनमिति"* यदुक्तं तदप्यसमीचीनम् । **अहमितिज्ञानस्य भूतचतुष्टयालम्बनत्वानुपपत्तेः, अरूपादिप्रतिभासात्मकत्वात्, अन्तर्मुखावभासितया प्रवृत्तेश्च। न चास्येत्थं प्रतिभासमानस्यापि अहंप्रत्ययस्य विषयान्तरकल्पना न्याय्या, अतिप्रसङ्गात् । अबादिप्रतिभासिनोऽपि ज्ञानस्य पृथिवीविषयत्वकल्पनया तदभावप्रसक्तेः। एतेन *"रूपादिवत्स्वभावानवधारणादिति"* यदुक्तं, तदपि प्रत्युक्तमवगन्तव्यम्, यतो यथा रूपादिषु तन्निर्भासं ज्ञानमुत्पद्यमानं रूपादीनां स्वभावमवगमयति, तथा अहमितिप्रत्ययोऽप्यात्मस्वरूपमवगमयत्येव, शरीरगुणग्रहणवैमुख्येनान्तर्मुखावभासित्वात् । यद्येवं तर्हि विषयस्यात्मस्वरूपलक्षणस्य सदा सन्निधानात् आत्मनश्च सदा ग्रहणस्वभावत्वात् सदैवाहंप्रत्ययभावप्रसङ्गतो नित्यमात्मग्रहणप्रसङ्ग इति चेत्?, एतदपि यत्किंचिद्, आत्मनः सदा ग्रहणस्वभावत्वानभ्युपगमात् । तस्य हि सकर्मणः सततस्तत्कर्मक्षयोपशमसामर्थ्यत एव तत्र तत्र विषयग्राहकत्वेन प्रवृत्तिः, तत्तत्कर्मप्रतिबन्धादेव च तदैवापरस्मिन् विषये प्रवृत्त्यभाव इति न सदैवात्मग्रहणप्रसङ्गः । यदाह--** *"आत्मनाऽऽत्मग्रहेऽप्यत्र, तत्स्वभाव(स्य)योगतः । सदैवाग्रहणं चास्य, विज्ञेयं कर्मदोषतः ॥१॥"* **इति। यदप्युक्तम्, *"न प्रत्यक्षग्राह्ये वस्तुनि विप्रतिपत्तिरुपलभ्यत"* इति, तदप्ययुक्तम् भूतेष्वपि विप्रतिपत्तिदर्शनात्, तथाहि--**

---

છે. તેથી તમે *"પૂર્વજ્ઞાત આત્માની ઉપસ્થાપના દ્વારા 'અહં' પ્રત્યયથી આત્માના બોધનો ભ્રમ થાય છે"* તેમ કહી શકો તેમ નથી. કેમકે તમારો તેવો સિદ્ધાંત નથી. અને જો તમે આ સિદ્ધાંત સ્વીકારશો, તો આત્માની સિદ્ધિનો સ્વીકાર થઇ જશે. તથા *'ચારભૂતને અવલંબીને જ-નહિ કે આત્માને અવલંબીને તેવા પ્રકારે ('અહં'આકારે) તે જ્ઞાન ઉત્પન્ન થાય છે.'* એવું વચન પણ તુચ્છ છે. કારણ કે, (૧) 'અહં' એવાં જ્ઞાનના આલંબનતરીકે ચારભૂતો અસંગત છે. કારણ કે આ જ્ઞાન ચારભૂતના રૂપાદિગુણોના પ્રતિભાસકરૂપ નથી. અર્થાત્ આ જ્ઞાનમાં ચારભૂતના રૂપાદિ એકપણ ગુણ પ્રતિભાસતા નથી. (અને જે જ્ઞાનમાં જેના ગુણો ન પ્રતિભાસે, તે જ્ઞાન તે વસ્તુને અવલંબીને થતું નથી. દા.ત. પટજ્ઞાનમાં ઘટના કમ્બુગ્રીવાદિમત્ત્વવગેરે ગુણો પ્રતિભાસતા નથી. તો તે જ્ઞાન ઘટને અવલંબીને થતું નથી. 'અહં' જ્ઞાનમાં ભૂતના ગુણો પ્રતિભાસતા નથી, માટે 'અહં'જ્ઞાન ચારભૂતને અવલંબીને થતું નથી.) તથા (૨) 'અહં' જ્ઞાન અન્તર્મુખઅવભાસકતરીકે જ પ્રવૃત્ત થાય છે. અન્તર્મુખ અવભાસકજ્ઞાન ભૂતાવલંબી હોતુ નથી, કેમકે ભૂતને અવલંબી થતા જ્ઞાનો બહિર્મુખઅવભાસી જ હોય છે. તેથી-'અહં' જ્ઞાન ભૂતને અવલંબીને થતું નથી તેમજ સિદ્ધ થાય છે. આમ અંતર્મુખપ્રતિભાસી 'અહં'પ્રત્યયના વિષયતરીકે આત્મા સિદ્ધ થાય છે. છતાં જો તમે આત્માના અભાવના કદાગ્રહના કારણે આ સત્યને તરછોડી આ પ્રત્યયના વિષયતરીકે આત્મભિન્ન ભૂતાદિની કલ્પના કરશો, તો તે ન્યાયસંગત નહિ રહે. કેમકે અતિપ્રસંગદોષ ઉભો છે. કેમકે આ જ પ્રમાણે પાણીવગેરેના પ્રતિભાસક જ્ઞાનોના વિષયતરીકે પૃથ્વીને જ કલ્પી લઇ પાણીવગેરેનો પણ અભાવ માનવાનો પ્રસંગ આવે. આ અકાટ્ય તર્કથી જ ઇન્દ્રદત્તની *'રૂપવગેરેની જેમ સ્વભાવનું અવધારણ થતું ન હોવાથી'* ઇત્યાદિ ઇન્દ્રજાળ ભેદાય જાય છે. કેમકે જેમ રૂપાદિવિષયમાં ઉત્પન્ન થતું રૂપાદિનિર્ભાસકજ્ઞાન રૂપવગેરેના સ્વભાવનો નિર્ણય કરાવે છે, તેમ 'અહં' પ્રત્યય પણ આત્મસ્વરૂપનો અવગમ કરાવે જ છે. કેમકે આ જ્ઞાન શરીરસંબંધી ગુણોથી વિમુખ થવાદ્વારા અન્તર્મુખતયા જ પ્રતિભાસે છે. અને 'અન્તર્મુખતયા પ્રતિભાસ પામવો' એ જ આત્માનો સ્વભાવ છે. તેથી 'અહં' જ્ઞાન પણ આત્માના સ્વભાવનો નિર્ણય કરાવે છે.

*પૂર્વપક્ષ* :- જો આમ જ હોય, તો આત્માનો સર્વદા પ્રતિભાસ થવો જોઇએ, કેમકે (૧) આત્મસ્વરૂપરૂપ વિષય હંમેશા સમીપવર્તી છે, (૨) આત્માનો હંમેશા ગ્રહણસ્વભાવ છે. અર્થાત્ હંમેશા જ્ઞાત થવાનો સ્વભાવ છે. (અથવા આત્માનો હંમેશા ગ્રહણ=જ્ઞાન કરવાનો સ્વભાવ છે.) અને તેથી (૩) હંમેશા 'અહં' પ્રત્યય થવાનો પ્રસંગ છે.

*ઉત્તરપક્ષ* :- આ તર્કની ધાર બુઠ્ઠી છે. કેમકે 'આત્મા હંમેશા ગ્રહણસ્વભાવવાળો છે.' તેવું અમે માનતા જ નથી. 'કર્મ'થી જકડાયેલો આત્મા તે તે કર્મના ક્ષયોપશમના સામર્થ્યથી તે તે વિષયોના ગ્રાહકતરીકે તે તે વિષયોમાં પ્રવૃત્તિ કરે છે. અને તે જ વખતે તે તે કર્મોના પ્રતિબન્ધના કારણે જ અન્ય વિષયોમાં પ્રવૃત્તિ કરતો નથી. તેથી જ્યારે આત્મગ્રાહકજ્ઞાનઆવારક કર્મનાં ઉદયરૂપ પ્રતિબન્ધક હાજર હોય છે ત્યારે 'અહં'પ્રત્યય થતો નથી, અને આત્માનું ગ્રહણ થતું નથી. આમ હંમેશા આત્માના ગ્રહણ થવાની આપત્તિ રહેતી નથી. કહ્યું જ છે કે, *'આત્માવડે આત્માનું જ્ઞાન થતું હોવા છતાં અહીં તેના તેવા સ્વભાવના કારણે કર્મના દોષથી આત્માનું હંમેશા ગ્રહણ=જ્ઞાન થતું નથી તેમ સમજવું'* ॥૧॥

## *(પ્રત્યક્ષમાં પણ વિવાદ)*

*પૂર્વપક્ષ* :- અમે આગળ કહી ગયા કે 'પ્રત્યક્ષગ્રાહ્ય પદાર્થમાં વિપ્રતિપત્તિ=વિરોધી માન્યતાઓ સંભવતી નથી' અને આત્મા અંગે તો ઘણી વિપ્રતિપત્તિઓ દેખાય છે.

*ઉત્તરપક્ષ* :- તમે પૂર્વે આમ કહ્યું, તે બરાબર છે, પણ જે કહ્યું તે બરાબર નથી. કેમકે પ્રત્યક્ષથી ઉપલબ્ધ થતા ભૂતોમાં પણ વિપ્રતિપત્તિઓ દેખાય જ છે. જેમકે સાંખ્યદર્શનના મતે *'આ ભૂતો પ્રકૃતિના જ વિકાર છે.'* તો નૈયાયિકઆદિ અન્યમતે 'આ બધા અણુ, દ્વ્યણુક આદિ *ક્રમથી આરંભાયેલા કાર્યરૂપ દ્રવ્યો છે.'* તો વિજ્ઞાનવાદી બૌદ્ધના

*"प्रकृतिविकाररूपाण्येवेति"*, केचित्, *"अणुद्व्यणुकादिक्रमारब्धकार्यरूपाणी"* त्यपरे *"विज्ञानमात्र"मित्यन्ये"*। ननु चेयं न वास्तवी विप्रतिपत्तिः, प्रसिद्धव्यवहारनियमात्, **तथाहि** सर्वेऽपि सांख्यादयः शौचाद्यर्थं मृदाद्येव गृह्णन्ति, विज्ञानवादिभिरपि चैत्यकर्माद्यर्थं मृदाद्येव गृह्यत इति, अत्रोच्यते, यत्किंचिदेतत्, आत्मन्यपि समानत्वात्, **तथाहि**--सर्व एव वादिनो नास्तिका अपि यावत् देहस्य जडत्वात् तदतिरिक्तेनैव चैतन्यधर्म्मयुक्तेन दर्शन-स्मरणप्रत्यभिज्ञानालोचनादि कुर्वन्ति, तस्मादत्रापि प्रसिद्धव्यवहारनियमात् नेयं वास्तवी विप्रतिपत्तिः, ततोऽहंप्रत्यय-लक्षणप्रत्यक्षगम्यत्वादात्मा प्रत्यक्ष एवेति स्थितम्। ननु चाहं गुरुरहं गौरोऽहं कृश इत्यादयोऽप्यहमितिप्रत्यया अनुभूयन्ते, न चैतेषामात्मालम्बनत्वमात्मनो गौरत्वाद्यभावात्, तत्कथमहंप्रत्ययस्य यथार्थता व्यभिचारित्वादिति **चेत्**, न, एवं सति इन्द्रियजप्रत्यक्षस्याप्ययथार्थताप्रसक्तेः, तस्यापि द्विचन्द्रादिविषये भ्रान्तत्वेनोपलब्धत्वात्, अथ तत्प्रत्यक्षाभासं न प्रत्यक्षमिति न तेन व्यभिचारः, यद्येवं तर्हि अत्रापि अहं गुरुरित्यादिकोऽहंप्रत्ययोऽ-हंप्रत्ययाभासो, न सम्यगहंप्रत्ययः, गुरु मे शरीरमित्यादिभेदप्रत्ययदर्शनादिति समानमेतदिति स्थितम् ॥४६॥ यदुक्तं-*"अवग्रहादिधर्म्माणां धर्म्मी जीव एव, स च तत्प्रत्यक्षत्वतः प्रत्यक्ष एवेति"* तत्र पर आह--

भूतेहिं चेतन्नं कायागारादिपरिणतेहिंतो ।
तब्भावे भावातो मज्जंगेहिं व मदसत्ती ॥ ४७ ॥

(भूतेभ्यश्चैतन्यं कायाकारादिपरिणतेभ्यः । तद्भावे भावाद् मद्याङ्गेभ्य इव मदशक्तिः ॥ )

---

મતે *'પ્રત્યક્ષથી ઉપલબ્ધ થતી બધી જ વસ્તુઓ માત્ર વિજ્ઞાનરૂપ જ છે.'* તેથી 'પ્રત્યક્ષથી ઉપલબ્ધ થતા પદાર્થોમાં વિપ્રતિપત્તિ ન જ હોય' તેવો નિયમ રહેતો નથી. તેથી તે નિયમના બળપર આત્માને અપ્રત્યક્ષ ઠેરવવાની ચેષ્ટા પણ વ્યાજબી નથી.

*પૂર્વપક્ષ* :- ભૂતોઅંગેની આ વિપ્રતિપત્તિઓ માત્ર શાબ્દિક છે, વાસ્તવિક નથી. કેમકે પ્રસિદ્ધ વ્યવહારનો નિયમ છે. તે આ પ્રમાણે :- સાંખ્યવગેરે બધા જ શૌચવગેરેઅંગે માટીઆદિને ગ્રહણ કરે છે. અને વિજ્ઞાનવાદી બૌદ્ધ પણ મંદિરના નિર્માણઆદિઅંગે માટીવગેરે જ ગ્રહણ કરે છે. આમ બધા પ્રસિદ્ધવ્યવહારથી જ પ્રવૃત્તિ કરે છે. અને પ્રસિદ્ધ વ્યવહાર બધાનો સમાન દેખાય છે. તથા વ્યવહાર જ વસ્તુના યથાર્થરૂપને પ્રગટ કરે છે. તેથી પ્રસિદ્ધવ્યવહાર નિયમ પ્રત્યક્ષસિદ્ધ ભૂતોમાં ઉદ્ભવતી શાબ્દિક વિપ્રતિપત્તિઓને અકિંચિત્કર બનાવે છે.

*ઉત્તરપક્ષ* :- આ તર્ક પણ તુચ્છ છે. કેમકે આત્માઅંગે પણ સમાનરૂપે લાગુ પડે છે. નાસ્તિકો ભલે ભૂતોથી ભિન્ન આત્મતત્ત્વને માનતા ન હોય, અને બધા વાદીઓમાં ભલે આત્માઅંગે શાબ્દિક વિપ્રતિપત્તિઓ દેખાય, તો પણ નાસ્તિકસહિતના તે બધા જ જડ દેહથી ભિન્ન અને ચૈતન્યધર્મયુક્ત અન્ય(=આત્મા)થી જ દર્શન, સ્મરણ, પ્રત્યભિજ્ઞા, વિચારણાવગેરે કરે છે, નહિ કે દેહથી. કેમકે દેહ તો જડ છે. આમ અહીં પણ પ્રસિદ્ધવ્યવહારનિયમથી જ વિપ્રતિપત્તિઓ અવાસ્તવિક ઠરે છે. આમ વ્યાડિવગેરેની દલીલો ઊડી જાય છે. તેથી 'અહં'પ્રત્યયરૂપ પ્રત્યક્ષજ્ઞાનથી આત્માની ઉપલબ્ધિ થાય છે. અને 'આત્મા પ્રત્યક્ષસિદ્ધ છે.' તેમ નિષ્કંટક સિદ્ધ થાય છે.

*પૂર્વપક્ષ* :- એમ તો 'હું ભારે છું' 'હું ગોરો છું' 'હું કૃશ છું' વગેરે પણ 'અહં'પ્રત્યયો થાય છે. સ્પષ્ટ છે કે આ પ્રત્યયો દેહને અવલંબીને જ છે. અને તમને ઈષ્ટ આત્મા તો 'ગોરાપણુંવગેરે ગુણવાળો નથી. તેથી આ પ્રત્યયો આત્માને અવલંબીને નથી, તેમ જ સર્વમાન્ય છે. આમ આ પ્રત્યયો દેહને અવલંબીને પણ થતા હોવાથી, એકાંતે આત્માને જ અવલંબીને થાય, તેવો નિયમ રહ્યો નહિ. તેથી આ 'અહં'પ્રત્યયો આત્માની પ્રત્યક્ષસિદ્ધિમાં યથાર્થ સાધન બની શકે તેમ નથી.

*ઉત્તરપક્ષ* :- આ પ્રમાણે જો કહેશો, તો તમારે ઈન્દ્રિયથી થતા પ્રત્યક્ષને પણ અયથાર્થ કહેવાનો પ્રસંગ આવશે. કેમકે તે પ્રત્યક્ષથી ઘણીવાર બે ચન્દ્રનું પ્રત્યક્ષજ્ઞાન થાય છે જે માત્ર ભ્રાન્તિરૂપ છે. આમ ઈન્દ્રિયજ પ્રત્યક્ષ પણ ઘણીવાર ભ્રાન્તરૂપે ઉપલબ્ધ થાય છે. તેથી જો 'અહં'પ્રત્યય દેહઅંગે પણ થતો હોવાથી આત્માઅંગે પણ તે પ્રત્યયને અયથાર્થ કહેશો, તો બે ચન્દ્રવગેરેઅંગે ઈન્દ્રિયપ્રત્યક્ષ ભ્રાન્ત હોવાથી સર્વત્ર ઈન્દ્રિયપ્રત્યક્ષને પણ ભ્રાન્ત કહેવું પડશે.

*પૂર્વપક્ષ* :- બે ચન્દ્રવગેરેનું જે ઈન્દ્રિયપ્રત્યક્ષ થાય છે. તે પ્રત્યક્ષ પ્રત્યક્ષપ્રમાણરૂપ નથી, પણ પ્રત્યક્ષાભાસ રૂપ છે. તેથી તેના આધારે પ્રમાણભૂત ઈન્દ્રિયપ્રત્યક્ષમાં વ્યભિચારનું અને અયથાર્થતાનુ આપાદાન કરવું યોગ્ય નથી.

*ઉત્તરપક્ષ* :- બસ, એજ અમારે કહેવું છે. શરીરને આશ્રયીને થતો 'હું ગોરો છું' ઈત્યાદિ 'અહં'પ્રત્યય પ્રત્યયાભાસરૂપ છે. સમ્યગ્ 'અહં'પ્રત્યય નથી. કેમકે 'મારું શરીર ભારે છે.' ઈત્યાદિ પ્રત્યયોમાં આત્માથી ભિન્નરૂપે શરીરનો પ્રત્યય થાય છે. તેથી સમાનરૂપે આ પ્રત્યયને આધારે આત્માસંબંધી થતા 'અહં'પ્રત્યયને અયથાર્થ ઠેરવી શકાય નહિ. ॥૪૬॥

कायः–शरीरं स एवाकारः कायाकारः आदिशब्दात्प्राणापानपरिग्रहः, तदुक्तम्–*"कायाकारप्राणापानपरिग्रहवद्भ्यो भूतेभ्यस्तदुत्पद्यते, नाविशिष्टेभ्य"* इति, तेन कायाकारादिना रूपेण परिणतानि यानि भूतानि तेभ्यः समुत्पद्यते चैतन्यमिति साध्यम्, हेतुमाह–*'तद्भावे'* कायाकारादिपरिणतभूतसद्भावे, *'भावाद्'* उत्पादात् । सावधारणश्चायं निर्देशः, वाक्यस्य व्यवच्छेदफलत्वात्, द्विधा चेहावधारणम्, तद्भावे भावादेव, एतेन कारणान्तरापेक्षाव्युदासः, तथा तद्भाव एव भावात्, तेन व्यतिरेकाभावे प्रतिक्षेपः । दृष्टान्तमाह मद्याङ्गेभ्यो मदशक्तिरिवेति, यथा मद्याङ्गभावे भावात् मदशक्तिर्मद्याङ्गेभ्य उत्पद्यत इति मन्यते, तथा कायाकारादिपरिणतभूतसद्भावे चैतन्यभावात्तथाभूतेभ्यो भूतेभ्यश्चैतन्यमुत्पद्यत इत्यपि मन्तव्यमिति भावः ॥४७॥ ततश्च––

सति तम्मि ससंवेदणरूवे किन्नोववज्जती एत्थ? ।

धम्मीवि भूयसमुदयमित्तो जं तो कहं अत्थि? ॥ ४८ ॥

(सति तस्मिन् स्वसंवेदनरूपे किन्नोपपद्यते अत्र? । धर्मी अपि भूतसमुदायमात्रो यत्तस्मात् कथमस्ति? ॥)

सति तस्मिन् भूतेभ्यो जायमाने चैतन्ये स्वसंवेदनरूपे किमत्र व्यवहारोपयोगि नोपपद्यते?, सर्वमुपपद्यते इति भावः, न च वाच्यं–चैतन्यस्य जीवमन्तरेणान्यो धर्म्मी नोपपद्यत इति तदभ्युपगच्छता सोऽप्यभ्युपगन्तव्य इति । यस्माद्धर्म्यपि चैतन्यस्य भूतसमुदायमात्रमुपपद्यत एव, तथोपलम्भात् । *'तो'* तस्मात्कथमुच्यते अवग्रहादिधर्म्माणां प्रत्यक्षत्वतः प्रत्यक्ष एव जीवोऽस्तीति ॥४८॥ अत्र प्रतिविधानमाह––

जति ताव मतं धम्मो चेतन्नं कह ण अत्थि तो आता।।

अन्नेणऽणुरूवेणं इमस्स जं धम्मिणा कज्जं ॥ ४९ ॥

( यदि तावन्मतं धर्मश्चैतन्यं कथं नास्ति ततआत्मा? । अन्येनानुरूपेणास्य यद् धर्मिणा कार्यम्॥ )

यदि तावच्चैतन्यं 'धर्म्मो मतं' धर्मत्वेनं प्रतिपन्नं, 'तो' ततः कथं नास्त्येवात्मेत्युच्यते, कथं नोच्यते? इत्याह––'यत्' यस्मादस्य चैतन्यस्य धर्म्मिणा भूतसमुदायमात्रादन्येन बोधादिस्वभावापेक्षया अनुरूपिणा कार्यं, अनुरूपित्वाभावे काठिन्यजलयोरिव धर्म्मधर्म्मिभावानुपपत्तेः ॥४९॥

---

*"અવગ્રહવગેરે ધર્મોનો ધર્મી જીવ છે. અને આ જીવતત્ત્વ પોતાના અવગ્રહવગેરે ધર્મોના પ્રત્યક્ષથી પ્રત્યક્ષ જ છે."* એવું જે કહ્યું તે અંગે નાસ્તિક કહે છે ––

*(કાયાકારપરિણતિ મત)*

*ગાથાર્થ* :– કાયાકારાદિરૂપે પરિણત ભૂતોમાંથી ચૈતન્ય છે. કેમકે ભૂતોની હાજરીમાં જ ચૈતન્ય છે. જેમકે મદ્યના અંગોમાંથી=કારણોમાંથી મદશક્તિ.

*વિશેષાર્થ* :– કાય=શરીર, તદ્રૂપ જે આકાર તે કાયાકાર. અહીં આદિશબ્દથી પ્રાણાપાન=શ્વાસોચ્છ્વાસનો સમાવેશ થાય છે. કહ્યું જ છે કે *"કાયાકાર અને પ્રાણાપાનરૂપ પરિગ્રહવાળા ભૂતોમાંથી તે ચૈતન્ય ઉત્પન્ન થાય છે. નહિ કે અવિશિષ્ટ ભૂતોમાંથી"* તેથી અહીં "કાયાકારઆદિરૂપે પરિણત થયેલા ભૂતોમાંથી જ ચૈતન્ય પ્રગટે છે." એ સાધ્ય છે. તેનો હેતુ=સાધન "કેમકે કાયાકારઆદિરૂપે પરિણત થયેલા ભૂતોની હાજરીમાં જ ચૈતન્યની હાજરી છે." અહીં 'જ' કારપૂર્વક નિર્દેશ કર્યો. કેમકે પ્રત્યેક વાક્યો વ્યવચ્છેદઅર્થક હોય છે. અહીં 'જ'કારથી બે પ્રકારનો વ્યવચ્છેદ થશે. (૧) કાયાકારાદિરૂપે પરિણત થયેલા ભૂતોની હાજરીમાં ચૈતન્યનો અવશ્યભાવ હોય જ. આ દ્વારા ચૈતન્યની હાજરીમાટે ભૂતોથી ભિન્ન એવા આત્માદિ અન્ય કારણની અપેક્ષાનો વ્યવચ્છેદ થયો. અર્થાત્ ચૈતન્યના સદ્ભાવમાટે આત્માને કારણ કલ્પવાની જરૂર નથી. (૨) કાયાકારાદિરૂપે પરિણત ભૂતોની હાજરીમાં જ ચૈતન્યની હાજરી હોય. આનાથી કાયાકારભૂતોની ગેરહાજરીમાં ચૈતન્યની હાજરીનો નિષેધ થયો. અહીં દૃષ્ટાંત :– જેમકે મદ્યના અંગ=અવયવ=કારણોમાંથી મદશક્તિની ઉત્પત્તિ. જેવી રીતે મદ્યના અંગોની હાજરીમાં જ મદશક્તિ દેખાતી હોવાથી મદશક્તિ મદ્યના અંગોમાંથી ઉત્પન્ન થાય છે તેમ નિર્વિવાદ મનાય છે, તેવી રીતે કાયાકાર આદિરૂપે પરિણામ પામેલા ભૂતોની હાજરીમાં ચૈતન્ય ઉપલબ્ધ થતું હોવાથી કાયાકારઆદિરૂપે પરિણામ પામેલા ભૂતોમાંથી જ ચૈતન્ય ઉત્પન્ન થાય છે તેમ પણ માનવું જ જોઇએ" એમ કહેવાનો ભાવ છે. ॥૪૭॥

*ગાથાર્થ* :– આ પ્રમાણે ભૂતોમાંથી ઉત્પન્ન થતાં સ્વસંવેદનશીલ ચૈતન્યનો સ્વીકાર કરવાથી વ્યવહાર ઉપયોગી કઇ વસ્તુ ઉપપન્ન=યુક્તિસિદ્ધ થતી નથી ? અર્થાત્ બધી વસ્તુ યુક્તિસિદ્ધ થાય છે.

*શંકા* :– ચૈતન્યના ધર્મી તરીકે જીવસિવાય બીજી કોઇ વસ્તુ ઉપપન્ન થઇ શકતી નથી. ચૈતન્યનો સ્વીકાર કરનારે જીવનો પણ અવશ્ય સ્વીકાર કરવો જોઇએ.

*સમાધાન* :– આમ ન કહેવું કેમકે ચૈતન્યના ધર્મીતરીકે પણ માત્ર ભૂતસમુદાય જ યુક્તિસંગત ઠરે છે. કેમકે તેવી જ ઉપલબ્ધિ થાય છે. તેથી તમે (=જીવઅસ્તિત્વવાદીઓ) આમ કેમ કહો છો કે 'અવગ્રહાદિ ધર્મો પ્રત્યક્ષ હોવાથી જીવ પ્રત્યક્ષ જ છે.' (સારાંશ–જીવ પ્રત્યક્ષસિદ્ધ નથી.) ॥૪૮॥

આ પ્રમાણે નાસ્તિકે પૂર્વપક્ષ સ્થાપ્યો. હવે અહીં પૂર્વપક્ષને સચોટ ઉત્તર આપે છે–

न च चैतन्यं प्रति भूतसमुदायस्यानुरूपत्वमस्ति, यस्मात्--

बोहसहावममुत्तं विसयपरिच्छेदगं च चेतन्नं ।
विवरीयसहावाणि य भूयाणि जगप्पसिद्धाणि ॥ ५० ॥

(बोधस्वभावममूर्तं विषयपरिच्छेदकं च चैतन्यम् । विपरीतस्वभावानि च भूतानि जगत्प्रसिद्धानि॥)

बोधस्वभावं स्वयं विदितात्मरूपत्वात्, अमूर्त्तं रूपाद्याकारविशेषविकलत्वात्, विषयपरिच्छेदकं तद्ग्रहणपरिणामस्वभावत्वात्, 'च' समुच्चये, चेतनस्य भावः कर्म्म वा चैतन्यम् । भूतानि पुनश्चैतन्यापेक्षया विपरीतस्वभावानि। तथाहि--न तानि बोधरूपाणि स्वसंवेदितात्मरूपत्वाभावात्, नामूर्त्तानि रूपाद्याकारविशेषवत्त्ववात्, न विषयपरिच्छेदकानि बोधरूपत्वाभावे तद्ग्रहणपरिणामाभावात् । अस्मिंश्चार्थे सकललोकप्रसिद्धिरेव प्रमाणं नान्यत् । यो हि प्रत्यक्षसिद्धमप्यर्थमपह्नुते तस्य लोकप्रतीतिरेव प्रायो बाधकप्रमाणं, यथा-अचन्द्रः शशीत्याद्यभिधातुः,अत आह-जगतोऽपि प्रसिद्धानि जगत्प्रसिद्धानि यथोक्तचैतन्यविपरीतस्वभावत्वेन ॥ ५० ॥

ता धम्मधम्मिभावो कहमेतेसिं? तहब्भुवगमे य ।
अणुरूवत्ताभावे काठिण्णजलाण किन्न भवे? ॥ ५१ ॥

(तस्माद् धर्मधर्मिभावः कथमेतेषां? तथाभ्युपगमे च । अनुरूपत्वाभावे काठिन्यजलयोः किन्न भवेत्?॥)

*'ता'* तस्मात्कथम् *'अनयोः'* चैतन्यभूतसमुदाययोर्धर्म्मधर्म्मिभावो?, नैव कथंचनेति भावः, अत्यन्तवैलक्षण्येनानुरूपत्वाभावात् । तथापि तदभ्युपगमे दोषमाह--*'तहेत्यादि'* । अनुरूपत्वाभावेऽपि च *'तथा'* धर्म्मधर्म्मिभावेनाभ्युपगमे क्रियमाणे काठिन्यजलयोरपि धर्म्मधर्म्मिभावः किन्न भवति?, भवेदेवेति भावः, अनुरूपत्वाभावाविशेषात्, न च भवति, तस्मान्न चैतन्यस्य भूतसमुदायो धर्म्मी । तथा च प्रयोगः--न यस्य येन सह अनुरूपत्वं, न तस्य तं प्रति धर्म्मिभावः, यथा जलस्य काठिन्यं प्रति । नास्ति च भूतसमुदायस्य चैतन्यं प्रत्यनुरूपत्वमिति व्यापकानुपलब्धिः । न चासिद्धता हेतोः, *'विवरीयसहावाणि य भूयाणि जगप्पसिद्धाणी'* त्यनेन तस्याः प्रागेवापास्तत्वात् ॥५१॥ उपसंहरति--

---

## (ધર્મને અનુરૂપ ધર્મી-ઉત્તરપક્ષ)

*ગાથાર્થ* :- જો તમને 'ચૈતન્ય' ધર્મ તરીકે અભિમત હોય, તો તમે 'આત્મા નથી' એમ શી રીતે કહી શકો ? કેમકે આ ચૈતન્યધર્મને અનુરૂપ અને ભૂતસમુદાયથી ભિન્ન કોઇ બીજો જ બોધવગેરે સ્વભાવવાળો ધર્મી હોવો જોઇએ જો ધર્મને અનુરૂપ ધર્મી ન હોય, તો ધર્મ અને ધર્મી વચ્ચે ધર્મધર્મીભાવ જ ઘટી ન શકે. જેમકે કઠિનતા ધર્મને અનુરૂપ ધર્મી 'પાણી' નથી. તો કઠિનતા અને પાણી વચ્ચે ધર્મધર્મીભાવ ઘટી શકતો નથી. ॥૪૯॥

'ભૂતસમુદાયમાં ચૈતન્યધર્મની અનુરૂપતા છે' એમ કહી શકાય તેમ નથી, કેમકે-

*ગાથાર્થ* :- ચેતનનો ભાવ અથવા ચેતનની ક્રિયા=ચૈતન્ય આ ચૈતન્ય (૧) સ્વસ્વરૂપનું સ્વયં સંવેદન કરતું હોવાથી બોધસ્વભાવવાળું છે. તથા (૨) રૂપઆદિ આકાર વિનાનું હોવાથી અમૂર્ત છે. તથા (૩) વિષય=પ્રમેયવસ્તુને જ્ઞાનરૂપે ગ્રહણ કરવાના સ્વભાવવાળું હોવાથી વિષયપરિચ્છેદક છે. આ ચૈતન્યની અપેક્ષાએ ભૂતો વિપરીતસ્વભાવવાળા છે. તે આ પ્રમાણે (૧) તેઓ સ્વસ્વરૂપનું સ્વયં સંવેદન કરવાના સ્વભાવવાળા ન હોવાથી બોધસ્વભાવવાળા નથી (૨) વળી તે ભૂતોરૂપવગેરે આકારવાળા હોવાથી અમુર્ત નથી. અને (૩) તેઓ બોધસ્વભાવવાળા ન હોવાથી વિષયને ગ્રહણ (=જ્ઞાત) કરવાના પરિણામવાળા નથી. તેથી તેઓ વિષયપરિચ્છેદક નથી. આ બાબતમાં સકલલોકમાં આવી પ્રસિદ્ધિ જ સબળ પ્રમાણ છે બીજા પ્રમાણની જરૂર જ નથી. જે વ્યક્તિ પ્રત્યક્ષસિદ્ધ અર્થને છૂપાવવા પ્રયત્ન કરે તેને પ્રાયઃ લોકપ્રતીતિ જ બાધક પ્રમાણભૂત બને છે. જેમકે કોઇ ચંદ્રથી ભિન્ન વસ્તુને ચંદ્ર કહેવાની ચેષ્ટા કરે, તો તેની વાતને સર્વલોકમાન્ય પ્રતીતિ જ બાધક બને છે. તેથી જ કહ્યું કે ભૂતો ચૈતન્યના ઉપરોક્ત સ્વભાવોથી ભિન્ન સ્વભાવવાળાતરીકે જ જગતમાં પ્રસિદ્ધ છે. ॥૫૦॥

*ગાથાર્થ* :- તેથી આ ચૈતન્ય અને ભૂતસમુદાયવચ્ચે કેવી રીતે ધર્મધર્મિભાવ સંભવે ? અર્થાત્ કોઇપણ હિસાબે ન સંભવે, કેમકે બન્ને અત્યંત વિલક્ષણ હોવાથી બન્ને વચ્ચે અનુરૂપતા નથી. છતાં પણ બન્ને વચ્ચે ધર્મધર્મીભાવ સ્વીકારવામાં આવતો દોષ બતાવે છે – 'તહ' ઇત્યાદિ. ચૈતન્ય અને ભૂતો વચ્ચે અનુરૂપતા ન હોવા છતાં બન્ને વચ્ચે ધર્મધર્મીભાવનો સ્વીકાર કરવામાં 'કઠિનતા' અને 'પાણી' વચ્ચે પણ ધર્મધર્મીભાવ શા માટે ન સંભવે ? અર્થાત્ એ બે વચ્ચે પણ ધર્મધર્મિભાવ સ્વીકારવાની આપત્તિ આવે. કેમકે ચૈતન્ય અને ભૂતની જેમ કઠિનતા અને પાણી વચ્ચે અનુરૂપતાનો અભાવ સમાનરૂપે જ છે. પણ કઠિનતા અને પાણી વચ્ચે ધર્મધર્મિભાવ દેખાતો નથી. તેથી સિદ્ધ થાય છે કે, અનુરૂપતાના અભાવમાં ધર્મધર્મિભાવ ન હોય. તેથી ચૈતન્યના ધર્મીતરીકે ભૂતસમુદાય અસંગત ઠરે છે. અહીં અનુમાનપ્રયોગ :- "જેની સાથે જેની અનુરૂપતા નથી, તેનો તેના પ્રત્યે ધર્મિભાવ નથી. જેમકે પાણીનો કઠિનતાપ્રત્યે" ભૂતસમુદાયની ચૈતન્યસાથે અનુરૂપતા નથી આમ અહીં વ્યપકાનુપલબ્ધિ છે. (='અનુરૂપતા'ધર્મધર્મિભાવનું વ્યાપક છે. આ વ્યાપકનો અભાવ જ પ્રસ્તુતમાં ધર્મધર્મિભાવના નિષેધરૂપ સાધ્યનો હેતુ છે. વ્યાપકનો અભાવ વ્યાપ્યના અભાવની સિદ્ધિનો હેતુ બને છે.)

तम्हा ण भूयधम्मो चेतन्नं णो य तस्समुदयस्स ।
पत्तेयमभावातो आया परलोयगामि व्व ॥ ५२ ॥

(तस्मान्न भूतधर्मश्चैतन्यं न च तत्समुदायस्य । प्रत्येकमभावादात्मा परलोकगामीव ॥ )

तस्मान्न भूतधर्म्मश्चैतन्यम् । मा भूत् प्रत्येकं भूतानां धर्म्मश्चैतन्यं, तत्समुदायस्य भविष्यतीति चेत्? अत आह– न च तत्समुदायस्य धर्म्मश्चैतन्यम्। कुत इत्याह––प्रत्येकमभावात् । अत्रैव दृष्टान्तमाह––*'आया परलोयगामिव्वत्ति'* यथा हि प्रत्येकं भूतानामात्मा स्वभावः परलोकगामी न विद्यते इति तत्समुदायस्यापि स न भवति, तद्वच्चैतन्यमपीति ॥ ५२ ॥

तदेवं चैतन्यस्य भूतधर्मत्वं निराकृत्य सांप्रतं तन्निबन्धनमभिव्यक्तिवादं निराकुर्वन्नुपसंहरति––

ता वंजिज्जति तेहिं कह तेणं वा तयं ति? चिंतमिदं ।
धम्मंतरवित्तीए तु सिद्धं जीवस्स अत्थित्तं ॥ ५३ ॥

(ततो व्यज्यते तैः कथं तेन वा तदिति? चिन्त्यमिदम् । धर्म्यन्तरवृत्तौ तु सिद्धं जीवस्यास्तित्वम्॥)

यस्मादुक्तप्रकारेण चैतन्यभूतसमुदाययोर्द्धर्मधर्म्मिभावो न घटते, *'ता'* तस्मात्, कथं *'तत्'* चैतन्यं, *'तैः'* भूतैर्व्यज्यते तेन वा भूतसमुदायेनेति?, चिन्त्यमिदमयुक्तमिदमित्यर्थः । अथैतद्दोषभयाच्चैतन्यस्य धर्म्यन्तरमुपकल्प्यते, तत्राह–धर्म्यन्तरवृत्तौ इत्यादि, धर्म्यन्तरे भूतसमुदायादन्यस्मिन्, धर्म्मिणि चैतन्यस्य वृत्तौ पुनरिष्यमाणायां सिद्धं जीवस्यास्तित्वं, धर्म्यन्तरस्यैव चैतन्यानुरूपस्य जीवशब्दवाच्यत्वादिति ॥५३॥ अभ्युपगम्यापि चैतन्यस्य भूतधर्मत्वं दोषमभिधित्सुराह––

तद्धम्मत्तेवि सयाऽविसेसभावेण कह ण अभिवत्ती? ।
ण हि काठिण्णादीया केसिंचि कयाइ वज्जंति ॥ ५४ ॥

(तद्धर्मत्वेऽपि सदाऽविशेषभावेन कथं नाभिव्यक्तिः? । नहि काठिन्यादयः केषाञ्चित् कदाचित् व्यज्यन्ते ॥)

न घटते तावद्भूतधर्मत्वं चैतन्यस्य, भवतु वा तदपि, कथं सदा तस्य चैतन्यस्याविशेषभावेन–अविशेषेण अभिव्यक्तिः–आविर्भावो न भवति? भवेदेवेति भावः, विशेषभावनिबन्धनहेत्वभावात्, भावे च तत्त्वान्तरापत्ति–प्रसङ्गात्। इष्यते च कदाचिदेवाभिव्यक्तिः, मृतकाये तदनभ्युपगमात्। अमुमेवार्थं दृष्टान्तेन द्रढयति *'न हीत्यादि'*

---

તેથીજ ભૂતસમુદાયનો ચૈતન્યપ્રત્યે ધર્મિભાવ નથી. 'અનુરૂપતાનો અભાવ' હેતુ અસિદ્ધ નથી, કેમકે "ભૂતો વિપરીત સ્વભાવવાળાતરીકે જગતપ્રસિદ્ધ છે." એમ કહેવાદ્વારા પૂર્વે જ આ અસિદ્ધતા દૂર કરી છે ॥૫૧॥

હવે ઉપસંહાર કરે છે.–

તેથી ચૈતન્ય ભૂતોના ધર્મ તરીકે સિદ્ધ થતું નથી.

*પૂર્વપક્ષ* :– ચૈતન્ય ભલે ભૂતધર્મ ન હો. પરંતુ ચૈતન્યને ભૂતોના સમુદાયના ધર્મ તરીકે માનવામાં વાંધો નથી.

*ઉત્તરપક્ષ* :– ચૈતન્ય ભૂતસમુદાયના ધર્મતરીકે પણ યુક્તિસિદ્ધ નથી. પ્રત્યેક ભૂતમા ચૈતન્યધર્મનો અભાવ હોવાથી ભૂતોના સમુદાયમાં પણ ચૈતન્યધર્મ સંભવે નહીં. અહીં દૃષ્ટાંતદ્વારા પદાર્થને સ્પષ્ટ કરે છે – *'આયા પરલોયગામિવ્વત્તિ'* જેમ પ્રત્યેક ભૂતોનો પરલોકગમનનો આત્મા=સ્વભાવ નથી. તો તે ભૂતોના સમુદાયનો પણ પરલોકગમન સ્વભાવ નથી. તેમ પ્રત્યેકભૂતનો ચૈતન્યસ્વભાવ નથી, તો તેના સમુદાયનો પણ ચૈતન્યસ્વભાવ નથી.

*(અભિવ્યક્તિવાદખંડન)*

આ પ્રમાણે ચૈતન્યનો ભૂતના ધર્મતરીકે નિષેધ કર્યો. હવે ચૈતન્ય ભૂત કે ભૂતસમુદાયના નિમિત્તથી પ્રગટે છે. તેવી માન્યતાનું નિરાકરણ કરે છે.–

*ગાથાર્થ* :– આમ ઉપરોક્તતર્કથી ચૈતન્ય અને ભૂતસમુદાય વચ્ચે ધર્મધર્મિભાવ ઘટી શકતો નથી. તેથી ચૈતન્ય તે ભૂતોદ્વારા, કે તે ભૂતોના સમુદાયદ્વારા કેવી રીતે અભિવ્યક્ત થઇ શકે ? અર્થાત્ ચૈતન્યની ભૂતો કે ભૂતસમુદાયદ્વારા અભિવ્યક્તિ માનવી યુક્તિયુક્ત નથી. હવે જો આ દોષથી ડરીને ભૂતસમુદાયથી ભિન્ન બીજા પદાર્થને ચૈતન્યના ધર્મી તરીકે સ્વીકારશો, તો જીવના અસ્તિત્વની સિદ્ધિ થશે. કેમકે ચૈતન્યને અનુરૂપ અન્યધર્મી 'જીવ'પદથી જ વાચ્ય બને છે. (અર્થાત્ 'જીવ'શબ્દથી વાચ્ય ધર્મીવિશેષ જ ચૈતન્યને અનુરૂપ ધર્મી છે. અને ચૈતન્ય અને જીવવચ્ચે ધર્મધર્મિભાવ સુઘટ છે.) ॥૫૩॥

ચૈતન્યને ભૂતનાં ધર્મતરીકે સ્વીકારી લેવામાં પણ દોષોની વણઝાર ઉભી છે તેમ દર્શાવવાની ઇચ્છાથી કહે છે.–

*ગાથાર્થ* :– ચૈતન્ય ભૂતધર્મ હોય, તો પણ તેનો હંમેશા અવિશેષભાવ હોવાથી કેમ હંમેશા અભિવ્યક્તિ થતી નથી ? એવું દેખાતું નથી કે જે કેટલાકના કાઠિન્યવગેરે ધર્મો હોય છે, તેઓના તે ધર્મો ક્યારેક જ અભિવ્યક્ત થાય. અલબત્ત, ચૈતન્ય ભૂતના ધર્મતરીકે તો સંભવે જ નહિ, છતાં પણ 'તુષ્યતુ દુર્જન'ન્યાયથી કદાચ માની લઇએ, કે ચૈતન્ય ભૂતોનો ધર્મ છે. તો પણ આ ધર્મ ભૂતોમાં હંમેશા અવિશેષરૂપે રહેલો છે. તેથી તેની હંમેશા અભિવ્યક્તિ થવી જોઇએ. ચૈતન્યની ભૂતોમાં વિશેષભાવે હાજરી થવામાં કારણભૂત અન્ય કોઇ હેતુ નથી.

न हि काठिन्यादयो धर्म्माः केषाचिंत् पृथिव्यादीनां तन्मात्रनिमित्ताभिव्यक्तिकाः सन्तस्तैः कदाचिद्व्यज्यन्ते, किं तु सदा अविशेषभावेन। एवं चैतन्यमपि यदि भूतधर्म्मस्स्यात् ततस्तैः तत्सदाऽभिव्यज्येतेति। अपिच-"अभिव्यक्तिर्नाम न पूर्वमनावृतस्य भवति, तथाऽनुपलम्भादिति, तस्यावरणं च वाच्यं, तथाविधपरिणामाभाव एवावरणमिति चेत्, न, तस्य सकलशक्तिविकलतया आवरणादिक्रियाकारित्वायोगात्, तदकारकस्य चावरणत्वानुपपत्तेः, अतिप्रसङ्गात् । तद्रूपमेव तथाविधपरिणामाभावस्तेनादोष इति चेत्, न, तथाविधपरिणामस्यापि तन्मात्रनिमित्ततया तद्रूपस्य तच्छून्यतानुपपत्तेः॥५४॥ किं च-इदं चैतन्यं भूतेभ्यो व्यतिरिक्तं वा स्यादव्यतिरिक्तं वा?, किं चातः, यदि व्यतिरिक्तं ततोऽस्माकमिष्टसिद्धिः, संज्ञामात्रविपर्ययेणात्मनोऽभ्युपगमात्। अथाव्यतिरिक्तं तदयुक्तं, यत आह--

ण य तस्स तहा गमणं दिट्ठेसुवि संसओ य केसिंचि ।
णीलादितुल्लतावि हु पत्तेयमदिट्ठितोऽजुत्ता ॥ ५५ ॥

(न च तस्य तथा गमनं दृष्टेष्वपि संशयश्च केषाञ्चित् । नीलादितुल्यतापि हु प्रत्येकमदृष्टितोऽयुक्ता)

चो हेतौ, यस्मात् दृष्टेष्वपि भूतेषु न *'तस्य'* चैतन्यस्य *'तथा'* भूतानामिव *गमनम्*-अवबोधो निश्चयो भवति। कुत इति चेत्? अत आह-*"संसओ य केसिंचि"* अत्रापि चशब्दो हेत्वर्थे, यस्मात्केषांचिदर्वाग्दृशां प्रतिपत्तृणां चैतन्यविषयो निश्चयप्रतिपक्षभूतः संशय उपलभ्यते, ततो ज्ञायते भूतदर्शनेऽपि न चैतन्यस्य हर्ष-विषादादिरूपस्य निश्चयः, ततो विरुद्धधर्मसंशयान्न भूतसमुदायादव्यतिरिक्तं चैतन्यम्। प्रयोगश्चात्र-यस्मिन्निश्चीयमाने यन्न निश्चीयते न तयोरैक्यमेव, यथोष्णत्वकठिनत्वयोः, न निश्चीयते च शरीरे निश्चीयमाने चैतन्यमिति। द्विरूपं हि विश्वं, विरुद्धधर्म्मसंसर्गयुक्तं, तद्रहितं च ।तत्र तद्रहितेषु दृष्ट एकत्वव्यवहारः, स तद्युक्तेऽपि यदि वर्त्तेत तर्ह्यनियतविषयः स्यात्, नियतविषयतया चासौ व्याप्तस्ततो व्यापकानुपलब्ध्या विरुद्धधर्म्मसंसर्गिणो रूपाद्व्यावर्तमानस्तद्रहितरूपविषयतया व्याप्यत इति व्याप्तिसिद्धिः। यस्मिंश्च निश्चीयमाने निश्चीयते, यन्न

---

*તાત્પર્ય :-* જો આ જગતમાં પૃથ્વીવગેરે ચાર ભૂતને છોડી બીજું કોઇ તત્વ જ ન હોય, અને ચૈતન્ય પણ ભૂતોનો જ ધર્મ હોય, તો ચૈતન્યધર્મ ભૂતોમાં હંમેશા રહેલું જ માનવું જોઇએ. કેમકે ભૂતો રહેલા છે. તેથી જો ચૈતન્યનો ભૂતોમાં આવિર્ભાવ ક્યારેક ક્યારેક જ માનવો હોય, તો ભૂતોથી ભિન્ન એવા બીજા તત્વની કલ્પના આવશ્યક બને, કેમકે કારણાન્તરના સદ્ભાવ વિના ચૈતન્યનો આ કાદાચિત્કભાવ સંભવી ન શકે. (જેમકે માટીમાં ઘટરૂપતા ધર્મ રહ્યો હોવા છતાં, એ ધર્મ ક્વચિત્ જ પ્રગટ થાય છે, કેમકે એ ધર્મના પ્રગટીકરણમાં માટીથી ભિન્ન એવા દંડાદિ બીજા કારણો નિયામક છે. જ્યારે એ બીજા કારણો ઉપસ્થિત થાય છે ત્યારે જ, માટીમાં ઘટરૂપતાનો આવિર્ભાવ થાય છે.) તેથી જો ચૈતન્ય ભૂતધર્મ હોય, અને તત્ત્વાન્તરનો અભાવ હોય, તો ભૂતોમાં ચૈતન્યનો સદા આવિર્ભાવ થવો જોઇએ. પરંતુ આ દૃષ્ટ કે ઇષ્ટ નથી. કેમકે મૃતશરીરમાં ચૈતન્યનો આવિર્ભાવ થતો નથી. આમ ચૈતન્યનો આવિર્ભાવ ક્દાચિત્ક જ છે. તેથી ચૈતન્યને ભૂતધર્મ માની શકાય નહિ. ભૂતોના ધર્મો હંમેશા પ્રગટરૂપે હોય, તે દર્શાવવા દૃષ્ટાંત આપે છે. 'નહિ' ઇત્યાદિ પૃથ્વીવગેરે કેટલીક વસ્તુઓના કાઠિન્યવગેરે ધર્મો સર્વમાન્ય છે 'આ ધર્મો પૃથ્વીવગેરે પોતાના ધર્મીમાં અમુક કાળે જ હોય છે, પણ સર્વદા નથી હોતા' એવું કોઇને માન્ય નથી. કેમકે આ ધર્મો પોતાના પૃથ્વીવગેરે ધર્મીમાં હંમેશા ઉપલબ્ધ થાય છે. આમ ચૈતન્ય પણ જો ભૂતધર્મ હોત, તો હંમેશા અવિશેષરૂપે અભિવ્યક્ત થાત, પણ તેમ થતું નથી. માટે ચૈતન્ય ભૂતધર્મ નથી. વળી, આટલું સમજી લો, કે જે ઢંકાયેલું હોય, તેનો જ આવિર્ભાવ હોય, પૂર્વે જે ઢંકાયું જ ન હોય, તેનો કંઇ આવિર્ભાવ સંભવતો નથી. કેમકે ક્યાંય અનાવૃત (=નહિ ઢંકાયેલા) નો આવિર્ભાવ થતો દેખાતો નથી. તેથી નક્કી થાય છે, કે અવિર્ભાવ થયા પૂર્વે ચૈતન્ય ઢંકાયેલું હતું, તેથી બતાવો કે ચૈતન્યને ઢાંકનાર આવરણ=ઢાંકણ કોણ ?

*નાસ્તિક* :- તેવા પ્રકારના પરિણામનો અભાવ જ ચૈતન્યનાં આવરણતરીકેનું કામ કરે છે.

*ઉત્તર* :- આ અભાવ પોતે તત્વરૂપ છે કે ખપુષ્પની જેમ તુચ્છ છે ? જો તત્વરૂપ હોય, તો ભૂતોથી ભિન્ન તત્વની સિદ્ધિ મોં ફાડીને ઉભી છે. અને જો આ અભાવ તુચ્છ હોય, તો એ અભાવમાં કોઇ કાર્ય કરવાની તાકાત નથી, કેમકે ખપુષ્પની જેમ તે બધી શક્તિઓથી રહિત છે. તેથી આ અભાવ ઢાંકવાની ક્રિયા કરવા પણ સમર્થ નથી. અને જે ઢાંકવાની ક્રિયા કરવા સમર્થ ન હોય, તેને આવરણ માનવાની ભૂલ ના કરશો, અન્યથા ખપુષ્પવગેરેને પણ આવરણ માનવાની આપત્તિ આવશે. તેથી અભાવને આવરણ માનવાની બાલિશ ચેષ્ટા છોડો.

*નાસ્તિક* :- આ તથાવિધપરિણામનો અભાવ તુચ્છરૂપ પણ નથી, અને અન્ય તત્વરૂપ પણ નથી. કિન્તુ તદ્રૂપ=ભૂતરૂપ જ છે. તેથી અન્ય તત્વની કલ્પનારૂપ કે તમે આપેલી આપત્તિરૂપ દોષ પણ રહેતો નથી, અને ઢાંકવાની ક્રિયામાં સમર્થ એવા આવરણની સિદ્ધિ પણ થાય છે. બોલો, છે હવે કોઇ દોષ ?

*ઉત્તર* :- ભઇ, અહીં પાયામાં પોલ છે. તથાવિધપરિણામ પોતે તદ્રૂપ=ભૂતાત્મક છે કે નહિ ? જો 'નથી' એમ કહેશો તો તત્વાન્તરની કલ્પના ગળે ચોંટશે અને જો તથાવિધ પરિણામ ભૂતમાત્ર નિમિત્તે હોવાથી તદ્રૂપ=ભૂતાત્મક હોય, તો તદ્રૂપમાં તથાવિધપરિણામની શૂન્યતા યુક્તિસંપન્ન નહિ થાય કેમકે પોતે અને પોતાના અભાવ બન્ને સત્ હોય અને એકરૂપ હોય, તેવી વાત તો તમારા ભેજા સિવાય અન્યત્ર સંભવતી નથી. ॥૫૪॥

तत्र विरुद्धधर्म्मसंसर्गभावात्तद्रहितरूपविषयत्वस्य व्यापकस्याभाव इति व्यापकानुपलब्धिरियम्। न चेयम- सिद्धा, यस्माच्चैतन्यस्य हर्षविषादाद्यनेकाकारं रूपं निर्विवादमनुभवसिद्धं, भूतानां काठिन्यादिवत्, तच्च शरीरे निश्चीयमाने न निश्चीयते, तत्प्रतिपक्षस्य संशयस्य दर्शनादिति। स्यादेतत्-चार्वाकं प्रत्यनुमानप्रयोगोऽनुपपन्नः, तन्मतेनास्याप्रमाणत्वात्, तदयुक्तम्, यतश्चार्वाकस्यापि भूतेषु पृथिव्यादिषु नानात्वव्यवहारो विरुद्धधर्म्मसंसर्ग-निमित्तक एव सिद्धः, स चेहाप्येकस्मिन् निश्चीयमाने अपरस्यानिश्चीयमानत्वमित्येवंरूपो विरुद्धधर्म्मसंसर्गोऽस्ति, ततो निमित्तसंभवे प्रवर्त्तनीयोऽयं व्यवहारो नो चेदन्यत्रापि न प्रवर्त्तयितव्य इत्येवमनेनानुमानेन नानात्वव्यवहारः प्रवर्त्तते इत्यदोषः। व्यतिरेकाव्यतिरेकपक्षे त्वविप्रतिपत्तिरेव, अस्माभिरप्यात्मना सह शरीरस्य कथंचिदभेदाभ्यु-पगमात्। यदपि क्वचिदुच्यते यथा-नीलता प्रत्येकमनुपलब्धाऽपि भूतसमुदाये उपलभ्यते, तथा चैतन्यमपीति, तदप्ययुक्तम्, नीलतायाः पटादिषूपलभ्यमानायाः प्रत्येकमपि तन्तुपक्ष्मादौ दर्शनात्, न चैवं चैतन्यं प्रत्येकमप्युप-लभ्यते इति कथं नीलतादितुल्यं तद्भवेत्। तथा चाह--'*नीलादितुल्यतापि च प्रत्येकमदृष्टितोऽयुक्तेति*' ॥५५॥

---

*(ભેદ-અભેદ વિકલ્પોથી ભૂતવાદ ખંડન)*

વળી, મહેરબાન! એ તો બતાવો, કે આ ચૈતન્ય ભૂતોથી ભિન્ન છે કે અભિન્ન ? જો ભિન્ન હોય, તો તમે વાસ્તવમાં માત્ર સંજ્ઞાભેદથી આત્માનો જ સ્વીકાર કર્યો હોવાથી હકીકતમાં અમારા ઇષ્ટની જ સિદ્ધિ થાય છે. હવે, જો ચૈતન્યને ભૂતોથી અભિન્ન માનશો, તો તે અસંગત છે. કેમકે-

*ગાથાર્થ* :- વળી દેખાયેલા પણ ભૂતોમાં ચૈતન્યનો ભૂતોની જેમ નિશ્ચય થતો નથી. કેમકે કેટલાકને સંશય થાય છે. તથા ચૈતન્ય પ્રત્યેકમાં દેખાતું ન હોવાથી નીલાદિની તુલ્યતા પણ અસંગત છે.

મૂળમાં રહેલો 'ચ'('ય')કાર હેતુદર્શક છે. બીજો 'ચ'('ય')કાર પણ હેતુદર્શક છે. ભૂતોના દર્શન થવા છતાં ભૂતોની જેમ ચૈતન્યનો નિર્ણય થતો નથી. કેમકે કેટલાક અલ્પજ્ઞાની પ્રમાતાઓને ચૈતન્યના વિષયમાં નિશ્ચયનાં વિરોધીરૂપ સંશય થાય છે. તેથી નિર્ણય થાય છે કે ભૂતના દર્શન થવા છતાં હર્ષ, વિષાદવગેરેરૂપ ચૈતન્યનો નિર્ણય થતો નથી. આમ ચૈતન્યમાં સંશયરૂપ વિરુદ્ધ ધર્મનો વાસ હોવાથી ચૈતન્ય ભૂતથી અભિન્ન નથી. અનુમાન પ્રયોગ :- જેના નિશ્ચયમાં જેનો નિશ્ચય નથી. તે બેમાં ઐક્યભાવ=અભેદભાવ સંભવે નહિ, જેમકે ઉષ્ણતા અને કઠિનતા. (ઉષ્ણતાના નિર્ણયથી કઠિનતાનો નિર્ણય થતો નથી, તેથી તે બે ભિન્ન સિદ્ધ થાય છે.) શરીરના નિશ્ચયમાં ચૈતન્યનો નિશ્ચય થતો નથી માટે તે બન્ને ભિન્ન છે. આ જગત બે પ્રકારના દ્રવ્યોથી ભરેલું છે. (૧) વિરુદ્ધધર્મના સંસર્ગવાળા ભાવો અને (૨) વિરુદ્ધ ધર્મ વિનાના ભાવો. એમાં જેઓ વિરુદ્ધ ધર્મ વિનાના ભાવો છે, તેમાં એકત્વ=અભેદનો વ્યવહાર થાય છે. હવે જો આ અભેદવ્યવહાર વિરુદ્ધધર્મોવાળા ભાવોમાં પણ થાય, તો પછી અભેદ વ્યવહારઅંગે કોઇ નિયતવિષય નહિ રહે (અને અમૃત અને વિષને પણ અભિન્ન માનવાનો અવસર આવશે.) પરંતુ આ અભેદવ્યવહાર નિયતવિષયતાથી વ્યાપ્ત છે. (અર્થાત્ જેમાં જેમાં અભેદવ્યવહાર દેખાય છે, તેમાં તેમાં અવશ્ય નિયતવિષયતા હોય છે.) વિરુદ્ધધર્મયુક્ત ભાવોમાં નિયતવિષયતારૂપ વ્યાપક ઉપલબ્ધ નથી. તેથી તેઓમાંથી વ્યાવૃત્ત થતો એકત્વવ્યવહાર નિયતવિષયતાથી વ્યાપ્ત થાય છે. (અહીં એકત્વવ્યવહારમાટે વિરુદ્ધધર્મોના અભાવરૂપ નિયતવિષયતા આવશ્યક છે તેમ કહેવાનો ભાવ છે.) આમ વ્યાપ્તિની સિદ્ધિ થાય છે. અને જેના નિશ્ચયમાં જેનો નિશ્ચય થતો નથી, તેમાં વિરુદ્ધધર્મનો સંસર્ગ રહ્યો હોય છે (અર્થાત્ નિશ્ચિત વસ્તુથી તે અનિશ્ચિત વસ્તુ ભિન્ન ધર્મવાળી હોય છે.) તેથી વિરુદ્ધધર્મથી રહિતરૂપ નિયતવિષયતા તેમાં (=અનિર્ણીત વસ્તુમાં) રહેતી નથી. આમ તેમાં વ્યાપકનો અભાવ મળે છે. આ વ્યાપકાનુપલબ્ધિ થઇ. ચૈતન્યની બાબતમાં આ વ્યાપકાનુપલબ્ધિ અસિદ્ધ નથી. ભૂતોના કાઠિન્યવગેરેની જેમ ચૈતન્યનું હર્ષ, વિષાદવગેરે અનેક આકારવાળું સ્વરૂપ છે, તે બધાને જ વિવાદ વિના અનુભવ સિદ્ધ છે. અને આ સ્વરૂપનો નિર્ણય શરીરના નિર્ણયની સાથે થતો નથી. કેમકે નિર્ણયના પ્રતિપક્ષરૂપ સંશય ત્યાં ઉપલબ્ધ થાય છે. (ઘણીવાર કોઇ વ્યક્તિના ચહેરા પર હર્ષ દેખાય, પણ વાસ્તવમાં હોય ખેદ. અને ઘણી કુશળ વ્યક્તિ તો પોતાના હર્ષ, ખેદને ચેહરા પર વાંચવા જ દેતી નથી. તેથી એ બાબતમાં સંશય વગેરે રહે તે સહજ છે.)

*નાસ્તિક* :- તમે તમારી વાત સિદ્ધ કરવા અનુમાનના સહાયથી ઘણી માથાકૂટ કરી પણ અમે અનુમાનને પ્રમાણરૂપ માનતા જ નથી. તેથી તમારા અનુમાનપ્રયોગ અમારી આગળ 'ભેંસ આગળ ભાગવત'ની જેમ અસંગત છે.

*ઉત્તર* :- તમારી વાત વ્યાજબી નથી. તમે ભૂતોમાં પૃથ્વીવગેરેમાં ભિન્નતાનો વ્યવહાર શાના આધારે કરો છો ?

*નાસ્તિક* :- પૃથ્વીવગેરેમાં પરસ્પર વિરુદ્ધધર્મોનો સંસર્ગ દેખાય છે. તેથી ભિન્નતાનો વ્યવહાર થાય છે.

*ઉત્તર* :- બસ, તેજ પ્રમાણે પ્રસ્તુતમાં પણ શરીરરૂપ એકના નિશ્ચયમાં ચૈતન્યરૂપ બીજાના નિશ્ચયનો અભાવ હોય છે. આમ ચૈતન્યમાં 'અનિશ્ચયત્વ'રૂપ વિરુદ્ધ ધર્મ રહેલો છે. આમ ભિન્નવ્યવહાર નું નિમિત્ત હાજર હોવાથી અહીં પણ ભિન્નવ્યવહાર પ્રવર્તે તે યુક્તિયુક્ત જ છે. જો પ્રસ્તુતમાં તમે 'આ તો અનુમાનથી સિદ્ધ છે તેથી અપ્રમાણ છે' એવા મન્તવ્યથી ભિન્નતાનો વ્યવહાર નહિ પ્રવર્તાવો, તો સમાનન્યાયથી પૃથ્વીવગેરે ભૂતોમાં પણ ભિન્નતાનો વ્યવહાર પ્રવર્તાવી શકશો નહિ. તેથી સર્વત્ર અનુમાનથી ભિન્નતાનો વ્યવહાર થતો હોવાથી દોષ નથી. આમ

अभ्युपगम्यापि प्रत्येकं भूतेषु चैतन्यं दूषणमाह--

तब्भावम्मि वि कह भिन्नवत्थुधम्मत्तणेण एगत्तं? ।

चेयन्नस्सियरेसिं एगत्ते कह व णाणत्तं? ॥ ५६ ॥

(तद्भावेऽपि कथं भिन्नवस्तुधर्मत्वेन एकत्वम् । चैतन्यस्येतरेषामेकत्वे कथं वा नानात्वम्? ॥ )

*'तद्भावेऽपि'* प्रत्येकं भूतेषु तस्य चैतन्यस्य भावेऽपि, कथं प्रभूतभिन्नवस्तुधर्मत्वाच्चैतन्यस्यैकत्वं भवेत् ?, नैव कथंचन भवतीति भावः, भिन्नाभिप्रायपुरुषसमुदायचैतन्यवत् । एकत्वे वा चैतन्यस्य तदव्यतिरिक्तत्वात् भूतानां नानात्वं न भवेत् ॥५६॥

अथ न चैतन्यस्यैकत्वमिष्यते, किंतु भिन्नवस्तुधर्मत्वात् नानात्वं, तेनादोष इत्यत्राह--

भिन्नाभिप्पायाण य देहम्मि तहा कहं अवत्थाणं? ।

सयलिंदिओवलंभो जओ सती तेसु सो य कहं? ॥ ५७ ॥

(भिन्नाभिप्रायाणां च देहे तथा कथमवस्थानम्?। सकलेन्द्रियोपलम्भो यतः मृतिः सच कथम्? ॥)

**'भिन्नाभिप्रायाणां च'** भिन्नाभिप्रायेण युक्तानां च चैतन्यानां **'देहे'** शरीरे, **'तथा'** अहं ददामि, अहं करोमीत्यादिरूपविशिष्टैकमानसिकानुभवनिबन्धनत्वेनावस्थानं कथं भवेत्?, नैव कथंचनेति भावः । भिन्नाभिप्रायतया तथाऽवस्थानभावे युक्तचयोगात् । तथा यः प्रतिप्राणि प्रसिद्धः प्रत्येकं सकलैरपीन्द्रियैरुपलम्भो **'रूपं पश्यामी'**त्याद्याकारः सकलशरीराधिष्ठात्रेकरूपो *'यत'*: पश्चात्तादृशार्थदर्शनादिकारणात् संस्कारस्य प्रबोधे सति

---

ચૈતન્ય ભૂતોથી અભિન્ન સિદ્ધ નથી. ચૈતન્યને ભૂતોથી ભિન્નાભિન્ન માનતા હો, તો અમે વિરોધ પાછો ખેંચી લેવા તૈયાર છીએ, કેમકે આ વિકલ્પ અમને અભિમત છે. કેમકે અમે પણ શરીરનો આત્માથી કથંચિદ્ અભેદ સ્વીકારીએ છીએ.

ક્યાંક કોઈક કહે છે-જેમ પ્રત્યેકભૂતમાં ઉપલબ્ધ ન થતી નીલતા(=નીલરૂપતા) ભૂતસમુદાયમાં ઉપલબ્ધ થાય છે. તેમ પ્રત્યેકભૂતમાં ઉપલબ્ધ ન થતું ચૈતન્ય પણ ભૂતસમુદાયમાં ઉપલબ્ધ થઈ શકે છે. તેથી ભૂતસમુદાયમાં ચૈતન્યધર્મ સ્વીકારવામાં દોષ નથી.

*ઉત્તર* :- આ વાત બરાબર નથી. કપડાવગેરેમાં ઉપલબ્ધ થતી નીલરૂપતા તેના સૂક્ષ્મ અવયવભૂત તન્તુના રેસામાં પણ ઉપલબ્ધ થાય છે. આમ સમુદાયમાં ઉપલબ્ધ થતી વસ્તુ સૂક્ષ્મરૂપે તેના અવયવોમાં પણ ઉપલબ્ધ થાય છે. બીજી રીતે કહીએ, તો જે વસ્તુ પ્રત્યેક અવસ્થામાં ન હોય, તે સમુદાયઅવસ્થામાં પણ ન હોય, ચૈતન્ય ભૂતોની પ્રત્યેક અવસ્થામાં ઉપલબ્ધ નથી. માટે તેની તુલના નીલતાદિ સાથે કરવી વ્યાજબી નથી. અને તેને ભૂતસમુદાયના ધર્મતરીકે સ્વીકારવામાં ક્યાપણ નથી. તેથી જ મૂળમાં કહ્યું *'નીલાદિ તુલ્યતાપિ ચ પ્રત્યેકમદૃષ્ટિતોયુક્તા'* ॥૫૫॥

*(પ્રત્યેક ભૂતોમાં ચૈતન્યનિષેધ)*

ભૂતોની પ્રત્યેક અવસ્થામાં ચૈતન્ય માની લઈ ચાલવામાં પણ આવતા દૂષણ દર્શાવે છે.-

*ગાથાર્થ* :- પ્રત્યેકભૂતમાં ચૈતન્ય હોય, તો પણ (ભૂતો પરસ્પર ભિન્ન હોવાથી) ઘણી ભિન્ન વસ્તુઓનો ધર્મ થવાથી ભૂતસમુદાયમાં રહેલા ચૈતન્યોમાં એકરૂપતા કેવી રીતે આવશે ? (જેમ ભિન્ન અભિપ્રાયવાળા પુરુષોના ચૈતન્યની એકવાક્યતા નથી દેખાતી, તેમ ભિન્ન ભિન્ન ભૂતોના સમુદાયરૂપ એક શરીરમાં પણ ચૈતન્ય એકરૂપ દેખાવું ન જોઈએ. એવું તાત્પર્ય છે.) અને જો પ્રત્યેક ભુતોમાં રહેલું ચૈતન્ય એકરૂપ હોય, (તેથી સમુદાયગત ચૈતન્ય પણ જો એકરૂપ હોય) તો તે ચૈતન્યધર્મથી અભિન્ન એવા ભૂતોમાં પણ પરસ્પર ભિન્નતા કેવી રીતે આવે ? અર્થાત્ ભૂતોમાં પણ ભેદ હોવો જોઈએ નહિ. (પણ વાસ્તવમાં એકશરીરગત ચૈતન્યમાં ભેદ ઉપલબ્ધ થતો નથી. અને ભૂતોમાં અભેદભાવ ઈષ્ટ નથી, તેથી ચૈતન્યને પ્રત્યેક ભૂતનો ધર્મ માની શકાય નહિ.) ॥૫૬॥

*નાસ્તિક* :- ચૈતન્ય એકરૂપે ઈષ્ટ નથી. પરંતુ ભિન્નવસ્તુના ધર્મરૂપ હોવાથી ભિન્નરૂપે જ ઈષ્ટ છે. તેથી દોષ નથી.

નાસ્તિકની આ દલીલનો જવાબ વાળતા કહે છે.-

*ગાથાર્થ* :-ભિન્નાભિપ્રાયવાળા ચૈતન્યનું તેવા પ્રકારે શરીરમાં અવસ્થાન શી રીતે સંભવે ? વળી બધી ઈન્દ્રિયોના જે અનુભવોથી સ્મૃતિ થાય છે તે અનુભવો પણ તેઓમાં શી રીતે થાય ?

જો પ્રત્યેકભૂતમાં ચૈતન્ય ભિન્ન ભિન્ન હોય, તો એક જ શરીરમાં ભિન્ન અભિપ્રાયવાળા અનેક ચૈતન્ય સંભવશે. અને તો "હું આપું છું" "હું કરુ છું" વગેરેરૂપ વિશિષ્ટ એક માનસિકઅનુભવમાં કારણ બને એ રૂપે તે બધા ચૈતન્યો એકશરીરમાં શી રીતે રહી શકશે ? ભિન્ન-ભિન્ન ભૂતોના ભિન્ન ભિન્ન ચૈતન્યો ભિન્ન ભિન્ન અભિપ્રાયવાળા જ હોય અને ભિન્ન અભિપ્રાયવાળા ચૈતન્યો એક સમાન માનસિકઅનુભવના કારણ બની ન શકે. તેથી "જે હું આપું છું તે જ હું કરું છું" ઈત્યાદિરૂપ વિશિષ્ટ અનુભવ પણ થઈ ન શકે. વળી એ વાત તો સર્વજનવિદિત છે કે એકકાળે બધી ઈન્દ્રિયોથી "રૂપ જોઉં છું" ઈત્યાદિરૂપ આખા શરીરને અધિષ્ઠિત એક ચોક્કસ અનુભવ થાય છે. (એક ભાગથી જોવાનો અનુભવ અને તેજ વખતે બીજા ભાગથી સાંભળવાનો અનુભવ ઈત્યાદિ અનેક અનુભવ એકકાળે સંભવતા નથી. આમ જે વખતે રૂપાદિનો

*'स्मृति'*: तदेवेदं यत् प्राग्मयोपलब्धमित्याद्याकारा उपजायते, सोऽपि सकलेन्द्रियोपलम्भः कथं स्यात्?, नैव स्यादिति भावः ॥५७॥ स्यादेतत्, भिन्नाभिप्रायत्वेनापि चैतन्यानां परस्परं प्रत्यासत्तिविशेषतो यथोक्तस्वरूपैकज्ञान-निबन्धनता भविष्यति, ततः को दोष इत्यत आह--

न हि भिन्ने चेतन्ने आसन्नाणवि मिहो विभिन्नाणं ।
भावेसु णाणमेगं लोगम्मि सती य तप्पभवा ॥ ५८ ॥

(न हि भिन्ने चैतन्ये आसन्नानामपि मिथो विभिन्नानाम् । भावेषु ज्ञानमेकं लोके स्मृतिश्च तत्प्रभवा ॥)

न यस्मादिह लोके 'मिथः' परस्परं विभिन्नानामासन्नानामपि पुंसां भिन्ने चैतन्ये सति *'भावेषु'* पदार्थेषु विषय-भूतेषु ज्ञानमेकं पूर्वोक्तस्वरूपं प्रवर्त्तते, नापि *'तत्प्रभवा'* तथाविधैकज्ञानप्रभवा स्मृतिः, तथानुपलम्भात् । तस्माद्भिन्नाभिप्रायत्वाच्चैतन्यानां न तथा देहेऽवस्थानं युज्यते, नापि प्रदर्शितस्वरूपः प्रवर्त्तते सकलेन्द्रियो-पलम्भः। अथ च स्वसंवेदनप्रत्यक्षेणोभयमपि देहे तथा प्रवर्तमानमनुभूयते, न चास्येत्थमनुभूयमानस्यापि प्रतिषेधः कर्तुं शक्यते, मा प्रापत् भूतानामपि प्रतिषेधप्रसङ्गः । ततो न प्रत्येकं भूतधर्म्मश्चैतन्यमिति स्थितम् ॥५८॥ यच्चोक्तं प्राक् *'नोय तस्समुदयस्स । पत्तेयमभावाओत्ति'*, तत्र पराभिप्रायमाशङ्कमान आह-

सिय संधाणं व तयं समुदयधम्मो ण तंपि ।
पत्तेयं एगंतेणासंतं तदन्न भावप्पसंगातो ॥ ५९ ॥

(स्यात् संधानमिव तकं समुदायधर्मो न तदपि । प्रत्येकम् एकान्तेनासत् तदन्यभावप्रसङ्गात् ॥)

स्यादेतत्, न प्रत्येकं भूतधर्म्मश्चैतन्यं, किंतु समुदायधर्म्मो, यथा *'संधानं'* मद्यं, न च प्रत्येकम-भावात्समुदायेऽप्यभाव इति वाच्यं दृष्टत्वात्, यथाहि-संधानं प्रत्येकं मद्याङ्गेष्वदृष्टमपि समुदाये दृश्यते, तथा चैतन्यमपि भविष्यति, न हि दृष्टे अनुपपन्नं नाम । अत्रोत्तरमाह-नेत्यादि, *'न'* नैव तदपि संधानं प्रत्येक-

---

અનુભવ થતો હોય છે, ત્યારે અન્ય અનુભવનો અભાવ હોવાથી 'સકળ ઇન્દ્રિયવડે આખા શરીરને અધિષ્ઠિત' ઇત્યાદિ કહ્યું) આ અનુભવ પછી પાછળથી તે વસ્તુના દર્શનવખતે સંસ્કાર જાગી ઉઠે છે અને 'આ તે જ છે કે જે પહેલા મેં જોયેલું' ઇત્યાદિરૂપ સ્મૃતિ થાય છે. આ અનુભવ પણ અનેક ચૈતન્ય કલ્પવામાં સંભવી ન શકે.

*નાસ્તિક* :- ચૈતન્યો ભિન્ન અભિપ્રાયવાળા હોવા છતાં પરસ્પરના સમીપ્યવિશેષને કારણે ઉપરોક્ત સ્વરૂપવાળા એક જ્ઞાનના કારણ બની શકે છે. તેથી કોઇ દોષ નથી. અહીં નાસ્તિકની કલ્પનામાં દોષ બતાવતા કહે છે.-

*ગાથાર્થ* :- અહીં લોકમાં પરસ્પર ભિન્ન નજીકમાં રહેલા પુરૂષોમાં પણ ચૈતન્ય ભિન્ન ભિન્ન હોય છે. તેથી પદાર્થોઅંગે પૂર્વોક્ત સ્વરૂપવાળું એક જ્ઞાન પ્રવર્તતું નથી. તેજ પ્રમાણે એ જ્ઞાનથી ઉત્પન્ન થતી સમાન સ્મૃતિ પણ સંભવતી નથી. (સાર :-જેમ બહાર પણ ભિન્ન ચૈતન્યવાળા ભિન્ન પુરુષોના જ્ઞાનમાં અને સ્મૃતિમાં એકરૂપતા દેખાતી નથી, ભલે પછી એકદમ સમીપે રહ્યા હોય, તેમ એક દેહમાં રહેલા ભિન્ન ચૈતન્યો એક અનુભવજ્ઞાનના કારણતરીકે રહેલા સંભવી શકતા નથી. કેમકે તેઓના અભિપ્રાયો ભિન્ન ભિન્ન છે.) તેમજ અનેક ભિન્ન અભિપ્રાયોવાળા ચૈતન્યોથી અધિષ્ઠિત દેહમાં પૂર્વોક્ત એક સકલઇન્દ્રિય ઉપલમ્ભ અને તજજન્ય સ્મૃતિ સંભવી શકતી નથી. અને દેહમાં એ વિશિષ્ટમાનસઅનુભવ અને એકસકળઇન્દ્રિય ઉપલમ્ભ આ બન્ને પ્રવર્તતા સ્વસંવેદનપ્રત્યક્ષથી અનુભૂત તો થાય જ છે. અને આ પ્રમાણે અનુભવાતી વસ્તુનો ધરાર નિષેધ કરવો પણ વ્યાજબી નથી, નહિતર તો ભૂતોનો પણ નિષેધ કરવાનો પ્રસંગ આવી પડે. તેથી સ્વીકારવું જ રહ્યું કે આ બન્ને પ્રકારના સ્વસંવેદનસિદ્ધ અનુભવને યથાર્થ ઠેરવવા દેહમાં એક જ ચૈતન્યનો વાસ સ્વીકારવો જોઇએ. તેથી ચૈતન્ય પ્રત્યેક ભૂતના ધર્મતરીકે અસિદ્ધ ઠરે છે.

## *(મદ્યદૃષ્ટાન્તથી સમુદાયવાદસિદ્ધિનું ખંડન)*

પૂર્વે જે કહ્યું 'પ્રત્યેકમાં અભાવ હોવાથી તેના સમુદાયનો પણ ચૈતન્ય ધર્મ નથી' તે બાબતમાં આશંકા કરતા બીજાના અભિપ્રાયને દર્શાવે છે.

*ગાથાર્થ* :- કોઇ બીજો કહે કે 'સંધાન=મદિરાની જેમ ચૈતન્ય પણ પ્રત્યેકભૂતનો ધર્મ નથી પણ ભૂતસમુદાયનો ધર્મ છે. પ્રત્યેકમાં જે ન હોય, તે સમુદાયમાં પણ ન હોય, તેવો નિયમ નથી. કેમકે મદ્યના અવયવોની પ્રત્યેક અવસ્થામાં અનુપલબ્ધ મદશક્તિ સમુદાયમાં ઉપલબ્ધ થતી દેખાય છે. તે જ પ્રમાણે ભૂતોની પ્રત્યેક અવસ્થામાં ઉપલબ્ધ ન થતું ચૈતન્ય ભૂતોની સમુદાયઅવસ્થામાં ઉપલબ્ધ થઇ શકે. આ દૃષ્ટ વસ્તુમાં તમે અનુપપત્તિ આપી શકો નહિ. બીજાની આ આશંકાનો ઉત્તર આપતા કહે છે *'ણ, તંપિ'* ઇત્યાદિ. આ મદ્ય પ્રત્યેકઅવસ્થામાં એકાંતે અસત્ હોતુ નથી. કેમકે અત્યન્ત અસત્‌ની ઉત્પત્તિ થતી નથી. જો અત્યંત અસત્ પણ ઉત્પન્ન થઇ શકતું હોય, તો અસત્‌રૂપે સમાન હોવાથી પાંચમાં ભૂતની પણ મદ્યના અવયવોમાંથી મદ્યની જેમ ઉત્પત્તિ થવી જોઇએ. તેથી અવયવોની પ્રત્યેક અવસ્થામાં મદ્ય એકાંતે અસત્ નથી. તેથી અવયવોના સમુદાયમાં સર્વથા ઉપલબ્ધ થાય તે બરાબર છે. પણ તેથી 'પ્રત્યેક અવસ્થામાં ન હોય તે પણ સમુદાયઅવસ્થામાં હોઇ શકે' તેવું વચન નિરાધાર બને છે. અને 'જે પ્રત્યેક

मेकान्तेनासत्, अत्यन्तासत उत्पादायोगात्, अन्यथा असत्त्वाविशेषतः पञ्चमभूतस्यापि तेभ्यः संधानस्येवोत्पत्तिप्रसङ्गात् । तथाचाह- *'तदन्नभावपसंगातो'* -तस्मात्-संधानाद् अन्यस्य पंचमभूतलक्षणस्य भावः उत्पादस्तस्य प्रसङ्गात् ॥५९॥ अत्र पर आह--

जइ संतं उवलद्धी किन्नो पुव्वंपि? ओघतो अत्थि ।

ण य एवं उवलब्भइ पत्तेयं तेसु चेयण्णं ॥ ६० ॥

(यदि सत् उपलब्धिः किन्न पूर्वमपि ओघतोऽस्ति । न च एवमुपलभ्यते प्रत्येकं तेषु चैतन्यम्॥)

यदि मद्याङ्गेषु प्रत्येकावस्थायामपि सत् विद्यमानं संधानमिष्यते तर्हि किन्न समुदितावस्थायामिव प्रत्येकावस्थायामपि तदुपलभ्यते, तस्मात्तस्य दृश्यस्य सतोऽनुपलम्भादभाव एव तस्यामवस्थायामिति । अत्रोत्तरमाह-ओघतोऽस्तीति, एतदुक्तं भवति-ये मद्याङ्गेषु समुदितावस्थायां भ्रम्यादयो गुणा उपलभ्यन्ते, ते प्रत्येकावस्थायामपि धातक्यादिषु पृथक् पृथक् सन्तस्तथाविधविशेषविकलाः सामान्यत उपलभ्यन्ते एव, ततः संधानस्य प्रत्येकावस्थायामपि मद्याङ्गेष्वोघतः-सामान्येनोपलब्धिरस्तीति दृश्यस्य सतस्तस्यानुपलम्भादित्यसिद्धम् । तर्ह्येवं चैतन्यमपि प्रत्येकं भविष्यतीत्यारेकानिराकरणार्थमाह-*'नं येत्यादि'*, न च *'एवमपि'* ओघतोऽपि, आस्तां--विशेषाकारेणेत्यपिशब्दार्थः, उपलभ्यते प्रत्येकं 'तेषु' भूतेषु चैतन्यम्, अतः प्रत्येकावस्थायां तस्य दृश्यस्य सतोऽनुपलम्भादभाव एव युक्त इति ॥ ६० ॥ अत्र परस्याभिप्रायमाह-

अह तस्सेस सहावो समुदयधम्मो, तदा य होइत्ति ।

पत्तेयं च असंते न जीवभावोत्ति वामोहो ॥ ६१ ॥

(अथ तस्यैष स्वभावः समुदायधर्मस्तदा च भवतीति । प्रत्येकं चासत्त्वे न जीवभाव इति व्यामोहः ॥)

---

અવસ્થામાં ન હોય, તે સમુદાયઅવસ્થામાં પણ ન હોય' તે નિયમ અખંડિત છે.

અહીં બીજી વ્યક્તિ બોલે છે-

*ગાથાર્થ* :- જો મદ્ય પ્રત્યેક અવસ્થામાં પણ હોય, તો પૂર્વે તેની ઉપલબ્ધિ કેમ નથી થતી ? ઉત્તર :- તે પ્રત્યેક અવસ્થામાં ઓઘથી હોય છે. પરંતુ ભૂતોમાં પ્રત્યેક અવસ્થામાં આ પ્રમાણે ચૈતન્ય ઉપલબ્ધ થતું નથી.

*નાસ્તિક* :- જો મદ્યના અંગોમાં પ્રત્યેક અવસ્થામાં પણ મદ્ય વિદ્યમાન હોય, તો મદ્ય જેમ સમુદાય અવસ્થામાં ઉપલબ્ધ થાય છે તેમ પ્રત્યેક અવસ્થામાં પણ ઉપલબ્ધ થવું જોઈએ. આમ દૃશ્ય=દર્શનયોગ્ય હોવા છતાં મદ્ય પ્રત્યેક અવસ્થામાં દેખાતું નથી. તેથી પ્રત્યેક અવસ્થામાં મદ્યનો અભાવ જ માન્ય બને છે.

*ઉત્તર* :- મદ્યના અંગોની સમુદિતઅવસ્થામાં જે ભ્રમીવગેરે મદ્યગુણો ઉપલબ્ધ થાય છે તે બધા ધાતકીવગેરે મદ્યાંગોમાં પ્રત્યેક કાળે અલગ અલગરૂપે રહ્યા જ હોય છે. પરંતુ અન્ય અંગના અભાવમાં તથાવિધવિશેષથી રહિત હોવાથી માત્ર સામાન્યરૂપે જ ઉપલબ્ધ થાય છે. (મદ્યના ભ્રમ્યાદિ અનેક ગુણોમાંથી અલગ અલગ ગુણો મદ્યના અલગ અલગ અવયવમાં પ્રત્યેક અવસ્થામાં પણ ઉપલબ્ધ થાય છે. પણ બીજા અવયવોના અભાવમાં તે ગુણો મદ્યરૂપવિશેષતયા દેખાતા નથી તેથી મદ્યની ઉપસ્થિતિ સામાન્યથી કહી.) આમ પ્રત્યેક અવસ્થામાં પણ મદ્ય ઉપલબ્ધ થાય છે તેથી 'દૃશ્યની અનુપલબ્ધિથી અભાવની સિદ્ધિ' મદ્યમાટે લાગુ પડે તેમ નથી. 'આજ વાત ચૈતન્યઅંગે પણ લાગુ પડશે' તેવી આશંકાના નિવારણ અર્થે કહે છે 'ણ ય' વગેરે ભૂતોની પ્રત્યેક અવસ્થામાં ચૈતન્ય વિશેષરૂપે તો ઉપલબ્ધ થતું નથી, પણ સામાન્યરૂપે પણ ઉપલબ્ધ થતું નથી. (મદ્યાંગોમાં પ્રત્યેક અવસ્થામાં જેમ મદ્યના તે તે ગુણ દેખાય છે તેમ ભૂતોમાં પ્રત્યેક અવસ્થામાં ચૈતન્યનો કોઇ એકાદ ગુણ પણ દેખાતો નથી.) તેથી 'દૃશ્યની અનુપલબ્ધિથી અભાવની સિદ્ધિ' ન્યાયથી પ્રત્યેક અવસ્થામાં ચૈતન્યનો અભાવ જ છે. ॥૬૦॥

## *(ચૈતન્યની સમુદાયધર્મતાનું ખંડન)*

અહીં બીજાનો આશય વ્યક્ત કરે છે-

*ગાથાર્થ* :- નાસ્તિક :- ચૈતન્યનો જ એવો સ્વભાવ છે, કે તે સમુદાયનો જ ધર્મ છે નહિ કે પ્રત્યેક ભૂતોનો તેથી ભૂતોની વિશિષ્ટ સમુદાયઅવસ્થામાં ચૈતન્યધર્મ છે.

*ઉત્તર* :- પ્રત્યેક ભૂતમાં તો ચૈતન્ય નથી જ, કેમકે દૃશ્ય હોવા છતાં અનુપલબ્ધ છે. હવે પ્રત્યેકમાં નહિ રહેલા ચૈતન્યની તમે કહી તેવી કૂટસ્વભાવની કલ્પના કરવી અને જીવનાં અસ્તિત્વનો સ્વીકાર ન કરવો એમાં માત્ર બળવાન વ્યામોહ જ કામ કરે છે. આ સ્વભાવકલ્પના કૂટરૂપ=ખોટી જ છે. કેમકે પ્રત્યેક ભૂતકાળે અત્યન્ત અસત્ એવા ચૈતન્યમાં તમે કહ્યો તેવો સ્વભાવ સંભવી શકતો નથી. અને જો ચૈતન્ય તેવા સ્વભાવવાળું હોય, તો તે અસત્ ન રહે, વળી પ્રત્યેક ભૂતઅવસ્થામાં અત્યન્ત અસત્તરીકે મનાયેલા ચૈતન્યની સમુદાયઅવસ્થામાં ઉત્પત્તિ પણ યુક્તિસંગત નથી, કેમકે અત્યન્ત અસત્ની ઉત્પત્તિ સંભવતી નથી. અન્યથા અસત્ તરીકે સમાન એવા પાંચમા ભૂતવગેરેની પણ ઉત્પત્તિનો પ્રસંગ આવે.

अथ मन्येथाः–तस्य चैतन्यस्य एष एव स्वभावो, यदुत–समुदायस्य धर्मो, न प्रत्येकं भूतानाम्, तथा तदैव च विशिष्टायामेव समुदितावस्थायां तद् भवतीति । अत्राचार्य आह––'पत्तेयमि'त्यादि, न तावत्प्रत्येकं भूतेषु चैतन्यं विद्यते, दृश्यस्य सतोऽनुपलम्भात्। प्रत्येकं चासति चैतन्ये अनन्तरोक्ता कूटस्वभावकल्पना क्रियते, न पुनः 'जीवभावो' जीवसत्ताऽङ्गीक्रियते इत्यहो बलवान् व्यामोहः । कूटरूपता चानन्तरोक्तस्वभावकल्पनाया अत्यन्तासतश्चैतन्यस्य तथारूपस्वभावायोगात्, अन्यथा असत्त्वमेव तस्य न स्यात् । नाप्यत्यन्तासत उत्पादो घटते, असत्त्वाविशेषेण तद्वत्तदन्यभावापत्तिप्रसक्तेः। भूतानां तज्जननस्वभावत्वात्तस्यैवोत्पत्तिर्नान्यस्येति चेत्, न, तेषां तज्जननस्वभावत्वकल्पनाया अयोगात्, अवध्यभावात्, अनुत्पन्नं हि चैतन्यं खरविषाणादितुल्यमित्यवध्यभावतोऽविशेषेणासज्जननस्वभावत्वं तत्त्वतो भूतानां भवेत्, ततस्तेभ्यश्चैतन्यस्येव खरविषाणादेरप्युत्पत्तिप्रसङ्गः ॥६१॥

---

*નાસ્તિક* :- ભૂતોનો ચૈતન્યને ઉત્પન્ન કરવાનો જ સ્વભાવ છે, તેથી તેઓ માત્ર ચૈતન્યને જ ઉત્પન્ન કરે છે. બીજી અસત્ વસ્તુને ઉત્પન્ન કરવાનો સ્વભાવ ન હોવાથી બીજી અસત્ વસ્તુઓની ઉત્પત્તિનો અવકાશ નથી.

*ઉત્તર* :- ભૂતોના તેવા સ્વભાવની કલ્પના જ ખોટી છે કેમકે અવધિ=મર્યાદા નથી. ઉત્પન્ન નહિ થયેલું ચૈતન્ય ગધેડાના શિંગડા સમાન છે. અસત્ તરીકે તદ્દન તુલ્ય ચૈતન્ય અને ગધેડાના શિંગડા, આ બેમાંથી ચૈતન્યરૂપ એકને જ ઉત્પન્ન કરવાઅંગે કોઇ મર્યાદાની રેખા નથી. અર્થાત્ અસત્ તરીકે તુલ્ય વસ્તુઓમાં પરસ્પર કોઇ ભેદરેખા કે મર્યાદા ન હોવાથી જો ભૂતોનો અસત્‌ને ઉત્પન્ન કરવાનો સ્વભાવ હોય, તો તે સ્વભાવ અવિશેષરૂપે જ રહેલો હોવો જોઇએ.અને ચૈતન્યની જેમ ગધેડાના શિંગડા વગેરે બધી અસત્ વસ્તુઓની તે ભૂતોમાંથી ઉત્પત્તિ થવી જોઇએ. જે અનિષ્ટ પ્રસંગ રૂપ છે. (અત્યન્ત અસત્ વસ્તુઓમાં એવી ભેદરેખા નથી કે આ ચૈતન્યરૂપ અસત્ અને આ ગધેડાના શિંગડારૂપ અસત્, તેથી જો અસત્ ની ઉત્પત્તિ સંભવતી હોય, તો તે સામાન્યરૂપે જ ઉત્પત્તિ હોય. અને આમ ગધેડાના શિંગડા વગેરેની ઉત્પત્તિનો પણ પ્રસંગ આવે.) ॥૬૧॥

*(ભૂતકાર્યતાવાદ ખંડન)*

*ગાથાર્થ* :- *નાસ્તિક* :- ચૈતન્ય પ્રત્યેક ભૂતનો કે ભૂતસમુદાયનો ધર્મ નથી, પરંતુ પોતે જ ધર્મીરૂપ છે. અને ઘટવગેરેની જેમ ભૂતોમાંથી ઉત્પન્ન થાય છે. તેથી કોઇ દોષ નથી.

*ઉત્તર* :- જો આમ સ્વીકારશો, તો ભૂતોથી ભિન્ન તત્ત્વની સિદ્ધિ થશે. તેથી '*પૃથ્વી વગેરે ચારભૂતો જ તત્ત્વ છે*' એ વચનથી સિદ્ધ તત્ત્વોની ચાર સંખ્યાને વ્યાઘાત પહોંચશે.

*નાસ્તિક* :- એ સૂત્રમાં જે તત્ત્વો કહ્યા છે તેના ઉપલક્ષણથી ચૈતન્યરૂપ પાંચમા તત્ત્વનું ગ્રહણ થાય છે તેથી આપત્તિ નથી.

*ઉત્તર* :- શાબાશ ! જો આમ ઉપલક્ષણથી પાંચમાં તત્ત્વને સ્વીકારવાની તમારી હિંમત હોય, તો ઉપલક્ષણથી પાંચમા તત્ત્વતરીકે આત્મતત્ત્વને પણ સ્વીકારી શકાય. (મૂળ સૂત્રકારે માત્ર ચાર જ તત્ત્વ દર્શાવ્યા. પાંચમું તત્ત્વ ઉપલક્ષણથી લેવું કે નહિ ? અથવા ઉપલક્ષણથી પાંચમું ક્યું તત્ત્વ લેવું ? તેનો નિર્ણય કર્યો નથી. તેથી જો ઉપલક્ષણથી તત્ત્વાન્તરની કલ્પના કરવાની હોય, તો જે કલ્પના સૌથી સુસંગત હોય, અને લાઘવયુક્ત હોય, તે જ માન્ય બને.) તેથી હવે તમે ઉપરોક્ત સૂત્રના બળથી પાંચમાં તત્ત્વનો કે આત્મતત્ત્વનો નિષેધ કરી શકો તેમ નથી. મૂળકાર આ જ વાત 'અબ્ભુવ્વગમમ્મિ' સૂત્રથી કહે છે. આમ જો તમે તત્ત્વાન્તર સ્વીકારશો, તો 'ભૂતથી ભિન્ન આત્મા નથી' ઇત્યાદિરૂપ તમારો જે સિદ્ધાંતરૂપકૃતાન્ત=યમ છે તેનો તમારાપર દ્વેષ ઉત્પન્ન થશે. કેમકે તમે માત્ર શબ્દના ફેરથી આત્મતત્ત્વને સ્વીકારી લીધું છે. તમે 'ભૂતોથી ભિન્ન ધર્મિરૂપ ચૈતન્ય છે' તેમ સ્વીકારો, અને અમે તેને જ ભૂતથી ભિન્ન જીવરૂપે સ્વીકારીએ તેમાં શબ્દ સિવાય બીજું આંતરુ નથી. વળી તમે જે કહ્યું કે 'આ ચૈતન્યધર્મી ઘડાવગેરેની જેમ ભૂતોમાંથી ઉત્પન્ન થાય છે' તે પણ બરાબર નથી. કેમકે ભૂતોમાંથી ચૈતન્યની ઉત્પત્તિનું સાધક પ્રમાણ હાજર ન હોવાથી ચૈતન્યની ભૂતોમાંથી ઉત્પત્તિ વ્યાજબી નથી. ચૈતન્યને ભૂતના કાર્યતરીકે સિદ્ધ કરનાર કોઇ પ્રમાણ અમને દેખાતું નથી. તે આ પ્રમાણે-પ્રત્યક્ષપ્રમાણ હાજર નથી. કેમકે અતીન્દ્રિય વિષયમાં તેનો અવકાશ નથી. ઉત્પન્ન કે અનુત્પન્ન ચૈતન્ય ભૂતોના કાર્યતરીકે પ્રત્યક્ષપ્રમાણનો વિષય બનતું નથી. કેમકે પ્રત્યક્ષજ્ઞાન સ્વયોગ્ય સમીપવર્તી વિષયને જ ગ્રહણ કરવા સમર્થ છે. ચૈતન્ય અમૂર્ત હોવાથી પ્રત્યક્ષયોગ્ય જ નથી.

વળી ભૂતો 'હું ભૂતોનું કાર્ય છું' એવું આત્માવિષયક પ્રત્યક્ષબોધ કરવા સમર્થ નથી. કેમકે કાર્યકારણભાવનો નિર્ણય અન્વયવ્યતિરેકના નિશ્ચયથી થાય છે. આત્માતરીકે ઇષ્ટ એવા કાર્યરૂપ ભૂતો અને કારણરૂપ ભૂતો વચ્ચે અન્વયવ્યતિરેક સિદ્ધ નથી. કેમકે કારણરૂપ ભૂતોના અભાવમાં આત્માની અનુપલબ્ધિ થાય, તો કાર્યકારણભાવઅંગેનો વ્યતિરેક નિશ્ચિત થાય. પણ તેમ નથી. કેમકે કારણરૂપ ભૂતોના અભાવમાં પણ કાર્યરૂપ આત્મસ્વરૂપ ભૂતોના અનુપલમ્ભનો અભાવ હોય છે. અર્થાત્ હાજરી હોય છે. (અથવા 'જો કારણનો અભાવ હોય, તો કાર્યનો પણ અભાવ હોય' તેવા વ્યતિરેકનો નિર્ણય થતો નથી. કેમકે સર્વત્ર ભૂતરૂપ કારણસામગ્રી ઉપલબ્ધ જ હોય છે. આમ અહીં કારણની ગેરહાજરી રૂપ વ્યતિરેકનો નિર્ણય થતો નથી. તાત્પર્ય અહીં માત્ર કેવલાન્વયી અનુમાન જ છે. તેથી અન્વય-વ્યતિરેકથી સાધ્ય કાર્યકારણભાવનો નિર્ણય થઇ શકે તેમ નથી. તેથી ભૂતો 'હું ભૂતોનું કાર્ય છું' તેવો નિર્ણય કરી શકે તેમ નથી.) (અથવા જો ભૂતના કાર્યરૂપે જ આત્મારૂપ ભૂત હોય, તો વ્યતિરેક નિર્ણય જ થઇ શકે નહિ. કેમકે કારણરૂપ ભૂતોના અભાવમાં કાર્યરૂપ આત્માસ્વરૂપ ભૂતોનો પણ અભાવ આવે, તો વ્યતિરેક નિર્ણય કરે કોણ ? એમ તો

अह धम्मी, तत्तंतरसिद्धी, अब्भुवगमम्मि य पदोसो ।
धणिमित्तेण तु भेया, ण य भूतेहिं तदुप्पत्ती ॥ ६२ ॥

(अथ धर्मी, तत्त्वान्तरसिद्धिः, अभ्युपगमे च प्रद्वेषः । ध्वनिमात्रेण तु भेदात्, न च भूतेभ्यस्तदुत्पत्तिः ॥)

*अथ* न प्रत्येकं भूतानि नापि भूतसमुदायश्चैतन्यस्य **धर्म्मी**, किन्तु स्वयमेव तद्धर्मिरूपं, तच्च घटादिवत् भूतेभ्य उत्पद्यते, ततो न कश्चिद्दोष इति। *अत्राह*–*'तत्त्वान्तरसिद्धि'*:, यद्येवमिष्यते तर्हि तत्त्वान्तरसिद्धिप्रसङ्गः। तथा च सति *'चत्त्वार्येव पृथिव्यादीनि तत्त्वानीति'* तत्त्वसंख्यानियमव्याघातप्रसङ्गः । **सूत्रोक्ततत्त्वानामुपलक्षणत्वाददोष** इति चेत्, न, तथा सत्यात्मप्रतिषेधानुपपत्तेः । **एतदेवाह**––अभ्युपगमे च तत्त्वान्तरस्य क्रियमाणे प्रद्वेषः स्वकृतान्तस्य भूतव्यतिरिक्त आत्मा नास्तीत्यादिकस्य भवत आपद्यते। कुत इत्याह–ध्वनिमात्रेणैव भेदात्, **तथाहि**–त्वया भूतव्यतिरिक्तं धर्म्मिरूपं चैतन्यमस्तीत्यभ्युपगम्यते, अस्माभिस्तु तदेव भूतातिरिक्तं जीव इति । यदप्युक्तं *'तच्च घटादिवत् भूतेभ्य उत्पद्यत'* इति, तदप्ययुक्तं, कुत इत्याह––*'न येत्यादि'* न च भूतेभ्यस्तस्य चैतन्यस्योत्पत्तिर्युज्यते, तत्साधकप्रमाणाभावात्, न हि चैतन्यस्य भूतकार्यत्वे किमपि प्रमाणमुपलभामहे, **तथाहि**–न तावत्प्रत्यक्षम्, अतीन्द्रियविषये तस्याभावात्, न हि उत्पन्नमनुत्पन्नं वा चैतन्यं भूतानां कार्यमिति प्रत्यक्षव्यापारमुपैति, तस्य स्वयोग्यसन्निहितार्थग्रहणरूपत्वात्, चैतन्यस्य चामूर्त्तत्वेन तदयोग्यत्वात्, न च भूतानामहं कार्यमित्येवमात्मविषयं भूतकार्यत्वं प्रत्यक्षमवगन्तुमलं,कार्यकारणभावस्यान्वयव्यतिरेकनिश्चयसमधिगम्यत्वात्, व्यतिरेकनिश्चयनिबन्धनस्य चानुपलम्भस्य तत्राभावात्, न च तदुभयातिरिक्तः कश्चिदन्वयी तदुभयान्वयव्यतिरेकज्ञाताऽभ्युपगम्यते, **आत्मसिद्धिप्रसङ्गात्**, नाप्यन्यत्प्रमाणं, तस्यानभ्युपगमात्, *'प्रत्यक्षमेवैकं प्रमाणं, नान्यदितिवचनात्'* अभ्युपगमेऽपि ततो विवक्षितार्थप्रतीत्यसिद्धिः, अधिकृतचैतन्यवस्तुनोऽतथारूपत्वात्। **तथाहि**––न चैतन्यं पृथिव्यादि–

---

બને જ નહિ કે 'અહીં કારણભૂત ભૂતો ન હોવાથી કાર્યરૂપ હું પણ નથી' એવો પ્રત્યય થાય. આમ વ્યતિરેકનિર્ણયમાં કારણભૂત અનુપલબ્ધિનો અભાવ આવે છે.)

*નાસ્તિક :–* અહીં કારણરૂપ અને કાર્યરૂપ ભૂતોથી ભિન્ન અને બન્નેમાં અન્વય ધરાવતા અન્યની કલ્પના આવશ્યક છે. આ અન્ય જ કારણભૂત ભૂતોથી આત્મારૂપ કાર્યભૂત ભૂતોની ઉત્પત્તિનો નિર્ણય કરે છે.

*ઉત્તર :––* આ અન્ય ઉભયાન્વયી તત્ત્વ જો ઉભય (કાર્યરૂપ અને કારણરૂપ) ભૂતોથી ભિન્ન હોય, તો તે અમને માન્ય 'આત્મા' જ છે. કેમકે અમે આવા જ પ્રકારના આત્માનો સ્વીકાર કર્યો છે. તેથી તમે માર્ગ ભૂલ્યા–જ્યાંથી છૂટવા પ્રયત્ન કર્યો, ભમી ભમીને ત્યાં જ ભટકાઇ પડ્યા. જે આત્માની અસિદ્ધિ માટે અમારી સામે જંગ માંડ્યો, તેજ આત્માને તમે સિદ્ધ કરી દેખાડ્યો. આમ ભૂતો 'હું ભૂતકાર્ય છું' તેવો આત્મવિષયક પ્રત્યક્ષબોધ કરવા સમર્થ નથી.

*નાસ્તિક :–* તો, અમે અનુમાનપ્રમાણથી તેમ સિદ્ધ કરી બતાવશું. જૂઓ –

*ઉત્તર :–* બસ, આગળ મત બોલશો. તમે અનુમાન પ્રમાણ માનો છો જ ક્યાં ? કે જેના બળપર ભૂતવાદની સિદ્ધિ કરી શકો. કેમકે તમારું જ વચન છે *'માત્ર પ્રત્યક્ષ જ પ્રમાણ છે. બીજા નહિં.'*

*નાસ્તિક :–* અમે તો અનુમાનને પ્રમાણરૂપ માનતા જ નથી. પણ તમે બધા પ્રતિવાદીઓ અનુમાનવગેરેને પ્રમાણરૂપ માનો છો. તેથી તમારી આગળ તત્ત્વની સિદ્ધિ માટે જ તમને માન્ય અનુમાનનો સ્વીકાર કરીએ છીએ.

*ઉત્તર :–* અસ્તુ. તો પણ તમે તે બધા પ્રમાણથી પણ અધિકૃત ચૈતન્યને ભૂતકાર્યતરીકે સિદ્ધ કરી શકો તેમ નથી, કેમકે ચૈતન્યતત્ત્વ ભૂતકાર્યરૂપ નથી. જો ચૈતન્ય પૃથ્વીવગેરે ભૂતોનું કાર્ય હોય, તો ચૈતન્યનો 'ભૂતમાત્રજન્યસ્વભાવ' અને ભૂતમાત્રનો 'ચૈતન્યજનકસ્વભાવ' હોવો જોઇએ. તેથી હંમેશા અને બધે જ ઘડાવગેરેમાં પુરુષવગેરેની જેમ વ્યક્ત ચૈતન્યની ઉત્પત્તિ થવી જોઇએ. કેમકે ઉભયત્ર (=પુરુષ અને ઘડાવગેરેરૂપ) ભૂતમાત્રરૂપ નિમિત્ત સમાનરૂપે હાજર છે. તેથી જો ચૈતન્ય ભૂતમાત્રના કાર્યરૂપ હોય, તો ઘડાવગેરે પુરુષવગેરેને તુલ્ય બની જાય (જડ અને ચૈતન્ય વચ્ચે કોઇ ભેદ ન રહે. આખુ જગત માત્ર ચૈતન્યથી જ છલકાઇ જાય.) પણ આ પ્રત્યક્ષબાધિત છે. તેથી ચૈતન્યને ભૂતમાત્રના કાર્યરૂપ માની શકાય નહિ.

## *(કાયાકાર પરિણતિવાદનું ખંડન)*

*નાસ્તિક :–* *'કાયાકાર અને પ્રાણાપાનતરીકે પરિગૃહીત=પરિણમેલા ભૂતોમાંથી જ ચૈતન્ય પ્રગટે છે નહિ કે બધા જ અવિશિષ્ટ ભૂતોમાંથી'* એવું વચન છે તેથી કાયાકાર વગેરેથી સભર પુરુષમાં જ ચૈતન્ય ઉપલબ્ધ થશે અને કાયાકારવગેરેથી અયુક્ત એવા ઘટાદિમાં ચૈતન્ય ઉપલબ્ધ નહિ થાય. તેથી અમારે પૂર્વોક્ત કોઇ દોષને અવકાશ નથી.

*ઉત્તર :–* આ વાત અમાન્ય છે. કેમકે તમારા મતે કાયાકારપરિણામ જ યુક્તિસંગત બનતો નથી. તે આ પ્રમાણે આ કાયાકારપરિણામમાં કારણ કોણ છે ? (૧) શું પૃથ્વીવગેરે ભૂતમાત્ર જ કારણ છે ? કે એ ભૂતોથી ભિન્ન બીજી કોઇ વસ્તુ ? કે પછી આ કાયાકારપરિણામ નિર્હેતુક છે ? પ્રથમપક્ષ જો માન્ય હોય, તો પૃથ્વીવગેરે ભૂતોની હાજરી તો ઘડાવગેરે સર્વત્ર સમાનરૂપે છે. તેથી સર્વત્ર કાયાકારપરિણામની ઉપલબ્ધિનો પ્રસંગ છે. જે તમને પણ અમાન્ય છે.

भूतमात्रकारणं, तथा सति चैतन्यस्य भूतमात्रजन्यस्वभावत्वात्, तेषामपि तज्जननस्वभावत्वात्, सदा सर्वत्र च घटादौ पुरुषादिष्विव व्यक्तचैतन्योत्पादो भवेत्, निमित्ताविशेषात्, एवं च सति घटादीनां पुरुषादीनां चाविशेषः स्यात्, स च प्रत्यक्षबाधित इति यत्किंचिदेतत्। **स्यादेतत्**, *'कायाकारप्राणापानपरिग्रहवद्भ्यो भूतेभ्यस्तदुत्पद्यते नाविशिष्टेभ्य'* इति वचनान्न नः पूर्वोक्तातिप्रसङ्गदोषावकाश इति, तदयुक्तम्, त्वन्मतेन कायाकारपरिणामस्यैव युक्त्यानुपपत्तेः **तथाहि**--स कायाकारपरिणामः किं पृथिव्यादिमात्रनिबन्धनः, किं वा वस्त्वन्तरनिमित्तः उताहेतुक इति, **यद्याद्यः पक्षस्ततस्तस्याः** पृथिव्यादिसत्तायाः सर्वत्राविशेषात् सर्वत्रापि कायाकारपरिणामप्रसङ्गः, **तथाविध** साम्यादिभावसहकारिकारणवैकल्यान्न सर्वत्र तत्परिणामप्रसङ्ग इति चेत्, **तन्न** यस्मात्सोऽपि साम्यादिभावो न वस्त्वन्तरनिबन्धनः, तत्त्वान्तरापत्तिप्रसङ्गात्, किंतु पृथिव्यादिसत्तामात्रनिबन्धनः, अतस्तस्यापि सर्वत्राविशेषेण भाव-प्रसङ्गात् कुतः सहकारिकारणवैकल्यमिति। **अथ** वस्त्वन्तरनिमित्त इति पक्षः, तदप्ययुक्तं, तथाभ्युपगमे सत्यात्म-सिद्धिप्रसङ्गात्, तथाभूतवस्त्वन्तरयोगादेव हि विशिष्टकायाकारपरिणामभाव उपपद्यते नान्यतः, तथाच सति न कश्चिद्दोष इति। **अथाहेतुकस्तर्हि** सदाभावादिप्रसङ्गः, *'नित्यं सत्त्वमत्त्वं वाऽहेतोरन्यानपेक्षणादिति न्यायात्'* तन्न त्वन्मतेन कायाकारपरिणामो घटते, तदभावे तु दूरोत्सारितमेव प्राणापानपरिग्रहवत्त्वममीषां भूतानामिति ॥६२॥

इतश्च न भूतेभ्यश्चैतन्यस्योत्पत्तिर्युज्यते यत आह--

**जं कारणाणुरूवं कज्जं भूयाणमणणुरूवं च ।**
**चेतन्नं भणियमिणं सिय संगसरेहि वहिचारो ॥ ६३ ॥**

(यत् कारणानुरूपं कार्यं भूतानामननुरूपं च । चैतन्यं भणितमिदं स्यात् शृंगशराभ्यां व्यभिचारः ॥)

---

*નાસ્તિક* :- ઘડાવગેરે અન્યત્ર તથાવિધસામ્યાદિભાવરૂપ સહકારી કારણની વિકલતા (=અભાવ) હોવાથી ત્યાં સર્વત્ર કાયાકારપરિણામ ઉપલબ્ધ નહિ થાય. પુરુષાદિમાં તથાવિધસામ્યાદિભાવરૂપ સહકારી કારણો હાજર છે, તેથી ત્યાં જ તેવો કાયાકાર પરિણામ સંભવે છે. તેથી આપત્તિ નથી.

*ઉત્તર* :-આ સામ્યાદિભાવમાં પણ કારણ કોણ છે ? અન્ય વસ્તુ કે ભૂતો ? અન્ય વસ્તુને કારણ માનવામાં ભૂતોથી ભિન્ન તત્ત્વની સિદ્ધિ થાય. જે અનિષ્ટ છે. તેથી એ સામ્યાદિભાવમાં વસ્ત્વન્તરને કારણ માનશો નહિ. હવે જો સામ્યાદિભાવમાં પણ પૃથ્વીવગેરે ભૂતમાત્ર જ કારણ હોય તો પૃથ્વીવગેરે ભૂતો તો સર્વત્ર સમાનરૂપે હાજર છે. તેથી તે સામ્યાદિભાવરૂપ સહકારી કારણ પણ સર્વત્ર ઉપલબ્ધ થશે જ. તેથી સર્વત્ર સહકારી કારણનો પણ અભાવ નથી. આમ સર્વત્ર કાયાકારપરિણામ ઉપલબ્ધ થશે. અર્થાત્ સર્વત્ર કાયાકારપરિણામનો પ્રસંગ ઉભો છે.

*નાસ્તિક* :- 'કાયાકારપરિણામમાં ભૂતોથી ભિન્ન વસ્તુ કારણ છે' તેવો બીજો વિકલ્પ અમને ઇષ્ટ છે.

*ઉત્તર* :- ચિરં જીવ ! બસ, આ વસ્ત્વન્તર જ આત્મા છે. આમ આત્મતત્ત્વની સિદ્ધિ થાય છે. આ આત્મારૂપ વસ્ત્વન્તરના સંબંધથી જ વિશિષ્ટ કાયાકારપરિણામ યુક્તિસિદ્ધ થઇ શકે છે, નહિ કે તે સંબંધ વિના જ. તેથી આ વિકલ્પ સ્વીકારવામાં કોઇ દોષ નથી. અને આત્મતત્ત્વની સિદ્ધિ થાય છે.

*નાસ્તિક* :- કાયાકારપરિણામ પાછળ કોઇ કારણ કામ કરતું નથી. અર્થાત્ કાયાકારપરિણામ નિર્હેતુક છે.

*ઉત્તર* :- તો પછી હંમેશા કાયાકારપરિણામ રહેવો જોઇએ, કેમકે *'નિત્ય સત્ત્વ અથવા નિત્ય અસત્ત્વ અન્ય હેતુઓની અપેક્ષા રાખતું નથી'* એ વચન છે. તેથી જો કાયાકારપરિણામ સ્વોત્પત્તિમાટે કોઇ હેતુની અપેક્ષા રાખતું ન હોય, તો તે પરિણામ કાંતો નિત્ય સત્ હોય, કાંતો નિત્ય અસત્ હોય. નિત્ય અસત્ તો ખપુષ્પની જેમ કંઇ કામનું નથી. અને જો નિત્યસત્ હોય, તો હંમેશા કાયાકારપરિણામ રહેવો જોઇએ. (અને તો મૃત્યુવગેરે લોકપ્રસિદ્ધ ભાવો અસંગત ઠરે.) તેથી તમારા (નાસ્તિક) મતે કાયાકારપરિણામ કોઇપણ વિકલ્પથી યુક્તિસંગત ઠરતો નથી. અને તેના અભાવમાં (= અસંગતિમાં) ભૂતોનો પ્રાણાપાન પરિણામ સર્વથા અસંગત ઠરે છે. ॥૬૨॥

*(કારણાનુરૂપકાર્યનિયમ અનૈકાન્તિક-નાસ્તિક)*

વળી આ હેતુથી પણ ભૂતોમાંથી ચૈતન્યની ઉત્પત્તિ યુક્તિયુક્ત બનતી નથી. ક્યા હેતુથી ? તે બતાવે છે -

*ગાથાર્થ* :- કારણને અનુરૂપ કાર્ય હોય છે. અને ચૈતન્ય ભૂતોને અનુરૂપ નથી, તે પૂર્વે કહ્યું છે. અહીં બીજો કહે છે કે 'શૃંગ અને શર=બાણથી વ્યભિચાર છે.'

સર્વત્ર કારણને અનુરૂપ જ કાર્ય થતું દેખાય છે. જેમકે માટીના પિંડરૂપ કારણને અનુરૂપ ઘટકાર્ય. ચૈતન્ય ભૂતોને અનુરૂપ નથી, એ વાત પૂર્વે જ 'બોધસ્વભાવવાળું, અમૂર્ત' ઇત્યાદિ વચનથી કરી જ છે. તેથી ચૈતન્ય ભૂતકાર્યતરીકે સિદ્ધ નથી.

*નાસ્તિક* :- શૃંગ અને શરનું દૃષ્ટાંત 'કારણને અનુરૂપ જ કાર્ય હોય' તેવા નિયમને વ્યભિચારદોષગ્રસ્ત બનાવે છે. તેથી તમારો નિયમ રહેતો નથી. એ તો દેખીતી વાત છે કે, શૃંગમાંથી જે શર (= બાણ) બને છે તે શૃંગરૂપ પોતાના કારણને અનુરૂપ નથી. વળી ઉંઘીને ઉઠેલામાં ચૈતન્યની હાજરી દેખાય છે. આ ચૈતન્ય આવ્યું ક્યાંથી? 'તે તે

'यत्' यस्मात्कारणानुरूपं कार्यं भवत् दृष्टं, यथा मृत्पिण्डस्य घटः, चैतन्यं च भूतानामननुरूपं, एतच्चाननुरूपत्वं प्रागेव'*बोहसहावममुत्तमि*'त्यादिना भणितं, तस्मान्न चैतन्यं भूतानां कार्यम्। स्यादेतत्, शृङ्गशराभ्यामिह व्यभिचारः, **तथाहि**--शृङ्गस्य कार्यं शरो भवति, न च स तदनुरूप इति, अपि च-सुप्तप्रबुद्धस्य दृश्यते तावच्चैतन्यं, न च तत्तदन्यचैतन्यपूर्वकं, सुषुप्ता(प्तय)वस्थायां चैतन्यस्याभावात्, उपलभ्यस्य सतस्तदानीमनुपलम्भात्, तथापि चेत्तदा तत्कल्पना, तर्ह्यतिप्रसङ्गः, न चाहेतुकं तत्, सदाभावादिप्रसङ्गात्, नाप्यन्यनिमित्तं, तस्याप्रतीयमानत्वात्, किन्तु कायनिमित्तम् । न चेदमपि वक्तुं युक्तं भूतानां चैतन्यापेक्षया अत्यन्तवैलक्षण्यात्कथं तेभ्यस्तदुत्पत्तिरिति, लोके भिन्नजातीयादपि कारणाद्भिन्नजातीयकार्योत्पत्तिदर्शनात्, **तथाहि**--सूक्ष्माप्रदेशपरमाणुभ्यः स्थूरसप्रदेशघटादिकार्यभावो दृश्यत एवेति, नापि प्रत्येकावस्थायामेकान्तेनासतश्चैतन्यस्य समुदितावस्थायां कथं तेभ्य उत्पादोऽन्यथा पञ्चमभूतस्याप्युत्पत्तिर्भवेदित्यभिधातव्यं, **पर्यायेण** व्यभिचारात्, स हि प्रागवस्थायामसन्नपि प्रादुर्भवन्दृष्टो, न चासत्त्वाविशेषेण तत्रान्यभावप्रसङ्गः, कारणशक्तिनियमात्, तद्वदत्रापि भविष्यतीति भूतकार्यता चैतन्यस्येति ॥ ६३ ॥ **अत्रोच्यते**-तत्र यत्तावदुक्तं *'शृङ्गशराभ्यां व्यभिचार'* इति, तत्राह---

---

ચૈતન્ય તેની તેની પૂર્વના ચૈતન્યપૂર્વક જ હોય છે" તેવું નહિ કહેવું કેમકે ઉંઘીને ઉઠેલાની પૂર્વાવસ્થા ઉંઘની છે, અને આ ઉંઘની અવસ્થા વખતે ચૈતન્યનો અભાવ છે. કેમકે તે ઉપલબ્ધ થવા યોગ્ય હોવા છતાં ઉપલબ્ધ થતું નથી.

*શંકા* :- ઉંઘઅવસ્થામાં ચૈતન્યની સ્પષ્ટ ઉપલબ્ધિ નથી. છતાં, અસ્પષ્ટરૂપે તો ચૈતન્ય રહેલું જ હોય છે.

*નાસ્તિક* :- આ ખોટો કદાગ્રહ છે. સ્પષ્ટ ન દેખાવા છતાં આવી કલ્પના કરીને ઉંઘવખતે ચૈતન્યની હાજરી માનવામાં અતિપ્રસંગ છે. કેમકે આમ તો તેવખતે ખપુષ્પવગેરે ઘણી વસ્તુની અસ્પષ્ટ હાજરી માની શકાય. તેથી 'સુષુપ્તિકાળે ચૈતન્ય નથી, કેમકે ઉપલંભને યોગ્ય હોવા છતાં ઉપલબ્ધ થતું નથી' આ અનુમાનદ્વારા ચૈતન્યનો અભાવ જ સિદ્ધ થાય છે.

*શંકા*:- સુષુપ્તિઉત્તરકાળે ચૈતન્ય અહેતુક ઉત્પન્ન થાય છે.

*નાસ્તિક* :- આગળ જ તમે બતાવી ગયેલા ન્યાયથી એ વાત સિદ્ધ છે કે, જે અહેતુક હોય, તે કાંતો આકાશની જેમ નિત્યસત્ હોય, કાંતો ખપુષ્પની જેમ નિત્ય અસત્ હોય. તેથી 'અહેતુક ચૈતન્યને નિત્ય વિદ્યમાન માનવું' વગેરે દોષો છે.

*શંકા* :- સુષુપ્તિઉત્તરકાળે ચૈતન્ય આત્મારૂપ અન્ય નિમિત્તથી ઉત્પન્ન થાય છે.

*નાસ્તિક* :- તે આત્મારૂપ અન્ય પ્રતીત થતો નથી. તેથી તેને ચૈતન્યમાં નિમિત્ત માની શકાય નહિ. તેથી પારિશેષ ન્યાયથી આ ચૈતન્યના નિમિત્ત=ઉત્પાદકતરીકે કાયા જ સિદ્ધ થાય છે.

*શંકા* :-અમે તમને પૂર્વે કહ્યું તો ખરું, કે ભૂતો ચૈતન્યની અપેક્ષાએ અત્યંત વિલક્ષણસ્વભાવવાળા છે. આવા વિલક્ષણસ્વભાવવાળા ભૂતોમાંથી ચૈતન્ય શી રીતે ઉત્પન્ન થઇ શકે ?

*નાસ્તિક* :- એવો જડ નિયમ નથી, કે કાર્ય અને કારણ સમાનજાતીય (=અવિલક્ષણ) જ જોઇએ લોકમાં ભિન્નજાતીય કારણમાંથી ભિન્નજાતીય કાર્ય ઉત્પન્ન થતું દેખાય જ છે. જુઓ-અત્યંતસૂક્ષ્મ અને પ્રદેશવિનાના (=અપ્રદેશી ) પરમાણુઓમાંથી ઉત્પન્ન થતા ઘટવગેરે કાર્યો સ્થૂળ, અને પ્રદેશવાળા હોય છે.

*શંકા* :- પણ ભૂતોની પ્રત્યેકઅવસ્થામાં અત્યન્ત અસત્ ચૈતન્ય સમુદિતઅવસ્થામાં તે ભૂતોથી શી રીતે ઉત્પન્ન થઇ શકે ? અત્યન્ત અસત્‌ની પણ જો ઉત્પત્તિ થતી હોય, તો પાંચમાં ભૂતની કેમ ઉત્પત્તિ થતી નથી ?

*નાસ્તિક* :- આ પણ તમારો 'પૂર્વે જે અત્યન્તઅસત્ હોય તેની ઉત્પત્તિ થાય જ નહિ' એવો જડ નિયમ વ્યભિચારદોષગ્રસ્ત છે. કેમકે તે તે પર્યાયો પોતાની ઉત્પત્તિના પૂર્વકાળે અત્યંત અસત્ હોવા છતાં ઉત્પન્ન થતા દેખાય જ છે. તેથી પૂર્વની પ્રત્યેક અવસ્થામાં અસત્ ચૈતન્ય ઉત્તરની સમુદિતઅવસ્થામાં ઉત્પન્ન થઇ શકે છે.

*શંકા* :- પૂર્વકાળે ચૈતન્ય અને પંચમભૂત વગેરે સમાનરૂપે અસત્ છે. તેથી જો ઉત્તરકાળે તે સમુદિતઅવસ્થામાં ચૈતન્યનો પ્રાદુર્ભાવ થઇ શક્તો હોય, તો પાંચમા ભૂત વગેરેનો પણ પ્રાદુર્ભાવ થવો જોઇએ, કેમકે અહીં તુલ્યરૂપે અસત્ વસ્તુમાં એકને જ ઉત્પન્ન કરવામાં નિયામક તરીકે કોઇ હાજર નથી.

*નાસ્તિક* :- પૂર્વકાળે સમાન અસત્ એવા પર્યાયોમાંથી તે તે કાળે તે તે નિયત જ પર્યાયો ઉત્પન્ન થાય છે. અને બીજા નથી થતા તેમાં નિયામક કોણ છે ?

*શંકા* :- અસતરૂપે સમાન પર્યાયોમાં પણ નિયત પર્યાયોની ઉત્પત્તિમાં કારણગત શક્તિવિશેષ જ નિયામક છે. તેથી પર્યાયોમાં નિયત પર્યાયો જ ઉદ્ભવ પામે છે અને બીજાની હાજરી રહેતી નથી.

*નાસ્તિક* :- બસ, એજ વાત પ્રસ્તુતમાં પણ લાગુ પડે છે. ભૂતસમુદાયરૂપ કારણમાં જ એવી શક્તિ છે કે જેથી પંચમભૂત, ચૈતન્યવગેરે અનેક અસત્ વસ્તુઓમાંથી ચૈતન્ય જ પ્રાદુર્ભાવ પામે. આમ ચૈતન્ય ભૂતોના કાર્યતરીકે સિદ્ધ થાય છે. ॥૬૩॥

संगंपि भूयसमुदयरूवं हंदि उ सरोऽवि तह चेव ।

इय अणुरूवत्तं चिय भेदे तत्तंतरावत्ती ॥ ६४ ॥

(शृङ्गमपि भूतसमुदायरूपं हंदि तु शरोऽपि तथा चैव। इति अनुरूपत्वमेव भेदे तत्त्वान्तरापत्तिः॥)

यस्मात् शृङ्गमपि भूतसमुदायमात्रं, *'हंदी'*त्युपप्रदर्शने, यदुक्तमनयोरानुरूप्यं नास्तीति तदेतदानुरूप्यमिदानी प्रदर्श्यत इत्यर्थः। शरोऽपि तथा चैव भूतसमुदायमात्रं शृङ्गैकदेशवर्तिभूतसमुदायस्यैव शरतया परिणममानत्वात् इति । तस्मादुभयोरपि शृङ्गशरयोरनुरूपत्वमेव, शरस्य शृङ्गलक्षणस्वकारणधर्म्मानुगमसंभवात्, अन्यथा कारणधर्मा- ननुगमेन शरस्य भेदेऽत्यन्तवैलक्षण्याङ्गीकृते सति अत्यन्तासत एव तस्योत्पादोऽभ्युपगतः स्यात्, तथा च सति असत्त्वाविशेषात् शरस्येव तत्त्वान्तरस्यापि पञ्चमभूतादेरापत्तिः प्रसज्येतेति ॥ ६४ ॥ अत्र परस्याभिप्रायमाह---

सिय वइचित्तं दिट्ठं सहावभेदेण भूतकज्जाणं ।

चेतन्नस्सवि एवं तक्कज्जत्तम्मि किमजुत्तं ॥ ६५ ॥

(स्यात् वैचित्र्यं दृष्टं स्वभावभेदेन भूतकार्याणाम् । चैतन्यस्यापि एवं तत्कार्यत्वे किमयुक्तम्॥ )

स्यादेतत्, भूतकार्याणां घटपटादीनां स्वभावभेदेन वैचित्र्यं दृष्टम्, *'एवम्'* अमुना प्रकारेण चैतन्यस्यापि *'तत्कार्यत्वेऽपि'* भूतकार्यत्वेऽपि यदि तदन्यकार्येभ्योऽत्यन्तवैलक्षण्यं भवेत् किमयुक्तं भवेत्?, नैव किंचिदिति भावः ॥ ६५ ॥ अत्रोत्तरमाह--

जमखिलतक्कज्जाणं, विलक्खणं सव्वहा अमुत्तादि ।

तस्साहव्वम्मि (व्वेऽवि) य किमिह कोसपाणं विणा माणं ॥ ६६ ॥

(यदखिलतत्कार्याणां विलक्षणं सर्वथा अमूर्त्यादि । तत्स्वभावत्वेऽपि च किमिह कोशपानं विना मानम् ॥)

रूपादिसंस्थानविशेषो मूर्त्तिस्तदभावोऽमूर्तिरादिशब्दाद्बोधरूपतादिपरिग्रहः।ततो यदमूर्त्यादि, अखिलतत्कार्याणां निःशेषभूतकार्याणां सर्वथा एकान्तेन विलक्षणं,तत्स्वाभाव्येऽपि च अमूर्त्यादिस्वभावत्वेऽपि भूतकार्यस्य सतश्चैतन्य-

---

હવે આચાર્યવર્ય નાસ્તિકના આ પૂર્વપક્ષનું ક્રમશઃ સમાધાન આપે છે. તેમાં સૌ પ્રથમ 'શૃંગ અને શરથી વ્યભિચાર છે.' એવું જે કહ્યું તેનો ઉત્તર આપે છે.-

*(કારણઅનુરૂપકાર્યનિયમ એકાન્તિક - ઉત્તરપક્ષ)*

*ગાથાર્થ* :- શૃંગ પણ ભૂતસમુદાયમાત્રરૂપ છે, અને શર પણ શૃંગના જ એકદેશમાં રહેલા ભૂતસમુદાયથી બનેલું હોવાથી ભૂતસમુદાયમાત્રરૂપ જ છે. તેથી બીજાઓએ આ બન્નેવચ્ચે જે અનુરૂપતાનો અભાવ બતાવ્યો, તે અસિદ્ધ થાય છે. આમ શરમાં સ્વકારણશૃંગગત ધર્મ આવે છે. તેથી શૃંગ અને શરવચ્ચે અનુરૂપતા છે જ. જો શરમાં કારણગત ધર્મ સર્વથા આવતો ન હોય, અને તેથી જો શરને શૃંગથી અત્યન્તભિન્ન સ્વીકરશો, તો પૂર્વ અત્યન્ત અસત્ એવા શરની ઉત્પત્તિ માનવાનો પ્રસંગ આવશે. અને તો, તત્ત્વાન્તર=પંચમભૂત વગેરેની પણ ઉત્પત્તિ માનવાની આપત્તિ છે. કેમકે પંચમભૂત પણ સમાનતયા અસત્ છે. આમ કારણને અનુરૂપ જ કાર્ય સિદ્ધ થાય છે. ॥ ૬૪ ॥

અહીં બીજાનો અભિપ્રાય દર્શાવે છે.

*ગાથાર્થ* :- અહી કોઇ તર્ક કરે કે, 'ભૂતના કાર્યોમાં સ્વભાવભેદથી વિચિત્રતા દેખાય છે. તેથી ચૈતન્ય ભૂતનું કાર્ય હોય, તોપણ ભૂતના અન્યકાર્યોથી અત્યન્ત વિલક્ષણ હોય, તેમ માનવામાં શો વાંધો છે ?

*નાસ્તિક* :- શૃંગ અને શરના દૃષ્ટાંતમાં ભલે તમે કાર્ય-કારણની અનુરૂપતા સિદ્ધિ કરી, તો પણ કાર્યો સર્વથા કારણને અનુરૂપ તો સિદ્ધ થતા જ નથી. કેમકે જો કારણ સર્વથા અનુરૂપ કાર્યને જ ઉત્પન્ન કરતું હોય, તો કારણ-કાર્ય વચ્ચે ભેદ ન રહે. વળી, ભૂતસમુદાયરૂપ એક જ કારણથી ઉત્પન્ન થતા હોવા છતાં ઘડા, કપડા વગેરે કાર્યોમાં સ્વભાવના ભેદથી ઘણી વિચિત્રતા, પરસ્પર ભિન્નતા વગેરે દેખાય જ છે. તેથી એમ સિદ્ધ થાય છે કે (૧) કાર્ય સર્વથા કારણને અનુરૂપ ન હોય તથા (૨) ચૈતન્ય ભૂતનું કાર્ય હોય, તો પણ ઘટાદિ અન્યકાર્યોથી અને સ્વકારણ ભૂતાદિથી અત્યન્ત વિલક્ષણ સંભવી શકે છે. કેમકે એ વિલક્ષણતા કારણજનિત નથી, પરંતુ સ્વભાવભેદજનિત છે. અહીં ઘટ, પટ વગેરે ભૂતસમુદાયના કાર્યોમાં રહેલી ઉભયપક્ષસમ્મત વિચિત્રતા અન્યથાઅનુપપત્તિદ્વારા પોતાના કારણતરીકે સ્વભવભેદને સિદ્ધ કરે છે. આમ સ્વભાવભેદના બળપર અત્યન્તવિલક્ષણ ચૈતન્યને પણ ભૂતસમુદાયના કાર્યતરીકે સિદ્ધ કરી શકાય. ॥૬૫॥

નાસ્તિકના આ તર્કનો જવાબ આપે છે -

*ગાથાર્થ* :- અમૂર્તિવગેરે ધર્મો ભૂતના સર્વકાર્યોથી સર્વથા વિલક્ષણ છે. આ અમૂર્તિવગેરે સ્વભાવવાળું હોવા છતાં ચૈતન્યને ભૂતનું કાર્ય માનવામાં કોશપાન વિના બીજું ક્યું પ્રમાણ છે ? અર્થાત્ આ ચૈતન્યને ભૂતના કાર્યતરીકે બીજા પાસે મનાવવામાં માત્ર સોગંદ જ સહાયક છે, નહિ કે બીજા યુક્તિસિદ્ધ પ્રમાણો.

રૂપઆદિ આકારવિશેષ મૂર્તિ છે. આ મૂર્તિનો અભાવ=અમૂર્તિ. 'અમૂર્તિઆદિ' એ વચનમાં 'આદિ'પદથી જ્ઞાન વગેરેનો સમાવેશ કરવો. ઘડાવગેરે બધા જ ભૂતકાર્યો મૂર્ત છે. આ કાર્યો પરસ્પર વિલક્ષણ હોવા છતાં તેઓ મૂર્તરૂપે

**स्येष्यमाणे, किमिह कोशपानं विना अन्यत् मानं–प्रमाणं भवेत्, नैव किंचिदिति भावः । ततो यदि भूतकार्यं चैतन्यं ततस्तस्य घटादेरिवामूर्त्त्यादि सर्वथा नोपलभ्येत, अथ च तत्तस्यानुभूयते, तस्मान्न भूतकार्यं चैतन्यम् । यदप्युक्तं, 'सुप्तप्रबुद्धस्य दृश्यते तावच्चैतन्यमित्यादि' । तदप्यसमीचीनम्, कायमात्राच्चैतन्यानुत्पत्तेः, अन्यथा सर्वेषाममरणप्रसङ्गात्, मृतावस्थायामपि कायाकारपरिणामापरित्यागतः स(सु)प्तप्रबुद्धावस्थायामिव चैतन्योत्पादप्रसक्तेः। न तत्र वाय्वादिसहकारिकारणं, तेनादोष इति चेत्, एतदुत्तरत्र निषेत्स्यामः। स्यादेतत्कायजमेव चैतन्यं, जरादिना तद्विकारे सति चैतन्यस्यापि विकारसिद्धेः। तदप्ययुक्तं कायविकाराऽभावेऽपि भावनाविशेषतोऽप्रीत्यादिभावेन चैतन्यविकारोपलब्धेः। यदि च देहविकारनिबन्धन एव चैतन्यविकारः स्यात्तर्हि नान्यतो भवेत्, तद्भावनिबन्धनस्य सकृदपि तमन्तरेणान्यतो भवनविरोधात्, अन्यथा निर्हेतुकत्वप्रसङ्गात्, तथाहि––यत् यदन्वयव्यतिरेकानुविधायि, तत्तद्धेतुकं, नान्यत्, न च देहविकारान्वयव्यतिरेकानुविधायी चैतन्यविकारस्तमन्तरेणापि भावनाविशेषवशेनाप्रीत्यादिभावतस्तद्विकारदर्शनात्। नाप्यप्रीत्यादिभेदभावान्वयव्यतिरेक(कानु)विधायी चैतन्यविकारस्तमन्तरेणापि भवता देहविकारतस्तद्विकाराभ्युपगमात्, तदेवमुभयोरपि हेतुत्वाभावाच्चैतन्यविकारस्य निर्हेतुकत्वप्रसङ्गः। तन्न देहविकारपूर्वकश्चैतन्यविकारः, किंत्वप्रीत्यादिभावपूर्वक एव, तथादर्शनात्। अन्यथोक्तनीत्या निर्हेतुकत्वप्रसङ्गात्। अप्रीत्यादिभावेऽपि देहविकारपूर्वक एव, जराद्यवस्थासु तथोपलम्भात्, तथाहि––जरादिना देहविकारस्तस्माच्चाप्रीत्यास्वास्थ्यादिभावस्तस्माच्च चैतन्यविकार इति चेत्, न, देहिवकाराभावेऽपि तथाविधसंकल्पवशतोऽप्रीत्यादिभावदर्शनात्। किञ्च–देहविकारमात्रे सति चैतन्यविकारदर्शनात्तस्य तत्कार्यत्वाभ्युपगमे विपर्ययापत्तिरप्यनिवारितप्रसरा, शोकहर्षाद्यवस्थासु, चैतन्यविकारतो देहविकारदर्शनात्, देहस्य चैतन्यकार्यत्वप्रसक्तेः। अपि च–व्याघ्रश्चौरो रक्ष आगच्छतीत्यादिशब्दर्शनात्, केषाञ्चिच्च रूधिरादिदर्शच्च चैतन्यविक्रियोपलभ्यते, न च तत्कार्यं चैतन्यमिष्यत इति यत्किंचिदेतत्। यदप्युक्तं, *'सुषुप्ता(प्त्य)वस्थायां चैतन्यस्याभावादुपलभ्यस्य सतस्तदानीमनुपलम्भादि'*ति, तदप्ययुक्तम्, स्वसंवेदनमात्रस्याव्यक्तस्य तदानीमप्यनुभूयमानत्वात्, अविगानेन तथा सकललोकप्रसिद्धेः। अन्यच्च**

---

સમાન છે. અને અમૂર્તતા તેઓથી અત્યંત વિલક્ષણ=ભિન્ન છે. ચૈતન્યમાં આ અમૂર્તિવગેરે ધર્મો રહેલા છે. આમ ઘટાદિ ભૂતકાર્યોથી અત્યન્તવિલક્ષણ અમૂર્તત્વવગેરે ધર્મોવાળા ચૈતન્યને ઘડાવગેરેની જેમ ભૂતના કાર્યતરીકે સ્વીકારી લેવામાં સ્વેચ્છાચાર જ કામ કરી રહ્યો છે. જો ચૈતન્ય ભૂતોનું જ કાર્ય હોત, તો ઘડાવગેરેની જેમ તે પણ મૂર્ત જ હોત, તેમાં અમૂર્તત્વ ક્દી પણ પ્રાપ્ત ન થાત. પરંતુ તેમાં (=ચૈતન્યમાં) અમૂર્તત્વનો જ પ્રમાણસિદ્ધ અનુભવ થાય છે. તેથી ચૈતન્ય ભૂતકાર્ય નથી. એટલું સમજી લેવું કે જેમ કાર્ય કારણને સર્વથા અનુરૂપ નથી હોતું, તેમ કારણથી સર્વથા વિરૂપ પણ નથી હોતું.

નાસ્તિકે આગળ જે ક્હ્યું કે 'સૂઈને ઉઠેલાને ચૈતન્ય હોય છે તેમ દેખાય છે' ઇત્યાદિ. એ બધું પણ તર્ક કે પ્રમાણ વિનાનું છે. કેમકે શરીરમાત્રથી કંઇ ચૈતન્ય ઉત્પન્ન થતું નથી. કેમકે ચૈતન્યના સંભવમાટે જો માત્ર શરીર જ કારણ હોય, તો કોઇનું મરણ જ ન થાય તેમ માનવાનો પ્રસંગ આવે. કેમકે મૃતઅવસ્થામાં પણ કાયાકારપરિણામનો ત્યાગ નથી. તેથી તે અવસ્થામાં પણ સૂઇને ઉઠેલાની જેમ ચૈતન્યની ઉત્પત્તિનો પ્રસંગ આવે.

*નાસ્તિક* :– મૃતઅવસ્થામાં વાયુવગેરે સહકારીકારણ હાજર ન હોવાથી તે વખતે ચૈતન્યની ઉત્પત્તિનો પ્રસંગ નથી.

*ઉત્તરપક્ષ* :– તમારી આ કાચ જેવી વાતના તર્કના પથ્થરથી ટુકડા આગળ ઉપર કરશું. તેથી તેના બળપર આપત્તિનું નિવારણ કરવાનું માંડી વાળો.

*(ચૈતન્યનો દેહવિકાર સાથે અસમ્બન્ધ)*

*નાસ્તિક* :– ચૈતન્ય કાયાથી જ ઉત્પન્ન થાય છે. કેમકે ઘડપણ વગેરેથી શરીરમાં વિકાર (=કરચલી વગેરે વિકૃતિ) ઉત્પન્ન થયે છતે ચૈતન્યમાં પણ વિકાર થતો દેખાય છે. (માટે જ લોકમાં પણ ક્હેવાય છે ને કે 'સાઠે બુદ્ધિ નાઠી')

*નિયમ* :– 'જેમાં વિકાર થતાં જેમાં વિકાર થાય તે તેનાથી ઉત્પન્ન થાય, જેમકે તન્તુમાં લાલરંગ આદિ વિકાર થાય છે તો પટમાં પણ તેવો વિકાર થાય છે તેથી પટ તન્તુથી ઉત્પન્ન થાય છે. શરીરમાં વિકાર થતાં ચૈતન્યમાં વિકાર થાય છે માટે ચૈતન્ય શરીરથી ઉત્પન્ન થાય છે.'

*ઉત્તરપક્ષ* :– તમારા આ નિયમને વ્યભિચારરૂપ ક્ષયરોગ લાગુ પડ્યો છે. કેમકે ઘણી વખત શરીરના વિકાર વિના પણ ભાવનાવિશેષથી અપ્રીતિવગેરે ભાવરૂપે ચૈતન્યમાં વિકાર ઉપલબ્ધ થતો દેખાય છે. ચૈતન્યના વિકારમાં જો દેહનો વિકાર જ કારણ હોત, તો તે વિકાર ભાવનાઆદિ અન્યથી થવો જોઇએ નહિ. કેમકે જે વસ્તુ જે ભાવનિમિત્તક હોય, તે વસ્તુ એકવાર પણ તે ભાવને છોડી અન્યથી થઇ શકે નહિ. અન્યથા તે વસ્તુની ઉત્પત્તિ નિર્હેતુક માનવાનો પ્રસંગ આવે. <u>નિયમ છે</u> – 'જે વસ્તુ જે ભાવના અન્વયવ્યતિરેકને અનુસરે તે વસ્તુ તે ભાવનિમિત્તક જ હોય, અન્યભાવનિમિત્તક ન જ હોય' ચૈતન્યમાં વિકાર દેહવિકારના અન્વયવ્યતિરેકને અનુસરતું નથી, કેમકે દેહવિકારના અભાવમાં પણ

स्मरणकार्यान्यथानुपपत्त्या सुषुप्त्यवस्थायां चैतन्यमस्तीति नियमात् प्रतिपत्तव्यम्, **तथाहि**--सुषुप्त्यवस्थाभाविस्वप्नादिचैतन्यविषयं स्मरणमविगानेनानुभूयते, न चाननुभूते तत् स्मरणमुपपद्यते, अतिप्रसङ्गात् । न च कायान्वयनिबन्धनमेव तत्स्मरणं, तथाप्रतीत्यभावात्, तत्स्वरूपसंस्पर्शिस्मृत्यननुभूतेस्तथापि चेदेवं कल्पना तर्ह्यतिप्रसङ्गः। न च तथास्वभावत्वसामर्थ्यात् कायादेव तत्समरणमिति वाच्यं, तस्य तथास्वभावत्वासिद्धेः, तत्साधकप्रमाणाभावात्। तस्मादनुभूतसुषुप्त्यवस्थाभाविचैतन्यविशेषनिबन्धनमेव तत्स्मरणम्। तथाच सिद्धं--सुषुप्त्यवस्थायामपि चैतन्यमिति । एतेन प्रागपि यदुक्तं *'तथापि चेतत्कल्पना'* इत्यादि तदपि निर्विषयमापादितं द्रष्टव्यं, प्रबुद्धावस्थाभाविचैतन्यस्य सुषुप्त्यवस्थाभाविचैतन्यपूर्वकत्वेनैव व्यवस्थापितत्वात्। यदप्यभ्यधायि,*'न चेदमपि वक्तुं युक्तं, चैतन्यापेक्षया अत्यन्तवैलक्षण्यादित्यादि'* तदपि न मनोरमम्। सूक्ष्माप्रदेशपरमाणूनां स्थूलप्रदेशघटादिकार्यापेक्षया अत्यन्तवैलक्षण्यासिद्धेर्मूर्त्तत्वादिधर्म्मसमन्वयात्, **तथाहि**--सूक्ष्मा अप्यणवो मूर्त्ता रूपाद्यात्मकत्वात्, न च अप्रदेशा एव ते परमाणवः, सतः क्वचिदवस्थानेन नियमत एव दिग्विभागभेदस्वभावात्, अन्यथा अवस्थानायोगात् । दिग्विभागभेदवतश्च नियमतः कथंचित्सप्रदेशत्वात् । न च वाच्यमेवं सति परमाणोः परमाणुत्वं विरुध्यत इति। तस्य तदन्याल्पतराभावनिबन्धनत्वात्, एतच्चोत्तरत्र विस्तरतरकेणाचार्यः स्वयमेव दर्शयिष्यति। ततश्चैवंभूतेभ्यः परमाणुभ्यस्तत्समुदायात्मकं स्थूलसप्रदेशघटादिकार्यमुपपद्यत एव, कारणविशेषधर्म्मानुगमेन तस्य तदनुरूपत्वात्। अपरस्त्वाह--

---

ભાવનાવિશેષથી અપ્રીતિવગેરેદ્વારા ચૈતન્યમાં વિકાર દેખાય છે. વળી તમે તો અપ્રીતિવગેરે વિના દેહના વિકારમાત્રથી પણ ચૈતન્યમાં વિકારનો સ્વીકાર કર્યો છે. તેથી ચૈતન્ય અપ્રીતિવગેરે ભાવોના પણ અન્વયવ્યતિરેકને અનુસરતું નથી. આમ દેહ અને અપ્રીતિવગેરે ભાવો આ બન્ને ચૈતન્યના હેતુ બનતા ન હોવાથી ચૈતન્યને નિર્હેતુક માનવાનો પ્રસંગ આવે છે. આમ દેહવિકારપૂર્વક ચૈતન્યનો વિકાર સિદ્ધ થતો નથી. (ઘણીવાર ઘડપણઆદિરૂપ દેહવિકારની હાજરીમાં પણ ચૈતન્યનો વિકાર થતો નથી, લોકમાં તો એવી કહેવત પણ છે કે 'ઘરડા ગાડા વાળે') તેથી ચૈતન્યવિકારને અપ્રીત્યાદિભાવપૂર્વક જ માનવો યુક્તિયુક્ત છે. કેમકે તે પ્રમાણે દેખાય છે. અને જો ચૈતન્યવિકારમાં અપ્રીત્યાદિને પણ કારણ ન માનશો, તો તેને નિર્હેતુક જ માનવાનું રહેશે.

*નાસ્તિક* :- અપ્રીતિવગેરેની હાજરીમાં થતો પણ ચૈતન્યવિકાર પરમાર્થથી તો દેહવિકારપૂર્વક જ છે. કેમકે ઘડપણવગેરે અવસ્થાઓમાં તે જ પ્રમાણે દેખાય છે. તે આ પ્રમાણે-ઘડપણવગેરેથી દેહવિકાર થાય છે. આ દેહવિકારથી અપ્રીતિ, અસ્વાસ્થ્યવગેરે ભાવો જન્મે છે.

*ઉત્તરપક્ષ* :- આ વાત પણ બરાબર નથી. કેમકે દેહના વિકારના અભાવમાં પણ તેવા પ્રકારના સંકલ્પોને કારણે અપ્રીતિવગેરે ભાવો પ્રગટતા દેખાય છે. વળી દેહવિકારમાત્રની હાજરીમાં ચૈતન્યનો વિકાર દેખાતો હોવાથી જો ચૈતન્યને દેહના કાર્યતરીકે સ્વીકારશો, તો વિપરીતકલ્પનાની આપત્તિ દુર્નિવાર બનશે. કેમકે શોક, હર્ષવગેરે અવસ્થામાં ચૈતન્યના વિકારથી દેહમાં વિકાર થતો દેખાય છે. (શોકઆદિ વખતે ગ્લાનિ, કૃશતાવગેરે અને હર્ષઆદિ વખતે પ્રફુલ્લતા, પુષ્ટિ વગેરે દેખાય છે.) આમ ચૈતન્યના વિકારથી દેહનો વિકાર સિદ્ધ થતો હોવાથી દેહને ચૈતન્યથી ઉત્પન્ન થયેલો માનવાની મોટી આપત્તિ છે.

વાસ્તવમાં તો જે ચૈતન્યના વિકારમાં નિમિત્તભૂત હોય, તેનાથી ચૈતન્ય ઉત્પન્ન થાય તેવો નિયમ જ બરાબર નથી. 'વાઘ આવે છે' 'ચોર આવે છે' 'રાક્ષસ આવે છે' વગેરે વચનના શ્રવણથી અને લોહીવગેરેના દર્શનમાત્રથી પણ ભયવગેરેથી કેટલાકના ચૈતન્યમાં વિકાર ઉત્પન્ન થાય છે. પણ એ શબ્દશ્રવણથી કે લોહીદર્શનથી ચૈતન્યની ઉત્પત્તિ કોઈને ઈષ્ટ નથી. તેથી ચૈતન્યના વિકારના બળપર ચૈતન્યની કાયાથી ઉત્પત્તિ માનવી બરાબર નથી.

વળી 'ઉંઘની અવસ્થામાં ચૈતન્યનો અભાવ છે, કેમકે ઉપલબ્ધિને યોગ્ય હોવા છતાં તેની ઉપલબ્ધિ થતી નથી' ઈત્યાદિ નાસ્તિકોનો જે પોકાર છે તે પણ બેકાર છે. કેમકે સ્વસંવેદનમાત્ર અને અવ્યક્ત એવું ચૈતન્ય તે વખતે (=ઉંઘવખતે) પણ અનુભવાય જ છે. કેમકે આ બાબત લોકોમાં નિર્દોષતયા પ્રસિદ્ધ છે. (તેથી જ ચૈતન્યના અભાવમાં લોકો મૃતનો વ્યવહાર કરે છે અને ચૈતન્યની અવ્યક્તિકાળે સુપ્ત(=સુતેલા)નો વ્યવહાર કરે છે. 'સુતેલા'ને કોઈ 'મરેલો' માનતા નથી.) વળી સ્મૃતિરૂપ કાર્યની અન્યથાઅનુપપત્તિ થતી હોવાથી પણ 'સુષુપ્તિઅવસ્થામાં ચૈતન્ય અવશ્ય છે' તેમ સ્વીકારવું જ જોઈએ. તથાહિ-ઉંઘમાં જોયેલા સ્વપ્નોઆદિરૂપ ચૈતન્યસંબંધી સ્મરણ જાગૃતકાળે નિર્ભ્રાન્તરૂપે અનુભવાય છે. અર્થાત્ ઉંઘમાં જોયેલા સ્વપ્નો તે પછીની જાગૃત અવસ્થામાં યાદ આવે જ છે. અને એ વાત તો સર્વમાન્ય છે, કે જે અનુભવ્યું હોય, તેનું જ સ્મરણ થાય. નહિ અનુભવેલી વસ્તુનું સ્મરણ થતું નથી. નહિ અનુભવેલી વસ્તુનું પણ સ્મરણ માનવામાં સર્વદા સર્વવસ્તુના સ્મરણઆદિરૂપ અતિપ્રસંગ આવે.

*નાસ્તિક* :- સુષુપ્તિકાળે જે શરીર હોય છે, તે જ શરીર તે પછીની જાગૃતઅવસ્થામાં હોય છે. આમ સુષુપ્તિકાળના શરીરનો જાગૃતકાળે અન્વય થાય છે. આ અન્વયના કારણે જ સુષુપ્તિકાળે જોયેલા સ્વપ્નોનું તે પછીના જાગૃતકાળમાં સ્મરણ થાય છે.

*ઉત્તરપક્ષ* :-આ વાત બરાબર નથી. કેમકે સુષુપ્તિકાળના શરીરના સ્વરૂપસાથે સંબંધ ધરાવતી સ્મૃતિનો અનુભવ થતો નથી. આમ સ્મૃતિમાં શરીરના અન્વયની નિમિત્તતા પ્રતીત થતી ન હોવાથી એ સ્મૃતિમાં શરીરના અન્વય

स्यादेतद् यदि परमाणुसमुदायात्मकं घटादिकार्यं तर्हि तेषां परमाणूनां प्रत्येकमिन्द्रियग्राह्यत्वाभावात् समुदितानां सतां कथं तेषामिन्द्रियग्राह्यता भवतीति, उच्यते, तथापरिणमनस्वभावतया तदा तेषां तत्स्वभावताभावात्, तथाहि--परमाणूनामेवायं स्वभावो येन तत्तत्कालाद्यपेक्षया तत्र तत्र तथाविभूतिकत्वपरिणामनैरन्तर्येण विशिष्ट-संस्थानवन्तोऽवतिष्ठन्ते बादराश्च भवन्तीति। अथ किमिदं बादरत्वं नाम, उच्यते, समुदितानामिन्द्रिय-ग्राह्यस्वभावता, स्थूरत्वमितियावत्। नन्वियमेव इन्द्रियग्राह्यस्वभावता सूक्ष्माणां समुदितानामपि सतां सत्तामुपचये न न्याय्या, न स्वभाववैचित्र्यभावतस्तन्न्याय्यत्वोपपत्तेः। दृष्टं च स्वभाववैचित्र्यं स्थूरसूक्ष्मत्वविषयं प्रत्यक्षत एव तुलानतिविशेषादिभावेनानुमीयमानतुल्यपरमाणूनामपि भेडवज्रादीनामिति न्याय्यैव तेषां तथावस्थितानामिन्द्रिय-ग्राह्यस्वभावतेति । एतेन *'पर्यायेण व्यभिचार'* इत्येतदपि प्रत्युक्तं, द्रव्यस्यैवानेकशक्तिसमन्वितस्य तथाभवनेन तस्य सर्वथा असत्त्वासिद्धेः, मृत्पिण्डादेर्हि द्रव्यस्य तथारूपेण भवनाभावे घटादिलक्षणपर्यायस्यादलत्वेनाभवनमेव प्रसज्येत, ततो द्रव्यस्य मृत्पिण्डादेरन्यथाभवनमात्रं घटादिपर्यायस्योत्पत्तिरित्यदोषः। न च वाच्यं यदपि किंचि-द्रव्यस्यान्यथाभवनमात्रं तस्यासत एवोत्पादात्तेन व्यभिचार इति, तस्यापि कथंचिद् द्रव्येन सहाभेदतः सर्वथा असत्त्वासिद्धेरिति सूक्ष्मधिया भावनीयमेतत्, प्रपञ्चयिष्यते चैतदाचार्येणाग्रे स्वयमेव । नचैवं भूतानां तथाभावेन चैतन्यमुपपद्यते, तद्धर्म्माननुविधानात्, न हि काठिन्यद्रवत्वचलत्वादिधर्म्मकतयाऽस्य चैतन्यस्यानुभवोऽस्ति, अमूर्तत्व-बोधरूपत्वादिरूपतया तस्य संवेद्यमानत्वात्, तथा स्वसंवेदनप्रत्यक्षसिद्धेरिति न भूतकार्यता चैतन्यस्य ॥६६॥

तदेवं *'भूएहिं' चेयन्नं कायागाराइपरिणएहिंतो'* इतिप्रतिज्ञां सप्रपञ्चं दूषयित्वा हेतोर्दूषणमभिधित्सुराह---

---

ને કારણ માની શકાય નહિ, પ્રતીતિના અભાવમાં પણ કારણતા માનવામાં અતિપ્રસંગ છે. કેમકે ઘટ, પટાદિ અન્યને પણ એ સ્મૃતિમાં કારણ માનવા પડે.

*નાસ્તિક* :– કાયાનો તેવો સ્વભાવ હોવાથી જ તે સ્વભાવના સામર્થ્યથી કાયાથી જ સ્વપ્નનું સ્મરણ થાય છે.

*ઉત્તરપક્ષ* :– શરીરના તેવાપ્રકારના સ્વભાવનું સાધક કોઇ પ્રમાણ પ્રાપ્ત થતું નથી. તેથી શરીરનો તેવો સ્વભાવ અસિદ્ધ છે. તેથી મને કમને પણ સ્વીકારવું જ પડશે, કે સુષુપ્તિઅવસ્થામાં સ્વસંવેદનમાત્રથી અનુભવાયેલું ચૈતન્યવિશેષ ઉત્તરકાળભાવી સ્મરણમાં કારણરૂપ છે. તેથી સુષુપ્તિઅવસ્થામાં પણ ચૈતન્યની વિદ્યમાનતા સિદ્ધ થાય છે.

"સુષુપ્તિકાળે ચૈતન્યની ઉપલબ્ધિ ન થતી હોવા છતાં જો તેની કલ્પના કરશો" ઇત્યાદિ નાસ્તિકે કહેલી વાત પણ આ જ તર્કથી ખોટી ઠરે છે. કેમકે અમે "જાગૃત અવસ્થામાં રહેનારું ચૈતન્ય સુષુપ્તિકાળના ચૈતન્યપૂર્વક જ છે" તેવો નિર્ણય પૂર્વે કરાવ્યો જ છે.

## *(પરમાણુઓ સમુદિતઅવસ્થામાં ઇન્દ્રિયગ્રાહ્ય)*

તથા નાસ્તિકે "એમ પણ કહેવું બરાબર નથી, કે ચૈતન્યની અપેક્ષાએ ભૂતો અત્યન્તવિલક્ષણ હોવાથી" ઇત્યાદિ જે કંઇ કહ્યું, તે પણ બરાબર નથી. કેમકે કારણમાંથી તેનાથી અત્યન્તવિલક્ષણ કાર્યની ઉત્પત્તિ સંભવે નહિ. અહીં પરમાણુના દૃષ્ટાંતથી વ્યભિચાર આપી શકાય નહિ. કેમકે સૂક્ષ્મ, અપ્રદેશી પરમાણુરૂપ કારણ સ્થૂળ અને સપ્રદેશી ઘટઆદિરૂપ પોતાના કાર્યોથી અત્યન્ત વિલક્ષણ નથી. કેમકે પરમાણુમાં રહેલા મૂર્તત્વવગેરે ધર્મો ઘટઆદિ સ્વકાર્યોમાં પણ સમન્વય પામેલા જ હોય છે. "પરમાણુઓ સૂક્ષ્મ હોવા છતાં મૂર્ત છે" એ વાત તો બધાને માન્ય છે જ. વળી આ પરમાણુઓ સર્વથા પ્રદેશ વિનાના નથી. કેમકે સત્ એવા તે પરમાણુઓ ક્યાંક અવસ્થાનના કારણે અવશ્ય દિશાના વિભાગોથી ભેદવાળા છે જ. (પરમાણુઓ જ્યાં પણ રહ્યા હોય, ત્યાં અવશ્ય તેને જુદા જુદા વિભાગથી પૂર્વાદિ દિશા સ્પર્શેલી હોય છે. જો વિભાગવિના જ દિશાઓનો સ્પર્શ હોય, તો દિશાઓમાં એકત્વ આવી જાય) જો દિશાઓના વિભાગથી ભેદ ન હોય તો પરમાણુઓનું અવસ્થાન પણ સંભવે નહિ. (અથવા કોઇપણ વસ્તુની અવસ્થિતિ અવશ્ય દિશાઓના પૂર્વાદિ વિભાગનો ભેદ કરનારી જ હોય, અન્યથા 'અમુક વસ્તુની અપેક્ષાએ બીજી વસ્તુ પૂર્વાદિ દિશામાં છે' એવો વ્યવહાર અસંભવિત થઇ જાય. તેથી જો દિશાઓના વિભાગનો ભેદ થતો ન હોય, તો અવસ્થિતિ પણ હોય નહિ.) અને જેઓ દિશાના પૂર્વાદિભાગોવાળા હોય છે તેઓ અવશ્ય કથંચિત્ સપ્રદેશ હોય. પરમાણુઓ પણ અવસ્થાનદ્વારા દિશાના વિભાગોના ભેદવાળા છે. તેથી તેઓ પણ સપ્રદેશી છે.

*નાસ્તિક* :– જો આમ પરમાણુઓ પણ સપ્રદેશી હોય, તો પછી તેઓમાં પરમાણુરૂપતા રહી ક્યાંથી? કેવળીની પ્રજ્ઞાથી પણ જેના બે વિભાગ થઇ ન શકે તેવા સૂક્ષ્મ અણુઓ પરમાણુ તરીકે ઇષ્ટ છે. હવે જો તેઓ પણ સપ્રદેશી હોય, અને તેથી તેમનું પણ વિભાજન થઇ શકતું હોય, તો તેઓને પરમાણુ કહી શકાય નહિ.

*ઉત્તરપક્ષ* :– આ પરમાણુઓ વાસ્તવમાં પરમાણુરૂપ જ છે, કેમકે અત્યન્તસૂક્ષ્મ છે. તેઓની અપેક્ષાએ પણ સૂક્ષ્મ હોય, તેવા બીજા પરમાણુઓ મળતા ન હોવાથી તેઓ પરમાણુ મનાય છે. બાકી દિગ્વિભાગની અપેક્ષાએ તેમને સપ્રદેશી માનવામાં વિરોધ નથી. આ વાત આચાર્ય પોતેજ આગળ ઉપર વિસ્તારથી બતાવશે. આમ પરમાણુઓ સપ્રદેશી અને મૂર્ત હોવાથી તે પરમાણુઓના સમુદાયથી સ્થૂળ અને સપ્રદેશી મૂર્ત ઘડાવગેરે કાર્યો થાય, તેમાં કશી અનુપપત્તિ નથી. કેમકે કારણના મૂર્તત્વાદિવિશેષધર્મોનો કાર્યમાં સમન્વય થતો હોવાથી એ કાર્યો કારણને અનુરૂપ જ છે. અત્યન્ત વિલક્ષણ નથી.

तब्भावम्मि य भावो ण परासुरचेयणो जतो काओ ।
दीयइ ण तत्थ वाऊ सति सुसिरे सो कह ण होज्जा? ॥ ६७ ॥

(तद्भावे च भावो न परासुरचेतनो यतः कायः । दृश्यते न तत्र वायुः सति शुषिरे स कथं न भवेत् ॥)

यदुक्तं *'तद्भावे'* कायाकारादिपरिणतभूतसमुदायमात्रभावे चैतन्यस्य भाव एव, येन तदतिरिक्तात्मलक्षणकारणान्तरापेक्षा तस्य न स्यात् । कुत इत्याह--*'यतो'* यस्मात् *'परासुः'* अपगतप्राणः कायोऽचेतनो दृश्यते, स्यादेतत्पृथिव्यप्तेजोवायुलक्षणभूतसमुदयजन्यं चैतन्यं, न चात्र वायुरस्ति । तथाचाह--*'न तत्थ वाऊ*

---

અહીં નાસ્તિકનો બીજો ભાઈ કહે છે– જો ઘટવગેરે કાર્યો પરમાણુઓના સમુદાયરૂપ હોય, તો પ્રત્યેક અવસ્થામાં રહેલા પરમાણુઓ ઇન્દ્રિયગ્રાહ્ય બનતા ન હોવાથી તેઓનો સમુદાય પણ શી રીતે ઇન્દ્રિયગ્રાહ્ય બની શકે ? "પ્રત્યેક અવસ્થામાં ન હોય, તે સમુદિતઅવસ્થમાં પણ ન આવે" એવો નિયમ તો તમને પણ માન્ય છે જ. તેથી ઘડા વગેરેને પરમાણુઓના કાર્યરૂપ માનશો, તો તેઓ પણ પરમાણુની જેમ ચક્ષુવગેરે ઇન્દ્રિયના વિષય બનવા જ જોઇએ.

*સમાધાન* :– પરમાણુઓનો ઘટાદિ સ્થૂળદ્રવ્યરૂપે પરિણામ પામવાનો સ્વભાવ છે. તેથી તે વખતે તેઓમાં ઇન્દ્રિયગ્રાહ્યતા સ્વભાવ પણ હોય છે. પરમાણુઓમાં જ એવો સ્વભાવ છે કે, જેથી તેઓ તે તે કાળઆદિને અપેક્ષીને ત્યાં ત્યાં તેવા પ્રકારના પ્રગટ થયેલા એકત્વપરિણામની નિરન્તરતાથી વિશિષ્ટસંસ્થાનવાળા અને બાદર બને છે.
<u>તાત્પર્ય</u>:– પરમાણુઓમાં જ દેશકાળાદિને અપેક્ષીને (૧) પરસ્પર એકરૂપતા પામવાની (૨) તે દ્વારા ઘટઆદિ આકારતયા લાંબો કાળ ટકવાની અને (૩) તેવી સમુદિતઅવસ્થામાં બાદર બનવાની યોગ્યતા(=સ્વભાવ) રહેલી છે. તેથી તેઓ પ્રત્યેક અવસ્થામાં ઇન્દ્રિયગ્રાહ્ય ન હોવા છતાં ઘટાદિ સમુદિત અવસ્થામાં ઇન્દ્રિયગ્રાહ્ય બની શકે છે.

*શંકા* :– આ બાદરપણું શું છે ?

*સમાધાન* :– સમ્યગ્ ભેગા થયેલાઓનું ઇન્દ્રિયથી ગ્રાહ્ય થવાના સ્વભાવપણું. ટૂંકમાં કહીએ તો સ્થૂળપણું એજ બાદરપણું છે.

*નાસ્તિક* :– જો સૂક્ષ્મપરમાણુઓમાં ઇન્દ્રિયગ્રાહ્યસ્વભાવતાની સત્તા હોત, તો તેઓના સમુદાયમાં તે સ્વભાવની સત્તા પુષ્ટ બનત, અને સમુદાય ઇન્દ્રિયગ્રાહ્ય બની શકત. (જેમકે પ્રત્યેક તલમાં તેલની સત્તા છે, તો તેના સમુદાયમાં તેલની સત્તા ઉપચિત થાય છે અને તેલનો જથ્થો ઉપલબ્ધ થાય છે.) પરંતુ સૂક્ષ્મ પરમાણુઓમાં ઇન્દ્રિયગ્રાહ્ય સ્વભાવતાની સત્તા નથી. તેથી તેઓનો ગમે તેટલો મોટો સમુદાય થાય, તો પણ તે સત્તા પુષ્ટ થઇ શકે નહિ. તેથી સમુદિતઅવસ્થામાં રહેલા પરમાણુઓમાં ઇન્દ્રિયગ્રાહ્યસ્વભાવતા સ્વીકારવી ન્યાયસંગત નથી. (જેમકે રેતીના કણમાં તેલની સત્તા નથી, તેથી સમુદાયમાં પણ તે સત્તા પુષ્ટ થતી નથી. તેથી તેના સમુદાયમાં પણ તેલ ઉપલબ્ધ થતું નથી.)

*ઉત્તરપક્ષ* :– આ યુક્તિ બરાબર નથી. કેમકે સ્વભાવોની વિચિત્રતાના કારણે પરમાણુઓના સમુદાયમાં ઇન્દ્રિયગ્રાહ્યસ્વભાવતા ન્યાયસંગત ઠરે છે. સ્થૂળત્વ અને સૂક્ષ્મત્વ સંબંધી સ્વભાવની વિચિત્રતા પ્રત્યક્ષથી જ દેષ્ટ છે. જુઓ, વજનથી પ્રાયઃ સરખા હોવાના કારણે ભેંડ અને વજ્રમાં સરખા પરમાણુઓ હોવાનું અનુમાન કરી શકાય. છતાં પણ બન્નેના કદમાં જે તફાવત છે, તે આબાળગોપાળ પ્રસિદ્ધ છે. જેમ સમાન પરમાણુવાળા આ બેમાં ક્રમશઃ આપેક્ષિક સ્થૂળતા અને સૂક્ષ્મતા સ્વભાવભેદથી યુક્તિસંગત ઠરે છે, તેમ સમુદિતઅવસ્થામાં રહેલા સૂક્ષ્મ પરમાણુઓમાં ઇન્દ્રિયગ્રાહ્યસ્વભાવતા પણ સ્વભાવની વિચિત્રતાથી જ યુક્તિસંગત ઠરે છે. તેથી ઘટવગેરે કાર્યો પરમાણુઓના સમુદાયરૂપે અને સ્થૂળતરીકે સિદ્ધ થાય છે. તેથી જ અત્યન્ત અસત્ ઘડાવગેરેની ઉત્પત્તિની માન્યતા પણ અસિદ્ધ ઠરે છે. કેમકે અત્યન્તઅસત્‌ની ઉત્પત્તિ સંભવતી નથી

*નાસ્તિક* :– "અત્યન્ત અસત્‌ની ઉત્પત્તિ ન જ થાય" તેવા તમારા નિયમને પર્યાયો દ્વારા વ્યભિચારદોષ લાગે છે તે વાત અમે આગળ કરી જ છે.

*ઉત્તરપક્ષ* :– તમારી તે વાત પણ અસત્ ઠરે છે. દ્રવ્ય પોતે અનંતશક્તિઓથી યુક્ત છે. તેથી દ્રવ્ય પોતેજ તે તે પર્યાયરૂપે પરિણામ પામે છે. તેથી પર્યાયોની ઉત્પત્તિપૂર્વે સર્વથા અવિદ્યમાનતા અસિદ્ધ છે. કેમકે પૂર્વે પણ તદ્યોગ્ય દ્રવ્યરૂપે તેઓ વિદ્યમાન હોય છે. જો મૃત્પિંડવગેરે દ્રવ્ય જ તે તે પર્યાયરૂપે પરિણામ પામતા ન હોય, તો ઘટઆદિરૂપ પર્યાયો દલવિનાના= ઉપાદાનસામગ્રી વિનાના થઇ જવાથી ઉત્પન્ન જ થઇ શકે નહિ. તેથી મૃત્પિણ્ડાદિ દ્રવ્ય જ પૂર્વરૂપને છોડી અન્યથારૂપે પરિણામ પામે એજ ઘટાદિપર્યાયોની ઉત્પત્તિરૂપ છે. તેમ સ્વીકારવું રહ્યું

*નાસ્તિક* :– આ પર્યાય દ્રવ્યનું કંઇક અન્યથા થવામાત્રરૂપ હોય, તો પણ તે અન્યથાભવનરૂપ પર્યાય પૂર્વે અસત્ જ ઉત્પન્ન થાય છે. આમ અત્યન્તઅસત્‌ની ઉત્પત્તિ સિદ્ધ છે. તેથી તેનાદ્વારા તમારા ઉપરોક્તનિયમને વ્યભિચાર આવે જ છે.

*ઉત્તરપક્ષ* :– આમ કહેવામાં સાર નથી. કેમકે આ અન્યથાભવનરૂપ પર્યાય દ્રવ્યથી કથંચિત અભિન્ન છે. તેથી પૂર્વે દ્રવ્ય સત્ હોવાથી એ પર્યાય પણ તે રૂપે કથંચિત્ સત્ જ હોય છે. તેથી પૂર્વે કથંચિત્ સત્ પર્યાયોની જ

इति न 'तत्र' परासौ काये वायुरस्ति, ततस्तदभावात्तत्र चैतन्याभाव इति । अत्राह--सति शुषिरे स वातः कथं न भवेत्?, भवेदेवेति भावः, शुषिरे ह्यवश्यंभावी वायुः संभाव्यत इति । किञ्च--यदि तत्र वायुवैकल्याच्चैतन्यस्याभावः, ततो बस्त्यादिभिः संपादिते वायौ तत्र चैतन्यमुपलभ्येत, न च तत्र संपादितेऽपि वायौ समुपलभ्यते ॥ ६७ ॥ यदाह--

ण य तं कण्वि दीसइ पाणापाणूणभावतो णो चे ।
णो जीवाभावातो किमेत्थ माणंति वत्तव्वं? ॥ ६८ ॥
(न च तत्कृतेऽपि दृश्यते प्राणापानयोरभावान्नो चेत् । न जीवाभावात् किमत्र मानमिति वक्तव्यम् ॥)

---

ઉત્પત્તિ થાય છે. નહિ કે સર્વથા અસત્ પર્યાયોની. તેથી *'સર્વથા અસત્ની ઉત્પત્તિ ન થાય'* તેવા અમારા નિયમને બાધ કે વ્યભિચારદોષ આવતો નથી. આ બાબતમાં સૂક્ષ્મબુદ્ધિથી વિચાર કરવો. તથા આચાર્ય પોતે જ આગળ ઉપર આ બાબતમાં વિસ્તાર કરશે.

આ પ્રમાણે (૧)સર્વથા અસત્ની ઉત્પત્તિ ન થાય અને (૨) કારણથી સર્વથા વિલક્ષણકાર્યની ઉત્પત્તિ ન થાય ઇત્યાદિ સિદ્ધ થાય છે. એટલે જ ભૂતોના તેવાપ્રકારના ભાવથી ચૈતન્ય ઉપપન્ન થઇ શકતું નથી. ભૂતોના તેવા પ્રકારના પરિણામથી ચૈતન્યનો ઉદ્ભવ કે ભૂતોના સમુદાયથી અત્યન્ત અસત્ ચૈતન્યની ઉત્પત્તિ સંભવતી નથી, કેમકે ચૈતન્યમાં ભૂતોના ધર્મો ઉપલબ્ધ થતા ન હોવાથી ચૈતન્ય ભૂતોથી અત્યન્ત વિલક્ષણ છે.

*શંકા* :- 'ચૈતન્યમાં ભૂતોના ધર્મો ઉપલબ્ધ નથી' તેમ શી રીતે કહી શકાય ?

*સમાધાન* :- ભૂતોના કઠિનતા, દ્રવતા, ચલત્વ વગેરે ધર્મો છે. ચૈતન્ય ક્યારેય પણ આવા ધર્મોવાળા તરીકે અનુભવાતું નથી. પરંતુ ભૂતોમાં ક્યારેય ઉપલબ્ધ ન થતા અમૂર્તત્વ, બોધત્વ વગેરે ધર્મોથી સંલગ્નરૂપે જ અનુભવાય છે. આ વાત દરેકને સ્વસંવેદનસિદ્ધ છે. તેથી ચૈતન્ય ભૂતોના કાર્ય તરીકે સિદ્ધ થતું નથી. ॥૬૬॥

આ પ્રમાણે 'કાયાકારરૂપે પરિણત થયેલા ભૂતોમાંથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે' એવી પ્રતિજ્ઞાને મોટા વિસ્તારપૂર્વક દૂષિત કરી. હવે 'ભૂતોના ભાવમાં ચૈતન્ય હોય છે.' એવા હેતુને દોષગ્રસ્ત જાહેર કરવાની ભાવનાથી કહે છે.

## *(વાયુના અભાવમાં ચૈતન્યાભાવનું ખંડન)*

નાસ્તિકોએ "ચૈતન્યને ભૂતકાર્યતરીકે સિદ્ધ કરવા હેતુ આપ્યો કે કાયાકારતરીકે પરિણત થયેલા ભૂતસમુદાયમાત્રની હાજરીમાં ચૈતન્ય ઉપલબ્ધ થાય જ છે. તેથી ભૂતોથી ભિન્ન એવા આત્મારૂપ કારણાન્તરની ચૈતન્યને અપેક્ષા નથી" આ વાત બરાબર નથી. કેમકે પ્રાણ વિનાના ખોળીયા તરીકે રહેલું શરીર ચૈતન્યહીન દેખાય છે.

*નાસ્તિક* :- જ્યારે પૃથ્વી, અપ(=પાણી) અગ્નિ અને વાયુરૂપ ભૂતચતુષ્ટયનો સમુદાય ભેગો થાય છે. ત્યારે જ ચૈતન્ય હોય છે. મૃતશરીરમાં વાયુનો અભાવ છે. આમ ભૂતચતુષ્ટયના સમુદાયમાંથી એકતત્ત્વનો અભાવ થવાથી જ મૃતશરીરમાં ચૈતન્ય ઉપલબ્ધ થતું નથી.

*ઉત્તરપક્ષ* :- આ વાત બરાબર નથી. કેમકે કાયા પોલાણવાળી હોવાથી તેમાં વાયુનો અભાવ શી રીતે સંભવે ? *'પોલાણ હોય, તો વાયુ અવશ્ય હોય જ'* આવો નિયમ હોવાથી મૃતશરીરમાં પણ વાયુની અવશ્યતયા ઉપસ્થિતિ છે જ. તેથી તેના અભાવમાત્રથી ચૈતન્યનો અભાવ કહી દેવો વ્યાજબી નથી. વળી કદાચ માની લો, કે 'મૃતશરીરમાં વાયુના અભાવથી ચૈતન્યનો અભાવ છે.' તો પણ બસ્તિવગેરે દ્વારા એ શરીરમાં વાયુ પૂરવાથી તો ચૈતન્ય ઉપલબ્ધ થવું જ જોઇએ, કેમકે હવે, તો ભૂતચતુષ્ટયમાંથી એકપણ તત્ત્વ ગેરહાજર નથી. પરંતુ વાયુ પૂરવા છતાં મૃતશરીરમાં ચૈતન્યના કોઇ અંશ દેખાતા નથી. તેથી વાયુના અભાવથી ચૈતન્યનો અભાવ કહેવો વ્યાજબી નથી. ॥૬૭॥

આજ વાત કરતા કહે છે -

"'આમ વાયુના સંપાદનમાં પણ ચૈતન્ય દેખાતું નથી,' એમ સૂરિ કહે છે – ત્યાં <u>નાસ્તિક</u> નિષ્ફળ દલીલ કરે છે– 'મૃતકાયમાં વાયુનો અભાવ છે' તે વાયુસામાન્યના અભાવને ઉદ્દેશીને નહિ પણ પ્રાણ અને અપાનરૂપ વાયુવિશેષના અભાવને ઉદ્દેશીને કહ્યું છે. તેથી વાયુ પૂરવામાત્રથી કંઇ ચૈતન્ય ઉપલબ્ધ ન થાય. પ્રાણ=ઉચ્છ્વાસ. <u>અપાન</u>:- નિશ્વાસ. <u>ગન્ધહસ્તીએ</u> કહ્યું જ છે – *'પ્રાણાપાન એટલે ઉચ્છ્વાસ-નિશ્વાસ(=શ્વાસોચ્છ્વાસ)'* આમ મૃતશરીરમાં શ્વાસોચ્છ્વાસ વાયુનો અભાવ હોવાથી જ તેમાં ચૈતન્ય નથી. ('ચેત્' શબ્દ 'યદિ' (=જો) અર્થમાં નિપાતરૂપ છે. તેથી 'જો નાસ્તિક આમ ઇચ્છતા હોય=માનતા હોય એવો અર્થ પ્રાપ્ત થાય છે.)

*ઉત્તરપક્ષ* :- 'મૃતશરીરમાં જીવનો અભાવ હોવાથી ચૈતન્યનો અભાવ છે' એમ ન માનતા 'શ્વાસોચ્છ્વાસના અભાવથી ચૈતન્યનો અભાવ છે' તેમ માનવામાં તમારી પાસે કયું પ્રમાણ છે ? તે બતાવો. કેમકે પ્રમાણ વિના અભિપ્રેત અર્થની સિદ્ધિ થતી નથી. પ્રમાણ વિના માત્ર સ્વેચ્છાથી સર્વ અર્થની સિદ્ધિ કરવામાં તો 'બધા જ તેમ કરવા માંડે' ઇત્યાદિ અતિપ્રસંગ આવે. અને વાસ્તવમાં પ્રાણાપાનના અભાવમાં ચૈતન્યના અભાવનું સાધક પ્રમાણ મળતું નથી. તેથી આ દલીલ તુચ્છ છે.

न च तत् चैतन्यं *'कृतेऽपि'* संपादितेऽपि वायौ *'दृश्यते'* उपलभ्यते । अत्र दूषयितुं पराभिप्रायमाशङ्कते *'पाणापाणूणऽभावओ नो चे'* प्राण उच्छ्वासः, अपानोऽधःश्वसनम्, यदाह गन्धहस्ती- *'प्राणापानौ उच्छ्वासनिश्वासाविति,* तदभावान्न तत्र चैतन्यमिति चेत्, चेत्शब्दो निपातो यद्यर्थे, एतद्यदीष्यत इत्यर्थः । अत्रोत्तरमाह- *'नो जीवाभावाओ किमेत्थ माणंति वत्तव्वमि'* ति । न जीवाभावात्तत्र परासौ काये न चैतन्यमपि तु प्राणापानाभावादित्यत्र 'किं मानं' किं प्रमाणमिति वक्तव्यं?, प्रमाणमन्तरेणाभिप्रेतार्थासिद्धेरन्यथातिप्रसङ्गात् । तच्च प्रमाणं न किञ्चिदुपलभ्यत इति यत्किंचिदेतत्। स्यादेतत्-प्राणाद्यन्वयव्यतिरेकानुविधानं चैतन्यस्यात्र प्रमाणमस्त्येव। यस्माद्धि--प्राणादिसद्भावे तच्चैतन्यमुपलभ्यते तदभावे तु नेति, तदप्ययुक्तम्, तत्रापि संदेहात्, यस्माद्धि--किं प्राणादिभावाभावाभ्यां चैतन्यभावाभावौ किं वा जीवभावाभावाभ्यामिति । अपि च-प्राणादिरपि कायाकार- परिणामनिमित्तक एव त्वयाऽभ्युपगम्यते, आत्मानभ्युपगमात्, स च कायाकारपरिणामो मृतकायेऽपि तदवस्थ उपलभ्यत इति, तदभावोऽप्यनुपपन्न एवेति कथमुच्यते प्राणापानाभावान्न तत्र चैतन्यमिति ॥ ६८ ॥
अधुना परोऽन्यथा कारणवैकल्यमापादयति--

तेयाभावातो ण तं उवणीते तम्मि पावती भावो ।
अह सो विसिट्ठगो च्चिय वइसिट्ठं किंकतं तस्स? ॥ ६९ ॥

(तेजोऽभावान्नो तद्, उपनीते तस्मिन् प्राप्नोति भावः । अथ स विशिष्ट एव वैशिष्ट्यं किंकृतं तस्य?॥)

तेजसोऽभावान्न परासौ तच्चैतन्यमिति, आह--*'उवणीए इत्यादि'* यद्येवं तर्हि *'तस्मिन्'* तेजसि उपनीते सति चैतन्यस्य भावः प्राप्नोति । अथ मन्येथास्तत्तेजो विशिष्टमेव सत् चैतन्यस्य कारणमिष्यते न तेजोमात्रं, तेन तस्मिन्नुपनीतेऽपि न चैतन्यस्य भावप्रसक्तिः । प्राकृतत्वाच्च सो इति पुंस्त्वनिर्देशः । अत्रोत्तरमाह--- *'वइसिट्ठं किंकयं तस्स'* ॥ ६९ ॥ अत्र परस्याभिप्रायमाह---

अह नु सभावकयं चिय ण पमाणमिहावि साहगं किंचि? ।
अप्पतरं दीसिज्जा तदभावे सेसभावातो ॥ ७० ॥

(अथ न स्वभावकृतमेव न प्रमाणमिहापि साधकं किंचित् । अल्पतरं दृश्येत तदभावे शेषभावात् ॥ )

---

*નાસ્તિક* :- પ્રાણઆદિની સાથે ચૈતન્યની 'અન્વય-વ્યતિરેકથી અનુસરવારૂપ' વ્યાપ્તિ જ પ્રાણાપાનના અભાવમાં ચૈતન્યના અભાવનું સાધક પ્રમાણ છે. પ્રાણવગેરેની હાજરીમાં ચૈતન્યનો સદ્ભાવ, અને પ્રાણઆદિના અભાવમાં ચૈતન્યની અપ્રાપ્તિ સર્વવિદિત છે.

*ઉત્તરપક્ષ* :- આ પ્રમાણ પણ સંદેહરૂપમુદ્ગરથી જર્જરિત છે. એ અહીં સંદેહ આવીને ઉભો રહે છે કે, પ્રાણાદિના ભાવાભાવમાં ચૈતન્યનો ભાવાભાવ છે કે જીવના ભાવાભાવમાં ચૈતન્યનો ભાવાભાવ છે ? જ્યાં સુધી આ સંદેહ ટાળી ન શકો, ત્યાં સુધી પ્રાણાદિના અભાવમાં ચૈતન્યનો અભાવ પ્રમાણસિદ્ધ જાહેર કરી ન શકો. વળી, તમે પ્રાણઆદિ પણ કાયાકાર પરિણામ નિમિત્તે જ સ્વીકારો છો, કેમકે તમે આત્માને માનતા નથી. અને તે કાયાકારપરિણામ મૃતશરીરમાં પણ તે જ અવસ્થાવાળો પ્રત્યક્ષ દેખાય છે, માટે તમારા મતે પ્રાણાદિનો અભાવ પણ યુક્તિથી ઘટિત નથી, તો તમે કેવી રીતે કહી શકો ? કે પ્રાણાપાનના અભાવથી મૃતક શરીરમાં ચૈતન્ય નથી.

*(તેજસ્ના અભાવથી ચૈતન્યાભાવનું ખંડન)*

આ તર્ક સાંભળીને હવે બીજો=નાસ્તિક બીજી રીતે કારણની વિકલતા સિદ્ધ કરે છે-

*નાસ્તિક* :-મૃતશરીરમાં તેજસ્ (=અગ્નિ) તત્ત્વનો અભાવ હોવાથી ચૈતન્યનો અભાવ હોય છે.

*ઉત્તરપક્ષ* :- તેનો અર્થ એમ થયો કે તેજસ્ જો મૃતશરીરમાં લાવવામાં આવે, તો તે શરીરમાં ચૈતન્ય પ્રગટે.

*નાસ્તિક* :- ચૈતન્યમાટે આવશ્યક તેજસ્ વિશિષ્ટતેજોરૂપ ઇષ્ટ છે. સામાન્યમાત્રરૂપ નહિ. તેથી જે તે અગ્નિની હાજરીથી ચૈતન્ય ઉત્પન્ન થાય નહિ. મૂળમાં ('તત્' ને બદલે સો-'સ' એવો પુલ્લિંગ નિર્દેશ પ્રાકૃતને કારણે છે.)

*ઉત્તરપક્ષ* :- તેજસ્=અગ્નિની આ વિશિષ્ટતામાં કારણ કોણ છે ? અર્થાત્ ક્યા વિશેષણથી તેજસ્માં આ વિશિષ્ટતા કરાયેલી છે ?

અહીં નાસ્તિકનો આશય વ્યક્ત કરે છે.-

*નાસ્તિક* :- અગ્નિમાં વૈશિષ્ટ્ય સ્વભાવકૃતજ છે.

*ઉત્તરપક્ષ* :- અહીં કોઇ તેવું સાધક પ્રમાણ નથી, કે જેનાથી અગ્નિની આ વિશિષ્ટતા સ્વભાવકૃત જ છે પણ આત્માકૃત નથી તેમ સિદ્ધ થાય. અને તેવા પ્રમાણને નહિ જોતા અમે પ્રમાણહીન તમારી વાત માની લઇ જાતને ઠગવા તૈયાર નથી. વળી, અગ્નિના અભાવમાં પણ તે મૃતશરીરમાં પૃથ્વીવગેરે તત્ત્વોનો તો સદ્ભાવ છે જ. તે પૃથ્વીવગેરે વિદ્યમાન તત્ત્વોના કારણે કાંઇક પણ ચૈતન્યની ઉપલબ્ધિ તો થવી જ જોઇએ.

*નાસ્તિક* :- અમે તમને કહ્યું જ છે કે ચૈતન્ય અલગ અલગ ભૂતોમાંથી ઉત્પન્ન થતું નથી. પરંતુ ભૂતો ના

अथ स्वभावकृतमेव तस्य तेजसो वैशिष्ट्यमिति मन्येथाः । अत्राह--न प्रमाणमिहापि साधकं, न हि तस्य तेजसो वैशिष्ट्यं स्वभावकृतं न पुनरात्मनिर्मितमित्यत्र किंचित्प्रमाणमुपलभामहे, न चापश्यन्त आत्मानं विप्रलभेमहीति । किंचेत्यभ्युच्चये । अन्यच्च 'तदभावे' तस्य तेजसोऽभावे शेषपृथिव्यादिभूतसद्भावात् तन्निमित्तमल्पतरं कियदपि चैतन्यमुपलभ्येत । समुदायजन्यं चैतन्यमिति तदेकस्याप्यभावे कथं चैतन्यस्योत्पत्तिरिति चेत्, न, प्रत्येकमेकान्तेनाभावे सति समुदायेष्वपि तद्भावानुपपत्तेः, रेणुसमुदाये तैलवत् । समुदाये चेत्तदभ्युपगम्यते ततः प्रत्येकमपि तदभ्युपगन्तव्यम्, तथा च सति तेजसोऽभावेऽपि शेषपृथिव्यादिभूतसद्भावात् यत्कियदपि चैतन्यमुपलभ्येत, एतच्च दूषणं भूताव्यतिरिक्तचैतन्यपक्षमधिकृत्य वेदितव्यम् ॥ ७० ॥

तह पुढवादिसमुदया किं कुसलकया ण होइ चेतन्नं ।

सव्वत्थ अविसेसेणं जत्तेण वि कीरमाणं तु ॥ ७१ ॥

(तथा पृथिव्यादिसमुदायात् किं कुशलकृतात् न भवति चैतन्यम् । सर्वत्राविशेषेण यत्नेनापि क्रियमाणं तु ॥)

तथेतिदूषणान्तरसमुच्चये। यदि पृथिव्यादिसमुदायमात्रनिमित्तं चैतन्यमिष्यते तर्हि पृथिव्यादिसमुदायात् कुशलेन पुंसा कृतात् सर्वत्र देशे काले वाऽविशेषेण यत्नेनापि क्रियमाणं तत्किं-कस्मान्न भवति?, घटादिवत्, यथा हि घटादिः पृथिव्यादिमात्रोपादानस्तत्समुदायमात्रात् कुशलेन पुंसा यत्नेन क्रियमाणः सर्वत्राविशेषेण भवति तथा चैतन्यमपि यदि पृथिव्यादिमात्रोपादानं स्यात् तर्हि यत्नेन क्रियमाणं ततः पृथिव्यादिसमुदयमात्रादविशेषेण सर्वत्र[1] भवेत्, न च भवति, तस्मान्न तत्तन्निमित्तमिति ॥७१॥ अत्र पर आह---

णत्थित्थीकुच्छिसमं तस्समुदायस्स ठाणमग्गंति ।

एवमुब्भियपमुहाणं पावइ णणु चेयणाभावो ॥ ७२ ॥

(नास्ति स्त्रीकुक्षिसमं तत्समुदायस्य स्थानाग्र्यमिति । एवमुद्भिज्जप्रमुखाणां प्राप्नोति ननु चैतन्याभावः ।)

---

સમુદાયમાંથી જ પ્રગટે છે. તેથી તેજસ્ આદિ એકના પણ અભાવમાં ચૈતન્ય શી રીતે ઉત્પન્ન થઈ શકે ?

*ઉત્તરપક્ષ* :- આનો અર્થ એમ થયો કે, તમારા મતે પ્રત્યેકમાં સર્વથા અસત્ એવું ચૈતન્ય સમુદાયથી ઉત્પન્ન થયું. પણ આ મત બરાબર નથી. કેમકે (૧) સર્વથા અસત્ની ઉત્પત્તિ ન થાય, તે પૂર્વે જ સિદ્ધ કર્યું છે. અને (૨) પ્રત્યેકમાં સર્વથા અસત્નો પ્રાદુર્ભાવ તેના સમુદાયમાં પણ ન જ થાય, જેમકે રેતીના પ્રત્યેક કણમાં ગેરહાજર રહેલું તેલ તેઓના સમુદાયમાંથી પણ પ્રાપ્ત થતું નથી. તેથી જો ભૂતોના સમુદાયમાં ચૈતન્ય માનશો, તો પ્રત્યેક ભૂતમાં ચૈતન્યનો સ્વીકાર આવશ્યક છે. તેથી તેજસ્ના અભાવમાં પણ શેષ પૃથ્વી વગેરે ભૂતો હાજર હોવાથી તેઓ સંબંધી કાંઇક પણ ચૈતન્ય ઉપલબ્ધ થવું જોઇએ, પણ થતું નથી. તેથી ચૈતન્ય ભૂતોનો કે ભૂતસમુદાયનો ધર્મ નથી. આ આપત્તિ જેઓ ચૈતન્યને ભૂતોથી અભિન્ન ગણે છે તેઓના મતને અપેક્ષીને છે. ॥૭૦॥

*(ભૂતભિન્ન ભૂતકાર્યવાદનું ખંડન)*

*ગાથાર્થ* :- (તથા શબ્દથી બીજા દૂષણનો સંગ્રહ થાય છે.) જેમ માત્ર પૃથ્વી વગેરેમાંથી ઘડાવગેરે ઉત્પન્ન થાય છે. તેથી કુશળ પુરુષવડે પ્રયત્નપૂર્વક બનાવાતા ઘડા સર્વત્ર અવિશેષતયા ઉપલબ્ધ થાય છે. તેજ પ્રમાણે જો ભૂતના સમુદાયમાત્રમાંથી ચૈતન્ય ઉત્પન્ન થતું હોત, તો કુશળ પુરુષવડે પ્રયત્નપૂર્વક પૃથ્વીવગેરેના સમુદાયમાંથી કરાતું તે હંમેશા અને સર્વત્ર અવિશેષરૂપે કેમ થતું નથી. ?

*તાત્પર્ય* :- જો ચૈતન્યની ઉત્પત્તિ માટે (૧) પૃથ્વી વગેરે ભૂતોનો સમુદાય અને (૨) કુશળપુરુષનો પ્રયત્ન આ બે જ આવશ્યક હોય, તો આ બે કારણ તો સર્વત્ર સર્વદા ઉપલબ્ધ થાય છે. તેથી તેઓના કાર્યરૂપ ચૈતન્ય પણ સર્વત્ર, સર્વદા સમાનરૂપે ઉપલબ્ધ થવું જોઇએ. પણ તેમ થતું નથી. તેથી ચૈતન્યને ભૂતકાર્ય માનવાની ભૂલ કરવી નહિ.॥૭૧॥

અહીં બીજો સ્વાશય પ્રગટ કરે છે -

*ગાથાર્થ* :- કુશળ પુરુષથી નિર્માણ કરાતા ભૂતસમુદાય માટે પણ ચૈતન્યની ઉત્પત્તિને આશ્રયી પ્રધાન સ્થાન= અધિકરણ તો સ્ત્રીની કુક્ષિ જેવું બીજું કોઇ નથી. સ્ત્રીની કુક્ષિ બીજા કારણો કરતાં પ્રધાન એટલા માટે છે કે, સ્ત્રીની કુક્ષિ ચૈતન્યપ્રત્યે અવિકલ કારણ છે. તેથી સર્વત્ર અવિશેષરૂપે ચૈતન્યનો પ્રસંગ નથી. તાત્પર્ય :- પૃથિવીવગેરે ભૂતસમુદાય નિરપેક્ષપણે ચૈતન્યનું કારણ નથી, પરંતુ અધિકરણરૂપે વિશિષ્ટસ્થાનને સાપેક્ષ રહીને જ કારણ છે. આ વિશિષ્ટસ્થાન સ્ત્રીની કુક્ષિરૂપ જ છે પરંતુ તે સર્વત્ર ઉપલબ્ધ થતું નથી, તેથી સર્વત્ર ચૈતન્ય ઉપલબ્ધ નથી.

*ઉત્તરપક્ષ* :-આમ કલ્પના કરવામાં ઉદ્ભેદવગેરેથી ઉત્પન્ન થતાં ખંજરીટ (જીવાતવિશેષ) વગેરે જન્તુઓમાં ચૈતન્યનો અભાવ આવશે. કેમકે તેઓના ઉત્પત્તિસ્થળે સ્ત્રીકુક્ષિરૂપસ્થાનનો અભાવ છે. (ઉદ્ભેદથી ઉત્પન્ન થયેલા 'ઉદ્ભિજ્જ' કહેવાય તેમાં 'પૃષોદરાદિ'ના કારણે 'દ'નો લોપ થયો છે.)

---

1. देशे काले चाविशेषेण सर्वत्र भवेत् इति पाठान्तरम् ।

नास्ति स्त्रीकुक्षिसमं, *'तत्समुदायस्य'* कुशलपुरुषनिर्माप्यमाणपृथिव्यादिभूतसमुदायस्य, स्थानं चैतन्यं प्रति अधिकरणभूतं, *'अग्र्यं'* प्रधानं, प्रधानता चान्येभ्यः सकाशात्तस्य चैतन्यं प्रत्यविकलकारणत्वात् इति । तस्मान्नाविशेषेण सर्वत्र चैतन्यस्य भावप्रसङ्गः । एतदुक्तं भवति-न केवलपृथिव्यादिभूतसमुदयमात्रनिमित्तं चैतन्यमिष्यते, किंतु विशिष्टस्थानसापेक्षं, तच्च विशिष्टं स्थानं स्त्रीकुक्षिकल्पम्, न चैतत्सर्वत्र विद्यत इति तदभावात्सर्वत्र चैतन्याभाव इति । अत्र दूषणमाह-*'एवमुब्भियेत्यादि'* नन्वेवं परिकल्प्यमाने सति उद्भिज्जप्रमुखाणां उद्भेदनमुद्भित् ततो जाता उद्भिज्जाः-खञ्जरीटादयः, पृषोदरादित्वाद्दकारस्य लोपः, तत्प्रमुखाणां जन्तूनां चैतन्याभावः प्राप्नोति, तदुत्पत्तिदेशे स्त्रीकुक्षिलक्षणस्थानाभावात् ॥ ७२ ॥

अह तव्विहपरिणामो णत्थि ण जीवोत्ति णिच्छओ केणं । ।
चेतन्नाभावेणं जीवाभावेऽवि सो तुल्लो ॥ ७३ ॥

(अथ तद्विधपरिणामो नास्ति न जीव इति निश्चयः केन? चैतन्याभावेन जीवाभावेऽपि स तुल्यः ।)

अथोच्येतः न ब्रूमः कुशलपुरुषनिर्माप्यमाणपृथिव्यादिभूतसमुदायस्य स्त्रीकुक्षिसमं स्थानं नास्तीात तत्र चैतन्याभावः, किंतु तथाविधः परिणामविशेषो नास्तीति, ततो नोद्भिज्जादीनां चैतन्याभावप्रसङ्ग इति। अत्राह-*'न जीवोत्ति निच्छओ केणंति'*नन्वत्र केन प्रमाणेन भवतो निश्चयो यथा-तथाविधपरिणामो नास्तीति तत्र चैतन्याभावो, न पुनर्जीवो नास्तीति। पर आह-*'चेयन्नाभावेणंति'* यदि तथाविधः परिणामस्तत्र भवेत् तर्हि तद्वदेव तत्रापि चैतन्यं, न च भवति, ततश्चैतन्याभावेन तत्र तथाविधपरिणामाभावो निश्चीयते इति । अत्राह-*'जीवाभावेऽवि सो तुल्लो'* स चैतन्याभावो जीवाभावेऽपि तुल्यः,**तथाहि**--एतदपि शक्यते वक्तुं यदि जीवः सर्वविशेषणः(त्वविशेषेण) स्यात् स्यादेव चैतन्यमतश्चैतन्याभावात्तत्र जीवो नास्तीति निश्चीयत इति॥७३॥ आह-यदुक्तं-*"पृथिव्यादिसमुदायात्कुशलपुरुषकृतादविशेषेण चैतन्यं कस्मान्न भवतीति"*,तदयुक्तमुक्तम्, यतो मद्याङ्गसमुदायमात्रनिमित्तापि सती मदशक्तिर्न तत्समुदायमात्रादविशेषेण भवति, क्वचित्तथाविधपरिपाकाभावेन तदनुत्पत्तिदर्शनात्, तथा चैतन्यमपि पृथिव्यादिसमुदायमात्रात्कुशलपुरुषकृतादविशेषेण न भविष्यतीति न कश्चिद्दोष इत्यत आह--

ण य इह मज्जंगाणं न होइ अविसेसतो तु मदसत्ती ।
जं कुसलनिउत्ताणं नायाणुगयं न तेणेदं ॥ ७४ ॥

(नचेह मद्याङ्गानां न भवति अविशेषतो मदशक्तिः । यत् कुशलनियुक्तानां न्यायानुगतं न तेनेदम्॥)

न च *'यद्'* यस्माद् *'इह'* जगति मद्याङ्गानाम् *'कुसलनिउत्ताणंति'* कुशलेन पुंसा नियुक्तानाम्, अकुशलेन हि नियुक्तानां सतां तथाविधपरिपाकाभावेन न मदशक्तिर्भवेत् ततो मा भूत्तैर्व्यभिचारो यथोक्तं प्राक्

---

*નાસ્તિક* :- 'કુશળ પુરુષથી બનાવાતા પૃથ્વીવગેરે ભૂતસમુદાયમાટે સ્ત્રીકુક્ષિતુલ્ય સ્થાન ન હોવાથી તે તે સ્થળોએ સ્ત્રીકુક્ષિના અભાવમાં ચૈતન્યનો અભાવ હોય છે' એમ અમારે કહેવું નથી, પરંતુ તે તે સ્થળોએ ચૈતન્યનીહાજરીમાં કારણભૂત તથાવિધ પરિણામવિશેષ ન હોવાથી જ ચૈતન્યનો અભાવ હોય છે. ઉદ્ભેદવગેરેથી ઉત્પન્ન થતા ખંજરીટવગેરેમાં તેવા પરિણામવિશેષ હોવાથી ત્યાં ચૈતન્યના અભાવનો પ્રસંગ નથી.

*ઉત્તરપક્ષ* :- 'પરિણામવિશેષના અભાવમાં ચૈતન્યનો અભાવ છે નહિં કે જીવ ન હોવાથી ચૈતન્યનો અભાવ છે.' એમ તમે ક્યા પ્રમાણથી નિશ્ચય કર્યો ? અર્થાત્ અહીં કોઇ પ્રમાણ નથી.'

*નાસ્તિક* :- તે તે સ્થળે જો તેવાપ્રકારનો પરિણામ હોત, તો તે તે સ્થળે અવશ્ય ચૈતન્ય હોત, પણ ઉપલબ્ધ થતું નથી, તેથી ચૈતન્યના અભાવથી અનુમાનદ્વારા સિદ્ધ થાય છે કે ત્યાં તેવાપ્રકારના પરિણામનો અભાવ છે.

*ઉત્તરપક્ષ* :- આવો ચૈતન્યનો અભાવ તો જીવઅંગે પણ સમાન છે તે આ પ્રમાણે - 'જો સર્વત્ર જીવ હોત, તો સર્વત્ર અવશ્ય ચૈતન્ય હોત જ, પણ ક્યાંક ચૈતન્યનો અભાવ દેખાય છે માટે ત્યાં અવશ્ય જીવનો અભાવ હોવો જોઇએ' ॥૭૩॥

*નાસ્તિક* :- "કુશળપુરુષે કરેલા પૃથ્વીવગેરે સમુદાયમાંથી અવિશેષરૂપે ચૈતન્ય કેમ ઉત્પન્ન થતું નથી" આવો ઉપાલંભ આપવો વ્યાજબી નથી. એવો નિયમ નથી કે 'કાર્યે પોતાના કારણમાંથી અવશ્ય ઉત્પન્ન થવું જ જોઇએ' દેખાય છે કે, મદશક્તિ મદ્યના અવયવોના સમુદાયમાંથી ઉત્પન્ન થાય છે, છતાં તે સમુદાયમાત્રથી અવિશેષતયા મદશક્તિ ઉત્પન્ન થતી નથી, કેમકે ક્યાંક તેવાપ્રકારના પરિપાકના અભાવમાં મદશક્તિની ઉત્પત્તિ થતી નથી, આજ પ્રમાણે ચૈતન્ય કુશળપુરુષથી કરાયેલા ભૂતસમુદાયમાત્રમાંથી અવિશેષતયા ઉત્પન્ન ન થાય, તેમાં દોષ નથી.

નાસ્તિકની આ દલીલનો જવાબ આપતા કહે છે-

*ઉત્તરપક્ષ* :- કુશળ પુરુષવડે સંયોજન કરાયેલા મદ્યાંગોમાંથી અવિશેષયા મદશક્તિ ઉત્પન્ન ન થાય તેમ નથી, અર્થાત્ કુશળપુરુષે સંયોજન કરેલા મદ્યાંગોમાંથી સર્વત્ર સર્વદા અવિશેષતયા જ મદશક્તિ ઉત્પન્ન થાય છે. હા અકુશળપુરુષે સંયોજેલા મદ્યાંગમાંથી ક્વચિત્ મદશક્તિ ઉત્પન્ન ન થાય તેમ બને. તેથી તમે કહેલો વ્યભિચાર સંભવે,

परेणेति तद्व्यवच्छेदार्थं कुशलग्रहणम्, अत एव प्रागपि कुशलकृतादित्यत्र कुशलग्रहणमाचार्येणोपादायि, तदेवं-रूपाणां न न भवति मदशक्तिः, किंतु भवत्येव। तेन कारणेन 'इदं' ज्ञातं मदशक्तिलक्षणं न न्यायानुगतमिति कथमुच्यते न कश्चिद्दोष इति ॥७४॥ तदेवं तद्भावे भावं व्यभिचार्य सांप्रतं तदभावेऽभावं व्यभिचारयन्नाह---

तदभावम्मि य भावो सिद्धो मुत्तेसु मोक्खवातीणं ।

आगमपामण्णातो जह तह उवरि फुडं वोच्छं ॥ ७५ ॥

(तदभावे च भावः सिद्धो मुक्तेषु मोक्षवादिनाम् । आगमप्रामाण्याद् यथा तथोपरि स्फुटं वक्ष्ये॥)

*'तदभावेऽपि'* पृथिव्यादिभूतसमुदायाभावेऽपि, भावश्चैतन्यस्य, *'मुक्तेषु'* क्षीणसकलकर्म्मसु, मोक्षवादिनामागमप्रामाण्यात्सिद्ध एव । यथा चासौ सिद्धस्तथा उपरि **सर्वज्ञसिद्धौ**, *'स्फुटम्'* अतीव व्यक्तं, वक्ष्य इति ॥७५॥ अत्र पर आह--

सव्वेसिं तओऽसिद्धो अतो असिद्धोत्ति तुल्लमेवेदं ।

भूतेहिं चेतन्नं जायइ विबुहाण जमसिद्धं ॥ ७६ ॥

(सर्वेषां सकोऽसिद्धोऽतोऽसिद्ध इति तुल्यमेवेदम् । भूतेभ्यश्चैतन्यं जायते विबुधानां यदसिद्धम्॥)

**सर्वेषां** वादिनां *'तओत्ति'* सको मोक्षोऽसिद्धोऽतोऽसिद्ध एव तदभावेऽपि चैतन्यस्य भाव इति । **अत्रोत्तरमाह** *'तुल्लमेवेदमिति'* इदमनन्तरोक्तं भवत्पक्षेऽपि तुल्यम्। तामेव तुल्यतां दर्शयति *'भूएहिं इत्यादि' 'यद्'* यस्माद् *'भूतेभ्यः'* पृथिव्यादिभ्यश्चैतन्यं जायत इत्यपि *'विबुधानां'* यथावस्थितवस्तुतत्त्ववेदिनामसिद्धम्, तत एतदपि न तात्त्विकमिति ॥७६॥ तदेवमन्वयव्यतिरेकाभावोपदर्शनेन तद्भावे भावादिति हेतुरसिद्धः उद्भावितः, सांप्रतं प्रागुपन्यस्तं मद्याङ्गेभ्यो मदशक्तिरिवेति दृष्टान्तं दुदूषयिषुरिदमाह--

ण य मज्जंगेहिं इह मदसत्ती जुज्जती विणा जीवं ।

तम्हा पइन्नहेऊदिट्ठंता तिन्निवि अजुत्ता । ७७ ॥

(न च मद्याङ्गेभ्य इह मदशक्ति युज्यते विना जीवम् । तस्मात् प्रतिज्ञाहेतदृष्टान्तास्त्रयोऽपि अयुक्ताः ॥)

न च *'इह'* जगति जीवं विना मद्याङ्गेभ्यो मदशक्तिः *'युज्यते'* घटते तथाप्रतीत्यभावात् । ततो मद्याङ्गेभ्यो

---

પણ મૂળમાં 'કુશળ'પદનો પ્રયોગ કરી તેવા અકુશળોની બાદબાકી કરી છે, તેથી જ ચૈતન્યની બાબતમાં પણ આચાર્યએ 'કુશળ'પદ ગ્રહણ કર્યું છે તેથી કુશળથી નિયુક્ત મદ્યાંગોમાં મદશક્તિના વ્યભિચારનો દોષ આપવો વ્યાજબી નથી તેથી ચૈતન્યની અવિશેષતયા ઉત્પત્તિના અભાવમાં આ મદશક્તિનું દૃષ્ટાંત ન્યાયસંગત નથી. તેથી 'ચૈતન્યની અવિશેષતયા ઉત્પત્તિનો અભાવ દોષરૂપ નથી' એમ કહેવું ઉચિત નથી. ॥૭૪॥

આ પ્રમાણે 'ભૂતસમુદાયની હાજરીમાં ચૈતન્યની હાજરી હોય, તેવા અન્વયનિયમમાં વ્યભિચારદોષ દર્શાવ્યો હવે 'ભૂતોના અભાવમાં ચૈતન્યનો અભાવ હોય' તેવા વ્યતિરેક નિયમને અનૈકાંતિક ઠેરવતા કહે છે –

વળી પૃથ્વીવગેરે ભૂતોના સમુદાયના અભાવમાં પણ મુક્ત (=સકળકર્મો જેઓના નષ્ટ થયા છે તે) જીવોને આશ્રયીને ચૈતન્ય છે તેમ મોક્ષવાદીઓને આગમ પ્રમાણથી સિદ્ધ છે. આ સિદ્ધિ આગળ ઉપર સર્વજ્ઞની સિદ્ધિ કરતી વખતે સ્પષ્ટરૂપે બતાવશે. ॥૭૫॥

અહીં નાસ્તિક કહે છે–

*નાસ્તિક* :– આ મોક્ષતત્ત્વ અમને તથા કેટલાક બીજાઓને માન્ય નથી. આમ 'મોક્ષ' સર્વવાદિસંમત ન હોવાથી અસિદ્ધ છે. તેથી તેના દૃષ્ટાન્તથી ભૂતોના અભાવમાં ચૈતન્યનો ભાવ સિદ્ધ થતો નથી.

*ઉત્તરપક્ષ* :– આ વાત તો, તમારી માન્યતાને પણ સમાનરીતે લાગુ પડે છે. કેમકે 'પૃથ્વીવગેરે ભૂતોમાંથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે' એ વાત વસ્તુના યથાર્થસ્વરૂપના જ્ઞાનવાળા વિદ્વાનો સ્વીકારતા નથી. આમ ભૂતચૈતન્યવાદ પણ સર્વવાદિસંમત ન હોવાથી અસિદ્ધ છે. <u>સારાંશ</u> :– ભૂતના અભાવમાં ચૈતન્યના અભાવની વાત તાત્ત્વિક નથી. ॥૭૬॥

આ પ્રમાણે અન્વય અને વ્યતિરેકનો અભાવ બતાવ્યો તેથી 'ભૂતોના ભાવ (=હાજરી) માં ચૈતન્યનો ભાવ (=હાજરી) છે' એવા હેતુને અસિદ્ધ ઠેરવ્યો. હવે નાસ્તિકોએ મદ્યના અંગોમાંથી મદશક્તિનું જે દૃષ્ટાંત દર્શાવેલું, તેમાં દૂષણ દેખાડવાના આશયથી કહે છે –

*(મદશક્તિ દૃષ્ટાંત અસંગત)*

વળી આ જગતમાં જીવરૂપ કર્તાના અભાવમાં મદ્યના અંગોમાંથી મદશક્તિની ઉત્પત્તિ માનવી સંગત નથી, કેમકે ક્યારેય પણ તે પ્રમાણે દેખાતું નથી. તેથી મદ્યાંગમાંથી મદશક્તિના દૃષ્ટાન્તમાં મદ્યાંગોના સમુદાયમાત્રની હાજરીમાં મદશક્તિ હોય જ તેવો નિયમ રહેતો નથી, કેમકે જીવરૂપ કર્તાના અભાવમાં માત્ર મદ્યના અંગોના સમુદાયમાંથી મદશક્તિની ઉત્પત્તિ અનુપપન્ન છે. <u>ઉપસંહાર</u> :– તેથી નાસ્તિકના અનુમાનના પ્રતિજ્ઞા, હેતુ અને દૃષ્ટાન્ત આ ત્રણે અસંગત છે. ॥૭૭॥

मदशक्तिरिवेति दृष्टान्तस्तदभावे भावादिति साधनविकलः, केवलमद्याङ्गसमुदयमात्रान्मदशक्त्यनुपपत्तेः । उपसंहरति तस्मादेवं त्रयोऽपि प्रतिज्ञाहेतुदृष्टान्ता अयुक्ता द्रष्टव्या इति ॥७७॥ दृष्टान्तमेवाश्रित्य दूषणान्तरं समुच्चेतुमाह–

किंचेयं मदसत्ती किं मज्जे पाणगे तदाधारे?

मज्जेज्ज सयं मज्जं जइ तम्मि उट्टिगाधारे ॥ ७८ ॥

(किञ्चेयं मदशक्तिः किं मद्ये पानके तदाधारे? । माद्येत् स्वयं मद्यं यदि तस्मिन् उष्ट्रिकाधारे ॥)

किंचेत्यभ्युच्चये । इयं दृष्टान्तत्वेनोपन्यस्ता मदशक्तिः किं 'मद्ये' सुरादिरूपे, उतश्चित् पानके, आहोस्वित् तस्य मदस्य आधारे उष्ट्रिकादाविति विकल्पत्रयं, पक्षान्तराभावात् । तत्राद्यं विकल्पमधिकृत्याह– 'मज्जेज्जेत्यादि' यदि तस्मिन् मद्ये मदशक्तिर्भवतीत्यभ्युपगम्यते तर्हि तदेव मद्यं स्वयं पानकादिनिरपेक्षं स्वरूपेण माद्येत् मदशक्तियोगात्, न च माद्यति तथाऽनुपलम्भात्, तन्नायं पक्षः श्रेयान् । तदाधार इति विकल्पस्तत्राप्याह– 'उष्ट्रिकाधार' इति आधारे यदीष्येत मदशक्तिस्तत उष्ट्रिका स्वयं माद्येत, तस्य मद्यं प्रत्याधारत्वात्तत्र च मदशक्त्यभ्युपगमात् ॥ ७८ ॥

अथैतद्दोषभयात्पानक इति पक्षकक्षीकारस्तदप्ययुक्तम्, दृष्टान्तस्य साधनविकलतापत्तेः, तथा चाह––

जीवस्स तु मयसत्ती पाणगपक्खम्मि मज्जसंजोगे ।

जायइ मज्जंगेहिंतो णातमसंगतं तेण ॥ ७९ ॥

(जीवस्य तु मदशक्तिः पानकपक्षे मद्यसंयोगे । जायते मद्याङ्गेभ्यो ज्ञातमसंगतं तेन ॥)

पानकपक्षे हि आश्रीयमाणे "मज्जंगेहिंतोत्ति" मद्याङ्गेभ्यो धातक्यादिभ्यो यत्समुत्पद्यते मद्यं सुरादि तेन सह संयोगे सति जीवस्यैव, तुरवधारणे, मदशक्तिर्भवतीत्यभ्युपगतं स्यात् । तेन कारणेन मद्याङ्गेभ्यो मदशक्तिरिवेति 'ज्ञातम्' उदाहरणमसंगतम्, साधनविकलत्वात्, पानकसापेक्षत्वेन केवलमद्याङ्गसमुदायमात्रात् मदशक्त्यभावादिति ॥ ७९ ॥ (अत्र परस्याशङ्का)

उक्खिवणपेरणादी सत्ती जह एत्थ देवदत्तस्स ।

कुंभादुक्खिवणगया दीसति तह मज्जसत्तीवि ॥ ८० ॥

(उत्क्षेपणप्रेरणादिका शक्ति र्यथाऽत्र देवदत्तस्य । कुम्भाद्युत्क्षेपणगता दृश्यते तथा मदशक्तिरपि ॥)

उत्क्षेपणप्रेरणादिका शक्तिर्यथा देवदत्तस्य संबन्धिन्यपि सती कुम्भाद्युत्क्षेपणगता दृश्यते तथा मदशक्तिरपि मद्याङ्गसमुदयविशेषात्मकमद्याश्रिता सती पानकगता दृश्यते, तेन यथा उत्क्षेपणादिका शक्तिः पुरुषस्य संबन्धिनी सती कुम्भाद्युत्क्षेपणगतापि दृश्यमाना कुम्भादेरियं न पुरुषस्येति न शक्यते वक्तुं, तथा मदशक्तिरपि पानकगतापि दृश्यमाना पानकस्येयं न तु मद्यस्येति न शक्यं वक्तुं, ततो न ज्ञातमसंगतम्, साधनविकलत्वाभावादिति ॥ ८० ॥ अत्राह––

---

દૃષ્ટાન્તને આશ્રયી બીજા દૂષણનો સમુચ્ચય કરતા કહે છે.

વળી દૃષ્ટાન્તતરીકે દર્શાવેલી આ મદશક્તિ કેમાં રહી છે ? દારુવગેરે મદ્યમાં કે પછી પાનક (=પીનાર) કે ઊંટના ચામડાવિશેષથી બનેલ બાટલીઆકારના આધારમાં ? 'આ મદશક્તિ મદ્યમાં રહી છે' તેવા પ્રથમપક્ષે મદ્ય પોતાને કેફ ચડવો જોઇએ. પીનારની પણ અપેક્ષા નહિ રહે. કેમકે મદ્યમાં સ્વરૂપથી જ મદશક્તિ રહેલી છે. તેથી આ પક્ષ સ્વીકારવામાં તો બધાય દારુઓમાં પીધેલાની માફક લથડીયા ખાવાની આપત્તિ આવે. પણ તે દૃષ્ટ કે ઇષ્ટ નથી. તેથી આ પક્ષ સારો નથી. જો 'મદ્યના આધારમાં મદશક્તિ હોય છે' તેવો વિકલ્પ સ્વીકારશો, તો મદ્યની જેમ મદ્યના ભાજનભૂત બોટલવગેરેમા જ કેફ ચડવોવગેરે આપત્તિ આવશે. ॥૭૮॥

હવે જો આ દોષના ભયથી 'મદ્યના પીનારમાં મદશક્તિ છે' તેવો ત્રીજો વિકલ્પ સ્વીકારશો, તો દૃષ્ટાન્તમાં સાધન વિકલતાનુ દૂષણ છે. આ જ વાત કરતા આચાર્ય કહે છે –

પાનકપક્ષના સ્વીકારમાં ધાતકીવગેરે મદ્યાંગોથી ઉત્પન્ન થતા દારુસાથે જીવનો સંયોગ થાય ત્યારે જીવમાં મદશક્તિ પ્રગટે છે તેમ માનવું પડે. તાત્પર્ય :– મદ્ય પીવાથી પીનારમાં જો મદશક્તિ પ્રગટતી હોય, તો મદ્યના સંયોગે જીવમાં મદશક્તિ સ્વીકારવી પડે, તેથી 'મદ્યાંગોમાંથી મદશક્તિની જેમ' એવું દૃષ્ટાન્ત અસંગત ઠરે, કેમકે તે હેતુવિકલ છે. કારણકે, મદ્યાંગો મદશક્તિની ઉત્પત્તિમાં પીનાર જીવને સાપેક્ષ હોવાથી માત્ર મદ્યાંગોના સમુદાયથી મદશક્તિની ઉત્પત્તિ થતી નથી. ॥૭૯॥

*નાસ્તિક* :– ઉત્ક્ષેપણ (=ઊંચે ધકેળવું) પ્રેરણ (=ધક્કો લગાવવો) વગેરે શક્તિ દેવદત્તની હોવા છતાં તે ઘડા વગેરેના ઉત્ક્ષેપણમાં દેખાય છે અર્થાત્ જીવમાં રહેલી ઉત્ક્ષેપણાદિ શક્તિ ઘડાદિની ઉત્ક્ષેપણ ક્રિયામાં દેખાય છે પણ તે વાસ્તવિક નથી. બસ તેજ પ્રમાણે મદ્યના અંગોના સમુદાયમાં રહેલી મદશક્તિ પીનારમાં રહેલી દેખાય છે. પણ જેમ ઉત્ક્ષેપણઆદિ શક્તિ પુરુષની હોવાથી કુમ્ભવગેરેના ઉત્ક્ષેપણમાં દેખાતી હોવા છતાં 'આ શક્તિ કુમ્ભવગેરેની છે, પણ

एवंपि भूतसमुदयवइरित्तगता तु चेयणा कज्जं ।
साहेति य वइरित्तो जो सो जीवोत्ति पावेति ॥ ८१ ॥
(एवमपि भूतसमुदायव्यतिरिक्तगता तु चेतना कार्यम् । साधयति च व्यतिरिक्तो यः स जीव इति प्राप्नोति ॥)

*'एवमपि'* अस्यामपि कल्पनायां भूतसमुदायव्यतिरिक्तगतैव तुरेवकारार्थः चेतना कार्यं साधयतीति प्राप्तम्। तथाहि--यथा मदशक्तिः स्वोपादानव्यतिरिक्तपानकगता सती स्वकार्यं साधयति न स्वोपादान एव, तथादृष्टत्वात् तथा चेतनापि तद्दृष्टान्तावष्टम्भेन स्वोपादानपृथिव्यादिभूतसमुदयव्यतिरिक्तपदार्थान्तरगता सती स्वकार्यं साधयेत्, न स्वोपादान एव भूतसमुदायमात्रे इति । साधयति चेति चकारो भिन्नक्रमो यश्चेत्येवं द्रष्टव्यः । यश्च व्यतिरिक्तः सोऽन्यस्यासंभवाज्जीव एव प्राप्नोति । तथा चास्यामपि कल्पनायां सिद्धं नः समीहितमिति ॥ ८१ ॥ अत्र पर आह--

णो मज्जसत्ति मज्जंगहेतुसमुदायभिन्नवत्थुगता ।
साहइ इह णियकज्जं ण पाणगो जं ततो अण्णो ॥ ८२ ॥
(नो मदशक्ति र्मद्याङ्गहेतुसमुदायभिन्नवस्तुगता । साधयति इह निजकार्यं ण पानको यत्ततोऽन्यः॥)

न मदशक्तिर्मद्याङ्गानि–धातक्यादीनि उपादानकारणानि, हेतवश्च पानको विशिष्टौ च देशकालौ, तेषां समुदायात् यद्भिन्नं वस्तु तद्गता सती *'इह'* लोके साधयति निजं कार्यं, (किन्तु) स्वोपादानहेतुसमुदायान्तर्गत एव वस्तुनि। एतदेव समर्थयते–*'यत्'* यस्मान्न पानकः, *'ततः'* तस्मात्स्वोपादानहेतुसमुदयाद् *'अन्यो'* व्यतिरिक्तः । इदमत्र हृदयम्--यथा मदशक्तिर्न स्वनिमित्तकलापादन्यस्मिन् स्वकार्यं साधयति, किंतु तदन्तर्गत एव वस्तुनि, तथा चेतनापि तद्दृष्टान्तावष्टम्भेन स्वनिमित्तकलापान्तर्गत एव वस्तुनि स्वकार्यं करिष्यति, न तद्व्यतिरिक्ते, ततः कथमुच्यते *'वइरित्तो जो सो जीवोत्ति पावेइ'* इति ॥ ८२ ॥ उत्तरमाह--

एवं पि सासयाभिन्नवत्थुपगता तु चेयणा कज्जं ।
कुज्जाधारादौ सति कुणति त्ति ण मज्जसत्तेवं ॥ ८३ ॥
(एवमपि स्वाश्रयाभिन्नवस्तुपगता तु चेतना कार्यम् । कुर्यादाधारादौ सति करोतीति न मदशक्तिरेवम् ॥)

---

જીવની નથી' એમ કહેવાતું નથી. તેમ મદશક્તિ મદ્યાંગોની હોવાથી તે શક્તિ ભલે પાનકમાં દેખાય છતાં 'તે શક્તિ પાનકની છે પણ મદ્યની નથી' તેમ કહી ન શકાય. તેથી આ મદશક્તિ મદ્યાંગોની જ છે. તેથી આ મદ્યાંગનું દૃષ્ટાન્ત હેતુવિકલ અને અસંગત નથી. ॥૮૦॥

અહીં આચાર્ય ઉત્તર આપે છે.

*ઉત્તરપક્ષ* :– આ કલ્પનામાં પણ ચેતનારૂપ કાર્ય ભૂતસમુદાયથી વ્યતિરિક્તમાં રહેલું સિદ્ધ થાય છે. તે આ પ્રમાણે– જેમ મદશક્તિ પોતાના ઉપાદાનભૂત મદ્યાંગોથી ભિન્ન એવા પીનારમાં રહીને જ મદરૂપ અર્થાત્ ભ્રમીરૂપ પોતાના કાર્યને સાધે છે નહિ કે પોતાના ઉપાદાનમાં જ રહીને. કેમકે તે પ્રમાણે જ દેખાય છે. તેજ પ્રમાણે આ દૃષ્ટાન્તના બળ પર જ કહી શકાય કે ચેતના પણ પોતાના ઉપાદાનકારણ પૃથ્વીવગેરે ભૂતસમુદાયથી ભિન્ન પદાર્થમાં રહીને જ પોતાના હર્ષઆદિ કાર્યોને સાધે છે, નહિ કે પોતાના ઉપાદાન એવા ભૂતસમુદાયમાં રહીને જ (સાધયતિ 'ચ' અહીં 'ચ'કારનો સંબંધ 'ય'પદ સાથે છે.) અને જે આ ભિન્ન પદાર્થ છે, તે અન્યનો અસંભવ હોવાથી 'જીવ'તરીકે જ સિદ્ધ થાય છે. આમ આ કલ્પનામાં પણ અમારા ઇષ્ટની જ સિદ્ધિ થાય છે. ॥૮૧॥

અહીં નાસ્તિક તર્ક કરે છે–

*નાસ્તિક* :– આ જગતમાં મદશક્તિ પોતાના ધાતકીવગેરે ઉપાદાનકારણ અને પાનક, તથા વિશિષ્ટ દેશકાળરૂપ હેતુઓના સમુદાયથી ભિન્ન વસ્તુમાં રહી પોતાના કાર્યને સાધતી નથી, પરંતુ પોતાના ઉપાદાનકારણ અને હેતુના સમુદાયમાં રહીને જ સ્વકાર્યને સાધે છે. કેમકે 'પાનક' પણ મદશક્તિના ઉપાદાન અને હેતુના સમુદાયથી ભિન્ન નથી. *તાત્પર્ય* :– જેમ મદશક્તિ પોતાના નિમિત્તસમુદાયથી ભિન્નમાં રહી પોતાના કાર્યને સાધતી નથી, પણ નિમિત્ત સમુદાયમાં રહીને જ સાધે છે. તેમ ચેતના પણ તે દૃષ્ટાન્તના બળપર પોતાના નિમિત્તકારણસમુદાયમાં રહીને પોતાના કાર્યને સાધે છે. નહિ કે તેનાથી ભિન્નમાં રહીને. તેથી 'જે વ્યતિરિક્ત છે તે જીવ સિદ્ધ થાય છે.' એમ કહેવું ઉચિત નથી. ॥૮૨॥

આચાર્ય ઉત્તર આપતા કહે છે–

*ઉત્તરપક્ષ* :–આ કલ્પના કરો, તો પણ તમારો નિસ્તાર નથી. કેમકે આ કલ્પનામાં પણ પાનક તો ભૂતસમુદાયથી ભિન્ન જ સિદ્ધ થાય છે. આમ જેમ મદશક્તિ ધાતકીવગેરે પોતાના આશ્રયથી ભિન્ન પાનકમાં રહીને કાર્ય કરે છે, તેમ ચેતના પણ પૃથ્વીવગેરે ભૂતસમુદાયરૂપ પોતાના આશ્રયથી ભિન્નમાં પ્રગટ થઈને જ કાર્ય કરે છે. અહીં મદશક્તિનું દૃષ્ટાન્ત જ આલંબનભૂત છે. (આ જ વાતને ઉત્તરાર્દ્ધમાં સ્પષ્ટ કરે છે–) જેમ મદશક્તિ પોતાના ઉષ્ટ્રિકાઆદિ (આદિથી મદ્યનો સમાવેશ કરવો) આધારમાં સ્વકાર્ય કરતી નથી, પરંતુ તેનાથી ભિન્નમાં જ કરે છે. તેમ આ દૃષ્ટાન્તના બળ પર

*'एवमपि'* अस्यामपि कल्पनायां क्रियमाणायां, स्वाश्रयाद्भिन्ने प्रगता सती चेतना स्वकार्यं कुर्यात् मदशक्तिदृष्टान्तबलेन, मदशक्तिर्हि न स्वाश्रये कार्यं करोति, किंतु तस्मादन्यस्मिन् पानके, तथा चेतनापि तद्दृष्टान्तावष्टम्भेन स्वाश्रयाद्भूतसमुदायादन्यस्मिन् स्वकार्यं कुर्यात् । एतदेवाह--*'आधारादौ सति कुणइ त्ति न मज्जसत्तेवमिति'* न एवं यथा चेतना तथा इत्यर्थः, आधारादौ आधार उष्ट्रिका, आदिशब्दान्मद्यपरिग्रहः, तस्मिन् स्वाश्रयभूते मदशक्तिः करोति निजं कार्यं, किंतु भिन्ने । ततश्चेतनापि तद्दृष्टान्तावष्टम्भेन स्वाश्रयाद्भिन्ने स्वकार्यं कुर्यात् । तथा च सति यो भिन्नः स जीव एवेति सिद्धं नः समीहितमिति ॥ ८३ ॥
पुनरपि परमाशङ्कमानमाह--

सा खलु विसिट्ठपाणगसंबंधगता तु चेतणा णेवं ।
कुणति सहावातो मती ण जीवभावातो का जुत्ती । ॥ ८४ ॥

(सा खलु विशिष्टपानकसंबंधगता तु चेतना नैवम् । करोति स्वभावाद् मति र्न जीवभावात् का युक्तिः॥)

स्यादेवं मतिः परस्य–सा मदशक्तिः खलुशब्दो निश्चये, निश्चितमेतत् यदुत आश्रयाद्विशिष्टः पृथग्भूतो यः पानकस्तेन सह संबन्धं गता सती स्वकार्यं करोति। तुशब्दो भिन्नक्रमः, चेतनाशब्दानन्तरं द्रष्टव्यः। चेतना तु न एवं–मदशक्तिरिव स्वाश्रयाद्भिन्ने वस्तुनि स्वकार्यं करोति, किन्तु स्वाश्रय एव। एतच्चैवं कुत इति चेत् अत आह–*'स्वभावात्'* तथास्वभावत्वादित्यर्थः, न च स्वभावे पर्यनुयोगोऽस्ति । अत्रोत्तरमाह–*'न जीवभावाओ का जुत्ति त्ति'* तथास्वभावत्वान्मदशक्तिः स्वाश्रयाद्भिन्ने वस्तुनि कार्यं करोति, चेतना तु स्वाश्रय एवेति प्रतिपत्तव्यं, न पुनर्मदशक्तेश्चेतनायाश्च जीवभावः, तस्मान्मदशक्तिः पानके, चेतना तु जीवच्छरीरे स्वकार्यं करोतीति प्रतिपत्तव्यम्, अत्र का युक्तिः?, नैव काचिदिति यत्किंचिदेतत् ॥ ८४ ॥ पराभिप्रायमाह--

---

કહી શકાય કે ચેતના પણ સ્વાશ્રયથી ભિન્નમાં જ સ્વકાર્ય કરે છે. તેથી જે ભિન્ન છે, તે જીવતરીકે સિદ્ધ થવાથી અમારા ઈષ્ટની સિદ્ધિ થાય છે. ॥૮૩॥

ફરીથી આશંકા કરતા નાસ્તિક કહે છે–

*નાસ્તિક* :– એ વાત નિશ્ચિત છે કે મદશક્તિ સ્વાશ્રયથી ભિન્ન પીનારસાથે સંબંધ પામીને જ પોતાનું ભ્રમીરૂપ કાર્ય કરે છે. (મૂળમાં 'તુ'પદનો 'ચેતના'પદ સાથે સંબંધ જોડવો) પણ ચેતના પોતાના આશ્રયથી ભિન્નમાં રહી સ્વકાર્ય કરતી નથી, કિન્તુ સ્વાશ્રયમાં રહીને જ સ્વકાર્ય કરે છે.

*શંકા* :– મદશક્તિ પોતાના આશ્રયથી ભિન્નમાં રહીને કાર્ય કરતી હોય, તો ચેતના સ્વાશ્રયથી ભિન્નમાં નહિ પણ સ્વાશ્રયમાં જ રહીને સ્વકાર્ય કરે, તેમાં કારણ શું ?

*સમાધાન* :– અહીં તથાસ્વભાવ જ હેતુ છે. અને સ્વભાવ અંગે પ્રશ્ન હોતો નથી.

*ઉત્તરપક્ષ* :– મદશક્તિ તથાસ્વભાવથી સ્વાશ્રયથી ભિન્નમાં રહી સ્વકાર્ય કરે, અને ચેતના તથાસ્વભાવથી સ્વાશ્રયમાં રહીને જ કાર્ય કરે, પણ મદશક્તિની જેમ સ્વાશ્રયથી ભિન્નમાં રહી સ્વકાર્ય ન કરે, તેમ માનવામાં કઇ યુક્તિ છે ? તથા 'મદશક્તિ અને ચેતનાથી જીવની સત્તા સિદ્ધ છે તેથી મદશક્તિ પાનકમાં અને ચેતના જીવતા શરીરમાં સ્વકાર્ય કરે છે' તેમ ન સ્વીકારવામાં કઇ યુક્તિ છે ? અર્થાત્ કોઇ યુક્તિ નથી. તેથી યુક્તિ અને પ્રમાણ વિના માત્ર સ્વેચ્છાથી જ સ્વભાવને આગળ કરી જે તેની સ્થાપના કરવી તે પાયા વગરના મહેલ ચણવા જેવી છે. ॥૮૪॥

નાસ્તિકનો આશય વ્યક્ત કરે છે.

*નાસ્તિક* :– અહીં સ્વભાવ જ યુક્તિ છે, બીજી કોઇ યુક્તિની જરૂર નથી. 'અગ્નિ બાળે અને આકાશ નહિ' અહીં સ્વભાવ સિવાય બીજી કઇ યુક્તિ આપશો ?

*(શક્તિના અન્યત્રસંક્રમણવાદનું ખંડન)*

*ઉત્તરપક્ષ* :– તમારી આ માન્યતા બરાબર નથી. કેમકે આ સ્વભાવ જ વિવાદગ્રસ્ત છે. જે સ્વભાવ ઉભયપક્ષસંમત હોય, તેજ સ્વભાવ યુક્તિ બની શકે. પરંતુ જે સ્વભાવ અન્ય કારણવિશેષથી અન્યથારૂપે પણ સંદેહનું ભાજન બની શકે તે સ્વભાવ યુક્તિરૂપ બની શકે નહિ. ચૈતન્યઅંગે પણ 'તે તથાસ્વભાવથી ભૂતસમુદાયમાં રહીને જ સ્વકાર્ય કરે છે, કે ભૂતથી ભિન્ન જીવમાં રહીને સ્વકાર્ય કરે છે.' તેવો સંદેહ છે. તેથી અહીં સ્વભાવ યુક્તિ બની ન શકે. વળી, 'મદશક્તિ મદ્યમાં ઉત્પન્ન થઇ પાનકમાં રહી સ્વકાર્ય કરે છે' એમ કહી તમે શક્તિના અન્યત્ર સંક્રમણની વાત કરી પરંતુ અહી સ્પષ્ટ પ્રતીતિબાધ છે. કેમકે લોકમાં એવી પ્રતીતિ થતી નથી. લોકમાં સ્પષ્ટ પ્રતીતિ છે કે, મદ્યાંગમાંથી મદ્ય ઉત્પન્ન થાય છે, અને આ મદ્યના સંયોગથી જીવમાં મદશક્તિ ઉદ્ભવે છે. તથા એવું જે કહ્યું કે, 'ઉત્ક્ષેપણવગેરે શક્તિ દેવદત્તમાં ઉત્પન્ન થવા છતાં ઘડાવગેરેના ઉત્ક્ષેપણઆદિમાં રહેલી દેખાય છે.' તે પણ બરાબર નથી. અહીં પણ વસ્તુતઃ દેવદત્તના હાથવગેરેસાથે સંબંધ થવાથી ઘડાવગેરેમાં ઉત્ક્ષેપણઆદિ પરિણામને યોગ્ય શક્તિ પેદા થાય છે. કારણકે ઘડાવગેરેમાં જ ઉત્ક્ષેપણઆદિ પરિણામ પેદા થાય છે. ઘડાવગેરેની આ શક્તિ અન્યત્ર સંક્રમણ

अह तु सभावो जुत्ती ण स एव विवादगोयरावन्नो ।
अन्नत्थ संकमम्मि य पतीतिबाधा ण य पमाणं ॥ ८५ ॥

(अथ तु स्वभावो युक्तिर्न स एव विवादगोचरापन्नः । अन्यत्र संक्रमे च प्रतीतिबाधा न च प्रमाणम् ॥)

अथ मन्येथाः--स्वभाव एव तुशब्द एवकारार्थो भिन्नक्रमश्च युक्तिर्नान्या, न हि अग्निर्दहति नाकाश-मित्यत्र स्वभावादन्या काचिद्युक्तिरस्तीति, अत्राह-यदुक्तं प्राक् तन्न, कुत इत्याह-यस्मात्स एव स्वभावो विवाद-गोचरापन्नोऽतः कथं स युक्तिर्भवेत्?, यो हि स्वभाव उभयसंप्रतिपन्नः स एव युक्तिर्भवितुमर्हति, यस्तु कुत-श्चित्कारणविशेषादन्यथापि संदिह्यते स कथं युक्तिर्भवेदिति । तथा यदपि मद्ये उत्पन्ना मदशक्तिः पानकगता सती स्वकार्यं करोतीति प्राक् शक्तेरन्यत्र संक्रमणमुक्तं, तत्रापि प्रतीतिबाधा, नह्येवं लोके प्रतीतिरस्ति, किंतु मद्याङ्गेभ्यो मद्यमुत्पद्यते, तत्संयोगाच्च जीवस्य मदशक्तिरिति प्रतीतिः । यदपि उत्क्षेपणादिका शक्तिर्देवदत्त-स्योत्पन्नापि कुम्भाद्युत्क्षेपणादिगता दृश्यत इत्युक्तं, तदप्यसमीचीनम्, तत्रापि हि देवदत्तहस्तादिसंबन्धविशेषभावतः कुम्भादेरेवोत्क्षेपणादिपरिणामशक्तिरुत्पद्यते, यतस्तस्योत्क्षेपणादिपरिणामो भवति, न च सा शक्तिरन्यत्र संक्रामति, देवदत्तस्यापि स्वपरिणामविशेषवशात् सा शक्तिरुदपादि, या कुम्भादेर्दूरतरोत्क्षेपणादिपरिणामशक्तिमुत्पादयितु-मुत्सहते, न च साप्यन्यत्र संक्रामति । येन च यस्य यत्परिणामशक्तिराधीयते, तेन तस्य स परिणामः कृत इत्युच्यते, तेन देवदत्तेन कुम्भादिरुत्क्षिप्यत इत्यादिको लौकिकोऽपि व्यवहार उपपद्यते, यथा मदेन माद्यत इति, तन्न शक्तेरन्यत्र कथंचनापि संक्रमः, सोऽपि चेदभ्युपगम्यते तर्हि प्रतीतिबाधाप्रसङ्गः । अत्रैव दूषणान्तरमाह-*'न य पमाणमिति'* न चैवंविधस्यार्थस्य शक्तेरन्यत्र संक्रमलक्षणस्य साधकं किंचित् प्रमाणमस्ति, न च प्रमाणमन्तरेणाभिप्रेतोऽर्थः सिद्धिमश्नुते, मा भूत्सर्वस्य सर्वेष्टार्थसिद्धिप्रसक्तिः, तन्न मद्ये मदशक्तिरुत्पद्यते, किंतु मद्यसंयोगतो जीव इति स्थितम् ॥८५॥ अमुमेवार्थं उपसंहारेण दर्शयति--

तम्हा मज्जंगेहिं जायति मज्जं ततो य जीवस्स ।
मदसत्तीपरिणामो दधिसंजोगे व्व णिद्दादी ॥ ८६ ॥

(तस्मान्मद्याङ्गेभ्यो जायते मद्यं ततश्च जीवस्य । मदशक्तिपरिणामो दधिसंयोगे इव निद्रादिः॥)

यत एवं न शक्तेरन्यत्र संक्रमस्तस्मान् *'मद्याङ्गेभ्यो'* धातक्यादिभ्यो मद्यं जायते, तस्माच्च मद्यादुप-भुज्यमानात् जीवस्य मदशक्तिपरिणामः, अत्र दृष्टान्तमाह-*'दधिसंयोगे इव निद्रादि'*रिति, यथा दधिसंयोगे-दध्नि उपभुक्ते, निद्रादिपरिणामशक्तिः। तन्न मद्ये मदशक्तिः, अपि तु जीव एव, तथा च सति मदशक्तिदृष्टान्तो-ऽनुपपन्नः, साधनविकलत्वात् । केवलमद्याङ्गसमुदयभावे मदशक्तेरभावात् ॥ ८६ ॥ सर्वोपसंहारमाह--

---

પામતી નથી. એજ પ્રમાણે દેવદત્તમાં પણ પોતાના પરિણામવિશેષથી એવી શક્તિ ઉત્પન્ન થાય છે કે જે ઘડાવગેરેમાં ઘણે દૂર સુધી ફેંકાવાનાં પરિણામને યોગ્ય શક્તિ પેદા કરવા સમર્થ બને છે. દેવદત્તગત આ શક્તિ પણ અન્યત્ર સંક્રમણ પામતી નથી.

*શંકા :-* આમ જો કુંભમાં જ ઉત્ક્ષેપણશક્તિ હોય, તો 'દેવદત્તે ઘડો ઊંચે ઉછાળ્યો' એવો લોકવ્યવહાર અસંગત ઠરશે.

*સમાધાન :-* અસંગત નહિ ઠરે. કેમકે નિયમ છે કે 'જેનાવડે જેનામાં જે પરિણામની શક્તિનું આધાન કરાય તેનાવડે તેનામાં તે પરિણામ કરાયો' એમ કહેવાય છે. દેવદત્તવડે ઘડામાં ઊંચે ફેંકાવાના પરિણામની શક્તિનું આધાન કરાયું છે. તેથી 'દેવદત્તથી ઘડામાં ઊંચે ફેંકાવાનો પરિણામ ઉત્પન્ન કરાયો' તેમ કહી શકાય. તેથી 'દેવદત્તે ઘડો ઊંચે ફેંક્યો' એવો લોકવ્યવહાર ન્યાયસંગત ઠરે છે. જેમકે 'શરાબ પાગલ કરે છે.' તેવો વ્યવહાર લોકસંગત અને ન્યાયસંગત છે. તેથી શક્તિનું અન્યત્રસંક્રમણ કોઇ પણ પ્રકારે સિદ્ધ થતું નથી. છતાં જો તેવા સંક્રમણને સ્વીકારશો તો પ્રતીતિબાધનો પ્રસંગ છે. અહીં જ બીજું દૂષણ બતાવે છે - 'ન ય પમાણમિતિ' વળી શક્તિના આ અન્યત્ર સંક્રમણને સિદ્ધ કરતું કોઇ પ્રમાણ હાજર નથી. અને પ્રમાણ વિના ઇષ્ટઅર્થ સિદ્ધ થતો નથી. અન્યથા બધાની પરસ્પરવિરોધી બધી જ માન્યતા સિદ્ધ થઇ જવાનો પ્રસંગ આવે. તેથી મદ્યમાં મદશક્તિ પ્રાદુર્ભાવ પામતી નથી. પરંતુ મદ્યના સંયોગથી જીવમાં જ મદશક્તિ ઉત્પન્ન થાય છે. તેમ પ્રમાણસિદ્ધ નિર્ણય થાય છે. ॥૮૫॥

આ જ વાત ઉપસંહાર દ્વારા દર્શાવે છે-

આ પ્રમાણે શક્તિનું અન્યત્ર સંક્રમણ થતું નથી. તેથી ધાતકીવગેરે મદ્યાંગોમાંથી મદ્ય ઉત્પન્ન થાય છે. અને તે પીવાતા મદ્યના સંયોગથી જીવમાં મદશક્તિ પેદા થાય છે. અહીં દૃષ્ટાન્ત બતાવે છે- 'દધિસંયોગે' ઇત્યાદિ. જેમ દહિના ભોજનથી જીવમાં નિદ્રાવગેરે પરિણામની શક્તિ ઉત્પન્ન થાય છે. તેમ મદ્યના સંયોગથી જીવમાં મદશક્તિ પેદા થાય છે. આમ મદશક્તિ મદ્યમાં નથી, પરંતુ જીવમાં જ છે. તેથી માત્ર મદ્યાંગસમુદાયની હાજરીમાં મદશક્તિ ઉત્પન્ન થતી નથી. તેથી મદશક્તિનું દૃષ્ટાન્ત હેતુવિકલ છે. તેથી આ દૃષ્ટાન્ત અસંગત છે. ॥૮૬॥

एवं ण भूतधम्मो ण य कज्जं चेतणत्ति सिद्धमिदं ।
जस्सेतं सो आता पसाहगं चेत्थ माणमिदं ॥ ८७ ॥

(एवं न भूतधर्मो नच कार्यं चेतनेति सिद्धमिदम् । यस्येयं स आत्मा प्रसाधकं चात्र मानमिदम् ॥)

एवं यथोक्तं प्राक्–तथा न भूतधर्मश्चेतना नापि कार्यं भूतानामिति शेषः, इति इदं सिद्धम्। ततश्च पारिशेष्यात् यस्येयं चेतना स आत्मेति प्रतिपत्तव्यम् । तदुक्तम्–*"अचेतनानि भूतानि, न तद्धर्मो न तत्फलम्। चेतनास्ति च यस्येयं, स एवाऽऽत्मेति चापरे ॥१॥"* अस्मिंश्चार्थे भूतधर्मत्वभूतकार्यत्वप्रतिषेधरूपे प्रसाधकं प्रमाणमिदं वक्ष्यमाणम् ॥ ८७ ॥ तदेवाह––

जीवंतदेवदत्तस्सरीरमिच्चादि चेयणासुन्नं ।
भूतफलत्ता घड इव न य तम्मि तयं अणभिवत्तं ॥ ८८ ॥

(जीवद्देवदत्तशरीरमित्यादिकं चेतनाशून्यम् । भूतफलत्वात् घट इव न च तस्मिन् तकमनभिव्यक्तम् ॥)

जीवद्देवदत्तशरीरमित्यादिकं चशब्दः समुच्चयार्थोऽनुक्तोऽपि द्रष्टव्यः, एवंभूतश्चायं निर्देशो गाथानुलोम्येन, चेतनाशून्यमिति साध्यनिर्देशः, भूतफलत्वादितिहेतुः । यस्य हि यत्कार्यं भवत् दृष्टमुपादानभूतस्य तत्तद्धर्मानुगम–संभवसहितं दृष्टं, यथा घटस्य कपालं तन्मृत्त्वरूपाद्यनुगमसहितम्। अन्यथाऽतिप्रसङ्गापत्तितः कार्यकारणव्यवस्था–नुपपत्तेः। ततः कार्यत्वमुपादानकारणधर्मानुगमसंभवेन व्याप्तम् । भूतानि च काठिन्याबोधस्वभावानि प्रत्यक्षत एव प्रतीयन्ते। यदाह–*"काठिन्याऽबोधरूपाणि, भूतान्यध्यक्षसिद्धितः"*इति । ततस्तदारब्धं यज्जीवद्देवदत्तादिशरीरं तच्चेत् चेतनावत् स्यात् तर्हि तद्धर्मानुगमसंभवाभावात्तत्कार्यमेव न स्यात्, अतश्चेतनावत्त्वाद्विपक्षाद्व्यापकानुपलब्ध्या व्यावर्त्तमानं भूतकार्यत्वं चेतनाशून्यत्वेन व्याप्यत इति प्रतिबन्धसिद्धिः। दृष्टान्तमाह–घट इवेति । नन्वयं दृष्टान्तः साध्यविकलस्तत्रापि अनभिव्यक्तचैतन्यस्याभ्युपगमात् यदाह–चैतन्यानभिव्यक्तिर्घटादिषु कारणान्तराभावात्, पांस्वादिष्वन–भिव्यक्तमदशक्तिवत् । चैतन्याभिव्यक्तेर्हि कारणं क्षित्यादेः कायाकारपरिणतत्वं मदशक्तौ पिष्टोदकगुडधातक्या–दिपरिणतत्ववत्, तत्र(च्च) घटादौ नास्तीति तत्र तदनभिव्यक्तिभावः, पांस्वादौ पिष्टोदकादिपरिणामाभावात्, मदशक्त्यनभिव्यक्तिभाववत् इत्यत्राह––*'न य तम्मि तयं अणभिवत्तंति'* न च वाच्यं तस्मिन् घटे तकत् चैतन्यमनभिव्यक्तमस्तीति, अनभिव्यक्तेरेवानुपपद्यमानत्वात् । सा ह्यावृतस्य भवति, न च चैतन्यस्य किंचिद्भूत–व्यतिरिक्तमावारकमस्ति, *"चत्वार्येव पृथिव्यादिलक्षणानि तत्त्वानीतिः"* तत्त्वसंख्यानियमव्याघातप्रसङ्गात् । नाप्ये–तेषामेव भूतानामन्यतमेन केनचित् चैतन्यस्यावृतिरा(रभि)धीयते, तेषां व्यञ्जकत्वप्रतिज्ञानात्, न च व्यञ्जक(त्व)–मावारकं भवतीति । अत्रोच्येत–न भूतानामन्यतममावारकं किंत्वेषामेव विशिष्टपरिणामाभाव इति, तदप्ययुक्तम्,

---

સંપૂર્ણ ઉપસંહાર કરતા કહે છે–

આમ ચેતના નથી ભૂતોનો ધર્મ કે નથી ભૂતોનું કાર્ય, એમ સિદ્ધ થાય છે. તેથી પારિશેષ ન્યાયથી 'આ ચેતના જેની છે તે આત્મા' એમ સ્વીકારવું રહ્યું. કહ્યું જ છે કે, *"ભૂતો અચેતન છે. ચેતના ભૂતોનો ધર્મ નથી, અને ભૂતોનું કાર્ય નથી. જેની આ (=ચેતના) છે, તે આત્મા છે, એમ બીજાઓ પણ કહે છે."* 'ચેતના ભૂતધર્મ કે ભૂતકાર્ય નથી' તેવા અર્થનું પ્રસાધક પ્રમાણ આ હવે બતાવાશે તે છે ॥૮૭॥

*(ચૈતન્યના ભૂતધર્મ–કાર્યવાદબાધક પ્રમાણ)*

*ગાથાર્થ* :– (મૂળમાં સમુચ્ચયઅર્થક 'ચ'પદ અધ્યાહારથી સમજવું, અને આવો નિર્દેશ ગાથાના છંદની અપેક્ષાએ છે.) જીવતા દેવદત્તનું શરીર ચેતનાશૂન્ય છે (સાધ્ય) કેમકે ભૂતોનું કાર્ય છે (હેતુ). જેમકે ઘડો (દૃષ્ટાન્ત) જેનું જે કાર્ય થતું દેખાય છે તે તેના ઉપાદાનના ધર્મના અનુગમસંભવ સહિત જ હોય છે. (=કાર્ય ઉપાદાનકારણના ધર્મથી યુક્ત થઈને જ ઉત્પન્ન થાય.) જેમકે ઘડાના કાર્યભૂત કપાલ ઘટના મૃત્વ, રૂપ,આદિ ધર્મોથી યુક્ત થઈને જ ઉત્પન્ન થાય છે. જો કાર્ય કારણગત ધર્મોથી રહિત જ ઉત્પન્ન થતું સ્વીકારવામાં આવે, તો બધા કાર્યોના બધા જ પદાર્થો કારણ બનવાઆદિરૂપ અતિપ્રસંગ આવે. અને કાર્યકારણભાવની વ્યવસ્થા જ ભાંગી પડે. તેથી કાર્યત્વ ઉપાદાનકારણ ધર્માનુગમસંભવ (=ઉપાદાનકારણના ધર્મની યુક્તતાએ કરી ઉત્પન્ન થવા)થી વ્યાપ્ત છે.(=જેમાં જેમાં ઉપાદાનકારણના ધર્મોની સાથે ઉત્પત્તિ હોય તેમાં તેમાં કાર્યતા હોય.) પાંચ ભૂતો કાઠિન્ય, અબોધવગેરે સ્વભાવવાળાતરીકે પ્રત્યક્ષથી પ્રતીત થાય છે. કહ્યું છે કે, *"કઠિનતા અને અબોધસ્વભાવવાળા ભૂતો પ્રત્યક્ષથી સિદ્ધ છે"* તેથી જો ભૂતોથી બનેલું જીવતા દેવદત્તનું શરીર ચેતનાવાળું હોય, તો તેમાં ભૂતોના ધર્મોનો અનુગમ ન સંભવે, તેથી તે ભૂતોનું કાર્ય જ ન બને. આમ ચેતનાવત્તારૂપ વિપક્ષમાંથી વ્યાપકની અનુપલબ્ધિથી નિવૃત્ત થતું ભૂતકાર્યત્વ ચેતનાશૂન્યતાથી વ્યાપ્ત થાય છે આમ વ્યાપ્તિની સિદ્ધિ થાય છે. (જે જે ચેતનાવંત હોય છે, તે તે ભૂતકાર્યતરીકે અસિદ્ધ છે. તેથી જે જે ભૂતકાર્ય હોય છે તે તે ચેતનાશૂન્ય હોય છે તેવી વ્યાપ્તિની સિદ્ધિ થાય છે.) અહીં દૃષ્ટાન્ત બતાવે છે – જેમકે ઘડો. ઘડો ભૂતકાર્યરૂપે અને અચેતનરૂપે સિદ્ધ છે.

तस्य सकलशक्तिशून्यतया आवारकत्वानुपपत्तेः, अन्यथाऽऽवरणक्रियानिष्पादनशक्तियुक्ततया कुड्यादिवत्तस्य भावता प्रसज्येत, तथा च सति तत्त्वान्तरस्यानभ्युपगमात्सामर्थ्यात्तस्य भूतानामन्यतमत्वात् व्यञ्जकत्वप्रसक्तिरिति । अपि च-यस्य परिणामस्याभाव आवारकः स तथाविधो विशिष्टः परिणामो भूतेभ्यो भिन्नो वा स्यात् अभिन्नो वा?, यदि भिन्नस्ततस्तत्त्वसंख्यानियमव्याघातः, अथाभिन्नस्तर्हि भूतस्वरूपवत्तस्यापि सदा भावप्रसङ्गेन सर्वदा चैतन्याभिव्यक्तिप्रसङ्गः। अथ परिणामत्वान्नासौ नित्यो भवितुमर्हति, तेन तेनाऽऽकारेण परिणमनं हि परिणामः, किंतु यस्मिन् काले भवति तस्मिन् भूतस्वरूपाभेदेन भवति ततो न कश्चिद्दोष इति, तदयुक्तम्, कालानभ्युपगमे इत्थं भूतवचनप्रवृत्त्ययोगात्, लोकप्रसिद्धत्वादप्रतिक्षेपार्होऽसौ काल इति चेत्, तदेतदात्मन्यपि समानं, तस्यापि लोकप्रसिद्धत्वात्, पितृकर्म्माद्यन्यथाऽनुपपत्तेः। तदुक्तम्- *"पितृकर्म्मादिसिद्धेश्च, हन्त नात्माप्यलैकिकः"* इति। तदेवमावारकाभावादनभिव्यक्तचैतन्यानुपपत्तिरिति स्थितम् ॥ ८८ ॥ इतश्चानभिव्यक्तचैतन्यमनुपपन्नम्, यत आह-

---

## (ચૈતન્ય અનભિવ્યક્તિવાદનિરાસ)

*નાસ્તિક* :- ઘડાનું દૃષ્ટાન્ત સાધ્યવિકલ છે (ચૈતન્યશૂન્યતારૂપ સાધ્યથી રહિત છે.) કેમકે ઘડામાં પણ અનભિવ્યક્ત ચૈતન્ય સ્વીકાર્યું છે. કહ્યું છે કે, 'ઘડાવગેરેમાં ચૈતન્યની અભિવ્યક્તિ નથી, કેમકે ચૈતન્યની અભિવ્યક્તિમાં હેતુભૂત અન્યકારણોનો અભાવ છે. જેમકે ધૂળવગેરેમાં રહેલી અનભિવ્યક્ત મદશક્તિ. ચૈતન્યની અભિવ્યક્તિનું કારણ પૃથ્વીવગેરેની કાયાકારપરિણતિ છે. જેમકે પિષ્ટ, પાણી, ગોળ, ધાતકીવગેરેની પરિણતિ મદશક્તિની અભિવ્યક્તિમાં કારણ છે. ઘડાવગેરેમાં પૃથ્વીવગેરેનો કાયાકારપરિણામ નથી, તેથી ત્યાં ચૈતન્યની અભિવ્યક્તિ નથી. જેમકે ધૂળવગેરેમાં પિષ્ટોદકવગેરે પરિણામ ન હોવાથી મદશક્તિની અનભિવ્યક્તિ છે.

*ઉત્તરપક્ષ* :- 'ઘડામાં ચૈતન્ય અનભિવ્યક્ત છે' એ વાત બરાબર નથી, કેમકે અનભિવ્યક્તિ જ અસંગત છે. અર્થાત્ ઘટતી નથી. જે આવૃત (=ઢંકાયેલું) હોય તેની જ અનભિવ્યક્તિ સંભવે. અને ચૈતન્યમાટે ભૂતો છોડી અન્ય કોઇ આવારક નથી. જો ભૂતોથી અન્યને આવારક માનશો, તો *"પૃથ્વીવગેરેરૂપ ચારભૂતો જ તત્ત્વ છે"* એ વચનથી સિદ્ધ તત્ત્વની ચાર સંખ્યાના નિયમને બાધ આવે.

*નાસ્તિક* :- આ ચારભૂતમાંથી જ કોઇકથી ચૈતન્યનું આવરણ થાય છે.

*ઉત્તરપક્ષ* :- આમ માની શકાય તેમ નથી, કેમકે આ ભૂતો તો ચૈતન્યના વ્યંજકતરીકે ડિંડિમ પીટવાપૂર્વક સ્વીકારાયા છે. અને વ્યંજક પોતે જ આવારક ન બની શકે.

*નાસ્તિક* :- ભૂતોમાંથી કોઈપણ ભૂત ચૈતન્યનો આવારક નથી. પરંતુ તે ભૂતોના વિશિષ્ટ પરિણામનો અભાવ જ અહીં ચૈતન્યનો આવારક છે.

*ઉત્તરપક્ષ* :- આ વાત બરાબર નથી. કેમકે અભાવ પોતે સકળશક્તિથી શૂન્ય હોવાથી આવારકતરીકે યુક્તિયુક્ત નથી. જો અભાવ આવરણક્રિયા કરવાની શક્તિવાળું હોત, તો તે ભીંતવગેરેની જેમ ભાવરૂપ બની જાય. અને જો અભાવ ભાવરૂપ હોય, તો તત્ત્વાન્તરનો સ્વીકાર કર્યો ન હોવાથી સામર્થ્યથી તેને અન્યતમ ભૂતરૂપે જ સ્વીકારવો રહ્યો. અને જો તે ભૂતરૂપ હોય, તો આવારકરૂપ ન બની શકે, કેમકે ભૂતો ચૈતન્યના વ્યંજકતરીકે અભિમત છે. વળી, જે પરિણામનો અભાવ આવારકતરીકે અભિમત છે, તે વિશિષ્ટ પરિણામ ભૂતોથી ભિન્ન છે કે અભિન્ન ? જો ભિન્ન હોય, તો ભૂતોથી ભિન્ન તત્ત્વની સિદ્ધિનો પ્રસંગ છે. અને તત્ત્વની સંખ્યાના નિયમને બાધની આપત્તિ છે. તથા જો એ વિશિષ્ટપરિણામ ભૂતોથી અભિન્ન હોય, તો તે વિશિષ્ટ પરિણામને ભૂતોની જેમ હંમેશા સર્વત્ર હાજર રહેલો માનવો પડશે. તેથી ચૈતન્યની હંમેશા અભિવ્યક્તિનો પ્રસંગ આવશે.

*નાસ્તિક* :- આ વિશિષ્ટ પરિણામ પરિણામરૂપ હોવાથી ક્યારેય પણ નિત્ય રહી શકશે નહિ. 'તેવા તેવા આકારે પરિણમવું' એ જ પરિણામ છે. તેથી પરિણામ હંમેશા અનિત્ય જ હોય. તેથી આ વિશિષ્ટ પરિણામ પણ હંમેશા રહેતો નથી, તેથી હંમેશા ચૈતન્યની અભિવ્યક્તિનો પ્રસંગ નથી.

*શંકા* :- તો પછી આ અનિત્ય વિશિષ્ટ પરિણામ નિત્યભૂતોથી અભિન્ન શી રીતે બને ?

*સમાધાન* :- આ પરિણામો અનિત્ય હોવા છતાં જ્યારે પણ ઉત્પન્ન થાય છે, ત્યારે જ તે વિશિષ્ટપરિણામ થી ભૂતના સ્વરૂપપણે (અભેદ) ઉત્પન્ન થાય છે. તેથી અનિત્ય પણ આ પરિણામો નિત્યભૂતોથી અભિન્ન હોય છે.

*ઉત્તરપક્ષ* :- 'કાલ'તત્ત્વનો સ્વીકાર કર્યા વિના 'જ્યારે' અને 'ત્યારે' ઇત્યાદિ વચનપ્રયોગો કરી શકાય નહિ. તેથી 'કાળ'તત્ત્વને નહિ માનનારા તમને આ પ્રમાણે કાલતત્ત્વના આધારે આવો વચનપ્રયોગ કરવો ઘટે નહિ. તેથી પરિણામને અનિત્ય ઠેરવી શકો નહિ.

*નાસ્તિક* :- 'કાલ'તત્ત્વ લોકપ્રસિદ્ધ છે. તેથી તેને અમાન્ય ઠેરવી શકાય નહિ.

*ઉત્તરપક્ષ* :- સરસ ! લોકપ્રસિદ્ધિને આગળ કરી તમે ભૂતોથી ભિન્ન 'કાળ'તત્ત્વના સ્વીકારની હિંમત કરી, અને તેથી તમારી તત્ત્વની સંખ્યાને બાધ પહોંચે છે, તેની દરકાર પણ ન કરી, તે બદલ તમને ધન્યવાદ. બસ હવે થોડી વધુ

पच्छावि अणुवलंभा देहावत्थाएँ अह उ उवलंभो ।
तेहिंतो सोऽसिद्धो कह? भणियमिणं पबंधेण ॥ ८९ ॥

(पश्चादपि अनुपलंभाद् देहावस्थायामथ तूपलम्भः । तेभ्यः सोऽसिद्धः कथम्? भणितमिदं प्रबन्धेन ॥)

पश्चादप्यनुपलम्भात् तद्धि तत्रानभिव्यक्तमिति न शक्यं वक्तुं, यत् यत्र पश्चादप्युपलभ्यते यथा सन्तमसावृतेऽपवरके घटः, न च चैतन्यं घटे पश्चादप्युपलभ्यते तत्कथं तत्तत्रानभिव्यक्तमिति शक्यं वक्तुं, अन्यथा सर्वत्रानभिव्यक्तमस्तीत्यपि स्यादिति । अत्र पराभिप्रायमाशङ्कमान आह--*'देहावत्थाएँ अह उ उवलंभो त्ति'*, अथ मन्येथाः *'तु'* पूरणे, देहावस्थायां चैतन्यस्योपलम्भोऽस्तीति, इदमुक्तं भवति-त एव घटपरमाणवो यदा देहाकारेण परिणमन्ते तदा चैतन्यस्योपलम्भोऽस्तीति । अत्रोत्तरमाह--*'तेहिंतो सोऽसिद्धो'* *'तेभ्यो'* देहावस्थाभाविभ्यो भूतेभ्यः *'स'* चैतनस्योपलम्भोऽसिद्धः । कथमिति चेत्, अत आह---भणितमिदं प्रबन्धेन, *'तम्हा न भूयधम्मो चेयन्नं नो य तस्समुदयस्से'* त्यादिना ग्रंथेन । तस्मान्न तत्रानभिव्यक्तं चैतन्यं न च तत्तत्रोपलभ्यत इति तत्र तदभावान्न दृष्टान्तः साध्यविकलः ॥ ८९ ॥

---

હિંમત કરી આત્મતત્ત્વનો પણ સ્વીકાર કરી લો. એટલે વિવાદ સમાપ્ત. અને હા, આત્મતત્ત્વના સ્વીકારમાં તમારે નવું કશું કરવાનું નથી. જે પ્રમાણે 'કાલ'તત્ત્વનો સ્વીકાર કર્યો તે જ પ્રમાણે આત્મતત્ત્વનો સ્વીકાર કરો. કેમકે આત્મા પણ લોકપ્રસિદ્ધ છે. અન્યથા પિતૃકર્મવગેરે અનુપપન્ન બને. કહ્યું જ છે કે *"પિતૃકર્મવગેરેની સિદ્ધિથી આત્મા પણ અલૌકિક (=લોકઅપ્રસિદ્ધ) નથી."* (પિતૃકર્મમાં સ્વર્ગસ્થપૂર્વજોને ઉદ્દેશી બલિવગેરે થાય છે. આ વાત પરલોકગામી આત્મા હોય, તો સુસંગત બને.) તેથી તમારી વિશિષ્ટપરિણામની, તેની ભૂતોથી અભિન્નતાની, તેના અભાવની આવારકતાની વગેરે વાતો તો હવામાં જ ઊડી ગઇ. તમારે તો ઇષ્ટની સિદ્ધિ કરવા જતાં મહાઅનિષ્ટની સિદ્ધિ થઇ ગઇ. અને આમ આવારકનો અભાવ થવાથી ચૈતન્યની અનભિવ્યક્તિ અસિદ્ધ થઇ. ॥૮૮॥

બીજી રીતે પણ અનભિવ્યક્ત ચૈતન્ય અનુપપન્ન છે તે દર્શાવે છે.

વળી જો ઘડામાં અનભિવ્યક્ત ચૈતન્ય હોય, તો ક્યારેક તે અભિવ્યક્ત થવું જોઇએ. પરંતુ પાછળથી પણ અભિવ્યક્ત ચૈતન્ય ઉપલબ્ધ થતું નથી, તેથી ઘડામાં અનભિવ્યક્ત ચૈતન્ય કહી ન શકાય 'જે જ્યાં પાછળથી પણ ઉપલબ્ધ થતું હોય, તે ત્યાં અનભિવ્યક્ત કહી શકાય, જેમકે અંધકારમય ઓરડામાં રહેલો ઘડો. ચૈતન્યની ઘડામાં ક્યારેય અભિવ્યક્તિ થતી નથી. છતાં તેની તેમાં અનભિવ્યક્તરૂપે હાજરી માનશો, તો સર્વત્ર અનભિવ્યક્ત ચૈતન્ય છે તેમ કહેવાનો, અને બધાની બધામાં અનભિવ્યક્ત હાજરી છે તેમ કહેવાનો પ્રસંગ છે.

*નાસ્તિક* :- ઘડાના પરમાણુઓ જ્યારે દેહઆકારરૂપે પરિણત થાય છે, ત્યારે અભિવ્યક્તચૈતન્ય ઉપલબ્ધ થાય છે. આમ પાછળથી સ્પષ્ટચૈતન્ય ઉપલબ્ધ થતું હોવાથી ઘડાવગેરેમાં અનભિવ્યક્તચૈતન્ય હોવામાં કોઇ દોષ નથી.

*ઉત્તરપક્ષ* :- 'દેહાવસ્થામાં રહેલા ભૂતોમાંથી ચૈતન્યની ઉપલબ્ધિ થાય છે' તે વાત જ અસિદ્ધ છે. ભૂતોમાંથી ચૈતન્ય ઉત્પન્ન થતું નથી, તેના સમર્થનમાં તો 'તમ્હા ન ભૂયધમ્મો ચેયન્નં' ઇત્યાદિ ગાથાઓમાં મોટો વિસ્તાર કર્યો છે. તેથી ઘડાવગેરેમાં અનભિવ્યક્ત ચૈતન્ય નથી, કેમકે ક્યારેય ઘડાવગેરે ભૂતકાર્યોમાં ચૈતન્ય ઉપલબ્ધ થતું નથી. તેથી ઘડાનું દૃષ્ટાન્ત સાધ્યવિકલ નથી. (જીવતા દેવદત્તનું શરીર ચૈતન્યશૂન્ય છે. (સાધ્ય) કેમકે ભૂતનું કાર્ય છે જેમકે ઘડો, આ અનુમાનસ્થલીય દૃષ્ટાન્ત અને સાધ્ય સમજવાના છે.) ॥ ૮૯ ॥

'કાયાકારઆદિરૂપે પરિણત થયેલા ભૂતોથી ચૈતન્ય' એવા અર્થવાળા સૂત્રમાં કેટલાક 'અભિવ્યક્ત થાય છે.' એવો ક્રિયાપદસંબંધ જોડે છે, તો કેટલાક 'ઉત્પન્ન થાય છે' એવા ક્રિયાપદને સ્વીકારે છે. આમ કેટલાકના મતે ભૂતોમાંથી ચૈતન્યની અભિવ્યક્તિ થાય છે. અન્યમતે ભૂતોમાંથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે. એમાં અભિવ્યક્તિવાદીઓ ઘડાવગેરેમાં અનભિવ્યક્ત ચૈતન્ય સ્વીકારે છે. ઉત્પત્તિવાદીઓ ઘડાવગેરેમાં ચૈતન્ય સ્વીકારતા નથી ઘડાદિઅવસ્થામાં અનુત્પન્ન ચૈતન્યની દેહાદિપરિણામવખતે ઉત્પત્તિ માને છે. તેમાં અભિવ્યક્તિવાદીઓની અપેક્ષાએ ઘડાના દૃષ્ટાન્તમાં સાધ્યવિકલતા દોષ દૂર કર્યો. હવે અનુત્પન્નવાદીના મતની આશંકા વ્યક્ત કરતા કહે છે-

## *(કાયાકારપરિણામજન્ય ચૈતન્યવાદ નિરાસ)*

*નાસ્તિક* :- ઘડામાં કાયાકારઆદિ વિશિષ્ટપરિણામનો અભાવ હોવાથી ચૈતન્યનો અભાવ છે. તેથી ચૈતન્યના અભાવના નિર્ણાયકતરીકે ભૂતની કાર્યતામાત્રને ન કહી શકાય ('ઘડો ભૂતનું કાર્ય છે અને અચેતન છે' તે વાત બરાબર પણ આટલા દૃષ્ટાન્તમાત્રથી એવો નિર્ણય ન કરાય કે જે ભૂતનું કાર્ય તે ચૈતન્યશૂન્ય જ હોય. કેમકે અમે ચૈતન્યને કાયાકારઆદિ વિશિષ્ટપરિણામવાળા ભૂતોના કાર્યતરીકે સ્વીકાર્યું છે. તેથી જો તમે એવું દૃષ્ટાન્ત બતાવો કે જ્યાં કાયાકાર આદિ વિશિષ્ટપરિણામને પામેલો ભૂતસમુદાય હોય, અને ચૈતન્ય ન હોય, તો એવા પરિણામવાળા ભૂતસમુદાયનું કાર્ય ચૈતન્યશૂન્ય હોય, તેમ નિશ્ચિત થાય, અને તેના બળે ભૂતમાત્રનું કાર્ય ચૈતન્યશૂન્ય હોય, તેમ નિર્ણય થઇ શકે. ઘડામાં તો કાયાકારાદિ વિશિષ્ટપરિણામ જ નથી. તેથી ત્યાં ચૈતન્યનો અભાવ તો અમને પણ ઇષ્ટ જ છે. પણ તેથી તે દૃષ્ટાન્તના બળપર કંઇ ચૈતન્યને ભૂતસમુદાયના કાર્ય તરીકે નિષિદ્ધ કરી શકાય નહિ.) તમે માત્ર ભૂતસમુદાયનું ઉપાદાન કર્યું છે પણ ભૂતસમુદાયને ચૈતન્યશૂન્યતાસાથે કોઇ વ્યાપ્તિ નથી, તેથી તમારો 'ભૂતમાત્રનું કાર્ય' એવો હેતુ સાધ્યની

इह *'भूतेभ्यः कायाकारादिपरिणतेभ्यश्चैतन्य'* मित्यत्र सूत्रे केचिदभिव्यज्यत इति क्रियाभिसंबन्धं प्रतिपद्यन्ते, अन्ये तु प्रादुर्भवतीति । अभिव्यक्तिवादिनश्च घटादिष्वनभिव्यक्तं चैतन्यमभिमन्यन्ते इतरे त्वनुत्पन्नं, तत्राभिव्यक्तिवादिनः प्रति दृष्टान्तस्य दोषमपहाय अनुत्पन्नवादिमतमाशङ्कमान आह--

कायागारादिविसिट्ठपरिणतीविरहतो ण तं तण्णो ।
णातविरहातोऽमाणं किमेत्थ माणेण? तदभावो ॥ ९० ॥

(कायाकारादिविशिष्टपरिणतिविरहतो न तत् तन्न । न्यायविरहादमानं किमत्रमानेन? तदभावः ॥)

*"कायाकारादिका"* आदिशब्दात् प्राणापानवत्त्वपरिग्रहः या विशिष्टा परिणतिः, तस्या विरहोऽभावस्तस्मान्न *'तत्'* चैतन्यं घटेऽस्तीति शेषः । एतदुक्तं भवति–न भूतफलत्वमात्रं चैतन्यशून्यत्वस्य गमकं, किं तर्हि कायाकारादिरूपविशिष्टपरिणतिविरहविशिष्टं, यथा घटे । अत्र तु केवलमुपादीयते तच्च न साध्ये प्रतिबद्धमित्यप्रयोजकोऽयं हेतुरिति, तदेतदसमीचीनम्, अस्य साध्येन सह प्रतिबन्धस्य चैतन्यस्य भूतधर्मत्वभूतकार्यत्वप्रतिषेधद्वारेण प्रागेव प्रसाधितत्वात् । तथाप्येतदुपेक्ष्य परस्य वावदूकतामपनेतुकाम आचार्य इदमाह--,*"तन्नो इति"* यदेतदुक्तं प्राक् तन्न। कुत इत्याह--यस्मात् *'न्यायविरहाद्'* युक्तिविरहाद् *'अमानम्'* अप्रमाणमेतत् अनन्तरोक्तम्। न हि कायाकारादिरूपविशिष्टपरिणतिविरहनिबन्धनो घटे चैतन्याभावो, यदि पुनस्तत्रापि कायाकारादिपरिणतिः, स्यात् स्यादेव तत्र चैतन्यमित्यस्मिन्नर्थे (न) किंचित् प्रमाणमस्ति। अत्र पर आह--*"किमेत्थ माणेण तदभावो"* किमत्रान्येन प्रमाणेन? ननु चैतन्याभाव एव प्रमाणम् । तथाहि--यदि कायाकारादिपरिणतिमन्तरेणापि भवेच्चैतन्यं ततः सर्वत्र घटादावप्यविशेषेण भवेत्, न च भवति, तस्मात् कायाकारादिपरिणतिनिबन्धनं चैतन्यं, तद्विरहनिबन्धनश्च घटे चैतन्याभाव इति ॥ ९०॥ आचार्य आह---

सो सज्झो ण उ सिद्धो भणियमिण तह य उवरिमो वोच्छं ।
पडिभणियं जं भणियं पवक्खमाणे भणिस्सामो ॥ ९१ ॥

(स साध्यो न तु सिद्धो भणितमिदं तथा चोपरि वक्ष्ये । प्रतिभणितं यद् भणितं प्रवक्ष्यमाणे भणिष्यामः ॥)

स घटे चैतन्याभावः कायाकारादिरूपपरिणतिविरहनिबन्धनोऽद्यापि साध्यो न तु सिद्धः, न चासिद्धेन

---

સિદ્ધિમાટે અપ્રયોજક છે.

*ઉત્તરપક્ષ* :- તમારી વાત બરાબર નથી. ભૂતસમુદાયનું ફળ=કાર્યરૂપ હેતુને ચૈતન્યની શૂન્યતારૂપ સાધ્યસાથે વ્યાપ્તિ સંબંધ છે એ વાત પૂર્વે ચૈતન્ય ભૂતનો ધર્મ કે કાર્ય નથી એવી સિદ્ધિ કરવાદ્વારા જ સિદ્ધ કરી છે. (ભૂતસામાન્યસાથે ચૈતન્યશૂન્યતાનો સંબંધ સિદ્ધ થવાથી કાયાકારપરિણામરૂપ ભૂતવિશેષસાથે પણ ચૈતન્યશૂન્યતાનો સંબંધ સિદ્ધ થાય છે.) છતાં આ સિદ્ધિની ઉપેક્ષા કરી મૂળકાર આચાર્ય નાસ્તિકની વાચળતા દૂર કરવા કહે છે 'તન્નો' ઇત્યાદિ હમણા નાસ્તિકે જે તર્ક કર્યો તે બરાબર નથી. કેમકે ન્યાય=યુક્તિનો અભાવ હોવાથી અપ્રમાણ ભૂત છે. 'કાયાકારઆદિરૂપ વિશિષ્ટપરિણામના અભાવના કારણે ઘડામાં ચૈતન્ય નથી, જો ઘડાના કાયાકારઆદિ પરિણામવિશેષ હોત, તો અવશ્ય ચૈતન્ય હોત' એવું કહેવામાં કોઇ પ્રમાણ નથી.

*નાસ્તિક* :- અહીં બીજા પ્રમાણની શી અવશ્યકતા છે ? ઘડામાં ચૈતન્યનો અભાવ છે તેજ મોટું પ્રમાણ છે. જો કાયાકારઆદિ પરિણામવિશેષના અભાવમાં પણ ચૈતન્ય હોત, તો ઘડાવગેરે બધામાં અવિશેષરૂપે ચૈતન્ય ઉપલબ્ધ થાત પણ થતું નથી. તેથી સિદ્ધ થાય છે કે ઘડાવગેરેમાં કાયાકારઆદિ પરિણામવિશેષ ન હોવાથી જ ચૈતન્ય નથી. અને ચૈતન્યમાં કાયાકારઆદિ પરિણામવિશેષ જ હેતુ છે. ॥૯૦॥

અહીં આચાર્ય ઉત્તર આપે છે–

*ઉત્તરપક્ષ* :- 'ઘડામાં ચૈતન્યના અભાવમાં કાયાકારઆદિ પરિણામવિશેષનો અભાવ કારણ છે.' એ વાત હજી સિદ્ધ નથી થઇ પરંતુ સાધ્યરૂપ છે. અને અસિદ્ધ વસ્તુદ્વારા કંઇ અમારા અનુમાનમાં બાધા ઉભી કરી શકાય નહિ.

*નાસ્તિક* :- 'ચૈતન્યના અભાવમાં કાયાકારઆદિ પરિણામવિશેષનો અભાવ કારણ છે' એ શી રીતે અસિદ્ધ છે ?

*ઉત્તરપક્ષ* :- અમે પૂર્વે કહ્યું છે કે 'ઘડાવગેરેમાં ચૈતન્યના અભાવમાં તેવાપ્રકારનો કાયાકારઆદિ વિશેષ પરિણામનો અભાવ કારણ છે. અને જીવનો અભાવ કારણ નથી, તેમાં શું પ્રમાણ' ઇત્યાદિથી કાયાકારપરિણામની ચૈતન્યપ્રત્યે કારણતા અસિદ્ધ ઠરે છે. વળી આગળ પણ અમે કહેવાના છીએ કે 'સંતંપિ કિન્ન સાહઇ' ઇત્યાદિ (ગા. ૯૬) (=મૃતશરીરમાં કાયાકારપરિણામરૂપ કારણ વિદ્યમાન હોવા છતાં ચૈતન્યરૂપ કાર્યને કેમ સાધતું નથી.) તેથી આ કાયાકારપરિણામઆદિ તર્ક 'ભૂતનું કાર્ય હોવાથી' એવા હેતુને અપ્રયોજક બનાવી શકે નહિ.

*(ભૂતસ્વભાવવૈચિત્ર્ય ખંડન)*

*નાસ્તિક* :- ભૂતોનો એવો વિચિત્ર સ્વભાવ છે કે જેથી જીવતા દેવદત્તના શરીરવગેરેમાં ભૂતના કાર્યરૂપ ચૈતન્ય હાજર હોય, અને ઘડા વગેરેમાં ચૈતન્ય ન હોય. અને સ્વભાવમાં 'શા માટે ?' એવો પ્રશ્ન હોય નહિ. જેમકે 'અગ્નિ

बाधास्ति । कथमसिद्ध इति चेत्? भणितमिदम्-*'अह तव्विहपरिणामो नत्थि न जीवोत्ति'* इत्यादिना ग्रन्थेन, उपरि च *'संतंपि किन्न साहइ'* इत्यादिना वक्ष्यामः। तस्मान्न भूतफलत्वादित्यप्रयोजको हेतुः। स्यादेतत्--चित्रो भूतानां स्वभावः, ततो जीवद्देवदत्तशरीरादौ भूतफलवच्चैतन्यं भविष्यति न घटादौ, न च स्वभावे पर्यनुयोगोऽस्ति, *"अग्निर्दहति नाकाशं, कोऽत्र पर्यनुयुज्यते"* इति ।एतच्च प्रागेवोक्तं, *'चित्तो भूयसहावो'* इति । अत एवाह- 'पडिभणितं' प्रतिभणितं प्रतिभणनं-निराकरणं यद्भणितं, तत् *'प्रवक्ष्यमाणे'* अनन्तरमभिधास्यमाने *' भणिष्यामः'* प्रतिविधास्यामः, वक्ष्यमाणग्रन्थेन निराकरिष्याम इत्यर्थः ॥ ९१ ॥ तन्निराकरणमेवाह--

भूताणं अविसेसे अण्णम्मि य चेतणे असंतम्मि ।
तक्कज्जे चेयन्नं विसमगतीए कहं जुत्तं? ॥ ९२ ॥

(भूतानामविशेषेऽन्यस्मिन् च चैतन्येऽसति। तत्कार्ये चैतन्यं विषमगत्या कथं युक्तम्? ॥)

*' भूतानां'* पृथिव्यादिलक्षणानाम् *'अविशेषे'* विशेषाभावे सति, विशेषाभावश्च विशेषकमन्तरेण विशेषस्यानुपपत्तेः,*'विशेषणं विना यस्मान्न तुल्यानां विशिष्टते*ति वचनात् । न च विशेषकोऽभ्युपगम्यते, तत्त्वसंख्यानियमव्याघातप्रसङ्गात् । अत एवाह---*'अन्नम्मि य चेयणे असंतम्मि'* अन्यस्मिंश्च 'चेतने' जीवलक्षणे विशेषके, 'असति' अविद्यमाने, *'तत्कार्ये'* भूतकार्ये, चैतन्यं *'विषमगत्या'* जीवद्देवदत्तशरीरादौ भावेन घटादौ चाभावेनेत्यर्थः, कथं युक्तं?, नैव कथंचन, विशेषकमन्तरेण हि सर्वत्राविशेषेण स्यान्नवा क्वचिदपीति भावः ॥ ९२ ॥ अत्र पर आह--

जह संठाणविसेसो ओहेणं कारणाण तं अत्थि ।
तो जुत्तो तब्भेदो ण य चेतन्नं कहंचिदवि ॥ ९३ ॥

(यथा संस्थानविशेष ओघेन कारणानां तदस्ति । तस्मात् युक्तस्तद्भेदो न च चैतन्यं कथञ्चिदपि॥)

---

બાળે છે અને આકાશ બાળતું નથી' તેવા સ્વભાવમાં કોઇ પ્રશ્ન નથી. આ વાત પૂર્વે 'ભૂતસ્વભાવ વિચિત્ર છે' ઇત્યાદિથી પ્રતિપાદિત કરી છે.

*ઉત્તરપક્ષ* :- આ પ્રમાણે તમે જે પ્રતિભણન=નિરાકરણ કહેલું તેનો ઉત્તર અમે હમણા જ આપીશું. ॥૯૧॥

આ નિરાકરણ દર્શાવતા કહે છે-

પૃથ્વીવગેરેમાં વિશેષનો અભાવ છે. કેમકે વિશેષણ અર્થાત્ વિશેષ કરનારનો અભાવવિશેષ જ અનુપપન્ન છે. કેમકે એવું વચન છે કે "તુલ્ય વસ્તુઓમાં વિશેષણ વિના વિશિષ્ટતા સંભવે નહિ" અને તમે તત્ત્વની સંખ્યાના નિયમને વ્યાઘાત આવવાના ભયથી કોઇ વિશેષક(=વિશેષ કરનાર=વિશેષણ) સ્વીકાર્યો નથી. અને વિશેષકને સ્વીકારો, તો એ વિશેષકતરીકે જીવ જ સિદ્ધ થાય. તેથી જો જીવરૂપ વિશેષક અવિદ્યમાન હોય, તો ભૂતકાર્યરૂપે સમાન એવા 'જીવતા દેવદત્તનું શરીર અને ઘડામાં આવી વિષમરૂપતા શી રીતે આવી કે જેથી એ શરીરમાં ચૈતન્યનો સદ્ભાવ હોય અને ઘડાવગેરેમાં ચૈતન્યનો અભાવ હોય (તાત્પર્ય:- ઘડો અને શરીર બન્ને સમાનરૂપે ભૂતમય=ભૂતના જ બનેલા હોય, તો બન્નેમાં ઉપરોક્ત વિશેષભેદ સંભવે નહિ. કારણ દ્રવ્યોમાં વિશેષતા હોય, તો જ કાર્યદ્રવ્યોમાં વિશેષતા આવે. તેથી જો જીવતા દેવદત્તના શરીરમાં ચૈતન્યની હાજરી અને ઘડામાં ચૈતન્યનો અભાવ એવો તફાવત ઇષ્ટ હોય, તો બન્નેના કારણમાં પણ ભેદ માનવો જોઇએ. ઘડો તો માત્ર પૃથ્વી આદિભૂતોનો જ બન્યો છે તે ઉભયમત સંમત છે તેથી જીવતા શરીરરૂપ કાર્યમાં કોઇ વિશેષ કારણ માનવું જોઇએ. અને તે વિશેષ કારણતરીકે જીવ જ સ્વીકાર્ય થાય છે.) જીવઆદિ રૂપ વિશેષકના અભાવમાં આવો તફાવત અસંગત છે. કેમકે વિશેષક વિના સર્વત્ર અવિશેષરૂપે જ કાર્ય થાય અથવા ક્યાંય પણ થાય નહિ. ॥૯૨॥

અહીં નાસ્તિક દલીલ કરે છે.

*નાસ્તિક* :- ઘડા, કપડાવગેરે સમાનતયા ભૂતકાર્ય હોવા છતાં ભૂતોના સ્વભાવની વિચિત્રતાના કારણે તેઓ પ્રત્યેકમાં જૂદા જૂદા આકારે દેખાય છે. બસ તેજ પ્રમાણે ભૂતોના સ્વભાવની વિચિત્રતાને કારણે વિષમગતિથી કાયાકારપરિણામથી ચૈતન્યની ઉત્પત્તિ સંભવે છે.

*ઉત્તરપક્ષ* :- ઘડાવગેરેના આકારની ભિન્નતા તેઓના કારણના હિસાબે છે. માટીનો પિંડ, તન્તુઓવગેરે ઘડા, કપડાઆદિના કારણોનો પ્રત્યેકનો ઓઘથી ભિન્ન આકાર છે. કેમકે તેવા પ્રકારના લંબાઇ પહોળાઇવગેરે આકારો તેઓમાં ઉપલબ્ધ થાય છે. તેથી ઘડા, કપડા વગેરે ભૂતકાર્યોમાં પણ તેવા પ્રકારના વિશિષ્ટ દેશ, કાળ કર્તા વગેરે સામગ્રીના કારણે પ્રતિવ્યક્તિ આકારોમાં ભેદ છે. તે યુક્તિસંગત છે. પણ તેટલા માત્ર થી ચૈતન્યઅંગે પણ તેવી જ યુક્તિ લડાવવી બરાબર નથી. કેમકે ચૈતન્ય કોઇપણ પ્રકારે સંસ્થાનની જેમ વિષમગતિવાળા તરીકે યુક્તિયુક્ત નથી. અથવા ચૈતન્યમાં સંસ્થાન=આકાર અને વિષમતા કોઇપણ પ્રકારે યુક્તિયુક્ત નથી. કેમકે પૃથ્વી વગેરે ભૂતોમાં પ્રત્યેકમાં સામાન્યથી ચૈતન્યની વિષમરૂપતા ઉપલબ્ધ થતી નથી. (ઘડાદિના તો કારણસામગ્રીમાં વિષમતા હોવાથી તેઓમાં આકાર આદિની વિષમતા આવે છે. ચૈતન્યના ભૂતોરૂપ કારણસામગ્રીમાં કોઇ વિષમતા નથી. તેથી ચૈતન્યમાં શી રીતે વિષમતા આવી શકે? એમ કહેવાનો ભાવ છે.) તેથી ચૈતન્યનો સર્વત્ર અવિશેષરૂપે સદ્ભાવ કે અસદ્ભાવ હોય તેજ સંગત છે. પણ તેમ દેખાતું નથી. કારણ કે જીવંત

यथा संस्थानविशेषः, इदमुक्तं भवति--यथा भूतानां चित्रस्वभावतया घटपटादीनां भूतकार्यत्वाविशेषेऽपि संस्थानविशेषः प्रतिव्यक्ति भिन्नो भवति, तथा चैतन्यमपि विषमगत्या भविष्यतीति । **अत्रोत्तरमाह--'*ओहेणं कारणाण तं अत्थि*'** 'कारणानां' मृत्पिण्डतन्त्वादीनाम् 'ओघेन' सामान्येन, प्रतिव्यक्ति भिन्नं 'तत्' संस्थानमस्ति, तथाविधाऽविशिष्टोर्ध्वाद्याकारोपलम्भात् । ततः कार्याणामपि घटपटादीनां, तथाविशिष्टदेशकालकर्त्रादिसामग्रीभावेन, तद्भेदः संस्थानभेदः, प्रतिव्यक्ति भिन्नो युक्त एव । न च वाच्यं-चैतन्यमप्येवं भविष्यतीति । यत आह--'*न य चेयन्नं कहंचिदवि*' न च चैतन्यं 'कथंचिदपि' केनापि प्रकारेण संस्थानवद्विषमगतिकं युक्तं, प्रत्येकं पृथिव्यादिभूतेषु सामान्येन तस्य विषमगत्याऽनुपलम्भनात् । तस्मात् सर्वत्राप्यविशेषेण तस्य भावोऽभावो वा युक्तो, न चैतदस्तीति यत्किंचिदेतत् ॥ ९३ ॥ अपि च-जीवद्देवदत्तशरीरादौ धर्म्मिणि चैतन्यशून्यत्वं साध्यं, ततस्तस्य प्रतिषेधे कृते सति हेतुर्विपक्षगमनेन दुष्टः स्यात्, स च तत्प्रतिषेधो दुस्साध्यः, तथा चाह-

**भूतफलत्तं चेयण्णसुण्णया नेति एत्थ किं माणं? ।**
**णो पच्चक्खं जम्हा सदत्थविसयं तयं सिद्धं ॥ ९४ ॥**

(भूतफलत्वं चैतन्यशून्यता नेति अत्र किं मानम्? । नो प्रत्यक्षं यस्मात् सदर्थविषयं तकत् सिद्धम् ॥)

---

દેવદત્તના શરીરમાં ચૈતન્ય દેખાય છે, પરંતુ ઘટ-પટમાં દેખાતુ નથી. સારાંશ: સર્વત્ર સમાનતયા ચૈતન્ય ઉપલબ્ધ થતું નથી. તેથી નાસ્તિકની દલીલ તુચ્છ છે. ॥૯૩॥

*(ભૂતકાર્યસાધક પ્રમાણ ખંડન)*

વળી અમારે જીવતા દેવદત્તના શરીરવગેરેરૂપ ધર્મી=પક્ષમાં ચૈતન્યનો અભાવ સિદ્ધ કરવો છે. તેમાં "ભૂતોનું કાર્ય હોવાથી" એ હેતુ છે. હવે જો એ શરીરમાં ચૈતન્યના અભાવનો પ્રતિષેધ (=ચૈતન્યની હાજરી) સિદ્ધ કરાય, તો ઉપરોક્ત હેતુ વિપક્ષમાં (=ચૈતન્યના અભાવની વિરુદ્ધ ચૈતન્યવાળા ધર્મીમાં) રહ્યો ગણાય, અને તો તે દુષ્ટ ગણાય. પરંતુ ચૈતન્યના અભાવનો પ્રતિષેધ સિદ્ધ કરવો દુ:સાધ્ય છે. આ જ વાત આચાર્યદેવ કહે છે-

*ગાથાર્થ* :- ભૂતનું કાર્ય હોવા છતાં જીવતા દેવદત્તના શરીરવગેરેમાં ચેતનાનો અભાવ નથી, એમ કહેવામા તમારી(=નાસ્તિક)પાસે શું પ્રમાણ છે ? પ્રત્યક્ષ કે અનુમાન ? એટલો ખ્યાલ રાખવો કે પ્રમાણ વિના કોઇ ઇષ્ટ વસ્તુની સિદ્ધિ થતી નથી. અહીં પ્રત્યક્ષપ્રમાણ કામ નહિ આવે. કેમકે પ્રત્યક્ષપ્રમાણ તો નજીક રહેલા, વિદ્યમાન, તથા ઇન્દ્રિયથી અનુભવને યોગ્ય વસ્તુને જ પોતાનો વિષય બનાવે છે. તેથી આ પ્રમાણ વસ્તુના અભાવને વિષય ન બનાવી શકે. તેથી આ પ્રમાણ પ્રતિષેધમાં પ્રવૃત્ત થઇ શકે નહિ. મૂળકારશ્રી આ જ કહે છે-"નો પચ્ચક્ખમ્મિ" ઇત્યાદિ. પ્રત્યક્ષપ્રમાણ વિદ્યમાનઅર્થવિષયક જ છે તેમ બધાને વિરોધ વિના માન્ય છે. તેથી પ્રતિષેધના વિષયમાં આ પ્રમાણ કામ નહિ આવે. ॥૯૪॥

*નાસ્તિક* :- ભલે, ત્યારે પ્રત્યક્ષ પ્રમાણ કામ ન આવે, અનુમાનપ્રમાણ તો કામ આવશેને

નાસ્તિકની આવા આશયની સામે આચાર્ય કહે છે-

*ગાથાર્થ* :- અનુમાનપ્રમાણ પણ અહીં યુક્તિસંગત નથી. કેમકે લોકમાં વિશિષ્ટલિંગઆદિનો વિરહ છે. (વિવક્ષિતસાધ્યઅર્થના અભાવમાં જેની વિદ્યમાનતા અસંગત ઠરે, તે સાધ્યઅર્થનું લિંગ બને. 'આદિ'પદથી અન્યથા અનુપપત્તિમાં કારણભૂત સંબંધવિશેષનો સમાવેશ કરવો.) અહીં 'લોકમાં' એમ કહીને અમારે એવું કહેવું છે કે "અમારી પ્રતિભામાં ખામી છે. માટે લિંગ દેખાતું નથી, એમ નથી પરંતુ વાસ્તવમાં જ જગતમાં લિંગ નથી માટે દેખાતું નથી. કેમકે ભૂતની કાર્યતારૂપ લિંગ=હેતુ ચૈતન્યવાળારૂપ વિપક્ષમાંથી ચૈતન્યશૂન્યતારૂપ વ્યાપક=સાધ્યની અનુપલબ્ધિ થવાથી નિવૃત્ત થાય છે. તેથી ચેતનાશૂન્યતાસાથે વ્યાપ્તિ સંબંધ ધરાવે છે." (તાત્પર્ય :- સર્વત્ર ભૂતનું કાર્ય ચૈતન્યશૂન્ય જ દેખાય છે તેથી શરીરરૂપ ભૂતકાર્યમાં પણ ચૈતન્યશૂન્યતા જ સંભવે છે. ભૂતનું કાર્ય ચૈતન્યયુક્ત હોય, તેવું સાધક કોઇ લિંગદર્શન થતું નથી.)

*નાસ્તિક* :- આકાર અનુમાન બની શકે છે. જ્યાં જ્યાં શરીરરૂપ આકાર હોય છે ત્યાં ત્યાં ચૈતન્ય હોય છે. જેમકે પોતાનામાં. આ જ પ્રમાણે જીવતા દેવદત્તના શરીરમાં કાયાકાર આકાર દેખાય છે માટે ત્યાં ચૈતન્ય હોવું જોઇએ. આ કાયાકાર આકાર જ ચૈતન્યનું કારણ છે. તેથી તેની હાજરીમાં ચૈતન્ય હોય તે સંગત જ છે. અને કાયાકાર ચૈતન્યના અનુમાનમાં લિંગ છે. તેથી "ચે આગારે તિ" મૂળમાં કાયાકાર અનુમાન છે તેમ કહ્યું.

*ઉત્તરપક્ષ* :- તમને કાયાકારપરિણામ ચૈતન્યના કારણતરીકે ઇષ્ટ છે. પણ કારણ સર્વત્ર કાર્યથી સંલગ્ન જ હોય તેવો નિયમ નથી. કેમકે કારણની કાર્યસાથે વ્યાપ્તિનો અભાવ સંભવે છે. (દા.ત. ધૂમનું કારણ અગ્નિ છે. પણ સર્વત્ર અગ્નિસ્થળે ધૂમાડો હોય જ તેવો નિયમ નથી. દા.ત. લોખંડના ગોળામાં રહેલા અગ્નિથી ધૂમાડો ઉત્પન્ન થતો નથી.) તેથી જ કહ્યું છે કે "કારણ અવશ્ય કાર્યયુક્ત જ હોય તેવો નિયમ નથી" આમ કારણસ્થળે કાર્યના અવશ્યસંભવનો નિયમ ન હોવાથી કાર્યના અનુમાનમાં કારણ લિંગ બની શકે નહિ. તેથી કાયાકારરૂપ કારણથી ચૈતન્યરૂપ કાર્યનું અનુમાન થઇ ન શકે. (કદાચ કોઇ શંકા કરે કે, અવિકલ કારણસામગ્રીના સદ્ભાવમાં અવશ્ય કાર્ય હોય જ, અન્યથા (૧) કારણસામગ્રીની કારણતા અનુપપન્ન બને અને (૨) કાર્યના નિશ્ચિત કારણસામગ્રીના ઉપાદાનનો વ્યવહાર લોપાય જાય, તેથી જ અવિકલકારણસામગ્રીસ્થળે કારણથી કાર્યનું અનુમાન પણ ઇષ્ટ

भूतफलत्वेऽपि जीवद्देवदत्तशरीरादेर्न चेतनाशून्यतेत्यत्र *'किं मानं'?* किं प्रमाणं, प्रत्यक्षमनुमानं वा?, न खलु प्रमाणमन्तरेणाभिप्रेतार्थसिद्धिर्भवति । तत्र न तावत्प्रत्यक्षं, तस्य सन्निहितसद्भूतयोग्यार्थविषयत्वेन प्रतिषेधे प्रवृत्त्ययोगात् । एतदेवाह–*"नो पच्चक्खमित्यादि"* न च प्रत्यक्षमनन्तरोक्ते प्रतिषेधे प्रमाणं, कुत इत्याह–यस्मात् 'तकत्' प्रत्यक्षं 'सदर्थवषयं' विद्यमानार्थगोचरमविगानेन सर्वेषां सिद्धम् ॥ ९४ ॥ मा भूत्प्रत्यक्षम्, अनुमानं भविष्यतीति चेदत आह–

अणुमाणंपि ण जुत्तं विसिट्ठलिंगादिविरहतो लोए ।
चे आगारोत्ति तयं ण कारणं कज्जवं णियमा ॥ ९५ ॥

(अनुमानपि न युक्तं विशिष्टलिंगादिविरहितो लोके । चेदाकार इति तकत् कारणं कार्यवन्नियमात् ॥ )

अनुमानमपि प्रमाणं न युक्तम्, कुत इत्याह–-*'विसिट्ठलिंगाइविरहतो लोए'* विशिष्टं लिङ्गं विवक्षित-साध्यार्थान्यथानुपपन्नंआदिशब्दादन्यथानुपपन्नत्वनिबन्धनसंबन्धविशेषपरिग्रहः, तस्य विरहाद्–अभावात् *'लोके'* जगति, लोक इत्यनेन च एतदाख्यायते–-नास्माकं प्रतिभाविरहमात्रेण विशिष्टलिङ्गादिविरहः, किंतु वास्तव एव, भूत-फलत्वस्य विपक्षाद् व्यापकानुपलब्ध्या व्यावर्तमानस्य चेतनाशून्यत्वेन प्रतिबद्धत्वात् । अत्र परस्याभिप्राय-माह–-*'चे आगारोत्ति तयं'* 'तकद्' अनुमानमाकारो भविष्यतीति चेत्? तथाहि–-यत्र यत्राकारः कायरूपस्तत्र तत्र चैतन्यं, यथा स्वस्मिन्, तथाऽऽकारो जीवद्देवदत्तशरीरेऽस्तीति आकारो हि चैतन्यस्य कारणं, ततो युक्तस्तद्भावे चैतन्यस्य भावः, अनुमानहेतुत्वाच्चाकारोऽनुमानमित्युक्तः । अत्राह–-*'नकारणं कज्जवं नियमा'* आकारो हि चैतन्यस्य कारणमिष्यते, कारणं च नावश्यं कार्यवद्भवति, प्रतिबन्धवैकल्यसंभवात् । तदुक्तम्–- *"नावश्यं कारणानि तद्वन्ति भवन्तीति"*, तथा च कथमाकाराच्चैतन्यस्यानुमानम् । अपि च–नैवासावाकारः कारणमपि चैतन्यस्य, तत्कारणत्वे मृतावस्थायामपि तत्सद्भावतश्चैतन्यस्य भावप्रसङ्गात् ॥ ९५ ॥ तथा चाह

संतंपि किं ण साहइ? विगलत्ता तो त्ति किं कयं तमिह? ।
पाणापाणाभावा ण जीवऽभावेण को हेऊ? ॥ ९६ ॥

(सदपि किं न साधयति? विकलत्वादिति, किंकृतं तदिह । प्राणापानाभावाद् न जीवाभावेन को हेतुः?)

---

છે. જેમકે આકાશ તેવા પ્રકારના કાળાવાદળાથી છવાઇ જાય, પવન તથાપ્રકારે ફૂંકાયવગેરે કારણસમુદાય ઉપસ્થિત થાય, ત્યારે 'થોડીવારમાં વરસાદ પડશે' તેવું સચોટ અનુમાન થાય છે. આમ અવિકલ કારણસામગ્રીની કાર્યની સાથે વ્યાપ્તિ સિદ્ધ છે. અને કાયાકારપરિણામ ચૈતન્ય પ્રત્યે અવિકલ કારણસામગ્રી છે. તેથી કાયાકારપરિણામથી ચૈતન્યનું અનુમાન થવામાં દોષ નથી. આવી શંકાના સંદર્ભમાં કહે છે) – વળી આ કાયાકાર ચૈતન્યના કારણતરીકે અસિદ્ધ છે. કેમકે મૃતઅવસ્થામાં કાયાકારપરિણામની હાજરી છે. જો તે ચૈતન્યનું કારણ હોય, તો મૃતઅવસ્થામાં પણ ચૈતન્ય હાજર રહેવાની આપત્તિ આવે. ॥૯૫॥

આ જ સંદર્ભમાં આચાર્ય કહે છે–

*ગાથાર્થ* :– જો આ આકાર ચૈતન્યના કારણતરીકે અભિમત હોય, તો મૃતશરીરમાં આ આકાર પોતે વિદ્યમાન હોવા છતાં પોતાના કાર્યરૂપ ચૈતન્યને કેમ ઉત્પન્ન કરતો નથી ? જો કારણ પોતાના કાર્યને ઉત્પન્ન કરતી વખતે અન્ય કોઇ કારણની અપેક્ષા રાખતુ ન હોય, તો તે કારણના સદ્ભાવમાં અવશ્ય કાર્ય હોવું જ જોઇએ જો અન્ય કારણથી નિરપેક્ષ એવું કારણ પોતાના સદ્ભાવમાં કાર્ય ને પેદા ન કરી શકે, તો તે કારણરૂપ જ ન બને. અન્યકારણ નિરપેક્ષ એવા આકારની હાજરીમાં પણ મૃતશરીરમાં ચૈતન્ય દેખાતું નથી, તેથી કાયાકાર ચૈતન્યનું કારણ નથી.

*નાસ્તિક* :– અમે કારણાન્તરનિરપેક્ષ માત્ર કાયાકારને ચૈતન્યપ્રત્યે કારણ નથી માનતા. કે જેથી તમે કહ્યું તેમ મૃતશરીરમાં ચૈતન્યને ઉત્પન્ન કરતું ન હોવાથી તે અકારણ બની જાય. પરંતુ કારણાન્તરસાપેક્ષ કાયાકારને જ ચૈતન્ય પ્રત્યે કારણ માનીએ છીએ. મૃતશરીરમાં કારણાન્તરનો અભાવ છે. તેથી કારણાન્તરથી વિકલ કાયાકાર ચૈતન્યને ઉત્પન્ન કરતો નથી. પરંતુ તેથી 'તે ચૈતન્યપ્રત્યે મૂળથી જ કારણ ન હોવાથી મૃતશરીરમાં ચૈતન્ય ઉત્પન્ન કરતો નથી' એમ કહી ન શકાય.

*ઉત્તરપક્ષ* :– એવું કયું કારણાન્તર છે કે જેનો અભાવ કાયાકારને વિકલ બનાવે છે. અર્થાત્ જ્યાં તેની કારણતાને અનેકાંતિકતાનો દોષ સંભવે છે તેવા મૃતશરીરમાં ચૈતન્યને પેદા ન થવામાં કયા અપેક્ષણીય કારણનો અભાવ કાયાકારમાં વિકળતા પેદા કરે છે.

*પૂર્વપક્ષ* :– મૃતશરીરમાં પ્રાણાપાનરૂપકારણાન્તરનો અભાવ કાયાકારને ચૈતન્યની ઉત્પત્તિપ્રત્યે વિકળ બનાવે છે

*ઉત્તરપક્ષ* :– 'મૃતશરીરમાં પ્રાણાપાનરૂપ કારણાન્તરના અભાવથી ચૈતન્ય નથી' એમ કહેવામાં અને 'જીવનો અભાવ હોવાથી ચૈતન્ય નથી' એમ ન કહેવામાં તમારી પાસે કયો હેતુ છે ? કયો નિયામક છે ? અર્થાત્ તમારી પાસે કોઇ નિયામક નથી તેથી ચૈતન્યનો જીવની સાથે જ અન્વય-વ્યતિરેક મળતો હોવાથી ચૈતન્ય જીવનું જ કાર્ય છે. અર્થાત્ ચૈતન્ય પરિણામ રૂપ પર્યાય જીવનો જ છે કાયાકારનો નથી. તેથી ચૈતન્ય પ્રતિ કાયાકાર કારણ નથી અને તે અકારણ

यद्यसावाकारश्चैतन्यस्य कारणमिष्यते, तर्हि तत्कारणं सदपि मृतशरीरे *'किं'* कस्माद् न *'साधयति'* निर्वर्तयति चैतन्यलक्षणं कार्यम्, कारणे हि कार्यजननं प्रति कारणान्तरनिरपेक्षे सति अवश्यं कार्येण भवितव्यं, अन्यथा तत्तस्य कारणमेव न स्यात्, न च भवति आकारसद्भावेऽपि मृतशरीरे चैतन्यं, ततो नैवासौ कारणम्, अकारणत्वाच्च न चैतन्यस्य गमक इति । स्यादेतत्, न कारणान्तरनिरपेक्षः केवल एवाकारश्चैतन्यस्य कारण-मिष्यते, येन मृतशरीरे तदकुर्वन्नसावकारणं स्यात्, किंतु कारणान्तरसापेक्षो, मृतशरीरे चासौ कारणान्तर-विकलस्ततो न साधयति तत्र चैतन्यरूपं निजकार्यमिति । एतदेवाह-*'वियलत्ताओत्ति'* विकलत्वात् कारणान्तर-हीनत्वात् असावाकारो मृतशरीरे चैतन्यरूपं निजकार्यं न करोति, न तु निर्मूलत एवाकारणत्वात् । आचार्यः पृच्छति किंकृतं तत् वैकल्यम् *'इह'* व्यभिचाराश्रये मृतशरीरे कस्य कारणान्तरस्यापेक्षणीयस्याभावात् आकारस्य तत्र विकलतेतियावत् । पर आह-प्राणापानयोरभावात् । आचार्य आह-न जीवाभावेनेत्यत्र को हेतुरिति, प्राणापानाभावात्तत्र विकलत्वं न जीवाभावादित्यत्र *'को हेतुः'?* किन्नियामकं? नैव किंचिन्नियामकमस्तीत्यर्थः । तस्मात् जीवेनैव सहान्वयव्यतिरेकदर्शनात् जीवस्यैव कार्यं चैतन्यपरिणामविवर्त्तो नाकारस्य, ततो नैवासौ कारणम्, अकारणत्वाच्च न ततश्चैतन्यानुमानं, नापि तदभावनिबन्धनो घटादिषु चैतन्याभावः । एवं च सति यत् प्राक् प्रतिज्ञातं *'तह य उवरिमो वोच्छमिति'* तदिदानी समर्थितं द्रष्टव्यमिति ॥ ९६ ॥ किंच--

तम्मत्ताऽसिद्धीए परिणामादीणमब्भुवगमे य ।
जीवम्मि को पदेसो? जेण मुहा खिज्जसे मतिमं । ॥ ९७ ॥

(तन्मात्रादसिद्धौ परिणामादीनामभ्युपगमे च । जीवे कः प्रद्वेषः? येन मुधा खिद्यसे मतिमन् । ॥)

*'तन्मात्रात्'* भूतमात्रादसिद्धौ चैतन्यस्येति शेषः, असिद्धिश्च प्राक् दर्शिता, परिणामः-कायाकारलक्षण आदिशब्दात् प्राणापानवत्त्वपरिग्रहः, तेषामभ्युपगमे च क्रियमाणे सति ननु जीवेऽङ्गीक्रियमाणे कः प्रद्वेषो?. येन प्रद्वेषेण *'मुधा'* निर्युक्तिकं त्वमपि मतिमानेवं खिद्यसे?, न हि प्रेक्षावतोऽभिनिवेशमात्रेण खेदः कर्तुमुचित इति भावः ॥ ९७ ॥ पर आह--

कह णु मुहा? तब्भावो ण पमाणबलेण ठाविओ जम्हा ।
जस्सेतं सो आता परिसेसो वेस जमजुत्तो ॥ ९८ ॥

(कथं नु मुधा? तद्भावो न प्रमाणबलेन स्थापितो यस्मात् । यस्येदं स आत्मा परिशेषो वैष यदयुक्तः ॥)

*'कथं नु'* इत्याक्षेपे, मुधा खिद्येऽहमिति शेषः। यस्मान्न 'तद्भाव' आत्मभावः प्रमाणबलेन स्थापितः। स्यादेतत् -- कथमुच्यते-'न प्रमाणबलेन तद्भावः 'स्थापितो' यावता प्रागुपन्यस्तेन-जीवद्देवदत्तशरीरादि चेतनाशून्यं भूतफलत्वात् घटवदिति प्रमाणेन चैतन्यस्य भूतधर्मत्वे प्रतिषिद्धे पारिशेष्यात् यस्येदं चैतन्यं सोऽर्थादात्मेति तद्भावः प्रमाणबलेन स्थापित एवेति अत आह--यस्येदं चैतन्यं स आत्मेति परिशेषोऽपि एष यस्मादयुक्तः॥ ९८ ॥ यथा चास्यायुक्तता तथा भावयन्नाह--

---

હોવાથી જ ચૈતન્ય પ્રતિ લિંગ બની ન શકે. તેથી તે આકારથી ચૈતન્યનું અનુમાન થઇ શકે નહિ તેથી એમ પણ કહેવું વ્યાજબી નથી કે 'કાયાકારનો અભાવ હોવાથી ઘડાવગેરેમાં ચૈતન્યનો અભાવ છે' આમ અમે ગા.૯૧માં જે પ્રતિજ્ઞા કરી હતી, કે 'તથા હવે પછી કહીશું' તેનું આ પ્રમાણે હવે બરાબર સમર્થન થયું જાણવું ॥૯૬॥

વળી-*ગાથાર્થ* :- ભૂતમાત્રથી ચૈતન્યની ઉત્પત્તિ અસિદ્ધ થાય છે. આ અસિદ્ધિ પૂર્વે દર્શાવી છે. તેથી જો કાયાકારરૂપ પરિણામનો અને આદિશબ્દથી પ્રાણાપાનનો સ્વીકાર કરો છો તો તેને બદલે જીવતત્ત્વના સ્વીકારપર શું કામ પ્રદ્વેષ છે? કે જે પ્રદ્વેષથી તમે પ્રાજ્ઞ હોવા છતાં ફોગટનો ખેદ અનુભવો છો ? વિચારશીલ માણસે અભિનિવેશમાત્રથી ખેદ કરવો જરા પણ ઉચિત નથી. (તાત્પર્ય :- ભૂતમાત્રથી તો ચૈતન્ય સિદ્ધ થતું નથી તેથી, ઉપરાંતમાં પણ પ્રમાણસિદ્ધ નહિ એવા કાયકાર અને પ્રાણાપાનને ચૈતન્યના કારણતરીકે સ્વીકારવા પડે છે. તો તેના બદલે પ્રમાણસિદ્ધ જીવતત્ત્વનો સ્વીકાર જ સંગત છે.) ॥ ૯૭ ॥

*(પરિશેષન્યાયથી ચૈતન્યસિદ્ધિ)*

અહીં નાસ્તિક કહે છે-

*ગાથાર્થ* :- ('નુ' પદ આક્ષેપ દર્શાવવા વપરાય છે.) નાસ્તિક આક્ષેપપૂર્વક કહે છે- 'હું ફોગટનો ખેદ પામું છું' એમ તમે શી રીતે કહો છો ? હજી સુધી કંઇ જીવતત્ત્વની પ્રમાણના બળથી સિદ્ધિ થઇ નથી કે જેથી જીવતત્ત્વનો સ્વીકાર કરી લેવાય કદાચ તમે કહેશો કે "તમે (=નાસ્તિક) એમ શી રીતે કહો છો કે જીવતત્ત્વની પ્રમાણના બળથી સિદ્ધિ નથી થઇ ?' હકીકતમાં અમે (=ઉત્તરપક્ષ) જ્યારે પૂર્વે અનુમાનપ્રમાણ આપ્યું કે જીવતા દેવદત્તના શરીરવગેરે (પક્ષ) ચેતનાશૂન્ય છે (સાધ્ય) કેમકે ભૂતનું ફળ=કાર્ય છે. (હેતુ) જેમકે ઘડો (દૃષ્ટાન્ત) ત્યારે જ ચેતનાનો ભૂતકાર્ય ભૂતધર્મતરીકે પ્રતિષેધ કર્યો અને ત્યારે પારિશેષન્યાયથી અનુભવસિદ્ધ ચેતનાધર્મ અન્યથાઅનુપપત્તિદ્વારા જેના ધર્મતરીકે સ્વીકૃત થાય છે. તે આત્મા છે. તેવી સિદ્ધિ કરી. આમ જીવની વિદ્યમાનતા પ્રમાણબળથી સ્થાપિત કરી છે.'' પણ અમારુ (નાસ્તિકનું) કહેવું છે કે આત્માઅંગે આ રીતે પરિશેષ પણ યુક્તિસંગત નથી. ॥૯૮॥

ण हि अपसिद्धे धम्मिाण परिसेसो नात (य) विरहतो एत्थं ।
ण चउव्विहणदीपूरे अपसिद्धे तग्गतेसुं च ॥ ९९ ॥
(न हि अप्रसिद्धे धर्मिणि परिशेषो न्यायविरहतोऽत्र । न चतुर्विधनदीपूरेऽप्रसिद्धे तद्गतेषु च ॥)
धम्मेसुं दुतभरणच्छसिसिरकलुसोदगादिएसुं ति ।
कलुसोदगत्तणेणं जुत्तमयं वुट्ठिजण्णो त्ति ॥ १०० ॥
(धर्मेषु द्रुतभरणाच्छशिशिरकलुषोदकत्वादिषु इति । कलुषोदकत्वेन युक्तमयं वृष्टिजन्य इति ॥)
किंतु पसिद्धेसुं चिय न एस विधिरत्थि आयमाणम्मि ।
तन्नो पमाणबलओ तस्सिद्धी एस वामोहो ॥ १०१ ॥
(किन्तु प्रसिद्धेषु एव न एष विधिरस्ति आत्ममाने । तन्न प्रमाणबलतस्तत्सिद्धिरेष व्यामोहः॥)

न ह्यत्र लोके अप्रसिद्धधर्म्मिणि परिशेषो भवति, न्यायविरहात् तथाऽनुपलब्धेरित्यर्थः । अमुमेवार्थं दृष्टान्तेन समर्थयते-*'न चउव्विहेत्यादि'* न खलु चतुर्विधे सामुद्रादिके नदीपूरके धर्म्मिणि *'अप्रसिद्धे'* अप्रतीते तद्गतेषु च भावप्रधानोऽयं निर्देशः द्रुतभरणाच्छशिशिरकलुषोदकत्वादिषु, तत्र द्रुतभरणत्वं सामुद्रस्य नदीपूरस्य, अच्छशिशिरोदकत्वं हिमविलयजन्यस्य, कलुषोदकत्वं वृष्टिजन्यस्य, आदिशब्दात्स्वभावस्थत्वं सहजस्येति परिगृह्यते, तेष्वेवंभूतेष्वप्रसिद्धेषु तद्गतेषु धर्म्मेषु, इतिशब्दो हेत्वर्थे भिन्नक्रमश्च युक्तशब्दानन्तरं द्रष्टव्यः, ततश्च यस्मादयं नदीपूरः कलुषोदकत्वेन युक्तो दृश्यते, न चैवंविधकलुषोदकत्वं सामुद्रस्य हिमविलयजन्यस्य सहजस्य वा नदीपूरस्य भवति, तस्मादयं नदीपूरः पारिशेष्यात् वृष्टिजन्य इति प्रत्ययो भवति, किंतु प्रसिद्धेष्वेव धर्म्मधर्मिषु, न च एष प्रसिद्धधर्म्मधर्म्मिलक्षणो *'विधिः'* प्रकारोऽस्ति आत्मसाधके माने-प्रमाणे, आत्मन एवाप्रसिद्धत्वात्, तस्मान्न प्रमाणबलतस्तस्यात्मनः सिद्धिः । ततः कथमुच्यते ? त्वमपि मतिमान् मुधा खिद्यसे इति। आचार्य आह--*'एस वामोहो'* 'एष': अनन्तरोक्तो व्यामोहो-व्यामोहवशात् यदुक्तं तदपि व्यामोह इत्युक्तं, कार्ये कारणोपचारात्, यथेदं मे पौराणं कर्म्मेति ॥ ९९-१००-१०१ ॥ कथमेष व्यामोह इत्यत आह--

जम्हा ण तस्स धम्मो चेतण्णं एतसाहणे जतिमो ।
किंतु अणुहवसिद्धमिदं धम्माइ य जं ततो णियमा ॥ १०२ ॥
(यस्मान्न तस्य धर्मश्चैतन्यमेतत्साधने यतामहे। किन्तु अनुभवसिद्धमिदं धर्मादि च यत्ततो नियमात् ॥)

---

આ પરિશેષની અસંગતતાનું ભાવન કરતા નાસ્તિક કહે છે-

*ગાથાર્થ :- નાસ્તિક :-* આ લોકમાં ક્યાંય પારિશેષન્યાયથી અપ્રસિદ્ધ ધર્મીમાં ધર્મનું અનુમાન થતું નથી. કમકે તેવા પ્રકારની ઉપલબ્ધિ થતી ન હોવાથી તે ન્યાયયુક્ત નથી. આ વાતને દૃષ્ટાન્ત દ્વારા દૃઢ કરે છે. સામુદ્રવગેરે ચાર પ્રકારના નદીપૂરો સામાન્ય લોકમાં અપ્રસિદ્ધ છે. તથા તે પૂરરૂપ ધર્મીમાં રહેલા દ્રુતભરણત્વ (જલદીથી નદીનું ચિક્કાર થઇ જવું) સ્વચ્છશિશિરજળત્વ (શિશિરઋતુનું સ્વચ્છ પાણી હોવું) કલુષોદકત્વ, (મેલુ પાણી હોવું) વગેરે ધર્મો છે. સમુદ્રસંબંધી નદીપૂર દ્રુતભરણ=જળના શીઘ્ર ભરાવાને કારણે હોય છે. તેથી તે પૂરમાં દ્રુતભરણત્વ ધર્મ છે. કેટલીકવાર હિમ=બરફ ઓગળવાથી હિમાલયની નદીઓમાં પૂર આવે છે. તેથી એ પૂરમાં અચ્છશિશિરઉદકત્વ ધર્મ છે. વરસાદને કારણે પણ નદીમાં પૂર આવે છે. અને ત્યારે માટીવગેરેને કારણે પાણી કલુષિત ડહોળું હોય છે. તેથી તે પૂરમાં 'કલુષોદક-ત્વ'ધર્મ હોય છે. અને આદિશબ્દથી નદીમાં સહજ આવતા પૂરનો નિર્દેશ છે. આ પૂરમાં 'સ્વભાવસ્થત્વ' ધર્મ છે. આ ચાર પ્રકારના પૂરરૂપ ધર્મી અને તેઓના તે તે ધર્મો જો પ્રસિદ્ધ ન હોય તો (મૂળમાં 'ઇતિ'પદ 'યુક્ત'પદ સાથે હેતુના અર્થમાં જોડવાનું છે.) "આ નદીપૂર કલુષોદકત્વધર્મથી યુક્ત છે. અને આ કલુષોદકત્વધર્મ સામુદ્ર, હિમવિલયજન્ય કે સહજ નદીપૂરમાં સંભવે નહિ. તેથી પારિશેષન્યાયથી આ ધર્મ વૃષ્ટિજન્યપૂરમાં સંભવે છે તેથી આ નદીપૂર વૃષ્ટિને કારણે હોવું જોઇએ" આવી વિચારણા થઇ શકે નહી, પરન્તુ આવી વિચારણા જે થાય છે તેનુ કારણ સામુદ્રાદિપૂરરૂપ ધર્મી અને દ્રુતભરણત્વાદિરૂપ ધર્મો પ્રસિદ્ધ છે. આમ આ દૃષ્ટાન્તથી સિદ્ધ થાય છે કે, પ્રસિદ્ધ ધર્મો અને પ્રસિદ્ધ ધર્મી અંગે જ પારિશેષન્યાય લાગી શકે. આત્માને પારિશેષન્યાયથી સિદ્ધ કરતા પ્રમાણમાં આ પ્રસિદ્ધ ધર્મ-ધર્મિપણારૂપ વિધિ=પ્રકાર નથી. કેમકે આત્મારૂપ ધર્મી પોતે જ અપ્રસિદ્ધ છે. આમ પ્રમાણના બળપર આત્મતત્વની સિદ્ધિ થતી નથી. તેથી આત્માને નહિ માનનાર અમને તમે 'ફોગટના કેમ ખેદ પામો છો ?' એવો ઠપકો આપો, તે વ્યાજબી નથી.

*ઉત્તરપક્ષ :-* આ બધો જે બકવાટ કર્યો, તે તમારા વ્યામોહને કારણે થયો છે. માટે નર્યા વ્યામોહરૂપ છે. અહીં વ્યામોહના કાર્ય બકવાટમાં વ્યામોહનો ઉપચાર 'આ મારું પુરાણું કર્મ છે.' એવા પ્રયોગની જેમ કાર્યમાં કારણના ઉપચારથી છે. (અત્રે દુઃખઆદિ ફલરૂપ કાર્યમાં કર્મરૂપ કારણનો ઉપચાર ઉચિત છે. ઇન્દ્રાદિ તે તે દેવ પોતાના કલ્પથી જે કાર્ય કરવાનો વિચાર કરે છે તે અંગે 'આ મારું પુરાણું કર્મ છે' તેમ પ્રયોગ કરે છે. ત્યાં પણ કાર્યમાં કારણનો ઉપચાર છે.) ॥૯૯॥૧૦૦॥૧૦૧॥

નાસ્તિકોનો એ બકવાટ શા માટે વ્યામોહરૂપ છે ? તે દર્શાવે છે-

अणुरूवेणं कज्जं इम्मस्स धम्मादिणत्ति सो य बला ।
भूतादत्थंतरमोऽतो आता तस्सभावो वा ॥ १०३ ॥
(अनुरूपेण कार्यमस्य धर्म्यादिनेति स च बलात् । भूतादर्थान्तरस्तत आत्मा तस्याभावो वा ॥)

यस्मान्न *'तस्य'* आत्मनो धर्म्मश्चैतन्यमिति *'एतत्साधने'* एतत्साधननिमित्तं यतामहे, किंत्वेतावदेव ब्रूमो यदुत *'यत्'* यस्माद् *'इदं'* चैतन्यमनुभवसिद्धम्–अविगानेन प्रतिप्राणिस्वसंवेदनप्रमाणसिद्धं, *'धर्म्मादि च'* धर्म्मादि-स्वरूपं च । तत्र धर्म्मः सदा परतन्त्रतयोपलभ्यमानत्वात्, आदिशब्दात्कार्यं च तत्तद्द्रव्यक्षेत्रादिसामग्रीसापेक्षेण जीवद्रव्येण तस्य चैतन्यपरिणामस्य जन्यमानत्वात् । ततस्तस्मान्नियमादवश्यतया अनुरूपेण धर्म्यादिना धर्म्मिणा, आदिशब्दात् कारणेन चानुरूपेण, *'अस्य'* चैतन्यस्य 'कार्यं' प्रयोजनम् । अनुरूपत्वाभावे धर्मधर्मिभावस्य कार्य-कारणभावस्य च सर्वथाऽनुपपद्यमानत्वात् । स चानुरूपो धर्म्यादिश्चैतन्यस्य *'बलात्'* सामर्थ्येन तदन्यथानुपपत्ति-लक्षणेन, भूतादर्थान्तरभूतो, भूतानां अत्यन्तवैलक्षण्येन तद्धर्म्मित्वाद्यनुपपत्तेः । 'तोत्ति' तस्मात्पारिशेष्यादस्त्यात्मेति प्रतिपत्तव्यम् । अथवा *'तस्सभावो वेति'*तस्य–चैतन्यस्याभावो वा प्रतिपद्यतां, धर्म्मस्य कार्यस्य च यथाक्रममनुरूपं धर्म्मिणं कारणं चान्तरेणानुपपद्यमानत्वात् । न चैतद्युक्तं, चैतन्यस्य प्रतिप्राण्यविगानेन स्वसंवेदनसिद्धस्या-पह्नोतुमशक्यत्वात् ॥ १०२–१०३ ॥ अत्र पर आह––

कोऽयमणुरूवगाहो? अणुमादीहिं जतो घडादीणं ।
दिट्ठो भावोऽह मती तओऽवि अणुरूव एवत्ति ॥ १०४ ॥
(कोऽयमनुरूपग्रहः? अण्वादिभ्यो यतो घटादीनाम् । दृष्टो भावोऽथ मतिः सकोऽपि अनुरूप एवेति ॥)

ननु कोऽयमनन्तरोक्तोऽनुरूपग्रहः?, नैवासावनुरूपग्रहो युक्त इत्यभिप्रायः । किमित्यत आह–'यतो' यस्मादत्यन्तविलक्षणेभ्योऽप्यणुद्व्यणुकादिभ्यो घटादीनां भावो दृष्टः, तस्मात् यत् यतो भवत् दृश्यते तत्तस्य कार्यमितरच्च कारणमवसेयम्, तच्चानुरूपमननुरूपं वा भवतु, न कश्चिद्दोष इति । आचार्य आह: *'तओवि अणुरूप एवत्ति'*, सकोऽपि घटादीनां भावः स्वारम्भकाणुद्व्यणुकादीनामनुरूप एव।*इतिशब्दो वाक्यपरिसमाप्तौ* । "एवकार": परपरिकल्पितैकान्तानुरूप्याभावव्यवच्छेदपरो न तु सर्वथा वैरूप्यव्यवच्छेदकः, तस्यापि कथंचिदभ्युप-गमात्, एवकारस्यापि च सर्वत्र मूढमत्याशङ्कितव्यवच्छेदफलत्वात् ॥ १०४ ॥
कथं पुनः सकोऽपि घटादीनां भावोऽणुद्व्यणुकादीनामनुरूप इत्यतो हेतुमाह–––

---

*ગાથાર્થ* :– અમે 'ચૈતન્ય આત્માનો ધર્મ છે' એવી સિદ્ધિ કરવા પ્રયત્ન જ કરતા નથી. તેથી તમે કરેલી 'આત્મા અપ્રસિદ્ધ હોવાથી પરિશેષથી તેની સિદ્ધિ કરવી વ્યાજબી નથી' ઇત્યાદિવાતો બકવાટસિવાય બીજું ક્યું વિશેષણ પામી શકે ?

*નાસ્તિક* :– તો પછી તમારે કહેવું શું છે ?

*ઉત્તરપક્ષ* :– અમારે તો આટલું જ કહેવું છે કે, ચૈતન્ય કોઇ પણ જાતના વિરોધ વિના પ્રત્યેક પ્રાણીને સ્વ સંવેદનથી સિદ્ધ છે. તેથી ચૈતન્યનું અસ્તિત્વ સર્વમાન્ય છે. વળી 'આ ચૈતન્ય ધર્મીરૂપ નથી, પણ ધર્માદિરૂપ છે', તેમ પણ સર્વમાન્ય હકીકત છે આ ચૈતન્ય હંમેશા ધર્મીને પરતન્ત્રપણે જ ઉપલબ્ધ થતું હોવાથી ધર્મરૂપ છે. આદિ શબ્દથી ચૈતન્ય કાર્યરૂપ પણ છે. કેમકે તે તે દ્રવ્યક્ષેત્રવગેરે સામગ્રીને અપેક્ષીને જીવદ્રવ્ય આ ચૈતન્ય પરિણામને ઉત્પન્ન કરે છે. આમ ચૈતન્ય ધર્મ અને કાર્યરૂપે સિદ્ધ છે. તેથી અવશ્ય તેના પોતાને અનુરૂપ ધર્મી અને કારણને સ્વીકારવા જોઇએ. ધર્મી અને કારણના અભાવમાં ધર્મ કે કાર્ય સંભવી શકે નહિ. અને અનુરૂપ ધર્મી કે કારણના અભાવમાં ધર્મધર્મીભાવ કે કાર્યકારણભાવ સર્વથા અસંગત ઠરે, અને ચૈતન્યના આ અનુરૂપ ધર્મી અને કારણ બલાત્= ચૈતન્યની અન્યથા અનુપપત્તિરૂપ સામર્થ્યદ્વારા-ભૂતોથી ભિન્ન જ હોવો જોઇએ. કેમકે ભૂતો ચૈતન્યથી અત્યન્ત વિલક્ષણ હોવાથી ચૈતન્યના ધર્મી કે કારણતરીકે અયોગ્ય છે. તેથી જ પારિશેષન્યાયથી ભૂતોથી ભિન્ન અને ચૈતન્યને અનુરૂપ ધર્મીતરીકે આત્મા જ સિદ્ધ થાય છે. અને જો કદાગ્રહથી આત્મતત્ત્વનો સ્વીકાર ન કરશો, તો તમારે ચૈતન્યનો અભાવ જ માનવો રહ્યો. કેમકે અનુરૂપધર્મી અને કારણ વિના અનુક્રમે ધર્મ કે કાર્ય સંભવી શકે નહિ. પણ ચૈતન્યનો અભાવ સ્વીકારવો સંગત નથી કેમકે પ્રત્યેક જીવને નિર્વિવાદરૂપે સ્વસંવેદનસિદ્ધ ચૈતન્યનો અપલાપ કરવો શક્ય નથી. ॥૧૦૨॥૧૦૩॥

અહીં નાસ્તિક સ્વાશય દર્શાવે છે–

*ગાથાર્થ* :– *નાસ્તિક* :–'ધર્મને અનુરૂપ ધર્મી હોવો જોઇએ' ઇત્યાદિ તમારો અનુરૂપનો આગ્રહ કેવો છે ? જરાય ઉચિત નથી. જગતમાં ઠેરઠેર વિરૂપ કારણમાંથી વિરૂપ કાર્ય થતું દેખાય જ છે. જુઓ, અત્યન્ત વિલક્ષણ અણુઓ અને દ્વ્યણુકોમાંથી ઘડાવગેરે કાર્યો બનતા દેખાય જ છે. તેથી આ અનુરૂપ-વિરૂપની ચર્ચા છોડી એટલું સ્વીકારી લો કે 'જે વસ્તુ જેમાંથી ઉત્પન્ન થતી દેખાય, તે તેનું કાર્ય, અને ઉત્પન્ન કરનારી વસ્તુ કારણ' આ કારણ કાર્યને અનુરૂપ ન હોય તો પણ કોઇ દોષ નથી.

*ઉત્તરપક્ષ* :– વાસ્તવમાં તો આ ઘડા વગેરે કાર્યો પણ પોતાના કારણભૂત અણુ વગેરેને અનુરૂપ જ છે, પણ

मुत्तत्तादिअणुगमा अणुरूवावगमतो य इतरोऽवि ।
अणुगमवावित्तीहि य सति सत्ते तम्मि किमजुत्तं? ॥ १०५ ॥

(मूर्त्तत्वाद्यनुगमादनुरूपापगमतश्चेतरोऽपि । अनुगमव्यावृत्तिभ्यां च सति सत्वे तस्मिन् किमयुक्तं?॥)

मूर्त्तत्वस्यादिशब्दात् पार्थिवत्वादेश्चानुगमात् । **तथाहि**–दृश्यन्त एवाणुद्व्यणुकाद्यनुगता मूर्त्तत्वादयो धर्म्मा घटादिष्वप्यनुवर्त्तमाना इति । मा भूत्केषांचित् प्रागुक्तैवकारश्रवणात् विपर्यासबुद्धिर्यथा–सर्वथा घटादीनां भावो–ऽणुद्व्यणुकादीनामनुरूप एवेत्यत आह–*'अणुरूवावगमओ य इयरोऽविति'* अनुरूपापगमतश्च उपलक्षणत्वात् द्व्यणुकादिरूपापगमतश्च*'इतरोपि'* अननुगमोऽपि, घटादिषु द्रष्टव्यः। **एतदुक्तं भवति**–मूर्त्तत्वपार्थिवत्वादि–धर्म्मापेक्षया घटादिषु स्वकारणस्यानुगमोऽस्ति, अणुद्व्यणुकादिरूपापगमतश्च इतरोपि, ततो न केवलमेवानुरूप्यं घटादिषु द्रष्टव्यमिति । अत्र परः स्वावकाशमाशङ्कमान आह––*'अणुगमेत्यादि'* नन्वेवमिहापि अनुगमव्यावृत्तिभ्यां विशिष्टे सत्त्वे सति चैतन्यस्य तस्मिंश्चैतन्ये भूतकार्यतयेष्यमाणे किमयुक्तं स्यात्?, नैव किंचिदिति भावः। **तथाहि**–यथा घटादिषु मूर्त्तत्वपार्थिवत्वादिधर्म्मापेक्षया अनुगमोऽस्ति अणुद्व्यणुकादिरूपतापरित्यागतश्चाननुगमो–ऽपीति कथंचिदानुरूप्यं, तथा चैतन्येऽपि सत्त्वस्यान्वयादनुगमो ज़डरूपतापरित्यागाच्चाननुगमोऽपीति कथंचिदानु–रूप्यमस्त्येवेति कथं चैतन्यं भूतानामकार्यमिति ॥ १०५ ॥ अत्रोत्तरमाह––

सव्वेसिं सामन्नं जं संतं ता ण णियमहेउत्ति ।
घड–पड–रहमादीणं मुत्तत्तादिव्व लोगम्मि ॥ १०६ ॥

(सर्वेषां सामान्यं यत् सत्वं तस्मान्न नियमहेतुरिति । घटपटरथादीनां मूर्त्तत्वादिवद् लोके ॥)

इह नाम तदपेक्षया आनुरूप्यमनानुरूप्यं चानुसर्त्तव्यं यत् हेतुफलभावनियमहेतुर्भवति, न च सत्त्वं भूत–कार्यत्वे चैतन्यस्य नियमहेतुः। कुत इत्याह–यत् यस्माद् लोके सर्वेषां भावानां सामान्यं साधारणं सत्त्वम्,

---

વિરૂપ નથી. (મૂળમાં 'ઇતિ'શબ્દ વાક્યની સમાપ્તિ સૂચવે છે.) 'એવ' બીજાઓ કારણ–કાર્યવચ્ચે અનુરૂપતાનો જે એકાન્તે અભાવ બતાવે છે તેનો વ્યવચ્છેદ કરવામાટે છે. પરંતુ આ એવકારથી કાર્યકારણવચ્ચેની વિરૂપતાનો સર્વથા વ્યવચ્છેદ થતો નથી, કેમકે કાર્ય–કારણવચ્ચે કથંચિદ્ વિરૂપતા તો અમને પણ માન્ય છે. અન્યથા કાર્યકારણવચ્ચે ભેદ જ ન રહે. અને એવકાર પણ મૂઢમતિથી જેની આશંકા કરાઇ હોય, તેનાં જ વ્યવચ્છેદમાં કારણ બને છે. (અહીં નાસ્તિકદ્વારા કારણકાર્યવચ્ચે એકાન્તવિરૂપતાની જ આશંકા કરાઇ છે. તેથી એવકારથી વ્યવચ્છેદ પણ એકાંતવિરૂપતાનો જ થાય છે.) ॥૧૦૪॥

*શંકા* :– ઘડાવગેરેનું સ્વરૂપ આણુદ્ધયણુકવગેરેને અનુરૂપ શી રીતે છે ?

આ શંકાના સમાધાનમાં આચાર્ય અનુરૂપતાનો હેતુ દર્શાવે છે–

*ગાથાર્થ* :– આણુમાં રહેલા મૂર્તત્વવગેરે('આદિ'શબ્દથી પાર્થિવત્વવગેરે)ધર્મો ઘડાવગેરે કાર્યોમાં અનુવર્તે છે. આટલા અંશે કાર્ય અને કારણવચ્ચે અનુરૂપતા છે. પણ આટલાથી અને પૂર્વે કાર્ય અને કારણવચ્ચે અનુરૂપતા છે જ એવા 'જ'કારના શ્રવણથી કોઇને એવી વિપરીતબુદ્ધિ ન થાય કે 'ઘડાવગેરે કાર્યો આણુવગેરે કારણોને સર્વથા અનુરૂપ જ હોય' તે માટે કહે છે – 'આણુરૂવાવગમઓ' ઇત્યાદિ. દ્વયણુકવગેરેરૂપનો અપગમ=નાશ થવાથી અનનુગમ પણ છે. આમ ઘડાવગેરે કાર્યોમાં મૂર્તત્વ પાર્થિવત્વવગેરે ધર્મોની અપેક્ષાએ સ્વકારણનો અનુગમ છે. અને આણુ, દ્વયણુક આદિરૂપના અપગમથી અનુગમનો અભાવ–વ્યાવૃત્તિ પણ છે. તેથી 'કાર્યમાં કારણની માત્ર અનુરૂપતા જ છે' તેવી માન્યતા ન રાખવી (નહિતર કાર્ય અને કારણ એકરૂપ થઇ જવાની આપત્તિ આવે.)

અહીં પોતાના તર્કમાટે ઉજળી તક જોતા નાસ્તિક કહે છે–જો આમ કાર્યમાં કારણની અનુરૂપતા અને વ્યાવૃત્તિ ઇષ્ટ હોય, તો ચૈતન્યમાં પણ પોતાના કારણ ભૂતોથી અનુવૃત્તિ અને વ્યાવૃત્તિ બન્ને છે, તેથી ચૈતન્યને ભૂતકાર્ય માનવામાં શો વાંધો છે ? જૂઓ ઘડાવગેરેમાં જેમ મૂર્તત્વ, પાર્થિવત્વવગેરે ધર્મોની અપેક્ષાએ અનુગમ છે, અને આણુ, દ્વયણુકવગેરેરૂપતાના પરિત્યાગના કારણે અનનુગમ પણ છે, આમ કથંચિદ્ અનુરૂપતા જ છે, તો ચૈતન્યમાં પણ સત્ત્વ ધર્મનો અન્વય છે, અને જડત્વવગેરે ધર્મોનો પરિત્યાગ હોવાથી અનનુગમ છે. તેથી ચૈતન્યની ભૂતો સાથે કથંચિદ્ અનુરૂપતા છે. તેથી ચૈતન્યને ભૂતના કાર્યતરીકે કેમ સ્વીકારી ન શકાય ? ॥૧૦૫॥

અહીં આચાર્ય ઉત્તર આપે છે–

*ગાથાર્થ* :– અહીં તેવા ધર્મોની અપેક્ષાએ અનુરૂપતા–અનનુરૂપતાને અનુસરવાનું છે, કે જે ધર્મો હેતુ–ફળ (=કાર્યકારણ)ભાવના નિયમમાં કારણ બને. સત્ત્વધર્મ કંઇ ચૈતન્ય અને ભૂતોના કાર્યકારણભાવના નિયમમાં કારણ નથી. કેમકે જગતમાં બધી જ વિદ્યમાન વસ્તુઓમાં સત્ત્વધર્મ સમાનરૂપે રહેલો છે. કેમકે સત્ત્વધર્મના અભાવમાં વસ્તુઓના અભાવનો પ્રસંગ આવે. તેથી સત્ત્વધર્મ હેતુફળભાવમાં નિયામક નથી. અહીં ઘડા, કપડા અને રથ વગેરે દૃષ્ટાન્તરૂપ છે. ઘડા, કપડા અને રથવગેરે મૂર્ત છે, માટે પાર્થિવ(=પૃથ્વીના) પરમાણુઓના કાર્ય છે, તેમ કહી ન શકાય, કેમકે મૂર્તત્વ જેમ ઘડાવગેરેમાં છે, તેમ પાણીવગેરેમાં પણ છે, અને પાણીવગેરે પૃથ્વીના કાર્યતરીકે ઇષ્ટ નથી. આમ મૂર્તત્વધર્મ પાણી

अन्यथा तदभावे भावानामभावत्वप्रसङ्गात्। *'ता'* तस्मान्न तत् हेतुफलभावस्य नियमहेतुर्भवति। अत्र दृष्टान्तमाह– घटपटरथादीनां मूर्तत्वं न पार्थिवपरमाण्वादिकार्यत्वे नियमहेतुः, तस्याबादिष्वपि साधारणत्वात्, तद्वत्सत्त्वमपि साधारणत्वान्न चैतन्यस्य भूतकार्यत्वे नियमहेतुरितिभावः ॥ १०६ ॥ स्यादेतत् यदि मूर्त्तत्वादिकं घटादीनां पार्थिवपरमाण्वादिकार्यत्वे न नियमहेतुस्तर्हि किमन्यत्स्यादित्यत आह––

पुढवीतत्ताणुगमो घडमादीणमिह णियमणे हेतू ।
इय अणुरूवाणुगमे चेतण्णस्सापसिद्धी उ ॥ १०७ ॥

(पृथ्वीतत्त्वानुगमो घटादीनामिह नियमने हेतुः । इति अनुरूपानुगमे चैतन्यस्याप्रसिद्धिस्तु ॥)

पृथिवीतत्त्वं पृथिवीत्वं तस्यानुगमोऽन्वयो घटादीनां इह लोके नियमने हेतुः, पार्थिवपरमाण्वादिकार्यत्व–स्येति शेषः, पृथिवीत्वस्यान्यत्रासंभवात् । इतिरेवमर्थे । एवं पृथिवीत्वेनेव घटादीनां पृथिव्यादित्वेन भूतकार्यस्य चैतन्यस्यापि यदा *'अणुरूवत्ति'* भावप्रधानत्वान्निर्देशस्य आनुरूप्यस्यानुगमपरिग्रहः क्रियते तर्हि तस्मिन् सति घटादिष्विव जीवद्देवदत्तशरीरेऽपि चैतन्यस्य अप्रसिद्धिरेव, अभाव एव भवेत् । तुशब्द एवकारार्थः । पृथिव्यादित्वस्य काठिन्याबोधादिस्वभावाविनाभावित्वात् ॥१०७ ॥

पाणापाणनिमित्तं सिय तं णो तस्स मुत्तभावातो ।
तव्वुड्ढीए खयातो विवज्जतातो य मरणम्मि ॥ १०८ ॥

(प्राणापाननिमित्तं स्यात्, तन्न तस्य मूर्त्तभावात् । तद्वृद्धौ क्षयात् विपर्ययाच्च मरणे ॥)

स्यादेतत्, न पार्थिवपरमाण्वादिजन्यं चैतन्यं येन पार्थिवत्वाद्यनुगमनेन घटादिष्विव जीवद्देवदत्तशरीरादावपि चैतन्यस्याभावः प्रसज्येत, किंतु प्राणापाननिमित्तं, ततो न कश्चिद्दोष इति । तदेतत्प्रतिषेधति––*'नोत्ति'* यदेतदुक्तं तन्न । कुत इत्याह–तस्य प्राणापानस्योष्णस्पर्शादिमत्तया मूर्त्तत्वात् । न च मूर्त्तस्य कार्यममूर्त्तं भवति यथा घटादि, अन्यथा विवक्षितकारणधर्माननुगमने तस्य तत्कार्यत्वाभावप्रसङ्गात्, अमूर्त्तं च चैतन्यम्, तन्न प्राणापानोपादाननिमित्तं युक्तम् । इतश्च न चैतन्यं तदुपादाननिमित्तं युक्तं, यत आह–*'तव्वुड्ढीए'* इत्यादि । इह तत्तदुपादाननिमित्तं शक्यं वक्तुं, यत् यन्महत्त्वे महत् यदल्पत्वे चाल्पं, यथा मृत्पिण्डोपादानो घटः तन्महत्त्वे महान् तदल्पत्वे चाल्पः, न चैवं प्राणापानापेक्षया चैतन्यम् । कुत इत्याह–मरणे मरणसमये

---

वगेरेमां पण समानतया होवाथी घडावगेरेना पृथ्वीपरमाणुसाथे कार्यकारणभावमां नियामक न बने. आ ज प्रमाणे सत्वधर्म बधी वस्तुओमां समानतया रहेतुं होवाथी चैतन्य अने भूतवच्चेना कार्यकारणभावमां नियामक बनी न शके. अने जे धर्म कार्यकारणभावमां नियामक न होय, ते धर्मोनी अपेक्षाए आनुरूप्य अनानुरूप्यनो विचार व्यर्थ छे. ॥१०६॥

*शंका* :– जो घडावगेरेना पार्थिवपरमाणुकार्यताना नियामकतरीके मूर्त्तत्ववगेरे धर्मो काम न आवता होय, तो बीजो क्यो धर्म नियामक बनशे ?

आ शंकाना समाधानमां कहे छे–

*गाथार्थ* :– आ जगतमां पृथ्वीपरमाणुओमां रहेलुं पृथ्वीत्व घडावगेरेमां अनुसरतुं होवाथी घडावगेरे पृथ्वीपरमाणुओना कार्य तरीके निश्चित थाय छे. केमके पृथ्वीत्वधर्म पाणीवगेरे अन्यमां संभवता नथी. ("इति"पद "एवं" आ प्रमाणे एवा अर्थमां वपरायुं छे.) आम, जेम पृथ्वीत्वधर्मथी घडावगेरे पृथ्वीना कार्यतरीके सिद्ध थाय छे, तेम जो पृथिव्यादिधर्मोथी चैतन्य भूतकार्यतरीके आनुरूप्यनो अन्वय पामतुं होय, अर्थात् चैतन्यमां भूतत्वधर्म अन्वय पामतो होय, तो घडावगेरेनी जेम जीवता देवदत्तना शरीरमां चैतन्यनो अभाव ज आवे. ("तु"पद "ज"कारअर्थक छे.) केमके पृथिव्यादित्वधर्म, काठिन्य, अबोधवगेरे स्वभावोने अविनाभावी छे.–अर्थात् काठिन्यवगेरे धर्मो विना पृथ्वीत्वआदि धर्म रही न शके. अर्थात् ज्यां पृथ्वीआदिभूतत्व होय, त्यां काठिन्य, अबोधवगेरे स्वभाव होय ज. चैतन्य जो भूत कार्य होय अने पृथ्वीआदित्वथी युक्त होय, तो जड बनी जाय. आम चैतन्य पोते चैतन्यरूप रहेज नहि. ॥१०७॥

*गाथार्थ* :– *नास्तिक* :– चैतन्य पार्थिवपरमाणुओथी उत्पन्न थतुं नथी, के जेथी चैतन्यमां पार्थिवत्वादिना अनुगमथी घडावगेरेनी जेम जीवता देवदत्तना शरीरवगेरेमां पण चैतन्यना अभावनो प्रसंग आपी शकाय. पण चैतन्य प्राणापानथी उत्पन्न थाय छे. तेथी तेमां पार्थिवत्वादि धर्मोनो अनुगम न थाय तो पण दोष नथी. (प्राणापान अदृश्य छे, अने चैतन्य पण अदृश्य छे आम चैतन्यमां प्राणापानना अदृश्यताधर्मनी अपेक्षाए अनुरूपता पण छे.)

*उत्तरपक्ष* :– तमारी आ वात व्याजबी नथी. केमके प्राणापान भले अदृश्य हो, पण तेमां उष्णस्पर्शवगेरे मूर्त्तना धर्मो उपलब्ध थाय छे ज. तेथी प्राणापान पण मूर्त्त छे. अने मूर्त्तनुं कार्य अमूर्त्त होइ शके नहि, जेमके मूर्त्तना कार्य घडावगेरे अमूर्त्त नथी पण मूर्त्त छे. जो मूर्त्तनुं कार्य अमूर्त्त मानशो, तो अमूर्त्तमां हेतुफळभावमां नियामकतरीके विवक्षित धर्मनो अनुगम न थवाथी ते कार्यरूप ज न बने. आम अमूर्त्तमां मूर्त्तना नियामक धर्मो न होवाथी अमूर्त्त मूर्त्तनुं कार्य बनी न शके. अने "चैतन्य अमूर्त्त छे" ए वात सर्वमान्य छे. तेथी चैतन्यने प्राणापानरूप उपादाननुं कार्य मानी शकाय नहि.

विपर्ययात्। चशब्दः पूर्वोक्तमूर्तभावादित्यपेक्षया समुच्चयार्थः। विपर्ययमेवाह–तद्वृद्धौ क्षयात्, मरणसमये तस्य प्राणापानस्य प्राणश्चापानश्च प्राणापानं तस्य वृद्धौ सत्यां क्षयात् विषयेण विषयिणो लक्षणात् क्षयदर्शनात् चैतन्यस्य, तन्न प्राणापानोपादाननिमित्तं चैतन्यम् ॥ १०८ ॥ तदेवं सप्रपञ्चं चैतन्यस्य भूतकार्यत्वादि प्रतिषिध्य पारिशेष्यादात्मानं च प्रसाध्य सांप्रतं संक्षिप्तरुचिसत्त्वानाम् अनुग्रहाय सकलमेवामुं प्रकरणार्थं संजिघृक्षुरिदमाह—

ण य पुढवादिसहावो(वं) कज्जं वा सति अभावतो तंति ।

अच्चंताणुवलद्धी कह माणदुगप्पसंगम्मि? ॥ १०९ ॥

(न च पृथिव्यादिस्वभावः कार्यं वा सदाऽभावात्तदिति । अत्यन्तानुपलब्धिः कथं मानद्विकप्रसङ्गे)

'न च' नैव पृथिव्यादिस्वभावं तत् चैतन्यं, नापि कार्यं प्रत्यासन्नत्वात् पृथिव्यादीनामित्यपेक्ष्यते। अत्र हेतुमाह– 'सदा' सर्वदा मृतावस्थायामपि उपलक्षणत्वादेतस्य सर्वत्र घटादिष्वपि अभावात् । यदि हि पृथिव्यादिस्वभावं तत्कार्यं वा चैतन्यं भवेत् ततः सर्वदा सर्वत्र चाविशेषेण भवेत्, न च भवति, तन्न चैतन्यं पृथिव्यादिस्वभावं नापि तत्कार्यमिति । स्यादेतत्, यत्पृथिव्यादिस्वभावं न भवति नापि तत्कार्यं तन्नास्त्येव, यथा खरविषाणम्, चैतन्यमपि यदि पृथिव्यादिस्वभावं तत्कार्यं वा न भवति तर्हि तत्त्वतो नास्त्येवेत्यत आह— 'अच्चंतेत्यादि' कथं प्रत्यक्षानुमानलक्षण– प्रमाणद्विकप्रसङ्गे सति चैतन्यस्यात्यन्तानुपलब्धिराख्यायते?, नैवासावाख्यातुमुचितेति भावः । **तथाहि**–स्वशरीरगतं तावच्चैतन्यं स्वसंवेदनप्रत्यक्षेण प्रतीयते, परशरीरगतं तु विशिष्टचेष्टान्यथानुपपत्त्याऽनुमानतः, न चेत्थं प्रतीयमानस्य चैतन्यस्याभावः शक्यते वक्तुं, मा प्रापत् पृथिव्यादीनामपि भूतानामत्यन्ताभावप्रसङ्ग इति ॥१०९॥ यदपि प्रागुक्तं–'मद्याङ्गेभ्यो मदशक्तिरिवे'ति, तदप्यसमीचीनम्, मदशक्तिदृष्टान्तस्य साधनविकलत्वात् । तथा चाह—

णहि मधुणो मदसत्ती भणितमिणं हेतुफलविभागे य ।

जं णियमणंति तम्हा वभिचारो वयणमेत्तं तु ॥ ११० ॥

(नहि मधुनो मदशक्तिर्भणितमिदं हेतुफलविभागे च । यन्नियमनमिति तस्माद् व्यभिचारो वचनमात्रं तु)

न हि यस्मात् मद्याङ्गेभ्यो जायमानस्य 'मधुनो' मद्यस्य मदशक्तिरुपजायते किं तु जीवस्य, इदं च प्राक् विस्तरतरकेण भणितम्, ततो मद्याङ्गेभ्यो मदशक्तिवदिति दृष्टान्तः साधनविकलः । केवलमद्याङ्गसमुदायमात्रान्मदशक्ते–

---

બીજી રીતે પણ ચૈતન્યના ઉપાદાનકારણતરીકે પ્રાણાપાન અસિદ્ધ ઠરે છે. નિયમ છે કે 'તે વસ્તુનું તેને જ ઉપાદાન કહી શકાય કે જેની મહત્તા (=મોટાપણામાં) માં તે વસ્તુ મોટી બને, અને જેની અલ્પતામાં વસ્તુ અલ્પ (=નાની) બને. જેમકે, માટીના પિંડમાંથી ઘડો બને છે, તો માટીનો પિંડ જેમ મોટો, તેમ તેમાંથી બનતો ઘડો પણ મોટો, પરંતુ આ નિયમ પ્રાણાપાનની અપેક્ષાએ ચૈતન્યઅંગે લાગુ પડે તેમ નથી. કેમકે મરણકાળે વિપર્યાસ દેખાય છે. દેખાય છે કે મરણકાળે ધબકારા વધી જાય છે, ધમણની પેઠે શ્વાસોચ્છ્વાસ ચાલતા હોય છે. આમ પ્રાણાપાનની વૃદ્ધિ દેખાય છે, પરંતુ ચૈતન્યનો ક્ષય દેખાય છે. (મૂળમાં 'ચૈતન્ય'પદ ન હોવા છતાં 'વિષયથી વિષયી લક્ષિત થાય' એ ન્યાયથી 'ક્ષયાત્'પદથી ચૈતન્યરૂપ વિષય લક્ષિત થાય છે.) આમ પ્રાણાપાનની વૃદ્ધિમાં પણ ચૈતન્યની વૃદ્ધિને બદલે ક્ષય દેખાતો હોવાથી નક્કી થાય છે કે ચૈતન્ય ભૂતનું કાર્ય નથી. ॥૧૦૮॥

આમ નાસ્તિકોની 'ચૈતન્ય ભૂતનું કાર્ય છે' વગેરે વાતોનો સવિસ્તર નિષેધ કરી પારિશેષન્યાયથી આત્માની સિદ્ધિ કરી. હવે સંક્ષિપ્તરુચિવાળા જીવોપર અનુગ્રહ કરવા આ પ્રકરણના સંપૂર્ણ તાત્પર્યનો સંગ્રહ કરવાની ઇચ્છાથી કહે છે–

*ગાથાર્થ* :– ચૈતન્ય પૃથ્વીઆદિના સ્વભાવરૂપ પણ નથી, અને પૃથ્વીવગેરેનું કાર્ય પણ નથી. (પૃથ્વીઆદિ સ્વભાવમાં પૃથ્વીઆદિપદ હોવાથી 'પ્રત્યાસત્તિ'ન્યાયથી કાર્યઅંગે પણ પૃથ્વીવગેરેનું કાર્ય નથી એવું તાત્પર્ય મળે છે.) કેમકે મૃતઅવસ્થામાં અને ઉપલક્ષણથી ઘડાવગેરે સર્વત્ર (પૃથ્વીવગેરે હાજર હોવા છતાં) ચૈતન્યનો સર્વદા અભાવ છે. જો ચૈતન્ય પૃથ્વીઆદિના સ્વભાવરૂપ કે પૃથ્વીવગેરેના કાર્યરૂપ હોત, તો તે હંમેશા બધે જ અવિશેષતયા હોત, પણ તેમ નથી. તેથી ચૈતન્ય પૃથ્વીવગેરેના સ્વભાવરૂપ કે કાર્યરૂપ નથી.

*નાસ્તિક* :– જે પૃથ્વી વગેરેના સ્વભાવરૂપ કે કાર્યરૂપ ન હોય તે વસ્તુ જ અસત્ છે. જેમકે ગધેડાનું શિંગડું. તેથી જો ચૈતન્ય પણ પૃથ્વીવગેરેના સ્વભાવરૂપ કે કાર્યરૂપ ન હોય, તો તે (=ચૈતન્ય) વાસ્તવમાં છે જ નહિ.

*ઉત્તરપક્ષ* :– પ્રત્યક્ષ અને અનુમાન આ બન્ને પ્રમાણનો પ્રસંગ હોવા છતાં ચૈતન્યની અત્યન્ત અનુપલબ્ધિ (=ખપુષ્પવત્ સર્વથા અભાવનો બોધ) શી રીતે કહો છો ? આ જરા પણ વ્યાજબી નથી. દરેકને પોતાના શરીરમાં રહેલું સ્વકીય ચૈતન્ય સ્વસંવેદનપ્રત્યક્ષથી પ્રતીત છે. આમ પ્રત્યક્ષથી ચૈતન્યની ઉપલબ્ધિ બતાવી. આ જ પ્રમાણે બીજાના શરીરમાં રહેલું ચૈતન્ય તે શરીરમાં દેખાતી વિશિષ્ટ ચેષ્ટાની અન્યથાઅનુપપત્તિ થવાદ્વારા અનુમાનપ્રમાણથી પ્રતીત થાય છે. આમ આ બે પ્રમાણથી પ્રતીત થતાં ચૈતન્યનો અભાવ કહી શકાય નહિ. અન્યથા તો પૃથ્વીવગેરે ભૂતોનો પણ અત્યન્ત અભાવ કહેવાનો પ્રસંગ આવે. ॥૧૦૯॥

તથા નાસ્તિકે પૂર્વે જે કહ્યું કે 'મદ્યના અવયવોમાંથી મદશક્તિની જેમ' તે પણ બરાબર નથી. કેમકે મદશક્તિનું દૃષ્ટાન્ત સાધનવિકલ=ભૂતની કાર્યતારૂપ હેતુથી રહિત છે. આ વાત દર્શાવતા આચાર્ય કહે છે–

*ગાથાર્થ* :– મદ્યાંગમાંથી ઉત્પન્ન થતા મદ્યમાં મદશક્તિ ઉત્પન્ન થતી નથી, પરંતુ જીવમા ઉત્પન્ન થાય છે. આ વાત પૂર્વે વિસ્તારપૂર્વક જણાવી છે. તેથી 'મદ્યાંગમાંથી મદશક્તિની જેમ' એવું જે દૃષ્ટાન્ત આપ્યું છે, તે સાધનવિકલ છે. કેમકે માત્ર મદ્યાંગના સમુદાયથી મદશક્તિ ઉત્પન્ન થતી નથી. જે આ ચૈતન્યરૂપ કાર્ય સ્વાનુભવસિદ્ધ છે. તેમાં કોઇ વિરોધ થઇ શકે તેમ

रभावात् । तस्मादिदं चैतन्यलक्षणं कार्यमनुभवसिद्धत्वादप्रतिक्षेपार्हमन्यथानुपपत्त्या स्वानुरूपं कारणमात्मन उपस्थापयति, तच्च स्वानुरूपं कारणं भूतेभ्योऽर्थान्तरभूतं न तु भूतान्येव, अत्यंतवैलक्षण्यात्, चैतन्यस्य सर्वदा सर्वत्र च भावप्रसङ्गाच्च, ततः पारिशेष्यादात्मैव कारणमिति स्थितम् । न च वाच्यमण्वादिभ्यो घटादेर्भावदर्शनात् नावश्यं कार्यानुरूपं कारणमन्वेषणीयमिति । यत आह-*'हेउफलविभागे य जं नियमणंति'* हेतुः-कारणं फलं-कार्यं तयोर्विभागो-विभजनम् अयमेवास्य हेतुरिदमेव चास्य फलमित्येवंरूपं तस्मिन् यन्नियम्यतेऽनेनेति नियमनं-नियमहेतुः मूर्त्तत्वपार्थिवत्वादिधर्म्मानुगमलक्षणस्तदपि प्रागेव भणितम् । *इतिशब्दः पूरणार्थः*, तस्मादण्वादिजन्यघटादिना व्यभिचारो वचनमात्रम्, तत्रापि मूर्त्तत्वादिधर्म्मानुगमभावत आनुरूप्यस्य भावात् । अन्यथा नियमहेत्वभावेन कार्यकारणव्यवस्थानुपपत्तेः । अतः स्थितमेतत् स्वानुरूपान्वयिनिमित्तं चैतन्यं, तच्च स्वानुरूपं निमित्तमात्मेति प्रयोगश्चात्र-स्वानुरूपान्वयिनिमित्तं चैतन्यं, कार्यत्वात्, घटवत् इह नात्यन्तासत उत्पादोऽसत्त्वाविशेषेण खरविषाणस्याप्युत्पत्तिप्रसङ्गात् । तस्य विवक्षितकारणस्य विवक्षितकार्यजननस्वभावत्वात्तस्यैवोत्पत्तिर्नान्यस्य ततो न कश्चिद्दोष इति चेत्? न, तदा तस्यात्यन्तासत्त्वेनावधिभावायोगतस्तस्य तज्जननस्वभावतेति कल्पनानुपपत्तेः(श्च) । न हि अत्यन्तासतः अवधिर्भवति, असतो विशेषणत्वायोगात् । अतः कथंचित्सत एवोत्पादः। तथा च सति कार्यत्वं हेतोस्तथाभावित्वेन व्याप्यते। तदुक्तम्-*"न तथाभाविनं हेतुमन्तरेणोपजायत"* इति। स्वानुरूपान्वयिनिमित्तानभ्युपगमे चात्यन्तासत उत्पादाभ्युपगमप्रसङ्गः। ततो विपक्षाद्व्यापकविरुद्धोपलब्ध्या व्यावर्त्तमानं कार्यत्वं स्वानुरूपान्वयिनिमित्तत्वेन व्याप्यत इति प्रतिबन्धसिद्धिः ॥११०॥ स्यादेतत्, साध्यधर्म्मविशेषविपर्ययसाधनादयं हेतुर्विरुद्धः, **यथाहि**-मूर्त्तस्वानुरूपान्वयिनिमित्तं चैतन्यं कार्यत्वात् घटवदित्यत आह--

**ण विसेसविरुद्धोऽविय अप्पडिबंधातो बाहणातो य ।**
**मुत्तत्तादीण तहा संसारिणि अब्भुवगमा य ॥ १११ ॥**

**(विशेषविरुद्धोऽपि चाप्रतिबन्धतो बाधनाच्च । मूर्तत्वादीनां तथा संसारिणि अभ्युपगमाच्च)**

न विशेषस्य-साध्यधर्म्मसंबन्धिनोऽमूर्त्तत्वलक्षणस्य विपर्ययसाधनादयं कार्यत्वादिति हेतुर्विरुद्धः । अपि च न केवलमसिद्धोऽनैकान्तिको वा नेत्यपिचशब्दार्थः । हेतुमाह-*'अप्रतिबन्धात्'* कार्यत्वलक्षणहेतोर्मूर्त्तत्वेन सहाप्रतिबन्धात् । न च प्रतिबन्धमन्तरेण हेतुः सम्यग्घेतुर्विरुद्धो वा भवति, कार्यादीनां हि हेतूनां स्वसाध्ये प्रतिबन्धात्, यद्गमकत्वं तत्सम्यग्घेतुत्वमुच्यते, साध्यधर्म्मविशेषादिविपर्यये च स्वभावप्रतिबन्धाद्विपर्यासनं विरुद्धत्वम् । तदुक्तमन्यैरपि-*'प्रतिबन्धपूर्वकं हि गमकत्वं, तच्च हेतुविरुद्धयोरविशिष्टं*, तथा साध्यविपरीतस्वभावप्रतिबन्धाद्विपर्यासनं विरुद्धत्वमिति' । अत्रैव हेत्वन्तरं समुच्चिचीषुराह *बाधनातश्च* आत्मनो मूर्त्तत्वस्यामूर्त्तत्वप्रतीत्या बाधनात्। चः समुच्चये। **यथाहि**-यद्यात्मा मूर्त्तः

---

નથી. આવું આ ચૈતન્ય આત્માના અભાવમાં સંભવી ન શકે. કેમકે ભૂતો ચૈતન્યઅંગે અકિંચિત્કર છે. તેથી અન્યથાઅનુપપત્તિ દ્વારા ચૈતન્ય પોતાને અનુરૂપ કારણતરીકે આત્માની ઉપસ્થાપના કરે છે. ચૈતન્યનું આ સ્વાનુરૂપ કારણ ભૂતો તો સંભવી જ ન શકે, કેમકે ભૂતો ચૈતન્યથી અત્યન્ત વિલક્ષણ છે. અને ભૂતોને કારણ માનવામાં ચૈતન્યને હંમેશા અને બધે ઉપસ્થિત માનવું પડે. તેથી ચૈતન્યનું કારણ ભૂતોથી ભિન્ન જ હોવું જોઈએ. આમ પારિશેષ્યન્યાયથી ચૈતન્યના ભૂતોથી ભિન્ન કારણતરીકે આત્માની સિદ્ધિ થાય છે.

*નાસ્તિક* :- અણુવગેરે અદૃશ્ય પદાર્થોમાંથી ઘડાવગેરે દૃશ્ય પદાર્થોની ઉત્પત્તિ દેખાતી હોવાથી 'સર્વત્ર કાર્યને અનુરૂપ જ કારણ હોવું જોઈએ' એવો નિયમ રહેતો નથી. તેથી બધેજ કાર્યને અનુરૂપ કારણ શોધવા બેસવું વ્યાજબી નથી.

*ઉત્તરપક્ષ* :- આમ કહેવું બરાબર નથી. કેમકે હેતુફળના વિભાગનો જે નિયમ છે કે 'આ આનો હેતુ અને આ જ આનું ફળ=કાર્ય' તે નિયમમાં જે નિયામક બને, તેવા ધર્મો તો અણુમાં પણ છે. અને તેના કાર્યભૂત ઘડાવગેરેમાં પણ છે. એ સર્વમાન્ય હકીકત છે કે, અણુઓમાં રહેલા મૂર્તત્વ પાર્થિવત્વવગેરે ધર્મો ઘડામાં ઉપલબ્ધ થાય છે. અને નિયામક ધર્મોને અપેક્ષીને જ અનુરૂપતા-અનનુરૂપતાનો વિચાર વ્યાજબી છે, એ વાત પૂર્વે કહી જ છે. આમ આ મૂર્તત્વવગેરે નિયામક ધર્મોની અપેક્ષાએ અણુઓ અને ઘડાવગેરેમાં પરસ્પર અનુરૂપતા છે જ.તેથી ઘડાના દૃષ્ટાંતથી 'સર્વત્ર કાર્યને અનુરૂપ જ કારણ હોવું જોઈએ' એવા નિયમ ને વ્યભિચાર નથી. તેથી એ દૃષ્ટાંતથી બતાવેલો વ્યભિચાર વચનમાત્ર છે. જો અણુઓથી નિર્મિત ઘડાવગેરેમાં આનુરૂપ્ય ન માનો, તો મૂર્તત્વઆદિ નિયામક હેતુનો ઘડાવગેરેમાં અભાવ માનવો પડે. અને, તો તેઓ વચ્ચે કાર્યકારણભાવની વ્યવસ્થા ટકી ન શકે. તેથી નિશ્ચય થાય છે કે, "પોતાને અનુરૂપ કારણમાંથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે. અને ચૈતન્યને અનુરૂપ આ કારણ આત્મા જ છે." *અનુમાનપ્રયોગ* :- "પોતાને અનુરૂપ અન્વયી કારણમાંથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે. કેમકે કાર્ય છે જેમકે ઘડો." જગતમાં અત્યંત અસત્ વસ્તુની ઉત્પત્તિ થતી નથી. અન્યથા સમાનરૂપે ગધેડાના શિંગડાની પણ ઉત્પત્તિ થવાનો પ્રસંગ આવે.

*નાસ્તિક* :- તે વિવક્ષિતકારણનો વિવક્ષિતકાર્ય ઉત્પન્ન કરવાનો સ્વભાવ છે. તેથી તે વિવક્ષિત કારણથી પણ વિવક્ષિત કાર્ય જ ઉત્પન્ન થશે. આકાશકુસુમવગેરે બીજા નહિ. તેથી તમે કહ્યો તેવો દોષ નથી.

*ઉત્તરપક્ષ* :- આ વાત બરાબર નથી. વિવક્ષિત કાર્ય પોતે ઉત્પત્તિપૂર્વે અત્યન્ત અસત્ હોવાથી તુચ્છ છે, અને અત્યન્ત અસત્અવસ્થામાં તો ખપુષ્પ, ખરશૃંગ કે વિવક્ષિતકાર્ય બધા જ સરખા છે. તેથી અમુક કારણથી અમુક જ અત્યન્ત અસત્ ઉત્પન્ન થાય તેવી અવધિ-મર્યાદા સંભવતી નથી. વળી 'કારણનો પણ વિવક્ષિત જ અત્યન્ત અસત્ને ઉત્પન્ન કરવાનો સ્વભાવ છે, અન્યને નહિ.' તેવી કલ્પના પણ યુક્તિસંગત નથી. અત્યન્ત અસત્માં વિશેષણપણું સંભવતુ ન હોવાથી અત્યન્ત અસત્ માં અવધિ હોતી નથી. તેથી સ્વીકારવું જરૂરી કે, કથંચિત્ સત્ની જ ઉત્પત્તિ થાય છે. તેથી હેતુના તથાભાવથી

स्यात्ततस्तत्कार्यं चैतन्यममूर्त्तं न भवेत् । न हि मूर्त्तकार्यममूर्त्तं भवत् दृष्टम्, अमूर्त्तं च चैतन्यं रूपादिविरहात्, तथा-प्रतीतेः, ततश्चैतन्यलक्षणकार्यामूर्त्तत्वान्यथानुपपत्त्या आत्मनोऽमूर्त्तत्वमङ्गीकर्त्तव्यं न मूर्त्तत्वम्, तथा च मूर्त्तत्वस्य बाधनान्न हेतोर्विशेषविरुद्धता, तल्लक्षणायोगात् । *'विरुद्धोऽसति बाधने'* इति हि तल्लक्षणमाहुस्तज्ज्ञाः, अन्यथाऽतिप्रसङ्गात्, पाक्यः शब्दः कृतकत्वात् घटवदित्यादेरपि वक्तुं शक्यत्वात् । अपि च, नैवास्माकमनेकान्तवादिनामयं हेतुर्विरुद्धोऽपि सन् क्षितिमावहति, कर्म्मणा सह लोलीभावेनावस्थानतः कथंचिदात्मनो मूर्त्तत्वस्याप्यभ्युपगमात् । यद्वक्ष्यति-*"अहवाऽणेगंतोऽयं संसारी सव्वहा अमुत्तत्ति। जमणाइकम्मसंतइपरिणामावन्नरूवो सो"* इति । एतदेवाह--*'मुत्तत्तेत्यादि'*। तथेति समाधानान्तरसमुच्चये। मूर्त्तत्वादीनामादिशब्दाच्चक्षुरिन्द्रियग्राह्यत्वादिपरिग्रहः, औदारिकादिशरीरेणापि सह कथंचिद-भेदाभ्युपगमात् संसारिणि आत्मनि अभ्युपगमान्न विशेषविरुद्धो हेतुः, इष्टत्वादिति भावः ॥ १११ ॥

इह ये चैतन्याभिव्यक्तिवादिनस्ते चैतन्यं धर्म्मत्वेन प्रतिपद्यन्ते, चैतन्यमभिव्यज्यते न तूत्पाद्यत इति, भूतानि च धर्म्मीति । तत्रायमर्थः प्रागेवापास्तो-*'जइ ताव मयं धम्मो चेयन्नं कह न अत्थि तो आया?। अन्नेणऽणुरूवेणं इमस्स जं धम्मिणा कज्ज'* मित्यादिना ग्रन्थेन । तत्र पुनरपि तन्मतमाशङ्कमान आह--

अह अणुरूवो धम्मी सुतचेतण्णस्स माइबुद्धी तु ।
णो तव्वतिरेगेणं तस्स सुते पावइ अभावो ॥ ११२ ॥

(अथानुरूपो धर्मी सुतचैतन्यस्य मातृबुद्धिस्तु । नो तद्व्यतिरेकेण तस्य सुते प्राप्नोति अभावः)

---

=તથાપરિણામપણાથી કાર્યતા વ્યાપ્ત છે. (અર્થાત્ હેતુ કાર્યને અનુરૂપ પરિણામવાળો થાય, તો જ કાર્ય ઉત્પન્ન થાય) કહ્યું જ છે કે *"તેવા પ્રકારના ભાવને પરિણામને પ્રાપ્ત કરનાર હેતુ વિના કાર્ય ઉત્પન્ન થતું નથી."* અને જો કાર્યનું પોતાને અનુરૂપ અન્વયી નિમિત્તકારણ સ્વીકારવામાં ન આવે, તો અત્યન્ત અસત્‌ની ઉત્પત્તિ માનવાનો પ્રસંગ આવે. (કેમકે કારણને કાર્યથી અત્યન્ત વિલક્ષણ માનવું પડે.) તેથી અત્યન્ત વિલક્ષણ વસ્તુરૂપ વિપક્ષમાં કારણતારૂપ વ્યાપકની વિરુદ્ધ અકારણતાની ઉપલબ્ધિ થાય છે. તેથી વ્યાપ્યભૂત કાર્યતા પણ ત્યાં રહેતી નથી, ત્યાંથી પાછી ફરતી કાર્યતા સ્વઅનુરૂપ અન્વયિનિમિત્તપણાથી વ્યાપ્ત થાય છે. આમ વ્યાપ્તિની સિદ્ધિ થઈ. તેથી સ્વાનુરૂપકારણમાંથી જ ચૈતન્યરૂપ કાર્ય ઉત્પન્ન થાય છે. અને તે સ્વાનુરૂપકારણ આત્મા છે તેમ સિદ્ધ થાય છે. ॥૧૧૦॥

*(હેતુમાં વિરોધદોષોદ્‌ભાવનનું ખંડન)*

*નાસ્તિક* :- પ્રસ્તુતમાં 'કાર્યત્વ'હેતુ સાધ્યધર્મવિશેષ(=સાધ્યભૂત એકધર્મવિશેષ અમૂર્તસ્વરૂપાન્વયિનિમિત્તત્વ)થી વિપરીતની સિદ્ધિનું સાધન બને છે, (કેમકે કાર્યત્વહેતુ સર્વત્ર 'મૂર્તત્વ'સાથે જ સાહચર્ય ધરાવતું દેખાય છે.) તેથી 'કાર્યત્વ'હેતુ વિરુદ્ધ દોષગ્રસ્ત છે. પ્રયોગ-"ચૈતન્ય મૂર્તસ્વાનુરૂપ અન્વયિનિમિત્તવાળું છે, કેમકે કાર્ય છે. જેમકે ઘડો." આ દલીલના ઉત્તરમાં કહે છે.

*ગાથાર્થ* :- *ઉત્તરપક્ષ* :- અમૂર્તત્વરૂપ સાધ્યધર્મવિશેષથી વિપરીતનો કાર્યત્વહેતુ સાધક નથી. તેથી ('અપિચ' શબ્દથી) હેતુ માત્ર અસિદ્ધ કે અનેકાંતિક નથી, એમ નહિ પણ વિરુદ્ધ પણ નથી. કારણકે 'કાર્યત્વ'હેતુને મૂર્તત્વસાથે પ્રતિબન્ધવ્યાપ્તિ નથી. અને વ્યાપ્તિના અભાવમાં હેતુને સમ્યગ્ કે વિરુદ્ધ ઠેરવી શકાય નહિ. 'કાર્યત્વ'વગેરે હેતુઓ પોતાના સાધ્યસાથે વ્યાપ્તિ ધરાવતા હોય છે, (આ હેતુઓ કદી પોતાના સાધ્યને છોડી-સાધ્યના અભાવમાં રહેતા નથી.) તેથી એ હેતુઓની હાજરી પોતાના સાધ્યની હાજરીના ગમક=સૂચક બને છે. અને જેઓ આ રીતે યથાર્થ ગમક બની શકે, તે જ યોગ્ય હેતુ બની શકે. અને સાધ્યધર્મવિશેષઆદિના વિપર્યયમાં (=વિપરીતમાં) સ્વ(=હેતુની)ભાવ(=હાજરી)ના પ્રતિબન્ધ(=વ્યાપ્તિ)થી જે વિપર્યાસ થાય છે. તે જ 'વિરુદ્ધપણું' દોષ છે. અર્થાત્ જ્યારે હેતુ સ્વસાધ્યના અભાવનો ગમક બને છે, ત્યારે 'વિરુદ્ધ' બને છે. બીજાઓએ પણ કહ્યું છે, " *'ગમકપણું' પ્રતિબન્ધપૂર્વક જ હોય છે, અને તે, હેતુ અને વિરુદ્ધ-બન્ને અંગે સમાન છે."* તથા-*"સાધ્યથી વિપરીતમાં સ્વભાવ(=હાજરી)ના પ્રતિબન્ધથી થતો વિપર્યાસ વિરુદ્ધપણું છે."* આ અંગે બીજો હેતુ સૂચવતા કહે છે *'બાધનાતશ્ચ'* ઇત્યાદિ. આત્માની અમૂર્તરૂપે જ થતી પ્રતીતિ તેના મૂર્તપણાના બોધને બાધક બને છે. જો આત્મા મૂર્ત હોત, તો તેના કાર્યરૂપ ચૈતન્ય અમૂર્ત સંભવી શકત નહિ. કેમકે મૂર્તવસ્તુનું અમૂર્તકાર્ય થતું દેખાતું નથી. પરંતુ 'રૂપાદિથી રહિત હોવાથી ચૈતન્ય અમૂર્ત છે' તેમ સર્વજનપ્રતીત છે. આમ ચૈતન્યરૂપકાર્યનું અમૂર્તપણું અન્યથા અનુપપત્તિદ્વારા સ્વકારણઆત્માને પણ અમૂર્તરૂપે જ સિદ્ધ કરે છે. તેથી આત્માને અમૂર્તતરીકે જ સ્વીકારવો જોઈએ, નહિ કે મૂર્ત તરીકે. આમ 'મૂર્તત્વ'ને બાધ પહોંચતો હોવાથી હેતુ સાધ્યવિશેષથી વિરુદ્ધનું સાધક નથી. અર્થાત્ હેતુ વિરુદ્ધ નથી. કેમકે વિરુદ્ધનાં લક્ષણનો યોગ થયો નથી. *'બાધ ન હોય, તો જ વિરુદ્ધ હોય'* (અર્થાત્ હેતુઆદિમાં ઉદ્‌ભાવિત કરેલી વિરુદ્ધતા પ્રત્યક્ષઆદિથી બાધ ન પામતી હોય, તો જ હેતુ વિરુદ્ધ ગણાય.) તાર્કિકો વિરુદ્ધનું આવું લક્ષણ દર્શાવે છે. જો, જે-તે દૃષ્ટાન્તથી વિરુદ્ધાદિનું ઉદ્‌ભાવન કરશો, તો 'શબ્દ પાક્ય (=પાકયોગ્ય) છે કેમકે કૃતક(=કાર્ય) છે જેમકે ઘડો' ઇત્યાદિ પણ કહી શકાતું હોઈ અતિપ્રસંગનો દોષ છે.

વળી, અનેકાન્તવાદને વરેલા અમને કાર્યત્વહેતુ વિરુદ્ધ હોય, તો પણ કોઈ ક્ષતિ નથી. કેમકે અમે સંસારી આત્માને કથંચિદ્ મૂર્ત પણ માન્યો છે, કારણકે તે મૂર્ત કર્મસાથે ક્ષીરનીરન્યાયથી એકમેક થઈને રહ્યો છે. આજ વાત ગ્રન્થકાર પોતે આગળ ઉપર આ ગાથાથી બતાવશે-'અહવાડણેગંતો'ઇત્યાદિ-*"અથવા સંસારી જીવ સર્વથા અમૂર્ત છે, એ વાત અનેકાન્તિક છે. કેમકે તે અનાદિકર્મપ્રવાહપરિણામને કારણે રૂપને પામેલો છે."* આમ કાર્યત્વહેતુથી અમૂર્તત્વ વિરુદ્ધ મૂર્તત્વની સિદ્ધિ થાય, તો પણ દોષ નથી. *'મુત્તત્તાદીણ'* ઇત્યાદિ પદોથી મૂળકાર પણ આ જ મુદ્દાને દૃઢ કરે છે. (મૂળમાં 'તથા'પદ બીજા સમાધાનના સંગ્રહઅર્થે છે.) 'મૂર્તત્વાદિ'સ્થળે આદિપદથી 'આંખથી જોઈ શકાવાની યોગ્યતા' (ચક્ષુઇન્દ્રિયથી ગ્રાહ્યપણું) વગેરેનો સમાવેશ થાય છે, કારણકે આત્મા ઔદારિકઆદિ શરીરોસાથે 'દૂધપાણી' ન્યાયથી કંઈક અભેદભાવ પામેલો છે. તેથી આંખથી ઔદારિ

अथ स्यान्मतं परस्य-यदि चैतन्यस्यानुरूपेण धर्मिणा कार्यं तर्हि सुतचैतन्यस्य *'मातुबुद्धिरेव'* मातृचैतन्यमेव तुशब्द एव-कारार्थः, अनुरूपो धर्म्मी भविष्यति न त्वन्यः, ततश्च नैवमपि तवात्मसिद्धिरुपपद्यत इति भावः । अत्रोत्तरमाह-*'नो तव्वइ'* इत्यादि यदेतदुक्तं तन्न, असंगतत्वात् । कथमित्याह-यस्मादेवं परिकल्प्यमाने *'तद्व्यतिरेकेण'* मातृचैतन्यव्यतिरेकेण तस्य सुतचैतन्यस्याभावः प्राप्नोति, धर्मिणमन्तरेण धर्म्माणामसंभवात्, अन्यथा स्वतन्त्रतया तेषामपि धर्मित्वप्रसक्तेः ॥११२॥

अत्रैव दूषणान्तरमुपादित्सुराह--

ण हि धम्मंतरवित्ती दिट्ठा धम्माणमेत्थ लोगम्मि ।

तदभावपसंगातो न धम्मरहितो जतो धम्मी ॥ ११३ ॥

(न हि धर्मान्तरवृत्तिर्दृष्टा धर्माणामत्र लोके । तदभावप्रसङ्गात् न धर्मरहितो यतो धर्मी)

यदि मातृचैतन्यं सुतलक्षणे धर्म्मिणि नोपपद्यते किंतु मातृचैतन्यलक्षण एव *'हि'* यस्मात्, न खलु स्वधर्म्मिणमन्तरेणान्यस्मिन् धर्म्यन्तरे धर्माणां वृत्तिरत्र लोके दृष्टा, तथाप्रतीत्यभावात्। विपक्षे बाधामाह---तदभावप्रसङ्गा-दिति, यदि हि धर्म्माणां धर्म्यन्तरे वृत्तिरभ्युपगम्येत तर्हि तस्य धर्म्मिणोऽभावप्रसङ्गो भवेत्, स्वभावस्यापि धर्म्मत्वात्, तस्य च धर्म्यन्तरे वर्तमानत्वाभ्युपगमेन धर्म्मिणो निःस्वभावतापत्तेः। एतदेव भावयति-*'न धम्मरहिओ जओ धम्मी'* *'यतो'* यस्मान्न धर्म्मैः-सत्त्वज्ञेयत्वप्रमेयत्वादिभिः रहितोवर्जितस्तादात्म्यसंबन्धप्रच्युतो धर्म्मी स्वरूपेणास्ति, ततो धर्म्यभाव-प्रसङ्गात् न धर्माणां धर्म्यन्तरे वृत्तिरभ्युपगन्तव्या । ततश्च सुतचैतन्यं चेन्मातृचैतन्यस्य धर्म्मस्तर्हि तस्य तत्र वृत्तिः स्यात् न सुते, तथा च सति प्रतीतिविरोधः,तन्न सुतचैतन्यस्य मातृचैतन्यमनुरूपो धर्म्मी किं त्वात्मैवेतिस्थितम् ॥११३॥

अत्र चैतन्योत्पत्तिवादिनः प्राहुः-ये चैतन्याभिव्यक्तिवादिनस्तेषामेवायमनन्तरोक्तो दोषो, नास्माकं, कार्यकारण-भावाभ्युपगमात् । **तथाहि**--सुतचैतन्यं कार्यं मातृचैतन्यं च कारणं, तथा च को दोष इत्यत आह--

ण य तक्कज्जं पि इमं तस्सक्काराणुवित्तऽभावातो ।

तब्भावम्मिऽवि कज्जे सति न य हेतूऽवि तदवत्थो ॥ ११४ ॥

(न च तत्कार्यमपि इदं तत्संस्कारानुवृत्त्यभावात् । तद्भावेऽपि कार्ये सति न च हेतुरपि तदवस्थः)

---

શરીરસાથે સંસારી આત્મા પણ જોઇ શકાય છે, તેમ માન્ય છે. તેથી 'કાર્યત્વ'હેતુ વિશેષવિરુદ્ધ નથી. કેમકે સંસારી આત્માને આશ્રયી આ હેતુ અને તેનાથી સાધ્ય મૂર્તત્વાદિવગેરે ઇષ્ટ છે. ॥૧૧૧॥

*(માતૃચૈતન્ય પુત્રચૈતન્યને અનુરૂપ નથી)*

કેટલાક નાસ્તિકો ચૈતન્યઅભિવ્યક્તિવાદી છે. તેમના મતે "પૃથ્વીવગેરે ભૂતો ધર્મી છે અને ચૈતન્ય ધર્મરૂપ છે. આ ચૈતન્ય અભિવ્યક્ત થાય છે, પણ ઉત્પન્ન કરાતું નથી."

તેઓની આ વાતને પૂર્વે જ '*જઇ તાવ મયં*' (જો ચૈતન્ય ધર્મતરીકે ઇષ્ટ હોય, તો આત્મા કેમ નથી ? કેમકે આનો (= ચૈતન્યનો) અનુરૂપ ધર્મી અન્ય હોવો જ જોઇએ) ઇત્યાદિ ગાથાથી ઉખેડી નાખી છે. પ્રસ્તુતમાં તે વાદીઓ ફરીથી સ્વમતની પુષ્ટિઅર્થે નવી આશંકા જન્માવે છે.

*ગાથાર્થ* :- *નાસ્તિક* :- જો, તમારે ચૈતન્યરૂપ ધર્મને અનુરૂપ ધર્મીથી જ પ્રયોજન હોય, તો પુત્રમાં રહેલા ચૈતન્ય ધર્મના ધર્મીતરીકે માતામાં રહેલું ચૈતન્ય જ સ્વીકૃત થાય તેમ છે. કેમકે અનુરૂપ ધર્મીતરીકે તે જ યોગ્ય છે. નહિ કે અન્ય કોઇ. તેથી આ પ્રમાણે પણ તમારી આત્મસિદ્ધિ અસિદ્ધ ઠરે છે.

*ઉત્તરપક્ષ* :- તમારી આ વાત યુક્તિરહિત હોવાથી ફાલતું છે. કેમકે આ કલ્પના કરવામાં માતાના ચૈતન્યથી ભિન્ન એવા પુત્રચૈતન્યનો પુત્રમાં અભાવ માનવો પડશે. કેમકે ધર્મો ધર્મીને છોડીને રહી શકતા નથી. નહિતર તો સ્વતન્ત્ર હોવાથી તેઓ પણ ધર્મી જ બની જાય. *તાત્પર્ય* :- ધર્મ પોતાના ધર્મીથી સ્વતન્ત્રરૂપે ઉપલબ્ધ થઇ ન શકે-ધર્મ ધર્મીના આશ્રિતરૂપે જ ઉપલબ્ધ થાય, તથા એક ધર્મીનો ધર્મ અન્ય ધર્મીમાં ઉપલબ્ધ થઇ શકે નહિ. જો માતાનું ચૈતન્ય પુત્રના ચૈતન્યનો આશ્રયભૂત ધર્મી હોય, તો માતાનું ચૈતન્ય માતામાં હોવાથી પુત્રનું ચૈતન્ય પણ માતામાં જ રહેશે. તેથી માતાથી અલગ ઉપલબ્ધ થતા પુત્રમાં ચૈતન્ય દેખાવું જોઇએ નહિ.॥૧૧૨॥

આ જ બાબતમાં બીજા દૂષણનું ઉપાદાન કરવાની ઇચ્છાથી કહે છે—

*ગાથાર્થ* :- વળી, માતાનું ચૈતન્ય પુત્રરૂપ ધર્મીમાં કલ્પવું યોગ્ય નથી. કેમકે ધર્મો પોતાના ધર્મીને છોડી અન્ય ધર્મીમાં રહેતા નથી. કેમકે તેવી પ્રતીતિ થતી નથી. તેથી માતાનું ચૈતન્ય માતારૂપ ધર્મીમાં જ સ્વીકારવું યોગ્ય છે. વિપક્ષમાં બાધા બતાવે છે. જો ધર્મો અન્ય ધર્મીમાં પણ રહેલા માન્ય હોય, તો તે ધર્મોના મૂળ ધર્મીના અભાવનો પ્રસંગ આવશે. કેમકે સ્વભાવ પણ ધર્મરૂપ હોઇ બીજા ધર્મીમાં રહી જશે. આમ મૂળ ધર્મી સ્વભાવહીન થવાથી અસત્ બની જશે. કેમકે સત્વ, જ્ઞેયત્વ, પ્રમેયત્વ વગેરે ધર્મોથી રહિત-તે ધર્મોસાથેના તાદાત્મ્યસમ્બન્ધથી ભ્રષ્ટ થયેલો-ધર્મી સ્વરૂપે રહી શકે નહિ. તેથી ધર્મરહિતના તે ધર્મીનો ખપુષ્પની જેમ અભાવ આવી જાય. પણ આ અનિષ્ટ છે, તેથી ધર્મોને બીજા ધર્મીમાં રહેલા માનવા જોઇએ નહિ. તેથી જો પુત્રનું ચૈતન્ય માતૃચૈતન્યનો ધર્મ હોય, તો પુત્રચૈતન્ય માતૃચૈતન્યમાં જ માતામાં જ રહેલું હોવું જોઇએ, નહિ કે પુત્રમાં. પણ તેમ હોવામાં પ્રતીતિવિરોધ છે. તેથી પુત્રચૈતન્યના અનુરૂપ ધર્મીતરીકે માતૃચૈતન્ય સિદ્ધ થતું નથી. તેથી અનન્યગત્યા તેવા ધર્મીતરીકે આત્માની જ સિદ્ધિ થાય છે. ॥૧૧૩॥

न च *'इदं'* सुतचैतन्यं तत्कार्य--मातृचैतन्यकार्यम् । कुत इत्याह–तत्संस्कारानुवृत्त्यभावात् तस्य–मातृचैतन्यस्य यः संस्कारो–वासना कालान्तरभाविस्मरणादिहेतुस्तस्यानुवृत्तिः–अनुगमनं तस्याभावात्, तत्संस्कारानुवृत्त्यभावेऽपि च तत्कार्यत्वाभ्युपगमेऽतिप्रसङ्गो, देवदत्तचैतन्यस्यापि यज्ञदत्तचैतन्य(स्य)कार्यतापत्तिप्रसक्तेरिति । दूषणान्तरमभिधित्सुरेतदप्यभ्युपगम्याह–*'तब्भावम्मीत्यादि'* तद्भावेऽपि तत्कार्यत्वेपि इष्यमाणे, चशब्दो यस्मादर्थे, यस्मान्न कार्ये सति घटादिलक्षणे हेतुरुपादानभूतो मृत्पिण्डादिलक्षणः, अपिचशब्द एवकारार्थो भिन्नक्रमश्च, तदवस्थ एव भवति, किन्तु नियमतो विनाशमाविशति। मृत्पिण्डादिहेतूपमर्देनैव घटादिकार्यभावदर्शनात् । ततो यदि सुतचैतन्यं मातृचैतन्यस्य कार्यं भवेत् तर्हि सुतचैतन्ये सति मातृचैतन्यं न भवेत्, न च न भवति, तस्मान्न सुतचैतन्यं मातृचैतन्यस्य कार्यमिति ॥११४॥

अत्र परस्य मतमपाकर्तुमाशङ्कते--

दीवा दीवुप्पत्ती ण य उभयं तत्थऽदिट्ठमह बुद्धी ।
जुत्तमिदमुवादाणं न हि दीवो अन्नदीवस्स ॥ ११५ ॥

(दीपाद् दीपोत्पत्तिर्न चोभयं तत्रादृष्टमथ बुद्धिः । युक्तमिदमुपादानं न हि दीपोऽन्यदीपस्य)

स्यादियं बुद्धिः परस्य–दीपाद्दीपान्तरस्योत्पत्तिर्भवति, न च *'तत्र'* दीपान्तरोत्पत्तौ 'उभयं' कार्यकारणभूतदीपद्वयलक्षणमदृष्टम्, उभयोरपि तत्र स्वरूपेणोपलभ्यमानत्वात्, तद्वदिहापि मातृचैतन्यात्सुतचैतन्यस्योत्पत्तावपि न मातृचैतन्यस्याभावो भविष्यतीति । अत्राह–*'जुत्तमित्यादि'* युक्तमिदं दीपाद्दीपान्तरस्य भवनं, न च तत्र कारणभूतस्य दीपस्याभावो, यस्मान्न दीपोऽन्यदीपस्य–दीपान्तरस्योपादानं किं तु सहकारिकारणम्, उपादानकारणं हि दीपस्य वर्त्यादिपरमाणव एव, उपादानकारणोपमर्देन च कार्यं भवति न सहकारिकारणोपमर्देन, यथा मृत्पिण्डोपमर्देन घटो न चक्राद्युपमर्देन, न च सुतचैतन्यस्य मातृचैतन्यं सहकारिकारणमिष्यते किंतूपादानकारणम्, अतस्तदुपमर्देनैव तद्भवेत् ॥ ११५ ॥

यदि पुनस्तत्सहकारिकारणमिष्येत तर्ह्यात्मसिद्धिप्रसङ्गो यत आह--

---

*(ચૈતન્યોત્પત્તિવાદીમત નિરાસ)*

પ્રસ્તુતમાં ચૈતન્યોત્પત્તિવાદી સ્વમત પ્રકાશે છે. "ચૈતન્યાભિવ્યક્તિવાદીઓને તમે કહેલો દોષ બરાબર લાગુ પડે છે. પરંતુ અમને લાગુ પડે નહિ. કેમકે અમે કાર્યકારણભાવ સ્વીકારીએ છીએ. તે આ પ્રમાણે ➡ પુત્રગતચૈતન્ય કાર્ય છે. અને માતૃગતચૈતન્ય કારણ છે. બોલો ! હવે આ કલ્પનામાં ક્યો દોષ છે ?" આ પક્ષને પાયામાંથી જ પછાડતાં કહે છે.

*ગાથાર્થ* :– *ઉત્તરપક્ષ* :– આ પુત્રગતચૈતન્ય માતૃગતચૈતન્યનું કાર્ય પણ નથી. કેમકે પુત્રગતચૈતન્યમાં માતૃગત ચૈતન્યના ભવિષ્યમાં થનારા સ્મરણવગેરેમાં કારણભૂત સંસ્કારોની અનુવૃત્તિ થતી નથી. અને જો માતૃગતચૈતન્યના સંસ્કારોની અનુવૃત્તિના અભાવમાં પણ માતૃગતચૈતન્યના કાર્યતરીકે સ્વીકારશો, તો અતિપ્રસંગ આવશે. કેમકે સમાનતયા દેવદત્તગત ચૈતન્યને યજ્ઞદત્તગતચૈતન્યના કાર્યતરીકે સ્વીકારવાની આપત્તિ છે. (અર્થાત્ એકના ચૈતન્યના જનકતરીકે કો'કને જ સ્વીકારવામાં અને અન્યને ન સ્વીકારવામાં કોઇ નિયામક નહિ રહે.) અન્યદૂષણો દર્શાવવા 'તુષ્યતુ દુર્જન' ન્યાયથી પુત્રગતચૈતન્યને માતૃગતચૈતન્યના કાર્ય તરીકે સ્વીકારી લઇને ચાલવામાં આવતી મુશ્કેલી દર્શાવે છે. *'તબ્ભાવમ્મિ'* ઇત્યાદિ.(મૂળમાં 'ચ'પદ હેતુદર્શક છે અને 'અવિ'પદ 'જ'કારસૂચક છે, અને તે 'તદવસ્થ'પદને સંલગ્ન છે.) ઘટવગેરે કાર્યો જ્યારે ઉત્પન્ન થાય છે, ત્યારે માટીવગેરે ઉપાદાન કારણોના પૂર્વસ્વરૂપમાં કોઇ ફેરફાર થતા નથી, એમ નથી. અર્થાત્ અવશ્ય ફેરફાર થાય છે. અવશ્ય પૂર્વસ્વરૂપનો નાશ થાય છે. કેમકે માટીના પિંડવગેરે કારણોનું ઉપમર્દન(=નાશ)થી જ ઘડાવગેરે કાર્યો થતાં દેખાય છે. (માટીની પિંડઅવસ્થાનો વિનાશ થાય, તો જ ઘટઆકાર ઉત્પન્ન થાય છે. માટીનો પિંડ પણ રહે અને ઘટ પણ ઉત્પન્ન થાય એમ બને નહિ.) તેથી જો પુત્રગતચૈતન્ય માતૃગતચૈતન્યનું કાર્ય હોત, તો પુત્રગતચૈતન્યની ઉત્પત્તિ થતાં માતૃગતચૈતન્ય રહેત નહિ પણ તેમ થતું નથી. કેમકે પુત્રગતચૈતન્યની ઉપલબ્ધિ વખતે પણ તેનાથી ભિન્ન એવા માતૃગતચૈતન્યની પૂર્વવત્ ઉપલબ્ધિ થાય જ છે. તેથી પુત્રગત ચૈતન્ય માતૃગતચૈતન્યનું કાર્ય નથી. ॥૧૧૪॥

આ સ્થળે અન્યનો મત દૂર કરવા આશંકા દર્શાવે છે.

*ગાથાર્થ* :– "દીવામાંથી બીજો દીવો પ્રગટે છે. છતાં ત્યાં બન્ને અદૃષ્ટ નથી." એવી બુદ્ધિ થાય. પણ આ યોગ્ય છે, કેમકે દીવો બીજા દીવાનું ઉપાદાનકારણ નથી.

*પૂર્વપક્ષ* :– 'એક દીવો હજારો દીવાને પ્રગટાવે' એ ન્યાયથી એક દીવામાંથી બીજો દીવો પ્રગટ થાય છે. છતાં બેમાંથી એક પણ દીવો અદૃશ્ય બનતો નથી. કેમકે બન્નેની હાજરી સ્પષ્ટ ઉપલબ્ધ થાય છે. આમ બે દીવા વચ્ચે કાર્યકારણભાવ હોવા છતાં કાર્યદીવો કારણદીવાનો નાશ થયા વિના ઉત્પન્ન થાય છે. બસ, આ જ ન્યાયથી માતાગત ચૈતન્યમાંથી પુત્રગતચૈતન્ય પ્રગટતુ હોવા છતાં તેમાં માતૃગતચૈતન્યનો વિનાશ માનવાની આવશ્યક્તા નથી. તેથી બન્ને ચૈતન્યની સહ ઉપલબ્ધિ થાય તેમાં દોષ નથી.

*ઉત્તરપક્ષ* :– 'એક દીવામાંથી બીજો દીવો પ્રગટે છે.' એ તદ્દન સાચી હકીક્ત છે. તથા ત્યાં કારણભૂત દીવાનો અભાવ થતો નથી એ વાત પણ બરાબર છે. પરંતુ એટલું ધ્યાનમાં લેવાની જરૂર છે કે, અહીં કારણભૂત દીવો કાર્યભૂત દીવાનું ઉપાદાનકારણ નથી, પણ સહકારીકારણ છે. વાટવગેરેના પરમાણુઓ જ ત્યાં કાર્યદીવાના ઉપાદાનકારણ છે. અને અમારે કહેવાનું એટલું જ છે, કે કાર્ય પોતાના ઉપાદાનકારણના વિનાશથી પ્રગટે છે, નહિકે સહકારીકારણના વિનાશથી. જેમકે ઘડો માટીના પિંડના ઉપમર્દન (નાશ)થી ઉત્પન્ન થાય છે, નહિ કે ચક્રવગેરેના વિનાશથી. પ્રસ્તુતમાં તમને માતૃચૈતન્ય પુત્રચૈતન્યના ઉપાદાનકારણ તરીકે ઇષ્ટ છે, નહિ કે સહકારી કારણ તરીકે. તેથી જો પુત્રગત ચૈતન્ય માતૃ ચૈતન્યમાંથી ઉદ્ભવતું હોય, તો પુત્રચૈતન્યકાળે

ण य मातीचेतण्णं अणुवादाणं तयब्भुवगमे य ।
जदुवादाणं एयं तत्तो परलोगसिद्धि त्ति ॥ ११६ ॥

(न च मातृचैतन्यमनुपादानं तदभ्युपगमे च । यदुपादानमेतत् ततः परलोकसिद्धिरिति)

चशब्दो हेत्वर्थे । मकारस्त्वलाक्षणिकः। यस्मान्नैवादि-प्रथमं चैतन्यं सुतस्योपजायमानस्येति शेषः, *'अनुपादानम्'* उपादानकारणविकलं युज्यते अतिप्रसङ्गात्, पञ्चमभूतस्यापि तद्वदुत्पत्तिप्रसक्तेः, 'तदभ्युपगमे च' तस्य-उपादानस्याभ्युपगमे च क्रियमाणे यदुपादानमेतत्सुतस्यादिचैतन्यम् *'तत'* उपादानात् सुतप्रथमचैतन्यान्यथानुपपत्त्या सिद्धात् परलोकस्य-सुरनारकत्वाद्यवस्थालक्षणस्य सिद्धिः-प्रसिद्धिः। तथाहि तदेवोपादानमुपादेयरूपतया परिणमते, तदप्युत्तरोत्तरभावेन, तथा च सत्येवं सततमनुच्छित्त्या एकोऽन्वयी सिद्धस्तत्सिद्धौ च तदवस्था देवनारकत्वादिलक्षणा परलोकसंज्ञा सुतरां सिद्धेवेति । अपिच, यदि सुतचैतन्यं मातृचैतन्योपादानमिष्यते ततः सम्मूर्च्छितेषु यूकादिषु कृम्यादिषु च मृतदेहे समुत्पद्यमानेषु न चैतन्यं भवेत्, तेषां मातुरभावात्, अथ तेषु चैतन्यमन्योपादानमिष्यते तर्हि सुतेऽपि चैतन्यमन्योपादानमस्तु?, विशेषाभावात् । तच्चान्यदुपादानमर्थादात्मैव, भूतानां तत्कारणतया प्रागेव प्रतिषिद्धत्वात् । तस्मान्न सुतचैतन्यं मातृचैतन्योपादानम् ॥ ११६ ॥ एतदेवाह---

संमुच्छिमसब्भावा मतदेहेऽणेगसंभवातो य ।
अन्नत्थनिमित्तत्ते ण पमाणं लोकबाधा य ॥ ११७ ॥

(संमूर्च्छिमसद्भावाद् मृतदेहेऽनेकसंभवाच्च । अन्यस्मिन् निमित्तत्वे न प्रमाणं लोकबाधा च)

सम्मूर्च्छिमेषु यूकादिषु चैतन्यस्य सद्भावात्, मृतदेहे अनेकेषां कृम्यादीनां चैतन्यवतां संभवाच्च न मातृचैतन्यो-

---

માતૃચૈતન્ય ઉપલબ્ધ થવું જોઇએ નહિ. પરંતુ થતું દેખાય છે. તેથી માતૃચૈતન્ય પુત્રચૈતન્યનું ઉપાદાનકારણ નથી. ॥૧૧૫॥

*પૂર્વપક્ષ* :- માતૃગતચૈતન્ય પુત્રગતચૈતન્યનું ઉપાદાન કારણ નથી, પરંતુ સહકારી કારણ છે. તેથી પુત્રચૈતન્યકાળે માતૃચૈતન્યની ઉપલબ્ધિમાં દોષ નથી.

*ઉત્તરપક્ષ* :- ચિરંજીવ ! આમ કહીને તમે જ આત્માની સિદ્ધિ કરી અમારો માર્ગ મોકળો કરી આપ્યો.

*પૂર્વપક્ષ* :- આમ શી રીતે કહો છો ?

*ઉત્તરપક્ષ* :- સાંભળો ત્યારે સાવધાન થઇને....

*ગાથાર્થ* :- વળી, ઉપાદાન વિના ચૈતન્યની આદિ સંભવે નહિ. અને જો ઉપાદાન સ્વીકારશો, તો જે ઉપાદાન હશે, તેનાથી જ પરલોકની સિદ્ધિ થશે.

(મૂળમાં 'ચ'પદ હેતુસૂચક છે અને 'મ'કાર અલાક્ષણિક છે.) ઉત્પન્ન થતા પુત્રમાં પ્રથમ ચૈતન્યને ઉપાદાનકારણ વિનાનું માનવું યોગ્ય નથી. કેમકે ઉપાદાનકારણના અભાવમાં પણ કાર્યોત્પત્તિ માનવામાં પાંચમા ભૂતની ઉત્પત્તિ માનવાનો અતિપ્રસંગ છે. તેથી માતૃચૈતન્યવગેરે ભલે સહકારી કારણ હોય, પણ કોઇક તો ઉપાદાનકારણ હોવું જ જોઇએ. અને જો પુત્રગતચૈતન્યના પ્રથમોત્પાદનું કોઇક ઉપાદાનકારણ સ્વીકારશો, તો જે ઉપાદાનકારણતરીકે સ્વીકૃત બનશે, પુત્રગત ચૈતન્યની અન્યથાઅનુપપત્તિથી સિદ્ધ થયેલા તે જ ઉપાદાન કારણથી દેવ, નરક વગેરે અવસ્થારૂપ પરલોકની સિદ્ધિ થશે. તે આ પ્રમાણે→ તે જ ઉપાદાન ઉપાદેયરૂપે પરિણામ પામે છે. પછી એ ઉપાદેય ઉત્તરોત્તરના ઉપાદેયોની અપેક્ષાએ ઉપાદાન બને છે, અને ઉત્તરોત્તરના ઉપાદેયરૂપે પરિણામ પામે છે. આમ સતત અવિચ્છિન્ન પરંપરા ચાલે છે. તેથી એક અન્વયી તત્ત્વ સિદ્ધ થાય છે. (જેમ જૂદા-જૂદા આકારવાળા જૂદા-જૂદા પાત્રને પામી જૂદા-જૂદા આકારને પામતું પાણી પોતે એક ભિન્ન અન્વયીતત્ત્વરૂપ છે. તેમ અન્ય અન્ય શરીરઆદિને પામી જૂદા-જૂદા સ્વરૂપને ધારણ કરતું એક ભિન્ન અન્વયી તત્ત્વ હોવું જ જોઇએ, કે જે પોતે જ ઉપાદાનરૂપ અને ઉપાદેયરૂપ બન્ને અવસ્થામાં વર્તે છે. જો ઉપાદાન પોતેજ ઉપાદેયરૂપતાને પામતું ન હોય, તો ઉપાદેયની ઉત્પત્તિમાં ઉપાદેયથી ભિન્ન ઉપાદાનનો અભાવ અસિદ્ધ ઠરે. વળી ઉપાદાનનો નાશ કે અભાવ પણ ઉપાદાન અવસ્થારૂપે જ ઇષ્ટ છે. સર્વથા નહિ. અન્યથા ખપુષ્પાદિરૂપ સર્વથા અસત્‌ની ઉત્પત્તિવગેરે અનેક અનિષ્ટ આપત્તિઓ આવે. આ ઉપાદાન- ઉપાદેયચક્ર આદિવિનાનું હોવાથી એ અવસ્થાઓમાં વર્તતું તત્ત્વ અનાદિ સિદ્ધ થાય છે.) આ અન્વયીતત્ત્વ તરીકે જે નામથી ઓળખવું હોય તે નામથી ઓળખો પણ આત્મા જ સિદ્ધ થાય છે. અને તેથી આત્માની દેવ, નારકવગેરે અવસ્થાઓ રૂપ 'પરલોક' સંજ્ઞા પણ અવશ્યમેવ સિદ્ધ થાય છે.

વળી, પુત્રચૈતન્યના ઉપાદાનતરીકે માતૃચૈતન્ય જ જો ઇષ્ટ હોય, ઉત્પન્ન થતાં ચૈતન્યઅંગે કોઇ ભિન્ન જનક ચૈતન્યની કલ્પના આવશ્યક હોય, તો સંમૂર્ચ્છિમ ઉત્પન્ન થતાં જૂ વગેરે તથા મૃતશરીરમાં ઉત્પન્ન થતાં કૃમિ વગેરે જીવોમાં ચૈતન્યનો અભાવ માનવો પડશે. કેમકે તેઓના માતૃચૈતન્યનો-તેઓમાં ચૈતન્ય પેદા કરે તેવા અન્ય ભિન્ન ચૈતન્યનો અભાવ છે.

*નાસ્તિક* :- તે જૂ વગેરેના ચૈતન્યના ઉપાદાન તરીકે અમને માતા સિવાય અન્ય કોઇકની કલ્પના ઇષ્ટ છે.

*ઉત્તરપક્ષ* :- તેથી ચૈતન્યના ઉપાદાનતરીકે માતૃચૈતન્યનો નિયમ રહ્યો નહિ, અને આમ અનન્યગત્યા અન્ય કોઇકની કલ્પના આવશ્યક જ હોય, તો પુત્રગતચૈતન્યના ઉપાદાનતરીકે પણ તે અન્ય જ હો, માતૃચૈતન્યની કલ્પનાથી સર્યું. કેમકે ચૈતન્યોત્પાદ ઉભયસ્થળે (પુત્ર અને જૂ વગેરે) સમાનરૂપે છે. અને કલ્પનાનો વિષય બનેલો આ 'અન્ય' અર્થાત્ આત્મા જ સિદ્ધ થાય છે. કેમકે ભૂતોને તો ચૈતન્યના ઉપાદાનતરીકે પૂર્વે જ અસિદ્ધ ઠેરવ્યા છે. આમ આત્મતત્ત્વની ચૈતન્યના ઉપાદાન તરીકે યુક્તિસિદ્ધ ઉપલબ્ધિ થતી હોવાથી પુત્રચૈતન્યના ઉપાદાનકારણતરીકે માતૃચૈતન્યની કલ્પના કસ વિનાની સિદ્ધ થાય છે. ॥ ૧૧૬ ॥

આ જ તર્કનું સમર્થન કરતા મૂળકારશ્રી કહે છે.

पादानं सुतचैतन्यम्, अन्यथा तेषु मातुरभावेन चैतन्यस्याभावः प्रसज्येत । किंच, *'अन्नत्थनिमित्तत्ते'* इत्यादि, अन्यस्मिन् मातृलक्षणे धर्म्मिणि स्थितं चैतन्यमन्यस्थं तन्निमित्तमुपादानं यस्य तदन्यस्थनिमित्तं तद्भावोऽन्यस्थनिमित्तत्वं तस्मिन् सुतचैतन्यस्येष्यमाणे न प्रमाणम्, न ह्येवंविधार्थसाधकं किंचित्प्रत्यक्षादिकं प्रमाणमुपलभामहे, न चापश्यन्त आत्मानं विप्रलभेमहि इति । अन्यच्च-एवं परिकल्पयतो भवतो लोकबाधाप्यापद्यते, न ह्येवं लोके प्रतीतिरस्ति यत्सुतचैतन्यं मातृचैतन्योपादानमिति यत्किंचिदेतत् ॥ ११७ ॥

तदेवं चैतन्यस्य धर्मादित्वान्यथानुपपत्त्या आत्मनोऽस्तित्वं प्रसाध्य सांप्रतं तत्प्रतिषेधायोगतः प्रतिपादयन्नाह--

किंच पडिसेहगं किं पमाणमेयस्स? अह तु पच्चक्खं ।
लोगम्मि विज्जमाणत्थगाहगत्तेण तं सिद्धं ॥ ११८ ॥

(किञ्च प्रतिषेधकं किं प्रमाणमेतस्य? अथ तु प्रत्यक्षम् । लोके विद्यमानार्थग्राहकत्वेन तत् सिद्धम्)

<u>किंचेति</u> <u>दूषणान्तरसमुच्चयद्योतने</u> । एतस्यात्मनः प्रतिषेधकं प्रमाणं किं?-प्रत्यक्षमनुमानं वा?, न खलु प्रमाण-मन्तरेण कस्यापि प्रतिषेधः कर्तुं शक्यते, मा भूत् भूतानामपि प्रतिषेधप्रसङ्गः।अथ ब्रूयात्-किमन्येन प्रमाणेन?, प्रत्यक्ष-मेवात्र प्रमाणं भविष्यतीति, तदयुक्तम्, यस्मात् *'तत्'* प्रत्यक्षं लोके विद्यमानार्थग्राहकत्वेन *'सिद्धं'* व्यवस्थितम्, तद्विषय-सन्निपातविशेषाभिव्यक्तक्षयोपशमविशेषसामर्थ्यादुपजायमानमव्यवहितविद्यमानार्थग्रहण एव प्रवर्त्तते, न पुनः पदार्थान्तरप्रतिषेधे इति ॥११८॥ स्यादेतत्, यद्यपि प्रत्यक्षं पदार्थान्तरप्रतिषेधे न प्रवर्त्तते तथापि तं व्यवहारयितुमीशमित्याशङ्कामपनेतुमाह--

तस्सेव णिवित्तीए अह गम्मइ एत्थ वत्थुऽभावोऽवि ।
सा तं चिय तुच्छा वा हवेज्ज जति तं चिय विरोहो ॥ ११९ ॥

(तस्यैव निवृत्तेरथ गम्यतेऽत्र वस्त्वभावोऽपि । सा तदेव तुच्छा वा भवेद् यदि तदेव विरोधः)

<u>अथेति</u> <u>परप्रश्नाभिव्यक्तौ</u> *'तस्यैव'* प्रत्यक्षस्य *'निवृत्तेः'* निवृत्तत्वादिह जगति गम्यते वस्तु(स्त्व) भावोऽपि.

---

*ગાથાર્થ* :- સંમૂર્ચ્છિમમાં હોવાથી તથા મૃતદેહમાં અનેકનો સંભવ હોવાથી (માતૃચૈતન્ય પુત્રચૈતન્યનું ઉપાદાન નથી.) અન્યમાં રહેલા ચૈતન્યને ઉપાદાન માનવામાં પ્રમાણ નથી અને લોકબાધ છે.

જૂવગેરે સમ્મૂર્ચ્છિમ જીવોમાં તથા મૃતદેહમાં ઉત્પન્ન થતા અનેક કીડાઓમાં ચૈતન્ય સ્પષ્ટ ઉપલબ્ધ છે. તેથી પુત્રચૈતન્યના ઉપાદાનતરીકે માતૃચૈતન્યની કલ્પના અવાસ્તવિક છે. નહિતર તો માતા વિનાના આ જૂ-કીડાવગેરે જીવોમાં ચૈતન્યનો અભાવ માનવાનો જ પ્રસંગ આવે. વળી પુત્રથી અન્ય-ભિન્ન એવી માતામાં રહેલાં ચૈતન્યને પુત્રગતચૈતન્યનું ઉપાદાનકારણ સ્વીકારવામાં પ્રત્યક્ષવગેરે કોઇ પ્રમાણ ઉપલબ્ધ થતું નથી. અને કોઇ પ્રમાણ દેખાતું ન હોવા છતાં સ્વીકારી લઇ પોતાની જાતને ઠગવાની તૈયારી અમારી નથી. વળી આવી ઊટપટાંગ કલ્પનાઓ કરવામાં લોકોસાથે જ વિરોધ આવશે. લોકપ્રતીતિ જ બાધક બનશે. લોકમાં ક્યાંય કોઇને એવી પ્રતીતિ થતી નથી કે, માતૃગતચૈતન્ય પુત્રગતચૈતન્યનું ઉપાદાનકારણ હોય. તેથી નાસ્તિકોની આ કલ્પના ફાલતું છે. ॥૧૧૭॥

*(આત્મનિષેધક પ્રમાણાભાવ)*

આ પ્રમાણે ચૈતન્યની ધર્મવગેરેરૂપ અન્યથાઅનુપપત્તિદ્વારા આત્માનાં અસ્તિત્વની સિદ્ધિ કરી. હવે આત્માના નિષેધક પ્રમાણના અભાવદ્વારા આત્માની સિદ્ધિનું પ્રતિપાદન કરતાં કહે છે.

*ગાથાર્થ* :- ('કિંચ' પદ અન્ય દૂષણના સમાવેશનું દ્યોતક છે.) આ આત્માના અસ્તિત્વના પ્રતિષેધક તરીકે ક્યું પ્રમાણ ઇષ્ટ છે ? પ્રત્યક્ષ કે અનુમાન ? પ્રમાણના આધાર વિના તો કોઇપણ વસ્તુનો પ્રતિષેધ કરવો યોગ્ય જ નથી. કેમકે ભૂતોનો પણ અભાવ કહેવાનો પ્રસંગ આવે.

*(પ્રત્યક્ષ કે તેની, નિવૃત્તિ અપ્રતિષેધક)*

*નાસ્તિક* :- અહી બીજા પ્રમાણોથી સર્યું. પ્રત્યક્ષપ્રમાણથી જ આત્માનો પ્રતિષેધ થઇ શકે તેમ છે.

*ઉત્તરપક્ષ* :- પ્રત્યક્ષપ્રમાણ આત્માનો નિષેધ કરવા સમર્થ નથી. કેમકે લોકોમાં પ્રત્યક્ષપ્રમાણ વિદ્યમાન વસ્તુના ગ્રાહકતરીકે જ નિર્ણીત કરાયું છે. આ પ્રત્યક્ષપ્રમાણ તેના વિષયના સન્નિપાતવિશેષ અર્થાત્ સામીપ્યાદિ સંયોગવિશેષરૂપ સંબંધવિશેષ અને અભિવ્યક્ત(=સ્પષ્ટ)ક્ષયોપશમવિશેષના સામર્થ્યથી ઉત્પન્ન થાય છે. અને અવ્યવહિત વિદ્યમાન પદાર્થના ગ્રહણમાં જ પ્રવર્તે છે. તે સિવાયના અન્ય પદાર્થના નિષેધમાં પ્રવર્તતું નથી. (પ્રત્યક્ષજ્ઞાન ઉત્પન્ન થવા માટે ત્રણ શરત છે. (૧) વિષયનો સન્નિપાત-યોગ્ય દેશમાં રહેવું (૨) મતિજ્ઞાનાવરણનો સ્પષ્ટ ક્ષયોપશમ અને (૩) વિષય અને ઇન્દ્રિયવચ્ચે વ્યવધાનનો અભાવ. આ ત્રણની હાજરીમાં પ્રત્યક્ષ થાય. આમાંથી એકાદના પણ અભાવમાં વિષય વિદ્યમાન (સત્) હોય, તો પણ પ્રત્યક્ષ ન થાય. તેથી પદાર્થ પ્રત્યક્ષનો વિષય ન બને, તો પણ તેનો અભાવ સિદ્ધ ન થાય. હા.... પ્રત્યક્ષને યોગ્ય હોવા છતાં તે સ્થાને તે વસ્તુ ઉપલબ્ધ ન થાય, તો ત્યાં તેનો અભાવ કહી શકાય પણ સર્વથા અભાવ તો કહી શકાય જ નહિ.) ॥૧૧૮॥

*નાસ્તિક* :- જોકે પ્રત્યક્ષપ્રમાણ પદાર્થાન્તરના નિષેધમાં સમર્થ નથી. છતાં પણ પદાર્થાન્તરના નિષેધનો વ્યવહાર ચલાવવા તો સમર્થ છે જ.

નાસ્તિકની આ આશંકા દૂર કરવા કહે છે.

*ગાથાર્થ* :- (શંકા) પ્રત્યક્ષની નિવૃત્તિથી જ આ જગતમાં વસ્તુનો અભાવ જ્ઞાત થાય છે. (ઉત્તર) આ નિવૃત્તિ પોતે પ્રત્યક્ષ છે કે તુચ્છ છે ? જો પ્રાયક્ષ જ હોય, તો વિરોધ છે
('અથ' પદ બીજાના પ્રશ્નની અભિવ્યક્તિના અર્થમાં છે.)

**इदमुक्तं भवति**-प्रत्यक्षं ज्ञानं क्वचित्प्रवृत्तं सत् प्रवृत्तिविषये सद्व्यवहारं निवृत्तिविषये च प्रतिषेधव्यवहारं प्रवर्त्तयति, तेन प्रत्यक्षमेव प्रवृत्तिनिवृत्तिमुखाभ्यामशेषां लोकयात्रां प्रवर्त्तयति । **अत्राह**-- सा निवृत्तिः किं तदेव प्रत्यक्षं?, परो हि कदाचित्तदेव प्रत्यक्षं विषयान्तरविषयमात्मनो ग्राहकत्वेन निवृत्तं निवृत्तिशब्देनाभिदध्यादितीत्थमुच्यते, *'तुच्छा वा हवेज्जत्ति'* तुच्छा वा प्रसज्यप्रतिषेधरूपा निवृत्तिर्भवेत् । वाशब्दः पक्षान्तरसुचनार्थः । **तत्राद्यं** पक्षमधिकृत्याह-यदि तदेव प्रत्यक्षमात्मनो ग्राहकत्वेन निवर्त्तमानं निवृत्तिशब्देनाभिधीयते तर्हि विरोधः, **तथाहि**--प्रत्यक्षनिवृत्त्या गम्यते वस्त्वभाव इत्युक्तं, सा च निवृत्तिः प्रत्यक्षमेव निवर्त्तमानं निवर्त्तमानं च प्रतिषेधविषये प्रत्यक्षमविद्यमानम्, अविद्यमानेन च प्रत्यक्षेण वस्त्वभावो गम्यत इति व्याहतम्, अविद्यमानस्य खरविषाणस्येवावगमनिबन्धनत्वाभावात् । तदुक्तं- *"प्रत्यक्षस्य निवृत्तेरभावनिश्चयः इति चेत् ? तच्च नास्ति च तेन च प्रतिपत्तिरिति व्याहतमेतदिति"* ॥ ११९ ॥

**स्यादेतत्**, न तत् प्रत्यक्षं विषयान्तरविषयमात्मनो ग्राहकत्वेन निवर्त्तमानमपि सर्वथा अविद्यमानमेव, तस्य भावात्, स्वरूपेण च विद्यमानं प्रवृत्तिविषये सद्व्यवहारं निवृत्तिविषये चासद्व्यवहारं प्रवर्त्तयिष्यति ततो न कश्चिद्दोष इत्येतदेवाह--

अह तु तदंतरमेसा णो तव्विसएण तस्स संबंधो ।
सिद्धो कहं ततो णणु तदभावविणिच्छओ एत्थ? ॥ १२० ॥

(अथ तु तदन्तरमेषा नो तद्विषयेण तस्य सम्बन्धः । सिद्धः कथं ततो ननु तदभावविनिश्चयोऽत्र)

**अथ** स्यादियं मतिः परस्य-तुशब्द एवकारार्थो भिन्नक्रमश्च । *'तदन्तरमेव'* प्रत्यक्षान्तरमेव वस्त्वन्तरविषयमेषा निवृत्तिः, ततो न कश्चिद्दोषः, **तथाहि**--वस्त्वन्तरविषयं प्रत्यक्षमात्मनो ग्राहकत्वेन निवृत्तमतो निवृत्तिशब्देनाभिधीयते, तच्च विद्यमानं, ततः प्रवृत्तिविषये सद्व्यवहारं निवृत्तिविषये चासद्व्यवहारं प्रवर्त्तयिष्यति, यथा केवलभूतलविषयं घटासद्व्यवहारमिति कुतः पूर्वोक्तदोषावकाश इति, **तदप्ययुक्तम्**, यस्मान्न *'तद्विषयेण'* प्रत्यक्षान्तरविषयेण वस्त्वन्तरेण सह *'तस्य'* आत्मनः *'संबन्ध'* एकज्ञानसंसर्गित्वलक्षणः*'सिद्धः'* प्रतीतः, तस्यातीन्द्रियत्वेनोपलब्धिलक्षणप्राप्तत्वाभावात्, ततस्तस्मात् कथं प्रत्यक्षान्तरान्ननु *'तदभावविनिश्चयः'* आत्माभावविनिश्चयः *'अत्र'* जगति? नैव कथंचनेतिभावः । **एकज्ञानसंसर्गित्वे** हि सत्येकस्मिन् दृश्यमाने अपरस्याभावनिश्चयः कर्तुं शक्यते, यथा-विविक्तभूतलावलोकने घटस्य, **तथाहि**--यद्यत्र सन् घटो भवेत् सोऽपि भूतलवत् उपलभ्येत, न चोपलभ्यते, तस्मान्नास्तीति। न चैवमिहात्मन एकज्ञानसंसर्गित्वमस्ति,

---

*નાસ્તિક* :- પ્રત્યક્ષપ્રમાણની નિવૃત્તિથી વસ્તુના અભાવનું જ્ઞાન થાય છે. *તાત્પર્ય* :- પ્રત્યક્ષજ્ઞાન જ્યારે ક્યાંક પ્રવૃત્ત થાય છે, ત્યારે પોતાની પ્રવૃત્તિના વિષયમાં 'સત્=વિદ્યમાનતા'નો વ્યવહાર અને પોતાની નિવૃત્તિના વિષયમાં પ્રતિષેધનો વ્યવહાર પ્રવર્તાવે છે. (અર્થાત્-જે અર્થ પ્રત્યક્ષનો વિષય બને, તે સત્ છે, અને જે અર્થ પ્રત્યક્ષનો વિષય ન બને, તે અસત્ છે. એવો વ્યવહાર થાય છે.) આમ પ્રત્યક્ષપ્રમાણ જ પ્રવૃત્તિ અને નિવૃત્તિદ્વારા સઘળોય લોકવ્યવહાર ચલાવવા સમર્થ છે.

*ઉત્તરપક્ષ* :- આ નિવૃત્તિ શું પ્રત્યક્ષરૂપ છે ? પ્રત્યક્ષપ્રમાણ વિષયાન્તર(=આત્માથી ભિન્ન અર્થ)ને જ વિષય બનાવતું હોવાથી આત્માના ગ્રાહકતરીકે નિવૃત્ત થાય છે. આ જ નિવૃત્તિ છે. આમ આત્માના ગ્રાહકતરીકે નિવૃત્ત થતું પ્રત્યક્ષ જ નિવૃત્તિરૂપ છે." એવો તમારો (નાસ્તિકોનો) આશય છે. ? કે આ નિવૃત્તિ તુચ્છરૂપ=પ્રસજ્યપ્રતિષેધરૂપ=માત્ર અભાવ રૂપ જ છે? (પ્રસજ્યપ્રતિષેધ માત્ર વસ્તુના અભાવનું સૂચક છે. દા.ત. અહીં ઘડો નથી. પર્યુદાસનિષેધ તે વસ્તુના નિષેધ વખતે તેનાથી ભિન્ન અને તેને સદેશ અન્ય વસ્તુનું સૂચન કરે છે. દા.ત.અબ્રાહ્મણ=બ્રાહ્મણથી ભિન્ન મનુષ્ય.) મૂળમાં 'વા'પદ પક્ષાન્તરનું દ્યોતક છે. પ્રસ્તુતમાં પ્રથમપક્ષ (પ્રત્યક્ષ પોતે જ નિવૃત્તિરૂપ છે એ પક્ષ) ને ઉદ્દેશી કહે છે. આત્માના ગ્રાહકતરીકે નિવૃત્ત થતાં પ્રત્યક્ષને જ જો નિવૃત્તિતરીકે સ્વીકારશો, તો વિરોધ દોષ છે. તે આ પ્રમાણે ➡ 'પ્રત્યક્ષની નિવૃત્તિથી વસ્તુનો અભાવ જ્ઞાત થાય છે.' આમ કહ્યું. આ નિવૃત્તિ નિવૃત્ત થતા પ્રત્યક્ષરૂપ છે. અને નિવૃત્ત થતું પ્રત્યક્ષ પ્રતિષેધના વિષયમાં અવિદ્યમાન છે (કેમકે 'નિવૃત્ત થવું' એનો અર્થ જ એ છે કે 'અવિદ્યમાન હોવું') અને 'અવિદ્યમાન એવા પ્રત્યક્ષથી વસ્તુનો અભાવ જ્ઞાત થાય છે' તેમ કહેવામાં પૂર્વાપરવિરોધ છે. કેમકે ગધેડાના શિંગડાતુલ્ય અસત્ અર્થાત્ અવિદ્યમાન એવું પ્રત્યક્ષપ્રમાણ કોઈના જ્ઞાનનું નિમિત્તકારણ બની શકે નહિ. તેથી જ કહ્યું છે. "પ્રત્યક્ષની નિવૃત્તિથી અભાવનો નિશ્ચય થાય છે એમ જો કહેશો, તો તે બરાબર નથી. કેમકે નિવૃત્ત થતું પ્રત્યક્ષ અસત્ રૂપ છે. અને તેનાથી પ્રતિષેધનો બોધ થવો આ પરસ્પર વ્યાહત છે." ॥૧૧૯॥

*પૂર્વપક્ષ* :- વિષયાન્તરને (અર્થાત્-આત્માસિવાયના પદાર્થને) વિષય બનાવતું તે પ્રત્યક્ષ આત્માના ગ્રાહકતરીકે નિવૃત્ત થતું હોવા છતાં સર્વથા અસત્ નથી. કેમકે તે ભાવરૂપ છે, સ્વરૂપથી વિદ્યમાન છે અને વિદ્યમાન એવું તે પ્રવૃત્તિના વિષયમાં 'સત્'નો વ્યવહાર અને નિવૃત્તિના વિષયમાં 'અસત્' નો વ્યવહાર પ્રવર્તાવશે. તેથી કોઈ દોષ નથી.
આ જ વાત કહે છે.

*ગાથાર્થ-શંકા* :- અન્યવસ્તુવિષયક જ આ નિવૃત્તિ છે.

*સમાધાન* :- આ બરાબર નથી. કારણકે આત્માથી ભિન્ન વસ્તુને વિષય બનાવતા પ્રત્યક્ષના વિષયસાથે તે આત્મા નો કોઈ સંબંધ સિદ્ધ થતો નથી. તેથી આ જગતમાં આત્માના અભાવનો નિશ્ચય શી રીતે થઈ શકે ? અર્થાત્ ન થઈ શકે. (મૂળમાં 'તુ' પદ 'જ'કારઅર્થક છે. અને તેનો સંબંધ 'તદન્તર' પદ સાથે છે.)

*પૂર્વપક્ષ* :- પોતાના વિષયથી અન્ય વસ્તુને વિષય કરતું પ્રત્યક્ષ જ નિવૃત્તિ છે. તેથી કોઈ દોષ નથી. તે આ પ્રમાણે- આત્મભિન્ન વસ્તુને વિષય કરતું પ્રત્યક્ષ આત્માના ગ્રાહક (નિશ્ચાયક)તરીકે નિવૃત્ત થાય છે. માટે તે પ્રત્યક્ષ 'નિવૃત્ત' શબ્દથી

तस्यातीन्द्रियत्वेनोपलब्धिलक्षणप्राप्तत्वाभावात्, भावे वा घटादिवत् देशकालनिषेध एव तस्य स्यात्, नात्यन्ताभाव इति ॥ १२० ॥ पक्षान्तरं दूषयितुमाशङ्कमान आह--

अह तुच्छा तीए कहं तदवगमो सव्वहा असत्तातो? ।
सिद्धो यऽविणाभावो तेण समं तीए किं भवतो? ॥ १२१ ॥

(अथ तुच्छा तया कथं तदवगमः सर्वथाऽसत्त्वात् । सिद्धश्चाविनाभावस्तेन समं तस्याः किं भवतः?)

अथ सा निवृत्तिः प्रत्यक्षस्य *'तुच्छा'* प्रसज्यप्रतिषेधात्मिका मन्यते तर्हि *'तया'* तुच्छया निवृत्त्या कथं *'तदवगमः'* आत्माभावावगमः?, नैव कथंचन । कुत इत्याह-तस्याः सर्वथाऽसत्त्वात्-तुच्छरूपत्वात्, तुच्छरूपत्वेनावगमकारित्वाभावात्, अवगमकारित्वं हि बोधस्य स्वभावः, स कथमेकान्ततुच्छायां निवृत्तौ भवेदिति भावः। अपिच, किमात्मप्रतिषेधकं प्रमाणमिति पृष्टेन त्वया निवृत्तिरभिहिता, सा च न प्रत्यक्षं, तन्निषेधात्मकत्वात्, किंतु प्रमाणान्तरं तत् स्यात्, ततश्च*"प्रत्यक्षमेवैकं प्रमाणं नान्यदिति"* संगरव्याघातः। सा न किंचित्, तुच्छरूपत्वात्ततो न संगरव्याघात इति चेत्, कथं तर्हि तया आत्माभावनिश्चय इत्यनन्तरमेवोक्तम्।ननु स आत्माभावविनिश्चयस्तद्ग्राहकप्रमाणाभाव एव, नान्यः, ततः क उक्तदोषावकाश इति चेत्, तदेतदसमीचीनम्, अभावो निश्चयश्चेति परस्परविरुद्धत्वात्।नन्वभाव एव निश्चयो मा भूत्, ततः पुनः स भविष्यति, लोके तथादर्शनात्, न च दृष्टेऽप्यनुपपन्नं नामेति चेत् कथं लोके तथादर्शनमिति वाच्यम्, यन्न दृश्यते, तन्नूनं नास्तीति व्यवहारदर्शनादितिचेत्? न, परचैतन्यादिना व्यभिचारात् । चेष्टादिदर्शनान्न तस्यादर्शनमिति चेत्, न, मूर्च्छितादौ तद्दर्शनासिद्धेः। तत्र तत्त्वतस्तन्नास्त्येवेति चेत्, न, क्वचिन्मूर्च्छाद्यपगमे तदुपलब्धेः। तत् अन्यदेव कायादुत्पन्नमिति चेत्, न अतीन्द्रियत्वेनात्र प्रमाणाभावात्, प्रतिषिद्धश्चायमर्थः प्रागेव सुप्तोत्थितप्रबुद्धस्येत्यादौ प्रदेशे । तदेवेदं चैतन्यं मूर्च्छाद्यपगमेऽपीत्यत्रापि किं प्रमाणमिति चेत् ? पूर्वानुभूतस्मरणदर्शनमिति ब्रूमः । नहि अननुभूते अन्यानुभूते वा स्मरणमुपपद्यते तथानुपलम्भात्, उपलभ्यते च लोके मूर्च्छाद्यपगमेऽपि पूर्वानुभूतस्मरणम्, अविगानेन सर्वेषां तथानुभवात् । नचेदं भ्रान्तमिति शक्यते वक्तुम्, विवक्षितमर्थं स्मृत्वा प्रवृत्तस्य संवादोपलब्धेः । अन्यच्च-कथमुक्तं प्राक् चेष्टादर्शनान्न तस्यादर्शनमिति, नहि चेष्टा चैतन्याव्यभिचारिणी, पवनादिना मृतकायेऽपि तस्या दर्शनात्। नचेयं न चेष्टा तथात्वेनाध्यवसायात् ।

---

કહેવાય છે. તથા તેવું પ્રત્યક્ષ વિદ્યમાન છે. અર્થાત્ સ્વરૂપથી સત્ છે. તેથી તે પોતાની પ્રવૃત્તિના વિષયમાં 'સત્' નો વ્યવહાર પ્રવર્તાવશે, અને પોતાની નિવૃત્તિના વિષયમાં 'અસત્'નો વ્યવહાર પ્રવર્તાવશે. જેમકે મુણ્ડ =ખાલી) ભૂતલ(=જમીન)ને વિષય બનાવતું પ્રત્યક્ષજ્ઞાન ઘટવિષયક અસત્વ્યવહાર પ્રવર્તાવે છે. અર્થાત્ ઘટાભાવનો નિશ્ચય કરાવે છે. તેથી પૂર્વોક્ત દોષને અવકાશ નથી.

*ઉત્તરપક્ષ* :- અહીં પણ દોષ છે જ. આત્માથી ભિન્ન એવી વસ્તુને વિષય બનાવતા પ્રત્યક્ષના એ વિષયસાથે આત્માનો કોઇ સમ્બન્ધ પ્રસિદ્ધ નથી. (અહીં એક જ જ્ઞાનના એકથી અધિક વસ્તુઓ વિષય બનવા-એકજ્ઞાનવિષયતારૂપ સમ્બન્ધ ઇષ્ટ છે.) કારણકે અન્યવસ્તુને 'સત્'રૂપે વિષય બનાવતા પ્રત્યક્ષનો આત્મા અસત્રૂપે વિષય બનતો નથી. કારણકે પ્રત્યક્ષનો વિષય બનતી અન્ય વસ્તુ ઇન્દ્રિયથી ઉપલબ્ધ થવાની યોગ્યતા ધરાવે છે, જ્યારે આત્મા અતીન્દ્રિય હોવાથી ઉપલબ્ધિરૂપ પ્રાપ્તિ(=ઇન્દ્રિયપ્રત્યક્ષના વિષય)બનવાની યોગ્યતા ધરાવતો નથી. તેથી અન્ય વસ્તુનો બોધ કરાવતા પ્રત્યક્ષથી આત્માના અભાવનો નિશ્ચય શી રીતે થઇ શકે ? અર્થાત્ ન જ થઇ શકે. બે વસ્તુઓ એક જ્ઞાનની વિષયતારૂપ સંબંધથી સંબંધી થઇ શકતા હોય, તે આમાંથી જ એકના દર્શનવખતે અન્યના અભાવનો નિર્ણય કરી શકાય. જેમકે ખાલી જમીન દેખાય, તો ઘડાના અભાવનો નિર્ણય થાય છે. તે આ રીતે ➡ જો અહીં (ભૂમિપર) ઘડો હોત, તો તેની પણ ભૂમિની જેમ પ્રત્યક્ષ અનુભૂતિ થાત, પણ થતી નથી. તેથી અહીં ભૂમિપર ઘડો નથી. પણ આ પ્રમાણે આત્માનું વિષયાન્તરસાથે એક જ્ઞાનના સમ્બન્ધીપણું નથી. કેમકે આત્મા અતીન્દ્રિય હોવાથી 'જો હોત, તો દેખાત' ઇત્યાદિરૂપ ઉપલબ્ધિલક્ષણને પ્રાપ્ત નથી. જો આત્મા ઉપલબ્ધિલક્ષણને પ્રાપ્ત હોય, તો પણ ઘડાવગેરેની જેમ આત્માનો દેશ અને કાલને આશ્રયી જ નિષેધ થઇ શકે, જેમકે અત્યારે અહીં ઘડો નથી. પણ સર્વથા ન થઇ શકે. (અમુકસ્થળે ઘડાદિનો નિષેધ દેશનિષેધરૂપ છે અને અમુક કાળને આશ્રયી ઘડાનો નિષેધ કાળનિષેધ છે. અથવા અમુક દેશમાં અમુક કાળે ઘડાનો નિષેધ દેશકાળનિષેધરૂપ છે. દા.ત. 'અત્યારે (=કાળ) અહીં (=દેશ) ઘડો નથી.') ॥૧૨૦॥

હવે બીજા વિકલ્પને કલંકિત કરવા આશંકા કરતા કહે છે.

*ગાથાર્થ* :- (હવે જો આ નિવૃત્તિ) તુચ્છરૂપ હોય, તો તેનાથી આત્માના અભાવનો બોધ શી રીતે થાય ? કેમકે તે તદ્દન અસત્ છે. વળી શું તમને આત્મા સાથે આ નિવૃત્તિનો અવિનાભાવ સિદ્ધ છે ? અર્થાત્ સિદ્ધ નથી.

હવે જો તમે પ્રત્યક્ષની નિવૃત્તિને પ્રસજ્ય પ્રતિષેધરૂપ=તુચ્છ અભાવરૂપ માનશો, તો તે તુચ્છ નિવૃત્તિથી આત્માના અભાવનો બોધ શી રીતે થશે ? અર્થાત્ કોઇપણ રીતે નહિ થાય. કેમકે 'અવગમ કરાવવો' એ બોધનો સ્વભાવ છે. અને નિવૃત્તિ સર્વથા અસત્-તુચ્છરૂપ છે. તેથી એકાન્તતુચ્છ નિવૃત્તિમાં અવગમ કરાવવાના સ્વભાવનો અભાવ છે. વળી અમે જ્યારે "આત્માનો પ્રતિષેધ કરનારું પ્રમાણ ક્યું છે ?" એમ પૂછ્યું ત્યારે તમે નિવૃત્તિપ્રમાણ બતાવ્યું. આ નિવૃત્તિ પ્રત્યક્ષના નિષેધરૂપ હોઇ પ્રત્યક્ષરૂપ તો નથી જ. પણ બીજા જ કોઇક પ્રમાણરૂપ હોવી જોઇએ. અને તો, 'માત્ર એક પ્રત્યક્ષ જ પ્રમાણ છે. બીજા કોઇ પ્રમાણ નથી' એવા પ્રતિજ્ઞાવચનસાથે વિરોધ આવશે

*નાસ્તિક* :- આ નિવૃત્તિ કશારૂપ નથી, કેમકે તુચ્છ છે. તેથી તેની ગણના થાય નહિ. તેથી 'માત્ર પ્રત્યક્ષ જ પ્રમાણભૂત છે' ઇત્યાદિ પ્રતિજ્ઞાને વિરોધ નથી.

अथ विशिष्टा काचनापि चेष्टा तदव्यभिचारिणी संगीर्यते, न या काचन, तेनायमदोष इति चेत्? ननु तस्याः केन प्रमाणेनाव्यभिचारः सिद्ध इति वाच्यम्? स्वसंवेदनप्रत्यक्षत एव तस्याः स्वशरीरे चैतन्येन सहाव्यभिचार-ग्रहणमिति चेत्? हन्त तर्हि हतोऽसि अव्यभिचरितार्थान्तरदर्शनात्साध्यार्थप्रतिपत्तिमिच्छतोऽनुमानप्रामाण्यप्रसङ्गेन *"प्रत्यक्षमेवैकं प्रमाणं नान्यदिति"* प्रतिज्ञाव्याहतिप्रसङ्गादिति यत्किंचिदेतत्, तन्न निवृत्तिमात्रात्तुच्छरूपादात्माभावनिश्चय इति स्थितम् । किञ्च *'सिद्धो य इत्यादि'* चशब्दो दूषणान्तरसमुच्चये, *'तस्याः'* निवृत्तेः *'तेन'* आत्माभावेन सहाविनाभावः किं भवतः सिद्धो? येन तत आत्माभावो निश्चीयते, नैव सिद्ध इति भावः । वस्तुनि सत्यपि प्रत्यक्षनिवृत्तिमात्रस्य सद्भावात् ॥१२१॥ यदि न सिद्धस्ततः किमित्याह--

तदभावे णावगमो तब्भावे कह ण होति अणुमाणं? ॥

तब्भावम्मि अ ( वे य अ ) जुत्तं अणुमाणं अप्पमाणंति ॥ १२२ ॥

(तदभावेनावगम स्तद्भावे कथं न भवति अनुमानम् । तद्भावे चायुक्तमनुमानमप्रमाणमिति॥)

*'तदभावे'* अविनाभावाभावे नावगमो निवृत्तेः सकाशात् आत्माभावस्य, संदिग्धविपक्षव्यतिरेकत्वात्। अथाप्युच्येत-सिद्ध एवाविनाभावः, तेन नोक्तदोषप्रसङ्ग इति । तत आह-- *'तद्भावे'* अविनाभावभावे कथं न भवत्यनुमानं प्रमाणं?, भवत्येव प्रमाणमितिभावः । *अविनाभावसंबन्धस्मरणसापेक्षं* हि लिङ्गात् लिङ्गिनि ज्ञानमनुमानमित्याहुरनुमानलक्षणं प्रमाण-

---

*ઉત્તરપક્ષ* :- જો આ નિવૃત્તિ તદ્દન તુચ્છ-અસત્ જ હોય, તો તેનાથી આત્માના અભાવનો નિશ્ચય શી રીતે થઇ શકે ? ન જ થાય એમ પૂર્વે જ કહી ગયા.

*નાસ્તિક* :- અરે ભઇ ! આત્માના ગ્રાહક પ્રમાણનો અભાવ જ આત્માના અભાવના નિશ્ચયરૂપ છે. હવે અહીં ક્યાં પૂર્વોક્ત દોષનો અવકાશ છે ?

*ઉત્તરપક્ષ* :- આ વાત મૂળ વિનાની છે. આમ તો, તમે અભાવ અને નિશ્ચયને એક કરી નાખ્યા. પણ નિશ્ચય તો બોધરૂપ હોય સત્ ભાવાત્મક છે. તેથી અભાવ અને નિશ્ચય પરસ્પર વિરુદ્ધ છે.

*નાસ્તિક* :- તમે તો ખરા પાછળ પડ્યા છો. લો ભાંઇ ! અભાવ અભાવરૂપ જ છે. નિશ્ચયરૂપ નથી બસ હવે. છતાં અભાવમાંથી નિશ્ચય તો ઉત્પન્ન થઇ શકે જ છે. કેમકે લોકમાં તેમ દેખાય છે. અને દૃષ્ટ વસ્તુમાં અનુપપત્તિ દર્શાવવી વ્યાજબી નથી.

*ઉત્તરપક્ષ* :- 'અભાવથી નિશ્ચય પ્રગટે છે.' એવું લોકોમાં દર્શન શી રીતે થાય છે ?

*નાસ્તિક* :- 'જે દેખાય નહિ, તે નથી' આવા વ્યવહારના દર્શનથી અમે કહીએ છીએ કે, લોકોમાં 'અભાવથી નિશ્ચય પ્રગટે છે.' તેવું દર્શન થાય છે.

*ઉત્તરપક્ષ* :- જો આટલા માત્રથી અભાવનો નિશ્ચય કરશો, તો બીજાના શરીરઆદિમાં રહેલા ચૈતન્યનો પણ અભાવ સ્વીકારવો પડશે. કેમકે તે ચૈતન્યનું પણ દર્શન થતું નથી.

*નાસ્તિક* :- બીજાના શરીરમાં ચેષ્ટા વગેરે દેખાય જ છે. આ ચેષ્ટાઓ ચૈતન્યજન્ય છે. તેથી ચેષ્ટાદ્વારા ચૈતન્યનું દર્શન થાય જ છે. તેથી ચૈતન્યના દર્શનનો અભાવ કહેવો બરાબર નથી.

*ઉત્તરપક્ષ* :- તમારી વાત ધન્યવાદપાત્ર નથી. કેમકે મૂર્ચ્છિત થયેલા શરીરમાં ચેષ્ટાઓ પણ ઉપલબ્ધ થતી નથી.

*નાસ્તિક* :- મૂર્ચ્છિત શરીરમાં વાસ્તવમાં ચૈતન્ય જ નથી.

*ઉત્તરપક્ષ* :- આમ કહેવું બરાબર નથી. કેમકે ક્યાંક ક્યારેક મૂર્ચ્છા ઉતરે છે ત્યારે ચૈતન્ય અને ચેષ્ટા દેખાય જ છે.

*નાસ્તિક* :- મૂર્ચ્છા પછી ઉપલબ્ધ થતું ચૈતન્ય પૂર્વચૈતન્ય કરતા ભિન્ન છે, અને કાયામાંથી નવું ઉત્પન્ન થયું છે.

*ઉત્તરપક્ષ* :- ચૈતન્ય પોતે અતીન્દ્રિય હોવાથી નવા ચૈતન્યની ઉત્પત્તિ કલ્પવામાં કોઇ પ્રમાણ નથી. વળી નૂતન ચૈતન્યની ઉત્પત્તિનો નિષેધ 'સુપ્તોત્થિતપ્રબુદ્ધ' ઇત્યાદિ (સૂઇને ઉઠેલાના ઇત્યાદિ) પંક્તિઓ દ્વારા પૂર્વે કરેલો જ છે.

*નાસ્તિક* :- મૂર્ચ્છા દૂર થયા પછીનું ચૈતન્ય પૂર્વનું જ છે, એમ કહેવામાં પણ શું પ્રમાણ છે ?

*ઉત્તરપક્ષ* :- મૂર્ચ્છા પછી મૂર્ચ્છા પહેલાના અનુભવનું થતું સ્મરણ જ અહીં નિયામકપ્રમાણ છે. એમ તો બને જ નહિ કે, જે અનુભવ્યું ન હોય, અથવા જેનો અનુભવ અન્ય પુરુષે કર્યો હોય, તેનું પોતાને સ્મરણ થાય. તેથી પોતે અત્યારના જેનું સ્મરણ કરે છે, તે પૂર્વે પોતે જ અનુભવ્યું છે, તેમ સિદ્ધ થાય છે. અને લોકમાં, મૂર્ચ્છા દૂર થયા પછી પૂર્વાનુભૂતનું સ્મરણ થતું દેખાય જ છે. કેમકે વિરોધ વિના તે પ્રકારે બધાને અનુભવ થાય છે. અને આ સ્મરણને ભ્રાન્ત કહેવાનું સાહસ તો કરશો જ નહિ કેમકે તે ઇષ્ટ વસ્તુને બરાબર યાદ કરી પ્રવૃત્ત થનારને સ્મૃતિસાથે પ્રવૃત્તિનો સંવાદ=સુમેળ સ્પષ્ટ દેખાય જ છે.

વળી પૂર્વે એમ તમે શી રીતે કહ્યું કે "ચેષ્ટા દેખાવાથી ચૈતન્ય અદૃષ્ટ નથી" કેમકે ચેષ્ટા કંઇ ચૈતન્યને અવ્યભિચારિણી નથી. અર્થાત્ ચેષ્ટાના દર્શનવખતે પણ ચૈતન્યનો અભાવ સુસંભવિત છે. દા.ત. પવનવગેરેથી મૃતશરીરમાં પણ ચેષ્ટાદેખાય છે. અને તેમાં ચેષ્ટા તરીકેનો બોધ થતો હોવાથી 'પવનાદિથી થતી મૃતશરીરમાં ક્રિયા ચેષ્ટારૂપ નથી' એમ કહેવું વ્યાજબી ઠરતું નથી.

*નાસ્તિક* :- અમે જે તે ચેષ્ટાને ચૈતન્યની અવ્યભિચારિણીતરીકે પ્રકાશતા નથી, પરંતુ કોઇક વિશિષ્ટચેષ્ટાને જ ચૈતન્યના અવ્યભિચારિણીતરીકે સ્થાપીએ છીએ. તેથી આ(મૃતકાયગતચેષ્ટા)દોષરૂપ(=ચેષ્ટાના ચૈતન્યસાથે વ્યભિચારરૂપ)નથી.

लक्षणज्ञाः, तच्चेहास्त्येवेति कथं न तत् प्रमाणं भवेत्?। *'तब्भावम्मि य'* इत्यादि 'तद्भावे च' अनुमानप्रमाणभावे च यदुक्तं प्राक् *"अनुमानमप्रमाणमिति"* तदयुक्तं द्रष्टव्यम्, स्ववाचैवेदानीं तस्य प्रामाण्याभ्युपगमात् । अ(आ)तश्चानुमानमप्रमाणमित्ययुक्तं, तदप्रामाण्ये प्रत्यक्षतदाभासयोरपि प्रामाण्याप्रामाण्यव्यवस्थानुपपत्तेः(त्तिः) । **तथाहि**–स भौतिकपुरुषवादी काश्चित् प्रत्यक्षज्ञानव्यक्तीर्विवक्षितार्थक्रियासमर्थार्थप्रापकत्वेनाविसंवादिनीरन्याश्च तद्विपरीततया विसंवादिनीरुपलभ्य तल्लक्षणव्याप्त्या तादृशीनां प्रत्यक्षव्यक्तीनां प्रामाण्यमितरासां चाप्रामाण्यमुद्घोषयेत्, न च प्रत्यक्षमव्यवहितविद्यमानार्थग्रहणपर्यवसितसत्ताकतया पूर्वापरपरामर्शशून्यं सत् सकलकालभाविनीनां प्रत्यक्षव्यक्तीनां प्रामाण्यनिबन्धनमविसंवादित्वसामान्यमवबोधयितुमीष्टे, तस्मादवश्यंतया परिदृष्टप्रत्यक्षज्ञानव्यक्त्यनुसारेण प्रामाण्यनिबन्धनस्याविसंवादित्वसामान्यस्य प्रत्यायकमनुमानं प्रमाणत्वेनाश्रयणीयम् । अपिच, परावबोधार्थं शास्त्रं प्रणयन् कथमनुमानस्य प्रामाण्यमेष प्रतिक्षिपति?, तत्प्रतिक्षेपे शास्त्रकरणप्रवृत्तेर्वैफल्यप्रसङ्गात्। नहि प्रत्यक्षेण परचेतोवृत्तिः साक्षात्क्रियते, अगृहीते च परचैतन्ये तन्निवृत्त्या चासत्त्वेन शङ्किते 'परः शास्त्रार्थमवबुध्येते'तिसंशयेनापि न शास्त्रप्रणयने प्रवृत्तिरुपपद्येतेति । किंच, प्रत्यक्षस्य प्रामाण्यनिमित्तं गृह्यमाणपदार्थान्वयव्यतिरेकानुकरणं, तच्च साध्यप्रतिबद्धलिङ्गज्ञानसामर्थ्येनोदीयमानस्यानुमानस्यप्यविशिष्टमिति कथं न तत् प्रमाणमङ्गीक्रियते? । स्यादेतत्, कथमनुमानस्य प्रामाण्यमङ्गीकुर्मः?, अनुमानविरोधाद्यनेकदोषसंपातसंभवात्, तथापि चेत्तस्य प्रामाण्याभ्युपगमः, तर्हि स श्यामस्तत्पुत्रत्वात्, इत्यादेरपि प्रामाण्यप्रसङ्गः ॥ १२२ ॥ एतदेवाह––

---

*ઉત્તરપક્ષ* :– એ વિશિષ્ટચેષ્ટાનો ચૈતન્યે અવ્યભિચાર ક્યા પ્રમાણથી સિદ્ધ છે.?

*નાસ્તિક* :– સ્વસંવેદન પ્રત્યક્ષથી જ પોતાના શરીરમાં વિશિષ્ટ ચેષ્ટાનો ચૈતન્યસાથે અવ્યભિચાર સિદ્ધ છે.

*ઉત્તરપક્ષ* :– અરર ! આ તો તમે આત્મહત્યાનો પ્રયાસ કરી રહ્યા છો ! કેમકે આમ કહી તમે અન્ય શરીરમાં ઉપલબ્ધ થતી ચેષ્ટારૂપ અવ્યભિચરિતપદાર્થને જોઇ તે શરીરમાં સાધ્યપદાર્થ–ચૈતન્યની સિદ્ધિ કરવા ઝંખો છો. આ પદ્ધતિ તો અનુમાન પ્રમાણની છે. તેથી તમે પણ સ્વાભિમતાર્થની સિદ્ધિમાટે અનુમાનપ્રમાણની સહાય લો છો તેમ નક્કી થાય છે. તેથી 'એકમાત્ર પ્રત્યક્ષ જ પ્રમાણ છે બીજા નહિ' એવી તમારી ઉદ્ઘોષણાને તમે જ ફારસ બનાવી રહ્યા છો. તેથી તમારી તમામ કલ્પનાઓ ખોટા પાયે છે. તે સિદ્ધ થાય છે. અને 'તુચ્છ નિવૃત્તિથી આત્માભાવનો નિશ્ચય થાય નહિ' એવો અબાધિત નિર્ણય થાય છે. (મૂળમાં 'ચ'પદ અન્ય દૂષણના સમાવેશઅર્થે છે) વળી, શું તમને આ નિવૃત્તિનો આત્માના અભાવસાથે અવિનાભાવ સિદ્ધ છે.? કે જેથી તેના બળપર આત્માના અભાવની સિદ્ધિ કરો છો ? હકીકતમાં આ અવિનાભાવ સિદ્ધ નથી. કેમકે વસ્તુની હાજરીમાં પણ પ્રત્યક્ષની નિવૃત્તિમાત્રની હાજરી સંભવી શકે છે. અર્થાત્ વસ્તુનો અભાવ ન હોય તો પણ તેઅંગે ચક્ષુદોષ આદિ કારણે પ્રત્યક્ષની નિવૃત્તિ સંભવે છે. તેથી નિવૃત્તિસાથે અભાવનો અવિનાભાવ કલ્પવો યોગ્ય નથી. ॥૧૨૨॥

'નિવૃત્તિનો આત્માના અભાવ સાથે જો અવિનાભાવ સિદ્ધ ન હોય, તો શું થાય ?' તે બતાવે છે.

## *(અનુમાનની પ્રમાણ તરીકે સિદ્ધિ)*

*ગાથાર્થ* :– અવિનાભાવના અભાવમાં આત્માના અભાવનો બોધ નથી. અને અવિનાભાવની હાજરીમાં (અનુમાન) કેમ પ્રમાણ ન ઠરે ? અને અનુમાન પ્રમાણ હોય, તો 'અનુમાન અપ્રમાણ છે.' એ વાત અયોગ્ય ઠરે છે.

જો નિવૃત્તિનો આત્માના અભાવસાથે અવિનાભાવ ન હોય, તો નિવૃત્તિથી આત્માના અભાવનો નિર્ણય થઇ શકે નહિ. કેમકે વિપક્ષમાંથી વ્યતિરેક સંદિગ્ધ છે. અર્થાત્ 'આત્માનો અભાવ ન હોય(=આત્મા હોય)તો પણ નિવૃત્તિ સંભવે છે.' એવી વ્યતિરેક (='સાધ્યાભાવસ્થળે હેતુનું ન હોવું' વ્યતિરેકરૂપ છે.) સમ્બન્ધી આશંકા નિર્મૂળ થઇ શકતી નથી. હવે, જો એમ કહેશો કે "નિવૃત્તિનો આત્માના અભાવસાથે અવિનાભાવ છે." તો 'અનુમાન' પ્રમાણતરીકે સિદ્ધ કેમ નહિ થાય ? અર્થાત્ અવશ્ય 'અનુમાન' પ્રમાણતરીકે સિદ્ધ થાય છે. કેમકે લિંગદ્વારા લિંગીનું 'અવિનાભાવ'સમ્બન્ધ(=વ્યાપ્તિ)ના સ્મરણને સાપેક્ષ થઇ થતું જ્ઞાન અનુમાનસ્વરૂપ છે, એમ પ્રમાણના લક્ષણના નિષ્ણાતોનું મન્તવ્ય છે. અને આ સ્વરૂપ–લક્ષણ પ્રસ્તુતમાં પણ ઉપસ્થિત છે જ. કેમકે નિવૃત્તિનો આત્માના અભાવસાથે અવિનાભાવ ઈષ્ટ છે. નિવૃત્તિરૂપ લિંગ હાજર છે. તેથી 'એક સમ્બન્ધી જ્ઞાન બીજા સમ્બન્ધીનું સ્મારક બને છે' એ ન્યાયથી લિંગના જ્ઞાનથી અવિનાભાવનું સ્મરણ થશે.અને આ સ્મરણને સાપેક્ષ થઇ નિવૃત્તિરૂપ લિંગ આત્માના અભાવનો નિર્ણય કરાવશે. આમ અનુમાનપ્રમાણનું લક્ષણ અહીં બરાબર બેસે છે. તેથી પ્રસ્તુતમાં અનુમાન પ્રમાણતરીકે સિદ્ધ થાય છે. અને અનુમાન પ્રમાણતરીકે સિદ્ધ થવાથી 'અનુમાન અપ્રમાણભૂત છે' એવું વચન અસત્ય ઠરે છે. કેમકે તમે પોતાના જ વચનથી અનુમાનને પ્રમાણભૂત જાહેર કર્યું છે. વળી, આ રીતે પણ 'અનુમાન અપ્રમાણભૂત છે' એવું વચન અયોગ્ય ઠરે છે. ➡ જો અનુમાન પોતે અપ્રમાણભૂત હોય, તો પ્રત્યક્ષ અને પ્રત્યક્ષાભાસમાં ક્રમશઃ પ્રામાણ્ય અને અપ્રામાણ્યનો નિર્ણય થઇ શકે નહિ. તે આ રીતે ➡ नास्तिकवादी કેટલાક પ્રત્યક્ષજ્ઞાનોને ઈચ્છિત અર્થક્રિયા કરવામાં સમર્થ વસ્તુના પ્રાપકતરીકે અને તેથી અવિસંવાદીરૂપે તથા બીજા કેટલાક પ્રત્યક્ષ જ્ઞાનોને ઈચ્છિત અર્થક્રિયા કરવામાં અસમર્થ વસ્તુના પ્રાપકતરીકે અથવા અર્થક્રિયા સમર્થ વસ્તુના અપ્રાપકતરીકે અને તેથી વિસંવાદીતરીકે અનુભવે છે. આ અનુભવના એરણપરથી તારણ નીકળે છે, કે જે પ્રત્યક્ષજ્ઞાનો ઈષ્ટ અર્થક્રિયા કરવામાં સમર્થ અર્થ(=વસ્તુ)ના પ્રાપક હોય, તે પ્રત્યક્ષજ્ઞાનો અવિસંવાદી છે, અને જે પ્રત્યક્ષજ્ઞાનો ઈષ્ટઅર્થક્રિયા કરવામાં અસમર્થ અર્થના પ્રાપક બને તે પ્રત્યક્ષ જ્ઞાનો અવિસંવાદી નથી (=વિસંવાદી છે.) (અર્થાત્ સમર્થ અર્થપ્રાપક જ્ઞાનો અવિસંવાદી છે. જે જ્ઞાનો અવિસંવાદી નથી(=વિસંવાદી છે) તે જ્ઞાનો સમર્થ અર્થપ્રાપક નથી. (સમર્થ અર્થપ્રાપકત્વ અને અવિસંવાદિત્વ (અવિસંવાદ.) આ બન્ને પરસ્પર 'સમવ્યાપ્ય–વ્યાપકત્વ'ભાવ ધરાવે છે. પરંતુ, પ્રથમ સમર્થ અર્થપ્રાપકત્વનો નિર્ણય થાય છે, તેનાપરથી અવિસંવાદનો નિર્ણય થાય છે.) આ પ્રમાણે સમર્થઅર્થપ્રાપકત્વ અને અવિસંવાદનો વ્યાપ્યવ્યાપકભાવ (=વ્યાપ્તિ) નિશ્ચિત

अह मणुमाणविरुद्धादिदोससब्भावतोऽपमाणं तं ।
णो वत्थुबलपवत्ते ते दोसा दंसियमिदं तु ॥ १२३ ॥
(अथानुमानविरुद्धादिदोषसद्भावतोऽप्रमाणं तत् । न वस्तुबलप्रवृत्ते ते दोषा दर्शितमिदं तु)

<u>अथेति</u> <u>पराशङ्काभिव्यक्तौ</u> । अनुमानविरोधादिदोषसद्भावात् अप्रमाणं तदनुमानमिति मन्येथाः, तदयुक्तम्, यस्मान्न *'वस्तुबलप्रवृत्ते'* साध्यार्थान्यथानुपपन्नलिङ्गनिश्चयबलप्रवृत्तेऽनुमाने *'ते'* अनुमानविरोधादयो दोषाः प्रादुःषन्ति। **तथाहि**-- धूमवत्त्वेनाग्निमति पर्वते साध्ये न खलु नाग्निमान् पर्वतः पर्वतत्वात्तदन्यपर्वतवत् इत्यनुमानविरोधस्य, तथा निस्तल-निर्वृक्षप्रदेशाग्निना अग्निमान् पर्वतो धूमवत्त्वात् महानसवदितीष्टविघातकृत्त्वस्य, नात्रत्येनाग्निना अग्निमान् पर्वतो धूमवत्त्वात् महानसवदिति विरुद्धाव्यभिचारित्वस्य वा दोषस्यावकाशोऽस्ति, तेषां प्रत्यक्षबाधितविषयतया अनुमानाभासत्वतो विवक्षितानुमानबाधकत्वायोगात्, एतच्च प्रागेव दर्शितम् । तथा चाह--*'दंसियमिदं तु त्ति'* इदमनन्तरोक्तम् तुशब्दः

---

થાય છે. પછી જ્યારે કોઈક પ્રત્યક્ષજ્ઞાન સમર્થઅર્થપ્રાપકતરીકે સંવેદિત થાય છે, ત્યારે ઉપરોક્ત વ્યાપ્તિના બળપર તે જ્ઞાન અવિસંવાદીતરીકે નિશ્ચિત થાય છે. અને જો, તે પ્રત્યક્ષજ્ઞાન સમર્થ અર્થપ્રાપક ન બને, તો, તેમાં વિસંવાદનો નિશ્ચય થાય છે. અને અવિસંવાદી પ્રત્યક્ષ પ્રમાણતરીકે (=પ્રામાણ્યયુક્ત) અને વિસંવાદી પ્રત્યક્ષ અપ્રમાણતરીકે જાહેર થાય છે. વળી યોગ્ય દેશમાં રહેલા વ્યવધાન વિનાના વિદ્યમાનવિષયના ગ્રહણથી જ પ્રત્યક્ષજ્ઞાનની ઈતિશ્રી છે. તેથી પ્રત્યક્ષજ્ઞાન પૂર્વાપરના પરામર્શ થી રહિત છે. (=પૂર્વકાલીન અને ઉત્તરકાલીન જ્ઞાનોના સંકલનમાં સમર્થ નથી.) તેથી પ્રત્યક્ષજ્ઞાન સર્વકાળે થયેલા, થતાં, થનારા પ્રત્યક્ષજ્ઞાનોમાં અવિસંવાદિતાસામાન્યનો બોધ કરાવવા સમર્થ નથી. તેથી આ પ્રત્યક્ષજ્ઞાન સર્વકાલીન પ્રત્યક્ષજ્ઞાનોમાં પ્રામાણ્યની મહોરછાપ મારી શકે તેમ નથી. તેથી સ્વીકારવું જ રહ્યું કે, અનુભવેલા તે પ્રત્યક્ષજ્ઞાનના જ અનુસારે સઘળા સમર્થ અર્થપ્રાપક પ્રત્યક્ષજ્ઞાનોમાં અવિસંવાદિતાનો નિર્ણય કરાવનાર અનુમાન પ્રમાણ હોવું જોઈએ. કે જે (અનુમાન) અવિસંવાદિ સામાન્યતાનિર્ણયદ્વારા પ્રામાણ્યને સિદ્ધ કરી શકે. આમ પ્રત્યક્ષના પ્રામાણ્યનિર્ણય માટે પણ અનુમાનપ્રમાણ આવશ્યક છે. વળી, જે વ્યક્તિ(=નાસ્તિક) બીજાને જ્ઞાન કરાવવા શાસ્ત્રો રચે, તે વ્યક્તિ શી રીતે અનુમાનના પ્રામાણ્યનું ખંડન કરી શકે ? કેમકે અનુમાનના નિષેધમાં શાસ્ત્ર રચવાની પ્રવૃત્તિ નિષ્ફળ થવાનો પ્રસંગ છે. પ્રત્યક્ષજ્ઞાનથી અન્યના ચિત્તનો અભિપ્રાય જાણી શકાતો નથી. વળી અન્યમાં ચૈતન્યનો બોધ થાય નહિ ત્યાં સુધી, અને પ્રત્યક્ષજ્ઞાનની નિવૃત્તિથી અન્યમાં ચૈતન્યના અભાવની શંકા રહે ત્યાં સુધી 'આ બીજી વ્યક્તિ કદાચ શાસ્ત્રાર્થનો બોધ પામશે' એવા સંશયથી પણ શાસ્ત્ર રચવામાં પ્રવૃત્તિ થવી યુક્તિસંગત બને નહિ. (જેની સમક્ષ શાસ્ત્રની રજૂઆત કરવી છે, તે જડ છે, કે ચેતન એવો નિર્ણય ન થાય, ત્યાં સુધી 'તે સમજશે કે નહિ' તેવા સંશયને પણ અવકાશ નથી. તો તેવા સંશયથી પ્રવૃત્તિ થવાની તો વાત જ ક્યાં રહી ?) ચેષ્ટાઆદિ લિંગથી ચૈતન્યનો નિર્ણય કર્યા પછી બીજાના મુખવગેરેના હાવભાવથી તેના અંતર્ગત અભિપ્રાયનો નિર્ણય કરવામાં આવે, પછી જ તેની આગળ શાસ્ત્રોની વાત રજૂ થઈ શકે.

વળી, પ્રત્યક્ષજ્ઞાનનાં પ્રામાણ્યનું કારણ છે 'ગ્રહણ કરાતા પદાર્થોના અન્વય-વ્યતિરેકનું અનુકરણ' (જે વસ્તુનું પ્રત્યક્ષજ્ઞાન થાય, તે વસ્તુ જો હાજર હોય, તો પ્રત્યક્ષજ્ઞાન વસ્તુના અન્વયને અનુસર્યું ગણાય.અને તે વસ્તુના અભાવમાં તેનું પ્રત્યક્ષજ્ઞાન પણ જો ન થાય, તો વસ્તુના વ્યતિરેક-અભાવને અનુસર્યું ગણાય) આમ જો પ્રત્યક્ષજ્ઞાન વસ્તુ(=વિષય) ના અન્વય-વ્યતિરેકને અનુસરે, તો પ્રમાણભૂત બને. આ જ નિમિત્તકારણસમાનતા અનુમાનને પણ લાગુ પડે છે. કેમકે સાધ્યના અન્વય અને વ્યતિરેકને અનુસરતા, સાધ્યસાથે પ્રતિબદ્ધ લિંગના જ્ઞાનથી જ થતું સાધ્યનું અનુમાન પ્રમાણભૂત બને છે. તેથી અનુમાન કેમ પ્રમાણભૂત ન બને ?

*નાસ્તિક* :- અમે શા માટે અનુમાનનો પ્રમાણતરીકે સ્વીકાર કરીએ ? કેમકે અનુમાનવિરોધ વગેરે અનેક દોષોના હુમલાનો સંભવ છે. છતાં જો અનુમાનને પ્રમાણ તરીકે સ્વીકારશો, તો "તે શ્યામ (=કાળો) છે કેમકે તેનો પુત્ર છે. જેમકે તેના બીજાપુત્રો" ઈત્યાદિને પણ પ્રમાણતરીકે સ્વીકારવાનો પ્રસંગ આવશે. (શ્યામત્વ સાધ્ય છે, 'તત્પુત્રત્વ' હેતુ છે 'તદન્યપુત્ર' દૃષ્ટાંત છે. અહીં શ્યામત્વને તત્પુત્રત્વસાથે વ્યાપ્તિ નથી. છતાં દૃષ્ટાન્તના બળપર તેવી વ્યાપ્તિ જોડી આવા કલ્પિત અનુમાનો સિદ્ધ કરી શકાય. અને તો, જગતમાં ફાવે તેવી કલ્પનાઓ પ્રમાણસિદ્ધ ઠરી જાય, કેમકે જગતમાં અનેક પ્રકારના દૃષ્ટાન્તોનો તોટો નથી. તેથી પ્રમાણ અને ભ્રાન્તિ વચ્ચે ભેદ ન રહે, અને કાર્યકારણભાવની વ્યવસ્થા ન રહેવાથી પ્રવૃત્તિઓમાં મોટા વિસંવાદ પેદા થાય ઈત્યાદિ અનેક દોષો હોવાથી અનુમાનને પ્રમાણતરીકે સ્વીકારવું ન જોઈએ) ॥૧૨૨॥

આ જ દૃષ્ટિબિંદુનું સમર્થન કરતા કહે છે. --

*ગાથાર્થ* :- (નાસ્તિક)-'અનુમાનવિરુદ્ધવગેરે દોષો હોવાથી તે(=અનુમાન)અપ્રમાણ છે.' (ઉત્તર)-એમ નથી. કેમકે વસ્તુ(=વ્યાપ્તિ)ના બળ પર પ્રવૃત્ત(થયેલા અનુમાન)માં તે(અનુમાન વિરોધવગેરે) દોષો ઉભા નથી. આ વાત પૂર્વે દર્શાવી જ છે.

('અથપદ અન્યની આશંકા પ્રગટ કરવાના અર્થે છે)

*(અનુમાનવિરોધાદિ દોષોનું ખંડન)*

*ઉત્તરપક્ષ* :- તમે અનુમાનવિરોધઆદિ દોષોથી ભય પામી અનુમાનને અપ્રમાણ કહી દો છો, તે બરાબર નથી. કેમકે સાધ્યવસ્તુની ગેરહાજરીમાં અનુપપન્ન બનતા લિંગના નિશ્ચયથી (સાધ્યસાથે વ્યાપ્તિ ધરાવતા લિંગના જ્ઞાનથી) પ્રવૃત્ત થતા અનુમાનમાં અનુમાનવિરોધવગેરે દોષો સંભવતા નથી. તે આ પ્રમાણે ➡ પર્વત ધૂમાડાવાળો હોવાથી અગ્નિવાળો છે એમ સાધ્ય હોય, ત્યારે (જોયેલા અગ્નિવિનાના પર્વતના દૃષ્ટાન્તને આગળ કરી કોઈ કહે) 'પર્વત અગ્નિવાળો નથી, કેમકે પર્વત છે, જેમકે (જોએલો) બીજો પર્વત' (તો આ બીજું અનુમાન પ્રથમ અનુમાનથી વિપરીતનું સાધક હોવાથી) 'અહીં અનુમાન વિરોધ દોષ

पुनरर्थे प्रागेव *'न विसेसविरुद्ध चिय अप्पडिबंधाओ बाहणाओ य'* इत्यनेन ग्रन्थेन दर्शितमिति । यदपि च प्रागभिहितम्---अनुमानविरोधो यथा घटस्य नित्यत्वे साध्ये, तद्युक्तमेव, यतो न खल्वेकान्तनित्यत्वं कस्यापि वस्तुनः समस्ति, सर्वस्यादीपमाव्योम च नित्यानित्यत्वस्वभावात्, नच नित्यानित्यत्वे साध्यमानेऽनुमानविरोधस्यावकाशोऽस्ति, यथा-वस्थितवस्तुविषयत्वाभावतस्तस्यानुमानाभासत्वात् । तथा यदपि प्रागवादि-किमनुमानस्य विषयः सामान्यं विशेष उभयं वेत्यादि, तत्र न सामान्यमग्निमात्रं साध्यं, विवादाभावात्, नाप्येकान्तेन विशेष एव, तस्य व्यक्त्यन्तराननुयायित्वेनान्व-याभावात्, किंतु विशेषवत् सामान्यम्, अयोगव्यवच्छेदेन प्रदेशविशिष्टस्यैव वह्नेः पुरुषस्य प्रवृत्त्यङ्गत्वात्। यदपि प्रागुक्तं, न देशविशिष्टोऽपि वह्निः साध्यो युक्तो, देशविशिष्टस्य वह्नेरन्वयाभावात्, न हि अस्मिन् पर्वते वह्निरस्ति धूमादित्यादौ विवक्षितदेशादिविशिष्टेन साध्येन सह हेतोरन्वयोऽस्तीत्यादि, तदप्यसमीचीनम्, यत इह द्विविधो विषयः-- प्रयोगकाले व्याप्तिकाले च । तत्र प्रयोगकाले देशविशिष्टो वह्निर्विषयः व्याप्तिकाले च केवलं वह्निमात्रम् । प्रतिपाद्यं हि प्रतिपादयिता(त्रा)प्रेक्षावता धूमोऽग्निनान्तरीयको दर्शनीयः यथा यत्र धूमस्तत्रावश्यमग्निरिति । स च धूमस्तथा व्याप्तिकाले वह्निमात्रेण व्याप्तः सिद्धः सन् यत्रैव पर्वतादौ स्वयं दृश्यते तत्रैवाग्निबुद्धिं जनयति, नोदध्यादौ,

---

છે' એમ ન કહેવું. (કેમકે પર્વતત્વને અગ્નિના અભાવસાથે વ્યાપ્તિ નથી. ક્યાંક ક્યારેક અગ્નિનો અભાવ હોવાથી સામાનાધિ કરણ્ય છે. જ્યારે ધૂમાડાની અગ્નિસાથે વ્યાપ્તિ અવચ્છેદકાવચ્છેદેન સમ્બન્ધથી છે=ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય જ. અને પૂર્વોક્ત સામાનાધિકરણ્ય આ વ્યાપ્તિનું બાધક કે વિરુદ્ધ નથી. પરસ્પરના અભાવમાં પણ રહી જનારા બે ધર્મો ક્યાંક એક આધારમાં ઉપલબ્ધ થઇ જાય, તો તે બે વચ્ચે 'સામાનાધિકરણ્ય' સમ્બન્ધ કહેવાય છે. દા.ત. સમ્યક્ત્વ અને મનુષ્યત્વ ધર્મો. અને જ્યારે એક ધર્મ બીજા ધર્મને છોડી ન જ રહેતો હોય, ત્યારે 'અવચ્છેદકાવચ્છેદેન' શબ્દપ્રયોગ થાય છે. દા.ત. ધૂમાડો અને અગ્નિ) તેવી જ રીતે કોઇ કહે-'જો ધૂમાડો હોવામાત્રથી પર્વત અગ્નિવાળો હોય, તો ધૂમાડાવાળો હોવાથી જ પર્વતના તલ અને વૃક્ષ વિનાના પ્રદેશમાં પણ અગ્નિ હોવો જોઇએ, જેમકે રસોડું. પણ તેમ દેખાતું નથી. તેથી ધૂમાડાથી અગ્નિની સિદ્ધિ અસિદ્ધ છે.' આમ અહીં ધૂમાડાને અગ્નિહેતુતરીકે અસિદ્ધ ઠેરવી ઇષ્ટ(=સાધ્યનું અનુમાન)નો વિઘાતકારી દોષ બતાવી શકાય, તો તે પણ બરાબર નથી. (સંયોગસંબંધથી ધર્મ પોતાના ધર્મીમાં અવ્યાપ્યવૃત્તિ હોય છે. ધર્મીના સર્વપ્રદેશોને વ્યાપીને રહેતો નથી. તેથી ધર્મીના એક પ્રદેશમાં ધર્મ રહેવા છતાં અન્ય પ્રદેશમાં અભાવ સંભવી શકે છે. જ્યારે ધૂમાડાના કારણે અગ્નિની પર્વત પર સિદ્ધિ કરવી હોય, ત્યારે ધૂમાડાના મૂળ ઉત્પત્તિપ્રદેશને આશ્રયીને જ અગ્નિની હાજરી ઇષ્ટ હોય છે, નહિ કે પર્વતના સર્વપ્રદેશોપર, તેથી જ્યાં અગ્નિનો સંભવ જ નથી, એવા પ્રદેશને આશ્રયીને ઇષ્ટનો વિઘાત કરવો વ્યાજબી નથી.) તથા "કોઇ કહે 'પર્વતીય ધૂમાડાની પર્વતીય અગ્નિસાથે વ્યાપ્તિ સિદ્ધ નથી. અહીંના(=મહાનસવગેરેના) ધૂમાડાની વ્યાપ્તિ અહીંના અગ્નિસાથે છે. તેથી મહાનસના દૃષ્ટાન્તથી ધૂમાડાથી અગ્નિની સિદ્ધિ કરવી હોય, તો અહીંના અગ્નિની જ થાય, પર્વતીય અગ્નિની નહિ. કેમકે અહીંનો અગ્નિ પર્વતીય અગ્નિથી ભિન્ન છે. તેથી ધૂમાડાથી સિદ્ધ થતા અહીંના અગ્નિનો અભાવ જ પર્વત પર સિદ્ધ થાય છે. આમ ધૂમહેતુ સાધ્ય(=અહીંના અગ્નિ)થી વિરુદ્ધ (અહીંના અગ્નિના અભાવ)નું સાધક બને છે. તેથી "અહીંના અગ્નિથી પર્વત અગ્નિવાળો નથી, કેમકે ધૂમાડાવાળો છે જેમકે રસોડુ" અહીં હેતુ અહીંના અગ્નિથી વિરુદ્ધનું સાધક હોવાથી 'વિરુદ્ધઅવ્યભિચાર' દોષથી કલંકિત છે.' તો એ પણ બરાબર નથી.(કેમકે મહાનસઆદિસ્થળે ધૂમાડા અને અગ્નિના સહચાર દર્શનથી ધૂમસામાન્યની અગ્નિસામાન્યસાથે વ્યાપ્તિ સિદ્ધ થાય છે. અને તેના બળપર પર્વતીય ધૂમ જોઇ પર્વતસ્થ અગ્નિનું જ અનુમાન થાય છે, નહિકે અહીંના અગ્નિનું) વળી ઉપરના ત્રણે અનુમાનો પ્રત્યક્ષથી બાધ પામતા વિષયવાળા હોવાથી અનુમાનાભાસરૂપ છે, સદ્અનુમાન નથી. તેથી પ્રસ્તુત 'પર્વત અગ્નિવાળો છે, કેમકે ધૂમાડાવાળો છે' અનુમાનના બાધક બની શકતા નથી. આ વાત પૂર્વે પણ કરી જ છે. (મૂળમાં પણ આ નિર્દેશ 'દંસિયમિદં'પદથી કર્યો છે 'તુ'પદ 'પુન'અર્થમાં છે.) પૂર્વે 'ન વિસેસ વિરુદ્ધો ચિય અપ્પડિબંધાઓ બાહણાઓ ય' (ગાથા નં ૧૧૧)ઇત્યાદિ શ્લોકથી દર્શાવ્યું હતું. વળી પૂર્વે જે કહ્યું હતું કે "અનુમાનવિરોધ છે, જેમકે ઘડાની 'નિત્યતા' સાધ્ય હોય, તો 'કૃતકત્વ'આદિ હેતુથી 'અનિત્યતા'સાધક અનુમાનથી પૂર્વના અનુમાનમાં અનુમાનવિરોધદોષ છે." તે બરાબર જ છે. કેમકે દીવાથી માંડી આકાશ સુધીની તમામ વસ્તુઓ નિત્યાનિત્યત્વ સ્વભાવથી સભર હોવાથી કોઇ વસ્તુ એકાન્તનિત્ય નથી. અને જો 'નિત્યાનિત્યત્વ' સાધ્ય હોય, તો અનુમાનવિરોધદોષને સ્થાન નથી. કેમકે એકાન્તઅનિત્યતા સાધક કે એકાન્તનિત્યતા સાધક અનુમાનો યથાવસ્થિતવસ્તુને વિષય બનાવતા નથી. તેથી અનુમાનઆભાસરૂપ છે. (વસ્તુની નિત્યાનિત્યતાની સિદ્ધિ આગળ ઉપર બતાવશે)વળી પૂર્વે જે કહ્યું હતું કે 'અનુમાનનો વિષય કોણ છે ? સામાન્ય કે વિશેષ ? કે ઉભય (=સામાન્ય વિશેષ ઉભય). અગ્નિમાત્રઆદિરૂપ સામાન્ય તો અનુમાનનું સાધ્ય નથી જ, કેમકે તે નિત્ય હોવાથી અને સર્વમાન્ય પ્રતીતિગોચર હોવાથી તેના અસ્તિત્વમાં કોઇ વિવાદ નથી. એજ પ્રમાણે એકાન્તે વિશેષ વિષય નથી. કેમકે તે-તે વિશેષ અન્ય વ્યક્તિમાં અનુસરતો નથી. અર્થાત્ તે-તે વ્યક્તિવિશેષ માત્ર તે-તે વ્યક્તિસાથે જ સમ્બન્ધિત હોય છે, નહિકે સમષ્ટિસાથે. તેથી એક વિશેષના જ્ઞાનથી બીજા વિશેષનું જ્ઞાન થઇ ન શકે. તેથી અનુમાનનો વિષય આ બે વિકલ્પથી અન્ય-સામાન્યવિશેષઉભય છે. વિશેષયુક્ત સામાન્ય જ છે. કેમકે પ્રદેશવિશેષમાં અયોગવ્યવચ્છેદ (=અભાવના નિષેધ) પૂર્વકનો અગ્નિ જ પુરુષની પ્રવૃત્તિનું અંગ=કારણ બને છે. (પુરુષને સ્વાભિપ્રેત સ્થળે રહેલા અગ્નિનું જ પ્રયોજન હોય છે. તેથી તે સ્વાભિપ્રેત સ્થળે અગ્નિ છે કે નહિ તેટલું જ જાણવા પ્રયત્નશીલ હોય છે.) અહીં પ્રદેશવિશેષ અગ્નિમાં વિશેષતા આણે છે. અને અગ્નિ પોતે 'અગ્નિત્વ' સામાન્યથી અનુમેય છે.) વળી, પૂર્વે જે કહ્યું કે "દેશવિશિષ્ટ (=દેશવિશેષમાં રહેલો) અગ્નિ સાધ્યતરીકે યોગ્ય નથી, કેમકે દેશવિશેષમાં રહેલા અગ્નિનો ધૂમહેતુસાથે અન્વય પ્રસિદ્ધ નથી. 'આ પર્વતપર ધૂમાડો હોવાથી અગ્નિ છે.' ઇત્યાદિ અનુમાનસ્થળે ધૂમહેતુની અભિપ્રેત દેશવગેરેથી વિશિષ્ટ બનેલા સાધ્ય અગ્નિસાથે અન્વય નથી, (પરંતુ દેશાદિથી વિશિષ્ટ ન બનેલા અગ્નિમાત્રસાથે અન્વય છે.)" તે વાત પણ સુજ્ઞમાન્ય નથી. કેમકે વિષય બે પ્રકાર છે.(૧) પ્રયોગકાલે અને (૨)વ્યાપ્તિકાલે તેમાં, અનુમાનપ્રયોગકાલે દેશવિશિષ્ટ અગ્નિ વિષય બને છે, અને વ્યાપ્તિગ્રહણકાલે દેશાદિથી અવિશિષ્ટ અગ્નિમાત્ર વિષય બને છે. બુદ્ધિમાન પ્રતિપાદકે પ્રતિપાદ્ય (=જેને અગ્નિનું જ્ઞાન કરાવવું છે.) તેની આગળ ધૂમાડો અગ્નિનાન્તરીયક (=અગ્નિ વિના નહિ રહેવાવાળો) છે, જેમકે 'જ્યાં ધૂમાડો હોય, ત્યાં અગ્નિ હોય.' એમ દર્શાવવું જોઇએ.

अन्यदेशस्थेन कारणेनान्यदेशस्थकार्यस्याजननात्, तेन प्रयोगकाले देशविशिष्टो वह्निर्विषयो निर्दिश्यते । यद्येवं तर्हि प्रयोगकाले न साध्यनिर्देशो युक्तः, सामर्थ्येनैवानन्तरोक्तेन तस्य गतार्थत्वात्, न, अनन्तरोक्तसामर्थ्यपरामर्शशून्य-तथाविधपरव्यामोहनिवृत्त्यर्थत्वेन तस्यापि सफलत्वात्, अन्यथा हि तन्निर्देशाभावे व्याप्तिवचनानन्तरं धर्म्मिणि पर्वतादौ धूमस्य सत्त्वे दर्शितेऽपि अनन्तरोक्तं सामर्थ्यमनुसर्तुमशक्तः सन् कश्चित् व्यामुह्येत् । अथ च परप्रतिपत्त्यर्थं परार्थानुमानप्रयोग इति युक्तस्तदपेक्षया प्रतिज्ञाप्रयोग इति कृतं प्रसङ्गेन प्रकृतमभिधीयते ॥ १२३ ॥

तत्र ननु मा भूत् प्रत्यक्षेण तन्निवृत्त्या वा आत्मप्रतिषेधः, अनुमानतो भविष्यतीति पराकूतमुद्घाटयन्नाह--

अह अणुमाणेणं चिय पडिसेहो णो तयं तुह पमाणं ।
अप्पमाणम्मि य तम्मि का अत्था णाद(य)वादीणं ॥ १२४ ॥

(अथानुमानेनैव प्रतिषेधो नो तकत् तव प्रमाणम् । अप्रमाणे च तस्मिन् काऽऽस्था न्यायवादिनाम्)

**अथ** मन्येथाः--अनुमानेनैव चियशब्दः प्राकृते निपातोऽवधारणार्थः, प्रतिषेध आत्मन इति संबन्धः । **अत्राह**--*'णो इत्यादि'* ननु तकत् अनुमानं न *'तव'* भवतः प्रमाणं *"प्रत्यक्षमेवैकं प्रमाणमिति"* वचनात् । **अथोच्येत**-यद्यपि न मे प्रमाणमनुमानं, तथापि तेनात्मनः प्रतिषेधः करिष्यते को दोषः? **इत्याह**--*'अप्पमाणम्मीत्यादि'* अप्रमाणे च तस्मिन्ननुमाने का *'आस्था'* न्यस्तभरता न्यायवादिनां युक्तिवादिनां?, नैवेयं युक्तेत्यभिप्रायः, अप्रमाणस्यायथार्थत्वेन प्रतिषेधकारित्वायोगात् । ननु यदि वयमनुमानतो निश्चिनुमहे ततः स्यादेष उपालम्भो यथा--*'तस्मिन्नप्रमाणे का आस्था न्यायवादिनामिति'*, यावता परप्रतिपादनायात्मप्रतिषेधप्रयासः, परश्चाश्रयत्येव स्वस्य प्रमाणत्वेनानुमानं, ततस्तेनात्मप्रतिषेधं कार्यते पर इति न कश्चिद्दोषः ॥ १२४ ॥ एतदेवाह--

अह परसिद्धेणं चिय परपडिवत्तीएँ णत्थि दोसोत्ति ।
परखग्गेण वि दिट्ठो विणिवादो किं न लोगम्मि? ॥ १२५ ॥

(अथ परसिद्धेनैव परप्रतिपत्तौ नास्ति दोष इति । परखड्गेनापि दृष्टो विनिपातः किं न लोके?)

**अथेदमाचक्षीथाः**--परसिद्धेनानुमानेन परस्यात्मप्रतिषेधप्रतिपत्तौ क्रियमाणायां नास्ति कश्चिद्दोषः, परस्य तेनात्म-प्रतिषेधप्रतिपत्त्युत्पत्तेः । अमुमेवार्थं प्रतिवस्तूपमया भावयति--*'परेत्यादि'* किं लोके त्वया परखड्गेनापि परकीयेनाप्यसिना परस्य विनिपातः क्रियमाणो न दृष्टः?, दृष्ट एवेति भावः, सर्वेषामविगानेन तथाप्रसिद्धेः। इह विनिपाततुल्या

---

(=આવું વ્યાપ્તિજ્ઞાન કરાવવું જોઇએ) તેવાપ્રકારની વ્યાપ્તિના સમયે આ ધૂમાડો અગ્નિમાત્ર(=અવિશિષ્ટ અગ્નિ) ને વ્યાપ્ત તરીકે સિદ્ધ થાય છે. તે પછી પર્વતવગેરે જે સ્થળે ધૂમાડો સ્વયં દેખાય છે, તે જ સ્થળે તે (=ધૂમાડો)અગ્નિનો બોધ કરાવે છે, નહિ કે સમુદ્રવગેરે સ્થળે. કેમકે એકસ્થળે રહેલું કારણ અન્ય દેશમાં રહેલા કાર્યને ઉત્પન્ન કરી શકે નહિ. (કાર્ય બે પ્રકારના હોય (૧) નિષ્પત્તિરૂપ અને (૨) જ્ઞપ્તિરૂપ જેમકે અગ્નિમાંથી ધૂમાડાની ઉત્પત્તિ નિષ્પત્તિરૂપ કાર્ય છે. અને ધૂમાડાના જ્ઞાનથી થતું અગ્નિની અનુમિતિરૂપ કાર્ય જ્ઞપ્તિરૂપ છે. પ્રથમસ્થળે કાર્યસ્થળ અને કારણ સ્થળ એક હોવા જરૂરી છે. દ્વિતીયસ્થળે નૈયાયિકવગેરેની માન્યતા મુજબ જ્ઞપ્તિરૂપ કાર્યમાં જ્ઞાનનો વિષય બનતો હેતુ (જેમકે ધૂમાડો) જે સ્થળે હોય, ત્યાં જ સાધ્ય (=અગ્નિ) હોવો આવશ્યક છે. અર્થાત હેતુ અને સાધ્ય વચ્ચે સામાનાધિકરણ્ય અભિમત છે.) તેથી અનુમાનપ્રયોગકાળે દેશવિશિષ્ટ (=દેશવિશેષમાં રહેલો) અગ્નિ જ સાધ્ય તરીકે નિર્દેશ પામે છે.

*શંકા* :- જો આમ હોય, તો પ્રયોગકાલે સાધ્યનો(અગ્નિવગેરેનો) નિર્દેશ કરવો યોગ્ય નથી. કેમકે હમણા જ કહી ગયા તે સામર્થ્યથી(=વ્યાપ્તિના બળપર અને કાર્ય-કારણના એકાધિકરણ્યના બળપર) હેતુના નિર્દેશથી જ સાધ્યનો બોધ થઇ જાય છે.

*સમાધાન* :- એમ નથી. જે વ્યક્તિ આ સામર્થ્યના પરામર્શથી શૂન્ય છે, અને તેવાપ્રકારના વ્યામોહને પામ્યો છે. તેના વ્યામોહને દૂર કરવાદ્વારા સાધ્યનો નિર્દેશ સફળતા પામે છે. નહિતર સાધ્યના નિર્દેશના અભાવમાં વ્યાપ્તિવચન દર્શાવ્યા બાદ અને પર્વતઆદિધર્મી(=આધાર)માં ધૂમાડાની હાજરી દર્શાવ્યા બાદ પણ જે વ્યક્તિ આ સામર્થ્યને અનુસરવા શક્તિ સંપન્ન નથી, તે વ્યામોહ પામી જાય (કે એક બાજૂ ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય, એવી વ્યાપ્તિ બતાવે છે. બીજીબાજૂ પર્વત પર ધૂમાડો હોવા છતાં અગ્નિ દેખાતો નથી. તો શું આ વ્યાપ્તિ ખોટી છે ?") તેથી ઉંધા માર્ગે દોરવાઇ જાય. બીજાને સમ્યગ્અર્થનો બોધ કરાવવા બીજામાટે અનુમાનપ્રયોગ થાય છે. તો "આ અનુમાનથી બીજો સમ્યગ્ અર્થબોધ પામે" એવા હેતુથી કરાતો અનુમાનપ્રયોગ સાધ્યના નિર્દેશ વિના ઉન્માર્ગે લઇ જાય, તે કેમ ચાલે ? તેથી સાધ્યનો નિર્દેશ (=પ્રતિજ્ઞાપ્રયોગ) યોગ્ય જ છે. અસ્તુ ! અહીં પ્રસંગથી સર્યું. પ્રસ્તુતમાં આવીએ ॥૧૨૩॥

*નાસ્તિક* :- ભલે ! પ્રત્યક્ષ કે પ્રત્યક્ષની નિવૃત્તિથી આત્માનો પ્રતિષેધ કરવો શક્ય ન હોય, તો પણ અનુમાનથી તો તેમ કરી શકાશે જ.

### (અનુમાન આત્માનું અનિષેધક)

નાસ્તિકના આવા આશયને ઉઘાડો પાડતા કહે છે.

*ગાથાર્થ* :- (નાસ્તિક) અનુમાનથી જ (આત્માનો) પ્રતિષેધ કરીશું (ઉત્તર) તમને અનુમાન પ્રમાણતરીકે માન્ય નથી. અને તે અપ્રમાણભૂત હોય, તો ન્યાયવાદીને તેમાં (અનુમાનમાં) શ્રદ્ધા શી રીતે હોય ?

("ચિય"પદ "જ"કારઅર્થક પ્રાકૃતઅવ્યય છે.) ઉત્તરપક્ષ:- તમે "અનુમાનથી આત્માનો પ્રતિષેધ થશે" એવી કલ્પના કરો તે વ્યાજબી નથી. કેમકે "એક પ્રત્યક્ષ જ પ્રમાણભૂત છે" એવા વચનથી તમારે મન અનુમાન પ્રમાણભૂત નથી.

*નાસ્તિક* :- અલબત્ત, અમે અનુમાનને પ્રમાણભૂત માનતા નથી જ. છતાં પણ, અનુમાનથી આત્માનો પ્રતિષેધ કરવામાં વાંધો શો છે ?

परस्यात्मप्रतिषेधप्रतिपत्तिः खड्गकल्पं चानुमानमिति । तदेतदयुक्तम्, दृष्टान्तदार्ष्टान्तिकयोर्वैषम्यात्, तथाहि--खड्गस्य स्वपरविनिपातकरणे शक्तिरप्रतिहता, ततस्तेन परकीयेनापि परस्य विनिपातो युज्यते, त्वया पुनरनुमानमप्रमाणमिष्यते, ततस्तत्परस्यापि नात्मप्रतिषेधप्रतिपत्तिमाधातुमलम्, अप्रमाणस्य यथावस्थितार्थप्रतिपत्तिनिबन्धनत्वायोगात्, अन्यथा प्रमाण-पर्येषणानर्थक्यप्रसङ्गात् ॥ १२५ ॥ एतदेवाह--

विणिवायकरणसत्ती-सब्भावे जुज्जई तओ णियमा ।
इय पडिवत्तिनिमित्तं च होइ कहमप्पमाणं तं?, ॥ १२६ ॥

(विनिपातकरणशक्तिसद्भावे युज्यते सको नियमात् । इति प्रतिपत्तिनिमित्तं च भवति कथमप्रमाणं तत्)

विनिपातकरणशक्तिसद्भावे सति खड्गस्य सको-विनिपातस्तेन परस्य क्रियमाणो नियमादवश्यंतया युज्यते, न पुनरनुमानादात्मप्रतिषेधप्रतिपत्तिः, तस्याप्रमाणत्वे तत्करणशक्तिविकलत्वात् । अथ तस्यात्मप्रतिषेधप्रतिपादनशक्तिरिष्यते तर्हि प्रामाण्यप्रसङ्गः, तथा चाह-*'इय इत्यादि'* 'इति' एवं खड्गदृष्टान्तानुसारेण तथाविधशक्तिसद्भावाभ्युपगमेन यद्यनुमानमात्मप्रतिषेधप्रतिपत्तिनिमित्तमिष्यते, चशब्दो यद्यर्थः स च भावित एव, ततः कथं तदनुमानमप्रमाणं भवति?, नैव भवतीति भावः । यथावस्थितवस्तुविषयतया बलात्तस्य प्रामाण्योपपत्तेः । अत्रापरः पार्श्वस्थः प्रश्नयति ननु च

---

*ઉત્તરપક્ષ* :- જો અનુમાન પોતે પ્રમાણભૂત જ ન હોય, તો અર્થની સિદ્ધિમાટે તેનાપર શ્રદ્ધા જ શી રીતે રાખી શકાય ? અર્થાત્ અપ્રમાણભૂત અનુમાનના બળપર કોઇ વસ્તુ સિદ્ધ થઇ શકે નહિ, કેમકે જે અપ્રમાણ હોય, તે અયથાર્થ જ હોય. તેથી આત્મપ્રતિષેધ પણ અનુમાનથી થઇ શકે નહિ.

*નાસ્તિક* :- જો અમે અનુમાનથી નિશ્ચય કરતા હોઇએ, તો આવો ઠપકો વ્યાજબી છે કે 'અનુમાન અપ્રમાણ હોય, તો ન્યાયવાદીને તેમાં(અનુમાનમાં)શ્રદ્ધા કેવી ?' પરંતુ બીજા આગળ પ્રતિપાદન કરવા જ આત્માના પ્રતિષેધનો પ્રયાસ કરીએ છીએ. (અર્થાત્ અમને તો આત્માનો પ્રતિષેધ નિશ્ચિત જ છે. એમા અનુમાનની જરૂર નથી.) અને બીજાઓ તો અનુમાનને પ્રમાણતરીકે સ્વીકારે જ છે. તેથી તેમની પાસે તેમના માન્ય અનુમાનપ્રમાણથી આત્માનો પ્રતિષેધકરાવવામાં કોઇ દોષ નથી. ।।૧૨૪।।
આજ વાત કરતા કહે છે.

*ગાથાર્થ* :- (નાસ્તિક) બીજાને સિદ્ધ (એવા અનુમાન) પ્રમાણથી જ બીજા પાસે સ્વીકાર કરાવવામાં દોષ નથી. લોકોમાં બીજાની જ તલવારથી બીજાનો ઘાત થતો દેખાય જ છે.

*નાસ્તિક* :- બીજાઓને પ્રમાણતરીકે સિદ્ધ એવા અનુમાનથી બીજાપાસે આત્માના પ્રતિષેધનો સ્વીકાર કરાવવામાં કોઇ દોષ નથી. કેમકે અનુમાનથી બીજાઓ આત્માના પ્રતિષેધનો સ્વીકાર કરે તેમ છે. આજ મુદ્દાને પ્રતિવસ્તુ ઉપમાથી દર્શાવે છે. તમે શું લોકોમાં શત્રુના જ શસ્ત્રથી શત્રુનો વધ થતો જોતા નથી ? આ વાત રાવણઆદિના દૃષ્ટાન્તથી બધાને જ વિરોધ વિના અનુભવસિદ્ધ છે. પ્રસ્તુતમાં બીજાઓ આત્મપ્રતિષેધનો સ્વીકાર કરે, એ વિનિપાતતુલ્ય છે. (કેમકે બીજાઓનુ વાદીતરીકે મોત થાય છે.) અને અનુમાન તલવાર સમાન છે. (કેમકે બીજાઓ પાસે રહેલું છે, અને બીજાઓના વાદિપણાનું વિનાશક છે.)

*ઉત્તરપક્ષ* :- તમારો તર્ક પત્તાના મહેલ જેવો છે. કેમકે, દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક વચ્ચે આસમાન જમીનનું અંતરું છે. તલવાર પોતાની છે કે બીજાની એ વાત બીજા નંબરે છે. પ્રથમ વાત તેનામાં સ્વપરનો નાશ કરવાની અપ્રતિહત શક્તિ છે. ઘાત કરનાર આ શક્તિને સ્વીકારતો હોવાથી જ બીજા પાસેથી ખુંચવી બીજાનો નાશ કરવા પ્રવૃત થાય છે (તે યોગ્ય ઠરે છે.) બીજાપાસે રહેલી તલવાર જો બુઠ્ઠી જ હોય, તો કંઇ તલવાર ઝૂંટવી બીજાનો ઘાત કરવા કોઇ ઉદ્યમ કરતું નથી. જ્યારે અહીં તમે અનુમાનને પ્રમાણતરીકે સ્વીકારતા જ નથી. તેથી અપ્રમાણભૂત અનુમાન બીજાને પણ આત્મપ્રતિષેધ કરાવવા સમર્થ ન બની શકે. કેમકે જે પ્રમાણભૂત ન હોય, તે યથાવસ્થિત અર્થબોધમાં કારણ બની શકે નહિ. નહિતર તો જે તે વચનથી જ અર્થબોધ કરાવી શકાય, અને પ્રમાણ શોધવાની મહેનત માથે જ પડે ।।૧૨૫।।
આ જ તર્કને પુષ્ટ કરતા કહે છે.

*ગાથાર્થ* :- વિનિપાત કરવાની શક્તિની હાજરીમાં તે(=વિનિપાત) અવશ્ય યોગ્ય છે. આજ પ્રમાણે જો તે (=અનુમાન) પ્રતિપત્તિનું કારણ હોય, તો શી રીતે અપ્રમાણ બને?

તલવારમાં ઘા કરવાની શક્તિ હોવાથી તેનાથી (=તલવારથી) કરાતો બીજાનો વિનિપાત અવશ્ય યોગ્ય ઠરે છે. પણ અનુમાનથી આત્માના પ્રતિષેધની પ્રતિપત્તિ યોગ્ય ઠરતી નથી, કેમકે તે અપ્રમાણભૂત હોવાથી, તેમાં(=અનુમાનમાં) આવી પ્રતિ-પત્તિ કરાવવાની શક્તિ જ નથી. અને જો તમે અનુમાનમાં આત્માનો પ્રતિષેધ દર્શાવવાની શક્તિ માન્ય રાખશો, તો વાસ્તવમાં અનુમાનને પ્રમાણભૂત માનવાની જ આપત્તિ છે. આમ જો('ચ'પદ 'જો'અર્થક છે.) તલવારના દૃષ્ટાંતથી અનુમાનમાં તેવી શક્તિ સ્વીકારશો, અને તેથી આત્માના પ્રતિષેધની પ્રતિપત્તિમાટે તેને કારણતરીકે સ્વીકારશો, તો અનુમાન અપ્રમાણભૂત શી રીતે બનશે ? અર્થાત્ અપ્રમાણ નહિ જ બને. કેમકે યથાવસ્થિતવસ્તુવિષયક બનવાથી તેમાં(=અનુમાનમાં) પ્રામાણ્ય ઉપપન્ન થાય છે. (તમારે મન આત્માનો પ્રતિષેધ યથાવસ્થિત વસ્તુરૂપ છે. અને અનુમાનપ્રમાણ તેને વિષય બનાવે છે.)

અહીં પાસે રહેલો કોઇક કહે છે. તમે આમ કેમ કહો છો કે "જો તે અનુમાન પ્રતિપત્તિનું કારણ બનતું હોય, તો અપ્રમાણ શી રીતે બને?" અર્થાત્ 'અનુમાન પ્રતિપત્તિનું નિમિત્ત છે' એમ કહેવામાત્રથી કંઇ તે પ્રમાણભૂત બનતું નથી. કેમકે 'માત્ર પ્રતિપત્તિનિમિત્તતા જ કંઇ પ્રામાણ્યનું લક્ષણ નથી.' અર્થાત્ જે પ્રતિપત્તિનું નિમિત્ત બને તે પ્રમાણભૂત હોય, તેવો નિયમ નથી. કેમકે તેમાં અનેકાંતિક દોષ છે. કેમકે પ્રતિપત્તિ (=જ્ઞાન)ના નિમિત્ત તરીકે રૂપ, આલોક (=પ્રકાશ) આંખ વગેરે પણ સંમત છે. પણ તે બધા પ્રમાણ તરીકે માન્ય નથી. ।।૧૨૬।।

कथमिदमुक्तं--यदि तदनुमानं प्रतिपत्तिनिमित्तं ततः कथमप्रमाणमिति, न हि प्रतिपत्तिनिमित्ततामात्रं प्रामाण्यलक्षणं, तस्य व्यभिचारित्वात्, **तथाहि--** रूपालोकचक्षुरादयोऽपि प्रतिपत्तिनिमित्तं भवन्ति, न च ते प्रमाणमिति ॥१२६॥ एतदेव दूषयितुमाशङ्कमान आह---

जइ पडिवत्तिणिमित्तं सव्वं माणंति हंत विसओवि ।

पावइ पमाणमेवं इच्छिज्जइ सोवयारेणं ॥ १२७ ॥

(यदि प्रतिपत्तिनिमित्तं सर्वं मानमिति हन्त । विषयोऽपि । प्राप्नोति प्रमाणमेवमिष्यते सोपचारेण)

यदि प्रतिपत्तिनिमित्तं सर्वं मानमिष्यते, अत्र सर्वशब्दो नियमार्थः, यदि प्रतिपत्तिनिमित्तं मानमेवेत्यर्थः, यथा सर्वं कृतकमनित्यमित्यत्र कृतकमनित्यमेवेति इतिशब्दस्तस्मादर्थे, ततो हन्त। विषयोऽपि उपलक्षणत्वादालोकादयोऽपि प्राप्नोति प्रमाणं,*'एवं'* प्रतिपत्तिनिमित्ततामात्रप्रामाण्याभ्युपगमे, आचार्य आह--*'इच्छिज्जइ सोवयारेणंति'* *'सोऽपि'* विषयोऽपि आस्तां तावत् ज्ञानमित्यपिशब्दार्थः। उपलक्षणमेतत्, आलोकादयोऽपि उपचारेण गौण्या वृत्त्या इष्यते प्रमाणम् । ततो नातिप्रसङ्गो दोषाय। न ह्यभ्युपगमा एव बाधायै भवन्ति ॥१२७॥ उपचारश्च मुख्यापेक्ष इति, मुख्यं प्रमाणमुपदिशन्नाह--

णिच्छयओ पुण एत्थं पडिवत्ती चेव होइ माणं तु ॥

तीए (य) दोण्हवि भावे ण तं पमाणति वामोहो ॥ १२८ ॥

(निश्चयतः पुनरत्र प्रतिपत्तिरेव भवति मानं तु । तस्याश्च द्वयोरपि भावे न तत् प्रमाणमिति व्यामोहः)

*'निश्चयतः'* परमार्थेन मुख्यवृत्त्येतियावत् पुनःशब्दो वाक्यभेदे *'अत्र'* प्रमाणविचारप्रक्रमे प्रतिपत्तिरेव अर्थग्रहणपरिणामलक्षणा भवति *'मानं'* प्रमाणम्, प्रतिपद्यतेऽर्थोऽनयेति प्रतिपत्तिरितिकृत्वा । तुः पूरणे । *'इय पडिवत्तिनिमित्तं चे'*त्यत्र तु प्रतिपत्तिशब्दो भावसाधनो विवक्षितः, तथाप्रकरणात्, तस्याश्च निमित्तमनुमानमर्थग्रहणपरिणामात्मकप्रतिपत्त्याश्रयत्वात् । कथं पुनरन्यत् प्रमाणं निश्चयतो न भवतीति चेत्? उच्यते--इह तदेव प्रमाणं यत इयं प्रमेयाधिगतिरव्यवधानेन स्वतत्त्वं प्रतिलभते, प्रमीयतेऽनेनेति प्रमाणमिति करणे व्युत्पादनात्। करणं हि नाम कारकं तदुच्यते यत्क्रियाया अन्त्यं भेदकं, तच्चान्त्यं भेदकं यस्य कारकस्य भेद(क?)व्यापारः, सर्वेषामपि कर्त्रादिकारकाणां भेदकत्वेऽपि तदन्यतमेन भेदकान्तरेणापेक्षणीयेन(न?)व्यवधीयते किन्तु तद्भेदेनैव क्रिया भिद्यते, प्रमेयार्थाधिगतिक्रियायाश्चान्त्यं भेदकं ज्ञानस्य प्रमेयार्थ

---

*(મુખ્યવૃત્ત્યા પ્રતિપત્તિ પ્રમાણરૂપ)*

આવી શંકાને દોષમૂળક બતાવવા આશંકા કરતા કહે છે.

*ગાથાર્થ* :- (શંકા) જો પ્રતિપત્તિનું નિમિત્ત બનતું બધું જ પ્રમાણભૂત હોય, તો એ પ્રમાણે વિષય પણ પ્રમાણ બનશે. (ઉત્તર) તે(=વિષય) પણ ઉપચારથી (પ્રમાણતરીકે) ઇષ્ટ છે.

જો પ્રતિપત્તિમાં નિમિત્ત બનતું બધું પ્રમાણતરીકે ઇષ્ટ હોય અહીં સર્વ=બધું શબ્દ નિયમ દર્શાવે છે. તેથી જો પ્રતિપત્તિનું નિમિત્ત પ્રમાણ જ હોય તેવો અર્થ થયો. જેમકે બધું કૃતક (=કાર્ય) અનિત્ય હોય=કૃતક અનિત્ય જ હોય. (મૂળમાં 'ઇતિ'પદ 'તો' એવા અર્થમાં છે.) તો વિષય પણ (ઉપલક્ષણથી આલોકવગેરે પણ) પ્રમાણ બનશે. (આ આપત્તિ પ્રતિપત્તિમાં નિમિત્તપણા માત્રથી પ્રામાણ્ય સ્વીકારવામાં છે.)

*ઉત્તરપક્ષ* :- જ્ઞાનની વાત તો જવા દો. વિષય પણ ઉપચારથી પ્રમાણતરીકે ઇષ્ટ છે. આ ઉપલક્ષણ છે. ઉપલક્ષણથી આલોકવગેરે પણ ઉપચારથી=ગૌણરૂપે પ્રમાણતરીકે ઇષ્ટ છે. તેથી વિષયને પ્રમાણ માનવાની આપત્તિનો આપેલો અતિપ્રસંગ દોષરૂપ નથી. કેમકે અભ્યુપગમો જ બાધઆપત્તિરૂપ બનતા નથી. ॥૧૨૭॥

ઉપચાર હંમેશા મુખ્યને અપેક્ષીને હોય છે, તેથી મુખ્ય પ્રમાણ ઉપદેશતા કહે છે.

*ગાથાર્થ* :- નિશ્ચયથી તો અહીં પ્રતિપત્તિ જ પ્રમાણ છે. અને તેના (=પ્રતિપત્તિ) બન્ને (અર્થ અને જ્ઞાન) સમ્બન્ધીઓની હાજરીમાં તે (=વિષય) પ્રમાણ નથી તેમ કહેવું વ્યામોહ છે.

(મૂળમાં 'પુન' પદ વાક્યભેદ સૂચક છે) પ્રમાણના વિચારના પ્રસ્તાવમાં અર્થના ગ્રહણના પરિણામરૂપ પ્રતિપત્તિ જ મુખ્યતયા-પરમાર્થથી પ્રમાણરૂપ છે. કેમકે પ્રતિપત્તિની વ્યુત્પત્તિ 'જેનાથી અર્થ પ્રતિપન્ન (=જ્ઞાત) થાય તે પ્રતિપત્તિ' એવી છે. ('તુ' પદ છંદપૂરક છે.) પૂર્વે જ્યાં 'ઇય પડિવત્તિનિમિત્ત' ઇત્યાદિ (ગા. ૧૨૬) કહ્યું હતું, ત્યાં પ્રતિપત્તિ શબ્દની ભાવવ્યુત્પત્તિ ઇષ્ટ હતી. ('તિ' પ્રત્યય મુખ્યતયા ભાવઅર્થમાં લાગે છે. તેથી પ્રતિપન્ન કરાય તે પ્રતિપત્તિ એવી વ્યુત્પત્તિ ઇષ્ટ હતી.) એવો નિર્ણય તે વખતના તેવા પ્રકરણથી ગમ્ય છે.

*તસ્માચ્ચ* પ્રસ્તુતમાં પ્રતિપત્તિની પ્રમાણતયા સિદ્ધિ ઇષ્ટ છે. તેથી કરણતયા વ્યુત્પત્તિ કરી. આ પ્રતિપત્તિનું નિમિત્ત (=કારણ) અનુમાન છે, કેમકે અર્થગ્રહણપરિણામરૂપ પ્રતિપત્તિનું તે (=અનુમાન) આશ્રય છે. (અનુમાનજ્ઞાનમાં સાધ્યઅર્થગ્રહણનો પરિણામ ઉત્પન્ન થાય છે. તેથી અનુમાનને પ્રતિપત્તિના આશ્રય તરીકે કહ્યું)

*(પ્રતિપત્તિની કરણતયા સિદ્ધિ)*

*શંકા* :- નિશ્ચયથી (=પરમાર્થથી) પ્રતિપત્તિને છોડી અન્ય કોઇ પ્રમાણ કેમ નથી ?

*સમાધાન* :- જેનાથી આ પ્રમેયનો બોધ અડચણવગર અથવા અવિલંબે ઉત્પન્ન થાય તે જ પ્રમાણતરીકે અભિમત છે. કેમકે 'જેનાથી પ્રમિતિ થાય, તે પ્રમાણ' એવી કરણકારકમય વ્યુત્પત્તિ ઇષ્ટ છે. (અર્થાત્ પ્રમાણ પ્રમિતિરૂપ ફળ=કાર્યના કરણતરીકે ઇષ્ટ છે.) કારણકે ખરેખર કરણ તેજ કારક બને જે ક્રિયાનો છેલ્લો ભેદક હોય, અને વિશિષ્ટ વ્યાપારવાળો હોય.

ग्रहणपरिणामलक्षणम्, तद्वशादेव बोधरूपतया अविशिष्टस्यापि ज्ञानस्य प्रतिकर्म्म विभागोपपत्तेः, यथा नीलस्येदमदः पीतस्येति । ततः स एवार्थग्रहणपरिणामः प्रमाणं न त्वन्यदिन्द्रियादिकम्, ततो ज्ञानस्य प्रतिकर्म्म व्यवस्थानुपपत्तेः । तथाहि---नेन्द्रियाणि प्रतिविषयं ज्ञानस्य भेदकानि, अशेषनीलपीतादिविज्ञानसाधारणत्वात्, तानि हि यथा पाटवादिगुणोपेतानि नीलविज्ञाने कारणत्वेन व्याप्रियन्ते तथा पीतविज्ञानेऽपीति, एतेनालोकोऽपि प्रमाणत्वेनाभ्युपगम्यमानः प्रतिक्षिप्तो द्रष्टव्यः, तस्याप्यशेषविज्ञानसाधारणतया विज्ञानस्य प्रतिविषयव्यवस्थाहेतुत्वायोगात्, अर्थस्तु यद्यपि स्वरूपेण भिन्नत्वाद्भेदकस्तथापि नैवासौ ज्ञानविशेषव्यवस्थानिमित्तं, स हि अद्याप्यज्ञातः, अज्ञातेन च तेन विज्ञानमनुभूयमानं संसृष्टमित्येव न विज्ञातुं शक्यं, किं पुनस्तत्संसर्गितया विशिष्टं व्यवस्थापयितुमिति । एवमिन्द्रियार्थसन्निकर्षोऽपि प्रत्यर्थं भिद्यमानो ज्ञानस्य प्रतिविषयव्यवस्थाहेतुः परिकल्प्यमानो निराकृतो द्रष्टव्यः, अज्ञातत्वेन तस्यापि प्रतिविषयव्यवस्थाहेतुत्वायोगात्, इतश्च नासौ प्रमाणं, सर्वात्मना सन्निकर्षेऽपि कैश्चिदेव धर्म्मैः प्रतिपत्तेः, अर्थाधिगमनिमित्तं हि प्रमाणम् इष्यते, सन्निकर्षश्चेदर्थाभिगमनिमित्तं ततः सर्वात्मना सन्निकृष्टे वस्तुनि सर्वैरेव स्वपरपर्यायैस्तद्विषया प्रतिपत्तिरुत्पद्येत, न चोत्पद्यते, तस्मान्नैवासौ प्रमाणम् । यदप्युच्यते मीमांसकैः-*'प्रथममालोचनाज्ञानं निर्विकल्पकं विकल्पविज्ञानस्य निमित्तं सत् प्रमाणम्, तेषां हि मतेनालोचनाज्ञानप्रभृतीनां प्राप्तिज्ञानपर्यन्तानां पूर्वं पूर्वं प्रमाणमुत्तरमुत्तरं तु फलमिति'*। तदप्यसमीचीनम्, आलोचनाज्ञानस्य विवक्षितार्थग्रहणपरिणामाभावे तस्य तदर्थालोचनत्वस्यैवासिद्धेः। यदि नीलस्यार्थस्यैतदालोचनं इति सिद्ध्येत् तदा तस्योत्तरकालभाविनं तद्विशेषविषयं विकल्पं प्रति प्रामाण्यं भवेत्, यावता विवक्षितार्थग्रहणपरिणामाभावात् तस्य तदर्थालोचनत्वमेवासिद्धमिति कुतस्तस्य प्रामाण्यमिति? तथा यदपि नैयायिकवैशेषिकैर्विशेषणज्ञानं *प्रमाणं विशेष्यज्ञानं फलमिति* प्रतिपन्नम्, तदपि न विचारक्षमम्, विशेषणज्ञानस्य विशेषणलक्षणार्थग्रहणपरिणामाभावे विशेष्यज्ञानात्स्वार्थग्रहणपरिणाम-

---

આમ તો કર્તાવગેરે બધા જ કારકો ક્રિયાના ભેદક છે. પણ તેઓ અંત્ય ભેદક નથી, કેમકે તેઓ ક્રિયાસિદ્ધિમાટે અન્ય ભેદકની અપેક્ષા રાખે છે. તેથી જ તેઓ હાજર હોય, તો પણ અર્થબોધની ક્રિયામા ઢીલ થાય છે. જ્યારે કરણકારક ક્રિયાનો ભેદક બને છે પછી અન્ય કોઈની અપેક્ષા રહેતી નથી અને અવિલંબે અર્થબોધઆદિ કાર્ય થાય છે. તેથી કરણકારક જ ક્રિયાનો અન્ત્યભેદક છે. કારણકે જેના ભેદવ્યાપારથી જ અન્યભેદકકારકની અપેક્ષા વિના ક્રિયા ભિન્ન(=વિશિષ્ટ) થાય છે. તે અન્ત્યભેદકકારક છે. આ લક્ષણ કરણકારકમાં બરાબર ઘટે છે. પ્રસ્તુતમાં પ્રમેયના બોધની ક્રિયારૂપ જ્ઞાનનું અન્ત્યભેદક છે પ્રમેયઅર્થના ગ્રહણ(જ્ઞાન)પરિણામરૂપ પ્રતિપત્તિ. કારણકે બોધરૂપે સમાન દેખાતા જ્ઞાનોમાં પણ આવી પ્રતિપત્તિના ભેદથી જ દરેક બોધક્રિયામાં ભેદ સુસંગત થાય છે. જેમકે 'આ નીલપદાર્થનું જ્ઞાન છે.' 'પેલું પીતપદાર્થનું જ્ઞાન છે.' અર્થાત્ જ્ઞાનક્રિયાઓ જ્ઞાનક્રિયારૂપે સમાન હોવા છતાં, તેઓમાં પ્રતિપત્તિના ભેદથી ભેદ પડે છે. તેથી તે અર્થગ્રહણપરિણામરૂપ પ્રતિપત્તિ જ પ્રમાણભૂત છે. તેનાથી ભિન્ન ઇન્દ્રિયવગેરે નહિ.

ઇન્દ્રિયવગેરેના કારણે પ્રત્યેકજ્ઞાનક્રિયાને આશ્રયી જ્ઞાનની વ્યવસ્થા ઉપપન્ન થતી નથી. તે આ પ્રમાણે ➡ ઇન્દ્રિયો જુદા જુદા વિષયને આશ્રયી જ્ઞાનમાં ભેદ ઉત્પન્ન કરાવતી નથી. કેમકે નીલ, પીતવગેરે તમામ વિજ્ઞાનમાં તેઓ(=ઇન્દ્રિયો) સાધારણરૂપે=અવિશેષરૂપે પ્રવૃત્ત થાય છે. પાટવવગેરે ગુણોથી સભર ઇન્દ્રિયો જેવી રીતે નીલવિજ્ઞાન(=નીલપદાર્થના જ્ઞાન)માં કારણતરીકે વ્યાપૃત થાય છે, તેવી જ રીતે પીતવિજ્ઞાનમાં પણ વ્યાપૃત થાય છે. (અર્થાત્ ભિન્ન ભિન્ન વિષયના જ્ઞાન વખતે ઇન્દ્રિયોનો વ્યાપાર ભિન્ન ભિન્ન થતો નથી.) આ જ પ્રમાણે આલોક=પ્રકાશનો પણ પ્રમાણતરીકેનો અભ્યુપગમ જર્જરિત થયેલો જોવો. કેમકે તે પણ સઘળા જ્ઞાનોમાં સાધારણ=અવિશેષરૂપ હોવાથી ભિન્ન ભિન્ન વિષયોને આશ્રયી જ્ઞાનની વ્યવસ્થા કરવામાં કારણ બનતો નથી.

*શંકા* :- ભલે આલોકવગેરે પ્રમાણરૂપ ન હો, પણ અર્થ (=જ્ઞાનનો વિષય) ને તો પ્રમાણતરીકે સ્વીકારવો જ પડશે. કેમકે જ્ઞાનના વિષય બનતા અર્થો સ્વરૂપથી જ પરસ્પર ભિન્ન છે. તેથી તેઓને વિષય બનાવતું જ્ઞાન પણ ભિન્ન બને છે. આમ જ્ઞાનક્રિયામાં ભેદક બનતો અર્થ જ્ઞાનની વ્યવસ્થામાં નિમિત્ત બને છે. અને પ્રમાણરૂપ ઠરે છે.

*સમાધાન* :- તમારી વાત સાચી છે. છતાં પણ અર્થ પ્રમાણતયા અસિદ્ધ છે. કેમકે તે(=અર્થ) જ્ઞાનવિશેષની વ્યવસ્થામાં કારણ બનતો નથી. કારણકે જે વખતે જ્ઞાનક્રિયા થઇ રહી છે, તે વખતે અર્થ પોતે હજી અજ્ઞાતઅવસ્થામાં છે. તેથી 'અનુભવાતું વિજ્ઞાન તે અજ્ઞાત અર્થથી સંસૃષ્ટ છે.' તેવું જ્ઞાન થઇ શક્તું નથી, તો 'તે અર્થના સંસર્ગવાળું હોવાથી આ જ્ઞાન વિશિષ્ટ છે.' તેવી વ્યવસ્થા (=નિર્ણય) કરવાનો તો અવકાશ જ ક્યાં છે ? (તાત્પર્ય તે તે અર્થની બોધક્રિયા વખતે અર્થનો બોધ થઇ ગયો હોતો નથી. અર્થાત્ અર્થ હજી જ્ઞાયમાનઅવસ્થામાં છે, જ્ઞાતઅવસ્થામાં નથી. તેથી અનુભવાતો બોધ ક્યા અર્થસાથે સમ્બન્ધિત છે, તેવો નિર્ણય થયો નથી. તેથી એ અનુભવાતો બોધ અમુક અર્થસાથે સંબંધિત હોવાથી વિશિષ્ટ છે. એવો નિર્ણય પણ થતો નથી.) તેથી અર્થ પણ પ્રમાણરૂપ નથી. એજ પ્રમાણે 'ઇન્દ્રિય અને વિષયનો સન્નિકર્ષ (=સમ્બન્ધ) પણ પ્રમાણતરીકે અસંગત છે' તેમ સમજવું. અલબત્ત, બીજાઓએ(=નૈયાયિકોવગેરે) કલ્પેલો આ સન્નિકર્ષ વિષયના ભેદથી ભેદ પામે છે. વિશિષ્ટ છે. છતાં પણ જ્ઞાનક્રિયાકાળે અર્થ અજ્ઞાત હોવાથી આ ઇન્દ્રિયાર્થસન્નિકર્ષ પણ અજ્ઞાત છે. તેથી તે (=સન્નિકર્ષ) પણ પ્રતિવિષય જ્ઞાનની વ્યવસ્થામાં હેતુ બની શકે નહિ. વળી, સન્નિકર્ષને પ્રમાણ ન માનવામાં બીજો પણ હેતુ છે, તે આ પ્રમાણે ➡ વસ્તુનો ઇન્દ્રિયસાથે થતો સન્નિકર્ષ સંપૂર્ણતયા થતો હોવા છતાં વસ્તુની પ્રતિપત્તિ સંપૂર્ણતયા થતી નથી, પરંતુ વસ્તુના કેટલાક ધર્મોથી જ થાય છે. અર્થના જ્ઞાનમાં કારણ બનનાર પ્રમાણતરીકે ઇષ્ટ છે. હવે જો, સન્નિકર્ષ અર્થના જ્ઞાનમાં કારણ હોત, તો સંપૂર્ણતયા સન્નિકૃષ્ટ રહેલી વસ્તુની તેના સ્વપર બધા જ પર્યાયોસહિત પ્રતિપત્તિ થવી જોઇએ. પણ તેમ થતું નથી. તેથી સન્નિકર્ષ પ્રમાણભૂત નથી. (પ્રમાણનયતત્ત્વાલોકકારે પણ પ્રમિતિ=જ્ઞાનક્રિયારૂપ કાર્યના જ્ઞાનાત્મક કારણનો જ પ્રમાણતરીકે સ્વીકાર કર્યો છે જ્ઞાનભિન્ન સન્નિકર્ષવગેરેનો નહિ.)

विकलाद्विशेषव्यवस्थाया एवानुपपत्तेः । यदि हि विशेष्यविशेषणज्ञानयोर्विभागः कर्तुं शक्येत-इदं विशेष्यज्ञानं इदं तु विशेषणज्ञानमिति तदा स्यादपि विशेष्यज्ञानं प्रति विशेषणज्ञानं प्रमाणम्, यदा तु स्वस्वार्थग्रहणपरिणामाभावादुभयोरपि विभाग एव कर्तुं न शक्यते तदा कथं विशेष्यज्ञानं प्रति विशेषणज्ञानं प्रमाणं भवितुमर्हति?। अपि च क्रियायाः साधनस्य च विषयनानात्वं न युज्यते, तथादर्शनाभावात्, न हि धवादावुत्पतननिपतनव्यापारवति परशौ ततोऽन्यत्र छिदिक्रिया भवन्ती दृश्यते, तत इहाप्यन्यत्रैव विशेषणज्ञानं प्रमाणभूतं व्यापृतमन्यत्रैव च विशेष्यज्ञानं तत्फलभूतमिति व्याहतमेतत्, तन्न विशेषणज्ञानं विशेष्याधिगतिक्रियां प्रति प्रमाणम् । अथ मा प्रापदयं दोष इति विशेषणविशेष्य-ज्ञानयोरभिन्नविषयत्वमभ्युपगम्यते, तर्हि द्वयकल्पना व्यर्था, विशेषणज्ञानेनैव तस्यार्थस्याधिगतत्वेन विशेष्यज्ञानस्याकिंचित्कर-त्वात् । एतच्चालोचनाज्ञानोत्तरविकल्पज्ञानयोरपि दूषणं वाच्यम्, तत्रापि ह्येकविषयत्वे सति उत्तरविकल्पज्ञानस्य वैय्यर्थ्यं भिन्नविषयत्वे क्रियासाधनविषयनानात्वविरोध इति । तथा यदप्युच्यते-ज्ञानस्य प्रमेयसारूप्यं प्रमाणं, तदन्तरेण प्रमेयाधि-गतिव्यवस्थानुपपत्तेः। तदुक्तम्-*"अर्थेन घटयत्येनां, न हि मुक्त्वार्थरूपताम्। तस्मात्प्रमेयाधिगतेः, प्रमाणं मेयरूपता ॥१॥"* इति। तदप्ययुक्तम्, विज्ञानस्य प्रमेयसारूप्यायोगात्, अमूर्त्तस्य प्रतिबिम्बाभावात्, **तथाहि**--यदमूर्तं न तत् प्रतिबिम्बवत्, यथाकाशम्, अमूर्तं च विज्ञानमिति । प्रतिबिम्बं हि प्रतिबिम्बवतो दर्प्पणादेः प्रतिबिम्ब्यजपाकुसुमादिवस्तुगतसन्निवेश-विशेषानुकारी रूपसन्निवेशविशेषः, स च मूर्तानामेव धर्म्मो *"रूप-रस-गन्ध-स्पर्शवन्तः पुद्गला"* इति वचनप्रामाण्यात्,

---

*(મીમાંસકકલ્પિત આલોચનાજ્ઞાનના પ્રામાણ્યનો નિષેધ)*

મીમાંસકો કહે છે કે પ્રથમ ઉત્પન્ન થતું નિર્વિકલ્પક (તદ્દન અવિશિષ્ટ) આલોચનાજ્ઞાન તદનન્તર ઉત્પન્ન થતા વિકલ્પજ્ઞાનનું નિમિત્ત બનતું હોવાથી પ્રમાણભૂત છે. આ મતે આલોચનાજ્ઞાનથી માંડી પ્રમિજ્ઞાન સુધીના જ્ઞાનોમાં પૂર્વ-પર્વનું જ્ઞાન પ્રમાણ બને છે, અને ઉત્તર ઉત્તરનું જ્ઞાન ફલ=કાર્ય બને છે.

*ઉત્તરપક્ષ* :- (આલોચનાજ્ઞાન જો અભિપ્રેત અર્થને ગ્રહણ કરવાના પરિણામવાળું હોય, તો તે નિર્વિકલ્પક ન રહેતાં સવિકલ્પક બની જાય અને જો) આલોચનાજ્ઞાન અભિપ્રેતઅર્થને ગ્રહણ કરવાના પરિણામવાળું ન હોય, તો તે (=આલોચના જ્ઞાન) તેજ (=અભિપ્રેત) અર્થની આલોચનારૂપ છે, તેમ સિદ્ધ જ નહિ થાય. કેમકે જો 'આ નીલઅર્થની આલોચનારૂપ છે.' એમ સિદ્ધ થાય, તો જ તે આલોચનાજ્ઞાનના ઉત્તરકાળે થતા તે(=નીલઅર્થ)ના વિશેષપર્યાયોને વિષય બનાવતા વિકલ્પજ્ઞાન પ્રત્યે આલોચનાજ્ઞાન પ્રમાણભૂત બને. પણ જ્યારે આલોચનાજ્ઞાનમાં અભિપ્રેતઅર્થ ગ્રહણ કરવાનો પરિણામ જ નથી, ત્યારે તે (=આલોચના) તે(=અભિપ્રેત) અર્થની આલોચનારૂપે જ અસિદ્ધ છે, તો તેમાં (=આલોચનાજ્ઞાનમાં) પ્રામાણ્યના વિચારને અવકાશ જ ક્યાં છે ?

*(વિશેષણ વિશેષ્યજ્ઞાન પ્રમાણ-પ્રમિતિભાવનિરાસ)*

*નૈયાયિક વૈશેષિક* :- વિશેષણજ્ઞાન પ્રમાણરૂપ છે. અને વિશેષ્યજ્ઞાન ફળરૂપ છે.

*ઉત્તરપક્ષ* :- આ કથન વિચારરમણીય નથી. વિશેષણજ્ઞાનમાં વિશેષણાત્મકઅર્થગ્રહણનો પરિણામ તમને ઇષ્ટ નથી. (જ્ઞાનમાં સ્વાવબોધસામર્થ્ય તમે સ્વીકાર્યું નથી) તેજ પ્રમાણે વિશેષ્યજ્ઞાન પણ સ્વાર્થગ્રહણપરિણામથી વિકલ છે. તેથી વિશેષ્યનો નિર્ણય પણ થતો નથી. તેથી વિશેષણ અને વિશેષ્યવચ્ચેના વિશેષનો નિર્ણય જ અનુપપન્ન છે. જો વિશેષ્ય અને વિશેષણજ્ઞાનનો વિભાગ કરવો શક્ય હોત, કે 'આ વિશેષ્યજ્ઞાન અને આ વિશેષણજ્ઞાન' તો કદાચ વિશેષણજ્ઞાનને વિશેષ્યજ્ઞાનપ્રતિ પ્રમાણતયા સ્વીકારી શકાત. પણ જ્યારે બન્ને પોતપોતાના અર્થના ગ્રહણપરિણામથી વિકલ હોય, ત્યારે બન્નેવચ્ચે વિશેષણ અને વિશેષ્યનો વિભાગ જ શી રીતે થઇ શકે ? અને તેવા વિભાગના અભાવમાં વિશેષણજ્ઞાનને શી રીતે વિશેષ્યજ્ઞાનના પ્રમાણતરીકે સ્વીકારી શકાય ? વળી, ક્રિયા અને સાધનના વિષય જૂદા જૂદા હોઇ શકે નહિ. કેમકે ક્યાંય તેમ દેખાતું નથી. કુહાડી ધવ(વૃક્ષવિશેષ) વગેરે પર ઉઠવા-પડવાના વ્યાપારવાળી હોય, અને છેદાવાની ક્રિયા કોઇ અન્ય જ વૃક્ષવગેરે પર થાય, તેવું દેખાતું નથી. તેજ પ્રમાણે અહી પણ પ્રમાણભૂત વિશેષણજ્ઞાન અન્યઅર્થ(=વિશેષણભૂત અર્થ)અંગે પ્રવૃત્ત થાય, અને તેના ફળરૂપ વિશેષ્યજ્ઞાન અન્યઅર્થ(=વિશેષ્યઅર્થ)અંગે પ્રવૃત થાય, એ વાત તદ્દન અસંગત છે. (તેથી વિશેષણજ્ઞાન વિશેષ્યના બોધ=જ્ઞાનની ક્રિયાપ્રત્યે પ્રમાણ નથી.)

*શંકા* :- વિશેષણજ્ઞાન અને વિશેષ્યજ્ઞાન આ બન્ને જ્ઞાનને સમાન વિષયક માનવાથી આ દોષ મૂળથી નાશ પામશે.

*સમાધાન* :- બન્ને જ્ઞાનના વિષય જો એક જ હોય, તો બે જ્ઞાન માનવાની જરૂર જ શું છે ? વિશેષણજ્ઞાનથી જ તે (=અભિપ્રેત) અર્થ જ્ઞાત થઇ જશે. તેથી વિશેષ્યજ્ઞાન અકિંચિત્કર બનશે. આ જ, વાત 'આલોચનાજ્ઞાન' અને તેની ઉત્તરમાં થતા વિકલ્પજ્ઞાન અંગે પણ સમાન છે. જો આલોચનાજ્ઞાન અને ઉત્તરકાલીન વિકલ્પજ્ઞાન બન્ને સમાનવિષયવાળા હોય, તો ઉત્તરકાલીન વિકલ્પજ્ઞાનની કલ્પના વ્યર્થ છે અને જો ભિન્ન વિષયવાળા હોય, તો બે વચ્ચે પ્રમાણ-પ્રમિતિભાવ નહી રહે, કેમકે ક્રિયા અને સાધનના વિષયો ભિન્ન માનવામાં વિરોધ દોષ છે.

*(બૌદ્ધમાન્ય પ્રમેયસારુપ્યવાદનિરાસ)*

બૌદ્ધ-જ્ઞાનમાં રહેલું પ્રમેયનું સારુપ્ય જ પ્રમાણરૂપ છે. કેમકે આ પ્રમેયસારુપ્ય=અર્થસારુપ્યના અભાવમાં પ્રમેયના બોધની વ્યવસ્થા ઘટી શકતી નથી. કહ્યું છે કે "આ અર્થરૂપતાને છોડી (જ્ઞાન) અર્થસાથે ઘટના કરી શકતું નથી (અર્થાત્ અર્થનું સંવેદન કરાવી શકતું નથી.) તેથી પ્રમેય(=વિષયભૂતઅર્થ)ના બોધમાં પ્રમેયરૂપતા(=પ્રમેયસારુપ્ય=અર્થસારુપ્ય=અર્થરૂપતા) જ પ્રમાણભૂત છે."

ततः प्रतिबिम्बं स्वाश्रयमूर्तत्वेन व्याप्यते, विज्ञानं चामूर्तं, मूर्त्तिलक्षणायोगात्, रूपादिसंस्थानविशेषो मूर्तीरिति हि मूर्ति-लक्षणम्, ततो विज्ञानादाश्रयात् मूर्तत्वेन व्यावर्तमानेन स्वव्याप्यमपि प्रतिबिम्बं व्यावर्त्यत इति व्यापकानुपलब्धिरियम् । एतच्च दर्प्पणादय एव प्रतिबिम्ब्यजपाकुसुमादिसन्निधानविशेषतस्तथा तथा प्रतिबिम्बवत्तया परिणमन्ते इति प्रदेशान्तराभि-व्यक्तमाचार्यस्यैवाभिप्रायमुपजीव्योच्यते। यदा तु न प्रतिबिम्ब्यवस्तुप्रतिबद्धच्छायाणुसंक्रमातिरेकेणादर्शके अन्यप्रतिबिम्बसंभव इति सूत्राभिप्रायोऽनुश्रीयते, तदानीमव्याप्तिदोषो द्रष्टव्यः अनुमानज्ञानानां, तद्विषयस्य देशकालादिविप्रकृष्टतया तत्प्रतिब-द्धच्छायाणुसंक्रमाभावेन सारूप्यायोगतः प्रामाण्यानुपपत्तेः। अमुं च सूत्राभिप्रायमाचार्यः स्वयमेव *सर्वज्ञसिद्धौ* विस्तरतर-केणाभिधास्यत इति नेह प्रतायते । अस्तु वा यथा कथंचन ज्ञानेऽपि अनुमानज्ञानस्यापि च सारूप्यं, तथापि न तत्प्रमाणं, विकल्पाभ्यामयोगात् । **तथाहि**--सर्वात्मना वा सारूप्यं स्यादेकदेशेन वा?, न तावत्सर्वात्मना, तथा सति ज्ञानस्याज्ञानत्वप्रसङ्गात्, सर्वात्मना हि (सामान्यं) सारूप्यं संगतिमुपपद्यते सकलभेदापगमे चार्थ एव स्यादपरार्थव्यक्तिवद्, न ज्ञानम् । अथैकदेशेन तर्हि सर्वं सर्वस्य परिच्छेदकं स्यात्, सर्वस्यापि ज्ञानस्य सर्वैरपि वस्तुभिः सह केनचिदंशे-नान्ततः प्रमेयत्वादिना समानत्वसंभवात् । तथा चैतदेव भवदाचार्योऽपि धर्म्मकीर्त्तिर्विज्ञाननयप्रस्थानेऽभिधत्ते--"*सर्वात्मना हि सारूप्ये, ज्ञानमज्ञानतां व्रजेत्। साम्ये केनचिदंशेन, स्यात्सर्वं सर्ववेदनम् ॥१॥*"। अपि च सारूप्यप्रामाण्याभ्युपगमे अतिप्रसङ्गापत्तिः, **तथाहि**--प्रमितिक्रियानिमित्तं प्रमाणं, सारूप्यं चेत् प्रमितिक्रियानिमित्तमिष्यते ततः कदाचित् पूर्ववि-ज्ञानस्यापि ग्रहणप्रसङ्गः, तस्यापि विषयेण सह तुल्ययोगक्षेमत्वात्। **तथाहि**--कस्यापि पुंसः कदाचित् प्रथमं तावदेकं पुरोवर्तिनीलस्वलक्षणग्रहणप्रवणं नीलप्रतिभासं विज्ञानमुदयते, तस्मादेव च समनन्तरप्रत्ययीभूतात् द्वितीयमपि नीलप्रतिभासं विज्ञानम् उपजायते । तत्र च यथोत्तरस्मिन् विज्ञाने विच्छिन्नो ग्राह्याकारो बाह्य इव प्रतिभासते तथा पूर्वस्मिन्नपि, ततो यथोत्तरविज्ञानस्य बाह्येन विषयेण सह सारूप्यमस्ति तथा पूर्वविज्ञानेनापि । अपि च-बाह्येन सह सारूप्यं नीलादित्वमात्रेण, पूर्वविज्ञानेन पुनः सर्वात्मना, ततश्च यथा सारूप्याद्ग्राह्यार्थस्याधिगतिस्तथा पूर्वविज्ञानस्यापि स्यात्, विशेषाभावात् । उक्तं च--"*यथा नीलादिरूपत्वान्नीलाद्यनुभवो मतः । तथानुभवसारूप्यात्तस्याप्यनुभवो भवेत् ॥१॥*" न

---

*ઉત્તરપક્ષ* :- આ તર્ક પણ તથ્ય વિનાનો છે. વિજ્ઞાનમાં પ્રમેયસારુપ્ય સંભવી શક્તું નથી. કેમકે અમૂર્તમાં પ્રતિબિંબ સંભવી શકે નહિ. *પ્રયોગ* :- 'વિજ્ઞાન પ્રતિબિંબવાળું નથી. કેમકે અમૂર્ત છે, જેમકે આકાશ.' અન્વયવ્યાપ્તિ 'જે જે અમૂર્ત હોય છે, તે તે પ્રતિબિંબવાળું હોતું નથી, જેમકે આકાશ.' વિજ્ઞાન પણ અમૂર્ત છે. તેથી વિજ્ઞાન પ્રતિબિંબવાળું નથી.

*શંકા* :- 'પ્રતિબિંબ' એટલે શું ?

*સમાધાન* :- પ્રતિબિંબ્ય(=જેનું પ્રતિબિંબ પડે, તે) જપાકુસુમવગેરે વસ્તુમાં રહેલા સન્નિવેશ(=સંસ્થાન)વિશેષને અનુસરતોપ્રતિબિંબવાળા અરિસાવગેરેનો જ રૂપસન્નિવેશવિશેષ, 'પ્રતિબિંબ' છે. આ(રૂપસન્નિવેશવિશેષ)મૂર્તવસ્તુઓ નો જ ધર્મ છે. કેમકે 'રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શવાળા પુદ્ગળો (જ) છે' (તત્ત્વાર્થ. ૫/૨૩) એવા વચનનું અહીં પ્રામાણ્ય છે. (રૂપવાન માં જ રૂપવિશેષનો પ્રાદુર્ભાવ સંભવી શકે. આ તાત્પર્ય છે.) આમ પ્રતિબિંબ પોતાના આશ્રયના મૂર્તત્વને વ્યાપ્ય છે. અર્થાત્ જેમાં પ્રતિબિંબ ઉત્પન્ન થાય, તેમાં મૂર્ત્તત્વ(=તે મૂર્ત) જ હોય. મૂર્તમાં જ પ્રતિબિંબ સંભવે. વિજ્ઞાન અમૂર્ત છે. કેમકે તેમાં (=વિજ્ઞાનમાં)'મૂર્તિ'નું લક્ષણ સંભવતું નથી. 'રૂપાદિસંસ્થાનવિશેષ મૂર્ત્તિ છે.' એવું મૂર્ત્તિનું લક્ષણ છે. આમ વિજ્ઞાનાત્મક આશ્રય (=ધર્મી)માંથી વ્યાવૃત્ત થતું મૂર્તત્વ પોતાના વ્યાપ્ય પ્રતિબિંબને પણ વ્યાવૃત્ત કરે છે.આમ વિજ્ઞાનરૂપ પક્ષમાં વ્યાપક(=મૂર્તત્વ) ની અનુપલબ્ધિ છે.આ વિચારણા 'દર્પણવગેરે જ પ્રતિબિંબ્ય જપાકુસુમવગેરેના સન્નિધાનવિશેષથી તેવાપ્રકારના પ્રતિબિંબ તરીકે પરિણામ પામે છે.' એમ અન્યસ્થળે આચાર્ય(=શ્રી હરિભદ્રસૂરિમ.)એ વ્યક્ત કરેલા અભિપ્રાયને અનુસારે કરી છે.

સૂત્ર(=આગમ)ના અભિપ્રાયથી ➡ પ્રતિબિંબ્ય વસ્તુને પ્રતિબદ્ધ છાયાઅણુઓના સંક્રમ વિના અરિસામાં અન્યનું પ્રતિબિંબ સંભવે નહિ. (આગમના અભિપ્રાયે પ્રતિબિંબ પામતી પ્રતિબિંબ્ય વસ્તુમાંથી છાયાઅણુઓ નીકળે છે. આ અણુઓ દર્પણવગેરેમાં સંક્રમ થવાથી આકાર પામે છે. અને તેથી તેમાં પ્રતિબિંબ્યવસ્તુનું પ્રતિબિંબ પડે છે.) આ અભિપ્રાયને આગળ કરવામાં આવે, તો, (જ્ઞાનમાં અર્થસારુપ્યને પ્રમાણ માનવામાં) અનુમાનજ્ઞાનો અવ્યાપ્તિદોષથી દૂષિત થશે. કેમકે અનુમાનજ્ઞાનના વિષય બનતા સાધ્ય અર્થો, જ્ઞાનના સ્થાનથી (=જ્ઞાનકરનાર વ્યક્તિથી) દેશ અને કાળથી ઘણા દૂર હોય છે. તેથી તે વિષયોના છાયાઅણુઓનો જ્ઞાનમાં સંક્રમ સંભવતો નથી. તેથી તે વિષયોનું સારૂપ્ય અનુમાનજ્ઞાનોમાં આવી શક્તું નથી. તેથી અનુમાનજ્ઞાનમાં પ્રામાણ્ય અયોગ્ય ઠરશે. (પ્રમાણતરીકે લક્ષ્યભૂત અનુમાનજ્ઞાનમાં અર્થસારૂપ્યરૂપ પ્રમાણ લક્ષણનો અભાવ આવવાથી અવ્યાપ્તિદોષ છે.) આચાર્ય (=શ્રીહરિભદ્રસૂરિજી) પોતે આવા સૂત્રઅભિપ્રાયને સર્વજ્ઞસિદ્ધિપ્રકરણમાં વિસ્તારથી બતાવશે. તેથી અહીં તેનો વિસ્તાર કરતા નથી. અથવા તો, 'તુષ્યતુ દુર્જન:' ન્યાયથી માની લો, કે અનુમાનજ્ઞાનમાં પણ કોઇપણ હિસાબે જ્ઞાનની જેમ અર્થનું સારૂપ્ય છે. છતાં પણ અર્થસારૂપ્ય પ્રમાણતયા સિદ્ધ થતું નથી. કારણકે બન્ને વિકલ્પો તેમાં અસિદ્ધ છે. બોલો, આ સારૂપ્ય સંપૂર્ણતયા છે, કે એકદેશથી છે ? જો જ્ઞાનમાં અર્થસારૂપ્ય સર્વાત્મના હોય, તો જ્ઞાનને પણ અર્થની જેમ અજ્ઞાન બન્નેરૂપ સ્વીકારવાનો પ્રસંગ છે. કેમકે જ્ઞાનના અર્થસાથેના સંભવિત સકળભેદો દૂર થાય, તો જ સર્વાત્મના સારૂપ્ય સંગત થાય. અને બધા જ ભેદો દૂર થાય, તો કાંતો માત્ર જ્ઞાન જ રહે, કાંતો માત્ર અર્થ જ રહે. જેમકે એક અર્થની બીજા અર્થસાથે અર્થત્વરૂપે સમાનતા હોવાથી બીજો અર્થરૂપ જ છે પણ જ્ઞાનરૂપ નથી. (તાત્પર્ય :- સર્વથા અભિન્ન વસ્તુઓ ભિન્ન ભિન્ન સ્વતંત્ર અસ્તિત્વ ધરાવી શકે નહિ, પરંતુ એકરૂપ જ બની જાય, તેથી જ્ઞાન અને અર્થવચ્ચે સર્વથા સારુપ્ય=અભેદ માનવામાં બન્નેનું એકત્વરૂપે જ અસ્તિત્વ સ્વીકારવું પડે. નહિ કે અલગ અલગ સ્વતંત્ર અસ્તિત્વ. તેથી બેમાંથી એકનો અભાવ માનવાની આપત્તિ આવે.)

च भवति, तस्मान्नैव सारूप्यं प्रमाणं, किंतु यतो निमित्तविशेषात् सारूप्याविशेषेऽपि नियतविषया प्रतिपत्तिरुत्पद्यते स एव निमित्तविशेषोऽर्थग्रहणपरिणामलक्षणः प्रमाणम् । यदि त्वर्थग्रहणपरिणाम एव सारूप्यमित्युच्यते, तदा न काचिदावयोर्विप्रतिपत्तिः, नाम्नि विवादाभावात् । तदेवं निश्चयतः प्रमाणमभिधाय सांप्रतमुपचारनिबन्धनं प्रामाण्यमर्थज्ञानयोरविशेषेणोपपादयन्नाह--'*तीए य इत्यादि*', 'तस्याश्च' अर्थग्रहणपरिणामलक्षणायाः प्रतिपत्तेर्द्वयोरप्यर्थज्ञानयोर्भावे सति भवन्त्या योऽसौ विषयो न स प्रमाणं, किंतु ज्ञानमेवेति व्यामोह एषः, तथाहि--यथा ज्ञानस्यार्थग्रहणपरिणामो ज्ञाने सत्येव भवति न तदभावे, तथा बाह्यार्थस्यापि भावे सति भवति न तदभावे, अन्यथा निर्विषयत्वेन तस्याप्रामाण्यप्रसङ्गात्, ततश्च यथा ज्ञानं तन्निबन्धनत्वादुपचारेण प्रमाणमिष्यते तथा विषयोऽपीष्यतामुपचारनिमित्ताविशेषात्, तथापि चेद्विषयस्य प्रामाण्योपचारप्रतिषेधस्तर्हि व्यामोह एषः, युक्तिवैकल्यादिति स्थितम् ॥१२८॥

अधिकृत एवार्थे परस्याशङ्काशेषमपनेतुकाम आह--

तुल्लाणं वि वभिचारा तमप्पमाणंति किन्न पच्चक्खं ? ।
तेसिं विसेसभावा इतरेसुवि किं ण सो अत्थि ? ॥ १२९ ॥

(तुल्यानामपि व्यभिचाराद् तदप्रमाणमिति किन्न प्रत्यक्षम्?। तेषां विशेषभावादितरेष्वपि किं न सोऽस्ति?)

---

હવે જો જ્ઞાનનું અર્થસાથે એક દેશથી=એકાદ અંશથી=એકાદ ધર્મથી જ સારૂપ્ય ઈષ્ટ હોય, તો પ્રત્યેક જ્ઞાનને સઘળાય અર્થના પરિચ્છેદક=બોધક=પ્રકાશક તરીકે સ્વીકારવું પડશે. કેમકે દરેક જ્ઞાનમાં બધા જ અર્થોનું કોક અંશથી છેવટે પ્રમેયત્વાદિ ધર્મોથી સારૂપ્ય રહેલું જ છે. તેથી જ આ વાત તમને (=બૌદ્ધોને) માન્ય આચાર્ય **ધર્મકીર્તિ** 'વિજ્ઞાનનયપ્રસ્થાન' માં આ પ્રમાણે કહે છે-"જો સર્વાત્મના સારૂપ્ય હોય, તો જ્ઞાન અજ્ઞાનતાને પામે. (=જ્ઞાન અજ્ઞાનરૂપ બને.) અને કોઈક અંશથી સારૂપ્ય હોય, તો બધા (=અર્થો) નું બધા જ (=જ્ઞાનો) થી વેદન (=બોધ) થઈ જાય.

વળી, સારૂપ્યમાં પ્રામાણ્ય સ્વીકારવામાં અતિપ્રસંગ પણ છે. તે આ પ્રમાણે પ્રમિતિક્રિયાનું જે નિમિત્ત=કારણ બને, તે પ્રમાણ છે. હવે, જો સારૂપ્યને પ્રમિતિક્રિયાનું કારણ માનશો, તો ક્યારેક પૂર્વવિજ્ઞાનનું પણ સંવેદન થવાની આપત્તિ છે. કેમકે પૂર્વવિજ્ઞાન પણ વિષયની જેમ સમાન યોગક્ષેમ ધરાવે છે. તે આ પ્રમાણે- કોઈક પુરુષને ક્યારેક પ્રથમ, સામે રહેલા નીલસ્વલક્ષણ(=નીલવસ્તુ)ના બોધમાં સમર્થ 'નીલપ્રતિભાસ' વિજ્ઞાન (નીલઅર્થનો પ્રતિભાસ કરાવનારું જ્ઞાન) ઉદય પામે છે. તે પછી તે જ સમનન્તરપ્રત્યયીભૂત પ્રથમ અનુભવેલા નીલવિજ્ઞાનથી બીજું પણ નીલપ્રતિભાસ વિજ્ઞાન ઉત્પન્ન થાય છે, જેમ આ બીજા નીલપ્રતિભાસ વિજ્ઞાનમાં પ્રતિભાસ થયેલો ગ્રાહ્ય(=અર્થ)આકાર બાહ્યઅર્થ જેવો પ્રતિભાસે છે. તેમ પ્રથમ નીલપ્રતિભાસ વિજ્ઞાનમાં પ્રતિભાસતો ગ્રાહ્યાકાર પણ બાહ્યાર્થતુલ્ય જ પ્રતિભાસે છે. તેથી ઉત્તરવિજ્ઞાનમાં(=બીજા વિજ્ઞાનમાં) જેમ બાહ્ય વિષયસાથે સારૂપ્ય છે, તેમ પૂર્વ(=પ્રથમ)વિજ્ઞાનસાથે પણ સારૂપ્ય છે. વળી, ઉત્તરવિજ્ઞાનનું બાહ્યાર્થસાથે તો માત્ર નીલાદિરૂપે જ સારુપ્ય છે, જ્યારે પૂર્વના વિજ્ઞાનસાથે તો સર્વરૂપે સારુપ્ય છે. તેથી જેમ સારુપ્યના કારણે બાહ્યાર્થનો બોધ થાય છે, તેમ પૂર્વના વિજ્ઞાનનું પણ જ્ઞાન થવું જોઈએ, કેમકે બાહ્યાર્થના ગ્રહણમાં અને પૂર્વજ્ઞાનના અગ્રહણમાં કોઈ વિશેષ કારણ નથી. કહ્યું જ છે કે ➡ "જેમ નીલાદિરૂપતાને કારણે નીલાદિનો અનુભવ(=સંવેદન) ઈષ્ટ છે. તેમ અનુભવના સારૂપ્યથી તેનો(=નીલાદિઅનુભવનો) પણ અનુભવ થવો જોઈએ." પણ તેમ થતું નથી. તેથી નિર્ણય થાય છે કે, સારૂપ્ય પ્રમાણરૂપ નથી. પરંતુ સારૂપ્યની સમાનતા હોવા છતાં જે નિમિત્તવિશેષને કારણે નિયતવિષયક જ પ્રતિપત્તિ થાય, તે નિમિત્તવિશેષ જ અર્થગ્રહણપરિણામ છે, જે નિશ્ચયથી પ્રમાણરૂપ છે. તમને પણ જો, 'અર્થસારૂપ્ય'પદના તાત્પર્યથી 'અર્થગ્રહણપરિણામ' જ અભિપ્રેત હોય, તો આપણા બન્નેના સિદ્ધાંતમાં કોઈ વિરોધ નથી. અને નામભેદમાં વિવાદને અવકાશ નથી.

આમ નિશ્ચયથી અર્થગ્રહણપરિણામરૂપ પ્રતિપત્તિ જ પ્રમાણરૂપ છે. એમ બતાવી, હવે "ઔપચારિકપ્રામાણ્ય અર્થ (=બાહ્યઅર્થ) અને જ્ઞાન-બન્નેમાં સમાનતયા છે." એવું પ્રતિપાદન કરતા કહે છે 'તીએય' ઇત્યાદિ અર્થગ્રહણપરિણામરૂપ આ પ્રતિપત્તિ અર્થ અને જ્ઞાન આ બેની હાજરીમાં જ થાય છે. અર્થાત્ બેમાંથી એકની પણ ગેરહાજરીમાં પ્રતિપત્તિ ન થાય. તેથી 'માત્ર જ્ઞાન જ પ્રમાણભૂત છે, અને વિષય(=અર્થ) નહિ' એવું કહેવામાં મૂઢતા જ કારણ છે. જૂઓ, જ્ઞાનનો અર્થગ્રહણ પરિણામ જેમ જ્ઞાનની હાજરીમાં જ સંભવે, ગેરહાજરીમાં નહિ, તેમ બાહ્યઅર્થની હાજરીમાં જ સંભવે, ગેરહાજરીમાં નહિ. નહિતર(=બાહ્યાર્થના અભાવમાં જો અર્થગ્રહણપરિણામ ઉદ્ભવે તો) તે(=અર્થગ્રહણ પરિણામ) નિર્વિષય(=વિષય વિનાનો) હોવાથી પ્રમાણભૂત રહે નહિ. આમ અર્થગ્રહણપરિણામનું કારણ હોવાથી જેમ જ્ઞાન ઉપચારથી પ્રમાણ બને છે, તેમ વિષય પણ બનવા જોઈએ. કારણકે બન્ને(જ્ઞાન-અર્થ)સ્થળે ઉપચારના કારણ સમાન છે. છતાં પણ વિષયમાં પ્રામાણ્યના ઉપચારનો નિષેધ કરવામાં કોઈ યુક્તિ હાજર નથી. તેથી એવો નિષેધ વ્યામોહના ઘરનો જ સંભવી શકે છે. એમ નિર્ણય થાય છે. ॥૧૨૮॥

*(સદઅસતુલ્યતા અપ્રામાણ્યપ્રયોજક-નાસ્તિક)*

પ્રસ્તુત અર્થમાં જ અન્યની બાકી રહેલી આશંકા દૂર કરવા કહે છે--

*ગાથાર્થ* :- તુલ્ય (સદનુમાનને તુલ્ય) અનુમાનો(=અસદનુમાનો)માં વ્યભિચાર દેખાતો હોવાથી તે(=અનુમાન) અપ્રમાણ છે. (એમ કહેવામાં) તો પ્રત્યક્ષ પણ કેમ અપ્રમાણ નહિ ? તેઓમાં (=પ્રમાણભૂત પ્રત્યક્ષોમાં અપ્રમાણભૂત પ્રત્યક્ષથી) વિશેષ હોવાથી પ્રત્યક્ષ પ્રમાણભૂત છે. (એમ કહેશો, તો) બીજામાં(=સદ્અનુમાનોમાં) પણ શું તે (=અસદ્અનુમાનથી વિશેષ) નથી ? અર્થાત્ છે જ.

*નાસ્તિક* :- અનુમાનોમાં પણ ક્યાંક વસ્તુ સાથે સંવાદ થતો દેખાય છે. તેથી અનુમાનને પ્રમાણતરીકે સ્વીકારવાનું મન થાય છે. પણ શું કરીએ ? અનુમાનના હેતુ વગેરે અવયવોના કારણે પ્રમાણ તરીકે અભિપ્રેત અનુમાનોની બરાબરી કરતાં પણ

**स्यादेतत्,** क्वचित्संवाददर्शनादस्माभिरप्यनुमानस्य प्रामाण्यमभ्युपगन्तुमिष्यते, परं किं कुर्म्मो?, यतः *'तुल्यानामपि'* हेत्वाद्यवयवयुक्ततया प्रमाणाभिमतानुमानसदृशानामपि अनुमानानां व्यभिचारो दृश्यते, तस्मान्न तत्प्रमाणमङ्गीकुर्मः । **एतदुक्तं भवति**–स श्यामस्तत्पुत्रत्वात् परिदृश्यमानपुत्रवदित्याद्यनुमानानां हेत्वाद्यवयवोपेततया प्रमाणाभिमतानुमानतुल्यानामपि व्यभिचारो दृश्यते, ततस्तन्मात्रलक्षणकेऽनुमाने सर्वथाऽ(प्य)प्रामाण्याशङ्का न निवर्त्तते, यथा यस्मादेतादृशमेवान्यदनुमानं व्यभिचरत् दृष्टं तस्मान्नैतदपि प्रमाणाभिमतमनुमानं प्रमाणं युक्तम्, यस्तु संवादः स कुतश्चिन्निमित्तात्काकतालीय इति । अत्राचार्यः प्रतिबन्दिग्रहेणाह––*'किन्न पच्चक्खमिति'* यदि तत्तुल्यव्यभिचारदर्शनात्सर्वत्रानाश्वासापत्त्या अनुमानमप्रमाणमुदीर्यते, ततः प्रत्यक्षमपि किं नाप्रमाणमुदीर्यते?, तदपि हि मरुमरीचिकानिचयविषये जलोल्लेखि प्रादुर्भवत् विसंवादि दृष्टमतः सर्वत्राप्यनाश्वासापत्त्या सर्वस्यापि प्रत्यक्षस्याप्रामाण्यप्रसङ्गो दुर्निवारः । पर आह––*'तेसिं विसेसभावा'* तेषां प्रत्यक्षाणां विशेषभावात् (तत्प्रत्यक्षस्याप्रमाणभावान्न?) प्रत्यक्षतदाभासलक्षणविशेषभावान्न तस्य सर्वत्राप्यप्रामाण्यप्रसङ्गः । **एतदुक्तं भवति**–यदिन्द्रियसाद्गुण्यादिसामग्रीविशेषसंपादितसत्ताकं तत् प्रमाणं, न च तस्य क्वापि विसंवादोऽस्ति । इतरस्तु(त्तु) तदाभासं, न च तद्बाधने प्रमाणाभिमतस्य प्रत्यक्षस्य कश्चिद्व्याघातो, भिन्नजातीयत्वादिति । आचार्य आह––*"इतरेसुवि किन्न सो अत्थित्ति'* इतरेष्वपि अनुमानेषु किं न *'स'* प्रमाणतदाभासलक्षणो विशेषोऽस्ति?, अस्त्येवेति भावः। **तथाहि**––न हेत्वाद्यवयवमात्रजनितत्वमनुमानलक्षणं, किंतु साध्यार्थान्यथानुपपन्नहेतुदर्शनतत्संबन्धस्मरणजनितत्वं, न चैतल्लक्षणोपेतमनुमानं क्वापि व्यभिचरति । यत्तु तत्पुत्रत्वादिहेत्वाद्यवयवमात्रजनितं तत्तदाभासं, तत्पुत्रत्वादिकस्य हेतोः साध्यार्थान्यथानुपपन्नत्वाभावात्, न च तद्बाधने प्रमाणाभिमतस्यानुमानस्य कश्चिद्व्याघातो, भिन्नजातीयत्वात् । तस्मादनुमानमपि प्रत्यक्षवत् प्रमाणमेवेति स्थितम् ॥ १२९ ॥ अधिकृत एवार्थे दूषणान्तरमप्यभिधित्सुराह––

---

કેટલાક અનુમાનોમાં સ્પષ્ટ અનૈકાંતિક્તા ઉપલબ્ધ થાય છે. આમ (સદ્અસદ્ અનુમાનો મિશ્ર થઇ ગયા હોવાથી) બધા જ અનુમાનોને અપ્રમાણ જાહેર કરવા પડે છે. ભલા દૂધપાકના તપેલામાં ચાર ટીપા ઝેર પડે, તો પણ આખા તપેલાને ઝેરમય ક્લ્પી ત્યાજ્ય જ ક્હેવું પડે.

*નાસ્તિક સામે પ્રશ્ન* :– સદ્ અને અસદ્ અનુમાનોમાં હેત્વાદિનું સામ્ય શી રીતે છે ?

*નાસ્તિકનું સમાધાન* :– જૂઓ, 'તે શ્યામ છે, કેમકે તેનો(અભિપ્રેતવ્યક્તિવિશેષનો)પુત્ર છે, જેમકે તેના દેખાતા બીજા પુત્રો.' (આ અસત્અનુમાન છે, કેમકે શ્યામત્વની તત્પુત્રત્વસાથે વ્યાપ્તિ નથી પણ તેવાપ્રકારના શાકઆદિના આહારઆદિ સાથે છે:) આ અનુમાનસ્થળે પ્રમાણતરીકે અભિમત (=સત્) અનુમાનોના જેવા જ હેતુ, દૃષ્ટાન્તવગેરે અવયવો દેખાય છે. છતાં પણ, આ સ્થળે અનેકાન્ત(શ્યામત્વને બદલે ગૌરત્વ)ના દર્શન થાય છે. અને 'જે હેત્વાદિ અવયવોથી યુક્ત હોય, તે અનુમાન' એવું અનુમાનનું લક્ષણ છે. આ લક્ષણ અપ્રમાણભૂત અનુમાનમાં પણ વ્યાપેલું છે. તેથી અનુમાનમાત્રમાં અપ્રામાણ્યની આવી આશંકા દૂર થતી નથી 'કે આવા જ પ્રકારનું અન્ય('સ શ્યામ તત્પુત્રત્વાત્' ઇત્યાદિ) અનુમાન અનેકાંતિક થતું દેખાય છે, તેથી આ પ્રમાણાભિમત અનુમાન પણ પ્રમાણ તરીકે યોગ્ય નથી.

*નાસ્તિક પ્રતિ શંકા* :– પ્રમાણ તરીકે અભિમત અનુમાન જો પ્રમાણરૂપ ન હોય, તો તે અનુમાનથી થતી અનુમિતિનો અર્થની સાથે સંવાદ કેમ દેખાય છે ?

*નાસ્તિકનું સમાધાન* :– કોઇક નિમિત્તવિશેષને પામી 'કાકતાલીય' (=કાગને બેસવું અને ડાળને પડવું) ન્યાયથી આ સંવાદ દેખાય છે, નહિકે વસ્તુતઃ

*(પ્રતિબન્દિથી પ્રામાણ્યસિદ્ધિ)*

નાસ્તિકના આ તર્કને પ્રલાપમાત્રરૂપ ઠેરવવા આચાર્ય પ્રતિબન્દિ તર્કના સહારે ક્હે છે–'કિન્ન પચ્ચક્ખમ્'

*ઉત્તરપક્ષ* :– જો પ્રમાણતયા અભિમત અનુમાનને તુલ્ય અન્યઅનુમાનોમાં અનેકાંતના દર્શન થવાથી અનુમાનમાત્રને અપ્રમાણતરીકે જાહેર કરશો, તો પ્રત્યક્ષને પણ અપ્રમાણભૂત જાહેર કરવું પડશે. કેમકે મૃગજળવગેરે સ્થળે પાણી સૂચવતું આ પ્રત્યક્ષ સ્પષ્ટ વિસંવાદી દેખાય છે. તેથી બધા જ પ્રત્યક્ષસ્થળે અવિશ્વાસ ઉભો થવાનો પ્રસંગ હોવાથી બધાજ પ્રત્યક્ષજ્ઞાનોને અપ્રમાણભૂત માનવાનો પ્રસંગ અનિવાર્ય બને છે.

*નાસ્તિક* :– પ્રત્યક્ષજ્ઞાનોમાં તો પ્રત્યક્ષ અને પ્રત્યક્ષાભાસના લક્ષણમાં વિશેષ(=ભેદ) છે. અથવા પ્રત્યક્ષમાં તો, પ્રત્યક્ષ અને પ્રત્યક્ષાભાસરૂપ વિશેષ છે. તેથી બધા જ પ્રત્યક્ષમાં અપ્રામાણ્યનો પ્રસંગ નથી. *તાત્પર્ય* :– ઇન્દ્રિયસાદ્ગુણ્ય (=રોગાદિદોષરહિત ઇન્દ્રિય)વગેરે યોગ્યસામગ્રીવિશેષથી પ્રગટતું પ્રત્યક્ષ પ્રમાણભૂત છે. અને આવું પ્રત્યક્ષ ક્યાંય વિસંવાદ પામતું નથી. યોગ્યસામગ્રીના અભાવમાં આવિર્ભાવ પામતું પ્રત્યક્ષ પ્રત્યક્ષાભાસરૂપ છે. આવા પ્રત્યક્ષજ્ઞાનમાં બાધ આવે, તો પણ પ્રમાણતરીકે અભિમત પ્રત્યક્ષને કોઇ હાનિ નથી. કેમકે તે (=પ્રમાણભૂત પ્રત્યક્ષ) તેનાથી (પ્રત્યક્ષાભાસથી) ભિન્ન જાતિવાળું છે. (=જૂદા લક્ષણવાળું છે.)

*ઉત્તરપક્ષ* :– તો શું અનુમાનમાં પ્રમાણ અને પ્રમાણભાસરૂપ ભેદ નથી ? છે જ. દેખો,'હેત્વાદિઅવયવોથી ઉત્પન્ન થવું' આટલું જ અનુમાનનું લક્ષણ નથી. પરંતુ 'સાધ્યઅર્થના અભાવમાં અસંગત ઠરતા હેતુના દર્શનથી અને તે–બે (=સાધ્ય અને હેતુ) ના સંબન્ધ(=વ્યાપ્તિ)ના સ્મરણથી ઉત્પન્ન થવું' આવું અનુમાનનું લક્ષણ છે. આવા લક્ષણથી સભર અનુમાન ક્યાંય વિસંવાદ પામતું નથી. જે અનુમાનો માત્ર હેત્વાદિ અવયવોથી જ પ્રગટે છે, તે અનુમાનો અનુમાનાભાસરૂપ છે, કેમકે ત્યાં

किं च पडिसेहगं तं अणुमाणं?, अह भवे अणुवलद्धी ।
पच्चक्खणुमाणेहिं भणियमिहं णणु पबंधेणं ॥ १३० ॥

(किञ्च प्रतिषेधकं तदनुमानम्? अथ भवेदनुपलब्धिः । प्रत्यक्षानुमानाभ्यां भणितमिह ननु प्रबन्धेन)

किमिति परप्रश्ने, चशब्दो दूषणान्तरसमुच्चये । येनानुमानेनात्मनः प्रतिषेधः कर्तुमिष्यते तदनुमानं प्रतिषेधकं किं स्यात्?, नैव किंचिदित्यभिप्रायः । अपरस्याभिप्रायमाशङ्कते--'*अथ भवेदनुपलब्धि*'रिति अथ स्याद् इयं मतिः परस्य, भवेदात्मप्रतिषेधकमनुमानं प्रमाणमनुपलब्धिः, अन्यस्य प्रतिषेधे व्यापारायोगात्। अत्राह--'*पच्चक्खेत्यादि*' '*इह*' अस्यामनुपलब्धौ यद्वक्तव्यं तद्भणितं '*प्रबन्धेन*' विस्तरेण प्रत्यक्षानुमानाभ्यामात्मप्रतिषेधकत्वेन विचार्यमाणाभ्यां, प्रत्यक्षप्रस्तावेऽनुमानप्रस्तावे चेत्यर्थः । तत्र प्रत्यक्षप्रस्तावे '*सिद्धो यऽविणाभावो तेण समं तीए किं भवतो*' इत्यादिना, अनुमानप्रस्तावे च "*नो तयं तुह पमाणमि*"त्यादिनेति । तस्मान्नानुमानमप्यात्मनः प्रतिषेधकम् ॥१३०॥ तदेवमात्मनोऽस्तित्वं चैतन्यस्य धर्मादित्वान्यथानुपपत्तितस्तत्प्रतिषेधकप्रत्यक्षानुमानप्रमाणाभावाच्च प्रसाध्य सांप्रतं आगमतस्तत्प्रसाधयन्नाह--

आगमतो चिय सिद्धो जं उवओगादिलक्खणो जीवो ।
आहिंडइ संसारं सुच्चइ सव्वण्णुवयणम्मि ॥ १३१ ॥

(आगमत एव सिद्धो यदुपयोगादिलक्षणो जीवः । आहिण्डते संसारं श्रूयते सर्वज्ञवचने)

आगच्छति गुरुपारम्पर्येणेत्यागमः ततोऽपि च सिद्ध आत्मेति प्रकरणाद्गम्यते । कथमित्याह--'*यद्*' यस्मात् श्रूयते '*सर्वज्ञवचने*' सर्वं जानातीति सर्वज्ञस्तस्य वचनं द्वादशाङ्गं गणिपिटकम् अर्थतस्तेन प्रणीतत्वात् सर्वज्ञवचनं तस्मिन् यदुत-उपयोगादिलक्षणो जीवः '*आहिण्डते*' भ्रमति संसारमिति ॥१३१॥ इह कैश्चिदागमस्य बाह्यार्थं प्रति प्रामाण्यं नाभ्युपगम्यते, यत्र तु वक्तुरभिप्रायोऽभ्युपगम्यते यथा-"*वक्तृव्यापारविषयो, योऽर्थो बुद्धौ प्रकाशते । प्रामाण्यं तत्र शब्दस्येति*" तत्रानुमानेऽन्तर्भाव्यते, यदाहुः--"*वक्तुरभिप्रेतं तु सूचयेयु*"रिति, स एव वक्ता विशिष्टाभिप्रायसंबन्धितया प्रत्याय्यमानो धर्मी, अभिप्रायविशेषः साध्यः, शब्दः साधनमिति" । अतस्तन्मतविकुट्टनार्थमिदमाह--

अस्स य पमाणभावं माणंतरयं च उवरि वोच्छामि ।
णासंगतमेत्तेणं वादीणं वत्थुणोऽभावो ॥ १३२ ॥

(अस्य च प्रमाणभावं मानान्तरतां चोपरि वक्ष्यामि । नासंगतमात्रेण वादिनां वस्तुनोऽभावः)

---

'तत्पुत्रत्व'वगेरे हेतुओ साध्यअर्थ (=श्यामत्ववगेरे)थी अन्यथामां (=विपरीत थवामां) अनुपपन्न बनता नथी. अने आवा अनुमानोमां बाध आवे एटलामात्रथी प्रमाणभूत अनुमानोने ऊनी आंच आवती नथी. केमके ते (=प्रमाणभूत अनुमान) भिन्न जातिवाळुं छे. आम प्रत्यक्षनी जेम अनुमान पण प्रमाणतरीके निश्चित थाय छे. ॥१२९॥

प्रस्तुत (=आत्मप्रतिषेध) विषयमां ज बीजुं दूषण पण दर्शाववानी इच्छाथी कहे छे.

*गाथार्थ* :- वळी ते अनुमान शुं (आत्मानुं) प्रतिषेधक बनी शकशे ? (नास्तिक) अनुपलब्धि (प्रतिषेधक) बनशे. (उत्तर) प्रत्यक्ष अने अनुमानद्वारा आ विषयमां विस्तारथी कह्युं ज छे.

(मूळमां 'किम्'पद परने प्रश्न पूछवाअंगे छे. 'च'पद बीजा दूषणना समावेशअर्थे छे.) 'अनुमान प्रमाणभूत छे के नहि' ते वात जवा दो. पण ए कहो, के तमे जे अनुमानथी आत्मानो प्रतिषेध करवा इच्छो छो, ते अनुमान शुं प्रतिषेधक बनी शकशे ? नहि ज बने.

*नास्तिक* :- अनुपलब्धि ज आत्माना प्रतिषेधक अनुमानप्रमाणरूप छे. केमके प्रतिषेधना विषयमां अन्यनी प्रवृत्ति संभवती नथी.

*उत्तरपक्ष* :- अनुपलब्धिनी बाबतमां जे कहेवानुं हतुं, ते आत्माना प्रतिषेधतरीके विचारता प्रत्यक्ष अने अनुमानना प्रस्तावमां विस्तारथी कहेवाई गयुं ज छे. प्रत्यक्षना प्रस्तावमां 'सिद्धोयऽविणाभावो तेण समं तीए किं भवतो' (गा.१२१) इत्यादिथी अने अनुमानना प्रस्तावमां 'नो तयं तुह पमाणम्' (गा.१२४) इत्यादिथी प्रतिषेधनी (=अनुपलब्धिनी) बाबतमां कहेवायुं छे. तेथी अनुमान पण आत्मानुं प्रतिषेधक नथी. ॥१३०॥

*(आगमथी आत्मसिद्धि)*

आम, चैतन्यना धर्मादिपणानी अन्यथाअनुपपत्तिद्वारा आत्माना अस्तित्वनी सिद्धि करी. अने आत्मप्रतिषेधकतरीके प्रत्यक्ष अने अनुमान प्रमाणनो अभाव दर्शाववाद्वारा तेनी पुष्टि करी. हवे, आगमप्रमाणथी आत्मतत्त्वनी सिद्धि बतावे छे.

*गाथार्थ* :- आगमथी पण आत्मा सिद्ध छे. केमके सर्वज्ञवचनमां संभळाय छे के 'उपयोगआदि लक्षणवाळो जीव संसारमां भमे छे.'

(गुरुओनी परंपराथी आवे, ते आगम.) आगमथी पण आत्मा सिद्ध छे. (जे बधुं जाणे, ते सर्वज्ञ. द्वादशांग गणिपिटकना अर्थतः प्रणयिता सर्वज्ञ छे.) सर्वज्ञना द्वादशांगात्मक वचनोमां संभळाय छे, के जीव उपयोगवगेरे लक्षणवाळो छे अने संसारमां भमी रह्यो छे ॥१३१॥

अहीं केटलाक(=बौद्धविशेष)नो *पूर्वपक्ष* :- आगम बाह्यार्थ(=बाह्यघटवगेरे विषय) प्रति प्रमाणभूत नथी. ज्यां शब्दथी वक्ताना अभिप्रायनुं ज्ञान थाय छे, त्यां ते अनुमानप्रमाणमां समावेश पामे छे, कह्युं छे के '*वक्ताना व्यापार (=बोलवानी चेष्टा)नो विषय बनतो जे अर्थ बुद्धिमां प्रकाशे छे(=संवेदित थाय छे.) ते अर्थप्रति शब्दनुं प्रामाण्य छे*' आ

*'अस्य च'* आगमस्य *'प्रमाणभावं'* 'प्रामाण्यं *'मानान्तरतां च'* प्रमाणान्तरतां चानुमानादित्यपेक्ष्यते, *'उपरि'*सर्वज्ञसिद्धौ वक्ष्यामीति तत एवेहावधार्यम् । यत्पुनरुक्तं प्राक् *'आगमपमुहेसुं पुण सव्वेवि न संगया पायं । ता कहमागमपमुहा होंति पमाणा उ इति'* । तदतीवायुक्तम्। यत आह--*'नासंगयेत्यादि'* न परस्परं वादिनाम् *'असंगतत्वमात्रेण'* असंगताभिप्रायमात्रेण *'वस्तुनो'* घटादेरभावः। न हि वस्तु प्रवाद्यभिप्रायनिमित्तं, येन तदसंगतत्वे वस्तुनोऽप्यभावः स्यात्, किंतु स्वकारणकलापनिमित्तम्। ततश्चायमप्यागमो यथावस्थितपदार्थप्रकाशनस्वभावतया स्वयं प्रमाणं सन् परस्परं वादिनामसंगताभिप्रायत्वमात्रेण नाप्रमाणं भवितुमर्हति, तदभिप्रायनिमित्तप्रामाण्यानभ्युपगमात् । इहाभिप्रायविशेषेणैव वादिनो वस्तु प्रति परस्परमसंगता न स्वरूपेणेति *'असंगयमेत्तेणं'* इत्युक्तावपि असंगताभिप्रायत्वमात्रेणेति व्याख्यातम् ॥१३२॥ तदेवं वादिनामसंगताभिप्रायत्वमात्रस्य वस्तुतथाभावाभावे प्रतिबन्धाभावादनैकान्तिकत्वमुद्भाव्य सांप्रतं साधारणानैकान्तिकत्वमुपदर्शयन्नाह--

**ण य संगया पवादी भूतेसुवि अह य ताणि विज्जंति ।**
**णज्जंति य एवं चिय आगमपक्खेवि को दोसो? ॥ १३३ ॥**

(न च संगताः प्रवादिनः भूतेष्वपि अथ च तानि विद्यन्ते। ज्ञायन्ते चैवमेवागमपक्षेऽपि को दोषः?)

---

પ્રામાણ્ય અનુમાનમાં સમાવેશ પામે છે, કેમકે કહ્યું છે કે, *'(શબ્દ) વક્તાના અભિપ્રેતને સૂચવે છે'* અહીં વિશિષ્ટ અભિપ્રાયના સંબન્ધીતરીકે પ્રતીતિનો વિષય કરાવતો વક્તા જ ધર્મી(=પક્ષ) છે. અભિપ્રાયવિશેષ સાધ્ય છે. અને વક્તાથી ઉચ્ચારાતો શબ્દ સાધન (=હેતુ) છે.

*(અસંગતાભિપ્રાય આગમપ્રામાણ્યનુંઅનિષેધક)*

આ પૂર્વપક્ષને ખાંડવા આ પ્રમાણે કહે છે. —

*ગાથાર્થ* :– આનું(=આગમનું) પ્રામાણ્ય અને ભિન્ન પ્રમાણરૂપતા પણ આગળ બતાવશું. પરસ્પર વાદીઓના અસંગત વચનમાત્રથી વસ્તુનો અભાવ થતો નથી.

આગમનું પ્રામાણ્ય, અને('અનુમાનથી' આટલું અધ્યાહાર્ય છે.) ભિન્ન પ્રામાણ્ય ➡ અનુમાનની અપેક્ષાએ પ્રમાણાન્તરતા અર્થાત્ આગમપ્રમાણ અનુમાનપ્રમાણ કરતાં ભિન્ન પ્રમાણ છે. આ વાત સર્વજ્ઞસિદ્ધિપ્રકરણસ્થળે બતાવશું, તેથી ત્યાંથી જ જાણી લેવું. તથા પૂર્વે જે નાસ્તિકોએ કહ્યું કે 'આગમપમુહેસુ' ઇત્યાદિ. આગમવગેરેમાં બધા પ્રાયઃ સંગત નથી તેથી આગમવગેરે શી રીતે પ્રમાણ બની શકે ? તે અત્યંત અયોગ્ય છે. કેમકે વાદીઓના પરસ્પર 'અસંગત' એવા અભિપ્રાયમાત્રથી કંઇ ઘડાવગેરે વસ્તુઓનો અભાવ નથી થઇ જતો. વસ્તુ પોતાના અસ્તિત્વઅંગે કંઇ વાદીના અભિપ્રાયની અપેક્ષા રાખતી નથી, કે જેથી વાદીઓના અભિપ્રાયની અસંગતતામાત્રથી વસ્તુનો પણ અભાવ થવી જાય. વસ્તુ તો પોતાનાં અસ્તિત્વમાટે પોતાના કારણસમુદાયની જ અપેક્ષા રાખે છે. આમ પદાર્થના યથાવસ્થિત સ્વરૂપનો પ્રકાશ કરવાના સ્વભાવના કારણે આગમ સ્વયં પ્રમાણરૂપ જ છે. વાદીઓના પરસ્પર અસંગતિસૂચક અભિપ્રાયમાત્રથી આગમની આ પ્રમાણતાનો લોપ થઇ શકે નહિ. કેમકે પ્રમાણનું પ્રામાણ્ય વાદીઓના અભિપ્રાયપર આધારિત નથી. અહીં અભિપ્રાયવિશેષથી વાદીઓ વસ્તુઅંગે પરસ્પર અસંમત છે, નહિ કે સ્વરૂપથી. તેથી મૂળમાં 'અસંગયમેત્તેણ' એવું જે વચન છે, તેની વ્યાખ્યા 'અસંગત અભિપ્રાયમાત્રથી' એવી કરી ।।૧૩૨।।

આ પ્રમાણે આગમપ્રમાણઅંગે વાદીઓના 'અસંગતઅભિપ્રાય'ની સાથે 'વસ્તુસ્વરૂપના અભાવ'નો પ્રતિબન્ધ અર્થાત્ વ્યાપ્તિ ન હોવાથી અનેકાન્તિકતા=વ્યભિચાર બતાવ્યો. હવે સાધારણઅનેકાન્તિકતા દર્શાવે છે.

*ગાથાર્થ* :– વળી વાદીઓ ભૂતોઅંગે પણ સંગત અભિપ્રાયવાળા (=સંમત) નથી. અને છતાં તેઓ વિદ્યમાન છે અને દેખાય છે. આ જ પ્રમાણે આગમપક્ષમાં પણ જ્ઞાન થાય તેમાં શો દોષ છે ?

મૂળમાં 'ચ' સંગતઅભિપ્રાયના સાધારણઅનૈકાન્તિકત્વદોષના સમાવેશ અર્થે છે. (અથવા ટીકામાં 'ચશબ્દો સંગતાભિપ્રાયત્વસ્ય' ઇત્યાદિમાં ચશબ્દે પછી 'ऽ' (અવગ્રહ) જાણવો. ત્યાં આગમપ્રમાણમાં અસંગતાભિપ્રાય અને પ્રામાણ્યભાવમાં અનેકાન્તિકતા બતાવી. હવે સમુચ્ચયથી પ્રત્યક્ષઆદિપ્રમાણથી સિદ્ધ પૃથ્વીવગેરે ભૂતોમાં પણ અસંગતાભિપ્રાય અને અસ્તિત્વના અભાવમાં અનેકાન્તિકતાનો દોષ બતાવે છે.) પૃથ્વીવગેરે ભૂતોઅંગે વાદીઓ સંગતઅભિપ્રાયવાળા(=એક અભિપ્રાય વાળા) નથી. કેટલાક કહે છે (વિજ્ઞાનવાદી–બૌદ્ધો) પૃથ્વીવગેરે ભૂતો નથી, પરંતુ આ બધું માત્ર વિજ્ઞાનરૂપ જ છે.' બીજાઓ (=સાંખ્ય) કહે છે 'આ જગત પ્રધાન(=પ્રકૃતિ)ના પરિણામરૂપ જ છે.' આમ પરસ્પર સંગતઅભિપ્રાય ન હોવા છતાં ભૂતો તો વિદ્યમાન છે જ. નહિ કે વાદીઓના પૂર્વોક્ત અસંગત અભિપ્રાયમાત્રથી ભૂતોનો અભાવ છે. એમ તમને (નાસ્તિકોને) પણ સંમત છે. આમ અસંગતઅભિપ્રાય અને અભાવવચ્ચે અનૈકાન્તિકતા બતાવી.

વળી, આ ભૂતો પણ કંઇ 'ભૂતો છે' એવી પ્રતિજ્ઞામાત્રથી વિદ્યમાન નથી, પરંતુ પ્રત્યક્ષઆદિ પ્રમાણથી વિદ્યમાન દેખાય છે. ('ચિય'પદ 'જ'કાર અર્થક છે.) આ જ પ્રમાણે આગમપક્ષે પણ કયો દોષ છે ? અર્થાત્ કોઇ દોષ નથી. કેમકે વાદીઓના પરસ્પર અસંગતઅભિપ્રાય હોવા છતાં આગમપ્રમાણ ભૂતોની જેમ પોતાના સ્વરૂપમાંથી ભ્રષ્ટ થતું નથી. આમ આગમ પ્રમાણતરીકે સિદ્ધ થાય છે. અને તે પ્રમાણરૂપ હોવાથી જ તેનાથી=આગમથી જીવ પણ સારી રીતે સિદ્ધ થાય છે. વળી પૂર્વે નાસ્તિકોએ કહ્યું હતું કે "આવો નિર્ણય શી રીતે થઇ શકે કે 'જીવ અનાદિનિધન છે, અને જ્ઞાનાવરણીય આદિકર્મોથી સંયુક્ત છે.' ઇત્યાદિ જીવના અસ્તિત્વનું પ્રતિપાદન કરતા વચનો પ્રમાણભૂત છે, અને 'પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ' ઇત્યાદિવચનો પ્રમાણભૂત નથી. તેથી પ્રામાણ્ય–અપ્રામાણ્યમાં ભેદ પાડનાર કોઇક નિયામક બતાવો. પણ વાસ્તવમાં કોઇ નિયામક નથી. તેથી જીવઅસ્તિત્વપ્રતિપાદક વચનો પ્રમાણભૂત નથી" નાસ્તિકોની આ વાત તથ્ય વિનાની છે. કેમકે અહીં

चशब्दो संगताभिप्रायत्वस्य साधारणानैकान्तिकत्वदोषसमुच्चयार्थः। न परस्परं '*संगताः*' संगताभिप्राया वादिनो '*भूतेष्वपि*' पृथिव्यादिषु । तथा चाहुरेके--"*न सन्त्येव पृथिव्यादीनि भूतानि किंतु विज्ञानमात्रमेवेदमिति*" । अपरे पुनराहुः-- '*प्रधानपरिणामरूपं जगदित्यादि*" । अथ च तानि भूतानि विद्यन्ते न पुनर्वादिनामुक्तप्रकारेणासंगताभिप्रायत्वमात्रेऽपि तेषामभावः, न च तानि प्रतिज्ञामात्रेण विद्यन्ते, किंतु ज्ञायन्ते च प्रत्यक्षादिना प्रमाणेन, एवमेव चियशब्द एवकारार्थः, आगमपक्षेऽपि को दोषः?, नैव कश्चिदित्यभिप्रायः । परस्परं वादिनामसंगताभिप्रायत्वमात्रेऽपि भूतानामिवागमस्यापि स्वरूपभ्रंशाभावात् । तस्मादागमः प्रमाणं, प्रमाणत्वाच्चातः सिद्धो जीवः सुसिद्ध इति । यदप्युक्तं-"*कथमिदं ज्ञायते 'जीवो अणाइनिहणो नाणावरणाइकम्मसंजुत्तो' इत्यादिकं जीवास्तित्वप्रतिपादकं वचः प्रमाणम्, इदं तु--पृथिव्यप्तेजोवायुरित्यादि न प्रमाणं, तस्मादत्र किंचिन्नियामकं वक्तव्यं, तच्च नास्तीति यत्किंचिदेतदिति*"। तदप्ययुक्तम्, यत इह तदेव वचोऽतीन्द्रियविषये प्रमाणं यदविसंवादि, अविसंवादश्च तदभिधेयस्यार्थस्य प्रत्यक्षस्यानुमेयस्य वा यथाक्रमं प्रत्यक्षेणानुमानेन वा ग्रहणं परस्परमव्याघातश्च, एवंभूतश्चाविसंवादोऽस्मिन्नार्हते वचसि तावदुपलभ्यत एव। तथाहि-तत्रास्ति प्रत्यक्षत्वेनाभिमतस्यार्थस्य प्रत्यक्षेण ग्रहणम्, [1]यथा--"*से जहानामए केइ पुरिसे अव्वत्तं सद्दं सुणेज्जा, तेणं सद्दोत्ति उग्गहिए, नो चेव णं जाणइ-के वेस सद्देत्ति, ततो ईहं पविसइ*" इत्यादिना सूत्रेण शब्दादीनां श्रावणावग्रहादिरूपप्रत्यक्षगोचरत्वेनाभिहितानां तथैव ग्रहणम् । अनुमेयत्वेनाभिमतस्यापि चास्त्यनुमानेन ग्रहणम्, यथा--[2]*किं सासए असासए जीए?, गोयमा! सिय सासए सिय असासए, से केणट्ठे णं भंते! एवं वुच्चइ?, गोयमा ! दव्वट्ठयाए सासए भावट्ठयाए असासए*" इत्यादिनाऽभिहितस्य नित्यानित्यत्वस्य स्मरणाद्यन्यथानुपपत्त्या अवस्थाभेदान्यथानुपपत्त्या च ज्ञायमानत्वेनानुमेयतयाभिमतस्य तथैव ग्रहणम्। परस्पराव्याघातोऽपीह स्फुटोऽस्त्येव, यथा-जीवस्य बन्धमोक्षावभिधाय नित्यानित्यत्वाभिधानम्, एकान्तनित्यपक्षे अनित्यपक्षे च तयोः सर्वथानुपपद्यमानत्वात्, यथा चानुपपद्यमानत्वं तथोत्तरत्र स्वयमेवाचार्येण दर्शयिष्यते । तदेवमविसंवाददर्शनादिदमार्हतं वचस्तावत्प्रमाणमेव । तथा च वक्ष्यति--"*दिट्ठेणं इट्ठेण य जम्मि विरोहो न हुज्ज उ कर्हिचि। सो आगमोत्ति*"। यत्पुनरेतत् "*पृथिव्यप्तेजोवायुरिति तत्त्वानि। तत्समुदाये शरीरेन्द्रियविषयसंज्ञा*" इति, तदप्रमाणम्, जीवसत्त्वाभ्युपगममन्तरेण पृथिव्यादिष्वेव भूतेषु जीवद्देवदत्तादिशरीरघटादिलक्षणेषु दृष्टस्य सचेतनाचेतनत्वरूपस्य वैचित्र्यस्य सर्वथानुपपद्यमानत्वात् तथैव प्राक् सप्रपञ्चं दर्शितत्वात् । एवं च "*विज्ञानघन एवैतेभ्यो भूतेभ्य*" इत्याद्यपि यथाभिप्रायमुपन्यस्तमप्रमाणमवगन्तव्यम्, यथा च पुनरेतदपि वचो विमलमतयो व्याख्यानयन्ति

---

અવિસંવાદી વચનો જ અતીન્દ્રિયવિષયમાં પ્રમાણભૂત છે. અને અવિસંવાદનો નિર્ણય આ પ્રમાણે થાય છે → જેના વચનના વિષયો જો પ્રત્યક્ષ હોય, તો પ્રત્યક્ષથી ગ્રાહ્ય થાય, અને અનુમેય હોય, તો અનુમાનપ્રમાણથી ગ્રાહ્ય બને, અને તેમાં પરસ્પર વ્યાઘાત આવતો દેખાય નહિ, તેના વચનો અવિસંવાદી હોય છે. આવો અવિસંવાદ અરિહંતના વચનોમાં ઉપલબ્ધ થાય જ છે.

*(જૈનાગમનું પ્રામાણ્ય)*

તે આ પ્રમાણે → કેમકે જિનવચનમાં પ્રત્યક્ષગ્રાહ્યઅર્થનો પ્રત્યક્ષથી બોધનો નિર્દેશ છે. જેમકે "યથાનામ(=કોઇક નામવાળો) કોઇક પુરુષ અવ્યક્ત શબ્દ સાંભળે, તો તેણે 'શબ્દ છે.' આ પ્રમાણે અવગ્રહ કર્યો. પરંતુ તે જાણતો નથી કે, 'આ કયો શબ્દ છે ?' તે પછી ઇહામાં પ્રવેશે છે." ઇત્યાદિ સૂત્રદ્વારા શબ્દવગેરેને શ્રાવણઅવગ્રહાદિરૂપે પ્રત્યક્ષના વિષયતરીકે નિરૂપ્યા છે. અને વ્યવહારમાં શબ્દવગેરે તે જ પ્રમાણે શ્રાવણપ્રત્યક્ષઆદિથી ગૃહીત થતા અનુભવાય છે. એ જ પ્રમાણે જૈનાગમે અનુમેયતરીકે અભિમત પદાર્થોનું ગ્રહણ અનુમાનપ્રમાણથી કરવાનું સૂચવ્યું છે. જેમકે "જીવ શાશ્વત છે કે અશાશ્વત ? ગૌતમ ! 'જીવ કથંચિદ્ શાશ્વત છે, કથંચિત્ અશાશ્વત છે. હે ભદન્ત ! કેમ આમ કહો છો ? ગૌતમ! જીવ દ્રવ્યાર્થિકતયા શાશ્વત છે, ભાવાર્થિકતયા અશાશ્વત છે." આમ જીવમાં નિત્યાનિત્યત્વ બતાવ્યું. અને આ નિત્યાનિત્યપણું સ્મરણવગેરેની અન્યથાઅનુપપત્તિદ્વારા તથા અવસ્થા ભેદની અન્યથા અનુપપત્તિદ્વારા જાણી શકાય છે. આમ નિત્યાનિત્યપણું અનુમેયતરીકે દર્શાવ્યું છે, અને સ્મરણઆદિ લિંગથી અનુમાનપ્રમાણદ્વારા એ જ પ્રમાણે અનુમિત થાય છે. વળી જિનાગમમાં સિદ્ધાન્તોનો પરસ્પર અવ્યાઘાત સ્ફુટ ઉપલબ્ધ થાય છે. જેમકે, જીવના બંધ અને મોક્ષની પ્રરૂપણા કર્યા બાદ, જીવના નિત્યાનિત્યત્વનું નિરૂપણ કર્યું. કેમકે એકાન્તનિત્યપક્ષે અને એકાન્તઅનિત્યપક્ષે બન્ધ અને મોક્ષ સર્વથા ઘટી શકતા નથી. 'કેમ ઘટતા નથી?' એ વાત મૂળકાર આચાર્ય સ્વયં દર્શાવશે. આમ નિત્યાનિત્યત્વસિદ્ધાન્ત બન્ધમોક્ષસિદ્ધાન્તને વ્યાઘાત પહોંચાડતો નથી, પરંતુ પુષ્ટ કરે છે. આ પ્રમાણે જિનવચનમાં અવિસંવાદ દેખાતો હોવાથી જિનવચન પ્રમાણરૂપ છે. આગળ મૂળકાર કહેવાના જ છે કે 'દિટ્ઠેણ'.. ઇત્યાદિ ["જેમાં (=જે વચનમાં) દૃષ્ટ અને ઇષ્ટની સાથે કોઇપણ હિસાબે વિરોધ ન આવે, તે આગમ (પ્રમાણ) છે."] તથા નાસ્તિકે જે કહ્યું "પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ.. આ ચાર તત્ત્વ છે, અને તેઓના સમુદાયઅંગે 'શરીર' 'ઇન્દ્રિય' અને 'વિષય' એવી સંજ્ઞા છે." તે તદ્દન અપ્રમાણભૂત છે. કેમકે જીવતત્ત્વની સત્તા(=હાજરી) સ્વીકાર્યા વિના ચાલે એમ નથી, કેમકે પૃથ્વીવગેરે ભૂતો જીવતા દેવદત્તના શરીરમાં અને ઘટમાં સમાનતયા હોવા છતાં બન્નેમાં સચેતનપણું અને અચેતનપણું ઇત્યાદિ જે વૈચિત્ર્ય દેખાય છે, તે જીવતત્ત્વ માન્યા વિના સંભવી શકે નહિ. આ બાબતમાં પૂર્વે વિસ્તારથી

---

1. स यथानामकः कश्चित्पुरुषोऽव्यक्तं शब्दं शृणुयात् तेन शब्द इति अवगृहीतं नो चैव जानाति-को वा एष शब्द इति, तत ईहां प्रविशति। 2. किं शाश्वतोऽशाश्वतो जीवः?, गौतम । स्यात् शाश्वतः स्यादशाश्वतः, तत् केनार्थेन भगवन् । एवमुच्यते ? गौतम । द्रव्यार्थिकतया शाश्वतो भावार्थिकतयाऽशाश्वतः ।

तथा प्रमाणमेव, तथाव्याख्याने दृष्टस्य सचेतनाचेतनत्वलक्षणस्य वैचित्र्यस्य जातिस्मरणादेश्चोपपद्यमानत्वात् । तच्च व्याख्यानमिदम्--ज्ञानदर्शनोपयोगलक्षणविज्ञानानन्यत्वाद्विज्ञानघनः, यद्वा प्रतिप्रदेशमनन्तानन्तविज्ञानपर्यायघटितत्वात् विज्ञानघन आत्मा, एतेभ्यो भूतेभ्यो घटादिरूपेभ्यो ज्ञेयेभ्यः सहकारिभ्यः समुत्थाय समुत्पद्य घटविज्ञानादिभावेन, पुनस्तान्येव भूतानि घटादीनि विज्ञेयभावेन विनश्यन्ति सन्ति अनु प्रतीत्य तद्विज्ञानभावेन विनश्यति, तस्यार्थान्तर उपयुक्तत्वात्, 'न प्रेत्य संज्ञास्तीति' न प्रेत्य-न प्राक्तनी घटविज्ञानादिरूपा संज्ञा तदाऽवतिष्ठते इति। अपरोऽर्थः--विज्ञानघन आत्मा, एतेभ्यो भूतेभ्यः समुत्थाय--समुत्पद्य पुनस्तान्येव विनश्यन्ति सन्ति अनु-प्रतीत्य विनश्यति, यथा भौतिकपुरुषवादिभिरुच्यते इति, एतन्न, यस्मात्प्रेत्यसंज्ञाऽस्ति-प्रेत्यभावोऽस्ति, य एवायं प्रेत्य-परलोके देवो नारको वाऽभवत् स एवाधुना मनुष्यः संवृत्त इति प्रेत्यव्यवहारोऽस्तीतियावत् । तस्मादागमतोऽपि जीवः सिद्ध इति स्थितम् ॥१३३॥

तदेवं प्रमाणतो जीवस्य सिद्धिमुपपाद्य सांप्रतं यद्यदाशङ्क्य परेण प्रतिक्षिप्तं तत्तत्समर्थयन्नाह----

जो पडिसेहेइ तधा स एव जीवोत्ति जुत्तमेयंपि ।
भूतेहिं चेतन्नं अण्णनिमित्तं जओ ठवियं ॥ १३४ ॥

(यः प्रतषेधति तथा स एव जीव इति युक्तमेतदपि । भूतेभ्यश्चैतन्यमन्यनिमित्तं यतः स्थापितम्)

यः प्रतिषेधति जीवं स एव जीव इति यत् प्राक् आशङ्कितं, तदपि युक्तमेव, जीवमन्तरेणान्यस्याचेतनत्वेन प्रतिषेधकत्वायोगात्। तदेवाचेतनत्वमन्यस्य समर्थयते-*'भूएहिं इत्यादि'* यतो यस्माद्भूतेभ्यः-पृथिव्यादिभ्योऽन्यो यो जीवस्तन्निमित्तं चैतन्यं प्राक् स्थापितं-व्यवस्थापितं तत्कथं भूतानामात्मप्रतिषेधकत्वं स्यात्? अचेतनत्वात्, यदन्यनिमित्तं च चैतन्यं प्राक् व्यवस्थापितं स सामर्थ्यादात्मैव, तस्यैवानुरूपतया चैतन्यं प्रति धर्मित्वाद्युपपत्तेः । स च परिणामित्वात् सुरनारकादिपरिणामरूपेण परिणमते, सुरनारकादिभावश्च परलोकशब्दवाच्यो, यद्वक्ष्यति-*'सुरभावो होइ परलोगो'* इति। तत आत्मा परलोक्यपि सिद्धः, तथा च सति यदभिहितं प्राक् *'नत्थि परलोगगामी जं भणिमोत्ति'* तन्महामोहविजृम्भितमित्युपेक्षणीयम् ॥१३४॥ अधुना यथा आत्मनः सुरनारकादिरूपेण परिणमनं भवति तथोपपादयन्नाह--

संतस्स णत्थि णासो एगंतेणं ण यावि उप्पातो ।
अत्थि असंतस्स तओ एसो परलोगगामि व्व(त्ति) ॥ १३५

(सतो नास्ति नाश एकान्तेन नचापि उत्पादः । अस्ति असतस्तत एव परलोकगामीति)

---

નિરૂપણ કર્યું છે. આજ પ્રમાણે, 'વિજ્ઞાનઘન એ વૈતેભ્યો ભૂતેભ્યો' ઇત્યાદિ વચનની યથેચ્છ વ્યાખ્યા કરી સાક્ષી બતાવવી યોગ્ય નથી. પરંતુ વિમલમતિએ(=ભગવાન મહાવીર સ્વામીએ પૂજ્ય ગૌતમસ્વામીને) બતાવેલી વ્યાખ્યા જ પ્રમાણભૂત છે. કેમકે એ પ્રમાણે વ્યાખ્યાન કરવાથી જ સચેતનત્વ અચેતનત્વરૂપ દૃષ્ટ વૈચિત્ર્ય અને જાતિસ્મરણવગેરે યુક્તિયુક્ત બને છે. શ્રીમહાવીર ભગવાને 'વિજ્ઞાનઘન'ઇત્યાદિ વચનનું વ્યાખ્યાન આ પ્રમાણે કર્યું છે. ➡ વિજ્ઞાન જ્ઞાન-દર્શનઉપયોગરૂપ છે. અને આત્મા સતત જ્ઞાન કે દર્શનના ઉપયોગમાં રહે છે. આ ઉપયોગથી આત્મા કથંચિત્ અભિન્ન છે. તેથી આત્મા 'વિજ્ઞાનઘન' છે. અથવા, આત્માનો પ્રત્યેક પ્રદેશ અનન્તાનન્ત વિજ્ઞાનપર્યાયોથી યુક્ત છે. તેથી આત્મા વિજ્ઞાનઘન છે. આવો આત્મા આ ઘટાદિ રૂપ, જ્ઞેયાત્મક અને(વિષય બનવાદ્વારા) સહકારી(=ઘટઆદિજ્ઞાનની ઉત્પત્તિમાં સહકારીકારણ)રૂપ ભૂતોમાંથી ઘટવિજ્ઞાનઆદિરૂપે ઉત્પન્ન થાય છે. અને જ્યારે ઘટવગેરેભૂતો વિજ્ઞેયરૂપે નષ્ટ થાય છે (=અર્થાત્ ઉપયોગના વિષય બદલાય છે) ત્યારે તેઓને આશ્રયીને આત્મા તેઓના જ્ઞાનરૂપે નાશ પામે છે. કેમકે આત્મા અન્ય અર્થમાં ઉપયોગવાળો હોય છે. 'ન પ્રેત્ય સંજ્ઞાઽસ્તિ' ➡ અને ત્યારે પ્રેત્ય=પૂર્વકાલીન ઘટવિજ્ઞાનઆદિ રૂપ સંજ્ઞા રહેતી નથી. નાસ્તિકમાન્ય અર્થ ➡ વિજ્ઞાનઘન આત્મા આ ભૂતોમાંથી ઉત્પન્ન થઇ તેઓના વિનાશમાં વિનાશ પામે છે.' પણ આ અર્થ બરાબર નથી. કેમકે પ્રેત્યસંજ્ઞા=પ્રેત્યભાવ=પરલોકભાવ છે. અર્થાત્ 'પરલોકમાં જે આ દેવ કે નરક હતો, તે જ આ ભવમાં મનુષ્ય થયો' એવો વ્યવહાર થાય છે. (આત્મા ભૂતોમાંથી ઉત્પત્તિ-વિનાશ પામતો ન હોય, તો જ આ વ્યવહાર સંભવે.) આમ આગમથી પણ જીવની સિદ્ધિ નિશ્ચિત થાય છે. ॥૧૩૩॥

આમ પ્રમાણથી જીવની સિદ્ધિ કરી. હવે નાસ્તિકે જે જે આશંકા કરીને પ્રતિક્ષેપ કર્યો, તે તેનું સમર્થન કરતા કહે છે —

*ગાથાર્થ* :- ત્યારે (આશંકા વખતે) 'જે પ્રતિષેધ કરે છે, તે જ જીવ છે' (એવી જે આશંકા કરેલી) તે પણ બરાબર છે. કારણ કે ચૈતન્ય ભૂતોથી ભિન્ન નિમિત્ત (કારણ) વાળું છે. એમ નિશ્ચિત થયું છે.

'જીવતત્ત્વનો જે પ્રતિષેધક છે તે જ જીવ છે.' પૂર્વે આવી જે આશંકા કરી હતી, તે યોગ્ય જ છે. કેમકે જગતમાં જીવને છોડી બાકીના બધા તત્ત્વો અચેતન=જડ છે. અને જડવસ્તુ પ્રતિષેધક બની શકતી નથી, કેમકે પ્રતિષેધકતા ચેતનનો ધર્મ છે. અન્ય (=જીવથી ભિન્ન)માં અચેતનપણાનું સમર્થન કરતાં કહે છે, 'ભૂએહિં' ઇત્યાદિ. આગળ અમે એવી સ્થાપના કરી જ છે કે, ભૂતોથી ભિન્ન એવો જીવ જ ચૈતન્યનું નિમિત્ત (=કારણ) છે. આમ ભૂતો અચેતન છે, તેમ સિદ્ધ થાય છે. તેથી ભૂતો શી રીતે આત્મપ્રતિષેધક બની શકે ?

*શંકા* :- પૂર્વે તમે ચૈતન્યના નિમિત્તતરીકે ભૂતોથી ભિન્ન વસ્તુની સિદ્ધિ કરી. પરંતુ તેનાથી આત્મા જ ચૈતન્યનું નિમિત્ત છે, તેમ શી રીતે કહી શકો ?

## *(આત્મા પરલોકગામી છે.)*

*સમાધાન* :- ચૈતન્યના નિમિત્તતરીકે સિદ્ધ થયેલી ભૂતોથી ભિન્ન વસ્તુતરીકે સામર્થ્યથી આત્મા સિદ્ધ થાય છે. કેમકે તે જ(=આત્મા જ) ચૈતન્યના અનુરૂપ ધર્મીતરીકે ઉપપન્ન છે. આ આત્મા પરિણામી હોવાથી દેવ, નારક આદિરૂપ પરિણામ પામે છે. અને આત્માનો દેવ, નારકઆદિ ભાવ(=પર્યાય) 'પરલોક' શબ્દથી અભિધેય બને છે. આગળ મૂળકાર જ કહેવાના છે કે 'સુર-

इह सतो वस्तुन एकान्तेन सर्वथा नैवास्ति विनाशः तदनन्तरमेवाव्यवधानेनोत्पद्यमानकपालादिपदार्थान्तरदर्शनात्। यदि घटकपालयोरन्तरे कोऽपि क्षणो भावरूपताशून्य उपलभ्येत तदा स्यादेवं, यथा घटस्य सर्वथा विनाशः कपालानां चात्यन्तासतामुत्पाद इति, न चैवमुपलभ्यते, तस्मात् घटः कपालरूपेणैव परिणमते नतु सर्वथा विनश्यतीति निश्चीयते । अथ कथमुच्यते नैव सतः कस्यापि सर्वथा विनाशो? यावता दीपतडागोदकादीनामनन्वयोऽपि विनाशो दृष्टः, तत्र तदन्यविकारोपलम्भाभावात्, तद्वदन्येषामपि भविष्यतीति, तदप्ययुक्तम्, तत्रापि निरन्वयविनाशासिद्धेः, तमः–प्रभृतिविकारोपलम्भात् । दीपाद्धि तमः प्रादुर्भवत् उपलभ्यते, तच्च तमः पौद्गलिकं, न तु दीपाभावमात्रं, चक्षुषा गृह्यमाणत्वात् *"तमश्छायोद्योतातपाश्च पौद्गलिका"* इति वचनप्रामाण्याच्च । तथा तडागोदकात् शीतः पवनः, अतस्तत्रापि दीपादेर्भावान्तरभाव एवाभावो न तु सर्वथा विनाशः । प्रमाणबाधितश्चासौ सतः सर्वथाविनाशाभ्युपगमः, तथाहि––यत् यदुपादानं तत्तद्रूपात्मकं, यथा मृदात्मकपिण्डोपादानो घटो मृदात्मकः, भावरूपघटोपादानश्च तद्विनाश इति । उपादानोपादेयभावो हि कार्यस्य कारणधर्म्मानुगमसंभवेन व्याप्तः, अन्यथाऽतिप्रसङ्गेन तद्व्यवस्थाऽनुपपत्तेरित्युक्तं प्राक्, घटविनाशश्चेत् भावरूपघटोपादान इष्यते ततोऽवश्यं तस्य भावरूपताऽङ्गीकर्त्तव्या, तथा च सति न तस्य घटस्य सर्वथा विनाश इति स्थितम् । *'न 'चावि उप्पाओ । अत्थि असंतस्सेति'* न चाप्येकान्तेनासतः–अविद्य–मानस्योत्पादः, एकान्तेनासतस्तुच्छरूपतया तद्भवनशक्त्ययोगात्, अन्यथैकान्तेनासत्त्वायोगात्, तथापि चेत्तस्य सत्त्वरूपतया भवनमिष्यते तर्हि अतिप्रसङ्गः, खरविषाणस्याप्युत्पत्तिप्रसक्तेः, तद्भवनशक्त्यभावाविशेषात् । अपि चैवमभ्युपगमे सति विवक्षितभावोत्पादोऽसदुपादानोऽभ्युपगतः स्यात्, तथा च सति तस्याभावस्यासत्त्वापत्तिरेव, कूर्म्मरोमभ्य इवोपजायमानाया

---

ભાવો હોઇ પરલોકે'(=દેવપણું પરલોક છે.) આમ આત્મા પરલોકમાં જનારતરીકે પણ સિદ્ધ થાય છે. તેથી નાસ્તિકે પૂર્વે જે કહ્યું કે 'નત્થિ પરલોકગામી જં ભણિમો'(=પરલોકગામી જીવ નથી ઇત્યાદિ)તે મહામોહનટનો વિલાસ છે. એટલે ઉપેક્ષણીય છે.

હવે, આત્માના દેવનારકાદિરૂપે પરિણામને યુક્તિસંગત દર્શાવવા કહે છે–

*ગાથાર્થ* :– સત્‌વસ્તુનો એકાન્તે નાશ નથી. અને એકાન્તે અસત્‌નો ઉત્પાદ નથી. તેથી આ(=આત્મા) પરલોકગામી તરીકે સિદ્ધ થાય છે.

ઘટવગેરે સત્ વસ્તુનો એકાન્તે=સર્વથા વિનાશ નથી. કેમકે તેના નાશ પછી તરત જ–વ્યવધાન વિના કપાલવગેરે અન્ય પદાર્થના દર્શન થાય છે. જો ઘટના નાશ અને કપાળની ઉત્પત્તિના સમય વચ્ચે એકાદ ક્ષણ પણ એવી મળે, કે જે ક્ષણે ઘટ પણ ન હોય, અને કપાળ પણ ન હોય–ભાવશૂન્ય હોય, તો ઘટનો સર્વથા નાશ, અને અત્યન્ત અસત્ એવા કપાળનો ઉત્પાદ સંભવી શકે, પણ તેવી ભાવશૂન્ય ક્ષણ દેખાતી નથી. તેથી ઘડો પોતે જ કપાળરૂપે પરિણામ પામે છે. પરંતુ સર્વથા વિનાશ પામતો નથી તેમ નિશ્ચય થાય છે.

*શંકા* :– 'કોઇપણ સત્–વસ્તુનો સર્વથા વિનાશ નથી' એમ કહેવું વ્યાજબી નથી, કેમકે દીવો, તળાવનું પાણી વગેરેનો નિરન્વય વિનાશ થતો દેખાય છે. કેમકે ત્યાં તેઓના નાશ વખતે અન્ય કોઇ વિકાર ઉપલબ્ધ થતો નથી. આ દૃષ્ટાન્તથી સર્વત્ર નિરન્વય નાશ=સર્વથા નાશ સંભવી શકે છે.

*સમાધાન* :– નિરન્વય નાશમાટે આપેલું દૃષ્ટાન્ત અયોગ્ય છે. કેમકે દીપઆદિ સ્થળે પણ નિરન્વય વિનાશ અસિદ્ધ છે. કેમકે દીપઆદિના વિનાશકાળથી જ વિકાર ઉપલબ્ધ થાય છે. દીપમાંથી તમ:(અંધકાર) પ્રાદુર્ભાવ પામતો દેખાય છે. (=દીપના વિનાશના સમકાળે અંધકાર ઉપલબ્ધ થાય છે.) આ તમ=અંધકાર પૌદ્ગલિક છે, નહિ કે દીપ(=પ્રકાશ)ના અભાવમાત્રરૂપ. કારણકે આ અંધકાર પણ આંખથી દેખાય છે. વળી 'અંધકાર, છાયા, ઉદ્યોત અને આતપ પૌદ્ગલિક છે' એવું આગમવચનનું પ્રામાણ્ય છે. આ જ પ્રમાણે, તળાવના પાણીના કારણે પવન ઠંડો અનુભવાય છે. પવનમાં રહેલી આ ઠંડક તળાવના પાણીનો વિકાર છે. આમ દીપ અને તળાવના પાણીવગેરે સ્થળે પણ દીપવગેરે અન્ધકારઆદિ ભાવાન્તરને પામે છે, પણ સર્વથા નાશ પામતા નથી. વળી સદ્‌વસ્તુના સર્વથા વિનાશનો સિદ્ધાન્ત પ્રમાણથી બાધિત છે. જૂઓ! જે વસ્તુનું જે ઉપાદાન કારણ હોય, તે વસ્તુ તે (=ઉપાદાન)ના સ્વરૂપવાળી હોય. જેમકે ઘડાનું ઉપાદાનભૂત પિણ્ડ માટીમય છે, તો ઘડો પણ માટીમય છે. એજ પ્રમાણે ઘટ વિનાશના ઉપાદાનભૂત ઘડો ભાવાત્મક છે, તો ઘટવિનાશ પણ ભાવાત્મક જ હોવો જોઇએ.

*શંકા* :– ઘડો, ઘટવિનાશનું ઉપાદાન હોય, તેટલામાત્રથી ઘટવિનાશમાં ઘડાના ભાવાત્મક ધર્મ–સ્વરૂપની હાજરી સ્વીકારવાની શી જરૂર છે ?

*સમાધાન* :– ઉપાદાન–ઉપાદેયભાવ, કાર્યમાં કારણધર્મ(=કારણના ધર્મ)ના અનુગમભાવને વ્યાપ્ય છે. અર્થાત્ જ્યાં ઉપાદાનઉપાદેયભાવ હોય, ત્યાં કાર્યમાં કારણધર્મનો અનુગમ હોય જ. અને જ્યાં કાર્યમાં કારણધર્મનો અનુગમ ન દેખાય, ત્યાં ઉપાદાનઉપાદેયભાવ સંભવે નહિ. કાર્યમાં કારણધર્મના અનુગમ વિના પણ ઉપાદાનઉપાદેયભાવ માનવામાં અતિપ્રસંગ છે, કેમકે બધી જ વસ્તુઓ બધા જ કાર્યના કારણ બની જાય અને બધા જ કાર્યો દરેક વસ્તુના ઉપાદેય બની જાય. અને આ અતિપ્રસંગને કારણે ઉપાદાનઉપાદેયભાવની "અમુક ઉપાદેયમાટે અમુક જ ઉપાદાન, અન્ય નહિ." ઇત્યાદિ જે નિયત વ્યવસ્થા છે, તેનો વિલોપ થઇ જાય. આ સિદ્ધાન્ત પૂર્વે દર્શાવ્યો જ છે. તેથી ઉપાદેયમાં ઉપાદાનના ધર્મનો અનુગમ સ્વીકારવો જ રહ્યો. હવે જો, ઘટવિનાશના ઉપાદાનતરીકે ભાવાત્મક ઘડો ઇષ્ટ હોય, તો ઉપાદાનના આ ભાવાત્મક ધર્મનો ઉપાદેયભૂત ઘટવિનાશમાં અનુગમ સ્વીકારવો જ પડશે. અને તો ઘટવિનાશ પણ ભાવાત્મક જ સિદ્ધ થશે. તેથી "ઘટનો સર્વથા(=માત્ર અભાવરૂપ) વિનાશ નથી" એમ સિદ્ધ થાય છે. ('ન ચાવિ ઉપ્પાઓ' ઇત્યાદિ) આ જ પ્રમાણે એકાન્તે અસત્(=અવિદ્યમાન)ની ઉત્પત્તિ સંભવતી નથી. એકાન્તે અસત્–વસ્તુ ખપુષ્પઆદિની જેમ તુચ્છરૂપ છે. અને તેવી તુચ્છ વસ્તુઓમાં ઉત્પન્ન થવાની શક્તિ

रज्जोः, अन्यथा कार्यस्य कारणधर्मानुगमसंभवाभावप्रसङ्गेन कार्यकारणव्यवस्थाविलोपप्रसङ्गात्, अतः स्थितमेतत्–नात्यन्तासत उत्पाद इति। *'तओ एसो परलोगगामित्ति'* 'तत' तस्मात्सतः सर्वथा विनाशाभावादत्यन्तासत उत्पादाभावाच्च 'एष' आत्मा परलोकगामी परलोकसुरत्वादिपर्यायस्तं गामी परलोकगामी परिणामित्वात् ॥१३५॥ एतदेव भावयति--

बालाइपज्जवातो जुवादि जह होइ पज्जवो इहयं ।

एवं मणुस्सभावा सुरभावो होइ परलोगो ॥ १३६ ॥

(बालादिपर्यायाद् युवादिर्यथा भवति पर्याय इह । एवं मनुष्यभावात् सुरभावो भवति परलोकः)

*'इह'* जगति यथाकथंचिदवस्थितस्य मनुष्यस्य बालादिपर्यायादूर्ध्वं युवादिलक्षणः पर्यायो भवति, एवं जीवस्यापि मनुष्यभावादूर्ध्वं सुरभावो भवति, स च सुरभावः *'परलोक'* इति परलोकसंज्ञः, लोक्यत इति लोकः मनुष्यत्वादि–पर्यायः परो–मनुष्यत्वापेक्षया लोकः सुरत्वादिपर्यायः परलोकः, ततस्तत्संबन्धादात्मा परलोकीति स्थितम् ॥१३६॥ सांप्रतं यदवादीत् प्राक् *"अत्थि पडिसेहगो इय चेयन्नविसिट्ठकायमेत्तो उ"* इति, तत् दूषयितुमुपक्रमते--

ण य पडिसेहोऽवि इहं कप्पइ चेतण्णसंगते काए ।

तस्सेवाभावातो ण कायमेत्ते य सो दिट्ठो ॥ १३७ ॥

(न च प्रतिषेधोऽपि इह कल्पते चैतन्यसंगते काये । यस्यैवाभावान्न कायमात्रे च स दृष्टः)

इह प्रतिषेधशब्दः कर्तृस्थक्रियावचनो, यथा देवदत्तस्य पाक इत्यत्र पाकशब्दः । *'ततश्च'* प्रतिषेधोऽपि प्रतिषेधकत्वव्यापारोऽपि *'न कल्पते'* न घटते *'चैतन्यसंगते'* चैतन्ययुक्ते काये । कुत इत्याह--*'तस्सेवाभावाओ'* तस्यैव चैतन्यसंगतस्यैव कायस्याभावात् । न हि भूतानां धर्म्मः कार्यं वा चैतन्यं येन तत्संगतः काय उपपद्येतेत्युक्तं प्राक् । अथ मा भूच्चैतन्यसंगतत्वं कायस्य केवल एव कायः प्रतिषेधको भविष्यतीत्यारेकानिराकरणार्थमाह--*'न कायमेत्ते य सो दिट्ठोत्ति'* न च 'स' प्रतिषेधः प्रतिषेधकत्वलक्षणो व्यापारः 'कायमात्रे' केवल एव काये दृष्टो, मृतकाये तथादर्शनाभावात्, ततः पारिशेष्यादात्मैव प्रतिषेधक इति युक्तमुक्तं–'यः प्रतिषेधति स एव जीवः' इति ॥१३७॥ इदानीं *'दाणाइफलाभावा सो नत्थित्ति'* यत् आशङ्क्य दूषितं, तत् बुभूषयिषुरिदमाह--

---

નથી. જો તેમાં ઉત્પન્ન થવાની શક્તિ હોય, તો તે સર્વથા અસત્ નથી. હવે, જો ઉત્પન્ન થવાની શક્તિના અભાવવાળી એકાન્ત અસત્–વસ્તુની પણ ઉત્પત્તિ સ્વીકારશો, તો ગધેડાના શિંગડાની ઉત્પત્તિ સ્વીકારવાનો અતિપ્રસંગ છે. કેમકે તે(=ગધેડાના શિંગડા)માં પણ ઉત્પન્ન થવાની શક્તિનો અભાવ સમાનરૂપે છે. વળી, જો એકાન્ત અસત્‌ની ઉત્પત્તિ સંભવતી હોય, તો તે અસત્‌ના ઉપાદાનતરીકે પણ અસત્‌વસ્તુની જ કલ્પના કરવી રહી. તેથી અસત્ ઉપાદાનમાંથી ઉત્પન્ન થતી વસ્તુને પણ અસત્ જ માનવી પડશે. જેમકે કાચબાના રોમમાંથી ઉત્પન્ન થતાં દોરડા. હવે જો, અસદ્ વસ્તુના ઉપાદાનતરીકે સદ્‌વસ્તુને સ્વીકારશો, અથવા અસદ્ ઉપાદાનમાંથી ઉત્પન્ન થતી વસ્તુને સદ્રૂપ સ્વીકારશો, તો કાર્યમાં કારણગત ધર્મના અનુગમના સિદ્ધાન્તને બાધ આવશે. અને કાર્યકારણભાવની પ્રતિનિયત વ્યવસ્થા ભાંગી પડશે. તેથી સ્વીકારવું જ રહ્યું કે ➡ અત્યન્ત અસત્‌ની ઉત્પત્તિ નથી, પરંતુ કથંચિત્ સત્‌ની જ ઉત્પત્તિ છે. ('તઓ એસો પરલોગગામી' ઇત્યાદિ) તેથી સત્‌નો સર્વથા વિનાશ અને અત્યન્ત અસત્‌નો ઉત્પાદ સંભવતા ન હોવાથી આત્મા દેવાદિપર્યાયરૂપ પરલોકમાં જનારો છે તેમ સિદ્ધ થાય છે. કેમકે આત્મા પરિણામી (=પરિણામ, તે તે પર્યાયોને પામનારું) દ્રવ્ય છે. ॥૧૩૫॥

આ જ હકિકતનું ભાવન કરતા કહે છે ➡

*ગાથાર્થ* :- જેમ અહીં (=જગતમાં) યથાકથંચિત્ અવસ્થિત રહેલા મનુષ્યનો બાળઆદિ પર્યાય પછી યુવાનઆદિ પર્યાય થાય છે. એજ પ્રમાણે જીવનો પણ મનુષ્યભાવ=મનુષ્યપર્યાય પછી દેવભાવ=દેવપર્યાય થાય છે. આ દેવપર્યાય 'પરલોક'સંજ્ઞા પામે છે. દેખાતો લોક=મનુષ્યપણાદિપર્યાય. મનુષ્યપણાદિની અપેક્ષાએ દેવભાવવગેરેપર્યાય પર=બીજો લોક=પર્યાય=પરલોક છે. અને આ પરલોકના સંબંધથી આત્મા પરલોકી ગણાય છે. ॥૧૩૬॥

હવે, પૂર્વે જે કહ્યું કે 'અહીં ચૈતન્યવિશિષ્ટકાયમાત્ર(=શરીર જ) પ્રતિષેધક છે.' એ મુદ્દાને કલંકિત ઠેરવવા ઉપક્રમ કરે છે.

*ગાથાર્થ* :- વળી, ચૈતન્યયુક્ત કાયામાં પ્રતિષેધ પણ કલ્પતો નથી. કારણકે તેનો (=ચૈતન્યયુક્ત કાયાનો) અભાવ છે. વળી કાયમાત્રમાં પણ તે (=પ્રતિષેધ) દેખાતો નથી.

પ્રસ્તુતમાં 'પ્રતિષેધ'શબ્દ કર્તામાં રહેલી ક્રિયાનો સૂચક છે. જેમકે દેવદત્તનો પાક(=દેવદત્તમાં રહેલી પાકસંબંધીક્રિયા) તેથી અહીં 'પ્રતિષેધ'પદથી પ્રતિષેધકમાં રહેલી પ્રતિષેધ કરવાની ક્રિયા સમજવાની છે. આ ક્રિયા ચૈતન્યયુક્ત શરીરમાં સંભવતી નથી. કારણકે ચૈતન્યયુક્ત કાયાનો જ અભાવ છે. પૂર્વે કહ્યું જ છે કે, "ચૈતન્ય ભૂતોનો ધર્મ કે ભૂતોનું કાર્ય નથી, તેથી ચૈતન્યયુક્ત કાય હોવામાં કોઇ યુક્તિ નથી."

*શંકા* :- ચૈતન્યયુક્ત કાયાનો અભાવ હોવાથી ભલે તે પ્રતિષેધક ન હો, પણ માત્ર (ચૈતન્યહીન) કાયા જ પ્રતિષેધક છે, તેમ માનવામાં શો વાંધો છે ? કેમકે માત્ર કાયા તો સર્વત્ર દેખાય છે.

*સમાધાન* :- માત્ર કાયામાં પ્રતિષેધકક્રિયા દેખાતી નથી, કેમકે મડદામાં તેવી ક્રિયા દેખાતી નથી. આમ ચૈતન્યયુક્ત કાય કે માત્ર કાયામાં પ્રતિષેધક્રિયા સંભવતી નથી. તેથી પારિશેષ્ય(=સામાન્ય અન્તર્ગત એક સિવાયના સઘળાવિશેષો જ્યારે અયોગ્ય ઠરે, ત્યારે બાકી રહેલ વિશેષ જ યોગ્ય છે. તે ઠેરવવા આ ન્યાય ઉપયુક્ત છે.) ન્યાયથી પ્રતિષેધકતરીકે આત્મા જ સિદ્ધ થાય છે. તેથી 'જે પ્રતિષેધક છે, તે જ જીવ છે.' એવું કથન તદ્દન બરાબર છે. ॥૧૩૭॥

एत्तो च्चिय णाभावो दाणाद्विफलस्स मणप्पसादादी ।
इहलोगम्मिवि दिट्ठा परलोगे किं न जुत्तत्ति? ॥ १३८ ॥
(अत एव नाभावो दानादिफलस्य मनःप्रसादादयः । इहलोकेऽपि दृष्टाः परलोके किं न युज्यते?)

*'अत एव'* परलोकयायिनो जीवस्य सिद्धेरेव न दानादिक्रियाफलस्याभावः, एतदुक्तं भवति-परेण हि *'न संगयमिदंपीत्यादि'* प्रतिपादयता दानादिक्रियाफलस्याभाव आपादितः, स इदानीमात्मनि परलोकयायिनि सिद्धे नैव युक्तः। कुत इत्याह--यस्मान्मनःप्रसादादय इहलोकेऽपि दानादिक्रियाफलत्वेन दृष्टाः, ततः परलोके *'किं'* कस्माद्दानादिक्रियायाः फलं न युक्तं?, युक्तमेवेति भावः, तत्साधकप्रमाणसंभवात् । इतिशब्दो वाक्यपरिसमाप्तौ ॥ १३८ ॥
तत्साधकमेव प्रमाणमुपदर्शयति--

किरियाफलभावातो दाणादीणं फलं किसीएव्व ।
तं दिट्ठं चेव मती जसकित्तीलाभमादीयं ॥ १३९ ॥
(क्रियाफलभावात् दानादीनां फलं कृषेरिव । तद्दृष्टमेव मतिः यशःकीर्तिलाभादिकम् ॥)

अस्ति दानादिक्रियाणां फलमिति साध्यं, क्रियाया अवश्यं फलभावादिति हेतुः, कृषिक्रियाया इवेति दृष्टान्तः। प्रयोगश्चैवम्-या चेतनावतः परिस्पन्दात्मिका क्रिया सा नियमेन फलवती, यथा कृषिक्रिया, तथा च चेतनावतः परिस्पन्दात्मिका दानादिक्रियेति । अत्र चेतनावत्त्वविशेषणेन परमाण्वादिक्रियाव्युदासः, परिस्पन्दग्रहणेन च मुक्तात्मनां या प्रतिक्षणं सकलपदार्थपरिच्छेदरूपा क्रिया तस्याः प्रतिक्षेपः, अन्यथैताभ्यां व्यभिचारः स्यादनयोरभिप्रेतफलेन फलवत्त्वाभावात्। अत्र हेतोरभिप्रेतादृष्टफललक्षणेन साध्येन सह प्रतिबन्धं सिसाधयिषुराचार्यस्तावत्परस्य सिद्धसाधनमाशङ्कते-- *'तं दिट्ठमित्यादि'*, अथ स्यादियं मतिः परस्य-इष्यत एव दानादिक्रियायाः फलं परं तत्फलं दृष्टमेव यशःकीर्तिलाभादिकं द्रष्टव्यं, न त्वदृष्टं पुण्यादि, तत्र पराक्रमकृतः श्लोको यशः, दानपुण्यकृतस्तु कीर्त्तिः, उक्तं च-"*दानपुण्यकृता कीर्त्तिः, पराक्रमकृतं यशः*" इति, लाभो धनाद्यवाप्तिः, अवसरे हि पुरुषविशेषाय दीयमानमल्पमपि विपुलधनादिलाभनिमित्तं भवतीति, आदिशब्दादपायरक्षादिपरिग्रहः। ततश्च सिद्धसाधनमेवेदमिति ॥१३९॥ अथ मन्यसे यशःकीर्त्तिलाभादिके दृष्टे फले न विवादोऽस्ति, यद्विषया च विप्रतिपत्तिस्तदेव साध्यं नेतरत् यथा परार्थश्चक्षुरादय इत्यत्र पर आत्मा, अदृष्टफलविषया चावयोर्विप्रत्तिपत्तिरतस्तदेव साध्यं, तथा च कुतः सिद्धसाधनमित्याशङ्क्य पर आह--

इहरा य किसीएवि हु पावेइ अदिट्ठमेव तंपत्थि ।
तस्स परिणामरूवं सुहदुक्खफलं जतो भुज्जो ॥ १४० ॥
(इतरथा च कृषेरपि हु प्राप्नोति अदृष्टमेव तदप्यस्ति । तस्य परिणामरूपं सुखदुःखफलं यतो भूयः)

---

હવે, 'દાનઆદિના ફળ દેખાતા ન હોવાથી તે (=જીવ) નથી' એવી આસંકા કરી નાસ્તિકે આપેલા દૂષણને ભૂષણ ઠેરવવા આચાર્ય આ પ્રમાણે કહે છે-

*(દાનઆદિના અદૃષ્ટ ફળની સિદ્ધિ)*

*ગાથાર્થ* :- તેથી જ=પરલોકયાયી જીવ સિદ્ધ થતો હોવાથી જ દાનઆદિના ફળનો અભાવ નથી. કેમકે આલોકમાં પણ મનઃપ્રસાદઆદિ ફળો દેખાય છે, તો પરલોકમાં કેમ યોગ્ય ન હોય? અર્થાત્ પરલોકમાં ફળ યોગ્ય જ છે.

*તાત્પર્યઃ*- નાસ્તિકે "ન સંગયમિદંપી" ઇત્યાદિ ગાથાદ્વારા પ્રતિપાદન કરતા દાનવગેરે ક્રિયાના ફળનો અભાવ બતાવ્યો. પરંતુ હવે, જીવ પરલોકગામીતરીકે સિદ્ધ થવાથી દાનઆદિક્રિયાના ફળનો અભાવ બતાવવો યોગ્ય નથી. દાનઆદિના જેમ આલૌકિક મનઃપ્રસાદઆદિ ફળો છે તેમ પરલોકમાં પણ ફળ છે જ. કેમકે પારલૌકિકફળસાધક પ્રમાણ હાજર છે. (મૂળમાં "ઇતિ" પદ વાક્યની સમાપ્તિ સૂચવે છે.) ॥૧૩૮॥

પારલૌકિક ફળસાધક પ્રમાણ બતાવે છે-

*ગાથાર્થ* :- ક્રિયાનું ફળ હોવાથી ખેતીક્રિયાની જેમ દાનઆદિક્રિયાનું ફળ છે. અહીં બીજાને (=નાસ્તિકોને) બુદ્ધિ થાય કે, દાનઆદિનું યશકીર્તિ-લાભવગેરે દૃષ્ટ ફળ જ છે.

દાનઆદિક્રિયાઓનું ફળ છે(=સાધ્ય). કેમકે ક્રિયાઓનું ફળ અવશ્ય હોય છે(=હેતુ). જેમકે ખેતીક્રિયાનું ફળ (=દૃષ્ટાન્ત).

*પ્રયોગ* :- ચેતનાવાનની પરિસ્પન્દરૂપ જે ક્રિયા હોય, તે અવશ્ય ફળવાળી હોય છે. જેમકે ખેતીક્રિયા. અને ચેતનાવાનની દાનઆદિક્રિયા પણ પરિસ્પન્દરૂપ છે. તેથી ફળવાળીતરીકે સિદ્ધ થાય છે. પ્રસ્તુતમાં ચેતનાવત્ત્વ (="ચેતનાવાન"પદ) વિશેષણ, પરમાણુવગેરેની ક્રિયાને બાકાત કરવા છે. મુક્ત જીવો પણ પ્રત્યેક ક્ષણે સઘળા પદાર્થોનું જ્ઞાન કરવાની ક્રિયા સતત કરી રહ્યા છે. આ ક્રિયાઓનો સમાવેશ ન કરવા "પરિસ્પન્દ"રૂપ ક્રિયાનો ઉલ્લેખ કર્યો. જો આ બેને (પરમાણુઆદિગતક્રિયા અને મુક્તાત્માઓની ક્રિયા) બાકાત ન કરવામાં આવે, તો આ બેની ક્રિયાના દૃષ્ટાન્તથી અનૈકાન્તિકદોષ આવે, કેમકે આ બન્નેની ક્રિયા અભિપ્રેત ફળવાળી ન હોવાથી, તે રૂપે ફળવાળી નથી. પ્રસ્તુતમાં આચાર્યને ક્રિયાના અદૃષ્ટફળરૂપ સાધ્યસાથે અવશ્ય ફળવત્તારૂપ હેતુની વ્યાપ્તિ સિદ્ધ કરવી છે. તેની ભૂમિકારૂપે આચાર્ય પોતે બીજાઓ (=નાસ્તિકો) વતી ઉપરોક્ત અનુમાનમાં સિદ્ધસાધનદોષ બતાવે છે. "તં દિટ્ઠમિ" ઇત્યાદિ.

*નાસ્તિક* :- દાનવગેરેક્રિયાના ફળ અમને ઇષ્ટ જ છે. તેથી તે અંશે તમારે સિદ્ધસાધન દોષ છે. પણ તે ફળ યશ, કીર્તિ, લાભ વગેરે દૃષ્ટ જ છે, નહિ કે પુણ્ય વગેરે અદૃષ્ટ. પરાક્રમથી પ્રાપ્ત થતો વર્ણવાદ યશ છે. અને દાનપુણ્યથી પ્રાપ્ત થતો

'*इतरथा*' (च) दृष्टफलव्यतिरेकेणादृष्टफलेन दानादिक्रियायाः फलवत्त्वसाधने'*कृषेरपि*' कृषिक्रियाया अपि, हुशब्दोऽपिशब्दार्थे, उक्तं च-"*हु अविसद्दत्थम्मि वत्ति*" स च भिन्नक्रमोऽदृष्टशब्दानन्तरं द्रष्टव्यः, एवकारस्तु प्राप्नोतिक्रियया अभिसंबध्यते, ततश्च कृषेरपि क्रियाया अदृष्टमपि फलं प्राप्नोत्येव, विशेषाभावात्, तथाच सति लोकबाधा, न ह्यदृष्टफलार्था लोके कृषिः प्रसिद्धा, किन्तु दृष्टफलार्थैवेति । अत्र प्रतिविधानमाह--'*तंपीत्यादि*' तदपि-अदृष्टमपि कृषिक्रियायाः फलमस्ति, न केवलं दृष्टमित्यपिशब्दार्थः। '*तस्य*' कृषिक्रियाकर्तुः, 'परिणामरूपम्', अध्यवसायानुरूपं,'*यतो*' यस्माद् दृष्टात् '*भूय*': पुनरपि भवान्तरे सुखदुःखलक्षणं फलं '*तस्य*' कृषिक्रियाकर्तुर्भवति ॥१४०॥

**तदभावम्मि य मुत्ती पावइ णियमेण सव्वसत्ताणं ।**
**एवं च भवसमुद्दो ण घडइ पच्चक्खदिट्ठोवि ॥ १४१ ॥**

(तदभावे च मुक्तिः प्राप्नोति नियमेन सर्वसत्त्वानाम् । एवं च भवसमुद्रो न घटते प्रत्यक्षदृष्टोपि)

यदि पुनः कृष्यादिक्रिया अदृष्टसंज्ञकपुण्यापुण्यलक्षणफलनिबन्धनं नेष्यते तर्हि तस्य अदृष्टस्याभाव एव स्यात्, कारणान्तराभावात्, तदभावे च सति सर्वेषामपि सत्त्वानां नियमेन मुक्तिः प्राप्नोति, मुक्तिविबन्धकपुण्यपापविनिर्मुक्तत्वात्। '*एवं च भवसमुद्दो त्ति*' भवन्ति कर्म्मवशवर्त्तिनः प्राणिनोऽस्मिन्निति भवस्तिर्यग्मनुष्यादिपर्यायसंततिः स एवातिविस्तीर्णतया समुद्र इव (भव)समुद्रः। स '*प्रत्यक्षदृष्टोऽपि*' प्रत्यक्षत उपलभ्यमानोऽपि '*न घटेत*' न युज्येत, मुक्तात्मनामिव पुण्यपापाभावात्। तस्मात्प्रत्यक्षसिद्धभवसमुद्रान्यथानुपपत्त्या अवश्यमदृष्टमभ्युपगन्तव्यम् ॥१४१॥ इतश्चाभ्युपगन्तव्यं यस्मात्---

**तुल्लफलसाधगाणं तुल्लारंभाण इट्ठविसयम्मि ।**
**दीसइ य फलविसेसो स कहं अदिट्ठऽभावम्मि? ॥ १४२ ॥**

(तुल्यफलसाधकानां तुल्यारंभाणामिष्टविषये । दृश्यते च फलविशेषः स कथं अदृष्टाभावे)

---

પ્રશંસાવાદ કીર્તિ છે. કહ્યું છે કે '*દાનપુણ્યથી કીર્તિ થાય, પરાક્રમથી યશ*' લાભ=ધનવગેરેની પ્રાપ્તિ. અવસરે પુરુષવિશેષને આપેલું અલ્પ પણ દાન ધનઆદિના મોટાલાભનું કારણ બને છે. દાનઆદિમાં આદિપદથી નુકશાનીમાંથી રક્ષણ વગેરે સમજવું. તેથી ઉપરોક્ત અનુમાનના હેતુમાં સિદ્ધસાધન (=સિદ્ધ થયેલા સાધ્યની ફરીથી સિદ્ધિની પ્રવૃત્તિરૂપ) દોષ છે. ॥૧૩૯॥

*શંકા* :- યશકીર્તિ-લાભવગેરે દૃષ્ટફળમાં વિવાદ નથી. વિવાદ=વિભિન્નમાન્યતા, ક્રિયાના જે ફળઅંગે છે, તે જ સાધ્ય છે. અન્ય(=દૃષ્ટફળ)નહિ. જેમકે "ચક્ષુવગેરે પરાર્થ છે." અહીં પર=આત્મા જ સાધ્ય છે. (કેમકે તે અંગે જ વિપ્રતિપત્તિ છે) એ જ પ્રમાણે પ્રસ્તુતમાં ક્રિયાના અદૃષ્ટફળઅંગે આપણો મતભેદ છે. તેથી અદૃષ્ટફળ જ સાધ્ય છે. તેથી સિદ્ધસાધનદોષ શી રીતે સંભવે ?

અન્યવતી આવી આશંકા ઉઠાવી નાસ્તિક જવાબ આપે છે. ➡

*ગાથાર્થ* :- અન્યથા ખેતીનું પણ અદૃષ્ટફળ પ્રાપ્ત થશે. (આચાર્યનો ઉત્તર) ખેતીનું પણ અદૃષ્ટફળ છે. કેમકે તેના (=ખેડૂતના) અધ્યવસાયને અનુરૂપ ભવાંતરમાં સુખદુઃખ ફળ તેને (=ખેડૂતને) મળે જ છે.

*નાસ્તિક* :- જો દાનઆદિક્રિયાના દૃષ્ટફળને છોડી અદૃષ્ટફળ જ સાધ્યતરીકે ઇષ્ટ હોય, તો ખેતીક્રિયાનું પણ અદૃષ્ટફળ જ પ્રાપ્ત થાય છે. (મૂળમાં 'હુ'પદ અપિ=પણ અર્થમાં છે. કહ્યું છે કે 'હુ પદ અપિશબ્દના અર્થમાં છે.' આ પદનો અન્વય 'અદૃષ્ટ'પદ પછી છે. અને 'એવ'કારનો અન્વય 'પાવેઇ'પદ પછી છે. તેથી ખેતીની પણ ક્રિયાનું અદૃષ્ટ પણ ફળ પ્રાપ્ત થાય જ છે. એવો અર્થ થશે.) કેમકે વિશેષનો અભાવ છે. (=ખેતીવગેરે પણ ક્રિયારૂપે દાનાદિને સમાન છે.) અને ખેતીવગેરેનું અદૃષ્ટફળ માનવામાં 'લોકબાધ'દોષ છે. કેમકે લોકોમાં કંઇ અદૃષ્ટફળના પ્રયોજનથી ખેતી થતી પ્રસિદ્ધ નથી. પરંતુ ધાન્યઆદિ દૃષ્ટફળના પ્રયોજનથી જ ખેતીક્રિયા થાય છે.

*ઉત્તરપક્ષ* :- ખેતીક્રિયાનું અદૃષ્ટ ફળ પણ છે. નહિ કે માત્ર દૃષ્ટફળ. (મૂળમાં રહેલા 'અપિ' પદનો આ અર્થ છે.) કેમકે પોતાના અધ્યવસાયને અનુરૂપ દૃષ્ટફળ સિવાય સુખ-દુઃખરૂપ અદૃષ્ટફળ પણ ભવાન્તરમાં ખેડૂતને પ્રાપ્ત થાય છે.॥૧૪૦॥

*ગાથાર્થ* :- (જો, ખેતીવગેરેક્રિયાનું પુણ્યપાપરૂપ અદૃષ્ટ ફળ ન હોય, તો અદૃષ્ટનો અભાવ આવશે. અને) અદૃષ્ટના અભાવમાં બધાજ જીવોની મુક્તિ થવાનો પ્રસંગ છે. અને તેમ થાય તો પ્રત્યક્ષ દેખાતો પણ સંસારસાગર યુક્તિસંગત ન ઠરે.

## (ક્રિયામાત્રનું અદૃષ્ટફળ)

પુણ્યપાપાત્મક અદૃષ્ટના કારણતરીકે ક્રિયા ઇષ્ટ છે. કારણકે પુણ્યપાપરૂપ અદૃષ્ટની ઉત્પત્તિ અંગે ક્રિયાને છોડી અન્ય કોઇ કારણ નથી. ક્રિયાને પણ તે અદૃષ્ટના કારણ તરીકે ન સ્વીકારવામાં અદૃષ્ટનો અભાવ જ સ્વીકારવો પડે. અને અદૃષ્ટના અભાવમાં તો બધાની મુક્તિ માનવી પડે, કેમકે પુણ્યપાપરૂપ અદૃષ્ટ જ મુક્તિના પ્રતિરોધક છે. જેમાં કર્મપરાધીન જીવો ઉત્પન્ન થાય (=તે તે ગત્યાદિરૂપ પર્યાય પામે) તે ભવ=સંસાર=તિર્યંચ, મનુષ્યવગેરે પર્યાયોનો પ્રવાહ. આ ભવ અતિવિશાળ હોવાથી સમુદ્રરૂપ છે. બધા જીવો જો મુક્ત થાય, તો પ્રત્યક્ષ દેખાતો આ ભવસાગર અસંગત બને, કેમકે મુક્તજીવોની જેમ પુણ્યપાપનો અભાવ છે. અર્થાત્ જેમ પુણ્યપાપના લેપ વિનાના હોવાથી મુક્તજીવોનો ભવસાગર નથી, તેમ અન્ય સંસારી જીવો પણ પુણ્યપાપ વિનાના થવાથી તેઓનો પણ ભવસાગર=સંસાર અસંગત ઠરે. તેથી પ્રત્યક્ષ દેખાતો ભવસાગર અન્યથા અનુપપત્તિરૂપ હેતુથી "અદૃષ્ટ અવશ્ય છે" એવું સિદ્ધ કરી આપે છે. ॥૧૪૧॥

અદૃષ્ટને આવકારવામાં આવો આશય પણ છે કે,

*ગાથાર્થ*:- તુલ્યફળ સાધકોનો ખેતીવગેરેરૂપે તુલ્યારંભ દેખાતો હોવા છતાં ઇષ્ટવિષયમાં ઇષ્ટની પ્રાપ્તિઅંગે ફળવિશેષ

*'तुल्यफलसाधकानां'* तुल्य आरम्भः कृष्यादिलक्षणो येषां तेषां यः खलु इष्टविषये दृश्यते *'फलविशेषः'* प्राप्त्यप्राप्तिलक्षणः, स कथमदृष्टस्याभावे स्याद्?, नैव स्यादित्यभिप्रायः। तत एकस्मिन्नेव विषये प्रवृत्तानां तुल्योपायानां फलविशेषान्यथानुपपत्त्यापि नियमाददृष्टमभ्युपगन्तव्यम् । तत्कारणत्वेन कृष्यादिकापि क्रिया ॥१४२॥ एतदेवोपसंहरति--

अद्दिट्ठेगंतफला तम्हा किरिया इहं मता सव्वा ।

दिट्ठाणेगंतफला सावि अदिट्ठाणुभावेणं ॥ १४३ ॥

(अदृष्टैकान्तफला तस्मात् क्रिया इह मता सर्वा । दृष्टानेकान्तफला सापि अदृष्टानुभावेन)

तस्मादिह-जगति चेतनावतां या परिस्पन्दात्मिका क्रिया सा सर्वाप्यदृष्टैकान्तफला मता, अदृष्टमेकान्तेननियमेन फलं यस्याः सा अदृष्टैकान्तफला। उक्तं चार्षे--[1]*"जाव णं एस जीवे एयइ वेयइ चलइ फंदइ घट्टइ खुब्भइ उदीरइ तं तं भावं परिणमइ, ताव णं एस जीवे सत्तविहबंधए वा अट्ठविहबंधए वा छव्विहबंधए वा एगविहबंधए वा, नो चेव णं, अबंधए सियत्ति"* । एतामेव क्रियां विशेषयति-*'दृष्टानेकान्तफला'* दृष्टं धनलाभादि अनेकान्तं-सव्यभिचारं फलं यस्याः सा दृष्टानेकान्तफला, दृष्टं फलं कदाचिदस्या भवति कदाचिन्न भवतीत्यर्थः। सा इत्थंभूता कुतः? इत्याह-साऽपि अदृष्टानुभावेन पूर्वोपार्जिततथाविधादृष्टानुभवसामर्थ्येन । इह सर्वस्याप्यनन्तरोक्तस्यायमभिप्रायः-- इह चेतनावतश्चेष्टारूपा क्रिया अवश्यमदृष्टनिबन्धनम्, अन्यथा कारणान्तरासंभवेन तस्याभावप्रसङ्गतस्तन्निबन्धनभव-समुद्राद्यनुपपत्तेः, तत इयं चेतनावतश्चेष्टारूपा क्रिया अदृष्टजननं प्रति कारणान्तरनिरपेक्षत्वेन व्याप्ता, एवं च सति यदि तस्याः क्रियायाः संभवेऽपि अदृष्टं न भवेत् तर्हि तज्जननं प्रति कारणान्तरापेक्षा स्यादिति सापेक्षत्वं स्वव्यापकविरुद्धं प्रसज्येत, ततो विपक्षाद्व्यापकविरुद्धोपलब्ध्या निवर्त्तमाना चेतनावतश्चेष्टारूपा क्रिया अदृष्टफलजनकत्वेन व्याप्यते इति प्रतिबन्धसिद्धिः । तच्चादृष्टं द्विधा-पुण्यरूपं पापरूपं च । तत्र पुण्यरूपं दानहिंसाविरत्यादि-क्रियाजन्यमितरच्च तद्विपरीतक्रियाजन्यम् ॥ १४३ ॥ न च वाच्यमत्र विपर्ययः कस्मान्न भवतीति, यत आह--

ण विवज्जयम्मिवि फलं लोगविरोहा पतीतिबाधातो ।

थेवसुहिदंसणातो तह जिणचंदागमातो य ॥ १४४ ॥

(न विपर्ययेऽपि फलं लोकविरोधात् प्रतीतिबाधात् । स्तोकसुखिदर्शनात्तथा जिनचन्द्रागमाच्च)

अत्र प्राकृतत्वात् तृतीयार्थे सप्तमी, यदाह *पाणिनिः* स्वप्राकृतलक्षणे--*"तृतीयार्थे सप्तमी"* । यथा-"[2]*तिसु तेसु*

---

દેખાય છે. (કોઈક ને ઈષ્ટ પ્રાપ્ત થાય છે, કોઈક ને નથી થતું) આ ફળવિશેષ અદૃષ્ટના અભાવમાં શી રીતે સંભવે ? ન જ સંભવે. આમ એક જ વિષયમાં તુલ્ય ઉપાય=સાધનો સાથે પ્રવૃત્ત થનારાઓમાં ફળવિશેષની પ્રાપ્તિ અન્યથાઅનુપપત્તિ દ્વારા અદૃષ્ટનો સ્વીકાર કરવા પ્રેરે છે. અને તેના કારણ તરીકે ખેતી વગેરે ક્રિયાને સ્વીકારવા પણ પ્રેરે છે. ॥૧૪૨॥

આ જ પ્રમાણે ઉપસંહાર કરતા કહે છે ➡

*ગાથાર્થ* :- તેથી અહીં બધીજ ક્રિયા અદૃષ્ટએકાન્તફળવાળી છે. વળી, તે(=ક્રિયા) અદૃષ્ટના પ્રભાવે દૃષ્ટ અનેકાન્તફળ વાળી છે. અદૃષ્ટ છે અવશ્ય ફળ જેનું=અદૃષ્ટએકાન્તફળા. અર્થાત્ આ જગતની ચૈતન્યવાનની પરિસ્પન્દાત્મક બધી ક્રિયાનું અદૃષ્ટફળ અવશ્ય છે. **આગમમાં** કહ્યું છે ➡ *"જ્યાં સુધી આ જીવ એજન (=કંપન) કરે છે, વેદન કરે છે, ચાલે છે, સ્પંદન કરે છે, સંઘટ્ટ કરે છે, ક્ષોભ પામે છે, ઉદીરણા કરે છે, અને તે-તે ભાવે પરિણામ પામે છે, ત્યાં સુધી આ જીવ સપ્તવિધ કર્મનો બંધક છે, અથવા અષ્ટવિધ કર્મનો બંધક છે, અથવા ષડ્વિધકર્મનો બંધક છે, અથવા એકવિધકર્મનો બંધક છે, પરંતુ અબંધક નથી."* આ જ ક્રિયાઅંગે વિશેષ કહે છે, ક્રિયા દૃષ્ટઅનેકાન્તફળા છે=ધનલાભવગેરે અનેકાન્તિકફળ છે જેનું. અર્થાત્ ક્રિયાથી ધનલાભવગેરે દૃષ્ટફળો અવશ્ય મળે જ, એવો નિયમ નથી, કેમકે ક્યારેક તેનું દૃષ્ટફળ નથી પણ મળતું. ક્રિયાનું દૃષ્ટફળ અનિયમિત કેમ છે ? એ બતાવે છે ➡ ક્રિયાનું દૃષ્ટફળ અનિયમિત થવામાં પૂર્વે ઉપાર્જન કરેલા અદૃષ્ટનો પ્રભાવ જવાબદાર છે. પૂર્વોક્ત તમામ ચર્ચાનો સાર ➡ ચેતનાવંતની ચેષ્ટારૂપ ક્રિયાનું અદૃષ્ટફળ અવશ્ય હોય છે. નહિતર અદૃષ્ટનું અન્ય કોઈ કારણ ન હોવાથી અદૃષ્ટનો અભાવ થવાનો પ્રસંગ આવે. અને અદૃષ્ટજન્ય સંસારસાગરવગેરે અસંગત ઠરે. તેથી ચેતનાવંતની ચેષ્ટારૂપ ક્રિયા અદૃષ્ટની ઉત્પત્તિપ્રત્યે કારણાન્તરનિરપેક્ષરૂપે વ્યાપ્ત છે. તેથી જો તેવી ક્રિયા હોવા છતાં અદૃષ્ટની ઉત્પત્તિ ન થાય, તો, અદૃષ્ટની ઉત્પત્તિપ્રત્યે કારણાન્તરની અપેક્ષા હોવી જોઈએ. આમ સાપેક્ષપણું આવે. અને આ સાપેક્ષપણું કારણાન્તરથી નિરપેક્ષપણારૂપ ક્રિયાના વ્યાપકથી વિરુદ્ધ છે. તેથી વિરુદ્ધનો પ્રસંગ આવે. પણ ક્રિયાને અદૃષ્ટજનનપ્રત્યે કોઈની અપેક્ષા દેખાતી નથી. અર્થાત્ ક્રિયામાં સાપેક્ષપણું દેખાતું નથી અદૃષ્ટજનનપ્રત્યે કારણાન્તર ઉપલબ્ધ થતું નથી. આમ ચેતનાવંતની ચેષ્ટારૂપ ક્રિયા સાપેક્ષત્વરૂપ વિપક્ષમાંથી વ્યાપકવિરુદ્ધઉપલબ્ધિદ્વારા નિવૃત્ત થાય છે. (=અદૃષ્ટજનનઅંગે ક્રિયા અન્યકારણોની અપેક્ષા વિનાનું જ કારણ છે (=ક્રિયાની હાજરીથી અદૃષ્ટ ઉત્પન્ન થાય જ.) તેથી 'અદૃષ્ટજનકત્વ' ક્રિયાનું વ્યાપ્ય છે. અર્થાત્ જ્યાં જ્યાં અદૃષ્ટજનકત્વ છે, ત્યાં ત્યાં ક્રિયાત્વ છે ➡ જે જે અદૃષ્ટજનક છે, તે તે ક્રિયારૂપ છે. આ પ્રમાણે વ્યાપ્તિ સિદ્ધ થાય છે. આ અદૃષ્ટ બે પ્રકારના છે. ➡ (૧) પુણ્યરૂપ અને (૨) પાપરૂપ છે. તેમાં દાન, હિંસાવિરતિવગેરે ક્રિયાઓથી ઉત્પન્ન થતું અદૃષ્ટ પુણ્યરૂપ છે. અને તેથી વિપરીત (=આંચકી લેવું, હિંસાકરવી વગેરે) ક્રિયાઓથી પ્રગટ થતું અદૃષ્ટ પાપરૂપ છે. ॥૧૪૩॥

---

1. यावदेष जीव एजति-वेदयते-चलति-स्पन्दते-घट्टयति-उदीरयति तं तं भावं परिणमति तावदेष जीवः सप्तविधबन्धको वाऽष्टविधबन्धको वा षड्विधबन्धको वा एकविधबन्धको वा, न चैव खलु अबन्धकः स्यादिति । 2. त्रिभिस्तैरलंकृता पृथ्वी ।

*अलंकिया पुहई"* । ततश्च न विपर्ययेणापि क्रियायाः फलं संभावनीयं, यथा हिंसादिक्रियाभ्यः शुभं तद्विपरीतक्रियाभ्यश्चाशुभमिति । कुत इत्याह--*लोकविरोधात्,* न ह्येवं लोके कस्यापि प्रतीतिरस्ति यथा भवता विपर्ययेणोच्यते । अथ कदाचित्परो लोकमप्यतिक्रामेत्, यथा–न खलु लोको यथा प्रत्येति तथैव वस्त्वपि, किंत्वन्यथापि, यथा गगने श्यामता, ततो हेत्वन्तरमाह--*'प्रतीतिबाधातश्च'* प्रतीतिः–प्रतीतिविषयः, विषयिणो विषयस्योपलक्षणत्वात्, प्रतीयमानोऽर्थ इतियावत्, न हि ज्ञानं स्वरूपेणार्थेन सह विरुध्यते, किंतु विपरीतमर्थमुपस्थापयत्, अत इह प्रतीतिरिति प्रतीतिविषयो व्याख्यातः, तया प्रतीत्या प्रतीतिविषयेण विपरीतेनार्थेन बाधातः । इदमुक्तं भवति--अशुभरूपस्यादृष्टस्य हिंसादिक्रियाजन्यत्वेन प्रतीयमानेन शुभरूपस्य च दानहिंसाविरत्यादिक्रियाजन्यत्वेन तद्विपरीतस्य कल्प्यमानस्यार्थस्य बाधनान्न विपर्ययेण फलं संभावनीयम् । सा च प्रतीतिर्युक्त्यागमाभ्याम् । तत्र तावद्युक्तिमुपन्यस्यति–*'थेवसुहिदंसणाओ;'* स्तोकसुखिदर्शनात्, यदि हि दानादिक्रियादिभिरशुभरूपमदृष्टं जन्येत हिंसादिक्रियाभिश्च शुभं ततः सुखिबाहुल्यमुपलभ्येत, बहवो हि प्राणिनो हिंसादिक्रियास्वनवरतं प्रवर्त्तमाना उपलभ्यन्ते क्वचिदेव च दानहिंसाविरत्यादिक्रियासु, तदुक्तम्–*"बहवः पापकर्म्मणो, विरलाः शुभकारिणः"* इति। ततश्च प्रभूतानां प्रभूततरशुभकर्मोपचयसंभवेन सुखबहुलता स्यात्, कतिपयानामेव च दुःखबहुलता, अथ च स्तोकाः सुखिन उपलभ्यन्ते बहवश्च दुःखिताः, ततः स्तोकसुखिदर्शनात् हिंसादिक्रियाजन्यमदृष्टमशुभरूपमितरच्च तद्विपरीतक्रियाजन्यमवसेयम् । ननु चेदं स्तोकसुखिदर्शनमसाधनं, निश्चयाभावात्, न हि

---

*(ક્રિયાફળમાં અવિપર્યાસના કારણો)*

'પ્રસ્તુતમાં ક્રિયાના ફળમાં વિપર્યય કેમ ન થાય ?' આવી શંકા કરવી નહિ. કેમકે–

*ગાથાર્થ* :– વિપર્યયથી ફળ નથી, કેમકે (૧) લોકવિરોધ છે (૨) પ્રતીતિબાધ છે, (૩) અલ્પ સુખી દેખાય છે. તથા (૪) જિનાગમ છે.

[અહીં પ્રાકૃત હોવાથી તૃતીયાવિભક્તિના અર્થે સપ્તમીનો પ્રયોગ છે. 'પાણિનિ'એ પોતાના પ્રાકૃતલક્ષણમાં કહ્યું છે *"તૃતીયાના અર્થમાં સપ્તમી (વપરાય છે)"* જેમકે *'તેસુ તેસુ અલંકિયા પુહઈ'* (=તે ત્રણથી પૃથ્વી અલંકૃત છે.)] વિપર્યયથી ક્રિયાના ફળની સંભાવના ન કરવી, જેવી કે "હિંસાઆદિક્રિયાથી શુભફળ મળે, અને દાનઆદિથી અશુભફળ મળે." કેમકે આવી વિપરીત સંભાવના ઘણા હેતુઓથી બાધ પામે છે. (૧) લોકવિરોધ છે. કેમકે આવી વિપર્યયફળની પ્રતીતિ લોકમાં કોઈને થતી નથી. અહીં કોઈ લોકની પરવા ન કરે, અને કહે કે "ભઈ! લોકો જે પ્રમાણે પ્રતીતિ કરે, એ જ પ્રમાણે વસ્તુ હોય, તેવો નિયમ નથી. કેમકે પ્રતીતિથી વિરુદ્ધ પણ સંભવે છે, જેમકે લોકો આકાશમાં શ્યામળતા–ભુરાશના દર્શન કરે છે, પણ વાસ્તવમાં આકાશ ભુરું નથી. તેથી લોકપ્રતીતિવિરોધના નામે સંભાવનાને ઊડાડી દેવાય નહિ." તેથી વિપરીત સંભાવનાના બાધકતરીકે બીજો હેતુ બતાવે છે 'પ્રતીતિબાધ' છે → પ્રતીતિ=પ્રતીતિનો વિષય. કેમકે વિષયી(=જ્ઞાન) પોતાના વિષય(=અર્થ)નું ઉપલક્ષણ બને છે.

*તાત્પર્ય* :– પ્રતીતિ=પ્રતીત થતો અર્થ.

*શંકા* :– 'પ્રતીતિ' થી 'અર્થનું જ્ઞાન' એવો વાચ્યાર્થ છોડી 'જ્ઞાનનો વિષય બનતો અર્થ' એવો લક્ષ્યાર્થ કેમ કર્યો ?

*સમાધાન* :– જ્ઞાન સ્વરૂપથી અર્થસાથે વિરોધ ધરાવતું નથી. (કેમકે અન્યજ્ઞાનવખતે પણ અન્યઅર્થ સંભવે છે.) પરંતુ વિપરીત અર્થની ઉપસ્થાપના કરતું જ્ઞાન વિરુદ્ધ કહેવાય છે. અર્થાત્ અર્થોના પરસ્પર વિરોધથી જ્ઞાનમાં વિરોધ આવે છે, સ્વરૂપથી નહિ. તેથી અહીં 'પ્રતીતિ'પદથી 'પ્રતીતિનો વિષય' એવો અર્થ કર્યો. પ્રતીતિથી=પ્રતીતિના વિષય બનતા વિપરીત અર્થથી બાધ છે. સાર :– અશુભઅદૃષ્ટ હિંસાઆદિ ક્રિયાથી જન્યરૂપે અને શુભઅદૃષ્ટ દાન, હિંસાવિરતિવગેરે ક્રિયાથી જન્યરૂપે પ્રતીત થાય છે. તેથી તેઓ(=પ્રતીત થતા શુભાશુભઅદૃષ્ટો) વિપરીતરૂપે કલ્પાતા અર્થના બાધક બને છે. તેથી વિપર્યયથી ફળની સંભાવના કરવી નહિ. આ પ્રતીતિ યુક્તિના અને આગમના બળપર થાય છે. તેમાં પ્રથમ યુક્તિ દર્શાવે છે. 'થેવસુહિદંસણાઓ' સુખીઓ થોડા દેખાય છે. જો, દાનવગેરે ક્રિયાઓથી અશુભઅદૃષ્ટ ઉત્પન્ન થતું હોય, અને હિંસાવગેરે ક્રિયાથી શુભઅદૃષ્ટ જન્મતું હોય, તો, જગતમાં સુખીઓ વધારે દેખાવા જોઈએ, કેમકે, ઘણા જીવો હિંસાવગેરેમાં સતત પ્રવૃત્ત થતાં દેખાય છે, અને ક્યારેક જ, કેટલાક જ દાન, હિંસાવિરતિવગેરે ક્રિયામાં પ્રવૃત્ત થતાં દેખાય છે. કહ્યું છે કે *"પાપકરનારાઓ ઘણા છે. શુભકરનારા વિરલ છે"* તેથી ઘણા લોકોને અતિઘણા પ્રમાણમાં શુભકર્મની સંપ્રાપ્તિનો સંભવ થાય, અને ઘણું સુખ પ્રાપ્ત થવું જોઈએ. અને કેટલાકને જ દુઃખની વૃદ્ધિ થવી જોઈએ. પણ વાસ્તવમાં દેખાય છે વિપરીત. સુખીઓ થોડા છે, દુઃખત્રસ્ત ઘણા છે. તેથી નિશ્ચય થાય છે કે, હિંસાવગેરે ક્રિયાથી ઉત્પન્ન થતું અદૃષ્ટ અશુભ છે, અને દાનઆદિક્રિયાથી પ્રાપ્ત થતું અદૃષ્ટ શુભ છે.

*શંકા* :– 'થોડા સુખી દેખાય છે' આ વાત 'દાનાદિથી શુભઅદૃષ્ટ બંધાય' ઇત્યાદિ સિદ્ધાન્તને સિદ્ધ કરવા સાધન બનતું નથી. કેમકે થોડા સુખીના દર્શનમાત્રથી આવો નિર્ણય થઈ શકતો નથી. તમને કંઈ સઘળાય દેશ અને કાળને વ્યાપીને રહેલા ભાવોના સ્વભાવોનો નિર્ણય કરાવતું દર્શન થયું નથી. તેથી જોકે આ ભરતક્ષેત્રમાં થોડા જ સુખીઓ દેખાય છે, છતાં પણ અન્યત્ર–ભરતક્ષેત્રથી બહાર ઘણા સુખીઓ સંભવી શકે છે. તેથી તમારો 'અલ્પસુખીદર્શન' હેતુ સંદિગ્ધ અને અસિદ્ધ છે.

*સમાધાન* :– ('તહ જિણચંદાગમાઓ ય' અહીં 'ય'શબ્દ વાક્યભેદદ્વારા અલ્પસુખીદર્શનની સિદ્ધિમાં જિનચન્દ્રના આગમની હેતુતા દર્શાવે છે.) જૈનાગમમાં સુખીઓનું પ્રમાણ અલ્પ બતાવ્યું છે. તેથી અલ્પસુખીદર્શન સિદ્ધ જ છે, સંદિગ્ધ નથી. સાર :– દેશ અને કાળથી દૂર રહેલા ભાવોઅંગે આપણા જેવા છદ્મસ્થને પ્રત્યક્ષજ્ઞાનનો ઉદય થતો નથી. અને અનુમાન પ્રાયઃ પ્રત્યક્ષપૂર્વક હોવાથી અનુમાન પણ થતું નથી. છતાં પણ જિનેશ્વર ભગવાનનું સંપૂર્ણ જ્ઞાનાવરણીયકર્મ નાશ પામ્યું હોવાથી તેઓ સર્વજ્ઞ છે. અને તેમને કેવલજ્ઞાનપ્રત્યક્ષદ્વારા દેશ અને કાળથી દૂર રહેલા ભાવો અંગે પણ પ્રત્યક્ષ બોધ થાય છે.

सकलदेशकालभाविभावस्वभावावभासि भवतो दर्शनमस्ति, यतो यद्यप्यस्मिन् भरतक्षेत्रे स्तोकाः सुखिन उपलभ्यन्ते तथाप्यन्यत्र बहवो भविष्यन्तीति संदिग्धासिद्धोऽयं हेतुरित्यत आह–*'तह जिणचंदागमाओ य'* चशब्दो वाक्यभेदेन स्तोकसुखिदर्शनसाधने जिनचन्द्रागमस्य हेतुत्वद्योतनाय, तथा स्तोकसुखिदर्शकत्वेन यो जिनचन्द्रागमस्तस्मात्पुनरिदं स्तोकसुखिदर्शनं सिद्धमिति न संदिग्धम् । एतदुक्तं भवति--यद्यपि देशकालस्वभावविप्रकृष्टेषु भावेषु नास्मदादिप्रत्यक्ष-मुदयते, प्रायस्तत्पूर्वकत्वाच्च नानुमानमिति, तथापि भगवतो जिनस्य क्षीणाशेषज्ञानावरणीयकर्मपटलत्वात् केवलज्ञानप्रत्यक्षं तद्विषयमुदयते स्म, ततस्तद्वचनात् स्तोका जगति सुखिनः सिद्धा इति न संदिग्धासिद्धो हेतुः ॥ १४४ ॥ **स्यादेतत्,** अस्तु हिंसादिक्रियाजन्यमदृष्टमशुभं तद्विपरीतक्रियाजन्यं च शुभं, तथापि शुभात् सुखमितरस्माच्च दुःखमिति कथमवसीयत इत्याशङ्कापनोदार्थमियमेव गाथा पुनरावर्त्यते--

ण विवज्जयम्मिवि फलं लोगविरोहा पतीतिबाधातो ।
थेवसुहिदंसणातो तह जिणचंदागमातो य ॥ १४४ ॥
(न विपर्ययेऽपि फलं लोकविरोधात् प्रतीतिबाधात् । स्तोकसुखिदर्शनात् तथा जिनचंद्रागमाच्च)

न विपर्ययेणादृष्टयोः शुभाशुभरूपयोः फलं संभावनीयम् । कुत इत्याह–*'लोकविरोधात्,'* न ह्येवं लोके प्रतीतिरस्ति यथा भवता विपर्ययेणोच्यते, किंत्वन्यथा, तथा च लोके वक्तारो भवन्ति--*'कृतशुभकर्मायं चैत्रो यदित्थमनन्यसाधारणान् भोगान् भुङ्क्ते इति'* । अथ कदाचित्परो लोकमप्यतिक्रामेत् यथाभिहितं प्राक् अतो हेत्वन्तरमाह-- प्रतीतिबाधातश्चेति, अक्षरार्थः प्राग्वत् । सा च प्रतीतिर्युक्त्यागमाभ्यामतस्तावत् युक्तिमाह– स्तोकसुखिदर्शनात् । यदि हि अशुभात्सुखमितरस्माच्चासुखं ततो बहवः प्राणिनोऽशुभकारिण इति बहवः सुखिन उपलभ्येरन्।, न चोपलभ्यन्ते, तस्मान्नाशुभात्सुखं किंतु शुभादेव । अपि चातीन्द्रियेष्वेवंविधेष्वर्थेषु निर्णीयमानेषु छद्मस्थानामविसंवादिप्रमाणतया जिनवचनमेव प्रायो विजृम्भते, नान्यत्प्रत्यक्षादि, अविषयत्वात् । तत आह–*'तह जिणचंदागमाओ य'* अत्र तथेति हेत्वान्तराभिधानोद्धारोपक्षेपे, चशब्दस्तु समुच्चय इति । तदेवं दानादिक्रिया अवश्यमदृष्टमविपर्ययेण जनयति, तदपि चादृष्टमविपर्ययेण सुखादीत्युपपादितम् ॥१४४॥ सांप्रतमदृष्टनिबन्धनदानादिक्रियान्यथानुपपत्त्या प्रकृतमुपसंहरति--

किरिया ण कत्तिरहिता सिद्धो जीवोत्ति ता इहं कत्ता ।
एवं धम्मियणायं विन्नेयं वयणमेत्तं तु ॥ १४५ ॥
(क्रिया न कर्तृरहिता सिद्धो जीव इति तस्मादिह कर्ता । एवं धार्मिकज्ञातं विज्ञेयं वचनमात्रं तु)

---

તેથી તેમના સત્યવચનોથી સિદ્ધ થાય છે કે જગતમાં સુખી જીવો થોડા છે, તેથી હેતુ સંદિગ્ધાસિદ્ધ નથી. (આમ આગમપ્રમાણના બળપર અને દેશકાળથી સમીપ રહેલા પ્રત્યક્ષના બળપર સર્વત્ર અલ્પસુખીઓ અનુમાનઆદિથી સિદ્ધ છે. અને તેના બળપર "દાનઆદિક્રિયા શુભફળમાં કારણ છે" ઇત્યાદિ અનુમાન સિદ્ધ થાય છે.) ॥૧૪૪॥

"ભલે ત્યારે હિંસાવગેરેક્રિયાથી ઉત્પન્ન થતું અદૃષ્ટ અશુભ હો, અને દાનઆદિક્રિયાથી પ્રગટતું અદૃષ્ટ શુભ હો, છતાં પણ, શુભઅદૃષ્ટથી સુખ જ મળે, અને અશુભ અદૃષ્ટથી દુ:ખ જ ભોગવવું પડે, આવો નિર્ણય કેવી રીતે કર્યો" આવી આશંકા દૂર કરવા પૂર્વની જ ગાથાનું પુનરાવર્તન કરે છે.

*ગાથાર્થ* :– વિપર્યયથી પણ ફળ નથી. કેમકે (૧) લોકવિરોધ છે (૨) પ્રતીતિબાધ છે. (૩) અલ્પ સુખી દેખાય છે તથા (૪) જિનચંદ્રનું આગમ છે.

શુભાશુભરૂપ અદૃષ્ટના વિપરીતફળની સંભાવના કરવી નહિ. કેમકે વિપરીત સંભાવનામાં લોકબાધ છે. તમે જેવી વિપરીતસંભાવના બતાવી, એવી વિપરીતપ્રતીતિ લોકોમાં થતી નથી. પણ અવિપરીતપ્રતીતિ જ થાય છે. જૂઓ! લોકોમાં આ પ્રમાણે જ બોલાતું સંભળાય છે, કે 'ખરેખર ! આ ચૈત્રે (વ્યક્તિવિશેષે) શુભકર્મો બાધ્યાં છે, જેથી આવા અન્યને દુર્લભ ભોગો ભોગવે છે" કદાચ કોઇ લોકવ્યવહારને પૂર્વે કહ્યું તેમ ઓળંગી વિપરીત સંભાવનામાં જ સ્થિર રહે, તેથી બીજો હેતુ બતાવે છે. વિપરીતકલ્પના કરવામાં પ્રતીતિબાધ છે. અહીં પણ શબ્દાર્થ પૂર્વવત્ છે. આ પ્રતીતિ યુક્તિ અને આગમથી સંભવે છે, તેમાં પ્રથમ યુક્તિ બતાવે છે. જગતમાં સુખીઓ અલ્પ દેખાય છે. જો અશુભઅદૃષ્ટથી જ સુખ હોત, અને શુભઅદૃષ્ટથી દુ:ખ જ હોત, તો ઘણા લોકો અશુભ જ કરતા હોવાથી ઘણા લોકો સુખી દેખાત. પણ તેમ દેખાતા નથી. તેથી અશુભઅદૃષ્ટથી સુખ નથી. પરંતુ શુભથી જ સુખ છે. વળી, નિર્ણય કરાતા આવા અતીન્દ્રિય પદાર્થોઅંગે છદ્મસ્થોમાટે અવિસંવાદી પ્રમાણતરીકે પ્રાય: જિનવચન જ સમર્થ છે. નહિકે અન્ય પ્રત્યક્ષઆદિ પ્રમાણ. તેથી મૂળકારે કહ્યું *'તહ ય જિણચંદાગમાઓ અ'* (મૂળમાં 'તહ'–'તથા'પદ બીજા હેતુના સૂચકવચનના ઉપક્રમરૂપે છે. અને 'ચ'પદ સમુચ્ચયઅર્થે છે.) આમ દાનવગેરે ક્રિયા વિપર્યય વિના અદૃષ્ટના જનક છે. (અર્થાત્ શુભઆદિઅદૃષ્ટના અવશ્ય જનક છે.) અને તે અદૃષ્ટ પણ વિપર્યય વિના સુખવગેરેના કારણ છે. એમ સિદ્ધ કર્યું. ॥૧૪૪॥

હવે, અદૃષ્ટમાં કારણભૂત દાનવગેરે ક્રિયાઓની અન્યથા અનુપપત્તિ દર્શાવવા દ્વારા જીવસિદ્ધિનો ઉપસંહાર કરે છે.

*ગાથાર્થ* :– ક્રિયા કર્તાથી રહિત હોતી નથી, તેથી અહીં કર્તાતરીકે જીવ સિદ્ધ થાય છે. તેથી ધાર્મિકનું દૃષ્ટાન્ત (પૂર્વે નાસ્તિકે બતાવેલું) વચનમાત્ર જ સમજવુ.

કર્તાના અભાવમાં ક્રિયા સંભવે નહિ, કેમકે લોકમાં ક્યારેય, તે પ્રમાણે (કર્તા વિનાની ક્રિયા) દેખાતું નથી. તેથી ક્રિયાના કર્તાની સિદ્ધિ થાય છે. અને ભવાન્તરમાં પ્રાપ્ત થનારા સુખવગેરે ફળમાં કારણભૂત અદૃષ્ટની જનિકા દાનવગેરેક્રિયાઓના કર્તાતરીકે જીવને છોડી અન્ય કોઇ યુક્તિથી સિદ્ધ થતાં નથી.

क्रिया न कर्तृरहिता भवति, तथा लोकेऽदर्शनात्, न भवान्तरभाविसुखादिफलादृष्टजनिता(का?)या दानादिक्रियाया जीवमन्तरेणान्यः कश्चित्कर्त्तोपपद्यते, शरीरस्याचेतनत्वेन घटादेरिव तत्कर्तृत्वायोगात्, अभ्युपगमे वा तस्य इहैव विनाशादन्य एव कर्त्ता अन्यच्च भवान्तरे तत्फलभोक्तेत्यनिष्टापत्तिः, तत इह जगति अदृष्टनिबन्धनदानादिक्रियायाः कर्त्ता जीवः सिद्ध इति स्थितम् । एवं च सति यदुपहासाय धार्म्मिकज्ञातमुदीरितं तद्वचनमात्रमेव, दानादिफलाभावादित्यस्य सम्यग्भावार्थापरिज्ञानात् ॥१४५॥ सांप्रतं यदुक्तं *'जातिस्मरणमसिद्धमिति;'* तद्दूषयितुमुपक्रमते--

जाईसरणं च इहं दीसइ केसिंचि अवितहं लोए ।
पुव्वभवठवियसेवियसंवादातो अणेगभवं ॥ १४६ ॥

(जातिस्मरणं चेह दृश्यते केषाञ्चिदवितथं लोके । पूर्वभवस्थापितसेवितसंवादादनेकभवम्)

चशब्दोऽपिशब्दार्थे इह लोके जातिस्मरणमपि *अनेकभवम्*--अनेकभवविषयं केषांचिदसुमतामवितथार्थं दृश्यते । अवितथार्थत्वे हेतुमाह--*'पुव्वभवठवियसेवियसंवादाउ'* त्ति पूर्वस्मिन्भवे यत्स्थापितं धनादि यच्च सेवितं स्त्र्यादि तस्य संवादो-यथाऽवगमप्राप्तिस्तदुक्तचिह्नादिमीलनं च तस्मात् ॥१४६॥ अत्र पराभिप्रायमाशङ्कते--

अह तम्मि किं पमाणं? णणु सो च्चिय अप्पतारगे किंति? ।
बालस्सवि भावातो संवादो भावतो तस्स ॥ १४७ ॥

(अथ तस्मिन् किं प्रमाणम्? ननु स एवाप्रतारके किमिति? । बालस्यापि भावात् संवादो भावतस्तस्य)

**अथ** मन्येथाः--तस्मिन्नविसंवादिजातिस्मरणे अस्तित्वेन निश्चेतुमिष्यमाणे किं प्रमाणं?, नैव किंचिदित्याभिप्रायः । न च प्रमाणमन्तरेण प्रमेयव्यवस्था युक्ता, मा प्रापदतिप्रसङ्गः । आचार्य आह--*णणु सो च्चिय* त्ति ननु स एव जातिस्मरणवान् प्रमाणम्, स ह्येवमाह-*'जातिस्मरणमविसंवादि मे समुत्पन्नमिति'*। इतर आह--*'अप्पतारगे किं ति'* स एवं वक्ता न विप्रतारक एवेत्यत्र किं प्रमाणं?, नैव किंचिदिति भावः । दृश्यन्ते हि केचित्क्रीडाद्यर्थमन्यथापि संवादाद्याभासमाभाषमाणा इति । आचार्य आह-*'संवादो भावओ तस्स'* त्ति तस्य-जातिस्मरणवतो यो जातिस्मरणविषयो भावतः-परमार्थेन संवादः सोऽप्रतारकत्वनिश्चये प्रमाणम् । अथोच्येत-स तस्य भावतः संवादो न तु संवादाभास इत्येतदपि कथमवसीयत इत्यत आह---बालस्यापि भावात्, जातिस्मरणस्येति शेषः । एतदुक्तं भवति-बालस्यापि सतो जातिस्मरणमुत्पद्यते, न च तस्य संवादो विप्रतारणबुद्धिनिर्मापितो, बालत्वेन तस्य बुद्धिशाठ्याभावात् । एवमन्यत्रापि संवादस्तद्गुणपरिशीलनादिना लिङ्गविशेषेण भावतो बोद्धव्यः ॥१४७॥ अत्र पर आह--

---

*શંકા* :- દાનઆદિક્રિયાના કર્તાતરીકે શરીર પ્રત્યક્ષ ઉપલબ્ધ છે.

*સમાધાન* :- શરીર જડ છે. તેથી તે(=શરીર) ઘડાવગેરેની જેમ દાનઆદિક્રિયાના કર્તાતરીકે સંભવે નહિ. અને જો શરીરને દાનઆદિક્રિયાના કર્તાતરીકે સ્વીકારશો, તો શરીર તો અહીં જ નાશ પામે છે. તેથી આ ભવના શરીરને કર્તા, અને અન્યભવીય શરીરને તેના ફળભૂત સુખઆદિના ભોક્તા માનવાનો અનિષ્ટપ્રસંગ છે. તેથી આ જગતમાં અદૃષ્ટના કારણભૂત દાનઆદિક્રિયાના કર્તાતરીકે જીવ સિદ્ધ થાય છે. આમ હોવાથી નાસ્તિકોએ પૂર્વે ઉપહાસ કરવા કહેલું ધાર્મિકનું દૃષ્ટાન્ત માત્ર વચનરૂપ છે, પણ તાત્વિક નથી. કેમકે "દાનઆદિના ફળનો અભાવ છે" ઇત્યાદિવચનના યોગ્ય ભાવાર્થનું તેઓને (=નાસ્તિકોને) જ્ઞાન નથી. ॥૧૪૫॥

*(જાતિસ્મરણની સિદ્ધિ)*

હવે, નાસ્તિકોએ જે કહ્યું કે "જાતિસ્મરણ અસિદ્ધ છે" તે કથનને અસત્ય ઠેરવવા કહે છે-

*ગાથાર્થ* :- આ લોકમાં કેટલાકજીવોને અનેકભવઅંગેનું અવિતથ જાતિસ્મરણ પણ થતું દેખાય છે. (અવિતથ=સત્યપણામાં હેતુ દર્શાવે છે-) પૂર્વભવમાં (ધનવગેરે) જે કંઇ સ્થાપી રાખ્યું હોય અને (સ્ત્રીવગેરે) જે કંઇ ભોગવ્યું હોય, તે અંગેનો સંવાદ(=જાતિસ્મરણજ્ઞાનને અનુરૂપ પ્રાપ્તિ અને તે જ્ઞાનના બળે કરેલા કથનને અનુરૂપ ચિન્હવગેરે મળવા) દેખાય છે.(મૂળમાં "ચ"પદ "પણ"અર્થક છે.) ॥૧૪૬॥

પ્રસ્તુતમાં પર (=નાસ્તિક) ના અભિપ્રાય (=આશય) ને આશંકારૂપે દર્શાવે છે.

*ગાથાર્થ* :-(નાસ્તિક) તેમાં (=જાતિસ્મરણમાં) શું પ્રમાણ છે? (ઉત્તર) તે જ (=જાતિસ્મરણજ્ઞાનવાળો) પ્રમાણ છે. (નાસ્તિક) શું તે ઠગતો નથી? (ઉત્તર) બાળકને પણ થતું હોવાથી તેને (જાતિસ્મરણજ્ઞાનવાળાને) પરમાર્થથી સંવાદ છે. (તેથી જાતિસ્મરણજ્ઞાન છે જ.)

*નાસ્તિક* :- "અવિસંવાદી જાતિસ્મરણજ્ઞાન છે" એવા નિશ્ચયમાં શું પ્રમાણ છે ? અર્થાત્ કોઇ પ્રમાણ નથી. અને પ્રમાણના અભાવમાં પ્રમેયનો તત્વતરીકે નિર્ણય કરવો યોગ્ય નથી, નહિતર અતિપ્રસંગ આવે.

*ઉત્તરપક્ષ* :- અહીં જાતિસ્મરણજ્ઞાનવાળી વ્યક્તિ જ પ્રમાણભૂત છે. તે જ કહે છે કે "મને અવિસંવાદી જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું છે."

*નાસ્તિક* :- એવું કહેનારો ઠગતો નથી, પણ સાચું જ કહે છે, તેમ માનવામાં શું પ્રમાણ છે ? કોઇ પ્રમાણ નથી. કેમકે કેટલીક વ્યક્તિઓ ક્રીડાઆદિખાતર સંવાદનો આભાસ ઉભો કરાવતું અસત્યવચન બોલતા દેખાય જ છે. (તેથી કોઇ વ્યક્તિના બોલવામાત્રથી તે વચનને સત્યતરીકે સ્વીકારી લેવામાં ડહાપણ નથી. એ જ પ્રમાણે "મને જાતિસ્મરણ થયું છે" એમ કહેનારના વચનમાત્રથી જાતિસ્મરણનો સંભવ સ્વીકારવામાં ડહાપણ નથી.)

अह उ जहिच्छाहेतू सो संवादोत्ति किं न इतरोवि? ।
ण य जातिस्सरवयणे इहं पसिद्धो विसंवादो ॥ १४८ ॥

(अथ तु यथेच्छाहेतुः स संवाद इति किं नेतरोऽपि? । न च जातिस्मरवचने इह प्रसिद्धो विसंवादः)

तुशब्द एवकारार्थो भिन्नक्रमश्च । अथ मन्यसे–बालस्यापि संबन्धिनो जातिस्मरणस्य यः संवादः स यदृच्छा–हेतुरेव, तत्कथं संवादो भावतस्तस्येत्युच्यते, एतदुक्तं भवति––भूतानां चित्रस्वभावतया स्वप्नज्ञानमिव केषांचिदर्थतथा–भावविकलं जातिस्मरणमुत्पद्यते, यस्तु क्वचित्तस्य संवादः स काकतालीयो, यथा क्वचित् बाष्पादेर्धूमत्वेन निश्चितादग्न्यनुमाने तथैवाग्निसंवाद इति। अत्रोत्तरमाह––*'किन्न इयरोऽवि'* किन्न इतरोऽपि विसंवादो?, यथा क्वापि बाष्पादेरेव धूमत्वेन निश्चितादग्न्यनुमानेऽग्निविसंवाद इति, भवत्येवेति केचित्, अत *आह––'न येत्यादि'* न च कदाचिदपि जातिस्मरवचने *'इह'* जगति *'प्रसिद्धो'* निश्चितः क्वापि विसंवादः, तथाऽनुपलम्भात्। *'जातिस्मरे'* ति जातिं स्मरतीति जातिस्मरः,*"ण्वुलृत्रज्लिहादिभ्यश्चेति"* लिहादित्वादच् । *'स्वकृताम्युक्त'मिति समासो, यथा* जारभर इति ॥ १४८ ॥
पराभिप्रायमाह––

अह अम्हेहिं ण दिट्ठो कोई जाइस्सरोत्ति तो णत्थि ।
एवं पपियामहस्सवि अच्चंतं पावइ अभावो ॥ १४९ ॥

(अथास्माभिर्न दृष्टः कोऽपि जातिस्मर इति ततो नास्ति । एवं प्रपितामहस्यापि अत्यन्तं प्राप्नोत्यभावः)

अथ मन्येथाः–अस्माभिः कोऽपि न दृष्टो जातिस्मर इति, तस्मान्नैवासौ जातिस्मरोऽस्ति खरविषाणवत् । यदि हि स्यादस्माभिरप्युपलभ्येतेति भावः। अत्र दूषणमाह–*'एवमित्यादि'* नन्वेवमुक्तप्रकारेण प्रपितामहस्याप्यत्यन्तमभावः प्राप्नोति, तद्विषयेऽपि भवतो दर्शनाभावात् ॥ १४९ ॥ ततः किमित्याह––

---

*ઉત્તરપક્ષ* :– જાતિસ્મરણજ્ઞાનવાળાના વચનનો પરમાર્થસાથે ઉપલબ્ધ થતો સંવાદ જ તે ઠગતો નથી, પણ સત્ય કહે છે, તેવા નિશ્ચયમાં પ્રમાણભૂત છે.

*નાસ્તિક* :– તેના વચનો પરમાર્થથી સંવાદરૂપ છે, અને સંવાદાભાસરૂપ નથી, તેવો નિર્ણય પણ શી રીતે થયો ?

*ઉત્તરપક્ષ* :– બાળકને પણ જાતિસ્મરણજ્ઞાન થાય છે. *સાર* :– બાળકને પણ જાતિસ્મરણ થાય છે, અને તેના વચનમાં દેખાતો સંવાદ કંઇ ઠગવાની બુદ્ધિથી નિર્માણ પમતો નથી. કેમકે તે બાળક હોવાથી તેની બુદ્ધિમાં શઠપણું સંભવતું નથી. (બાળક નિર્દોષતરીકે જ લોકમાન્ય છે. વળી કુશળતાથી બીજાને ઉલ્લુ બનાવી શકાય તેવી કપટ રચવા જેટલી તેની બુદ્ધિ વિકાસ પામી નથી. તેથી બાળકના જાતિસ્મરણજ્ઞાનમાં દેખાતા સંવાદને કપટયુક્ત માનવો યોગ્ય નથી.) આમ બાળકનું જાતિસ્મરણજ્ઞાન પરમાર્થથી સંવાદી છે. તેથી જાતિસ્મરણજ્ઞાન હોવાનો નિર્ણય થાય છે. આજ પ્રમાણે અન્યને થયેલા જાતિસ્મરણને પણ પરમાર્થથી સંવાદી સ્વીકારવું જ રહ્યું. વળી તેઓના જાતિસ્મરણમાં પણ તે વ્યક્તિના ગુણોના પરિશીલનઆદિ લિંગવિશેષથી સંવાદનો નિર્ણય થઇ શકે છે. ॥૧૪૭॥

અહીં નાસ્તિક કહે છે.–

*ગાથાર્થ* :– (નાસ્તિક) તે સંવાદ યદૃચ્છાહેતુક છે. (ઉત્તર) એ પ્રમાણે ઇતર (= વિસંવાદ) અંગે કેમ નહિ કહેવાય ? વળી અહીં જાતિસ્મરણવાળાના વચનમાં વિસંવાદ પ્રસિદ્ધ નથી.

(મૂળમાં 'તુ' પદ 'જકાર' અર્થક છે. અને તેનો અન્વય યદૃચ્છાહેતુ પદ પછી કરવાનો છે.)

*નાસ્તિક* :– બાળકના જાતિસ્મરણમાં જે સંવાદ દેખાય છે, તેમાં યદૃચ્છાને છોડી અન્ય કોઇ હેતુ નથી. તેથી તેના સંવાદને ભાવથી=પરમાર્થથી શી રીતે કહી શકાય? તાત્પર્ય :–પૃથ્વીવગેરે ભૂતોનો સ્વભાવ વિચિત્ર છે. તેથી જેમ તેવા પ્રકારના અર્થથી રહિત=પરમાર્થવિનાનું સ્વપ્નજ્ઞાન થાય છે. અર્થવિનાના સ્વપ્નો આવે છે, તેમ કેટલાકને અર્થવિનાનું જાતિસ્મરણજ્ઞાન થાય છે.

*શંકા* :– જો જાતિસ્મરણજ્ઞાન પરમાર્થહીન હોય, તો તે જ્ઞાનનો અર્થસાથે સંવાદ શી રીતે દેખાય ?

*સમાધાન* :– આ જે સંવાદ ક્યારેક ઉપલબ્ધ થાય છે, તે કાકતાલીય છે. ('કાગને બેસવું અને ડાળને પડવું' એ ન્યાયથી નિર્હેતુક છે.) જેમકે ક્યારેક વરાળને ધૂમાડો સમજીને અગ્નિનું અનુમાન કરવામાં આવે, અને અગ્નિ હોય પણ ખરો–તો આ અનુમાનનો સંવાદ કાકતાલીય છે. (બાષ્પને અગ્નિ સાથે અવિનાભાવ નથી. તેથી બાષ્પને ધૂમાડો કલ્પીને કરેલું અગ્નિનું અનુમાન ખોટું પડવાનો જ સંભવ છે, છતાં ક્યારેક અગ્નિ હોય, તો ત્યાં અગ્નિની હાજરી હેતુસિદ્ધ નથી, પણ યથાકથંચિત જ છે.)

*ઉત્તરપક્ષ* :– 'સંવાદ અંગે કહેલી વાત વિસંવાદને કેમ લાગુ ન પડી શકે ? જેમકે ક્યાંક બાષ્પવગેરેમાં ધૂમાડાની કલ્પના કરી કરેલા અગ્નિના અનુમાનમાં વિસંવાદ ઉપલબ્ધ નથી થતો ? થાય જ છે. (અર્થાત્ ભ્રાન્તિથી બાષ્પને ધૂમ કલ્પી અગ્નિના અનુમાનમાં વિસંવાદ ઉપલબ્ધ થાય છે, છતાં સર્વત્ર ધૂમહેતુથી થતાં અગ્નિના અનુમાનમાં થતા સંવાદને બાધ નથી. તાત્પર્ય– જેમ કાકતાલીય ન્યાયથી થતા સંવાદને નિર્હેતુક કહો છો, તેમ તે જ ન્યાયથી કથંચિત્ થતા વિસંવાદને નિર્હેતુક કહી શકાય છે.) વળી ક્યારેક પણ જાતિસ્મરણજ્ઞાનવાળાના વચનમાં આ જગતમાં વિસંવાદ પ્રસિદ્ધ નથી. કેમકે તેવી ઉપલબ્ધિ થતી નથી. અર્થાત્ સર્વત્ર જાતિસ્મરણવાળાના વચનમાં સંવાદનો જ નિશ્ચય છે. (પ્રસ્તુતમાં 'જાતિસ્મર'પદ 'જે જાતિનું સ્મરણ કરે છે તે જાતિસ્મર' એવી વ્યુત્પત્તિથી નિષ્પન્ન છે. અને '**ણ્વુલૃત્રજ્લિહાદિભ્યશ્ચ**' સૂત્રથી 'લિહ'આદિ ગણમાં હોવાથી કર્તરિ 'અચ્'પ્રત્યય લાગ્યો છે. આ સૂત્ર શ્રીમલયગિરિસૂરિએ રચેલા શબ્દાનુશાસન વ્યાકરણનું છે. અને 'જાતિ' અને 'સ્મર' વચ્ચેનો સમાસ 'સ્વ(ડસ્) કૃતાભ્યુક્તમ્' થી થયો છે. જેમકે જારભર) ॥૧૪૮॥

तदभावम्मि अभावो पितामहस्सावि तह य पितुणोऽवि ।
तदभावे भवतोऽवि य पडिसेहोऽसंगतो तम्हा ॥ १५० ॥

(तदभावेऽभावः पितामहस्यापि तथा च पितुरपि । तदभावे भवतोऽपि च प्रतिषेधोऽसंगतस्तस्मात्)

*'तदभावे'* प्रपितामहाभावे पितामहस्याप्यभावः प्राप्नोति, प्रपितामहो हि पितामहस्य कारणं, न च कारणाभावे कार्यं भवति, निर्हेतुकत्वप्रसङ्गात् । ततः प्रपितामहाभावे पितामहस्याप्यभावः प्राप्नोति। *'तह य पिउणोऽविति' 'तथा च'* तेनैवानन्तरोक्तेन प्रकारेण पितुरप्यभावः प्राप्नोति, पितामहाभावे पितुरयोगात्, *'तदभावे'* तस्यापि पितुरभावे भवतोऽपि चाभावः प्राप्नोति, न्यायस्य समानत्वात् । तथा च सति प्रतिषेधोऽसङ्गतः, प्रतिषेधकस्यैवाभावात् ॥ १५० ॥
अत्र पराभिप्रायमाशङ्कमान आह--

अह कज्जातो भावो पितामहादीणमेवमेवेहं ।
किं जाइस्सरकज्जं ण पसिद्धं देवकुलमादी ? ॥ १५१ ॥

(अथ कार्यतो भावः पितामहादीनामेवमेहेति । किं जातिस्मरकार्यं न प्रसिद्धं देवकुलादि)

अथ पितामहादीनामादिशब्दात् प्रपितामहादिपरिग्रहः *'कार्यतः'* पितृलक्षणादेर्भावः-सत्ता अनुगम्यत इति मन्येथाः। अत्राह-*'एवमेवेहं'ति* इहापि जातिस्मरविषये एवमेव कार्यान्यथानुपपत्तित एव भावो विज्ञेष्यते, ततो न किंचिन्नः क्षुण्णमिति। न च वाच्यं-जातिस्मरकार्यमसिद्धं, यत आह--*'किं जाईत्यादि'* जातिस्मरकार्यं *'देवकुलादि'* देवकुलं भृगुकच्छे *शकुनिकाविहारः* आदिशब्दात्तदन्येवंविधकार्यपरिग्रहः, किं भवतो न प्रसिद्धं? प्रसिद्धमेव, सकललोकप्रसिद्धत्वात्, तन्न जातिस्मरणमसिद्धम्। इतश्च नासिद्धं, संभवानुमानतो निश्चीयमानत्वात् ॥१५१॥ तदेव संभवानुमानं भावयन्नाह--

बालकताणुस्सरणं तिव्वखओवसमभावजुत्तस्स ।
जह कस्सइ वुड्डस्सवि जाइस्सरणं तहा किं ण ? ॥ १५२ ॥

(बालकृतानुस्मरणं तीव्रक्षयोपशमभावयुक्तस्य । यथा कस्यचिद् वृद्धस्यापि जातिस्मरणं तथा किन्न?)

यथा कस्यापि पुंसो वृद्धस्यापि सततीव्रक्षयोपशमयुक्तस्य बालावस्थायामपि यत्कृतं तस्यानुस्मरणं भवति तथा जातिस्मरणं किं न संभवति? संभवत्येवेति भावः। तावत्कालविषयस्यापि तत्कारणक्षयोपशमविशेषस्य संभवात् ॥१५२॥
उपसंहारमाह--

---

પ્રસ્તુતમાં નાસ્તિકનો આશય પ્રગટ કરે છે.

*ગાથાર્થ* :- (નાસ્તિક) અમે કોઇ જાતિસ્મરણજ્ઞાની જોયો નથી. તેથી (ગધેડાના શિંગડાની જેમ) જાતિસ્મરણજ્ઞાની નથી. (કેમકે હોત, તો અમને પણ ઉપલબ્ધ થાત.)

(અહીં દૂષણ બતાવતા આચાર્ય ઉત્તરપક્ષ કરે છે) *ઉત્તરપક્ષ* :- આમ તો, તમારા પ્રપિતામહનો=દાદાના પિતાનો પણ અત્યન્ત અભાવ સિદ્ધ થાય છે, કેમકે તમે તેમને પણ જોયા નથી. ॥૧૪૯॥

પ્રપિતામહનો અભાવ હોય, તો શું આપત્તિ છે ? તે બતાવે છે.

*ગાથાર્થ* :- અને તેમના (=પ્રપિતામહના) અભાવમાં પિતામહ (=દાદા) નો અને તેથી પિતાનો અભાવ આવશે અને પિતાના અભાવમાં તમારો પણ અભાવ આવશે. તેથી પ્રતિષેધ કરવો યોગ્ય નથી.

પ્રપિતામહ પિતામહના જનક છે. તેથી પ્રપિતામહના અભાવમાં પિતામહનો પણ અભાવ આવે. કેમકે કારણના અભાવમાં કાર્ય ન થાય, અન્યથા કાર્યને નિર્હેતુક માનવાનો પ્રસંગ આવે. તેજ પ્રમાણે પિતામહના અભાવમાં પિતાનો પણ અભાવ આવે. કેમકે પિતામહના અભાવમાં પિતાજી સંભવતા નથી. અને પિતાના અભાવમાં તમારો પણ અભાવ નક્કી થાય છે. કેમકે ન્યાય સર્વત્ર સમાન છે. આમ પ્રતિષેધ કરનારા એવા તમારો જ અભાવ હોવાથી તમારાથી કરાતો (જાતિસ્મરણનો) પ્રતિષેધ પણ અસંગત ઠરે છે. ॥૧૫૦॥

આ સ્થળે નાસ્તિકના હૃદયનાં ભાવોને આશંકાનો રંગ આપતા કહે છે.-

*ગાથાર્થ* :- (નાસ્તિક) પિતામહવગેરેની હાજરી કાર્યથી સૂચિત થાય છે. (ઉત્તર) એજ પ્રમાણે અહીં પણ જાતિસ્મરનું દેવકુલવગેરે કાર્ય શું પ્રસિદ્ધ નથી ?

*નાસ્તિક* :- પિતારૂપ કાર્યની સત્તાથી પિતામહવગેરે(વગેરેથી પ્રપિતામહવગેરેનો સમાવેશ છે.)ની હાજરીનો અનુગમ=નિર્ણય થાય છે. (જો પિતામહ ન હોત, તો પિતાજી કેવી રીતે હોત ? અને પિતાજી ન હોત, તો હું શી રીતે હોત ? મારી હાજરી મારા પિતાજીની હાજરી સૂચવે છે અને પિતાજીની હાજરી પિતામહની હાજરી સૂચવે છે એવો ભાવ છે.)

*ઉત્તર* :- આ જ પ્રમાણે કાર્યની અન્યથા અનુપપત્તિદ્વારા જ જાતિસ્મરના વિષયમાં પણ જાતિસ્મરણજ્ઞાનવાળાની હાજરીનો નિશ્ચય થઇ શકે છે. તેથી અમને કોઇ દોષ નથી.

*શંકા* :- જાતિસ્મરનું કાર્ય અસિદ્ધ છે.

*સમાધાન* :- જાતિસ્મરનું દેવકુલવગેરે કાર્ય અપ્રસિદ્ધ નથી. ભરુચમાં રહેલું શકુનિકાવિહાર(=સમળીવિહાર) જાતિસ્મરણજ્ઞાનવાળાના કાર્યતરીકે બધા લોકોને પ્રસિદ્ધ જ છે. (અહીં આદિશબ્દથી આવાપ્રકારના અન્ય કાર્યોનો સમાવેશ થાય છે.) આમ જાતિસ્મરનું કાર્ય પ્રસિદ્ધ હોવાથી તેના કારણ તરીકે જાતિસ્મરણ પણ અસિદ્ધ નથી. વળી સંભવઅનુમાનથી પણ જાતિસ્મરણનો નિર્ણય થતો હોવાથી જાતિસ્મરણ અપ્રસિદ્ધ નથી. ॥૧૫૧॥

इय संभवाणुमाणा सिद्धमिणं जं च भूतवतिरित्तं ।
साहियमिह चेयण्णं भूयसभावं ति तोऽजुत्तं ॥ १५३ ॥
(इति संभवानुमानात् सिद्धमिदं यच्च भूतव्यतिरिक्तम् । साधितमिदं चैतन्यं भूतस्वभावमिति ततोऽयुक्तम्)

'इति': एवमुक्तप्रकारेण संभवानुमानादिदं-जातिस्मरणं सिद्धम् । यदप्यवादीत्--'भूतानां चित्रस्वभावतया स्वप्नज्ञानमिवार्थतथाभावविकलं जातिस्मरणमुत्पद्यत इति', तदप्ययुक्तम्, यत आह-'जं चेत्यादि' यत्-यस्मात्कारणादिह ग्रन्थे प्राक् भूतव्यतिरिक्तं चैतन्यं प्रपञ्चेन साधितं,'तो' तस्मादिदं चैतन्यं भूतस्वभावमित्ययुक्तम् । एतेन यदपि प्राक् 'थण्णाभिलासाओ चेव' इत्यत्र प्रतिविधानमभिहितं यथा-'भूयसहावाउ इयरंपि'त्ति, तदपि प्रतिक्षिप्तमवगन्तव्यम्। ततश्च यदस्माभिः प्राक् प्रत्यपादि---'यथा बालकस्य प्रथमत एवोत्पन्नस्य स्तनदर्शनानन्तरं स्तनादानेऽभिलाषो जायते स चाभिलाषः पूर्वमित्यादि यावदस्ति देहातिरिक्तः परलोकानुयायी जीव इति' तत्समीचीनमेव। अपि च-आस्तां तावदभिलाषस्यानुभवपूर्वकत्वात्परलोकयायी जीवः सिद्धः, किंत्वभिलाषान्तरपूर्वकत्वानुमानतोऽपि सिद्धः ॥१५३॥ एतदेवोपदर्शयन्नाह--

जो बालथणभिलासो पढमो अहिलासपुव्वगो सोऽवि ।
अहिलासत्ता जूणो जह विलयाहारअहिलासो ॥ १५४ ॥
(यो बालस्तनाभिलाषः प्रथमोऽभिलाषपूर्वकः सोऽपि । अभिलाषत्वाद् यूनो यथा वनीताहाराभिलाषः)

---

આ સંભવ અનુમાનનું ભાવન કરતા કહે છે.-

*ગાથાર્થ* :- જેમ કોઈક વૃદ્ધ થયેલા તીવ્રક્ષયોપશમવાળા પુરુષને બાળઅવસ્થામાં કરેલા કાર્યોનું પણ અનુસ્મરણ થાય છે, તેમ જાતિસ્મરણ કેમ ન સંભવે ? સંભવે જ છે. કેમકે તેટલા કાળ પહેલાના કાર્યઅંગેનાં જાતિસ્મરણમાં કારણભૂત ક્ષયોપશમ વિશેષ પણ સંભવી શકે છે. (સ્મૃતિજ્ઞાન અને તેના કારણભૂત ક્ષયોપશમનો તરતમભાવ આ ભવની અપેક્ષાએ સિદ્ધ છે. તેના બળપર કોઈકનો ક્ષયોપશમ વધુ તીવ્ર હોય, અને પૂર્વભવની સ્મૃતિ પણ થાય, તેમ સંભવ અનુમાન થઈ શકે છે.) ॥૧૫૨॥

ઉપસંહાર બતાવે છે.

*ગાથાર્થ* :- આમ સંભવઅનુમાનથી આ (=જાતિસ્મરણ) સિદ્ધ થાય છે. વળી ચૈતન્યને ભૂતોથી ભિન્નતરીકે સિદ્ધ કર્યું હોવાથી, ચૈતન્યને ભૂતના સ્વભાવરૂપ સ્વીકારવું અયોગ્ય છે.

*(પ્રથમસ્તનાભિલાષથી પરલોકસિદ્ધિ)*

આમ સંભવાનુમાનથી જાતિસ્મરણ સિદ્ધ થાય છે. વળી નાસ્તિકે (ગા. ૧૪૮ની ટીકામાં) જે કહ્યું કે *'ભૂતોનો સ્વભાવ વિચિત્ર છે. તેથી સ્વપ્નજ્ઞાનની જેમ અર્થના તથાભાવથી રહિત જાતિસ્મરણ ઉત્પન્ન થાય છે, ઇત્યાદિ'* તે બધું અર્થહીન છે. કેમકે આ જ ગ્રન્થમાં પૂર્વે મોટા વિસ્તારથી ચૈતન્યની ભૂતોથી ભિન્નતા સિદ્ધ કરી છે. તેથી ચૈતન્યને ભૂતનો સ્વભાવ કલ્પી તે સ્વભાવની વિચિત્રતાથી જાતિસ્મરણજ્ઞાનની ઉત્પત્તિ સ્વીકારવી અયોગ્ય છે. તેથી જ પૂર્વે જે કહ્યું કે *'સ્તનના અભિલાષથી.. ઇત્યાદિ'* તેના જવાબમાં નાસ્તિકેએ જે કહ્યું કે *'ભૂતના સ્વભાવથી અન્ય પણ સિદ્ધ છે ઇત્યાદિ'* તે કથન પણ અયોગ્ય ઠરે છે. (કેમકે અભિલાષવગેરે ચૈતન્યવાનના ધર્મો ભૂતમાં સંભવતા નથી.) તેથી અમે પૂર્વે જે પ્રતિપાદન કર્યું કે, *"ઉત્પત્તિના પ્રારંભકાળમાં જ વર્તતા બાળકને સ્તનના દર્શનથી તેઅંગેનો અભિલાષ ઉત્પન્ન થાય છે, અને તે અભિલાષ અનુભવપૂર્વકનો જ હોય છે, યાવત્ દેહથી ભિન્ન પરલોકયાયી જીવ છે"* એ બધું સુયોગ્ય જ સિદ્ધ થાય છે. વળી, *"અભિલાષ અનુભવપૂર્વક હોવાથી પરલોકયાયી જીવ સિદ્ધ થાય છે"* એ વાત તો દૂર રાખો, પણ 'અભિલાષ, અન્યઅભિલાષપૂર્વક જ હોય છે' એવા અનુમાનથી પણ પરલોકયાયી જીવ સિદ્ધ થાય છે. ॥૧૫૩॥

આ જ વાતનું ઉપદર્શન કરતા કહે છે.

*ગાથાર્થ* :- બાળકને જે પ્રથમ સ્તનાભિલાષ થાય છે, તે પણ અભિલાષપૂર્વક જ હોય છે, કેમકે તે અભિલાષરૂપ છે. જેમકે યુવાનને સ્ત્રી, આહાર અભિલાષ.

(મૂળમાં 'અપિ'શબ્દ 'જ'કારઅર્થક છે, અને તેનો સંબંધ 'અભિલાષપૂર્વક' પદ પછી છે.) અનુમાનપ્રયોગ 'બાળકને થતો પ્રથમસ્તનાભિલાષ અભિલાષપૂર્વક હોય છે, કેમકે અભિલાષરૂપ છે. જેમકે યુવાનને થતો સ્ત્રી અને આહારનો અભિલાષ.

*પૂર્વપક્ષ* :- અહીં તમે યુવાનના સ્ત્રીવગેરેના અભિલાષને બાળકના સ્તનઆદિના અભિલાષપૂર્વક જોવાથી આવી વ્યાપ્તિ બાંધી, કે અભિલાષ અભિલાષપૂર્વક હોય, અને તેના બળપર 'બાળકનો અભિલાષ અભિલાષપૂર્વક હોય છે' તેમ સિદ્ધ કર્યું, પણ આ બરાબર નથી. તમે જે અભિલાષની અભિલાષપૂર્વકતાની સિદ્ધિ કરી તે અભિલાષ યુવાનના છે. અર્થાત્ તે અભિલાષના ધર્મી યુવાન છે. જ્યારે સાધ્યભૂત અભિલાષના ધર્મીતરીકે બાળક ઇષ્ટ છે. તેથી તમારી વ્યાપ્તિ બાળકરૂપ ધર્મીથી અન્યમાં સિદ્ધ હોવાથી બહિર્વ્યાપ્તિરૂપ છે. હા, જો તમે અન્ય બાળકમાં જ પ્રથમ અભિલાષને અભિલાષપૂર્વકતરીકે સિદ્ધ કરો, તો અન્તર્વ્યાપ્તિ બને. અથવા બહિર્વ્યાપ્તિ=પ્રથમ દર્શને દેખાતો સહચાર. આ વ્યાપ્તિથી વસ્તુની સિદ્ધિ થતી નથી, કેમકે એવો સહચાર તો ઘણે સ્થળે દેખાય છે. અનુમાનયોગ્ય વ્યાપ્તિ તો અન્તર્વ્યાપ્તિ=અવિનાભાવથી જ સિદ્ધ થાય છે. બહિર્વ્યાપ્તિમાત્રથી કંઈ વસ્તુના તેવા સ્વરૂપની સિદ્ધિ થઈ શકતી નથી. કેમકે 'તે (ગર્ભમાં રહેલ બાળક) શ્યામ છે, કેમકે તેનો (=વ્યક્તિવિશેષનો) પુત્ર છે. જેમકે તેના અન્ય પુત્રો' ઇત્યાદિ પણ વસ્તુના સ્વરૂપના નિર્ણાયક થવાનો પ્રસંગ છે. તેથી વસ્તુની સિદ્ધિ અન્તર્વ્યાપ્તિથી જ થાય છે તેમ સિદ્ધ થાય છે. કહ્યું જ કે *"અન્તર્વ્યાપ્તિ અપ્રસિદ્ધ હોય, અને જો બહિર્વ્યાપ્તિ જ હોય. તો ત્યાં (=બહિર્વ્યાપ્તિસ્થળે) સાધ્ય સિદ્ધ ન થાય. કેમકે જો અન્યત્ર વ્યાપ્તિથી અન્યની સિદ્ધિ થતી હોય, તો બધાની જ (=બધાજ-અસત્ સાધ્યોની પણ) સિદ્ધિ થવાનો પ્રસંગ છે."* અને પ્રસ્તુતમાં અન્ય બાળક ના પ્રથમ અભિલાષના અભિલાષ પૂર્વકતાના નિર્ણય રૂપ અન્તર્વ્યાપ્તિ સિદ્ધ નથી. કેમકે

यो बालस्य स्तनाभिलाषः प्रथमः सोऽभिलाषपूर्वक एव । अपिशब्द एवकारार्थो भिन्नक्रमश्च, अभिलाषत्वात्, यूनो विलयाहाराभिलाषवदिति। ननु च न बहिर्व्याप्तिमात्रेण वस्तुनस्तथाभावः साधयितुं शक्यते, स श्यामस्तत्पुत्रत्वादि-त्यादिष्वपि गमकत्वप्रसङ्गात्, किंतु अन्तर्व्याप्त्या, सा चेह न विद्यते, प्रतिबन्धाभावात्, ततः कथं साध्यसिद्धिः?। उक्तं च--*"अन्तर्व्याप्तेरप्रसिद्धिर्बहिश्चेद्व्याप्तिस्तस्यां साध्यसिद्धिर्न जातु । अन्यव्याप्त्याऽन्यस्य सिद्धिर्यदि स्यात्, सर्वस्य स्यात्सर्वसिद्धिप्रसङ्गः ॥१॥ इति"* । अपि च-एवं सति इदमपि शक्यं वक्तुं-योऽभिलाषः सोऽवश्यमभिलाषान्तर-जनको, यथा बालस्य प्रथमः स्तनाभिलाषः, ततश्चैवमविच्छेदेनाभिलाषसंततिप्राप्तौ मोक्षाभावप्रसङ्ग इति, तदयुक्तम्, प्रतिबन्धभावतोऽन्तर्व्याप्तिसद्भावात्, तथाहि--अभिलाषो नाम अभीष्टवस्तुप्राप्त्यभिष्वङ्गः, स च लोभकर्मविपाकोदय-जन्य इति तेन व्याप्तः, तदपि च लोभकर्माऽभिलाषादिसामग्रीविशेषजन्यं, तदभावे क्षीणमोहानामिव तद्बन्धाभावात्, तद्यदि प्राग्भवे अभिलाषो न स्यात् ततस्तदभावे लोभकर्मणोऽप्यभावापत्तितः कुतस्तदुदयनिमित्तः प्रथमस्तनाभिलाषो भवेत्?, ततो विपक्षाद्व्यापकानुपलब्ध्या व्यावर्त्तमानोऽभिलाषान्तरपूर्वकत्वेन व्याप्यत इति प्रतिबन्धसिद्धिः ॥ १५४ ॥
अत्र परो विशेषविरुद्धतामुद्भावयति--

विलयाहारभिलासो इहअणुभूयाभिलासपुव्वो तु ।
सोऽवि सिया एवं चिय णो पढमत्तप्पकोवाओ ॥ १५५ ॥
(वनीताहाराभिलाष इहानुभूताभिलाषपूर्वस्तु । सोऽपि स्यादेवमेव नो प्रथमत्वकोपात्)

यूनो विलयाहाराभिलाष इहभवानुभूताभिलाषपूर्वक एव दृष्टः, तुशब्द एवकारार्थः, ततश्च तद्दृष्टान्तावष्टम्भेन सोऽपि प्रथमः स्तनाभिलाष *'एवं चिय'*त्ति एवमेव इहभवानुभूताभिलाषपूर्वक एव स्यात्, तथा च सति कुतोऽस्माद-प्यनुमानात् परलोकयायिनो जीवस्य सिद्धिरिति । अत्रोत्तरमाह-*'नो पढमत्तप्पकोपाओ'* नेति परोक्तं प्रतिषेधति, कुत इत्याह--एवं सति प्रथमत्वस्य प्रथमत्वविशेषणस्य प्रकोपात्-निरर्थकतापत्तेः। एतदुक्तं भवति-प्रथमत्वविशेषणेनैव बालाद्य-स्तनाभिलाषस्येहभवानुभूताभिलाषपूर्वकत्वं बाध्यते, तस्मिन् सति प्रथमत्वस्यायोगात्, ततश्च कुतोऽत्र विशेषविरुद्धता? तल्लक्षणायोगात्, अयोगश्च--*"विरुद्धोऽसति बाधने"* इतिवचनात् ॥ १५५ ॥ अपि च-दृष्टान्तबलेनैव विशेषविरुद्ध उद्घुष्यते, न च दृष्टान्तोऽप्येकान्तेन तथाभूतो, यत आह--

सोऽवि ण एगंतेणं इहऽणुभूयाभिलासपुव्वो तु ।
जमणादौ संसारे त णत्थि जतं ण अणुभूतं ॥ १५६ ॥
(सोऽपि नैकान्तेनेहानुभूताभिलाषपूर्वस्तु । यदनादौ संसारे तन्नास्ति यकन्नानुभूतम्)

---

તેવી વ્યાપ્તિ મળતી નથી. તેથી 'બાળકનો પ્રથમ અભિલાષ અભિલાષપૂર્વક હોય છે' તેવું સાધ્ય સિદ્ધ શી રીતે થશે ? વળી, આમ જો ક્યાંક અભિલાષને અભિલાષપૂર્વકનો જોઇ સર્વત્ર એવી વ્યાપ્તિ જોડશો, તો આ પ્રમાણે પણ કહી શકાશે, કે દરેક અભિલાષ અભિલાષાન્તરના જનક હોય છે, જેમકે બાળકનો પ્રથમ સ્તનાભિલાષ.

*શંકા* :- આ પ્રમાણે સિદ્ધ થાય, તેમાં શો દોષ છે ?

*સમાધાન* :- આમ સિદ્ધ થાય, તો પૂર્વ પૂર્વના અભિલાષ ઉત્તર ઉત્તરના અભિલાષના જનક બનશે આ અભિલાષ પરંપરા ક્યાંય અટકશે નહિ. તેથી ક્યારેય મોક્ષ નહિ થાય, કેમકે અભિલાષનો વિચ્છેદ થાય, તો જ મોક્ષ સંભવે છે.

*ઉત્તરપક્ષ* :- તમારી આ બધી દલીલ વાહિયાત છે. કેમકે સાધ્ય અને હેતુવચ્ચે પ્રતિબન્ધ=સંબંધ હોવાથી અન્તર્વ્યાપ્તિ મળે છે. તે આ પ્રમાણે ☞ 'અભિલાષ'નો અર્થ ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિનો અભિષ્વંગ(=ઇચ્છા) છે. આવી ઇચ્છા લોભકર્મના વિપાકઉદયથી ઉત્પન્ન થાય છે. તેથી ઇચ્છા(=અભિલાષ) લોભકર્મવિપાકોદયથી વ્યાપ્ત છે. અર્થાત્ અભિલાષ વ્યાપ્ય છે. અને તેવો કર્મોદય વ્યાપક છે. તથા આ લોભકર્મ અભિલાષવગેરે સામગ્રીવિશેષથી ઉત્પન્ન થાય છે. કેમકે તેવી સામગ્રીવિશેષના અભાવમાં ક્ષીણમોહી (બારમાંવગેરે ગુણસ્થાને રહેલા) જીવની જેમ લોભકર્મનો બન્ધ થતો નથી. તેથી જો પૂર્વભવે અભિલાષ ન હોત, તો લોભકર્મના બન્ધની સામગ્રીના અભાવમાં લોભકર્મનો બંધ પણ ન થાત. આમ લોભકર્મના અભાવની આપત્તિ આવે. અને તો લોભકર્મના ઉદયથી પ્રગટતો પ્રથમસ્તનાભિલાષ પણ શી રીતે સંભવે ? અર્થાત્ પૂર્વભવના અભિલાષ વિના લોભકર્મ સંભવે નહિ. અને લોભકર્મના અભાવમાં આભવીય સ્તનાભિલાષ પણ સંભવે નહિ. આમ પૂર્વનો અભિલાષ લોભકર્મને દ્વાર બનાવી ઉત્તરના અભિલાષનું કારણ બને છે. તેથી પૂર્વીય અભિલાષના અભાવમય ક્ષીણમોહરૂપ વિપક્ષમાં અભિલાષાદિ વિશેષસામગ્રીથી જન્ય લોભકર્મરૂપ વ્યાપકનો અભાવ છે. તેથી ત્યાં ઉત્તરના અભિલાષરૂપ વ્યાપ્ય(=હેતુ) પણ વ્યાવૃત્ત થાય છે. (=વ્યાપકના અભાવમાં વ્યાપ્યનો પણ અભાવ હોય.) તેથી ઉત્તરના અભિલાષની અભિલાષપૂર્વકતા સાથે પ્રતિબન્ધ=વ્યાપ્તિ સિદ્ધ થાય છે. ॥૧૫૪॥

અહીં નાસ્તિક વિશેષવિરુદ્ધતા દોષનું ઉદ્ભાવન કરે છે.

*ગાથાર્થ* :- (નાસ્તિક) વનિતા (=સ્ત્રી) અને આહારવગેરેનો અભિલાષ અહીં(=આ ભવમાં) અનુભવેલા અભિલાષપૂર્વક છે. એમ તે (=પ્રથમ અભિલાષ) પણ એમ જ (=આજ ભવના અન્ય અભિલાષપૂર્વક) છે. (ઉત્તર) એમ નથી. કેમકે તો તેમાં પ્રથમપણું નિરર્થક થશે.

*નાસ્તિક* :- યુવાનનો વનિતા, આહારઆદિ અભિલાષ આ ભવમાં અનુભવેલા અભિલાષપૂર્વક જ દેખાય છે. ('તુ'પદ 'જ' કાર અર્થક છે.) તેથી તેનાં દૃષ્ટાન્તથી તે પ્રથમ સ્તન અભિલાષ પણ આ ભવમાં અનુભવેલા અભિલાષપૂર્વક જ સંભવે

*'सोऽपि'* विलयाहाराभिलाषो दृष्टान्तत्वेनोपात्तो न एकान्तेन इहभवानुभूताभिलाषपूर्वक एव, तुरेवकारार्थः। कुत इत्याह--*'यत्'* यस्मादनादौ संसारे तन्नास्ति यकन्नानुभूतं, किंतु सर्वमनुभूतमेव, तत्कथं दृष्टान्तबलेनैष प्रथमस्तनाभिलाष इहभवानुभूताभिलाषपूर्वक एव प्रसज्यत इति ॥ १५६ ॥ अथ कदाचित् परो मन्येत--नास्य स्तनाभिलाषः, अव्यक्तत्वाद्, अपि त्वेवमेव प्रवृत्तिमात्रमिति, अतोऽनुमानान्तरमप्याह--

इय पढमं विन्नाणं विन्नाणंतरसमुब्भवं णेयं ।
विन्नाणत्ताओ च्चिय जुवविन्नाणं व बालस्स ॥ १५७ ॥

(इति प्रथमं विज्ञानं विज्ञानान्तरसमुद्भवं ज्ञेयम् । विज्ञानत्वादेव युवविज्ञानमिव बालस्य ।)

इतिरेवमर्थे, एवं यथा स्तनाभिलाषोऽभिलाषान्तरपूर्वको ज्ञातस्तथा प्रथमं विज्ञानं विज्ञानान्तरसमुद्भवं ज्ञेयं, विज्ञानत्वादेव, यथा युवविज्ञानं *'बालस्येति'* बालावस्थाविज्ञानसमुद्भवम् ॥१५७॥ इह वस्तुनो नात्यन्तासत उत्पादो, नापि सतो निरन्वय एव विनाशः, किंतु कथंचित् सत एव भावान्तररूपतया परिणमनम्, ततो विज्ञानादेर्वस्तुनः स्वरूपमन्वयेन व्याप्तं, विज्ञानं चेन्न विज्ञानान्तरपूर्वकं स्यात् तर्हि अन्वयविरुद्धोऽत्यन्तासत उत्पादोऽभ्युपगतः स्यात्, ततश्च विपक्षाद्व्यापकविरुद्धोपलब्ध्या व्यावर्त्तमानं विज्ञानं विज्ञानान्तरपूर्वकत्वेन व्याप्यत इति प्रतिबन्धसिद्धिः। यत्पुनः *'प्रतिनियतालब्धवित्तलाभलब्धवित्तापहारसुखदुःखादिवैचित्र्यस्य नियामकमन्तरेणानुपपद्यमानत्वादित्याद्याशंक्य प्रतिपादितं भूतानामेव तथास्वभावत्वतो वैचित्र्योपपत्तेर्यदाह--"जलबुद्बुदवज्जीवा" इत्यादि'* तन्न साधीयः, प्रत्युत तस्य जीवसिद्धिनिमित्तत्वात् । तथाहि--न जलमात्रात्तद्बुद्बुदवैचित्र्यमुपपद्यते, निमित्ताविशेषतः सदा सर्वत्र चाविशेषेण तद्भावप्रसङ्गात्, ततो यथा जलबुद्बुदवैचित्र्यमन्यथानुपपद्यमानं पवनविशेषादि सहकारिकारणमात्मनो गमयति, तथा भूतमात्रत्वाविशेषेऽपि नरपश्वादिरूपेण सुखित्वदुःखित्वादिरूपेण वा यत् प्रत्यात्मवैचित्र्यमुपलभ्यते तदन्यथाऽनुपपद्यमानमवश्यमदृष्टं गमयति, तदपि च विचित्रकार्यदर्शनाद्विचित्रम्, तदुक्तम्--*"आत्मत्वेनाविशिष्टस्य, वैचित्र्यं तस्य यद्वशात् । नरादिरूपं तच्चित्रमदृष्टं कर्मसंज्ञकम् ॥१॥"* इत्येतदेवाह--

---

છે. તેથી આ અનુમાનથી પણ પરલોકગામી જીવની સિદ્ધિ શી રીતે થશે ? (યુવાનના અભિલાષના દૃષ્ટાન્તદ્વારા નાસ્તિક અભિલાષમાત્રમાં **'ઇહભવાનુભૂતઅભિલાષપૂર્વકત્વ'** નું આપાદન કરી વિશેષવિરુદ્ધતા દોષનું ઉદ્ભાવન કરવા માંગે છે. કેમકે તેથી બાળકના પ્રથમ અભિલાષરૂપ અભિલાષવિશેષમાં પણ ઇહભવાનુભૂત અભિલાષપૂર્વકતાની સિદ્ધિ તે અભિલાષમાં પૂર્વભવીય અભિલાષપૂર્વકતાની સિદ્ધિથી વિરુદ્ધરૂપ બને છે.)

*ઉત્તરપક્ષ* :- તમારી કલ્પના વ્યાજબી નથી. કારણકે જો બધાજ અભિલાષો ઇહભવાનુભૂતઅભિલાષપૂર્વક હોય, અને તેથી પ્રથમ અભિલાષ પણ આ જ ભવના અન્ય અભિલાષપૂર્વક હોય, તો પછી પ્રથમ અભિલાષમાં પ્રથમપણું જ શી રીતે સંભવે? પ્રથમપણુંનો અર્થ જ એ છે, કે 'આ ભવના અન્ય અભિલાષપૂર્વક ન હોવું' નહિતર તો અન્ય અભિલાષ એ અભિલાષની પૂર્વે હોવાથી તે અભિલાષ પ્રથમ નહિ રહે. (અને વાસ્તવમાં કોઇ અભિલાષ પ્રથમ નહિ રહેવાથી આ ભવને અનાદિસિદ્ધ માનવો પડે. અથવા કોઇ અભિલાષ પ્રથમ બનતો ન હોવાથી તદ્પૂર્વકનો બીજો અભિલાષ, તદ્પૂર્વકનો ત્રીજો અભિલાષવગેરે ઉત્તરના તમામ અભિલાષોનો અભાવ થવાથી આ ભવમાં જ મુક્તિનો પ્રસંગ આવે. તેથી અભિલાષમાં માત્ર અભિલાષપૂર્વતાનો જ નિયમ કરવો જોઇએ, નહિ કે, ઇહભવાનુભૂત અભિલાષપૂર્વકતાનો.) આમ સ્તનઅભિલાષમાં 'પ્રથમપણું' વિશેષણરૂપ છે. આ વિશેષણ બાળવગેરેના સ્તનઆદિ અભિલાષમાં ઇહભવાનુભૂત અભિલાષપૂર્વકતાને બાધ પહોંચાડે છે. અને બાધિત થયેલા ધર્મથી વિરુદ્ધતાનું ઉદ્ભાવન થઇ શકે નહિ. કેમકે તેમાં વિરુદ્ધતાનું લક્ષણ રહેતું નથી. કેમકે *'બાધ ન હોય, તો જ વિરુદ્ધ બને છે'* એવું વિરુદ્ધનું લક્ષણ છે. ॥૧૫૫॥

વળી, તમે દૃષ્ટાન્તના બળથી વિશેષવિરુદ્ધની ઉદ્ઘોષણા કરો છો. પરંતુ દૃષ્ટાન્ત પણ એકાંતે તેવો (=આ ભવના અનુભૂત અભિલાષપૂર્વકનો) નથી. એમ બતાવતા કહે છે.→

*ગાથાર્થ* :- તે દૃષ્ટાન્તતરીકે ગ્રહણ કરેલો સ્ત્રીઆહારઆદિ અભિલાષ પણ એકાન્તે આ ભવમાં અનુભવેલા અભિલાષપૂર્વક નથી. કેમકે અનાદિ સંસારમાં એવું કશું નથી કે જે અનુભવ્યું ન હોય, અર્થાત્ બધું જ અનુભવેલું છે. તેથી દૃષ્ટાન્તના બળપર પ્રથમ સ્તનઅભિલાષ આ ભવના અનુભવેલા અભિલાષપૂર્વક જ હોય, તેવો પ્રસંગ શી રીતે આપી શકાય? ન જ આપી શકાય. (મૂળમાં 'તુ' પદ 'જ'કાર અર્થક છે.) ॥૧૫૬॥

અહીં નાસ્તિક પોતાની માન્યતા વ્યક્ત કરે કે, "તરત જન્મેલા બાળકને સ્તનનો અભિલાષ સંભવતો નથી, કારણકે તે તદ્દન અવ્યક્ત (=અવિકસિત બુદ્ધિવાળો) છે. તેથી તેની સ્તનઅંગે થતી પ્રવૃત્તિ એમજ-ઉપયોગશૂન્ય માત્ર પ્રવૃત્તિરૂપ જ છે. તેથી તેના અભિલાષને પૂર્વભવીય અભિલાષપૂર્વક સિદ્ધ કરનારું અનુમાન જ અયોગ્ય છે." (અહીં તરત જન્મેલા બાળકની પણ સ્વયં-સ્ફુરિત તેવી ચેષ્ટા તેના કંઇક વ્યક્ત ચૈતન્યને સૂચવે છે. તેથી તેને તેવો અભિલાષ પણ સંભવે છે. છતાં બાળકનું અન્ય બાબતોમાં અવ્યક્તપણું પ્રત્યક્ષસિદ્ધ અને લોકમાન્ય હોવાથી નાસ્તિકના આ તર્કનું ખંડન કરવાનું છોડી અથવા સ્વમતને સુદૃઢ બનાવવા) મૂળકાર અન્ય અનુમાન બતાવે છે...

### *(વિજ્ઞાનાન્તરજન્ય પ્રથમવિજ્ઞાનથી પરલોકસિદ્ધિ)*

*ગાથાર્થ* :- એ જ પ્રમાણે પ્રથમ વિજ્ઞાન અન્ય વિજ્ઞાનથી ઉત્પન્ન થાય છે, કેમકે વિજ્ઞાનરૂપ છે, જેમકે યુવાનનું વિજ્ઞાન બાળકના (વિજ્ઞાનથી ઉત્પન્ન થાય છે.)

('ઇતિ' પદ 'એવમ્'=તેજ પ્રમાણે એવા અર્થમાં છે.) જેમ સ્તનાભિલાષનો અન્ય અભિલાષપૂર્વક તરીકે નિર્ણય કર્યો. તે જ પ્રમાણે (બાળકનું) પ્રથમ વિજ્ઞાન અન્યવિજ્ઞાનથી ઉદ્ભવે છે. કેમકે વિજ્ઞાન છે, જેમકે યુવાનનું વિજ્ઞાન બાળકઅવસ્થાના ના વિજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. (અને બાળકના વિજ્ઞાનનું કારણ ભૂત વિજ્ઞાન પૂર્વ ભવીય વિજ્ઞાન જ સંભવે છે. તેથી પણ પરલોકયાયી જીવની

चित्तो कम्मसहावो भणिओ तत्तो य लाभहरणादी ।
सिद्धत्ति अत्थि जीवो तम्हा परलोगगामी तु ॥ १५८ ॥

(चित्रः कर्मस्वभावो भणितस्ततश्च लाभहरणादिः । सिद्ध इति अस्ति जीवस्तस्मात्परलोकगामी तु)

*'चित्रो'* नानारूपः कर्म्मणां–सातादिवेदनीयादीनां स्वभावो भणितः प्राक्। तत्र *'अदिट्ठगंतफले'*त्यादिना सामान्यतः कर्म्माभिहितं, कर्म्मण एवादृष्टशब्दवाच्यत्वात्, *'न विवज्जयम्मी'*त्यादिना तु तस्यैव शुभाशुभभेदेन स्वभाववैचित्र्यमिति । *'तत्तो य लाभहरणादी सिद्धत्ति;'* तत एव तस्मादेव चित्ररूपात्कर्म्मणः सकाशात् लाभहरणादिः सिद्धो, न तु भूतानां तथास्वभावत्वतः, भेदकमन्तरेण तथास्वभावत्वविशेषस्यैवासंभवात्, भेदकाभ्युपगमे च पर्यायतः कर्म्मण एवाभ्युपगमात्, तस्य च कर्म्मणः कर्त्तारमन्तरेणानुपपद्यमानत्वात्तत्कर्तुस्तदन्यथाऽनुपपत्त्याऽनुमीयमानस्य जीवस्य पूर्वभवेऽप्यस्तित्वं सिद्धं, तस्माद–स्त्येव जीवः परलोकगामी । तुरवधारणे भिन्नक्रमश्च स चास्तीति क्रियया सह योजित एव । एवं च सति यदुक्तं––*'परलोकिनोऽभावात्, देवनारकत्वादिलक्षणपरलोकाभाव इत्यादि,'* तत्सर्वमसमीचीनमेवेति स्थितम् ॥ १५८ ॥

॥ भौतिकपुरुषवादिमतपरीक्षा समाप्ता ॥

इह *'जीवो अणाइनिहणो'* इत्यादिद्वारगाथायां यत् जीव इत्युपात्तं तत्समर्थितम्...........................................

---

સિદ્ધિ થાય છે.) ॥૧૫૭॥

જગતમાં અત્યન્ત અસત્ વસ્તુ ઉત્પન્ન થતી નથી. અને સત્ વસ્તુનો નિરન્વય નાશ થતો નથી. પરંતુ કથંચિત સત્ વસ્તુ જ ભાવાન્તરરૂપે પરિણામ પામે છે. તેથી વિજ્ઞાનવગેરે વસ્તુનું સ્વરૂપ અન્વયથી વ્યાપ્ત છે. (અર્થાત્ વિજ્ઞાનમાં કોઇક ભાવનો અન્વય અવશ્ય હોવો જોઇએ. અને જો) વિજ્ઞાન અન્યવિજ્ઞાનપૂર્વક (=વિજ્ઞાનમાં અન્ય વિજ્ઞાનનો અન્વય) ન હોય, તો વિજ્ઞાનની અન્વયની વિરુદ્ધ અત્યન્ત અસત્માંથી ઉત્પત્તિ સ્વીકારવી પડે. (પણ આ સંભવિત નથી. કેમકે ઘડાવગેરેમાં પણ તથોત્પત્તિનો પ્રસંગ છે.) આમ વિપક્ષમાં વ્યાપકથી વિરુદ્ધની ઉપલબ્ધિ થાય છે. તેથી વ્યાપ્યભૂત વિજ્ઞાન પણ વિપક્ષમાંથી વ્યાવૃત્ત થાય છે. અને વિજ્ઞાનાન્તરપૂર્વકત્વ(=તદ્ રૂપ અન્વય)થી વ્યાપ્ત થાય છે. અર્થાત્ આમ જો વિજ્ઞાન વિજ્ઞાનાન્તરપૂર્વક હોય, તો જ અન્વયયુક્ત બને. વિજ્ઞાનપૂર્વકતા વ્યાપક(=સાધ્ય) છે. અન્વયયુક્તતા વ્યાપ્ય=હેતુ છે. વિજ્ઞાનભિન્ન વસ્તુ અથવા અસત્ની અપેક્ષાએ વિજ્ઞાનમાં વિજ્ઞાનાન્તરપૂર્વકતા નથી. તો અન્વયયુક્તતા પણ ઉપલબ્ધ થતી નથી. આમ વ્યતિરેકવ્યાપ્તિથી વિજ્ઞાનાન્તરપૂર્વકતા અને અન્વયયુક્તતાનો સંબંધ મળે છે. તેથી વિજ્ઞાન વિજ્ઞાનાન્તરપૂર્વક સિદ્ધ થાય છે.

*(કર્મવિચિત્રતાજન્ય લાભનુકશાનથી જીવસિદ્ધિ)*

વળી અમે જે આશંકા કરી કે 'અપ્રાપ્ત ધનની પ્રાપ્તિ અને પ્રાપ્ત ધનની હાનિ ઇત્યાદિ પ્રતિનિયત સુખ-દુઃખભાવોની વિચિત્રતા નિયામક વિના સંભવે નહિ.' તે બરાબર જ છે. કેમકે તમે (=નાસ્તિકો) જે જવાબ આપ્યો કે "ભૂતોના જ તેવા સ્વભાવથી વિચિત્રતા સંભવે છે કેમકે જીવો તો પાણીના પરપોટા જેવા છે." તે બરાબર નથી. કેમકે પાણીના પરપોટાનું દૃષ્ટાન્ત જીવની સિદ્ધિમાં કારણભૂત છે. તે આ પ્રમાણે ➡ પાણીની હાજરીમાત્રથી કંઇ તેમાં પરપોટા ઉત્પન્ન થતાં નથી. જો પાણી હોવા માત્રથી પરપોટા ઉત્પન્ન થતા હોય, માત્ર પાણી જ જો પરપોટાનું કારણ હોય, તો હંમેશા બધે પાણીસ્થળે પરપોટા થવા જોઇએ. કારણકે હંમેશા સર્વત્ર પરપોટામાં કારણભૂત પાણી સમાનતયા હાજર છે. પણ હંમેશા-સર્વત્ર પરપોટા દેખાતા નથી. આમ પાણીની હાજરી સર્વત્ર સમાનતયા હોવા છતાં પરપોટાના ભાવ અને અભાવરૂપ વિચિત્રતા અન્ય કારણની હાજરી વિના અસંભવિત છે. તેથી તે વિચિત્રતા, પરપોટાના સહકારી-કારણતરીકે પવનવિશેષનું સૂચન કરે છે. આ જ પ્રમાણે, ભૂતમાત્રરૂપે સમાન હોવા છતાં મનુષ્ય, પશુઆદિરૂપે અથવા સુખી-દુઃખી આદિરૂપે જે વિચિત્રતા દેખાય છે, તે અન્યથા અસંભવિત થવા દ્વારા "અદૃષ્ટ"નો નિર્ણય કરાવે છે. આ અદૃષ્ટના કાર્યો વિચિત્ર દેખાતા હોવાથી અદૃષ્ટ પણ વિચિત્ર છે. કહ્યું જ છે *"આત્મા તરીકે સમાન એવા પણ તેમાં મનુષ્યઆદિરૂપ વિચિત્રતા જેના કારણે છે, તે "કર્મ"સંજ્ઞા(=ઓળખ)પામેલું વિચિત્ર અદૃષ્ટ છે."* આ અર્થનો અનુસાર આપતા આચાર્ય કહે છે.

*ગાથાર્થ* :- કર્મસ્વભાવ વિચિત્ર કહ્યો છે. તેથી પ્રાપ્તિ-હાનિ સિદ્ધ થાય છે. અને તેથી *"પરલોકગામી જીવ છે"* તેમ સિદ્ધ થાય છે.

પૂર્વે શાતાવેદનીયવગેરે કર્મોનો વિચિત્ર સ્વભાવ કહ્યો. તેમાં "અદિટ્ઠગંતફલા" (ગા. ૧૪૩) ઇત્યાદિથી કર્મની સામાન્યથી પ્રરૂપણા કરી. કારણકે "અદૃષ્ટ"શબ્દથી કર્મનું જ અભિધાન થાય છે. "ન વિવજ્જયમ્મિ" ઇત્યાદિથી તે કર્મની જ શુભાશુભ ભેદથી સ્વભાવવિચિત્રતા બતાવી. આ વિચિત્રસ્વરૂપવાળા કર્મને કારણે જ લાભ-હાનિ સિદ્ધ થાય છે. નહિ કે ભૂતોના તેવા સ્વભાવના કારણે, કારણકે ભેદકના અભાવમાં તથાસ્વભાવમાં વૈચિત્ર્ય સંભવે નહિ. (અર્થાત્ સ્વભાવનો ભેદ પણ ભેદ પાડનાર અન્ય વસ્તુ પર આધારિત છે.) અને ભેદકને સ્વીકારવાથી નામાન્તરથી કર્મનો જ સ્વીકાર થાય છે. અને કર્તાના અભાવમાં કર્મ સંભવે નહિ. તેથી કર્મની અન્યથા અનુપપત્તિના બળપર કર્મના કર્તાનું અનુમાન થાય છે. અને તે કર્તાતરીકે જીવ જ અનુમાનનો વિષય બને છે. તે જીવ પૂર્વભવમાં પણ વિદ્યમાન હતો, તેમજ સિદ્ધ થાય છે. તેથી *"પરલોકગામી જીવ છે જ"* એમ સિદ્ધ થાય છે. (મૂળમાં "તુ"પદ "જ"કારઅર્થક છે. અને તેનો અન્વય "અસ્તિ" ક્રિયાપદસાથે કરવાનો છે.) તેથી *"પરલોકમાં જનાર જીવનો અભાવ હોવાથી દેવ, નારકવગેરે પરલોકનો પણ અભાવ છે."* ઇત્યાદિ નાસ્તિકવચન સર્વથા અસંગત ઠરે છે. ॥૧૫૮॥

પૂર્વે *"જીવો અનાઇ નિહણો"* ઇત્યાદિ દ્વારગાથામાં જે "જીવ" પદ મુક્યું હતું તેનું વિસ્તારથી સમર્થન કર્યું...............

**ભૌતિકપુરુષવાદી (નાસ્તિક) મતની પરીક્ષા પૂર્ણ થઈ.**

सांप्रतमनुक्रमप्राप्तम्, 'अणादिनिहणो' इत्येतत्समर्थयमान आह--

जम्हा ण कित्तिमो सो तम्हाऽणादीत्थ कित्तिमत्ते य (उ) ।
वत्तव्वं जेण कतो सो किं जीवो अजीवो त्ति? ॥ १५९ ॥

(यस्मान्न कृत्रिमः स तस्मादनादिरत्र कृत्रिमत्वे च । वक्तव्यं येन कृतः स किं जीवोऽजीव इति)

यस्मादसौ जीवोऽकृत्रिमः करणेन निर्वृत्तः कृत्रिमः *"ड्वितस्त्रिमक् तत्कृतेः"* इति त्रिमक्प्रत्ययः, न कृत्रिमो-ऽकृत्रिमोऽकृतक इतियावत्, तस्मादकृत्रिमत्वादयमनादिरेव । तुशब्द एवकारार्थः । अथ नासावकृत्रिम इष्यते तर्हि कृत्रिमत्वेऽभ्युपगम्यमाने सति अवश्यमस्य कर्त्ताऽभ्युपगन्तव्यः, तमन्तरेण कृत्रिमत्वायोगात्, ततश्च वक्तव्यं येनासौ जीवः कृतः स किं जीवोऽजीवो वेति, गत्यन्तराभावात् ॥१५९॥ तत्राद्यं पक्षमधिकृत्य दूषणमाह--

जइ जीवो जेण कतो सो अन्नेणंति एवमणवत्था ।
चरमो अकित्तिमो अह सव्वेसु तु मच्छरो को णु ? ॥ १६० ॥

(यदि जीवो येन कृतः सोऽन्येनेति एवमनवस्था । चरमोऽकृत्रिमोऽथ सर्वेषु तु मत्सरः को नु)

यदि येन कृतो विवक्षितो जीवः स जीव इष्यते, ततः सोऽपि जीवत्वाविशेषादन्येन जीवेन कर्त्तव्यः सोऽप्यन्येनेत्येवमनवस्था स्यात् । अथानवस्थादोषभयाच्चरमः--अन्तिमोऽकृत्रिम इष्यते ननु तर्हि तमेकं मुक्त्वा सर्वेषु पुनरन्येषु जीवेषु भवतः को नु मत्सरो? येन तेषां सर्वेषामप्यकृत्रिमत्वं नेष्यते, निष्कारणत्वाद्, अयमतीवायुक्त इति भावः ॥ १६० ॥ अपि च--

जो सो अकित्तिमो सो रागादिजुत्तो हवेज्ज रहितो वा ? ।
रहियस्स सेसकरणे पओयणं किंति वत्तव्वं ॥ १६१ ॥

(योऽसावकृत्रिमः स रागादियुक्तो भवेद् रहितो वा? । रहितस्य शेषकरणे प्रयोजनं किमिति वक्तव्यम्)

योऽसावकृत्रिमः पुरुष इष्यते जगतः स्रष्टा स किं *'रागादियुतो'* रागादिमान् भवेत्?, रहितो वा रागादि-विनिर्मुक्तो वेति विकल्पद्वयम् । तत्र चरमपक्षस्य पश्चादुक्तत्वेनातीव प्रत्यासन्नत्वात्तमेवाधिकृत्य तावद् दूषणमाह--*'रहियस्सेत्यादि'* रहितस्य रागादिभिरिति गम्यते, शेषाणां जीवानां *'करणे'* निष्पादने *'किं प्रयोजनं?'* किं फलमिति वक्तव्यं? न हि कश्चनापि सचेतनः प्रयोजनमन्तरेण प्रवृत्तिमातनोति, तदुक्तम्--*"नासमीक्ष्य यतः कार्यं, स न कोऽपि प्रवर्त्तते"* इति ॥१६१॥ इतर आह--

तेसिं चेवुप्पत्ती किं च सहावो य तस्स एसो उ ।
अपरायत्ततणओ कुणइ विचित्ते तओ सत्ते ॥ १६२ ॥

(तेषामेवोत्पत्तिः किं च स्वभावश्च तस्य एष तु । अपरायत्ततया करोति विचित्रान् ततः सत्त्वान्)

---

હવે અનુક્રમથી પ્રાપ્ત થતા 'અનાઈનિહણો' વિશેષણનું સમર્થન કરતાં કહે છે.

## (જીવ અનાદિનિધન)

*ગાથાર્થ* :- તે (=જીવ) કૃત્રિમ નથી. તેથી અનાદિ જ છે. જો કૃત્રિમ હોય, તો કહો, તેનો કર્તા જીવ છે કે અજીવ ?

(કરણ=સાધનથી બનેલી વસ્તુ કૃત્રિમ કહેવાય. કૃ ધાતુને 'ડ્વિતસ્ત્રિમક્ તત્કૃતે' સૂત્રથી ત્રિમક્ પ્રત્યય લાગી કૃત્રિમ શબ્દ નિષ્પન્ન થયો છે.) આ જીવ કૃત્રિમ નથી=અકૃત્રિમ છે=કોઈનાથી નિષ્પન્ન થયો નથી. તેથી અનાદિ જ છે. ('તુ'શબ્દ 'જ'કાર અર્થક છે.) હવે, જો તમે જીવને અકૃત્રિમ નહિ માનશો – કૃત્રિમ માનશો, તો તેના કોઈ કર્તાને પણ સ્વીકારવો પડશે, કેમકે કર્તાના અભાવમાં કાર્ય=કૃત્રિમ વસ્તુ સંભવે નહિ. તેથી કહો, જીવનો કર્તા કોણ છે ? જીવ કે અજીવ ? આ બે સિવાય અન્ય તો સંભવે જ નહિ. (કેમકે જગતની તમામ વસ્તુઓનો આ બેમાંથી જ એકમાં સમાવેશ થાય છે.) ॥૧૫૯॥

અહીં પ્રથમ પક્ષ (='જીવ કર્તા છે' એવા પક્ષ) ને ઉદ્દેશી દૂષણ દર્શાવે છે.

*ગાથાર્થ* :- જીવ જેનાથી કરાયો (=જીવનો કર્તા) તે જીવતરીકે ઈષ્ટ હોય, તો તે (=કર્તા જીવ) અન્યથી કરાયો, તે અન્ય વળી અન્યતરથી કરાયો એમ અનવસ્થાદોષ આવશે. (કર્તા જીવમાં પણ કાર્યભૂત જીવને તુલ્ય જીવત્વ હોવાથી કર્તા જીવને પણ કાર્ય=કૃત્રિમ જ સ્વીકારવો રહ્યો. તેથી તેના કર્તાતરીકે અન્ય જીવની કલ્પના ઊભી થશે. વળી એ અન્યમાં પણ જીવત્વ તુલ્યરૂપ હોઈ, તે પણ કાર્યરૂપ બનશે. તેથી તેના કર્તાતરીકે અન્યતર જીવની કલ્પના આમ અનવસ્થા છે.) હવે જો, આ અનવસ્થાના ભયથી ચરમજીવને અકૃત્રિમ-નિત્ય માનશો, તો તેને છોડી બીજા બધા જીવો પર એવો તે કેવો મત્સરભાવ છે કે, જેથી તેઓને અકૃત્રિમ નથી માનતા ? અર્થાત્ જીવત્વરૂપે સમાન હોવા છતાં છેલ્લા જીવને છોડી અન્ય જીવોને અકૃત્રિમ ન માનવામાં કોઈ કારણ નથી. તેથી તેઓને કૃત્રિમ માનવા તદ્દન અસંગત છે. ॥૧૬૦॥

વળી,

*ગાથાર્થ* :- જો તે (ચરમ જીવ) અકૃત્રિમ છે. તો તે રાગવગેરેથી યુક્ત છે ? કે રાગઆદિથી રહિત છે ? જો રહિત હોય, તો શેષમાં (=બીજા જીવોને કરવામાં) તેને શું પ્રયોજન છે? તે બતાવવું પડશે.

*(જગત્કર્તૃત્વવાદનિરાસ)*

જગતના સર્જનહારતરીકે જે આ કૃત્રિમ પુરુષ (=જીવ) ઈષ્ટ છે, તે રાગવગેરેથી યુક્ત છે, કે રાગઆદિથી રહિત છે ? આમ બે વિકલ્પ છે. અહીં છેલ્લો પક્ષ પાછળથી કહ્યો હોવાથી અત્યન્ત નજીક છે. તેથી તે(=ચરમપક્ષ)ને ઉદ્દેશીને દૂષણ બતાવે

*तेषामेव*–जीवानामुत्पत्तिः–निष्पत्तिः प्रयोजनं, घटं हि कर्तुमारभमाणस्य कुम्भकारस्य घटकरणक्रियाया घटनिष्पत्तिरेव फलं, नान्यत्, तद्वदिहापि तेषामुत्पत्तिरेव तस्य प्रयोजनमिति । परिहारान्तरमाह–-किं चेत्यभ्युच्चये । *'तस्य'* जगत्स्रष्टुः स्वभाव एवैष, तुशब्द एवकारार्थो भिन्नक्रमश्च स च यथास्थानं योजित एव, चः पूरणे, येन *'तओत्ति'* सको–जगत्स्रष्टा अपरायत्ततया विचित्रान् सत्त्वान् करोति ततो न कश्चिद्दोष इति ॥ १६२ ॥ अत्रोत्तरमाह––

तेसिं उप्पत्तीए को तस्सऽत्थोत्ति? सेव उ ण जुत्ता ।

कुंभारादीण जओ ण घडादुप्पत्तिरेवत्थो ॥ १६३ ॥

(तेषामुत्पत्त्या कस्तस्यार्थ इति? सैव तु न युक्ता । कुम्भकारादीनां यतो न घटादुत्पत्तिरेवार्थः)

तेषां जीवानामुत्पत्त्या कस्तस्य–जगत्स्रष्टुरर्थः–प्रयोजनम्? , यद्यपि जीवनिष्पादनक्रियाया जीवनिष्पत्तिः फलं तथापि तस्या अपि जीवनिष्पत्तेः प्रयोजनमभिधानीयं, न च वाच्यं किमत्र फलान्तरेण?, तन्निष्पत्तिरेव केवला फलं भविष्यतीति । यत आह––*'सेव उ न जुत्ता'* सैव पुनर्निष्पत्तिः केवला फलत्वेन कल्प्यमाना न युक्ता, कुत इत्याह––*'कुंभेत्यादि' यतो*–यस्मात्कुम्भकारादीनाम्, आदिशब्दात्तन्तुवायादिपरिग्रहः, न घटाद्युत्पत्तिरेव, अत्रादिशब्दात् पटादिपरिग्रहः अर्थः–प्रयोजनं, किंत्वन्यदपि तद्विक्रयाल्लभ्यं धनादि, न हि कुम्भकारादयो व्यसनितया घटादीन् कर्तुमारभन्ते, किंतु लभ्यमानधनादिफलार्थितया, ततश्चेहापि जीवनिष्पादनक्रियायास्तन्निष्पत्त्यतिरिक्तं फलान्तरमन्वेषणीयं, तच्च नास्तीति यत्किंचिदेतत् ॥१६३॥ अत्र परस्याशङ्कामपनेतुमाह––

सिय कुंभारादीया अणिट्ठियट्ठित्ति णिट्ठियट्ठो य ।

सो इय ण जुज्जई से उप्पत्तिं काउ सत्ताणं ॥ १६४ ॥

(स्यात् कुम्भकारादयोऽनिष्ठितार्था इति निष्ठितार्थश्च । स इति न युज्यते तस्योत्पत्तिं कर्तुं सत्त्वानाम्)

---

છે ➔ રાગવગેરેથી રહિત તે અકૃત્રિમ જીવ અન્ય જીવોને સર્જવામાં કયું પ્રયોજન ધરાવે છે ? કયા ફળની આશાથી અન્ય જીવોને સર્જે છે ? કેમકે ચેતનવંતા પુરુષો ક્યારેય પ્રયોજન વિના પ્રવૃત્તિ કરતા નથી. કહ્યું છે કે *"કાર્યનો વિચાર કર્યા વિના કોઈ પણ (કાર્યમાં) પ્રવૃત્ત થતા નથી."* ॥૧૬૧॥

અહીં બીજી વ્યક્તિ સ્વાશય પ્રગટ કરે છે.

*ગાથાર્થ* :– તેઓની(=જીવોની) ઉત્પત્તિ જ ચરમ કર્તાજીવનું જીવોને ઉત્પન્ન કરવાનું પ્રયોજન છે. એમાં પૂછવાનું શું? ઘડો બનાવવાનું શરૂ કરનાર કુંભારને ઘડા બનાવવાની ક્રિયાનું પ્રયોજન ઘડાની ઉત્પત્તિને છોડી બીજું શું હોય ? કંઇ નહિ. તે જ પ્રમાણે અહીં પણ જીવોની ઉત્પત્તિ જ તેનું (જગત્કર્તાનું) પ્રયોજન છે. (મૂળમાં 'તુ'જકારઅર્થક છે. અને તેનો અન્વય 'સ્વભાવ' પછી છે. 'ચ'પદ પાદપૂર્તિઅર્થે છે. બીજી વ્યક્તિ બીજો જવાબ પણ બતાવે છે.) વળી જગતસ્રષ્ટા નો સ્વભાવ જ એવો છે, કે જેથી તે(=જગત્સ્રષ્ટા)અપરાધીનપણે–સ્વતંત્રપણે વિચિત્ર જીવોને ઉત્પન્ન કરે છે. (આમ જગત્સ્રષ્ટાનો વિચિત્ર જીવોને ઉત્પન્ન કરવાનો સ્વભાવ જ હોવાથી એ બાબતમાં કોઇ પૂછપરછ કરવી વ્યાજબી નથી.) તેથી અહીં કોઇ દોષ બતાવવો ન જોઇએ. ॥૧૬૨॥

અહીં આચાર્ય ઉત્તર આપે છે.

*(જીવોત્પત્તિ કરવામાં પ્રયોજનાભાવ)*

*ગાથાર્થ* :– તેઓની (=કૃત્રિમ જીવોની) ઉત્પત્તિથી તેને (જગત્કર્તાને) શું પ્રયોજન છે ? ઉત્પત્તિ જ તો (પ્રયોજન તરીકે) યોગ્ય નથી જ કેમકે કુંભારવગેરેને કંઇ ઘડાવગેરેની ઉત્પત્તિ જ પ્રયોજન નથી. (પરંતુ ધનઆદિપ્રયોજન પણ છે.)

*ઉત્તર* :– જીવોને ઉત્પન્ન કરવામાં જગતવિધાતાને શું પ્રયોજન છે ? *તાત્પર્ય* :– જીવને ઉત્પન્ન કરવાની ક્રિયાના ફળ તરીકે જીવોની નિષ્પત્તિ બરાબર છે. છતાં પણ, જીવોને પેદા કરીને જગતકર્તાએ કરવું શું છે ? જીવોના ઉત્પાદન પાછળ જગત્પતિનો કયો આશય કામ કરે છે. ? એમ તો કહેશો જ નહિ કે 'બસ જીવોને ઉત્પન્ન કરવા એ જ જીવોત્પત્તિ પાછળ જગત્કર્તાનો આશય છે બીજો કોઇ આશય નથી. અને બીજું કોઇ ફળ નથી.' કેમકે માત્ર ઉત્પત્તિને જ ફળતરીકે કલ્પી લેવી યોગ્ય નથી. કેમકે કુંભારવગેરેને પણ (વગેરેથી વણકરઆદિ સમાવેશ પામે છે.) ઘડાવગેરેની(આદિથી કાપડવગેરેની) માત્ર ઉત્પત્તિ જ ઇષ્ટ નથી, પરંતુ તે વેંચવાદ્વારા પ્રાપ્ત થતાં ધનવગેરે જ મુખ્ય પ્રયોજન છે. કુંભારવગેરેને ઘડા બનાવવાનું વ્યસન હોવાથી તેઓ ઘડાવગેરે બનાવે છે, એમ નથી, પરંતુ ધનલાભઆદિ હેતુથી જ ઘડા બનાવે છે, તેથી જીવોને પેદા કરવાની ક્રિયાનું નિષ્પત્તિને છોડી અન્ય ફળ અવશ્ય શોધવું જોઇએ. પણ દેખાતું નથી, તેથી વાસ્તવમાં તો જીવોત્પાદન નિરર્થક જ ઠરે છે. અને કલ્પનાને અસંગત બનાવે છે. (પ્રેક્ષાવાનની પ્રવૃત્તિ કાંતો સ્વાર્થથી હોય, કાંતો પરમાર્થથી. સ્વાર્થથી થતી પ્રવૃત્તિમાં સ્વાર્થ મુખ્યતયા બે જ હોય (૧) સુખ પ્રાપ્તિ (૨) દુખ અભાવ. ધન પ્રાપ્તિ, ભોજન ઇત્યાદિ અન્ય પ્રયોજનો પેટા પ્રયોજન બને છે. અને વ્યાપાર, ઉત્પાદનવગેરે તો પેટા–પેટા પ્રયોજન બને છે. વ્યસનથી થતી સીગરેટ ફૂંકવીવગેરે પ્રવૃત્તિ પણ ક્ષણિક આનંદમાટે કે, તે ન પીવાથી માથું દુઃખવુંવગેરે થતા દુઃખથી બચવા જ થાય છે. પરમાર્થહેતુક થતી પ્રવૃત્તિ કરુણાથી થાય છે. અને કરુણા પણ અન્યની દુઃખાદિગ્રસ્ત દશા જોઇને જ સંભવે. 'જીવોત્પત્તિ'રૂપ પ્રયોજન આ બેમાંથી (સ્વાર્થ–પરમાર્થ) એક પણ પ્રયોજનરૂપ નથી. તેથી તેનું (=જીવોત્પત્તિનું) ઉપરોક્ત બેમાંથી એક અંતિમ પ્રયોજન દર્શાવવું જોઇએ. અન્યથા તે નિષ્પ્રયોજન બને.) ॥૧૬૩॥ .

અહીં અન્યની આશંકાનું અપનયન કરવા કહે છે.–

*ગાથાર્થ* :– (પૂર્વપક્ષ) કુંભારવગેરે કૃતકૃત્ય નથી, જ્યારે જગતકર્તા તો કૃતકૃત્ય છે. (ઉત્તર) જો એમ હોય, તો જીવોની ઉત્પત્તિ કરવી તેના માટે યોગ્ય નથી.

स्यादेतत्–कुम्भकारादयोऽनिष्ठितार्थाः–अकृतकृत्यास्ततस्ते घटादिनिष्पादने तन्निष्पत्त्यतिरेकेण फलान्तरमप्यपेक्षन्ते, यस्तु जगतः स्रष्टा स निष्ठितार्थ इति नास्य फलान्तरापेक्षेति। अत्राह--*'इय'* इत्यादि, इतिरेवमर्थे, यद्येवमिष्यते तत एवं सति *'से'* तस्य *'न युज्यते'* न युक्तं भवति सत्त्वानामुत्पत्तिं कर्तुम्, एकान्तेन कृतकृत्यत्वात् । अथोच्येत– यद्यप्येष कृतकृत्यस्तथापि तस्य स्वभाव एवैष–येन तथाविधप्रयोजनमन्तरेणापि विचित्रान् सत्त्वान् करोति, ततो न कश्चिदिह पूर्वोक्तदोषप्रसङ्गः, एतच्च प्रागेव *'किं च सहावो य तस्स एसो उ'* इत्यादिनाऽभिहितमिति ॥१६४॥ अत आह--

एसो य सहावो से किमेत्थ माणं? न सुंदरो य जतो ।
तक्करणकिलेसस्स तु महतो अफलस्स हेउत्ति ॥ १६५ ॥

(एष च स्वभावस्तस्य किमत्र मानम्? न सुंदरश्च यतः । तत्करणक्लेशस्य तु महतोऽफलस्य हेतुरिति)

'एष च' जगन्निर्म्माणप्रवृत्तिहेतुः 'से' तस्य जगतः स्रष्टुः स्वभावोऽस्तीत्यत्र किं मानं– प्रमाणं?, नैव किंचित्प्रमाणमिति भावः, अतीन्द्रियत्वेनात्र प्रत्यक्षादेरनुपपत्तेः । अथवा कल्प्यतामेवंविधोऽपि तस्य स्वभावस्तथाप्येष न सुन्दरः, च शब्दो दूषणान्तरसमुच्चये, कथं न सुन्दर इति?, अत आह--यतो–यस्मान्महतोऽफलस्य तत्करणक्लेशस्य– जगज्जन्तुनिष्पादनप्रयासस्य हेतुः–कारणमसौ स्वभाव इति, तस्मान्न सुन्दरः ॥ १६५ ॥ सांप्रतं यदवादि प्राक् *'अपरायत्तत्तणओत्ति'* तत् दूषयितुमाह--

अपरायत्तो य कहं ? जो कुणइ किलेसमेत्तियं जम्हा ।
अण्णोऽवि परायत्तो किलेसकारी तु लोगम्मि ॥ १६६ ॥

(अपरायत्तश्च कथम्? यः करोति क्लेशमेतावन्तं यस्मात् । अन्योऽपि परायत्तः क्लेशकारी तु लोके)

अपरायत्तश्च कथं स जगत्स्रष्टा यः करोति क्लेशमात्मन एतावन्तं सकलजगज्जन्तुनिर्म्मापणलक्षणं?, नैवापरायत्त इत्यर्थः । कुत इत्याह--यस्मादन्योऽपि लोके परायत्तः स उच्यते यो नामात्मनो महाक्लेशकारी, तथा च जगत्स्रष्टाऽप्यात्मन एतावन्महाक्लेशकारी ततः कथमसावपरायत्त इति? ॥१६६॥ पराभिप्रायमाह--

अह न किलेसोत्ति मती सत्तामेत्तेण कारओ जम्हा ।
तब्भवणतुल्लकाला सत्ता सव्वेऽवि सिद्धमिणं ॥ १६७ ॥

(अथ न क्लेश इति मतिः सत्तामात्रेण कारको यस्मात् । तद्भवनतुल्यकाला सत्त्वाः सर्वेऽपि सिद्धमिदम्)

अथ स्यादियं मतिः परस्य, यथा--नैव तस्य जगत्स्रष्टुः क्लेशो, यस्मात्सत्तामात्रेणैव स्वरूपसद्भावमात्रेणैव कारक इति । अत्रोत्तरमाह--*'तब्भवणेत्यादि'* यदि सत्तामात्रेणैव जगतः कारक इष्यते, हन्त तर्हि सिद्धमिदं--यदुत सर्वेऽपि सत्त्वास्तद्भवनतुल्यकाला इति, स हि सत्तामात्रेणैव कारकः, ततश्च यदैव तस्य सत्ता तदैव तन्निष्पाद्याः शेषा अपि सत्त्वाः ॥१६७॥ ततः किमित्याह--

---

*પૂર્વપક્ષ* :– ભઇ, કુંભારવગેરે કૃતકૃત્ય નથી, તેથી તેઓને ઘડાવગેરે બનાવવામાં નિષ્પત્તિ સિવાય બીજા ધનલાભવગેરે પ્રયોજનો હોય, તે બરાબર છે. પણ જગતકર્તા તો કૃતકૃત્ય છે. તેથી તેને વળી ઉત્પત્તિને છોડી બીજી કઇ આશંસા હોય? (અને આ બે વચ્ચે આટલો ભેદ આવશ્યક છે, નહિતર કુંભાર અને ઇશ્વરમાં ભેદ શું રહે ?)

*ઉત્તર* :– જો ઇશ્વર (=જગતકર્તા) કૃતકૃત્ય જ હોય, તો તો અમારે ખાસ કહેવું છે, કે 'ઇશ્વર જીવોત્પત્તિ કરે તે તદ્દન અયોગ્ય છે.' કારણકે સર્વથા કૃતકૃત્ય ઇશ્વરને તો જીવોત્પત્તિરૂપ પ્રયોજન પણ ન હોય જો આટલું પ્રયોજન પણ બાકી હોય, તો તે કૃતકૃત્ય શાનો ? (અને જો જે અન્ય પ્રયોજનથી કાર્ય કરે તે સામાન્ય જીવ અને તેવા પ્રયોજન વિના કાર્ય કરે તે ઇશ્વર આવો જીવ અને ઇશ્વર વચ્ચે ભેદ ઇષ્ટ હોય, તો પાગલને પણ ઇશ્વર માનવો પડે, કેમકે તેની પ્રવૃત્તિ પ્રાયઃ પ્રવૃત્તિ સિવાય અન્ય આશયથી સંભવતી નથી. અને તે માત્ર પ્રવૃત્તિનો જ આનંદ પ્રાપ્ત કરવા મથે છે. તેથી પાગલ અને ઇશ્વરમાં ભેદ નહી રહે.)

*પૂર્વપક્ષ* :– આમ તો ઇશ્વર કૃતકૃત્ય જ છે, પણ તેનો સ્વભાવ જ એવો છે કે, જેથી તે (=ઇશ્વર) તેવા પ્રકારના પ્રયોજન વિના પણ વિચિત્ર જીવોને પેદા કરે. (જેમકે તમે જ કહો છો કે, તીર્થંકર કૃતકૃત્ય હોવા છતાં અને પ્રયોજન ન હોવા છતાં દેશના આપવાની પ્રવૃત્તિ કરે છે.) તેથી અહીં કોઇ પૂર્વોક્ત દોષ નથી. આ વાત પૂર્વે જ *'કિંચ સહાવો ય તસ્સ એસો ઉ'* ઇત્યાદિ વચનથી કહી જ છે. ॥૧૬૪॥

અહીં આચાર્ય કહે છે.

*ગાથાર્થ* :– તેનો આવો સ્વભાવ હોવામાં પ્રમાણ શું ? વળી તે (=આ સ્વભાવ) સુંદર પણ નથી. કેમકે આ સ્વભાવ મોટા નિષ્ફળ તત્કરણ(=જીવકરણ) ક્લેશનું કારણ છે.

*ઉત્તરપક્ષ* :– 'જગતકર્તાનો જગતનિર્માણમાં કારણભૂત આવો સ્વભાવ છે' આવો નિર્ણય કરવામાં પ્રમાણ શું છે ? કોઇ પ્રમાણ નથી. કેમકે તે અતીન્દ્રિય હોવાથી પ્રત્યક્ષવગેરે પ્રમાણ સંભવતા નથી. (તીર્થંકરોના ધર્મદેશના દેવાના સ્વભાવમાં 'તીર્થંકર' નામકર્મનો ઉદય નિયામક છે. અને આ કર્મના ઉદયથી જ તેઓ દેશના દે છે. આમ દેખીતું પ્રયોજન ન હોવા છતાં તીર્થંકરનામકર્મના વેદનનું પ્રયોજન તો છે જ. તેથી જ તીર્થંકરો સિદ્ધતુલ્ય કૃતકૃત્ય નથી. તેથી તીર્થંકરની ધર્મદેશના પ્રવૃત્તિ સાથે જગત્કર્તાની જીવોત્પત્તિ પ્રવૃત્તિને સરખાવી ન શકાય.) અથવા માની લો, કે જગત્કર્તાનો આવા પ્રકારનો સ્વભાવ છે. છતાં પણ આ સ્વભાવ સુંદર તો નથી જ. ('ચ'શબ્દ દૂષણાન્તરના સંગ્રહ અર્થે છે.)

*શંકા* :– કેમ સુંદર નથી. ?

**एवं च अणादित्तं सव्वेसिं चेव हंदि सत्ताणं ।**
**तस्सत्ताणादिमती जं णो चे कित्तिमो सोऽवि ॥ १६८ ॥**

(एवं चानादित्वं सर्वेषामेव हंदि सत्त्वानाम् । तत्सत्ताऽनादिमती यन्नो चेत् कृत्रिमः सोऽपि)

एवं च सति तद्भवनतुल्यकालत्वे सति '<u>हंदीति</u>' <u>परामन्त्रणे</u> सर्वेषामेव सत्त्वानामनादित्वं सिद्धम् । कुत इत्याह यत्–यस्मात् तत्सत्ता तस्य जगत्स्रष्टुः सत्ता अनादिमती ततस्तन्निष्पाद्याः सत्त्वा अपि अनादय एव। *'णो चेत्ति'* यदि पुनरेतद्दोषभयात्तस्य सत्ता अनादिमती नेष्यते तर्हि सोऽपि–जगत्स्रष्टा कादाचित्कत्वात्कृत्रिमः–कृतकः प्राप्नोति, तथा च सति सोऽप्यन्येन कर्त्तव्य इति प्राप्तम्, अन्यथा कृत्रिमत्वानुपपत्तेः, सोऽपि चान्यः कर्त्ता पूर्वोक्तदोषप्रसङ्गभयात् कृतक इष्यमाणोऽन्येन कर्त्तव्यः, सोऽप्यन्येनेत्येवमनवस्थानुषङ्गः ॥ १६८ ॥ परस्याभिप्रायमाह––

**अह सत्तामेत्तेणेव कारओ किंतु ण समकालंत्ति ।**
**पच्छावि परिमियद्धाए होइ तस्सादिमत्तं तु ॥ १६९ ॥**

(अथ सत्तामात्रेणैव कारकः किन्तु न समकालमिति । पश्चादपि परिमिताद्धायां भवति तस्यादिमत्त्वं तु)

**अथोच्येत**–स जगद्धाता सत्तामात्रेणैव जगतः कारक इष्यते, परं–किंतु न समकालं न–स्वसत्ताभवनकालम्, अपि तु प्रभूतेन कालेनातीतेन, ततो न सत्त्वानामनादित्वापत्तिप्रसङ्ग इति । अत्राह––*'पच्छावी'*त्यादि, पश्चादपि परिमिताद्धायां–नियताद्धायां तस्य जगत्स्रष्टुर्जगज्जन्तुकारित्वेऽभ्युपगम्यमाने सति *'भवति'* प्राप्नोति आदित्वमेव, न त्वनादित्वम् । <u>तुशब्द</u> <u>एवकारार्थः</u> ॥ १६९ ॥ एतदेव भावयति––

---

*સમાધાન* :– આ સ્વભાવ જગતના જીવોના ઉત્પત્તિના મોટા અને નિષ્ફળ પ્રયાસનું કારણ બને છે. તેથી આ સ્વભાવ સારો નથી. (નિષ્ફળ પ્રયત્ન કરાવતા સ્વભાવને સારો શી રીતે કહી શકાય ?) ॥૧૬૫॥

હવે, પૂર્વે 'અપરાયત્તતણઓ' (=અપરાધીન હોવાથી) ઇત્યાદિ જે કહ્યું તેને દોષગ્રસ્ત જાહેર કરતા કહે છે.

*ગાથાર્થ* :– જે જગત્સર્જક પોતાને આટલો (જગતના બધા જીવોને ઉત્પન્ન કરવાનો) ક્લેશ આપે છે. તે અપરાધીન શી રીતે હોઇ શકે ? કેમકે લોકોમાં પણ જાતને મહાક્લેશ આપનારી વ્યક્તિ પરાધીન જ ગણાય છે. જગતવિધાતા પણ જાતને મહાક્લેશ પહોંચાડે છે. તેથી તે શી રીતે અપરાધીન કહેવાય ? અર્થાત્ તેને પરાધીન જ માનવો પડે. ॥૧૬૬॥

*(સત્તામાત્રથી કર્તૃત્વનો નિષેધ)*

**અહીં અન્યના અભિપ્રાયને આકાર આપતા આચાર્ય કહે છે.–**

*ગાથાર્થ* :– અહીં બીજાને બુદ્ધિ થાય કે – વિશ્વવિધાતાને લેશમાત્ર પણ ક્લેશ નથી. કેમકે તે(=વિશ્વવિધાતા) સત્તા–માત્રથી – અર્થાત્ પોતાની હાજરીમાત્રથી જગતના જીવોનો કર્તા છે. (ઉત્તર) જો હાજરીમાત્રથી જગતના કર્તા ઇષ્ટ હોય, તો સિદ્ધ થાય છે કે, જગતકર્તાના ઉત્પન્ન થવાના કાળે જ બધા જીવો પણ ઉત્પન્ન થયા. જગતકર્તા પોતાની હાજરીમાત્રથી કર્તા તરીકે ઇષ્ટ છે, તેથી જે ક્ષણે તેની હાજરી આવશે, તેજ ક્ષણે તેનાથી નિષ્પન્ન થતા જીવો પણ હાજર થઇ જશે. ॥૧૬૭॥

જો તેમ થાય, તો શું વાંધો છે ? તે બતાવે છે.

*ગાથાર્થ* :– આમ બધા જીવો અનાદિસિદ્ધ થાય છે. કેમકે તેની (=જગતવિધાતાની) સત્તા અનાદિકાલીન છે. જો તેમ ન હોય, તો તે (=જગતવિધાતા) પણ કૃત્રિમ છે.

જો બધા જીવો વિશ્વવિધાતાના સમકાલીન હોય, તો બધા જ જીવો અનાદિતરીકે સિદ્ધ થાય છે. કેમકે જગતવિધાતા અનાદિકાળથી વિદ્યમાન છે. તેથી તેની વિદ્યમાનતામાત્રથી ઉત્પન્ન થતાં જીવો પણ અનાદિકાલીન જ હોય. અને જો, આ દોષના ભયથી બ્રહ્માંડસ્રષ્ટાને અનાદિકાલીન ન માનશો, તો તે પણ કાદાચિત્ક (=આદિમાન–ક્યારેક થનારો) સિદ્ધ થાય છે. અને જે કાદાચિત્ક હોય, તે કૃત્રિમ (=કાર્ય) જ હોય. તેથી ઇશ્વર પણ કૃત્રિમ સિદ્ધ થાય છે. અને અનવસ્થાદોષ ચોંટે છે. કેમકે કૃત્રિમ સિદ્ધ થયેલો તે ઇશ્વર અન્ય કોઇકથી કરાયો હોવો જોઇએ. અન્યથા તેનામાં કૃત્રિમતા આવે જ નહિ. તે અન્યકર્તા પણ પૂર્વોક્તદોષના ભયથી કૃત્રિમ કલ્પવો પડે. અને તેના પણ કર્તાની કલ્પના આવશ્યક બને. આમ અનવસ્થા છે.

*શંકા* :– જેમ (૧) કાર્યભૂત દ્રવ્યોના અવયવોની પરંપરાથી સિદ્ધ થયેલો પરમાણુ બીજા બધા કારણભૂત અવયવોથી ભિન્ન મનાયો છે. બીજા બધા અવયવો અનિત્ય અને કાર્યરૂપ છે. જ્યારે પરમાણુ નિત્ય અને માત્ર કારણરૂપ જ છે. કાર્યરૂપ નથી બસ આજ પ્રમાણે જીવોની પરંપરામાં છેલ્લો એવો જીવ હોવો જોઇએ કે જે નિત્ય હોય અને કાર્યરૂપ ન હોય. (૨) ત્યાં અવયવોની પરંપરાના વિશ્રાંતિસ્થાન–ચરમસ્થાનતરીકે પરમાણુને ન માનવામાં અનવસ્થાદોષ અને મેરુ–સરસવની તુલ્યતા આદિ દોષો જેમ બતાવ્યા છે, તેમ અહીં પણ એક નિત્ય જીવ ન માનવામાં અનવસ્થાદોષ છે, તથા બધા જીવોમાં સમાનતાનો પ્રસંગ છે. (૩) જેમ ત્યાં લાઘવતર્કથી નિત્ય પરમાણુ સિદ્ધ થાય છે, તેમ અહીં પણ લાઘવતર્કથી ચરમજીવ નિત્ય સિદ્ધ થઇ શકે. (૪) જેમ ત્યાં અવયવત્વ કે દ્રવ્યત્વ સમાન હોવા છતાં પરમાણુમાં નિત્યતા વિશેષરૂપે છે. તેમ અહીં પણ જીવત્વ સમાન હોવા છતાં ચરમજીવમાં નિત્યત્વને વિશેષરૂપે સ્વીકારી શકાય. આમ પરમાણુના દૃષ્ટાન્તથી એક ઇશ્વરભૂત નિત્ય જીવની સિદ્ધિ થઇ શકે છે. અને અન્ય દ્વયણુકઆદિ અવયવતુલ્ય અન્ય જીવો અનિત્ય પણ સિદ્ધ થાય છે.

*સમાધાન* :– પરમાણુ–દ્વયણુકઆદિ કાર્યોમાં અવયવ–અવયવીભાવ હોવાથી તેઓમાં કરેલી ઉપરોક્ત કલ્પના કાંઇક વ્યાજબી ગણાય. પણ જીવો વચ્ચે તેવો ભાવ ન હોવાથી તેઓમાં એ કલ્પના સંગત બનતી નથી. જ્યાં ઉપાદાન – ઉપાદેયભાવ કે અવયવ–અવયવીભાવ હોય, ત્યાં ચરમ ઉપાદાન કે અવયવને નિત્ય સ્વીકારવા હજી સંભવિત છે. પણ જ્યાં તેવો ભાવ ન હોય, ત્યાં તેવું નથી. એક દીવામાંથી બીજો દીવો, તેમાંથી ત્રીજો... એવી દીપ–પરંપરામાં બધા જ દીવા, દીવાતરીકે સમાન છે. અને પ્રથમ દીવો પણ કૃતક જ છે. બે જીવો વચ્ચે જો કાર્યકારણભાવ સ્વીકૃત હોય, તો તે બે દીવા વચ્ચેના કાર્યકારણભાવ જેવો જ ઇષ્ટ હોય, અને તો બન્ને દીવાની જેમ બન્ને જીવને કૃતક જ માનવા પડે. આમ જીવોત્પત્તિની કારણપરંપરાના છેલ્લા કારણને પણ કૃતક જ સ્વીકારવો પડે. તેથી અહીં પરમાણુનું દૃષ્ટાન્ત અયોગ્ય છે.) ॥૧૬૮॥

અહીં પૂર્વપક્ષનો અભિપ્રાય વ્યક્ત કરે છે. ➡

अपरिमितद्धाएऽवि य सहावभेदम्मि तस्स णिच्चत्तं ।
पुव्वं व अकरणं पच्छतोवि तेसिं अभेदम्मि ॥ १७० ॥

(अपरिमिताद्धायामपि च स्वभावभेदे तस्य नित्यत्वम् । पूर्वमिवाकरणं पश्चादपि तेषामभेदे ॥)

यस्मात्तस्य–जगत्स्रष्टुरपरिमिताद्धायामपि––अनियताद्धायामपि सत्यां स्वभावभेदे–पूर्वं जगदकारकत्वं पश्चात्तत्कार–कत्वमित्येवंरूपे सत्यनित्यत्वं प्राप्नोति, *"अतादवस्थ्यमनित्यतां ब्रूम"* इति वचनात्, तथा च सति तस्य जगत्स्रष्टुर्जग–त्करणाभ्युद्यतस्यादिमत्त्वमेव प्रसक्तमिति । अथ मा भूदेष दोष इति स्वभावभेदो नेष्यते, तत आह––*'पुव्वं वेत्यादि'* जगत्करणकाले यः स्वभावो यश्च जगदकरणकाले तयोरभेदे सति उभय्यामप्यवस्थायामेकस्वभावत्वे सतीतियावत्, पूर्व–मिव स्वसत्ताभवनकाल इव पश्चादपि– परिमिताद्धायामपि अकरणं प्राप्नोति, विशेषाभावात् ॥ १७० ॥ इतर आह–

एसो चेव सहावो सेऽणंतद्धाए कुणइऽतीयाए ।
एगसहावत्ते सइ करणं वाऽणिच्चया भेदे ॥ १७१ ॥

(एष एव स्वभावस्तस्यानंताद्धायां करोत्यतीतायाम् । एक स्वभावत्वे सदा करणं वाऽनित्यता भेदे)

एष एव *'से'* तस्य जगत्कर्तुः स्वभावो येनानन्ताद्धायामतीतायां सत्यां जगत्करोति, ततः कथं तस्यादिमत्त्व–प्रसक्तिः, कथं वा प्रागिव पश्चादप्यकरणमिति । आचार्य आह––किमिह पुनः पुनः पुनर्निगदितेन, यदि तस्य सर्वदा एकस्वभावत्वमिष्यते ततस्तस्मिन्सति सर्वदा–सर्वकालं जगतः करणं प्राप्नोति, अथ स्वभावभेदस्तथा सत्यनित्यता, तस्याः स्वभावभेदलक्षणत्वात्, वाशब्दो भिन्नक्रमे, *'भेदे वाऽणिच्चये'*त्येवं योजनीयः ॥ १७१ ॥ अत्र पर आह––

तेसिं चेव सहावो जं तस्सत्तामवेक्ख होन्ति तया ।
जायाण पुणोऽभवणाऽजुत्तोऽजायाण तु विरुद्धो ॥ १७२ ॥

(तेषामेव स्वभावो यत्तत्सत्तापेक्ष्य भवन्ति तदा । जातानां पुनरभवनादयुक्तोऽजातानां तु विरुद्धः)

ननु च कस्तस्य जगद्धातुरपराधो? *यत्*–यस्मात्तेषामेवोत्पद्यमानानां जीवानामेष स्वभावो येन तदा अनन्ताद्धायां अतीतायां सत्यां तत्सत्तां–तस्य जगत्स्रष्टुः सत्तामपेक्ष्य ते *भवन्ति*–उत्पद्यन्ते, नान्यदा, ततो न तस्य सदाकरणप्रसङ्गः, क्रियमाणानां तथास्वभावाभावात्, नाप्यनित्यता सर्वदैकस्वभावत्वादिति। अत्रोत्तरमाह––*'जायाणेत्यादि'* इह तेषां जीवानामु–त्पाद्यमानानामेष स्वभावः कल्प्यते किमुत्पन्नानामनुत्पन्नानां वेति विकल्पद्वयं?, गत्यन्तराभावात्, तत्र यद्याद्यः पक्षस्त–दयुक्तम्, जातानामुत्पन्नानां सतां पुनरभवनात्, न ह्युत्पन्नस्य पुनरुत्पत्तिर्भवति येन स स्वभावः परिकल्प्यमानः फलवान्

---

*ગાથાર્થ* :- (પૂર્વપક્ષ) જગતકર્તા હાજરીમાત્રથી જ જગતનો કર્તા છે. પરંતુ વિદ્યમાનતાના સમકાલે નહિ. પરંતુ ઘણો કાળ પસાર થયા પછી. તેથી જીવોને અનાદિકાલીન થવાની આપત્તિ નથી. (ઉત્તર) પછી પણ નિયતકાળે તેને જગતકર્તા સ્વીકારવામાં તે(=જગતકર્તા) આદિમાન જ સિદ્ધ થાય છે, નહિ કે અનાદિકાલીન. ('તુ'શબ્દ 'જ'કારઅર્થક છે.) ॥૧૬૯॥

આ જ અર્થનું ભાવન કરતા આચાર્ય કહે છે....

*(સ્વભાવભેદ નિરાસ)*

*ગાથાર્થ* :- જગતકર્તાનો અપરિમિતકાળ હોય, તો પણ સ્વભાવભેદે તેનું (=જગતકર્તાનું) અનિત્યત્વ જ સિદ્ધ થાય છે. અને જો સ્વભાવનો અભેદ હોય, તો (પૂર્વની જેમ) પછી પણ તેઓને (=જીવોને) ઉત્પન્ન કરે નહિ.

જગતકર્તાનો વિદ્યમાનતાકાળ અનિયત=અનાદિ હોય, તો પણ સ્વભાવભેદના કારણે અનિત્યતા આવે છે. પહેલા 'જગદ્અકરણત્વ' સ્વભાવ હતો, હવે 'જગત્કરણત્વ'સ્વભાવ આવ્યો. આમ સ્વભાવભેદ સિદ્ધ છે. અને "તદ્અવસ્થ (=તે જ સ્વભાવ)માં ન રહેવું એ જ અનિત્યતા છે એમ અમે કહીએ છીએ." એ વચનથી સ્વભાવભેદે અનિત્યતા સિદ્ધ થાય છે. અને જો આ દોષના ભયથી તેના પહેલા અને પછીના સ્વભાવમાં ભેદ સ્વીકારશો નહિ, અર્થાત્ જગતકરણકાળે જે સ્વભાવ છે અને જગદ્અકરણકાળે જે સ્વભાવ છે, તે બન્ને વચ્ચે અભેદ સ્વીકારશો, અર્થાત્ બન્ને અવસ્થામાં એક જ સ્વભાવ સ્વીકારશો, તો પૂર્વની-પોતાની સત્તાના શરૂઆતના કાળની-જેમ પછી પણ પરિમિતકાળે પણ તે જીવોને ઉત્પન્ન નહિ કરે, કેમકે કોઇ વૈશિષ્ટ્ય હાજર નથી. (સ્વભાવભેદરૂપ વિશેષ હાજર નથી.) ॥૧૭૦॥

અહીં અન્ય આત્મીય આશયનું આવેદન કરે છે.

*ગાથાર્થ* :-(પૂર્વપક્ષ) તેનો સ્વભાવ જ એવો છે કે જેથી તે અનંતકાળ પસાર થયા બાદ જ જગતને રચે છે. (ઉત્તરપક્ષ) જો તેનો એક જ સ્વભાવ હોય, તો તે હમેશા જગતને રચે, અને સ્વભાવભેદ હોય, તો અનિત્યતા પ્રાપ્ત કરે.

*પૂર્વપક્ષ* :- જગતકર્તાનો સ્વભાવ જ એવો છે, કે તે અનંતકાળ પસાર થયા પછી જ જીવોને ઉત્પન્ન કરે. તેથી તેને આદિમાન થવાની આપત્તિ ક્યાં રહી ? કે પહેલાની જેમ પછી પણ અકરણસ્વભાવ ક્યાં રહ્યો ?

*ઉત્તરપક્ષ* :- અમે તમને વારંવાર કહ્યું છે, કે જો તેનો હમેશા એક જ સ્વભાવ ઇષ્ટ હોય, તો તે (=ઇશ્વર) હમેશા જગતનો કર્તા રહેશે (નહિ કે અમુકકાળ ગયા પછી.) અને જો તેના પહેલાના અને પછીના સ્વભાવમાં ભેદ માનશો, તો તે અનિત્ય સિદ્ધ થશે. કેમકે સ્વભાવભેદ જ અનિત્યતાનું લક્ષણ છે. (મૂળમાં 'વા' પદનો ભિન્નક્રમ છે. તેથી 'ભેદે વાઽણિચ્ચયા' એમ યોજના કરવી.) ॥૧૭૧॥

અહીં અન્ય કહે છે–

स्यात्, अनवस्थाप्रसङ्गात्, अथानुत्पन्नानामिति पक्षस्तदप्ययुक्तम्, विरुद्धत्वात्, अनुत्पन्ना ह्येकान्तेन तुच्छरूपाः, तत्कथमेषामयं स्वभावः परिकल्प्यते?, तस्य वस्तुधर्मत्वात् तथा चाह--अजातानां तु विरुद्ध इति ॥ १७२ ॥ किंच--

मज्झत्थो य किमत्थं चित्ते इस्सरियमादिभेदेणं? ।

सत्ते कुणतित्ति सिया कीडत्थमसंगया सावि ॥ १७३ ॥

(मध्यस्थश्च किमर्थं चित्रानीश्वरादिभेदेन? । सत्त्वान् करोतीति स्यात् क्रीडार्थमसंगता साऽपि)

चशब्दो दूषणान्तराभ्युच्चये, स जगद्धाता वीतरागत्वात् मध्यस्थः सन् किमर्थमीश्वरादिभेदेन, आदिशब्दात् दरिद्रादिभेदपरिग्रहः, चित्रान् सत्त्वान् करोति?, तस्य हि मध्यस्थत्वेन सदाभ्युदययोगिन एव सत्त्वान् कर्तुमुचितमिति भावः । इह प्राक् *'रहियस्स सेसकरणे पयोयणं किंति वत्तव्वं'*मिति सामान्येन सत्त्वनिष्पादनविषयः प्रश्नः कृतः, इदानीं पुनरीश्वरादिभेदेन सत्त्ववैचित्र्यनिष्पादनविषय इति न पुनरुक्तता । *'सियेत्यादि'* स्यादेतत्, क्रीडार्थम् ईश्वरादिभेदेन विचित्रान् करोति, ततो न कश्चिद्दोष इति, आचार्य आह--*'असंगया सावि'* सापि क्रीडा *तस्य*-मध्यस्थस्य जगद्धातुरसंगता-अयुक्ता ॥१७३॥ कथमित्याह--

जं रागादिविजुत्तो सा नु सरागस्स दीसती सोऽवि ।

रागादिजुत्तोत्ति मती ण सेसकत्ता तदन्नोव्व ॥ १७४ ॥

(यद् रागादिवियुक्तः सा नु सरागस्य दृश्यते सोऽपि । रागादियुक्त इति मतिर्न शेषकर्त्ता तदन्यवत्)

*यत्*-यस्माज्जगद्धाता रागादिवियुक्त इष्यते, तदुक्तम्--*"ज्ञानमप्रतिघं यस्य, वैराग्यं च जगत्पतेः । ऐश्वर्यं चैव धर्मश्च, सहसिद्धं चतुष्टयम् ॥१॥"* इति, सा पुनः क्रीडा सरागस्य-रागादिमतो दृश्यते, विचित्रक्रीडनोपायसाध्यक्रियादर्शनाभिष्वङ्गात्मकतया तस्या रागस्वभावत्वात्, ततो न मध्यस्थस्य सतः सा क्रीडा संगतेति । अथ स्यादियं मतिः

---

*ગાથાર્થ* :- (પૂર્વપક્ષ) તેઓનો (=જીવોનો) સ્વભાવ જ એવો છે, કે તેની (=ઇશ્વરની) સત્તાને અપેક્ષીને જ ત્યારે ઉત્પન્ન થવું. (ઉત્તર) ઉત્પન્ન થયેલાઓને ફરીથી ઉત્પન્ન થવાનું ન હોવાથી આવો સ્વભાવ યોગ્ય નથી. અને અનુત્પન્ન જીવોનો તેવો સ્વભાવ હોવામાં વિરોધ છે.

*પૂર્વપક્ષ* :- અહીં જગતકર્તાનો શો અપરાધ છે ? કેમકે ઉત્પન્ન થતાં તે જીવોનો જ એવો સ્વભાવ છે, કે જેથી અનંતકાળ પસાર થયા પછી જ જગતકર્તાની હાજરીને અપેક્ષીને ઉત્પન્ન થવું, અન્યદા નહિં. આમ જગતકર્તાને હંમેશા જીવકરણનો પ્રસંગ નથી, તેમજ, ઇશ્વરને અનિત્ય થવાનો પ્રસંગ પણ નથી, કેમકે તે હંમેશા એકસ્વભાવવાળો જ રહે છે.

*ઉત્તર* :- ઉત્પન્ન થતાં જીવોનો આ સ્વભાવ કલ્પ્યો, તેમાં બોલો, ઉત્પન્ન થયેલા જીવોનો આ સ્વભાવ છે, કે નહિ ઉત્પન્ન થયેલા જીવોનો આ સ્વભાવ છે ? ત્રીજો કોઇ વિકલ્પ તો સંભવતો નથી. અહીં પ્રથમપક્ષ અયોગ્ય છે, કેમકે ઉત્પન્ન થયેલા જીવોને ફરીથી ઉત્પન્ન થવાનું નથી, કેમકે ઉત્પન્ન થયેલાની ફરીથી ઉત્પત્તિ થતી નથી. તેથી 'ઇશ્વરની સત્તાને અપેક્ષીને ઉત્પન્ન થવું' આવો કલ્પેલો સ્વભાવ ફળયુક્ત બનતો નથી. કેમકે જો ઉત્પન્ન થયેલો જીવ પણ આ સ્વભાવને કારણે ફરીથી ઉત્પન્ન થશે, તો હંમેશા તે ઉત્પન્ન જ થયા કરશે, આમ અનવસ્થાનો પ્રસંગ આવશે. ઉત્પન્ન નહિ થયેલાનો આવો સ્વભાવ કલ્પવારૂપ બીજો પક્ષ તો વિરુદ્ધદોષગ્રસ્ત જ છે. કેમકે અનુત્પન્ન જીવો તો ખપુષ્પઆદિની જેમ એકાન્તે તુચ્છ હોવાથી સ્વભાવહીન છે. કેમકે સ્વભાવ વસ્તુનો ધર્મ છે. તેથી જ કહ્યું *'અજાતોને તો તે સ્વભાવ વિરુદ્ધ છે.'* ॥૧૭૨॥

વળી,

## *(ઇશ્વરમાં ક્રીડાઆદિ ન સંભવે)*

*ગાથાર્થ* :- મધ્યસ્થ શું કામ ઇશ્વરઆદિ ભેદથી વિચિત્ર જીવોને રચે ? (પૂર્વપક્ષ) ક્રીડા માટે. (ઉત્તર) મધ્યસ્થને ક્રીડા પણ યોગ્ય નથી.

('ચ'પદ બીજા દૂષણને સમાવિષ્ટ કરે છે.) તમે તે જગતકર્તાને વીતરાગ માનો છો. અને વીતરાગ હોય, તે મધ્યસ્થ જ હોય. આવો મધ્યસ્થ જગતકર્તા કોઇકને સ્વામી બનાવે, અને કોઇકને સેવક બનાવે, આમ વિચિત્રરૂપે જીવોને શું કામ ઉત્પન્ન કરતો હશે ? આ નર્યો પક્ષપાત દેખાય છે. આમાં મધ્યસ્થભાવ ક્યાં રહ્યો ? ખરેખર જો તે કરુણાવંત અને મધ્યસ્થ હોય, તો બધા જ જીવોને હંમેશમાટે અભ્યુદયવાળા જ બનાવવા જોઇએ.

*શંકા* :- પૂર્વે 'રહિયસ્સ સેસકરણે' (ગા. ૧૬૧)થી રાગવગેરેથી રહિતને જીવો ઉત્પન્ન કરવામાં શું પ્રયોજન છે ? એવો પ્રયોજનઅંગે પ્રશ્ન પૂછ્યો જ હતો. હવે ફરીથી પ્રશ્ન પૂછવામાં શું પુનરુક્તિ દોષ નથી ?

*સમાધાન* :- ત્યાં જીવોત્પત્તિ સામાન્યઅંગે પ્રશ્ન હતો. અહીં સ્વામીઆદિ ભેદથી વિચિત્રરૂપે જીવોને ઉત્પન્ન કરવા અંગે પ્રશ્ન છે. તેથી પુનરુક્તિ દોષ નથી.

*પૂર્વપક્ષ* :- ઇશ્વર ક્રીડા અર્થે જ સ્વામીઆદિભેદથી જીવોને વિચિત્રરૂપે ઉત્પન્ન કરે છે. તેથી દોષ નથી. (તમે જ વિચારોને → બધા જ જીવો સરખા હોય, ક્યાંય વૈવિધ્ય દેખાય જ નહિ, તો પછી મજા શું રહે ? વૈવિધ્ય હોય, તો સર્વત્ર રસ ઊભો રહે.)

*ઉત્તરપક્ષ* :- આ વાત મધ્યસ્થ વ્યક્તિમાટે વિચારવી જ યોગ્ય નથી. મધ્યસ્થ વ્યક્તિ ગંભીર હોય, તેને કદી ક્રીડા વગેરેમાં રસ ન હોય. (અને માત્ર ક્રીડાનો આનંદ માણવા અનેક જીવોને પીડવા, સેવકપણાઆદિના દુઃખ દેવા એમાં તો માણસાઇ પણ રહેતી નથી, પરમાત્મપણાની તો વાત જ જવા દો. અને જો ક્રીડા માટે આટલા જીવોને કષ્ટ આપે તો કરુણાવંત શી રીતે રહે ? તેથી જગતકર્તા ક્રીડા માટે જીવોમાં

परस्य-*सोऽपि*-जगद्धाता *रागादियुतो*-रागादिदोषसंकुल इष्यते, तत्कथमस्य क्रीडा न संगता स्यादिति?, एतेन च '*रागाइजुत्तो हवेज्ज इयरो वे*'त्युपन्यस्तपक्षद्वयमध्ये प्रथमः पक्ष आशङ्कितो द्रष्टव्यः, चरमस्तु प्रागेवाशङ्क्य निरस्तः। अत्रोत्तरमाह--'*न सेसकत्ता तदन्नो वत्ति*" यद्यसौ जगद्धाता हन्त रागादिमानिष्यते तर्हि न शेषाणां जीवानां कर्त्ता प्राप्नोति, किंवदित्याह--'*तदन्यवत्*' तस्माज्जगद्धातुरन्यो योऽस्मादृशस्तदन्यस्तद्वत् । प्रयोगश्चात्र-यो रागादिमान्, न स जगद्धाता; यथाऽस्मादृशः, रागादिमांश्च विवक्षितः पुरुष इति, यो हि यस्य कर्त्ता स तत्कार्य, तस्य च कार्यस्योपादानसहकारिभेदभिन्नानि कारणान्यवश्यं वेदयिता भवति, यथा घटस्य कर्त्ता कुम्भकारः, ततश्च बुद्धिपूर्वकं कार्यकारित्वं कार्यकारणपरिज्ञानेन व्याप्तं, यश्च रागादिमान्, सोऽवश्यमधिष्ठितौदारिकादिशरीरः करणग्रामाधीनविज्ञानोदयश्च भवति, न तु सकलजगद्वेदयिता, यथाऽस्मादृशः, विवक्षितः पुरुषो रागादिमानिष्यते ततो व्यापकविरुद्धोपलब्ध्या तस्य जगत्कर्तृत्वप्रतिषेधः क्रियते, अबुद्धिपूर्वककार्यकारित्वाभ्युपगमे च स्वभाव एव तस्य तथाभूतो जगन्निर्मापणे वक्तव्यः, स च प्रागेवापास्त इति ॥१७४॥ पर आह--

जमकित्तिमो ण अन्नो तेण ण कत्तत्ति तुल्ल एवेह ।
रागादिदोसभावे णेयंपि विसेसणं जुत्तं ॥ १७५ ॥

(यदकृत्रिमो नाऽन्यस्तेन न कर्त्तेति तुल्य एवेह । रागादिदोषभावे नेदमपि विशेषणं युक्तम्)

*यत्*-यस्मादन्यः-अस्मादृशोऽकृत्रिमो न भवति, तेन कारणेन न शेषाणां जीवानां कर्त्ता, इदमुक्तं भवति-न केवलमेव रागादिमत्त्वं जगद्धातृत्वप्रतिषेधायालं, किंतु कृत्रिमत्वसहितं, यथाऽस्मादृशस्य, अकृत्रिमश्च विवक्षितः पुरुषस्तेनास्य रागादिमत्त्वेऽपि जगद्धातृत्वप्रतिषेधोऽयुक्तः, साध्यसाधनयोः संबन्धस्योपाध्यपेक्षित्वात्, तस्य चेहाभावादिति । आचार्य आह--तुल्य एव-समान एव '*इह*' विचारप्रक्रमे, रागादिभावे सति नैतदपि अकृत्रिमत्वं विशेषणं जगत्कर्तृत्वाभावप्रसङ्गरूपदोषव्यवच्छेदकं युक्तम्, कृत्रिमत्वोपाधिरहितस्यापि केवलस्य रागादिमत्त्वस्य जगत्कर्तृत्वप्रतिषेधकरणसामर्थ्यसंभवात्, यथोक्तं प्राक् ॥ १७५ ॥ एतद् दृष्टान्तेन समर्थयते--

---

વિવિધતા ઉભી કરે, એવી કલ્પના વાસ્તવમાં જગતકર્તાને સારા શબ્દોમાં આપેલી ભયંકર ગાળ જ છે.) ॥૧૭૩॥

'જગતવિધાતાને ક્રીડા કેમ અયોગ્ય છે ?' તે આચાર્ય પોતે દર્શાવે છે.

*ગાથાર્થ* :- કેમકે તે (=ઈશ્વર) રાગ આદિથી વિયુક્ત છે. જ્યારે ક્રીડા તો સરાગીને જ દેખાય છે. (પૂર્વપક્ષ) તે(=ઈશ્વર) પણ રાગઆદિથી યુક્ત છે. (ઉત્તરપક્ષ) તો તે (=ઈશ્વર) પણ તદન્ય (=બીજા જીવો) ની જેમ બીજાઓનો કર્તા ન હોઇ શકે.

જગતકર્તા રાગવગેરેથી રહિત જ તમને ઇષ્ટ છે. 'જે જગત્પતિનું (=ઈશ્વરનું) અપ્રતિઘ (=વ્યાઘાત વિનાનું) જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય અને ધર્મ આ ચાર સહજસિદ્ધ છે.' આ વચનથી જગતવિધાતા રાગરહિત સિદ્ધ થાય છે. અને ક્રીડા તો રાગવગેરેથી યુક્ત જીવોને જ દેખાય છે. કેમકે ક્રીડા એટલે - ખેલવાના વિચિત્ર સાધનોથી થતી ખેલવાની ક્રિયા જોવાનો અભિષ્વંગ (=લોલુપતા). અને અભિષ્વંગ રાગરૂપ છે. તેથી ક્રીડા રાગાત્મક સિદ્ધ થવાથી તેથી મધ્યસ્થને સંભવતી નથી.

## *(રાગાદિની હાજરીમાં જગત્કર્તૃત્વ નિષેધ)*

*શંકા* :- અમે, કંઇ જીવોત્પાદક જગતકર્તાને વીતરાગ માનતા નથી. પરંતુ રાગઆદિથી સભર જ માનીએ છીએ. તેથી જગતકર્તાને ક્રીડાના શોખીન માનવામાં શો વાંધો છે ? (આ શંકાથી 'રાગાઇ જુત્તો હવેજ્જ ઇયરો વ અથવા ઇતર=ઈશ્વર રાગ આદિથી યુક્ત હોય એવા પ્રથમ વિકલ્પનો ઉપન્યાસ થાય છે. બીજા પક્ષનું ખંડન તો પૂર્વે જ કર્યું છે.)

*ઉત્તર* :- જો જગતકર્તા રાગવગેરેથી યુક્ત ઇષ્ટ હોય, તો તે આપણી જેમ બીજા જીવોનો કર્તા ન સંભવી શકે. *અનુમાન પ્રયોગ* :- જે રાગઆદિથી યુક્ત હોય, તે જગતકર્તા ન હોય જેમકે આપણે. વિવક્ષિત(=કલ્પિત જગતવિધાતા) પુરુષ પણ રાગાદિથી યુક્ત હોવાથી જગતકર્તા નથી. એક નિયમ છે કે, જે વ્યક્તિ જે વસ્તુનો કર્તા હોય, તે વ્યક્તિ તે કાર્યના ઉપાદાન તથા સહકારી ભેદથી જૂદા જૂદા કારણોનો અવશ્ય જાણકાર હોય. જેમકે ઘડા બનાવનાર કુંભાર. (અણસમજું કાર્યકારણભાવના જ્ઞાન વિના ઘુણાક્ષર ન્યાયથી કોઇક અણઘડ કાર્ય કરે ત્યાં વ્યભિચાર દોષ આવે તે ટાળવા કહે છે.) બુદ્ધિપૂર્વકના કાર્યકારિપણું (=બુદ્ધિપૂર્વકનું કર્તાપણું) કાર્યકારણપરિજ્ઞાનથી વ્યાપ્ત છે. (કર્તાપણું વ્યાપ્ય છે. કાર્યકારણજ્ઞાન વ્યાપક છે.) વળી, જે રાગઆદિથી યુક્ત હોય તે અવશ્ય ઔદારિકવગેરે શરીરવાળો જ હોય. (અહીં અન્વયમાં આપણે અને વ્યતિરેકમાં મુક્તાત્માઓ દૃષ્ટાન્ત છે.) તેથી જ, રાગયુક્ત જીવનું જ્ઞાન ઇન્દ્રિયસમુદાયની અપેક્ષા રાખે છે. (અને ઐન્દ્રિયકજ્ઞાનો મર્યાદિત વસ્તુવિષયક જ હોય અલબત્ત, રાગયુક્ત દેવોને અવધિજ્ઞાનઆદિ અતીન્દ્રિયજ્ઞાન ઇષ્ટ છે. છતાં તે જ્ઞાનો પણ અધુરા જ છે. વળી દેવો પોતે અતીન્દ્રિય હોવાથી તેઓના ચર્ચા અસ્થાને છે. તથા રાગયુક્ત જીવોનો મુખ્ય વ્યવહાર પણ ઐન્દ્રિયક જ્ઞાનથી જ થાય છે. તેથી રાગયુક્ત શરીરીજીવોના જ્ઞાનને ઇન્દ્રિયસમુદાયની અપેક્ષા કહેવામાં દોષ નથી.) તેથી આપણી જેમ જે કોઇ રાગયુક્ત હોય, તે શરીરી અને ઐન્દ્રિયકજ્ઞાની જ સ્વીકારવો રહ્યો- નહિ કે જગતનો જાણકાર સર્વજ્ઞ. (અને સર્વજ્ઞને છોડી અન્યની અમૂર્ત જીવના ઉપાદાનઆદિ કારણોનું જ્ઞાન કરવાની શક્તિ નથી.) તેથી જો ઈશ્વરતરીકે કલ્પિતપુરુષ રાગઆદિથી યુક્તતરીકે ઇષ્ટ હોય, તો તેમાં કાર્યકારણ જ્ઞાનરૂપ વ્યાપકથી વિરુદ્ધ અજ્ઞાન જ રહેશે. અને આમ વ્યાપકથી વિરુદ્ધની ઉપલબ્ધિ થવાથી જગત્કર્તૃત્વરૂપ વ્યાપ્ય પણ તેમાં (=ઈશ્વરમાં) રહેશે નહિ. અને જો, સર્વજ્ઞતારૂપ બુદ્ધિમત્તાના અભાવમાં પણ તેને જગતકર્તાતરીકે સ્વીકારશો, તો પછી તેનું જગતકર્તૃત્વ તેવા સ્વભાવથી જ કહેવાનું રહેશે, અને તેવા સ્વભાવવાદનું મૂળ પૂર્વે જ ઉખેડી નાખ્યું છે. ॥૧૭૪॥

અહીં અન્ય આત્મીય આશયનું અનાવરણ કરતાં કહે છે.

*ગાથાર્થ* :- (પૂર્વપક્ષ) બીજાઓ અકૃત્રિમ ન હોવાથી જ કર્તા નથી. (ઉત્તર) રાગવગેરે દોષ હોય, તો તુલ્ય જ છે, તેથી

ण हि तुल्लम्मि दियत्ते वेदज्झयणगुणसंपउत्ताणं ॥
केसाणप्पबहुत्तं दाणम्मि विसेसणं होति ॥ १७६ ॥
(नहि तुल्ये द्विजत्वे वेदाध्ययनगुणसंप्रयुक्तयोः । केशानामल्पबहुत्वं दाने विशेषणं भवति)

न हि वेदाध्ययनगुणसंप्रयुक्तयोर्द्विजयोस्तुल्ये-समाने द्विजत्वे-ब्राह्मणत्वे वेदाध्ययनादिके च गुणे सति ताभ्यां दीयमाने दाने केशानामल्पत्वं बहुत्वं वा विशेषणं भवति, यथाऽस्याल्पे बहवो वा केशा इत्यस्मै दातव्यं नेतरस्मायिति, दानप्रवृत्तेः केशाल्पबहुत्वनिमित्तत्वाभावात् । एवमिहापि न जगत्कर्तृत्वमकृत्रिमत्वमात्रनिमित्तमाकाशादीनां तथानुपलम्भात्, किंतु कारणादिस्वरूपपरिज्ञानादिनिमित्तं, तच्च कारणादिपरिज्ञानं रागादिमतोऽस्मादृशस्येवानुपपन्नम्, अतो न रागादिभावेऽविशिष्टे सति तस्याकृत्रिमत्वविशेषणं फलवदुपपद्यत इति ॥ १७६ ॥ इदानीं यथा तस्य रागादिमत्त्वाभ्युपगमेन जगत्कारित्वव्यापकस्याशेषवस्तुस्वरूपपरिज्ञानस्याभावो भवति तथा दर्शयति--

रागादिदोसवसगो बंधति कम्मं किलिट्ठमच्चत्थं ।
तप्पच्चयं तयं पुण वेदेंतो सेसतुल्लो उ ॥ १७७ ॥
(रागादिदोषवशगो बध्नाति कर्म क्लिष्टमत्यर्थम् । तत्प्रत्ययं तकत् पुन वेदयमानः शेषतुल्यस्तु)

*'रागादिदोषवशगो'* रागद्वेषादिदोषायत्तो यस्मात् बध्नाति *'कर्म'* ज्ञानावरणीयादिकं *'तत्प्रत्ययं'* रागादिदोषप्रत्ययम्, एतदेव विशेषयति--*अत्यर्थम्*-अतिशयेन *क्लिष्टं*-दारुणविपाकोदयम् । बद्ध्वा च पुनस्तकत्-कर्म ज्ञानावरणीयादि वेदयमानः-अनुभवन् शेषैः-अस्मादृशैस्तुल्य एव-समान एव भवति, तुरेवकारार्थः, करणग्रामाधीनविज्ञानोदयतया समस्तवस्तुविस्तारपरिज्ञानविकलो भवतीति भावः । तथा च सति तस्य जगत्कारित्वाभाव इति ॥ १७७ ॥
अत्र परस्य मतमाशङ्कमान आह--

---

આ (અકૃત્રિમત્વ) વિશેષણ પણ યોગ્ય નથી.

*પૂર્વપક્ષ* :- ઇશ્વરથી ભિન્ન આપણા જેવા જીવો અકૃત્રિમ નથી. (અર્થાત્ કૃત્રિમ છે.) તેથી શેષ જીવોના કર્તા નથી.

*તાત્પર્ય* :- માત્ર રાગાદિમત્તા જગતકર્તૃત્વના નિષેધમાટે સમર્થ નથી. પરંતુ કૃત્રિમત્વથી યુક્ત રાગાદિમત્તા જ જગતકર્તૃત્વના નિષેધમાટે સમર્થ છે. જેમકે આપણા જેવાઓની કૃત્રિમત્વવિશિષ્ટ રાગાદિમત્તા. વિવક્ષિત પુરુષ રાગાદિમાન હોવા છતાં કૃત્રિમ નથી. તેથી તેનો જગતકર્તાતરીકેનો નિષેધ યોગ્ય નથી. કેમકે સાધ્ય અને સાધનનો સંબંધ ઉપાધિની અપેક્ષા રાખે છે. (અહીં જગત્કર્તૃત્વ નિષેધરૂપ સાધ્ય અને રાગઆદિમત્તારૂપ સાધન 'કૃત્રિમત્વ'રૂપ ઉપાધિની અપેક્ષા રાખે છે.) અને આ ઉપાધિ પ્રસ્તુત ઇશ્વરમાં નથી. તેથી ઇશ્વરમાં જગત્કર્તૃત્વનો નિષેધ યોગ્ય નથી.

*ઉત્તર* :- પ્રસ્તુત વિચારમાં કૃત્રિમ કે અકૃત્રિમ જીવ તુલ્યતાને જ ધારણ કરે છે. અર્થાત રાગવગેરે જો હાજર હોય, તો 'અકૃત્રિમત્વ' વિશેષણ વ્યર્થ છે. કેમકે જગતકર્તૃત્વના અભાવના પ્રસંગરૂપ દોષના વ્યવચ્છેદમાટે સમર્થ નથી. 'રાગાદિમત્તા' જ એવું વિશેષણ છે કે તદ્વાન (=રાગઆદિમાન) કૃત્રિમ હોય કે ન હોય પણ જગતકર્તા બની જ શકે નહિ. તેથી 'રાગાદિમત્તા આ વિશેષણ જ જગતકર્તૃત્વના નિષેધમાટે સમર્થ છે. આ વિષયનું વિવરણ ગા. ૧૭૪ના વિવેચનમાં કર્યું છે. અને હવે ગા. ૧૭૬ના વિવેચનમાં કહેવાશે. ॥૧૭૫॥

આ જ વાતને દૃષ્ટાન્તનું સમર્થન આપતા કહે છે.

*ગાથાર્થ* :- બ્રાહ્મણરૂપે સમાન, અને વેદનું જ્ઞાનવગેરે ગુણ સમાન હોય, તેવી બે બ્રાહ્મણવ્યક્તિને દાન દેતી વખતે વાળોનું ઓછાવત્તાપણું નજરમાં લેવાતું નથી. કેમકે આ બે બ્રાહ્મણમાં આ બ્રાહ્મણને વાળ ઓછા છે, અથવા વધારે છે, માટે આ બ્રાહ્મણને દાન આપો, અને બીજાને નહી આપો' એમ વિચારાતું નથી કેમકે દાનની પ્રવૃત્તિમાં વાળનું ઓછાવત્તાપણું નિમિત્ત બનતું નથી. આ જ પ્રમાણે પ્રસ્તુતમાં જગતકર્તૃત્વ અકૃત્રિમત્વમાત્રને આધીન નથી, કેમકે આકાશવગેરે પણ અકૃત્રિમ હોવા છતાં તેઓમાં જગતકર્તૃત્વ દેખાતું નથી.

*શંકા* :- તો પછી જગતકર્તૃત્વનું સમર્થ કારણ શું છે ?

*જવાબ* :- જગતકર્તૃત્વનું સમર્થ કારણ, જગતરૂપકાર્યના કારણવગેરેનાં સ્વરૂપનું સ્પષ્ટજ્ઞાન જ છે. અને કારણાદિનું આ જ્ઞાન રાગવગેરેથી ભરેલાને આપણી જેમ શક્ય જ નથી. તેથી રાગઆદિમત્તાની સમાનતા હોય, તો તેને (વિવાદાસ્પદ કલ્પિત ઇશ્વરને) અર્પેલું 'અકૃત્રિમત્વ' વિશેષણ બકરીના ગળામાં રહેલા આંચળની જેમ નિષ્ફળ જ છે. ॥૧૭૬॥

હવે, કલ્પિત જગતકર્તાને રાગઆદિમાન સ્વીકારવાથી તેનામાં જગત્કર્તૃત્વને વ્યાપક અશેષ વસ્તુવિષયકજ્ઞાનનો અભાવ શી રીતે આવે ? તે બતાવે છે.

### *(રાગાદિથી ચીકણો કર્મબંધ બધાને સમાન)*

*ગાથાર્થ* :- રાગવગેરેથી દોષયુક્ત (તે) તે પ્રત્યય (=રાગાદિદોષને આશ્રયી) અત્યંત ચીકણા કર્મ બાંધે છે. અને તેને (બાંધેલા કર્મોને) અનુભવતો તે (=ઇશ્વર) બીજાઓ જેવો જ છે.

રાગવગેરે દોષોથી ઘેરાયેલો આત્મા જ્ઞાનાવરણીયવગેરે કર્મો બાંધે છે. કેમકે રાગવગેરે દોષો કર્મબંધમાં કારણ છે. આ બંધાતા કર્મો પણ જેવા તેવા નથી હોતા, પરંતુ પોતાના વિપાક ઉદય વખતે અત્યંત દારુણફળ આપનારા હોય છે. (શંકા :-તમારા મતે જ શ્રેણિગત જીવ પણ રાગઆદિના કારણે કર્મબંધ કરે છે, છતાં તે કર્મ બંધ ક્લિષ્ટ નથી માન્યો, અને પ્રાયઃ વિપાકોદય વિના જ નાશ પામે છે. તેમ ઇશ્વરઅંગે પણ કલ્પવામાં શો વાંધો છે ? સમા. શ્રેણિમાં રહેલો જીવ રાગ આદિદોષયુક્ત હોવા છતાં પ્રતિક્ષણ વીતરાગભાવ તરફ જઇ રહ્યો છે. શીઘ્રતયા દોષહાનિમાં પ્રવૃત્ત છે, અને અત્યંત વિશુદ્ધિ ધરાવે છે તેથી તેને અક્લિષ્ટ બંધ છે. તમે કલ્પેલા ઇશ્વરઅંગે આ પરિસ્થિતિ નથી. કેમકે (૧) તે અનાદિકાલ

अह णो बंधइ एवं ण संति रागादतोत्ति से पत्तं ।
संतेसुवि य अबंधे किं बंधो होति सेसाणं? ॥ १७८ ॥

(अथ नो बध्नाति एवं न सन्ति रागादय इति तस्य प्राप्तम् । सत्स्वपि चाबन्धे किं बन्धो भवति शेषाणाम्?)

अथोच्येत-रागादिदोषवशगोऽपि नैवासौ जगद्धाता कर्म्म बध्नाति, तत्कथं शेषतुल्यः स्यादित्यत आह-'*एवं न संति रागादयोत्ति से पत्तंति*' यद्येवमभ्युपगम्यते तत एवं 'से' तस्य जगद्धातुः रागादयो दोषा न सन्त्येवेति प्राप्तम् । रागादिदोषसद्भावे सत्यवश्यं कर्मसंबन्धसद्भावात् । अत्रैव विपक्षे बाधामाह--'*संतेसुवि य*' इत्यादि, सत्स्वपि च विद्यमानेष्वपि च रागादिदोषेषु, *अबन्धे*-ज्ञानावरणीयादिकर्मबन्धाभावेऽभ्युपगम्यमाने '*किं*' कस्मात् भवति बन्धः शेषाणां जीवानां?, नैवासौ तेषामपि भवितुमर्हतीति भावः । रागादिमत्त्वाविशेषाद्धि सर्वेषामप्यविशेषेण बन्धः स्यान्न वा कस्यचिदपीति ॥ १७८ ॥ पर आह--

एसो चेव सहावो संतेसुऽवि तस्स जेण णो बंधो ।
होयन्नेसिं ण य इह पज्जणुओगो सहावस्स ॥ १७९ ॥

(एष एव स्वभावः सत्स्वपि तस्य येन न बन्धः। भवति अन्येषां न चेह पर्यनुयोगः स्वभावस्य)

एष एव तस्य जगत्कर्तुः स्वभावो येन सत्स्वपि रागादिषु तस्य बन्धो न भवति, अन्येषां पुनः शेषजीवानामित्थंभूतो येनासौ भवत्येव । न च इह स्वभावस्य पर्यनुयोगोऽस्ति, लोके तथाऽदर्शनात् ॥ १७९ ॥ एतदेव दृष्टान्तेन भावयति--

अविसिट्ठे सब्भावे जलेण संजुअती जहा वत्थं ।
णेवं नलिणीपत्तं सहावतो एवमेयंपि ॥ १८० ॥

(अविशिष्टे सद्भावे जलेन संयुज्यते यथा वस्त्रम् । नैवं नलिनीपत्रं स्वभावत एवमेतदपि)

---

થી રાગયુક્તછે. (૨) આ રાગની હાનિ કરવા તે જરાય ઉત્સુક નથી બલ્કે ક્રીડાર્થે નવાનવા જીવોને ઉત્પન્ન કરી પોતાના રાગને દૃઢ જ કરતો જાય છે. વળી (૩) માત્ર ક્રીડામાટે અનેક જીવોને દુઃખ, ત્રાસ આપવાની વૃત્તિ અત્યંત સંક્લિષ્ટ રાગઆદિ વિના સંભવે નહિ. તેથી એ ઇશ્વરને તો રાગઆદિને કારણે બંધાતા કર્મો ચીકણા અને વિપાકે દારુણ જ સંભવે) આવા બંધાયેલા ક્લિષ્ટ કર્મોને અનુભવતીવખતે તે કલ્પિત ઈશ્વર આપણા જેવો જ બનીને રહે છે. (મૂળમાં 'તુ' 'જ'કારઅર્થક છે.) અર્થાત્ આપણી જેમ ઇન્દ્રિયસમુદાયને અપેક્ષીને જ જ્ઞાન પ્રાપ્ત કરનાર બને છે. અને આપણી જેમ જ સમસ્ત વસ્તુસંબંધી જ્ઞાનથી રહિત છે. તેથી તે જગતકર્તા સંભવી શકે નહિ. ॥૧૭૭॥

અહીં અન્યના મતની આશંકા કરતા કહે છે.

*ગાથાર્થ* :- (પૂર્વપક્ષ) તે (=ઇશ્વર) ક્લિષ્ટકર્મ બાંધતો નથી. (ઉત્તર) જો એમ હોય, તો તેને રાગઆદિ નથી, તેમ પ્રાપ્ત થાય છે. અને જો (રાગઆદિ) હોવા છતાં તેને બંધ ન હોય, તો શેષજીવોને કેમ બન્ધ છે ?

*પૂર્વપક્ષ* :- જગતકર્તા રાગઆદિદોષોથી યુક્ત હોવા છતાં કર્મ બાંધતો નથી. તેથી તેને બીજા જીવો સાથે શી રીતે સરખાવી શકાય ?

*ઉત્તરપક્ષ* :- જો, 'જગતવિધાતાને કર્મબંધ નથી' એમ સ્વીકારશો., તો જગતવિધાતામાં રાગવગેરે દોષો નથી તેમ સિદ્ધ થશે. કેમકે રાગવગેરે દોષોની હાજરીમાં અવશ્ય કર્મબન્ધ થાય છે. અહીં વિપક્ષમાં બાધ બતાવે છે. રાગવગેરેદોષોની હાજરીમાં પણ જ્ઞાનાવરણીયવગેરે કર્મો બંધાતા ન હોય, તો બાકીના જીવોને કેમ કર્મબન્ધ સંભવે ? તેઓને પણ કર્મબંધ થવો જોઇએ નહિ. રાગઆદિમત્તાની સમાનતાથી જ બધાને સમાનતયા બન્ધ થવો જોઇએ. અથવા સમાનતયા બધાને બંધ થવો ન જોઇએ. (પ્રસ્તુતમાં રાગાદિમત્તાસામાન્ય અને બન્ધસામાન્ય વચ્ચે જ વ્યાપ્તિ સમજવી. તેથી રાગાદિના તરતમભાવે, બન્ધનો તરતમભાવ હોય, તો પણ દોષ નથી. 'સમાનતા'પદ ઉપરોક્ત વ્યાપ્તિને અનુલક્ષીને જ છે. શંકા :- જિનપૂજા અને અન્ય સાંસારિક ક્રિયાઓ ક્રિયારૂપે અને સ્વરૂપસાવદ્યરૂપે સમાન હોવા છતાં તમે એકમાં બંધ નહિ, અને બીજામાં બંધ ખરો એવો ભેદ પાડો છો તેમ, જગતકર્તાનો રાગવગેરેભાવ બંધમાં કારણ નહિ, બીજાનો રાગઆદિભાવ બંધમાં કારણ એવો ભેદ માનવામાં શો વાંધો છે ? *સમાધાન* :- બંધ-અબંધ(=આશ્રવ-સંવર)માં ભાવ જ મુખ્યતયા કારણ છે. ઉપરોક્ત સ્થળે પણ અબંધ-બંધમાં તે-તે ક્રિયાવખતે રહેલો પ્રશસ્ત-અપ્રશસ્તભાવ જ કારણ છે. તેથી શુભ-અશુભ ક્રિયાની શુભતા-અશુભતાનો વિચાર હેતુ-સ્વરૂપ-અનુબંધથી થાય છે. શુભ-અશુભભાવોનો હેતુ-સ્વરૂપઆદિથી વિચાર થતો નથી. તેથી સ્વરૂપસાવદ્યક્રિયા અનુબંધથી નિરવદ્ય બની શકે છે. પણ સાવદ્યભાવ નિરવદ્ય બની શકતો નથી. તેથી જ મનોયોગ વચનયોગ કે અધ્યવસાયોના વિષયથી શુભ કે અશુભ એમ બે જ ભેદ પડે છે. તેથી રાગાદિમત્તાની સમાનતામાં બંધ-અબંધ એવો ભેદ સંભવે નહિ. કેમકે ભાવની સમાનતા ફળની સમાનતાનું નિયામક છે. અહીં વ્યક્તિ કે ક્રિયાની પ્રધાનતા નથી, પણ રાગઆદિભાવો જ પ્રધાન છે.) તેથી રાગઆદિદુષ્ટભાવમાં વર્તતા બધાને તે ઇશ્વર હોય કે સામાન્યજન સમાનતયા કર્મબંધ થાય, અથવા ન થાય. ॥૧૭૮॥

## (ઇશ્વરીય સ્વભાવવાદ નિરાસ)

અહીં પર પોતાનો વિચાર વ્યક્ત કરે છે.

*પૂર્વપક્ષ* :- જગતકર્તાનો સ્વભાવ જ એવો છે, કે જેથી તેને રાગવગેરે હોવા છતાં કર્મબન્ધ ન થાય, અને બીજાઓનો એવો સ્વભાવ જ છે કે રાગઆદિની હાજરીમાં કર્મબન્ધ થાય. અને સ્વભાવ પર્યનુયોગને યોગ્ય નથી. સ્વભાવની બાબતમાં 'આમ કેમ?' ઇત્યાદિ પ્રશ્નનો અવકાશ નથી. કેમકે લોકોમાં સ્વભાવ અંગે પર્યનુયોગ નથી. ॥૧૭૯॥

પર પોતાના સ્વભાવવાદને દૃષ્ટાન્તથી ભાવિત કરે છે.

*ગાથાર્થ* :- નલિનીપત્ર અને વસ્ત્રના પરસ્પર સ્વરૂપમાં (દ્રવ્યત્વ આદિરૂપે) સમાનતા હોવા છતાં, અન્તઃ પ્રવેશ દ્વારા

*अविशिष्टे*-परस्परं विशेषरहिते *सद्भावे*--स्वरूपे सत्यपि यथा अन्तःप्रवेशरूपतया जलेन संयुज्यते वस्त्रं, न एवमुक्तप्रकारेण नलिनीपत्रं संयुज्यते, कुत इत्याह--'*स्वभावतः*' तथास्वभावत्वादित्यर्थः। '*एवमेयंपि*' त्ति एवं तथास्वभाववैचित्र्यत '*एतदपि*' पूर्वोक्तं रागादिसद्भावाविशेषेऽपि कर्मबन्धलक्षणं वैचित्र्यं द्रष्टव्यमिति ॥१८०॥ अत्रोत्तरमाह--

जलसंजोयणिमित्तं वत्थे परुसत्तमत्थि णो पत्ते ।
सब्भावे अविसिट्ठेवि जुज्जती तेसिं जं भणितं ॥ १८१ ॥

(जलसंयोगनिमित्तं वस्त्रे परुषत्वमस्ति नो पत्रे । सद्भावे अविशिष्टेऽपि युज्यते तेषां यद्भणितम्)

यस्माद्वस्त्रे जलसंयोगनिमित्तं परुषत्वमस्ति, न पद्मिनीपत्रे, इदमुक्तं भवति--न वस्तुत्वसद्भावमात्रं वस्तुनि जलसंयोगनिमित्तमपि तु संयुज्यमानवस्तुगतं तथाविधपरुषत्वमपि, तच्च वस्त्र एव विद्यते न पद्मिनीपत्रे, तेनाविशिष्टेपि सद्भावे यद्भणितं वस्त्रपद्मिनीपत्रयोर्जलसंयोगासंयोगवैचित्र्यं, तत् युज्यत एव, द्वयोरप्यविशेषेण जलसंयोगनिमित्तस्य तथाविघपरुषत्वविशेषस्याभावात् ॥१८१॥ यद्येवमिहाप्येवं भविष्यतीत्यत आह--

इह पुण बंधनिमित्तं जम्हा रागादिपरीणती चेव ।
तब्भावे अविसिट्ठे बंधाबंधा ण जुज्जंति ॥ १८२ ॥

(इह पुन बन्धनिमित्तं यस्माद् रागादिपरिणतिरेव । तद्भावाऽविशिष्टे बन्धाबन्धौ न युज्यतः)

'*इह*' प्रस्तुतविचारप्रक्रमे पुनर्बन्धनिमित्तं-ज्ञानावरणीयादिकर्मसंबन्धनिमित्तं यस्मात् रागादिपरिणतिरेव, तद्भावमात्रे सत्यवश्यं कर्मबन्धसंभवात्, तदभावे च मुक्तानामिव तदभावात्, सा च रागादिपरिणतिः शेषजीवानां जगद्धातुश्चाविशिष्टा, अविशिष्टे च '*तद्भावे*' रागादिपरिणतिभावे यौ बन्धाबन्धावुच्येते, यथा-जगद्धातुर्न बन्धः शेषजीवानां तु बन्ध इति, तौ न संगच्छेते, विशेषहेत्वभावात् ॥ १८२ ॥

एतेणं पडिसिद्धा विसजलणादीवि हंदि दिट्ठंता ।
जं णत्थऽविसेसेणं सव्वत्थ विसेसहेउत्ति ॥ १८३ ॥

(एतेन प्रतिषिद्धा विषज्वलनादयोऽपि हंदि दृष्टान्ताः । यन्नास्ति अविशेषेण सर्वत्र विशेषहेतुरिति)

सोवक्कमादिडज्झादि चेव सव्वत्थ अतिपसंगातो ।
ण य सत्तामेत्तेणं इट्ठत्थपसाहगा तेवि ॥ १८४ ॥

(सोपक्रमादि दाह्यादिश्चैव सर्वत्रातिप्रसंगतः । न च सत्तामात्रेण इष्टार्थप्रसाधकाः तेऽपि)

'*एतेन*' अनन्तरोक्तेन जलदृष्टान्तप्रतिषेधेन ये विषज्वलनादय आदिशब्दात्तदन्यैर्वंविधदृष्टान्तपरिग्रहः, दृष्टान्ताः परैरुपन्यस्यन्ते ते सर्वेऽपि '<u>हंदीति</u>' परामन्त्रणे, प्रतिषिद्धा द्रष्टव्याः। कथमित्याह-'*जं नत्थेत्यादि*' यत्-यस्मान्नास्ति सर्वत्रा-

---

વસ્ત્રનો પાણીસાથે જેવો સંયોગ થાય છે, તેવો નલિનીપત્ર(કમળનાં પાંદડા)નો થતો નથી. અહીં જેમ તથાસ્વભાવ જ હેતુ છે, તેમ તથાસ્વભાવની વિચિત્રતાથી રાગઆદિમત્તાની સમાનતામાં પણ કર્મબંધ-અબંધની વિચિત્રતા સમજવી ॥૧૮૦॥

અહીં ઉત્તર આપતા કહે છે.

*ગાથાર્થ* :- વસ્ત્રમાં જળસંયોગમાં કારણભૂત પુરુષત્વ છે. કમળની પાંખડીમાં નથી. તેથી સદ્ભાવમાં સમાનતા હોવા છતાં તેઓમાં વિચિત્રતા સુસંગત છે. *તાત્પર્ય* :- વસ્તુમાં જળસંયોગના કારણતરીકે માત્ર વસ્તુત્વની હાજરી પર્યાપ્ત નથી, પરંતુ સંયોગ પામતી વસ્તુમાં તેવા પ્રકારનું પુરુષત્વ પણ આવશ્યક છે. આવું પુરુષત્વ વસ્ત્રમાં છે, કમળની પાંખડીમાં નથી. તેથી સદ્ભાવ સમાનતયા હોવા છતાં વસ્ત્ર અને કમળની પાંખડીમાં જળસંયોગઅંગે કહેવાયેલી વિચિત્રતા સુયોગ્ય જ છે. કેમકે જળસંયોગમાં કારણભૂત તેવા પ્રકારની પુરુષતારૂપ વિશેષની બન્નેમાં સમાનતા નથી. ॥૧૮૧॥

'જો એમ હોય, તો પ્રસ્તુતમાં પણ એવો વિશેષ હશે જ' એવી આશંકાનું મૂળ ઉખેડતા કહે છે.

*ગાથાર્થ* :- પ્રસ્તુત વિચારમાં જ્ઞાનાવરણીયઆદિ કર્મના બંધમાં રાગઆદિની પરિણતિ જ કારણ છે. તેથી તેની (=રાગઆદિની પરિણતિની) હાજરીમાત્રથી અવશ્ય કર્મબંધ થાય જ. અને તેના અભાવમાં મુક્તજીવોની જેમ કર્મબંધ ન જ થાય. અને આ રાગઆદિની પરિણતિ જગતકર્તા અને બીજા જીવોને સમાનરૂપે જ છે. છતાં પણ 'ઈશ્વરને અબંધ અને શેષજીવોને બંધ' એવું કહેવું જરા પણ બરાબર નથી. કેમકે આ ભેદભાવમાં કારણભૂત વિશેષ હાજર નથી ॥૧૮૨॥

*ગાથાર્થ* :- આનાથી જ ઝેર, અગ્નિવગેરે દૃષ્ટાન્તોનો નિષેધ થાય છે. કેમકે સર્વત્ર સમાનતયા સોપક્રમવગેરે અને દાહ્યપણુંવગેરે વિશેષહેતુ નથી. કેમકે સર્વત્ર અતિપ્રસંગ છે. અને તે વસ્તુઓ પણ હાજરીમાત્રથી ઈષ્ટાર્થના પ્રસાધક બનતા નથી.

આમ હમણાં જ પાણીનાં દૃષ્ટાન્તનો નિષેધ કર્યો. (તથાવિધપરુષત્વવિશેષથી સંયોગવૈચિત્ર્ય દર્શાવ્યું.) આ જ પ્રમાણે અન્યોએ ઝેર, અગ્નિવગેરે (વગેરેથી તેવાપ્રકારના બીજા દૃષ્ટાન્તો સમજવા.) દર્શાવેલા દૃષ્ટાન્તોનો પ્રતિષેધ સમજવો. કેમકે સર્વત્ર સમાનતયા ઉપક્રમપણુંઆદિ અને દાહ્યતાવગેરે (મૂળમાં ઉપક્રમ અને દાહ્યશબ્દો હોવા છતાં ઉપક્રમપણું અને દાહ્યત્વઅર્થ કર્યો, કેમકે મૂળમાં થયેલો નિર્દેશ ભાવપ્રધાન છે.) વિશેષ હેતુઓ નથી. (અહીં ઉપક્રમઆદિ અને દાહ્યઆદિ કહ્યું તેમાં ઉભયસ્થળે રહેલા 'આદિ'પદથી ક્રમશઃ વિષદૃષ્ટાન્તને અનુરૂપ અન્ય દૃષ્ટાન્તોના તથા અગ્નિને અનુરૂપ અન્ય દૃષ્ટાન્તોના યોગ્ય વિશેષ હેતુઓ તથા તેને અનુરૂપ અન્ય સામગ્રીવિશેષનો સમાવેશ થાય છે.) સોપક્રમ આયુષ્યવાળાએ ઝેર ખાધું હોય, તથા ઔષધ વગેરેથી તે ઝેરની શક્તિ નાશ કરી ન હોય, તથા પરિપાક થવાને યોગ્ય કાળ હોય તો જ ઝેર ખાનારને મારવા સમર્થ છે. અન્યથા નહિ.એજ પ્રમાણે જો અગ્નિના સંપર્કમાં આવનારી વસ્તુ બાળી શકાય તેવી હોય, તથા યોગ્ય પવનવગેરે વિશેષકારણો

विशेषेण विशेषहेतुः--सोपक्रमादिर्दाह्यादिश्चैव, भावप्रधानोऽयं निर्देशः, सोपक्रमत्वादिर्दाह्यत्वादिश्चैव, आदिशब्दादुभयत्रापि यथाक्रमं विषदृष्टान्तानुरूपदृष्टान्तान्तरज्वलनदृष्टान्तानुरूपदृष्टान्तान्तरयोग्यविशेषहेतुपरिग्रहः तदन्यसामग्रीविशेषपरिग्रहश्च, विषं हि उपभुज्यमानं सोपक्रमायुष्कमगदादिना चाऽप्रतिहतशक्तिकत्वमन्यं च कालविशेषादिकं विशेषहेतुमपेक्ष्य मारणाय प्रभवति नान्यथा, ज्वलनोऽपि च स्वविषयस्य दाह्यस्वभावत्वं शुष्कत्वं पवनादिकं च विशेषहेतुमवाप्य दाहनिमित्तं भवति न तदभावे । तथा चाह-*'न य सत्तामेत्तेणं इट्ठत्थपसाहगा तेऽवित्ति'*, चो हेतौ, यस्मान्न सत्तामात्रेण-स्वसन्निधानभावमात्रेण तेऽपि-विषादयो दृष्टान्तत्वेनोपात्ता *'इष्टार्थप्रसाधका'* मारणादिस्वकार्यप्रसाधकाः, कुत इत्याह-*'सव्वत्थ अइप्पसंगाओ'* सर्वत्र निरुपक्रमायुष्कादिष्वपि अतिप्रसङ्गात्, मारणादिलक्षणेष्टार्थकारित्वप्रसङ्गात् तस्मात्सोपक्रम-त्वादिकं विशेषमपेक्ष्यैव विषादयो मारणादिनिमित्तं भवन्ति नान्यथा, न चासौ सोपक्रमादिको विशेषहेतुः सर्वत्रास्ति, ततस्तेषु सन्निहितेष्वपि विषादिषु मरणामरणादिवैचित्र्यमुपपद्यते, न त्वेवमिह बन्धाबन्धौ ॥१८३-१८४॥ यत आह--

रागादिपरिणती पुण फरुसत्तसमा विसेसहेउत्ति ।
अप्पाणगम्मि य जतो वेधम्मं तेण दोण्हंपि ॥ १८५ ॥

(रागादिपरिणतिः पुनः परुषत्वसमा विशेषहेतुरिति । आत्मन्यपि च यतो वैधर्म्यं तेन द्वयोरपि)

रागादिपरिणतिः पुनर्यस्माज्जलसंयोगस्य तथाविधपरुषत्वमिव कर्म्मबन्धस्य विशेषहेतुरात्मन्यपि जगद्धातर्यपि विद्यते, आस्तां शेषजीवेष्वित्यपिशब्दार्थः, तस्मादुभयोरप्यविशेषेण बन्धः प्राप्नोति, विशेषहेतोरुभयत्राप्यविशेषेण भावात् । तथा च सति यदुक्तम्--*'यथा सद्भावाविशेषेऽपि वस्त्रं जलेन संयुज्यते न तु पद्मिनीपत्रं, तथेहापि रागादिमत्त्वाविशेषेऽपि शेषजीवा एव कर्म्मणा संभन्त्स्यन्ते न तु परमात्मेति'* तदयुक्तमवगन्तव्यम्, दृष्टान्तदार्ष्टान्तिकयोर्वैषम्यात् । एतदेवो-पसंहरति--*'वेहम्मं तेण दोण्हंपित्ति'* येन कारणेन संयोगस्य तथाविधपरुषत्वलक्षणो विशेषहेतुरुभयत्राप्यविशेषेण न विद्यते कर्म्मबन्धस्य च रागादिपरिणतिलक्षणो विशेषहेतुरुभयोरप्यस्ति तेन कारणेन द्वयोरपि-दृष्टान्तदार्ष्टान्तिकयोर्वैषम्य(धर्म्य)मिति स्थितम् । स्यादेतत्-यादृशा रागादयः शेषजीवानां न तादृशाः परमात्मनः, तत्कथमुच्यते? रागादिमत्त्वाविशेषादुभयोरप्य-विशेषेण बन्धः प्राप्नोति', रागादिमत्त्वाविशेषस्यैवाभावात् ॥ १८५ ॥ अत आह--

तब्भावो अविसिट्ठो जदि णो थेवतरदोससब्भावो ।
पावेति तस्स अहवा रागादीणं अभावो तु ॥ १८६ ॥

(तद्भावोऽविशिष्टो यदि नो स्तोकतरदोषसद्भावः । प्राप्नोति तस्याथवा रागादीनामभावस्तु)

यदि तस्य परमात्मनस्तद्भावो-रागादिपरिणतिभावोऽविशिष्टो नाभ्युपगम्यते तर्हि सामर्थ्यात् स्तोकतररागादिसद्भावः प्राप्नोति, तथा च सति तदनुसारी कर्म्मबन्धोऽपि, ततश्चैवमपि शेषजीवैस्तुल्य एव । *'अहवा रागाईणं अभावो उत्ति'* अथवेति प्रकारान्तरेण दूषणान्तरसूचने, यदि पुनः कर्म्मबन्धप्रसङ्गात् स्तोकतरोऽपि रागादिदोषसद्भावो नेष्यते तर्हि सर्वथा तस्य रागादीनामभाव एवाभ्युपगतः स्यात्, तथा च सति तस्य वीतरागतया क्रीडाया अनुपपत्तेर्नेश्वरादि-भेदेन चित्रान् सत्त्वान् कर्तुमुचितमिति स्थितम् ॥१८६॥ साम्प्रतं येन प्रकारेण एतद्दूषितं तं प्रकारमभिव्यक्तीकुर्वन्नाह--

---

હાજર હોય, તો જ અગ્નિ તે વસ્તુને બાળવા સમર્થ બને છે, નહિ કે તેવા વિશેષકારણોના અભાવમાં (મૂળમાં 'ચ'પદ હેત્વર્થક છે.) આમ દૃષ્ટાન્તતરીકે દર્શાવેલા વિષવગેરે પણ પોતાની હાજરીમાત્રથી મારણવગેરે સ્વકાર્યના પ્રસાધક બનતા નથી. કેમકે તેમ થવામાં નિરુપક્રમ આયુષ્યવાળાવગેરેના પણ મારક બનવાદિરૂપ અતિપ્રસંગ આવે છે. તેથી ઝેરવગેરે સોપક્રમત્વવગેરે વિશેષોને અપેક્ષીને જ ઘાતવગેરેના કારણ બને છે, અન્યથા નહિ. અને આ સોપક્રમઆદિ વિશેષહેતુ સર્વત્ર હોતા નથી. તેથી ત્યાં વિષવગેરેની હાજરીમાં પણ મરણ-અમરણઆદિ વિચિત્રતા સુસંગત છે. પરંતુ બન્ધ-અબન્ધની બાબતમાં આમ કહી શકાય તેમ નથી. ॥૧૮૩॥૧૮૪॥

અહીં કારણ બતાવે છે.-

*ગાથાર્થ* :- પરુષત્વતુલ્ય રાગાદિપરિણતિ વિશેષહેતુ છે. અને તે આત્મામાં (જગતકર્તામાં) પણ છે. તેથી બે (દૃષ્ટાન્તદાર્ષ્ટાન્તિક) વચ્ચે વૈધર્મ્ય છે.

જળસંયોગમાં જેમ તથાવિધપરુષતા વિશેષકારણ છે. તેમ કર્મબન્ધમાં વિશેષકારણ રાગાદિપરિણતિ છે. અને તે શેષજીવો ને તો દૂર રહો, પણ જગતકર્તાને પણ છે. તેથી શેષજીવો અને ઇશ્વર બન્નેને કર્મબન્ધ થવો જોઇએ. કેમકે બન્નેમાં વિશેષહેતુ ની હાજરી સમાનતયા છે. તેથી "જેમ સદ્ભાવમાં સમાનતા હોવા છતાં પાણીસાથે વસ્ત્રનો જ સંયોગ થાય છે, નહિ કે કમળની પાંખડીનો, તેમ પ્રસ્તુતમાં પણ રાગવગેરે સમાનતયા હોવા છતાં શેષજીવો કર્મથી બંધાય, ઇશ્વર નહિ" એવું પૂર્વપક્ષે જે કહ્યું તે તદ્દન અસંગત ઠરે છે. કેમકે દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિકવચ્ચે વિષમતા છે. કેમકે દૃષ્ટાન્તસ્થળે સંયોગમાં વિશેષકારણભૂત તથાવિધ પરુષતા બન્ને સ્થળે સમાનતયા નથી. જ્યારે દાર્ષ્ટાન્તિકસ્થળે રાગાદિપરિણતિરૂપ વિશેષકારણ બન્ને(=ઇશ્વર અને શેષજીવો) માં સમાનતયા છે.

*પૂર્વપક્ષ* :- અન્યજીવોને જેવા રાગવગેરે છે, તેવા પરમાત્માને નથી. તેથી "રાગાદિમત્તા બન્નેમાં સમાન હોવાથી બન્નેને સમાનતયા બંધ થવો જોઇએ." એવું શી રીતે કહી શકાય? કેમકે બન્નેમાં રાગાદિમત્તા સમાનતયા નથી. ॥૧૮૫॥

અહીં ઉત્તર આપતા કહે છે.

*ગાથાર્થ* :- જો, તેની (=રાગઆદિની) હાજરી સમાનતયા ન હોય, તો અલ્પતર દોષની હાજરી પ્રાપ્ત થાય છે. અથવા તે(=ઇશ્વર)માં રાગઆદિનો અભાવ સિદ્ધ થાય છે.

तस्स अणादित्तं तह अन्नेसिं वाऽऽदिमत्तमहिकिच्च ।
भणियमिणं ण तु सिद्धं तस्सेवाणादिमत्तं तु ॥ १८७ ॥
(तस्यानादित्वं तथाऽन्येषां वाऽऽदिमत्त्वमधिकृत्य । भणितमिदं न तु सिद्धं तस्यैवानादिमत्त्वं तु)

*'तस्य'* परपरिकल्पितस्य परमात्मनोऽनादित्वमन्येषां च शेषजीवानामादिमत्त्वमधिकृत्य--अभ्युपगम्य *'इदम्'* अनन्तरोक्तं *'जो सो अकित्तिमो रागाइजुत्तो हवेज्ज इयरो वेत्यादिना'* प्रपञ्चेन भणितं, यावता पुनस्तस्यैव परमात्मनोऽनादित्वमस्माकं *'न तु'* नैव सिद्धं, तत्सत्ताया एवासिद्धत्वात्, तत्साधकप्रमाणाभावात् ॥१८७॥ दूषणान्तरमप्यभ्युच्चेतुमाह--

तह संतेऽसंते वा कुणति तओ ते तु पढमपक्खम्मि ।
किं तस्स कारकत्तं? चरमे तु ण संगयं करणं ॥ १८८ ॥
(तथा सतोऽसतो वा करोति सकस्तान् तु प्रथमपक्षे । किं तस्य कारकत्वं? चरमे तु न संगतं करणम्)

<u>*'तथे'ति*</u> दूषणान्तरसमुच्चये *'तओत्ति'* सकः परपरिकल्पित आत्मा(परमात्मा) तान् जीवान् करोति किं सतोऽसतो वेति पक्षद्वयम्, तत्र<u>'पढमपक्खे(क्खंमि)त्ति'</u> प्रथमपक्षे किं *'तस्य'* परमात्मनः कारकत्वं?, नैव किञ्चन, तेषामग्रेऽपि विद्यमानत्वात्, विद्यमानस्य च करणाभ्युपगमेऽनवस्थाप्रसङ्गात्, *'चरमे उ न संगयं करणंति'* चरमे पुनः पक्षे न संगतं तेषां जीवानां करणं--निष्पादनम्, अत्यन्तासत्त्वेन खरविषाणस्येव कर्तुमशक्यत्वात् ॥१८८॥ तदेवं यदभिहितं प्राक् *'वत्तव्वं जेण कओ सो किं जीवो अजीवो वे'ति* पक्षद्वयम्, तत्र जीवपक्षं सप्रपञ्चं निराकृत्याजीवपक्षं निराचिकीर्षुरिदमाह--

अज्जीवो तु ण कत्ताऽभिप्पायाभावतो घडादिव्व ।
अन्नेसिं सत्ताणं दोसा एत्थंपि पुव्वुत्ता ॥ १८९ ॥
(अजीवस्तु न कर्त्ताऽभिप्रायाभावात् घटादिवत् । अन्येषां सत्त्वानां दोषा अत्रापि पूर्वोक्ताः)

---

*ઉત્તરપક્ષ* :- તમે એમ કહો છો કે, "ઈશ્વર અને શેષજીવોને રાગઆદિ સમાનતયા નથી" તેનાથી જ નક્કી થાય છે કે ઈશ્વરને સમાનરૂપે નહિ તો અલ્પ પણ રાગઆદિદોષ હોવા જોઈએ. અને તેને અનુરૂપ કર્મબન્ધ પણ હોવો જોઈએ. તેથી પણ તે અન્યજીવોને તુલ્યરૂપે સિદ્ધ થાય છે.

(મૂળમાં "અથવા"પદ બીજા દૂષણનું સૂચન કરે છે.) અથવા તો કર્મબન્ધના પ્રસંગથી બીને થોડો પણ રાગાદિદોષ નહિ સ્વીકારો તો ઈશ્વર રાગાદિના અભાવવાળો જ સ્વીકૃત થશે. અર્થાત્ વીતરાગતરીકે માન્ય બનશે. અને તો, તેની ક્રીડા પણ અસંગત ઠરે. તેથી ઈશ્વર સ્વામીઆદિભેદથી વિચિત્રરૂપે જીવોને ઉત્પન્ન કરે, તે યોગ્ય નથી. એવો નિર્ણય થાય છે. ॥૧૮૬॥

જગતકર્તાને આપેલું દૂષણ કેવા પ્રકારનું છે? તે હવે અભિવ્યક્ત કરતા કહે છે.

*ગાથાર્થ* :- બીજાઓએ કલ્પેલો ઈશ્વર અનાદિ છે, અને શેષ જીવો આદિમાન છે" એવા સિદ્ધાંતને ઉદ્દેશીને=સ્વીકારીને "*જો સો અકિત્તિમો*" (ગા ૧૬૧) ઈત્યાદિથી વિસ્તારથી કહ્યું. પણ વાસ્તવમાં તો તે ઈશ્વરની અનાદિતા આપણને સિદ્ધ જ નથી, કેમકે તેની વિદ્યમાનતા જ અસિદ્ધ છે, કેમકે વિદ્યમાનતાસાધક કોઈ પ્રમાણ નજરે ચડતું નથી ॥૧૮૭॥

બીજા દૂષણનો પણ ઉમેરો કરતાં કહે છે...

*ગાથાર્થ* :- વળી તે (=ઈશ્વર) સત્ (વિદ્યમાન) કે અસત્ (અવિદ્યમાન) જીવોને ઉત્પન્ન કરે છે.? પ્રથમ પક્ષે તેનામાં કારકપણું શું છે? બીજા પક્ષે કરણ અસંગત છે.

(તથા (=તહ)પદ અન્ય દૂષણનો ઉમેરો કરે છે.) તે (પૂર્વપક્ષકલ્પિત) પરમાત્મા વિદ્યમાન જીવોને જ ઉત્પન્ન કરે છે, કે અવિદ્યમાન (=ખપુષ્પવત્ સર્વથા અસત્) જીવોને પેદા કરે છે ? અહીં પ્રથમપક્ષે ઈશ્વર શું કરે છે ? તે જ પ્રશ્ન રહે છે. કેમકે ઈશ્વર તેઓને ઉત્પન્ન કરવા પ્રયત્ન કરે તે પહેલા પણ તેઓ હાજર જ છે. વિદ્યમાન વસ્તુને પણ ઉત્પન્ન કરવી પડે, તેમ માનશો, તો આ પ્રવૃત્તિનો છેડલો જ નહિ આવે. આમ અનવસ્થાદોષ ઉભો થાય. અને બીજા પક્ષે તો જીવોનું ઉત્પાદન જ અસંગત છે. કેમકે ગધેડાના શિંગડા તુલ્ય તદ્દન અસત્ જીવોને ઉત્પન્ન કરવા એ અશક્યકાર્ય છે. ॥૧૮૮॥

*(અજીવ જગતકર્તાનો નિષેધ)*

આમ પૂર્વે બતાવેલા કર્તાના જીવ કે અજીવ એવા બે વિકલ્પમાંથી જીવપક્ષનું વિસ્તારથી ખંડન કર્યું. હવે અજીવપક્ષને ખોટો સિક્કો ઠેરવતા કહે છે.

*ગાથાર્થ* :- અજીવ તો ઘડાની જેમ અભિપ્રાયથી રહિત હોવાથી અન્ય જીવોનો કર્તા ન બની શકે. આ પક્ષે પણ પૂર્વોક્ત દોષો રહેલા છે.

અજીવતત્ત્વ અભિપ્રાય ધરાવતું નથી. કેમકે અભિપ્રાય ચેતનનો ધર્મ છે. અને અભિપ્રાયના અભાવમાં દેવનારકાદિ ભેદથી અને સ્વામીઆદિભેદથી નિયતવ્યવસ્થાવાળા જીવો ઉત્પન્ન કરવા શક્ય નથી. તેથી ઘડાવગેરેની જેમ અજીવવસ્તુ જીવોનાં કર્તાતરીકે સંભવે નહિ.

*પૂર્વપક્ષ* :- શાલિ(=ચોખાવિશેષ)ના બીજવગેરે અભિપ્રાય વિનાના છે. છતાં પણ નિયતશક્તિથી યુક્ત છે. તેથી તેઓ પોતપોતાના નિયત કાર્યો કરે છે. તેમ દેખાય છે. તેજ પ્રમાણે આ અજીવ પણ તેવા પ્રકારની નિયતશક્તિથી યુક્ત છે. તેથી દેવ નારકાદિભેદથી અને સ્વામીઆદિભેદથી નિયતવ્યવસ્થાવાળા જીવોનું ઉત્પાદન કરશે. અહીં કયો દોષ છે?

*ઉત્તરપક્ષ* :- આ તર્કમાં કયો દોષ છે ? એમ પૂછો છો. તો, સાંભળી લો, આવી કલ્પના માન્ય બને, તો પણ જીવપક્ષે

अजीवो *'न तु'* नैव जीवानां कर्त्ता भवति, कुत इत्याह–अभिप्रायाभावात्, न हि अजीवस्याभिप्रायः संभवति, तस्य चेतनधर्म्मत्वात्, न चाभिप्रायमन्तरेण देवनारकादिभेदेन ईश्वरादिभेदेन च नियतव्यवस्था जीवा उत्पादयितुं शक्यन्ते इति, दृष्टान्तमाह–घटादिवत्, स्यादेतत् शालिबीजादीन्यभिप्रायविकलान्यपि नियतशक्त्युपेततया नियतस्वस्वकार्यकारीण्युपलभ्यन्ते, तद्वदयमप्यजीवस्तथाविधनियतशक्त्युपेततया देवनारकादिभेदेन ईश्वरादिभेदेन च नियतव्यवस्थान् सत्त्वान् उत्पादयिष्यतीति को दोष इत्यत आह––*'दोसा एत्थंपि पुव्वुत्ता'* अत्रापि अजीवपक्षेऽपि दोषाः पूर्वोक्ता द्रष्टव्याः, **इदमुक्तं भवति**–यद्यभिप्रायशून्यस्यापि तस्य नियतशक्त्युपेततया नियतकार्यकारित्वाभ्युपगमस्तथाप्यत्र पूर्वोक्ता दोषा अपरिहार्या एव, **तथाहि**–सोऽजीवो जगन्निर्मापणसमर्थः कृत्रिमो वा स्यादकृत्रिमो वा?, यदि कृत्रिमस्ततः सोऽप्यन्येन कर्त्तव्यः, अन्यथा कृत्रिमत्वायोगात् सोऽप्यन्येनेत्येवमनवस्था। अथाकृत्रिमस्तर्हि जीवैः किमपराद्धं?, येनाकृत्रिमास्ते नेष्यन्ते। अपिच–यद्यसावकृत्रिमस्ततस्तन्निष्पाद्याः सत्त्वा अपि च तत्सत्ताभवनतुल्यकालत्वादनादय एव प्राप्ता इति सिद्धं नः समीहितम्, तस्य हि सत्ता अनादिमती ततस्तन्निष्पाद्याः सत्त्वा अपि अनादय एव, अन्यथा सोऽपि कृत्रिमः स्यात्, तथा च सति प्राग्वदनवस्थाऽनुषङ्गः, अथोच्येत–नैवासौ स्वसत्ताभवनकाले जीवानामुत्पादकः किंत्वनन्तायामद्धायामतीतायां सत्याम्, तथा च कुतो जीवानामनादितेति, तदयुक्तम्, एवं सति तस्यानित्यत्वप्रसक्तेः, अनुत्पादकत्वलक्षणपूर्वस्वभावप्रच्युत्योत्पादकत्वलक्षणस्वभावान्तरस्योत्पादात्, स्वभावस्य च स्वभाविनोऽनर्थान्तरत्वात्, अन्यथा स्वभावभेदाभावेन पूर्वकालमिव पश्चादपि तस्यानुत्पादकत्वप्रसङ्गः। स्यादेतत्–तस्य तथाविध एवैकः स्वभावो येनापरिमिताद्धायामतीतायां सत्यां जीवान् उत्पादयति नान्यदा, तथा च सति तस्य [1]स्वभावभेदेनापि(न)जीवानामनादितेति, एतदप्ययुक्तम्, विकल्पायोगात्, **तथाहि**–तस्यापरिमितायामद्धायामतीतायां सत्यां च स्वभावो निवर्त्तते न वेति विकल्पद्वयम्, तत्र यदि निवर्त्तत इति पक्षस्तर्हि तस्यानित्यत्वप्रसङ्गः, अतादवस्थ्यस्यानित्यत्वलक्षणात्, अथ न निवर्त्तते यदि पक्षस्ततस्तदाऽपि तस्य स्वभावस्य तदवस्थत्वात् पुनरपि तेनापरिमिताद्धाऽतिक्रमणीया, तदापि च स एव तस्य स्वभाव इति सर्वदाप्यकरणप्रसङ्गः । किंच–असौ सतोऽसतो वा जीवान्निष्पादयतीति वक्तव्यम्, तत्र सत्पक्षे तस्य वैफल्यं, अग्रत एव तेषां निष्पन्नत्वात्, असत्पक्षेऽपि च खरविषाणस्येवाकरणमिति, तन्नाजीवोऽपि जीवानां कर्त्तोपपद्यते इति स्थितम् ॥ १८९ ॥ अथ मा भूत् जीवोऽजीवो वा कर्त्ता, जीवाजीवविभिन्नं तु वस्त्वन्तरं जगन्निर्मापणसमर्थं भविष्यतीत्यारेकानिराकरणार्थमाह––

जीवाजीवविभिन्नं ण अत्थि वत्थंतरंति जप्पभवा ।
होज्ज इमे खलु जीवा ण कत्तिवादो ततो जुत्तो ॥ १९० ॥
(जीवाजीवविभिन्नं नास्ति वस्त्वन्तरमिति यत्प्रभवाः । भवेयुः इमे खलु जीवा न कर्तृवादस्ततो युक्तः)

---

બતાવેલા દોષો અજીવપક્ષે ઉભા થશે. સાર :– અભિપ્રાયશૂન્ય એવા પણ તે અજીવને નિયતશક્તિથી યુક્ત માની નિયતકાર્યકારી માનશો, તો પણ પૂર્વોક્ત દોષો તો અપરિહાર્ય જ છે. તે આ પ્રમાણે ➡ જગતસર્જનમાં સમર્થ તે અજીવ કૃત્રિમ છે, કે અકૃત્રિમ? જો કૃત્રિમ હોય, તો તેના કર્તાતરીકે અન્યની કલ્પના કરવી પડશે. કેમકે અન્યકર્તાનાં અભાવમાં તે કૃત્રિમ બની શકે નહિ, અને તેના કર્તાતરીકે કલ્પેલા અન્યનો પણ કોઇ કર્તા હોવો જોઇએ એમ અનવસ્થાદોષ આવે. હવે જો તે અજીવ, જગતકર્તા અકૃત્રિમ હોય, તો જીવોએ શો ગુનો કર્યો છે ? કે જેથી તેમને અકૃત્રિમ માનતા નથી. વળી, જો તે અકૃત્રિમ હોય, તો તેને ઉત્પન્ન કરેલા જીવો પણ તેની(=અજીવ જગતકર્તાની) હાજરીના સમાનકાલીન=અનાદિસિદ્ધ થવા જોઇએ. આમ અમારા ઇષ્ટની સિદ્ધિ થાય છે. કેમકે તેની સત્તા અનાદિની હોવાથી, તેનાથી નિષ્પાદ્ય જીવો પણ અનાદિ જ થવા જોઇએ. નહિતર સ્વભાવભેદ થવાથી તે પણ કૃત્રિમ જ ઠરે અને પૂર્વવત અનવસ્થાદોષ ઉભો થાય.

*પૂર્વપક્ષ* :– તે અજીવ પોતાની હાજરીના સમકાળે જીવોત્પાદક નથી, પરંતુ અનંતકાળ પસાર થયા બાદ જ જીવોત્પાદક છે. તેથી જીવો અનાદિસિદ્ધ થશે નહિ.

*ઉત્તરપક્ષ* :– આ કલ્પના બરાબર નથી. કેમકે અહીં ઇશ્વરને અનિત્ય થવાની આપત્તિ છે. તે આ પ્રમાણે ➡ ઇશ્વર આરંભના અનંતકાળસુધી અનુત્પાદકત્વસ્વભાવવાળો હતો. પછી જ્યારથી જીવોનું ઉત્પાદન શરૂ કર્યું, ત્યારથી ઉત્પાદકત્વ સ્વભાવવાળો થયો. (કારણકે તેવા તેવા સ્વભાવ વિના તેવું તેવું કાર્ય થાય નહિ) આમ ઇશ્વરનો પૂર્વીય અનુત્પાદકત્વસ્વભાવ નાશ પામ્યો અને ઉત્પાદકત્વસ્વભાવ ઉત્પન્ન થયો. સ્વભાવ સ્વભાવીથી અભિન્ન છે. તેથી પૂર્વીય અનુત્પાદકત્વસ્વભાવના નાશ વખતે તેવા સ્વભાવી ઇશ્વરનો પણ નાશ થયો. અને નવા ઉત્પાદકત્વસ્વભાવની સાથે તેવા સ્વભાવવાળો ઇશ્વર પણ ઉત્પન્ન થયો. આમ ઇશ્વર અનિત્ય થવાની આપત્તિ છે. અને જો સર્વદા એક જ ઇશ્વર માનશો–સ્વભાવીના નાશ અને ઉત્પત્તિ માન્ય ન હોય, તો સ્વભાવભેદ પણ સંભવે નહીં, અને તો પૂર્વનો અનુત્પાદકત્વસ્વભાવ કાયમ રહેવાથી ઇશ્વર જીવોનો અનુત્પાદક જ રહેવાનો પ્રસંગ છે.

*પૂર્વપક્ષ* :– ઇશ્વરનો એવો એક જ સ્વભાવ છે કે 'અનંતકાળ પસાર થયા બાદ જીવોને ઉત્પન્ન કરવા તે પહેલા નહીં' તેથી ઇશ્વરના સ્વભાવભેદથી પણ જીવોની અનાદિતાની આપત્તિ નહીં આવે. (અથવા આમ ઇશ્વરનો એક જ સ્વભાવ કલ્પવાથી ઇશ્વરમાં સ્વભાવભેદનો પ્રસંગ નથી અને જીવો અનાદિ થવાની આપત્તિ પણ નથી.)

*ઉત્તરપક્ષ* :– આ કલ્પના પણ યોગ્ય નથી. કેમકે વિકલ્પ સંભવતા નથી. તે આ પ્રમાણે ➡ ઇશ્વરનો આ સ્વભાવ

---

1. 'न तस्य स्वभावभेदो नापि जीवानामनादितेति' पाठः संगतो भाति ।

यतः प्रभवः-उत्पत्तिर्येषां ते-यत्प्रभवाः, खल्विमे जीवा भवेयुस्तत् जीवाजीवविभिन्नं वस्त्वन्तरं नैवास्ति, सर्वस्यापि वस्तुनो जीवाजीवलक्षणद्वैराश्य एवान्तर्भावात् । इति वाक्यपरिसमाप्तौ । ततस्तस्मात् जीवानां '*कर्तृवादः*' कर्त्ता कश्चिदस्तीत्येवं जल्पो न युक्तः ॥१९०॥ कुतः इति हेतुमाह–

कारणविरहा परमरिसिवयणतो भणितदोससब्भावा ।
तम्हा अणादिणिहणा जीवा सव्वेऽवि सिद्धमिणं ॥ १९१ ॥
(कारणविरहात् परमर्षिवचनतो भणितदोषसद्भावात् । तस्मादनादिनिधना जीवाः सर्वेऽपि सिद्धमिदम्)

'*कारणविरहात्*' आकाशस्येव कारणाभावात्, सोऽपि कुतः सिद्ध? इति चेत् उच्यते-'*परमर्षिवचनात्*' परम-मुनिवचनात्, तच्चेदं--*अमओ य होइ जीवो कारणविरहा जहेव आगासं। समयं च होअणिच्चं मिम्मयघडतंतुपडमाई ॥१॥* अस्यायमर्थः-अमयश्च भवति जीवः न किम्मयो भवतीत्यर्थः,न केनापि कृत इतियावत्। कुत इत्याह-कारण-विरहात्-अकारणत्वात्, किंवदित्याह-यथैवाकाशम्, आकाशवदित्यर्थः।'*समयं च*' सहेतुकं च हेतोर्मयड्विधानमधिकृत्यो-भयत्राप्येवं निर्देशः, भवति अनित्यम्। किमिवेत्यत आह-मृन्मयघटतन्तुमयपटादि यथा मृन्मयो घटः, तन्तुमयः पटः । अधिकृत एव कारणविरहे हेत्वन्तरमाह-'*भणितदोषसद्भावात्*' जीवानां सकारणत्वाभ्युपगमे ये पूर्वं दोषा भणितास्तेषां सद्भावात् सद्भावप्रसङ्गात् कारणविरहः सिद्धः। उपसंहरति-'*तम्हा*' इत्यादि, तस्मात्सिद्धमिदं सर्वेऽपि जीवा अनादि-निधना इति । ननु च कारणविरहादनादित्वमेव सिध्यति न त्वनिधनत्वमपि, तत्कथमुच्यते--सिद्धमिदमनादिनिधना इति?, तदयुक्तम्, अनादित्वसिद्धावनिधनत्वस्य स्वयमेव सिद्धत्वात्, सतः सर्वथाविनाशायोगात्, आकाशवद्, इति जीवानामनादिनिधनत्वसिद्धिः॥१९१॥ समर्थितं जीवानामनादिनिधनत्वम्। साम्प्रतम(नुक्तमप्राप्तम)मूर्त्तत्वं सिसाधयिषुरिदमाह--

कम्मविमुक्कसरूवो अणिंदियत्ता अछेज्जभेज्जो उ ।
रूवादिविरहतो वा अणादिपरिणामभावातो ॥ १९२ ॥
(कर्मविमुक्तस्वरूपोऽनिन्द्रियत्वादछेद्यभेद्यस्तु । रूपादिविरहाद् वाऽनादिपरिणामभावात्)

---

અનંતકાળ પસાર થયા બાદ બદલાય છે કે નહી ? એમ બે વિકલ્પ છે. જો સ્વભાવ બદલાતો હોય, તો તે અનિત્ય ઠરશે. કેમકે અનિત્યતાના *'તે જ રૂપે ન રહેવું'* એવા લક્ષણથી યુક્ત બનશે. હવે જો તે સ્વભાવ અનંતકાળે પણ જાય નહિ, તો 'અનંતકાળ પછી જીવો ઉત્પન્ન કરવા' એવો સ્વભાવ ઉભો રહેવાથી ફરીથી અનંતકાળમાટે જીવોત્પાદનમાં પ્રવૃત નહિ થાય, તે પછી પણ તે સ્વભાવ ઉભો રહેશે, આમ હંમેશા કાર્ય નહિ કરવાનો પ્રસંગ આવશે. વળી, 'તે સત્જીવોને ઉત્પન્ન કરશે, કે અસત્ જીવોને' તે કહો. સત્પક્ષે તેનું કર્તૃત્વ નિષ્ફળ જશે. કેમકે તેઓ(=જીવો) તે પૂર્વે જ સર્જાયેલા હતા. અસત્પક્ષે ગધેડાના શિંગડાની જેમ જીવોનું ઉત્પાદન જ અશક્ય છે. તેથી અજીવ પણ જીવોના કર્તાતરીકે અસિદ્ધ છે' તેમ નિર્ણય થાય છે.॥૧૮૯॥

'જીવ કે અજીવ ભલે કર્તા ન હો, પણ જીવ અને અજીવથી ભિન્ન અન્ય જ કોઇ વસ્તુ જગતનું નિર્માણ કરવામાં સમર્થ હશે' આવા સંશયનું નિરાકરણ કરતાં કહે છે.

*ગાથાર્થ* :- જેનાથી આ જીવો ઉત્પન્ન થયા હોય, તેવી જીવ અને અજીવથી ભિન્ન કોઇ વસ્તુ જ નથી. (કેમકે બધી જ વસ્તુઓ જીવ-અજીવરૂપ બે રાશિમાં જ સમાવેશ પામે છે.) તેથી જીવો અંગેનો કર્તૃવાદ ('કોઇક કર્તા છે' એવું કથન) યોગ્ય નથી. ('ઇતિ'પદ વાક્ય સમાપ્તિ સૂચક છે.) ॥૧૯૦॥

'કર્તૃત્વવાદ કેમ અયોગ્ય છે ?' તેનો હેતુ બતાવે છે.

*ગાથાર્થ* :- (૧) કારણનો અભાવ હોવાથી (૨) પરમઋષિ-અરિહંતનું વચન હોવાથી અને (૩) કહેલા દોષો હોવાથી (કર્તૃવાદ અયોગ્ય છે.) તેથી બધા જ જીવો અનાદિનિધન (=આદિ અને અંત વિનાના) છે, તેમ સિદ્ધ થાય છે.

જેમ આકાશનું કોઇ કારણ નથી, તેમ જીવોનું કોઇ કારણ નથી. આમ સિદ્ધ કેવી રીતે થયું? પરમમુનિના વચનથી. આગમવચન છે કે, *'જીવ અમય છે કેમકે કોઇ કારણ નથી, જેમકે આકાશ. સમય વસ્તુ અનિત્ય છે, જેમકે માટીમય ઘડો અને તન્તુમય કપડો.'* અર્થ: જીવ અમય છે અર્થાત્ કશાથી નિર્માણ થયો નથી., કેમકે આકાશની જેમ નિષ્કારણ છે. જે સમય=સહેતુક=સકારણ હોય, તે અનિત્ય હોય. અમય અને સમય આ બન્ને સ્થળે હેતુસૂચક 'મયટ્' તદ્ધિતપ્રત્યય છે. જેમકે માટીમય=માટીથી બનેલો ઘડો, અને તન્તુથી બનેલો કપડો અનિત્ય છે. કારણવિરહની સિદ્ધિમાં બીજો હેતુ પણ બતાવે છે ➡ જીવોને સહેતુક સ્વીકારવામાં પૂર્વે કહેલા દોષો હાજર થાય છે. તેથી પણ કારણનો અભાવ સિદ્ધ થાય છે. ઉપસંહાર :- તેથી બધા જીવો અનાદિનિધન સિદ્ધ થાય છે.

*શંકા* :- જીવોના કારણનો અભાવ સિદ્ધ થવાથી જીવો અનાદિ સિદ્ધ થયા, તે બરાબર છે. પણ તેથી તેઓ અનિધન (=અમર) કંઇ સિદ્ધ થતાં નથી. તેથી જીવોને અનાદિ કહો, અનાદિનિધન કેમ કહો છો ?

*સમાધાન* :- જીવો અનાદિ સિદ્ધ થવાથી આપોઆપ અનિધન પણ સિદ્ધ થાય છે. કેમકે આકાશની જેમ સત્ વસ્તુનો સર્વથા નાશ સંભવતો નથી. તેથી જીવો અનાદિનિધન જ સિદ્ધ થાય છે. આમ જીવોની અનાદિનિધનતાનું સમર્થન કર્યું. ॥૧૯૧॥

*(અમૂર્તત્વસિદ્ધિ)*

હવે અનુક્ત(અકથિત) અને અપ્રાપ્ત(=સહજસિદ્ધ નહિ તેવું) અમૂર્તત્વ સિદ્ધ કરવા કહે છે. (પૂર્વે જેની સિદ્ધિ કરી ન હોય, અને જે સહજ સિદ્ધ ન હોય, તે સાધ્ય બને, અને તેની સિદ્ધિમાં કરેલો પ્રયત્ન સાર્થક ગણાય તે સૂચવવા આમ કહ્યું)

*ગાથાર્થ* :- કર્મથી વિમુક્ત સ્વરૂપવાળો (જીવ) (૧) અતીન્દ્રિય હોવાથી (૨) છેદ્ય અને ભેદ્ય ન હોવાથી (૩) રૂપઆદિ વિનાનો હોવાથી અથવા (૪) અનાદિપરિણામ હોવાથી (અમૂર્ત છે.)

कर्म्माणि-ज्ञानावरणीयादीनि वक्ष्यमाणस्वरूपाणि तैर्विनिर्मुक्तं-विशेषेण सर्वापगमरूपेण निर्मुक्तं परित्यक्तं रूपं स्वरूपं यस्य स जीवोऽमूर्त्तो ज्ञातव्य इति साध्यनिर्देशः, अत्र साधनमाह-*'अणिंदियत्ता'* अतीन्द्रियत्वात्, मूर्त्तं हि यत् भवति तत्कदाचनाप्यवश्यमिन्द्रियग्राह्यमपि भवति, यथा घटपरमाणवो घटावस्थायाम्, न चासौ जीवः कर्म्मविनिर्मुक्तस्वरूपः कदाचनापि चक्षुरादीन्द्रियग्राह्यो भवति, तस्मादयमतीन्द्रियत्वात् अमूर्त्तः एव। एवं शेषहेतुष्वपि यथायोगं भावना कार्या। तथा *'अच्छेज्जभेज्जत्ति'* खड्गशूलादिना अच्छेद्याभेद्यत्वात्, *'रूवादिविरहतो वेति'* रूपाद्याकारविशेषो हि मूर्त्तिः, अयं च जीवो रूपादिगुणविकलस्तस्मादयममूर्त्तः, रूपादिगुणविरहोऽपि तस्य कुतः सिद्ध इति चेत्, उच्यते *'अनादिपरिणामभावात्'* आकाशस्येवानादिरूपादिगुणविरहलक्षणपरिणामभावात् ॥१९२॥ अमूर्त्तत्व एव साध्ये हेतुनाह--

छउमत्थाणुवलंभा तहेव सव्वन्नुवयणओ पायं ।
लोगादिपसिद्धीतोऽमुत्तो जीवोत्ति णेयव्वो ॥ १९३ ॥

(छद्मस्थानुपलम्भात् तथैव सर्वज्ञवचनात् प्रायः । लोकादिप्रसिद्धितोऽमूर्त्तो जीव इति ज्ञातव्यः)

*'छद्मस्थानामनुपलम्भात्'* न ह्यवधिज्ञानिप्रभृतिभिरपि छद्मस्थैः स साक्षादुपलभ्यत इति। *'तहेव सव्वण्णुवयणओ पायं'* तथैव सर्वज्ञवचनतः-निर्मूलापगतसकलरागादिदोषजालभगवत्सर्ववेदिवचनतः प्रायः सोऽमूर्त्तोऽवगम्यते, प्रायोग्रहणेन च एतद्दर्शयति-एवंविधेष्वतीन्द्रियेषु प्रायो जिनवचनमेव प्रमाणतया विजृम्भते नान्यदिति । तथा *'लोकादिप्रसिद्धित'* लोकादौ अमूर्त्तत्वेन प्रसिद्धेः । आदिशब्दाद्वेदतच्छेषसमयपरिग्रहः, अत्र कर्म्मविनिर्मुक्तस्वरूपग्रहणं संसारिजीवप्रतिषेधार्थं, तस्य हि वह्न्ययस्पिण्डवत् कर्म्मणा सह लोलीभूततया कथञ्चिन्मूर्त्तत्वेनाभ्युपगमात्, वक्ष्यति--*'अहवा णेगंतोऽयं संसारी सव्वहा अमुत्तोत्ति । जमणाइकम्मसंतइपरिणामावरूवो सो'* इति । यद्वा सामान्येन तत्स्वरूपविशेषनिर्द्धारणार्थमतो न कश्चिद्दोषः ॥१९३॥ (इति) अमूर्त्तत्वसिद्धिः। व्याख्यातं द्वारगाथोपन्यस्तममूर्त्त इति द्वारम् ॥ अधुना परिणामीति व्याख्यानयन्नाह--

परिणामी खलु जीवो सुहादिजोगातो होइ णेयव्वो ।
णेगंतणिच्चपक्खे अणिच्चपक्खे य सो जुत्तो ॥ १९४ ॥

(परिणामी खलु जीवः सुखादियोगाद् भवति ज्ञातव्यः । नैकान्तनित्यपक्षेऽनित्यपक्षे च स युक्तः)

---

જ્ઞાનાવરણીયવગેરે કર્મોનું સ્વરૂપ આગળ ઉપર બતાવાશે. *'આ કર્મોથી સંપૂર્ણ મુક્ત થયેલા સ્વરૂપવાળો જીવ અમૂર્ત સમજવો'* એવો સાધ્યનિર્દેશ છે. (કર્મવિનિર્મુક્તસ્વરૂપવાળો જીવ પક્ષ છે. 'અમૂર્તત્વ' સાધ્યધર્મ છે.) અહીં સાધન=હેતુઓ બતાવે છે. (૧) જીવ અતીન્દ્રિય છે. જે વસ્તુ મૂર્ત હોય, તે ક્યારેક પણ અવશ્ય ઈન્દ્રિયગ્રાહ્ય બને. જેમકે ઘડાના પરમાણુઓ ઘડાની અવસ્થામાં ઈન્દ્રિયગ્રાહ્ય બને છે. કર્મરજથી રહિત જીવ ક્યારેય આંખવગેરે ઈન્દ્રિયોનો વિષય બની શકતો નથી. (આમ જીવ અતીન્દ્રિય હોવાથી આકાશની જેમ અમૂર્ત છે. આ જ પ્રમાણે બાકીના હેતુઓ અંગે પણ યથાયોગ વિચારણા કરવી) (૨) આ જીવ તલવાર, શૂળ વગેરેથી છેદન કે ભેદન પામતો નથી. તેથી પણ આકાશની જેમ અમૂર્ત છે. (અલબત્ત, પરમાણુ પણ અછેદ્ય ભેદ્ય છે. પણ તેની અછેદ્યભેદ્યતામાં તેનું નિરંશપણું=નિરવયવીપણું - સૂક્ષ્મતમપણું કામ કરે છે. જ્યારે જીવ નિરંશ ન હોવા છતાં છેદ્યભેદ્ય નથી બનતો, તેમાં અન્ય હેતુ ન હોવાથી આકાશની જેમ અમૂર્તપણું જ કારણતરીકે સિદ્ધ થાય છે.) (૩) રૂપઆદિ આકારવિશેષ જ મૂર્તિ છે. જીવ રૂપવગેરે વિનાનો હોવાથી (=મૂર્તિ વિનાનો હોવાથી) અમૂર્ત છે.

*શંકા* :- જીવ રૂપઆદિથી વિકલ છે તેમ કેવી રીતે સિદ્ધ થયું?

*સમાધાન* :- (૪) તેનો તેવો અનાદિપારિણામિકભાવ હોવાથી જ તે રૂપાદિથી રહિતરૂપે સિદ્ધ છે, જેમકે આકાશ તેવા અનાદિપારિણામિકભાવથી જ રૂપાદિથી રહિતતરીકે સિદ્ધ છે. (સંસારી જીવમાં શરીરના સંગથી જે રૂપવત્તાનું ભાન થાય છે, તે પુદ્ગળના સાન્નિધ્યથી થતું હોવાથી ઔપાધિક-ઔપચારિક છે, અને તેના તાત્વિક અનાદિપારિણામિક રૂપઆદિરહિતસ્વરૂપનું બાધક નથી, તે સ્ફટિક અને લાલપુષ્પના દૃષ્ટાન્તથી સમજી લેવું. *શંકા* :- જો પુદ્ગળના સંગથી અમૂર્ત જીવમાં મૂર્તત્વનો ભાસ થઈ શકતો હોય, તો આકાશમાં કેમ મૂર્તતા ભાસતી નથી ? *સમાધાન* :- પુદ્ગળના સંગથી આકાશમાં પણ મૂર્તતા ભાસે જ છે(વાદળા ન હોય ત્યારે અરૂપી આકાશ ભૂરા રંગનું ભાસે જ છે અને ઘડાવગેરેના કારણે આકાશના ઘટાકાશવગેરે આકારવિશેષનો વ્યવહાર થાય જ છે. તેથી અહીં આ શંકા વ્યાજબી નથી.) ॥૧૯૨॥

અમૂર્તત્વ સાધ્યઅંગે જ બીજા હેતુઓ બતાવે છે.

*ગાથાર્થ* :- (૫) છદ્મસ્થોને દેખાતો ન હોવાથી, તથા (૬) પ્રાયઃ સર્વજ્ઞનું વચન હોવાથી અને (૭) લોકઆદિની પ્રસિદ્ધિથી જીવ અમૂર્ત છે, તેમ સમજવું.

(૫) અવધિજ્ઞાની વગેરે છદ્મસ્થો પણ જીવને સાક્ષાત્ જોઈ શક્તા નથી. (કેમકે તેઓનો વિષય માત્ર રૂપી દ્રવ્યો જ બને છે.) આમ જીવ છદ્મસ્થોના પ્રત્યક્ષજ્ઞાનનો વિષય બનતો નથી. તેથી અમૂર્ત છે. (૬) તેજ પ્રમાણે રાગવગેરે સકળદોષ સમુદાયના સર્વથા ક્ષયથી સર્વજ્ઞ બનેલા ભગવાનના વચનથી પણ પ્રાયઃ જીવ અમૂર્ત સિદ્ધ થાય છે. 'પ્રાયઃ' શબ્દ સૂચવે છે કે આવા પ્રકારના અતીન્દ્રિય પદાર્થોમાં પ્રાયઃ જિનવચન જ પ્રમાણતરીકે સમર્થ છે, નહિકે અન્ય પ્રત્યક્ષઆદિ. તથા (૭) લોકોવગેરેમાં જીવ અમૂર્તતરીકે જ પ્રસિદ્ધ છે. (વગેરેથી તેઓના વેદવગેરે બીજા શાસ્ત્રોનો સમાવેશ થાય છે.) પ્રસ્તુતમાં 'કર્મથી વિનિર્મુક્ત' જીવનું આવું સ્વરૂપ કહેવામાં સંસારી જીવનો પ્રતિષેધ કરવાનો આશય છે. કેમકે સંસારી જીવ અગ્નિ અને લોખંડના ગોળાની જેમ કર્મસાથે અત્યંત એકમેક થયો હોવાથી કથંચિત મૂર્તતરીકે માન્ય છે. આચાર્ય પોતે આગળ ઉપર 'અહવા ણેગંતો' (અથવા એવો એકાંત નથી કે સંસારી જીવ સર્વથા અમૂર્ત છે. કેમકે તે અનાદિકર્મપ્રવાહ પરિણામને પામેલો છે.) ઈત્યાદિ કહેશે. (સંસારી જીવમાં દેખાતું મૂર્તત્વ માત્ર ઔપાધિક હોવાથી કર્મવિનિર્મુક્ત વિશેષણ વ્યર્થ થવાની આપત્તિ ટાળવાના અભિપ્રાયથી આ વિશેષણઅંગે બીજો હેતુ બતાવે છે.) સામાન્યથી સ્વરૂપવિશેષનો નિર્ણય કરવા જ આ વિશેષણ છે. અર્થાત્ જીવનું વાસ્તવિક અને સિદ્ધઅવસ્થાનું સ્વરૂપ કર્મમળથી રહિત છે, તે સૂચવવા જ ઉપરોક્ત વિશેષણ છે. તેથી કોઈ દોષ નથી. ॥૧૯૩॥

खलुशब्द एवकारार्थः, परिणाम्येव जीवो भवति ज्ञातव्य इति साध्यनिर्देशः, सुखादियोगादिति हेतुः, अयं हि जीवः कदाचिदिष्टसंप्रयोगादिना सुखीभवति, स एव पश्चादिष्टवियोगानिष्टसंप्रयोगादिना दुःखीभवति, न चैकस्य तथा-तथापरिणमनमन्तरेणायं सुखादियोग उपपद्यते, ततः सुखादियोगान्यथाऽनुपपत्त्या परिणामी जीवो ज्ञातव्यः । स्यादेतत्- सुखादियोगोऽपि स्यान्न च परिणामी को ह्यत्र प्रतिबन्धः? येन परिणामित्व एव सुखादियोग इत्यत आह-- *'णेगंतेत्यादि'* न यस्मादेकान्तनित्यपक्षे अनित्यपक्षे च सुखादियोगो युक्तो, यथा च न युक्तस्तथोपरिष्टादाचार्येण स्वयमेव वक्ष्यते, ततो विपक्षादन्यथाऽनुपपत्त्या व्यावर्त्तमानः परिणाम्यात्मधर्मत्वेन व्याप्यत इति प्रतिबन्धसिद्धिः ॥१९४॥ तत्रैकान्तनित्यपक्षे सुखादियोगस्यायुक्ततां भावयन्नाह--

एगसहावो णिच्चो स जइ सुही णिच्चमेव तब्भावो ।
पावइ तस्स अह दुही दुहभावो दिस्सए चुभयं ॥ १९५ ॥

(एकस्वभावो नित्यः स यदि सुखी नित्यमेव तद्भावः । प्राप्नोति तस्याथ दुःखी दुःखभावो दृश्यते चोभयम्)

यद्ययमात्मा एकान्तनित्य इष्यते ततो हन्त सर्वदैवायमेकस्वभाव इष्टः स्यात्, अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभाव-लक्षणत्वादेकान्तनित्यत्वस्य। ततश्च स यदि सुखी स्यात् ततो *'नित्यमेव'* सर्वदैव तस्य-आत्मनस्तद्भावः सुखिभावः प्राप्नोति। अथ दुःखी तर्हि नित्यमेव दुःखिभावः प्राप्नोति । भवत्वेतत्, का नो हानिरिति चेदत आह-- *'दिस्सते चुभयमिति'* दृश्यते चोभयं-सुखदुःखरूपमात्मनः, तथाहि--स एव पुत्रजन्मादिना सुखी तद्वियोगादिना च दुःखी दृश्यत इति ॥१९५॥ अत्र पराभिप्रायमाशङ्कमान आह--

उभयसहावोत्ति मती जुगवं वेदेज्ज दोऽवि सुहदुक्खे ।
कमवेदगस्सभावोऽणिच्चत्तं पावती अवस्सं ॥ १९६ ॥

(उभयस्वभाव इति मतिः युगपद् वेदयेत द्वे अपि सुखदुःखे । क्रमवेदकस्वभावोऽनित्यत्वं प्राप्नोति अवश्यम्)

अथ स्यादियं मतिः परस्य यथा-दृश्यते एवास्माभिरप्यात्मनः सुखदुःखानुभवो न च दृष्टस्यापह्नवः कर्तुं शक्यते, मा प्रापदतिप्रसङ्गः, तस्मात्सुखदुःखोभयस्वभाव आत्मेष्यत इति, अत्र दूषणमाह- *'जुगवमित्यादि'* यद्येवमिष्यते ततो हन्त युगपदेककालं द्वे अपि सुखदुःखे वेदयेत, उभयस्वभावत्वात्, न च वेदयते, तदनुभवस्य स्वसंवेदनप्रत्यक्षेण क्रमशो

---

*(પરિણામવાદની પુષ્ટિ)*

આમ અમૂર્તત્વની સિદ્ધિ કરી. આ પ્રમાણે દ્વારગાથામાં ઉપન્યસ્ત કરેલ 'અમૂર્ત' દ્વારની વ્યાખ્યા થઇ. હવે 'પરિણામી' દ્વારની વ્યાખ્યા કરતા કહે છે.

*ગાથાર્થ* :- જીવ સુખઆદિના યોગથી પરિણામી સમજવો. એકાન્તનિત્યપક્ષે અને એકાન્તઅનિત્ય પક્ષે તે (=સુખઆદિનો યોગ) સંભવે નહિ.

('ખલુ'શબ્દ 'જ'કાર અર્થક છે.) 'જીવ પરિણામી જ હોય છે' આ પ્રમાણે સાધ્યનિર્દેશ-પ્રતિજ્ઞા છે. (જીવપક્ષમાં 'પરિણામિત્વ' ધર્મ સાધ્ય છે.) સુખઆદિનો યોગ હેતુ છે. (હેતુમાં અસિદ્ધિદોષ નથી- હેતુની પક્ષમાં સિદ્ધિ છે તે બતાવતાં કહે છે) આ જીવ ક્યારેક ઇષ્ટવસ્તુની પ્રાપ્તિવગેરેથી સુખી થાય છે, અને પાછળથી ઇષ્ટવસ્તુના વિયોગથી કે અનિષ્ટની પ્રાપ્તિથી દુઃખી થાય છે. જો એકનો એક જીવ તેવા તેવા રૂપે પરિણામ પામે નહિ, તો આ સુખવગેરેનો સંગમ સંભવે નહિ. તેથી સુખઆદિનો સંગમ અન્યથા અનુપપન્ન થવાદ્વારા જીવને પરિણામી સિદ્ધ કરે છે.

અહીં વિપક્ષની કલ્પના કરતાં કોઇ કહે છે ➡ જીવ સુખઆદિના સંગમવાળો હોય, અને પરિણામી ન હોય, તો શો વાંધો છે ? અહીં એવો ક્યો પ્રતિબંધ=વ્યાપ્તિસંબંધ છે જેથી જીવમાં પરિણામિપણું હોય, તો જ સુખવગેરેનો સંગમ હોય, તેમ કહેવાય. (સમાધાનમાં વિપક્ષબાધક તર્ક બતાવતા અપરિણામિતા માનવામાં=એકાંત નિત્ય કે અનિત્ય માનવામાં દોષ બતાવે છે.) એકાન્ત નિત્યપક્ષે અને એકાન્તઅનિત્યપક્ષે સુખવગેરે સંભવે નહિ. કેમ નહિ સંભવે? તે હવે પછી મૂળકાર આચાર્ય પોતે જ બતાવશે. સુખાદિયોગ અન્યથાઅનુપપત્તિદ્વારા એકાન્તનિત્ય-અનિત્યપક્ષરૂપ વિપક્ષમાંથી વ્યાવૃત્ત થાય છે. અને પરિણામી આત્મધર્મત્વથી વ્યાપ્ત બને છે. આમ વ્યાપ્તિ સિદ્ધ થાય છે. ॥૧૯૪॥

*(એકાન્તનિત્યપક્ષનું ખંડન)*

અહીં જીવને એકાન્તે નિત્ય માનતા પક્ષે સુખવગેરેનાં યોગ કેમ ન સંભવે ? તે બતાવે છે --

*ગાથાર્થ* :- એકસ્વભાવવાળો નિત્ય તે(=જીવ) જો સુખી હોય, તો હંમેશા તેને(=જીવને) સુખ જ પ્રાપ્ત થવું જોઇએ. અને જો દુઃખી હોય, તો હંમેશા દુઃખ જ મળવું જોઇએ, પરંતુ ઉભય (=સુખ અને દુઃખ) દેખાય છે.

જો આ આત્મા એકાન્તનિત્ય ઇષ્ટ હોય, તો તે (=આત્મા) હંમેશા એક જ સ્વભાવમાં રહેનારો માન્ય બનશે. કારણકે *'ઉત્પન્ન થવું નહિ, નાશ પામવો નહિ અને હંમેશા એક જ સ્વભાવમાં રહેવું'* એકાન્તનિત્યનું આ જ લક્ષણ છે. તેથી જો આ એકાન્તનિત્ય જીવ સુખી હોય, તો હંમેશા તે સુખી જ રહેવો જોઇએ, અને દુઃખી હોય તો હંમેશા દુઃખી જ રહેવો જોઇએ.

*શંકા* :- ભલે તેમ થાઓ, તેમાં અમારે શો વાંધો હોય ?

*સમાધાન* :- કેમ વળી! તમારા મતે સુખી જીવ સુખી જ રહેવો જોઇએ, અને દુઃખી જીવ દુઃખમાં જ સબડવો જોઇએ જ્યારે વાસ્તવમાં પ્રાયઃ દરેક જીવ સુખ-દુઃખની ઘટમાળમાં અટવાયા જ કરતો હોય છે. જીવો પુત્રજન્મવગેરેને પામી સુખી અને તેના વિયોગઆદિને પામી દુઃખી થતા દેખાય જ છે. ॥૧૯૫॥

निश्चीयमानत्वात्, यश्च क्वचित् यौगपद्याभिमानो यथा नदीमुत्तरता यदैव पादयोः शीतलजलसंस्पर्शात्सुखमनुभूयते तदैव खल्वाटे शिरस्यातपसंपर्कतो दुःखमपीति, सा भ्रान्तिः, कालस्यात्यन्तसूक्ष्मत्वेन मनसोऽतीवाशुसंचारित्वेन च क्रमानुभवस्य सतोऽप्यनुपलक्षणात्, उत्पलदलशतक्रमवेधवत् । मनो ह्यत्यन्तसूक्ष्मं, ततो यदैकेन स्पर्शनेन्द्रियदेशेन सह संबध्यते न तदैवान्येन, यद्देशेनैव च सह संबद्धं तद्देश एव विज्ञानहेतुः नेतरत्र, ततो न युगपद्विज्ञानानुभवसंभव इति स यौगपद्येनानुभवाभिमानो भ्रान्तिमात्रमेव । तदुक्तम्--[1]*सुहुमाऽऽसुचरं चित्तं इंदियदेसेण जेण जं कालं । संबज्झइ तं तम्मत्तनाणहेउत्ति नो तेण ॥१॥ उवलब्भइ किरियाओ जुगवं दो दूरदेसभिन्नाओ । पायसिरोगयसीउण्हवेयणाणुभवरूवाओ ॥२॥ इति"।* अपि च युगपज्ज्ञानानुत्पत्तिरेव मनसो लिङ्गम्, यौगपद्यं चेत् ज्ञानस्याभ्युपगम्येत ततस्तदन्यलिङ्गाभावान्मनःकल्पना निरालम्बना स्यादिति। स्यादेतत्-यदि नाम तस्योभयस्वभावता तथापि कथं सदा यौगपद्येन सुखदुःखानुभवप्रसङ्ग आपद्यते, न हि तस्येत्थंभूतः स्वभावो, यदुत सदा यौगपद्येन सुखदुःखे वेदयितव्ये, किंतु सामान्येनोभयवेदकत्वम्, तथा च सति कदाचित्सुखं वेदयिष्यते कदाचिद्दुःखमपीति न कश्चिद्दोष इत्यत आह--*'कमवेयगेत्यादि'* क्रमेण सुखदुःखयोर्वेदके स्वभावे इष्यमाणेऽवश्यमनित्यत्वं तस्य प्राप्नोति ॥ १९६ ॥ कथमिति चेत्? अत आह--

वेदेइ जया स सुहं न तदा दुहवेदगस्सभावो से ।
तन्निव्वित्तीए तओऽणिच्चो सो जं तओऽणण्णो ॥ १९७ ॥

(वेदयते यदा स सुखं न तदा दुःखवेदकस्वभावस्तस्य । तन्निवृत्तौ सकोऽनित्यः स यत्ततोऽनन्यः)

क्रमेण हि सुखदुःखयोर्वेदके स्वभावे इष्यमाणे वेदयते यदा आत्मा सुखं न तदा-सुखवेदनकाले *'से'* तस्यात्मनो दुःखवेदकस्वभावो विद्यते, ततश्च तदा तस्य-दुःखवेदकस्वभावस्य निवृत्तौ सत्यां *'तउत्ति'* सक आत्मा अनित्यः प्राप्नोति, स्वभावनिवृत्तौ कथञ्चित्स्वभाववतोऽपि निवृत्तेः, कथमित्यत आह-*'सो जं तओऽणण्णो'* सः-दुःखवेदकः स्वभावो यत्-यस्मात्ततः-तदात्मनः सकाशादनन्यः-अनर्थान्तरभूतः, न हि स्वभावः स्वभाविनोऽर्थान्तरभूतो भवितुमर्हति,

---

અહીં અન્યના આશયનો આવિર્ભાવ કરતા કહે છે.

*ગાથાર્થ* :- જીવ ઉભયસ્વભાવી છે, તેવી બુદ્ધિ કરશો, તો એક સાથે સુખદુઃખના સંવેદનનો પ્રસંગ છે. ક્રમશઃ વેદક સ્વભાવ સ્વીકારવામાં અવશ્ય અનિત્યતાની પ્રાપ્તિ છે.

*પૂર્વપક્ષ* :- અમે પણ જોઇએ જ છીએ કે જીવ સુખ અને દુઃખ બન્નેનો અનુભવ કરે છે. અને જે દેખાતું હોય, તેનો નિષેધ ન કરી શકાય. અન્યથા અતિપ્રસંગ આવે. તેથી અમે જીવને સુખ-દુઃખઉભય સ્વભાવી સ્વીકારીએ છીએ.

*(એક સાથે બે અનુભવનો નિષેધ)*

*ઉત્તરપક્ષ* :- જો આમ સ્વીકારશો, તો જીવ એકકાળે સુખ અને દુઃખ બન્નેનો અનુભવ કરે છે, તેમ સ્વીકારવું પડશે. કેમકે તેનો ઉભયસ્વભાવ છે. પરંતુ એકીસાથે બન્નેનો અનુભવ થતો નથી, કેમકે સ્વસંવેદનપ્રત્યક્ષથી એવો નિશ્ચય થઇ શકે છે કે, સુખ અને દુઃખનો અનુભવ ક્રમશઃ છે.

*પૂર્વપક્ષ* :- ક્યારેક સુખદુઃખનો એકીસાથે અનુભવ પણ થાય છે. જેમકે નદી ઉતરતા ટાલવાળા માણસને જ્યારે પગમાં ઠંડા પાણીના સ્પર્શથી સુખનો અનુભવ થાય છે, ત્યારે જ વાળ વિનાના માથાપર સૂર્યનો તડકો પડવાથી દુઃખનો અનુભવ પણ થાય છે.

*ઉત્તરપક્ષ* :- આ યુગપદ્ સુખ-દુઃખના અનુભવનું અભિમાન ભ્રાન્તિયુક્ત છે, સમય અત્યન્ત સૂક્ષ્મ છે, અને મન અત્યંત શીઘ્રગતિવાળું છે. તેથી ક્રમિક અનુભવ થતો હોવા છતાં નજરમાં આવતો નથી. અહીં કમળની સો પાંખડીના વેધનું દૃષ્ટાન્ત છે. મન અત્યંત સૂક્ષ્મ છે. તેથી જ્યારે સ્પર્શેન્દ્રિયના એકભાગસાથે સંબંધિત થાય છે, ત્યારે બીજાભાગસાથે સંબંધ પામતું નથી. અને જે ભાગસાથે સંબંધમાં આવે છે, તે જ ભાગમાં વિજ્ઞાનનું કારણ બને છે અન્યત્ર નહીં. તેથી એકી સાથે અનેક જ્ઞાનનો અનુભવ સંભવે નહિ. તેથી યુગપદ્ અનુભવનું અભિમાન ભ્રાન્તિમાત્ર છે, સત્ય નથી. કહ્યું જ છે *"સૂક્ષ્મ અને શીઘ્રચારી ચિત્ત ઇન્દ્રિયના જે દેશસાથે જે સમયે જોડાય છે. તે કાળે તે દેશમાત્ર જ જ્ઞાનનો હેતુ બને છે. તેથી શરીરના દૂરના ભાગોથી ભિન્ન બનેલી પગ અને મસ્તક સંબંધી શીત અને ઉષ્ણ અનુભવાત્મક બે ક્રિયાઓ એક સાથે ઉપલબ્ધ (= સંવિદિત) થતી નથી."* ॥૧।૨॥

વળી, 'એક સાથે બે જ્ઞાન ઉત્પન્ન ન થવા,' એ જ, મનનું લિંગ છે. જો જ્ઞાનમાં યૌગપદ્ય સંભવતું હોય, તો મનની સિદ્ધિ માટે બીજું કોઇ લિંગ=સાધન ન હોવાથી મનની કલ્પના જ નિરાલમ્બન=નિરાધાર બની જાય.

*પૂર્વપક્ષ* :- જીવનો ઉભયસ્વભાવ હોય, છતાં પણ હંમેશા એકસાથે જ સુખ-દુઃખના અનુભવનો પ્રસંગ શી રીતે આવે ? તેનો એવો સ્વભાવ તો નથી જ કે હંમેશા સુખ-દુઃખનું વેદન એકસાથે કરવું પરંતુ 'સામાન્યથી સુખ અને દુઃખ બન્ને અનુભવવા' એવો જ સ્વભાવ છે. તેથી ક્યારેક સુખનું વેદન કરશે, તો ક્યારેક દુઃખનું પણ. તેથી કોઇ દોષ નથી.

*ઉત્તરપક્ષ* :- જો આમ જીવનો ક્રમશઃ સુખ-દુઃખ સંવેદન કરવાનો સ્વભાવ ઇષ્ટ હોય, તો તમારે જીવને નિત્યને બદલે અનિત્ય જ માનવો રહ્યો. ॥૧૯૬॥

---

1. सूक्ष्ममाशुचरं चित्तमिन्द्रियदेशेन येन यस्मिन् काले । संबध्यते तस्मिन् तन्मात्रज्ञानहेतुरिति नो तेन ॥१॥ उपलभ्येते क्रिये युगपद् द्वे दूरदेशभिन्ने । पादशिरोगतशीतोष्णवेदनानुभवरूपे ॥२॥

अन्यथा निःस्वभावत्वेन तस्य खरविषाणस्येवाभावप्रसङ्गात्, ततोऽनर्थान्तरभूतस्य दुःखवेदकस्वभावस्य निवृत्तौ तस्याप्यात्मनः कथञ्चिन्निवृत्तिरित्यनित्यत्वम् ॥१९७॥ अत्र पराभिप्रायमाह--

अह णो तस्स निवित्ती कहं ण दुक्खी? जहा सुही. को वा।
उभयसहावत्ते सइ हंदि विसेसो स जेण सुही? ॥ १९८ ॥

(अथ नो तस्य निवृत्तिः कथं न दुःखी? यथा सुखी, को वा । उभयस्वभावत्वे सति हंदि विशेषो स येन सुखी)

अथ स्यादियं मतिः परस्य-न तस्य-दुःखवेदकस्वभावस्य निवृत्तिः, किंतु सोऽपि तदानीं विद्यत एव, ततो न कश्चिद्दोष इति, अत्राह-*'कथमित्यादि'* यदि स दुःखवेदकस्वभावस्तदानीं न निवर्त्तते तर्हि कथं स आत्मा दुःखी न भवति?, यथा सुखी, स हि तदा सुखी सुखवेदकस्वभावत्वाद्भवति, स च वेदकस्वभावस्तदानीं दुःखस्याप्यविशिष्ट इति दुःख्यपि स्यादेव, अथ न सुखस्य दुःखस्य वा वेदकस्वभावसंभवमात्रेणात्मा सुखी दुःखी वा भवति, किंत्वन्यस्माद्विशेषहेतोरित्यत आह--'को वेत्यादि' उभयस्वभावत्वेऽविशिष्टेऽपि *'हंदीति'* परामन्त्रणे को वाऽसौ विशेषो विद्यते? येन विशेषेण संभवता सता आत्मा तदानीं सुखी भवति न तु दुःखी?, नैव कश्चिद्विशेषोऽस्तीति भावः॥ १९८ ॥ परो विशेषमुपदर्शयितुमाह--

अत्थि विसेसो जम्हा स सुही सहकारिकारणं पप्प ।
होइ सयचंदणादी विससत्थादी य दुक्खित्ति ॥ १९९ ॥

(अस्ति विशेषो यस्मात् स सुखी सहकारिकारणं प्राप्य । भवति स्रक्चन्दनादि विषशस्त्रादि च दुःखीति)

---

*પૂર્વપક્ષ* :- શા માટે અનિત્ય માનવો પડે ?

*ઉત્તરપક્ષ* :- જૂઓ, આ રીતે-

*ગાથાર્થ* :- જ્યારે તે સુખનું સંવેદન કરે છે, ત્યારે તેનો દુઃખવેદક સ્વભાવ નથી. અને તેની (=દુઃખવેદક સ્વભાવની) નિવૃત્તિમાં તે (=જીવ) અનિત્ય ઠરે છે કેમકે તે (=દુઃખવેદકસ્વભાવ) તેનાથી (=જીવથી) અભિન્ન છે.

આત્મા જો ક્રમશઃ સુખ-દુઃખવેદકસ્વભાવવાળો ઈષ્ટ હોય, તો આત્મા જ્યારે સુખનું સંવેદન કરતો હોય, ત્યારે દુઃખવેદકસ્વભાવવાળો નથી. (કેમકે જો દુઃખવેદકસ્વભાવ હાજર હોય, તો શું કામ દુઃખનું સંવેદન ન કરે?) આમ તે વખતે દુઃખવેદકસ્વભાવ નિવૃત્ત થાય છે. અને સ્વભાવ સ્વભાવવાનથી અભિન્ન હોય છે એટલે કે દુઃખવેદકસ્વભાવ અને આત્મા અનર્થાન્તરભૂત=અભિન્ન છે.

*શંકા* :- સ્વભાવને સ્વભાવવાનથી ભિન્ન માનવામાં શો વાંધો છે ?

*સમાધાન* :- જો સ્વભાવીથી સ્વભાવ ભિન્ન હોય, તો સ્વભાવી પોતે સ્વભાવહીન થવાથી ગધેડાના શિંગડાની જેમ સર્વથા અસત્ બની જાય. તેથી સ્વભાવને સ્વભાવીથી ભિન્ન ન માનતા અભિન્ન માનવો પડે. તેથી સ્વભાવની નિવૃત્તિમાં સ્વભાવવાનની પણ નિવૃત્તિ માનવી પડે. તેથી સ્વભાવવાન=આત્માની કથંચિદ્ નિવૃત્તિ થવાથી આત્માને અનિત્ય સ્વીકારવો પડે. (અહીં એટલો ખ્યાલ રાખવો કે જૈનમતે સ્વભાવ સ્વભાવીથી કથંચિત્ જ અભિન્ન છે. તેથી સ્વભાવના નાશમાં સ્વભાવી આત્માનો કથંચિત્ નાશ અને કથંચિત્ અનિત્યતા જ ઈષ્ટ છે. નહિ કે સર્વથા નાશ કે અનિત્યતા. સ્વભાવ અને સ્વભાવીમાં ભેદ માનવામાં બતાવેલી આપત્તિ પણ સર્વથા ભેદ માનવાના પક્ષે જ છે. કથંચિદ્ અભેદ તો ઈષ્ટ જ છે.) ॥૧૯૭॥

અહીં બીજાનો આશય બતાવે છે.

*ગાથાર્થ* :-(પૂર્વપક્ષ) તેની (=દુઃખસ્વભાવની) નિવૃત્તિ થતી નથી.(ઉત્તર) તો, તે જેમ સુખી છે, તેમ દુઃખી કેમ નથી ? અથવા ઉભયસ્વભાવ હોવા છતાં ક્યો વિશેષ છે કે જેથી તે સુખી છે ?

*(સુખાદિવેદનકાળે વિશેષકારણની હાજરી)*

*પૂર્વપક્ષ* :- સુખવેદકકાળે જીવના દુઃખવેદકસ્વભાવની નિવૃત્તિ થતી નથી, અર્થાત્ દુઃખવેદકસ્વભાવ પણ હાજર જ હોય છે. તેથી અનિત્યતાનો દોષ નથી.

*ઉત્તરપક્ષ* :- જો તે દુઃખવેદકસ્વભાવ સુખવેદનકાળે દૂર થતો ન હોય, તો આત્મા જેમ સુખી થાય છે, તેમ દુઃખી કેમ નથી થતો ? અર્થાત્ થવો જ જોઇએ. કેમકે જેમ ત્યારે સુખવેદકસ્વભાવ હોવાથી જ સુખી છે, તેમ ત્યારે દુઃખવેદકસ્વભાવ પણ સમાનતયા હાજર જ છે.

*પૂર્વપક્ષ* :- સુખવેદકસ્વભાવ કે દુઃખવેદકસ્વભાવની હાજરીમાત્રથી કંઇ આત્મા સુખી કે દુઃખી થતો નથી, પરંતુ અન્ય વિશેષકારણની હાજરીથી જ સુખી કે દુઃખી થાય છે. તેથી ઉભયવેદકસ્વભાવ સમકાળે હાજર હોવા છતાં જેના વિશેષકારણ હાજર હોય, તેનો અનુભવ કરે.

*ઉત્તરપક્ષ* :- તો એ બતાવો, કે તે વખતે એવો ક્યો વિશેષ હેતુ હાજર છે, કે જેથી તે આત્મા ત્યારે સુખી જ થાય છે દુઃખી નહિ. અમને તો એવો કોઇ વિશેષ હેતુ દેખાતો નથી. ॥૧૯૮॥

પૂર્વપક્ષકાર વિશેષહેતુનું ઉપદર્શન કરાવતા કહે છે-

*ગાથાર્થ* :- વિશેષ છે. કેમકે તે માળા, ચંદન આદિ સહકારી કારણને પામી સુખી થાય છે, અને વિષ, શસ્ત્ર વગેરે સહકારી કારણને પામી દુઃખી થાય છે.

अस्ति विशेषो यद्वशादुभयस्वभावत्वेऽविशिष्टेऽपि कदाचित् सुखी कदाचिद्दुःखी, तमेव विशेषं सुखादिलक्षण-कार्यान्वयव्यतिरेकाभ्यां दर्शयति-यस्मात्सः-आत्मा स्रक्चन्दनादिकं सहकारिकारणं प्राप्य सुखी भवति, विषशस्त्रादिकं च सहकारिकारणमासाद्य दुःखी, अस्माच्चान्वयाभिधानाद्व्यतिरेकोऽपि लभ्यते, अन्वयस्य व्यतिरेकाविनाभूतत्वात्, ततश्च यतः स्रक्चन्दनाद्यभावे न सुखी भवति नापि विषशस्त्राद्यभावे दुःखी, तस्मादस्त्येव च स्रक्चन्दनादिविषशस्त्रादिलक्षण-सहकारिकारणसन्निधानरूपो विशेष इति ॥१९९॥ स्यादेतत्-यद्येवं विशेषस्ततोऽस्यापि युगपत्संनिधानात्स एव यौगपद्येन सुखदुःखानुभवप्रसङ्गः प्राप्त इत्यत आह--

ण य तेसि सण्णिहाणं जुगवं नो तेण होंति सुहदुक्खा ।
इय उभयसन्निहाणे पावइ नणु उभयभावोऽवि ॥ २०० ॥

(न च तेषां सन्निधानं युगपन्नो तेन भवतः सुखदुःखे । इति उभयसन्निधाने प्राप्नोति ननु उभयभावोऽपि)

न च *'तेषां'* स्रक्चन्दनादीनां विषशस्त्रादीनां च युगपद्-एककालं सन्निधानं, किंतु कदाचित्, केषाञ्चित् तेन कारणेन न सुखदुःखे युगपद्भवतः । अत्र दूषणमाह--*'इय'* इत्यादि, इतिरेवमर्थे, एवं सति कदाचिदुभयस्य-स्रक्चन्दनादिविषशस्त्रादिलक्षणस्य सन्निधाने सति, नन्विति पराक्षेपे, तस्यात्मन उभयभावोऽपि-सुखदुःखभावोऽपि प्राप्नोति, तथाकारणसंभवात्, अन्यथा तत्तस्य कारणमेव न स्यात्, न चोभयसन्निधानं न भवति, कदाचित्तथोपलम्भात्, न च तथोभयसन्निधानेऽपि कदाचनापि सुखदुःखोभयभावो यथोक्तं प्रागिति यत्किञ्चिदेतत् ॥२००॥

सहकारिकारणं से किं उवगारं करेइ किं वा णो? ।
जं पप्प होइ स सुही दुहावि दोसा अणेगविहा ॥ २०१ ॥

(सहकारिकारणं तस्य किमुपकारं करोति किं वा नो? । यत्प्राप्य भवति स सुखी द्विधापि दोषा अनेकविधाः)

यत् सहकारिकारणं स्रक्चन्दनादिकं विषशस्त्रादिकं वा प्राप्य स सुखी भवति, उपलक्षणमेतत् दुःखी वा भवति, तत् *'से'* तस्यात्मनः किमुपकारं करोति किंवा नेति पक्षद्वयम्, किंचात इति चेदत आह *'दुहावि दोसा*

---

*પૂર્વપક્ષ* :- ઉભયસ્વભાવ સમાનતયા હોવા છતાં, ક્યારેક સુખ અને ક્યારેક દુઃખની પ્રાપ્તિમાં વિશેષહેતુ છે. સુખઆદિ કાર્યના અન્વય-વ્યતિરેકદ્વારા તે વિશેષહેતુ આ પ્રમાણે સિદ્ધ છે → જીવ પુષ્પમાળા, ચંદનવગેરે સહકારીકારણોને પામી સુખી થતો દેખાય છે. તેજ પ્રમાણે ઝેર, શસ્ત્રવગેરે સહકારી કારણોને પામી દુઃખી થતો દેખાય છે. આ અન્વયદર્શનથી વ્યતિરેક પણ ઉપલબ્ધ થાય છે, કેમકે અન્વય વ્યતિરેકને અવિનાભૂત છે. (અર્થાત્ બે ભાવવચ્ચે યથાર્થ અન્વય તો જ મળે, જો બે વચ્ચે યથાર્થ વ્યતિરેકસંબંધ પણ હોય.) તેથી જો ફૂલમાળા, ચંદનઆદિ સહકારીકારણો હાજર ન હોય, તો જીવ સુખી થતો નથી. તેમજ, ઝેર, શસ્ત્રઆદિ સહકારીકારણોની ગેરહાજરીમાં દુઃખી થતો નથી એવો વ્યતિરેક પણ ઉપલબ્ધ થાય છે. તેથી પુષ્પમાળા, ચંદન, ઝેર, શસ્ત્રવગેરેરૂપ સહકારીકારણોની હાજરીરૂપ વિશેષહેતુ છે જ. (કે જેના કારણે સુખ-દુઃખનું ચક્કર ઘૂમ્યા કરે છે.) ૧૯૯

(મૂળ પૂર્વપક્ષની અંદર ઉત્તરપક્ષના આભાસરૂપ પેટાપૂર્વપક્ષનો આશય) જો આ પ્રમાણે વિશેષહેતુઓ હોય, તો તે વિશેષહેતુઓની એકી સાથે પ્રાપ્તિ થવાથી ફરીથી એજ એકસાથે સુખ-દુઃખના અનુભવનો પ્રસંગ આવીને ઉભો રહ્યો.

અહીં મૂળપૂર્વપક્ષકાર સમાધાન બતાવે છે-

*ગાથાર્થ* :- તેઓની (=વિશેષહેતુઓની) એક સાથે હાજરી થતી નથી. તેથી એકસાથે સુખ-દુઃખ નથી. (ઉત્તર) ઉભયની હાજરીમાં ઉભય (=સુખ દુઃખ) ની આપત્તિ પ્રાપ્ત થાય છે.

પુષ્પમાળા, ચંદનવગેરે સુખના વિશેષ હેતુઓ અને ઝેર, શસ્ત્રવગેરે દુઃખના વિશેષ હેતુઓ એકસાથે પ્રાપ્ત નથી, પરંતુ ક્યારેક તેઓમાનાં કોઇક જ પ્રાપ્ત થાય છે. તેથી સુખ-દુઃખ એકસાથે આવતા નથી.

*ઉત્તરપક્ષ* :- આનું તાત્પર્ય તો એ જ આવીને ઉભુ રહ્યું કે, ક્યારેક જ્યારે ફૂલની માળા કે ચંદનવગેરે સુખના વિશેષ હેતુ અને ઝેર કે શસ્ત્રવગેરે દુઃખના વિશેષહેતુ એક સાથે હાજર થઇ જાય, ત્યારે આત્મા સુખદુઃખ ઉભયને એકસાથે અનુભવે. ('નનુ'પદ પૂર્વપક્ષપર આક્ષેપનું સૂચન કરે છે.) કેમકે ઉભયના કારણ હાજર છે. જો ઉભયના કારણ હાજર હોવા છતાં સુખદુઃખઉભયમાંથી એકનું જ સંવેદન થતું માનશો, તો પેલા વિશેષકારણો કારણરૂપ જ નહિ રહે. કેમકે તેઓની હાજરી હોવા છતાં, અને ઉભયસ્વભાવ પણ હોવા છતાં સુખ કે દુઃખરૂપ સ્વકાર્ય ન થયું. અને કાર્યની અન્ય સામગ્રી હાજર હોવા છતાં જેની હાજરી કાર્યપ્રત્યે ઉદાસીનભાવ રાખે, તે કારણ ન ગણાય. જેમકે કપડાના બીજા બધા કારણ હાજર થવા છતાં માટી કપડારૂપ કાર્યમાટે ઉદાસીનભાવ રાખતું હોવાથી માટી કપડાનું કારણ નથી. પ્રસ્તુતમાં 'ઉભય(સુખદુઃખ)ના વિશેષહેતુઓ ક્યારેય એકસાથે પ્રાપ્ત થતાં જ નથી.' આમ કહેવું યોગ્ય નથી. કેમકે ઘણીવખત ઉભયના વિશેષકારણો એકસાથે આવતા દેખાય જ છે.(જેમકે નદી ઉતરતા તાપ અને જળની શીતળતા.)'તે વખતે સુખદુઃખઉભયનો એકસાથે અનુભવ થશે' આવું કથન પણ હાસ્યાસ્પદ જ છે. કેમકે "ક્યારેય સુખદુઃખનો અનુભવ એકસાથે થતો નથી." તેમ પૂર્વે કહી જ ગયા છીએ. તેથી તમારી વિશેષહેતુની દલીલ પોકળ ઠરે છે. ॥૨૦૦॥

### (સહકારિકૃત ઉપકારાદિ ચિંતા)

*ગાથાર્થ* :- જે માળા, ચંદનઆદિ સહકારી કારણને પામી તે સુખી થાય છે, તે સહકારી કારણ શું તેના (=જીવ) પર ઉપકાર કરે છે ? કે નહિ? આ બન્ને પક્ષે અનેક પ્રકારના દોષો છે.

અહીં ઉપલક્ષણથી ઝેર, શસ્ત્રાદિ સહકારીને પામી દુઃખી થવા અંગે પણ સમજી લેવું. ॥ ૨૦૧ ॥

દોષો બતાવે છે.-

*अणेगविहा'* द्विविधापि द्वाभ्यामपि उपकारकरणाकरणलक्षणाभ्यां प्रकाराभ्यां दोषा वक्ष्यमाणा अनेकविधाः-अनेकप्रकाराः प्राप्नुवन्ति ॥२०१॥ तानेवाह--

जइ कुणइ हंत तत्तो भिन्नमभिन्नं व तं करेज्जत्ति? ।
भिन्ने ण तेण जोगो होइ अणिच्चो अभिन्नम्मि ॥ २०२ ॥

(यदि करोति हन्त ततो भिन्नमभिन्नं वा तं कुर्यादिति?। भिन्ने न तेन योगो भवति अनित्योऽभिन्ने)

यदि करोति तत्सहकारिकारणमुपकारमात्मन इत्यभ्युपगमस्ततो 'हन्तेति' विषादे, तदुक्तम्-*"हन्त संप्रेषणप्रत्य-धारणविषादेष्विति"* आत्मनः सकाशाद्भिन्नम्-अर्थान्तरभूतमभिन्नं वा-अनर्थान्तरभूतं उपकारं कुर्यात्?। पक्षद्वयेऽपि दोषमाह *'भिन्ने इत्यादि'* भिन्ने उपकारे क्रियमाणे न तेन-उपकारेणात्मनो *योगः*--संबन्धः कश्चित् घटते, घटपटवत्, तथा च सति तदापि तदवस्थत्वान्नात्मा सुखी दुःखी वा स्यात्। अथ मा भूदेष दोष इत्यभिन्न उपकारः क्रियत इत्यभ्युप-गम्यते, तदयुक्तम्, विकल्पाभ्यामनुपपत्तेः, तथाहि--स उपकार आत्मनोऽनर्थान्तरभूतः क्रियते किं विद्यमानोऽविद्यमानो वा?, यदि विद्यमानः कथं क्रियते?, कृतस्य करणायोगात्, क्रियते चेत्तर्हनवस्थाप्रसङ्गः, विद्यमानस्यापि हि करणा-भ्युपगमे विद्यमानत्वाविशेषात् भूयो भूयः करणप्रसङ्गः, अथाविद्यमानो, व्याहतमेतत्, सतोऽनर्थान्तरभूतोऽविद्यमानश्चेति, विद्यमानाव्यतिरिक्तो हि विद्यमान एव भवति, अन्यथा तदव्यतिरेकायोगात् । स्यादेतत्-किमनेन गजव्यापादनविकल्पेन (विकल्पकल्पेन) वाग्जालेन? सत एव हि वस्त्रस्य नील्यादिरागद्रव्येणाविद्यमानस्तदव्यतिरिक्तो नीलतादिरूप उपकारः क्रियमाणो दृष्टः, न च दृष्टेऽनुपपन्नं नाम किंचिदित्यतो दूषणान्तरमाह--*'होइ अणिच्चो अभिन्नम्मित्ति'* अभिन्ने--अनर्थान्तरभूते उपकारे क्रियमाणेऽभ्युपगम्यमाने सति आत्मा अनित्यो भवति---प्राप्नोति, उपकारे हि क्रियमाणे स एवात्मा तथाभूतः कृतः स्यात्, तस्य तदव्यतिरिक्तत्वादिति॥२०२॥ एतदेव भिन्नाभिन्नरूपं पक्षद्वयं सप्रपञ्चं भावयति--

जइ भिन्नो उवगारो जातो तत्तो किमागयं तस्स? ।
तत्तो पुणोवि तम्मि भिन्ने दोसोऽणवत्था उ ॥ २०३ ॥

(यदि भिन्न उपकारो जातस्ततः किमागतं तस्य? ततः पुनरपि तस्मिन् भिन्ने दोषोऽनवस्था तु)

यदि स्रक्चन्दनादिकाद्विषशस्त्रादिकाद्वा सहकारिणः सकाशादात्मन उपकारो भिन्नो जातस्ततस्तस्यात्मनः किमा-यातं? नैव किञ्चनेति भावः, स हि तदवस्थ एव, ततः प्राग्वत् स सुखी दुःखी वा तदा न स्यात्, अथ तेन सहकारिजनितेनोपकारेणात्मनः पुनरुपकारः क्रियते ततः कथमुच्यते किमागतं तस्येत्यत आह--*'तत्तो इत्यादि'* ततः-सहकारिकृताद्भिन्नादुपकारात्पुनरपि-भूयोऽपि तस्मिन्नुपकारे भिन्नेऽभ्युपगम्यमाने दोषो महान् प्राप्नोति क इत्याह-अनवस्था तु-अनवस्थाप्रसङ्गः, तुः पूरणे, तथाहि--उपकारेणापि कृत उपकारस्तस्मादात्मनो भिन्न एव स्यादभेदपक्षस्यानभ्युपगमात्, तथा च सति तस्य किमागतमित्यादि तदेवावर्त्तते इत्यनवस्था ॥२०३॥ द्वितीयपक्षे दोषमुद्भावयन्नाह---

---

*ગાથાર્થ* :- જો તે (=સહકારી કારણ) ઉપકાર કરે છે. તો તેનાથી (=જીવથી) ભિન્ન કે અભિન્ન કરશે. ભિન્ન (ઉપકાર) કરશે, તો તેની સાથે (=ઉપકાર સાથે) આત્માનો સંબંધ નહિ થાય. અભિન્ન કરશે, તો આત્મા અનિત્ય ઠરશે.

'સહકારી કારણ આત્માપર ઉપકાર કરે છે,' એ પક્ષે દોષો બતાવે છે. (મૂળમાં 'હન્ત'પદ વિષાદસૂચક છે. કહ્યું છે કે સંપ્રેષણ પ્રત્યવધારણ અને વિષાદઅર્થમાં 'હન્ત'અવ્યય ઉપયુક્ત છે.) સહકારી કારણથી થતો આત્માપર ઉપકાર આત્માથી ભિન્ન છે, કે અભિન્ન ? આ બન્ને પક્ષે દોષો છે. જો કરાતો ઉપકાર આત્માથી ભિન્ન હોય, તો તેનો આત્માસાથે કોઇ સંબંધ ઘટતો નથી. જેમકે આત્માથી ભિન્ન ઘટ, પટ વગેરેનો આત્માસાથે સંબંધ ઘટતો નથી. તેથી તે-તે સહકારી કારણોની હાજરી માં, અને તેઓદ્વારા ઉપકાર થવા છતાં આત્મામાં કોઇ ફેર પડતો ન હોવાથી, આત્મા તો પૂર્વકાલવત્ સુખી કે દુઃખી જ રહેશે.

*પૂર્વપક્ષ* :- ભિન્ન પક્ષે આ દોષ હોવાથી ઉપકારને આત્માથી અભિન્ન સ્વીકારવામાં કોઇ દોષ નથી.

*ઉત્તરપક્ષ* :- આ પક્ષે પણ દોષ છે જ. કેમકે અહીં સંભવતા બન્ને વિકલ્પો અસંગત ઠરે છે. જૂઓ - આત્માથી અભિન્નતયા કરાતો તે ઉપકાર શું વિદ્યમાન કરાય છે, કે અવિદ્યમાન ? વિદ્યમાન ઉપકાર યોગ્ય નથી, કેમકે કૃતનું કરણ સંભવે નહિ, અને કૃત(=કરાયેલું)ના કરણની સ્વીકૃતિમાં અનવસ્થા પ્રસંગ છે. કેમકે વિદ્યમાનના કરણ(=સત્કાર્ય)વાદમાં ફરીફરીથી કરણનો પ્રસંગ છે, કેમકે સર્વદા વિદ્યમાનત્વ સમાન છે. હવે જો, અવિદ્યમાન ઉપકાર કરાતો હોય, તો વદતો વ્યાઘાત પ્રસંગ છે. કેમકે સત્ આત્માથી અભિન્ન ઉપકાર અવિદ્યમાન=અસત્તરીકે સ્વીકારાય છે. વિદ્યમાનથી અભિન્ન વસ્તુ પણ વિદ્યમાન જ હોય, જો અવિદ્યમાન હોય, તો તે વિદ્યમાન વસ્તુથી અભિન્ન સંભવે નહિ.

*પૂર્વપક્ષ* :- (હસ્તિવ્યાપાદન ન્યાય - ગાંડો થયેલો હાથી જો નજીકનાને મારતો હોય, તો પ્રથમ મહાવતને જ મારે. કેમકે તે સૌથી નજીક છે. અને જો દૂરનાને મારે તો ગમે તેટલા દૂર હોય તો પણ મારશે જ. એવા શુષ્ક તર્કવિકલ્પો વ્યવહારમાં નકામાં છે માત્ર વચનઆડંબરરૂપ છે. આ) હસ્તિવ્યાપાદનન્યાયતુલ્ય આવા વચનઆડંબર=વચનવિકલ્પોથી સર્યું. સ્પષ્ટ દેખાય જ છે કે, વિદ્યમાન વસ્ત્રપર ગળીવગેરે રંગ દ્રવ્યો, અવિદ્યમાન અને વસ્ત્રથી અભિન્ન એવા ભુરોરંગઆદિરૂપ ઉપકાર કરે જ છે.અને દૃષ્ટવસ્તુમાં અનુપપત્તિ સંભવતી નથી.

*ઉત્તરપક્ષ* :- ઉભા રહો તમને અહીં અન્ય દૂષણ બતાવીએ છીએ. જો આત્માપર કરાતો ઉપકાર આત્માથી અભિન્ન હોય, તો આત્મા અનિત્ય ઠરે છે. કેમકે ઉપકાર જ્યારે કરાય છે, ત્યારે આત્મા પણ તે રૂપે કરાશે. કારણ કે આત્મા ઉપકારથી અભિન્ન છે. ॥૨૦૨॥

આ જ, ભિન્ન-અભિન્ન રૂપ બન્ને પક્ષનું વિસ્તારથી ભાવન કરે છે.

अभिन्नम्मि अणिच्चो पावइ जीवो तहा य तक्करणे ।

पुव्वातो अन्नो च्चिय भिन्नसहावो कतो होति? ॥ २०४ ॥

(अभिन्नेऽनित्यः प्राप्नोति जीवोस्तथा च तत्करणे । पूर्वस्मादन्य एव भिन्न स्वभावः कृतो भवति)

सहकारिणः सकाशादभिन्ने–अनर्थान्तरभूते उपकारे जाते सति स जीवः–आत्मा अनित्यः प्राप्नोति । कथमित्याह–*'तहा येत्यादि'* तथा चेति अनित्यत्वप्रसक्तिप्रकारोपदर्शने, तत्करणे–तस्य–अनर्थान्तरभूतस्योपकारस्य करणे पूर्वस्मात्–पूर्वकालभाविनो जीवादन्य एव–विभिन्नस्वभावो जीवः कृतो भवतीति ॥२०४॥

अह णो कुणतुवगारं तं. किं तेण? तदन्नभावे य ।

किं ण तओ होइ सुही?. णो अन्नं तस्सहावं चे? ॥ २०५ ॥

(अथ न करोतूपकारं तत्, किं तेन? तदन्यभावे च । किं न सको भवति सुखी? नो अन्यत् तत्स्वभावं चेत्?)

अथ मा प्रापदयं दोष इति न तत् स्रक्चन्दनादिकं विषशस्त्रादिकं वा सहकारिकारणमात्मन उपकारं करोतीति पक्ष आश्रीयते, अत्राह––*'किं तेणंति'* यद्येवं ततः किं तेन सहकारिणाऽपेक्षितेन कार्य?, नैव किञ्चिदिति भावः । तथा च सति *'तदन्यभावे च'* तस्माद्–विवक्षितात्सहकारिणः सकाशादन्यद्–वस्त्वन्तरं तद्भावेऽपि, चोऽपिशब्दार्थे, किन्न सकः–आत्मा भवति सुखी, उपलक्षणमेतद्दुःखी वा?, भवेदेवेति भावः, एतदुक्तं भवति––यदि स्रक्चन्दनादिकं विषशस्त्रादिकं वाऽऽत्मनो नोपकारमाधत्ते तर्हि नैतत्तस्य सहकारि, अकिञ्चित्करत्वात्, अन्यथा सर्वभावानामपि तत्सह–कारित्वप्रसङ्गः, तद्विशेषाकरणेनाविशेषात्, तथा च सत्यकारित्वाविशेषात्तदन्यवस्त्वन्तरभावेऽपि स सुखी दुःखी वा स्यादिति। अत्र पराभिप्रायमाशङ्कमान आह––*'नो अन्नं तस्सहावं चेत्ति'* न अन्यद्–वस्त्वन्तरं तत्स्वभावं–सुखजननस्वभावं दुःखजननस्वभावं वा, किंतु स्रक्चन्दनाद्येव, ततो नान्यभावेऽपि स सुखी दुःखी वा भवतीति चेत्॥२०५॥ अत्राह––

नणु जं कुणउवगारं सहावभेदोऽवि तग्गतो जुत्तो ।

भणिओ विवरीयस्स तु णिरत्थगो सो मुणेयव्वो ॥ २०६ ॥

(ननु यत् करोत्युपकारं स्वभावभेदोऽपि तद्गतो युक्तः । भणितो विपरीतस्य तु निरर्थकः स ज्ञातव्यः)

---

*ગાથાર્થ* :–જો ઉપકાર ભિન્ન થયો, તો તેને(=જીવને) શો લાભ થયો? તેનાથી ફરીથી ભિન્ન હોવામાં અનવસ્થાદોષ છે.

જો માળા, ચંદનવગેરે કે ઝેર, શસ્ત્રાદિ સહકારીઓથી થતો આત્માપર ઉપકાર આત્માથી ભિન્ન હોય, તો તે ઉપકારથી આત્માને શી અસર થવાની ? અર્થાત્ કોઇ અસર નહિ થાય. કેમકે આત્મા તો પોતાની પૂર્વની અવસ્થામાં જ રહેવાનો તેથી તે ઉપકારની પૂર્વે જેમ સુખી કે દુઃખી ન હતો, તેમ ઉપકાર થયા પછી પણ સુખી કે દુઃખી નહિ થાય.

*પૂર્વપક્ષ* :– સહકારીઓએ કરેલો આ ઉપકાર આત્માપર ફરી ઉપકાર કરે જ છે, તેથી 'તે ઉપકારથી આત્માને શી અસર થઇ ?' તે પૂછવાનો અવકાશ જ નથી.

*ઉત્તરપક્ષ* :– સહકારિકૃત અને આત્માથી ભિન્ન એવા તે ઉપકારે જે ઉપકાર કર્યો તે ઉપકાર ભિન્ન છે કે અભિન્ન? જો ભિન્ન માનશો, તો મોટો દોષ છે. કેમકે અનવસ્થાનો પ્રસંગ છે ('તુ'પદ વાક્યપૂર્તિ અર્થે છે.) તે આ પ્રમાણે ➡ ઉપકારે કરેલો ઉપકાર આત્માથી ભિન્ન જ હશે કેમકે અભેદપક્ષ અમાન્ય છે. તેથી તે બીજા ઉપકારથી આત્માને શી અસર થઇ? અહીં ફરીથી તમે કહેશો, કે 'બીજા ઉપકારે આત્માપર નવો ઉપકાર કર્યો.' અમે પૂછશું. 'એ નવો ઉપકાર આત્માથી ભિન્ન છે કે અભિન્ન?' આમ ચક્ર ફર્યા જ કરશે, અને તમે અનવસ્થાદોષના ચુંગાલમાં અટવાઇ જવાના. ॥૨૦૩॥

હવે બીજા અભેદપક્ષમાં દોષદર્શન કરાવે છે.

*ગાથાર્થ* :– (સહકારીઓથી કરાતો ઉપકાર) જો આત્માથી અભિન્ન હોય, તો આત્મા અનિત્ય સાબિત થાય છે. કેમકે તે (=અભિન્ન એવા ઉપકાર)ના કરણમાં પૂર્વકાલીન જીવથી અન્ય જ ભિન્નસ્વભાવવાળો જીવ કરાઇ રહ્યો છે. ('તથા ચ'પદ અનિત્યત્વ પ્રસંગરૂપ પ્રકારનું ઉપદર્શન કરાવે છે.) ॥૨૦૪॥

*ગાથાર્થ* :– (પૂર્વપક્ષ) તે (સહકારી) ઉપકાર કરતું નથી. (ઉત્તર) તો તેનાથી (=સહકારીથી) શું ? વળી સહકારીથી ભિન્નની હાજરીમાં આત્મા કેમ સુખી નથી થતો ? (પૂર્વપક્ષ) અન્ય વસ્તું તે સ્વભાવ (=સુખજનનઆદિ સ્વભાવ) વાળી નથી.

*પૂર્વપક્ષ* :– 'સહકારી ઉપકાર કરે છે' એમ માનવામાં આવા દોષો આવે છે. તેથી "માળા, ચંદન વગેરે કે ઝેર, શસ્ત્રવગેરે સહકારીકારણો આત્માપર ઉપકાર કરતા નથી." એવો પક્ષ સ્વીકારવો હિતાવહ છે.

*ઉત્તરપક્ષ* :– જો એમ હોય, તો અપેક્ષિત સહકારીથી સર્યું. કેમ કે તેનાથી કોઇ કાર્ય સરવાનું નથી. વળી, વિવક્ષિત તે સહકારીથી ભિન્ન વસ્તુની હાજરીમાં પણ આત્મા સુખી કેમ થતો નથી ? (ઉપલક્ષણથી) દુઃખી કેમ થતો નથી ? ('ચ' પદ 'પણ' અર્થે છે.) *તાત્પર્ય* :– જો માળા, ચંદન વગેરે કે ઝેર, શસ્ત્ર વગેરે સહકારીઓ આત્માપર કોઇ ઉપકાર જ ન કરતા હોય, તો તેઓને આત્માના સુખઆદિઅંગે સહકારી માની શકાય નહિ, કેમકે તેઓ કશા કામના નથી. છતાં જો, તેઓ સહકારી તરીકે માન્ય હોય, તો જગતની બધી વસ્તુને સહકારી માનો, કેમકે બધી જ વસ્તુ સમાનતયા નકામી છે. આમ અનુપયોગી તરીકે બધા સમાન હોવાથી કલ્પિત સહકારીથી ભિન્ન વસ્તુની હાજરીમાં પણ આત્મા સુખી કે દુઃખી થવો જોઇએ.

*પૂર્વપક્ષ* :– અમારા અભિપ્રાયને સમજો. જૂઓ ઇષ્ટ સહકારીથી ભિન્નવસ્તુઓમાં સુખ કે દુઃખ ઉત્પન્ન કરવાનો સ્વભાવ નથી, જ્યારે ઇષ્ટ માળા, ચંદનવગેરે સહકારીઓમાં સુખ કે દુઃખ ઉત્પન્ન કરવાનો સ્વભાવ છે. આટલો ભેદ છે. તેથી માળાવગેરેની હાજરીમાં જીવ સુખી કે દુઃખી થાય છે. બીજી વસ્તુઓની હાજરીમાં નહિ. ॥૨૦૫॥

ननु यत्करोत्युपकारमात्मन इति गम्यते, *'स्वभावभेदोऽपि'* स्वभावविशेषोऽपि तद्गत एव भणितुं *'युक्त'*: संगतः, विपरीतस्य तु–अनुपकारकस्य पुनः *'स'* स्वभावविशेषो व्यावर्ण्यमानो निरर्थक एव *'मुणितव्यो'*; ज्ञातव्यः, यस्माद्धि–तदा तस्य स्वभावविशेषव्यावर्णनमुपपद्यते यदा तद्वस्तु उपकारि भवति, यदा तु तद्वस्तु अनुपकारकमेव तदा तत उपकार्यस्य विशेषप्रतिलम्भाभावाविशेषात् तदन्यस्येव तस्यापि स्रक्चन्दनादेः स्वभावविशेषव्यावर्णनमनर्थकमेवेति ॥ २०६ ॥ एतदेव दृष्टान्तेन समर्थयते––

जह खग्गसरिसवाणं अणुम्मि छेदं पडुच्च निच्चम्मि ।
तहवि तओ अत्थि मतो (ती?) अत्थि फलं पति स तुल्लो उ ॥ २०७ ॥

(यथा खड्गसर्षपयोरणौ छेदं प्रतीत्य नित्ये । तथापि सकोऽस्ति मतिः अस्ति फलं प्रति स तुल्यस्तु)

यथा *'नित्ये'* शास्त्रविषये *'अणौ'* परमाणौ *'छेदं'* द्वैधीभावं प्रतीत्य खड्गसर्षपयोः स्वभावविशेषो व्यावर्ण्यमानो निरर्थक उभयोरपि तत्राकिञ्चित्करत्वेनाविशेषात्। अथोच्येत–तथापि–छेदकारित्वाभावाविशेषेऽपि, *'तउत्ति'* सकः स्वभावविशेषः खड्गसर्षपयोः स्वरूपेणास्ति–विद्यते, तथाऽत्रापि उपकारित्वाभावाविशेषो(षेऽपि?) भविष्यतीति, अत्राह––*'अत्थि फलं पइ स तुल्लो उ'* इति, अस्ति खड्गसर्षपयोः स्वरूपेण स्वभावविशेषः, परं स स्वभावविशेषः फलम्–अणुच्छेदनलक्षणं प्रति तुल्य एवोभयोरपि तत्राकिञ्चित्करत्वात्, एवमत्रापि । ततो यथा तयोः स्वभावविशेषो व्यावर्ण्यमानो निरर्थकस्तथेहापीति स्थितम् ॥ २०७ ॥ पुनरप्यत्र पराभिप्रायमपाकर्तुमाशङ्कते—

अह तस्सेव सहावो एसोऽणुवगारिणंपि संपप्प ।
सहकारिकारणं जं होइ सुही अहव दुक्खित्ति ॥ २०८ ॥

(अथ तस्यैव स्वभाव एषोऽनुपकारिणमपि संप्राप्य । सहकारिकारणं यद् भवति सुखी अथवा दुःखीति)

अथ तस्यैवात्मनः एष स्वभावो यत्सहकारिकारणं स्रक्चन्दनादिकं विषशस्त्रादिकं वा अनुपकार्यपि संप्राप्य सुखी दुःखी वा स भवति ॥ २०८ ॥ तदयुक्तम्, विकल्पानुपपत्तेः । यस्माद्धि––

पत्तम्मि सो सहावो किमवेति णवत्ति? चरमपक्खम्मि ।
पुव्वसहावत्ता सो ण सुही पुव्विंव पच्छावि ॥ २०९ ॥

(प्राप्ते स स्वभावः किमपैति? नवेति चरमपक्षे । पूर्वस्वभावत्वात् स न सुखी पूर्वमिव पश्चादपि)

---

અહીં ઉત્તર આપતા કહે છે.

*ગાથાર્થ :–* *ઉત્તરપક્ષ* :– આત્માપર જે ઉપકાર કરતો હોય, તેમાં રહેલા સ્વભાવભેદનું વર્ણન વ્યાજબી છે. પણ જે વિપરીત (=અનુપકારી) છે, તેના સ્વભાવનું વર્ણન તો નિરર્થક જ સમજવું.

જેમ અન્ય વસ્તુ આત્મારૂપ ઉપકાર્યપર કોઇ ઉપકાર કરતી નથી, તો આત્માના સુખ–દુઃખઆદિ પ્રસંગે તેઓના સ્વભાવનું વર્ણન કરવું નિરર્થક છે, તેમ જો પુષ્પમાળાવગેરે કલ્પિત સહકારીઓથી આત્માને કોઇ ઉપકારવિશેષ પ્રાપ્ત થતો ન હોય, તો તેઓના સ્વભાવનું વર્ણન પણ કશા કામનું નથી. ॥૨૦૬॥

આ જ અર્થને દૃષ્ટાન્તથી સમર્થન આપે છે.

*ગાથાર્થ :–* જેમ નિત્ય એવા અણુમાં છેદને આશ્રયી તલવાર અને સરસવના (સ્વભાવનું વર્ણન નિરર્થક છે.) (શંકા) તો પણ તે બેમાં સ્વભાવવિશેષ છે. (ઉત્તર) પરંતુ ફળને આશ્રયી તો તુલ્ય જ છે.

જેમ નિત્ય અને શસ્ત્રથી અછેદ્ય પરમાણુના બે ટુકડા કરવાઅંગે તલવાર અને સરસવ બન્ને સમાનતયા નકામા છે. તેથી ત્યાં તે બન્નેના સ્વભાવનું વર્ણન નિરર્થક છે. (તેમ આત્મા પર સુખાદિઅંગે ઉપકાર કરવામાં નિષ્ફળ એવા સહકારીકારણો અને અન્યોઅંગે સ્વભાવવિશેષનું વર્ણન નિષ્ફળ છે.)

*શંકા* :– ભલે, સરસવ અને તલવાર પરમાણુના છેદઅંગે સમાનતયા નિષ્ફળ છે. છતાં, સ્વરૂપથી તો તે બેમાં સ્વભાવભેદ છે જ. તે જ પ્રમાણે પ્રસ્તુતમાં પણ અનુપકારિતા સમાનતયા હોવા છતાં સ્વભાવભેદ તો હોવો જ જોઇએ.

*ઉત્તરપક્ષ* :– તલવાર અને સરસવમાં સ્વરૂપથી ભલે સ્વભાવભેદ હો. પરંતુ અણુના છેદરૂપ ફળઅંગે તો બન્નેનો તે સ્વભાવવિશેષ તુલ્ય જ છે, કેમકે બન્ને તુલ્યરૂપે અકિંચિત્કર છે. પ્રસ્તુતમાં પુષ્પમાળાવગેરે સહકારી અને અન્યોમાં સ્વરૂપથી ભલે સ્વભાવભેદ હો. પરંતુ આત્માપર ઉપકારઅંગે તો તે બધા સરખીરીતે ઉપયોગ વિનાના છે. તેથી જેમ સરસવ અને તલવારના સ્વભાવભેદનું વર્ણન નિરર્થક છે, તેમ પ્રસ્તુતમાં પણ સ્વભાવભેદનું વર્ણન નિરર્થક છે. તેમ નિર્ણય થાય છે. ॥૨૦૭॥

પ્રસ્તુતમાં ફરીથી બીજાના આશયને ધોઇ નાખવા કહે છે.–

*ગાથાર્થ :–* (પૂર્વપક્ષ) આત્માનો જ આવો સ્વભાવ છે, કે પુષ્પમાળા, ચંદનવગેરે કે ઝેરવગેરે અનુપકારી એવા પણ સહકારી કારણને પામી સુખી કે દુઃખી થવું. ॥૨૦૮॥

*ઉત્તરપક્ષ* :– આ તર્ક પણ બરાબર નથી. કેમ કે વિકલ્પો સંભવતા નથી. જૂઓ–

*ગાથાર્થ :–* તે વિવક્ષિત સહકારી કારણ પ્રાપ્ત થાય, ત્યારે આત્માનો પૂર્વોક્ત તે સ્વભાવ દૂર થાય છે કે નહિ? એમ બે પક્ષ છે. (અહીં બીજો પક્ષ પછી બતાવ્યો છે. તેથી ઉપન્યાસની અપેક્ષાએ અતીવ સમીપવર્તી છે– ઉપસ્થિતિકૃતલાઘવયુક્ત છે. તેથી પ્રથમ તેને ઉદ્દેશી કહે છે.) બીજા પક્ષનો આશ્રય કરવામાં જીવ પૂર્વની જેમ પછી પણ સુખી નહિ થાય ઉપલક્ષણથી દુઃખી પણ નહિ થાય, કેમકે પૂર્વનો સ્વભાવ નાશ પામતો નથી. અર્થાત્ વિવક્ષિત સહકારીની ગેરહાજરીમાં આત્માનો જે સ્વભાવ

तस्मिन् विवक्षिते सहकारिणि प्राप्ते सति आत्मनः स स्वभावः किमपैति नवेति पक्षद्वयम्, तत्र पश्चादुपन्यस्तत्वेन चरमपक्षस्यातीव प्रत्यासन्नत्वात्तमेवाधिकृत्य तावदाह-- *'चरमपक्खम्मीत्यादि'* चरमपक्षे आश्रीयमाणे पूर्वमिव पश्चादपि न सुखी स्यात्, उपलक्षणमेतत्, दुःख्यपि न स्यात्, पूर्वस्वभावाविच्छेदात्, विवक्षितसहकारिसन्निधानाद्धि प्राक् य एवात्मनः स्वभाव आसीत् स एव विवक्षितसहकारिसन्निधानेऽपि, ततः प्रागिव तत्कालेऽपि न सुखी दुःखी वा भवेदिति ॥ २०९ ॥ पर आह--

णणु तं पुव्वमपत्तं पच्छा पत्तंति तह य एसो तु ।
तस्स सहावो भणितो वियप्पणा निप्फला तेण ॥ २१० ॥

(ननु तत् पूर्वमप्राप्तं पश्चात् प्राप्तमिति तथा च एष तु । तस्य स्वभावो भणितो विकल्पना निष्फला तेन)

नन्विति पराक्षेपे, तदुक्तम्- *"प्रश्नावधारणानुज्ञाऽनुनयामन्त्रणवाक्यारम्भप्रत्युक्ताक्षेपे नन्विति"* यस्मात् तत् विवक्षितं सहकारिकारणं पूर्वमप्राप्तं पश्चाच्च प्राप्तम्, तथा आत्मनोऽपि च एष एव स्वभावो भणितः प्रागस्माभिर्यदुत अनुपकार्यपि सहकारिकारणं संप्राप्य सुखी दुःखी वा भवति नान्यथेति, तस्मात् या एषा-किमपैति नवेति विकल्पना सा निष्फलैव, प्रस्तुतार्थव्याघातकारित्वाभावात् ॥ २१० ॥ अत्रोत्तरमाह--

पत्तम्मि अपत्तम्मि य तम्मि सति सव्वहेगरूवस्स ।
एगावत्थस्सऽद्धाभेदोऽवि ण जुज्जती तस्स ॥ २११ ॥

(प्राप्तेऽप्राप्ते च तस्मिन् सति सर्वथैकरूपस्य । एकावस्थस्याऽद्धाभेदोऽपि न युज्यते तस्य)

किं पुण सुहादिभेदो (वि?) मज्झत्थेणंतरप्पणा सम्मं ।
चिंतेहि ता सयं चिय ण एयमवि संगतं णिच्चे ॥ २१२ ॥

(किं पुनः सुखादिभेदोऽपि मध्यस्थेनांतरात्मना सम्यग् । चिन्तय ततः स्वयमेव नैतदपि संगतं नित्ये)

ननु तस्यात्मनस्तस्मिन् सहकारिणि प्राप्ते अप्राप्ते वा सति सर्वथैकरूपस्य-अप्रच्युतानुत्पन्नैकस्थिरस्वभावस्य, एतदेव पर्यायान्तरेण व्याचष्टे-एकावस्थस्य-नित्यमेकस्वभावस्य सतोऽद्धाभेदोऽपि सहकारिप्राप्त्यप्राप्तिविशिष्टो न युज्यते, किं पुनः सुखादिभेदः, स पुनर्दूरापास्त एवेति भावः । इत्येतत्तावत् मध्यस्थेनान्तरात्मना सम्यक् चिन्तय-पर्यालोचय । यद्वा किमत्र चिन्तनेन?, निश्चितमेतत्, एतदपि पूर्वोक्तं *'णणु तं पुव्वमपत्तमि'*त्यादिकं नित्ये आत्मन्यभ्युपगम्यमाने सर्वथा न संगतमेव, यथाहि-विवक्षितसहकारिसन्निधानेन सह सुखि(त्व)भवनलक्षणः स्वभाव आत्मनो नित्य इष्यते, ततः सहकारिणोऽपि विवक्षितस्य नित्यं सन्निधानं प्राप्नोति, अन्यथाऽऽत्मनस्तत्स्वभावत्वहानिप्रसङ्गेनानित्यत्वप्राप्तेः, तथा च सति कुतः सहकारिप्राप्त्यप्राप्तिविशिष्टस्याद्धाभेदस्य संभव इति ॥ २११-२१२ ॥ द्वितीयपक्षमधिकृत्याह---

अहऽवेइ सो सहावो तस्संपत्तीए जुज्जती एतं ।
किंतु अणिच्चो पावइ ण यऽत्थि पक्खंतरं अण्णं ॥ २१३ ॥

(अथापैति स स्वभावस्तत्संप्राप्तौ युज्यते एतत् । किन्तु अनित्यः प्राप्नोति न चास्ति पक्षान्तरमन्यत्)

---

હતો, તે જ સ્વભાવ તે સહકારીની હાજરીમાં પણ રહે છે જ. તેથી જેમ પૂર્વે આત્મા સુખી ન હતો તેમ પછી પણ સુખી નહીં થાય. એજ પ્રમાણે જેમ પૂર્વે દુઃખી ન હતો, તેમ પછી પણ દુઃખી નહિ થાય. ॥૨૦૯॥

અહીં પૂર્વપક્ષ દલીલ કરે છે–

*ગાથાર્થ* :- (પૂર્વપક્ષ) તે સહકારીકારણ પૂર્વે પ્રાપ્ત થયું ન હતું, પછી પ્રાપ્ત થયું, તથા આત્માનો પણ આવો સ્વભાવ છે કે સહકારીકારણને પામી સુખી કે દુઃખી થવું અન્યથા નહિ. આ વાત અમે પૂર્વે કરી જ છે. તેથી આવી (સ્વભાવ દૂર થાય છે કે નહિ?) વિકલ્પના નિરર્થક જ છે. કેમકે પ્રસ્તુત અર્થમાં તે(=વિકલ્પના) વ્યાઘાત કરનારી નથી. (પ્રસ્તુતમાં 'નનુ'પદ અન્યપર આક્ષેપનું સૂચક છે. કહ્યું જ છે કે '(૧) પ્રશ્ન (૨) અવધારણ (૩) અનુજ્ઞા (૪) અનુનય (૫) આમન્ત્રણ (૬) વાક્યારંભે (૭) પ્રત્યુત્તરમાં તથા (૮) આક્ષેપ' આટલા અર્થે 'નનુ' પદ વપરાય છે.) ॥૨૧૦॥

અહીં પ્રત્યુત્તર આપતા કહે છે.

*ગાથાર્થ* :- સહકારી પ્રાપ્ત થાય કે ન થાય, સર્વથા એકરૂપ અને એક અવસ્થામાં રહેલા આત્માઅંગે કાળભેદ પણ ઘટતો નથી, તો સુખઆદિભેદની તો વાત જ ક્યાં કરવી ? તેથી મધ્યસ્થ એવા અંતરઆત્માથી તમે સ્વયં વિચારો કે નિત્ય વસ્તુમાં આ પણ યોગ્ય નથી.

તમે આત્માને સર્વથા અનુત્પન્ન, અવિનાશી, સ્થિર એકમાત્રસ્વભાવવાળો, બીજા શબ્દોમાં કહીએ તો હંમેશા એક જ અવસ્થામાં રહેલો સ્વીકાર્યો છે. આવા આત્માને સહકારી કારણો પ્રાપ્ત થાય તો ય શું ? અને પ્રાપ્ત ન થાય તોય શું ? વળી 'સહકારીવિશિષ્ટકાળ,' અને 'સહકારી વિનાનો કાળ' એવો કાળભેદ પણ ફૂટસ્થનિત્ય આત્માને જો સંભવતો નથી, તો સહકારી કારણો કે તે કારણયુક્ત કાળને આશ્રયી સંભવતા સુખવગેરેનો ભેદ તો સંભવે જ ક્યાંથી? આ વાત તમે જ મધ્યસ્થ થઈને વિચારો. અથવા આવા સુસ્પષ્ટ સ્થળે વિચારથી પણ સર્યું, નિશ્ચય જ થાય છે, કે ફૂટસ્થ નિત્યઆત્મામાં સુખઆદિભેદ ન સંભવે. વળી પૂર્વે જે કહ્યું કે *'નણુ તં પુવ્વમપત્તં'* (ગા.૨૧૦) તે આત્માને એકાન્તનિત્ય સ્વીકારવામાં સર્વથા અસંગત છે. જૂઓ તેવા પ્રકારના સહકારીની હાજરીમાં સુખી થવાનો આત્માનો સ્વભાવ નિત્ય હોય, તેમ તમને ઈષ્ટ છે. આ સ્વભાવની નિત્યતા તો જ ટકી રહે, જો સહકારીઓની હાજરી પણ નિત્ય હોય, નહિતર તો આત્માના તે સ્વભાવમાં ખામી આવી જાય.અને આત્મા

अथ तस्य विवक्षितस्य सहकारिणः संप्राप्तौ सत्यां यः सहकार्यप्राप्त्यवस्थायां स्वभाव आसीत् सोऽपैत्यभ्युपगम्यते, अत्राह--'तस्संपत्तीए इत्यादि', नन्वेवमभ्युपगम्यमाने सति आत्मनस्तत्संप्राप्तौ तस्य-विवक्षितस्य सहकारिणः संप्राप्तौ सत्याम्, 'एतत्' प्रतिनियतकालभावि सुखित्वं दुःखित्वं चोपलभ्यमानं युज्यत एव, तदभवनलक्षणस्वभावनिवृत्तौ तदा तद्भवनलक्षणस्य स्वभावान्तरस्योत्पादात्, किंत्वेवमभ्युपगमे सति स आत्मा अनित्यः प्राप्नोति, "अतादवस्थ्यमनित्यतां ब्रूम" इति न्यायात्, । न च किमपैति नवेतिलक्षणपक्षद्वयव्यतिरिक्तं पक्षान्तरमस्ति, येन भवतामिष्टसिद्धिः स्यात्, आत्मनश्च क्रमेण सुखादित्वमुपपद्येत, तथा चाह--'न अत्थि पक्खंतरं अन्नं' । अथोच्येत तस्यात्मन इत्थंभूत एवैकः स्वभावो येनाऽऽकालं ततस्ततः प्रतिनियतात् स्रक्चन्दनादेर्विषशस्त्रादेर्वा सन्निधीयमानात् सहकारिकारणात् तदा तदा तस्य तस्य सुखित्वस्य दुःखित्वस्य वा भाव इति, तथा च सति सहकारिसन्निधौ पूर्वस्वभावाविनिवृत्तावपि न पूर्ववत् सुखित्वाद्यभावः, पूर्वं तस्य सहकारिणोऽभावात्, संप्रति च तस्य भावात्, न च सुखित्वभवनादूर्ध्वमात्मनस्तस्य स्वभावस्य निवृत्तिः, सदा तथास्वभावत्वात्, न चाऽऽकालं केवलसुखितादिप्रसङ्गः, तथास्वभावत्वादेव, न च वाच्यं कथमित्थमेतदिति, स्वभावस्यापर्यनुयोगार्हत्वादिति । तदेतन्निबिडजडिमावष्टब्धान्तःकरणताविलसितं यदित्थमपि परो विरुद्धं भाषते, तथाहि--सुखित्वादिभावेऽपि सति न स स्वभावो निवर्त्तते यः प्रागासीत्, न च तत्स्वभावानिवृत्तावपि तस्याऽऽकालं केवलसुखादित्व(सुखित्वादि)प्रसङ्ग इति परस्परव्याहतमेतत्। यदि हि तस्य स्वभावस्यानिवृत्तिः कथमाकालं न सुखित्वादिप्रसङ्गः, तत्प्रसङ्गाभावश्चेत्कथं तत्स्वभावानिवृत्तिरिति यत्किंचिदेतत् ॥२१३॥ सांप्रतं सांख्यमतमपाचिकीर्षुरिदमाह--

अह अण्णे सुखदुक्खे अण्णो आतत्ति अणुहवो कस्स ।
आबाललोगसिद्धो? तप्पडिबिंबातो तस्सेव ॥ २१४ ॥

(अथान्ये सुखदुःखे अन्य आत्मेति अनुभवः कस्य? । आबाललोकसिद्धः? तत्प्रतिबिम्बात्तस्यैव)

अथ मन्येथाः-अन्ये एव सुखदुःखे अन्यश्चात्मा तत्कथं सुखादियोगान्यथानुपपत्त्या आत्मनः परिणामित्वमापद्यत इति?। अत्राह-'अणुहवो इत्यादि', यदि सुखदुःखाभ्यामेकान्तेनान्य एवात्मा स्यात्तर्हि योऽयमाबाललोकसिद्धः सुखदुःखयोरनुभवः स कस्य स्यात्?, नैव कस्यचिदिति भावः, आत्मनोऽनभ्युपगमात्, अन्यस्य चाचेतनत्वेन घटादेरिव तदभावात् । पर आह-'तप्पडिबिंबाओ तस्सेव' तयोः-सुखदुःखयोः प्रतिबिम्बात्तस्यैवात्मनः सुखाद्यनुभवो नान्यस्येति नानुभवविरोधः ॥ २१४ ॥ अत्रैव दृष्टान्तमाह--

---

આત્મા અનિત્ય ઠરે. આમ સહકારીની હાજરી નિત્ય થવાથી તેની પ્રાપ્તિ અને અપ્રાપ્તિથી વિશિષ્ટ કાળનો ભેદ શી રીતે સંભવે? ॥૨૧૧॥૨૧૨॥

'સહકારીના સાન્નિધ્યથી આત્માનો સ્વભાવ વિલય પામે છે' એવા બીજા(મૂળ પ્રથમ)વિકલ્પરૂપ ફૂગ્ગામાંથી હવા કાઢી નાખતા કહે છે....

*ગાથાર્થ* :- (પૂર્વપક્ષ) સહકારીની પ્રાપ્તિમાં સ્વભાવ દૂર થાય છે. (ઉત્તરપક્ષ) આ વિકલ્પ યોગ્ય છે. પરંતુ તેના સ્વીકારમાં આત્મા અનિત્ય સિદ્ધ થાય છે. અને આ બેને છોડી અન્ય પક્ષ (=વિકલ્પ) તો સંભવતો નથી.

*પૂર્વપક્ષ* :- વિવક્ષિત સહકારિકારણ પ્રાપ્ત થતાની સાથે જ આત્માનો સહકારીની અપ્રાપ્તિકાળે રહેલો સ્વભાવ નાશ પામે છે.

*ઉત્તરપક્ષ* :- આમ સ્વીકારવામાં એક ગુણ છે, કે તે વિવક્ષિત સહકારીની પ્રાપ્તિમાં આત્મા પ્રતિનિયતકાળમાટે સુખી કે દુઃખી રહી શકે. કેમકે સુખી કે દુઃખી નહિ થવાનો સ્વભાવ ટળે છે, અને સુખી કે દુઃખી થવાનો સ્વભાવ ઉત્પન્ન થાય છે. પણ આ ગુણનો લાભ તમને મળવાનો નથી. કેમકે આ વિકલ્પે આત્મા અનિત્ય સિદ્ધ થાય છે. કેમકે *"તે જ અવસ્થામાં સદા ન રહેવું એ જ અનિત્યતા છે તેમ અમે કહીએ છીએ"* આ વચનના ન્યાયથી સ્વભાવભેદે અવસ્થાનો ભેદ થવાથી અવસ્થાવાન આત્મા પણ કથંચિત્ બદલાય છે. અને અનિત્યતા પામે છે. આમ તમારા પાયાના સિદ્ધાન્ત પર જ ઘા થાય છે.

વળી 'દૂર થાય છે કે નહિ ?' આ બે પક્ષને છોડી અન્ય કોઇ પક્ષ જ નથી, કે જેનો આશ્રય કરી તમે સ્વાભિમત સિદ્ધાન્તને સિદ્ધ કરી શકો, અને આત્માના ક્રમિક સુખઆદિપણાને યુક્તિસંગત ઠેરવી શકો.

*પૂર્વપક્ષ* :- તે આત્માનો જ આવા પ્રકારનો એક જ સ્વભાવ છે, કે "હંમેશા પ્રતિનિયત પુષ્પમાળા, ચંદનવગેરે કે ઝેર, શસ્ત્રવગેરે તેવા તેવા હાજર થતાં સહકારીઓના પ્રભાવે ત્યારે ત્યારે તેવા તેવા સુખ કે દુઃખનો અનુભવ થાય." તેથી સહકારી કારણોની હાજરીમાં આવો પૂર્વકાલીન સ્વભાવ નાશ ન પામે, અને છતાં પૂર્વની જેમ સુખનો અભાવ ન રહેતા સુખની પ્રાપ્તિ પણ થાય. પૂર્વે સહકારી ન હતા, તેથી સુખી કે દુઃખી ન હતો પછી સહકારી હાજર થયા. તેથી સુખી કે દુઃખી થયો અને સુખી કે દુઃખી થવા છતાં પૂર્વના સ્વભાવને ઊની આંચ નહિ આવે. કે નાશ પામવાનો ભય નહિ રહે, કેમકે તે સ્વભાવ સદાકાળમાટે છે. અને જૂઓ હંમેશા સુખી કે દુઃખી જ રહેવાનો પ્રસંગ પણ નથી, કેમકે તેનો સ્વભાવ જ એવો છે કે તેવા તેવા સહકારીની હાજરીમાં સુખ કે દુઃખ અનુભવવું. અને હા! એમ ન પૂછશો કે 'તેનો સ્વભાવ આવો જ કેમ છે ?' કેમકે સ્વભાવની વાત જ ન્યારી છે, એમાં આપણાથી કોઇ પ્રશ્ન જ થઇ ન શકે, બોલો! છેને અમારી 'લાકડી ભાંગે નહિ અને સાપ મરે નહિ' એવી વાત.

*ઉત્તરપક્ષ* :- ગાઢ જડતાથી જડ થઇ ગયેલા મનવાળો જ આવું પરસ્પરવિરુદ્ધ બોલવા હિમ્મત કરી શકે. કમાલ છે ને! કે સુખવગેરે વખતે પણ પૂર્વકાલીન સ્વભાવ જતો ન રહે. અને તેવો સ્વભાવ સ્થિર રહેવા છતાં તે કાયમ સુખી ન રહે. અમને એ તો સમજાવો, કે જો હંમેશા આત્માને સુખી રહેવાનો પ્રસંગ નથી, તો તેનો પૂર્વકાલીન સ્વભાવ નિવૃત્ત કેમ થતો નથી? અને

फलिहमणिस्सालत्तग–जोगातो रत्तयव्व एयंपि ।
तस्सेव तहापरिणाम–विरहतो सव्वहाऽ(न?)जुत्तं ॥ २१५ ॥
(स्फटिकमणेरलक्तकयोगाद् रक्ततावदेतदपि । तस्यैव तथापरिणामविरहात् सर्वथाऽयुक्तम्)

**स्फटिकमणिः–उपलविशेषस्तस्य यथा अलक्तकयोगाद् रक्तता भवति तथा आत्मनोऽपि सुखादीनां सन्निधानात् तत्प्रतिबिम्बेन तदनुभव इति । अत्र दूषणमाह–*'एयंपीत्यादि'* एतदपि–प्रतिबिम्बं तस्यैव––आत्मनस्तथापरिणामविरहतः तत्तत्प्रतिबिम्बरूपतापत्तिलक्षणपरिणाममन्तरेण सर्वथा न युक्तम्, स्फटिकोपलस्य हि तत्तदुपधानभेदेन तत्तत्प्रतिबिम्बं युक्तं, तस्यापरापररूपापत्तियोगतः परिणामित्वात्, आत्मा तु त्वया एकान्तनित्य इष्यते, ततस्तस्य तथापरिणामशून्यत्वेन सर्वथा प्रतिबिम्बमयुक्तमेवेति ॥२१५॥ अथ मा भूदेष दोष इति तस्य तथापरिणाम इष्यते, तत आह––**

तस्स य तहपरिणामे परिणामित्तं पसज्जती तह य ।
ल्हायादिसहावत्ता तद्धम्मत्तं सुहादीणं ॥ २१६ ॥
(तस्य च तथापरिणामे परिणामित्वं प्रसज्यते तथा च । ह्लादिस्वभावत्वात् तद्धर्मत्वं सुखादीनाम्)

**तस्य च–आत्मनः प्रतिबिम्बान्यथानुपपत्त्या तथापरिणामे–अपरापरसुखादिप्रतिबिम्बरूपतापत्तिलक्षणेऽभ्युपगम्यमाने परिणामित्वं प्रसज्यते, तथा च सति तस्यात्मनो ह्लादादिस्वभावत्वात् सुखादीनामात्मधर्मत्वं प्रसज्यते, तथाहि––आत्मा सुखादिप्रतिबिम्बरूपपरिणामभावात् ह्लादादिस्वभावो जातो, ह्लादादयश्च सुखादय इति ॥२१६॥ सुखादीनामात्मधर्मत्वमेव सर्वज्ञमुखेन द्रढयति––**

सुहदुक्खे सातेतरकम्मोदयजे जिणेहि पण्णत्ते ।
आयपरिणामरूवे ऊहाविन्नाणगम्मेत्ति ॥ २१७ ॥
(सुखदुःखे सातेतरकर्मोदयजे जिनैः प्रज्ञप्ते । आत्मपरिणामरूपे ऊहाविज्ञानगम्ये इति)

---

જો તે સ્વભાવે ખસવું જ ન હોય, તો તે હંમેશા સુખી કેમ રહેતો નથી ? (સુખી થવાના સ્વભાવ વિના સુખી થઇ શકે નહિ, અને દુઃખી થવાના સ્વભાવ વિના દુઃખી થઇ શકે નહિ. તેથી સુખ-દુઃખકાળે સ્વભાવભેદ થવો જ જોઇએ.) સારાંશ – 'એકાંત નિત્ય' એવું પૂર્વપક્ષીય વચન માલ વિનાનું છે. ॥૨૧૩॥

*(સાંખ્યમતનિરાસ)*

હવે સાંખ્યમતનું ખંડન કરતાં કહે છે-

*ગાથાર્થ* :- (સાંખ્ય) સુખ, દુઃખ ભિન્ન છે, આત્મા ભિન્ન છે. (જૈન) આબાળગોપાળ પ્રસિદ્ધ અનુભવ કોને થશે? (સાંખ્ય) તેના (સુખ દુઃખના) પ્રતિબિંબથી તેને (=આત્માને) જ.

*સાંખ્ય* :- સુખ-દુઃખ અને આત્મા પરસ્પરથી અત્યંત ભિન્ન છે. તેથી સુખવગેરેની અન્યથા અનુપપત્તિ દ્વારા આત્માને પરિણામી સિદ્ધ કરવો અસ્થાને છે.

*જૈન* :- જો આત્મા સુખ અને દુઃખથી એકાન્તે ભિન્ન જ હોય, તો આબાળગોપાળપ્રસિદ્ધ સુખવગેરેનો આ અનુભવ કરનાર કોઇ મળશે નહિ. કેમકે તમે આત્માને સુખઆદિથી એકાન્તભિન્ન કહી આત્માને અનુભવકર્ત્તા તરીકે સ્વીકારતા નથી. અને આત્મભિન્ન વસ્તુઓ ઘડાવગેરેની જેમ અચેતન છે. તેથી તેઓને અનુભવ સંભવતો નથી. છે.

*સાંખ્ય* :- સુખ અને દુઃખનું આત્મામાં પ્રતિબિંબ પડતું હોવાથી આત્મા જ સુખઆદિનો અનુભવ કરે છે. બીજાઓ નહિ. તેથી અનુભવસાથે વિરોધની આપત્તિ નથી. ॥૨૧૪॥

અહીં દૃષ્ટાંત બતાવે છે.

*ગાથાર્થ* :- જેમકે અલક્તક ('અલથો' નામનું પગે લગાડવાનું દ્રવ્યવિશેષ)ના સંબંધથી સ્ફટિકમણિ લાલાશ ધારણ કરે છે. (ઉત્તર) આ પણ આત્માનો તેવા પરિણામ ન હોવાથી તદ્દન અયોગ્ય છે.

સ્ફટિકમણિ નિર્મલ છે. છતાં અલથાવગેરેના સંયોગથી તેમાં લાલાશ દેખાય છે. તેમ આત્મા સ્વયં સુખઆદિથી રહિત છે, છતાં પણ સુખવગેરેના સંનિધાનથી સુખવગેરેનું પ્રતિબિંબ પડતું હોવાથી સુખનો અનુભવ કરે છે. તેમ કહી શકાય.

*ઉત્તરપક્ષ* :- અહીં દૂષણ આ છે ➔ આત્માનો તેવાપ્રકારનો પરિણામ ન હોવાથી આત્મામાં પ્રતિબિંબ સંભવતું નથી. આત્મામાં જો સુખઆદિની પ્રતિબિંબરૂપતા પામવાનો પરિણામ હોય, તો જ તેમાં પ્રતિબિંબ પડે. તેવો પરિણામ ન હોય, તો પ્રતિબિંબ પડે તે સર્વથા અસંગત છે. સ્ફટિક તે તે વસ્તુના સન્નિધાનથી તેવા તેવા રૂપને ધારણ કરે, તે મગજમાં બેસી શકે, કેમકે સ્ફટિકમાં અન્ય અન્ય રૂપની પ્રાપ્તિ સંભવે છે, કેમકે તે પરિણામી છે. જ્યારે તમે આત્માને એકાન્તનિત્ય સ્વીકારો છો તેથી તમારા મતે આત્મા તેવા તેવા પરિણામ વિનાનો છે. તેથી આત્મામાં સુખવગેરેનું પ્રતિબિંબ પડે, તેવી કલ્પના યુક્તિ વિનાની છે. ॥૨૧૫॥

'આવો દોષ ઉભો ન થાય, તે હેતુથી આત્માનો તેવો પરિણામ સ્વીકાર્ય છે' સાંખ્યના આ મત અંગે કહે છે.

*ગાથાર્થ* :- પ્રતિબિંબની અન્યથાઅનુપપત્તિ થવાથી આત્માનો અપરાપરસુખાદિપ્રતિબિંબરૂપતાની આપત્તિરૂપ પરિણામ સ્વીકારવામાં આત્મા પરિણામી થવાનો પ્રસંગ છે. વળી, આત્માનો આહ્લાદાદિસ્વભાવ હોવાથી સુખવગેરે આત્માના ધર્મ છે. 'તે આ પ્રમાણે ➔ આત્મા જ્યારે સુખાદિના પ્રતિબિંબાત્મક પરિણામને ધારણ કરે છે, ત્યારે તે આહ્લાદવગેરે સ્વભાવવાળો થાય છે. અને આહ્લાદવગેરે સુખઆદિરૂપ જ છે. તેથી સુખવગેરે આત્માના ધર્મતરીકે નિર્ણીત થાય છે. ॥૨૧૬॥

सुखदुःखे सातेतरकर्मोदयजे-सातासातवेदनीयकर्मोदयसमुद्भवे आत्मपरिणामरूपे, *'जिनैः'* सर्वज्ञैः प्रज्ञप्ते, न केवलं जिनैः प्रज्ञप्ते ऊहाविज्ञानगम्ये च, दृष्टस्यान्यथानुपपत्त्या अदृष्टस्यानुस्मरणमूहा सा च तद्विज्ञानं च तेन गम्ये यथोक्तं प्राक् । तदेवं जिनैः प्रज्ञप्तत्वात् ऊहाविज्ञानगम्यत्वाच्च सुखादीनामात्मधर्मत्वम्, तथा च सति तेषां सुखादीनामन्यथानुपपत्तेरात्मनः परिणामित्वमिति स्थितम् ॥२१७॥ सांप्रतमतिदेशेनान्येषामपि दूषणमभिधित्सुराह--

एवं अणुहवसिद्धो घडपडसंवेदणादिभेदोऽवि ।
एगंतणिच्चपक्खे न संगतो बंधमोक्खो य ॥ २१८ ॥
(एवमनुभवसिद्धो घटपटसंवेदनादिभेदोऽपि । एकान्तनित्यपक्षे न संगतो बन्धमोक्षौ च)

*'एवम्'* उपदर्शितप्रकारेण एकान्तनित्यपक्षे घटपटसंवेदनादिभेदोऽपि *'अनुभवसिद्धः'* प्रतिप्राणिस्वसंवेदनप्रमाणसिद्धो *'न संगतो'* न युक्तः, तथाहि-न ज्ञानमात्मनोऽर्थान्तरभूतं, तथा सति स्वयमचेतनस्य सतः प्रतिप्राणिप्रसिद्धघटपटादिसंवित्त्यभावप्रसङ्गात्, न च ज्ञानमात्मनि समवेतमिति संवित्त्यभावप्रसङ्गो न युक्त इति वाच्यम्, समवायस्य निषेत्स्यमानत्वात्, किंत्वात्मनोऽनर्थान्तरभूतम्, तथा च सति यद्येकान्तेनात्मा नित्य इष्यते ततः प्रतिप्राणिप्रसिद्धो घटपटसंवेदनादिविवर्त्तः सर्वथा नोपपद्यते, तस्याप्रच्युतानुत्पन्नैकस्थिरस्वभावत्वात्, किंत्वाकालमेकमेव घटाद्यन्यतमसंवेदनं भवेत्, आस्तामेष संवेदनभेदो न संगतः, अपि तु बन्धमोक्षावपि, तथाहि--एकान्तनित्यस्य सतः सर्वदा बन्धो वा स्यात्केवलो मोक्षो वा, न पुनर्द्वयम्, अनित्यत्वप्रसक्तेः, पूर्वतनबन्धलक्षणस्वभावोपमर्देन मुक्तिलक्षणस्य स्वभावान्तरस्योत्पादात्, तस्मात् घटादिसंवेदनान्यथानुपपत्त्या बन्धमोक्षान्यथानुपपत्त्या चात्मा नियमात्परिणामी प्रतिपत्तव्यः ॥२१८॥
तत्र घटादिसंवेदनभेदासंगतत्वमेकान्तनित्यपक्षे बिभावयिषुर्ज्ञानज्ञानिनोरेकान्तभेदाभ्युपगमं निराकुर्वन्नाह--

ण य णाणं णाणिस्सा एगंतेणेव जुज्जते अण्णं ।
पडिवत्तादी ण तओ तस्स हवेज्जा जहऽन्नस्स ॥ २१९ ॥
(न च ज्ञानं ज्ञानिन एकान्तेनैव युज्यतेऽन्यत् । प्रतिपत्त्यादि न ततस्तस्य भवेद् यथाऽन्यस्य)

---

સર્વજ્ઞના વચનથી "સુખવગેરે આત્માના જ ધર્મો છે" એવા કથનને દૃઢ કરે છે.

*ગાથાર્થ* :- સુખ અને દુઃખ ક્રમશઃ સાતા અને અસાતા કર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે અને આત્માના પરિણામરૂપ છે. એમ જિનોએ કહ્યું છે. તથા તર્કવિજ્ઞાનથી પણ ગમ્ય છે.

શાતાવેદનીયકર્મના ઉદયથી અને અશાતાવેદનીયકર્મના ઉદયથી ઉદ્ભવતા સુખ અને દુઃખ આત્માના પરિણામરૂપ જ છે. એમ જિનોએ=સર્વજ્ઞોએ કહ્યું છે. આમ આગમપ્રમાણથી સિદ્ધિ કરી. (પણ કદાચ બીજાઓ જિનને સર્વજ્ઞતરીકે ન સ્વીકારે, અને તેમના વચનોને માન્ય ન રાખે, તેથી તેઓ આગળ તર્ક(રૂપ/અને) વિજ્ઞાનથી સિદ્ધ કરવા કહે છે.) સુખ-દુઃખ આત્મપરિણામરૂપ છે, તે ઊહા(=તર્ક) વિજ્ઞાનથી પણ ગમ્ય છે. ઊહા=દૃષ્ટની અન્યથા અનુપપત્તિદ્વારા અદૃષ્ટનો બોધ (=સ્મૃતિ) કરાવતું જ્ઞાન. તર્કથી સિદ્ધિ પૂર્વે બતાવી જ છે. તેથી જિનોએ કહ્યું હોવાથી, અને ઊહાવિજ્ઞાનથી નિર્ણય થતો હોવાથી સુખવગેરે આત્માના ધર્મતરીકે જ સિદ્ધ છે. આત્માને પરિણામી ન સ્વીકારવામાં આ સુખવગેરે સુયોગ્ય ઠરતા નથી. તેથી તેઓની અન્યથા અનુપપત્તિ દ્વારા આત્મા પરિણામી જ સિદ્ધ થાય છે. ॥૨૧૭॥

*(નિત્યપક્ષે અન્યદોષો)*

હવે અતિદેશથી નિત્યપક્ષે અન્ય સંબંધી દૂષણ પણ બતાવે છે.

*ગાથાર્થ* :- આ જ પ્રમાણે એકાન્તનિત્યપક્ષે અનુભવસિદ્ધ ઘટપટસંવેદનાદિ ભેદ પણ ઘટે નહિ, તેમજ બંધ-મોક્ષ પણ સંભવતા નથી.

ઉપર દર્શાવ્યું એ પ્રમાણે એકાન્તનિત્યપક્ષમાં બધા જીવોને સ્વસંવેદનપ્રત્યક્ષથી સિદ્ધ ઘટસંવેદન અને પટસંવેદન આદિનો ભેદ યુક્તિયુક્ત ન બને, કેમકે જ્ઞાનને આત્માથી ભિન્ન માનવામાં આત્મા સ્વયં જડ બની જાય.

*પૂર્વપક્ષ* :- જ્ઞાન આત્માથી ભિન્ન હોવા છતાં સમવાયસંબંધથી આત્મામાં સમવેત (=રહેલું) છે. તેથી ઘડાવગેરેના સંવેદનના અભાવની આપત્તિ બરાબર નથી.

*ઉત્તરપક્ષ* :- સમવાયઅંગેની તમારી કલ્પના કેટલી બોગસ છે ? તે આગળ બતાવવાના જ છીએ. તેથી તેની કલ્પનાના પાયાપર કરેલી સંવેદનની સિદ્ધિ ટકી શકે નહિ. તેથી જ્ઞાનને આત્માથી ભિન્ન નહિ, પરંતુ અભિન્ન જ સ્વીકારવું જોઇએ. હવે જો, આત્મા એકાન્તે નિત્ય ઇષ્ટ હોય, તો દરેક જીવ જે ઘટસંવેદન, પટસંવેદનવગેરે અનેક સંવેદનપરિણામોને અનુભવે છે, તે યુક્તિસંગત ઠરે નહિ. કારણકે જ્ઞાન અને આત્મા એકાન્ત નિત્ય હોવાથી હંમેશમાટે ઘટઆદિમાંથી કોઇક એકનું જ સંવેદન સંભવે ક્યારેય પટવગેરે અન્યનું સંવેદન થાય જ નહિ. આમ સંવેદનમાં ક્યારેય ભેદ ઊભો ન થાય. આ સંવેદનભેદની વાત જવા દો. પરંતુ બંધ અને મોક્ષતત્ત્વ પણ બેસી શકતા નથી. એકાન્તનિત્ય આત્મા કાંતો હંમેશા બંધ અવસ્થામાં રહે, કાંતો હંમેશા મુક્ત અવસ્થામાં રહે. પણ ક્રમશઃ આ બન્ને અવસ્થાને અનુભવી શકે નહિ. છતાં જો અનુભવી શકે તેમ કહેશો, તો અનિત્યતાનો પ્રસંગ આવે, કારણકે, પૂર્વકાલીન બંધાત્મકસ્વભાવનો છેદ થયા વિના ઉત્તરકાલીન મોક્ષરૂપસ્વભાવ ઉત્પન્ન થઇ શકે નહિ. આમ ઘડાવગેરેના સંવેદનમાં પડતા ભેદની અન્યથાઅનુપપત્તિદ્વારા અને બંધ-મોક્ષની અન્યથાઅનુપપત્તિદ્વારા આત્માને અવશ્ય પરિણામી જ સ્વીકારવો રહ્યો. ॥૨૧૮॥

चशब्दो हेत्वर्थे । यस्मान्न ज्ञानं ज्ञानिनः सकाशादेकान्तेनान्यद्-अर्थान्तरभूतं युज्यते, तथा सति हि तस्य-आत्मनस्ततो-ज्ञानान्नैव प्रतिपत्त्यादि भवेत्, आदिशब्दात्प्रवृत्त्यादिपरिग्रहः, दृष्टान्तमाह-यथा अन्यस्य, यथाहि-न देवदत्त-संबन्धिनो ज्ञानात् जिनदत्तस्य प्रतिपत्त्यादि भवति, विभिन्नत्वात्, तथा आत्मनोऽपि भेदाविशेषात् न ततः प्रतिपत्त्यादि भवेत्, ततो ज्ञानमात्मनोऽनर्थान्तरभूतम्। ततश्च यद्ययमात्मा एकान्तनित्य इष्यते तर्हि तस्याप्रच्युतानुत्पन्नैकस्थिरस्वभावत्वात् घटपटसंवेदनादिभेदो न स्यात्, तस्मादयमात्मा परिणामीति ॥२१९॥ बन्धमोक्षासंगतत्वमेकान्तनित्यपक्षे भावयति--

हिंसादिपरिणती बंधकारणं सा य णिच्चपक्खम्मि ।
एगसहावत्ता सति ण जुज्जतेऽणिच्चभावो वा ॥ २२० ॥

(हिंसादिपरिणति बन्धकारणं सा च नित्यपक्षे । एकस्वभावत्वात् सति न युज्यतेऽनित्यभावो वा)

हिंसादिषु या आत्मनः स्वयंकरणादिरूपतया परिणतिः सा खलु बन्धस्य, प्रकरणात् कर्म्मणामिति गम्यते, कारणं निमित्तम् । उक्तं च-*"क्लिष्टाद्धिंसाद्यनुष्ठानात्, प्राप्तिः, क्लिष्टस्य कर्म्मणः । यथाऽपथ्यभुजो व्याधिरक्लिष्टस्य विपर्ययात् ॥१॥ स्वभाव एष जीवस्य, यत्तथापरिणामभाक् । बध्यते पुण्यपापाभ्यां, माध्यस्थ्यात्तु विमुच्यते ॥२॥"* सा च हिंसादिपरिणतिर्नित्यपक्षे न युज्यते, *'सदा'* सर्वकालम्, एकस्वभावत्वात् । अथ मा भूत् दृष्टविरोध इति साऽभ्युपगम्यते, तर्हि हन्त पूर्वमहिंसादिपरिणतिलक्षणस्वभावोपमर्द्देन हिंसादिपरिणतिलक्षणस्वभावभावादात्मनोऽनित्यत्वापत्तिः, एतदेवाह-*'अणिच्चभावो वा'* ॥२२०॥ उपसंहरन्नाह-(संहारमाह)

तम्हा ण जातु बंधो कारणविरहातों णिच्चबंधो वा ।
बंधऽद्धाभेदम्मि य अणिच्चया पावती तस्स ॥ २२१ ॥

(तस्मान्न जातु बन्धः कारणविरहाद् नित्यबन्धो वा । बन्धाभेदे चानित्यता प्राप्नोति तस्य)

---

અહીં ઘડાવગેરેના સંવેદનોનો ભેદ એકાન્તનિત્યપક્ષે અસંગત છે, તેવું ભાવન કરવાની ઇચ્છાથી પ્રથમ જ્ઞાન અને જ્ઞાની આત્માં વચ્ચેના એકાન્તભેદના સિદ્ધાન્તના છોતરાં ઉખેડતા કહે છે.

*ગાથાર્થ* :- જ્ઞાન જ્ઞાનીથી એકાન્તે ભિન્ન સંભવતું નથી. કેમકે (એકાન્તે ભિન્ન હોય, તો) જ્ઞાનથી જ્ઞાનીને અન્યની જેમ અર્થબોધવગેરે થાય નહિ.

("ચ"પદ હેતુસૂચક છે.) જ્ઞાનને જ્ઞાનીથી એકાન્તે ભિન્ન માનવું યોગ્ય નથી, કેમકે તેમ માનવામાં આત્માને જ્ઞાનથી અર્થબોધવગેરે-વગેરેથી અર્થમાં પ્રવૃત્તિવગેરે સંભવે નહિ, જેમકે અન્યને. જેમ દેવદત્તસંબંધી જ્ઞાનથી જિનદત્તને અર્થનું સંવેદન કે અર્થમાં પ્રવૃત્તિ સંભવતી નથી, કેમકે દેવદત્તનું જ્ઞાન જિનદત્તથી ભિન્ન છે. તે જ પ્રમાણે આત્માને (=દેવદત્તઆદિ આત્માને) પણ સંભવે નહિ. કેમકે જ્ઞાનનો તે આત્માથી ભેદ પણ સમાનતયા છે. (જે ભેદહેતુથી એકના જ્ઞાનથી અન્યને સંવેદન સ્વીકાર્યું નથી, તેજ ભેદહેતુ આત્માઅંગે પણ સમાન છે. તેથી આત્માને પણ અર્થસંવેદન થાય નહિ.) તેથી જ્ઞાન આત્માથી અભિન્ન સિદ્ધ થાય છે. તેથી જો આત્માને નિત્ય સ્વીકારશો, તો આત્મા અવિનાશી, અજ, અને સ્થિરએક સ્વરૂપવાળો સિદ્ધ થવાથી તેનામાં અર્થસંવેદનઅંગે પણ સ્વરૂપભેદ નહિ આવે, તેથી સદામાટે એક જ સરખું સંવેદન થવાની આપત્તિ છે. અને ઘટસંવેદન પટસંવેદનવગેરેરૂપ સંવેદનભેદ અનુપપન્ન બનશે. જો આ સંવેદનભેદ ઈષ્ટ હોય, તો આત્મામાં તે તે સંવેદનોને અનુરૂપ સ્વરૂપભેદ સ્વીકારવો જ રહ્યો. તેથી આત્માને પરિણામી સ્વીકારવામાં જ સાર છે. ॥૨૧૯॥

*(નિત્યપક્ષે બંધમોક્ષાભાવ)*

હવે, એકાન્તનિત્યપક્ષમાં બંધ અને મોક્ષની અસંગતિનું ભાવન કરે છે.

*ગાથાર્થ* :- હિંસાવગેરેની પરિણતિ બંધનું કારણ છે. અને નિત્યપક્ષે હંમેશા એકસ્વભાવ હોવાથી આ પરિણતિ સંભવતી નથી, અન્યથા અનિત્યભાવ પ્રાપ્ત થાય છે.

આત્માની હિંસાવગેરેમાં સ્વયં પ્રવૃત્તથવાવગેરેરૂપે પરિણતિ જ કર્મબંધનું કારણ છે. કહ્યું જ છે કે "ક્લિષ્ટ એવા હિંસા આદિના અનુષ્ઠાનો(=પ્રવૃત્તિ)થી ક્લિષ્ટકર્મની પ્રાપ્તિ થાય છે. જેમકે અપથ્યભોજન કરનારને વ્યાધિ થાય છે. એમ વિપર્યયથી (અક્લિષ્ટ અનુષ્ઠાનથી) અક્લિષ્ટ કર્મ બંધાય છે." "જીવનો જ આ સ્વભાવ છે કે, તેવા પરિણામને પામેલો તે પુણ્ય અને પાપથી બંધાય છે, અને માધ્યસ્થ્યભાવથી (કર્મથી) વિમુક્ત થાય છે. આ હિંસાદિપરિણતિ આત્માને એકાન્તનિત્ય સ્વીકારનાર પક્ષે સંભવે નહિ. કેમકે આત્મા હંમેશા એક જ સ્વભાવમાં રહે.

*પૂર્વપક્ષ* :- આત્મામાં હિંસાદિપરિણતિ પ્રત્યક્ષસિદ્ધ હોવાથી દૃષ્ટવિરોધદોષ ન આવે, એ હેતુથી તે સ્વીકારવી જ રહી.

*ઉત્તરપક્ષ* :- તેમ સ્વીકારવામાં આત્માને અનિત્ય માનવાની આપત્તિ છે. કેમકે પૂર્વકાલીન અહિંસાપરિણતિના નાશથી તદુત્તરકાલીન હિંસાદિપરિણતિસ્વભાવ સંભવે. અને પૂર્વકાલીનપરિણતિના નાશમાં કથંચિદ્ તેરૂપે આત્માનો પણ નાશ થાય છે. તેથી આત્મા અનિત્ય સિદ્ધ થાય છે. ॥૨૨૦॥

ઉપસંહાર કરતા કહે છે.

*ગાથાર્થ* :- તેથી કારણનો અભાવ હોવાથી બંધ સંભવતો નથી, અથવા નિત્ય બંધ સંભવે છે. અને બંધના કાળમાં ભેદ થવામાં આત્માની અનિત્યતા સિદ્ધ થાય છે.

આમ એકાન્તનિત્યપક્ષે હિંસાઆદિપરિણતિ સર્વથા સંભવતી નથી. તેથી ક્યારે'ય આત્માનો બંધ પણ સંભવે નહિ. કેમકે હિંસાઆદિપરિણતિરૂપ બંધના કારણનો અભાવ છે. હવે જો, હિંસાઆદિપરિણતિ સ્વીકારશો, તો આત્મા સદા એક સ્વભાવી

यस्मादेवमेकान्तनित्यपक्षे हिंसादिपरिणतिः सर्वथा न युज्यते तस्मान्न जातु-न कदाचनाप्यात्मनो बन्धः प्राप्नोति, *'कारणविरहाद्'* हिंसादिपरिणतिलक्षणस्य तत्कारणस्याभावात् । अथैतदभ्युपगम्यते तर्हि *तस्य* सदैकस्वभावत्वेन हिंसादि-परिणतिप्रच्युत्यभावात् सर्वदा बन्ध एव प्राप्नोति, न मुक्तिः, तथा चाह-*'निच्चबंधो वा।'* अथोच्येत-कदाचिद्बन्धः कदाचित्पुनरबन्धः, तस्य तथाविधैकस्वभावत्वात्, ततश्च का नो हानिरित्यत आह--*'बंधेत्यादि'* 'बन्धाद्बाभेदे च' बन्धाबन्धकालभेदे चाभ्युपगम्यमाने तस्यात्मनोऽनित्यता प्राप्नोति, तथाहि-यदैवास्यात्मनो(न?)बन्धस्तदैव बन्धकारण-हिंसादिपरिणतिस्वभावो जरसेव यौवनमबन्धकारणेन हिंसादिविरतिपरिणतिस्वभावेनापनीयते अन्यथा तत्परिणतिस्वभावभावेन पूर्वकालवत् बन्धाद्बन्ध एव प्रसज्येत, न ह्यग्निरनपगते दहनस्वभावे न दहतीति, तत्परिणतिस्वभावापगमे च नियतमनित्यतेति ॥२२१॥ मा भूत् बन्धाबन्धकालभेदस्तथापि तस्यानित्यतैवेति प्रतिपादयन्नाह--

तदभेदम्मि य एगम्मि चेव समयम्मि सव्वबंधातो ।
बिइए अबंधगत्तं सहावभेदाउ तोऽणिच्चो ॥ २२२ ॥

(तदभेदे चैकस्मिन्नेव समये सर्वबन्धात् । द्वितीयेऽबंधकत्वं स्वभावभेदात्तस्मादनित्यः)

तस्याः-बन्धाद्बाया अभेदेऽपि बन्धाबन्धकालभेदाभावेऽपीत्यर्थः, एकस्मिन्नेव समये सर्वकर्मबन्धात् यत्कर्म्म बद्धव्यं तस्य सर्वस्यापि बन्धभावात् द्वितीयसमये बन्धनीयकर्म्माभावादबन्धकत्वम्, तथाहि--येनैव स्वभावेन प्रथमसमये कर्म्म बध्नाति तेनैव द्वितीयादिष्वपि समयेषु, न स्वभावान्तरेण, तथाऽभ्युपगमात्, ततश्च यावान् कश्चित् द्वितीयादिसमयभावी बन्धः स सर्वोऽपि प्रथमसमय एव स्यात्, तत्कारणस्य स्वभावस्य विद्यमानत्वात्, प्रथमसमयभाविबन्धवत्, अन्यथा द्वितीयादिष्वपि समयेषु मा भूत्, विशेषाभावात्, तथा च सति द्वितीयसमये बद्धव्यकर्म्माभावादबन्धकत्वमायातमिति । ततः किमित्याह-*'सहावभेदाउ तोऽणिच्चोत्ति'*, यत एवं प्रथमसमये बन्धकत्वं द्वितीयसमये चाबन्धकत्वम, *'तो'* तस्मा-दयमात्मा स्वभावभेदात् बन्धकत्वाबन्धकत्वलक्षणस्वरूपभेदात् अनित्य एवेति स्थितम् ॥२२२॥ मोक्षमधिकृत्य दूषणमाह--

हिंसादिविरतिपरिणती मोक्खस्सवि कारणं तु जा सिद्धा ।
सा विहु वियप्पियव्वा एवं जहसंभवं सम्मं ॥ २२३ ॥

(हिंसादिविरतिपरिणतिः मोक्षस्यापि कारणं तु या सिद्धा । सापि हु विकल्पयितव्या एवं यथासंभवं सम्यक्)

मोक्षस्यापि कारणं या हिंसादिषु विरतिपरिणतिः सिद्धा-प्रतीता मोक्षवादिनामविगानेन, यथोक्तम्-*"मुक्तिः कर्म्मक्षयादिष्टा, ज्ञानयोगफलं स च । अहिंसादि च तद्धेतुरिति न्यायः सतां मतः । इति"* ॥१॥ साप्येवं यथा हिंसादिपरिणतिस्तथा सम्यक् यथासंभवं विकल्पयितव्या, तथाहि--न खल्वेकान्तनित्यपक्षे हिंसादिविरतिपरिणतिरुपपद्यते,

---

છે. તેથી હિંસાઆદિપરિણતિમાંથી ક્યારેય ભ્રષ્ટ નહિ થાય. તેથી હંમેશા બંધનો પ્રસંગ છે. તેથી ક્યારેય મોક્ષ નહિ થાય.

*પૂર્વપક્ષ* :- આત્માનો તેવા પ્રકારનો એક જ સ્વભાવ છે, કે જેથી ક્યારેક બંધ અને ક્યારેક બંધનો અભાવ એમ બન્ને સંભવે. તેથી અમારે કોઈ હાનિ નથી.

*ઉત્તરપક્ષ* :- આ પ્રમાણે બંધકાળ અને અબંધકાળ આમ બંધાબંધકાલનો ભેદ સ્વીકારવામાં આત્મા અનિત્ય ઠરે છે. તે આ રીતે ➡ જ્યારે આ આત્માનો બંધ નથી, ત્યારે જ બંધમાં કારણભૂત હિંસાઆદિપરિણતિસ્વભાવને અબંધમાં કારણભૂત હિંસાદિવિરતિપરિણતિસ્વભાવ દૂર કરે છે, જેમકે ઘડપણ યૌવનને દૂર કરે છે. નહિતર તો, હિંસાદિપરિણતિ સ્વભાવ હાજર રહેવાથી પૂર્વકાલની જેમ બંધથી બંધ(=બંધ પછી બંધ)નો જ પ્રસંગ આવશે. અર્થાત્ બંધથી અબંધ (બંધથી મોક્ષ) નહી થાય. બાળવાનો સ્વભાવ દૂર ન થાય ત્યાં સુધી અગ્નિ બાળવાનું કામ ન કરે, એમ ન બને અર્થાત્ અવશ્ય બાળે. તેમ જ્યાં સુધી હિંસાદિપરિણતિસ્વભાવ દૂર ન થાય, ત્યાં સુધી બંધ કાર્ય ન થાય, તેમ ન બને, અર્થાત્ અવશ્ય બંધ થાય. અને જો હિંસાદિપરિણતિસ્વભાવ દૂર થાય, તો આત્મા અવશ્ય અનિત્ય ઠરે છે. ॥૨૨૧॥

બંધ અને અબંધકાળમાં ભેદ ભલે ન હો, છતાં પણ આત્મા અનિત્ય જ સિદ્ધ થાય છે, તેમ પ્રતિપાદન કરતાં કહે છે.

*ગાથાર્થ* :- બંધાબંધકાળમાં અભેદ હોય, તો પણ એક જ સમયે સર્વબંધ હોવાથી બીજા સમયે અબંધકતા જ આવશે. આમ સ્વભાવભેદથી આત્મા અનિત્ય સિદ્ધ થાય છે.

બંધકાળ અને અબંધકાળ વચ્ચે અભેદ હોય, તો પણ એક જ સમયે બંધયોગ્ય બધા જ કર્મો બંધાઈ જશે, તેથી બીજા સમયે બંધયોગ્ય કર્મોનો અભાવ થવાથી અબંધકતા જ આવીને ઉભી રહેશે. તે આ પ્રમાણે ➡ જે સ્વભાવથી પ્રથમ સમયે કર્મ બંધાય છે, એ જ સ્વભાવથી બીજાવગેરે સમયોમાં પણ કર્મ બંધાય, નહિ કે બીજા સ્વભાવથી; કેમકે આત્માને એક જ સ્વભાવી સ્વીકાર્યો છે. હવે જો, બીજાવગેરે સમયે બંધાતો કર્મબંધ પહેલા સમયના કર્મબંધના સ્વભાવથી જ હોય, તો તે બધા કર્મો પ્રથમ સમયે જ કેમ ન બંધાય? અર્થાત્ બંધાવા જ જોઈએ, કેમકે બીજાવગેરે સમયે કર્મબંધમાં કારણભૂત સ્વભાવ પ્રથમ સમયે પણ વિદ્યમાન જ છે. જેમકે પ્રથમ સમયે થતો કર્મબંધ. અને જો તે સ્વભાવ હોવા છતાં પ્રથમ સમયે કર્મબંધ ન થાય, તો બીજાવગેરે સમયે પણ કર્મબંધ ન થવો જોઈએ. કેમકે પ્રથમ સમયના સ્વભાવ અને બીજા સમયનાં સ્વભાવ રૂપ કારણમાં ભેદ નથી. તેથી દ્વિતીયઆદિ સમયે બંધયોગ્ય કર્મો પણ પ્રથમસમયે જ બંધાશે. તેથી બીજાવગેરે સમયે બાંધવા યોગ્ય કર્મોનો અભાવ થવાથી આત્મા અબંધક જ સિદ્ધ થશે. આમ પ્રથમ સમયે બંધકપણું અને બીજાવગેરે સમયે અબંધકપણું, આમ સ્વભાવભેદ થવાથી આત્મા અનિત્ય જ સિદ્ધ થાય છે. ॥૨૨૨॥

મોક્ષને ઉદ્દેશી એકાન્તનિત્યપક્ષે દૂષણ દર્શાવે છે.

तस्य सर्वकालमेकस्वभावत्वेन पूर्वस्वभावप्रच्युत्यभावात्, ततो न कदाचनापि कस्यापि मुक्तिर्भवेत्, तत्कारणहिंसादिविरति-परिणत्यभावात् । अथ मा भूदिष्टविरोध इति तत्कारणभूता हिंसादिविरतिपरिणतिरभ्युपगम्यते तर्हि सर्वकालं तदेक-स्वभावतया नित्यं मुक्तिरेव स्यात्, न संसारः । अथोच्येत-तस्येत्थंभूत एव स्वभावो येन कदाचिद्बन्धः कदाचिच्च मुक्तिः, न च वाच्यं कथमेवंविधस्तस्य स्वभावः कल्प्यत इति, स्वभावस्यापर्यनुयोगार्हत्वादिति। तदेतदुन्मत्तप्रलपितं, यतो बन्धस्य कारणं या हिंसादिपरिणतिर्या च तद्विरतिपरिणतिर्मुक्तिकारणं तयोः परस्परविरोधितया यदैव हिंसादिविरति-परिणतिरुपजायते तदैव यौवनिकायां शिशुत्वमिव इतरा हिंसादिपरिणतिरपगच्छति, अन्यथा तत्परिणतिलक्षणस्वभावभावेन पूर्वकाल इव विवक्षितकालेऽपि बन्ध एव केवलो भवेन्न मुक्तिरिति नियतमनित्य एवात्मेति कृतं प्रसङ्गेन । स्यादेतत्, हिंसादिपरिणतिस्तद्विरतिर्वा आत्मनोऽवस्थाभूता, अवस्थाश्चावस्थातुरेकान्तेन भिन्नाः, धर्म्मधर्म्मिणोरेकान्तेन भेदाभ्युपगमात्, ततोऽवस्थानां परस्परं भेदेऽपि अवस्थातुरविचलितस्वरूपत्वात् न काचित् नो बाधेति ॥२२३॥ एतदेवाशङ्कमान आह--

**तत्तोऽह परिणतीओ भिन्ना एताओ होंति तो तस्स ।**

**पावइ उभयाभावो भावम्मि यऽतिप्पसंगो उ ॥ २२४ ॥**

(ततोऽथ परिणती भिन्ने एते भवतस्तस्मात् तस्य । प्राप्नोति उभयाभावो भावे चातिप्रसंगस्तु ॥)

अथ ततः-आत्मनः सकाशादेते परिणती भिन्ने एव भवत इत्यभ्युपगम्यते, अत्र *'भिन्ना एयाउत्ति'* प्राकृतत्वात् द्वित्वेऽपि बहुवचनम्, यदाह पाणिनिः-*"द्विवचनं बहुवचनेनेति,"* एवमन्यत्रापि यथायोगं प्राकृतलक्षणमभ्यूह्यम्, अत्रोत्तरमाह-*'तो तस्सेत्यादि'*, यद्येवमभ्युपगम्यते ततस्तस्य-आत्मनः *'उभयाभावो'* बन्धमोक्षाभावः प्राप्नोति, भावे चोभयस्यात्मनोऽ-भ्युपगम्यमानेऽतिप्रसङ्ग एव स्यात् । तुशब्दोऽवधारणे । अतिप्रसङ्गश्चायम्-यथा देवदत्तस्य हिंसादिपरिणतितद्विरति-परिणतिभ्यां बन्धमोक्षौ भवतस्तथा जिनदत्तस्यापि स्यातां, भेदाविशेषादिति॥२२४॥ सांप्रतं सांख्यमतमपाचिकीर्षुरिदमाह--

---

*ગાથાર્થ* :- મોક્ષના કારણતરીકે સિદ્ધ થયેલી હિંસાદિવિરતિપરિણતિઅંગે પણ આજ પ્રમાણે યથાયોગ્ય સારી રીતે વિકલ્પો કરવા.

મોક્ષતત્ત્વ સ્વીકારનારા તમામ મોક્ષવાદીઓ વિરોધ વિના સ્વીકારે છે કે, હિંસાવગેરેમાંથી વિરતિનો પરિણામ મોક્ષનું કારણ છે. કહ્યું છે કે *"કર્મક્ષયથી મોક્ષ ઇષ્ટ છે અને કર્મક્ષય જ્ઞાનયોગનું ફળ છે. તથા અહિંસાવગેરે તેના(=કર્મક્ષયના) કારણ છે. આવો ન્યાય સજ્જનોને માન્ય છે."* હિંસાદિપરિણતિની જેમ આ હિંસાવિરતિપરિણતિઅંગે પણ વિકલ્પના કરવી. તે આ પ્રમાણે ➜ એકાન્તનિત્યપક્ષમાં હિંસાવગેરેમાંથી વિરતિની પરિણતિ સુસંગત બનતી નથી. કારણકે આત્મા હંમેશા એકસ્વભાવી હોવાથી ક્યારેય પણ તેનો પૂર્વકાલીન સ્વભાવ નાશ પામે નહિ. અને ઉત્તરકાલીન હિંસાદિવિરતિપરિણતિ ઉભી થાય નહિ. તેથી એ પરિણતિનો અભાવ થવાથી ક્યારેય પણ કોઇની મુક્તિ થશે નહિ. પણ મુક્તિ થવી ઇષ્ટ છે. આમ એકાન્તનિત્યપક્ષે મોક્ષઅંગે પણ ઇષ્ટવિરોધદોષ છે.

*પૂર્વપક્ષ* :- આ દોષ દૂર કરવા આત્મામાં હિંસાઆદિની વિરતિનો પરિણામ સ્વીકારવો જ રહ્યો.

*ઉત્તરપક્ષ* :- આત્મા એકસ્વભાવી હોવાથી, આત્મામાં આ વિરતિપરિણતિ હંમેશમાટે સ્વીકારવી રહી. તેથી આત્મા હંમેશા મુક્ત જ રહેશે, ક્યારેય સંસારી નહિ બને.

*પૂર્વપક્ષ* :- આત્માનો સ્વભાવ જ એવા પ્રકારનો છે, કે ક્યારેક બંધ થાય, અને ક્યારેક મુક્તિ, અને સ્વભાવઅંગે પ્રશ્નનો અવકાશ ન હોવાથી એમ ન પૂછવું કે 'તેનો સ્વભાવ આવો જ કેમ છે ?"

*ઉત્તરપક્ષ* :- આ વચન ઉન્મત્તના પ્રલાપની બરાબરી કરે છે. કેમકે હિંસાદિપરિણતિ બંધનું કારણ છે, અને તેમાંથી (=હિંસામાંથી) વિરતિની પરિણતિ મુક્તિનું કારણ છે. આ બન્ને પરિણતિ પરસ્પર વિરોધી છે. તેથી જ્યારે હિંસાઆદિની વિરતિની પરિણતિ ઉભી થાય છે, ત્યારે યુવાનીની પ્રાપ્તિ વખતે બાળપણની જેમ હિંસાઆદિની પરિણતિ દૂર થાય છે. જો, તે પરિણતિ દૂર ન થાય, તો હિંસાઆદિપરિણતિરૂપ સ્વભાવ હાજર રહે છે. તેથી પૂર્વવત ત્યારે પણ માત્ર બંધ જ થશે, મુક્તિ નહિ થાય. તેથી આત્માની અનિત્યતા જ સિદ્ધ થાય છે.

*પૂર્વપક્ષ* :- હિંસાની પરિણતિ કે તેની વિરતિની પરિણતિ મૂળ છે તો આત્માની જ અવસ્થા. અને અવસ્થા અવસ્થાવાનથી એકાન્તે ભિન્ન હોય છે. કેમકે ધર્મ અને ધર્મી વચ્ચે એકાન્તે ભેદ સ્વીકાર્યો છે. આમ અવસ્થાઓ પરસ્પરથી અત્યન્ત ભિન્ન હોય, તો પણ અવસ્થાવાન આત્મા તો અવિચલિત સ્વરૂપવાળો જ હોવાથી અમને આત્મા અનિત્ય થવાની કોઇ આપત્તિ નથી ॥૨૨૩॥

આ જ વાતની આશંકા કરતા કહે છે.

*ગાથાર્થ* :- તેથી આ બે પરિણતિઓ આત્માથી ભિન્ન છે. (ઉત્તર) તો આત્માના બંધ અને મોક્ષનો અભાવ પ્રાપ્ત થાય છે. અને બંધ-મોક્ષ સ્વીકારવામાં અતિપ્રસંગ છે.

આ હિંસાદિની અને હિંસાઆદિવિરતિની પરિણતિઓ આત્માથી એકાન્તે ભિન્ન સ્વીકારેલી છે. (મૂળમાં દ્વિવચન અર્થે બહુવચનનો પ્રયોગ પ્રાકૃત હોવાથી કર્યો છે. પાણિનિએ કહ્યું જ છે કે 'દ્વિવચન બહુવચનથી (દર્શાવવું)' આ જ પ્રમાણે અન્યત્ર પણ પ્રાકૃતના નિયમ યથાયોગ સમજવા)

*ઉત્તરપક્ષ* :- આ અભ્યુપગમમાં આત્માના બંધ-મોક્ષનો અભાવ આવે છે. કેમકે આત્માના બંધ-મોક્ષ સ્વીકારવામાં અતિપ્રસંગ છે. જેમકે જેમ દેવદત્તની હિંસા પરિણતિથી દેવદત્તને બંધ અને વિરતિ પરિણતિથી દેવદત્તનો મોક્ષ થાય છે, તેમ

अण्णस्स बंधमोक्खा ण अप्पणो बालवयणसरिसमिणं ।
तस्सवि य णिच्चपक्खे एमेव ण संगता ते उ ॥ २२५ ॥

(अन्यस्य बन्धमोक्षौ नात्मनः बालवचनसदृशमिदम् । तस्यापि च नित्यपक्षे एवमेव न संगतौ तौ तु)

*'अण्णस्सेत्यादि'*, सांख्यो ह्येवमाह–नैवात्मा पुण्यपापे बध्नाति, तस्याकर्तृकत्वात्, नाप्यसौ मुक्तो भवति, बन्धाभावात्, नाप्यसौ क्वचिदपि संसरति, निष्क्रियत्वात्, केवलं प्रकृतिरेव सत्त्वादिसाम्यावस्थालक्षणा संसरति बध्यते मुच्यते चेति। तदुक्तम्–*"तस्मान्न बध्यते नापि संसरति [1]कश्चित्, संसरति बध्यते मुच्यते च नानाश्रया प्रकृतिरिति"*। तं प्रत्युच्यते–अन्यस्य–आत्मनो व्यतिरिक्तस्य प्रधानस्येति यावत्, बन्धमोक्षौ न त्वात्मन इति यदुच्यते तदिदं बालवचनसदृशम्–अज्ञभाषिततुल्यम् । तथाहि–यदि सततमप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभाव एवायमात्मा प्रधानमेव च बन्ध–मोक्षादिका विचित्रा अवस्थाः प्रतिपद्यत इत्यभ्युपगम्यते, तर्हि भवापवर्गयोरात्मनोऽविशिष्टत्वात्किमित्येषोऽतिपरुषदुःखभर–भीषणभवभ्रमणभीरुतया निरतिशयानन्दमन्दिरमुक्तिपदाभिलाषुकतया च यमनियमादावनुष्ठाने प्रवर्त्तते, निष्फलत्वात् । स्यादेतत्, नैवात्मा मुक्त्यर्थमनुष्ठाने प्रवर्त्तते, किं तर्हि?, देहेन्द्रियमनोविकारसहितं प्रधानमेव ततो न कश्चिन्नो दोष इति, तदयुक्तम्, प्रधानस्याचेतनत्वेन घटादीनामिवालोचकत्वायोगात्, मुक्त्यर्थं चेदमनुष्ठानमालोचनापूर्वकं *"क्रियासु सर्वोपरमो मोक्षः"* इति नियमवता यथा(र्हं) प्रवृत्तेः । अथ यद्यपि स्वयमचेतनं प्रधानं तथापि तन्मनोविकारावस्थमात्मा चिद्रूपः स्वसान्निध्यादुपाधिः स्फटिकमिव स्वनिर्भासं करोति, यदाह---*"पुरुषोऽधि(वि)कृतात्मैव, स्वनिर्भासमचेतनम् । मनः करोति सान्निध्यादुपाधिः स्फटिकं यथा ॥१॥"* इति । स्वनिर्भासितं च तत् आलोचनायां प्रवर्त्तते ततः कथं पुनः पूर्वोक्तदोषाभिष्वङ्गः?, तदुक्तम्–*"स तस्येत्थमालोचनायां प्रयोजक इति"*, तदप्यसमीचीनम्, पुरुषस्यैकस्वभावत्वेनेत्थं

---

જિનદત્તના પણ બંધ-મોક્ષ થવા જોઇએ. કેમકે તે હિંસાદિપરિણતિ અને હિંસાઆદિવિરતિની પરિણતિ જેમ દેવદત્તથી ભિન્ન છે, તેમ જિનદત્તથી પણ ભિન્ન છે. ॥૨૨૪॥

*(સાંખ્યમતનિરાસ)*

હવે સાંખ્યમતની મૂછ ઉતારતા કહે છે.

*ગાથાર્થ* :- 'બંધ અને મોક્ષ અન્યનો છે, આત્માનો નહિ' એવું વચન બાળકના વચનતુલ્ય છે. તેનો પણ (=અન્યનો પણ) બંધ-મોક્ષ નિત્યપક્ષે સંગત નથી.

*સાંખ્યમત* :- આત્મા પુણ્ય અને પાપ કર્મ બાંધતો નથી. કેમકે તે(=આત્મા) કર્મનો કર્તા નથી. તેજ પ્રમાણે આત્મા મુક્ત પણ થતો નથી, કેમકે તેનો બંધ જ નથી. તેજ પ્રમાણે આત્મા સંસારમાં ભટકતો પણ નથી, કેમકે નિષ્ક્રિય છે. સત્ત્વ રજસ્ અને તમસ્‌ની સામ્યઅવસ્થારૂપ પ્રકૃતિ જ સંસારમાં ભટકે છે, બંધાય છે, અને મોક્ષ પામે છે. કહ્યું જ છે કે *"તેથી કોઇ પુરુષ(=આત્મા) બંધાતો નથી, કે સંસરણ કરતો નથી. અનેક આશ્રયવાળી પ્રકૃતિ જ સંસરણ કરે છે, બંધાય છે, અને મુક્ત થાય છે."*

*ઉત્તરપક્ષ* :- 'આત્માથી ભિન્ન-પ્રધાન (=પ્રકૃતિ)નો બંધ-મોક્ષ છે, પણ આત્માનો નથી' ઇત્યાદિ તમારું કથન અજ્ઞ બાળકના વચનની બરોબરી કરે છે. જો સતત અનુત્પન્ન, અવિનાશી સ્થિર એકસ્વભાવવાળો જ આ આત્મા હોય, તથા પ્રકૃતિ જ બંધ, મોક્ષવગેરે અવસ્થાઓને અનુભવતી હોય, તો સંસાર અને મોક્ષ આ બન્નેસાથે આત્માને સમાનતયા કંઇ લાગતું વળગતું નથી. તેથી અત્યંત કઠોર, દુઃખથી છલકાયેલા અને ભયંકર બનેલા સંસારમાં ભટકવાનો ભય આત્માને હોવો જોઇએ નહિ. તેમજ નિરતિશયઆનન્દના મહેલતુલ્ય મોક્ષસ્થાનની પ્રાપ્તિની અભિલાષા સંભવે નહિ. તેથી આત્મા સંસારથી છૂટવા અને મોક્ષ મેળવવા યમ, નિયમવગેરે અનુષ્ઠાનોમાં પ્રવૃત્ત થશે નહિ. કેમકે આ કૃત્યો નિષ્ફળ છે.

*સાંખ્ય* :- આત્મા મોક્ષ મેળવવા અનુષ્ઠાનોમાં પ્રવૃત્ત થતો જ નથી. પરંતુ શરીર, ઇન્દ્રિય અને મનના વિકારોથી યુક્ત પ્રધાન જ પ્રવૃત્ત થાય છે. તેથી કોઇ દોષ નથી.

*ઉત્તરપક્ષ* :- આ પ્રધાન (=પ્રકૃતિ) તત્ત્વ ઘડાવગેરેની જેમ અચેતન છે. તેથી તે આલોચના કરવા સમર્થ નથી. અને મોક્ષાર્થક થતું અનુષ્ઠાન વિચારપૂર્વક જ સંભવે, કેમકે *'ક્રિયાઓમાંથી સંપૂર્ણ વિરામ જ મોક્ષ છે'* ઇત્યાદિ નિયમ કરનાર જ (=આલોચના કરનાર જ) મોક્ષાર્થક પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થાય છે. તેથી અચેતન અને અવિચારશીલ પ્રધાનતત્ત્વની મોક્ષાર્થક પ્રવૃત્તિનું કથન અસંગત છે.

*સાંખ્ય* :- અલબત્ત, પ્રધાન સ્વયં જડ જ છે. જ્યારે, તે મનોવિકારઅવસ્થામાં હોય છે ત્યારે ચિદ્રૂપ(=જ્ઞાન= ચૈતન્યમય) આત્મા પોતાના સાન્નિધ્યના પ્રભાવે એ જડ પ્રધાનને સ્વનિર્ભાસ (=સ્વતુલ્ય) કરે છે. જેમકે લાલ ફૂલઆદિ ઉપાધિ સ્ફટિકને. કહ્યું છે કે "અવિકૃતસ્વરૂપવાળો પુરુષ અચેતન મનને સાન્નિધ્યથી સ્વનિર્ભાસ કરે છે, જેમકે ઉપાધિ સ્ફટિકને." આમ આત્માથી નિર્ભાસ પામેલું (=આત્માના સહવાસથી જાણે કે ચેતનવંતુ ભાસતું) મન વિચારણામાં પ્રવૃત્ત થાય છે. તેથી પૂર્વોક્ત દોષો શી રીતે સંભવી શકે ? કહ્યું છે કે *'તે (=આત્મા) આમ તેની (=મનોવિકારઅવસ્થાને પામેલા પ્રધાનની) આલોચનામાં પ્રયોજક છે.'*

*ઉત્તરપક્ષ* :- આ વાત તદ્દન ખોટી છે. કેમકે પુરુષ હંમેશા એકસ્વભાવી હોવાથી તેને હંમેશા પ્રયોજક માનવાની ——

---

*1. क्वचित् इति पाठान्तरम् ।*

सदा प्रयोजकत्वापत्तेः, तथा च सति सदैव तद्रूपत्वात् मुक्त्यभावप्रसङ्गः । एतेन यदुच्यते–*"यथा चन्द्रः स्वभावेनाविकृतस्वभाव एव सन् चन्द्रोपलस्य पयःक्षरणे कदाचित्प्रयोजकः कदाचिन्न, तथा अयमप्यात्मा कदाचिदेव प्रयोजको भविष्यति न तु सदेति"* तदपाकृतमवसेयम्, चन्द्रस्यापि नित्यानित्यात्मकतया सर्वदैवाविकृतस्वभावत्वानभ्युपगमात्, अन्यथा तस्यापि सदा प्रयोजकत्वापत्तेरिति यत्किंचिदेतत् । तस्मादात्मन एव बन्धमोक्षावभ्युपगन्तव्यौ, तथा च सति तस्य तदन्यथानुपपत्त्या परिणामित्वमिति। अन्यस्याप्यभ्युपगमे तयोर्बन्धमोक्षयोरेकान्तनित्यपक्षेऽनुपपत्तिमाह–तस्यापि च–आत्मनः सकाशादन्यस्य प्रधानस्य *'नित्यपक्षे'* एकान्तनित्यत्वाभ्युपगमे न संगतावेव *'तौ'* बन्धमोक्षौ । तुशब्द एवकारार्थो भिन्नक्रमश्च। तदपि हि प्रधानं युष्माभिरेकान्तनित्यमेकरूपमक्रियमिष्यते, ततः कथं तस्यापि बन्धमोक्षौ स्यातामिति॥२२५॥ अथ माभूदेष दोष इति तस्य परिणाममभिमन्यसे तत आह–

परिणामम्मि य णणु तस्स चेव जुज्जति किं ततोऽण्णेण ।
अपमाणेणं परिकप्पितेण अण्णाणपिसुणेणं? ॥ २२६ ॥

(परिणामे च ननु तस्यैव युज्यते किं ततोऽन्येन । अप्रमाणेन परिकल्पितेनाज्ञानपिशुनेन)

परिणामे च प्रधानस्येष्यमाणे ननु तस्याप्यात्मनस्तथापरिणामाभ्युपगमे बन्धमोक्षौ युज्येते एव। एवशब्दो भिन्नक्रमः स च यथासंबन्धं योजित एव । ततः किमन्येनाप्रमाणेन तद्ग्राहकप्रमाणविकलेनाज्ञानपिशुनेन–विपर्याससूचकेन प्रधानेन परिकल्पितेनेति । अपिच, प्रधानस्य मोक्षाभ्युपगमे तस्य स्वरूपहानिरेवाभ्युपगता स्यात्, यदाह भवदाचार्यः–*"प्रकृतिवियोगो मोक्ष इति"* । ततः प्रकृतेः प्रकृतित्ववियोगे स्वरूपभ्रंशप्रसङ्गः, तथा च कुतोऽस्य नित्यतेति । स्वसिद्धान्तप्रकोपश्चैवं भवत आपद्यते, सिद्धान्ते हि भवतः–*"पञ्चविंशतितत्त्वज्ञो, यत्र तत्राश्रमे रतः। जटी मुण्डी शिखी वापि, मुच्यते नात्र संशयः ॥१॥* इत्यादिना ग्रन्थेन पुरुषस्य मुक्तिरभिहिता, भवता चाधुना प्रधानस्येष्यत इति ॥२२६॥ उपसंहारमाह––

इय दिट्ठादिट्ठविरोह–भावतो सव्ववत्थुविसओ उ ॥
एगंतणिच्चपक्खो मिच्छत्तं होइ णेतव्वो ॥ २२७ ॥

(इति दृष्टादृष्टविरोधभावतः सर्ववस्तुविषयस्तु । एकान्तनित्यपक्षो मिथ्यात्वं भवति ज्ञातव्यः)

---

આપત્તિ છે. અને પ્રધાન પણ હંમેશા તદ્રુપ(=સ્વનિર્ભાસિત) જ રહેશે. તેથી તેનો ક્યારેય મોક્ષ થશે નહિ. તેથી જ *"જેમ ચંદ્ર સ્વભાવથી જ વિકાર ન પામવાના સ્વભાવવાળો હોવાં છતાં ચંદ્રકાન્તમણિમાંથી પાણીના ટપકવામાં ક્યારેક પ્રયોજક બને છે, અને ક્યારેક પ્રયોજક બનતો નથી, તે જ પ્રમાણે આ આત્મા પણ ક્યારેક પ્રયોજક બનશે, હંમેશા નહિ"* એવું વચન પણ ઉખડી જાય છે. કેમકે ચન્દ્ર પણ નિત્યાનિત્યરૂપે જ ઇષ્ટ છે. સર્વદા અવિકૃતસ્વભાવવાળો માન્ય નથી જ. જો તે(=ચન્દ્ર) સર્વદા અવિકૃત એકસ્વભાવી હોત, તો તેને પણ હંમેશા પ્રયોજક માનવો જ પડત. તેથી આવા દૃષ્ટાન્તોના બળપર સ્વેષ્ટની સિદ્ધિ કરવામાં કોઇ દમ નથી. તેથી જડ પ્રધાનમાં વિચારકપણું અસિદ્ધ ઠરે છે. તેથી મોક્ષાર્થક અનુષ્ઠાનમાં તેની પ્રવૃત્તિ સંભવતી નથી. અને આત્માની પ્રવૃત્તિ હોય, તો આત્મા પોતાના જ મોક્ષમાટે પ્રવૃત્તિ કરે તેમ સ્વીકારવું જ યોગ્ય છે. તેથી આત્માના જ બંધ અને મોક્ષ સ્વીકર્તવ્ય છે. તેથી અનન્યગત્યા આત્માને પરિણામી સ્વીકારવો જ રહ્યો.

'તુષ્યતુ દુર્જન' ન્યાયથી તમને અભીષ્ટ પ્રધાનના બંધ–મોક્ષ સ્વીકારવામાં પણ કોઇ દાળ ગળે તેમ નથી. કેમકે અસિદ્ધિદોષ મોં ફાડીને બેઠો છે. કેમકે એકાન્તનિત્યપક્ષે પ્રધાનતત્ત્વના પણ બંધ–મોક્ષ અસંગત જ છે. ('તુ'પદ જકારાર્થક છે, અને 'સંગત'પદસાથે સમ્બન્ધિત છે.) કેમકે તમે પ્રધાનને પણ એકાન્તનિત્ય એક સ્વરૂપી, અને નિષ્ક્રિય જ કલ્પ્યું છે. ॥૨૨૫॥

આ દોષના ભયથી જો પ્રધાનને પરિણામમય સ્વીકારશો, તો સાંભળો.–

*ગાથાર્થ* :– જો પરિણામ માન્ય જ હોય, તો તેના(આત્માના) જ બંધ–મોક્ષ યોગ્ય છે. તેથી તેના(=આત્મા)થી ભિન્ન, અપ્રમાણભૂત, પરિકલ્પિત, અને માત્ર અજ્ઞાનનાં જ સૂચક એવા અન્યથી(=પ્રધાનથી) શું? (=પ્રધાનની કલ્પનાનો કોઇ અર્થ નથી.)

*સાર* :– જો તમે પ્રધાનને પરિણામી સ્વીકારવા તૈયાર થાવ છો, તો આત્માને જ પરિણામી સ્વીકારી લો.. બધા પ્રશ્નો મટી જશે. કેમકે આત્માના બંધ–મોક્ષ સંભવી શકશે. (એવકારનો સંબંધ 'યુજ્યતે' ક્રિયાપદસાથે છે. અર્થાત્ અહીં અન્યયોગ વ્યવચ્છેદ ઇષ્ટ નથી, પરંતુ અત્યન્તાયોગવ્યવચ્છેદ ઇષ્ટ છે.) વળી, પ્રધાનતત્ત્વના બંધ–મોક્ષ સ્વીકારવામાં પ્રધાન (=પ્રકૃતિ) પોતાના સ્વરૂપને ગુમાવી દેશે. તમારા આચાર્યે જ કહ્યું છે ➡ *"પ્રકૃતિનો વિયોગ મોક્ષ છે."* હવે જો પ્રકૃતિ પોતાના પ્રકૃતિપણાથી વિયોગ પામે તોજ પ્રકૃતિનો મોક્ષ થાય. અને 'પ્રકૃતિપણાથી વિયોગ પામવો' એટલે જ "પોતાના 'પ્રકૃતિપણું' સ્વરૂપને ખોઇ બેસવું" અને તેનો અર્થ ખપુષ્પની જેમ અસત્ થવું, કેમકે અસત્વસ્તુઓ જ સ્વરૂપથી ભ્રષ્ટ હોય છે. અને તો પ્રકૃતિ નિત્ય નહીં રહે. વળી તમારા સિદ્ધાન્તસાથે પણ વિરોધ છે. કેમકે તમારો જ સિદ્ધાન્ત છે. *"પચ્ચીશ તત્ત્વોનો જ્ઞાતા જે પણ કોઇ આશ્રમમાં(બ્રહ્મચર્યઆદિમાંથી) રત હોય, તે પછી જટાવાળો હોય, મુણ્ડનયુક્ત હોય કે પછી ચોટલીવાળો હોય, તો પણ મુક્ત થાય છે, તેમાં સંશય નથી"* આ વચનથી પુરુષની જ મુક્તિનો નિર્દેશ છે. જ્યારે હાલમાં તમે પ્રધાનના મોક્ષની વાતો કરો છો. તેથી સિદ્ધાન્તવિરોધદોષ છે. ॥ ૨૨૬ ॥

ઉપસંહાર બતાવે છે.

*ગાથાર્થ* :– આમ સુખવગેરેના સંબંધરૂપ અને ઘડા, કપડાવગેરેના સંવેદનમાં ભેદરૂપ દૃષ્ટ અને બંધમોક્ષરૂપ અદૃષ્ટમાં વિરોધ આવતો હોવાથી દરેક વસ્તુઅંગે એકાન્તનિત્યપક્ષ મિથ્યા છે, તેમ સમજી લેવું. નિત્યત્વપક્ષની પરીક્ષા પૂર્ણ થઇ. ॥૨૨૭॥

'*इति*' एवमुक्तप्रकारेण दृष्टस्य-सुखादियोगस्य घटपटसंवेदनादिभेदस्य चादृष्टस्य-बन्धमोक्षस्य विरोधभावादेकान्त-नित्यपक्षः सर्ववस्तुविषयो मिथ्यात्वं भवति ज्ञातव्यः । इति नित्यत्वपरीक्षा ॥ २२७ ॥ सांप्रतं यदुक्तम् '*अणिच्चपक्खे ण सो जुत्तोत्ति*' तत्समर्थयमान आह--

खणिगो चेगसहावो स कहं वेदेइ दोऽवि सुहदुक्खे ? ।
वेदगभेदम्मि य सव्वलोगववहारवोच्छेदो ॥ २२८ ॥

(क्षणिकश्चैकस्वभावः स कथं वेदयते द्वेअपि सुखदुःखे । वेदकभेदे च सर्वलोकव्यवहारव्यवच्छेदः)

क्षणिकोऽपि पदार्थः परैः परिकल्प्यमान एकस्वभाव एकान्तक्षणिकश्च परिकल्प्यते, ततश्च यद्ययमात्मा क्षणिकस्ततः कथं द्वे अपि सुखदुःखे वेदयते?, तावत्कालमवस्थानाभावात्, दृष्यते च क्रमेणोभयमपि वेदयमानः, तथानुभवात् । अथाऽन्य एव दुःखवेदकः क्षण आसीत्, अन्य एव चाधुना सुखवेदकः क्षण उत्पद्यते, तत्कथमुच्यते दृश्यते क्रमेणोभयमपि वेदयमान इति?, अत्राह--"*वेदगेत्यादि*" सुखदुःखयोर्वेदकस्य भेदे-अन्य एव दुःखवेदकः क्षणोऽन्य एव च सुखवेदक इत्येवंरूपे इष्यमाणे सकललोकव्यवहारव्यवच्छेदः प्राप्नोति॥२२८॥ यत इत्थं लोकव्यवहारस्तथाहि--

सुहितो स एव दुहितो पुणोऽवि तस्साहणत्थमुज्जमइ ।
पावेइ किल स एव तु सुमरइ य मए कयं एतं ॥ २२९ ॥

(सुखितः स एव दुःखितः पुनरपि तत्साधनार्थमुद्यच्छति । प्राप्नोति किल स एव तु स्मरति च मया कृतमेतत्)

य एव प्राक् सुखित आसीत् स एवेदानीं दुःखितो जातः, पुनरपि च य एव तत्साधनार्थ-सुखसाधनार्थमुद्यच्छति-उद्यमं करोति, स एव किल सुखमाप्नोति, किलेत्यनेन च लोकबाधया पराभ्युपगमस्यातीव पापीयस्तां दर्शयति । तथा येनैव च प्राक् अनुभूतं किंचित् स एवाधुना तत्स्मरति नान्यः, तत्र तथाभूतानु-सन्धानानुपपत्तेः। स्मरणस्यैवोल्लेखं दर्शयति-मया कृतमेतदिति ॥२२९॥ तथा--

वेदेइ य पुव्वकयं कम्मं इह अज्जियं च अण्णत्थ ।
परमपदसाहणत्थं कुणइ पयासं च उवउत्तो ॥ २३० ॥

(वेदयति च पूर्वकृतं कर्म इहार्जितं चान्यत्र । परमपदसाधनार्थं करोति प्रयासं चोपयुक्तः)

मेत्तादिसुगुणपगरिसमब्भासातो य पावए कोइ ।
एमादिलोगसिद्धो णणु ववहारो कहं तत्थ? ॥ २३१ ॥

(मैत्र्यादिसुगुणप्रकर्षमभ्यासाच्च प्राप्नोति कोऽपि । एवमादिलोकसिद्धो ननु व्यवहारः कथं तत्र?)

येनैव पूर्वस्मिन् भवे कृतं कर्म-ज्ञानावरणीयादि स एव इह भवे वेदयति, येनैव च इह भवे कर्म्म अर्ज्यते स एवान्यत्र-भवान्तरे वेदयिष्यते । य एव च शारीरमानसानेकदुःखभरापूरितशरीरः स एवापरिमितानन्दमन्दिरपरमपद-

---

*(અનિત્યપક્ષનું ખંડન)*

હવે 'અનિત્યપક્ષે તે યોગ્ય નથી' (ગા.૧૯૪) આ વાતનું સમર્થન કરે છે.

*ગાથાર્થ* :- બીજાઓએ(=બૌદ્ધોએ) ક્ષણિક પદાર્થની કલ્પના કરતીવખતે પદાર્થને એકસ્વભાવી અને એકાન્તે ક્ષણિક કલ્પ્યો છે. પણ જો આત્મા ક્ષણિક અને એકસ્વભાવી હોય, તો તે(=આત્મા) સુખ અને દુઃખ બન્નેનું વેદન(=સંવેદન) શી રીતે કરી શકે ? કેમકે તેટલા કાળસુધી (=સુખદુઃખ બન્નેના અનુભવકાળસુધી) તે(=આત્મા) રહેવાનો જ નથી. પણ આત્મા સુખ અને દુઃખ બન્નેને ક્રમશઃ અનુભવતો દેખાય જ છે. કેમકે આ વાત અનુભવસિદ્ધ છે. (અર્થાત્ ક્ષણિકવાદમાં 'અનુભવવિરોધ'દોષ છે.)

*પૂર્વપક્ષ* :- પૂર્વની દુઃખવેદક ક્ષણ ભિન્ન હતી, અને વર્તમાનની સુખવેદક ક્ષણ ભિન્ન જ ઉત્પન્ન થઇ છે. તેથી 'એક જ આત્મા ક્રમશઃ સુખદુઃખઉભયનું સંવેદન કરતો દેખાય છે.' તેવું કહેવું શી રીતે વ્યાજબી ઠરે ?

*ઉત્તરપક્ષ* :- આમ જો, સુખવેદક ક્ષણને(=ક્ષણવર્તી આત્મા) અને દુઃખવેદક ક્ષણને ભિન્ન સ્વીકારશો, તો તો બધો જ લોકવ્યવહાર છિન્નભિન્ન થવાની આપત્તિ છે. ॥૨૨૮॥

લોકવ્યવહારની છિન્નભિન્ન થવાની આપત્તિ એટલા માટે છે, કે લોકવ્યવહાર આવા પ્રકારનો છે.

*ગાથાર્થ* :- "પૂર્વે જે સુખી હતો, તેજ હવે દુઃખી થયો," અને "જે સુખના સાધનઅર્થે ઉદ્યમ કરે છે, તે જ સુખ પામે છે." ('કિલ'=ખરેખર પદથી મૂળકાર 'લોકબાધાદોષથી બીજાઓ(=બૌદ્ધો)નો સિદ્ધાંત અત્યંત પાપયુક્ત છે' તેમ દર્શાવે છે.) વળી પૂર્વે જે વ્યક્તિએ અનુભવ કર્યો હોય છે, તે જ વ્યક્તિ તે અનુભવનું 'આ મેં કર્યું' ઇત્યાદિરૂપ સ્મરણ કરે છે. (અન્ય નહિ, કેમકે અન્ય વ્યક્તિમાં તેવા પ્રકારનું અનુસંધાન અનુપપન્ન છે.) ॥ ૨૨૯ ॥

વળી,

*ગાથાર્થ* :-"પૂર્વકૃત કર્મને અહીં વેદે છે, અને અહીં કરેલા કર્મોને અન્યત્ર(આવનારા ભવોમાં) અનુભવે છે. વળી ઉપયુક્ત થઇ પરમપદ(=મોક્ષ) પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે. અને કેટલાક અભ્યાસથી મૈત્રીવગેરે સદ્ગુણોનો પ્રકર્ષ પામે છે." ઇત્યાદિ લોકસિદ્ધ વ્યવહાર ક્ષણિકવાદમાં શી રીતે સંભવી શકે ?

પૂર્વભવમાં જે વ્યક્તિએ જ્ઞાનાવરણીયવગેરે કર્મો બાંધ્યા હોય, તે જ વ્યક્તિ આ ભવમાં તે કર્મના વિપાકો અનુભવે છે. 'જો કરે સો પાવે.' તથા આ ભવમાં જે વ્યક્તિ કર્મ બાંધે, તે જ વ્યક્તિ ભવાંતરમાં તે કર્મનો ભોક્તા બનશે. વળી શારીરિક અને માનસિક અનેક પ્રકારના દુઃખોથી ઘેરાયેલા શરીરવાળો એ જ જીવ અપરિમિત આનન્દના સ્થાન ભૂત મોક્ષ પદે પહોંચવાની

यियासया तत्प्राप्त्यर्थमुपयुक्तः सन् मैत्र्यादिषु प्रयासमादधाति । य एव च मैत्र्यादिषु प्रयासमाहितवान् स एवाभ्यास-विशेषात् गुणप्रकर्ष-रागादिप्रहाणलक्षणं प्राप्नोति, मैत्र्यादिष्वित्यत्रादिशब्दात् करुणामुदितोपेक्षापरिग्रहः । तत्र प्रत्युपकार-निरपेक्षा प्रीतिर्मैत्री, दुःखात् दुःखहेतोर्वा या समुद्धरणकामना सा करुणा, अभिलषितहितवस्तुप्राप्त्या तुष्टिर्मुदिता प्रमोदाऽपरपर्याया, अशक्योपकारविशेषाधाने पुरुषे उपकाराधानं प्रत्युपेक्षणमुपेक्षा । एताश्च सत्त्वादिविषयतयाऽभ्यस्यमाना रागादिप्रहाणहेतवो भवन्तीति तद्विषयाः कर्तुमध्यवसेयाः, तदुक्तम्-*"मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्यपरिचिन्तनं सत्त्वगुणाधिक-क्लिश्यमानाप्रज्ञाप्यगोचर"*मित्यादि । तत एवमादिकः, आदिशब्दात् प्रत्यभिज्ञादृष्टविषयकौतुकतदसंप्राप्त्युद्वेगतदर्थप्रवृत्ति-तत्प्राप्त्यादिरूपश्च व्यवहारो लोकसिद्धः सकललोकप्रसिद्धो ननु कथं तत्र क्षणिकपक्षे स्यात्?, नैव कथंचिदपीत्यर्थः ॥२३०-२३१॥ यस्मात् क्षणिकत्वे सतीदं प्राप्नोति-

अन्नो वेदेइ सुहं अण्णो दुक्खं पवत्तए अण्णो ।
पावेति वेदती सुमरती य पत्तेयमन्नो तु ॥ २३२ ॥

(अन्यो वेदयते सुखमन्यो दुःखं प्रवर्त्ततेऽन्यः । प्राप्नोति वेदयते स्मरति च प्रत्येकमन्यस्तु)

अन्यो वेदयते सुखम् अन्यश्च दुःखम्। प्रवर्त्तते चान्यः प्राप्नोति चान्य एव। वेदयते चान्यः स्मरति चान्यः। कथमन्यत्वमित्याह-प्रत्येकम् एकमेकं वेदनादि (प्रति) प्रत्येकम्, इदं च प्रत्येकमन्यत्वप्रसञ्जनमेकसन्तानापेक्षया द्रष्टव्यम्, भिन्नसन्तानविषयस्येत्थमन्यत्वव्यवहारस्य विवादानास्पदत्वात् ॥२३२॥

अन्नो करेइ कम्मं फलमन्नो भुंजती तु मोक्खत्थं ।
कुणइ पयासं अन्नो पावेति य तंपि अण्णो तु ॥ २३३ ॥

(अन्यः करोति कर्म फलमन्यो भुङ्क्ते तु मोक्षार्थम् । करोति प्रयासमन्यः प्राप्नोति च तमन्यस्तु)

अन्यः करोति कर्म्म-शुभाशुभम्, अन्यश्च तत्फलं-स्वर्गसुकुलप्रत्यायात्यादि भुङ्क्ते। मोक्षार्थं च प्रयासमन्य एव विदधाति, प्राप्नोति चान्य एव तं मोक्षम् । तुरवधारणे ॥२३३॥ कस्मादेवमिदमेकान्तक्षणिकपक्षे इति चेदत आह--

अच्चंतभेदतो इय सव्वोऽवि ण संगतो ततो सम्मं ।
मोत्तूण दिट्ठिरागं आलोएज्जा बुहो [1]एतं ॥ २३४ ॥

(अत्यन्तभेदात इति सर्वोऽपि न संगतस्ततः सम्यक् । मुक्त्वा दृष्टिरागं आलोचयेद् बुध एतम्)

*'अत्यन्तभेदात्'* अन्यथा अन्वयापत्त्या सर्वथा क्षणिकत्वाभावप्रसङ्गात् । उपसंहारमाह-*'इय इत्यादि'* इति-एवमुपदर्शितप्रकारेण सर्वोऽपि पूर्वोक्तो व्यवहार एकाधिकरणसुखदुःखानुभवादिलक्षणो न संगतः क्षणिकपक्षे । तस्मात् दृष्टिरागं मुक्त्वा *'बुधः'* पण्डितः सम्यगेवमालोचयेत् *'एतं'* क्षणिकपक्षं, किमयमसंगतो नवेति?, सकलव्यवहार-विलोपप्रसङ्गादतीवासंगत एवेतिभावः॥२३४॥ पराभिप्रायमाशङ्कते--

---

ઝંખનાથી મોક્ષપદની પ્રાપ્તિઅંગે જ્ઞાનાદિત્રિણમાં ઉપયુક્ત બને છે. અને મૈત્રીવગેરે ભાવનાઓમાં પ્રયત્ન આદરે છે. તથા, મૈત્રી વગેરે ભાવોમાં પ્રયત્ન કરનાર જ અભ્યાસના બળપર રાગવગેરેની હાનિરૂપ ગુણપ્રકર્ષ પ્રાપ્ત કરે છે. મૈત્રીઆદિમાં આદિપદથી કરુણા, પ્રમોદ અને માધ્યસ્થ્ય ભાવનાઓનો સમાવેશ થાય છે. અહીં ઉપકારના બદલાની અપેક્ષા વિનાની પ્રીતિ=નિરપેક્ષભાવનો પ્રેમ મૈત્રી છે. દુઃખમાંથી કે દુઃખના કારણ(=પાપ, અનુચિતપ્રવૃત્તિવગેરે)માંથી ઉદ્ધાર કરવાની કામના કરુણા છે. ઇચ્છિત હિતકરનારી વસ્તુની પ્રાપ્તિથી પ્રગટેલો સંતોષ મુદિતા છે. બીજું નામ પ્રમોદ પણ છે. જે વ્યક્તિપર ઉપકાર કરવો અશક્ય હોય, તે વ્યક્તિપર ઉપકાર કરવાની બાબતમાં ઉપેક્ષા કરવી એ ઉપેક્ષા છે, તેનું બીજું નામ માધ્યસ્થ્ય છે. જીવવગેરે અંગે અભ્યાસ કરાતી આ ભવાનાઓ રાગાદિની હાનિમાં કારણ બને છે. તેથી જીવવગેરેવિષયક ભાવનાઓ ભાવવાયોગ્ય છે. કહ્યું જ છે કે, *"સર્વ જીવો, ગુણાધિક જીવો, પીડાતા જીવો, અને અપ્રજ્ઞાપ્ય(=સમજાવી ન શકાય તેવા) જીવોને ઉદ્દેશી ક્રમશઃ મૈત્રી, પ્રમોદ, કરુણ્ય અને માધ્યસ્થ્યભાવનું ચિંતવન કરવું"* આ પ્રમાણે ભાવનાના પ્રકર્ષથી ગુણપ્રકર્ષ પ્રાપ્ત થાય છે. ઇત્યાદિ લોકસિદ્ધ વ્યવહાર છે. અહીં 'આદિ'થી પ્રત્યભિજ્ઞા, અદૃષ્ટવિષયઅંગે કૌતુક (જોવા/જાણવાની ઉત્કંઠા), તેની અપ્રાપ્તિમાં ઉદ્વેગ તથા પ્રાપ્તિમાટે પ્રયત્ન અને અંતે પ્રાપ્તિવગેરેરૂપ સકલલોકમાં પ્રસિદ્ધ વ્યવહારોનો સમાવેશ થાય છે. આ બધા વ્યવહારો એક જ વ્યક્તિને આશ્રયી લાંબાકાળની પ્રક્રિયા સૂચવે છે. તેથી આ બધો વ્યવહાર ક્ષણિકપક્ષે શી રીતે સુસંગત બને? જીવવગેરે તત્વોને માત્ર ક્ષણજીવી માનવામાં આ બધો વ્યવહાર જરા પણ સુસંગત બની શકે નહિ. ॥૨૩૦/૨૩૧॥

કેમકે જીવવગેરે જો ક્ષણિક હોય, તો આવા પ્રકારની પરિસ્થિતિ થાય.

*ગાથાર્થ* :- અન્ય ક્ષણ સુખનું વેદન(=અનુભવ) કરે, અન્ય ક્ષણ દુઃખનું. તેજ પ્રમાણે અન્ય વ્યક્તિ પ્રવૃત્ત થાય, અને અન્ય વ્યક્તિ પ્રાપ્ત કરે. તથૈવ અન્ય જીવ અનુભવ કરે, અને અન્ય જીવ સ્મરણ કરે. આમ સુખવેદનાદિ પ્રત્યેકસંબંધી અન્યત્વની આપત્તિ આવે છે. અહીં એટલો ખ્યાલ રાખવો કે એકસંતાન(=એકક્ષણપ્રવાહ)ને અપેક્ષીને જ આ સુખઆદિ પ્રત્યેકસંબંધી અન્યપણું વિવાદાસ્પદ છે. ભિન્નસંતાનને અપેક્ષીને તો આવો અન્યપણાનો વ્યવહાર સર્વમાન્ય જ છે. ॥૨૩૨॥

*ગાથાર્થ* :- શુભાશુભ કર્મ બાંધે અન્ય, અને તે કર્મોના સ્વર્ગ, સત્કુળમાં જન્મવગેરેરૂપ ફળને ભોગવે કોઇ અન્ય જ. તથા મોક્ષઅંગે પ્રયાસ કરે એક વ્યક્તિ અને મોક્ષ પામે કોઇ બીજી જ વ્યક્તિ. ('તુ'પદ 'જ'કાર અર્થક છે.) ॥૨૩૩॥

---

1. एवमिति पाठान्तरम्

संताणातो अह सो ववहारो सव्व एव जुत्तो तु ।
सो संताणीहिंतो अन्नोऽणन्नोत्ति वत्तव्वं ॥ २३५ ॥
(संतानादथ स व्यवहारः सर्व एव युक्तस्तु । स संतानिभ्योऽन्योऽनन्य इति वक्तव्यम्)
जइ अन्नो किं णिच्चो किंवा खणियोत्ति?. णिच्चपक्खम्मि ।
होइ पतिन्नाहाणी इतरम्मि उ पुव्वदोसा तु ॥ २३६ ॥
(यदि अन्यः किं नित्यः किंवा क्षणिक इति? नित्यपक्षे । भवति प्रतिज्ञाहानिः इतरस्मिन् तु पूर्वदोषास्तु)

**अथ** *'स'*: अनन्तरोक्त ऐहिकामुष्मिकरूपो व्यवहारः सर्वोऽपि *'संतानात्'* भूतभवद्भविष्यत्क्षणप्रवाहरूपात् युक्त एव । तुशब्द एवकारार्थः । तथा चामुष्मिकं व्यवहारमाश्रित्योक्तम्--*"यस्मिन्नेव हि संताने, आहिता कर्म्मवासना । फलं तत्रैव संताने, कर्प्पासे रक्तता यथा ॥१॥ इति"*॥ तदयुक्तम्, विकल्पानुपपत्तेः, तथाहि--'सो'इत्यादि सार्द्धगाथा, *'स'* संतानः संतान संतानिभ्यः सकाशादन्यो वा स्यादनन्यो वेति वक्तव्यम् । तत्र यद्यन्यस्तर्हि तत्रापि विकल्पयुगलमुपढौकते, स किं नित्यो वा स्यात् किंवा क्षणिक इति? । तत्र यद्याद्यः पक्षस्तदयुक्तम्, *"क्षणिकाः सर्वसंस्कारा"* इति प्रतिज्ञाव्याघातप्रसङ्गात् । अथोत्तरः पक्षस्तदप्ययुक्तम्, यत आह--*'इतरस्मिन्'* क्षणिकपक्षेऽङ्गीक्रियमाणे ये. पूर्वमभिहिता दोषास्ते सर्वेऽपि प्रसज्यन्ते । अथ संतानिभ्यः संतानो नान्य इष्यते, तर्हि संतानिन एव संतानस्तदव्यतिरिक्तत्वात्तत्स्वरूपवत्, तथा च सति तदवस्थ एव पूर्ववत् व्यवहारविलोपप्रसङ्गः ॥२३५-२३६॥
अत्र पराभिप्रायमाशङ्कमान आह--

अह संताणो णेओ ज इह विसिट्ठो उ हेउफलभावो ।
तत्तो सो ववहारो णो णाणत्ताविसेसातो ॥ २३७ ॥
(अथ संतानो ज्ञेयो य इह विशिष्टस्तु हेतुफलभावः । तस्माच्च स व्यवहारो नो नानात्वाविशेषात्)

---

*શંકા* :- એકાન્તક્ષણિકપક્ષમાં આ પ્રમાણે થવાની આપત્તિ કેમ આપો છો ?

અહીં ઉત્તર આપતા આચાર્યવર કહે છે.

*ગાથાર્થ* :- *સમાધાન* :- એકાન્તક્ષણિકપક્ષે એક જ સંતાનઅંતર્ગત પૂર્વ-ઉત્તરક્ષણોને સર્વથા ભિન્ન કલ્પી છે. તેથી ઉપરોક્ત આપત્તિઓ ક્ષણિકપક્ષે આવે છે.

*શંકા* :- એકસંતાનઅંતર્ગત પૂર્વ-ઉત્તરક્ષણો એકાન્ત ક્ષણિક હોવા છતાં પરસ્પર અત્યન્ત ભિન્ન નથી, તેમ સ્વીકારવાથી પૂર્વોક્ત આપત્તિઓ નહિ આવે.

*સમાધાન* :- જો પૂર્વ-ઉત્તરક્ષણોને પરસ્પર અત્યન્તભિન્ન નહિ સ્વીકારો, તો તેઓને એકાન્તક્ષણિક પણ નહિ સ્વીકારી શકો. કેમકે તે ક્ષણોવચ્ચે કોઇ પણ પ્રકારનો અન્વય=સંબંધ માનવો જ પડશે અને તે અન્વયરૂપે ઉત્તરક્ષણમાં પૂર્વક્ષણની હાજરી સ્વીકારવી પડે. અને, તો પૂર્વક્ષણનો સર્વથા નાશ ન થવાથી સર્વથા ક્ષણિકતા પણ ઊડી જાય.

આમ એક જ વ્યક્તિને આશ્રયીને સુખ-દુઃખના અનુભવવગેરેરૂપ થતો વ્યવહાર એકાન્તક્ષણિકપક્ષે સુસંગત બનતો નથી. તેથી સુજ્ઞ વ્યક્તિએ દૃષ્ટિરાગ=સ્વપક્ષના સિદ્ધાન્તનો દુરાગ્રહ છોડી બરાબર વિચારવું જોઇએ કે 'આ ક્ષણિકપક્ષ અસંગત છે કે નહિ? ક્ષણિકવાદને માન્યતા આપવામાં સઘળાય પ્રસિદ્ધ વ્યવહારોનો વિનાશ થવાનો સંભવ છે. તેથી ક્ષણિકપક્ષ અત્યન્ત અસંગત છે. એમ કહેવાનો ભાવ છે. ॥૨૩૪॥

અહીં પર (=બૌદ્ધ) નો આશય આશંકારૂપે વ્યક્ત કરે છે.

*ગાથાર્થ* :- સંતાન(=પ્રવાહ)દ્વારા પૂર્વોક્ત બધો વ્યવહાર યોગ્ય ઠરે છે. (ઉત્તરપક્ષ) આ સંતાન સંતાની(=પૂર્વ-ઉત્તર આદિ ક્ષણો)થી ભિન્ન છે કે અભિન્ન છે? તે બતાવો. જો ભિન્ન હોય, તો નિત્ય છે કે ક્ષણિક છે? નિત્ય માનશો, તો પ્રતિજ્ઞાહાનિ દોષ છે, બીજાપક્ષે (અનિત્યપક્ષે) તો પૂર્વોક્ત દોષો ઉભા જ રહેશે.

*ક્ષણિકવાદી* :- અમે અતીત, વર્તમાન અને અનાગત ક્ષણોના પ્રવાહરૂપ સંતાનની કલ્પના કરી છે. આ સંતાનથી પૂર્વોક્ત ઇહલૌકિક-પરલૌકિક બધો જ વ્યવહાર સુસંગત બનશે. (મૂળમાં 'તુ' 'જ'કારાર્થક છે.) તેથીજ પારલૌકિક વ્યવહારને ઉદ્દેશી કહ્યું છે, *"જે સંતાનમાં કર્મવાસનાનું આધાન થયું હોય, તેજ સંતાનમાં ફળ થાય છે, જેમકે કપાસમાં રક્તપણું."*

*ઉત્તરપક્ષ* :- આ વાત બરાબર નથી. કેમકે વિકલ્પો અનુપપન્ન બને છે. જૂઓ → તમે કલ્પેલો આ સંતાન સંતાનીઓ=પૂર્વ-ઉત્તર ક્ષણોથી ભિન્ન છે કે અભિન્ન? જો ભિન્ન હોય, તો બે વિકલ્પો સંભવે છે. સંતાનીથી ભિન્ન એવો સંતાન નિત્ય છે કે અનિત્ય છે ? જો નિત્ય કહેશો, તો 'બધા જ સંસ્કારો ક્ષણિક છે.' એવી તમારી પ્રતિજ્ઞા તૂટી જશે. તેથી આ વિકલ્પ અયોગ્ય છે. હવે જો 'સંતાન પણ ક્ષણિક છે' એવો બીજો વિકલ્પ અંગીકાર કરશો, તો તે પણ અયોગ્ય છે. કેમકે ક્ષણિકપક્ષમાં આવતા પૂર્વોક્ત બધા જ દોષો વળગવા આવશે. તેથી સંતાનને ભિન્ન કલ્પી સ્વીકારેલા નિત્ય/અનિત્ય બન્ને વિકલ્પો અસંગત ઠરે છે. તેથી સંતાનને સંતાનીથી ભિન્ન કલ્પવાની જરુર નથી. તેથી જો સંતાનને સંતાનીથી અભિન્ન સ્વીકારશો, તો તે (=સંતાન) સંતાનીરૂપ જ છે. કેમકે તે (=સંતાન) સંતાનીથી સંતાનીના સ્વરૂપની જેમ અભિન્ન છે. અર્થાત સંતાનની નવતર કલ્પના વાહિયાત ઠરશે. અને ક્ષણિક સંતાનીઓઅંગે પૂર્વે કહેલા બધા જ દોષો અડીખમ ઉભા રહેશે. વ્યવહારલોપપ્રસંગ પૂર્વની જેમ જ ઉભો રહેશે. ॥૨૩૫/૨૩૬॥

अथ मन्येथाः न पूर्वापरक्षणप्रवाहमात्रं संतानो नापि तद्व्यतिरिक्तः कश्चिद्वस्त्वन्तरभूतः, किंतु य एवेह पूर्वोत्तरक्षणानां विशिष्ट उपादानोपादेयभावेन हेतुफलभावः स एव संतानो ज्ञेयः, तस्माच्च सोऽनन्तरोदितः सर्वोऽपि व्यवहार इत्यदोषः । **एतत्प्रतिषेधयति**--यदेतदुक्तं तन्न । कुत इत्याह--नानात्वाविशेषात् ॥२३७॥ एनमेव व्याचष्टे--

**अवहिखणातो सताणंतरवत्ती जहा खणो भिन्नो ।**

**कज्जक्खणोऽवि एवं तत्तो को वा विसेसो तु? ॥ २३८ ॥**

(अवधिक्षणात् संतानान्तरवर्त्ती यथा क्षणो भिन्नः । कार्यक्षणोऽपि एवं तस्मात् को वा विशेषस्तु)

*'अवधिक्षणात्'* विवक्षितैकतमकारणक्षणात् यथा संतानान्तरवर्त्ती क्षणो भिन्न एव, तथा कार्यक्षणोऽपि भिन्न एव, सर्वथा कार्ये कारणधर्मानुगमाभावात्, ततो यथा देवदत्तजिनदत्तयोरत्यन्तभिन्नत्वादेककर्तृकस्मरणादिको व्यवहारो न संगतिमश्नुते, तथा विवक्षितेष्वपि पूर्वोत्तरक्षणेषु। अत्र परं निरुत्तरीकर्त्तुं पृच्छति--*'तत्तो को वा विसेसो उ?'* ततो-भिन्नसंतानान्तरवर्त्तिनः क्षणादस्य कार्यक्षणस्य को वा विशेषो? यन्निबन्धन इह पूर्वोक्तो व्यवहारः सर्वोऽपि प्रवर्त्तते, नेतरत्र, नैव कश्चिद्विशेष इति भावः ॥ २३८ ॥ परो विशेषमुद्घट्टयति--

**अत्थि विसेसो हेतुफलभावतो विरहओ य तस्सेव ।**

**एगंतखणियपक्खे णियमेण ततोऽवि हु ण जुत्तो ॥ २३९ ॥**

(अस्ति विशेषो हेतुफलभावाद् विरहाच्च तस्यैव । एकान्तक्षणिकपक्षे नियमेन ततोऽपि हु न युक्तः)

अस्ति विशेषो भिन्नसंतानान्तरवर्त्तिनः क्षणादस्य कार्यक्षणस्य, कुत इत्याह--*'हेतुफलभावतः'* उपादानोपादेय-भावेनावधिक्षणेन सह विवक्षितकार्यक्षणस्य कार्यकारणभावतः, तथा *"तस्यैव"* हेतुफलभावस्य विरहतश्च-अभावतश्च, अवधिक्षणेन सह भिन्नसंतानान्तरवर्त्तिनः क्षणस्य । अत्र दूषणमाह--'एगंते'त्यादि, एकान्तक्षणिकपक्षे *'सकोऽपि'* कार्य-कारणभावो नियमेन न युक्तः ॥२३९ ॥ कथं न युक्त इति तामेवायुक्ततां दर्शयति--

**कह कारणं निरन्नयणट्ठं कज्जस्स साहगं होति? ।**

**णाभावातो भावो जायति पुव्विंवि होज्जा तु ॥ २४० ॥**

(कथं कारणं निरन्वयनष्टं कार्यस्य साधकं भवति? । नाभावात् भावो जायते पूर्वमपि भवेत्तु ॥)

एकान्तक्षणिकपक्षे हि कारणं सर्वथा विनिवर्त्तते, तच्च निरन्वयनष्टं कथं कार्यस्य साधकं भवति?, नैव भवतीति भावः । यस्मान्नाभावतः सकाशाद्भावो जायते, यदि जायेत ततः पूर्वमपि भवेत्, तदभावस्य प्रागपि विद्यमानत्वात् । **अथोच्येत**-न यतः कुतश्चिदभावादयं भाव उपजायते, किंतु विशिष्टात्, स च विशिष्टः कारणस्य

---

*(ક્ષણિકવાદમાં કાર્યકારણભાવ અસંગત)*

અહીં પર (=બૌદ્ધ) ના અભિપ્રાયને આશંકાનું રૂપ આપતા કહે છે.

*ગાથાર્થ* :- (બૌદ્ધ) આ સંતાન કંઇ માત્ર પૂર્વ-ઉત્તરક્ષણોના પ્રવાહરૂપ નથી, તેમ જ, પૂર્વ-ઉત્તરક્ષણોથી ભિન્ન કોઇ વસ્તુરૂપ પણ નથી. પરંતુ પૂર્વ-ઉત્તરક્ષણો વચ્ચે ઉપાદાન-ઉપાદેયભાવરૂપે રહેલો જે હેતુ-ફળભાવ છે, તેજ સંતાન છે. અને આ હેતુફળભાવરૂપસંતાનથી જ પૂર્વોક્ત તમામ વ્યવહારો સુસંગત બનશે, તેથી કોઇ દોષ નથી.

*ઉત્તરપક્ષ* :- આ તર્કમાં કસ નથી, કેમકે ભિન્નપણું તો સમાનતયા રહેલું જ છે. ॥૨૩૭॥

આ ભિન્નપણાને સ્પષ્ટ કરતા કહે છે.

અભીષ્ટ એક-કારણક્ષણથી જેમ ભિન્નસંતાનમાં રહેલી ક્ષણ ભિન્ન છે. તેમ તે જ સંતાનમાં રહેલી કાર્યક્ષણ પણ ભિન્ન જ છે. કેમકે કાર્યક્ષણમાં કારણક્ષણનો એકપણ ધર્મ આવતો નથી. (કારણકે કારણક્ષણનો નિરન્વયનાશ ઇષ્ટ છે.) તેથી જેમ દેવદત્ત અને જિનદત્ત પરસ્પર અત્યન્ત ભિન્ન હોવાથી દેવદત્તના અનુભવનું જિનદત્તને સ્મરણ થવાદિરૂપ એકકર્તૃકસ્મરણાદિવ્યવહાર સંગત ન બને, તેમ પૂર્વીય-કારણક્ષણ અને ઉત્તરની કાર્યક્ષણવચ્ચે પણ અનુભવ-સ્મરણાદિ વ્યવહાર સુસંગત બને નહિ. (અર્થાત્ એકસંતાનગત પૂર્વક્ષણે અનુભવેલી વસ્તુનું સ્મરણ જેમ ભિન્નસંતાનગતક્ષણને ન થાય, તેમ તે જ સંતાનમાં રહેલી ઉત્તરક્ષણને પણ નહિ થાય, કેમકે અભીષ્ટ પૂર્વક્ષણથી તે બન્નેની ભિન્નતા સમાનતયા છે.) જો ઉત્તરક્ષણમાં એવી કોઇ વિશેષતા હોય, કે જેથી તેમાં પૂર્વોક્ત વ્યવહાર પ્રવર્તે અને ભિન્ન સંતાનમાં તેવો વ્યવહાર ન પ્રવર્તે, તો તે વિશેષ બતાવો ? પણ આવી કોઇ વિશેષતા વાસ્તવમાં નથી. ॥૨૩૮॥

બૌદ્ધ વિશેષને પ્રગટ કરવા પ્રયાસ કરતા કહે છે.

*ગાથાર્થ* :- (બૌદ્ધ) આ કાર્યક્ષણ(ઉત્તરક્ષણ)માં ભિન્ન સંતાનમાં રહેલી ક્ષણથી વિશેષ છે. કેમકે કારણક્ષણ(=પૂર્વક્ષણ) સાથે ઇષ્ટ કાર્યક્ષણ(=સમાનક્ષણવર્તી ઉત્તરક્ષણ)નો હેતુફળભાવ છે. જ્યારે ભિન્નસંતાનવર્તીક્ષણનો ઇષ્ટકારણક્ષણસાથે હેતુફળભાવસંબંધ નથી. આમ સમાનસંતાનવર્તી ઉત્તરક્ષણમાં ભિન્નસંતાનવર્તીક્ષણ કરતાં આ હેતુફળભાવરૂપ વિશેષ છે. તેથી ત્યાં(=ઉત્તરક્ષણમાં) પૂર્વોક્ત સ્મરણાદિ વ્યવહાર સુસંગત છે. ભિન્નસંતાનગતક્ષણમાં એ વ્યવહાર અસંગત છે.

*ઉત્તરપક્ષ* :- તમારી દલીલમાં દૂષણ છે. કારણકે એકાન્ત ક્ષણિકપક્ષે કાર્યકારણભાવ અવશ્યમેવ સંભવતો નથી. ॥૨૩૯॥

કાર્યકારણભાવ કેમ સંભવે નહિ ? તે આચાર્ય બતાવી રહ્યા છે.

*ગાથાર્થ* :- એકાન્તક્ષણિકપક્ષે કારણક્ષણ નિરન્વયનાશ = સર્વથા વિનિવૃત્ત થાય છે. તેથી તે(=કારણક્ષણ) કાર્યનું સાધક બની શકે નહિ. કારણકે અભાવમાંથી ભાવની ઉત્પત્તિ શક્ય નથી. જો ઉત્પત્તિ શક્ય હોય, તો પૂર્વે પણ કાર્ય ઉત્પન્ન

प्रध्वंसाभावो न प्रागभाव इति न पूर्वमपि भावस्य भावप्रसङ्गः ॥ २४० ॥ अत्राह--

निरुवक्खत्ता ण य इह वइसिट्ठं जुज्जते अभावस्स ।
कारणपुव्वत्तम्मि य कज्जस्स उ अन्नयपसिद्धी ॥ २४१ ॥

(निरुपाख्यत्वात् न चेह वैशिष्ट्यं युज्यतेऽभावस्य । कारणपूर्वकत्वे च कार्यस्य तु अन्वयप्रसिद्धिः)

**'इह'** विचारप्रक्रमे *'सर्वथा निरुपाख्यत्वात्'* सर्वोपाख्याविकलत्वादभावस्य वैशिष्ट्यं न युज्यते, सकलशक्तिशून्यतया कर्म्मत्वशक्त्ययोगेन केनचिदपि विशेषयितुमशक्यत्वात्, विशेषणेन च विशिष्यमाणो विशिष्टो भवति, ततोऽभावस्य वैशिष्ट्याभावाद् यदि ततो भावो जायेत ततः पूर्वमपि जायेत । अथैतद्दोषभयान्नाभावाद्भावस्योत्पत्तिरिष्यते, किं तर्हि?, कारणादेव । तत आह--*'कारणेत्यादि'* कारणपूर्वकत्वे च कार्यस्येष्यमाणेऽन्वयप्रसिद्धिः--अन्वयस्य प्रसङ्गः, कारणभावाविच्छेदेन कार्यस्य भावाभ्युपगमात्, भावाविच्छेदश्चान्वयः । नन्वन्य एव कारणभावोऽन्यश्च कार्यभावस्तत्कथमिह भावाविच्छेदेऽपि अन्वयापत्तिरिति चेत्, न तत्त्वतो भेदकाभावत एकान्तेनान्यत्वाभावात्। क्षणौ हि पूर्वापरौ तद्विशेषणतया भेदकौ स्यातां, तौ च विवक्षितपूर्वापरभावव्यतिरेकेण नान्यावभ्युपगम्येते, तयोरक्षणिकत्वप्रसङ्गात्, तदपरक्षणाभावात्, भावे चानवस्थाप्रसङ्गात्, मा भूद्वा अनवस्थाप्रसङ्गस्तथापि न तयोः क्षणयोर्भेदकत्वमेव, उभयोरपि भावयोर्भावरूपताया अविशेषात् । आकारादिभेदात् विशेषसिद्धिरिति चेत्, न, आकारादिभेदवदविशेषेण भावरूपताया अपि प्रतीयमानत्वात्। ननु चाधिकृतघटजन्यकपालवत् घटान्तरजन्यकपालेऽपि मृत्त्वादिलक्षणा भावरूपता अविशेषेण प्रतीयते; न च तत्रान्वयः, तथानभ्युपगमात्, तद्वदधिकृतघटजन्यकपालेऽपि न भविष्यतीति, उच्यते, न भावरूपता केवलैवान्वयसिद्धिनिबन्धनं किंतु तद्रूपशक्तिगन्धपरिमाणादिसंगता तत्तथाभावाध्यवसायहेतुः, न चासावेवंविधा भावरूपता घटान्तरजन्यकपालेऽपि प्रतीयते, नच तद्वदधिकृतघटजन्यकपालेऽपि नानुभूयते, इत्यन्वयसिद्धिरव्याहतैव ॥२४१॥ अत्र पराभिप्रायमाशङ्कते---

---

થવું જોઇએ. કેમકે તદ્(કારણક્ષણનો) અભાવ પૂર્વે પણ (કારણક્ષણની પૂર્વની ક્ષણોમાં) હાજર જ છે.

*બૌદ્ધ* :- આ કાર્યક્ષણરૂપ ભાવ જે-તે અભાવમાંથી ઉદ્ભવતો નથી, પરંતુ વિશિષ્ટઅભાવમાંથી જ ઉદ્ભવે છે. આ વિશિષ્ટતા કારણક્ષણના પ્રધ્વંસરૂપ સમજવાની છે. પ્રાગભાવરૂપ નહિ. (કારણક્ષણનો પોતાની ઉત્પત્તિ પૂર્વેનો અભાવ પ્રાગભાવ છે. અને તેના નાશ પછી થતો અભાવ પ્રધ્વંસાભાવરૂપ છે.) આમ પૂર્વકાળે કારણના પ્રધ્વંસરૂપ વિશિષ્ટઅભાવ ન હોવાથી તે વખતે કાર્યક્ષણની ઉત્પત્તિ સંભવતી નથી. ॥૨૪૦॥

અહીં ઉત્તર આપતાં કહે છે.

### *(કારણપૂર્વક કાર્યમાં અન્વયસિદ્ધિ)*

*ગાથાર્થ* :- અહીં અભાવ નિરુપાધિક હોઇ તેમાં વૈશિષ્ટ્ય યોગ્ય નથી. તથા કાર્યને કારણપૂર્વક માનવામાં અન્વયપ્રસિદ્ધિદોષ છે.

પ્રસ્તુતવિચારમાં અભાવમાં વિશેષણના પીછાં ઉમેરવા યોગ્ય નથી. અભાવ સ્વયં તુચ્છરૂપ હોવાથી એક પણ પ્રકારની શક્તિવાળો નથી. તેથી તે કર્મત્વશક્તિવાળો પણ નથી. અર્થાત્ અભાવમાં ક્રિયા સંભવતી નથી. (વિશેષણ પ્રાયઃ ગુણ કે ક્રિયારૂપ હોય છે. અભાવ તુચ્છરૂપ હોવાથી તેમાં ગુણ કે ક્રિયા સંભવે નહિ. વસ્તુમાં જેવા પ્રકારની શક્તિ=યોગ્યતા હોય, તેવા પ્રકારની ક્રિયા તેમાં થઇ શકે અને તેવા પ્રકારનું ક્રિયાત્મકવિશેષણ સંભવી શકે.) તેથી અભાવને કોઇપણ વિશેષણથી શોભાવી શકાય તેમ નથી. અને જે વિશેષણોથી યુક્ત થાય તેને જ 'વિશિષ્ટ'પદની પ્રાપ્તિ થાય છે. આમ વિશેષણો વિનાનો (=વૈશિષ્ટ્ય રહિતનો) અભાવ વિશિષ્ટ બની શકે નહિ. તેથી તમારું 'વિશિષ્ટ અભાવ' એવું કથન મૂળ વિનાનું છે. તેથી તેના આધારે કરેલી દલીલ પણ મૂળ વિનાની વાહિયાત છે. તેથી જો અભાવમાંથી ભાવ ઉત્પન્ન થઇ શકતો હોત તો તો આ પહેલા પણ ઉત્પન્ન થઇ જાત. (કારણક્ષણના અભાવને પ્રાગભાવ કહો કે ધ્વંસાભાવ કહો પણ મૂળ તો અભાવરૂપ જ છે. વળી ધ્વંસાભાવને કાર્યક્ષણની ઉત્પત્તિમાં કારણ માનો, તો ધ્વંસાભાવ સાદિઅનંત હોવાથી સતત ઉત્પત્તિ માનવી પડે વગેરે ઘણા દોષો છે.)

આ દોષોના ભયથી જો તમે(=બૌદ્ધો) અભાવમાંથી ભાવની ઉત્પત્તિ નહીં સ્વીકારો પણ કારણમાંથી ભાવની ઉત્પત્તિ સ્વીકારશો, અર્થાત્ કારણપૂર્વક કાર્ય સ્વીકારશો, તો અન્વયનો પ્રસંગ છે. કેમકે કારણભાવના અવિચ્છેદરૂપે કાર્યનો ભાવ સ્વીકાર્યો. (અર્થાત્ કારણભાવની તરત ઉત્તરમાં કાર્યભાવ સ્વીકાર્યો. બે ભાવની વચ્ચે એવી કોઇ ક્ષણ નથી કે જે ક્ષણે કારણનાં નાશના કારણે અને કાર્યની અનુત્પત્તિના કારણે અભાવ હોય.) આમ ભાવનો અવિચ્છેદ=અખંડપ્રવાહ રહેશે. આ ભાવાવિચ્છેદ (=ભાવની અખંડિતતા) જ અન્વયરૂપ છે.

*બૌદ્ધ* :- કારણભાવ અન્ય છે અને કાર્યભાવ અન્ય છે. તેથી ભાવનો અવિચ્છેદ હોવા છતાં અન્વયનો પ્રસંગ નથી. કારણકે કારણની કાર્યમાં અનુવૃત્તિ નથી.

*ઉત્તરપક્ષ* :- કારણ અને કાર્યનો કોઇ તાત્ત્વિક ભેદક(=પરસ્પર અન્યતાઆપાદક) નથી. તેથી કારણ-કાર્યવચ્ચે એકાન્તે અન્યતા નથી. અલબત્ત, પૂર્વાપર ક્ષણો કારણ-કાર્યના વિશેષરૂપે ભેદક બની શકે, (જેમકે પૂર્વક્ષણવિશિષ્ટ હોય, તે 'કારણ' અને ઉત્તરક્ષણવિશિષ્ટ હોય તે 'કાર્ય.') પરંતુ કાર્ય-કારણભાવ વચ્ચે તાત્ત્વિક ભેદ લાવવા આટલું પર્યાપ્ત નથી. કેમકે કારણને સમકાલીન તમામને અને કાર્યને સમાનકાલીન તમામને ક્રમશઃ સમાનતયા 'પૂર્વક્ષણવિશિષ્ટતા' અને 'ઉત્તરક્ષણવિશિષ્ટતા' લાગુ પડે છે. તેથી નિશ્ચિત કાર્ય-કારણભાવવચ્ચે ભેદાર્થે પૂર્વાપરભાવ ઉપરાંત કશુંક હોવું જરુરી છે. પરંતુ આ બે ક્ષણો તો પૂર્વાપરભાવ છોડી અન્ય કશારૂપે ઇષ્ટ નથી. જો અન્યરૂપતા હોય તો ક્ષણિકતા ન રહે(કેમકે નિરંશ એકસ્વભાવ ઇષ્ટ છે.) આ ક્ષણિકતાનું આપાદન કરનારા કરનાર અન્ય કોઇ ક્ષણ નથી. જો હોય, તો અનવસ્થાદોષ છે. કારણકે પૂર્વાપરક્ષણોની ક્ષણિકતામાટે જેમ અપરક્ષણની જરુર છે, તેમ એ અપરક્ષણની ક્ષણિકતામાટે તદન્યક્ષણની જરુર પડશે. કદાચ સ્વતઃક્ષણિકતા સ્વીકારી અનવસ્થાદોષ ટાળો, તો પણ એ

कारणविणासकज्जुप्पादा जुगवं तु होंति णातव्वा ।
तो णत्थि भणियदोसा तुलाएँ णामावणामव्व ॥ २४२ ॥
(कारणविनाशकार्योत्पादौ युगपत्तु भवतः ज्ञातव्यौ । ततो नास्ति भणितदोषास्तुलाया नामोन्नामाविव)

तुलाया नामोन्नामाविव युगपत्कारणविनाशकार्योत्पादौ ज्ञातव्यौ, *'तो'* तस्मात्पूर्वक्षण एव कारणस्य निरन्वयविनाशादभावात् कार्यस्याभावप्रसङ्ग इत्यादयोऽभिहिता दोषास्ते सर्वेऽपीह न सन्ति, निरवकाशत्वात्, *तथाहि*–यस्मिन्नेव क्षणे कारणं विनश्यति तस्मिन्नेव क्षणे कार्योत्पादश्च, ततो नाभावाद् भावप्रसङ्गः, कारणात् कार्यस्य भावात्। नाप्यन्वयापत्तिः, कारणस्य निरन्वयविनाशादिति ॥२४२॥ अत्राह--

कारणकज्जाणं णणु णासुप्पादा पुढोऽपुढो वावि ।
पढमे ण तस्स णासो ण य उप्पादो तु इयरस्स ॥ २४३ ॥
(कारणकार्ययोर्ननु नाशोत्पादौ पृथगपृथग् वापि । प्रथमे न तस्य नाशो नचोत्पादस्तु इतरस्य)

नन्विमौ नाशोत्पादौ यथाक्रमं कारणकार्यसंबन्धिनौ हि ताभ्यां पृथग्-भिन्नौ वा स्यातामपृथक्-अभिन्नौ वेति विकल्पद्वयम् । तत्र प्रथमपक्षे पार्थक्यलक्षणे न तस्य-कारणस्य संबन्धी विनाशो नापीतरस्य कार्यस्योत्पादो, भिन्नत्वाद्, अर्थान्तरगतनाशोत्पादवत् ॥२४३॥ द्वितीयपक्षमधिकृत्याह--

चरमम्मि य तब्भावो तेसिं तत्तो ण हेतुफलभावो ।
जुगवब्भावाओ चिय सव्वेतरगोविसाणव्व ॥ २४४ ॥
(चरमे च तद्भावस्तेषां ततो न हेतुफलभावः । युगपद्भावादेव सव्येतरगोविषाणवत्)

चरमे च पक्षे आश्रीयमाणे *'तेसिंति'* तयोर्नाशोत्पादयोस्तद्भावो-यथाक्रमं कार्यकारणभावः स्यात्, कारणकार्याव्यतिरिक्तत्वात्तत्स्वरूपवत् । *'तत्तोत्ति'* ततश्च न तयोर्विवक्षितयोः कारणकार्ययोर्हेतुफलभावः कारणकार्यभावो युगपद्भावात् सव्येतरगोविषाणवत् । युगपद्भावश्चाभिन्नकालनाशोत्पादाभिन्नत्वाभ्युपगमात् ॥२४४॥ पर आह--

---

क्षणे तात्त्विकभेदक तो नथी ज. कारणके पूर्वक्षणीय कारणभाव अने उत्तरक्षणीय कार्यभाव बन्ने भावरूपे समान ज छे.

*बौद्ध* :– आकारादिभेदथी कार्यमां कारणथी विशेषनी-अन्यतानी सिद्धि थाय छे.

*उत्तरपक्ष* :– आकारादिभेदनी समानतया भावरूपतानी पण प्रतीति थाय ज छे.

*बौद्ध* :– अभीष्टघटजन्यकपालनी जेम अन्यघटजन्यकपालमां पण माटीआदिरूप भावरूपता समानतया भासे छे, छतां त्यां अभीष्टघटनो अन्वय स्वीकृत नथी. ते ज प्रमाणे भावरूपतानी समानतामात्र होवा छतां अभीष्टघटनो तज्जन्य कपालमां पण अन्वय थतो नथी.

*उत्तरपक्ष* :– मात्र भावरूपता अन्वयसिद्धिनुं कारण नथी, परंतु तेना(=कारणगत) रूप, शक्ति, गन्ध, परिमाणवगेरेथी युक्त भावरूपता कारणना अन्वयभावना अध्यवसायमां कारण बने छे. आवा प्रकारनी भावरूपता अन्यघडाथी उद्भवेला कपालमां प्रतीत थती नथी. तेथी तेमां अभीष्टघडानो अन्वय अमान्य छे. अधिकृतघटजन्य कपालमां उपरोक्त भावरूपता प्रतीत थाय ज छे. आम विरोध विना अन्वयनी सिद्धि थाय छे. ॥२४१॥

*(समकालीनमां कार्य-कारणभाव असिद्ध)*

अही पर(=बौद्ध)ना अभिप्रायनी आशंका करे छे.

*गाथार्थ* :– *बौद्ध* :– त्राजवाना बे पल्लामां ज्यारे एक पल्लुं नीचे नमे छे, त्यारे ज बीजुं पल्लुं ऊंचु थाय छे. आ ज प्रमाणे कारणनो विनाश अने कार्यनी उत्पत्ति एकसाथे थाय छे. तेथी *"पूर्वक्षणे ज कारणनो निरन्वय नाश थवाथी अभाव आव्यो. तेथी कार्यना पण अभावनो प्रसंग छे"* वगेरे जे पूर्वे दोषो बताव्या, ते बधा दोषो हवे अवकाश न होवाथी संभवता नथी. केमके जे क्षणे कारण विनाश पामे छे. ते ज क्षणे कार्य उत्पन्न थाय छे. आम कारणमांथी ज कार्य उत्पन्न थाय छे. तेथी 'अभावमांथी भावनी उत्पत्ति'नो प्रसंग नथी. साथे साथे कारणनो निरन्वयविनाश होवाथी अन्वयनी आपत्ति पण नथी. ॥२४२॥

अही उत्तर आपता कहे छे.

*गाथार्थ* :– *उत्तरपक्ष* :– नाश कारणथी अने उत्पाद कार्यथी भिन्न छे के अभिन्न छे ? जो भिन्नरूप प्रथमपक्ष स्वीकारशो, तो ते नाश कारणनो नहि गणाय, अने उत्पत्ति कार्यनी नहि गणाय. केमके नाश अने उत्पाद क्रमशः कारण अने कार्यथी भिन्न छे. जेमके अन्यवस्तुगत नाश के उत्पाद कारण के कार्यना गणाता नथी.

'नाश अने कारण तथा उत्पाद अने कार्य परस्पर अभिन्न छे.' एवा बीजापक्षने आश्रयी आचार्यवर कहे छे.

*गाथार्थ* :– बीजापक्षना स्वीकारमां नाश अने उत्पाद क्रमशः कार्यकारणभाव पामशे. केमके कारण अने कार्यथी तेओनां स्वरूपनी जेम तेओ(=नाश अने उत्पाद) अभिन्न छे. तेथी विवक्षित (=अभीष्ट) कारण अने कार्य वच्चे कारणकार्यभाव रहेशे नहि. केमके बन्नेमां युगपद्भाव छे. युगपद्भाव आ प्रमाणे आव्यो ➡ कारण अने तेनो नाश अभिन्न छे. तेमज कार्य अने तेनो उत्पाद अभिन्न छे. हवे जे काळे नाश छे ते ज काळे उत्पाद मान्यो छे. तेथी एक ज काळे नाशथी अभिन्न कारण अने उत्पादथी अभिन्न कार्य प्राप्त थशे. अने एक ज काळे रहेली बे वस्तु वच्चे गायना डाबाजमणा शिंगडानी जेम कार्यकारण भाव संभवे नहि. ॥२४४॥

उवचरियत्था किरियासद्दा इतरेसि तुल्लकालत्ता ।
किं न वियप्पेहेवं भेदाभेदुब्भवा दोसा? ॥ २४५ ॥

(उपचरितार्थाः क्रियाशब्दा इतरेषां तुल्यकालत्वात् । किं न विकल्पयस्येवं भेदाभेदोद्भवान् दोषान्)

एते क्रियाशब्दा उत्पादनाशादय *'उपचरितार्थाः'* कल्पितार्थाः, न खलु वस्तूनां तदतिरिक्ता काचित्क्रियाऽस्ति यन्निबन्धना एते क्रियाशब्दाः पारमार्थिका भवेयुः, ततो न कश्चिदिह पूर्वोक्तदोषावकाश इति । अत्रोत्तरमाह- *'इयरेसिं'* इत्यादि, यद्यप्येते क्रियाशब्दा उपचरितार्थाः-कल्पितार्थास्तथापि इतरयोः-नाशोत्पादयोः प्रतिप्राणिप्रत्यक्षप्रमाणसिद्धत्वेना-प्रतिक्षेपार्हयोस्तुल्यकालत्वेनाभ्युपगतयोर्वस्तुस्थित्या कारणकार्याभ्यां सह भेदाभेदोद्भवान् दोषान् किन्नैवमुपदर्शितप्रकारेण विकल्पयसि?-स्वदर्शनकल्पितकुविकल्पतामपहाय सूक्ष्मबुद्ध्या पर्यालोचयसि । एतदुक्तं भवति-यद्यपि कयाचिदपि स्वमतिकल्पनया क्रियाशब्दानामुपचरितार्थत्वाभ्युपगमः, तथापि नाशोत्पादौ तावत्प्रतिप्राणि प्रत्यक्षेणोपलभ्येते, तौ च तुल्यकालावभ्युपगतावतस्तद्विषया भेदाभेदोद्भवा दोषाः कथं परिहर्तुं शक्यन्त इति? सूक्ष्मधिया निभालनीयमेतत् ॥२४५॥

पुनरत्यत्र परमाशङ्कते--

अह उ खणट्ठितिधम्मा भावो णासोत्ति णणु तदद्धाए ।
कज्जुप्पादम्मि पुणो स एव पुव्वोदितो दोसो ॥ २४६ ॥

(अथ तु क्षणस्थितिधर्मा भावो नाश इति ननु तदद्धायाम् । कार्योत्पादे पुनः स एव पूर्वोदितो दोषः)

तुशब्दोऽवधारणार्थे भिन्नक्रमश्च । अथ मन्येथाः-क्षणस्थितिधर्म्मा भाव एव नाशो न तु तदन्यः कश्चित्, तदुक्तम्--*"क्षणस्थितिधर्म्मा भाव एव विनाश"* इति, तत्कथमिह भेदाभेदकल्पना युक्तिसंगतेतिभावः । अत्राह-*'णणु इत्यादि'* नन्वेवमपि तदद्धायां-नाशाद्धायां कार्योत्पादे तुलानामोन्नामवदिति दृष्टान्तबलेनेष्यमाणे पुनरपि स एव पूर्वोदितो हेतुफलयौगपद्यप्रसङ्गलक्षणो दोषः प्राप्नोति । तथाहि-कारणनाशाद्धायां कार्योत्पादाभ्युपगमः, कारणनाशश्च कारणभाव एव, तथा चानयोर्यौगपद्यप्रसङ्ग इति, तस्मान्नैतदपि कल्पनं समीचीनम् ॥२४६॥ पुनरपि परमतमाशङ्क्य दूषयति--

---

અહી બૌદ્ધ સ્વાશય વ્યક્ત કરે છે.

*(નાશ-ઉત્પત્તિ તાત્વિક છે.)*

*ગાથાર્થ* :- (બૌદ્ધ) ક્રિયાશબ્દો ઉપચરિતાર્થ છે. (ઉત્તર) છતાં પણ ઇતર (નાશ-ઉત્પાદ) ની તુલ્યકાળતા છે જ. આ પ્રમાણે ભેદાભેદથી ઉદ્ભવતા દોષોની વિકલ્પના કેમ નથી કરતા ?

*બૌદ્ધ* :- 'ઉત્પાદ' 'નાશ'વગેરે ક્રિયાશબ્દો કલ્પિતઅર્થવાળા છે. વસ્તુઓમાં વસ્તુથી ભિન્ન એવી કોઇ ક્રિયા નથી, કે જેના કારણે આ ક્રિયાવાચક શબ્દો પારમાર્થિક બની શકે. તેથી તમે ઉત્પાદાદિ ક્રિયાશબ્દોને આગળ કરી આપેલા પૂર્વોક્તદોષોને ઉભા રહેવાનો અવકાશ નથી.

*ઉત્તરપક્ષ* :- ભલે, આ 'ક્રિયા'શબ્દો કલ્પિતઅર્થવાળા હોય, છતાં નાશ અને ઉત્પત્તિ દરેક જીવને પ્રત્યક્ષપ્રમાણસિદ્ધ છે. તેથી તેઅંગે કોઇ વિપરીત દલીલને સ્થાન નથી. અને તમે નાશ અને ઉત્પત્તિનો સમાનકાલીનતરીકે સ્વીકાર કર્યો છે. *તાત્પર્ય* :- કારણગત નાશ અને કાર્યગત ઉત્પત્તિ તાત્વિક છે તે સુનિશ્ચિત છે. હવે તમે કહ્યું તે મુજબ, જો કારણગત નાશ અને કાર્યગત ઉત્પત્તિ સમાનકાલીન જ હોય, તો એ તો તપાસવું જ પડશે કે, 'કારણ અને તેનો નાશ, તથા કાર્ય અને તેની ઉત્પત્તિ પરસ્પર ભિન્ન છે, કે અભિન્ન તથા બન્ને પક્ષે ગુણ છે કે દોષ?' અને તપાસ કરતાં એવી નક્કર હકિકત પ્રાપ્ત થાય છે કે, તે બન્ને(નાશ અને ઉત્પત્તિ)નો કારણ-કાર્યસાથે ભેદ અને અભેદ એમ બન્ને પક્ષે દોષો રહ્યા છે. તમે પોતે જ અમે ઉપર બતાવ્યા તે મુજબ દોષોની વિચારણા કેમ નથી કરતા ? તમે તમારા દર્શનના કલ્પિત કુવિકલ્પોનો ત્યાગ કરી સૂક્ષ્મબુદ્ધિથી અન્વેષણ કરો. *સાર* :- કદાચ સ્વમતિકલ્પનાથી ક્રિયાશબ્દોને કાલ્પનિકઅર્થવાળા કલ્પી પણ લઇએ, તો પણ નાશ અને ઉત્પત્તિ તો સર્વજીવપ્રત્યક્ષસિદ્ધ છે. તેથી તે બન્નેને સમાનકાલીન સ્વીકારવામાં ભેદપક્ષે અને અભેદપક્ષે સંભવતા દોષો શી રીતે દૂર કરી શકાશે ? આ વાત બુદ્ધિની તીક્ષ્ણધાર કાઢી વિચારો. ॥૨૪૫॥

અહી ફરીથી બૌદ્ધમતની આશંકા કરે છે.

*ગાથાર્થ* :- (બૌદ્ધ) 'ક્ષણસ્થિતિધર્મવાળો ભાવ જ નાશ છે.' (ઉત્તર) તે કાળે (=નાશકાળે) કાર્યની ઉત્પત્તિ (માનવા) માં ફરીથી તે જ પૂર્વોક્તદોષ છે.

(મૂળમાં 'તુ'પદ જકારઅર્થક છે. તેનો અન્વય 'ભાવ'પદ સાથે છે.)

*બૌદ્ધ* :- ક્ષણસ્થિતિધર્મ (ક્ષણિકસ્થિરતાના સ્વભાવવાળો) ભાવ સ્વયં જ નાશરૂપ છે. નાશ આ ભાવને છોડી અન્યરૂપ નથી. કહ્યું જ છે કે *'ક્ષણસ્થિતિધર્મવાળો ભાવ જ વિનાશ છે'* આમ નાશ અન્યવસ્તુરૂપ ન હોવાથી તે સંબંધી ભેદ-અભેદ કલ્પના કેવી રીતે યુક્તિસંગત બને ?

*ઉત્તરપક્ષ* :- આવી માન્યતામાં પણ છૂટકારો નથી. કેમકે 'તુલાના બે પલ્લાના એકસાથે નીચું નમવું અને ઉપર ચડવું' ન્યાયથી તે નાશ વખતે કાર્યની ઉત્પત્તિ સ્વીકારવામાં પૂર્વે કહેલો હેતુ-ફળસમાનકાલીનતાપ્રસંગદોષ અડીખમ ઉભો જ રહે છે. તે આ પ્રમાણે ➡ 'કારણનો નાશ કારણભાવરૂપ જ છે. અને કારણનાશવખતે જ કાર્યનો ઉત્પાદ છે' આવી માન્યતા છે. તેથી કારણ અને કાર્ય એકકાલીન થવાનો પ્રસંગ છે જ. તેથી આ (ક્ષણસ્થિતિધર્મવાળો ભાવ જ નાશ છે એવી) માન્યતા પણ કસ વિનાની છે. ॥૨૪૬॥

अह धम्मिधम्मभावो एसो परिकप्पितो तु णातव्वो ।
उभयाभावाओ णणु एवंपि ण हेतुफलभावो ॥ २४७ ॥

(अथ धर्मिधर्मभाव एष परिकल्पितस्तु ज्ञातव्यः । उभयाभावाद् ननु एवमपि न हेतुफलभावः)

**अथ** एष धर्म्मिधर्म्मभावः कारणतन्नाशादिलक्षणः परिकल्पित एव–अपारमार्थिक एव ज्ञातव्य इति ब्रूषे । तुरवधारणार्थः । नन्वेवमपि न तत्त्वतो हेतुफलभावः, कुत इत्याह--*'उभयाभावात्'* कल्पितस्य परमार्थतोऽसत्त्वेनोभयस्यापि धर्म्मिधर्म्मलक्षणस्याभावात्, न च धर्म्मिधर्म्मव्यतिरिक्तं किंचिद्वस्त्वस्ति यत् हेतुः फलं वा भवेदिति ॥२४७॥

अह धम्मिधम्मभावो एत्थं परिकप्पितो ण पुण धम्मी ।
ण हि सो सहावविकलोऽसति धम्मे तस्स कह भावो ? ॥ २४८ ॥

(अथ धर्मिधर्मभावोऽत्र परिकल्पितो न पुनर्धर्मी । नहि स स्वभावविकलोऽसति धर्मे तस्य कथं भावः?)

**अथोच्येत**–अत्र धर्म्मिधर्म्मभावः कारणं तद्विनाशः कार्यं तदुत्पाद इत्येवंरूपः परिकल्पितो न पुनर्धर्म्म्यपि कार्यकारणलक्षणः, तस्मान्न पूर्वोक्तो हेतुफलभावाभावरूपो नो दोषः प्रसज्यते इति। अत्राह–*'न हीत्यादि'* न हि धर्मी कारणलक्षणः कार्यलक्षणो वा स्वभावविकलो भवति, तथानुपलम्भात्, यदि पुनः स्वभावविकलत्वं भवेत् ततः सति तस्मिन् स्वभावविकलत्वे तस्य–कारणस्य कार्यस्य च भावः–स्वरूपं कथं भवेत्? नैव भवेदितिभावः । स्वभावविकलत्वे सति खरविषाणस्येव तस्य तदनुपपत्तेः । स्वभावाभ्युपगमे च स्वभावस्य धर्म्मत्वात् दुःशकः पारमार्थिको धर्म्मिधर्म्मभावोऽपाकर्तुमिति । स्यादेतत्, सकलसजातीयविजातीयव्यावृत्तं निरंशमेवैकं स्वलक्षणं पारमार्थिकम्, व्यावृत्तयश्च परिकल्पिताः, ताश्च भेदान्तरप्रतिक्षेपविवक्षायां भिन्ना इव परतन्त्रतया निर्दिश्यमाना धर्म्मा इति व्यपदिश्यन्ते, तस्माद्धर्म्मधर्म्मिभाव एव कल्पितो न तु धर्म्मी, तन्न कारणस्य कार्यस्य वाऽभावप्रसङ्गः, तथा च सति यदि पूर्वं स्वलक्षणं विशिष्टं प्रतीत्योत्तरं स्वलक्षणमुत्पत्स्यते ततः को नो दोष इति? ॥२४८॥ एतदेवाशङ्कमान आह--

सिय कारणं विसिट्ठं पडुच्च उप्पज्जते य कज्जंपि ।
एस पडुच्चुप्पादो सहावसिद्धो मुणेयव्वो ॥ २४९ ॥

(स्यात् कारणं विशिष्टं प्रतीत्योत्पद्यते च कार्यमपि । एष प्रतीत्योत्पादः स्वभावसिद्धो ज्ञातव्यः)

---

*(ધર્મી–ધર્મભાવ પારમાર્થિક છે.)*

ફરીથી બૌદ્ધમતની આશંકા કરી દૂષણ દેખાડે છે.

*ગાથાર્થ* :– (બૌદ્ધ) આ ધર્મીધર્મભાવ ('કારણ' ધર્મી અને 'નાશ' તેનો ધર્મ ઇત્યાદિરૂપ) પરિકલ્પિત જ(=ઔપચારિક) છે. તેમ સમજવું. ('તુ'પદ 'જ'કારઅર્થક છે.)

*ઉત્તરપક્ષ* :– તો પણ તાત્ત્વિક હેતુફળભાવ સિદ્ધ થતાં નથી. તે આ પ્રમાણે ➡ કલ્પિતવસ્તુ કવિતામાં ભલે શોભે! વાસ્તવમાં તો તેનો અભાવ જ હોય છે. તેથી કલ્પિત ગણાયેલા ધર્મિધર્મભાવનો વાસ્તવમાં અભાવ છે. તેથી ધર્મ અને ધર્મીનો અભાવ સિદ્ધ થયો. તથા ધર્મી અને ધર્મને છોડી બીજી કોઇ વસ્તુ નથી કે જે કારણ કે કાર્યરૂપ બની શકે. તેથી કાર્યકારણભાવનો અભાવ સિદ્ધ થાય છે. ॥૨૪૭॥

*ગાથાર્થ* :– (બૌદ્ધ) અહીં ધર્મિધર્મભાવ જ પરિકલ્પિત છે, નહિ કે ધર્મી. (ઉત્તર) તે (=ધર્મી) સ્વભાવવિકલ હોઇ ન શકે. તેથી ધર્મના અભાવમાં તે (=ધર્મી)નું અસ્તિત્વ શી રીતે હોઇ શકે ?

*બૌદ્ધ* :– કારણ ધર્મી છે, તેનો નાશ ધર્મ છે. તથા કાર્ય ધર્મી છે, તેનો ઉત્પાદ ધર્મ છે. આવા પ્રકારનો ધર્મિધર્મભાવ જ પરિકલ્પિત છે, નહિ કે કારણ કે કાર્યરૂપ ધર્મીઓ. તેથી તમે પૂર્વે બતાવેલ હેતુ–ફળભાવના અભાવનો પ્રસંગ આવતો નથી.

*ઉત્તરપક્ષ* :– *'ધર્મીઓ વાસ્તવિક હોવા છતાં ધર્મિધર્મભાવ નથી'* એમ કહેવાથી તાત્પર્ય એ આવ્યું કે ધર્મો વાસ્તવિક નથી. (ધર્મિ–ધર્મભાવનો અભાવ– (૧) ધર્મી અને ધર્મ બન્નેના અભાવથી અથવા (૨) ધર્મીઓના અભાવથી અથવા (૩) ધર્મોના અભાવથી સંભવે. તેમાં ધર્મીઓને સ્વીકારવાથી પ્રથમ બે વિકલ્પો બાકાત થયા. તેથી પારિશેષન્યાયથી ત્રીજો વિકલ્પ સિદ્ધ થયો.) તેથી કારણરૂપ કે કાર્યરૂપ ધર્મી સ્વભાવ(=ધર્મ) વિનાના સિદ્ધ થયા. પણ ક્યારેય ધર્મી સ્વભાવહીન હોય જ નહિ, કેમકે ક્યાંય સ્વભાવહીન ધર્મી ઉપલબ્ધ થતાં નથી. જો કારણરૂપ કે કાર્યરૂપ ધર્મી સ્વભાવહીન હોય, તો તે કારણ–કાર્યરૂપ ધર્મીઓનું સ્વરૂપ જ શી રીતે રહે ? અર્થાત્ ન જ રહે. કેમકે સ્વભાવના અભાવમાં સ્વરૂપ ન હોય, દા.ત. ગધેડાના શિંગડા સ્વભાવહીન હોવાથી સ્વરૂપહીન છે. તેથી વિદ્યમાન પણ નથી. જો કારણ કે કાર્યને સ્વભાવયુક્ત સ્વીકારશો, તો સ્વભાવ ધર્મરૂપ હોવાથી તેઓને ધર્મયુક્ત પણ સ્વીકારવા પડશે. અને તો પારમાર્થિક ધર્મિ–ધર્મભાવનો નિષેધ કરવો દુઃશક્ય બની જશે.

*('પ્રતીત્યોત્પાદ'પક્ષનું ચાર વિકલ્પે ખંડન)*

*બૌદ્ધ* :– બધા જ સજાતીય(ઘટમાટે અન્યઘટવગેરે) તથા વિજાતીય(ઘટમાટે પટવગેરે)થી વ્યાવૃત્ત(=ભિન્ન) તથા નિરંશ(=નિરવયવ) સ્વલક્ષણ(='સ્વ'જ સ્વરૂપ છે જેનું. અર્થાત્ ક્ષણજીવી વસ્તુઓ) જ પારમાર્થિકરૂપે સત્ છે. જેના કારણે સ્વલક્ષણ વ્યાવૃત્ત થાય છે, તે વ્યાવૃત્તિઓ કાલ્પનિક છે. ભેદાન્તરના પ્રતિક્ષેપની વિવક્ષાવખતે તેઓ ભિન્નતયા નિર્દેશ પામે છે. અને ત્યારે તેઓનો નિર્દેશ સ્વલક્ષણરૂપ ધર્મીને આશ્રયી=પરતન્ત્રરૂપે થતો હોવાથી તેઓ(=વ્યાવૃત્તિઓ) ધર્મતરીકે નિર્દેશ પામે છે. આમ ધર્મો(=વ્યાવૃત્તિઓ) કાલ્પનિક હોવાથી ધર્મ–ધર્મિભાવ જ કાલ્પનિક છે. નહિ કે ધર્મીઓ(=સ્વલક્ષણો). તેથી કારણ કે કાર્યના અભાવનો પ્રસંગ આવતો નથી. તેથી જો પૂર્વના વિશિષ્ટ (=કુર્વદ્રૂપત્વથી વિશિષ્ટ) સ્વલક્ષણને પ્રતીત્ય (=આશ્રયી) ઉત્તરનું

तं णाम पडुच्चिज्जइ जं उवगारिं तयं तु किं कुणइ? ।
किं तदभावविणासं किं तं उभयं अणुभयं वा? ॥ २५० ॥

(तन्नाम प्रतीयते यदुपकारि तकत् तु किं करोति? । किं तदभावविनाशं किं तदुभयमनुभयं वा?)

स्यादेतत्–इह विशिष्टं कारणं प्रतीत्य कार्यमुत्पद्यते, एष च प्रतीत्योत्पादः स्वभावसिद्धो ज्ञातव्यः, तथाहि–स हेतुफलयोः स्वभावो येन तदेव तस्यैव हेतुः फलमपि च तदेव तस्यैव भवतीति। अत्र दूषणमाह–*'तन्नामेत्यादि'* तन्नाम प्रतीयते–आश्रीयते–अपेक्ष्यते यदुपकारि भवति । यदाह भवदाचार्यः–*"उपकारीत्यपेक्ष्यः स्यादिति"* । *'तकत्'* पुनर्निरंशं स्वलक्षणं किं करोति?, किं *'तदभावविनाशं'* कार्याभावविनाशं, किंवा *'तत्'* कार्यं, किंवा *'उभयं'* कार्यं कार्याभाव–विनाशं च *'अनुभयं वा'* उभयाभावमिति, विकल्पचतुष्टयं गत्यन्तराभावात् ॥२४९-२५०॥ तत्राद्यं विकल्पमधिकृत्याह---

णो तदभावविणासं अहेउगो उ स तुम्ह इट्ठोत्ति ।
करणेऽवि य अविरोहो जेणऽन्नो तस्स णासोत्ति ॥ २५१ ॥

(नो तदभावविनाशं अहेतुकस्तु स युष्माकमिष्ट इति । करणेऽपि चाविरोधो येनान्यस्तस्य नाश इति)

नो *'तदभावविनाशं'* कार्याभावविनाशं प्राक्तनं निरंशं स्वलक्षणं करोति । तुर्यस्मादर्थे । यस्मादहेतुकः *'स'* विनाशो युष्माकमिष्टः *"अहेतुत्वाद्विनाशस्येति"* वचनात्, तत्कथमेष तेन स्वलक्षणेन क्रियते इत्यभ्युपगम्यते?, *'करणेऽपि च'* निर्वर्तनेऽपि च कार्याभावविनाशस्याभ्युपगम्यमाने *'अविरोधो'* नैव कश्चिद्विरोधः कार्याभावेन सहेति गम्यते । कथमविरोध इत्याह–येन कारणेनान्यः–अर्थान्तरभूतस्तस्य–कार्याभावस्य नाशः, अनर्थान्तरभूते हि तस्मिन् क्रियमाणे स एव कार्याभावः कृतः स्यात् स च प्रागेवास्तीति किं तेन कृतमिति ॥ २५१ ॥ यद्यविरोधस्ततः किमित्याह---

तदभावे य अणट्ठे कह तब्भावो? सयं च किं न भवे? ।
णत्थित्तम्मि य (जं) तस्स अत्थित्तं होइ इतरस्स ॥ २५२ ॥

(तदभावे चानष्टे कथं तद्भावः? स्वयं च किं न भवेत्? । नास्तित्वे च(यत्) तस्यास्तित्वं भवतीतरस्य)

*'तदभावे च'* कार्याभावे चानष्टे भिन्नत्वेनाविरोधे सति नाशेन कार्याभावस्य नाशयितुमशक्यत्वात्कथं तद्भावः कार्यभावः?, नैवेत्यर्थः, अभावेन क्रोडीकृतत्वात्, पूर्वकालवत् । अभ्युपगम्यापि विरोधदोषमाह---*'सयं चेत्यादि'* स्वयं च कारणव्यापारनिरपेक्षं च तत्कार्यं किन्न भवेत्?, भवेदेवेति भावः । यस्मात्तस्य कार्याभावस्य कारणकृतेन नाशेन सह

---

સ્વલક્ષણ ઉત્પન્ન થતું હોય, તો એમાં અમારો શો દોષ છે ? ॥૨૪૮॥

આ જ વાતની આશંકા કરતા કહે છે.

*ગાથાર્થ* :- (બૌદ્ધ) વિશિષ્ટકારણને પ્રતીત્ય=આશ્રયી કાર્ય ઉત્પન્ન થાય છે. આ પ્રતીત્યોત્પાદ સ્વભાવસિદ્ધ જ સમજવો. તે આ પ્રમાણે ➡ હેતુ(=કારણ) અને ફળ(=કાર્ય)નો તેવો જ સ્વભાવ છે, જેથી તે(=વિવક્ષિતકારણસ્વલક્ષણ)જ તેનો (=વિવક્ષિતફળસ્વલક્ષણનો) હેતુ બને છે, અને તે(=વિવક્ષિતકાર્યસ્વલક્ષણ) જ તેનું(=વિવક્ષિતકારણસ્વલક્ષણનું) ફળ બને છે.

*ઉત્તરપક્ષ* :- અહીં દૂષણ આ પ્રમાણે છે ➡ તે જ પ્રતીત્ય=આશ્રય=અપેક્ષ્ય બને, જે ઉપકારી હોય. તમારા જ આચાર્યએ કહ્યું છે. *'ઉપકારી અપેક્ષ્ય બને'* અર્થાત્ પૂર્વવિશિષ્ટકારણસ્વલક્ષણ ઉત્તરના કાર્યસ્વલક્ષણમાટે આશ્રય-અપેક્ષ્ય તો જ બને, જો તે (=કારણસ્વલક્ષણ) કાર્યપર ઉપકાર કરતો હોય. તો, હવે એ બતાવો, કે તે નિરંશ વિશિષ્ટ કારણસ્વલક્ષણ કાર્યપર ઉપકાર થાય એવું શું કરે છે ? શું (૧) કાર્યના અભાવનો નાશ કરે છે ? કે (૨) કાર્ય કરે છે-કાર્યને ઉત્પન્ન કરે છે ? કે (૩) બન્ને-કાર્યાભાવનો નાશ અને કાર્ય ? કે (૪) અનુભય-આ બેમાંથી કશું નહિ? કારણકૃત ઉપકારઅંગે આ ચાર વિકલ્પોને છોડી અન્ય વિકલ્પો સંભવતા નથી. ॥૨૪૯-૫૦॥

અહીં 'કાર્યાભાવનો વિનાશ' રૂપ પ્રથમવિકલ્પને ઉદ્દેશી કહે છે.

*(કાર્યાભાવવિનાશરૂપ પ્રથમ વિકલ્પનું ખંડન)*

*ગાથાર્થ* :- તદ્(=કાર્ય)અભાવનો વિનાશ (વિકલ્પ) બરાબર નથી, કેમકે તે (=વિનાશ) અહેતુક છે, એમ તમને ઇષ્ટ છે. અને કરણ (=વિનાશકરણ)માં પણ વિરોધ નથી, કેમકે તેનો નાશ અન્ય છે.

પૂર્વકાલીન વિશિષ્ટનિરંશસ્વલક્ષણ કાર્યાભાવનો વિનાશ કરે નહિ. ('તુ'હેતુઅર્થે છે.) કેમકે 'તમે વિનાશ અહેતુક છે' આ વચનથી વિનાશને અહેતુક સ્વીકાર્યો છે. તેથી 'તે(=વિશિષ્ટ કારણભૂત) સ્વલક્ષણ કાર્યાભાવનો વિનાશ કરે છે' તેમ શી રીતે સ્વીકારી શકાય? કેમકે વચનવિરોધદોષ છે, અને કદાચ 'સ્વલક્ષણ કાર્યાભાવનો વિનાશ કરે છે' તેમ સ્વીકારી લો, તો પણ આ વિનાશને કાર્યાભાવસાથે કોઇ વિરોધ નથી. (અર્થાત્ કાર્યાભાવની હાજરીને બાધક નથી.)

*શંકા* :- કાર્યાભાવ અને તેના વિનાશને કેમ પરસ્પર વિરોધ નથી ?

*સમાધાન* :- જો તે વિનાશ કાર્યાભાવથી ભિન્ન હોય, તો વિનાશની હાજરી કાર્યાભાવની હાજરીને વિરોધી નથી, જેમકે કપડાની હાજરી ઘટની હાજરી માટે. અને જો, કાર્યાભાવ અને તેનો વિનાશ પરસ્પર અભિન્ન હોય, તો 'કાર્યાભાવનો વિનાશ કર્યો' એનો અર્થ 'કાર્યાભાવ કર્યો' એવો જ થશે. અને કાર્યાભાવ તો પહેલેથી જ છે. તેથી સ્વલક્ષણે કશું જ કર્યું નથી. ॥૨૫૧॥

કાર્યાભાવને વિનાશસાથે વિરોધ ન હોય, તો શું થાય તે બતાવે છે.

*ગાથાર્થ* :- કાર્યાભાવ નાશ ન પામે તો કાર્યભાવ શી રીતે સંભવે? અને સ્વયં કેમ ન થાય? કેમકે કાર્યાભાવના નાસ્તિત્વમાં (=ગેરહાજરીમાં) કાર્યનું અસ્તિત્વ હોય છે.

विरोधान्नास्तित्वे सति इतरस्य कार्यस्य सामर्थ्यादस्तित्वं भवत्येव, भावाभावयोरेकतरप्रतिषेधस्यापरविधिनान्तरीयकत्वात्, तथा च सति तत्कार्यं निर्हेतुकमेव स्यात्, कारणस्य तदभावनाशे व्यापृतत्वान्न तदुत्पादे, निर्हेतुकत्वे च सदा भावाभावप्रसङ्गौ *"नित्यं सत्त्वमसत्त्वं वा हेतोरन्यानपेक्षणादिति"* न्यायात्, न चैतदिष्टमिति यत्किंचिदेतत् ॥२५२॥

अत्र परस्य मतमाशङ्कमान आह--

अह कारणं चिय तउ ण तु अण्णो कोइ माणविरहातो ।
तं पुण कुणइ तयं चिय तहासहावातो भणियमिणं ॥ २५३ ॥

(अथ कारणमेव तत् न तु अन्यः कोऽपि मानविरहात् । तत्पुनः करोति तदेव तथास्वभावाद् भणितमिदम्)

अथ मन्येथाः-नैवान्यः-कश्चित्कार्याभावस्तत्साधकप्रमाणाभावात्, किंतु कारणमेव, तच्च पुनः कारणं करोति तदेव विवक्षितं कार्यं, नान्यत् । एतेन द्वितीयपक्ष आशङ्कितः, कस्मात्पुनस्तत्कारणं तदेव विवक्षितं कार्यं करोतीत्यत आह- तथास्वभावात्, स्वहेतुभ्यो हि तत्तथास्वभावमेवोत्पद्यते येन तदेव विवक्षितं कार्यं करोति, नान्यदिति । एतच्च प्रागेव भणितम्-*'एस पडुच्चुप्पादो सहावसिद्धो मुणेयव्वोत्ति'* ॥२५३॥ एतद्दूषयितुमाह--

तं सत्ताऽसत्तुभयविवज्जयसहावजणणसीलं तु ।
होज्जा? न सव्वपक्खेसु संगतो अब्भुवगमो ते ॥ २५४ ॥

(तत् सत्ताऽसत्तोभयविपर्ययस्वभावजननशीलं तु । भवेत्? न सर्वपक्षेषु संगतोऽभ्युपगमस्ते)

*'तं सत्ते'*त्यादि तत्-कारणं सत्स्वभावकार्यजननशीलं वा भवेत् असत्स्वभावकार्यजननशीलं वा आहोश्वित् उभयजननशीलमुताहो अनुभयजननशीलमिति विकल्पचतुष्टयं गत्यन्तराभावात् । तत्र न सर्वेष्वपि पक्षेषु तवाभ्युपगमः सर्वथा संगतः ॥२५४॥ कुत इत्यसंगतत्वे हेतूनाह-

वेफल्लादिपसंगा तदभावपसंगमादिदोसातो ।
अब्भुवगमबाहातो असंभवातो य णातव्वो ॥ २५५ ॥

(वैफल्यादिप्रसङ्गात् तदभावप्रसंगादिदोषात् । अभ्युपगमबाधात् असंभवाच्च ज्ञातव्यः)

---

કાર્યાભાવથી નાશ ભિન્ન હોય, તો નાશ કાર્યાભાવનો નાશ કરવા સમર્થ ન બને. તેથી કાર્યાભાવને નાશસાથે સહ-અસ્તિત્વની બાબતમાં વિરોધ નથી. તેથી પૂર્વકાલની જેમ નાશ વખતે પણ કાર્યાભાવ હોવાથી કાર્યનું અસ્તિત્વ સંભવે નહિ.

હવે જો કાર્યાભાવનો નાશસાથે વિરોધ હોય, એવો મત સ્વીકારશો, તો પણ દોષ ઉભો છે. તે આ પ્રમાણે ➡ કાર્યને કારણવ્યાપારથી નિરપેક્ષ સ્વયં જ ઉત્પત્તિશીલ કેમ નથી સ્વીકારતા ? અર્થાત્ કાર્ય નિરપેક્ષતયા જ અસ્તિત્વ પામે તેવી આપત્તિ છે. કેમકે કારણે કરેલો નાશ કાર્યાભાવનો વિરોધી છે. તેથી એ નાશની હાજરીમાં કાર્યાભાવનું અસ્તિત્વ રહેશે નહિ. તેથી સામર્થ્યથી જ કાર્યનું અસ્તિત્વ રહેશે. કેમકે ભાવ અને અભાવમાં એકનો પ્રતિષેધ બીજાની હાજરી વિના સંભવે નહિ. તેથી એકનો પ્રતિષેધ કહેવાથી આપોઆપ બીજાની હાજરી સિદ્ધ થાય છે. કાર્યાભાવનો અભાવ થવાથી આપોઆપ કાર્ય હાજર થઇ જાય છે. તેથી કાર્યમાટે કોઇ કારણની જરૂર રહેતી નથી. કેમકે કારણ તો કાર્યાભાવના નાશમાં જ પ્રવૃત્ત છે. નહિકે કાર્યના ઉત્પાદમાં. આમ કાર્ય નિર્હેતુક સિદ્ધ થાય છે. અને નિર્હેતુક હોવામાં હંમેશા વિદ્યમાનતા કે કાયમમાટે અવિદ્યમાનતાની આપત્તિ છે, કેમકે *"નિત્ય સત્ અથવા નિત્ય અસત્ વસ્તુઓ જ હેતુ=કારણની અપેક્ષા રાખતા નથી"* એવો ન્યાય છે. પણ આ ઇષ્ટ નથી. તેથી આ બધી કલ્પના તુચ્છ છે. ॥૨૫૨॥

*('કારણ કાર્ય કરે' એવા બીજા વિકલ્પનું ખંડન)*

અહીં બૌદ્ધના મતની આશંકા કરતા કહે છે.

*ગાથાર્થ* :- *બૌદ્ધ* :- 'કાર્યાભાવ' નામની કોઇ વસ્તુ નથી. કેમકે તેના અસ્તિત્વનું સાધક કોઇ પ્રમાણ નથી. પરંતુ કારણ જ છે. આ કારણ તે વિવક્ષિત કાર્યને જ કરે છે. બીજા કોઇને નહિ. 'તે કારણ તે વિવક્ષિત જ કાર્ય કરે' આવો નિયમ તથાસ્વભાવથી છે. કારણ પોતાના હેતુ(=કારણ)માંથી એવા જ સ્વભાવસાથે ઉત્પન્ન થાય છે કે જેથી(=જે સ્વભાવથી) તે વિવક્ષિત કાર્ય જ કરે બીજા નહિ. આ જ વાત પૂર્વે ***एस पडुच्चुप्पादो.*** (આ પ્રતીત્યઉત્પાદ સ્વભાવસિદ્ધ જાણવો) ઇત્યાદિ પંક્તિ (ગા. ૨૪૯)થી કરી હતી.

આ આશંકાથી પૂર્વે બતાવેલા ચારવિકલ્પમાંથી 'કારણ કાર્ય કરે છે' એવા બીજા વિકલ્પનું સૂચન થયું.

આ આશંકાને દૂષણ લગાડવા કહે છે.

*ગાથાર્થ* :- આ કારણ- (૧) 'સત્'સ્વભાવ(=વિદ્યમાનતા)વાળા કાર્યને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળું છે, કે (૨) અસત્=અવિદ્યમાનતા સ્વભાવવાળા કાર્યને પેદા કરવાના સ્વભાવવાળું છે, કે (૩) સત્-અસત્ ઉભય સ્વભાવવાળા કાર્યને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળું છે કે (૪) સત્-અસત્અનુભય સ્વભાવવાળા (=બન્ને સ્વભાવથી રહિત) કાર્યનું જનક છે? આમ ચાર વિકલ્પો છે, કેમકે એ સિવાય બીજા વિકલ્પો સંભવતા નથી. તમારો સિદ્ધાન્ત આ ચારમાંથી એક પણ વિકલ્પમાં સુસંગત થતો નથી. ॥૨૫૪॥

'શી રીતે સુસંગત થતો નથી ?' તે અંગે હેતુ બતાવે છે.

*ગાથાર્થ* :- ચારવિકલ્પમાં ક્રમશઃ (૧) વૈફલ્યઆદિ પ્રસંગ હોવાથી (૨) કાર્યના અભાવનો પ્રસંગઆદિ દોષ હોવાથી (૩) સિદ્ધાન્તવિરોધ હોવાથી અને (૪) અસંભવ દોષ હોવાથી તે વિકલ્પો અસંગત છે.

वैफल्यादिप्रसङ्गात्, यदि हि तत्कार्यं सत्स्वभावं तर्हि तस्याग्रेऽपि विद्यमानत्त्वात् किं तेन कारणेन कार्यमिति वैफल्यम्, आदिशब्दादनवस्थापरिग्रहः, विद्यमानस्यापि हि करणाभ्युपगमे विद्यमानत्वाविशेषाद् भूयो भूयः करणप्रसङ्ग इत्यनवस्था । द्वितीयपक्षे दोषमाह–तदभावप्रसङ्गादिदोषात्, तथाहि–यदि असत्स्वभावं तत्कार्यं तर्हि न केनापि खरविषाणवत् तदुत्पादयितुं शक्यं, स्वभावस्यान्यथाकर्तुमशक्यत्वादिति तदभावप्रसङ्गः, अत्रादिशब्दात्तदन्यभावप्रसक्तिपरिग्रहः, तथाहि–यदि असत्स्वभावमपि जन्यते ततोऽसत्स्वभावत्वाविशेषात् खरविषाणमपि जन्येतेति । तृतीयपक्षे दोषमाह— अभ्युपगमबाधात इति, न हि सत्स्वभावासत्स्वभावं युष्मत्समयेऽभ्युपगम्यते, एकान्तवादहानिप्रसङ्गात्, जैना ह्येवमुपदिशन्तो विदितयथावस्थितवस्तुतत्त्वाः सदसि विराजन्ते, यदुत––कारणावस्थायां कार्यं द्रव्यात्मकतया सत्स्वभावं पर्यायात्मकतया चासत्स्वभावमित्युभयस्वभावमिति । तुरीयपक्षे दोषमाह–असंभवतश्च, न ह्येवं संभवोऽस्ति यथा न सत्स्वभावं कार्यं नाप्यसत्स्वभावमिति, एकतरस्वभावप्रतिषेधे सामर्थ्यादन्यतरस्वभावविधिप्रसक्तेः ॥२५५॥ आशङ्काशेषं परिहरन्नाह––

**ण य तं तदेव सत्तस्सभावजणणस्सहावगं जुत्तं ।**
**पुव्वमसत्तसहावं एवं पडिसिद्धमेयं तु ॥ २५६ ॥**

(न च तत् तदैव सत्त्वस्वभावजननस्वभावकं युक्तम् । पूर्वमसत्त्वस्वभावमेवं प्रतिषिद्धमेतत्तु)

नच तत्–कारणं यदा कार्यमुत्पद्यते तदैव सत्स्वभावजननस्वभावमिति कल्पयितुं युक्तम्, यस्मात्तत्कार्यं पूर्वमसत्स्वभावमिदानीं त्वेवं सत्स्वभावमित्येतत्प्रतिषिद्धं–परस्परव्याहतम् । तथाहि––यदि प्राक् असत्स्वभावं कथमिदानीमकस्मात् सत्स्वभावं जातम्?, गगनेन्दीवरादीनामपि तथाभावप्रसङ्गादिति ॥२५६॥

**एतेणं चिय खित्ता मूलविगप्पाण पच्छिमा दोवि ।**
**जं तुल्लजोगखेमा भणियविगप्पेहिं ते पायं ॥ २५७ ॥**

(एतेनैव क्षिप्तौ मूलविकल्पानां पश्चिमौ द्वावपि । यत्तुल्ययोगक्षेमौ भणितविकल्पाभ्यांतौ प्रायः)

*'एतेनैव'* सत्स्वभावजननशीलादिविकल्पचतुष्टयनिराकरणेन, *'मूलविकल्पानां'* किं तदभावविनाशमित्यादीनां संबन्धिनौ द्वौ यौ पाश्चात्यविकल्पौ उभयानुभयलक्षणौ तौ प्रतिक्षिप्तौ द्रष्टव्यौ, यस्मात्तौ भणितविकल्पाभ्यामुभयानुभयलक्षणाभ्यां प्रायस्तुल्ययोगक्षेमौ, तुल्याभ्युपगमबाधादिदोषसद्भावात् ॥२५७॥ पुनरपि परपक्षमाशङ्कमान आह––

---

પ્રથમ વિકલ્પમાં સત્સ્વભાવી કાર્યની ઉત્પત્તિ સ્વીકારી છે. હવે જો કાર્યનો સત્(=વિદ્યમાનતા)સ્વભાવ હોય, તો કાર્ય પૂર્વે પણ વિદ્યમાન છે જ. તેથી તેઅંગે કલ્પેલા કારણનું કોઇ પ્રયોજન નથી. આમ કારણવૈફલ્યપ્રસંગ છે. ઉપરાંત આદિશબ્દથી અનવસ્થાદોષ પણ છે. કેમકે સત્સ્વભાવી હોવાથી કાર્ય સ્વયં વિદ્યમાન છે. છતાં જો કારણ તેને કરશે, તો વારંવાર તેને(=કાર્યને) કર્યા જ કરશે, કેમકે દરવખતે તેમાં(=કાર્યમાં) પૂર્વવત્ સત્સ્વભાવ પડેલો છે. આ દોષના ભયથી જો અસત્સ્વભાવી કાર્યની ઉત્પત્તિરૂપ બીજો વિકલ્પ સ્વીકારશો, તો ઉલમાંથી ચૂલમાં પડશો. કેમકે બીજાપક્ષે કાર્યના અભાવનો પ્રસંગ છે. જો કાર્ય અસત્સ્વભાવવાળું હોય, તો ગધેડાના શિંગડા જેવા તે(=કાર્ય)ને ઉત્પન્ન કરવાની તાકાત કોઇની નથી. કેમકે સ્વભાવને બદલવો અશક્ય છે. *તાત્પર્ય* :- જેમ અસત્સ્વભવાવાળા ખપુષ્પવગેરે કદી ઉત્પન્ન થઇ શકતા નથી, તેમ અસત્સ્વભાવવાળું કાર્ય લાખ પ્રયત્ન કરો તો પણ ઉત્પન્ન થઇ શકે નહિ. 'આદિ'પદના ઉલ્લેખથી અહીં બીજો દોષ પણ સૂચિત થાય છે. જો અસત્સ્વભાવવાળી વસ્તુ પણ ઉત્પન્ન થઇ શકતી હોય, તો કાર્યની જેમ સમાન અસત્સ્વભાવવાળા ખપુષ્પવગેરે પણ ઉત્પન્ન થવાની આપત્તિ આવશે. આમ માત્ર સત્પક્ષે અને માત્ર અસત્પક્ષે દોષ હોવાથી જો કાર્યને સત્–અસત્ ઉભયસ્વભાવી સ્વીકારશો, તો તમને સિદ્ધાન્તબાધ આવશે. સત્–અસત્ઉભયસ્વભાવ સ્વીકારવામાં અનેકાન્તવાદની જયપતાકા ફરકે છે. વસ્તુતત્ત્વના હાર્દને પામેલા જૈનો જ આવી અનેકાન્તની દેશના દેતાં સભામાં શોભી રહ્યા છે કે → "કાર્ય સ્વયં કારણઅવસ્થામાં દ્રવ્યસ્વરૂપે સત્સ્વભાવી છે, અને પર્યાયરૂપે અસત્સ્વભાવી છે.(આમ ઉભયસ્વભાવી છે)" પણ તમે(=બૌદ્ધોએ) એકાન્તવાદ અપનાવ્યો છે. તેથી તમારે હિસાબે તો વસ્તુ સત્સ્વભાવ અને અસત્સ્વભાવ એમ ઉભયસ્વભાવી સંભવે નહિ. તેથી આ વિકલ્પમાં તમારે સિદ્ધાન્તબાધ છે. આ ત્રણે પક્ષમાં રહેલા દોષોના ભયથી તમે અનુભયસ્વભાવસૂચક ચોથો વિકલ્પ સ્વીકારશો, તો પણ છૂટકારો નહિ પામો. કેમકે આ પક્ષે અસંભવદોષ છે. કારણકે એવું ક્યારેય સંભવતું નથી કે, કાર્ય સત્સ્વભાવવાળું પણ ન હોય અને અસત્સ્વભાવવાળું પણ ન હોય. કેમકે આ બેમાંથી એકના પ્રતિષેધમાં આપોઆપ બીજા સ્વભાવની સ્વીકૃતિ થઇ જાય છે. ॥૨૫૫॥

બાકી રહેલી આશંકાને દૂર કરતાં કહે છે.

વળી એવી કલ્પના કરવી પણ યોગ્ય નથી કે જ્યારે કાર્ય ઉત્પન્ન થાય છે, ત્યારે જ કારણ 'સત્સ્વભાવી'ને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળું છે. કેમકે તે કાર્ય પૂર્વે અસત્સ્વભાવવાળું હતું. હવે તેને સત્સ્વભાવી(=સત્સ્વભાવવાળું) સ્વીકારવામાં પરસ્પરવિરોધ છે. જે પૂર્વે અસત્સ્વભાવવાળું હોય, તે હવે શી રીતે અકસ્માત્(=કોઇ નિમિત્ત વિના) સત્સ્વભાવવાળું બની શકે? જો અકસ્માત પણ સ્વભાવમાં ફેરફાર મંજૂર હોય, તો આકાશકુસુમના સ્વભાવમાં પણ તે પ્રમાણે માનવાનો પ્રસંગ આવશે. (=સત્સ્વભાવની કલ્પના માનવી પડશે.) ॥૨૫૬॥

## *(છેલ્લા બે વિકલ્પોનું ખંડન)*

*ગાથાર્થ* :- આમ 'સત્સ્વભાવી કાર્યોત્પાદક સ્વભાવ' આદિ ચાર વિકલ્પોને અયોગ્ય ઠેરવ્યા. તેથી "કારણ શું કરે છે ? શું તેના (=કાર્યના) અભાવનો વિનાશ" ઇત્યાદિ જે મૂળવિકલ્પો (ગા.૨૫૦ માં) બતાવ્યા હતા... તેના છેલ્લા બે વિકલ્પો હતા......

सिय उप्पण्णं भावो ततो य चिंताए होइ विसउत्ति ।
दीसइ य तं तउच्चिय णिरत्थिगा तेण एसत्ति ॥ २५८ ॥

(स्यादुत्पन्नं भावस्ततश्च चिन्ताया भवति विषय इति । दृश्यते च तत् तत एव निरर्थिका तेन एषा इति)

स्यादेतत्- *'उत्पन्नं'* लब्धात्मलाभं सद्वस्तु भावो भवति-भावशब्दवाच्यं भवति, *'तत एव च'* भावत्वादेव च *'चिन्तायाः'* युक्तिरूपाया विषयो भवति नान्यथा, दृश्यते चाथ तद्वस्तु *'तत एव'* भावत्वादेव प्रत्यक्षेण प्रमाणेन, तेन कारणेन *'एषा'* चिन्ता पूर्वोक्तयुक्तिरूपा निरर्थिका, दृष्टस्यापह्नोतुमशक्यत्वाददृष्टस्य चानुत्पन्नत्वेन चिन्तातीतत्वादिति ॥२५८॥ अत्र आचार्य आह--

उप्पन्नं चिय भावो इदमेव कहंति जुज्जती चिंता? ।
तब्बाधियं ण सिद्धं तुह सामण्णादि दिट्ठं पि ॥ २५९ ॥

(उत्पन्नमेव भाव इदमेव कथमिति युज्यते चिन्ता । तद्बाधितं न सिद्धं तव सामान्यादि दृष्टमपि)

युक्तमेतदुक्तम्-उत्पन्नमेव भावो भवति नान्यथेति, परं-किंतु इदमेव-उत्पन्नत्वं दृश्यमानं कथं घटत इत्येवं चिन्ता युज्यते एव, यस्मात्तद्बाधितं-तया युक्तिरूपया चिन्तया बाधितं तव सामान्यादि, आदिशब्दाद् गुणक्रियावयव्यादिपरिग्रहः *'दृष्टमपि'* प्रत्यक्षेण विषयीकृतमपि न सिद्धं, तस्मान्न दृष्टमित्येव प्रत्येतव्यं, किंतु युक्त्येति तद्रूपा चिन्ता कर्तुं युज्यत एवेति ॥२५९॥ उपसंहारमाह--

ता इय जातिवियप्पा उज्झेयव्वाऽणुभूयमाणम्मि ।
सव्वम्मि हेउफलभावमोहठाणाय ते किंच ॥ २६० ॥

(तत इति जातिविकल्पा उज्झितव्या अनुभूयमाने । सर्वस्मिन् हेतुफलभावमोहस्थानाय ते किञ्च)

*'ता'* तस्मादितिरेवमर्थे, एवम्-अनेन प्रकारेणान्येऽपि ये स्वपक्षदोषाच्छादनाय *'जातिविकल्पा'* जात्युत्तराणि *'कारणविणासकज्जुप्पाया जुगवं तु होंति नायव्वा'* इत्यादयोऽभिहितास्ते *'उज्झितव्या'* परित्यक्तव्याः, यस्मात्ते पूर्वोक्ता जातिविकल्पाः *'अनुभूयमाने'* अबाधितप्रत्ययेन निश्चीयमाने सर्वस्मिन् वस्तुनि हेतुफलभावमोहस्थानाय जायन्ते, तेषु हि सम्यक्परिभाव्यमानेषु न कथंचिदपि हेतुफलभावो घटते, केवलं ध्यान्ध्यमेवापद्यते, यथाभिहितं प्रागिति । किंचेति वक्ष्यमाणदूषणाभ्युच्चये ॥ २६० ॥ तान्येवाह-

किं तस्सत्तामेत्तं किं तक्किरियं व किं व तदभावं ।
आसज्ज होति कज्जं? ण संगयं सव्वपक्खेसु ॥ २६१ ॥

(किं तत्सत्तामात्रं किं तत्क्रियां वा किं वा तदभावम् । आश्रित्य भवति कार्यम्? न संगतं सर्वपक्षेषु)

---

(૧) કાર્યાભાવનો નાશ અને કાર્યરૂપ ઉભય.... અને (૨) બન્નેના નિષેધરૂપ અનુભય. આ બન્ને વિકલ્પો પણ અયોગ્ય સિદ્ધ થાય છે. કેમકે ઉપરોક્ત ઉભય-અનુભય વિકલ્પો સંબંધી કરેલા મંડન-ખંડન પ્રાયઃ સમાનતયા મૂળવિકલ્પગત ઉભય-અનુભયપક્ષને લાગુ પડે છે. કેમકે બન્ને સ્થળે સમાનતયા અભ્યુપગમબાધાદિદોષો હાજર છે. ॥૨૫૭॥

*(ઉત્પન્ન થયેલી વસ્તુની ઉત્પત્તિસ્વરૂપની વિચારણાયોગ્ય છે.)*

ફરીથી પરપક્ષ(=બૌદ્ધમત) તરફથી આશંકા રજુ કરતાં કહે છે.

*બૌદ્ધ* :- ઉત્પન્ન-વિદ્યમાન થયેલી વસ્તુ 'ભાવ'-'ભાવ'શબ્દથી પ્રસિદ્ધ થાય છે. અને ભાવ હોવાથી જ તે યુક્તિનો વિષય બને છે. (ખપુષ્પઆદિ અભાવમય વસ્તુ યુક્તિવિચારણાના વિષય બનતા નથી. તથા ઘડાવગેરે પણ અભાવકાળે કંઇ 'તે સત્સ્વભાવી છે કે અસત્સ્વભાવી' ઇત્યાદિ યુક્તિનો વિષય ન બને.) હવે એ ભાવ બનેલી વસ્તુ ભાવરૂપ હોવાથી જ પ્રત્યક્ષથી દેખાય છે. હવે ઉત્પન્ન થઇ ગયેલી વસ્તુઅંગે 'તે સત્સ્વભાવવાળી કે અસત્સ્વભાવવાળી' એવી પૂર્વોક્ત યુક્તિઓની રાડયાં પછીના ઉહાપાણ જેવી વિચારણા નકામી છે. કેમકે એ યુક્તિઓથી કંઇ જે દૃષ્ટ છે તેનો અપલાપ કરી શકાય તેમ નથી. અને જ્યારે તે અદૃષ્ટ હતી ત્યારે અનુત્પન્ન હોવાથી જ ચિન્તાતિક્રાન્ત હતી.

અહીં આચાર્ય જવાબ આપે છે.

*ઉત્તરપક્ષ* :- એ વાત સાચી છે કે ઉત્પન્ન થયેલી વસ્તુ જ 'ભાવ' કહેવાય. પરંતુ આ દેખાતો ઉત્પાદ કેવી રીતે ઘટે? એઅંગેની યુક્તિવિચારણા યોગ્ય જ છે. કારણકે પ્રત્યક્ષના વિષય બનતા સામાન્યાદિ(આદિથી ગુણ, ક્રિયા, અવયવીવગેરે દૃષ્ટ પદાર્થો)પણ તમને યુક્તિથી વિચારતા બાધિત થતાં લાગે જ છે.અર્થાત્ તમને અસિદ્ધ છે. માટે પ્રત્યક્ષના વિષય બનતા પદાર્થો દૃષ્ટમાત્રથી વિશ્વાસપાત્ર બનતા નથી, યુક્તિથી જ પ્રતીતિ પાત્ર બને છે. તેથી તેઓઅંગે યુક્તિગવેષણા આવશ્યક છે. ॥૨૫૯॥

ઉપસંહાર બતાવે છે.

*ગાથાર્થ* :- તેથી તમે સ્વપક્ષના દોષોને ઢાંકવા (ગાથા ૨૪૨માં) *'કારણવિનાશ કજ્જુપ્પાયા જુગવં તુ હોંતિ નાયવ્વા'* (કાર્યનાશ અને કાર્યોત્પાદ સાથે છે તેમ સમજવું)વગેરે જાતિપ્રાય(=ઉત્તરાભાસ) ઉત્તરો જે આપ્યા તે ઉત્તરો ત્યાજ્ય છે કેમકે તે જાતિપ્રાય ઉત્તરો અબાધિતપ્રત્યયથી નિશ્ચય કરાતી બધી વસ્તુમાં હેતુફળભાવઅંગે મોહ પમાડે છે (=ઉન્માર્ગે દોરે છે.) આ જાતિપ્રાયઉત્તરોને બરાબર તપાસીએ તો દેખાશે કે તેઓથી(=તેવા ઉત્તરોથી) તો ક્યાંય હેતુફળભાવ યુક્તિસંગત ઠરતા નથી. માત્ર બુદ્ધિની અંધતા જ ઉભી થાય છે. આ બાબતમાં પૂર્વે વાત કરી જ છે. વળી('કિંચ'પદ હવે બતાવાના દૂષણોના અભ્યુચ્ચય

किं तत्सत्तामात्रं-कारणसत्तामात्रं, किं वा तत्क्रियां-कारणक्रियां, किंवा तदभावं-कारणाभावमाश्रित्य भवति कार्यम्, किंचात इत्याह-न संगतं सर्वपक्षेषु ॥ २६१ ॥ तदेवासंगतत्वं भावयन्नाह--

जइ तस्सत्तामेत्तं आसज्ज हवेज्ज णणु तदद्धाए ।
उवरिं ण तस्स सत्ता जं णावेक्खा ततो जुत्ता ॥ २६२ ॥

(यदि तत्सत्तामात्रमाश्रित्य भवेद् ननु तदद्धायाम् । उपरि न तस्य सत्ता यन्नापेक्षा ततो युक्ता)

यदि तत्सत्तामात्रं-कारणसत्तामात्रमाश्रित्य भवति कार्यमित्यभ्युपगमो, ननु तर्हि तदद्धायां तत्कार्यं भवेत्, यस्मादुपरि द्वितीये क्षणे न तस्य-कारणस्य सत्ता ततो न तत्र तदपेक्षा युक्ता ॥२६२॥ स्यादेतत्, कारणाद्धायामेव कार्यस्य तत्सत्तामात्रापेक्षा, तदैव च तत् कार्यमुत्पद्यते, ततः को नो दोषो? न ह्यभ्युपगमा एव बाधायै प्रभवन्तीत्यत आह--

तक्कालम्मि य भावे सइ कह तस्सेगकालभावित्ता ।
हेउफलभाव(वि)भावो? भावे य अतिप्पसंगो उ ॥ २६३ ॥

(तत्काले च भावे सति कथं तस्यैककालभावित्वात् । हेतुफलभाव(वि)भावः? भावे चातिप्रसङ्गस्तु)

*'तत्काले च'* कारणकाले च *'तस्य'* कार्यस्य भावे इष्यमाणे सति कथं हेतुफल(भावि)भावः स्यात्? । कथं न स्यादित्यत आह-एककालभावित्वात् । भावे च एककालयोरपि हेतुफलभावस्येष्यमाणेऽतिप्रसङ्गः स्यात्, सव्येतरगोविषाणयोरपि तद्भावप्रसक्तेः ॥२६३॥ द्वितीयपक्षमधिकृत्याह--

तक्किरिया चुप्पत्तिं मोत्तुं तस्सेव णत्थि अण्णा तु ।
एत्थमभावम्मि य पुव्ववण्णिया चेव दोसा उ ॥ २६४ ॥

(तत्क्रिया चोत्पत्तिं मुक्त्वा तस्यैव नास्ति अन्या तु । अत्राभावे च पूर्ववर्णिता एव दोषास्तु॥)

*'तत्क्रिया च'* कारणक्रिया च तस्य कारणस्योत्पत्तिं मुक्त्वा नैवान्या काचिदस्ति । *"भूतिर्येषां क्रिया सैव, कारकं सैव चोच्यते"* इति वचनात् । एवशब्दो भिन्नक्रमः, स च यथास्थानं योजितः । तुः पादपूरणे । अत्र दोषमाह-*'एत्थेत्यादि'* अत्र-तत्क्रियापक्षे, तृतीये चाभावपक्षे, पूर्ववर्णिता एव दोषा द्रष्टव्याः, तथाहि-यदा कारणक्रिया कारणोत्पत्तिमात्रमेव तदा तत्सत्तामात्रपक्षभावी यो दोषः सोऽत्रापि तदवस्थ एवावर्तते । अभावपक्षे च *'नाभावाउ भावो'* इत्यादिरूप इति ॥२६४॥

जत्तो च्चिय तस्सत्ता--मेत्तं अत एवऽनंतरद्धाए ।
होइ तदद्धाए पुण तब्भावे कह णु तदवेक्खा? ॥ २६५ ॥

(यत एव तत्सत्तामात्रमत एवानन्तराद्धायाम् । भवति तदद्धायां पुनस्तद्भावे कथं नु तदपेक्षा?)

---

અર્થ છે.) ॥૨૬૦॥

*(ક્ષણિકપક્ષે કાર્યકારણભાવમાં અન્ય દૂષણો)*

બીજા દૂષણો દર્શાવે છે.

*ગાથાર્થ* :- કાર્ય શું (૧) કારણની સત્તામાત્રને અપેક્ષીને ઉત્પન્ન થાય છે ? કે (૨) કારણની ક્રિયાને અપેક્ષીને પ્રાદુર્ભાવ પામે છે ? કે (૩) કારણના અભાવને આશ્રયીને ઉદ્ભવ પામે છે ? આ ત્રણે પક્ષે કાર્યોત્પત્તિ સંગત ઠરતી નથી. ॥૨૬૧॥

આ અસંગતિનું ઉદ્ભાવન કરતા કહે છે.

*ગાથાર્થ* :- જો કાર્ય કારણની હાજરીમાત્રને આશ્રયીને જ ઉત્પન્ન થતું સ્વીકારશો, તો કારણની હાજરીકાળે જ કાર્ય ઉત્પન્ન થવું જોઇએ. કેમકે બીજી ક્ષણે તો કારણની હાજરી જ નથી, તેથી તે(=બીજી) ક્ષણે તો કાર્ય ઉત્પન્ન થવા કારણની હાજરીની અપેક્ષા રાખવી જ યોગ્ય નથી. ॥૨૬૨॥

*બૌદ્ધ* :- કાર્ય કારણની હાજરીકાળે જ, કારણની હાજરીમાત્રની અપેક્ષા રાખીને ઉત્પન્ન થાય એમાં અમારો શો અપરાધ છે ? અભ્યુપગમ પોતે જ કંઇ બાધામાં કારણ ન બને. (અભ્યુપગમ યુક્તિ/પ્રત્યક્ષ/આગમથી વિપરીત હોય તો જ બાધ પામે.)

આ પૂર્વપક્ષઅંગે આચાર્યવર કહે છે.

*ગાથાર્થ* :- *ઉત્તરપક્ષ* :- જો કારણની સત્તાકાળે જ(=કારણક્ષણે) કાર્ય પણ હાજર હોય, તો સમાનકાલીન થવાથી બન્નેવચ્ચે હેતુફળભાવ સંગત થશે નહિ. જો સમકાલીનવચ્ચે પણ હેતુફળભાવ સ્વીકારશો, તો ગાયના ડાબા-જમણા શિંગડા વચ્ચે પણ હેતુફળભાવ માનવાનો અતિપ્રસંગ છે, કેમકે તે બન્ને પણ સમકાલીન છે. (અને હેતુફળભાવઅંગે અન્ય કોઇ નિયામક સ્વીકૃત નથી.) ॥૨૬૩॥

હવે 'કાર્ય કારણની ક્રિયાને અપેક્ષીને ઉદ્ભવે છે.' તેવા બીજા પક્ષમાં દૂષણ બતાવે છે.

*ગાથાર્થ* :- તમારા મતે કારણની ઉત્પત્તિને છોડી અન્ય કોઇ ક્રિયા નથી, કેમકે એવું વચન છે *'જેઓની ઉત્પત્તિ છે, તે ઉત્પત્તિ જ ક્રિયા છે અને કારક છે.'* (અર્થાત્ વસ્તુની ઉત્પત્તિ જ વસ્તુની ક્રિયા છે.) મૂળમાં 'એવ'(=જકાર)નો સંબંધ 'ન'કાર સાથે છે. અને 'તુ' પાદપૂરણાર્થે છે.

કારણગતક્રિયાપક્ષરૂપ બીજાવિકલ્પે અને 'કારણના અભાવ'રૂપ ત્રીજા વિકલ્પે પૂર્વે બતાવેલા જ દોષો સમજી લેવા. તે આ પ્રમાણે ➡ જો કારણની ક્રિયા કારણની ઉત્પત્તિમાત્રરૂપ હોય, અને કાર્ય કારણની ક્રિયાને અપેક્ષીને ઉત્પન્ન થતું હોય, તો તાત્પર્ય એ જ આવીને ઉભુ રહ્યું કે કાર્ય કારણની સત્તામાત્રને અપેક્ષીને ઉદ્ભવે છે.અને તો પૂર્વોક્ત કારણસત્તામાત્રભાવીદોષ અહીં

यत एव तत्सत्तामात्रं कारणसत्तामात्रमपेक्षते कार्यमुत्पद्यमानमत एव अनन्तराद्धायां-द्वितीयक्षणे भवति। विपक्षे बाधामाह-तदद्धायां-कारणाद्धायां पुनस्तद्भावे-कार्यभावे सति कथं नु तदपेक्षा-कारणापेक्षा कार्यस्य?, नैवापेक्षेतिभावः, तदा तस्य सर्वात्मना परिनिष्पन्नत्वात् ॥ २६५ ॥ अत्राह--

कतगत्तमेत्तसत्ताणुबंधि अणिच्चत्तणं ण एवं तु ।
तदभेदातोत्ति मती भेदे अब्भुवगमो दुट्ठो ॥ २६६ ॥
(कृतकत्वमात्रसत्तानुबन्धि अनित्यत्वं न एवं तु । तदभेदादिति मतिः भेदेऽभ्युपगमो दुष्टः)

नन्वेवं सति नैव, तुशब्द एवकारार्थः, उक्तं च-"*तुः स्याद्भेदेऽवधारणे*" इति, कृतकत्वमात्रसत्तानुबन्धि अनित्यत्वं स्यात्, द्वितीयेऽपि क्षणे कारणस्यानुवर्त्तमानत्वात्, कथमन्यथा तस्मिन् क्षणे कार्यमुत्पद्यमानं तत्कारणमपेक्षेत?, तस्य तदा सर्वथा विनाशात् । अथ स्यान्मतिः-तदभेदात्-तयोः कृतकत्वानित्यत्वयोरभेदात् कृतकत्वमात्रानुबन्धि अनित्यत्वमभ्युपगम्यत एव, **तथाहि**-यदि कृतकत्वमात्रानुबन्धि अनित्यत्वं न भवेत् तर्हि तत् पश्चाद्भवत् कारणान्तर-सापेक्षं स्यात्, तथा च सति भिन्नहेतुकत्वात् कृतकत्वेन सह तादात्म्यं न भवेत्, इष्यते च तादात्म्यं, तस्मादनित्यत्वं कृतकत्वानुबन्ध्येवेति । अत आह-भेदे-क्षणभेदे द्वितीयक्षणे इतियावत्, कार्यस्य कारणं प्रत्यपेक्षाया योऽसावभ्युपगमः स दुष्टः, तदा तस्य विनष्टत्वेन कार्यस्य तदपेक्षाया अनुपपत्तेः ॥२६६॥ अत्र पराभिप्रायं दूषयितुमाशङ्कमान आह---

अह तस्सेस सहावो अणंतरखणम्मि होइ जं कज्जं ।
इयरस्सवि एसो च्चिय एतंपि न जुत्तिपडिबद्धं ॥ २६७ ॥
(अथ तस्यैष स्वभावोऽनन्तरक्षणे भवति यत्कार्यम् । इतरस्यापि एष एव एतदपि न युक्तिप्रतिबद्धम्)

***अथ तस्य***-कारणस्य एष एव स्वभावो येन तस्यानन्तरक्षणे कार्यं भवति न स(त?)दा, ***इतरस्यापि*** च कार्यस्यायमेव स्वभावो यदुत कारणक्षणानन्तरं मयोत्पत्तव्यमिति, तथा च कुतः पूर्वोक्तदोषावकाश इति? । तत्र दूषणमाह-***'एयंपीत्यादि'*** एतदपि अनन्तरोक्तं न युक्तिप्रतिबद्धम् ॥२६७॥ कथमित्याह---

जं तक्खणभवणम्मिवि णिबंधणं तस्स तस्सहावो तु ।
तदभावम्मि य भावे अतिप्पसंगो बला होति ॥ २६८ ॥
(यत् तत्क्षणभवनेऽपि निबन्धनं तस्य तत्स्वभावस्तु । तदभावे च भावेऽतिप्रसङ्गो बलाद् भवति)

---

પણ અડીખમ ઉભો રહે છે. અભાવપક્ષમાં *'નાભાવાઓ ભાવો'* (અભાવમાંથી ભાવ ઉત્પન્ન થઇ શકે નહિ, ગા.૨૪૦) ઇત્યાદિવચનોથી દોષ બતાવ્યા છે. ॥૨૬૪॥

*ગાથાર્થ* :- *બૌદ્ધ* :- ઉત્પન્ન થતું કાર્ય કારણની સત્તામાત્રની અપેક્ષા રાખતું હોવાથી કારણક્ષણની બીજીક્ષણે ઉત્પન્ન થાય છે. જો કારણક્ષણે જ કાર્ય ઉત્પન્ન થાય, તો તેને (=કાર્યને) કારણની અપેક્ષા જ ન રહે. કેમકે તે વખતે પોતે પણ સંપૂર્ણતયા ઉત્પન્ન થઇ ચુક્યું છે. તેથી કારણની સત્તામાત્રની અપેક્ષાથી કાર્ય ઉત્પન્ન થાય, એનો અર્થ જ એ કે, કારણક્ષણની બીજીક્ષણે ઉત્પન્ન થાય. ॥૨૬૫॥

અહીં આચાર્યભગવંત ઉત્તર આપે છે.

*ગાથાર્થ* :- ('તુ' જકારઅર્થક છે. કહ્યું જ છે કે 'તુ'પદ ભેદ અને જકારઅર્થે છે.) ઉત્તરપક્ષ :- આમ, કારણક્ષણની અનંતરક્ષણે કાર્ય ઉત્પન્ન થતું હોય, તો કારણને પણ બીજી ક્ષણે હાજર રહેલું માનવું પડશે. કેમકે જો કારણ બીજી ક્ષણે સર્વથા વિનાશ પામતું હોય, તો તે(=બીજી) ક્ષણે ઉત્પન્ન થતા કાર્યને કારણની અપેક્ષા જ ન રહે. (કારણકે નષ્ટ વસ્તુની ક્યારેય અપેક્ષા હોતી નથી.) આમ 'ઉત્પન્ન થતી બધી જ વસ્તુઓ ક્ષણિક છે' આવો કૃતકત્વસાથે અનુબંધ ધરાવતો અનિત્યત્વપક્ષ ઊડી જશે-સઘળીય કૃતક(=કાર્ય) વસ્તુઓની સત્તા(=હાજરી)સાથે સંલગ્ન ક્ષણિક અનિત્યત્વપક્ષપર ખતરો ઉભો થશે.

*પૂર્વપક્ષ* :- 'કૃતકત્વ' અને 'અનિત્યત્વ'વચ્ચે અભેદભાવ છે. તેથી સર્વત્ર કૃતકત્વને સંલગ્ન અનિત્યત્વ ઇષ્ટ જ છે. તે આ પ્રમાણે ➡ જો અનિત્યત્વ કૃતકત્વમાત્રઅનુબંધી(=સઘળીય કૃતકવસ્તુઓસાથે સંલગ્ન) ન હોય, તો જે કારણથી કાર્યવસ્તુમાં કૃતકત્વ(=ઉત્પત્તિમત્વ) આવ્યું, તે કારણથી તેમાં અનિત્યત્વ નહિ આવે, પણ પાછળથી આવનારું અનિત્ય કોઇ અન્ય કારણની અપેક્ષા રાખશે. અર્થાત્ કાર્યવસ્તુ કારણવિશેષથી પ્રથમ કૃતક બનશે, પછી કોઇ અન્ય વસ્તુવિશેષની હાજરીથી અનિત્ય બનશે. આમ કૃતકત્વ અને અનિત્યત્વ કારણભેદથી ભિન્ન બનશે. અને તો બન્ને વચ્ચે તાદાત્મ્ય નહીં આવે, કેમકે અભિન્ન વસ્તુઓ વચ્ચે જ તાદાત્મ્ય હોય પણ કૃતકત્વ અને અનિત્યત્વવચ્ચે તાદાત્મ્ય ઇષ્ટ છે. (કારણકે જે કૃતક હોય છે, તે અનિત્ય જ હોય છે.) તેથી સ્વીકારવું જ રહ્યું કે અનિત્યત્વ કૃતકત્વમાત્રઅનુબંધી છે.

*ઉત્તરપક્ષ* :- તો "ક્ષણભેદમાં (કારણક્ષણની દ્વિતીયક્ષણે) કાર્ય કારણપ્રતિ અપેક્ષા રાખે છે"તેવો અભ્યુપગમ છોડવો પડશે. કેમકે દ્વિતીયક્ષણે નષ્ટ કારણની કાર્યને અપેક્ષા જ રહેતી ન હોવાથી આ અભ્યુપગમ જ દુષ્ટ છે. (કાંતો કારણને દ્વિતીયક્ષણવૃત્તિ માનો, કાંતો દ્વિતીયક્ષણે ઉત્પન્ન થતાં કાર્યને કારણની અપેક્ષાનો અભ્યુપગમ છોડી દો.) ॥૨૬૬॥

અહીં અન્યના અભિપ્રાયને દોષિત ઘોષિત કરવા આશંકા વ્યક્ત કરે છે.

*ગાથાર્થ* :- (પૂર્વપક્ષ) કારણનો જ એવો સ્વભાવ છે કે પોતાની બીજી ક્ષણે કાર્ય થાય, હમેશા નહિ. (અથવા ત્યારે-કારણક્ષણે નહિ) અને કાર્યનો પણ એવો જ સ્વભાવ છે કે "મારે કારણક્ષણની પછીની ક્ષણે ઉત્પન્ન થવું" તેથી પૂર્વોક્ત કોઇ દૂષણો સંભવતા નથી. (કેમકે સ્વભાવમાં શંકા ન હોય)

*'यत्'* यस्मात्तस्य-कार्यस्य *तत्क्षणभवनेऽपि*-कारणक्षणानन्तरक्षणभवनेऽपि *'तत्स्वभाव एव'* कारणस्वभाव एव, तुशब्द एवकारार्थः, *'निबन्धनं'* कारणं न त्वन्यत्, कुत इत्याह-*'तदभावे च'* हेतौ कारणस्वभावाभावे यस्मात् कार्यस्य भावे इष्यमाणे बलादतिप्रसङ्गः प्राप्नोति, पूर्वमपि तद्भावप्रसक्तेः ॥२६८॥--

**बितियक्खणे य कज्जं ण य सो तम्मि खणिगत्ततो सिद्धं ।**
**ता कह णु तस्स भावो? भावे वितरस्स खणभंगो ॥ २६९ ॥**

(द्वितीयक्षणे च कार्यं न च स तस्मिन् क्षणिकत्वतः सिद्धम् । तस्मात् कथं नु तस्य भावः? भावे वेतरस्य क्षणभङ्गः)

*'द्वितीयक्षणे च'* कारणक्षणानन्तरक्षणे च कार्यं, न च *'तस्मिन्'* द्वितीये क्षणे *'स'* कारणस्वभावो विद्यते, एतच्च सिद्धं *क्षणिकत्वात्*-क्षणिकत्वाभ्युपगमात्, तस्मात्कथं नु *तस्य*-कार्यस्य *भावः*-उत्पादः?, भावे वा तस्य कार्यस्य सति *इतरस्य*-कारणस्य *'खणभंगोत्ति'* पदैकदेशे पदसमुदायोपचारात् क्षण इत्युक्ते क्षणभङ्ग इति द्रष्टव्यं, ततश्च क्षणस्य-क्षणभङ्गस्य भङ्गो-विनाशः प्राप्नोति । *तथाहि*-न कारणस्वभावानुवर्त्तनाभावे कार्यस्योत्पादो युज्यते, तस्य तत्स्वभावापेक्षितत्वात्, तदनुवर्त्तने च कुतः क्षणभङ्गसंभव इति ॥२६९॥ *'इयरस्सवि एसोच्चिय'* इत्येतद्दूषयितुमाह--

**अज्जायस्सियरस्सवि एस सहावोत्ति दुग्घडं जाए ।**
**किं तेण? सोचिय तओ सोवि असिद्धो तु भणियमिणं ॥ २७० ॥**

(अजातस्येतरस्यापि एष स्वभाव इति दुर्घटं जाते । किं तेन स एव ततः सोऽपि असिद्धस्तु भणितमिदम्)

*इतरस्यापि* च-कार्यस्य अजातस्य सत एष स्वभाव इति कल्पयितुं दुर्घटं स्वभाविनोऽभावे स्वभावस्याप्यभावात्, अथ मा प्रापदयं दोष इति जातस्य सत एष स्वभावः कल्प्यते, तत आह-जाते कार्ये किं तेन स्वभावेन कल्पितेन?, प्रयोजनाभावात् । अथोच्येत *'तउत्ति'* सकः स्वभावः स एव योऽयमधुना भावो जायमानो न पुनर्जातस्य सतः पश्चादन्यः कश्चित् तेनादोष इत्यत्राह-*'सोऽवीत्यादि'* योऽयमिदानीं भावो जायमानः सोऽपि यथा भवता स्वभावरूपः परिकल्पितस्तथा असिद्ध एव, तथाप्रतीत्यभावात्, इदं तु प्रागनेकधा भणितमिति न भूयो भूयः प्रपञ्च्यते । तदेवं *'सिय कारणं विसिट्ठमि'*त्यादिना यः प्राक् प्रतीत्योत्पादोऽभिहितः स सप्रपञ्चमपाकीर्णः ॥२७०॥ सांप्रतं पुनर्यत्तत्रैव वैशिष्ट्यमुक्तं तद्दूषयितुमुपक्रमते--

---

*ઉત્તરપક્ષ* :- તમારી આ વાત પણ યુક્તિયુક્ત નથી. ॥૨૬૭॥

કેમ યુક્તિયુક્ત નથી ? તે બતાવે છે.

*ગાથાર્થ* :- આમ જો કાર્ય કારણક્ષણ પછીની ક્ષણે ઉત્પન્ન થતું હોય, તો પણ તેમાં કારણનો સ્વભાવ જ કારણ બનશે, અન્ય કોઇ નહિ. કેમકે જો કારણના સ્વભાવ વિના કાર્ય ઉત્પન્ન થતું માનવામાં આવે, તો અતિપ્રસંગ પ્રાપ્ત થાય, કેમકે વિવક્ષિત ઉત્પત્તિક્ષણની પૂર્વે પણ કાર્યની સત્તા માનવાનો પ્રસંગ છે. ॥૨૬૮॥

*ગાથાર્થ* :- આમ કારણક્ષણની બીજીક્ષણે જ કાર્યની ઉત્પત્તિ ઇષ્ટ છે. પણ તે ક્ષણે કારણનો સ્વભાવ હાજર નથી. ક્ષણિકવાદના અભ્યુપગમથી જ આ વાત સિદ્ધ છે. (ક્ષણિક કારણ જે ક્ષણે નાશ થયું, તેજ ક્ષણે તેનો સ્વભાવ પણ નાશ પામ્યો. એમ તો બને જ નહિ કે કારણરૂપ આધારના નાશ પછી પણ તેનો સ્વભાવ અદ્ધર લટકતો હાજર રહે.) આમ કારણસ્વભાવરૂપ કારણના નાશ પછીની ક્ષણે કાર્ય શી રીતે ઉત્પન્ન થઇ શકે ? છતાં, જો કાર્યોત્પત્તિ માનશો, તો કારણક્ષણ('ક્ષણ'પદથી 'પદના એકભાગમાં પદસમુદાયનો ઉપચાર થાય.' એ ન્યાયે 'ક્ષણભંગ'અર્થ કરવો. ક્ષણભંગ-ક્ષણપ્રવાહની વિકલ્પના)નો વિનાશ થશે. અર્થાત્ કારણની ક્ષણિકતાનો વિનાશ થશે. તે આ પ્રમાણે ➡ જો બીજા ક્ષણમાં કારણસ્વભાવ અનુવર્તતો ન હોય-હાજર ન હોય, તો તે ક્ષણે કાર્ય પણ ઉત્પન્ન થશે નહિ, કેમકે કાર્ય તે સ્વભાવની અપેક્ષા રાખે છે. અને જો બીજીક્ષણે કારણસ્વભાવ હાજર હોય, તો ક્ષણિકવાદનો સંભવ જ નથી. ॥૨૬૯॥

કારણના તેવાં સ્વભાવમાં દોષ બતાવ્યો. હવે ગા.૨૬૭માં **'इयरस्सवि'**ઇત્યાદિથી કાર્યનો જે સ્વભાવ બતાવ્યો, તેમાં દોષ દર્શાવતા કહે છે.

*ગાથાર્થ* :- ઉત્પન્ન નહિ થયેલા ઇતર(=કાર્ય)નો પણ આવો સ્વભાવ દુર્ઘટ છે. અને ઉત્પન્ન થઇ ગયા પછી એ સ્વભાવથી કોઇ પ્રયોજન નથી. 'વસ્તુ હમણાં જ ઉત્પન્ન થઇ' બસ આજ તેનો સ્વભાવ છે એ વાત પણ અસિદ્ધ છે. આ વાત પૂર્વે કહી જ છે.

કાર્યનો 'મારે કારણક્ષણ પછીની ક્ષણે ઉત્પન્ન થવું' એવો સ્વભાવ કાર્યની અનુત્પત્તિ(=અસત્)અવસ્થામાં શી રીતે હોઇ શકે? કાર્યરૂપ સ્વભાવીની ગેરહાજરીમાં સ્વભાવ પણ ગેરહાજર જ હોય.

*શંકા* :- અનુત્પન્ન કાર્યના એવા સ્વભાવમાં આપત્તિ હોવાથી ઉત્પન્ન કાર્યનો એવો સ્વભાવ સ્વીકારવો જોઇએ.

*સમાધાન* :- કાર્યની ઉત્પત્તિઅંગે સ્વભાવ કલ્પવાનો છે, જો કાર્ય ઉત્પન્ન જ થઇ ગયું, તો પછી ઉત્પત્તિઅંગેના સ્વભાવનું કોઇ પ્રયોજન જ રહેતું નથી.

*બૌદ્ધ* :- આ સ્વભાવ ઉત્પન્ન થતાં કાર્યમાં છે, નહિ કે કાર્ય ઉત્પન્ન થઇ ગયા પછી આવે છે. તેથી કોઇ દોષ નથી. (અનુત્પન્ન-ઉત્પન્ન કાર્યનો સ્વભાવ કલ્પવામાં દોષ છે, પણ ઉત્પદ્યમાન કાર્યનો સ્વભાવ માનવામાં કોઇ દોષ નથી.)

*ઉત્તરપક્ષ* :- હમણાં ઉત્પન્ન થઇ રહેલા ભાવને તમે જેવા સ્વભાવરૂપે કલ્પ્યો છે, તેવા સ્વભાવરૂપે તે અસિદ્ધ જ છે. કેમકે તેવી પ્રતીતિ થતી જ નથી. આ વાત પૂર્વે અનેકવાર કરી જ છે. તેથી ફરી ફરી વિસ્તાર કરતા નથી. (ઉત્પન્ન થઇ રહેલા

वेसिट्ठंपि न जुज्जति खणिगत्ते कारणस्स सहजाणं ।
णो इच्छिज्जइ जम्हा विसेसकरणं कहंचिदवि ॥ २७१ ॥

(वैशिष्ट्यमपि न युज्यते क्षणिकत्वे कारणस्य सहजानाम् । नो इष्यते यस्माद् विशेषकरणं कथंचिदपि)

क्षणिकत्वेऽभ्युपगते सति यत्कारणस्य वैशिष्ट्यमभिहितं *'सिय कारणं विसिट्ठमिति'* तदपि न युज्यते । कुत इत्याह–यस्मात्सहजानाम्–एककालजातानां *'कथञ्चिदपि'* केनापि प्रकारेण विशेषणं नेष्यते, परिनिष्पन्नत्वेन तेषां परस्पर–मनाधेयातिशयत्वात् । अथ मा भूत्सहजानां परिनिष्पन्नत्वेन परस्परमतिशयाधानं द्वाभ्यां पुनरुपादानसहकारिकारणाभ्यां प्राक्तनाभ्यामेकीभूय विशिष्टं तदुत्पादितं, ततः सिद्धं वैशिष्ट्यमिति ॥ २७१ ॥ अत्राह––

भिन्नद्धाणमुवादाणकारणस्साविसेसभावम्मि ।
कत्तो फले विसेसो?, ण य सो तस्सावि इय जुत्तो ॥ २७२ ॥

(भिन्नाद्धानामुपादानकारणस्याविशेषभावे । कुतः फले विशेषः? न च तस्यापि इति युक्तः)

उत्पाद्यविशिष्टकारणापेक्षया *'भिन्नाद्धानां'* भिन्नकालानां सहकारिणां संबन्धी कुतः 'फले' उत्पाद्यविशिष्टकारण–लक्षणे विशेषः?, नैवेत्यर्थः, क्व सतीत्याह––उपादानकारणस्य विवक्षितफलसंबन्धिनोऽविशेषभावे विशेषभावाभावे सति, उपादानस्य विशेषभावमन्तरेण विवक्षितसहकारिसन्निधानात् प्रागिव तत उपादानतो विशिष्टफलानुपपत्तेः । अथ मा प्रापदयं दोष इति विवक्षितफलसंबन्धिन उपादानस्य विशेषभावः सहकारिभिः क्रियमाण आश्रीयते, तत्राह–*'ण येत्यादि'* न च *'तस्यापि'* उपादानकारणस्य सहकारिभ्यः सकाशात् *'स'* विशेषभाव इतिः–एवं पूर्वोक्तेन प्रकारेण युक्तः, समानकालभावित्वादयुक्त इति भावः न हि समानकालभाविनोऽन्यतो भवतः सहकारिणः सकाशादन्यत एव भवतः तस्योपादानकारणस्य विशेषभावो युज्यत इति ॥२७२॥ स्यादेतत् उत्पाद्यविशिष्टक्षणोपादानस्य विवक्षितोपादान–सहकार्युपादानैस्तदुपादानोपादानानामपि तदु(पादानो)पादानैर्विशेषभाव आधीयते, तथा च न कश्चिद्दोषः, अनादित्वा–च्चोपकार्योपकारकपरम्पराया नानवस्थाऽपीष्टा बाधिका, आदौ हि परिकल्प्यमाने दोषः स्यादित्येतदेवाशङ्कमान आह–––

अह सोऽणादी ण घडई एवं चिय सव्वहा अणादीवि ।
जुगवेतरभावित्तं विणा ण जमणादिपक्खोऽवि ॥ २७३ ॥

(अथ सोऽनादिर्न घटते एवमेव सर्वथाऽनादिरपि । युगपदितरभावित्वं विना न यदनादिपक्षोऽपि)

अथ *'स'* विशेषभावोऽनादिरनादित्वाच्च न कश्चिद्दोष इति प्रतिपद्येथाः?, अत्राह–न घटते *'एवमेव'* पूर्वोक्तेनैव प्रकारेण सर्वथा अनादिरपि विशेषभावः, यस्मादनादिपक्षो हि(पि) विशेषभावस्येष्यमाण उपकार्योपकारकाणां

---

કાર્યમાં તેવો સ્વભાવ છે તે શાથી નિર્ણીત કર્યું ? એ પહેલા સ્વભાવ જ ન હતો તો કાર્યની ઉત્પત્તિ ક્રિયા પણ શી રીતે શરુ થઈ? ઇત્યાદિ અનેક પ્રશ્નો છે.) આમ *'સિય કારણં વિસિટ્ઠમ્'* (ગા. ૨૪૯) વગેરે વચનોથી પૂર્વે કાર્યનો જે *'પ્રતીત્યોત્પાદ સિદ્ધાંત'* પૂર્વપક્ષે સ્થાપેલો તેનું વિસ્તારપૂર્વક ખંડન કર્યું. ા૨૭૦ા

હવે ત્યાં (ગા.૨૪૯) જે વિશિષ્ટતા દર્શાવેલી તેને દોષયુક્ત જાહેર કરવાનો આરંભ કરે છે.

*(કારણક્ષણમાં વૈશિષ્ટ્યાભાવ)*

*ગાથાર્થ* :– કારણ જો ક્ષણિક માન્ય હોય, તો તેમાં(=કારણમાં) કોઇ વિશેષ બતાવવો યોગ્ય નથી. કારણકે સમાનસમયે ઉત્પન્ન થયેલી વસ્તુઓ સમાનતયા પરિનિષ્પન્ન(=સંપૂર્ણ તૈયાર) થઇ હોવાથી એક-બીજામાં અતિશય(=વિશિષ્ટતા)નું આધાન કરી શક્તા નથી. તેથી સમાનકાલીન વસ્તુઓમાં કોઇપણ પ્રકારનું વિશેષણ સંભવે નહિ.

*બૌદ્ધ* :– સહજાત વસ્તુઓ પરિનિષ્પન્ન હોવાથી તેઓમાં ભલે પરસ્પર અતિશયનું આધાન ન થાય, પરંતુ પૂર્વકાલીન ઉપાદાનકારણ અને સહકારિકારણ ભેગામળીને વિશિષ્ટ કારણક્ષણને ઉત્પન્ન કરે છે, તેથી કારણક્ષણમાં વિશિષ્ટતા સિદ્ધ જ છે.

અહીં આચાર્યવર ઉત્તર આપે છે.

*ગાથાર્થ* :– ઉપાદાનકારણમાં વિશેષાભાવ હોય, તો ભિન્નકાલીન સહકારી કારણોના સંબંધથી ફળમાં વિશેષ શી રીતે સંભવે ? અને ઉપાદાનકારણમાં પણ વિશેષભાવ યોગ્ય નથી.

*ઉત્તરપક્ષ* :– જો ઉત્પાદ્યવિવક્ષિત કારણક્ષણ(કે જેને આશ્રયી કાર્યનો પ્રતીત્યોત્પાદ ઇષ્ટ છે.)રૂપ ફળના ઉપાદાન કારણમાં કોઇપણ પ્રકારનો વિશેષ ન હોય, તો (ઉપાદાનક્ષણને સમાનકાલીન અને વિવક્ષિત કારણક્ષણના પૂર્વક્ષણભાવી) સહકારીઓ પણ તે કારણક્ષણમાં કશો વિશેષ પેદા કરી શકે નહીં. જો વિવક્ષિત ફળઅંગે ઉપાદાનમાં જ વિશેષભાવનો અભાવ હોય, તો સહકારીની હાજરીની પહેલાની જેમ સહકારીની હાજરીમાં પણ એ ઉપાદાનમાંથી વિશિષ્ટ ફળ ઉત્પન્ન થઇ શકે નહિ. (બીજ જો કોદરું હોય, તો ગમે તેટલું ખાતર નાખો પણ ફળ પણ કોદરું રહેશે, બાસમતી નહીં થાય.)

*બૌદ્ધ* :– વિવક્ષિતફળસંબંધી એ ઉપાદાનમાં સહકારીઓ વિશેષભાવ પેદા કરે છે, તેમ સ્વીકારવાથી દોષ નહીં આવે.

*ઉત્તરપક્ષ* :– પૂર્વે કહ્યું તેમ તે બન્ને(સહકારી અને ઉપાદાન) સમકાલીન હોવાથી પરસ્પરમાં અતિશયના આધાયક બની શક્તા નથી. તેથી અન્ય પૂર્વક્ષણથી ઉદ્ભવતા સહકારીઓ અન્યતર પૂર્વક્ષણથી ઉત્પન્ન થતાં સમકાલીન વિવક્ષિત ઉપાદાનમાં વૈશિષ્ટ્યનું આપાદાન કરી શકે નહિ. ા૨૭૨ા

*બૌદ્ધ* :– ઉત્પાદ્યવિશિષ્ટક્ષણના ઉપાદાનમાં એ વિવક્ષિતઉપાદાનના સહકારીઓના ઉપાદાનોથી(કે જે વિવક્ષિતઉપાદાનથી

युगपद्भावित्वमयुगपद्भावित्वं वा विना न भवति, ततः सोऽपि न घटत एव । एतदुक्तं भवति–अनादिपरम्परायामपि समकालभाविनां वा परस्परविशेषकरणं भवेत् संभूय तदन्यविशिष्टकरणं वा?, तत्र चोक्तो दोष इति ॥२७३॥ अत्र परस्य मतमाशङ्कते––

**अह तस्स सहेऊतो एस सहावोत्ति जेण सहकारी ।**
**पप्पाकिंचिकरंपि हु फले विसेसं फुडं कुणइ ॥ २७४ ॥**

(अथ तस्य स्वहेतुत एष स्वभाव इति येन सहकारिणं । प्राप्याकिञ्चित्करमपि हु फले विशेषं स्फुटं करोति)

**अथ** *तस्य*–उपादानक्षणस्य स्वहेतुतः सकाशादेष एव स्वभाव उत्पेदे येनाकिंचित्करमपि सहकारिणं प्राप्य *'फले'* उपादेयक्षणे *'स्फुटं'* विवक्षितविशिष्टकार्यजननसमर्थं विशेषं करोति, ततो न वैशिष्ट्यं घटते इति यदुक्तं तदसमीचीनमेवेति ॥ २७४ ॥ **अत्राह––**

**माणं किमत्थ तीरति एव सहावंतरंपि कप्पेउं ।**
**अत्थाणपक्खवातो य तस्सवेक्खाणियोगम्मि ॥ २७५ ॥**

(मानं किमत्र शक्यत एव स्वभावान्तरमपि कल्पयितुम् । अस्थानपक्षपातश्च तस्यापेक्षानियोगे)

*'मानं'* प्रमाणं किमत्र? यद्बलेनैवं भवता स्वभावः परिकल्प्यते, नैव किंचिदिति भावः । न च प्रमाणमन्तरेण स्वभावः परिकल्प्यमानो वस्तुव्यवस्थानिबन्धनं, यत एवं भवत्परिकल्पितस्वभाववत् स्वभावान्तरमप्यनिष्टरूपं कल्पयितुं शक्यत एव । अपिच, विवक्षितफलोपादानोपादानस्यास्थानपक्षपातोऽयं यत् स्वकार्य विशिष्टस्वफलसाधनप्रवृत्तमत्यन्तानुपकारिणः सहकारिणोऽपेक्षायां नियुङ्क्ते इति । उक्तं च–*"अस्थानपक्षपातोऽयं, हेतोरनुपकारिणि (णः) । अपेक्षायां नियुङ्क्ते यत्कार्यमन्य(या?)विशेषतः ॥१॥"* इति ॥२७५॥ उपसंहारमाह––

---

પૂર્વકાલીન છે.) વિશેષભાવનું આધાન કરાય છે. આ જ પ્રમાણે એ વિવક્ષિતઉપાદાનના ઉપાદાનમાં તે સહકારીઓના ઉપાદાનના ઉપાદાનોથી વિશેષભાવનું આધાન કરાય છે. આમ પૂર્વકાલીન સહકારિક્ષણપરંપરા ઉત્તરકાલીન વિવક્ષિતઉપાદાનક્ષણપરંપરામાં વિશેષભાવનું આધાન કરે છે, એમ સ્વીકારવાથી હવે 'સમકાલીન ઉપાદાન-સહકારી ક્ષણો પરસ્પરમાં વિશેષનું આધાન કરી ન શકે' એવા દોષને અવકાશ નથી. અને વિશિષ્ટ થયેલ ઉપાદાનક્ષણથી ઉત્પાદ્યવિશિષ્ટકારણક્ષણની ઉત્પત્તિ પણ દોષગ્રસ્ત નહીં બને.

*શંકા* :- આમ તો ઉપકારી (સહકારી ક્ષણ) અને ઉપકાર્ય (ઉપાદાનક્ષણ)ની પરંપરાની અનવસ્થા ઉભી થશે, જે ક્યાંય અટકશે નહીં. (આ અનવસ્થા પૂર્વ-પૂર્વ તરફ સમજવી.)

*સમાધાન* :- આ અનવસ્થા ઇષ્ટ જ છે. કેમકે અમે આ ઉપકાર્ય-ઉપકારકભાવની પરંપરા અનાદિકાલીન માની છે. જેમકે બીજ-અંકુરભાવ અનાદિકાલીન છે, તો તેમાં ચાલતી પરંપરાનો આરંભ મળતો નથી તે ઇષ્ટ જ છે. તેમ અહીં પણ આ પરંપરાનો આરંભ ન મળે-અનવસ્થા ચાલે તે ઇષ્ટ જ છે. હા જો આદિ-આરંભ માન્યો હોય, તો એ દોષ આવે કે પ્રથમ ઉપાદાનમાં વિશેષનું આધાન ક્યાંથી આવ્યું ? અનાદિભાવમાં આ દોષ નથી.

આવી બૌદ્ધની આશંકા દર્શાવતા કહે છે.

*ગાથાર્થ* :- (બૌદ્ધ) આ વિશેષભાવ અનાદિથી ચાલે છે. તેથી કોઇ દોષનો સંભવ નથી.

*ઉત્તરપક્ષ* :- વિશેષભાવની પરંપરા અનાદિકાલીન હોય, તો પણ પૂર્વોક્તપ્રકારે સંગત નથી. કેમકે તો પણ ઉપકાર્ય (=જેમાં વિશેષનું આધાન થાય છે.) અને ઉપકારક(=વિશેષનું આધાનકરનાર)વચ્ચે યુગપદ્ભાવ(=સમકાલીનતા) કે અયુગપદ્ભાવ (=પૂર્વ-ઉત્તરકાલીનતા) વિના તો વિશેષભાવ સંભવે જ નહિ. *તાત્પર્ય* :-અનાદિપરંપરામાં પણ આ પ્રશ્ન તો ઉભો જ છે કે સમકાલીન વસ્તુઓ પરસ્પરમાં વિશેષનું આધાન કરે છે? કે સમકાલીન ઉપાદાન-સહકારીઓ ભેગા થઇ ઉત્તરક્ષણીય વસ્તુમાં વિશેષભાવનું આધાન કરે છે (=ઉત્તરક્ષણીય વસ્તુને વિશિષ્ટ કરે છે ?) આ બન્ને પક્ષે પૂર્વોક્ત દોષ ઉભો જ છે. ।।૨૭૩।।

અહીં બૌદ્ધમતની આશંકા કરે છે.

*ગાથાર્થ* :- (બૌદ્ધ) ઉપાદાનક્ષણનો પોતાના કારણોમાંથી એવો સ્વભાવ જ ઉત્પન્ન થયો છે, જેથી અકિંચિત્કર(કશો ઉપકાર ન કરવાવાળા) એવા પણ સહકારીઓને પામીને ઉપાદેયક્ષણમાં અભિપ્રેત વિશિષ્ટકાર્યની ઉત્પત્તિમાં સમર્થ એવા વિશેષને ઉત્પન્ન કરવો. તેથી 'વૈશિષ્ટ્ય સંભવે નહિ' એવું કહેવું બરાબર નથી. ।।૨૭૪।।

અહીં આચાર્યશ્રેષ્ઠ જવાબ આપે છે.

*ગાથાર્થ* :- (ઉત્તરપક્ષ) :- અહીં પ્રમાણ શું છે ? કે જેના બળે તમે આવો સ્વભાવ કલ્પો છો. અર્થાત્ આવી સ્વભાવ કલ્પના પાછળ કોઇ પ્રમાણ કામ કરતું નથી. અને પ્રમાણ વિના કલ્પેલો જે તે સ્વભાવ કંઇ વસ્તુની વ્યવસ્થા (=નિર્ણય)માં કારણ બને નહિ. કેમકે આમ તો તમે કલ્પેલા સ્વભાવની જેમ (તમારી કલ્પનામાટે) અનિષ્ટરૂપ બીજા સ્વભાવની કલ્પના પણ કરવી શક્ય છે. વળી, અભિપ્રેતફળના ઉપાદાનના ઉપાદાનનો આ અયોગ્ય પક્ષપાત જ છે કે જેથી તે પોતાના કાર્યને (=અભિપ્રેત ફળના ઉપાદાનને) વિશિષ્ટસ્વફળ(=અભિપ્રેતફળ)નું ઉત્પાદન કરતીવખતે તદ્દન અનુપયોગી સહકારીની અપેક્ષામાં જોડે છે. કહ્યું જ છે કે *'હેતુનો આ અસ્થાન જ પક્ષપાત છે કે, પોતાના કાર્યને અન્યથી અવિશિષ્ટ(=ઉપકારાદિ કરવારૂપ વિશેષ વિનાના)ની અપેક્ષામાં જોડે છે.'* *તાત્પર્ય* :- ઉપર તમે કહ્યું કે 'ઉપાદાનક્ષણને સ્વહેતુમાંથી એવો સ્વભાવ મળે છે કે જેથી તે સ્વકાર્ય કરતી વખતે અકિંચિત્કર સહકારીઓની અપેક્ષા રાખે' તેથી ઉપાદાનના હેતુનો એ અકિંચિત્કર સહકારીઓ પ્રત્યે પક્ષપાત જ કહેવાય કે

इय सहकारिकतो जं ण विसेसो कारणस्स उववज्जे ।
तम्हा विसिट्ठसद्दो णिरत्थगो एत्थ णातव्वो ॥ २७६ ॥
(इति सहकारिकृतो यद्विशेषः कारणस्योत्पद्यते । तस्माद्विशिष्टशब्दो निरर्थकोऽत्र ज्ञातव्यः)

*'इति'* एवं *'यत्'* यस्मात्सहकारिकृतो विशेषः कारणस्य सर्वथा नोपपद्यते *तस्मादत्र*-हेतुफलभावे विचार्यमाणे विशिष्टशब्दः *'कारणं विसिट्ठं पडुच्चे'*त्येवमुच्चार्यमाणो निरर्थको ज्ञातव्य इति ॥ २७६ ॥
दूषणान्तरमभ्युच्चेतुं परं पृच्छन्नाह--

तदणंतरं च भावे बहूण अविसेसतो कुतो णियमो ।
इयमेव अस्स कज्जं? तस्सेव उ तस्सहावत्ता ॥ २७७ ॥
(तदनन्तरं च भावे बहूनामविशेषतः कुतो नियमः? । इदमेवास्य कार्यं? तस्यैव तु तत्स्वभावत्वात्)

*'तदनन्तरं च'* तस्मात्-विवक्षितघटक्षणादनन्तरं तदुत्तरक्षणवत् *अविशेषतः*-अविशेषेण बहूनां सकललोकभाविनां पटादिक्षणानां *'भावे'* उत्पादे सति कुतोऽयं नियमोऽवसीयते, यदुत अस्य विवक्षितघटक्षणस्येदमेव-विवक्षिततदुत्तर-घटक्षणलक्षणं कार्यं नत्वन्यदिति?, नैव कुतश्चिदपीत्यर्थः । पर आह-*तस्यैव*-विवक्षितघटक्षणस्य *'तत्स्वभावत्वात्'* विवक्षिततदुत्तरघटक्षणजननस्वभावत्वात्, तथा तस्यैव विवक्षिततदुत्तरघटक्षणलक्षणस्य कार्यस्य तत्स्वभावत्वाद्-विवक्षित-घटक्षणलक्षणकारणजन्यस्वभावत्वात् ॥२७७॥ एतदेव भावयन्नाह--

तप्फलजणणसहावं जं तं चिय कारणं ण अण्णंति ।
कज्जंपि य तक्कारणजणणसहावं तयं चेव ॥ २७८ ॥
(तत्फलजननस्वभावं यत्तदेव कारणं नान्यदिति । कार्यमपि च तत्कारणजन्यस्वभावं तदेव)

*यत्*--यस्मात्तदेव-विवक्षितं कारणं तत्फलजननस्वभावं विवक्षितफलजननस्वभावं नान्यत्, कार्यमपि च तदेव विवक्षिततत्कारणजन्यस्वभावं, नेतरत्, इति तत्स्वभावसामर्थ्यात् स पूर्वोक्तो नियमोऽवसीयते ॥२७८॥ अत्राचार्य आह--

कज्जंतरेव्व अणुगमविसेससंपायणाएँ रहियस्स ।
तप्फलजणणसहावो ण थेवसद्धाए विसउत्ति ॥ २७९ ॥
(कार्यान्तरे इवानुगमविशेषसंपादनया रहितस्य । तत्फलजननस्वभावो न स्तोकश्रद्धाया विषय इति)

विवक्षितस्य घटक्षणलक्षणस्य कारणस्य कार्यान्तर इव पटादिक्षणलक्षणे विवक्षितेऽपि कार्ये तदुत्तरघटक्षणलक्षणे अनुगमविशेषसंपादनया रहितस्य *'तत्फलजननस्वभावो'* विवक्षितफलजननस्वभावो न स्तोकश्रद्धाया विषयः, सर्वथा कारणगतकर्म्मानुगमविशेषाभावविशेषात् नैवासौ स्वभावः परिकल्प्यमानः कथंचिदप्युपपद्यते, केवलं स्वदर्शनानुरागेणातीव तरलितमतित्वात् त्वमेवेत्थमवभाषस इति भावः ॥२७९॥ कार्यविषयं स्वभावनियमं विघटयितुमाह--

---

જેથી અકિંચિત્કર તરીકે સમાન બીજી વસ્તુઓને છોડી અમુક નિયત જ સહકારીઓની અપેક્ષા પોતાના કાર્યભૂત ઉપાદાનપાસે રખાવે છે. ॥૨૭૫॥

ઉપસંહાર કરતા કહે છે.

ગાથાર્થ :- આમ કારણમાં સહકારિકૃત વિશેષની વાત અયોગ્ય ઠરે છે. તેથી હેતુફળભાવના વિચારમાં **'कारणं विसिट्ठं पडुच्च'** સ્થળે પ્રયોજેલો 'વિશિષ્ટ' શબ્દ નિરર્થક જ સમજવો. ॥ ૨૭૬ ॥

*(હેતુ-ફળભાવમાં સ્વભાવવાદનિરાસ)*

અન્ય દૂષણનો અભ્યુચ્ચય(=સમાવેશ) કરવા બૌદ્ધને પૂછતાં કહે છે.

*ગાથાર્થ* :- અભિપ્રેતઘટક્ષણની અનંતરક્ષણ જેમ તેની(અભિપ્રેતઘટક્ષણની) ઉત્તરક્ષણ ઉત્પન્ન થાય છે, તેમ આખા જગતમાં પટાદિ બીજી અનેક ક્ષણો ઉત્પન્ન થાય છે. તેથી 'વિવક્ષિતઘટક્ષણનું આ વિવક્ષિત ઘટઉત્તરક્ષણ જ કાર્ય છે બીજુ કોઇ નહિ' એવા નિયમનો નિર્ણય શી રીતે થશે ?

*બૌદ્ધ* :- આવા નિયમમાં કારણક્ષણ અને કાર્યક્ષણના તેવા સ્વભાવો જ નિર્ણાયક છે. વિવક્ષિતઘટક્ષણનો જ અભિપ્રેત ઘટઉત્તરક્ષણજનનસ્વભાવ છે. અને અભિપ્રેતઘટઉત્તરક્ષણનો પણ તેવો જ સ્વભાવ છે કે વિવક્ષિતઘટક્ષણરૂપ કારણથી જ ઉત્પન્ન થવું. આમ કારણક્ષણગત અને કાર્યક્ષણગત સ્વભાવ જ કાર્યકારણભાવની નિયત વ્યવસ્થાના કારણ છે. ॥૨૭૭॥

આ જ હકીકતનું ભાવન કરતાં કહે છે.

*ગાથાર્થ* :- વિવક્ષિત કારણ જ વિવક્ષિતફળ ઉત્પન્ન કરવાના સ્વભાવવાળું છે, બીજું કોઇ નહિ; અને વિવક્ષિત કાર્ય પણ તે વિવક્ષિત કારણથી જ ઉત્પન્ન થવાના સ્વભાવવાળું છે. અન્ય કોઇથી નહિ. આમ તથાસ્વભાવના સામર્થ્યથી જ પૂર્વોક્ત કાર્ય-કારણભાવના નિયમનો બોધ થાય છે. ॥૨૭૮॥

અહીં આચાર્યવર કહે છે.

*ઉત્તરપક્ષ* :-ઘટાદિવિવક્ષિત કારણક્ષણ જેમ પટાદિક્ષણરૂપ કાર્યાન્તરમાં અનુગમવિશેષનું સંપાદન કરતી નથી, તેમ જો સ્વ(ઘટાદિ) ઉત્તરક્ષણરૂપ કાર્યમાં પણ અનુગમવિશેષનું સંપાદન કરતી ન હોય, તો તેનો(વિવક્ષિતઘટાદિ કારણક્ષણનો) વિવક્ષિત કાર્યોત્પાદનસ્વભાવ અલ્પશ્રદ્ધાનો પણ વિષય બનતો નથી.અર્થાત્ કારણક્ષણનો તેવો સ્વભાવ માની શકાતો નથી. કેમકે કારણ-

**असति य तहोवयारे कहंचिदवि कारणंतरकए व्व ।**

**कज्जंपि य तक्कारणजन्नसहावंति चिंतमिदं ॥ २८० ॥**

(असति च तथोपकारे कथंचिदपि कारणान्तरकृत इव । कार्यमपि च तत्कारणजन्यस्वभावमिति चिन्त्यमिदम्)

तथा *असति* च–अविद्यमाने च *कथंचिदपि*–केनापि तद्रूपरसगन्धशक्तिपरिमाणानुगमादिलक्षणेन प्रकारेण उपकारे विवक्षिते कार्ये कस्मिन्निवेत्याह–*कारणान्तरकृत इव कार्ये*–पटादिके *कार्यमपि*–विवक्षितं तत्कारणजन्यस्वभावमितीदं चिन्त्यं, उपकाराभावाविशेषात्कारणान्तरकृतकार्यमिव विवक्षितमपि कार्य. तत्कारणजन्यस्वभावमिति न कल्पयितुं युक्तमिति भावः ॥२८०॥ अत्र परोत्तरमाशङ्कते--

**तं चेव अहुवयारो किं नो अन्नं? अतस्सहावत्ता ।**

**तस्साहव्वं किंकय–मह हेतुसहावकतमेव ॥ २८१ ॥**

(तदेवाथोपकारः किं नो अन्यत्? अतत्स्वभावत्वात् । तत्स्वाभाव्यं किंकृतमथ हेतुस्वभावकृतमेव॥)

अथ तदेव कार्य–विवक्षिततदुत्तरघटक्षणलक्षणमुपकारो विवक्षितघटक्षणस्य कारणस्य न त्वनुगमरूप इति ब्रूषे?, अत्राह–किं नो? अन्यत्पटादिकं तदुपकारो भवति, विशेषाभावात् । इतर आह–*'अतत्स्वभावत्वात्'* विवक्षितकारण–जन्यस्वभावत्वाभावात् पटादिकस्य । अत्राचार्यः पृच्छति–'तत्स्वाभाव्यं' विवक्षितकारणजन्यस्वभावत्वं विवक्षितकार्यस्य किंकृतम्?, इतर आह–किमत्र प्रष्टव्यं? हेतुस्वभावकृतमेव तत्तत्स्वाभाव्यम् ॥ २८१ ॥ पुनः पृच्छति--

**को तस्स णणु सहावो? तदणंतरमेव जं तयं होइ ।**

**किं नो अन्नं? किं तेण? हंत वामोहहेतुत्ति ॥ २८२ ॥**

(कस्तस्य ननु स्वभावः? तदनंतरमेव यत् तकत् भवति । किं नोऽन्यत्? किं तेन? हंत । व्यामोहहेतुरिति)

*'ननु'* इति आक्षेपे । कस्तस्य हेतोर्ननु स्वभावो यद्बलात्कार्यस्य तत्स्वाभाव्यमुपजायते । पर आह--यत् तकत्–विवक्षितं कार्य तदनन्तरमेव–विवक्षितकारणानन्तरमेव भवति, स हेतोः स्वभावः । इह हेतुस्वभावनिबन्धनं कार्य–भवनमपि हेतुस्वभाव इत्युक्तं, कार्ये कारणोपचारात्, अन्यथा विवक्षितहेतुस्वभावविशेषस्य निर्द्धारयितुमशक्यत्वाद् । इदमुक्तं भवति--तस्य हेतोः स्वहेतुशक्तितस्तादृश एव स्वभाव(भाव) उत्पेदे येन तदनन्तरमेव तद्विवक्षितं कार्यमुप–जायते, तथा च तत्कृतं कार्यस्यापि तत्स्वाभाव्यमिति । आचार्य आह–किन्नो--नैवान्यत्–पटादिकं तदनन्तरमेव भवति? येन विवक्षितहेतुस्वभावबलात् तस्यैव विवक्षितस्य घटक्षणलक्षणस्य तत्स्वाभाव्यं कल्प्यते नान्यस्य, अन्यदपि तदनन्तरं भवति तत्कथमेतत्तस्य कल्प्यत इति भावः । तस्मात् *'हन्तेति'* परपक्षस्य विचारासहनत्वेन विषादसूचने । तदुक्तम्–*"हन्त हर्षेऽनुकम्पायां, वाक्यारम्भविषादयोरिति"* । किं तेन–तदनन्तरं सद्भाव इत्यनेनोद्घोषितेन?, यस्मादयमित्थं विचार्य–माणो व्यामोहहेतुरिति ॥२८२॥ पर आह--

---

ગતક્રિયાના અનુગમરૂપ વિશેષનો અભાવ વિવક્ષિતકાર્ય અને કાર્યાન્તરમાં સમાનતયા છે. તેથી તેવા સ્વભાવની કલ્પના યુક્તિસંગત નથી. તેથી તમે પોતાના સિદ્ધાન્ત–દર્શનની માન્યતાનાં રાગથી ચપળ થયેલી બુદ્ધિથીજ આમ કહો છો. ॥૨૭૯॥

હવે કાર્યઅંગેના સ્વભાવનિયમનું વિઘટન કરવા કહે છે.

*ગાથાર્થ* :– વળી વિવક્ષિતકારણ જેમ કારણાન્તરકૃતપટાદિમાં સ્વીયરૂપ–રસ–ગન્ધ–શક્તિ–પરિમાણના અનુગમાદિરૂપ ઉપકાર કરતું નથી, તેમ સ્વકાર્યતરીકે ઈષ્ટ કાર્યમાં પણ ઉપકાર કરતું ન હોય, તો કારણાન્તરજન્યપટાદિકાર્યોની જેમ વિવક્ષિત કાર્યમાં પણ ઉપકારભાવ અવિશેષરૂપે હોવાથી તે પટાદિકાર્યની જેમ વિવક્ષિતકાર્યને પણ તે કારણથી ઉત્પન્ન થવાના સ્વભાવવાળું કલ્પવું યોગ્ય નથી. ॥૨૮૦॥

અહીં બૌદ્ધના ઉત્તરની આશંકા કરે છે.

*ગાથાર્થ* :–(બૌદ્ધ) વિવક્ષિત(અભિપ્રેત) ઘટક્ષણરૂપકારણ વિવક્ષિતઘટઉત્તરક્ષણરૂપકાર્યને ઉત્પન્ન કરે છે. આ જ તેનો (=કારણનો) ઉપકાર છે, નહિકે અનુગમરૂપ. કારણ કાર્યને ઉત્પન્ન કરે એટલાથી સર્યું, એનો કાર્યક્ષણમાં અનુગમ આવશ્યક નથી.

*શંકા* :– જો કારણના અનુગમ વિના પણ કાર્ય–કારણભાવ થઇ શક્તો હોય, તો ઘટક્ષણનું વિવક્ષિત ઉત્તરઘટક્ષણ જ કાર્ય અને અન્ય પટવગેરે ઉત્તરક્ષણો કેમ નહિ ? કેમકે તે બધા સમાનરૂપ જ છે. (વિવક્ષિત ઘટક્ષણની ઉત્તરક્ષણે જ થનારા છે.)

*બૌદ્ધ* :– પટવગેરેમાં ઘટઆદિવિવક્ષિતકારણક્ષણમાંથી ઉત્પન્ન થવાનો સ્વભાવ નથી. તેથી તેઓ વિવક્ષિત ઘટક્ષણના કાર્ય બની શકે નહિ.

*ઉત્તરપક્ષ* :– તે–તે વિવક્ષિત કાર્યનો વિવક્ષિત કારણમાંથી જ ઉત્પન્ન થવાનો સ્વભાવ કોણે ઉત્પન્ન કર્યો ?

*બૌદ્ધ* :– અહીં પૂછવાનું શું છે ? કાર્યના સ્વભાવનો કર્તા હેતુનો સ્વભાવ જ છે. ॥૨૮૧॥

ફરીથી પૂછે છે.

*ગાથાર્થ* :– *ઉત્તરપક્ષ* :– ('નનુ' પદ આક્ષેપસૂચક છે.) હેતુનો તેવો ક્યો સ્વભાવ છે કે જેના બળપર કાર્યનો તેવો જ સ્વભાવ ઉત્પન્ન થાય છે.

*બૌદ્ધ* :– વિવક્ષિતકારણની પછીની ક્ષણે જ વિવક્ષિતકાર્ય પણ ઉત્પન્ન થાય બસ આજ હેતુનો સ્વભાવ છે. અહીં હેતુના સ્વભાવથી જન્ય કાર્યની ઉત્પત્તિને પણ 'હેતુસ્વભાવ' એમ કહેવામાં કાર્યમાં કારણનો ઉપચાર કામ કરે છે. નહિંતર તો

तं चेव तदणुरूवं को वामोहोत्ति? किं न अण्णंपि? ।
किं वा अणुरूवत्तं तद्धम्माणुगमविरहम्मि? ॥ २८३ ॥

(तदेव तदनुरूपं को व्यामोह इति? किं नान्यदपि । किं वाऽनुरूपत्वं तद्धर्मानुगमविरहे)

*'तदेव'* विवक्षितं तदुत्तरघटक्षणलक्षणं कार्यं *'तदनुरूपं'* विवक्षितघटलक्षणकारणानुकारं, नान्यत् पटक्षणादि, अतस्तदेव तस्य कार्यं, नेतरत्, तथा च को दोषः? इत्यत्राह-*'किं न अन्नंपित्ति'* काक्वा नीयते किं नान्यदपि पटक्षणादि तदनुरूपमस्ति?, येन तदेव तस्य कार्यं स्यान्न तु पटादि, अस्त्येवेतिभावः, सर्वस्यापि कथंचिद्व तुल्वादिना परस्परमनुकारित्वात्। अपिच, *'तद्धर्म्मानुगमविरहे'* विवक्षितकारणधर्म्माणां तद्रूपगन्धादीनामनुगमाभावे किमनुरूपत्वं स्यात्?, नैव किंचिदितिभावः, पटादेरिव विवक्षितस्यापि कार्यस्य कारणधर्म्मानुगमाभावाविशेषात् ॥२८३॥, तत्स्वाभाव्यमेव कार्यस्य पूर्वोक्तमभ्युच्चयेन दूषयन्नाह--

कज्जाणं अखिलाणं असेसकारणविसेसरहियाणं ।
जो तस्सभावभेओ वइमेत्तातोऽणियमहेतू ॥ २८४ ॥

(कार्याणामखिलानामशेषकारणविशेषरहितानाम् । यस्तत्स्वभावभेदो वाङ्मात्रत्वादनियमहेतुः)

योऽयमशेषकारणविशेषानुगमरहितानामखिलानां कार्याणां स्वस्वकारणापेक्षया तत्तत्स्वभावभेदः प्रतिकार्यं व्यवस्थाया नियमहेतुरुद्घुष्यते सोऽनियमहेतुरेव । कुत इत्याह-*'वइमित्ताउत्ति'* भावप्रधानोऽयं निर्देशः, वाङ्मात्रत्वात्, वाङ्मात्रता च तत्साधकप्रमाणाभावात्, नच वाङ्मात्रेणेष्टसिद्धिर्भवति ॥२८४॥ यत आह--

जं अण्णहावि तीरइ वइमेत्तेणं भणिउं स मिच्छत्ति ।
इय मोससम्मनाणं न कोसपाणं विणा एत्थ ॥ २८५ ॥

(यदन्यथापि शक्यते वाङ्मात्रेण भणितुं स मिथ्येति । इति मृषासम्यग्ज्ञानं न कोशपानं विनाऽत्र)

*'यत्'* यस्मादन्यथापि सत्स्वभावभेदो वाङ्मात्रेण भणितुं शक्यते, तथाहि-मृत्पिण्ड एव पटजननस्वभावः, पट एव च तज्जन्यस्वभावः, तन्तव एव घटजननस्वभावाः, घट एव तज्जन्यस्वभाव इत्यपि वक्तुं शक्यत एव, उभय-

---

विवक्षित हेतुस्वभावविशेषनो निर्धार करवो ज शक्य नथी. (कारणके क्षणमात्रजीवी हेतुना स्वभावनो कार्यआदिथी निर्धार करो, ते पहेला तो हेतु नाश पामी चूक्यो होय.) *तात्पर्य* :- ते(=विवक्षित) हेतुनो पोताना हेतुनी शक्तिथी तेवा ज प्रकारनो स्वभाव उत्पन्न थयो के जेथी ते (=विवक्षित) हेतुनी पछीनी क्षणे ज ते विवक्षित कार्य उत्पन्न थाय. तेथी तेने उत्पन्न करेला कार्यने पण तेनो (=हेतुनो) स्वभाव कहेवामां दोष नथी.

*ઉત્તરપક્ષ* :- તે વિવક્ષિતકારણક્ષણની પછીની ક્ષણે પટવગેરે બીજી વસ્તુઓ કેમ થતી નથી ? કે જેથી વિવક્ષિત હેતુસ્વભાવના બળપર તે વિવક્ષિતઘટક્ષણનો તે (વિવક્ષિતકાર્ય) જ સ્વભાવતરીકે માન્ય બને, અન્ય નહિ. 'બીજી વુસ્તુઓ પણ વિવક્ષિતઘટક્ષણ પછીની ક્ષણે થાય જ છે, છતાં ઉપરોક્ત નિયતસ્વભાવ જ કેમ કલ્પો છો ?' એવું કહેવાનું તાત્પર્ય છે. ('હન્ત' પદ વિરુદ્ધપક્ષનો વિચાર સહન ન થવાથી થતાં વિષાદનું સૂચન કરે છે. કહ્યું જ છે કે 'હન્ત'પદ હર્ષ, અનુકંપા, વાક્યારંભ અને વિષાદ અર્થે વપરાય છે.) ખરેખર ! આવા સ્વભાવઆદિની વિચારણા માત્ર વ્યામોહરૂપ જ છે. તેથી 'કાર્યનો કારણની પછીની ક્ષણે સદ્ભાવ' વગેરે ઉદ્ઘોષણાથી કોઇ પ્રયોજન નથી.

અહીં બૌદ્ધ કહે છે.

*ગાથાર્થ* :- (બૌદ્ધ) તે વિવક્ષિતઘટઉત્તરક્ષણરૂપ કાર્ય જ વિવક્ષિતઘટપૂર્વક્ષણરૂપ કારણને અનુરૂપ છે, બીજા પટક્ષણ વગેરે નહિ. આ અનુરૂપતાના આધારપર જ કહી શકાય કે તે વિવક્ષિતઘટઉત્તરક્ષણ જ તે વિવક્ષિતઘટપૂર્વક્ષણનું કાર્ય છે, અન્ય નહિ. હવે અહીં કયો દોષ છે ?

*ઉત્તરપક્ષ* :- ઘટપૂર્વક્ષણરૂપ કારણને તદ્ઉત્તરક્ષણની જેમ પટક્ષણવગેરે અન્ય પણ અનુરૂપ કેમ નથી? કે જેથી તદ્ઉત્તરક્ષણ જ કાર્ય બની શકે, અને પટવગેરે અન્ય નહિ તેવો નિયમ બની શકે.

*તાત્પર્ય* :- 'વસ્તુત્વ'આદિ સામાન્યધર્મોથી તો તદુત્તરક્ષણની જેમ પટવગેરે અન્યવસ્તુઓ પણ ઘટપૂર્વક્ષણરૂપ કારણને અનુરૂપ છે જ. કેમકે 'વસ્તુત્વ'આદિધર્મોથી બધી જ વસ્તુઓ પરસ્પર અનુરૂપ છે. (વિશેષધર્મોની અપેક્ષાએ અનુરૂપતાનો વિચાર હોય, તો એઅંગે કહે છે) વિવક્ષિતકારણના જ રૂપ-ગન્ધવગેરે વિશેષધર્મોનો જો કાર્યમાં અનુગમ ન હોય, તો કાર્યમાં કારણની અનુરૂપતા કેવી રીતે સંભવે ? પટવગેરેઅન્યમાં જેમ (વિશેષધર્મોની અપેક્ષાએ) ઘટક્ષણ આદિકારણગતધર્મોનો અનુગમ નથી, તેમ ઘટઉત્તરક્ષણરૂપકાર્યમાં પણ અનુગમ નથી તેમ તમને ઇષ્ટ છે. ॥૨૮૩॥

કાર્યના પૂર્વોક્ત તથાસ્વભાવને અભ્યુચ્ચયપૂર્વક દુષ્ટ જાહેર કરતા કહે છે.-

*ગાથાર્થ* :- આમ 'સઘળા'ય કારણોના સર્વથા વિશેષઅનુગમ વિનાના બધાય કાર્યોમાં પોતપોતાના કારણની અપેક્ષાથી પડતો તે-તે સ્વભાવભેદ જ પ્રત્યેક કાર્યકારણભાવની વ્યવસ્થામાં નિયામક હેતુ છે' એવી ઉદ્ઘોષણા કરવી બરાબર નથી, કેમકે તે નિયામકહેતુ નથી. પરંતુ અનિયમહેતુ જ છે. કારણ કે આવી જાહેરાત માત્ર વચનવિલાસરૂપ છે. (પણ પ્રમાણનું બળ નથી.) વચનવિલાસમાત્ર કંઇ તેવા પ્રકારની સિદ્ધિમાટે પ્રમાણ ન બને, તેમજ વચનમાત્રતાથી કોઇ ઇષ્ટ વસ્તુની સિદ્ધિ થતી પણ નથી. (મૂળમાં 'વઇમિત્તાઉ' પદ ભાવપ્રધાનનિર્દેશરૂપ છે. તેથી 'વચનમાત્ર' થી 'વચનમાત્રતા' અર્થ લેવો.)

*ગાથાર્થ* :- વચનમાત્રથી નિર્ણય કરવાનો હોય, તો વચનમાત્રથી તો અન્યથારૂપે પણ સ્વભાવભેદની કલ્પના બતાવવી

त्रापि कारणधर्म्मानुगमाभावाविशेषात् । अत्र पर आह–स तत्स्वभावभेदो भवता परिकल्प्यमानो मिथ्या, तथाप्रतीत्य-भावादिति । अत्राह–*'इय इत्यादि'* इतिः–एवमुक्तप्रकारेण, अत्र–अभ्युपगमविचारप्रक्रमे यत् मृषासम्यग्ज्ञानम्–अनन्तरोक्तः स्वभावभेदः परिकल्प्यमानो मृषा पूर्वोक्तश्च भवत्परिकल्पितः सम्यगिति ज्ञानं तन्न विना कोशपानमुपपद्यते, तद्विषय-प्रमाणाभावादुभयत्रापि कारणधर्मानुगमाभावविशेषात्॥२८५॥ पुनरपि प्रतीत्योत्पादविषये[1] एव दूषणं समुच्चिचीषुरिदमाह––

**किंच पडुच्चेदमिणं जायइ माणं किमेत्थ? ण हि एगं ।**

**खणियत्ताओ भिन्नद्ध–भावदुगगाहिणो णाणं ॥ २८६ ॥**

(किञ्च प्रतीत्येदमिदं जायते मानं किमत्र? न हि एकम् । क्षणिकत्वाद् भिन्नाद्धाभावद्विकग्राहिणो ज्ञानम्)

*'किंच'* इति अभ्युच्चये । इदं–विवक्षितं कारणं प्रतीत्य इदं–विवक्षितं कार्यं जायत इत्यत्र विषये *'मानं'* प्रमाणं किं?, नैव किंचिदित्यर्थः । कुत इत्याह–हिर्यस्माद् भिन्नकालभाविभावद्विकग्राहिणः पुंसो नैकं विज्ञानं–न भिन्न-कालभाविभावद्वयग्रहणप्रवणं एकं विज्ञानमित्यर्थः । *'क्षणिकत्वात्'* क्षणिकत्वाभ्युपगमात् । तदुक्तम्–*"क्षणादूर्द्ध्वं न तिष्ठन्ति, शरीरेन्द्रियबुद्धय इति"* ॥ किंत्वेकैकस्यार्थस्य एकैकं विज्ञानम्, ततश्च परस्परं विषयपरिच्छेदाभावात् न प्रतीत्योत्पादविषयप्रमाणसंभवः ॥ २८६ ॥

**एत्तो य कज्जकारणभावो कहमवगमस्सऽभावातो? ।**

**जो भणिओ पच्चक्खाणुवलंभिच्चादिगम्मोऽयं ॥ २८७ ॥**

(अतश्च कार्यकारणभावः कथमवगमस्याभावात् । यो भणितः प्रत्यक्षानुपलम्भेत्यादिगम्योऽयम्)

अतश्च योऽयं प्रत्यक्षानुपलम्भेत्यादिगम्यः कार्यकारणभावो भणितः स कथं तथा भवेत्?, नैव कथंचिदपि भवेदितिभावः । कुत इत्याह–*'अवगमस्स अभावाओ'* तद्विषयस्यावगमस्याभावात्, तदभावश्च कार्यकारणप्रत्यक्षादीनां परस्परवार्तानभिज्ञानात्। प्रत्यक्षानुपलम्भेत्यादीत्यत्र आदिशब्दादनुपलम्भपुरस्सरप्रत्यक्षपरिग्रहः, कार्यकारणभावो हि कदाचिद-नुपलम्भपुरस्सरेण प्रत्यक्षेण गृह्यते । यदाह धर्म्मकीर्तिः–*"येषामनुपलम्भे तल्लक्षणमनुपलब्धं सत् उपलभ्यते इति तल्लक्षणमिति उपलब्धिलक्षणप्राप्तम्"* एतेन चोपलब्धिलक्षणप्राप्तानुपलम्भेन तस्मिन् देशे तस्य धूमादिकार्यस्य स्वहेतोः सन्निधानात् प्रागपि सत्त्वं तथा तस्य कार्यस्य सत एवान्यतो देशादागमनं प्रागवस्थितकटकुड्यादिहेतुकत्वं चापाकृत-

---

શક્ય છે. જેમકે, "માટીનો પિંડ જ કપડાને પેદા કરવાના સ્વભાવવાળો છે. અને કપડાનો જ તેવો સ્વભાવ છે કે માટીના પિંડમાંથી ઉત્પન્ન થવું. તથા તંતુઓ જ ઘડાને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળા છે, અને ઘડો જ તંતુઓમાંથી ઉત્પન્ન થવાના સ્વભાવવાળો છે." એમ કહેવું પણ શક્ય જ છે. કારણકે બન્ને સ્થળે (પટ અને ઘટ સ્થળે, અથવા પરપક્ષના વચનસ્થળે અને આ વચનસ્થળે) કાર્યમાં કારણધર્મના અનુગમનો અભાવ સમાનતયા છે.

*બૌદ્ધ* :– તમે કલ્પેલો આવો સ્વભાવભેદ ખોટો છે. કેમકે તેવી પ્રતીતિ થતી જ નથી.

*ઉત્તરપક્ષ* :– આમ અભ્યુપગમના વિચારના પ્રસ્તાવમાં અમારી સ્વભાવભેદની કલ્પના ખોટી અને તમારી પૂર્વોક્ત કલ્પના સાચી એવું જ્ઞાન કોશપાન વિના શક્ય નથી. અર્થાત્ આવા સાચા–ખોટાનો નિર્ણય માત્ર સોગંદ ખાઇને કરી શકાય, કેમકે તેઅંગે કોઇ પ્રમાણ નથી. કારણ કે બન્ને સ્થળે કારણધર્મના અનુગમનો અભાવ સમાનતયા છે. ॥૨૮૫॥

ફરીથી 'પ્રતીત્યોત્પાદ' અંગે જ દૂષણને પુષ્ટ કરવા આ પ્રમાણે કહે છે.

*(પ્રત્યક્ષાનુપલમ્ભાદિથી કાર્ય–કારણભાવ ગમ્ય નથી.)*

*ગાથાર્થ* – વળી 'આ વિવક્ષિત કારણને પ્રતીત્ય(આશ્રયી) આ વિવક્ષિત કાર્ય થયું' એમ કહેવામાં કોઇ પ્રમાણ નથી. કારણકે ભિન્ન સમયે થનારા બે ભાવ(=કાર્ય અને કારણ) નો બોધ કરનાર પુરુષનું એવું કોઇ એક જ્ઞાન નથી કે જે ભિન્નકાલીન બે વસ્તુના બોધમાં સમર્થ હોય. કારણ કે તમે ક્ષણિકતા સ્વીકારી છે. કહ્યું જ છે કે *'ક્ષણ પછી શરીર, ઇન્દ્રિય અને બુદ્ધિ રહેતા નથી.'* આમ ભિન્નકાલીન બે વસ્તુના બોધમાં સમર્થ વિજ્ઞાન નથી. એક–એક અલગ–અલગ વસ્તુના બોધમાં જ તે સમર્થ હોય છે. આમ પરસ્પરવિષયપરિચ્છેદ(=વિષયબોધ) ન હોવાથી પ્રતીત્યોત્પાદવિષયમાં પ્રમાણનો અસંભવ છે. (કારણક્ષણવખતના પુરુષનું જ્ઞાન માત્ર કારણનો જ બોધ કરે. અનુત્પન્ન કાર્યનો નહિ. કેમકે કાર્યક્ષણે કારણક્ષણવખતનો પુરુષ અને કારણનું જ્ઞાન બન્ને વિલય પામ્યા છે. આમ કારણક્ષણજ્ઞાન અલગ અને કાર્યક્ષણજ્ઞાન અલગ છે તેમજ બન્નેના આધાર પણ અલગ છે. ઉપરાંત ઉત્તરક્ષણના જ્ઞાનની હાજરીવખતે પૂર્વક્ષણનું જ્ઞાન અને તેનો આધાર નાશ પામ્યા છે. તેથી કારણ–કાર્યવચ્ચેના સંબંધવગેરેનો નિર્ણય જ શક્ય નથી. તેથી કાર્યકારણભાવ કે પ્રતીત્યોત્પાદનો પણ નિર્ણય શક્ય નથી.) ॥૨૮૬॥

*ગાથાર્થ* :– આમ 'પ્રત્યક્ષ અનુપલમ્ભ' ઇત્યાદિ વચનથી જે કાર્યકારણભાવ બૌદ્ધોએ બતાવ્યો છે, તે પણ સંભવે નહિ. કારણ કે કાર્યકારણભાવઅંગેનાં બોધનો જ અભાવ છે. જેને કાર્યનું પ્રત્યક્ષાદિ જ્ઞાન છે, તેને કારણનું પ્રત્યક્ષાદિ જ્ઞાન નથી. અને જેને કારણનો પ્રત્યક્ષાદિથી બોધ છે. તેને કાર્યનો પ્રત્યક્ષાદિથી બોધ નથી. કારણ કે કાર્ય–કારણ ભિન્નકાલીન છે. અને

---

1. પ્રતીત્યસમુત્પાદ=કારણના રહેવાપર તેને(=કારણને) આશ્રયી(=પ્રતીત્ય) ઉત્પત્તિ થવી. **माध्यमिकवृत्तौ अस्मिन् सति इदं भवति अस्योत्पादादयमुत्पद्यत इति इदं प्रत्ययार्थः प्रतीत्यसमुत्पादः** । હેતુ અને પ્રત્યયને અપેક્ષી ભાવોનો ઉત્પાદ એ પ્રતીત્યસમુત્પાદાર્થ. આમ પ્રતીત્યસમુત્પાદનાં બે ભેદ. (૧) હેતુ ઉપનિબન્ધન તથા (૨) પ્રત્યય ઉપનિબંધન. પ્રધાનકારણ હેતુ કહેવાય. અને સહાયકસાધન પ્રત્યય કહેવાય. આ બન્ને પણ બે પ્રકારે (૧) બાહ્ય અને (૨) અભ્યંતર. બીજ–અંકૂર–પત્રાદિનો ક્રમ બાહ્યહેતુઉપનિબન્ધન પ્રતીત્યોત્પાદનું દૃષ્ટાન્ત છે. જ્યારે હેતુઓના સમુદાયથી કાર્ય થાય, ત્યારે પ્રત્યયઉપનિબન્ધન કહેવાય. ઇત્યાદિ વિસ્તાર ગ્રન્થાન્તરગમ્ય છે.

मवसेयम् । तथा कदाचित्प्रत्यक्षपुरस्सरेणानुपलम्भेन गृह्यते । यत उक्तम्- *"तत्रैकाभावेऽपि नोपलभ्यते तत्तस्य कार्यमिति"* अस्यायमर्थः- येषां सन्निधानेन प्रवर्तमानं यत्कार्यं दृष्टं तेषां मध्ये यदा एकस्यापि अभावे सति नोपलभ्यते तदा तत्तस्य कार्यम्, यथा धूमो हुतभुज इति ॥२८७॥ अत्र पर आह--

तत्फलजणणसहावं तु कारणं तं च घेप्पइ तहेव ।
कज्जं पुण तक्कारणजण्णसहावंति तंपि तहा ॥ २८८ ॥

(तत्फलजननस्वभावं तु कारणं तच्च गृह्यते तथैव । कार्यं पुनस्तत्कारणजन्यस्वभावमिति तदपि तथा)

*कारणम्*-अग्न्यादिकं तत्फलजननस्वभावं-धूमादिलक्षणकार्यजननस्वभावं, तुः पूरणे, तच्च कारणमेवंस्वभावं सत् *तथैव*-तथास्वभावतयैव प्रत्यक्षेण गृह्यते नान्यथा, अन्यथा तदग्रहणप्रसङ्गात्, कार्यमपि धूमादिकं, पुनःशब्दोऽपिशब्दार्थः, तत्कारणजन्यस्वभावम्, इति तस्मादर्थे, तस्मात्तदपि कार्यं तथा-तथास्वभावतयैव गृह्यते, अन्यथा तेन तस्याग्रहणप्रसङ्गात्, तत्सामर्थ्यप्रभवश्च विकल्पोऽपि तथैव प्रवर्त्तत इति युक्तः प्रत्यक्षानुपलम्भादिना कार्यकारणभावावसाय इति ॥२८८॥ एतदेव भावयति--

धूमजणणस्सभावो(वा)ऽणलगाहगमो जमेत्थ विण्णाणं ।
जं तमणलजन्नसहाव-धूमविण्णाणहेउत्ति ॥ २८९ ॥

(धूमजननस्वभावानलग्राहकं यदत्र विज्ञानम् । यत्तदनलजन्यस्वभावधूमविज्ञानहेतुरिति)

*यत्*-यस्मादत्र जगति यत् धूमजननस्वभावानलग्राहकम् *'मो'* इति पादपूरणे, विज्ञानं तदवश्यमनलजन्यस्वभावस्य

---

તેઓનો બોધ કરનારા પણ ભિન્નકાલીન છે.

'પ્રત્યક્ષઅનુપલમ્ભઆદિ' જે કહ્યું તેમાં આદિશબ્દથી અનુપલમ્ભપૂર્વકના પ્રત્યક્ષનો પણ સમાવેશ કરવાનો છે. કાર્યકારણભાવનો બોધ ક્યારેક (૧)અનુપલમ્ભપૂર્વકના પ્રત્યક્ષથી થાય છે. અને (૨) ક્યારેક પ્રત્યક્ષપૂર્વકના અનુપલમ્ભથી થાય છે. પ્રથમ બાબતમાં બૌદ્ધાચાર્ય **ધર્મકીર્તિની** પ્રરૂપણા આવી છે. ➡ *"જેઓના અનુપલમ્ભમાં તલ્લક્ષણ (=તેઓનું સ્વરૂપ કે કાર્ય) પ્રથમ અનુપલબ્ધ એવું પછીથી ઉપલબ્ધ થાય, એવું તલ્લક્ષણ હોય, તે ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત કહેવાય"* (ક્યારેય વસ્તુનું કાર્ય કે સ્વરૂપ વસ્તુની ગેરહાજરીમાં ઉપલબ્ધ ન થાય,' આવો નિયમ છે. બીજા શબ્દોમાં કહીએ તો જે કાર્ય કે સ્વરૂપ કારણ કે વસ્તુની ગેરહાજરીમાં ઉપલબ્ધ ન થાય, અને વસ્તુની હાજરી વખતે ઉપલબ્ધ થઇ શકતું હોય, તે જ વસ્તુનું કાર્ય કે સ્વરૂપ(તલ્લક્ષણ) હોઇ શકે. જો આવા પ્રકારનું કાર્ય કે સ્વરૂપ ઉપલબ્ધ થાય, તો વસ્તુએ પણ ઉપલબ્ધ થવું જોઇએ-વસ્તુ ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત બને.) આમ ઉપલબ્ધિ લક્ષણપ્રાપ્તના અનુપલંભથી(અનુપલંભપુરસ્સરપ્રત્યક્ષના નિયમથી) સત્કાર્યવાદી સાંખ્યાદિની તે સ્થળે(ધૂમાદિસ્થળે) ધૂમવગેરે કાર્યની પોતાના કારણની હાજરીની પૂર્વે પણ હાજરીની માન્યતા ખંડિત થાય છે, કેમકે જો તે પૂર્વે પણ હોત, તો ઉપલબ્ધ થાત, પણ થતું નથી, તેથી પૂર્વે તે ન હતું. તથૈવ "ધૂમવગેરે કાર્યો કારણની હાજરીની પૂર્વે વિદ્યમાન જ હતાં પણ ત્યાં ન હતાં, હવે અન્યત્રથી આવ્યા' તેવી માન્યતાના પણ ચૂરેચૂરા થાય છે,- ઉપરોક્ત જ નિયમના બળપર. તથૈવ, "પૂર્વે વિદ્યમાન સાદડી કે ભીંત જેવા કારણોમાંથી ધૂમાડો ઉત્પન્ન થાય છે" એવો વિચાર પણ ઉપરોક્ત નિયમથી ખંડન પામે છે. આમ ધૂમાદિ કાર્યઅંગે અગ્નિની અહેતુતા તથા ધૂમઆદિ કાર્યોની અહેતુક કે અન્યહેતુક વિદ્યમાનતાનો નિરાસ થયો. *'કાર્યકારણભાવ ક્યારેક પ્રત્યક્ષપૂર્વકના અનુપલમ્ભથી ગ્રહણ થાય છે'* એવી બીજી બાબતઅંગે **ધર્મકીર્તિ કહે છે** ➡ 'ત્યાં એકના પણ અભાવમાં જે ઉપલબ્ધ ન થાય, તે તેનું કાર્ય છે.' આ પંક્તિનો ભાવાર્થ આ છે ➡ જેઓના સન્નિધાનથી જે કાર્ય પ્રવૃત્ત(=ઉત્પન્ન-વિદ્યમાન) થયેલું દેખાયું, પછી તેઓ(=કારણસામગ્રી)માંથી જ્યારે એકનો પણ અભાવ થાય, ત્યારે જો તે કાર્ય ઉપલબ્ધ ન થાય, તો તે (=વિવક્ષિત કાર્ય) તેઓનું(=કારણ સામગ્રીઓનું) કાર્ય છે. જેમકે ધૂમાડો અગ્નિનું કાર્ય છે. (બૌદ્ધમતે પ્રત્યક્ષપૂર્વકના અનુપલંભ અને અનુપલંભપૂર્વકના પ્રત્યક્ષ આ બેથી નિપજતી આ પંચકારણી(=પાંચકારણ)થી કાર્યકારણ સંબંધ નિશ્ચિત થાય છે. (૧) ઉત્પત્તિ થવા પહેલા કાર્ય પ્રાપ્ત ન થવું (૨) કારણની પ્રાપ્તિ થવા પર (૩) કાર્ય પ્રાપ્ત થવું (૪) કાર્યની પ્રાપ્તિની બાદ કારણ પ્રાપ્ત ન થવું તથા તેના ફળરૂપે (૫) કાર્ય પ્રાપ્ત ન થવું. આ પાંચ અવયવો પ્રાપ્તિ અને અપ્રાપ્તિના આધારે બે ભાગમાં વિભાગ પામે છે. તેમાં અપ્રાપ્તિના ત્રણ અને પ્રાપ્તિના બે અવયવ છે. (પ્રાપ્ત=ઉપલમ્ભ અપ્રાપ્ત=અનુપલમ્ભ.)

| અનુપલમ્ભ | ઉપલમ્ભ |
|---|---|
| (૧) ઉત્પત્તિ પૂર્વે કાર્યાનુપલમ્ભ | (૧) કારણોપલમ્ભ તેના કારણે |
| (૨) કારણાનુપલમ્ભ તેના કારણે | (૨) કાર્યોપલમ્ભ |
| (૩) કાર્યાનુપલમ્ભ | ) ॥૨૮૭॥ |

અહીં બૌદ્ધ સ્વાશય પ્રગટ કરે છે.

*ગાથાર્થ* :- અગ્નિવગેરે કારણો ધૂમાડાઆદિરૂપ કાર્યને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળા છે. (મૂળમાં 'તુ'પાદપૂર્તિઅર્થે છે.) અને તેવા સ્વભાવવાળા તેઓ(=અગ્નિવગેરે) પ્રત્યક્ષથી તેવા સ્વભાવવાળારૂપે જ દેખાય છે. અન્ય સ્વભાવવાળારૂપે નહિ. જો પ્રત્યક્ષજ્ઞાન તેઓને તેવા સ્વભાવવાળારૂપે ગ્રહણ ન કરે, તો તેઓ (=અગ્નિવગેરે) ગ્રહણ (=પ્રત્યક્ષના વિષય) જ ન થાય. તે જ પ્રમાણે ધૂમાડોવગેરે કાર્ય પણ (મૂળમાં પુણપદ (અપિ)પણઅર્થે છે.) તે (અગ્નિવગેરે) કારણથી ઉત્પન્ન થવાના સ્વભાવવાળું છે. ('ઇતિ'પદ 'તેથી'અર્થમાં છે.) તેથી તે કાર્ય પણ તેવા સ્વભાવથી યુક્તરૂપે જ પ્રત્યક્ષઆદિથી ગૃહીત થાય છે. જો પ્રત્યક્ષજ્ઞાન કાર્યને તેવા સ્વભાવથી યુક્તરૂપે ગ્રહણ ન કરે, તો પ્રત્યક્ષથી તેનું(=કાર્યનું) ગ્રહણ ન થવાનો પ્રસંગ આવે. આ પ્રત્યક્ષના સામર્થ્યથી મનમાં ઉત્પન્ન થતો વિકલ્પ પણ તેવા જ પ્રકારે થાય છે. તેથી પ્રત્યક્ષ અનુપલમ્ભઆદિથી કાર્ય-કારણભાવનો અધ્યવસાય થાય, એ વાત સંગત જ છે. ॥૨૮૮॥

धूमस्य विज्ञानं-परिच्छेदस्तस्य हेतुर्भवति, अन्यथा तेनानलग्राहकेन विज्ञानेनानलस्य धूमजननस्वभावतैव न गृहीता स्यात्, ततश्चेदं भवतीति प्रत्यक्षत एव सिद्धम् ॥२८९॥

एत्तो इदंति सिद्धे नो अन्नाउत्ति अन्नयाऽसिद्धी ।
कत्तोवि कारणा किंचि कज्जमिय किं न जुत्तमिह? ॥ २९० ॥

(इत इदमिति सिद्धे नोऽन्यस्मादिति अन्यदाऽसिद्धिः । कुतोऽपि कारणात् किञ्चित् कार्यमिति किं न युक्तमिह)

प्रत्यक्षत एव च *इतः-अग्न्यादेः* कारणादिदं-धूमादिकार्यमुपजायत इति सिद्धे सति नान्यदा अन्यत्र अन्यस्मादपि शक्रमूर्धादेर्धूमादिकार्यं भविष्यत्येवमसिद्धिः कार्यकारणभावस्याशङ्कनीया । कुत इत्याह-यस्मात् कुतोऽपि प्रतिनियतादग्न्यादेः कारणात् सकाशात् किंचित् प्रतिनियतं धूमादिकं भवति, न यतः कुतश्चित् यत् किमपि । एतदुक्तं भवति-यदि अन्यदा अन्यस्मादपि धूमादिकं कार्यं भवेत् तर्हि तत् अहेतुकं स्यात्, यद्धि यदन्वयव्यतिरेकानुविधायि तत्तद्धेतुकं, अन्यदा चेदन्यस्मादपि धूमादिकं कार्यं भवेत्तर्हि न तत् अग्न्यादिव्यतिरेकानुविधायि स्यात्, तथा च सति न तस्याग्न्यादिर्हेतुर्भवेत्, अग्न्यादेश्च सकाशाद्भवतो धूमादिकार्यस्य न शक्रमूर्द्धादिव्यतिरेकानुविधायित्वं, ततस्तदपि न तस्य हेतुर्भवेत्, तथा च सति उभयस्यापि तद्धेतुत्वाभावात्, धूमादिकमहेतुकमेव प्राप्नोति, अहेतुकत्वाच्च सदाभावादिप्रसङ्गः । *"नित्यं सत्त्वमसत्त्वं वाऽहेतोरन्यानपेक्षणादितिन्यायात्"* । तस्मात् यत् यस्मादेकदा भवत् दृष्टं तत् सर्वदा तत एव नेतरस्मादिति, किन्नः क्षूणणम्?। तथा चाह-*'इय किन्न जुत्तमिहेति'* इतिः-एवमुपदर्शितेन न्यायेन *'इह'* विचारप्रक्रमे किन्न युक्तं?, युक्तमेव सर्वमिति भावः ॥२९०॥ अत्र दूषणमाह---

विहितुत्तरमेवेदं अतिप्पसंगादिदोसभावातो ।
सो चेव सहावातो णियमणिमित्तातो पडिसिद्धो ॥ २९१ ॥

(विहितोत्तरमेवेदमतिप्रसङ्गादिदोषभावात् स एव स्वभावाद् नियमनिमित्तात् प्रतिषिद्धः)

*'इदं'* पूर्वोक्तं *'विहितोत्तरमेव'* दत्तोत्तरमेव । कुत इत्याह-*'अतिप्रसङ्गादिदोषभावात्'* अतिप्रसङ्गादिदोषसद्भावाभिधानात् । तत्रातिप्रसङ्गदोषो *'जं अन्नहावि तीरइ वइमित्तेणं तु भणिउमि'* त्यनेनोक्तः। आदिशब्दान्मिथ्यासम्यग्ज्ञानाभावदोषपरिग्रहः, स च प्रागुक्त एवेति । पर आह-*'सो चेवेत्यादि'* स च एवातिप्रसङ्गादिदोषो *'नियमनिमित्तात्'* प्रतिनियतव्यवस्थाकारणात् स्वभावात् प्रतिषिद्धः । तथाहि-मृदेव घटजननस्वभावा न तन्तवः, तन्तव एव च

---

આ જ અર્થનું ભાવન કરે છે.

*ગાથાર્થ* :- આ જગતમાં ધૂમાડાને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળા અગ્નિનો બોધ કરનારું જે વિજ્ઞાન છે, તે વિજ્ઞાન અવશ્યતયા-અગ્નિથી ઉત્પન્ન થવાના સ્વભાવવાળા ધૂમાડાનો બોધ કરનાર વિજ્ઞાનનો હેતુ બને છે. જો તથાપ્રકારનું અગ્નિગ્રાહકજ્ઞાન તથાપ્રકારના ધૂમગ્રાહકજ્ઞાનનો હેતુ ન બને, તો તે વિજ્ઞાને વાસ્તવમાં અગ્નિની ધૂમજનનસ્વભાવતાનું ગ્રહણ જ કર્યું નથી. તેથી તથાપ્રકારનું અગ્નિજ્ઞાન તથાપ્રકારના ધૂમજ્ઞાનના કારણતરીકે સિદ્ધ છે. આમ કાર્યકારણભાવનો નિશ્ચય પ્રત્યક્ષથી સિદ્ધ છે. ।।૨૮૯।।

*ગાથાર્થ* :- પ્રત્યક્ષથી જ આમ સિદ્ધ હોવાથી અન્યથી કે અન્યદા કાર્ય થવાની શંકાથી અસિદ્ધિ નથી. કેમકે કોઇક નિયત કારણથી જ કોઇક નિયત કાર્ય થાય છે. અહીં શું અસંગત છે?

આમ 'આ(અગ્નિઆદિ) કારણથી આ ધૂમાદિકાર્ય થાય છે' એમ પ્રત્યક્ષસિદ્ધ છે. તેથી અન્યદા(કારણસામગ્રીના અભાવકાળે) અન્યત્ર(જ્યાં કારણસામગ્રી નથી ત્યાં) કે ઇન્દ્રટોપ(રાફડો)આદિ અન્યથી (કારણસામગ્રીથી ભિન્ન વસ્તુથી) પણ તે ધૂમાદિ કાર્ય થશે, એવી આપત્તિથી કાર્ય-કારણભાવની અસિદ્ધિ થવાની આશંકા કરવી નહિ. કારણકે અગ્નિઆદિ કોઇક પ્રતિનિયત કારણથી જ ધૂમાદિ કોઇક પ્રતિનિયત કાર્ય જ થાય છે, નહિ કે જે તેમાંથી જે તે. *તાત્પર્ય* :- જો અન્યદા અને અન્યમાંથી પણ ધૂમવગેરે કાર્ય થતું હોય, તો તે કાર્ય અહેતુક કહેવાય, જે(=કાર્ય) જેના(=કારણના) અન્વય(હાજરી) વ્યતિરેક(=અભાવ)ને અનુસરે, તે(=કારણ) તેનો(=કાર્યનો) હેતુ બને. હવે જો, ધૂમાદિ કાર્ય અગ્નિના અભાવકાળે(અન્યદા) અથવા અન્યથી(=અગ્નિભિન્ન વસ્તુથી) થતું હોત, તો તે(=ધૂમકાર્ય) અગ્નિના અન્વયવ્યતિરેકને અનુસરત નહિ. (કેમકે અગ્નિના અભાવમાં-વ્યતિરેકમાં પણ તેની હાજરી-અન્વય છે.) અને તો, તેઓના (ધૂમાદિ કાર્યોના) અગ્નિવગેરે હેતુ બનત નહિ.

*શંકા* :- ધૂમવગેરેના અગ્નિવગેરે ભલે હેતુ ન બને પણ રાફડાવગેરે અન્ય તો બનશેને!

*સમાધાન* :- એમ પણ ન થાય. કેમકે અગ્નિવગેરેથી ઉત્પન્ન થતાં ધૂમાડાવગેરે કાર્યો રાફડાવગેરે અન્યના અન્વય વ્યતિરેકને અનુસરે નહિ. આમ ધૂમાદિ કાર્યોના અગ્નિઆદિ અને અન્ય આમ ઉભય હેતુ ન થવાથી ધૂમવગેરે કાર્યોને અહેતુક માનવાની આપત્તિ આવે અને તો તેઓની કાંતો હંમેશા હાજરી હોવાનો કાંતો હંમેશા અભાવ હોવાનો પ્રસંગ છે. કેમકે *"જેઓ નિત્ય સત્(હંમેશા વિદ્યમાન દા.ત. આકાશ) હોય અથવા નિત્ય અસત્(=હંમેશા અવિદ્યમાન, દા.ત. ખપુષ્પ) હોય, તેઓ જ અહેતુક હોવાથી (પોતાની સત્તા કે અભાવમાટે) અન્ય હેતુની અપેક્ષા રાખતા નથી."* એવો ન્યાય છે. આમ સર્વદા સર્વત્ર ધૂમવગેરેની હાજરી કે અભાવની આપત્તિ છે. તેથી તેઓને અહેતુક કલ્પવા યોગ્ય નથી. તેથી ધૂમઆદિ જે વસ્તુ અગ્નિવગેરે જેમાંથી એક વખત ઉત્પન્ન થતું દેખાય, તે વસ્તુ(=ધૂમવગેરે) હંમેશા અને બધે જ તેમાંથી જ(=અગ્નિવગેરેમાંથી જ) ઉત્પન્ન થાય, બીજામાંથી નહિ. હવે અહીં આવો ન્યાય હોય, તેમાં અમે શું અયોગ્ય કર્યું ? અર્થાત્ બધુંજ બરાબર કર્યું છે. ।।૨૯૦।।

पटजननस्वभावा न मृदिति वस्तुव्यवस्थानियमे वस्तुस्वभाव एव तथा तथा परिदृश्यमानः प्रमाणतया विजृम्भते न त्वन्यत् किंचित् ॥२९१॥ यत आह--

ण य मोत्तु तहसहावं तहभावे णियमणं तु भावाणं ।
णय वत्थुसहावोवि हु पज्जणुजोगस्स विसउत्ति ॥ २९२ ॥

(न च मुक्त्वा तथास्वभावं तथाभावे नियमनं तु भावानाम् । न च वस्तुस्वभावोऽपि हु पर्यनुयोगस्य विषय इति)

चशब्दो यस्मादर्थे । यस्मान्न भावानां *'तथाभावे'* नियतकार्यजननस्वभावतया भावे तथास्वभावं परिदृश्यमानं मुक्त्वाऽन्यत्किचिन्नियमनं नियमहेतुरस्ति, किंतु तथास्वभाव एव, तस्मान्नातिप्रसङ्गादिदोषभावप्रसक्तिः। स एव तथास्वभावो वस्तूनां कथमिति चेत्? अत्राह-*'णयेत्यादि'* न च-नैव वस्तुस्वभावः पर्यनुयोगस्य विषयो भवति ॥२९२॥ यस्मात्--

अग्गी डहति ण तु णहं सहावतो कोऽणुजुज्जते एत्थं? ।
एसा ण विपडिवत्ती सत्तामेत्तेण कज्जेवि ॥ २९३ ॥

(अग्नि र्दहति न तु नभः स्वभावात् कोऽनुयुज्यतेऽत्र? । एषा न विप्रतिपत्तिः सत्तामात्रेण कार्येऽपि)

अग्निर्दहति *'स्वभावात्'* तथाविधस्वभावविशेषभावात्, न तु *नभः*-आकाशं वस्तुत्वाविशेषेऽपि दहति स्व(भावा) भावात्-दाहकत्वस्वभावप्रतिपन्थिस्वभावविशेषभावात्, *'अत्र'* एवं प्रतिनियतवस्तुरूपव्यवस्थानियमहेतुस्वभावविषये को नाम अनुयुज्यते-पृच्छ्यते? यथा-स एवाग्निनभसोः स्वभाव इत्थंभूतः कथमिति, नैव कश्चिदनुयुज्यत इति भावः । एवमिहापीति । आचार्य आह-*'एसेत्यादि,'* 'एषा' अनन्तरोक्ता न विप्रतिपत्तिर्भवेत् यदि सत्तामात्रेणैव कारणमग्न्यादि कार्येऽपि दाहादिलक्षणे व्याप्रियेत, यावता न सत्तामात्रेणैव व्याप्रियते, किंतु तथापरिणामितया, तथैव प्रत्येक-(प्रत्यक्षतो?)तो निश्चीयमानत्वात्, अतोऽन्यथा वस्तुस्वभावकल्पने विप्रतिपत्तिरास्थीयत एव ॥ २९३ ॥ स्यादेतत्, सत्तामात्रेणैव कारणं कार्यस्य निष्पादकं, ततो मा विप्रतिपत्तिं कार्षीरित्यत आह--

सत्तामेत्तेण य से दाहगभावम्मि किं न तेलोक्कं ।
डहति? ण हि तस्सभावो तउत्ति माणं परं सद्धा ॥ २९४ ॥

(सत्तामात्रेण च तस्य दाहकभावे किं न त्रैलोक्यम् । दहति? नहि तत्स्वभावः सक इति मानं परं श्रद्धा)

---

*(સ્વભાવ ક્યારે પર્યનુયોજ્ય બને?)*

બૌદ્ધના આ વિસ્તૃત આશયમાં દૂષણ બતાવે છે-

*ગાથાર્થ* :- (ઉત્તરપક્ષ) અતિપ્રસંગાદિદોષ હોવાથી જ આનો જવાબ પૂર્વે અપાઇ ગયો છે. (બૌદ્ધ) આ (=અતિપ્રસંગ) જ નિયમનિમિત્તસ્વભાવથી પ્રતિષિદ્ધ છે.

*ઉત્તરપક્ષ* :- તમારી આ બધી વાતોનો જવાબ પૂર્વે આપ્યો જ છે. કેમકે *'જં અન્નહા વિ તીરઇ'* (ગા. ૨૮૫) ઇત્યાદિ વચનથી પૂર્વે અતિપ્રસંગદોષ બતાવ્યો છે. અહીં 'આદિ'પદથી મિથ્યાજ્ઞાન અને સમ્યગ્જ્ઞાનના અભાવનો દોષ સમાવેશ પામે છે. આ દોષ પણ પૂર્વે (ગા. ૨૮૫માં) દર્શાવ્યો જ છે.

*બૌદ્ધ* :- કાર્ય-કારણઆદિની પ્રતિનિયત વ્યવસ્થામાં કારણભૂત સ્વભાવથી જ ઉપરોક્ત અતિપ્રસંગવગેરે દોષો દૂર થાય છે. જૂઓ ➡ માટી જ ઘડાને ઉત્પન્ન કરવાના સ્વભાવથી યુક્ત છે, નહિ કે તંતુઓ. અને તંતુઓ જ પટને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળા છે નહિ કે માટી. આમ વસ્તુવ્યવસ્થાના નિયમમાં તે-તે રૂપે દેખાતો વસ્તુનો સ્વભાવ જ પ્રમાણતરીકે બળવાન છે, અન્ય કોઇ નહિ. ॥૨૯૧॥

આ જ અર્થની પુષ્ટિ બતાવે છે.-

*ગાથાર્થ* :- ('ચ' શબ્દ હેતુના અર્થે છે.) ભાવો(=પદાર્થો)ના તેવા-નિયતકાર્યજનન સ્વભાવતામાં તેઓના(=ભાવોના) તેવા સ્વભાવને છોડી બીજું કોઇ નિયામક હેતુ નથી. અર્થાત્ એકમાત્ર તથાસ્વભાવ જ નિયામક હેતુ છે. તેથી અતિપ્રસંગવગેરે દોષોની હાજરીનો પ્રસંગ જ નથી.

*શંકા* :- વસ્તુઓનો આવો જ તથાસ્વભાવ કેમ છે ?

*સમાધાન* :- વસ્તુના તેવા સ્વભાવો પર્યનુયોગના વિષય બનતા નથી. અર્થાત્ 'વસ્તુનો આવો સ્વભાવ કેમ અને આવો કેમ નહિ ?' તેવા પ્રશ્નો અસ્થાને છે. ॥૨૯૨॥

સ્વભાવના અપર્યનુયોગમાં કારણ બતાવે છે.-

*ગાથાર્થ* :- સ્વભાવથી જ અગ્નિ બાળે છે અને આકાશ બાળતું નથી. આમાં પ્રશ્ન કોણ કરે ? (ઉત્તર) જો સત્તામાત્રથી જ (કારણ) કાર્યમાં પણ પ્રવૃત્ત થતું હોત તો આ વિપ્રતિપત્તિ ન હોત. (પણ તેમ નથી)

તેવા પ્રકારના સ્વભાવવિશેષથી જ અગ્નિ બાળે છે, અને વસ્તુરૂપે સમાન હોવા છતાં દાહકત્વસ્વભાવથી વિરુદ્ધ સ્વભાવવિશેષ હોવાથી જ આકાશ બાળતું નથી. આમ વસ્તુના તે-તે પ્રતિનિયતસ્વરૂપની વ્યવસ્થામાં સ્વભાવ જ નિયામક હેતુ છે. તેથી તેઅંગે કોણ પ્રશ્ન કરે? કે 'અગ્નિ અને આકાશના આવા સ્વભાવ કેમ છે?' અર્થાત્ કોઇપણ બુદ્ધિશાળી વ્યક્તિ આવા પ્રશ્નો કરે નહિ. એજ પ્રમાણે અગ્નિવગેરેના તેવા સ્વભાવનિયમઅંગે પણ પ્રશ્નને અવકાશ નથી.

*ઉત્તરપક્ષ* :- જો અગ્નિવગેરે દાહાદિ કાર્યોમાં પોતાની હાજરીમાત્રથી પ્રવૃત્ત થતા હોત, તો ઉપરોક્ત વિવાદ ઉભો જ ન થાત. પરંતુ તેઓ(=અગ્નિવગેરે) પોતાની હાજરીમાત્રથી કંઇ દાહાદિ કાર્યો કરતાં નથી. તેઓ તેવાપ્રકારના પરિણામ(=વિકાર-પર્યાય)

सत्तामात्रेणैव, चोऽवधारणे, न तु तद्भावपरिणमनेन *'से'* तस्य वहेर्दाहकभावे-दाहकत्वे सति स वह्निः *'किं'* कस्मात् त्रैलोक्यमपि न दहति , दहेदेवेति भावः, त्रैलोक्यमपि प्रति तत्सत्तामात्रस्याविशिष्टत्वात्। पर आह- *'नहीत्यादि'* न हि यस्मात् *'तउत्ति'*सको वह्निस्तत्स्वभावः-त्रैलोक्यदहनस्वभाव *'इति'* तस्मान्न त्रैलोक्यं दहतीति । अत्राह- *'माणं परं सद्धा'* अस्यामेवंविधकल्पनायां यदि परं भवतो *'मानं'* प्रमाणं श्रद्धैव न पुनरन्यत्, सत्तामात्रेण दाहकत्वाभ्युपगमे सति तस्य त्रैलोक्यमपि प्रत्यविशिष्टत्वेन दहनादहनस्वभावविवेकस्य कर्तुमशक्यत्वात् ॥२९४॥ इतर आह--

दीसइ किंचि दहंतो ण तु सव्वं ता कहं भवे सद्धा? ।
सत्तामेत्तविसेसा एयंपि विरुज्झई मूढ ! ॥ २९५ ॥

(दृश्यते किञ्चिद् दहन् न तु सर्वं ततः कथं भवेत् श्रद्धा । सत्तामात्राविशेषादेतदपि विरुध्यते मूढ)

यस्मादयं वह्निः *'किंचित्'* शुष्ककाष्ठादिकं दहन् दृश्यते न तु सर्वं जगत्, *'ता'* तस्मात् कथमियं पूर्वोक्ता स्वभावकल्पना श्रद्धा भवेत्?, नेव भवेदिति भावः । स्वभावो हि तथाविधकार्यजननसमर्थः शक्तिरुच्यते, शक्तिश्च कार्यलिङ्गगम्या, तदुक्तम्- *"शक्तिः कार्यानुमेया स्यादिति"*, कार्यं च दाहलक्षणं शुष्केन्धनादावेव दृश्यते न तु सर्व-स्मिन्नपि जगति, ततः कार्यभावाभावदर्शनान्यथाऽनुपपत्त्या व्यवस्थाप्यमाना पूर्वोक्तस्वभावकल्पना अनुमानप्रमाणनिबन्धना, नतु श्रद्धामात्रनिबन्धनेति । आचार्य आह- *'सत्तेत्यादि' मूढ!*-अतीवस्थूरबुद्धे! *'एतदपि'* दाहकार्यभावाभावदर्शनं सत्तामात्रा-विशेषात् 'विरुध्यते' सर्वथा नोपपद्यते, यथाहि-सत्तामात्रेण दाहकत्वाभ्युपगमः, सत्तामात्रं च सकलजगदपि प्रति अविशिष्टमिति कथं विवेकेन कार्यभावाभावदर्शनमुपपद्यत इति ॥२९५॥ स्यादेतत्, प्रत्यक्षत एव किंचिद्दहन् किंचिच्चादहन् दृश्यते, तत्कथमुच्यते भावाभावदर्शनं नोपपद्यते इत्यत आह--

डाहम्मि णो विगाणं कह घडई सोत्ति? एत्थ सव्वेसिं ।
एत्थवि पतिणियतो च्चिय तस्स सहावो णिमित्तं तु ॥ २९६ ॥

(दाहे नो विगानं कथं घटते स इति? अत्र सर्वेषाम् । अत्रापि प्रतिनियत एव तस्य स्वभावो निमित्तं तु॥)

दाहे प्रतिनियतशुष्केन्धनादिवस्तुविषये न *विगानं*-न विप्रतिपत्तिस्तस्य प्रत्यक्षत उपलभ्यमानत्वात्, किंतु स दाहः प्रतिनियतवस्तुविषयतया प्रत्यक्षत उपलभ्यमानः कथं घटत इत्यत्र सर्वेषां वादिनां विगानम्, तत्र च यथा भवदभ्युप-गमस्तथा नोपपद्यते, यथोक्तं प्राक् । ननु कथं नोपपद्यते यावता *'अत्रापि'* दाहस्य प्रतिनियतवस्तुविषयत्वे *'तस्य'* वह्नेः प्रतिनियत एव स्वभावो *'निमित्तं'* नियामको विद्यत एव, तुरेवकारार्थः ॥२९६॥ अत्राह--

---

ને પામીને જ સ્વકાર્ય કરે છે. કેમકે આજ પ્રમાણે પ્રત્યક્ષથી નિશ્ચય થાય છે. અને દરેક વસ્તુઅંગે તથાપરિણામિરૂપે જ તે-તે કાર્ય કરવા ન કરવાનો નિશ્ચય થાય છે. તેથી આ પરિણામવાદને છોડી અન્યરૂપે વસ્તુસ્વભાવની કલ્પનામાં જ આ વિવાદ ઉભો જ છે. ॥૨૯૩॥

*(સત્તામાત્રથી કાર્ય અસિદ્ધ)*

*બૌદ્ધ* :- કારણ પોતાની સત્તા (=હાજરી)માત્રથી જ કાર્યનું ઉત્પાદક છે, તેથી તમારે આ બાબતમાં વિવાદ કરવો નહિ.

અહીં આચાર્યવર ઉત્તર આપે છે.-

*ગાથાર્થ* :- *ઉત્તરપક્ષ* :- ('ચ' 'જ'કારઅર્થક છે.) જો અગ્નિ તેવા ભાવરૂપે પરિણામ પામ્યા વિના માત્ર હાજરીથી જ દાહક હોય, તો અગ્નિએ ત્રણે લોકને બાળી નાખવા જોઇએ. કેમકે ત્રણે લોકમાટે તેની હાજરી સમાનતયા છે.

*બૌદ્ધ* :- અગ્નિનો ત્રૈલોક્યદાહક(=ત્રણલોક બાળવાનો) સ્વભાવ નથી. તેથી અગ્નિ ત્રણે લોકને બાળતો નથી.

*ઉત્તરપક્ષ* :- આવી કલ્પનામાં તમારી શ્રદ્ધા જ પ્રમાણ છે. અર્થાત્ આ કલ્પનામાં તમારી સ્વદર્શનશ્રદ્ધાને છોડી અન્ય કોઇ પ્રમાણ નથી. કેમકે સત્તામાત્રથી દાહકતા સ્વીકારવામાં તેની (=અગ્નિ) સત્તા ત્રણે લોકમાટે સમાન હોવાથી દહન-અદહન સ્વભાવનો ભેદ કરવો શક્ય નથી. ॥૨૯૪॥

અહીં બૌદ્ધ કહે છે.-

*ગાથાર્થ* :- અગ્નિ કોઇક વસ્તુને બાળતો દેખાય છે, બધી વસ્તુને બાળતો દેખાતો નથી. તેથી શ્રદ્ધામાત્ર કેવી રીતે કહેવાય ? (ઉત્તરપક્ષ) મૂઢ! સત્તામાત્રવિશેષથી તો આ પણ વિરોધ પામે છે.

*બૌદ્ધ* :- અગ્નિ સુકાલાકડાવગેરે કેટલીક વસ્તુને જ બાળતો દેખાય છે, નહિ કે આખા જગતને. તેથી આ પૂર્વોક્ત કલ્પના માત્ર શ્રદ્ધારૂપ શી રીતે બને? તેવા પ્રકારનું કાર્ય ઉત્પન્ન કરવામાં સમર્થ સ્વભાવ શક્તિ કહેવાય છે. અને આ શક્તિ કાર્યરૂપલિંગથી જ્ઞાત થાય છે, કહ્યું જ છે કે *'શક્તિ કાર્યથી અનુમેય છે.'* પ્રસ્તુતમાં દાહાત્મકકાર્ય સુકાલાકડાવગેરેમાં જ દેખાય છે આખા જગતમાં નહિ. આમ અમુકમાં કાર્ય દેખાય છે, બીજામાં નહિ. કાર્યના આ ભાવાભાવનું દર્શન અગ્નિની પૂર્વોક્ત સ્વભાવ કલ્પના ('અગ્નિનો અમુકને જ બાળવાનો સ્વભાવ છે' તેવી કલ્પના) વિના અનુપપન્ન છે, આમ આ દર્શનની અન્યથા અનુપપત્તિના બળપર અને કાર્યલિંગક અનુમાનપ્રમાણની તાકાતપર પૂર્વોક્ત કલ્પનાનો નિશ્ચય કરાયો છે, નહિ કે માત્ર શ્રદ્ધાના બળપર.

*ઉત્તરપક્ષ* :- આ જ તમારી જાડી બુદ્ધિ છે! સત્તામાત્રના અવિશેષથી તો દાહકાર્યના આ ભાવાભાવનું દર્શન પણ વિરોધ પામે છે. સર્વથા અનુપપન્ન બને છે. જૂઓ તમે સત્તામાત્રથી દાહકતા સ્વીકારો છો. અને સત્તામાત્ર તો સકળ જગતને અપેક્ષીને સમાન છે તેથી વ્યવસ્થિત વિભાગપૂર્વક કાર્યના ભાવ અને અભાવનું દર્શન શી રીતે સંભવી શકે? અર્થાત્ ન જ સંભવે ॥૨૯૫॥

होउ स सत्तामेत्तेण जुज्जती णो अतिप्पसंगातो ।
मोत्तूणमभिनिवेसं वत्थुसहावं ण चिंतेसि ॥ २९७ ॥

(भवतु स सत्तामात्रेण युज्यते नो अतिप्रसङ्गात् । मुक्त्वाऽभिनिवेशं वस्तुस्वभावं न चिन्तयसि)

भवतु तस्य वह्नेः प्रतिनियत एव स्वभावः प्रतिनियतवस्तुविषयदाहनिमित्तं, किंतु *'स'* प्रतिनियतः स्वभावो वह्नेः सत्तामात्रेण दाहकत्वाभ्युपगमे सति सर्वथा न युज्यते । कुत इत्याह–*'अतिप्रसङ्गात्'* अतिप्रसङ्गदोषापत्तेः, आपत्तिश्च वक्ष्यमाणयुक्त्या । यतश्च निमित्तविशेषादित्थं युक्तिभिः प्रतिबोध्यमानोऽपि परो न प्रतिबुध्यते तं निमित्तविशेषमपाकर्त्तुं परं शिक्षयन्नाह–*'मोत्तूणेत्यादि'* *'मुक्त्वा'* परित्यज्य *'अभिनिवेशं'* स्वपक्षविषयात्यन्तिकाग्रहरूपं किन्नावहितेन मनसा चिन्तयसि वस्तुस्वभावम्? येनेत्थमसंबद्धं पुनः पुनर्भाषमाणोऽस्मान् खेदयसीति ॥ २९७ ॥ अतिप्रसङ्गादित्युक्तमतस्तमेवेदानीं समर्थयते––

सत्तामेत्तेण जलं दूरत्थंपि हु तहासहावातो ।
डहति जलणो य ण्हाणं कुणइ ण एवं नु का जुत्ती? ॥ २९८ ॥

(सत्तामात्रेण जलं दूरस्थमपि हु तथास्वभावात् । दहति ज्वलनश्च स्नानं करोति नैवं नु का युक्तिः॥)

दूरस्थमपि 'हु'रिति निश्चये हु निश्चितं *जलं*–सलिलं तथास्वभावात् सत्तामात्रेण काष्ठादिकं दहति *'ज्वलनो'* हुतवहो दूरस्थोऽपि सत्तामात्रेण तथास्वभावात् स्नानं करोतीत्येवं न भवतीत्यत्र का युक्तिः?, नैव काचित् । कारणधर्म्मानुगममन्तरेण सत्तामात्रेण तथास्वभावतः कार्यकारणभावाभ्युपगमे अस्यामपि कल्पनायां बाधकानुपपत्तेः ॥२९८॥ अत्र पर आह––

णो तस्सेस सहावो किं माणं एत्थ? लोगसंवित्ती ।
सा अन्नएवि अब्भुवगमचिंताए य किं तीए ? ॥ २९९ ॥

(नो तस्यैष स्वभावः किं मानमत्र? लोकसंवित्तिः । साऽन्वयेऽपि अभ्युपगमचिन्तायां च किं तया?॥)

स्यादेतत्, दूरस्थमपि जलं सत्तामात्रेण दहेत्, ज्वलनो वा स्नानं कुर्यात्, यदि तयोस्तत्स्वभावता स्यात्,

---

*બૌદ્ધ* :– અરે, પ્રત્યક્ષથી જ દેખાય છે કે અગ્નિ કોઇકને બાળે છે અને કોઇકને બાળતો નથી. તો પછી એમ કેમ કહો છો કે દાહકાર્યના ભાવ અને અભાવનું પ્રત્યક્ષદર્શન સંભવે નહિ.

આ અંગે આચાર્યવર ઉત્તર આપે છે.

*ગાથાર્થ* :– સૂકાલાકડાઆદિ અમુક નિયત વસ્તુઓમાં જ દાહકાર્ય થાય છે, તે પ્રત્યક્ષથી દેખાય છે, તેથી તેઅંગે કોઇ વિવાદ નથી, પરંતુ 'તે દાહ અમુક નિયત જ વસ્તુઓમાં પ્રત્યક્ષથી દેખાય છે, બીજામાં નહિ, તે શી રીતે સંભવે ?' આ અંગે જ બધા વાદીઓને પરસ્પર મતભેદ છે. 'તેમાંય તમારાં પૂર્વોક્ત સ્વભાવવાદથી ઉપરોક્ત પ્રતિનિયતવ્યવસ્થા યુક્તિસંગત ઠરે નહિ' એજ અમે પૂર્વોક્ત તર્કથી સિદ્ધ કર્યું છે.

*બૌદ્ધ* :– કેમ યુક્તિસંગત ન ઠરે? 'દાહ પ્રતિનિયત વસ્તુઓમાં જ થાય છે.' તેમાં નિયામકતરીકે અગ્નિનો તેવો સ્વભાવ હાજર છે જ, તેથી નિયામક સ્વભાવના કારણે ઉપરોક્ત પ્રતિનિયતવ્યવસ્થા યુક્તિસંગત ઠરે જ છે. (મૂળમાં 'તુ' જકારઅર્થક છે.) ॥૨૯૬॥

અહીં આચાર્યવર કહે છે.–

*ગાથાર્થ* :– (ઉત્તરપક્ષ) ભલે, અગ્નિનો તેવો સ્વભાવ જ પ્રતિનિયતવસ્તુના દાહમાં કારણ હો! પરંતુ 'અગ્નિ પોતાની હાજરીમાત્રથી દાહક છે' તેવી માન્યતા હોય, તો આ સ્વભાવ સંગત ન ઠરે. કેમકે અતિપ્રસંગનો દોષ છે. આ આપત્તિ હવે પછી બતાવાતી યુક્તિથી સિદ્ધ છે. (આમ અનેક યુક્તિઓ બતાવવા છતાં જે નિમિત્તવિશેષને પામી બૌદ્ધ સમજતો નથી, અને પોતાનો તંતુ છોડતો નથી, તે નિમિત્ત વિશેષ દૂર કરવાના આશયથી બૌદ્ધને શિખામણ આપતા કહે છે) *'મોત્તૂણં'* ઇત્યાદિ. હે બૌદ્ધ! તમે પોતાના પક્ષ પ્રત્યેના અત્યંત આગ્રહરૂપ અભિનિવેશને છોડી સાવધાન થઇ વસ્તુસ્વભાવનો વિચાર કેમ કરતા નથી ? અને આમ અસંબદ્ધ વાત વારંવાર કરી અમને ખિન્ન કરો છો ? ॥૨૯૭॥

*(વિપરીત સ્વભાવની કલ્પનાથી સ્વભાવવાદનું ખંડન)*

આચાર્યવરે ઉપર અતિપ્રસંગની આપત્તિ આપી. હવે તેજ આપત્તિનું સમર્થન કરે છે.–

ગાથાર્થ :– (મૂળમાં 'હુ'પદ નિશ્ચયાર્થક છે.) દૂર રહેલું પણ પાણી તથાસ્વભાવથી જ હાજરીમાત્રથી લાકડાવગેરેને બાળે, અને દૂર રહેલો પણ અગ્નિ તથાસ્વભાવથી હાજરીમાત્રથી સ્નાનકાર્ય કરે, તેવું થતું નથી. અહીં શું યુક્તિ છે ? અર્થાત્ કોઇ યુક્તિ નથી. *તાત્પર્ય* :– કારણધર્મના અનુગમ વિના અને તથાપરિણામવાદના સ્વીકાર વિના માત્ર તથાસ્વભાવથી સત્તા માત્રથી કાર્યકારણભાવ સ્વીકારવામાં તો પાણીને દાહક અને અગ્નિને સ્નાનકર્તા માનવામાં પણ કોઇ બાધક આવશે નહિ. ॥૨૯૮॥

અહીં બૌદ્ધ સ્વબચાવઅર્થે કૂદી પડે છે–

*ગાથાર્થ* :– (બૌદ્ધ) તેનો(પાણીનો) આ(દહન) સ્વભાવ નથી. (ઉત્તરપક્ષ) અહીં શું પ્રમાણ છે? (બૌદ્ધ)લોકસંવિત્તિ જ પ્રમાણ છે. (ઉત્તરપક્ષ) એ તો અન્વયઅંગે પણ છે. અને અભ્યુપગમના વિચારમાં તેનાથી(=લોકસંવિત્તિથી) શું પ્રયોજન છે ?

*બૌદ્ધ* :– એમ પણ બને કે, દૂર રહેલું પાણી હાજરીમાત્રથી બાળે અથવા અગ્નિ સ્નાન કાર્ય કરે જો પાણી અને અગ્નિનો તેવો સ્વભાવ હોય. પરંતુ તે બન્નેનો તેવો સ્વભાવ જ નથી. તેથી એવું થવાના અતિપ્રસંગની આપત્તિ નિરર્થક છે.

यावता स एव स्वभावो न विद्यते, तत्कथमयमतिप्रसङ्ग आपद्यत इति । अत्राह-किं *मानं*-प्रमाणम् अत्र वह्निरेव सत्तामात्रेण दहति न जलं, जलमेव च स्नानं करोति न दहनः, तथास्वभावत्वात्, न पुनर्विपर्ययस्तथास्वभावाभावादित्यस्मिन्नर्थे?, नैव किंचिदिति भावः । कारणविशेषानुगमभावस्योभयत्राप्यनभ्युपगमात् । अत्र परः प्रमाणमाह *'लोकसंवित्तिरिति'* प्रतीतिसिद्धमपि ह्यर्थमपलपतो लोकसंवित्तिरेव बाधिका, सा चात्राप्यस्तीति न विपर्ययकल्पनावकाशः। अत्राह-सा लोकसंवित्तिरन्वयेऽपि परिस्फुटा, तथा च लोके वक्तारो-'मृदेव घटीभवति तन्तव एव च पटीभवन्तीत्यादि', ततो न सत्तामात्रेण कारकत्वमभ्युपगन्तव्यं, किंतु तद्भावपरिणमनेन, तथा च सत्येकान्तिकक्षणभङ्गभङ्गप्रसङ्ग इति । अपि च, लोकसंवित्तिमिदानीं प्रमाणीकुर्वतः परस्यातीवासंबद्धभाषितेत्येतद्दर्शयति-'*अभ्युवगमेत्यादि*' अनादिप्रवाहनिपतितोऽयं लौकिको मार्गो यथावस्तु प्रवृत्तो नान्यथा कर्तुं शक्यते, किंत्वेतद्विचार्यते यथा क्वायं युज्यते किं सत्तामात्रेण कारकत्वे?, यथा त्वयाभ्युपगम्यते, किं वा तद्भावपरिणमनेन?, यथाऽस्माभिरभ्युपगम्यते, इत्येवमभ्युपगमचिन्तायां प्रस्तुतायां किमनया लोकसंवित्त्या प्रस्तुतासंबद्धयेति । तदेवं यथा पराभ्युपगमस्तथा कारणस्य तत्फलजननस्वभावता फलस्य च तत्कारणजन्यस्वभावता सर्वथा नोपपद्यत इत्युपपादितम् ॥२९९॥ सांप्रतं *'तं च घेप्पइ तहेवे'* त्येतद्भावनार्थं यत् *' धूमजणणस्सहावमित्यादि'* प्रागुक्तं तद्दूषयितुमारभते--

किं चाणलविण्णाणं तज्जन्नसहावधूमणाणस्स ।
हेतुत्ति तत्थ चिंतं तण्णाणं णणु तहा किह णु ? ॥ ३०० ॥
(किञ्चानलविज्ञानं तज्जन्यस्वभावधूमज्ञानस्य । हेतुरिति तत्र चिन्त्यं तज्ज्ञानं ननु तथा कथं नु?॥)

<u>किंचेति</u> <u>दूषणान्तराभ्युच्चये</u> । धूमजननस्वभावानलग्राहकं विज्ञानं तज्जन्यस्वभावधूमविषयस्य परिच्छेद्यस्य ज्ञान-(स्यवह्निज्ञान)जन्यस्वभावधूमविषयस्य हेतुरिति यदुक्तं तत्रेदं चिन्त्यं-*तज्ज्ञानम्*-अनलज्ञानं *तथा*-धूमपरिच्छेदहेतुतया कथं भवति?, नैव कथंचनापीतिभावः । इदमाह-यदा धूमजननस्वभावतया अनलग्राहकं विज्ञानमुदीयेत तदा तज्जन्यधूमपरिच्छेदकं तज्ज्ञानं स्यात् नान्यथा, न च धूमाग्रहे तद्ग्रहणावधिकं वह्नेस्तज्जननस्वभावतया ग्रहणमुपपद्यते, अवध्यग्रहे अवधिमतस्तथात्वेन ग्रहणायोगात्, तत्कथं तत् अनलज्ञानं धूमपरिच्छेदहेतुरिति ॥३००॥
अथ मा निपप्तदयं दोष इति तदनलविज्ञानमनलमात्रस्वरूपपरिच्छेदकमिष्यते, तत्पुनरनन्तरं धूमज्ञानमुपजनयत् कार्यकारणभावावसायनिबन्धनं भवतीत्येतद्दूषयितुमाशङ्कते--

---

*ઉત્તરપક્ષ* :- અહીં શું પ્રમાણ છે ? કે જેથી અગ્નિ જ તથાસ્વભાવથી હાજરીમાત્રથી બાળે, પાણી નહિ. અને પાણી જ તથાસ્વભાવથી સ્નાનકાર્ય કરે, અગ્નિ નહિ, 'તથાસ્વભાવના અભાવથી વિપરીત પણ થઇ શકે' તેવું ન કલ્પવામાં ક્યું પ્રમાણ કામ કરે છે? અર્થાત્ વિપરીતસ્વભાવની કલ્પના કરવામાં અને અગ્નિ-પાણીના વિપરીત કાર્યો કલ્પવામાં બાધક કોઇ પ્રમાણ નથી. કારણકે પૂર્વોક્ત સ્વભાવ અને કાર્યકારણભાવ માનો કે ઉપર બતાવેલ વિપરીતસ્વભાવ અને કાર્યકારણ ભાવ કલ્પો, બન્ને સ્થળે કારણવિશેષના અનુગમનો તો સ્વીકાર કર્યો જ નથી. (તાત્પર્ય :- માત્ર સ્વભાવ કલ્પી હાજરીમાત્રથી જ ક્રમ ચલાવવું હોય, તો હાજરી તો પાણી અને અગ્નિ બન્નેની છે, અને સ્વભાવ તો ગમે તે કલ્પી શકાય છે. પ્રમાણ વિના માત્ર સ્વેચ્છાથી જ જેને કલ્પના કરવી હોય, તેને તેવી કલ્પના કરતા કોણ અટકાવી શકે ? તેથી ફાવે તે સ્વભાવ કલ્પી શકાય. અહીં નિશ્ચિત સ્વભાવકલ્પનામાં પ્રમાણ આવશ્યક છે, તેથી બૌદ્ધ પ્રમાણ દર્શાવવાની ચેષ્ટા કરે છે- 'લોકસંવિત્તિ' ઇત્યાદિ)

*બૌદ્ધ* :- આમ ફાવે તેવી કલ્પના કરી પ્રતીતિસિદ્ધ વસ્તુનો અપલાપ કરવામાં લોકસંવેદન જ બાધક છે. પ્રસ્તુતમાં પણ પૂર્વોક્તસ્વભાવથી વિરુદ્ધસ્વભાવની કલ્પના કરવામાં લોકસંવેદન જ બાધક છે. તેથી વિપરીતકલ્પનાને કોઇ અવકાશ નથી.

*ઉત્તરપક્ષ* :- તમે વાત તો સુફીયાણી કરી, પણ પાણીનો રેલો પોતાના પગ નીચે પણ આવશે, તે ભુલી ગયા. જો લોકસંવેદનપ્રમાણથી જ વસ્તુતત્ત્વનો નિર્ણય કરતા હો, તો લોકસંવેદન તો કારણના અન્વયઅંગે પણ સ્પષ્ટ છે જ. લોકો કહેતાં દેખાય જ છે કે 'માટી જ ઘડો બની, તંતુઓ જ પટ બન્યા' ઇત્યાદિ. તેથી તમારે હવે સત્તામાત્રથી અગ્નિઆદિને કાર્યના કારણતરીકે માનવા છોડી દેવા પડશે. અને સ્વીકારવું પડશે કે, કારણ કાર્યરૂપે પરિણામ પામે છે. અને તેરૂપે કાર્યનો કારક બને છે. અને આવો પરિણામવાદ સ્વીકારશો, તો (ઉત્તરના) કાર્યક્ષણે પણ કારણના અન્વયને માન્યતા આપવી પડશે. અને તો જેનેમાટે તમે આટલી મથામણ કરો છો, તે એકાંત ક્ષણભંગ(=એકાંતક્ષણિકવાદ) નો ભંગ(=નાશ) થવાનો ભારે ભય છે.

વળી, હવે લોકસંવેદનને પ્રમાણ ઠેરવવાની મહેનત કરતાં તમે અત્યંત અસંબદ્ધભાષણ કરનારા ઠરો છો. 'અગ્નિ અને દાહ' વગેરેના કાર્યકારણભાવ વાસ્તવિક છે. તેથી તેનો નિર્ણય અનાદિકાલના પ્રવાહથી લોકમાં થયો છે. અને લોકો તે માર્ગને અનુસરે છે. આ કાર્ય-કારણભાવને કે તેઅંગેના નિર્ણયને ફેરવવો અશક્ય છે. વિચારણા માત્ર આટલી જ છે કે આ કાર્યકારણ ભાવ ક્યાં ઘટી શકે છે તમારા મત મુજબના સત્તામાત્રથી કારકતા માનતા સ્વભાવવાદમાં કે અમારા સિદ્ધાંતમુજબ તથાભાવરૂપે પરિણામ પામવાદ્વારા કારકતા માનતા પરિણામવાદમાં? આમ સિદ્ધાંતની વિચારણા પ્રસ્તુત હોય, ત્યાં પ્રસ્તુતસાથે અસંબદ્ધ લોકસંવિત્તિને લાવવાની શી જરૂર છે ? (કેમકે બન્ને અભ્યુપગમસ્થળે લોકસંવેદન તો સમાન જ રહેવાનું છે, અને વાસ્તવમાં તો આ લોકસંવિત્તિ ક્યા સિદ્ધાન્તના સ્વીકારથી ઉપપન્ન બને, તે જ મહત્ત્વનો પ્રશ્ન છે.) આમ, બૌદ્ધની માન્યતા મુજબ કારણમાં પોતાના ફળની જનકતાસ્વભાવ અને ફળ(=કાર્ય)માં પોતાના કારણથી જન્યતાસ્વભાવ સર્વથા અસંગત ઠરે તે સિદ્ધ કર્યું. ॥૨૯૯॥

*(ધૂમજનનસ્વભાવવિજ્ઞાનનું ખંડન)*

હવે, *'તં ચ ઘેપ્પઇ'* (ગા. ૨૮૮) (=અગ્નિવગેરે ધૂમજનન સ્વભાવવાળારૂપે જ ગ્રહણ થાય છે.) આ અર્થના ભાવનઅર્થે *'ધૂમજણણસહાવ'* (ગા. ૨૮૯) વગેરેથી પૂર્વે જે કહ્યું, તેમાં દૂષણ દર્શાવવાનો આરંભ કરે છે.

एगपडिवत्तिरूवं तं चे एत्तो इदंति वइमेत्तं ।
तज्जण्णसहावत्तावगमम्मि यऽतिप्पसंगोत्ति ॥ ३०१ ॥

(एकप्रतिपत्तिरूपं तत् चेत् इत इदं इति वाङ्मात्रम् । तज्जन्यस्वभावतावगमे चातिप्रसङ्ग इति॥)

*तत्*–अनलविज्ञानमुपलक्षणत्वात् धूमविज्ञानं वा *एकप्रतिपत्तिरूपं*–स्वस्वविषयस्वरूपमात्रपरिच्छेदकमिष्यते, नतु यथाक्रमं धूमजननस्वभावतया वह्निजन्यस्वभवतया वा परिच्छेदकमिति चेत्? अत्राह–*'एत्तो इदंति वइमेत्तं'* एवं सति तर्हि 'इतो' वह्नेः सकाशादिदं धूमलक्षणं कार्यमुत्पन्नमिति यदुच्यते तद्वाङ्मात्रं न तु प्रमाणम्। तथाहि–अनलविज्ञानं धूमविज्ञानं वा स्वस्वविषयस्वरूपमात्रपरिच्छेदं परिसमाप्तव्यापारत्वादितरेतरविषयवार्त्तानभिज्ञं, ततः कथमयमवगमो यदुतास्मादिदमुत्पन्नमिति?। *'तं च घेप्पइ तहेवे'*त्यत्रैव पुनरपि दूषणान्तरमभिधित्सुराह–*'तज्जन्ने'त्यादि'* तज्जन्यस्वभावत्वावगमे–अग्निजन्यस्वभावत्वावगमे धूमज्ञानस्येष्यमाणे अतिप्रसङ्गः प्राप्नोति, अविनाभावग्रहणमन्तरेणापि धूमग्रहणमात्रादेव नालिकेरद्वीपवासिनोऽपि अनलानुमानप्रवृत्तिप्रसक्तेः, धूमस्याग्निजन्यस्वभावतापरिच्छेदात् । स्यादेतत्, यादृशो विवक्षितस्य पुंसः समनन्तरप्रत्ययो विद्यते न तादृशो नालिकेरद्वीपवासिनोऽपि, ततस्तस्य तथारूपसमनन्तरप्रत्ययवैकल्येन तज्जन्यस्वभावताया अपरिच्छेदात् धूमावगममात्रादनलानुमितिर्न भवतीति, तदयुक्तम्, क्वचिदेकरूपसमनन्तरप्रत्ययभावेऽप्यनलानुमितेरदर्शनात् । तथाहि–यानपात्रमारूढानां समुद्रदर्शनानन्तरमेव धूममवलोकमानानां पुंसां समुद्रदर्शनलक्षणसमनन्तरप्रत्ययावैशिष्ट्येऽपि कस्यचिदेव प्राग्गृहीताविनाभावस्यानलानुमितिरुदयते नतु नालिकेरद्वीपवासिन इति । अथेत्थमाचक्षीथाः–न वै तत्र(नचैतत्) समनन्तरप्रत्ययावैशिष्ट्यं यतो विवक्षितस्य पुंसः समनन्तरप्रत्ययस्य पारंपर्येण कारणमग्निविषयमासीत्, न तु नालिकेरद्वीपवासिन इति। नन्वेवमपि यदा दैवयोगादयोगुडाङ्गाराद्यग्निविषयं नालिकेरद्वीपवासिनोऽपि समनन्तरप्रत्ययस्य पारंपर्येण कारणं भवेत् तदा तस्यापि विवक्षितस्य गृहीताविनाभावस्य पुंस इव समनन्तरप्रत्ययावैशिष्ट्यात् धूमदर्शनादनलानुमितिर्भवेत्, न च भवति, तस्मान्नेदमपि साधीयः। अथोच्येत–तथापि कथमिह समनन्तरप्रत्ययावैशिष्ट्यं? यतो नालिकेरद्वीपवासिनः केवलानलग्रहणप्रवणं विज्ञानं न तथा पारंपर्येण समनन्तरप्रत्ययकारणं यथा गृहीताविनाभावस्य पुंस इति । ननु तथेत्यस्य भावि–

---

*ગાથાર્થ* :– ('ક્રિચ'પદ બીજા દૂષણના સમાવેશઅર્થે છે.) ધૂમાડાને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળા અગ્નિનું બોધક વિજ્ઞાન તદ્(=અગ્નિથી) જન્ય(=ઉત્પન્ન થવાના) સ્વભાવવાળા ધૂમવિષયકજ્ઞાનનો હેતુ બને છે. એવું જે બૌદ્ધે કહ્યું ત્યાં આ વિચારણીય છે. ➡ અગ્નિનું જ્ઞાન ધૂમાડાના જ્ઞાનનો હેતુ કેવી રીતે બની શકે ? અર્થાત્ કોઈપણ રીતે ન જ બની શકે. તે આ પ્રમાણે ➡ જ્યારે ધૂમાડાના ઉત્પાદકસ્વભાવરૂપે અગ્નિનું ગ્રાહક(=બોધક)જ્ઞાન ઉદય પામે, ત્યારે જ અગ્નિજન્યધૂમનો પરિચ્છેદ (=બોધ) કરનારું તે(=અગ્નિગ્રાહક) જ્ઞાન થવું જોઈએ, અન્યથા નહિ. કારણકે ધૂમાડાનો બોધ ન થાય, તો તેના બોધની અવધિ (=મર્યાદા) વાળું, અગ્નિના તજ્(=ધૂમ)જનનસ્વભાવરૂપતાને ગ્રહણ કરનારું જ્ઞાન યુક્તિસંગત ન થાય. કેમકે અવધિના અબોધમાં અવધિવાનનો પણ અવધિવાળારૂપે બોધ થઈ શકે નહિ. આમ બન્ને જ્ઞાન(=અગ્નિગ્રાહક અને ધૂમપરિચ્છેદક) સમાનકાલીન થવાથી હેતુ-હેતુમદ્ભાવ અસિદ્ધ છે. તેથી અગ્નિજ્ઞાન ધૂમગ્રાહકજ્ઞાનના હેતુતરીકે અસિદ્ધ છે. ॥૩૦૦॥

*બૌદ્ધ* :– ઉપરોક્ત કલ્પનામાં આ દોષને અવકાશ છે. તેથી અગ્નિગ્રાહકજ્ઞાન અગ્નિના માત્ર સ્વરૂપબોધકતરીકે જ ઈષ્ટ છે, અન્યરૂપે નહિ. આ જ્ઞાન પોતાની ઉત્તરમાં ધૂમજ્ઞાનને ઉત્પન્ન કરે છે. અને કાર્યકારણભાવના અધ્યવસાયમાં હેતુ બને છે.

આ કલ્પનામાં દોષ બતાવવા જ આચાર્યવર આશંકા ઉઠાવે છે.–

*ગાથાર્થ* :– જો તે(=અનલજ્ઞાન કે ધૂમજ્ઞાન) એક જ પ્રતિપત્તિરૂપ(માત્ર સ્વવિષયસ્વરૂપબોધકત્વરૂપ) હોય, તો 'આનાથી(=અગ્નિથી) આ(=ધૂમ) થયું.' એ વચનમાત્ર રહેશે. અને 'તજ્જન્યસ્વભાવતા અભ્યુપગમમાં અતિપ્રસંગ દોષ છે.'

*બૌદ્ધ* :– અગ્નિવિજ્ઞાન અને ઉપલક્ષણથી ધૂમવિજ્ઞાન પોતપોતાના વિષયના માત્ર સ્વરૂપના બોધકરૂપ એક અર્થના બોધકતરીકે જ ઈષ્ટ છે. નહિ કે ક્રમશઃ ધૂમજનકસ્વભાવતા અને અગ્નિજન્યસ્વભાવતાના પરિચ્છેદકતરીકે પણ.

*ઉત્તરપક્ષ* :– જો આમ હોય, તો 'આ(=અગ્નિ)થી આ(=ધૂમાડારૂપ) કાર્ય થયું' એવું કથન માત્ર વાણીવિલાસ બની રહેશે. પ્રમાણભૂત નહિ રહે. જૂઓ ➡ તમારા કથનમુજબ તો અગ્નિવિજ્ઞાન કે ધૂમવિજ્ઞાન માત્ર પોતપોતાના વિષયના સ્વરૂપનો બોધ કરીને બેસી જશે. પણ પરસ્પરના વિષયની પ્રવૃત્તિનો પરિચય પામશે નહિ. અને તો, 'આમાંથી આ ઉત્પન્ન થયું' તેવો બોધ થશે નહિ. (આમ તમારા મતે 'બકરું કાઢતાં ઊંટ પેસે' તેવી હાલત છે. આ ભયથી તમે પાછા મૂળ વાત પર આવો કે, ધૂમજ્ઞાનમાં ધૂમની અગ્નિજન્યસ્વભાવતાનો પણ બોધ થાય છે, તો પૂર્વના દોષોની સાથે અતિપ્રસંગનો એક બીજો દોષ ઉભો થાય છે. 'તજ્જન્ન' ઇત્યાદિ) જો ધૂમજ્ઞાનમાં જ ધૂમની અગ્નિજન્યસ્વભાવતાનો બોધ થતો હોય, તો જેઓને ધૂમમાટે અગ્નિના અવિનાભાવનું જ્ઞાન નથી, તેવા નાળીયેર દ્વીપના મનુષ્યોને પણ ધૂમાડાના દર્શનમાત્રથી અગ્નિનું અનુમાન થવાનો પ્રસંગ છે. ('નાળીયેર દ્વીપના મનુષ્યો માત્ર નાળીયેરના આહારવાળા હોય છે. તેઓએ અગ્નિ દીઠો જ નથી. અને અગ્નિ-ધૂમાડા વચ્ચેના કાર્યકારણભાવનો તેઓને બોધ નથી' એવી ત્યારની સર્વમાન્ય માન્યતાના આધારે આ વાત થાય છે.) કેમકે ધૂમાડાના દર્શન(=જ્ઞાન)થી જ ધૂમાડાના અગ્નિથી ઉત્પન્ન થવાના સ્વભાવનો પણ બોધ ઈષ્ટ છે.

### (સમનન્તર પ્રત્યય કાર્યકારણભાવનિયમમાં નિરર્થક)

*બૌદ્ધ* :– અભિપ્રેતવ્યક્તિ(=ધૂમદર્શનથી અગ્નિનું અનુમાન કરવામાં સમર્થ)ને જેવા પ્રકારનો સમનન્તરપ્રત્યય (ઉત્તરક્ષણના જ્ઞાનને આકારગ્રહણની શક્તિ આપતું પૂર્વક્ષણનું જ્ઞાન. સમનન્તરપ્રત્યય=જ્ઞાનરૂપે સમ(=સમાન) તથા અનન્તર(=અવ્યવહિત) એવો પ્રત્યય (=હેતુ) તે સમનન્તર પ્રત્યય. બૌદ્ધમતે જ્ઞાનના ૪ પ્રત્યય છે. (=કારણ છે.) જેમકે ઘડાને જોવામાં પહેલું કારણ ઘડો છે. (કેમકે વિષય છે.) આને

तस्य कोऽर्थः?. केवलानलग्रहणानन्तरं धूमग्रहणभावेनेति चेत् किमिदमन्यत्तदानन्तर्य?, केवलानलग्रहणानन्तरं हि अत्रापि उत्तरकालभावि धूमग्रहणमस्त्येव, केवलानलग्रहणानन्तरसमय एव धूमग्रहणभावस्तदानन्तर्यमिह विवक्षितं न तु प्रदीर्घकालेन धूमग्रहणभाव इति चेत्, नन्वनन्तरसमयधूमग्रहणभावोऽपि सर्वथा केवलानलग्रहणाभावे भवति, स च केवलानलग्रहणा-भावे धूमग्रहणभाव इदानीमप्यविशिष्ट इत्युभयत्रापि न कश्चिद्विशेषः । यदि हि केवलानलसंबन्धिबोधरूपतान्वयस्तद-नन्तरसमयभाविनो धूमग्रहणस्येष्येत तदा इत इदमुत्पन्नमित्यविनाभावसंबन्धग्रहणमुपपद्येत, तथा च सति कालान्तरे समुद्र-दर्शनलक्षणसमनन्तरप्रत्ययाविशेषेऽपि तस्य गृहीताविनाभावस्य दर्शनमात्रेण धूमस्याग्निजन्यस्वभावतास्मरणतोऽग्न्यनुमानं प्रवर्त्तेत, नेतरस्य नालिकेरद्वीपवासिनोऽपि, यावता सैव केवलानलग्रहणसंबन्धिबोधरूपता तदनन्तरसमयभाविनि धूमग्रहणे अनुपतिष्यते, ततोऽविनाभावसंबन्धग्रहणाभावाविशेषतः समनन्तरप्रत्ययावैशिष्ट्यात् विवक्षितपुरुषवत् नालिकेरद्वीपवासिनोऽपि धूमदर्शनमात्रतोऽनलानुमितिः प्रसज्येत, धूमस्यानलजन्यस्वभावतापरिच्छेदादिति ॥३०१॥ पर आह---

अणलादिअणुभवातो तह होइ वियप्पवासणाबोधो ।

तत्तो तहा वियप्पो तत्तो एत्तो इदंति ठिई ॥ ३०२ ॥

(अनलाद्यनुभवात् तथा भवति विकल्पवासनाबोधः । ततस्तथाविकल्पस्तत इत इदमिति स्थितिः॥)

---

આલમ્બન પ્રત્યય કહે છે. બીજું કારણ આલોક (=પ્રકાશ) છે. આ સહકારીકારણ છે, તેથી તેને સહકારી પ્રત્યય કહે છે. ત્રીજું કારણ આંખવગેરે ઇન્દ્રિય છે. આને અધિપતિપ્રત્યય કહે છે. તથા ચોથું કારણ વિચારવાની એક શક્તિ, કે જેના વિના આંખસામે વસ્તુ હોય, છતાં ચાક્ષુષપ્રત્યય થાય નહિ. ટુંકમાં જેને બીજાઓ મનનો ઉપયોગ કહે છે, તેને બૌદ્ધો સમનન્તરપ્રત્યય કહે છે. આ ચાર પ્રત્યયથી જ્ઞાન થાય.) છે, તેવા પ્રકારનો સમનન્તર પ્રત્યય નાળીયેરદ્વીપવાસીને નથી. તેથી તેવાપ્રકારના સમનન્તરપ્રત્યય વિનાના તેને ધૂમમાં રહેલા અગ્નિથી ઉત્પન્ન થવાના સ્વભાવનો બોધ થતો નથી. તેથી તેને ધૂમાડાના જ્ઞાનમાત્રથી અગ્નિની અનુમિતિ થતી નથી.

*ઉત્તરપક્ષ* :- આ વાત બરાબર નથી. ક્યારેક સમનન્તરપ્રત્યય એક સરખો હોવા છતાં કેટલાકને અગ્નિની અનુમિતિ થતી દેખાતી નથી. વાહણમાં ચડેલા લોકો પ્રથમ સમુદ્ર જૂએ અને પછી તરત જ ધૂમાડાને જૂએ, તો દરેકને સમુદ્રદર્શનરૂપ સમનન્તર પ્રત્યય સરખો છે, છતાં અમુક વ્યક્તિ ધૂમદર્શનથી અગ્નિની અનુમિતિ કરે છે, અમુક નહિ. તેથી સિદ્ધ થાય છે કે જેઓએ પૂર્વે ધૂમપ્રતિ અગ્નિનો અવિનાભાવ જાણ્યો છે, તેઓ જ ધૂમદર્શનથી અગ્નિનું અનુમાન કરે છે, જેઓને આ અવિનાભાવનું જ્ઞાન નથી, તેવા નાળીયેરદ્વીપના મનુષ્યો અગ્નિનું અનુમાન કરી શકતા નથી.

*બૌદ્ધ* :- તમે કહેલા ઉપરોક્ત સ્થળે બધાને સમનન્તરપ્રત્યય સમાનતયા નથી. કેમકે અનુમાન કરનાર પુરુષને પરંપરાએ અગ્નિવિષયકજ્ઞાન સમનન્તરપ્રત્યયનું કારણ બન્યું હતું, જ્યારે નાળીયેરદ્વીપના મનુષ્યને તો પરંપરાએ પણ અગ્નિ વિષયકજ્ઞાન સમનન્તરપ્રત્યયનું કારણ બનતું નથી.

*ઉત્તરપક્ષ* :- આમ કહેવાથી પણ તમારો છુટકારો નથી. કેમકે ભાગ્યયોગથી કોઇક નાળીયેરદ્વીપવાસીએ લોખંડના ગોળા, અંગારવગેરેના અગ્નિનું દર્શન કર્યું. તેને પણ અગ્નિવિષયકજ્ઞાન પરંપરાએ સમનન્તરપ્રત્યયમાં કારણ છે. આમ અગ્નિના અવિનાભાવના ગ્રાહક પુરુષને સમાન સમનન્તરપ્રત્યય હોવાથી એ નાલિકેરદ્વીપવાસીને પણ ધૂમથી અગ્નિની અનુમિતિ થવી જોઇએ, પણ થતી દેખાતી નથી. તેથી આ સમનન્તરપ્રત્યયની વાત પણ કસવાળી નથી, (લોખંડના ગોળાવગેરેમાં રહેલો અગ્નિ ધૂમાડા વિનાનો હોય છે. તેથી એ અગ્નિ ધૂમપ્રત્યેના પોતાના અવિનાભાવના જ્ઞાનમાં નિમિત્ત ન બને. તેથી તેવા અગ્નિના જ્ઞાનવાળાને પણ ધૂમાડાના દર્શનથી અગ્નિનું અનુમાન ન થાય.)

*બૌદ્ધ* :- અહીં હજી સમનન્તરપ્રત્યયની સમાનતા નથી, કેમકે ધૂમપ્રત્યે અગ્નિના અવિનાભાવના જ્ઞાતાને અગ્નિ ગ્રાહક વિજ્ઞાન જે રીતે પરંપરાએ સમનન્તરપ્રત્યયમાં કારણ બને છે, તે રીતે નાળીયેરદ્વીપવાસી મનુષ્યને (લોખંડના ગોળા વગેરેના) અગ્નિઅંગેનું વિજ્ઞાન પરંપરાએ સમનન્તરપ્રત્યયમાં કારણ બનતું નથી.

*ઉત્તરપક્ષ* :- અહીં તમે 'તે રીતે' શબ્દનો પ્રયોગ ક્યા અર્થમાં કર્યો ?

*બૌદ્ધ* :- 'કેવલ અગ્નિના ગ્રહણ પછી ધૂમાડાનું ગ્રહણ થાય એ રીતે' એવો અર્થ અભિપ્રેત છે.

*ઉત્તરપક્ષ* :- આ વળી બીજું ક્યું આનન્તર્ય('પછી') આવ્યું. ઉપરોક્ત નાળીયેરદ્વીપવાસીને પણ કેવળઅગ્નિગ્રહણ પછીનું જ ધૂમગ્રહણ છે.

*બૌદ્ધ* :- અરે ભાઇ! એમ નહિ. અહીં આનન્તર્ય (પછી) એટલે 'કેવળ અગ્નિના ગ્રહણના સમયના પછીના જ સમયે ધૂમગ્રહણ થવું' એમ અભિપ્રેત છે. *તાત્પર્ય* :- જે વ્યક્તિ કેવલ અગ્નિના બોધ પછી તરત ઉત્તરમાં ધૂમાડાનો બોધ કરે છે, એને વિશિષ્ટ સમનન્તરપ્રત્યય હોવાથી ધૂમના દર્શનથી અગ્નિનું અનુમાન થાય છે. જેને કેવળ અગ્નિના દર્શનની તરત પછી ધૂમાડાનું ગ્રહણ કર્યું નથી, તેનો સમનન્તરપ્રત્યય પૂર્વોક્તવ્યક્તિ જેવો નથી તેથી તેને ધૂમદર્શનથી અગ્નિનું અનુમાન થતું નથી.

*ઉત્તરપક્ષ* :- ઠીક છે. તરત પછીના સમયે થતું ધૂમનું ગ્રહણ પણ કેવળ અગ્નિના ગ્રહણનો સર્વથા અભાવ થયે છતે જ થવાનું છે. (કારણ કે પૂર્વક્ષણીય જ્ઞાનનો સર્વથા નાશ ઇષ્ટ છે.) તેથી અનન્તરભાવી ધૂમગ્રહણ તરત પછી થાય કે દીર્ઘકાળ પછી થાય, સર્વત્ર કેવળઅગ્નિના ગ્રહણના અભાવમાં જ ધૂમગ્રહણભાવ ઇષ્ટ છે. તેથી તે રૂપે તો ઉપરોક્ત નાળીકેરદ્વીપવાસીનો ધૂમગ્રહણભાવ વિવક્ષિતપુરુષના ધૂમગ્રહણભાવને સમાન જ છે. જો, કેવળઅગ્નિસંબંધી બોધરૂપતાનો અન્વય ત્યારપછીના સમયે થતા ધૂમાડાના ગ્રહણમાં ઇષ્ટ હોય, અને ત્યારે 'આમાંથી આ ઉત્પન્ન થયું' એવા અવિનાભાવ સંબંધનું ગ્રહણ ઉપપન્ન થતું હોય, તો જ કાલાન્તરે સમુદ્રના દર્શનરૂપ સમનન્તરપ્રત્યય સમાન હોય, તો પણ અવિનાભાવના જાણકારને જ ધૂમાડાના

*अनलस्यादि*शब्दात् धूमस्य *चानुभवात्*–प्रत्यक्षेण ग्रहणात् तथाकार्यकारणभावग्राहकविकल्पहेतुतारूपेण प्रकारेण भवति विकल्पवासनाप्रबोधः, तस्माच्च विकल्पवासनाप्रबोधात् *'तथा'* कार्यकारणभावग्राहकत्वलक्षणेन प्रकारेण विकल्प उपजायते, तस्माच्च विकल्पादितो–वह्नेरिदं–धूमलक्षणं कार्यमुदपादीति *स्थितिः*–व्यवस्था भवति, ततो न कश्चिन्नो दोष इति ॥३०२॥ अत्राह––

णणु सो विणस्सरोच्चिय जओ तओ कह णु जुज्जइ ठिई भे ? ।
सा तहदीहाणुभवा अणुसंधाणादभावम्मि ॥ ३०३ ॥

(ननु स विनश्वर एव यतस्ततः कथं नु युज्यते स्थितिः भवताम् । सा तथादीर्घानुभवाऽनुसंधानाद्यभावे॥)

ननु सोऽनुभवादिर्भवदभ्युपगमापेक्षया*यतो*–यस्मादेकान्तविनश्वर एव, *ततः–तस्माद्भे*–भवतां सा *स्थितिः*–कार्यकारण–भावव्यवस्था *तथादीर्घानुभवा*–प्रदीर्घैकानुभवात्मिका कथं युज्यते? नैव कथंचनापीति भावः । कुत इत्याह– *'अनुसंधानाद्यभावात्'* अनुसंधानं–पूर्वापरसंवेदनघटनमादिशब्दात्तत्कारणभूतवासनातत्प्रबोधपरिग्रहस्तस्याभावात्। स्यादेतद्, नैवेयं कार्यकारणभावस्थितिस्तथादीर्घानुभवाऽनुभूयते, तत्कथमुच्यते,*'कह णु जुज्जइ ठिइ भे सा तहदीहाणुभवा इति'* ॥३०३॥ अत आह––

दीहाणुहवत्तं से लक्खिज्जइ तव्विरोहिविरहाओ ।
सरिसावरावरुप्पत्तिविप्पलंभाओ ण ऊ तत्थं ॥ ३०४ ॥

(दीर्घानुभवत्वं तस्य लक्ष्यते तद्विरोधिविरहात् । सदृशापरापरोत्पत्तिविप्रलंभाद् न तु तथ्यम्॥)

*'से'* तस्याः कार्यकारणभावस्थिते*र्दीर्घानुभवत्वं*–प्रदीर्घैकानुभवरूपत्वं लक्ष्यते *'व्यवच्छेदफलं वाक्य'* मितीदमवधार–यितव्यं *लक्ष्यत* एव–स्वसंवेदनप्रमाणेनानुभूयत एव । कुत इत्याह–*'तद्विरोधिविरहात्'* तस्य–प्रदीर्घैकानुभवत्वसंवेदनस्य यद्विरोधि स्वसंवेदनप्रमाणेनादीर्घैकानुभवरूपत्वानुभवनं तस्य *विरहात्*–अभावात्, स्वसंवेदनप्रमाणेनादीर्घैकानुभवत्वानुभवा–भावादितियावत् । अत्र परस्यावकाशमाह–*'सरिसेत्यादि'* *'अयं'*प्रत्ययाधिष्ठानतया सदृशस्यापरस्यापरस्य संवेदनलक्षण–स्योत्पत्त्या *विप्रलम्भाद्*–विपर्यासाद्दीर्घैकरूपतयाऽनुभवनम्, तस्मान्नतु–नैवेदं स्थितेः प्रदीर्घैकानुभवरूपत्वं *तथ्यं*–सत्यमिति ॥३०४॥ अत्राह––

---

દર્શનમાત્રથી 'ધૂમાડો અગ્નિથી ઉત્પન્ન થવાના સ્વભાવવાળો છે' તેવું સ્મરણ થાય, અને અગ્નિનું અનુમાન પ્રવૃત્ત થાય. જે આવા અવિનાભાવને જાણતો નથી, તે નાળીયેરદ્વીપવાસીને ધૂમાડાના દર્શનથી અગ્નિનું અનુમાન ન થાય. આ બધું સંગત થાય.

પણ જો, કેવલઅનલના ગ્રહણની બોધરૂપતા પછીના સમયે થનારા ધૂમગ્રહણમાં અનુપતન પામે અર્થાત્ ધૂમગ્રહણ વખતે અનલગ્રહણનો બોધ પણ હોય, તો ધૂમજ્ઞાન માત્ર ધૂમસ્વરૂપનું જ બોધક ન રહ્યું, પણ શબ્દાન્તરથી ધૂમની અગ્નિજન્ય સ્વભાવતાનું બોધક પણ બનશે જ, અને તો પૂર્વવત્ અવિનાભાવનું જ્ઞાન અનાવશ્યક બનશે. તેથી વિવક્ષિતવ્યક્તિ અને નાળીયેરદ્વીપવાસી બન્નેને અવિનાભાવસંબંધના જ્ઞાનનો અભાવ સમાનતયા રહેશે. તેથી સમનન્તરપ્રત્યયમાં પણ કોઇ વિશેષ નહિ આવે. તેથી તે વિવક્ષિતપુરુષની જેમ નાળીયેરદ્વીપવાસીને પણ ધૂમાડાના દર્શનમાત્રથી ધૂમાડાની અગ્નિજન્યસ્વભાવતાનો બોધ થશે. અને અગ્નિના અનુમાનનો પ્રસંગ યથાવત્ રહેશે. ॥૩૦૧॥

અહીં બૌદ્ધ કહે છે–

*ગાથાર્થ* :– અગ્નિ (અને આદિશબ્દથી ધૂમાડા)નો અનુભવ(=સાક્ષાત્દર્શન) થવાથી વિકલ્પમાં કારણભૂત વાસનાનો પ્રબોધ(=જાગૃતિ) થાય છે. અને તેનાથી (વિકલ્પવાસનાના પ્રબોધથી) કાર્યકારણભાવાત્મક વિકલ્પ થાય છે. અને તે વિકલ્પ થી 'આ અગ્નિમાંથી આ ધૂમાડારૂપ કાર્ય થયું' તેવી વ્યવસ્થા(=નિર્ણય) થાય છે. તેથી અમને કોઇ દોષ નથી ॥૩૦૨॥

*(ક્ષણિકતાવિજ્ઞાન પણ પ્રદીર્ઘએકાનુભવથી જ શક્ય)*

અહીં આચાર્યવર કહે છે.–

*ગાથાર્થ* :– (ઉત્તરપક્ષ) તમારા સિદ્ધાન્તમુજબ તો અગ્નિવગેરેનો પ્રત્યક્ષઅનુભવ એકાન્તે નાશવંત છે. તેથી તમારી આ પ્રદીર્ઘાનુભવરૂપ કાર્યકારણભાવવ્યવસ્થા યુક્તિસંગત નથી. કેમકે અનુસંધાન અને આદિશબ્દથી તેમાં કારણભૂત વાસના અને તેના પ્રબોધનો અભાવ છે. (અનુસંધાન=પૂર્વોત્તર અનુભૂતિઓની ઘટના–સંગમ–સંગતિ.)

*બૌદ્ધ* :– આ કાર્યકારણવ્યવસ્થા દીર્ઘ અનુભવરૂપે અનુભવાતી નથી, તેથી "દીર્ઘાનુભવરૂપ કાર્યકારણભાવ વ્યવસ્થા યુક્તિસંગત નથી" એમ કહેવું બરાબર નથી. ॥૩૦૩॥

આનો જવાબ આપતા આચાર્યવર કહે છે.–

*ગાથાર્થ :– ઉત્તરપક્ષ* :– કાર્યકારણભાવવ્યવસ્થા દીર્ઘાનુભવરૂપ જ લક્ષિત થાય છે. (દરેક વાક્ય વ્યવચ્છેદ કરનારું હોય છે.' આ ન્યાયથી સાક્ષાત્ એવ(જ)કાર વાપર્યો ન હોવા છતાં ટીકામાં જકારનો પ્રયોગ કર્યો છે.) સારાંશ ➡ સ્વસંવેદનપ્રમાણથી કારણકાર્યભાવ વ્યવસ્થા દીર્ઘાનુભવરૂપે જ અનુભવમાં આવે છે. કેમકે સ્વસંવેદનથી–દીર્ઘના વિરોધી અદીર્ઘ એકાનુભવનું સંવેદન થતું નથી. *તાત્પર્ય* :– કાર્યકારણભાવવ્યવસ્થાનો સ્વસંવેદનથી અદીર્ઘઅનુભવ થતો નથી. તેથી તે અનુભવ દીર્ઘ જ છે.

*બૌદ્ધ* :– 'અયં (=આ)' પ્રત્યયના મૂળાધારતરીકે એકસરખી બીજી–બીજી સંવેદનક્ષણોની ઉત્પત્તિ થાય છે. તે બધી સંવેદનક્ષણો અત્યંત સરખી હોવાથી વિપર્યાસથી એકરૂપ જ ભાસે છે. તેથી આ પ્રદીર્ઘાનુભવ વિપર્યાસથી જ થાય છે. તેથી વ્યવસ્થા આ પ્રદીર્ઘઅનુભવરૂપે તથ્યરૂપ નથી. અર્થાત્ સત્ય નથી. ॥૩૦૪॥

एवंऽपणुहवबाहा अदिट्ठपरिगप्पणा य नियमेण ।
वितहत्ते य इमीए सव्वं चिय पावई वितहं ॥ ३०५ ॥

(एवमपि अनुभवबाधाऽदृष्टपरिकल्पना च नियमेन । वितथात्वे चास्याः सर्वमेव प्राप्नोति वितथम्॥)

*'एवमपि'* अस्यामपि कल्पनायां क्रियमाणायामनुभवबाधाऽदृष्टपरिकल्पना च *नियमेन*-अवश्यंतया प्राप्नोति। तथाहि-प्रतिप्राणि संवेद्यते स्थितेः प्रदीर्घानुसंधानरूपोऽनुभव इति, तदपलापिनोऽनुभवबाधा, प्रतिक्षणमखिलसजातीय-विजातीयव्यावृत्तोऽपरोऽपरो बोधक्षण उत्पद्यत इति अदृष्टपरिकल्पनेति । अत्रैव दूषणान्तरमाह-*'वितहत्ते य इत्यादि'* *अस्याः* प्रदीर्घैकानुभवस्वरूपायाः स्थितेर्वितथात्वे, चेति दूषणान्तराभ्युच्चये, *'सर्वमेव'* प्रमाणप्रमेयरूपं वस्तु वितथं प्राप्नोति ॥३०५॥ कुत इत्याह--

खणिगं वत्थु अविगप्पगं च णाणंति एवमादीयं ।
जम्हा इमीएँ सिद्धं विचारणा जं न अन्नेण ॥ ३०६ ॥

(क्षणिकं वस्तु अविकल्पकं च ज्ञानमिति एवमादिकम् । यस्मादनया सिद्धं विचारणा यन्नान्येन॥)

सर्वं वस्तु *क्षणिकम्*-उत्पन्ना(त्त्य)नन्तरमेव विनाशि, क्षणो हि परैरुत्पत्त्यनन्तरमेव नाशो निरुक्तिवशादभिधीयते, तद्योगाच्च वस्तु क्षणिकम्। उक्तं च-*"क्षणोऽवाचीह नैरुक्तैरुत्पत्त्यनन्तरं क्षयः। अहेतुः सोऽनपेक्षत्वात्, तद्योगात् क्षणिकं मतम् ॥१॥"* इति॥ *'अविकल्पकं च'* कल्पनापोढं च ज्ञानमिन्द्रियजादिप्रत्यक्षं न शेषमित्येवमादिकं सर्वं यस्मात् *'इमीएत्ति'* अनया प्रदीर्घकथंचिदेकानुसंधानलक्षणया स्थित्या*'सिद्धं'* व्यवस्थापितसत्ताकं नत्वन्येन । कुत इत्याह*'विचारणा'* किमिदं स्यात्किमिदमिति तत्त्वनिरूपणा *'यद्'* यस्मान्नान्येन-प्रदीर्घैकानुभव(रूप)स्थितिव्यतिरिक्तेन ज्ञानेन, तस्मादस्याः स्थितेर्वितथात्वे सर्वमेव वितथं प्राप्नोतीति स्थितम् ॥ ३०६ ॥ यदुक्तं-*'विचारणा जण्ण अण्णेणेति'* तद्भावयन्नाह--

ण य णिव्वियप्पबुद्धी एयं एवंति अवगमसमत्था ।
अवियप्पभावउ च्चिय पयप्पणेऽतिप्पसंगोत्ति ॥ ३०७ ॥

(न च निर्विकल्पकबुद्धिरेतदेवमिति अवगमसमर्था । अविकल्पभावादेव प्रकल्पनेऽतिप्रलङ्ग इति॥)

चो यस्मादर्थे । येनान्येन ज्ञानेन विचारणा करिष्यते तत् किं निर्विकल्पकं सविकल्पकं वा स्यात्? गत्यन्त-राभावात्। तत्र न तावदाद्यः पक्ष, यस्मान्न निर्विकल्पबुद्धिरिन्द्रियजादिप्रत्यक्षरूपा-एतद्ग्राह्यवस्त्वादिकमेव क्षणिकं नान्यथे-

---

અહીં આચાર્યવર ઉત્તર આપે છે.

*ગાથાર્થ* :- આ કલ્પના કરવામાં (૧) અનુભવબાધ અને (૨) અદૃષ્ટ પરિકલ્પના આ બે દોષ અવશ્ય આવે છે. તે આ પ્રમાણે ➡ દરેક જીવ ઉપરોક્ત વ્યવસ્થાના પ્રદીર્ઘઅનુસંધાનાત્મક અનુભવનું જ સંવેદન કરે છે. તેથી તેની તથ્યતાનો અપલાપ કરનારને અનુભવબાધ છે. તથા 'પ્રત્યેકક્ષણે બધા જ સજાતીય-વિજાતીય સંવેદનક્ષણોથી ભિન્ન અન્ય-અન્ય જ બોધક્ષણ ઉત્પન્ન થાય છે' એમ કહેવામાં અદૃષ્ટની કલ્પના છે. (કારણકે આ કલ્પના કોઇને પણ અનુભવથી દૃષ્ટ નથી.) અહીં જ આ જ વિષયમાં બીજું દૂષણ બતાવે છે. *'વિતહત્તે'* ઇત્યાદિ ➡ જો આ પ્રદીર્ઘઅનુભવરૂપ વ્યવસ્થા તથ્યરૂપ ન હોય તો પ્રમાણ પ્રમેયવગેરેરૂપ બધી જ વસ્તુ વિતથ(=મિથ્યા) થવાની આપત્તિ છે. (મૂળમાં 'ય' દૂષણાન્તરના સમુચ્ચયાર્થે છે.) ॥ ૩૦૫ ॥

બધી વસ્તુના અતથ્ય થવાની આપત્તિ કઇ રીતે છે ? તે બતાવે છે.-

*ગાથાર્થ* :- વસ્તુ ક્ષણિક છે, જ્ઞાન અવિકલ્પક છે. વગેરે વાતો આનાથી (=પ્રદીર્ઘ અનુભવથી) જ સિદ્ધ થાય છે. કેમકે અન્યથી વિચારણા થઇ ન શકે.

બૌદ્ધમતે દરેક વસ્તુ ઉત્પત્તિની બીજીક્ષણે નાશ પામનારી હોવાથી ક્ષણિક છે. પરમતે 'ક્ષણ'શબ્દની નિરુક્તિ 'ઉત્પત્તિ પછી તરત જ વિનાશ' એવી કહેવાઇ છે. આ ક્ષણના યોગથી વસ્તુ ક્ષણિક છે. કહ્યું જ છે કે *"નિરુક્તિકારોએ અહીં ઉત્પત્તિની તરત ઉત્તરમાં થતાં ક્ષયઅર્થમાં 'ક્ષણ'શબ્દ કહ્યો છે. આ ક્ષણ નિરપેક્ષ હોવાથી(=ઉત્પત્તિ/ક્ષય નિષ્કારણ હોવાથી) અહેતુક (=કારણ વિનાની) છે. અને તેના (=ક્ષણના) યોગથી (=તે ક્ષણ પૂરતી જ રહેવાથી) વસ્તુ ક્ષણિક માન્ય છે."*

તથા તે મતે ઇન્દ્રિયજઆદિ પ્રત્યક્ષજ્ઞાન માત્ર અવિકલ્પક=કલ્પનાપોઢ (=કલ્પનારહિતનું) જ છે. બીજા કશારૂપે નથી. તેઓએ કરેલી આ અને એવી જ બીજીવાતો લાંબી અને કંઇક એકાત્મતાને પામેલી અનુસંધાનમય સ્થિતિ (=વ્યવસ્થા) થી જ સિદ્ધિ(=નિશ્ચિત સત્તા)ને પામી શકે. અન્યદ્વારા નહિ. કેમકે 'આ શું આમ હોઇ શકે' ઇત્યાદિ તત્ત્વની નિરૂપણારૂપ વિચારણા પ્રદીર્ઘઅનુભવાત્મક વ્યવસ્થાને છોડી અન્ય કોઇ જ્ઞાનથી સંભવે નહિ, તેથી જો આ પ્રદીર્ઘઅનુભવરૂપ વ્યવસ્થા જ વિતથ (=અતથ્ય=અસત્ય)રૂપ હોય, તો તેના દ્વારા સિદ્ધ કરેલી 'ક્ષણિકતા'આદિ વિચારણા પણ અતથ્ય જ સિદ્ધ થાય. ૨+૨=૫ ના ગણિત પર માંડેલા બધા જ દાખલાઓ ખોટા પડે. ॥૩૦૬॥

*(નિર્વિકલ્પકબુદ્ધિ અવિચારક)*

હમણાં જે કહ્યું કે 'વિચારણા અન્ય જ્ઞાનથી ન સંભવે' તેની ભાવના કરતાં કહે છે.-

*ગાથાર્થ* :- નિર્વિકલ્પ બુદ્ધિ 'આ આમ છે' તેવો નિર્ણય કરવા સમર્થ નથી. કેમકે અવિકલ્પક(=વિકલ્પ વિનાની) જ છે. અને છતાં પ્રકલ્પના કરવામાં અતિપ્રસંગ છે. ('ચ'પદ હેત્વર્થક છે.) પ્રદીર્ઘઅનુભવસ્થિતિરૂપ જ્ઞાનને છોડી બીજા જે જ્ઞાનથી ઉપરોક્ત વિચારણા કરવા ઇચ્છો છો, તે જ્ઞાન કેવું છે ? નિર્વિકલ્પક કે સવિકલ્પક ? આ બે સિવાય ત્રીજો વિકલ્પ સંભવતો નથી. 'નિર્વિકલ્પકજ્ઞાનથી ઉપરોક્ત વિચારણા કરશું' એવા પ્રથમપક્ષે મુશ્કેલી આ છે ➡ નિર્વિકલ્પકજ્ઞાન ઇન્દ્રિય

त्यवगमसमर्था, कुत इत्याह–'*अविकल्पभावात्*' अविकल्पकत्वादविचारकत्वादितियावत् । विपक्षे बाधामाह–'*प्रकल्पने*' विचारकत्वे अभ्युपगम्यमाने सति '*अतिप्रसङ्गो*' मनोविज्ञानवदसन्निहितार्थग्राहितायापत्तिलक्षणः प्राप्नोति। तथाहि–विचारो नाम अयमेवंरूपो नान्यथेत्येवंलक्षणः, स च पूर्वकालदृष्टस्य इदानीं दृश्यमानस्य चैक्यपरामर्शे सति भवति नान्यथा, ततश्च मनोविज्ञानवदस्या अपि निर्विकल्पकबुद्धेर्विचारकत्वाभ्युपगमे सत्यसन्निहितार्थग्राहित्वं प्रसक्तमेव, तथा च सति इन्द्रियविज्ञानस्यापि मनोविज्ञानवत् अतीतानागतयोर्व्यावृत्तिनिमित्तस्वरूपाणामनित्यत्वादीनां च ग्रहणमूहरूपत्वमर्थभावानपेक्षा–इच्छाप्रतिबद्धत्वमापद्येत, मनोविज्ञानस्य वा इन्द्रियविज्ञानवदतीतानागतयोर्व्यावृत्तिनिमित्तानित्यत्वादिस्वभावानां चाग्रहणमनूह–रूपत्वमर्थभावा(न?)पेक्षा–अनिच्छाप्रतिबद्धत्वमापद्येत, असन्निहितार्थग्राहितयोभयोरपि विशेषाभावात् । यद्वा '*प्रकल्पने*' इदमित्थमेव नान्यथेति निश्चयसमर्थत्वेऽभ्युपगम्यमाने सति अतिप्रसङ्गः प्राप्नोति, दानहिंसादिविरतिचेतनादीनामभ्युदय–हेतुतादिनिश्चयापत्तेः, निर्विकल्पकबुद्ध्या सर्वात्मना वस्तुग्रहणाभ्युपगमादिति ॥ ३०७ ॥ द्वितीयं पक्षमधिकृत्याह––

तह णिच्छयबुद्धीए णत्थि तओ न खलु सावि तव्विसया ।
उप्पज्जए य कस्सइ तदणंतरमण्णहावि तई ॥ ३०८ ॥

(तथा निश्चयबुद्ध्या नास्ति सको न खलु सापि तद्विषया । उत्पद्यते च कस्यापि तदनंतरमन्यथाऽपि सका॥)

तथा '*निश्चयबुद्ध्या*' विकल्पबुद्ध्या नास्ति '*तउ*'त्ति सको विनिश्चय इदं वस्त्वित्थं नान्यथेत्येवंरूपो यस्मात्सापि निश्चयबुद्धिर्न खलु–नैव तद्विषया ।"*विकल्पोऽवस्तुनिर्भासाद्विसंवादादुपप्लवः । प्रत्यक्षाभ*" इतिवचनात्। तथा उत्पद्यते च '*तईत्ति*' सका निश्चयबुद्धिः *कस्यापि*–पुंसस्तदनन्तरं–निर्विकल्पकबुद्ध्यनन्तरम् '*अन्यथापि*' यथास्थितपुरो–वर्त्तिवस्त्वतिक्रमेणापि, मरुमरीचिकाजलनिश्चयादौ तथोपलब्धेः, ततो वस्तुविषयत्वाभावात् अन्यथापि प्रवृत्तेश्च नासौ निश्चयबुद्धिर्वस्तुयाथात्म्यनिश्चयनिबन्धनम् ॥३०८॥ अत्र परस्योत्तरमाशङ्कते––

जा वत्थुणुहवसहगारिवासणाबोधओ तहा होई ।
तत्थेव सा जओ तं वत्थुं णियमा तहच्चेव ॥ ३०९ ॥

(या वस्त्वनुभवसहकारिवासनाबोधात् तथा भवति । तत्रैव सा यतस्तद्वस्तु नियमात्तथैव॥)

या निश्चयबुद्धिर्यथावस्थितवस्त्वनुभवेन सहकारिणा कृतात् वासनाविबोधात् *तथा भवति*–एवमिदं नान्यथेत्येवं भवति सा तथ्यैव । कुत इत्याह–*यतो* यस्मात्तद्वस्तु निश्चीयमानं नियमात्तथैव यथा तया निश्चयबुद्ध्या निश्चीयत इति ॥३०९॥

---

વગેરેથી ઉત્પન્ન થતા પ્રત્યક્ષરૂપ છે. આ જ્ઞાન 'આ બાહ્યવસ્તુવગેરે ક્ષણિક જ છે અન્યથારૂપે નહિ' એવા નિર્ણયો લેવામાં સમર્થ નથી. કેમકે આ જ્ઞાન અવિકલ્પક(=અવિચારક) છે. જો આ જ્ઞાનને વિચારક સ્વીકારશો, તો મનોવિજ્ઞાન (માત્ર મનથી થતા જ્ઞાન)ની જેમ આ જ્ઞાનને પણ સમીપે નહી રહેલા પદાર્થોના ગ્રાહક (=બોધકરનાર) તરીકે સ્વીકારવાનો અતિપ્રસંગ છે. જૂઓ ➡ 'આ આવા પ્રકારે જ છે અન્યરૂપે નહિ' વિચારનું આ સ્વરૂપ છે. આ વિચાર પૂર્વદૃષ્ટનું અત્યારે દેખાતા પદાર્થ સાથેની એક્તાના પરામર્શ વિના સંભવે નહિ. અને પૂર્વદૃષ્ટ વસ્તુ તે વખતે સમીપવર્તી હોતી નથી. તેથી જો મનોવિજ્ઞાનની જેમ આ નિર્વિકલ્પકબુદ્ધિને પણ વિચારક માનશો, તો તેને મનોવિજ્ઞાનની જેમ જ અસન્નિહિત (કાલ/ક્ષેત્રથી દૂરવર્તી) પદાર્થની ગ્રાહક સ્વીકારવી પડશે. અને મનોવિજ્ઞાનની પેઠે ઇન્દ્રિયજ્ઞાનમાં પણ (૧)અતીત–અનાગતની વિષયતા, (૨)ભેદ છે નિમિત્ત જેમના સ્વરૂપમાં, એવા–અનિત્યતાઆદિ સ્વભાવનું ગ્રહણ, (૩) બાહ્યપદાર્થોની નિરપેક્ષતા=માત્ર અટકલરૂપતા, અર્થાત્ ઇચ્છાજન્યતા સ્વીકારવી પડશે. અથવા મનોવિજ્ઞાનનું સ્વરૂપ ઇન્દ્રિયવિજ્ઞાન જેવું સ્વીકારવું પડશે, કારણ કે અસન્નિહિત અર્થગ્રહણ કરવારૂપે બન્ને સમાન છે. તેથી ઇન્દ્રિયજ્ઞાનની જેમ મનોવિજ્ઞાનમાં પણ (૧) અતીત–અનાગતની અવિષયતા, (૨) ભેદ છે નિમિત્ત જેમના સ્વરૂપમાં એવા અનિત્યઆદિ ભાવોનું અગ્રહણ, (૩)તર્કશૂન્યતા, (૪)સંકલ્પશૂન્યતા=બાહ્ય ઘટ–પટઆદિ પદાર્થોની સાપેક્ષતા સ્વીકારવી પડશે. અર્થાત્ ઇચ્છાપ્રતિબદ્ધતા નહી રહે.

અથવા નિર્વિકલ્પકજ્ઞાન 'આ આમ જ છે અન્યથારૂપે નહિ' એવા નિશ્ચયો કરવામાં સમર્થ છે તેમ સ્વીકારવામાં બીજો અતિપ્રસંગ એ છે કે 'દાન, હિંસાદિની વિરતિ, ચેતનાવગેરે અભ્યુદયમાં હેતુ છે' ઇત્યાદિનો તે નિર્વિકલ્પક જ્ઞાનથી નિશ્ચય થવાની આપત્તિ છે, કેમકે 'નિર્વિકલ્પકજ્ઞાનથી જ દરેક વસ્તુ સર્વસ્વરૂપે ગ્રહણ થાય' તેવો સિદ્ધાન્ત સ્વીકાર્યો છે. ॥૩૦૭॥

*(બૌદ્ધમતે નિશ્ચયબુદ્ધિ પણ વસ્તુતત્ત્વમાં અનિર્ણાયક)*

હવે 'પ્રદીર્ઘઅનુભવથી ભિન્ન બીજું જ્ઞાન સવિકલ્પક છે' તેવા બીજા પક્ષને આગળ કરી કહે છે.

*ગાથાર્થ* :– તથા નિશ્ચય(=વિકલ્પ) બુદ્ધિથી પણ 'આ વસ્તુ આમ જ છે, આમ નહિ' ઇત્યાદિરૂપ વિનિશ્ચય સંભવે નહિ. કેમકે નિશ્ચયબુદ્ધિ પણ તદ્વિષયકતરીકે અભિમત નથી. કહ્યું જ છે કે *'અવસ્તુનો નિર્ભાસ હોવાથી, તથા વિસંવાદ હોવાથી વિકલ્પ ઉપપ્લવ(=ભ્રાન્તજ્ઞાનતરંગ)રૂપ છે, અને પ્રત્યક્ષના જેવી આભાવાળું છે.'* તથા કોઇકને નિર્વિકલ્પક બુદ્ધિની તરત પછી નિશ્ચયબુદ્ધિ સામે રહેલી યથાર્થ વસ્તુને અતિક્રમી અન્યરૂપે પણ થાય છે, આ વાત મૃગજળવગેરેમાં પાણીના નિશ્ચયવગેરે સ્થળે સ્પષ્ટ ઉપલબ્ધ થાય છે. આમ વસ્તુરૂપ વિષયનો અભાવ હોવાથી અને અન્યથા પ્રવૃત્ત થતી હોવાથી આ નિશ્ચયબુદ્ધિ યથાર્થતાના નિશ્ચયમાં કારણ બને નહિ. ॥૩૦૮॥

અહી બૌદ્ધના ઉત્તરને આશંકારૂપે બતાવે છે.–

*ગાથાર્થ* :– (બૌદ્ધ) યથાવસ્થિત વસ્તુના અનુભવરૂપ સહકારી વાસનાને જાગૃત કરે છે. આ વાસનાવિબોધથી થતી 'આ આમ જ છે અન્યથા નથી' એવી નિશ્ચય બુદ્ધિ તથ્યરૂપ જ છે. કેમકે આમ નિશ્ચય કરાતી તે વસ્તુ અવશ્ય તેવી જ હોય

जा पुण अणाइमिच्छावियप्पकयवासणाविबोधाओ ।
जायइ धुवादिविसया साऽतत्था तस्सऽजुत्तीओ ॥ ३१० ॥

(या पुनरनादिमिथ्याविकल्पकृतवासनाविबोधात् । जायते ध्रुवादिविषया साऽतथ्या तस्याऽयुक्तितः॥)

या पुनर्निश्चयबुद्धिरनादिमिथ्याविकल्पकृतवासनाविबोधाद् *'ध्रुवादिविषया'* ध्रुवमेकान्तनित्यमादिशब्दादवयव्यादिपरिग्रहः *तद्विषया*–तद्गोचरा जायते साऽतथ्या । कुत इत्याह–*'तस्य'* ध्रुवादेरयुक्तितः–अघटमानत्वात् ॥३१०॥ आचार्य आह

तस्साऽजुत्ती किं राय–सासणं आउ णिव्वियप्पेणं ।
अग्गहणं किं वाऽऽलोयणाए तस्सेव तु अभावो ? ॥ ३११ ॥

(तस्याऽयुक्तिः किं राजशासनादुत निर्विकल्पेन । अग्रहणं किं वाऽऽलोचनया तस्यैव त्वभावः॥)

*तस्य–ध्रुवादेरयुक्तिः*–अघटमानता किं *राजशासनं*–राज्ञामाज्ञा क्षणिकमित्येव वस्तु व्यवहर्त्तव्यं न ध्रुवादिकमित्येवंरूपा, उत *निर्विकल्पेन*–कल्पनापोढेन ज्ञानेन अग्रहणं, किंवा *आलोचनया*–विचारणया *तस्यैव*–ध्रुवादेरभावो योऽधिगम्यते सा अयुक्तिरिति विकल्पत्रयं, गत्यन्तराभावात् ॥३११॥ तत्राद्यं विकल्पमधिकृत्याह––

जइ रायसासणं ता तदन्नणिवसासणेण वभिचारो ।
आणवइ य निच्चादी भागवयाईवि तहबोहा ॥ ३१२ ॥

(यदि राजशासनं ततस्तदन्यनृपशासनेन व्यभिचारः । आज्ञापयति च नित्यादि भागवतादिरपि तथाबोधात्॥)

यदि *राजशासनं*–राज्ञामाज्ञा ध्रुवादेरघटमानतोच्येत ततो यत् भावत्कात् राजशासनात् अन्यत् नृपशासनं तेन व्यभिचारः, यथाहि–ध्रुवादिरूपं वस्तु प्रतिपत्तव्यं न क्षणिकमित्येवं तदन्यनृपैः शासने कृतेऽपि न खलु क्षणिकत्वस्याघटमानता भवति, तद्वदिहापि न भविष्यतीति । तदन्यनृपशासनमेव दर्शयति–आज्ञापयति च *'निच्चेत्यादि'* नित्यपरिणाम्यादि *'भागवतादिरपि'* भागवतो––भगवद्दर्शनानुरागी, आदिशब्दात् तदन्यनृपादिपरिग्रहः, 'तथाबोधात्' नित्यादिरूपतया अवगमात् ॥ ३१२ ॥ द्वितीयपक्षंदूषणाभिधित्सया आह––

अह णिव्विगप्पगेणं अग्गहणं एत्थ णिच्छओ किह णु? ।
जं तमवबोधमेत्तं संगहियासेसगं चेव ॥ ३१३ ॥

(अथ निर्विकल्पकेनाग्रहणमत्र निश्चयः कथं नु? यत्तदवबोधमात्रं सङ्गृहीताशेषकमेव॥)

---

છે, કે જેવી તે નિશ્ચયબુદ્ધિથી નિશ્ચિત કરાતી હોય. ॥૩૦૯॥

*ગાથાર્થ* :– અનાદિકાલીન મિથ્યાવિકલ્પથી કરાયેલી વાસનાના વિબોધથી એકાન્તનિત્ય આદિ (આદિશબ્દથી અવયવી વગેરે સમજવા) અંગે જે નિશ્ચયબુદ્ધિ થાય છે તે તથ્યભૂત નથી. કેમકે એકાન્તનિત્યત્વવગેરે યુક્તિસંગત નથી. ॥૩૧૦॥

અહીં આચાર્ય કહે છે.–

*ગાથાર્થ* :– 'વસ્તુ ક્ષણિક છે, એવો જ વ્યવહાર કરવો, ધ્રુવઆદિરૂપે નહિ' એવી રાજાજ્ઞા શું ધ્રુવવગેરેની અઘટમાનતામાં કારણ છે ? કે 'કલ્પનાપોઢ નિર્વિકલ્પકજ્ઞાનથી ગ્રહણ નથી થતું' એ કારણ છે ? કે પછી આલોચના (=વિચારણા) થી જ ધ્રુવવગેરેનો જે અભાવ જ્ઞાત થાય છે, તે જ ધ્રુવાદિની અઘટમાનતા છે ? આમ ત્રણ વિકલ્પો જ સંભવે છે, કેમકે બીજા વિકલ્પો સંભવતા નથી. ॥૩૧૧॥

અહીં પ્રથમ વિકલ્પને ઉદ્દેશી કહે છે–

*ગાથાર્થ* :– જો રાજાજ્ઞા જ ધ્રુવાદિની અઘટમાનતા કહેશો, તો આપના રાજશાસનથી ભિન્ન રાજશાસનથી અનેકાન્તિકદોષ આવશે. તે આ પ્રમાણે → 'વસ્તુને ધ્રુવઆદિરૂપે જ સ્વીકારવી, ક્ષણિકરૂપે નહિ' આ પ્રમાણે બીજા રાજાઓએ આજ્ઞા કરી હોય, તેટલામાત્રથી કંઇ ક્ષણિકત્વની અઘટમાનતા થતી નથી, તેમ પ્રસ્તુતમાં પણ સમજવું (બીજા રાજાઓની આજ્ઞા દર્શાવે છે. 'આણવઇ' ઇત્યાદિ) ભાગવત (=ભગવદ્દર્શનરાગી)વગેરે (વગેરેથી બીજા રાજાવગેરેનો સમાવેશ કરવો.) આજ્ઞા કરે છે કે વસ્તુને નિત્ય, પરિણામી વગેરેરૂપે સ્વીકારવી, કેમકે નિત્યાદિરૂપે જ ભાસે છે. ॥૩૧૨॥

*(નિર્વિકલ્પથી ધ્રુવાદિની અઘટમાનતા અયથાર્થ)*

બીજા પક્ષે દૂષણ દર્શાવવાની ઇચ્છાથી કહે છે–

*ગાથાર્થ* :– જો 'નિર્વિકલ્પકથી અગ્રહણ' (એમ કહેશો) તો અહીં નિશ્ચય કેવી રીતે થશે? કેમકે તે (=નિર્વિકલ્પક) અશેષનું સંગ્રાહક અવબોધમાત્ર છે.

'કલ્પનાપોઢ' નિર્વિકલ્પકજ્ઞાનથી ધ્રુવાદિનું અગ્રહણ જ અઘટમાનતા છે' આ પક્ષને તોડવાનો આરંભ કરે છે ધ્રુવઆદિનું નિર્વિકલ્પક જ્ઞાનથી ગ્રહણ ન થાય, તેટલામાત્રથી 'ધ્રુવાદિની અઘટમાનતાઅંગે નિર્ણય શી રીતે કરી શકાય ? અર્થાત્ ન જ કરી શકાય. કારણ કે નિર્વિકલ્પકજ્ઞાનતો અવ્યક્ત સ્વરૂપબોધમાત્રરૂપ છે. આ જ વાત સ્પષ્ટ કરે છે– નિર્વિકલ્પકજ્ઞાન માત્ર 'સત્' એટલા જ અર્થનો બોધ કરતું હોવાથી સઘળા ય વિશેષ અર્થોને ગૌણ કરે છે. તાત્પર્ય :– જો નિર્વિકલ્પક પ્રત્યક્ષજ્ઞાન ક્ષણિક આદિરૂપે પણ વસ્તુનો બોધ કરવા સમર્થ હોય, તો જ તેનાથી ધ્રુવઆદિના અગ્રહણથી અઘટમાનતા સંગત ઠરે. પરંતુ આ જ્ઞાન ની હાજરી માત્ર સન્માત્રનો બોધ કરીને જ ચરિતાર્થ થાય છે. અર્થાત્ આ જ્ઞાન ક્ષણિકતાનો પણ બોધ કરતું નથી. તેથી કેવી રીતે તેનાથી ગ્રહણ ન થવા માત્રથી ધ્રુવઆદિની અયુક્તરૂપતા ઘટી શકે ? અન્યથા તો સમાનતયા ક્ષણિકત્વની પણ અઘટમાનતાનો પ્રસંગ આવશે. પ્રસ્તુતમાં *'જં તમવબોહમેત્તં સંગહિયાસેસગં ચેવેતિ'* એમ કહેતા આચાર્યએ બીજાઓની આ ભ્રાન્તમાન્યતા

अथ निर्विकल्पकेनाग्रहणम्-अपरिच्छेदो ध्रुवादेरघटमानतेत्यत्राह-'एत्थ इत्यादि' अत्र-निर्विकल्पेनाग्रहणमात्रादघटमानत्वविषये कथं नु नाम निश्चयः? नैव कथंचनापीतिभावः । कुत इत्याह-'यत्' यस्मात् तत्-निर्विकल्पकं ज्ञानम् 'अवबोधमात्रम्' अव्यक्तस्वरूपावगममात्रम् ॥ एतदेव स्पष्टयति-'संगहियासेसगं चेवत्ति; संगृहीताशेषकमेव उपसर्ज्जनीकृताशेषविशेषकमेव केवलसन्मात्रगाहित्वात् । एतदुक्तं भवति-यदि निर्विकल्पकं प्रत्यक्षं क्षणिकत्वादिरूपेणापि वस्तुग्रहणपटु स्यात्, स्यादेव तेन ध्रुवादेरग्रहणादयुक्तरूपता, यावता तत्केवलसन्मात्रावगमनिष्ठितसत्ताकमेव, ततः कथं तेनाग्रहणमात्राद् ध्रुवादेरयुक्तरूपता?, मा प्रापत् क्षणिकत्वाद(त्वस्या)प्ययुक्तरूपताप्रसङ्ग इति । इह 'जं तमवबोहमेत्तं संगहियासेसगं चेवेति' वदता आचार्येण यदुच्यते परैः-'निर्विकल्पकप्रत्यक्षे सकलसजातीयविजातीयव्यावृत्तमसाधारणं वस्तु सर्वात्मना प्रतिभासत इति' तदयुक्तं द्रष्टव्यमित्यावेद्यते । तथाहि-तत्प्रतिभासो निश्चयबलेन व्यवस्थाप्यते, अन्यथा तद्व्यवस्थानायोगात्, वचनमात्रेण प्रतिभासान्तरस्यापि कल्पयितुं शक्यत्वात् । न च निर्विकल्पकानन्तरमसाधारणवस्तुगोचरो निश्चय उपजायते, किंतु सन्मात्रगोचर एव, तथानुभवभावात्, क्वचित् शीघ्रदर्शनादौ तथाप्रतीतेः। न चान्यथा वस्तुग्रहेऽन्यथा निश्चयोत्पादो युक्तः, असमञ्जसतापत्तेः । एवं हि नीलदर्शनादपि पीतादिनिश्चयप्रसङ्गः, तथा च सति पीतादिवस्तुव्यवस्थानायोगः, तन्निश्चयस्यान्यत एव नीलदर्शनादेरुत्पादात्, तदन्यस्य च व्यवस्थापकस्याभावात् । ततः प्रथमाक्षसन्निपातजे निर्विकल्पकेऽवग्रहकल्पे सन्मात्रमेव केवलमाभासत इत्येवाभ्युपगन्तुं युक्तम् । उक्तं च-' 'सद्द्रव्याद्यनेकस्वभावे वस्तुनि सन्मात्रग्राह्येवावग्रहकल्पमविकल्पमङ्गीकर्तव्यम्" एवंभूते चास्मिन्नावयोरविवादः, एवंविधावग्रहस्यास्माभिरभ्युपगतत्वादिति ॥३१३॥ तृतीयपक्षमपाचिकीर्षुरिदमाह--

आलोयणाएवि कहं तस्साभावो? वियप्पनाणाओ ।
जम्हा एवं तई पवत्तई तं च भे मिच्छा ॥ ३१४ ॥

(आलोचनयापि कथं तस्याभावः? विकल्पज्ञानात् । यस्मादेवं सका प्रवर्त्तते तच्च भवतां मिथ्या)

*आलोचनयापि*-विचारणयापि कथं तस्य ध्रुवादेरभावो निश्चीयते? नैव निश्चीयत इति भावः। कुत इत्याह-यस्मात् 'तइत्ति' सकाऽऽलोचना प्रवर्त्तते विकल्पज्ञानात्, निर्विकल्पकस्य सकलकल्पनातीतत्वेनाविचारकत्वात्, तच्च विकल्पज्ञानं 'भे' भवतां मतेन मिथ्या, यथावस्थितवस्तुसंस्पर्शित्वानभ्युपगमादिति ॥ ३१४ ॥
अत्रैव पराभिप्रायं दूषयितुमाशङ्कते--

अह तस्सेवमजुत्ती णेया अत्थकिरियाविरोहाओ ।
खणिगे तीएँ विरोहो णिच्चे उण जुज्जई कहवि ॥ ३१५ ॥

(अथ तस्यैवमयुक्ति र्ज्ञेयाऽर्थक्रियाविरोधात् । क्षणिके तस्या विरोधो नित्ये पुनर्युज्यते कथमपि)

अथ *तस्य*-ध्रुवादेरेवं-वक्ष्यमाणप्रकारेणायुक्तिर्ज्ञेया । केन प्रकारेणेत्यत आह-*अर्थक्रियाविरोधात्*, अर्थक्रियाकारित्वं हि वस्तुनो लक्षणं, *"यदेवार्थक्रियाकारि तदेव परमार्थसदितिवचनात्,"* सा चार्थक्रिया ध्रुवादौ नोपपद्यते, ततस्तस्याघटमानतेति । अत्राह-'खणिगेत्यादि' क्षणिके वस्तुनि तस्या अर्थक्रियाया विरोधो, नित्ये पुनः कथंचिदभ्युपगम्यमाने सा युज्यत एव । तथाहि-क्षणिकस्यार्थस्यार्थक्रिया किं स एव भाव आहोस्वित् भावान्तरम्? यदि स

---

'निर्विकल्पकप्रत्यक्षमां सघळाय सजातीय(घटमाटे अन्य घटवगेरे) अने विजातीय(घटमाटे पटवगेरे)थी व्यावृत्त, असाधारण वस्तु सर्वात्मना प्रतिभासे छे' तद्दन भ्रान्त छे तेम जणाव्युं. ते आ प्रमाणे ➡ वस्तुप्रतिभासनी व्यवस्थापना निश्चयबळ पर थाय छे. केमके निश्चय विना व्यवस्था थई शके नहि. वचनमात्रथी जो व्यवस्था थती होय, तो अन्य प्रतिभासनी कल्पना पण शक्य बने. वळी निर्विकल्पकज्ञाननी तरत पछी असाधारण(=विशिष्ट) वस्तुविषयक निश्चय थतो नथी, परंतु 'सत्'मात्रविषयक ज निश्चय थाय छे. आ अनुभवसिद्ध वात छे. केमके क्यारेक शीघ्रदर्शनवगेरे स्थळे तेवी ज (=सत्मात्ररूपे ज प्रतीति थाय छे. तथा ए पण योग्य तो नथी ज के, वस्तुनो बोध अन्यरूपे थाय, अने निश्चय अन्यरूपनो थाय. केमके आम थवामां असमंजसतानी आपत्ति छे. आम तो नीलना दर्शनथी पण पीतना निश्चयनो प्रसंग आवे. अने तो, पीतवगेरे वस्तुनी व्यवस्थामां अंधाधूंधी मची जाय, केमके पीतनो निश्चय नीलआदि अन्यना दर्शनथी ज थाय, अने नीलआदिअन्य कंई पीतआदिनी व्यवस्था(=निश्चित स्थिति)मां नियामक नथी. तेथी ईन्द्रियना प्रथम संबंधथी उत्पन्न थतुं निर्विकल्पकज्ञान अवग्रहतुल्य अने सन्मात्रनुं ज आभासक छे. एम अनिच्छाए पण स्वीकर्तव्य छे. कह्युं ज छे के *"सत्, द्रव्य,आदि अनेकस्वभाववाळी(सत्ता- द्रव्यत्वआदि अनेक धर्मवाळी) वस्तुमां सन्मात्रग्राही अने अवग्रहतुल्य अविकल्पक ज्ञान छे" तेम स्वीकारवुं"* जो आम स्वीकारशो तो आपणा बे वच्चेना विवादनो अंत आवशे. कारण के अमे आवा प्रकारना अवग्रहने स्वीकारीए छीए. ॥३१३॥

### *(आलोचनाज्ञान पण असमर्थ)*

हवे त्रीजा पक्षने दफनाववा आम कहे छे.-

*गाथार्थ* :- विचारणाथी पण शी रीते ते ध्रुववगेरेना अभावनो निश्चय थई शके ? अर्थात् न ज थई शके. कारण के आ आलोचना=विचारणा विकल्पज्ञानथी ज प्रवृत्त थाय छे. कारणके निर्विकल्पकज्ञान स्वयं सघळी'य कल्पनाओथी अतीत होई विचारक नथी. तमारा मते विकल्पज्ञान मिथ्या छे, केमके यथावस्थित वस्तुना संस्पर्शथी रहित छे. तेथी मिथ्याभूत विकल्पज्ञानथी प्रवर्तती आलोचना पण मिथ्या छे. तेथी तेनाथी कोई सत्य निर्णय थई शके नहि. ॥३१४॥

...तत्यात्मानं करोतीत्यायातम्, एतच्चायुक्तम्, आत्मन एवात्मन उत्पादानभ्युपगमात्, स्वभाव- . अथ भावान्तरमर्थक्रियेति पक्षस्तदप्ययुक्तम्, तथा(त्रा?)पि तत्करणसामर्थ्यायोगात् । तद्धि सामर्थ्यं ततो व्यतिरिक्तम् अव्यतिरिक्तं वा?, यदि व्यतिरिक्तं तर्हि तस्येदं सामर्थ्यमिति संबन्धानुपपत्तिः, तदन्यस्येव व्यतिरेकाविशेषात्, अथाव्यतिरिक्तं न तर्हि भावान्तरोत्पत्ताविदमुपयोगि, तदुत्पत्तिकाले विवक्षितभावस्येव -तस्यापि सामर्थ्यस्य तदव्यतिरेकेण सर्वथा विनिवृत्तत्वात् । तस्मान्न कथंचनापि क्षणिके वस्तुनि अर्थक्रिया घटते, किंतु कथंचिन्नित्ये एव, तस्यैव तेन तेन रूपेण भवनात्, अतस्तद्रूपमेव वस्तु अभ्युपगन्तुं युक्तं, नत्वेकान्तक्षणिकमिति । अथवा क्षणिके तस्या अर्थक्रियाया विरोधो, नित्ये पुनः कथंचित्कयाऽपि स्वभावकल्पनया युज्यत एव, नहि क्षणिकपक्षेऽपि क्षणिकमित्येवार्थक्रियाकारितोपपद्यते, किंतु तत्करणस्वभावतया, सा च नित्यपक्षेऽपि विद्यते, ततो नित्यमपि क्रमसाध्यामर्थक्रियां क्रमेण यौगपद्यसाध्यां यौगपद्येन करिष्यति, आकालं तत्क्रमयौगपद्यसाध्यार्थक्रियाकरणैकस्वभावत्वात्, स्वभावस्य चापर्यनुयोगार्हत्वात् । क्षणिकपक्षे पुनस्तथाभूतस्वभावकल्पनयापि साऽर्थक्रिया न घटत एव, यतः क्षणिकस्यार्थनिष्पादनशक्तिः आत्मभूतिरेव, *"भूतिर्येषां क्रिया सैवेति"* वचनात्, सा चात्मभूतिर्दुरुपपादा, कारणस्य निरन्वयविनाशे सति उत्तरस्यात्यन्तासतः खरविषाणस्येवोत्पादायोगात्, एतच्च *'नाभावओ भावो'* इत्यादिना प्रागेवाभिहितम्, ततोऽर्थक्रियाऽविरोधेन यदि वस्तु सदभ्युपगम्यते तद्वरं नित्यमभ्युपगम्यतां न तु क्षणिकमिति । कथंचिदित्यनेन चाचार्यो नित्यपक्षेऽप्यरुचिमात्मनो दर्शयति, परं नित्यपक्षादप्ययं पक्षः पापीयानिति दर्शयितुमेवमुपन्यस्तमिति ॥३१५॥ अन्यच्च--

खणिगत्ते सदसत्तं तस्सुप्पाओ तओ विणासो य ।
णट्ठस्स तओ भावो सइ णासे तट्ठिई किह णु? ॥ ३१६ ॥

(क्षणिकत्वे सदसत्त्वं तस्योत्पादस्ततो विनाशश्च । नष्टस्य ततो भावः नाशे तत्स्थितिः कथं नु?)

क्षणिकत्वे भावानामभ्युपगते सति सामर्थ्यात्सतोऽसत्त्वं भवतीत्यभ्युपगतं भवति, तथा च सति तस्य कादा-

---

આ જ સ્થળે બૌદ્ધના અભિપ્રાયને દૂષિત કરવા આશંકા કરે છે.

*ગાથાર્થ* :- (બૌદ્ધ) તેની (=ધ્રુવાદિની) અઘટમાનતા અર્થક્રિયાના વિરોધથી સમજવી. (આચાર્ય) તેનો (=અર્થક્રિયાનો) ક્ષણિક વસ્તુમાં વિરોધ છે. કથંચિત્ નિત્યમાં જ ઘટી શકે છે.

*બૌદ્ધ* :- જૂઓ આ પ્રકારે ધ્રુવઆદિ અઘટમાન છે. *'જે અર્થક્રિયાકારી હોય, તે જ પરમાર્થસત્ છે'* આ વચનના બળ પર 'અર્થક્રિયાકારિતા' જ વસ્તુના લક્ષણતરીકે સિદ્ધ છે. અને આ અર્થક્રિયા નિત્યાદિ અભ્યુપગમમાં ઉપપન્ન થઇ શકે તેમ નથી. તેથી નિત્યઆદિ અભ્યુપગમ અસંગત છે.

### *(ક્ષણિકમાં અર્થક્રિયાવિરોધ)*

*ઉત્તરપક્ષ* :- ક્ષણિક વસ્તુમાં તે અર્થક્રિયાને વિરોધ છે. કથંચિત્ નિત્યનો અભ્યુપગમ કરો, તો જ અર્થક્રિયા ઘટી શકે છે. જૂઓ ➡ ક્ષણિકની અર્થક્રિયા શું તે જ ભાવરૂપ છે કે ભાવાન્તરરૂપ છે ? જો તે જ ભાવ અર્થક્રિયારૂપ હોય, તો 'ક્ષણિક અર્થક્રિયા કરે છે' એનો અર્થ એ જ થાય કે 'ક્ષણિક પોતાને કરે છે' અને પોતાને જ પોતાના ઉત્પાદકતરીકે સ્વીકારવામાં સ્વભાવવાદની આપત્તિ છે. તેથી આ પક્ષ બરાબર નથી. બીજો 'અર્થક્રિયા ભાવાન્તરરૂપ છે' એવો પક્ષ પણ બરાબર નથી. કારણકે ક્ષણિકભાવમાં ભાવાન્તરરૂપ અર્થક્રિયા કરવાનું સામર્થ્ય નથી. તે આ પ્રમાણે ➡ આ સામર્થ્ય ક્ષણિકભાવથી ભિન્ન છે કે અભિન્ન ? જો ભિન્ન હોય, તો 'આ સામર્થ્ય આ ક્ષણિકભાવનું જ છે' તેવા સંબંધની યોજના શી રીતે કરશો ? કેમકે તે સામર્થ્ય જેમ અન્યભાવોથી ભિન્ન છે, તેમ સમાનતયા તે ક્ષણિકભાવથી પણ ભિન્ન છે. આમ સંબંધ અનુપપન્ન હોઇ સામર્થ્ય ભિન્નરૂપે સિદ્ધ નથી. હવે જો અભિન્ન હોય, તો તે કંઇ ભાવાન્તરની ઉત્પત્તિમાં ઉપયોગી થઇ શકે નહિ. કારણ કે ભાવાન્તરની ઉત્પત્તિકાળે તે વિવક્ષિત ક્ષણિકભાવની જેમ સામર્થ્ય પણ અભિન્ન હોઇ, સર્વથા નાશ પામી ચૂક્યું છે. આમ ક્ષણિકમાં ભાવાન્તરભૂતઅર્થક્રિયા કરવાનું સામર્થ્ય નથી. તેથી તે અર્થક્રિયા કરી ન શકે. આમ તે જ ભાવ અને ભાવાન્તર આ બન્ને પક્ષે ક્ષણિકપક્ષમાં અર્થક્રિયા ઘટતી નથી. તેથી ક્ષણિકવસ્તુમાં કોઇ હિસાબે અર્થક્રિયા ઘટે નહિ. કથંચિત્નિત્ય વસ્તુમાં જ અર્થક્રિયા સંભવી શકે. કેમકે તે જ વસ્તુ તે-તેરૂપે પરિણામ પામી શકે છે. તેથી કથંચિત્નિત્યરૂપે જ વસ્તુનો સ્વીકાર કરવો યોગ્ય છે. એકાંતક્ષણિકરૂપે નહિ.

અથવા, ક્ષણિકપક્ષે અર્થક્રિયાનો વિરોધ છે. નિત્યપક્ષમાં તો કોઇક રીતે પણ-સ્વભાવકલ્પનાથી પણ અર્થક્રિયા સંભવી શકે. એટલો ખ્યાલ રાખવો કે ક્ષણિકમાં પણ ક્ષણિક હોવામાત્રથી અર્થક્રિયા ઉપપન્ન નથી, પણ અર્થક્રિયાકરણસ્વભાવતાથી જ ઉપપન્ન છે. અને આવી સ્વભાવતા તો નિત્યપક્ષે પણ વિદ્યમાન જ છે, તેથી નિત્યવસ્તુ પણ ક્રમસાધ્ય અર્થક્રિયાને ક્રમશઃ અને સમકાળસાધ્ય અર્થક્રિયાને સમકાળે સાધી શકે. કારણકે હંમેશા તેનો(=નિત્ય વસ્તુનો) ક્રમથી અને યુગપદ્ભાવથી સાધ્ય અર્થક્રિયા કરવાનો એકસ્વભાવ રહેલો છે. અને સ્વભાવમાં પર્યનુયોગ હોય નહિ. ક્ષણિકપક્ષમાં તેવા પ્રકારની સ્વભાવકલ્પનાથી પણ અર્થક્રિયાનું કામ સરતું નથી. કારણ કે ક્ષણિકની અર્થોત્પાદનશક્તિ પોતાની ભૂતિ(=ઉત્પત્તિ) જ છે. કહ્યું જ છે કે, *'જેઓની ભૂતિ(=સત્તા) છે, તે જ તેઓની ક્રિયા છે.'* આ આત્મભૂતિ(=સ્વસત્તા)ની ઉપપત્તિ દુઃશક્ય છે. કારણકે કારણદ્રવ્યના નિરન્વય વિનાશ થયે છતે, ઉત્તરના ગધેડાના શિંગડા જેવા અત્યન્ત અસત્ની ઉત્પત્તિ થઇ શકે નહિ. આ વાત પૂર્વે જ *'નાભાવાઓ ભાવો'* (ગા. ૨૪૦) ઇત્યાદિથી બતાવી છે. તેથી જો અર્થક્રિયાના અવિરોધથી જ વસ્તુને સત્ સ્વીકારવી હોય, તો 'નિત્ય'નો અભ્યુપગમ હજી સારો છે, પણ ક્ષણિકનો તો નહિ જ. અહીં 'કથંચિત્'પદથી આચાર્ય પોતાની એકાન્તનિત્યપક્ષમાં પણ અરુચિ જ દર્શાવવા માંગે છે. છતાં "નિત્યપક્ષ કરતા પણ આ ક્ષણિકપક્ષ વધુ ખરાબ છે" તેમ દર્શાવવા નિત્યપક્ષનું ઉપાદાન કર્યું. ॥૩૧૫॥

चित्कतया भवत्येवोत्पादो, यच्चोत्पद्यते तदवश्यंविनश्यति, तत उत्पादाभ्युपगमात्तस्य विनाशोऽभ्युपगतः, तस्माच्चासत्त्वस्य विनाशाभ्युपगमात्पूर्वं नष्टस्य सतो भावस्य पुनर्भावप्रसङ्गः, सत्त्वासत्त्वयोरेकतरनिवृत्तेरपरविधिनान्तरीयकत्वात् । **स्यादेतत्** न वै नाशो नामान्य एव कश्चिद्, अपि तु क्षणस्थितिधर्मा भाव एव, न च तस्योत्पत्त्याद्यापादने कश्चिद्दोष इति। **तदप्ययुक्तम्,** यतो द्वितीयादिक्षणेष्वस्थितौ सत्यामेष भावः क्षणस्थितिधर्मेति वक्तुं पार्यते नान्यथा, सा चास्थितिः प्रथमेऽपि क्षणे न विद्यते, भावस्याभावप्रसङ्गात्, तथा चाह-*'सइ नासेत्यादि'* तथा प्रथमेऽपि क्षणे नाशेऽभ्युपगम्यमाने सति *तस्य*-भावस्य *स्थितिः*-आत्मलाभः कथं भवेत्? नैव कथंचनेति भावः, अस्थित्या क्रोडीकृतत्वात्, किंतु द्वितीयादिक्षणेष्वेव, ततस्तदवस्थमेव कादाचित्कत्वादभावस्योत्पत्त्यादि। **अथोच्यते**-नैवाभावो नाम कश्चिद्भवति, तस्यैकान्त-तुच्छरूपत्वेन सकलशक्तिविकलतया भवनधर्म्मकत्वायोगात्, केवलं स एव भावः स्वहेतुभ्यस्तथा उत्पन्नो येन क्षणादूर्द्ध्वं न भवतीति । **तदुक्तम्**-*"न तस्य किंचिद्भवति न भवत्येव केवलमिति"* । **ननु** यद्येवं तर्हि सर्वथा तन्निवृत्तेर-भवनात्सदा अभावस्य(भावस्य?) भावप्रसङ्गः, तथा च सति क्षणिकत्वाभ्युपगमाय दत्तो जलाञ्जलिः । **अथ** तस्य किंचित् तुच्छरूपं भवितृ प्रतिषिध्यते न पुनर्भावस्यापि सर्वथा निवृत्तिः सा हि अभ्युपगम्यत एव, द्वितीये क्षणे तस्य निवर्त्तनात् । **अहो** निरतिशयनिबिडजडिमावष्टब्धान्तःकरणताविलसितं। भावस्य निवृत्तिभवनमिच्छति अभावस्य तु भवनं नेच्छतीति । न खलु भावस्य स्वनिवृत्तिभवनादन्यदभावभवनं किंतु तदेव, तच्च कादाचित्कं, ततः कथमस्योत्पत्त्यादि प्रतिक्षेप्तुं शक्यते? इति । **एकान्ततुच्छत्वात्कथमस्योत्पत्त्यादि** युक्तिमदिति चेत्?, ननु भावस्याप्यतुच्छरूपत्वात्कथमुत्पत्त्यादि युक्तिमदिति वाच्यं? **किमत्र** वाच्यं? तस्मिन्नेव विवक्षिते क्षणे भाव उत्पद्यते इति युक्तमेव तस्योत्पत्त्यादीति चेत्, **हन्त**

---

## *(અસત્‌ની ઉત્પત્તિની આપત્તિ)*

વળી,

*ગાથાર્થ* :- ક્ષણિકત્વમાં સત્‌ની અસત્તા તેનો ઉત્પાદ અને તેથી વિનાશ, નાશની પછી ભાવ અને નાશ થયે છતે ભાવની સ્થિત કેવી રીતે આવે ? (વગેરે પ્રશ્નો છે)

ભાવોને ક્ષણિક સ્વીકારવાથી નામાંતરથી 'સત્‌ની અસત્તા થાય છે' તેમ સ્વીકૃત થાય છે. આમ પહેલા અવિદ્યમાન અસત્તા પછીથી થઇ, એમ સિદ્ધ થાય છે. અર્થાત્ અસત્‌પણું કાદાચિત્ક(=ક્યારેક હોવું-કાર્ય)તરીકે સિદ્ધ થાય છે. તેથી તેની ઉત્પત્તિ પણ સિદ્ધ થાય છે. (કેમકે જે કાદાચિત્ક હોય, તે ક્યારેક ઉત્પન્ન થાય જ.) અને તમારા સિદ્ધાન્તના અનુસારે 'જે ઉત્પન્ન થાય, તેનો અવશ્ય વિનાશ થાય જ' એવો નિયમ છે. તેથી અસત્‌પણાની ઉત્પત્તિના અભ્યુપગમથી તેનો વિનાશ પણ સ્વીકારવો જ પડે. અને અસત્‌પણાનો વિનાશ સ્વીકારવાથી પૂર્વે નષ્ટ થયેલા સત્‌ભાવના પુનર્ભાવનો પ્રસંગ છે. (સત્‌ના વિનાશથી અસત્ અને તેના વિનાશથી સત્ હાજર થાય તેવી આપત્તિ છે.) કેમકે સત્તા(=સત્‌પણું) અને અસત્‌પણું(=અસત્તા) પરસ્પર એવા વિરોધી છે કે, એકનો અભાવ બીજાની હાજરીને સંલગ્ન જ હોય. (એક ન હોય ત્યારે બીજો હોય જ.)

*બૌદ્ધ* :-અરે ભાઇ! નાશ નામની બીજી કોઇ વસ્તુ જ નથી, પરંતુ વાસ્તવમાં 'ક્ષણવાર રહેવાના ધર્મવાળો ભાવ' જ છે. અને તે ભાવની ઉત્પત્તિઆદિના આપાદનમાં (આપત્તિ દર્શાવવામાં) કોઇ દોષ નથી, કેમકે અમને પણ સમ્મત જ છે.

*ઉત્તરપક્ષ* :- જો તે ભાવ દ્વિતીયઆદિક્ષણોમાં અવિદ્યમાન હોય, તો જ તે ભાવને ક્ષણસ્થિતિ ધર્મવાળો કહી શકાય. અન્યથા નહિ. આ વાત બરાબર છે ?

*બૌદ્ધ* :- બરાબર છે.

*ઉત્તરપક્ષ* :- શું આ અવિદ્યમાનતા પ્રથમક્ષણે પણ છે ?

*બૌદ્ધ* :- જો પ્રથમક્ષણે પણ હોય, તો ભાવ પોતે જ અભાવરૂપ થવાની આપત્તિ આવે. તેથી પ્રથમક્ષણે આ અવિદ્યમાનતા નથી.

*ઉત્તરપક્ષ* :- બરાબર છે. પ્રથમક્ષણે પણ અવિદ્યમાનતા=નાશના સ્વીકારમાં તો ભાવનો આત્મલાભ(=સત્તા) જ નહિ થઇ શકે. કેમકે પ્રથમક્ષણે પણ અવિદ્યમાનતાથી વ્યાપ્ત છે. તેથી બીજીવગેરે ક્ષણોએ જ અવિદ્યમાનતા સ્વીકારવી રહી. તેથી અભાવ (=અવિદ્યમાનતા) કાદાચિત્કરૂપે સિદ્ધ થયો. તેથી તેના ઉત્પત્તિવગેરે દોષ એમ જ ઉભા છે.

*બૌદ્ધ* :- અભાવ નામની કોઇ વસ્તુ થતી જ નથી. કેમકે અભાવ પોતે અત્યન્તતુચ્છ(=અત્યન્ત અસત્) હોઇ સઘળીય શક્તિ વિનાનો છે. તેથી અભાવમાં ભવન(=થવું) ધર્મ પણ નથી. હકીકતમાં તે ક્ષણિકભાવ જ પોતાના હેતુઓમાંથી એવી રીતે જ ઉત્પન્ન થયો કે જેથી એક ક્ષણ પછી રહે નહિ. કહ્યું જ છે કે *'ભાવનું કશું(=અભાવ) થતું નથી માત્ર પોતે જ નથી થતો.'* (તાત્પર્ય :- 'ભાવનું ન થવું' એ જ લોકોમાં 'અભાવ થયો' તરીકે ઓળખાય છે.)

*ઉત્તરપક્ષ* :- આમ જો અભાવ ન હોય, તો એનો અર્થ એ જ થયો કે 'ભાવની સર્વથા નિવૃત્તિ થતી નથી' અને તો, ભાવને હંમેશા ભાવરૂપે રહેલો માનવાનો પ્રસંગ છે. અને તો પછી પતી ગયું, આપી દ્યો ક્ષણિકપક્ષને જલાંજલિ. કેમકે ભાવ પોતે ક્ષણિક થવાને બદલે નિત્ય સિદ્ધ થયો.

*બૌદ્ધ* :- તમે સમજતા નથી. અમે ભાવના કંઇક તુચ્છરૂપ થવાનો નિષેધ કરીએ છીએ. નહિકે ભાવની સર્વથા નિવૃત્તિનો. આમ અમે ભાવની નિવૃત્તિ તો સ્વીકારીએ જ છીએ. કેમકે બીજી ક્ષણે તે (=ભાવ) નિવૃત્ત થાય છે.

*ઉત્તરપક્ષ* :- અહો! અસાધારણ ગાઢજડતાથી જકડાએલા તમારા મનની ચેષ્ટા! ભાવની નિવૃત્તિ થાય, તેમ ઇચ્છો છો અને 'અભાવનું થવું' ઇચ્છતા નથી.'ભાવની પોતાની નિવૃત્તિ થવી' એ 'અભાવ થવો.' આને છોડી કોઇ બીજારૂપે નથી, પણ

तदिदं विवक्षित एव क्षणे उत्पद्यमानत्वमेकान्ततुच्छस्याप्यभवनस्याविशिष्टं, भावभवनकाले तस्याप्यभावादिति निवेश्यतां सम्यगवगमे चेतः। अथोच्येत–भावस्योत्पत्तिमत्त्वेन एकान्ततुच्छरूपा निवृत्तिर्भवेत्, तस्य स्वयमतुच्छरूपत्वात्, यत्तु अभवनं तदेकान्ततुच्छरूपं, ततस्तस्य निवृत्त्या किं प्रयोजनं? निवृत्त्या हि तुच्छरूपताऽऽपादनीया, सा च तस्याग्रेऽपि स्वयं सिद्धैवेति, तदप्ययुक्तम्, भावाभावयोरेकतरप्रतिषेधस्यापरविधिनान्तरीयकत्वेनाभावस्य स्वरूपप्रतिषेधे भावरूपतापत्तेः । असतः कथं भावरूपतापत्तिरिति चेत् सतोऽपि कथमभावरूपतापत्तिरिति वाच्यं?, सहेतुकत्वात्तस्यावश्यं विनाशेन भवितव्यं तेनायमदोष इति चेत्,? तदेतदितरत्रापि समानं, नह्येतदपि अभवनं भावकालेऽप्यस्ति, ततस्तत्क्षणादूर्द्ध्वमेतत् नियमात्तद्धेतुकं, तथा च सत्यवश्यमस्यापि विनाशप्रसङ्ग इति। एवं च यदपि परैरभिधीयते–*"एतेनाहेतुकत्वेऽपि, ह्यभूत्वा नाशभावतः। सत्तानाशित्वदोषस्य, प्रत्याख्यान(तं)प्रसञ्जनम् ॥१॥"* इति, तदप्यपाकृतमवसेयम्, तुच्छरूपस्याप्यभवनस्य प्रथमक्षणेऽभावतो द्वितीयादिषु च क्षणेषु भावतः कादाचित्कतया सत्तानाशित्वदोषस्य प्रत्याख्यातुमशक्यत्वादिति स्थितम्॥३१६॥ कार्यकारणभावावगमे एव प्रस्तुते दूषणान्तरमाह––

ण य तद्धम्माणुगमो कहंचिदवि अत्थि जं ततो णियमो ।
वइमेत्तं कोसपाणादिसवहगम्मो मुणेयव्वो ॥ ३१७ ॥

(न च तद्धर्मानुगमः कथञ्चिदपि अस्ति यत्ततो नियमः । वाङ्मात्रं कोशपानादिशपथगम्यो ज्ञातव्यः)

<u>चशब्दो</u> <u>दूषणान्तरसमुच्चये</u> । न च *यत्* यस्मात्तद्धर्म्मानुगमः कथंचिदपि कार्ये विद्यते, कारणस्य निरन्वयविनाशितयाऽभ्युपगमात्, ततस्तस्मादयं कार्यकारणभावनियमोऽवगमपूर्वक उच्यमानो वाङ्मात्रं कोषपानादिशपथगम्यो वा, न प्रमाणनिबन्धनः, नियमविषयप्रमाणप्रवृत्तिहेतोरन्वयस्याभावात् । इह *'कज्जाणं अखिलाणं असेसकारणविसेसरहियाणमित्यादि'* पूर्वमुक्तं कार्यकारणयोर्यथाक्रमं तज्जन्यतास्वभावतज्जननस्वभावविशेषविघटनविषयमिदं तु कार्यकारणभावावगमविघटनविषयमिति न पुनरुक्तता ॥३१७॥ अत्र पराभिप्रायमपाकर्तुमाशङ्कते––

---

અભાવ થવા રૂપ જ છે. અને અભાવભવન કાદાચિત્કરૂપે સિદ્ધ છે. તેથી તે અભાવના ઉત્પત્તિવગેરેનો પ્રતિક્ષેપ કરવો શી રીતે શક્ય બને ?

*બૌદ્ધ* :– અભાવ પોતે એકાન્તતુચ્છ છે. તેથી તેના ઉત્પત્તિવગેરે શી રીતે યુક્તિયુક્ત બને ?

*ઉત્તરપક્ષ* :– ભાવ પોતે અતુચ્છરૂપ છે, અર્થાત્ સત્ છે. તો તેના પણ ઉત્પત્તિ વગેરે શી રીતે સંભવે ?

*બૌદ્ધ* :– અહીં શું કહેવાનું? 'તે જ વિવક્ષિત ક્ષણે ભાવ ઉત્પન્ન થાય છે' તેથી તેના ઉત્પત્તિવગેરે યુક્તિયુક્ત જ છે.

*ઉત્તરપક્ષ* :– આમ 'વિવક્ષિત ક્ષણે જ ઉત્પન્ન થવું' એ વાત તો એકાન્ત તુચ્છ એવા અભવન (=અભાવ) માટે પણ સમાન જ છે. દેખાય જ છે કે ભાવના ભવનકાલે તેનો પણ અભાવ હોય છે. તેથી જરા સમ્યગ્બોધમાં ચિત્ત ઠેરવો.

*બૌદ્ધ* :– ભાવ પોતે ઉત્પત્તિમાન છે. તેથી તેની એકાન્તતુચ્છરૂપ નિવૃત્તિ સંભવી શકે. કેમકે ભાવ સ્વયં અતુચ્છ છે. જ્યારે અભવન તો સ્વયં જ એકાન્તતુચ્છરૂપ છે. તેથી તેની નિવૃત્તિથી શું પ્રયોજન છે ? નિવૃત્તિદ્વારા તુચ્છરૂપતાનું આપાદન કરવાનું છે. અને અભવનમાટે આ તુચ્છરૂપતા નિવૃત્તિપૂર્વે પણ સ્વયં સિદ્ધ જ છે. તેથી તુચ્છરૂપ અભાવની નિવૃત્તિ સંભવે નહિ.

*ઉત્તરપક્ષ* :– આ વાત પણ બરાબર નથી. ભાવ અને અભાવમાં એકનો નિષેધ બીજાની વિધિ (=સત્તા) ને નાન્તરીયક (=અવશ્ય સંલગ્ન) છે. તેથી જો અભાવનો સ્વરૂપનિષેધ કરશો, તો ભાવરૂપની આપત્તિ છે.

*બૌદ્ધ* :– અભાવ અસત્ છે, તેથી તેમાં ભાવરૂપની આપત્તિ શી રીતે સંભવે?

*ઉત્તરપક્ષ* :– ભાવ સત્ છે, તેથી તેના પણ અભાવરૂપની આપત્તિ શી રીતે સંભવે ? તે કહો.

*બૌદ્ધ* :– ભાવ સહેતુક(=હેતુમાંથી જન્ય છે) છે. તેથી અવશ્ય તેનો વિનાશ થવો જોઈએ. તેથી તેમાં અભાવરૂપતા આવી શકે છે.

*ઉત્તરપક્ષ* :– આ વાત અભાવઅંગે પણ સમાન છે. અભવન પોતે પણ ભાવકાળે હોતું નથી. પણ ભાવક્ષણની ઉત્તરની ક્ષણે હોય છે. તેથી અભવન અવશ્ય ભાવહેતુક છે. તેથી તેના પણ અવશ્ય વિનાશનો પ્રસંગ છે જ. તેથી બૌદ્ધ આમ જે કહે છે કે *'આમ નાશ અહેતુક હોવા છતાં અભૂત્વા (=અસત્ થઈને) ભાવરૂપે થતો હોવાથી તેની (=નાશની સત્તા અને વિનાશશીલતા) આ બે દોષનો પ્રસંગ છે (એવું બૌદ્ધથી અન્ય જે કહે છે) તેનો નિષેધ થાય છે.'* (પ્રમાણવાર્તિક). તેનું પણ ખંડન થાય છે. (અર્થાત્ ઉપરોક્ત બે દોષોનો પ્રસંગ ઉભો જ છે.) કેમકે અભવન તુચ્છરૂપ હોવા છતાં પ્રથમક્ષણે તેનો અભાવ છે. અને દ્વિતીયઆદિ ક્ષણોએ તેનો ભાવ છે. તેથી તે કાદાચિત્ક છે. અને તેની સત્તા અને વિનાશિતા–બન્નેની આપત્તિ છે. તેથી સત્તાનાશિત્વદોષનો પ્રતિષેધ અશક્ય છે, એમ નિશ્ચય થાય છે. ॥૩૧૬॥

*(કારણધર્મના અનુગમ વિના કાર્યકારણભાવનિયમ અસિદ્ધ)*

પ્રસ્તુત કાર્યકારણભાવના નિર્ણય અંગે જ બીજું દૂષણ દર્શાવે છે.–

*ગાથાર્થ* :– ('ચ' પદ બીજાદૂષણના સમુચ્ચયઅર્થે છે.) કારણને નિરન્વયવિનાશી સ્વીકાર્યો હોવાથી કાર્યમાં કારણ ધર્મનો અનુગમ કોઈ અંશે પણ થતો નથી. તેથી 'આ કાર્યકારણભાવનો નિયમ જ્ઞાનપૂર્વક છે' એમ કહેવું એ માત્ર વાણીવિલાસ છે. અથવા કોશપાનવગેરે સોગંદ ખાઈને જ આ નિયમઅવગમ સિદ્ધ થઈ શકે, પ્રમાણના બળે નહી. કારણકે આવા નિયમ અંગે

अह उत्तरावरट्ठिय-खणदुगगहणमिह दिस्सते सक्खं ।
किं तेण? जं ण तेसिं सोवगतो हेतुफलभावे ॥ ३१८ ॥

(अथोत्तरावरस्थितक्षणद्विकग्रहणमिह दृश्यते साक्षात् । किं तेन? यत् तेषां स उपगतो हेतुफलभावः)

अथ उत्तरावररूपता यत् क्षणद्विकं तस्य ग्रहणमिह साक्षात् *दृश्यते*-स्वसंवेदनप्रमाणेनानुभूयते, तत्कथमुच्यते न कथंचनापि कार्यकारणभावावगमः, उत्तरावरयोरेव क्षणयोः कारणकार्यत्वात्तयोश्च प्रत्यक्षेण ग्रहणादिति । **अत्रोत्तरमाह**- *'किं तेणेत्यादि'* किं तेनोत्तरावरस्थितक्षणद्विकग्रहणेन?, *यत्*-यस्मान्न *तयोः*-उत्तरावरत्वेन स्थितयोः क्षणयोः *'स'* हेतुफल-भावोऽवगतः, नह्यन्त(ह्युत्त)रावरस्थितक्षणद्विकग्रहणमित्येव कार्यकारणभावावगमः, मृत्पिंडपटक्षणयोरपि कदाचिदुत्तरावरत्वेन स्थितयोर्गृह्यमाणत्वात्, तयोश्च कार्यकारणभावानभ्युपगमादिति ॥ ३१८ ॥ पुनरप्यत्रैवाभ्युच्चयेन दूषणमाह--

ण य सामन्नं पतिवत्थु-सव्वहाभेदवादिणो किंचि ।
अत्थि वियारिज्जंतं जस्स बला होइ तदवगमो ॥ ३१९ ॥

(न च सामान्यं प्रतिवस्तु-सर्वथाभेदवादिनः किञ्चित् । अस्ति विचार्यमाणं यस्य बलाद्भवति अवगमः)

अयं हि कार्यकारणभावावगमः सामान्यविषयो, यथा एतादृशं धूमलक्षणं कार्यमेतादृशाग्निलक्षणकारणजन्यमिति, अन्यथा कार्यानुमानोच्छेदप्रसङ्गात् । **तथाहि**-न ययोरेव महानसे धूमहुतवहयोः कार्यकारणभावोऽवगतः तावेव पर्वत-नितम्बे स्तः, किंत्वन्यौ, न च तयोः कार्यकारणभावोऽवगत इति कार्यानुमानोच्छेदप्रसङ्गः, तस्मात्सामान्यविषयः कार्य-कारणभावावगमः न च तत् सामान्यं सर्वथा प्रतिवस्तुभेदवादिनो बौद्धस्य किंचित् व्यावृत्तिलक्षणमपि यावत् विचार्य-माणमस्ति, यद्वशात्तदवगमः-कार्यकारणभावावगमः स्यात्, ततः कथं क्षणिके वस्तुनि कार्यकारणभावावगम इति? ॥३१९॥ यथा च विचार्यमाणं न किंचिदपि सामान्यमस्ति तथोपपादयन्नाह--

पतिनियतेगसहावा भावा सव्वे मिहो विभिण्णा य ।
सव्वत्तो सव्वेसिं अविसिट्ठा तेण वावत्ती ॥ ३२० ॥

(प्रतिनियतैकस्वभावा भावा सर्वे मिथो विभिन्नाश्च । सर्वेभ्यः सर्वेषामविशिष्टा तेन व्यावृत्तिः)

इह हि प्रतिनियतैकस्वभावा भावा *मिथः*-परस्परं भिन्नाश्च, तेन कारणेन सर्वेषाम् सर्वेभ्यो व्यावृत्तिरविशिष्टा, ततो न तद्द्वारेणापि भवतः सामान्यकल्पनासंभवः । **इदमुक्तं भवति**-यथा घटधूमयोः सर्वेभ्यः सर्वात्मना व्यावृत्तयोः परस्परमप्येकान्तेन व्यावृत्तत्वात् नोभयोरविशिष्टा अधूमव्यावृत्तिनिबन्धना धूमसामान्यकल्पना कर्तुं युज्यते, तथा विवक्षितधूमयोरपि परस्परमेकान्तेन व्यावृत्तेरविशेषादिति ॥३२०॥

---

પ્રમાણને પ્રવૃત્ત થવામાં કારણભૂત અન્વયનો અભાવ છે. (તાત્પર્ય :- જો કારણધર્મનો અન્વય થતો હોય, તો જ તેવા કાર્યકારણભાવના નિયમનો નિર્ણય તે ધર્મના અનુગમના બળપર પ્રમાણસિદ્ધ થાય.) અહીં *'કજ્જાણં અખિલાણં અસેસકારણવિસેસરહિયાણં'* ગા.૨૮૪ (સઘળાય કારણવિશેષથી રહિત બધા કાર્યોનો) ઇત્યાદિ પૂર્વે જે કહ્યું હતું, તે કાર્ય અને કારણના ક્રમશઃ તજ્જન્યતાસ્વભાવ અને તજ્જનનસ્વભાવ વિશેષની વિઘટના(=અસંભવતા)ને આશ્રયી કહ્યું હતું; અહીં જે વાત કરી તે કાર્યકારણભાવના અવગમની વિઘટનાને આશ્રયી કરી છે, તેથી પુનરુક્તિદોષની શંકા રાખવી નહિ. ॥૩૧૭॥

અહીં બૌદ્ધના અભિપ્રાયને દૂર કરવા આશંકા કરે છે.

*ગાથાર્થ :-બૌદ્ધ* :-ઉત્તરક્ષણ અને પૂર્વક્ષણરૂપે જે બે ક્ષણો છે, તેનું ગ્રહણ સાક્ષાત્ સ્વસંવેદનપ્રમાણથી અનુભવાય છે. તેથી 'કોઇ હિસાબે કાર્યકારણભાવનો અવગમ થાય નહિ' એવું કહેવું બરાબર નથી, કારણકે પૂર્વ-ઉત્તરક્ષણો વચ્ચે જ કાર્યકારણભાવ છે. અને તે બન્નેનું પ્રત્યક્ષપ્રમાણથી ગ્રહણ થાય જ છે.

*ઉત્તરપક્ષ* :- પૂર્વ-ઉત્તરમાં રહેલી બે ક્ષણોના ગ્રહણથી શું કાર્ય સરવાનું છે ? કારણ કે પૂર્વ-ઉત્તરરૂપે રહેલી તે બે ક્ષણોવચ્ચે કંઇ હેતુફળભાવનું જ્ઞાન થતું નથી. ક્ષણોનું પૂર્વ-ઉત્તર ક્ષણદ્વિકરૂપે ગ્રહણ થાય તેટલામાત્રથી કંઇ કાર્યકારણભાવનો નિર્ણય થાય નહિ. આમ તો મૃત્પિણ્ડક્ષણ અને પટક્ષણ પણ ક્યારેક પૂર્વોત્તરરૂપે રહેલા ગૃહીત થતા હોય છે. છતાં પણ તે બે વચ્ચે કાર્યકારણભાવ સ્વીકાર્યો નથી. તેથી ક્ષણોનું પૂર્વ-ઉત્તરપણું કાર્યકારણભાવના અવગમનું નિયામક નથી. ॥૩૧૮॥

*(બૌદ્ધમતે સામાન્યાભાવ)*

ફરીથી આ જ વિષયમાં પુષ્ટિ કરવાપૂર્વક દૂષણ દેખાડે છે.-

*ગાથાર્થ* :- આ કાર્યકારણભાવનો નિર્ણય કાર્યકારણભાવસામાન્યઅંગે જ સંભવે છે, જેમકે આવાપ્રકારનું ધૂમરૂપકાર્ય આવાપ્રકારના અગ્નિરૂપકારણથી ઉત્પન્ન થાય છે. જો આમ સામાન્યઅંગે ન સ્વીકારો, તો કાર્યલિંગકઅનુમાનનો વિલોપ થવાનો પ્રસંગ છે. તે આ પ્રમાણે ➡ રસોડામાં જે ધૂમ અને અગ્નિના કાર્યકારણભાવનો નિર્ણય થયો, તે જ ધૂમ અને અગ્નિ પર્વતની તળેટીમાં નથી, પણ જુદા જ છે. અને આ ધૂમ-અગ્નિવચ્ચેનો કાર્યકારણભાવ જ્ઞાત થયો નથી. તેથી આ ધૂમાડાને જોઇ કાર્યલિંગદ્વારા અગ્નિનું અનુમાન થઇ શકે નહિ. આમ કાર્યલિંગકઅનુમાનના ઉચ્છેદનો પ્રસંગ આવે. તેથી કાર્યકારણભાવનિર્ણય તત્સામાન્યઅંગે જ સમજવો જોઇએ. પ્રત્યેકવસ્તુમાં સર્વથા ભેદને જ સ્વીકારનારા બૌદ્ધમતે તો કિંચિત્ અર્થાત્ માત્ર વિજાતીયથી જ વ્યાવૃત્તિ કરાવનારૂં સામાન્ય પણ ઘટી શકતું નથી. અરે! દરેક વસ્તુમાં વ્યાવૃત્તિ સ્વીકારવા છતાં વ્યાવૃત્તિરૂપ સામાન્ય પણ સંભવે નહિ, કે જેના બળપર કાર્યકારણભાવનો નિર્ણય થાય. તેથી જો વસ્તુ ક્ષણિક હોય તો કાર્યકારણભાવનો બોધ શી રીતે થાય ? અર્થાત્ ન જ થાય. ॥૩૧૯॥

जइ कोइ कुतोइ भवे अव्वावित्तो कहंचि तो होज्जा ।
वावित्तीण विसेसो तत्तो सामन्नववहारो ॥ ३२१ ॥

(यदि कोऽपि कुतश्चिद् भवेदव्यावृत्तः कथञ्चिद् ततो भवेत् । व्यावृत्तीनां विशेषस्तस्मात् सामान्यव्यवहारः)

यदि *कोऽपि* धूमादिः *कुतश्चित्*-धूमान्तरादेरेव कथंचित्-अधूमव्यावृत्तत्वादिना प्रकारेण भवेदव्यावृत्तस्ततो भवेद्भावेषु व्यावृत्तीनां विशेषः, यथा-न घटादिषु धूमादव्यावृत्तिरस्ति, धूमेषु च धूमान्तराद्विद्यत एवेति, तस्माच्च-व्यावृत्तिविशेषादनन्तरोक्तस्वरूपः सामान्यव्यवहारो भवेत्, यथा एतेषु अधूमव्यावृत्तिरविशिष्टा तस्मादेतेषु धूमसामान्यं कल्प्यते नेतरेष्विति, न चैतदस्ति, ततः कथं सामान्यव्यवहार इति ॥३२१॥ परोऽन्यथा भावानां विशेषं कल्पयन्नाह--

ण य कोइ कुतोइ कहंचि विज्जते भावतो अभिन्नो उ ।
तुल्लत्थसाहगत्ता तहवि विसेसो सहावातो ॥ ३२२ ॥

(न च कोऽपि कुतश्चित् कथञ्चिद् विद्यते भावतोऽभिन्नस्तु । तुल्यार्थसाधकत्वात्तथापि विशेषः स्वभावात्)

न च कोऽपि कुतश्चित् कथंचित् *भावतः*--परमार्थतोऽ*भिन्नः*-अव्यावृत्तो विद्यते । *तुः पूरणे* । तथापि स्वभावात् यत् भावानां केषांचित्परस्परं-तुल्यार्थसाधकत्वं कण्ठक्षालनकालीकरणादिसमानार्थक्रियाकारित्वं, तस्माद्विशेष-स्तदन्यभावेभ्यो भविष्यति, तस्माच्च सामान्यव्यवहार इति ॥३२२॥ अत्र दूषणमाह--

अविसिट्ठम्मि तु भेदे तुल्लत्थपसाहगत्तमेवेह ।
ण घडइ गोघडतुल्लत्थ-साधगत्तप्पसंगातो ॥ ३२३ ॥

(अविशिष्टे तु भेदे तुल्यार्थप्रसाधकत्वमेवेह । न घटते गोघटतुल्यार्थसाधकत्वप्रसङ्गात्)

ननु अविशिष्टे भावानां परस्परमेकान्तेन भेदे सति एतदेव तुल्यार्थप्रसाधकत्वं न घटते । कुत इत्याह-गोघटयोरपि परस्परं तुल्यार्थसाधकत्वप्रसङ्गात्, भेदाविशेषात् । अविशिष्टे हि भेदे सति अविशेषेण सर्वेषामपि तुल्यार्थप्रसाधकत्वं स्याद् नवा कस्यचिदपीति भावः ॥३२३॥ अत्र परस्यावकाशमाह--

तुल्लत्थसाधिगा अह सत्ती णो तेसि जेसु ता अत्थि ।
ते चेव तहाभूता सा एगा वा अणेगत्ति? ॥ ३२४ ॥

(तुल्यार्थसाधिकाऽथ शक्तिः नो तेषां येषु ततोऽस्ति । त एव तथाभूता सा एका वाऽनेकेति)

अथ *तयोः*-गोघटयोः परस्परं तुल्यार्थप्रसाधिका शक्तिर्न विद्यते, ततो न तयोस्तुल्यार्थप्रसाधकत्वम्, येषु

---

'બૌદ્ધમતે વિચારતા કંઇકરૂપે પણ સામાન્ય નથી' એ અર્થની ઉપપત્તિ કરતા કહે છે.

*ગાથાર્થ* :- બૌદ્ધમતે બધા જ ભાવો અલગ-અલગ એક પ્રતિનિયત(=નિશ્ચિત) સ્વભાવવાળા છે. અને પરસ્પર અત્યંત ભિન્ન છે. તેથી બધાની બધાથી વ્યાવૃત્તિ(=ભિન્નતા) અવિશિષ્ટ છે. તેથી તેદ્વારા પણ સામાન્યની કલ્પનાનો સંભવ નથી. *તાત્પર્ય* :- જેમ ઘડો અને ધૂમાડો બધાથી સંપૂર્ણતયા વ્યાવૃત્ત છે. અને પરસ્પર પણ (=ઘટ અને ધૂમાડો) અત્યંત વ્યાવૃત્ત છે. તેથી તે બન્નેની વ્યાવૃત્તિઓ સમાન નથી. તેથી ત્યાં અધૂમ(=ધૂમભિન્ન)થી વ્યાવૃત્તિમાં કારણભૂત ધૂમસામાન્યની કલ્પના થઇ શકે નહિ. તેમ વિવક્ષિત બે ધૂમાડાની પણ પરસ્પર એકાન્તે વ્યાવૃત્તિ સમાનતયા જ છે. અર્થાત્ બે ધૂમાડાઓ પરસ્પરથી પણ અત્યંત વ્યાવૃત્ત છે. તેથી બન્નેઅંગે સમાન અને અધૂમવ્યાવૃત્તિમાં કારણભૂત ધૂમસામાન્યની કલ્પના થઇ શકે નહિ. આમ ધૂમની ઘટથી જેમ વ્યાવૃત્તિ છે, તેમ બીજા ધૂમથી પણ છે. તેથી વ્યાવૃત્તિદ્વારા પણ સામાન્યની કલ્પના શક્ય નથી. ॥૩૨૦॥

*ગાથાર્થ* :- જો કોઇક ધૂમઆદિ, અન્ય કો'ક ધૂમઆદિથી અધૂમવ્યાવૃત્તત્વઆદિ કો'કરૂપે અવ્યાવૃત્ત હોય, તો જ પદાર્થોમાં રહેલી વ્યાવૃત્તિઓમાં વિશેષ થાય, જેમકે ઘડાવગેરેમાં ધૂમાડાથી અવ્યાવૃત્તિ(=અભેદ) નથી, પણ ધૂમાડાઓમાં તો અન્ય અન્ય-ધૂમથી અવ્યાવૃત્તિ હોય જ છે. આમ જો વ્યાવૃત્તિઓમાં વિશેષ આવે, તો તેનાદ્દારા પૂર્વોક્ત સ્વરૂપવાળો આવો સામાન્ય વ્યવહાર સંભવી શકે કે "આ ધૂમવ્યક્તિઓમાં રહેલી અધૂમવ્યાવૃત્તિ એક સરખી છે-સમાન છે. તેથી આ બધી ધૂમવ્યક્તિઓમાં ધૂમસામાન્યની કલ્પના કરી શકાય. બીજાઓમાં નહિ" પણ ધૂમવ્યક્તિઓમાં પણ આવી અવિશિષ્ટ વ્યાવૃત્તિઓ સ્વીકારી ન હોવાથી ધૂમસામાન્ય નથી. તેથી સામાન્યવ્યવહાર શી રીતે થઇ શકે ?

અહીં બૌદ્ધ ભાવોના વિશેષની અન્યથારૂપે કલ્પના કરતા કહે છે.

*ગાથાર્થ* :- (બૌદ્ધ) વાસ્તવમાં કોઇ ભાવ કોઇનાથી ક્રોઇપણરૂપે અભિન્ન નથી. છતાં સ્વભાવથી જ કેટલાક ભાવોમાં જે પરસ્પર તુલ્યાર્થસાધકતા છે-કણ્ઠક્ષાલન, કાલીકરણવગેરે (ગળાને પલાળી શોષ દૂર કરવો એ બધા ઘડાની, તથા પોતાના સ્થાનને કાળું કરવું, એ બધા ધૂમોની અર્થક્રિયાકારિતા છે.) જે સમાનઅર્થક્રિયાકારિતા છે, તેનાથી તેઓમાં અન્યભાવોથી વિશેષ સંભવે છે, અને સામાન્ય વ્યવહાર પણ સંભવે છે. ॥૩૨૨॥

અહીં દૂષણ બતાવે છે.

## *(તુલ્યાર્થપ્રસાધકશક્તિ નામાન્તરથી સામાન્યરૂપ)*

*ગાથાર્થ* :-*ઉત્તરપક્ષ* :-જો બધા પદાર્થો પરસ્પર એકાન્તે સમાનતયા ભિન્ન હોય, તો આ તુલ્યાર્થસાધકતા ઘટી ન શકે. અન્યથા તો ગાય અને ઘડાવચ્ચે પણ સમાનતયા ભેદ હોવાથી બન્નેમાં પણ પરસ્પર તુલ્યાર્થસાધકતા સ્વીકારવાનો પ્રસંગ આવે. જો બધાવચ્ચે ભેદ સમાનતયા હોય, તો કાંતો બધા જ તુલ્યાર્થપ્રસાધક હોય, કાંતો કોઇપણ તુલ્યાર્થપ્રસાધક ન હોય. ॥૩૨૩॥

અહીં બૌદ્ધનો તર્ક દર્શાવે છે.

पुनर्धूमादिषु परस्परं तुल्यार्थप्रसाधिका शक्तिरस्ति त एव *तथाभूताः*-परस्परं तुल्यार्थक्रियाप्रसाधकास्ततो न कश्चिद्दोष इति । अत्र दूषणमाह-*'सेत्यादि'* सा तुल्यार्थक्रियाप्रसाधिका शक्तिस्तेषु धूमादिषु किमेका वा स्यादनेका वेति विकल्पद्वयं, गत्यन्तराभावात् ॥३२४॥ तत्र--

जति एगा कह भिन्नेसु वट्टते? किं च तह ण सामण्णं? ।
अच्चंतणेगपक्खे सो चेव अतिप्पसंगो तु ॥ ३२५ ॥

(यदि एका कथं भिन्नेषु वर्तते? किञ्च तथा न सामान्यम्? । अत्यन्तानेकपक्षे स एवातिप्रसङ्गस्तु)

यद्येका शक्तिरिति पक्षाभ्युपगमस्तर्हि सा कथं तेषु धूमेषु देशकालभेदभिन्नेषु वर्त्तते?, नैव वर्त्तत इतिभावः । एकस्यानेकत्र देशेन कात्स्न्येन वा सर्वथा वृत्त्ययोगात् । देशेन हि वृत्त्यभ्युपगमे सदेशत्वप्रसङ्गः, कात्स्न्येन तु एकत्रैव सर्वात्मना परिसमाप्तत्वादन्यत्र वृत्त्यभावप्रसङ्गः । अपिच, यद्येका शक्तिरनेकत्र वर्त्तमानेष्यते तर्हि नैयायिकादिपरिकल्पितं सामान्यं विवक्षितशक्तिवत् अनेकत्र वर्त्तमानं किं नेष्यते? तुल्ययोगक्षेमत्वात्, तथाचाह- *'किंच तह न सामन्नमिति'* वर्त्तत इति संबध्यते । अथैतद्दोषभयादनेका शक्तिरिति पक्षाभ्युपगमः, तत्राह-*'अच्चंतेत्यादि'* अत्यन्तानेकपक्षे-- परस्परात्यन्तविलक्षणानेकशक्त्यभ्युपगमपक्षे स एव--पूर्वोक्तो गोघटयोरपि परस्परं तुल्यार्थप्रसाधकत्वप्रसङ्गलक्षणोऽति-प्रसङ्गः प्राप्नोति । तुशब्दो विशेषणार्थः, स च एकशक्त्यभ्युपगमपक्षेऽनेकत्र वृत्त्यभावो दोषः, अनेकशक्तिपक्षे तु स एवातिप्रसङ्ग इति विशेषयति ॥३२५॥ अत्र पर आह--

भेयम्मिवि सा तुल्ला णेवं अण्णत्ति णेवमविसिट्ठो ।
भावाण हंत भेदो फलभेदाभेदओ णेओ ॥ ३२६ ॥

(भेदेऽपि सा तुल्या नैवमन्या इति नैवमविशिष्टः । भावानां हन्त । भेदः फलभेदाभेदतो ज्ञेयः)

*भेदेऽपि*--परस्परं वैलक्षण्येऽपि *'सा तुल्लत्ति'* जातावेकवचनं ताः शक्तयस्तेषु धूमेषु परस्परं तुल्याः समानाः, न एवं परस्परं तुल्याः अन्या--गोघटादिषु वर्त्तमानाः शक्तय इत्येवं नाविशिष्टो हन्त भावानां भेदो ज्ञेयः । कुत इत्याह--*फलभेदाभेदात्*-विषयेण विषयिणो लक्षणात् फलभेदाभेददर्शनात् । तथाहि-तुल्यशक्तिकेषु भावेषु *फलाभेदः*-तुल्यफलभावो दृश्यते, यथा धूमेष्वेव परस्परम्, अतुल्यशक्तिकेषु तु *फलभेदः*--परस्परं विलक्षणफलभावो, यथा गोघटयोरिति तुल्यशक्तिकतया धूमादिषु सामान्यव्यवहारो भविष्यति, न गोघटादिष्विति ॥३२६॥ अत्राह--

तुल्लत्थसाधिगा इह सत्ती तम्हा समाणपरिणामो ।
सो भावोत्ति सहावो तद्धम्मो चेव एसोऽवि ॥ ३२७ ॥

(तुल्यार्थसाधिका इह शक्तिस्तस्मात् समानपरिणामः । स्वो भाव इति स्वभावस्तद्धर्म एव एषोऽपि)

---

*ગાથાર્થ :- બૌદ્ધ* :- ગાય અને ઘડામાં પરસ્પર તુલ્યાર્થપ્રસાધકશક્તિ નથી. તેથી તે બેમાં તુલ્યાર્થપ્રસાધક્તા નથી. ધૂમાડાવગેરે જેઓમાં પરસ્પર તુલ્યાર્થપ્રસાધકશક્તિ છે, તેઓ જ પરસ્પર તુલ્યાર્થપ્રસાધક છે. તેથી કોઇ દોષરૂપ નથી.

*ઉત્તરપક્ષ* :- આ તર્કમાં પણ દૂષણ છે. બોલો! ધૂમાડાવગેરેમાં રહેલી આ તુલ્યાર્થપ્રસાધકશક્તિ એક છે કે અનેક છે ? આ બે વિકલ્પને છોડી ત્રીજો વિકલ્પ તો સંભવતો જ નથી. ॥૩૨૪॥

આ બે વિકલ્પમાં........

*ગાથાર્થ* :- જો શક્તિ એક જ હોય, તો ભિન્નમાં શી રીતે રહે? વળી, તેજ પ્રમાણે સામાન્ય કેમ ન રહે ? અને અત્યંત અનેકપક્ષમાં તે જ અતિપ્રસંગ ઉભો છે.

જો 'એક જ શક્તિ છે' એવો પક્ષ સ્વીકારશો, તો દેશ અને કાળના ભેદથી જે ભિન્ન છે, તે ધૂમાડાઓમાં એ શક્તિ શી રીતે રહી શકશે ? એક વસ્તુ અનેકસ્થળે અંશથી કે સંપૂર્ણતયા રહી શકે નહિ, કારણકે 'અંશથી રહે' તેમ માનવામાં શક્તિને સદેશ-અવયવી માનવાનો પ્રસંગ છે. અને સંપૂર્ણતયા પક્ષે તો એકજ સ્થળે સર્વરૂપે રહી જવાથી અન્યત્ર રહી શકે નહિ. આમ વૃત્તિઅભાવનો પ્રસંગ આવે. વળી, જો એક જ શક્તિ અનેકમાં રહેલી સ્વીકારી શકો, તો નૈયાયિકવગેરેએ કલ્પેલા સામાન્યને એ શક્તિની જેમ અનેકમાં રહેતા માનવામાં શો વાંધો આવે છે ? કારણકે બન્ને સ્થળે ગુણદોષની પ્રાપ્તિ પરિહાર તુલ્યરૂપે છે. તેથી જ *'કિંચ તહ ન સામણ્ણં'* એમ કહ્યું. અહીં વત્તિ-રહે છે અધ્યાહાર્ય છે.

હવે જો આ દોષના ભયથી 'શક્તિ અનેક છે' એવો પક્ષ સ્વીકારશો, 'પરસ્પર અત્યન્તવિલક્ષણ અનેક શક્તિઓ છે' એમ કહેશો, તો પૂર્વે જ કહેલો 'ગાય અને ઘડામાં પરસ્પર તુલ્યાર્થપ્રસાધક્તાનો પ્રસંગ છે' એ દોષ તથૈવ ઉભો રહેશે. ('તુ' પદ વિશેષણાર્થક છે) તેથી એકશક્તિના સ્વીકારપક્ષે અનેકમાં વૃત્તિના અભાવનો દોષ છે. અનેકશક્તિપક્ષમાં તો તે જ પૂર્વોક્ત અતિ પ્રસંગ દોષ છે. એમ વિશેષતા સૂચિત થાય છે. ॥૩૨૫॥

આ સ્થળે બૌદ્ધ કહે છે.-

*ગાથાર્થ* :- (બૌદ્ધ) (મૂળમાં જાતિઅર્થે 'સા' એમ એકવચનનો નિર્દેશ છે.) તે શક્તિઓ પરસ્પર ભિન્ન છે. છતાં ધૂમાડાઓમાં રહેલી શક્તિઓ પરસ્પર તુલ્ય છે, જ્યારે ગાય-ઘડાવગેરેમાં રહેલી શક્તિઓ ધૂમાડાવગેરેમાં રહેલી શક્તિઓની જેમ પરસ્પર તુલ્ય નથી. તેથી ભાવોવચ્ચે રહેલો ભેદ અવિશિષ્ટ નથી, પણ વિશિષ્ટ જ છે. *'વિષયથી વિષયીનું લક્ષણ થાય છે.'* એ ન્યાયથી ફળમાં ભેદાભેદનું દર્શન થતું હોવાથી જ ભાવોના ભેદની અસમાનતા દૃષ્ટ થાય છે જૂઓ ➡ તુલ્યશક્તિવાળા ભાવોમાં ફળનો અભેદ છે (=સમાનફળ દેખાય છે.) જેમકે ધૂમાડાઓમાં જ પરસ્પર. જ્યારે અસમાનશક્તિવાળાઓમાં પરસ્પર

यत उक्तन्यायेन धूमादिषु शक्तीनां परस्परं तुल्यरूपताऽभ्युपगम्यते तस्मादिदमायातं-धूमादिषु तुल्यार्थसाधिका शक्तिरस्तीति, किमुक्तं भवति?-समानपरिणामोऽस्तीति, यत *एषोऽपि*-समानपरिणामो वस्तूनां स्वभावः, स्वभावश्च स्वो भावः स्वभाव इति व्युत्पत्तेस्तद्धर्म्मो-वस्तुधर्म्मः, धर्म्मः शक्तिरिति चानर्थान्तरमिति ॥३२७॥

**एसो कहंचि भिन्नो संवेदणवयणकज्जतो णेओ ।**

**अवरोप्परं समाणत्त-मण्णहा सव्वधाऽज्जुत्तं ॥ ३२८ ॥**

(एष कथंचिद् भिन्नः संवेदनवचनकार्यतो ज्ञेयः । परस्परं समानत्वमन्यथा सर्वथाऽयुक्तम्)

*एष*-समानपरिणामः *कथंचित्*-देशादिभेदापेक्षया *भिन्नः*-असमानपरिणामानुविद्धो ज्ञेयः । कुत इत्याह-*संवेदन-वचनकार्यतः*-संवेदनवचनलक्षणकार्यभेददर्शनात्। **तथाहि**-घटेषु घटो घट इति सामान्याकारं मार्त्तिकस्ताम्रो राजत इति व्यावृत्ताकारं च संवेदनं वचनं चोपजायमानमुपलभ्यत इति । इत्थं च एतदङ्गीकर्त्तव्यमन्यथा-असमानपरिणामानुवेध-मन्तरेण भावानां परस्परं समानत्वमेव न युक्तम्, एकरूपतापत्तेः । समानपरिणामश्च सामान्यम्, *"वस्तुन एव समानः परिणामो यः स एव सामान्य"* मिति वचनात्, असमानपरिणामश्च विशेषः,*"असमानस्तु विशेष"* इति वचनात् । ततो भवताप्युक्तनीत्या सामान्यविशेषात्मकं च वस्त्वभ्युपगतं, तथा चाविप्रतिपत्तिरिति स्थितम् ॥३२८॥

कार्यकारणभावावगमे एव पुनरपि पराभिप्रायं दूषयितुमाशङ्कमान आह--

**सिय वासणातो गम्मइ सा वासगवासणिज्जभावेण ।**

**जुत्ता समेच्च दोण्हं ण तु जम्माणंतरहतस्स ॥ ३२९ ॥**

(स्याद् वासनातः गम्यते सा वासकवासनीयभावेन । युक्ता समेत्य द्वयोर्न तु जन्मानन्तरहतस्य)

**स्यादेतत्, वासनातः** कार्यकारणभावोऽवगम्यते, **तथाहि**-पूर्वं कारणविषयं ज्ञानं निरुन्धानमुत्तरं कार्यविषयं विज्ञानं वासयति, तस्माच्च वासनाविशेषादत इदमुत्पन्नमिति कार्यकारणभावावसायो भवतीति । **अत्रोत्तरमाह**-*'सा वासगेत्यादि' सा*-वासना *द्वयोरपि*-वास्यवासकयोः *समेत्य*-मिलित्वा स्थितयोर्युक्ता, पुष्पादितिलाद्योस्तथादर्शनात्, न तु जन्मानन्तरमेव हतस्य, वास्यकाले वासकस्यैवाभावात् । किंचेह यद् यस्य विशेषकं तत्तस्य वासकमितरच्च वास्यं, यथा तिलादेः पुष्पादि, सुरभिगन्धादिकल्पश्च विशेषो वासना, सा च भवदभ्युपगमपर्यालोचनया सर्वथा नोपपद्यत एव ॥३२९॥ **तथाहि**--

---

ભિન્ન ફળ દેખાય છે. જેમકે ગાય અને ઘડાઓમાં. આમ ફળની સમાનતાઅસમાનતાથી જ વસ્તુઓના ભેદની અસમાનતાનો નિશ્ચય થાય છે. આમ સમાનશક્તિવાળા ધૂમવગેરેમાં સામાન્યવ્યવહાર થશે, ગાય, ઘડાવગેરેમાં નહિ. ॥૩૨૬॥

અહીં ઉત્તર આપે છે.

*ગાથાર્થ* :- (ઉત્તરપક્ષ) પૂર્વોક્તન્યાયથી તમે ધૂમાડાવગેરેમાં શક્તિઓની પરસ્પર તુલ્યરૂપતા સ્વીકારો છો, તેથી એવો અર્થ થયો કે 'ધૂમાડાવગેરેમાં તુલ્યઅર્થસાધકશક્તિ છે, અર્થાત્ સમાનપરિણામ છે. કારણકે આ સમાનપરિણામ પણ વસ્તુઓના સ્વભાવરૂપ જ છે. તથા સ્વ=પોતાનો ભાવ=સ્વભાવ' 'સ્વભાવ'પદની આવી વ્યુત્પત્તિ છે. આમ સમાનપરિણામ વસ્તુના સ્વ-ભાવરૂપ-ધર્મરૂપ જ છે. ધર્મ કહો કે શક્તિ કહો, એક જ અર્થ ધ્વનિત થાય છે. (*તાત્પર્ય* :- વસ્તુગત'શક્તિ'નો અર્થ સ્વભાવ-પરિણામ-ધર્મ કરી શકાય છે. કેમકે આ બધા વસ્તુના જ સ્વભાવઆદિરૂપ છે. તેથી વસ્તુગત તુલ્યશક્તિ વાસ્તવમાં વસ્તુગત સમાનપરિણામરૂપ જ છે.) ॥૩૨૭॥

*ગાથાર્થ* :- આ (સમાનપરિણામ) સંવેદન અને વચનરૂપ કાર્યથી કથંચિદ્ ભિન્ન સમજવો અન્યથા પરસ્પર સમાનતા સર્વથા અસંગત ઠરે.

આ સમાનપરિણામ દેશઆદિભેદની અપેક્ષાથી કથંચિદ્ ભિન્ન-અસમાનપરિણામથી સંવલિત સમજવો. કારણકે તેના સંવેદન અને વચનરૂપ કાર્યમાં ભેદ દેખાય છે. તે આ પ્રમાણે ➡ ઘડાઓમાં 'આ ઘડો' 'આ ઘડો' એમ સામાન્યઆકારવાળું તથા 'આ માટીનો' 'આ તાંબાનો' 'આ ચાંદીનો' ઇત્યાદિ ભિન્નઆકારવાળું સંવેદન થાય છે. અને તે પ્રમાણે વચનપ્રયોગ થાય છે. તેમ ઉપલબ્ધ થાય છે. તેથી આ પ્રમાણે સ્વીકારવું જ રહ્યું, જો આમ અસમાનપરિણામથી અનુવિદ્ધ ન હોય, તો એ ભાવોમાં પરસ્પર સમાનપરિણામત્વ પણ સંગત ન ઠરે. કારણકે એ પરિણામોમાં જો જરા પણ અસમાનતા ન હોય-સર્વથા સમાનતા હોય, તો વાસ્તવમાં સમાનતા પણ નથી, પરંતુ એકરૂપતા જ છે. (સમાનતાનો અર્થ જ ભિન્ન વસ્તુઓમાં કોઇક પ્રકારની સદૃશતા. અને ભિન્નતા-અસમાનતા વિના સંભવે નહિ.) તેથી અસમાનપરિણામથી સંવલિત સમાનપરિણામ સ્વીકારવામાં જ શ્રેય: છે. અહીં સમાન પરિણામ સામાન્યરૂપ છે. કેમકે *'વસ્તુનો જે સમાનપરિણામ છે, તે જ સામાન્ય છે'* તેવું વચન છે. તથા વસ્તુગત અસમાન પરિણામ વિશેષરૂપ છે, કેમકે 'અસમાનપરિણામ જ વિશેષ છે' તેવું વચન છે. આમ આપે પણ ઉક્તન્યાયથી સામાન્યવિશેષાત્મક વસ્તુનો સ્વીકાર કર્યો. તેથી હવે કોઇ મતભેદ નથી. એમ નિશ્ચિત થાય છે. ॥૩૨૮॥

*(વાસનાથી પણ કાર્યકારણભાવ અસંગત)*

કાર્યકારણભાવના નિર્ણય અંગે જ ફરીથી બૌદ્ધના આશયને દૂષિત કરવા આશંકા કરે છે.

*ગાથાર્થ* :- *બૌદ્ધ* :- વાસનાથી જ કાર્યકારણભાવનો નિર્ણય થઇ શકે તેમ છે. જૂઓ ➡ નિરોધ પામતું પૂર્વીય કારણ-વિષયકજ્ઞાન ઉત્તરીય કાર્યવિષયક જ્ઞાનને વાસિત કરે છે. આ વાસનાવિશેષથી જ 'આમાંથી આ ઉત્પન્ન થયું' એમ કાર્યકારણભાવ નો બોધ થાય છે.

*ઉત્તરપક્ષ* :- જો વાસ્ય અને વાસક ભેગા થઇને રહ્યા હોય, તો જ આ વાસના પણ યોગ્ય ઠરે. કેમકે પુષ્પ અને તલ

सा वासगातों भिण्णा-ऽभिण्णा व हवेज्ज? भेदपक्खम्मि ।

को तीएँ तस्स जोगो? तस्सुण्णो वासइ कहं च? ॥ ३३० ॥

(सा वासकाद् भिन्नाऽभिन्ना वा भवेत्? भेदपक्षे । कस्तस्या तस्य योगः तच्छून्यो वासयति कथं च?)

सा वासना वासकात्सकाशाद्भिन्ना वा स्यादभिन्ना वेति विकल्पद्वयं, गत्यन्तराभावात् । तत्र भेदपक्षे *तस्य*-वासकस्य *तया*-वासनया सह *को योगः?*-कस्संबन्धो, नैव कश्चिदितिभावः, भेदाभ्युपगमेन तादात्म्याभावात्, समान-कालतया तदुत्पत्तेरप्यनभ्युपगमाच्च । कथं वा तच्छून्यः तया वासनया शून्यः सन् अन्यं वासयति? नैव वासयतीति भावः, पदार्थान्तरवत् ॥३३०॥ द्वितीयपक्षमाशङ्कमान आह--

अह णो भिन्ना कह तीएँ संकमो होइ वासणिज्जम्मि? ।

तदभावम्मि य तत्तो णो जुत्ता वासणा तस्स ॥ ३३१ ॥

(अथ नो भिन्ना कथं तस्याः संक्रमो भवेद् वासनीये? । तदभावे च ततो नो युक्ता वासना तस्य)

अथ सा वासना वासकात् सकाशात् न भिन्ना इष्यते किंत्वभिन्ना तर्हि *तस्या*-वासनाया वासनीये कथं संक्रमो भवति?, नैव भवतीत्यर्थः। वासकादव्यतिरिक्तत्वात्स्वरूपवत्। *तदभावे च*-संक्रमाभावे च *ततो*-वासकात् *तस्य*-वास्यस्य वासना न युक्तेति॥३३१॥ अथ मा भूद्दृष्टहानिरिति वास्ये कथमपि वासनायाः संक्रम इष्यते, तत आह--

सति यण्णयप्पसिद्धी पक्खंतरमो य णत्थि इह अन्नं ।

परिकप्पिता तई अह ववहारंगं ततो कह णु ? ॥ ३३२ ॥

(सति चान्वयप्रसिद्धिः पक्षान्तरं च नास्तीहान्यत् । परिकल्पिता सकाऽथ व्यवहाराङ्गं ततः कथं नु?)

सति च वासनाया वास्ये संक्रमे अन्वयप्रसिद्धिः प्राप्नोति, कारणगतविशेषस्य कार्ये अनुवर्त्तनाभ्युपगमात्, न चेहान्यत् पक्षान्तरमस्ति, 'मो' इति निपातः पादपूरणे, यद्बलाद्वास्यवासकभाव उपपद्येत । अत्र पराभिप्रायमाह-अथ *'तईत्ति'* सका वासना परिकल्पिता, यथा-अवृक्षव्यावृत्त्या, वृक्षत्वसामान्यं ततो न भेदाभेदोक्तदोषावकाश इति। अत्राह-*'ववहारेत्यादि'* यदि परिकल्पिता वासना ततः कथं नु *व्यवहाराङ्गं*-कार्यकारणभावावगमलक्षणव्यवहारकारणं भवेत्?, नैव भवेदितिभावः । परिकल्पितस्य खरविषाणकल्पत्वात् ॥३३२॥ उपसंहारमाह--

एगंतखणिगपक्खेवि जुज्जते णो सुहादिजोगेवं ।

अत्थि य जं तो आया परिणामी होइ णायव्वो ॥ ३३३ ॥

(एकान्तक्षणिकपक्षेऽपि युज्यते नो सुखादियोग एवम् । अस्ति च यत्तत आत्मा परिणामी भवति ज्ञातव्यः)

---

વગેરેમાં તેમ જ દેખાય છે. જો વસ્તુ ઉત્પત્તિ પછી તરત જ નાશ પામતી હોય, તો વાસ્યની હાજરીકાળે વાસકનો જ અભાવ હોવાથી વાસના પણ શી રીતે સંગત ઠરે ? વળી, વાસનાસ્થળે એક નિયમ છે કે, *'જે જેમાં વિશેષ કરે, તે ('જે'થી સંબંધિત) જ તેનો ('જેમા'થી સંબંધિત) વાસક બને, અને બીજો વાસ્ય બને. જેમ ફૂલ તલમાં સુગંધરૂપ વિશેષ ઉત્પન્ન કરે છે.'* તેથી ફૂલ વાસક છે, તલ વાસ્ય છે અને સુગંધ વાસનારૂપ છે. આમ સુગન્ધઆદિતુલ્ય વિશેષરૂપ જે વાસના છે, તે તમારા સિદ્ધાન્તની પર્યાલોચના કરતા જરા પણ ઉપપન્ન થતી નથી. ॥૩૨૯॥

તે આ પ્રમાણે --

*ગાથાર્થ* :- આ વાસના વાસકથી ભિન્ન છે કે અભિન્ન ? અન્ય વિકલ્પ સંભવતા ન હોવાથી અહીં આ બે જ વિકલ્પ છે. પ્રથમ ભેદપક્ષનો વિચાર કરીએ, તો વાસકનો વાસનાસાથે ક્યો સંબંધ આવશે ? અર્થાત્ કોઇ સમ્બન્ધ નહિ આવે. કારણકે ભેદનો સ્વીકાર કર્યો હોવાથી તાદાત્મ્યનો અભાવ છે. અને વાસક અને વાસના સમકાલીન હોવાથી બેવચ્ચે તદુત્પત્તિસંબંધ તો સ્વીકાર્યો જ નથી. (બૌદ્ધમતે બે જ સંબંધ માન્ય છે. (૧) અભેદસ્થળે તાદાત્મ્ય અને (૨) ભેદ-કાર્યકારણસ્થળે તદુત્પત્તિ) વળી, વાસનાશૂન્ય બીજા પદાર્થની જેમ વાસનાશૂન્ય અભિપ્રેત વાસક પણ શી રીતે બીજાને વાસિત કરી શકે ? અર્થાત્ ન જ કરી શકે ॥૩૩૦॥

બીજાપક્ષની આશંકા કરતા કહે છે.-

*ગાથાર્થ* :- હવે, જો વાસના વાસકથી ભિન્ન નહિ પણ અભિન્ન ઇષ્ટ હોય, તો વાસનાનો વાસનીયમાં સંક્રમ શી રીતે થશે? અર્થાત્ નહિ જ થાય, કેમકે વાસકના સ્વરૂપની જેમ વાસના પણ વાસકથી અભિન્ન છે.(=છૂટી પડી શકે તેમ નથી.) અને જો વાસનાનો વાસ્યમાં સંક્રમ જ થતો ન હોય, તો 'વાસકથી વાસ્યમાં વાસના થાય છે.' એ વાત હવામાં ઊડી જાય. ॥૩૩૧॥

'વાસનાનો વાસ્યમાં સંક્રમ દૃષ્ટ છે અને ઉપરોક્ત દલીલથી તેનું ખંડન થાય છે. તેથી દૃષ્ટહાનિનો પ્રસંગ આવે. આ પ્રસંગ ન આવે તે માટે વાસ્યમાં વાસનાનો સંક્રમ સ્વીકારવો જ રહ્યો' એવી વાત કદાચ બૌદ્ધ કરે, તો જવાબ આ રહ્યો.--

*ગાથાર્થ* :- જો વાસનાનો વાસ્યમાં સંક્રમ હોય, તો અન્વયની સિદ્ધિ થાય. કેમકે કારણમાં રહેલા વિશેષની કાર્યમાં અનુ-વર્તના સ્વીકારી છે. આઅંગે અન્ય કોઇ પક્ષાન્તર નથી, ('મો'પદ પાદપૂરણાર્થે છે.) કે જેના બળપર વાસ્યવાસકભાવ સુસંગત ઠરે.

(અહીં બૌદ્ધનો આશય દર્શાવે છે.) ---

*બૌદ્ધ* :- આ વાસના તો પરિકલ્પિત છે. જેમ અવૃક્ષ(=વૃક્ષભિન્ન)ની વ્યાવૃત્તિથી વૃક્ષત્વસામાન્યની કલ્પના કરી છે તે જ પ્રમાણે આ વાસના પણ કલ્પિત છે તાત્ત્વિક નથી. તેથી તે અંગે તમે કહેલા ભેદ-અભેદ દોષને સ્થાન નથી.

*ઉત્તરપક્ષ* :- જો વાસના માત્ર કલ્પના જ હોય, તો કાર્યકારણભાવના નિર્ણયરૂપ વ્યવહારનું કારણ શી રીતે બની શકે ? અર્થાત્ ન જ બને. કારણકે કલ્પિત વસ્તુઓ, તો ગધેડાના શિંગડાની જેમ અસત્ છે. ॥૩૩૨॥

હવે, આ તમામ ચર્ચાનો ઉપસંહાર કરે છે.

*यत्*-यस्मादेवम्-उक्तप्रकारेण एकान्तक्षणिकपक्षेऽपि आस्तां नित्यपक्षे इत्यपिशब्दार्थः, न युज्यते सुखादियोगः, अस्ति चायं स्वसंवेदनप्रत्यक्षादिना प्रमाणेनोपलभ्यमानत्वात्, *'तो'* तस्मादयमात्मा परिणामी ज्ञातव्य इति ॥३३३॥ परिणामित्व एव हेतूनाह--

**बालादिदरिसणातो सुहादिजोगातो तह सतीओ य ।**
**संसारातो कम्मफल-भावतो मोक्खओ चेव ॥ ३३४ ॥**

(बालादिदर्शनात् सुखादियोगात्तथा स्मृतेश्च । संसारात् कर्मफलभावतो मोक्षतश्चैव)

*बालादिदर्शनात्*-बालाद्यवस्थाभेददर्शनात्, स एव हि पुरुषो बालो भूत्वा कुमारो भवन् दृश्यते, कुमारश्च भूत्वा युवा, नचायं बालाद्यवस्थाभेद एकान्तनित्यपक्षे युज्यते, तस्याप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावतयाऽवस्थान्तरसंभवाभावात्। नाप्येकान्तक्षणिकपक्षे, तत्रापि निरन्वयविनाशिताऽभ्युपगमात्, स एवायं बालः कुमारो भूत इत्यादिप्रत्यवमर्शानुपपत्तेरिति। तथा *सुखादियोगतः*, यस्यैव हि प्राक् पुत्रलाभादिना सुखमुत्पन्नमासीत् तस्यैवेदानीं तद्वियोगादिना दुःखमुपजायमानमुपलभ्यते, नचैवं सुखादियोगः परिणामित्वमन्तरेणोपपद्यते इति । तथा *स्मृतेश्च*, स्मृतिर्हि तस्यैव प्रागनुभवपूर्विका नान्यस्य, तथाऽनुपलम्भात्, तथा च सति स एवात्मा तथा परिणमत इति परिणामित्वम् । तथा *संसारात्*-नारकादिभवभ्रमणरूपात्, स एव हि जीवो देवो भूत्वा मनुष्यो भवति, मनुष्यश्च भूत्वा देवादिरिति संसारादात्मा परिणामीत्यनुमीयते । तथा *कर्मफलभावतः*-य एव हि शुभमशुभं वा कर्म बध्नाति स एव जन्मान्तरे तत्फलमुपभुङ्क्ते, न चासावेकस्य कर्मसंबन्धभोगभावस्तथापरिणामित्वमन्तरेणोपपद्यत इति । तथा *मोक्षतश्चैव*, बन्धपूर्वको हि मोक्षः, तौ च बन्धमोक्षावेकाधिकरणावेकस्यैव सतोऽवस्थाभेदनिबन्धनौ, ततो नैतौ परिणामित्वमन्तरेण घटेते इति ॥३३४॥ तत्राद्यं हेतुं विवृण्वन्नाह--

**बालो होइ कुमारो सोवि जुवा मज्झिमो य थविरो य ।**
**एगंतनिच्चपक्खे अणिच्चपक्खे य कहमेयं? ॥ ३३५ ॥**

(बालो भवति कुमारः सोऽपि युवा मध्यमः स्थविरश्च । एकान्तनित्यपक्षेऽनित्यपक्षे च कथमेतत्?)

बालो भवति कुमारः, प्रतिक्षणं विशिष्टविशिष्टतरोपचयदर्शनात्, सोऽपि च कुमारो भवति युवा, ततो मध्यमः स्थविरश्च, एतच्चैकस्यैव बालाद्यवस्थाभेदभवनमेकान्तनित्यपक्षेऽनित्यपक्षे वा कथं घटते? नैव घटत इति भावः ॥३३५॥ कुत इत्याह-

---

આમ એકાન્તક્ષણિકપક્ષે પણ (એકાન્તનિત્યપક્ષની તો વાત જ જવાદો, આ 'અપિ' પણ શબ્દનો અર્થ છે.) સુખવગેરેનો આત્માસાથે સંબંધ સંગત થતો નથી. પણ 'આત્માને સુખવગેરે છે' તે સ્વસંવેદનપ્રત્યક્ષથી ઉપલબ્ધ છે. તેથી આ આત્મા પરિણામી છે તેમ સમજવું. ॥૩૩૩॥

આત્માની પરિણામિતાઅંગે જ હેતુઓ બતાવે છે.

*(આત્માની પરિણામિતામાં હેતુઓ)*

*ગાથાર્થ* :- (૧) બાળઆદિદર્શનથી (૨) સુખઆદિનાં યોગથી (૩) સ્મૃતિથી (૪) સંસારથી (૫) કર્મફળભાવથી અને (૬) મોક્ષથી (આત્મા પરિણામી સિદ્ધ થાય છે.)

આત્માની પરિણામિતાની સિદ્ધિના ક્રમશઃ આ બધા હેતુઓ છે. (૧) *બાળઆદિઅવસ્થાનું દર્શન.* એકની એક વ્યક્તિ બાળક થઈને કુમાર થતી દેખાય છે, અને કુમાર થઈને યુવાન થતી દેખાય છે. આ બાળઆદિ અવસ્થાભેદ એકાન્તનિત્યપક્ષે સંભવે નહિ, કારણકે આત્મા એકાન્તનિત્ય-અવિનાશી-અનુત્પન્ન-સદા એક-સ્થિરસ્વભાવવાળાતરીકે ઈષ્ટ છે. તેથી તેમાં એકથી બીજી અવસ્થા સંભવે નહિ. તેજ પ્રમાણે એકાન્તક્ષણિકપક્ષમાં પણ અવસ્થાભેદ સંગત નથી. કેમકે આ પક્ષે વસ્તુનો ક્ષણ પછી નિરન્વયવિનાશ સ્વીકાર્યો છે. તેથી 'તે જ બાળક કુમાર થયો' એવો પરામર્શ સંભવે નહિ. (૨) *સુખઆદિનો સંબંધ.* જે વ્યક્તિને પૂર્વે પુત્રપ્રાપ્તિવગેરેથી સુખ થયું હતું, તે જ વ્યક્તિને અત્યારે પુત્રવિયોગવગેરે થી દુઃખ થતું દેખાય છે. આ પ્રમાણે સુખવગેરેની પ્રાપ્તિ આત્માની પરિણામિતા વિના સંભવે નહિ. (૩) *સ્મૃતિ.* સ્મૃતિ હંમેશા તે જ વ્યક્તિને પૂર્વકાલીનઅનુભવપૂર્વકની હોય છે. અન્ય વ્યક્તિને નહિ. કારણ કે ક્યારેય એવું દેખાતું નથી, કે અનુભવ એકે કર્યો હોય, અને સ્મરણ બીજાને થાય.' આમ એક જ વ્યક્તિને પૂર્વના અનુભવપૂર્વકની સ્મૃતિ છે. અને તેમ થાય, ત્યારે આત્મા તે-તે રૂપે પરિણામ પામે છે. તેથી આત્માની પરિણામિતા સિદ્ધ થાય છે. (૪) *નારકઆદિ ભવોમાં ભ્રમણરૂપ સંસાર.* એકનો એક જીવ દેવ થઈને મનુષ્ય થાય છે. મનુષ્ય થઈને દેવ. આમ તે-તે ભવોમાં ભ્રમણરૂપ સંસારથી પણ આત્મા પરિણામી છે, તેવું અનુમાન થાય છે. (૫) *કર્મફળનો ભાવ.* જે જીવ શુભ કે અશુભ કર્મ બાંધે, તે જ વ્યક્તિ ભવાંતરમાં તેના ફળને ભોગવે. આમ "એક જ વ્યક્તિ કર્મ બાંધે અને ભોગવે" આ પરિસ્થિતિ આત્માની તેવી પરિણામિતા વિના સંભવે નહિ. અને (૬) *મોક્ષ,* મોક્ષ=છુટકારો. તેથી મોક્ષ બન્ધપૂર્વક જ હોય, જે બંધાયો હોય, તેનો જ મોક્ષ થાય. તેથી બન્ધ અને મોક્ષ એક જ જીવને આશ્રયી હોય. તેથી (આ બન્ને એક જીવની બે અવસ્થાના કારણભૂત છે. અને અવસ્થાભેદ પરિણામિતા વિના સંભવે નહિ. તેથી બન્ધ અને મોક્ષ આત્માની પરિણામિતા વિના સંભવતા ન હોવાથી) આત્માની પરિણામિતા સિદ્ધ થાય છે. ॥૩૩૪॥

*(અનેકાંતપક્ષે જ અવસ્થાભેદ સંગત)*

આ હેતુઓમાં પ્રથમ-બાળઆદિ અવસ્થા-હેતુનું વિવરણ કરતાં કહે છે.

*ગાથાર્થ* :- બાળકમાં પ્રતિક્ષણ વિશિષ્ટ, વિશિષ્ટતર ઉપચય થતો દેખાતો હોવાથી બાળક પોતે જ કુમાર બને છે.અને

एगसहावत्ता सति निरन्नयत्तेण कारणाभावा ।
निच्चे धम्माजोगो भेदादिविगप्पिओ नेओ ॥ ३३६ ॥
(एकस्वभावत्वात्सदा निरन्वयत्वेन कारणाभावात् । नित्ये धर्माऽयोगो भेदादिविकल्पितो ज्ञेयः)

नित्यपक्षे सर्वदा एकस्वभावत्वादघटनम्, अनित्यपक्षे च कारणस्य निरन्वयत्वेनाभावाद्-विनाशात् । स्यादेतत्, नित्यपक्षे कथं बालाद्यवस्थाभेदाऽघटना, यावता तत्रापि धर्म्मधर्म्मिभावो विद्यते एव, तत एतेऽपि बालाद्यवस्थाः सुखादयश्चात्मनो धर्म्मा भविष्यन्तीति को नो दोषः? इत्यत आह- *'निच्चेइत्यादि'* नित्ये आत्मनि *धर्म्माणां*-बालाद्यवस्थाभेदादिलक्षणा*नामयोगः*-अघटमानता ज्ञेयः । किंविशिष्ट इत्याह- *भेदादिविकल्पितः*-भेदाभेदविकल्पितः, तथाहि-ते धर्मास्ततो भिन्ना वा स्युरभिन्ना वा?, यदि भिन्नास्ततस्ते तस्येति संबन्धानुपपत्तिः । समवायलक्षणः संबन्धोऽस्तीति चेत् । न । तस्याग्रे निषेत्स्यमानत्वात् । अथाभिन्नास्तर्हि तेषामुत्पादे विनाशे च तदव्यतिरिक्तत्वात् आत्मनोऽप्युत्पाद-विनाशप्रसङ्गः, तथा च सति नित्यत्वक्षितिरिति ॥३३६॥ स्वपक्षे पुनर्दोषाभावमाह--

परिणामे पुण जं धम्मधम्मिणो इह कहंचि भेदो उ ।
एसो अणुहवसिद्धो माणं च तओ अबाधाओ ॥ ३३७ ॥
(परिणामे पुन र्यद् धर्मधर्मिणोरिह कथञ्चिद् भेदस्तु । एषोऽनुभवसिद्धो मानं च सकोऽबाधातः)

परिणामे पुनरभ्युपगम्यमाने धर्मयोग आत्मनो घटत एव, *यत्* यस्मादिह-परिणामे धर्म्मधर्म्मिणोः कथंचित् अभेदानुविद्धो भेदो, न तु केवलो भेदोऽभेदो वा, नचासौ कथंचिद्भेदः स्वकल्पनाशिल्पिनिर्मापितसत्ताको यत आह- *'एष'* धर्मधर्म्मिणोः कथंचिद्भेदोऽनुभवसिद्धः-अनुभूयते यथावस्थितं वस्त्वनेनेत्यनुभवः-*"भृश्रेरल् प्रत्ययः"* प्रत्यक्षादिप्रमाणं तेन *सिद्धः*-प्रतीतोऽनुभवसिद्धः । न च वाच्यमेषोऽनुभवः कथंचिद्भेदविषयः प्रमाणान्तरेण बाध्यमानत्वादप्रमाणम् । यत आह- *'मानं च'* प्रमाणं च *'तउत्ति'* सकोऽनुभवः कथंचिद्भेदविषयः । कुत इत्याह- *अबाधातः*, अबाध्यमानविषयत्वादित्यर्थः ॥३३७॥ यदुक्तमेषोऽनुभवसिद्ध इति, तत्रानुभवं दर्शयति--

सव्वेसि दव्वपज्जव-दुगरूवोऽणुहवो विसेसेणं ।
जं न मिहो ते भिन्ना भुवणम्मिवि सव्वहा अत्थि ॥ ३३८ ॥
(सर्वेषां द्रव्यपर्यायद्विकरूपोऽनुभवो विशेषेण । यन्न मिथस्ते भिन्ना भुवनेऽपि सर्वथा सन्ति)

*'सर्वेषां'* सकलदेशकालवर्त्तिनां प्रमातॄणामविशेषेणानुभवो द्रव्यपर्यायद्विकरूपो-द्रव्यपर्यायरूपद्विकग्रहणस्वभावो जायते । तत्र द्रव्यमन्वयिरूपं, पर्यायाः मृदादेरन्वयिनो द्रव्यस्य क्रमेण प्रतिक्षणभवनादिक्रियाभिसंबन्धाः, यदाह शाकटायनः- *"क्रमेण पदार्थानां क्रियाभिसंबन्धः पर्याय इति,"* एवंरूपं यद् द्विकं तद्विषयं रूपम्-आकारः प्रतिभासो ग्रहणपरिणामो यस्मिन् अनुभवे इत्थंभूतः । कस्मात्पुनरयमनुभव इत्थंभूतः? इत्याह- *'जं णेत्यादि'* यत्-यस्मात्ते द्रव्यपर्यायाः समस्तेऽपि भुवने न सर्वथा मिथो विभिन्नाः सन्ति, नहि मुकुलितार्द्धमुकुलिताद्याकारशून्यं किंचित् कुसुमादिद्रव्यं कुसुमादिद्रव्यविनिर्लुठिता

---

આ કુમાર જ યુવાન થાય છે. પછી મધ્યમવયવાળો અને અંતે ઘરડો થાય છે. આમ એક જ જીવની બાળઆદિ ભિન્ન અવસ્થાઓ થવી એ એકાન્તનિત્યપક્ષે અને એકાન્તઅનિત્યપક્ષે શી રીતે સંભવે ? અર્થાત્ ન જ સંભવે ॥૩૩૫॥

'કેમ ન સંભવે ?' તે દર્શાવે છે.–

*ગાથાર્થ* :– નિત્યપક્ષે હંમેશા એકસ્વભાવ હોવાથી અને અનિત્યપક્ષે કારણનો નિરન્વયનાશથી અભાવ હોવાથી (એકાન્તનિત્યાનિત્યપક્ષે અસંગતતા છે.) નિત્યઆત્મામાં ધર્મનો અસંબંધ, ભેદઆદિવિકલ્પથી સમજવો.

*શંકા* :– નિત્યપક્ષમાં બાળાદિઅવસ્થાભેદ કેમ ઘટે નહિ? અર્થાત્ ઘટવા જોઇએ. કારણકે નિત્યપક્ષે પણ ધર્મધર્મિભાવ તો રહેલો જ છે. તેથી આ બધી બાળાદિઅવસ્થાઓ અને સુખવગેરે આત્માના ધર્મો હોય તેમાં નિત્યપક્ષવાળા અમને શો દોષ છે?

*સમાધાન* :– નિત્યપક્ષે બાળાદિઅવસ્થાભેદરૂપ ધર્મો આત્મામાં સંભવતા નથી. કેમકે ભેદવગેરે વિકલ્પોથી અનુપપન્ન બને છે. કહો, આ ધર્મો આત્માથી ભિન્ન છે કે અભિન્ન? જો ભિન્ન હોય, તો 'તે ધર્મો તે(=આત્મા)ના જ છે.' એવા સંબંધની અનુપપત્તિ છે.

*શંકા* :– ધર્મ અને ધર્મીના સંબંધ તરીકે 'સમવાય' નામનો પદાર્થ કામ કરશે.

*સમાધાન* :– આ સમવાયનો અમે આગળ ઉપર નિષેધ કરવાના છીએ. તેથી તે સંબંધ બની શકે તેમ નથી. હવે જો ધર્મ ધર્મીથી અભિન્ન હોય, તો ધર્મના ઉત્પત્તિ અને વિનાશમાં ધર્મીભૂત આત્માના પણ ઉત્પત્તિ અને વિનાશ સ્વીકારવા પડશે. કેમકે આત્મા તે ધર્મોથી અભિન્ન છે. આમ આત્માની નિત્યતાને ક્ષતિ પહોંચશે. તેથી નિત્યપક્ષે આત્માનો ધર્મસાથે સંબંધ સંભવે નહિ. તેથી બાળઆદિઅવસ્થા પણ ઘટે નહિ. ॥૩૩૬॥

સ્વ-પરિણામીપક્ષે દોષનો અભાવ દર્શાવે છે.–

*ગાથાર્થ* :– આત્માના પરિણામને સ્વીકારવાથી ધર્મનો આત્મામાં સંબંધ ઘટી શકે છે. કારણકે પરિણામપક્ષે ધર્મ અને ધર્મીનો કથંચિત્(=અભેદથી સંમિશ્રિત) ભેદ છે, નહિ કે માત્ર ભેદ કે અભેદ. આ કથંચિત્ભેદ માત્ર અમારી કલ્પનારૂપ શિલ્પીનું નિર્માણ નથી પરંતુ અનુભવસિદ્ધ છે. *'જેનાથી યથાર્થ વસ્તુ અનુભવાય તે અનુભવ'* (અહીં 'ભૃશ્રેરલ્ પ્રત્યય' સૂત્રથી 'અ' પ્રત્યય લાગી અનુભવશબ્દ બન્યો.) તેથી અનુભવ=પ્રત્યક્ષઆદિ પ્રમાણો. આ અનુભવથી ધર્મધર્મીનો કથંચિદ્ ભેદ સિદ્ધ=પ્રતીત છે. "કથંચિદ્ ભેદઅંગેનો આ અનુભવ બીજા પ્રમાણથી બાધ પામતો હોવાથી પ્રમાણભૂત નથી." એમ કહેવું નહિ, કારણકે આ કથંચિદ્ ભેદવિષયક અનુભવ અબાધિતવિષયવાળો હોવાથી પ્રમાણભૂત જ છે. ॥૩૩૭॥

वा केचित् मुकुलितार्द्धमुकुलिताद्याकारा उपलभ्यन्ते इति । उक्तं च-"*द्रव्यं पर्यायवियुतं, पर्याया द्रव्यवर्जिताः । क्व कदा केन किंरूपा, दृष्टा मानेन केन वा? ॥१॥*" इति । तस्मादनुभवसिद्धत्वात् द्रव्यपर्यायरूपं वस्त्वङ्गीकर्त्तव्यम्, । तथाच सति तस्यैव तथापरिणामित्वात् सिद्धो धर्म्मधर्म्मिणोः कथंचिद्भेद इति ॥३३८॥ यदपि चोक्तम् '*माणं च तओ अबाहाउत्ति*' तदपीदानीं भावयन्नाह--

**नय बाहगं पमाणं इमस्स लोयम्मि दिस्सति कहंचि ।**

**अह अत्थऽणिंदियं से ण साहगं तंपि का जुत्ती ? ॥ ३३९ ॥**

(न च बाधकं प्रमाणमस्य लोके दृश्यते कथञ्चिदपि । अथास्त्यनिन्द्रियं तस्य न साधकं तदपि का युक्तिः)

न चास्य-द्रव्यपर्यायविषयस्यानुभवस्य बाधकं प्रमाणं किंचिल्लोके दृश्यते येनास्याप्रामाण्यं स्यात्, ततोऽबाधित-विषयत्वादसौ प्रमाणमेव। अत्र पराभिप्रायमाशङ्कमान आह-'*अहेत्यादि*' अथ मन्येथाः निरस्ताशेषावरणभेदप्रपञ्चमनिन्द्रियं ज्ञानं '*से*' तस्य द्रव्यपर्यायविषयस्यानुभवस्य बाधकं भविष्यतीत्यत्राह-'*नेत्यादि*' तदपि अनिन्द्रियं ज्ञानं द्रव्यपर्यायग्रहण-प्रवणतया न विवक्षितस्यानुभवस्य साधकं किं तु बाधकमित्यत्र का युक्तिः?, नैव काचित्, यदि हि तस्य स्वरूपेण ग्रहणं स्यात् ततो निश्चीयेत यथैतस्य साधकं बाधकं वेति, न च तस्य स्वरूपेण ग्रहणमस्ति, अतीन्द्रियत्वात् । देशनाविशेषात्तत्स्वरूपनिर्णय इति चेत्, न, देशनाया अपि विनेयानुगुण्यतोऽन्यथापि प्रवर्त्तनात् । तदुक्तम्"*नित्यं योगी विजानाति, अनित्यं नेति का प्रमा? । देशनाया विनेयानुगुण्येनापि प्रवृत्तितः॥१॥*" इति ॥३३९॥ अन्यच्च--

**भूतत्थगाहगं जं तमणिंदियं एस चेव च तउत्ति(वि?) ।**

**जुत्तीऍ अन्नहा जं न जुज्जए वत्थुसब्भावो ॥ ३४० ॥**

(भूतार्थग्राहकं यत्तदनिन्द्रियमेष एव च सक इति । युक्त्याऽन्यथा यन्न युज्यते वस्तुसद्भावः)

*यत्*--यस्मात्तत्--अनिन्द्रियं ज्ञानं भूतार्थग्राहकं-यथावस्थितार्थग्राहकं, यथावस्थितार्थपरिच्छेदकं, *सकोऽपि* च-भूतार्थ एष एव-द्रव्यपर्यायोभयलक्षणः । कुत इत्याह--*यत्*-यस्मादन्यथा वस्तुसद्भावो युक्त्या विचार्यमाणः सर्वथा न युज्यते, (यथा च न युज्यते) तथा प्रागेव केवलनित्यानित्यपक्षयोः सप्रपञ्चमभिहितं, ततोऽनिन्द्रियमपि ज्ञानं तस्यानु-

---

*(દ્રવ્યપર્યાયઉભયરૂપતા અનુભવસિદ્ધ)*

અહીં 'આ અનુભવસિદ્ધ છે' એમ જે કહ્યું ત્યાં અનુભવ બતાવે છે-

*ગાથાર્થ* :- બધાને જ સમાનતયા દ્રવ્યપર્યાયદ્વયરૂપે જ અનુભવ થાય છે, કેમકે તેઓ લોકમાં પણ સર્વથા ભિન્ન નથી.

સઘળા'ય સ્થળે અને ત્રણે કાળમાં રહેલા બધા જ પ્રમાતાઓ(=અનુભવ કરનારાઓ)ને અવિશેષરૂપે દ્રવ્ય-પર્યાય રૂપ બે વસ્તુના ગ્રહણાત્મકઅનુભવ જ થાય છે. તેમાં દ્રવ્ય અન્વયીરૂપ છે, અને માટીવગેરે અન્વયી દ્રવ્યનો પ્રતિક્ષણ ભવન આદિ (=થવુંવગેરે) ક્રિયાઓસાથે અભિસંબંધ પર્યાયરૂપ છે. **શાકટાયને** કહ્યું જ છે કે *"પદાર્થોનો ક્રમશઃ ક્રિયાભિસંબંધ પર્યાય છે."* આમ આવાપ્રકારના જે દ્રવ્ય અને પર્યાયો છે, તે દ્વયવિષયકરૂપ (=આકાર=પ્રતિભાસ) ગ્રહણપરિણામાત્મક અનુભવ છે. અનુભવ આવો કેમ છે ? તે *'જં ણ'* ઇત્યાદિથી દર્શાવે છે. જગતમાં ક્યાંય આ દ્રવ્ય અને પર્યાયો પરસ્પરથી અત્યંત ભિન્નરૂપે ઉપલબ્ધ થતા નથી. ફૂલવગેરે દ્રવ્યો ક્યારેય 'વિકસિત' 'અર્ધવિકસિત'વગેરે આકારથી રહિત હોતા નથી. તેમ જ 'વિકસિત' 'અર્ધવિકસિત' આદિ આકારો=પર્યાયો ક્યારેય ફૂલવગેરે દ્રવ્યથી અલગરૂપે ઉપલબ્ધ થતા નથી. કહ્યું જ છે કે *"પર્યાયથી રહિત દ્રવ્ય, અને દ્રવ્યરહિત પર્યાયો ક્યાં ક્યારે કોણે ક્યારૂપે ક્યા પ્રમાણથી જોયા?"* તેથી અનુભવસિદ્ધ હોવાથી વસ્તુને દ્રવ્યપર્યાયઉભયાત્મક જ સ્વીકારવી જોઇએ. અને તો તે વસ્તુ જ તથાપરિણામી હોવાથી ધર્મ અને ધર્મી વચ્ચે કથંચિદ્ ભેદ સિદ્ધ થાય છે. ॥૩૩૮॥

તથા અમે *'માણં ચ તઓ અબાહાઓ'* (=તે અબાધાથી પ્રમાણભૂત છે ગા. ૩૩૭) એવું જે કહ્યું, તેની પણ હવે વિભાવના કરે છે.-

*ગાથાર્થ* :- આ લોકમાં કોઇ બાધક પ્રમાણ દેખાતું નથી. (શંકા) અનિન્દ્રિય પ્રમાણ છે. (સમાધાન) એ પણ સાધક નથી, તેમાં શું યુક્તિ છે ?

આ દ્રવ્યપર્યાયવિષયક અનુભવનું બાધક થાય તેવું કોઇ પ્રમાણ આ જગતમાં નથી, કે જેથી અનુભવ અપ્રમાણભૂત ઠરે. આમ આ અનુભવ અબાધિતવિષયવાળો હોવાથી જ પ્રમાણભૂત છે.

*(અનિન્દ્રિયજ્ઞાન પણ ઉભયરૂપ સમર્થક)*

*શંકા* :- સઘળાય આવરણભેદના વિસ્તારનું નાશક અનિન્દ્રિયજ્ઞાન દ્રવ્યપર્યાયવિષયક અનુભવનું બાધક થશે.

*સમાધાન* :- આ અનિન્દ્રિયજ્ઞાન પણ દ્રવ્યપર્યાયના ગ્રહણમાં જ તત્પર હોવાથી 'આ જ્ઞાન વિવક્ષિત અનુભવનું સાધક નથી પણ બાધક છે' એમ કહેવામાં કોઇ યુક્તિ નથી. જો આ જ્ઞાન સ્વરૂપથી ગ્રહણ થતું હોત, તો નિશ્ચય કરી શકાત કે આ જ્ઞાન એ અનુભવનું સાધક છે કે બાધક ? પણ આ જ્ઞાન અતીન્દ્રિય હોવાથી તેનું સ્વરૂપથી ગ્રહણ થઇ શકે નહિ.

*શંકા* :- એ અનિન્દ્રિયજ્ઞાનીના દેશનાવિશેષથી તેના(=અનિન્દ્રિયજ્ઞાનના) સ્વરૂપનો નિર્ણય કરી, ઉપરોક્ત અનુભવની સાધકતા કે બાધકતા જાણી શકાય.

*સમાધાન* :- અનિન્દ્રિયજ્ઞાનીનો ઉપદેશ શિષ્યની યોગ્યતાને અનુરૂપ હોય છે. તેથી ક્યારેક કો'કને દ્રવ્યાર્થિકનય આગળ કરી નિત્યતાનો અને કો'કને અન્યથા-અર્થાત્ પર્યાયાર્થિકનયને આગળ કરી અનિત્યતાનો ઉપદેશ આપે. આમ અન્યથારૂપે પણ પ્રવૃત્ત થાય છે. તેથી તેના (=દેશનાના) આધારે અનિન્દ્રિયજ્ઞાનના સ્વરૂપનો નિર્ણય થઇ ન શકે. કહ્યું જ છે *"યોગી પદાર્થને નિત્યરૂપે જાણે છે કે અનિત્યરૂપે તેમાં શું પ્રમાણ છે ? કેમકે દેશના તો શિષ્યને અનુરૂપ પણ પ્રવૃત્ત થાય છે."* ॥૩૩૯॥

भवस्य साधकमेव न तु बाधकमिति ॥३४०॥ तदेवमनुभवप्रमाणबलेन वस्तुनो द्रव्यपर्यायोभयरूपतां प्रसाध्य यथा केवलभेदाभेदनिरासेनानयोः कथंचिद्भेदः सिध्यति तथोपपादयन्नाह--

अणुवित्तिं वावित्तिं विहाय ण य उभयरूवता जम्हा ।
भेयाभेयविगप्पो तम्हा णेओ असव्वातो ॥ ३४१ ॥

(अनुवृत्तिं व्यावृत्तिं विहाय न चोभयरूपता यस्मात् । भेदाभेदविकल्पस्तस्माद् ज्ञेयोऽसद्वादः)

*अनुवृत्तिं*-सकलमृत्पिंडशिवकाद्यवस्थासु मृदोऽनुगमरूपां व्यावृत्तिं च-पूर्वपिण्डादिरूपपर्याय(भवन)परित्यागोत्तरघटादिरूपपर्यायोत्पादात्मिकां *"पूर्वभवनान्यथाभूतभवनात्मको व्यय"* इतिवचनात् *विहाय*-परित्यज्य *नोभयरूपता*-न द्रव्यपर्यायलक्षणोभयरूपता यस्माद्भवति वस्तुनः तस्माद्योऽयं द्रव्यपर्याययोरेकान्तेन भेदो यथा नैयायिकादिभिः परिकल्प्यते एकान्तेनाभेदो वा यथा बौद्धैः स भेदाभेदविकल्पोऽसद्वादो ज्ञेयः । तथाहि-मृदेव तेन तेनाकारेण परिणममानोपलभ्यते, ततो मृदा लोलीभावेन व्याप्तस्योर्ध्वाद्याकारस्योपलम्भान्नानयोरेकान्तेन भेदः, नाप्यभेदो, द्वयोरपि मृदूर्ध्वाद्याकारयोरुपलभ्यमानत्वात्, यस्तु केवलभेदाभेदपक्षाभ्यामत्यन्तबहिर्भूतो गुडसुण्ठीमाधुर्यकटुकत्वादिवदितरेतरानुवेधेन जात्यन्तरात्मकः कथंचिद्भेदपक्षः स समीचीनो द्रष्टव्यः तत्रोभयपक्षभाविदोषासंभवात् । पाठान्तरं वा-' *भेदाभेदविगप्पो तम्हा नेओ उ सव्वादो*' अस्यायमर्थः-यस्मादनुवृत्तिं व्यावृत्तिं चोक्तस्वरूपां विहाय नोभयरूपता-न द्रव्यपर्योयोभयरूपता भवति वस्तुनस्तस्मात् यो द्रव्यपर्याययोर्भेदाभेदविकल्पो जात्यन्तरात्मकः स सद्वाद एव, इतरेतरानुवेधतो जात्यन्तरात्मकतया तत्र केवलभेदाभेदोभयपक्षभाविदोषासंभवात्, गुडसुण्ठिमाधुर्यकटुकत्वादौ तथादर्शनात् । तथाहि-न गुडसुण्ठ्योर्माधुर्यं कटुकत्वाननुविद्धं, कटुकत्वंवा माधुर्यादेकान्ततः पृथग्भूतं, नाप्यनयोरेकरूपता, किंत्वितरेतरानुवेधतो जात्यन्तरमिदम्, अतस्तदुपभोगात् कफादिदोषाभावोऽन्यथा केवलगुडसुण्ठ्युपभोगादिवत्तदुभयोपभोगादपि कफपित्तदोषलक्षण(कफपित्तलक्षणदोष)द्वयप्रवृद्धिः प्रसज्येत, स्वस्वभावानपगमात्। स्यादेतत्-नैवेदं जात्यन्तरं, किं तर्हि?, माधुर्येण कटुकत्वोत्कर्षहानिराधीयते, कटुकत्वेन च माधुर्योत्कर्षहानिरतस्तत्र पित्तादिदोषाभाव इति, तदप्ययुक्तम्, उभयोर्मन्दतापत्तावपि तदुपभोगान्मन्दपित्तादिदोषसंभवापत्तेः। एतेनेतरेतरप्रवेशतोऽन्यतरैकमाधुर्याद्यभ्युपगमोऽपि निरस्तो द्रष्टव्यः, तत्राप्येकतरदोषापत्तेः, अनुभवबाधा चैवं प्रसज्यते, यतो-

---

*ગાથાર્થ* :- વળી, આ અનિન્દ્રિયજ્ઞાન વસ્તુ જેવા સ્વરૂપવાળી છે, તેવા સ્વરૂપે જ વસ્તુનું બોધક છે. અને દ્રવ્ય-પર્યાય ઉભયરૂપતા જ વસ્તુનું સ્વરૂપ છે. કારણકે યુક્તિથી વિચારીએ તો દ્રવ્યપર્યાયઉભયરૂપતાને છોડી અન્યરૂપે વસ્તુ સંભવતી જ નથી. આ વાત કેવલ નિત્યપક્ષ અને કેવલઅનિત્યપક્ષ સ્થળે વિસ્તારથી કહી જ છે. તેથી અનિન્દ્રિયજ્ઞાન પણ દ્રવ્યપર્યાય ઉભયરૂપના અનુભવનું સાધક જ છે, બાધક નથી. ॥૩૪૦॥

*(કથંચિદ્ ભેદાભેદ જાત્યન્તરરૂપ અને નિર્દોષ)*

આ પ્રમાણે અનુભવપ્રમાણના બળપર વસ્તુની દ્રવ્યપર્યાયઉભયરૂપતા સિદ્ધ કરી. હવે, આભાર્ય માત્ર ભેદ અને માત્ર અભેદ ને દૂર કરે છે અને દ્રવ્ય અને પર્યાય વચ્ચે કથંચિદ્ ભેદ શી રીતે સિદ્ધ થાય, તે દર્શાવે છે.

*ગાથાર્થ* :- અનુવૃત્તિ અને વ્યાવૃત્તિને છોડી ઉભયરૂપતા નથી. તેથી ભેદાભેદવિકલ્પ અસદ્વાદ સમજવો.

માટીનો ઘડો બનાવતી વખતે મૃત્પિણ્ડ, શિવકાદિ અનેક અવસ્થાઓ ઉત્પન્ન થાય છે, અને નાશ પામે છે. આ દરેક અવસ્થાઓમાં માટીનો અનુગમ થવો(=માટીપણું હોવું) એ અનુવૃત્તિ છે. તથા પિણ્ડાદિ પૂર્વપૂર્વઅવસ્થાઓનો ત્યાગ કરી શિવક, ઘટાદિ ઉત્તર-ઉત્તરઅવસ્થાઓ પામવી, એ વ્યાવૃત્તિ છે. કહ્યું જ છે કે *'પૂર્વે જે થયું તેનાથી અન્યથારૂપે થવું, એ વ્યય છે.'* આ અનુવૃત્તિ અને વ્યાવૃત્તિને છોડી અન્ય કોઈરૂપે વસ્તુની દ્રવ્યપર્યાયઉભયરૂપતા નથી. દ્રવ્ય અનુવૃત્તિરૂપ અને પર્યાય વ્યાવૃત્તિરૂપ. તેથી નૈયાયિકોવગેરે દ્રવ્ય અને પર્યાયવચ્ચે જે એકાંતભેદની કલ્પના કરે છે. (નૈયાયિકો ધર્મ અને ધર્મીને એકાન્તભિન્ન માની સમવાયસંબંધથી ધર્મની ધર્મીમાં વૃત્તિ સ્વીકારે છે.) અથવા બૌદ્ધ જે એકાન્તઅભેદની કલ્પના કરે છે. (ક્ષણિકવાદી બૌદ્ધમતે વસ્તુ માત્ર પર્યાયરૂપ જ છે.) તે એકાન્તભેદ અને એકાન્તઅભેદની કલ્પના અસત્વાદરૂપ છે. જૂઓ ➡ માટી જ તે-તે આકારે પરિણામ પામતી દેખાય છે. તેથી ઊર્ધ્વઆદિઆકાર માટીસાથે અત્યંત એકમેકરૂપે જ ઉપલબ્ધ થાય છે. તેથી માટી અને ઊર્ધ્વવગેરે આકારવચ્ચે એકાન્ત ભેદ નથી. વળી માટી અને ઊર્ધ્વઆદિ આકાર બન્ને ઉપલબ્ધ થતાં હોવાથી એકાન્તાભેદ પણ સંગત નથી. જે માત્ર ભેદપક્ષ અને માત્ર અભેદપક્ષથી અત્યન્ત અલગ જાત્યન્તરરૂપ કથંચિદ્ભેદ પક્ષ છે, તે જ બરાબર છે. ગોળ અને સૂંઠની ગોળીમાં જેમ મીઠાશ અને તીખાશ પરસ્પરમાં અત્યંત ભળી ગયા છે, અને એક અલગ સ્વાદ જ ઉભો થાય છે, તેમ કથંચિદ્ભેદપક્ષમાં ભેદ અને અભેદ પરસ્પર અત્યન્તસંલગ્ન થઈ બન્નેથી ભિન્ન જાત્યન્તરરૂપ જ બને છે, કે જેમાં ભેદપક્ષસંભવી અને અભેદપક્ષસંભવી દોષોને અવકાશ જ નથી. મૂળમાં *ભેદાભેદ વિગપ્પો તમ્હા નેઓ ઉ સવ્વાદો* એવો પાઠાન્તર છે. તેનો અર્થ ➡ પૂર્વોક્તસ્વરૂપવાળી અનુવૃત્તિ અને વ્યાવૃત્તિને છોડી અન્યરૂપે વસ્તુની દ્રવ્યપર્યાયઉભયરૂપતા નથી, તેથી દ્રવ્ય અને પર્યાયનો જે જાત્યંતરરૂપ ભેદાભેદવિકલ્પ છે, તે જ સત્વાદરૂપ છે. કારણકે પરસ્પરઅનુવેધના કારણે તેમાં માત્ર ભેદપક્ષમાં અને માત્ર અભેદપક્ષમાં સંભવતા દોષોનો સંભવ નથી. કેમકે ગોળસૂંઠની ગોળીની મીઠાશ અને તીખાશઆદિમાં તેમ જ દેખાય છે. તે આ પ્રમાણે ➡ ગોળસૂંઠની ગોળીમાં રહેલી મીઠાશ તીખાશથી એકાન્તે અલગ નથી. તેમજ તીખાશ મીઠાશ થી એકાન્તે અલગ નથી. તેમજ બંન્નેએ (મીઠાશ કે તીખાશરૂપ) એકરૂપતાને પણ ધારી નથી. પરંતુ પરસ્પરમાં ભળી જવાથી અન્યજાતિરૂપ જ બન્યા છે. તેથી જ આ ગોળી વાપરવાથી કફવગેરે દોષ થતા નથી. નહીંતર તો જેમ એકલો ગોળ વાપરવાથી કફ થાય અને એકલી સૂંઠ ફાંકવાથી પિત્ત થાય, તેમ બન્ને(=ગોળ-સૂંઠ) લેવાથી કફ અને પિત્તરૂપ બન્ને દોષમાં વૃદ્ધિ થવી જોઈએ. કારણકે બન્નેના પોતાના સ્વભાવ દૂર થયા નથી.

*શંકા* :- હકિકતમાં અહીં અન્ય જાતિનો ઉદ્ભવ થયો નથી. પરંતુ ગોળની મીઠાશે સૂંઠની તીખાશની તીવ્રતામાં ઘટાડો કર્યો, અને સૂંઠની તીખાશે ગોળની મીઠાશની તીવ્રતામાં હાનિ કરી, તેથી જ પિત્તવગેરે દોષ થતા નથી.

ऽनुभूयते तत्राविगानेन माधुर्यं कटुत्वं चेति । **अथोच्यते–प्रत्येकं** गुडसुण्ठिभ्यामन्यैव एकरूपा जातिः गुडसुण्ठिः कफ–पित्तलक्षणदोषद्वयोपशमनस्वभावा जन्यते, ततो नेदमुभयात्मकं जात्यन्तरमिति । तदुक्तम्–*"तन्मूलमन्यदेवेदं, गुडनागर–संज्ञितमिति"*, तदपि अश्लीलम्, एकान्तेनैकस्वभावायास्तस्याः कफपित्तलक्षणदोषद्वयोपशमकारित्वायोगात्, सा हि गुड–सुण्ठिरेकतरस्मिन् कफोपशमे पित्तोपशमे वा कात्स्न्येनोपयुक्ता सती कथमन्यत्रोपयुज्येत? स्वभावान्तराभावात् । अथ इत्थंभूत एव तस्या एकः स्वभावो येनोभयमुपशमयति तेनायमदोष इति चेत्, न, इत्थं चित्रतागर्भस्य (स्व)स्वभावस्य सर्वथैकत्वायोगात्, नहि ययैव शक्त्या सा गुडसुण्ठिः पित्तमुपशमयति तयैव कफमपि, पित्तोपशमनिमित्तशक्तेः कफोपशमकारित्वायोगादन्यथाऽतिप्रसङ्गतो वस्तुव्यवस्थाविलोपप्रसङ्गात्, अतस्तत्र स्वभावनानात्वमवश्यमुरीकर्त्तव्यं, तच्चानु–भूयमानमाधुर्यकटुकत्वगुणेतरेतरानुवेधनिमित्तमन्यथा माधुर्यकटुकत्वयोः स्वस्वभावानपगमनेन स्वस्वकफादिदोषकारितापत्तेः। एवमिहापि द्रव्यपर्याययोः केवलभेदाभेदपक्षाभ्यामत्यन्तविलक्षणोऽन्योऽन्यानुवेधेन जात्यन्तररूपो भेदाभेदस्ततो नोभयपक्ष–भाविदोषसंभव इति स्थितम् । एतेन यदपि महतीमास्थामालम्ब्य परैरुच्यते–*"यथा स्निग्धत्वोष्णत्वयोः केवलस्वरूपयोः पृथक् पृथक् कफपित्तकारित्वाद् माषे तयोरन्योऽन्यानुवेधेन जात्यन्तररूपत्वेऽपि न स्वस्वदोषकर्तृत्वनिवृत्तिः, तथा–ऽदर्शनात्, तद्वदिहापि भेदाभेदयोरन्योऽन्यानुवेधतो जात्यन्तररूपत्वेऽपि नोभयदोषनिवृत्तिः, उक्तं च–"प्रत्येकं यन्निदानं यत्, स्वतो मिश्रं तदात्मकम् । किं न दृष्टं यथा माषः, स्निग्धोष्णः कफपित्तकृद्? ॥१॥"* इति तदपाकृतमवसेयम्,

---

*સમાધાન* :– આમ કહેશો તો તીખાશ અને મીઠાશ આ બન્ને મંદ થાય, તો પણ વાપરવાથી અલ્પમાત્રામાં પણ પિત્ત અને કફ થવા જોઈએ. પણ વાસ્તવમાં થતાં નથી. બલ્કે એ ગોળી બન્નેના (કફ અને પિત્તના) નાશઅર્થે વપરાય છે.

*શંકા* :– ગોળ અને સૂંઠના સંયોજન વખતે જે બળવાન હોય, તે જીતે છે, બીજો દબાય છે, તેથી મીઠાશ અને તીખાશમાંથી કાંતો એકમાત્ર મીઠાશ બચે છે, કાંતો એકમાત્ર તીખાશ.

*સમાધાન* :– આ પક્ષ પણ ખોટો છે. કેમકે જો મીઠાશ બચે તો કફદોષ અને તીખાશ રહે તો પિત્તદોષ, આમ બેમાંથી એક દોષ રહેવાની આપત્તિ છે. વળી આવા એકતરપક્ષમાં અનુભવબાધ છે. કારણકે એ ગોળીમાં અનુભવ તો મીઠાશ અને તીખાશ બન્નેનો થાય છે. એ સર્વવિદિત છે.

*શંકા* :– પ્રત્યેક ગોળ અને સૂંઠ ભેગા મળી અન્ય 'ગોળસૂંઠ'રૂપ એકરૂપ જાતિનું નિર્માણ થાય છે. આ જાતિ કફ અને પિત્તરૂપ બન્ને દોષોને શાંત કરવાના સ્વભાવવાળી ઉત્પન્ન થાય છે. તેથી આ 'ગોળસૂંઠ'(ગોળ અને સૂંઠ ઉભયરૂપ) જાત્યન્તર નથી. કહ્યું છે– *"ગોળ અને સૂંઠથી બીજી જ એક 'ગોળસૂંઠ' સંજ્ઞાવાળી જાતિ ઉત્પન્ન થાય છે."*

*સમાધાન* :– આ વાત પણ સારી નથી. જો આ અન્ય જાતિ એકાન્તે એકસ્વભાવાળી હોય, તો તે કફ અને પિત્ત આ બન્ને દોષનું ઉપશમન કરી ન શકે. આ ગોળસૂંઠ કફ–પિત્ત બેમાંથી એકના ઉપશમમાં સંપૂર્ણતયા લાગી હોય, ત્યારે બીજાના ઉપશમનનું કાર્ય કઈ રીતે કરશે ? કેમકે બીજો સ્વભાવ તો સ્વીકાર્યો નથી. (તાત્પર્ય :– આ ગોળસૂંઠજાતિ અન્યરૂપ હોવા છતાં એકરૂપ નથી પણ ઉભયરૂપ છે.)

*શંકા* :– 'ગોળસૂંઠ' જાતિનો એક જ સ્વભાવ છે, પણ તે એવા પ્રકારનો છે કે જેથી તે કફ અને પિત્ત બન્નેને ઉપશાંત કરી શકે. તેથી દોષ નથી.

*સમાધાન* :– આમ ઉભયઉપશામકતારૂપ વિચિત્રતાથી યુક્ત સ્વભાવ સર્વથા એકરૂપ ન હોઈ શકે. એવું તો ન જ બને કે ગોળસૂંઠ જે શક્તિથી પિત્તને ઉપશાંત કરે, તે જ શક્તિથી કફને પણ ઉપશાંત કરે. કારણ કે પિત્તના ઉપશમમાં નિમિત્તભૂત શક્તિ કફને ઉપશાંત કરવા સમર્થ નથી. નહિતર તો એક જ શક્તિથી બધા કામ થઈ જવાનો અતિપ્રસંગ આવે, અને નિયત કાર્યકારણભાવવગેરેરૂપ વસ્તુવ્યવસ્થા ભાંગી પડવાનો અવસર આવે. તેથી 'ગોળસૂંઠ'માં અલગ–અલગ સ્વભાવ સ્વીકારવા જ જોઈએ. અને આ સ્વભાવભેદ અનુભવાતા મીઠાશ અને તીખાશ ગુણોના પરસ્પરમાં અનુવેધથી પ્રગટે છે. નહિતર તો મીઠાશ અને તીખાશના પોતાના સ્વભાવ તો દૂર થશે જ નહિ. અને તેઓ પોતપોતાના કફ અને પિત્ત દોષ ઉભા કરશે, તેવી આપત્તિ આવશે. આમ ગોળસૂંઠની ગોળીમાં મીઠાશ–તીખાશ ઉભયરૂપતાથી સંવલિત જાત્યંતરરૂપ છે. તેમ સિદ્ધ થાય છે. આ જ પ્રમાણે દ્રવ્ય–પર્યાયવચ્ચે (૧) માત્ર ભેદપક્ષ અને માત્ર અભેદપક્ષથી અત્યંત વિલક્ષણ અને (૨) ભેદ અને અભેદના પરસ્પર અનુવેધથી સર્જાયેલા ભેદાભેદઉભયમય ભેદાભેદ નામની અન્ય જાતિ છે. તાત્પર્ય દ્રવ્ય અને પર્યાય ભેદાભેદ નામની વિશિષ્ટ જાતિથી સંકળાયેલા છે. તેથી ત્યાં ભેદપક્ષના અને અભેદપક્ષ ના દોષો સંભવતા નથી એમ નિર્ણય થાય છે. તેથી ઊંડા વિશ્વાસથી બીજાઓ જે આની વિરુદ્ધ નીચે પ્રમાણે કહે છે. તે ખોટું જાહેર થાય છે.

*બીજાઓ* :– કેવળસ્નિગ્ધત્વ કફ કરે છે. અને કેવળઉષ્ણત્વ પિત્ત કરે છે. પ્રત્યેક અવસ્થામાં આ બન્નેના (સ્નિગ્ધત્વ ઉષ્ણત્વના) આ (કફ અને પિત્ત) બે દોષો છે. અડદમાં સ્નિગ્ધતા અને ઉષ્ણતા પરસ્પરને અનુવિદ્ધ છે. તેથી ઉપરોક્ત મુજબ તેમાં (=અડદમાં) સ્નિગ્ધત્વ–ઉષ્ણત્વ રૂપ અલગ જાતિ છે. છતાં તેમાં ઉભયપક્ષના દોષ દૂર થવાને બદલે બન્નેના (સ્નિગ્ધત્વ ઉષ્ણત્વના) પોત–પોતાના કફ અને પિત્તરૂપ દોષો ઉભા જ રહે છે. કારણકે દોષો દૂર થતાં દેખાતા નથી. તેજ પ્રમાણે પ્રસ્તુતમાં પણ ભેદ અને અભેદના પરસ્પર અનુવેધથી જાત્યન્તરરૂપતા આવતી હોવા છતાં ઉભય (=ભેદ અને અભેદ) પક્ષના દોષો નિવૃત્ત નહિ થાય, પણ ઉભા જ રહેશે. કહ્યું જ છે કે "જે પ્રત્યેક સ્વતઃ જેનું કારણ બને, તે મિશ્ર (પણ) તદાત્મક જ (તેના જ કારણરૂપ) બને છે. જેમકે સ્નિગ્ધઉષ્ણ અડદ કફ અને પિત્ત બન્ને કરે છે. તે શું જોયું નથી ?"

*સમાધાન* :– તમારી આ વાત ગલત છે. અડદમાં રહેલી સ્નિગ્ધતા અને ઉષ્ણતા જાત્યન્તરતાને પામ્યા નથી. 'પરસ્પરના અનુવેધથી અન્યસ્વભાવનું કારણ બનવું' એ જ જાત્યન્તરપણું છે. અહીં (=અડદસ્થળે) સ્નિગ્ધતા અને ઉષ્ણતાને

माषे स्निग्धत्वोष्णत्वयोर्जात्यन्तरात्मकत्वाभावात् । अन्योऽन्यानुवेधेन हि स्वभावान्तरभावनिबन्धनं जात्यन्तरात्मकत्वम्, न चात्रान्योऽन्यानुवेधोऽस्ति, तयोः खण्डशो व्याप्त्याऽवस्थानात्, न च **वाच्यं** कथमेकस्मिन् द्रव्ये परस्परानुवेधमन्तरेण गुणानामवस्थानं घटत इति?, क्वचित्तथादर्शनात्, गुञ्जाफलादौ हि परस्परानुवेधमन्तरेणापि रक्तत्वकृष्णत्वादीनां गुणानां देशव्याप्त्याऽवस्थानमुपलभ्यत एव, तथा माषेऽपि अन्योऽन्यानुवेधमन्तरेण देशव्याप्त्या स्निग्धत्वोष्णत्वयोरवस्थानं भविष्यतीति न कश्चिद्दोषः । **देशभेदावस्थितगुणद्वयाभेदतोऽनेकरूपतापत्तेः** द्रव्यस्य कथमेकरूपतेति चेत्, **नैष** दोषः, एकान्तेन द्रव्यस्यैकरूपताऽनभ्युपगमात्, समानपरिणामो हि विशिष्टो द्रव्यमित्युच्यते, *"तुल्यांशो द्रव्यमिति वचनात्"*, स चासमानपरिणामाऽविनाभूततया एकानेकस्वभाव इति । यत्र तु स्निग्धत्वोष्णत्वयोरितरेतरानुवेधतो जात्यन्तरात्मकतोपजायते तत्र प्रत्येकावस्थासंभविदोषाभाव एव, यथा दाडिमे, *"स्निग्धोष्णं दाडिमं हृद्यं, श्लेष्मपित्तविरोधि चेति"* । ततो माषे स्निग्धत्वोष्णत्वयोरन्योऽन्याननुवेधेन जात्यन्तरात्मकत्वाभावात् कफपित्तदोषकारित्वं न नो व्यभिचारनिबन्धनम् ॥ इत्थं च द्रव्यपर्याययोर्भेदाभेदपक्षे जात्यन्तरात्मके व्यवस्थिते सति यदप्येतत् **परैरुच्यते**– *"ये भेदाभेदमात्रे तु, दोषाः संभविनः कथम्। तत्सद्भावेऽपि ते न स्युरिति ब्रूयाद्विचक्षणः?॥१॥"* ***तथा***–*एकान्तिकावनन्यत्वाद्भेदाभेदौ तयोर्ध्रुवम्। अन्योऽन्यं वा तयोर्भेदो, नियतो धर्मधर्मिणोः ॥२॥ तयोरपि भवेद्भेदो, यदि येनात्मना तयोः । पर्याया द्रव्यमित्येतत्, यदि भेदस्तदात्मना ॥३॥ भेद एव तथा च स्यान्नैवैकस्य द्विरूपता । द्रव्यपर्यायरूपाभ्यां, न चान्योऽस्तीह कश्चन ॥४॥ स्वभावो यन्निमित्तः स्यात्, तयोरेकत्वकल्पना । ततस्तयोरभेदे हि, स्वात्महानिः प्रसज्यते ॥५॥ तस्याभेदोऽपि ताभ्यां चेत्, यदि येनात्मना भवेत्। धर्माधर्मस्तदन्यश्च, यदि भेदस्तदात्मना॥६॥ भेद एवाथ तत्रापि, तेभ्योऽन्यत्परिकल्प्यते। तेषामभेदसिद्ध्यर्थं, प्रसङ्गः पूर्ववद्भवेत्॥७॥ धर्मित्वं तस्य चैवं स्यात्, तत्तन्त्रत्वात्तदन्ययोः। न चैवं गम्यते, तत्र, वादोऽयं जाल्मकल्पितः॥८॥* इति" **तदप्यत्यन्तं** जिनमताऽनभिज्ञतासूचकमेव, प्रकारान्तरेण द्रव्यपर्याययोर्गुडसुण्ठिमाधुर्यकटुकत्वयोरिव भेदाभेदस्य व्यवस्थापनात्,

---

પરસ્પર અનુવેધ નથી. કેમકે તે બન્ને ભિન્ન-ભિન્નઅંશે વ્યાપીને રહ્યા છે.

*શંકા* :- એક જ દ્રવ્યમાં અનેક ગુણો પરસ્પરના અનુવેધ વિના રહે તે શી રીતે સંભવે?

*સમાધાન* :- એક જ દ્રવ્યમાં ગુણો પરસ્પરના અનુવેધ વિના રહેતા ક્યાંક દેખાય છે. જૂઓ → ચણોઠીવગેરેમાં પરસ્પરમાં અનુવેધ વિના પણ લાલાશ અને કાળાશ ભિન્ન-ભિન્નઅંશને વ્યાપીને રહેલા દેખાય જ છે. આજ પ્રમાણે અડદમાં પણ સ્નિગ્ધતા અને ઉષ્ણતા અલગ-અલગ દેશને વ્યાપીને અને પરસ્પરના અનુવેધ વિના રહ્યા હોય, તેમાં કોઇ દોષ નથી.

*શંકા* :- ભિન્ન-ભિન્નઅંશે રહેલા બે ગુણોસાથે અભેદના કારણે દ્રવ્યમાં અનેકરૂપતાની આપત્તિ છે, તેથી તેમાં એકરૂપતા શી રીતે આવશે ?

*સમાધાન* :- આ દોષ નથી. અમે દ્રવ્યને એકાંતે એકરૂપ સ્વીકારતા જ નથી. વિશિષ્ટસમાનપરિણામ જ દ્રવ્ય કહેવાય છે. '*દ્રવ્ય તુલ્યઅંશ(=સમાનપરિણામ)રૂપ છે,*' એવું વચન છે. આ સમાનપરિણામ અસમાનપરિણામ વિના સંભવે નહિ. (કારણકે અસમાનપરિણામ ન હોય, તો સમાનપરિણામને બદલે 'એકપરિણામ' કે 'અભિન્નપરિણામ' એમ જ કહેવું પડે.) તેથી જ એકાનેકસ્વભાવ સિદ્ધ થાય છે. અર્થાત્ કથંચિદ્ એકરૂપતા અને કથંચિદ્ અનેકરૂપતા સિદ્ધ થાય છે. જ્યાં સ્નિગ્ધત્વ અને ઉષ્ણત્વના પરસ્પરઅનુવેધથી જાત્યન્તરરૂપતા ઉદ્ભવે છે. ત્યાં તે બન્નેની પ્રત્યેક અવસ્થામાં સંભવતા ક્રમશઃ કફ અને પિત્ત દોષો સંભવતા નથી. જેમકે દાડમમાં. કહ્યું જ છે કે " *સ્નિગ્ધ અને ઉષ્ણ દાડમ સ્વાદિષ્ટ છે અને કફ તથા પિત્તનું વિરોધી છે.*" અડદમાં સ્નિગ્ધત્વ અને ઉષ્ણત્વનો પરસ્પર અનુવેધ ન હોવાથી ત્યાં જાત્યન્તરરૂપતા નથી. તેથી તે(=અડદ) કફ અને પિત્ત દોષ કરનારું બને, તેમાં અમને(=અમારા સિદ્ધાન્તને) અનૈકાન્તિક દોષ લાગતો નથી. આમ દ્રવ્ય અને પર્યાય વચ્ચે જાત્યન્તરરૂપ ભેદાભેદ સિદ્ધ થાય છે. તેથી બીજાઓ જે નીચે પ્રમાણે કહે છે, તે તેઓનું જૈનમતઅંગેનું અત્યંત અજ્ઞાન સૂચવે છે.

બીજાઓ કહે છે- *માત્ર ભેદ કે માત્ર અભેદ પક્ષે સંભવતા દોષો ભેદાભેદ(=તદુભયરૂપ)ના સદભાવમાં પણ કેમ ન લાગે? તે વિચક્ષણપુરૂષે બતાવવું જોઇએ. તથા "વસ્તુ દ્રવ્ય-પર્યાયથી અનન્ય હોવાથી તે બન્નેનો(દ્રવ્ય-પર્યાયનો) એકાન્તિકભેદ અથવા એકાન્તિકાભેદ અવશ્ય પ્રસક્ત થશે. અથવા ધર્મ અને ધર્મીનો પરસ્પર ભેદ અવશ્ય થશે. (તાત્પર્ય :- ધર્મ અને ધર્મી જો અભિન્ન હોય, તો કાંતો ધર્મરૂપ જ રહેશે, અને તો માત્ર ભેદ જ રહેશે. (કારણ કે ધર્મ=પર્યાય ક્ષણવિનાશી છે.) કાંતો માત્ર ધર્મી જ રહેશે. અને તો એકાન્તે અભેદ જ આવશે. કારણકે ધર્મી=દ્રવ્ય અન્વયી છે.) હવે જો, બન્ને વચ્ચે કથંચિદ્ પરસ્પર ભેદ માનશો, તો જે સાધારણ કે અસાધારણ આત્મસ્વરૂપથી તે બે( દ્રવ્ય-પર્યાય)નો ભેદ સ્થપાય છે, તે સ્વરૂપથી જો ભેદ માનશો, તો એકાન્તે ભેદ જ રહેશે, (જેમકે ઘટ અને પટવચ્ચે) અને તેમ થવાથી એક વસ્તુમાં દ્રવ્ય-પર્યાય ઉભયરૂપતા નહી ઘટી શકે.*

*શંકા* :- અહી દ્રવ્ય-પર્યાયવચ્ચે ભેદનો સ્થાપક સ્વભાવ જ ભેદ પામે છે નહિ કે ભાવ.

*સમાધાન :- દ્રવ્ય અને પર્યાયને છોડી અન્ય કોઇ રૂપે સ્વભાવ જ નથી, કે જે ભેદમાં નિમિત્ત બને. હવે, જો તે બે વચ્ચે એકત્વ=અભેદની કલ્પના કરો, તો સ્વાત્મહાનિ દોષ છે. (કાંતો ધર્મ, ધર્મરૂપતા છોડી ધર્મીરૂપ બને કાંતો ધર્મીએ ધર્મિરૂપતા છોડી ધર્મરૂપતા સ્વીકારવી પડે) હવે જો તે બેથી(દ્રવ્યરૂપતા-પર્યાયરૂપતાથી) વસ્તુનો અભેદ હોય, તો જે સ્વભાવથી ધર્મી ધર્મરૂપ છે, તેનાથી ભિન્ન સ્વભાવથી તે તદન્ય=ધર્મથી સર્વથા ભિન્ન જ થશે. જો તે સ્વભાવથી ભેદ હોય, તો એકાન્તે ભેદ જ છે. હવે જો ત્યાં તેઓમાં અભેદની સિદ્ધિ કરવા તેઓથી અન્યની કલ્પના કરશો, તો પૂર્વવત્ જ પ્રસંગ આવશે. (એ અન્ય તેઓથી અનન્ય હોય, તો એકાન્તે ભેદ કે એકાન્તે અભેદ આવે ઇત્યાદિ) વળી એ અન્ય સ્વયં જ ધર્મી બનશે, કેમકે તદન્ય(=પૂર્વના દ્રવ્ય-પર્યાય) તેને આધીન છે. પણ ત્યાં આ પ્રમાણે દેખાતું નથી. તેથી આ વાદ(=ભેદાભેદવાદ) દુષ્ટકલ્પિત છે.*

(શરુના એકાન્તિકા....થી માંડી દ્વિરુપતા... સુધીના શ્લોકો પ્રમાણવાર્તિકમાં શબ્દાન્તરથી મળે છે. તેના આધારે ક્ષયોપશમમુજબઅર્થ કર્યો છે. વિદ્વદ્વર્ગ સંશોધન કરી સૂક્ષ્માર્થ પ્રાપ્ત કરે તેવી વિનંતી.)

तत्र चोक्तदोषाणां लेशतोऽपि प्रवृत्त्यसंभवादिति। एतेन यदपि *"सर्वत्रैव हि जैनैर्द्रव्यपर्याययोः संख्यासंज्ञालक्षणकार्यभेदाद्भेदो देशकालस्वभावाभेदाच्चाभेद इष्यते, यथा घटस्य रूपादीनां चेति । अत्र हि एको घटो रूपादयो बहव इति संख्याभेदः, घटो रूपादय इति च संज्ञाभेदः, अनुवृत्तिलक्षणं द्रव्यं नित्यं च, व्यावृत्तिलक्षणाः पर्यायाः क्षणिकाः कियत्कालावस्थायिनश्चेति लक्षणभेदः, घटेनोदकाहरणं क्रियते रूपादिभिस्तु वस्तुराग इति कार्यभेदः, तदेवं द्रव्यपर्याययोः संख्यादिभिर्भेदो देशादिभिस्त्वभेद इत्याद्याशङ्क्य–तदयुक्तं, यदि हि स्वभावतो न भेदो धर्मधर्मिणोः संख्यादिभेदादपि नैव भेदः, ते हि पररूपाः संख्यादयो भिद्यमाना अपि नात्मभूतमभेदं बाधितुं समर्था"* इत्याद्युक्तम्, तदपि तत्त्वतः पलालप्रायम्, स्वभावतोऽपि भेदाभेदस्य व्यवस्थापितत्वात् । तथाहि–द्रव्यपर्याययोर्दाडिमगतस्निग्धत्वोष्णत्वयोरिव परस्परानुवेध इष्यते, अन्योऽन्यानुवेधश्च भेदाभेदे सति भवति नान्यथा, यतोऽन्योऽन्यशब्देन परस्परं भेद आक्षिप्यते, अनुवेधशब्देन चाभेदः, तदाह–*"अन्योऽन्यमिति यद्भेदं, व्याप्तिश्चाह विपर्ययम् । भेदाभेदे द्वयोस्तस्मादन्योऽन्यव्याप्तिसंभवः ॥१॥"* इति एवं च सति कथमेकान्तिकस्वभावभेदाभेदनिबन्धनो दोषोऽस्माकमुपढौकत इति। देशकालमात्रापेक्षया त्वभेदोऽनभ्युपगमादेव न नः क्षितिमावहति । योऽपि संख्यादिभेदाद्भेदः सोऽपि कथंचित् स्वभावभेदनिबन्धन एव, ततो *"न हि पररूपाः संख्यादयो भिद्यमाना अप्यात्मभूतमभेदं बाधितुं समर्थाः"* इति यदुक्तं तत् प्लवत एव । यत्पुनरुच्यते–*"संख्याभेदस्तावदसमर्थ एवैकस्मिन्नपि द्रव्ये बहुत्वेन व्यवहारदर्शनात्, यथा गुरव इति"*, तदपि न मनोहरम्, अनेकपर्यायोपनिपातलक्षणनिमित्तापेक्षया बहुवचनस्याप्युपपद्यमानत्वात्। न च वाच्यमेवं सति न कदाचिदपि गुरुरित्येकवचनं स्यादिति, यतो द्रव्यपर्यायात्मकं वस्तु, देशकालपुरुषाद्यपेक्षया चोद्भूतानुद्भूतं द्रव्यादिकं, ततो यदा उपसर्ज्जनीभूतद्रव्यं प्रधानीकृतपर्यायोपनिपात

---

*ઉત્તરપક્ષ* :– અમારા જૈનસિદ્ધાન્તનો તમને અલ્પ પણ ખ્યાલ નથી, એ વાતની આ વચનો સાક્ષી પૂરે છે. તમે ચર્ચા કરી તેનાથી અન્યરૂપે જ અમે દ્રવ્ય–પર્યાયવચ્ચે ભેદાભેદની વ્યવસ્થા સ્વીકારેલી છે, તેમાં ગોળ અને સૂંઠની મીઠાશ અને તીખાશ દૃષ્ટાન્તરૂપ છે. તે રૂપે સ્વીકારેલા ભેદાભેદમાં ઉપર કહેલા દોષોનો અંશે પણ અવકાશ નથી.

અહીં બીજાઓ "જૈનોની ભેદાભેદની માન્યતા કેવી છે? અને તે કેમ દોષયુક્ત છે ?" તે બતાવવા પ્રયત્ન કરે છે.–

*(જૈન–ભેદાભેદઅંગે અન્યોની કલ્પનાનું ખંડન)*

*બીજાઓ* :– "જૈનો સર્વત્ર દ્રવ્ય અને પર્યાય વચ્ચે સંખ્યા, સંજ્ઞા, લક્ષણ અને કાર્યના ભેદથી ભેદ અને દેશ, કાળ અને સ્વભાવના અભેદથી અભેદ ઇચ્છે છે. જેમકે ઘટ અને રૂપવગેરે. અહીં ઘડો એક છે જ્યારે રૂપવગેરે પર્યાયો અનેક છે, આમ દ્રવ્ય–પર્યાયવચ્ચે સંખ્યાભેદ છે, વળી ઘટ 'ઘટ' કહેવાય છે, રૂપવગેરે 'રૂપ'આદિથી ઓળખાય છે. આમ સંજ્ઞાભેદ છે. ઘડાવગેરે અનુવૃત્તિલક્ષણવાળું નિત્ય દ્રવ્ય છે. જ્યારે રૂપવગેરે પર્યાયો વ્યાવૃત્તિલક્ષણવાળા છે, તથા ક્ષણિક અને કેટલોક કાળ રહેવાવાળા છે. આ લક્ષણભેદ આવ્યો. તથા ઘડાથી પાણી લાવવાની ક્રિયા થાય છે, જ્યારે રૂપવગેરે વસ્તુને સ્વરૂપથી રંગે છે. (અથવા વસ્તુનો રાગ=આસક્તિ રૂપાદિનું કાર્ય છે.) આ કાર્યભેદ આવ્યો. આમ દ્રવ્ય–પર્યાયવચ્ચે સંખ્યાવગેરેથી ભેદ છે. જ્યારે દેશ=સ્થાન વગેરેથી અભેદ છે. (જે દેશમાં ઘટ છે ત્યાં જ તેના રૂપઆદિ ગુણો ઉપલબ્ધ થાય છે. જે કાળે ઘડો છે, તે જ કાળે રૂપવગેરે છે. ઇત્યાદિરૂપે અભેદ છે.) આ પ્રમાણે આશંકા કરી (અર્થાત્ પૂર્વપક્ષ સ્થાપી) હવે જૈનમતનું ખંડન કરે છે. "આ ભેદાભેદ બરાબર નથી. જો ધર્મ–ધર્મીવચ્ચે સ્વભાવથી અભેદ હોય, તો સંખ્યાઆદિ ભેદથી પણ ભેદ ન હોવો જોઇએ. પરરૂપે રહેલા સંખ્યાવગેરે ભલે ભેદ પામતા હોય, તો પણ તેઓ તે–તે દ્રવ્યના આત્મભૂત=સ્વભાવભૂત અભેદને બાધ પહોંચાડવા સમર્થ નથી."

*જૈન* :– બીજાઓએ આવું જે કહ્યું છે, તે બધું વાસ્તવમાં તણખલાતુલ્ય છે. કારણ કે અમે સ્વભાવથી પણ અભેદ નથી ઇચ્છતા, પરંતુ ભેદાભેદ જ ઇચ્છીએ છીએ. તે આ પ્રમાણે ➡ અમે દ્રવ્ય–પર્યાયવચ્ચે દાડમમાં રહેલી સ્નિગ્ધતા અને ઉષ્ણતાની જેમ પરસ્પર અનુવેધ ઇચ્છીએ છીએ. આ અન્યોન્યાનુવેધ, ભેદાભેદ હોય, તો જ સંભવે અન્યથા નહિ. કારણકે 'અન્યોન્ય'શબ્દથી પરસ્પરનો ભેદ આક્ષિપ્ત થાય છે, અને 'અનુવેધ'શબ્દથી અભેદનો આક્ષેપ થાય છે. કહ્યું જ છે કે *"અન્યોન્ય' ભેદને અને 'વ્યાપ્તિ'અભેદને સૂચવે છે. તેથી ભેદાભેદ હોય, તો જ અન્યોન્યવ્યાપ્તિ સંભવે."* તત્ત્વ આ છે. તેથી એકાન્તસ્વભાવ ભેદમાં સંભવતા અને એકાન્તસ્વભાવઅભેદમાં સંભવતા દોષો શી રીતે અમે સ્વીકારેલા ભેદાભેદમાં ઉપસ્થિત થઇ શકે? અર્થાત્ ન જ થાય. માત્ર દેશ અને કાલની અપેક્ષાએ અમે અભેદ સ્વીકાર્યો જ નથી, તેથી તે અંગે અમને કોઇ ક્ષતિ પહોંચતી નથી. સંખ્યાઆદિભેદથી જે ભેદ છે, તે પણ કથંચિદ્ સ્વભાવભેદને કારણે જ છે. તેથી 'પરરૂપે સંખ્યાવગેરે ભેદ પામતા હોય, તો પણ આત્મભૂત(=સ્વભાવભૂત) અભેદને બાધ પહોંચાડવા સમર્થ નથી' ઇત્યાદિ બીજાના વચનો ઊડી જાય છે, ફોક થાય છે. (કેમકે એકાન્તે સ્વભાવઅભેદ નથી પરંતુ કથંચિદ્ સ્વભાવભેદ ઇષ્ટ છે.)

*શંકા* :– સંખ્યાભેદ ભેદ કરવા સમર્થ નથી, કેમકે એક દ્રવ્યમાં પણ બહુત્વનો વ્યવહાર થતો દેખાય છે. જેમકે ગુરુ એક હોવા છતાં 'ગુરવ' (ગુરુઓ) એવો બહુવચનયુક્ત નિર્દેશ થાય છે.

*સમાધાન* :– આ વાત સુંદર નથી, કારણકે અનેક પર્યાયોની હાજરીરૂપ નિમિત્તના કારણે 'ગુરવ' એમ બહુવચન પણ સુસંગત છે.

*શંકા* :– જો અનેક પર્યાયોના કારણે બહુવચન ઇષ્ટ હોય, તો હંમેશા અનેક પર્યાયો રહે છે. તેથી હંમેશા બહુવચન નો જ પ્રયોગ થવો જોઇએ.'ગુરુઃ' એમ એકવચનનો પ્રયોગ ક્યારેય થઇ શકશે નહિ.

*સમાધાન* :– એમ નથી. દરેક વસ્તુ દ્રવ્યપર્યાયઉભયાત્મક છે. અથવા દરેક વસ્તુ સમાનપરિણામ(=સામાન્ય) અને ભિન્ન પરિણામ(=વિશેષ)થી યુક્ત હોય છે. (જેમકે 'બ્રાહ્મણો લોભી' (=બ્રાહ્મણ લોભી હોય છે.) ઇત્યાદિસ્થળે બ્રાહ્મણોમાં લોભ સમાનપરિણામ=તુલ્યાંશરૂપ છે. ટૂંકમાં દ્રવ્યરૂપતા, અનુવૃત્તિરૂપતા, સામાન્ય, સમાનપરિણામ, તુલ્યાંશવગેરે શબ્દો કથંચિત્ સમાન અર્થક છે.) દેશ, કાળ

च वस्तु शब्देन च वक्तुमिष्यते तदा तद्वाचकस्य शब्दस्य बहुवचनं पर्यायाणां बहुत्वात्, यदा तूपसर्ज्जनीकृतपर्यायोपनिपातं प्रधानीकृततुल्यांशं च तदेव वस्तु वक्तुमिष्यते तदैकवचनं, तुल्याशंस्य कथंचिदेकत्वात्। अत एव चैकवचनकाले बहुवचनकाले वा द्रव्यपर्यायोभयरूपं वस्तु सकलमविगानेन प्रतीयते । एवं च सति *"संभविधर्मिरूपमात्राभिधेयत्वेन विवक्षितमत एकवचन"* मिति चेदत्याशङ्क्य यदुक्तं **परेण**--*"न, तस्यैकत्वेन विवक्षायां कार्त्स्न्यगौरवयोरप्रतीतिप्रसङ्गात्, उभयरूपस्य वस्तुनो गुरुशब्दवाच्यत्वात् कथं संभविनो धर्मिरूपस्यैकत्वेन विवक्षेति"* तत् दूरापास्तप्रसरं द्रष्टव्यम्, तथानभ्युपगमादिति । यदा तूभयोरपि उद्भूतत्वं विवक्ष्यते तदा द्वयोरपि द्रव्यपर्यायवाचकयोः शब्दयोः यथाक्रममेकवचनबहुवचनभेदः, यथा-घटस्य रूपादय इति । अनेनैव च क्रमेण व्रीह्यादिषु शब्देषु समानासमानपरिणामप्रधानोपसर्ज्जनभावविवक्षायामेकवचनबहुवचने द्रष्टव्ये, यथा-"व्रीहिरेकोऽपि संपन्नः सुभिक्षं करोतीत्यादि"। तथा च सति **यदुक्तं**-*"व्रीहय इति जातिवचने धर्मिणो रूपादीनां चानभिधानान्न किंचिदुत्तरमिति"* तदपि बालिशजल्पितं, सर्वथा वस्तुगत्यनवगमात्, अत्रोपसर्ज्जनीकृतसमानपरिणामस्यानेकात्मकस्यासमानपरिणामस्याभिधानादिति। यदपि संज्ञाभेदाद्भेदं दूषयता अभिहितं-*"संज्ञापि संकेतनिबन्धना संकेतश्चेच्छायत्तवृत्तिरिति कुतस्ततोऽर्थभेद इति"* तदपि न शोभनम्, शब्दार्थयोः संबन्धस्य वास्तवत्वात्, **तथाहि**--यदि शब्दार्थयोः संबन्धः सांकेतिक इष्यते तर्हि येन शब्देनायमित्यादिना तस्य शब्दस्य संकेतः क्रियते तेन किं संकेतितेन असंकेतितेन वेति वक्तव्यं?, यदि संकेतितेन तर्हि तस्यापि येन शब्देन संकेतः कृतो विद्यते तेनापि संकेतितेनासंकेतितेन वेत्यादि तदेवावर्तत, इत्यनवस्था, अथासंकेतितेन तर्हि सिद्धः शब्दार्थयोः संबन्धो वास्तवः, असंकेतितादपि तस्मात् शब्दात् विवक्षितवाच्यप्रतीतेः । अथोच्येत यादृशो बाह्योऽर्थो घटादिः प्रत्यक्षे ज्ञाने प्रतिभासते

---

તથા પુરુષવગેરેને અપેક્ષીને ક્યારેક દ્રવ્ય(તુલ્યાંશ) મુખ્ય બને છે, પર્યાયો ગૌણ, તો ક્યારેક દ્રવ્ય ગૌણ અને પર્યાયો મુખ્ય બને છે. હવે, જ્યારે વસ્તુગત દ્રવ્ય ગૌણ બને, અને પર્યાયોની ઉપસ્થિતિ મુખ્ય બને, અને તે વસ્તુનો શબ્દથી નિર્દેશ કરવાનો હોય, તો પર્યાયો બહુ હોવાથી એ વાચકશબ્દનો બહુવચનમાં નિર્દેશ થાય છે. અને જ્યારે પર્યાયોની ઉપસ્થિતિ ગૌણ હોય, દ્રવ્ય પ્રધાન કરાયું હોય, અને તે વસ્તુનું પ્રતિપાદન ઇષ્ટ હોય, તો દ્રવ્ય કથંચિદ્ એક હોવાથી એકવચનમાં પ્રયોગ થાય છે. તેથી જ એકવચનમાં પ્રયોગ થતો હોય, કે બહુવચનમાં પ્રયોગ થતો હોય, વસ્તુ તો દ્રવ્ય-પર્યાય ઉભયરૂપે જ-સકળતયા જ અવિરુદ્ધ રૂપે ભાસે છે. તેથી જ, બીજાઓએ જે આશંકા અને નિરાકરણ કર્યું છે, તે અયોગ્ય ઠરે છે. બીજાઓએ જે આશંકા અને નિરાકરણ કર્યું છે તે આ પ્રમાણે છે ➜ "જૈનો જો એમ કહેતા હોય, કે સંભવી ધર્મિરૂપમાત્ર (=દ્રવ્ય) અભિધેયતરીકે વિવક્ષિત હોવાથી એકવચન છે, તો તે બરાબર નથી. કેમકે તેની(=ગુરુરૂપ ધર્મીની) એકત્વતરીકે વિવક્ષા કરવામાં સંપૂર્ણતા અને ગૌરવની પ્રતીતિ નહિ થવાનો પ્રસંગ છે. જે કારણથી સંપૂર્ણતા અને ગુરુતા ઉભયરૂપવાળી વસ્તુ જ 'ગુરુ'શબ્દથી વાચ્ય બને છે. તે જ કારણથી સંભવિત ધર્મીરૂપની એકત્વથી વિવક્ષા શી રીતે થઇ શકે ?" આ પરમત બરાબર નથી, તેનું કારણ એ જ છે કે, વસ્તુની માત્ર ધર્મીરૂપે વિવક્ષા અમે સ્વીકારતા જ નથી. વસ્તુને ઉભયરૂપે જ સ્વીકારીએ છીએ. અને તેમાં જ્યારે પર્યાયને ગૌણ કરી દ્રવ્યને મુખ્ય કરીએ છીએ, ત્યારે જ એકવચનનો નિર્દેશ થાય છે. અને છતાં તે વખતે મુખ્યતયા દ્રવ્ય અને ગૌણતયા પર્યાયો ભાસતા હોવાથી ઉભયાત્મક જ વસ્તુ ભાસે છે.

*શંકા* :- જ્યારે દ્રવ્ય અને પર્યાય બન્નેની પ્રધાનતયા વિવક્ષા ઇષ્ટ હોય, ત્યારે શું કરશો ?

*સમાધાન* :- ત્યારે દ્રવ્ય અને પર્યાય બન્નેના વાચક બે શબ્દોનો ક્રમશઃ એકવચનમાં અને બહુવચનમાં નિર્દેશ કરીશું. જેમકે 'ઘડાના રૂપવગેરે(ઘટસ્ય રૂપાદયઃ)' તેથી કોઇ દોષ નથી. આજ ક્રમથી 'વ્રીહિ'(=ચોખા)શબ્દોમાં સમાનપરિણામ(=દ્રવ્યત્વ સામાન્ય) અને અસમાનપરિણામ(=પર્યાય-વિશેષ)ની ક્રમશઃ પ્રધાન અને ગૌણતરીકે વિવક્ષા કરતી વખતે ક્રમશઃ એકવચન અને બહુવચનમાં નિર્દેશ થાય છે. જેમકે *'વ્રીહિરેકોપિ સંપન્નઃ સુભિક્ષં કરોતિ (=એક પણ સંપન્ન થયેલો ચોખો સુકાળ કરે છે.)'* આ સ્થળે સમાનપરિણામને આગળ કરી એકવચનમાં પ્રયોગ છે. તેથી કોઇક એમ કહે છે *"વ્રીહયઃ(=ચોખાઓ) એમ જાતિપ્રધાન નિર્દેશસ્થળે ધર્મી કે રૂપઆદિપર્યાય બેમાંથી એકનું પણ અભિધાન ન હોવાથી અહીં જૈનો કોઇ ઉત્તર આપી શકે તેમ નથી."* આ તદ્દન બાલિશ બબડાટ છે. કેમકે વસ્તુતત્ત્વને સમજ્યા વિના જ ભરડાયું છે. 'વ્રીહયઃ' આ સ્થળે સમાનપરિણામને ગૌણ કરી તથા અસમાનપરિણામને મુખ્ય કરીને કહેવાયું હોવાથી બહુવચન છે.

## *(શબ્દ-અર્થ વચ્ચે વાસ્તવિક સંબંધ)*

વળી કેટલાક સંજ્ઞાભેદના ભેદથી થતાં ભેદને દૂષણ લગાડતાં કહે છે. *"સંજ્ઞા પણ સંકેતના કારણે હોય છે. તથા સંકેત ઇચ્છાને આધીન છે. તેથી સંજ્ઞાભેદથી અર્થભેદ શી રીતે સંભવે ? અર્થાત્ સંજ્ઞાભેદને અર્થભેદસાથે સંબંધ નથી, પણ સંકેત દ્વારા ઇચ્છાસાથે સંબંધ છે."* આ વાત પણ સરાહનીય નથી. કારણકે શબ્દ અને અર્થ વચ્ચેનો સંબંધ વાસ્તવિક છે. તે આ પ્રમાણે ➜ જો શબ્દ-અર્થવચ્ચેનો સંબંધ સાંકેતિક જ ઇષ્ટ હોય, તો જે શબ્દથી 'આ' ઇત્યાદિરૂપે તે શબ્દનો સંકેત કરાય છે (=તે શબ્દને સંકેતરૂપ અપાય છે.) તે શબ્દ પોતે સંકેતયુક્ત થઇને કે સંકેતયુક્ત થયા વિના જ તેમ કરે છે ? તે કહો. જો તે શબ્દ સંકેતયુક્ત થઇને તેમ કરતો હોય, તો તે શબ્દને જે શબ્દથી સંકેત અપાયો, તે શબ્દ પણ સંકેતિત છે કે અસંકેતિત છે ? ઇત્યાદિ પૂર્વપ્રશ્નનું પુનરાવર્તન થશે. આમ અનવસ્થાદોષ આવશે. અને જો અસંકેતિતશબ્દ સંકેત આપતો હોય, તો શબ્દ અર્થવચ્ચેનો સંબંધ વાસ્તવિક ઠરશે. કેમકે અસંકેતિત એવા તે શબ્દથી વિવક્ષિતવાચ્યની પ્રતીતિ થઇ શકે છે. અને વાત શબ્દ અર્થવચ્ચે વાસ્તવિકસંબંધ વિના સંભવે નહિ.

*શંકા* :- ઘટવગેરે બાહ્યઅર્થ(=ઘટવગેરે વસ્તુ) પ્રત્યક્ષજ્ઞાનમાં જે પ્રમાણે ભાસે છે, તે પ્રમાણે શબ્દજન્ય જ્ઞાનમાં ભાસતો નથી. તેથી શબ્દ અને અર્થ વચ્ચે કેવી રીતે વાસ્તવિક સંબંધ માની શકાય ?

**न तथा शब्दोत्थे, तत्कथमनयोः शब्दार्थयोः वास्तवः संबन्धः इति?, तदप्ययुक्तम्, शब्दादपि तादृशस्यैव बाह्यस्यार्थस्य प्रतीतेः, तथाहि–अपवरकमध्यस्थितात् स्थालादधोहरितमुपरि पीतमतिरमणीयं सुरभिगन्धं महदाम्रफलमानयेत्युक्तः सन् तदन्याम्रफलमध्यात्तदेवानयति नान्यदिति, न च शब्दस्यास्पष्टः प्रतिभासो भिन्नविषयतानिबन्धनम्, एकस्मिन्नपि नीलादि–वस्तुनि समीपविप्रकृष्टदेशवर्त्तिनोः पुंसोः स्पष्टास्पष्टप्रतिभासयोरुपलभ्यमानत्वात् । न च वाच्यं शब्दार्थयोः संबन्धस्य वास्तवत्वे सति प्रधानादिशब्दानामपि तात्त्विकविषयताप्रसक्तिः, तेषां मिथ्याभाषावर्गणोपादानत्वेनालीकार्थानामेवाभ्युपगमात्, एवमतीतानागतयोरपि वर्त्तमानत्वेन वाचकानां शब्दानामलीकार्थता द्रष्टव्या, ये त्वतीतानागतयोरप्यतीतानागतत्वेन वाचकाः शब्दास्ते तद्विषये सार्वज्ञज्ञानमिव सत्यार्था एव, एतच्च प्रागेवोक्तम् । एतेन यदप्युच्यते–*"इन्द्रियज्ञाननिर्भासि, वस्तुरूपं हि गोचरः। शब्दानां नैव तत् केन, संज्ञाभेदाद्विभिन्नता?॥१॥"* *"परमार्थैकतानत्वे"*[1] इत्यादिवचनात् । तथा–"शब्देनाव्यापृताक्षस्य, बुद्धावप्रतिभासनात् । अर्थस्य दृष्टाविव तत्, शब्दाः कल्पितगोचराः ॥१॥ कल्पितस्यैव तद्भेदः, संज्ञाभेदाद्भवेद्यदि ॥२॥" तथा *"अन्यदेवेन्द्रियग्राह्यमन्यच्छब्दस्य गोचरः । शब्दात्प्रत्येति भिन्नाक्षो, नतु प्रत्यक्षमीक्षते ॥३॥ इत्यादि"* तदपि प्रत्युक्तमवसेयम्, यथोक्तभावार्थशून्यत्वात् । यदपि चोच्यते–एकस्मिन्नपि च संज्ञाभेदो दृश्यते, यथा इन्द्रः शक्रः पुरंदर इति, तत्कथमस्य भेदनिमित्ततेति । तदपि कवलितनिबिडजडिमोद्गाररूपं, शक्रादिशब्दानामपि स्वस्वभिन्नप्रवृत्तिनिमित्तभावात्, तथाहि––इंदनात् इन्द्रः, शकनात् शक्रः, पूर्दारणात् पुरंदर इति । शक्तिशक्तिमतोश्च कथंचिदभेदात् शक्रादिशब्दैः**

---

*સમાધાન* :– આ વાત બરાબર નથી. કારણકે શબ્દથી પણ પ્રત્યક્ષતુલ્ય જ બાહ્યાર્થ પ્રતીત થાય છે. દા.ત. 'ઓરડાની મધ્યમાં રહેલા થાળામાંથી નીચેથી લીલી અને ઉપરથી પીળી, અત્યંત રમણીય, સુગંધી મોટી કેરી લાવ' એમ કહેવાયેલી વ્યક્તિ તે અને બીજી કેરીઓની મધ્યમાંથી તેજ (=વિવક્ષિત જ) કેરી લાવે છે, બીજી નહિ.

*શંકા* :– છતાં પણ શબ્દથી થતો પ્રતિભાસ અસ્પષ્ટ હોય છે.

*સમાધાન* :– એ પ્રતિભાસ અસ્પષ્ટ હોય, તેટલામાત્રથી કંઇ ભિન્ન વિષયતાનું કારણ ન બને. એમ તો નજીક રહેલા પુરુષને એકની એક નીલવગેરે વસ્તુ સ્પષ્ટ દેખાય અને દૂર રહેલા પુરુષને તે જ વસ્તુ અસ્પષ્ટ દેખાય, એમ પ્રતીતિસિદ્ધ જ છે. પણ તેટલામાત્રથી બન્નેના પ્રત્યક્ષને અલગ અલગ વસ્તુવિષયક માનવામાં આવતું નથી. આ પ્રમાણે પ્રસ્તુતમાં પણ સમજવું.

*શંકા* :– જો શબ્દ–અર્થવચ્ચે વાસ્તવિકસંબંધ હોય, તો સાંખ્યવગેરેમાન્ય પ્રધાન(=પ્રકૃતિ)વગેરે શબ્દોને પણ તાત્વિક વિષયવાળા માનવા પડશે. અર્થાત્ સાંખ્યોએ પ્રધાન વગેરે શબ્દથી ઓળખાવેલ પ્રકૃતિવગેરે તત્ત્વોને સત્યરૂપે સ્વીકારવા પડશે. જે તમને ઇષ્ટ નથી.

*સમાધાન* :– પ્રધાનવગેરે શબ્દો મિથ્યાભાષાવર્ગણાના પુદ્ગળોના ઉપાદાનથી બોલાય છે. તેથી તેઓ અસદ્અર્થના અભિધાયકતરીકે જ માન્ય છે. આ જ પ્રમાણે અતીત અને અનાગતને વર્તમાનરૂપે સૂચવતા શબ્દો પણ અસદ્અર્થવાળા જ સમજવા. જે શબ્દો અતીતને અતીતરૂપે અને અનાગતને અનાગતરૂપે સૂચવે છે, તે શબ્દો તે વિષયમાં સર્વજ્ઞના જ્ઞાનની જેમ સત્યઅર્થવાળા જ છે. આ વાત પૂર્વે બતાવેલી જ છે.

*બૌદ્ધ* :– ઇન્દ્રિયજ્ઞાનમાં પ્રતિભાસ પામતા વસ્તુરૂપ જ ગોચર=વિષય છે. શબ્દોમાં તેમ નથી. (કારણકે શબ્દના વિષયો ઇન્દ્રિયનિર્ભાસી નથી.) તેથી કેવી રીતે સંજ્ઞાભેદથી વિભિન્નતા આવી શકે? કારણકે **પ્રમાણવાર્તિકમાં** '*પરમાર્થૈકતાનત્વે*'(જો શબ્દનો વિષય પરમાર્થએકતાન=પરમાર્થથી વસ્તુરૂપ હોય, તો ભિન્ન-ભિન્ન દર્શનમાં નિત્યત્વ–અનિત્યત્વઆદિરૂપે કલ્પેલા વિરુદ્ધ અર્થમાં શબ્દની અપારમાર્થિક પ્રવૃત્તિ થાય નહી.) તથા શબ્દથી(શબ્દપ્રયોગથી) ઇન્દ્રિયની પ્રવૃત્તિ વિનાનો અર્થ અથવા ઇન્દ્રિયની પ્રવૃત્તિ વિનાની વ્યક્તિને અર્થ બુદ્ધિમાં પ્રતિભાસતો નથી. જેમકે જે અર્થમાં આંખ પ્રવૃત્ત ન થઇ હોય, અથવા જે વ્યક્તિ આંખ ઉઘાડતો નથી, તેની દૃષ્ટિમાં તે અર્થ પ્રતિભાસતો નથી. તેથી શબ્દ માત્ર કલ્પિતવિષયક છે. તેથી જો સંજ્ઞાભેદથી ભેદ પડતો હોય, તો તે કલ્પિત અર્થોમાં જ પડે છે. તથા 'ઇન્દ્રિયગ્રાહ્ય પદાર્થો અલગ છે. શબ્દના વિષયો અલગ છે. ભિન્નાક્ષ (=ભિન્ન ઇન્દ્રિય, અથવા ભિન્ન ઇન્દ્રિયવાળી વ્યક્તિ અથવા ભેદાયેલી આંખવાળો= અંધપુરુષ) શબ્દથી પ્રત્યય કરે છે, પણ પ્રત્યક્ષ દેખતો નથી."

*ઉત્તરપક્ષ* :– અમે પૂર્વે જે કહ્યું તેના ભાવાર્થ ને નહી પકડતી આ વાત તુચ્છ છે. (અમે પૂર્વે કહ્યું જ છે કે શબ્દથી પણ આંખની જેમ જ બાહ્યાર્થની પ્રતીતિ થાય છે. સ્પષ્ટાસ્પષ્ટવિષયતા ગૌણ છે.' ઇત્યાદિ.. એ બધી વાતોથી ઉપરોક્ત વાતોનું નિરાકરણ થાય છે.)

*(સંજ્ઞાભેદથી પણ ભેદાભેદ)*

*શંકા* :– એક જ અર્થમાં અનેક સંજ્ઞારૂપ સંજ્ઞાભેદ દેખાય છે. જેમકે એનો એ ઇન્દ્ર 'શક્ર' 'પુરંદર' વગેરે અનેક સંજ્ઞાથી ઓળખાય છે. તેથી સંજ્ઞાભેદને અર્થભેદમાં નિમિત્ત માની શકાય નહિ.

*સમાધાન* :– આ વચન ગાઢ જડતાનું પ્રતીક છે. કારણકે શક્રવગેરેશબ્દો પણ અલગ અલગ પોતપોતાના પ્રવૃત્તિનિમિત્તો ધરાવે છે. જેમકે ઇન્દનાત્(ઐશ્વર્યવાન હોવાથી) ઇન્દ્ર, શકનાત્(શક્તિમાન હોવાથી) શક્ર, પૂર્દારણાત્(=દાનવના નગરનો સંહાર કરવાથી) પુરંદર ઇત્યાદિ. વળી, શક્તિ અને શક્તિમાન પરસ્પર કથંચિદ્ અભિન્ન છે. તેથી તે–તે શબ્દથી માત્ર તે–તે પોતપોતાની પ્રવૃત્તિમાં કારણભૂત શકનવગેરે શક્તિ(=વાચ્યતા) જ પ્રતીત ન થાય, પરંતુ તે શક્તિવાળી સમસ્ત વસ્તુ જ પ્રતીત થાય. તેથી શક્રવગેરે શબ્દોની શક્તિ અલગ અલગ હોવા છતાં તે શબ્દોથી વાચ્ય(=શક્તિમાન) અર્થ એક જ હોય, અને તે શક્તિઓ પરસ્પર સમાનઅધિકરણતા ધરાવે એ વાત અસંગત નથી બનતી. (કારણકે એક વસ્તુમાં અનેક શક્તિ હોવી અમને માન્ય છે.)

*શંકા* :– આમ હોય, તો પણ એ વાત તો નિશ્ચિત થઇ જ ને, કે એક જ ધર્મીમાં શક્ર વગેરે અનેક સંજ્ઞાશબ્દો પ્રવૃત્ત થઇ

---

1. तद्विरुद्धोपलब्धौ स्यादसत्ताया विनिश्चियः । परमार्थैकतानत्वे शब्दानामनिबन्धना ॥२०१॥ इति पूर्णश्लोकः प्रमाणवार्तिके

शकनादिशक्तिविशिष्टं समस्तमेव वस्तु प्रतीयते, नतु स्वस्वप्रवृत्तिनिमित्तभूतशकनादिशक्तिमात्रम्, ततः शक्रादिशब्दैस्तद्वाचिनां सामानाधिकरण्यमप्युपपद्यत एव । न च वाच्यमेवमपि एकस्मिन् धर्मिरूपे शक्रादिशब्दानां प्रवृत्त्यभ्युपगमान्न संज्ञाभेदो विषयभेदप्रतीतिनिमित्तमिति, तस्यापि कथंचिदनेकस्वभावतया सर्वथैकत्वासिद्धेः । एवं च सति अत्रापि इन्दनात् शकनात् पूर्दारणात् शक्तिभेदो गम्यत इति चेदित्याशङ्क्य यदेतदभिहितं- *"न,समस्तस्यैव कार्यकर्तृत्वात्, नहि शक्तिरेवेन्दति शक्नोति विदारयति च, किं तर्हि?, धर्मिरूपमपि, तयोरेकस्वभावतोपगमात्, शक्नोत्यादिपदैस्तद्वाचिनां सामानाधिकरण्यदर्शनाच्च। न चास्खलद्वृत्तिप्रत्ययविषयत्वादुपचारकल्पनेति"* तदपीह निरवकाशमवसेयम्, शकनादिशक्तिविशिष्टस्य धर्मिरूपस्य कथंचिदनेक-स्वरूपस्य शकनादिशक्तिनिमित्तकैः शक्रादिशब्दैर्वाच्यत्वेनाभ्युपगमादुपचारस्य चानाश्रयणादिति । यः पुनरत्र लक्षणभेदो-ऽभिहितोऽनुवृत्तिलक्षणं द्रव्यमित्यादिरूपः सोऽभ्युपगम्यत एव, न ह्यभ्युपगमा एव बाधायै भवन्तीति । यत्पुनरुच्यते--- *"लक्षणभेदो भेदं प्रति अहेतुरसिद्धत्वात्, न ह्येको भावः क्वचिदन्वयी सिद्धः, अथ न कूटस्थनित्यतया नित्यं द्रव्यमार्हतैरिष्यते, परिणामनित्यतोपगमात्, सा च पूर्वोत्तरक्षणप्रबन्धवृत्त्या, न ह्यस्य पर्यायाणामिवोच्छेदः, पर्याया एव हि पर्यायरूपेण निरुध्यन्ते न तु द्रव्यमिति, तदप्ययुक्तम्, अस्याअपि नित्यताया द्रव्येऽसंभवात्, पर्यायव्यतिरिक्तस्य द्रव्य-स्यैवासिद्धेः, तस्योपलब्धिलक्षणप्राप्तस्य तद्विवेकेनानुपलक्षणादिति"*। तदसमीचीनम्, पर्यायव्यतिरिक्तस्य द्रव्यस्यानुपलक्षणा-सिद्धेः। तथाहि---अन्वयिरूपमिह द्रव्यमुच्यते, तच्चान्वयिरूपं मृल्लक्षणं प्रत्यक्षत एव सकलमृत्पिण्डशिवकस्थासकोश-कुशूलघटकपालादिरूपास्ववस्थास्वनुभूयते, न च वाच्यमन्यैव मृत्पिण्डादिरूपा मृदासीत्, अन्यैव चेयमुपलभ्यमाना घटादि-मृदिति, सतः सर्वथाविनाशायोगात्, तथादर्शनाभावात् । न च प्रदीपादिना व्यभिचारस्तत्रापि तमःप्रभृतिविकारदर्शनात्,

---

શકે. તેથી એમ જ નિશ્ચિત થાય છે કે સંજ્ઞાભેદ વિષય (=વસ્તુ) ના ભેદની પ્રતીતિમાં નિમિત્ત નથી.

*સમાધાન* :- ધર્મી અનેકસ્વભાવવાળો છે. તે-તે સ્વભાવ(=શક્તિ=પ્રવૃત્તિનિમિત્તો) પરસ્પર કથંચિદ્ ભિન્ન છે, તેથી તે-તે સ્વભાવરૂપે ધર્મીમાં પણ કથંચિદ્ભેદ સિદ્ધ છે. અર્થાત્ સર્વથા એકત્વ અસિદ્ધ છે. તેથી સંજ્ઞાભેદથી વિષયભેદના સ્વીકારમાં બાધ નથી. (અહીં કોઇક પૂર્વપક્ષ આર્હત (=જૈન) તરફથી શંકા ઉઠાવી ખંડન કરે છે.)

*જૈન* :- આમ અહીં પણ (એક અર્થમાં પણ) ઐશ્વર્યથી, શક્તિથી અને નગરના દારણથી શક્તિભેદ દેખાય છે.

*પૂર્વપક્ષકાર* :- આ બરાબર નથી. વસ્તુ સમસ્તરૂપે જ કાર્ય કરે છે. એવું નથી કે શક્તિ પોતે જ ઐશ્વર્ય અનુભવે છે, સમર્થ છે અને વિદારણ કરે છે. પરંતુ શક્તિયુક્ત ધર્મી પોતે પણ ઐશ્વર્યઆદિ અનુભવની ક્રિયા કરે છે. કેમકે શક્તિ અને શક્તિમાન વચ્ચે એકસ્વભાવતા સ્વીકારી છે. અને શક્નોતિ(=કરી શકે છે)વગેરે ક્રિયાપદોની તે-તે વાચ્ય(=શક્રવગેરે) અર્થો સાથે સમાનાધિકરણતા પણ દેખાય છે. આ વાત અસ્ખલદ્વૃત્તિપ્રત્યયનો વિષય છે (=અબાધિતપ્રત્યક્ષનો વિષય છે.) તેથી આ અંગે ઉપચારની કલ્પના પણ યોગ્ય નથી. (અથવા શક્રવગેરે શબ્દો એકાર્થવાચીતરીકે અસ્ખલદ્વૃત્તિ પ્રત્યયના વિષય છે. તેથી ત્યાં એકાર્થવાચિતા ઉપચારની કલ્પનાથી છે તેમ પણ નથી.) *તાત્પર્ય* :- શક્નોતિ વગેરે શક્તિઓ પરસ્પર ભિન્ન છે. તેથી તે તે શક્તિઓથી અભિન્ન તે-તે ધર્મીઓ પણ પરસ્પર ભિન્ન થશે. તેથી સંજ્ઞાભેદે વિષયભેદ સ્વીકારવામાં એક અર્થમાં દેખાતી અનેક સંજ્ઞા અનુપપન્ન બને છે.

*ઉત્તરપક્ષ (જૈન)* :- આ વાત પણ અહીં લાગુ પડતી નથી. કેમકે અમે જેમ શક્તિ અને શક્તિમાન વચ્ચે કથંચિદ્ અભેદ સ્વીકારીએ છીએ, તેમ શક્તિમાન(=ધર્મી)ને અનેક શક્તિ(=સ્વભાવ)વાળો પણ સ્વીકારીએ છીએ. અને તે-તે સ્વભાવોની અનેકતા થી તે ધર્મીને પણ કથંચિદ્ અનેકરૂપે સ્વીકારીએ છીએ. તેથી શકન(=સામર્થ્ય)આદિ શક્તિનિમિત્તક શક્રાદિ તે-તે શબ્દોના વાચ્ય તરીકે (તે-તે શક્તિ સાથે અભેદ હોવાથી) પણ તે ધર્મીને સ્વીકારીએ છીએ. (*તાત્પર્ય*:- એક જ ઇન્દ્રવ્યક્તિમાં ઐશ્વર્ય, સામર્થ્ય, વિદારણઆદિ સ્વભાવો રહેલા છે. તેમાંથી જે સામર્થ્યવગેરે સ્વભાવને આગળ કરી 'શક્ર'આદિ જે શબ્દપ્રયોગ થાય, તે શબ્દથી શક્રઆદિરૂપે(=સામર્થ્યવાનરૂપ) તે ઇન્દ્રઆદિની પ્રતીતિ થાય છે.) અહીં આ પદાર્થ વાસ્તવિક છે. તેથી ઉપચારનો આશ્રય લેવાની જરૂર જ નથી. આમ સંજ્ઞાભેદે અર્થભેદ માન્ય જ છે.

## *(સત્નો સર્વથા વિનાશ ન થાય)*

વળી, પૂર્વે જે 'દ્રવ્ય અનુવૃત્તિરૂપ છે' ઇત્યાદિરૂપ લક્ષણભેદ દર્શાવ્યો. તે અમને સ્વીકૃત જ છે. પણ એમ અભ્યુપગમ (=સ્વકૃતિ)માત્રથી કંઇ બાધા પહોંચતી નથી. (અભ્યુપગમ સ્વયં બાધારૂપ નથી. અહીં પૂર્વપક્ષકારે સ્વગ્રન્થમાં જૈનમતવિરુદ્ધ જે કંઇ બકવાટ કર્યો છે.તે પૂર્વપક્ષરૂપે ટીકાકાર સ્વયં રજૂ કરે છે.)

*પૂર્વપક્ષ* :- લક્ષણભેદ વિષયભેદપ્રત્યે કારણ નથી, કારણકે અસિદ્ધ છે. ક્યારેય પણ એક ભાવ અન્વયીતરીકે સિદ્ધ નથી. (કૂટસ્થનિત્યસ્થળે હંમેશા વસ્તુ એક જ ભાવરૂપે માનવી પડે. અને ક્યારેય એક જ ભાવરૂપે અન્વય થાય નહિ.)

*શંકા* :- જૈનો વસ્તુને કૂટસ્થ નિત્ય નહીં, પણ પરિણામી નિત્ય માને છે. તેથી તે જ વસ્તુ અન્ય અન્યરૂપે અન્વય પામતી હોય, તેમાં દોષ ક્યાં છે ? કેમકે પૂર્વોત્તરક્ષણોની પરંપરારૂપે રહેવું એ જ પરિણામી નિત્યતાનો અર્થ છે. અને દ્રવ્યનો પર્યાયો ની જેમ ઉચ્છેદ થતો નથી. પર્યાયો જ પર્યાયરૂપે નિરોધ=નાશ પામે છે, નહિ કે તે પર્યાયોમાં સંકળાયેલું દ્રવ્ય. તેથી દોષ નથી.

*સમાધાન* :- આ વાત બરાબર નથી. આવી પરિણામનિત્યતા પણ દ્રવ્યમાં સંભવતી નથી. કારણકે જો દ્રવ્ય સત્ હોય, તો તે ઉપલબ્ધ થવું જોઇએ. અર્થાત્ તે ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત છે. છતાં પણ પર્યાયોથી અલગરૂપે તે ઉપલબ્ધ થતું નથી. તેથી પર્યાયથી જુદું દ્રવ્ય જ અસિદ્ધ છે.

*ઉત્તરપક્ષ* (જૈન) :- તમારી વાત બરાબર નથી. કેમકે 'પર્યાયથી વ્યતિરિક્તરૂપે દ્રવ્ય ઉપલબ્ધ થતું નથી' એ વાત જ ગલત છે. જૂઓ ➡ દ્રવ્ય અન્વયિરૂપ કહેવાયું છે. અને માટીરૂપ આ અન્વયિસ્વરૂપ માટીનો પિંડ, શિવક, સ્થાસ, કોશ, કુશૂલ,

तथाऽत्यन्तासत उत्पादायोगात्, खरविषाणस्याप्युत्पत्तिप्रसङ्गात् । अथोच्येत विवक्षितं कारणं विवक्षितकार्यजननस्वभावमेव न तु खरविषाणजननस्वभावमपि, तत्कथं तस्याप्युत्पत्तिप्रसङ्ग इति, तदप्ययुक्तम्, कार्यकाले कारणस्य निरन्वयविनष्टतया तदव्यतिरिक्तस्य तज्जननस्वभावस्याप्यभावेनोभयत्रापि विशेषाभावात् । तन्न पिण्डमृदः सर्वथाऽन्यैव घटमृदित्यनुयायिनी मृत्, ततः पर्यायव्यतिरिक्तस्य द्रव्यस्योपलब्धिलक्षणप्राप्तस्यानुपलक्षणमसिद्धमितिस्थितम् । एवं च सति यदवादीत्-"*पर्यायेष्वेव तुल्यरूपकार्यकर्तृषु द्रव्याभिमानो मन्दमतीनां न पुनस्तत्त्वतो विलक्षणमुपलक्ष्यते इति*" तत्तस्यैव मन्दमतितासूचकम्, उक्तवत्तदनुपलम्भासिद्धेः। योऽपि च प्राक्कार्यभेदो दर्शितो, यथा--"घटेनोदकाहरणं क्रियते रूपादिभिस्तु वस्तुराग इति" सोऽपि परसिद्धान्तात्यन्तानभिज्ञतासूचको, न ह्येवमार्हतैर्द्रव्यपर्याययोः कार्यभेदोऽभ्युपगम्यते, घटस्योत्कलितरूपादिगुणानां च तत्परमाणूनां प्रत्येकं द्रव्यपर्यायस्वभावतयोभयरूपस्यैव वस्तुन उदकाहरणवस्तुरागादिक्रियासु प्रवृत्तेः, किंतु संवेदनादिलक्षणः, स च प्रतिप्राण्यनुभवसिद्धत्वादप्रतिक्षेपार्हः, तथाहि--देशान्तरे-कालान्तरे-नरान्तरे-अवस्थान्तरे च मृत्पिण्डशिवकस्थास-कोशकुशूलघटकपालादिष्वविशेषेण सर्वत्रानुवृत्तस्य मृदन्वयस्य संवेदनमनुभूयते, प्रतिभेदव्यवस्थितपर्यायव्यावृत्तिसंवेदनं च । न चेदमसिद्धं, यतो न यथाप्रतिभासं मृत्पिण्डसंवेदनं तथाप्रतिभासमेव शिवकसंवेदनमाकारभेदानुभवात्। न च यथाप्रतिभास-भेदमेव तद्विजातीयेषु दहनपवनवनस्पत्यादिषु तथाप्रतिभासभेदमेव मृत्पिण्डशिवकादिषु, मृद्रूपान्वयानुभवादिति कृतं प्रसङ्गेन। तदेवं जात्यन्तरात्मकभेदाभेदपक्षः सकलदोषविनिर्मुक्तत्वात्सद्वादो न केवलभेदाभेदवादाविति स्थितम् ॥३४१॥

अत्र परश्चुचोदयिषुरिदमाह--

---

ઘટ, કપાલ આદિરૂપ બધી જ અવસ્થાઓમાં પ્રત્યક્ષથી ઉપલબ્ધ થાય છે. એમ નહિ કહેવું કે "મૃત્પિણ્ડાદિમાં રહેલી માટી અન્ય હતી, અને અત્યારે ઘડાવગેરેમાં ઉપલબ્ધ થતી માટી અન્યરૂપ જ છે." કારણકે સત વસ્તુનો સર્વથા વિનાશ થતો ક્યારેય દેખાતો નથી. તેથી મૃત્પિણ્ડગત માટીનો સર્વથા વિનાશ ન માનતા ઉત્તર ઉત્તરની અવસ્થામાં અન્વય સ્વીકારવો યુક્તિસંગત છે.

*શંકા* :- 'સત્ નો સર્વથા વિનાશ ન થાય' એવા નિયમમાં પ્રદીપજ્યોત અનૈકાન્તિકતાનું આપાદન કરે છે. કેમકે પ્રત્યેક ક્ષણે પૂર્વ-પૂર્વની જ્યોતનો સર્વથા વિનાશ થતો દેખાય છે.

*સમાધાન* :- આ જ્યોતનો સર્વથા વિનાશ થતો નથી. કેમકે અહીં પણ અંધકારવગેરે(પ્રભૃતિશબ્દથી કાજળવગેરે) વિકાર દેખાય જ છે. જ્યોત સ્વયં તે ઉત્તરપર્યાયને પામે છે. આ જ પ્રમાણે ખપુષ્પવત્ અત્યન્ત અસત્‌ની ઉત્પત્તિ સંભવે નહિ. અન્યથા ગધેડાના શિંગડાની ઉત્પત્તિનો પણ પ્રસંગ આવે. તેથી ઘટાદિગત માટીને પૂર્વે અત્યન્તઅસત્ સ્વીકારી પછી તેની ઉત્પત્તિ માનવા કરતા, પૂર્વીયમાટીનો જ અન્વય સ્વીકારવો યોગ્ય છે. કારણકે દૃષ્ટ પણ તેમ જ છે. યુક્તિઆદિથી ઈષ્ટ પણ તે જ છે.

*શંકા* :- તે-તે અભિપ્રેત કારણ તે-તે અભિપ્રેત કાર્ય ઉત્પન્ન કરવાનો સ્વભાવ ધરાવે છે. તેથી અત્યન્તઅસત્ ઘટઆદિ માટી ઉત્પન્ન થઇ શકે. કોઇપણ કારણ ગધેડાના શિંગડાને ઉત્પન્ન કરવાનો સ્વભાવ ધરાવતું નથી. તેથી તેવા સ્વભાવના અભાવમાં ગધેડાના શિંગડા ઉત્પન્ન થવાનો પ્રસંગ જ ક્યાંથી આવશે ?

*સમાધાન* :- આ વાત બરાબર નથી. તમારા મતે તો કાર્યકાળે કારણ સર્વથા વિનાશ પામ્યું હોવાથી કારણથી અભિન્ન કારણનો તેવો કાર્યજનનસ્વભાવ પણ નષ્ટ થશે. આમ કાર્યકાળે તો કારણના તે-તે જનનસ્વભાવોનો અભાવ બન્ને સ્થાને (ગધેડાના શિંગડા અને ઘડાન સ્થાને) તુલ્ય જ છે. તેથી અત્યન્ત અસત્‌ની ઉત્પત્તિ સ્વીકારવામાં ગધેડાના શિંગડાની ઉત્પત્તિની આપત્તિ ઉભી જ છે. તેથી 'ઘટમાટીથી પિણ્ડમાટી સર્વથા ભિન્ન જ છે,' તે વાત ખોટી છે. તેથી માટીવગેરે દ્રવ્યો અન્વયી સિદ્ધ થાય છે. તેથી 'પર્યાયથી ભિન્ન દ્રવ્ય ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત હોવા છતાં ઉપલબ્ધ થતું નથી' તે વાત અસિદ્ધ નિશ્ચિત થાય છે. તેથી જ બીજાઓ જે કહે છે કે ➡ "તુલ્યરૂપે કાર્ય કરતા પર્યાયોમાં જ અલ્પબુદ્ધિવાળાઓને દ્રવ્યની મિથ્યાબુદ્ધિ થાય છે. પરંતુ વાસ્તવમાં પર્યાયથી વિલક્ષણ દ્રવ્ય ક્યારેય ઉપલક્ષિત થતું નથી." તે તેઓની જ અલ્પબુદ્ધિનું સૂચક છે. કેમકે ઉપર બતાવ્યું તેમ દ્રવ્યની વિલક્ષણરૂપે ઉપલબ્ધિ અસિદ્ધ નથી.

### *(દ્રવ્ય-પર્યાય-ઉભય ક્રિયામાં પ્રવૃત્ત)*

તથા પૂર્વે પૂર્વપક્ષકારે દ્રવ્ય-પર્યાયવચ્ચે કાર્યભેદ દર્શાવ્યો કે "ઘડાથી પાણી લાવવાની ક્રિયા થાય છે જ્યારે રૂપવગેરે થી વસ્તુરાગ થાય છે." પૂર્વપક્ષકારની આ વાત પણ પર(=જૈન)સિદ્ધાન્તઅંગે તેઓની અત્યંત અજ્ઞાનતાને જ છતી કરે છે. જૈનો દ્રવ્ય પર્યાયવચ્ચે આવો કાર્યભેદ સ્વીકારતા જ નથી. જૈનમતે ઘડો અને તેના ઉદ્ભૂતરૂપવગેરે ગુણોવાળા પરમાણુઓ આ પ્રત્યેક, દ્રવ્ય-પર્યાયઉભયસ્વભાવવાળા છે. તેથી દ્રવ્યપર્યાયઉભયાત્મક વસ્તુ જ પાણી લાવવું અને વસ્તુરાગવગેરે ક્રિયામાં પ્રવર્તે છે. આમ જૈનમતે પૂર્વોક્ત કાર્યભેદ ઇષ્ટ નથી, પણ સંવેદનઆદિરૂપ ભેદ ઇષ્ટ છે. અને આ બધાને અનુભવસિદ્ધ હોવાથી દૂષણ દેવા યોગ્ય નથી. જૂઓ ➡ દેશાન્તરમાં-કાળાંતરમાં-પુરુષાન્તરમાં-અવસ્થાન્તરમાં, આ દરેકમાં મૃત્પિણ્ડ, શિવક, સ્થાસ, કોશ, કુશૂલ, ઘટ, કપાલવગેરે બધામાં અનુવૃત્તિ પામતા માટીના અન્વયનું સંવેદન થાય છે. (=ભિન્નદેશમાં રહેલા, અને ભિન્ન કાળમાં રહેલા જુદા જુદા પુરુષોને કે એક જ પુરુષને જૂદી જૂદી અવસ્થાવખતે પણ ઉપરોક્ત બધામાં માટીના અન્વયનું સંવેદન થાય છે.) તે જ પ્રમાણે તે જ માટીના પિણ્ડઆદિ દરેક ભેદમાં નિશ્ચિતરૂપે રહેલા પર્યાયભેદનું પણ સંવેદન થાય છે. અને આ અસિદ્ધ પણ નથી. કારણ કે મૃત્પિણ્ડનું સંવેદન જેવા પ્રતિભાસવાળું છે, તેવા જ પ્રતિભાસવાળું શિવકનું સંવેદન નથી. કારણકે બન્નેનાં બોધના આકારમાં સ્પષ્ટભેદનો અનુભવ થાય છે. છતાં, આ પ્રતિભાસનો ભેદ તેવો તો નથી જ, જેવો અગ્નિ, પવન, વનસ્પતિવગેરેમાં માટીઆદિથી પ્રતિભાસનો ભેદ છે. કારણકે અગ્નિવગેરેમાં માટીનું અન્વયરૂપ નથી, જ્યારે પિણ્ડવગેરેમાં માટીરૂપ દ્રવ્યનો અન્વય અનુભવાય છે. (એક અન્વયી દ્રવ્યના બે પર્યાયમાં ભેદ ભાસે છે. પણ તે ભેદ ભિન્નદ્રવ્યના પર્યાયથી ભાસતા ભેદ કરતાં વિલક્ષણ છે. આ વિલક્ષણતા દ્રવ્યના અન્વયિપણાને કારણે છે.) આ બાબતમાં પ્રસંગથી સર્યું. આમ, જાત્યન્તરરૂપ ભેદાભેદપક્ષ સઘળા'ય દોષોથી વિમુક્ત છે. તેથી ભેદાભેદપક્ષવાદ જ સદ્વાદ છે, નહિ કે માત્ર ભેદવાદ અને માત્ર અભેદવાદ, તેમ નિશ્ચય થાય છે. ॥૩૪૧॥

धम्मम्मि नियत्तंते जइ णो दव्वं नियत्तई भेओ ।
अह उ णियत्तइ एवं तओ अभेउत्ति कहमुभयं? ॥ ३४२ ॥

(धर्मे निवर्त्तमाने यदि नो द्रव्यं निवर्त्तते भेदः । अथ तु निवर्त्तते एवं ततोऽभेद इति कथमुभयम्)

ननु पर्यायनिवृत्तौ द्रव्यं निवर्त्तते न वा?, तत्र यदि *धर्मे*-पर्याये निवर्त्तमाने द्रव्यं न निवर्त्तत इति पक्षस्तर्हि द्रव्यपर्याययोर्भेदप्रसङ्गः । *तथाहि*--यस्मिन् निवर्त्तमानेऽपि यन्न निवर्त्तते तत्ततो भिन्नं, यथा घटात्पटः, न निवर्त्तते च पर्याये निवर्त्तमानेऽपि द्रव्यमिति व्यापकविरुद्धोपलब्धिः। अभेदो हि तुल्ययोगक्षेमतया व्याप्तः, अन्यथा तद्व्यवस्था-विलोपप्रसङ्गात्, तद्विरुद्धं चेदमेकतरनिवृत्तावन्यानिवर्त्तनमिति । अथ निवर्त्तत इति पक्षः? एवं तर्हि ततो द्रव्यात्पर्याय-स्याभेद एव प्राप्नोति, तुल्ययोगक्षेमत्वात् इति । तस्मात्कथं द्रव्यपर्याययोरुभयं भेदाभेदलक्षणं भवति, उक्तवदेकान्तेन भेदस्याभेदस्य वा युज्यमानत्वादिति ॥३४२॥ अत्राह--

[1]उभयं अणुहवसिद्धं भणियमिणं अणुहवोऽवि कह तम्मि? ।
लंघइ वियप्पजुयलंति हंत तो सो तदाभासो ॥ ३४३ ॥
मोत्तूणमणुभवं किं पमाणभावो वियप्पजुयलस्स? ।
तदणुहवस्सवि एवं अपमाणत्तम्मि किं तेण? ॥ ३४४ ॥

(मुक्त्वाऽनुभवं किं प्रमाणभावो विकल्पयुगलस्य? । तदनुभवस्यापि एवमप्रमाणत्वे किं तेन?)

ननु *विकल्पयुगलस्यापि* भवदुक्तस्यानुभवं मुक्त्वा किमन्यत् *प्रमाणभावः* प्रामाण्यं?, नैव किंचित्, किंतु स एवानुभव इति भावः, स चानुभवो भवतोऽप्रमाणम्, ततश्च *तदनुभवस्यापि*--भवदुक्तविकल्पयुगलानुभवस्यापि एवं भेदाभेदानुभवस्येवाप्रमाणत्वे सति *किं तेन*-विकल्पयुगलकेनोपन्यस्तेन?, अप्रमाणस्य साधकबाधकभावानुपपत्तेः ॥३४४॥

तहवि य पमाणभावो जइ तस्सितरस्स णेति का जुत्ती ? ।
अह उ अबाहियबोधत्तणं न इयरेण बाधातो ॥ ३४५ ॥

(तथापि च प्रमाणभावो यदि तस्येतरस्य नेति का युक्तिः? । अथ तु अबाधितबोधत्वं नेतरेण बाधातः)

---

(દ્રવ્ય-પર્યાયવચ્ચે ભેદાભેદ)

અહીં પરપક્ષ પ્રેરણા કરવાની ઇચ્છાથી આમ કહે છે-

*ગાથાર્થ* :- (પૂર્વપક્ષ) :- પર્યાયની નિવૃત્તિમાં દ્રવ્ય નિવૃત્ત થાય છે કે નહિ ? જો ધર્મ=પર્યાયની નિવૃત્તિમાં દ્રવ્ય નિવૃત્ત થતું નથી, તેવો પક્ષ લેશો, તો દ્રવ્ય-પર્યાયવચ્ચે ભેદ સ્વીકારવાનો પ્રસંગ છે. તે આ પ્રમાણે ➡ 'જે નિવૃત્ત થવા છતાં પણ જે નિવૃત્ત થતું નથી, તે તેનાથી ભિન્ન છે. જેમકે ઘડાથી પટ=કપડો.' (ઘટની નિવૃત્તિમાં પણ પટ નિવૃત્ત થતું નથી, તેથી ઘટ પટથી ભિન્ન છે.) આ જ પ્રમાણે પર્યાય નિવૃત્ત થતો હોવા છતાં પણ દ્રવ્ય નિવૃત્ત થતું નથી. આમ વ્યાપકવિરુદ્ધઉપલબ્ધિ છે. અભેદ તુલ્યયોગ ક્ષેમતાથી વ્યાપ્ત છે. (અર્થાત્ જ્યાં અભેદ હોય, ત્યાં તુલ્યયોગક્ષેમ હોય જ. અભેદ વ્યાપ્ય છે. તુલ્યયોગક્ષેમ વ્યાપક છે.) આ વ્યાપ્તિ ન સ્વીકારવામાં તો ભેદ-અભેદઆદિ વ્યવસ્થા ભાંગી પડે. દ્રવ્ય-પર્યાયસ્થળે આ વ્યાપ્તિથી વિરુદ્ધ દેખાય છે. કેમકે બેમાંથી એક (=પર્યાય)ની નિવૃત્તિમાં પણ બીજું નિવૃત્ત થતું નથી. (આમ અહીં તુલ્યયોગક્ષેમરૂપવ્યાપકથી વિરુદ્ધ તુલ્યયોગક્ષેમના અભાવરૂપ ભેદની ઉપલબ્ધિ થાય છે.) તેથી દ્રવ્ય-પર્યાયવચ્ચે ભેદ સિદ્ધ થશે. હવે જો પર્યાયની નિવૃત્તિમાં દ્રવ્ય ની પણ નિવૃત્તિ સ્વીકારશો, તો બન્ને વચ્ચે માત્ર અભેદ જ સિદ્ધ થશે, કેમકે બન્નેવચ્ચે તુલ્યયોગક્ષેમતા છે. તેથી દ્રવ્ય-પર્યાય આ બન્નેવચ્ચે ભેદાભેદપક્ષ સંગત નથી. કારણકે ઉપરોક્ત તર્કથી એકાન્તે ભેદ કે એકાન્તે અભેદ જ સંગત ઠરે છે. ॥૩૪૨॥

અહીં ઉત્તરપક્ષ દર્શાવે છે.

*ગાથાર્થ* :- (ઉત્તરપક્ષ) ભેદાભેદ (સંવલિત) ઉભયરૂપ અનુભવસિદ્ધ છે, તે ઉપર જ કહી દીધું છે.

*પૂર્વપક્ષ* :- તે અનુભવ પણ ઉભયત: કેવી રીતે ઘટી શકે ? અર્થાત્ ન ઘટે. કેમકે ગા. ૩૪૨ પ્રમાણે વિકલ્પયુગલ તે અનુભવને ઉલ્લંઘી જાય છે. બાધિત કરે છે. તેથી તે ભેદાભેદઉભયનો કહેવાતો અનુભવ અનુભવાભાસ માત્ર છે. તે લંઘે (=અતિક્રમે) શી રીતે? (અર્થાત્ વિકલ્પયુગલને ઓળંગી ભેદાભેદઉભયનો અનુભવ થઇ ન શકે.) તેથી જે ઉભયનો અનુભવ થાય છે, તે અનુભવાભાસ છે પ્રમાણભૂત નથી. (આ ગાથાની ટીકા ન હોવાથી સ્વકલ્પનાથી અર્થ બેસાડ્યો છે. ગીતાર્થો યોગ્યાયોગ્યનો નિર્ણય કરે.) ॥૩૪૩॥

*ગાથાર્થ* :- (ઉત્તરપક્ષ) તમે કહેલા વિકલ્પયુગલઅંગે પણ અનુભવને છોડી બીજું શું પ્રમાણ છે ? અર્થાત્ બીજું કોઇ પ્રમાણ નથી. અને તમે, અનુભવને અનુભવાભાસ કહી અપ્રમાણ ઠેરવો છો. તેથી તમે કહેલા વિકલ્પયુગલનો અનુભવ પણ ભેદાભેદના અનુભવની જેમ અપ્રમાણ ઠરતો હોવાથી તેના વિચારથી સર્યું. કેમકે અપ્રમાણભૂત વસ્તુ સ્વયં કશાનું સાધક કે બાધક બને નહિ. ॥૩૪૪॥

*ગાથાર્થ* :- ભેદાભેદોભયાનુભવ અને વિકલ્પયુગલાનુભવ બન્ને અનુભવરૂપે સમાન હોવા છતાં 'વિકલ્પયુગલ અનુભવ પ્રમાણભૂત છે, અને ભેદાભેદઉભયાનુભવ પ્રમાણ નથી' એવી કલ્પના કરવામાં શું યુક્તિ છે? અર્થાત્ કોઇ યુક્તિ નથી. માત્ર વચનરૂપ જ છે.

---

1. अस्या मूलगाथाया वृत्तिर्न दृश्यते, छाया त्वियम्--उभयमनुभवसिद्धं भणितमिदमनुभवोऽपि कथं तस्मिन्? । लङ्घते विकल्पयुगलमिति हन्त ततः स तदाभासः ॥३४३॥

*तथापि*–अनुभवरूपत्वाविशेषेऽपि यदि *तस्य*–भवदुक्तविकल्पयुगलानुभवस्य प्रमाणभावो नत्वितरस्य–भेदाभेदोभयानुभवस्य तर्हि *'इति'* एवं कल्पनायां का युक्तिः?, नैव काचित्, किंत्विदं वचनमात्रमेवेतिभावः। **अथोच्येत अबाधितबोधत्वमेव युक्तिः, तथाहि**–न विकल्पयुगलानुभवसंबन्धी *बोधः*–परिच्छेदः केनाप्यपाकर्त्तुं शक्यते, तस्मादसौ प्रमाणमेव। एतत् प्रतिषेधति–*'नेति'* यदेतदुक्तं तन्न । कुत इत्याह–*इतरेण*—भेदानुभवेन(भेदाभेदानुभवेन–पाठा०) तस्य विकल्पयुगलानुभवस्य बाधातः बाध्यमानत्वात् ॥३४५॥

**तस्स तु ण तेण बाधा तदभावे तस्स चेवऽभावाओ ।**
**एगंतनिच्चऽनिच्चम्मि भाविओ चेव सो किंच ॥ ३४६ ॥**

(तस्य तु न तेन बाधा तदभावे तस्यैवाभावात् । एकान्तनित्यानित्ये भावित एव स किञ्च)

*तस्य* पुनर्भेदाभेदानुभवस्य न तेन–विकल्पयुगलानुभवेन बाधा । कुत इत्याह–*तदभावे*–द्रव्यपर्याययोः केवलभेदाभेदनिरासेन जात्यन्तरात्मकभेदाभेदाभावे *तस्य*–विकल्पयुगलानुभवस्याभावात् । **तथाहि**–अयं विकल्पयुगलानुभवः प्रदीर्घानुस्यूतरूपोऽनुभूयते, तच्च प्रदीर्घानुस्यूतरूपत्वं न तस्यैव तथापरिणमनमन्तरेणोपपद्यते, तथापरिणामाभ्युपगमे च द्रव्यपर्याययोर्भेदाभेद एवान्यथा परिणामायोगात्, ततो द्रव्यपर्यायभेदाभेदानभ्युपगमे तस्यैव प्रदीर्घानुस्यूतरूपविकल्पयुगलानुभवस्याभावो भवति । ननु कथमेष प्रदीर्घानुस्यूतरूपो विकल्पयुगलानुभवो न तस्यैव तथापरिणमनमन्तरेणोपपद्यते येन द्रव्यपर्याययोर्भेदाभेदानभ्युपगमे तस्यैवाभावः स्यादित्यत आह–*'एगंतेत्यादि'* सः–प्रदीर्घानुस्यूतरूपविकल्पयुगलानुभवाभावः प्रागेव एकान्तनित्यपक्षे *'एवं अणुहवसिद्धो घडपडसंवेदणादिभेदोवि'*इत्यादिना ग्रन्थेन, एकान्तानित्यपक्षे च *"णणु सो विणस्सरोच्चिय"* इत्यादिना भावित एवेति नेह पुनर्भाव्यते, तन्न भेदाभेदानुभवस्य तेन विकल्पयुगलानुभवेन बाधा, तथा च सत्यसावबाधितबोधत्वात्प्रमाणं प्रमाणत्वाच्च तत्सिद्धौ भेदाभेदः सुसिद्ध इति। यत्पुनरुक्तं–*'यस्मिन्निवर्त्तमाने यन्न निवर्त्तते तत्ततो भिन्नमित्यादि'*, तदप्ययुक्तम्, तुल्ययोगक्षेमताया अभेदव्यापकत्वासिद्धेः, तस्यास्तन्निबन्धनत्वाभावात्, तद्धि तस्य व्यापकं यदन्वयव्यतिरेकौ यदनुकरोति, न चाभेदस्तुल्ययोगक्षेमताया अन्वयं व्यतिरेकं वाऽनुकरोति, व्यभिचारदर्शनात्,

---

*પૂર્વપક્ષ* :– વિકલ્પયુગલનો અબાધિતઅનુભવ જ અહીં યુક્તિરૂપ છે. જૂઓ ➡ વિકલ્પયુગલના અનુભવસંબંધી થતા બોધનો કોઇ પ્રમાણથી કોઇપણ વ્યક્તિથી છેદ ઊડાડી શકાય તેમ નથી. તેથી તે પ્રમાણભૂત જ છે.

*ઉત્તરપક્ષ* :– તમે કહ્યું તે સાચું નથી. કારણકે ભેદાભેદઉભયઅનુભવથી વિકલ્પયુગલનો અનુભવ બાધિત થાય છે.॥૩૪૫॥

*ગાથાર્થ* :– તે ભેદાભેદઅનુભવને વિકલ્પયુગલાનુભવથી બાધા નથી. કારણકે દ્રવ્ય-પર્યાયવચ્ચે માત્ર ભેદ અને માત્ર અભેદનો નિષેધ કરી જાત્યન્તરરૂપે બતાવેલા ભેદાભેદના અભાવમાં વિકલ્પયુગલનો અનુભવ થઇ શકે નહિ. તે આ પ્રમાણે ➡ આ વિકલ્પયુગલઅનુભવ પ્રદીર્ઘ અને એક બીજામાં અનુસ્યૂત વણાયેલારૂપે અનુભવાય છે. આ પ્રદીર્ઘતા અને વણાયેલાપણું અનુભવના તેવા પરિણમન વિના સંભવે નહિ. અને તેવા પરિણામના સ્વીકારમાં દ્રવ્ય-પર્યાયવચ્ચે ભેદાભેદ જ નિશ્ચિત થાય છે. કારણકે ભેદાભેદ વિના તથાપરિણામ શક્ય જ નથી. તેથી દ્રવ્ય-પર્યાયવચ્ચે ભેદાભેદનો સ્વીકાર ન કરો, તો વિકલ્પયુગલના પ્રદીર્ઘઅનુસ્યૂતરૂપ અનુભવનો અભાવ જ આવે.

*શંકા* :– 'દ્રવ્ય-પર્યાયવચ્ચે ભેદાભેદના અભાવમાં તથાપરિણામનો અભાવ આવે, અને તો, પ્રદીર્ઘઅનુસ્યૂતરૂપ વિકલ્પ યુગલઅનુભવનો અભાવ આવે,' એમ તમે કહો છો, પણ એ તો બતાવો કે 'પ્રદીર્ઘઅનુસ્યૂતરૂપ વિકલ્પયુગલઅનુભવ તેના જ તેવા પરિણામ વિના અનુપપન્ન છે' એમ કેવી રીતે કહી શકાય?

*(એકમેકતા અભેદનિયામક)*

*સમાધાન* :– જો અહીં પરિણામવાદ નહિ સ્વીકારો, તો એકાન્તનિત્યપક્ષ કે એકાન્તઅનિત્યપક્ષ સ્વીકારવાનો રહે. તેમાં એકાન્તનિત્યપક્ષે પ્રદીર્ઘઅનુસ્યૂત અનુભવ અસિદ્ધ છે, તે પૂર્વે જ *'એવં અણુહવસિદ્ધો ઘડપડસંવેદણાદિભેદોવિ'* (ગા.૨૧૮)સ્થળે સિદ્ધ કર્યું છે. એકાન્તઅનિત્યપક્ષે તેની અસિદ્ધિ *'ણણુ સો વિણસ્સરોચ્ચિય'* (ગા.૩૦૩) ઇત્યાદિ ગાથાથી કરી છે. તેથી અહીં ફરીથી ભાવન કરતા નથી. આમ પ્રદીર્ઘઅનુસ્યૂતઅનુભવ તથાપરિણામ વિના શક્ય નથી. અને તથાપરિણામ દ્રવ્ય-પર્યાયના ભેદાભેદ વિના શક્ય નથી. તેથી વિકલ્પયુગલના અનુભવથી ભેદાભેદઅનુભવને બાધા પહોંચે તેમ નથી. તેથી ભેદાભેદઅનુભવ અબાધિત અને પ્રમાણભૂત છે, અને તે પ્રમાણરૂપ હોવાથી જ ભેદાભેદ સુસિદ્ધ છે. વળી પૂર્વે (ગા. ૩૪૩ની ટીકામાં) જે કહ્યું કે 'જે નિવૃત્ત થવા છતાં જે નિવૃત્ત ન થાય, તે તેનાથી ભિન્ન હોય' તે કથન પણ તદ્દન વાહિયાત છે. કારણકે તુલ્યયોગક્ષેમતા અભેદના વ્યાપકતરીકે અસિદ્ધ છે. કારણકે તુલ્યયોગક્ષેમતા અભેદનું કારણ નથી. કેમકે જે વસ્તુના અન્વય-વ્યતિરેકનું જે બીજી વસ્તુ અનુકરણ કરે, તે બીજીવસ્તુનું પ્રથમ વસ્તુ વ્યાપક બને. એવો નિયમ છે. જ્યારે અહીં અભેદ તુલ્યયોગક્ષેમતાના અન્વય કે વ્યતિરેકનું અનુકરણ કરતો નથી. કેમકે અનૈકાન્તિકતા દેખાય છે. તે આ પ્રમાણે ➡ જેમ અભિપ્રેતક્ષણે ઘટક્ષણ ઉત્પન્ન થાય છે, તેમ કોઇક પટક્ષણ પણ ઉત્પન્ન થાય છે. તથા તે પછીની ક્ષણે જેમ ઘટક્ષણ નિવૃત્ત થાય છે. તેમ પટક્ષણ પણ નિવૃત્ત થાય છે. આમ બન્નેવચ્ચે તુલ્યયોગક્ષેમતા હોવા છતાં તે બન્નેવચ્ચે અભેદ નથી. તેથી તુલ્યયોગક્ષેમતા અભેદનું કારણ નથી.

*પૂર્વપક્ષ* :– તે-તે ક્ષણોની અપેક્ષાએ તુલ્યયોગક્ષેમતા અભેદનું કારણ નથી, પરંતુ સંતાનની અપેક્ષાએ અભેદનું કારણ છે.

*ઉત્તરપક્ષ* :– આ પણ તુચ્છ છે. કારણ કે સંતાનની અપેક્ષાએ પણ તુલ્યયોગક્ષેમતા અભેદના કારણતરીકે અસિદ્ધ છે. જૂઓ એક જ જ્ઞાનસંતાનમાં જ્યારે ઘડાનું અવલોકન થાય છે. ત્યારે ઘટસારૂપ્ય ઉત્પન્ન થાય છે. પછી કપડાનું અવલોકન કરતી વેળા ઘટસારૂપ્ય નષ્ટ થાય છે, અને પટસારૂપ્ય ઉત્પન્ન થાય છે. આમ ઘટસારૂપ્ય અને જ્ઞાનસંતાનવચ્ચે તુલ્યયોગક્ષેમતા નથી, છતાં જ્ઞાનસંતાન અને ઘટસારૂપ્યવચ્ચે અભેદ ઇષ્ટ છે. તેથી ક્ષણઅપેક્ષાએ કે સંતાન અપેક્ષાએ અભેદમાં તુલ્યયોગ ક્ષેમતા

तथाहि-यथा विवक्षिते क्षणे घटक्षण उत्पद्यते तथा कश्चित्पटक्षणोऽपि, यथा च तदुत्तरे क्षणे घटक्षणो निवर्त्तते तथा सोऽपि पटक्षणः, न चैवं तुल्ययोगक्षेमतायामपि तयोरभेद इति नासावभेदनिबन्धनम्, संतानापेक्षया तुल्ययोगक्षेमता अभेदनिबन्धनं न क्षणापेक्षयेति चेत्, तदप्यसारम्, तत्रापि तस्यास्तन्निबन्धनत्वासिद्धेर्व्यतिरेकाभावात्, तथाहि-ज्ञानसंताने घटमवलोकयतो घटसारूप्यमुत्पद्यते, पटमवलोकयतश्च तन्निवर्त्तते पटसारूप्यमुत्पद्यते, अथ चेत्थं तुल्ययोगक्षेमत्वाभावेऽपि ज्ञानसंतानघटसारूप्ययोरभेदोऽस्ति, तन्न क्षणापेक्षया संतानापेक्षया वा अभेदस्तुल्ययोगक्षेमतानिबन्धन इति न सा व्यावर्त्तमानाऽभेदं व्यावर्त्तयितुमीष्टे, तस्यास्तं प्रति व्यापकत्वायोगात्। यदि नाभेदस्तुल्ययोगक्षेमतानिबन्धनस्तर्हि किंनिबन्धन इति चेत्, उच्यते-अन्योऽन्यानुवेधनिबन्धनः, न चात्रातिप्रसङ्गादिदोषसंभवः, तथाऽनुपलम्भात्, स चान्योऽन्यानुवेधो द्रव्यपर्याययोरप्यस्तीति नाभेदक्षितिः, द्वितीयपक्षस्त्वनभ्युपगमादेव न नः क्षितिमावहति ॥३४६॥ संप्रति प्रकारान्तरेण भेदाभेदपक्षे दोषाभावमभ्युच्चेतुमाह-किंच--

धम्मे नियत्तमाणे नियत्तए इह कहंचि दव्वंपि ।
तम्मि य अणियत्तंते ण णियत्तति सव्वहा सोऽवि ॥ ३४७ ॥

(धर्मे निवर्त्तमाने निवर्त्तत इह कथञ्चिद् द्रव्यमपि । तस्मिंश्चानिवर्त्तमाने न निवर्त्तते सर्वथा सोऽपि)

<u>किंचेत्यभ्युच्चये</u> । *धर्मे*-पर्याये निवर्त्तमाने द्रव्यमपि कथंचित्तत्संबन्धिरूपतया निवर्त्तत एव, तस्मिंश्च द्रव्ये अनिवर्त्तमाने *सोऽपि*- धर्मः पयार्यः *सर्वथा*--निरन्वयतया न निवर्त्तते, तस्याप्यन्वयमात्रस्य द्रव्याभेदरूपतया अनुवर्त्तमान-स्योपलभ्यमानत्वात्। तथा च लोको घटकपालानि दृष्ट्वा तदन्वयमात्रमनुभूय *'घटस्यामूनि कपालानि न शरावादीना-मिति'* विवेचयति, ततश्च न निवर्त्तते च पर्याये निवर्त्तमानेऽपि द्रव्यमित्यसिद्ध एव हेतुः, तथा पर्याये निवर्तमाने निवर्त्तत एव द्रव्यमित्यपीति । यदपि चोच्यते-*"न विनाशोऽनुवृत्तिश्च, व्यावृत्तिर्नाश उच्यते । द्रव्याविनाशे पर्याया, नाशिनः किं तदात्मकाः?॥१॥ नष्टाः पर्यायरूपेण, ते चेत् द्रव्यस्वभावतः। किमन्यरूपता तेषां, न चेन्नाशस्तदा कथ ॥२॥ मिति"* । तदप्येतेन निरस्तं द्रष्टव्यम्, द्रव्यस्यापि कथञ्चिन्निवृत्तेः पर्यायस्यापि च कथंचिदनुवृत्तेरिति ॥३४७॥ द्रव्यपर्याययोः कथंचिन्निवृत्त्यनिवृत्ती एव भावयन्नाह--

दीसइ पच्चक्खं चिय एयं वक्कम्मि उज्जुए होंते ।
अंगुलिदव्वम्मि परं भावेतव्वं इहेक्केणं ॥ ३४८ ॥

(दृश्यते प्रत्यक्षमेव एतद् वक्रे ऋज्वीभवति । अङ्गुलिद्रव्ये परं भावयितव्यमिह ऐक्येन)

---

કારણ નથી. તેથી તુલ્યયોગક્ષેમતાની નિવૃત્તિ(=અભાવ) અભેદની વ્યાવૃત્તિ(=અભાવ) કરવા સમર્થ નથી. કારણકે તુલ્યયોગ ક્ષેમતા અભાવના વ્યાપકરૂપે નથી.

*શંકા* :- જો અભેદમાં તુલ્યયોગક્ષેમતા કારણ નથી, તો કોણ કારણ છે ?

*સમાધાન* :- પરસ્પર એકમેકતા-અભેદનું કારણ છે. આમ કહેવામાં અતિપ્રસંગવગેરે દોષો સંભવતા નથી. કારણ કે અતિપ્રસંગના કોઇ સ્થાન દેખાતા નથી. દ્રવ્ય-પર્યાયવચ્ચે પણ પરસ્પર અનુવેધ(=એકમેકતા) છે. તેથી દ્રવ્ય-પર્યાયવચ્ચેના અભેદભાવને કોઇ દોષ આવતો નથી. તથા 'પર્યાયની નિવૃત્તિમાં દ્રવ્ય નિવૃત્ત થાય છે.' એવો બીજો પક્ષ અમને માન્ય નથી. તેથી તે અંગેના દૂષણો અમને ક્ષતિ પહોંચાડે તેમ નથી. ॥૩૪૬॥

*(ભેદાભેદમાં અન્યદોષોનો અભાવ)*

હવે ભેદાભેદપક્ષમાં રહેલા દોષનાં અભાવને અન્ય પ્રકારે પુષ્ટ કરવા કહે છે. વળી,

*ગાથાર્થ* :- અહીં ધર્મ નિવૃત્ત થાય ત્યારે કથંચિદ્ દ્રવ્ય પણ નિવૃત્ત થાય છે. અને દ્રવ્ય નિવૃત્ત ન થતું હોઇ ધર્મ પણ સર્વથા નિવૃત્ત થતો નથી. (ગા. ૩૪૬માં 'કિંચ'પદ અભ્યુચ્ચયઅર્થક છે.) દ્રવ્યનો પર્યાય(=ધર્મ)સાથે સંબંધ છે. તેથી જ્યારે પર્યાય નાશ પામે, ત્યારે તેના સંબંધીરૂપે કંઇક અંશે દ્રવ્ય પણ નાશ પામે જ. પણ દ્રવ્યનો સર્વથા નાશ નથી થતો અન્યરૂપે દ્રવ્ય અનિવૃત્ત(=નાશ વિનાનું) છે, તેથી પર્યાય પણ નિરન્વય નાશ પામતો નથી. અન્વયમાત્રરૂપ તે(=પર્યાય)દ્રવ્યસાથે અભેદરૂપે હોવાથી દ્રવ્યની અનુવૃત્તિવખતે દ્રવ્યરૂપે અનુવૃત્તિ પામતો ઉપલબ્ધ થાય છે. તેથી જ લોકો ઘડાના કપાલ (=ટૂકડા) જોઇને તેમાં (ટૂકડામાં) ઘડાનાં અન્વયમાત્રને અનુભવે છે. અને *'આ કપાલો ઘડાના છે કોડીયાવગેરેના નથી.'* એમ વિવેચન પણ કરે છે. તેથી 'પર્યાયની નિવૃત્તિમાં પણ દ્રવ્ય નિવૃત્ત થતું નથી.' એવો પૂર્વપક્ષીય હેતુ અસિદ્ધ જ છે. કારણ કે તથાપર્યાય=ઘટઆદિપર્યાય નિવૃત્ત થાય ત્યારે માટીઆદિરૂપ દ્રવ્ય પણ નિવૃત્ત થાય જ છે. (આ 'અપિ' શબ્દનું તાત્પર્ય છે.)

*પૂર્વપક્ષ* :- વિનાશ ન પામવો એ અનુવૃત્તિ છે, અને વ્યાવૃત્તિ નાશરૂપ છે. (તેથી) દ્રવ્યના અવિનાશમાં નાશ પામનારા પર્યાયો કેવી રીતે દ્રવ્યાત્મક(=દ્રવ્યસાથે અભેદ ધરાવનારા) હોઇ શકે ? ॥૧॥ (જો એમ કહેશો કે) 'પર્યાયો પર્યાયરૂપે નાશ પામે છે' તો એ બતાવો કે શું તેઓની(=પર્યાયોની) દ્રવ્યસ્વભાવથી ભિન્નરૂપતા છે ? (જો હા કહેશો, તો દ્રવ્ય-પર્યાયવચ્ચે ભેદ સિદ્ધ થશે.) જો ભિન્નરૂપતા નથી, તો દ્રવ્યના અવિનાશમાં તેઓનો(=પર્યાયોનો) નાશ કેવી રીતે થાય ? ॥૨॥ (અને નાશ થતો દેખાય છે. તેથી દ્રવ્ય-પર્યાયવચ્ચે ભેદાભેદ અસિદ્ધ છે.)

*ઉત્તરપક્ષ* :- અમારી પૂર્વોક્ત યુક્તિથી આ વાતનું ખંડન થઇ જ જાય છે, કારણ કે દ્રવ્ય પણ કથંચિદ્ નાશ પામે છે, અને પર્યાય પણ કથંચિદ્ અનુવૃત્તિ પામે છે (આમ બેમાંથી એકનો પણ સર્વથા નાશ કે અનાશ ઇષ્ટ નથી.) ॥૩૪૭॥

હવે દ્રવ્ય અને પર્યાયની ક્રમશઃ કથંચિત નિવૃત્તિ અને કથંચિત અનિવૃત્તિનું ભાવન કરતાં કહે છે.

*'दृश्यते'* समुपलभ्यते प्रत्यक्षमेव *'एतत्'* कथंचित् द्रव्यनिवृत्त्यादि । क्वेत्याह--वक्रे अङ्गुलिद्रव्ये ऋज्वीभवति सति, परं दृश्यमानमपि यावन्न सूक्ष्मबुद्धचा पर्यालोच्यते तावन्न बुध्यते, तत *'इह'* विचारप्रक्रमे *'ऐक्येन'* एकाग्रतया अनन्यमनस्कतयेत्यर्थः, भावयितव्यम् ॥३४८॥ तामेव भावनामाह--

वक्कत्तमंगुलीओ कहंचि अभिन्नंति तीएँ जोगाओ ।

भिन्नंपि अवत्थंतर(मा?)भावे तत्तो नियत्तीओ ॥ ३४९ ॥

(वक्रत्वमङ्गुलेः कथञ्चिदभिन्नमिति तया योगात् । भिन्नमपि अवस्थान्तरभावे ततो निवृत्तेः)

इह द्रव्यपर्याययोः कथंचिन्निवृत्त्यनिवृत्ती भेदाभेदनिबन्धने इति तावेवेहोपपादयति–वक्रत्वमंगुलेरङ्गुलिद्रव्यात्सकाशात्कथंचिदभिन्नम्, कुत? इत्याह–*तया*–अङ्गुल्या सह *योगात्*–संबन्धात्, अन्यथा तत्तस्या इति संबन्धो न स्यात् । भिन्नमपि च तत्कथंचित्, कुत इत्याह–*अवस्थान्तरे* ततोऽङ्गुलेः सकाशात्तस्य निवृत्तेः ॥३४९॥ तदेवं वक्रत्वमङ्गुलेर्भिन्नाऽभिन्नं प्रसाध्याङ्गुलिद्रव्यस्यान्वयमाह--

तं चिय कहंचऽवत्थंतरेवि तं तुल्लबुद्धितो हंदि ।

एगंतेणऽन्नत्ते भिज्जेज्ज इमीवि तह चेव ॥ ३५० ॥

(तदेव कथञ्चिदवस्थान्तरेऽपि तत्तुल्यबुद्धितो हंदि । एकान्तेनाऽन्यत्वे भिद्येत इयमपि तथैव)

तद्–अङ्गुलिद्रव्यमवस्थान्तरेऽपि–ऋजुत्वादिलक्षणे प्रादुर्भवति कथंचित्तदेव यत् प्रागवस्थायामासीत् । कुत इत्याह तुल्यबुद्धितः । 'हंदीति' परामन्त्रणे। विपक्षे बाधामाह–*'एगेत्यादि'* एकान्तेन अङ्गुलेरवस्थान्तरप्रादुर्भावेऽन्यत्वे सति तथा चैव–अङ्गुलिरिव इयमपि तद्विषया बुद्धिर्विभिद्येत, न च विभिद्यते, तस्मादवस्थान्तरेऽपि तत् अङ्गुलिद्रव्यं कथंचित्तदेव ॥३५०॥ अत्र पर आह--

भिन्नच्चिय अवियप्पा एगंतेणंव एस तु विगप्पो ।

तुल्लत्ति अप्पमाणं गिहीतगहणादिदोसाओ ॥ ३५१ ॥

(भिन्ना एवाविकल्पा एकान्तेनैव एष तु विकल्पः । तुल्येति अप्रमाणं गृहीतग्रहणादिदोषात्)

ननु यदुक्तम्–एकान्तेनाङ्गुलेरन्यत्वे सतीयमपि तद्विषया बुद्धिर्विभिद्येतेति तदस्त्येव, यतोऽविकल्पिका बुद्धिस्तद्विषया एकान्तेन भिन्नैवोपजायते, सैव च नः प्रमाणं, यस्त्वेष इयमङ्गुलिस्तुल्येति विकल्पः प्रवर्त्तते सोऽप्रमाणं, गृहीतग्रहणादिदोषादादिशब्दात् निर्विषयत्वपरिग्रहः। ततः कथमुच्यते?–तदेवाङ्गुलिद्रव्यमवस्थान्तरेऽपीति॥३५१॥ अत्राचार्यः प्राह–

न हु ता गिहीतगाही तस्साभावा तदाऽविसयतो उ ।

अज्झारोवेणवि णो गेण्हइ तं तम्मि तदभावा ॥ ३५२ ॥

(न हु तस्माद् गृहीतग्राही तस्याभावात् तदाऽविषयतश्च । अध्यारोपेणापि नो गृह्णाति तत्तस्मिन् तदभावात्)

'हु' शब्दोऽवधारणे । *नहु*–नैव तावदसौ विकल्पो गृहीतग्राही येनास्याऽप्रामाण्यं स्यात् । कुत इत्याह--तदा विकल्पकाले *तस्य*–निर्विकल्पगृहीतवस्तुनः क्षणिकत्वेनाभावात्, तथा *अविषयतश्च*–विकल्पं प्रति तस्याविषयभावतश्च, न

---

*ગાથાર્થ* :– દ્રવ્યરૂપ વાંકી આંગળી સીધી થાય છે, ત્યારે આ કથંચિદ્ દ્રવ્યનિવૃત્તિવગેરે પ્રત્યક્ષથી ઉપલબ્ધ થાય છે. પરંતુ આ વાત પ્રત્યક્ષ દેખાતી હોય, તો પણ જ્યાં સુધી સૂક્ષ્મબુદ્ધિથી વિચારવામાં ન આવે, ત્યાં સુધી સમજાય નહિ. તેથી આ વિચાર અનન્યમને અર્થાત્ એકાગ્ર થઇ ભાવવા યોગ્ય છે. ॥૩૪૮॥

આચાર્ય સ્વયં આ ભાવના દર્શાવે છે.–

*ગાથાર્થ* :– દ્રવ્ય અને પર્યાયની ક્રમશઃ કથંચિદ્ નિવૃત્તિ અને અનિવૃત્તિમાં પરસ્પર ભેદાભેદ કારણભૂત છે. (અથવા કથંચિદ્ નિવૃત્તિ અને અનિવૃત્તિ ભેદાભેદની સિદ્ધિમાં કારણ છે.) તેથી તે બન્ને(ભેદ–અભેદ)નું ઉપપાદન કરતાં કહે છે– આંગળીમાં જે વાંકાપણું છે તે આંગળીદ્રવ્યસાથે કથંચિદ્ અભેદ ધરાવે છે. કારણકે તેનો(=વાંકાપણાનો) આંગળીસાથે સંબંધ છે. જો અભેદ ન હોત, તો 'આંગલીની વક્રતા' આવો સંબંધ જ ન થાત, તેજ પ્રમાણે વક્રતા(=વાંકાપણું) આંગળીદ્રવ્યથી કથંચિદ્ ભિન્ન પણ છે, કારણકે સરળતા(=સીધાપણું)આદિ બીજી અવસ્થાકાળે તે(=વક્રતા) આંગળીમાંથી નિવૃત્ત થાય છે. ॥૩૪૯॥

આમ 'વક્રતા આંગળીથી ભિન્નાભિન્ન છે' તેમ પ્રસિદ્ધ કર્યું. હવે આંગળીદ્રવ્યનો અન્વય દર્શાવે છે.

*ગાથાર્થ* :– આ આંગળીદ્રવ્ય ઋજુતાઆદિરૂપઅવસ્થાન્તરમાં પણ તે જ છે કે જે પૂર્વેની વક્રતા અવસ્થામાં હતી. કારણકે બન્ને અવસ્થામાં આંગળીતરીકે સમાન બુદ્ધિ થાય છે. ('હંદિ'પદ આમન્ત્રણઅર્થક છે.) વિપક્ષમાં (અવસ્થાન્તરમાં તે જ આંગળીનો સ્વીકાર ન કરવામાં) બાધા આ છે ➡ ઋજુતાઆદિ બીજી અવસ્થા પ્રગટ થાય, ત્યારે જો આંગળી પૂર્વઅવસ્થા વખતની આંગળીથી એકાન્તે ભિન્ન જ હોય, તો જેમ આંગળીમાં ભેદ પડ્યો તેમ આંગળીઅંગેની બુદ્ધિમાં પણ ભેદ પડવો જોઇએ. પણ બુદ્ધિ બન્ને અવસ્થાકાળે ભિન્ન થતી નથી, તેથી અવસ્થાન્તરમાં પણ તે આંગળીદ્રવ્ય કથંચિદ્ તેનું તે જ રહે છે. ॥૩૫૦॥

અહીં પૂર્વપક્ષકાર સ્વમત અભિવ્યક્ત કરે છે.–

*ગાથાર્થ* :– (પૂર્વપક્ષ) તમે એમ કહ્યું કે 'જો આંગળી એકાન્તે અન્ય હોય, તો તદ્વિષયક બુદ્ધિ પણ ભેદ પામે' તે બરાબર જ છે, કેમકે બુદ્ધિમાં ભેદ પડે જ છે. કારણકે તે આંગળીઅંગેની નિર્વિકલ્પકબુદ્ધિ સર્વથા ભિન્ન જ ઉત્પન્ન થાય છે. (આ ક્ષણિકપક્ષનો તર્ક છે. તે ખ્યાલમાં રાખવું) અમને આ નિર્વિકલ્પકબુદ્ધિ જ પ્રમાણભૂત છે. 'આ 'આંગળી પૂર્વક્ષણને તુલ્ય છે' ઇત્યાદિ જે વિકલ્પ પ્રવૃત્ત થાય છે, તે તો અપ્રમાણ છે. કારણ કે તેમાં ગૃહીતગ્રહણવગેરે દોષો રહેલા છે. (વગેરેથી વિકલ્પજ્ઞાનની નિર્વિષયતાનો સમાવેશ થાય છે.) તેથી 'અવસ્થાન્તરમાં પણ તેજ આંગળીદ્રવ્ય છે' તેમ કહેવું બરાબર નથી. ॥૩૫૧॥

हि विकल्पस्य बाह्यं वस्तु विषयोऽभ्युपगम्यते । स्यादेतत्, अतद्रूपेऽपि स्वप्रतिभासे तेन विकल्पेन स्वलक्षणरूपम- विकल्पकज्ञानपरिच्छिन्नमध्यारोप्यते, ततो गृहीतग्राही न परमार्थत इत्यत आह-*अध्यारोपेणापि न तं-निर्विकल्पकज्ञान- गृहीतमर्थं गृह्णाति ।* कुतः? इत्याह-*तस्मिन्*-विकल्पज्ञाने सति *'तदभावात्'* तस्य-निर्विकल्पकज्ञानगृहीतस्यार्थस्याभावात्। एतदुक्तं भवति-यदि बाह्योऽर्थस्तेन दृष्टः स्यात् तदा स्वात्मनि तदध्यारोपः क्रियेताऽदृष्टस्याध्यारोपयितुमशक्यत्वात्, अन्यथा षष्ठस्कन्धस्यापि अध्यारोपप्रसक्तेः, यावता न बाह्योऽर्थस्तेन दृष्टः, तत्काले तस्याभावात् तदविषयत्वाच्च, तत्कथं तेन स्वात्मनि तदध्यारोपः क्रियत इति? अथोच्येत-मा भूत्तदानीं बाह्योऽर्थस्तथापि तमर्थं निर्विकल्पक- ज्ञानप्रतिबिम्बितं दृष्ट्वा स्वात्मन्यध्यारोपयिष्यति, ततश्चैवमपि तस्य गृहीतग्राहित्वमेवेति ॥३५२॥ तदप्ययुक्तम्, यत आह-

**अत्तुल्लं अविगप्पं न य दिट्ठं भावतो जओ तंपि ।**

**ता कहमज्झारोवो नियमेणऽन्नस्स किं नेवं? ॥ ३५३ ॥**

(अतुल्यमविकल्पकं न च दृष्टं भावतो यतस्तदपि । तस्मात्कथमध्यारोपो नियमेनान्यस्य किं नैवम्)

*यतो*-यस्मात्त*दपि*-अविकल्पकं ज्ञानम*तुल्यम्*-अतुल्यार्थविषयम्, अनेन परस्याध्यारोपनिमित्तं दर्शयति । परो हि निर्विकल्पकारूढोऽर्थोऽसाधारणोऽर्थक्रियासमर्थो विकल्पेन दृष्ट्वा स्वात्मन्यध्यारोप्यत इति मन्यते, नच-नैव भावतः-परमार्थेन दृष्टं, तदनन्तरं तस्योत्पादात्, 'ता' तस्मात्कथं नियमेन तस्यैव विवक्षितस्यार्थस्यावि- कल्पज्ञानद्वारेणाप्यध्यारोपो युक्तः?, नैवासौ युक्त इतिभावः, तत्काले तस्याभावतस्तेन तस्यादर्शनात्, यावता अन्यस्यापि विकल्पाननुभूतस्यार्थस्य एवम्-उक्तनीत्या किं नाध्यारोपो भवति?, विशेषाभावात् ॥३५३॥ पर आह--

**संकारविसेसातो सव्वमिणं हंदि तम्मिवि समाणं ।**

**जं सोवि लक्खणं वा होज्ज वियप्पो व? किं अन्नं ॥ ३५४ ॥**

(संस्कारविशेषात् सर्वमिदं हंदि तस्मिन्नपि समानम् । यत् सोऽपि लक्षणं वा भवेत् विकल्पो वा किं अन्यत्)

---

*(વિકલ્પજ્ઞાન પ્રમાણભૂત)*

અહીં આચાર્ય ઉત્તર આપે છે.-

*ગાથાર્થ* :- આ (=વિકલ્પ) ગૃહીતગ્રાહી નથી, કેમકે ત્યારે (વિકલ્પકાળે) તેનો (નિર્વિકલ્પગૃહીતવસ્તુનો) અભાવ છે, અને તે (વસ્તુ) વિષયરૂપ નથી. તથા અધ્યારોપથી પણ તેને (વસ્તુને) ગ્રહણ ન કરે, કેમકે વિકલ્પજ્ઞાનવખતે તેનો અભાવ છે.

(મૂળમાં 'હુ'પદ જકારઅર્થક છે.) *ઉત્તરપક્ષ* :- આ વિકલ્પ ગૃહીતગ્રાહી નથી. તેથી અપ્રમાણભૂત નથી. વિકલ્પબુદ્ધિની ક્ષણે નિર્વિકલ્પકબુદ્ધિએ ગ્રહણ કરેલી વસ્તુનો અભાવ છે, કેમકે તમારા મતે વસ્તુ ક્ષણિક છે. આમ નિર્વિકલ્પકજ્ઞાને ગ્રહણ કરેલી વસ્તુ વિકલ્પજ્ઞાનનો વિષય બનતી ન હોવાથી વિકલ્પજ્ઞાન ગૃહીતગ્રાહી નથી, તથૈવ એ વસ્તુ વિકલ્પજ્ઞાનનો વિષય બની શકે તેમ નથી, કેમકે તમારા મતે બાહ્ય વસ્તુઓ વિકલ્પજ્ઞાનનો વિષય બનતી નથી. તેથી પણ વિકલ્પજ્ઞાન ગૃહીતગ્રાહીતરીકે અસિદ્ધ ઠરે છે.

*પૂર્વપક્ષ* :- અલબત્ત, બાહ્યવસ્તુ વિકલ્પજ્ઞાનનો વિષય બનતી નથી, તેથી વિકલ્પજ્ઞાનનો સ્વપ્રતિભાસ તદ્રૂપ નથી (બાહ્ય વસ્તુરૂપ નથી) છતાં પણ વિકલ્પજ્ઞાન નિર્વિકલ્પજ્ઞાને પરિચ્છિન્ન (=સંવેદિત) કરેલા સ્વલક્ષણનો સ્વપ્રતિભાસમાં અધ્યારોપ કરે છે. તેથી તે ગૃહીતગ્રાહી છે, પરમાર્થથી નહિ.

*ઉત્તરપક્ષ* :- વિકલ્પજ્ઞાન અધ્યારોપથી પણ નિર્વિકલ્પજ્ઞાને ગ્રહણ કરેલા અર્થને ગ્રહણ કરે નહી. કારણકે વિકલ્પજ્ઞાનક્ષણે નિર્વિકલ્પકજ્ઞાને ગ્રહણ કરેલા અર્થનો અભાવ હોય છે. તાત્પર્ય :- જો વિકલ્પજ્ઞાને બાહ્યાર્થને જોયો હોત, તો સ્વપ્રતિભાસ માં તેનો અધ્યારોપ કરત, કારણકે જે વસ્તુ જોઇ ન હોય, તે વસ્તુનો અધ્યારોપ કરવો પણ શક્ય નથી. નહિ દેખેલી વસ્તુનો પણ જો અધ્યારોપ શક્ય હોય, તો છઠ્ઠા સ્કન્ધ (બૌદ્ધો પાંચ ક્ષણિક સ્કન્ધવાદી છે. પાંચ સ્કન્ધ (૧) પૃથ્વીવગેરે ધાતુ અને રૂપવગેરે રૂપસ્કન્ધ (૨) સુખ, દુઃખ, અસુખદુઃખ, આવેદના-વેદનાસ્કન્ધ. (૩) રૂપવિજ્ઞાન, રસવિજ્ઞાન ઇત્યાદિ વિજ્ઞાનસ્કન્ધ, (૪) સંજ્ઞાનિમિત્તકઉદ્ગ્રહણાત્મક બોધ સંજ્ઞાસ્કન્ધ અને (૫) પુણ્ય, પાપવગેરે ધર્મોના સમુદાયાત્મક સંસ્કારસ્કન્ધ)ના પણ અધ્યારોપનો પ્રસંગ આવે. અને વિકલ્પજ્ઞાને બાહ્યઅર્થ જોયો જ નથી, કેમકે વિકલ્પજ્ઞાનક્ષણે તેનો અભાવ છે, અને તે વિકલ્પજ્ઞાનનો વિષય બનતો નથી. તેથી વિકલ્પજ્ઞાન બાહ્યઅર્થનો સ્વપ્રતિભાસમાં અધ્યારોપ કરી શકે નહિ.

*પૂર્વપક્ષ* :- અલબત્ત, વિકલ્પજ્ઞાનક્ષણે બાહ્યાર્થ નથી. છતાં નિર્વિકલ્પકજ્ઞાનમાં પ્રતિબિંબિત થયેલા તે બાહ્યાર્થને તો વિકલ્પજ્ઞાન જૂએ જ છે. (=બાહ્યાર્થનાં નિર્વિકલ્પજ્ઞાનમાં પડેલા પ્રતિબિંબ-પ્રતિભાસને વિકલ્પજ્ઞાન જૂએ છે.) આ જોઇને જ વિકલ્પજ્ઞાન તેનો(=બાહ્યાર્થનો) સ્વપ્રતિભાસમાં અધ્યારોપ કરશે, આમ પણ વિકલ્પજ્ઞાન ગૃહીતગ્રાહી જ સિદ્ધ થાય છે. ॥૩૫૨॥

*ઉત્તરપક્ષ* :- આ વાત પણ બરાબર નથી. કેમકે---

*ગાથાર્થ* :- તે અવિકલ્પક અતુલ્ય છે, અને (અર્થ) ભાવથી દૃષ્ટ નથી. તેથી નિયમથી તેનો જ અધ્યારોપ કેવી રીતે થાય ? અને બીજાનો કેમ ન થાય ?

અવિકલ્પક(=નિર્વિકલ્પક)જ્ઞાન અતુલ્યાર્થવિષયક છે. (આમ કહેવાથી બીજાઓ જે અધ્યારોપનિમિત્ત કલ્પે છે, તેનો નિર્દેશ થયો. પરમતે નિર્વિકલ્પકજ્ઞાનમાં આરૂઢ(=પ્રતિબિમ્બ પામેલા) અસાધારણ અને અર્થક્રિયામાં સમર્થ અર્થને વિકલ્પજ્ઞાન જૂએ છે, અને તે પ્રતિબિંબિતઅર્થનો સ્વપ્રતિભાસમાં અધ્યારોપ કરે છે.) તથા વિકલ્પજ્ઞાન એ અર્થક્રિયાસમર્થ બાહ્યાર્થનું પરમાર્થથી દર્શન કરતું નથી. કારણકે બાહ્યાર્થના ક્ષણની પછીની ક્ષણે તે વિકલ્પજ્ઞાન ઉદ્ભવે છે. અર્થાત્ અર્થકાળે વિકલ્પજ્ઞાનનો અભાવ છે. તેથી અવિકલ્પજ્ઞાનદ્વારા પણ વિકલ્પજ્ઞાન અવશ્ય તે જ વિવક્ષિત બાહ્યાર્થનો અધ્યારોપ કરે તે યોગ્ય નથી. નહિતર તો (=સ્વયં અનનુભૂતનો પણ અધ્યારોપ સ્વીકારવામાં) વિકલ્પજ્ઞાને સ્વયં નહિ અનુભવેલા અન્ય અર્થોનો પણ તે (=વિકલ્પજ્ઞાન) અધ્યારોપ

**संस्कारविशेषात्**-स्वलक्षणानुभवाहितात् तेन विकल्पेन तदेव विवक्षितं स्वलक्षणं निर्विकल्पेनानुभूतं स्वात्मन्यध्यारोप्यते न यत् किमपि तेनायमदोष इति चेत्? **अत्राह**-*'सव्वमित्यादि' 'हंदि'* तस्मिन्नपि-संस्कारे सर्वं इदम्-अनन्तरोक्तं प्रतिनियतार्थसमारोपाघटनं समानम्। कुतः? इत्याह-*यत्*-यस्मात्सोऽपि-संस्कारः स्वलक्षणं वा भवेत् निर्विकल्पविज्ञानमित्यर्थः, विकल्पो वा?, अन्यथा किमन्यत्ताभ्यां भवेत्?, नैव किंचिदितिभावः । ज्ञानरूपस्य सतो गत्यन्तराभावात् । तत्र चोक्तो दोषः, **तथाहि**-यदि स्वलक्षणं ततः कथं तत्प्रतिभासिनमर्थं विकल्पः स्वात्मनि अध्यारोपयेत्?, तत्काले तस्याभावात्, तस्य तदविषयत्वाच्च । **अथ** विकल्पः ततः कथं सोऽपि तदर्थाध्यारोपयुक्त इति ॥३५४॥ पुनरप्यत्रैवाभ्युच्चये दूषणमाह--

किंचोवादाणं से? तं चिय जइ वत्थुणो कहमवत्थु? ।

तं पि हु कहं चि वत्थु तो णावत्थू विरोहो वा ॥ ३५५ ॥

(किञ्चोपादानं तस्य? तदेव यदि वस्तुनः कथमवस्तु? । तदपि हु कथञ्चिद् वस्तु ततो नावस्तु विरोधो वा)

चोऽत्राधिक्षेपसूचने । *किमुपादानम्*--उपादानकारणं *'से'* तस्य विकल्पस्य स्यादिति वाच्यम्? **किमत्र** वक्तव्यं? तदेव निर्विकल्पं ज्ञानं तस्योपादानमिति चेत्? । **अत्राह**-*तदेव* निर्विकल्पकं यदि उपादानमिष्यते ततः कथं *वस्तुनः*-स्वलक्षणरूपान्निर्विकल्पकाद*वस्तु*-अवस्तुरूपमिदं विकल्पज्ञानमुपजायते?, अवस्तुता चास्य द्रष्टव्या, तत्कल्पनस्याऽवस्तुत्वात्, तस्य च तदव्यतिरिक्तत्वात् । **अथोच्यते**-तदपि विकल्पज्ञानं कथंचित्स्वसंवित्त्यपेक्षया वस्त्विष्यते । **अत्राह**-*'तो'* ततो नावस्तु, किन्तु वस्त्वेव, स्वसंवित्त्यतिरिक्तस्य रूपान्तरस्याभावात्। दूषणान्तरमाह-विरोधो वा, **तथाहि**-यदि वस्तु कथमवस्तु? अवस्तु चेत् कथं वस्तु?, वस्तुत्वावस्तुकत्वयोः परस्परपरिहारेणावस्थानात्। तदेवं विकल्पः पराभ्युमगमपर्यालोचनया न गृहीतग्राही युज्यत इति व्यवस्थापितम्॥३५५॥ सांप्रतमादिशब्दाक्षिप्तं निर्विषयत्वं दूषयितुमाशङ्कमान आह-

अह सो निव्विसओ च्चिय ण पयट्टइ किमिह छट्ठखंधेवि ।

तद्दंसणुत्तरद्धं च किं ततो तप्पवित्ती य ? ॥ ३५६ ॥

(अथ स निर्विषय एव न प्रवर्त्तते किमिह षष्ठस्कन्धेऽपि । तद्दर्शनोत्तरकालं च किं ततस्तत्प्रवृत्तिश्च)

---

કરે તેમ માનવાનો પ્રસંગ છે. કારણકે ઉભયત્ર અનનુભવ સમાન છે. ॥૩૫૩॥

અહીં પૂર્વપક્ષ કહે છે.-

*ગાથાર્થ* :- (બૌદ્ધ) સંસ્કારવિશેષથી અધ્યારોપ છે. (ઉત્તર) સંસ્કારમાં પણ આ બધું સમાન છે. કારણકે તે સંસ્કાર પણ સ્વલક્ષણ છે ? વિકલ્પ છે ? કે અન્ય છે ?

*બૌદ્ધ* :- સ્વલક્ષણનો અનુભવ સંસ્કારનું આધાન કરે છે. આ સંસ્કારના બળપર વિકલ્પકજ્ઞાન નિર્વિકલ્પકજ્ઞાને અનુભવેલા તે જ(=વિવક્ષિત કે જેના સંસ્કારનું આધાન થયું છે) સ્વલક્ષણનો સ્વપ્રતિભાસમાં અધ્યારોપ કરે છે જે તેનો નહિ, તેથી દોષ નથી.

*ઉત્તરપક્ષ* :- સંસ્કારની કલ્પના કરવાથી પણ નિસ્તાર નથી. કેમકે સંસ્કારની સ્વીકૃતિમાં પણ પૂર્વોક્ત પ્રતિનિયત અર્થના જ અધ્યારોપની અઘટમાનતા સમાનરૂપે છે. કહો, આ સંસ્કાર શું છે ? સ્વલક્ષણ(=નિર્વિકલ્પકજ્ઞાન) કે વિકલ્પરૂપ? તે બેથી બીજું તો શું હોઇ શકે ? અર્થાત્ બીજા કોઇરૂપે ન હોઇ શકે, કારણકે સંસ્કાર જ્ઞાનરૂપ છે અને જ્ઞાનમાટે નિર્વિકલ્પક અને વિકલ્પક આ બે જ પ્રકાર સંભવે છે. આમ સંસ્કાર કાંતો સ્વલક્ષણરૂપ હોય, કાંતો વિકલ્પરૂપ હોય. આ બન્ને પક્ષે પૂર્વોક્ત દોષ છે જ. જૂઓ ➡ જો સંસ્કાર સ્વલક્ષણ(=નિર્વિકલ્પકજ્ઞાન)રૂપ હોય, તો તેમાં પ્રતિભાસતા અર્થનો વિકલ્પ સ્વપ્રતિભાસમાં શી રીતે અધ્યારોપ કરી શકે ? કારણકે નિર્વિકલ્પકજ્ઞાનકાળે વિકલ્પનો અભાવ છે, અને તે અર્થ વિકલ્પનો વિષય બનતો નથી. હવે જો સંસ્કાર વિકલ્પરૂપ હોય, તો પણ કેવી રીતે તે અર્થનો અધ્યારોપ સંભવે ? અર્થાત્ ન જ સંભવે. અહીં નિર્વિકલ્પજ્ઞાનકાળે સંસ્કારાભાવવગેરે હેતુઓ છે. ॥૩૫૪॥

ફરીથી આ જ અભ્યુચ્ચયના વિસ્તારમાં દૂષણ બતાવે છે--

*ગાથાર્થ* :- વળી વિકલ્પજ્ઞાનનું ઉપાદાન શું છે ? જો તે જ (=નિર્વિકલ્પક) હોય, તો વસ્તુમાંથી અવસ્તુ કેવી રીતે સંભવે? તે પણ (=વિકલ્પજ્ઞાન) જો કથંચિદ્ વસ્તુ હોય, તો તે અવસ્તુ કેવી રીતે બને ? અથવા વિરોધ આવશે.

(મૂળમાં 'ચ' પદ અધિક્ષેપસૂચક છે.) વળી તમે આ વિકલ્પજ્ઞાનનું ઉપાદાનકારણ શું છે ? તે બતાવો.

*બૌદ્ધ* :- એમાં કહેવાનું શું ? તે નિર્વિકલ્પકજ્ઞાન જ આ વિકલ્પજ્ઞાનનું ઉપાદાન છે.

*ઉત્તરપક્ષ* :- જો નિર્વિકલ્પકજ્ઞાનને વિકલ્પજ્ઞાનનું ઉપાદાન કહેશો, તો વસ્તુભૂત (સ્વલક્ષણભૂત)નિર્વિકલ્પકજ્ઞાન માંથી અવસ્તુભૂત વિકલ્પજ્ઞાન શી રીતે ઉત્પન્ન થાય ? તે કહો. વિકલ્પજ્ઞાનમાં જે કલ્પન(=પ્રતિભાસ) છે તે અવસ્તુતરીકે માન્ય છે. અને વિકલ્પ તે પ્રતિભાસથી અભિન્ન છે. તેથી વિકલ્પ પણ અવસ્તુ છે.

*બૌદ્ધ* :- આ વિકલ્પજ્ઞાન કલ્પનની અપેક્ષાએ ભલે અવસ્તુ હોય, પણ સ્વસંવેદનની અપેક્ષાએ કથંચિદ્ વસ્તુરૂપ જ છે.

*ઉત્તરપક્ષ* :- તો વિકલ્પજ્ઞાનને અવસ્તુરૂપ ગણી શકાશે નહિ, પણ વસ્તુરૂપે જ માનવું પડશે, કારણકે તેમાં(=વિકલ્પજ્ઞાનમાં) સ્વસંવિત્તિને છોડી અન્ય કોઇ સ્વરૂપ નથી. (કે જેના કારણે તે અવસ્તુ બને.) અથવા તો બીજુ દૂષણ વિરોધરૂપ છે. તે આ પ્રમાણે ➡ જો તે(=વિકલ્પજ્ઞાન) વસ્તુરૂપ હોય, તો અવસ્તુ શી રીતે ? અને જો અવસ્તુ હોય, તો વસ્તુ શી રીતે? કારણ કે વસ્તુત્વ અને અવસ્તુત્વ પરસ્પરનો પરિહાર કરીને રહેનારા છે. તેથી આ બધી ચર્ચા ફોતરા ખાંડવાતુલ્ય વ્યર્થ છે. તેથી તમારા સિદ્ધાન્તની પર્યાલોચનાથી વિકલ્પજ્ઞાનને ગૃહીતગ્રાહી ગણવું યોગ્ય નથી. તેમ નિશ્ચય થાય છે. ॥૩૫૫॥

**अथ स**–विकल्पको निर्विषय एव *"विकल्पोऽवस्तुनिर्भासा"*दित्यादिवचनात् अतोऽप्रमाणमिति । **यद्येवं ततः** किमिह रूपादिस्कन्धपञ्चकव्यतिरिक्ते षष्ठे स्कन्धे स विकल्पो न प्रवर्त्तते?, उभयत्रापि निर्विषयत्वाविशेषात् । अन्यच्च, *तद्दर्शनोत्तरकालं*––विवक्षितार्थनिर्विकल्पदर्शनोत्तरकालं किमिति *ततो*––विकल्पात्तस्मिन्नियतेऽर्थे प्रवृत्तिर्भवति?, नैवासौ भवितुमर्हतीतिभावः ॥३५६॥ कुतः? इत्याह––

**जह अन्नमविसओ से इय तंपि ण जुज्जती ततो नियमा ।**

**तत्तो तम्मि पवित्ती संपत्ती चेव तेणेव ॥ ३५७ ॥**

(यथाऽन्यदविषयस्तस्येति तदपि न युज्यते ततो नियमात् । ततस्तस्मिन् प्रवृत्तिः संप्राप्तिरेव तेनैव)

**यतो यथा** *अन्यत्*–विवक्षितादितरत् *'से'* तस्य विकल्पस्याविषय इति तस्मिन् प्रवृत्तिर्न युज्यते, *इतिः*–एवं *तदपि*–विवक्षितं वस्तु तस्याविषयस्ततो नियमाद्–अवश्यंतया *तस्मिन्*–विकल्प्यमानेऽर्थे *ततो*–विकल्पान्न प्रवृत्तिर्युज्यते, नापि *तेन*–विकल्पज्ञानेन प्रवर्त्तितस्य सतो नियमेन तदर्थसंप्राप्तिर्यथा संशयेन प्रवर्त्तितस्य, अथ च दृश्यते विकल्पान्नियमेन प्रवृत्तिस्तदर्थप्राप्तिश्च तस्मान्नासौ निर्विषयः ॥३५७॥ अत्र पराभिप्रायमाशङ्कमान आह––

**अह सो तप्पडिबद्धो वत्थावत्थूण को पडिबंधो? ।**

**सो वि हु कहंचि वत्थु तो नावत्थुं विरोहो वा ॥ ३५८ ॥**

(अथ स तत्प्रतिबद्धो वस्त्ववस्तुनोः को नु प्रतिबन्धः? सोऽपि हु कथञ्चिद् वस्तु ततो नावस्तु विरोधो वा)

**अथ स**–विकल्पः परंपरया *तस्मिन्*–वस्तुनि प्रतिबद्धः, **तथाहि**–तेन वस्तुना निर्विकल्पकं जन्यते तेन चायं विकल्प इति, तेन निर्विषयत्वेऽपि ततो नियमेन प्रवृत्त्याद्युपपद्यते इति मन्येथाः । **अत्राह**–वस्त्ववस्तुनोः **को नु** प्रतिबन्धः?, नैव कश्चित्, संबन्धस्य वस्तुरूपोभयनिष्ठत्वात्, नहि घटस्य खरविषाणेन सह कश्चित् संबन्धोऽस्तीति, अवस्तु चासौ विकल्पस्तदव्यतिरिक्तस्य प्रतिभासस्यावस्तुत्वेनाभ्युपगमात् । **सोऽपि** विकल्पः **कथंचित्** स्वसंवित्त्यपेक्षया **वस्तु** इष्यते, तेनायमदोष इति चेत् । **अत्राह**–*'तो'* ततो **नावस्तु**, स्वसंवित्त्यतिरेकेण तस्य रूपान्तराभावात् । दूषणान्तरमाह–**विरोधो वा**, वस्तुत्वावस्तुत्वयोः परस्परपरिहारेण व्यवस्थितयोरेकत्रासंभवात् ॥३५८॥ उपसंहारमाह––

---

ગા. ૩૫૧માં *'ગિહીતગહણાઇદોસાઓ'* એવું જે કહ્યું હતું, તેમાં 'આદિ'પદથી નિર્વિષયત્વદોષનો સંગ્રહ કરેલો, હવે વિકલ્પજ્ઞાનમાં સૂચવેલા આ નિર્વિષયત્વદોષનું ખંડન કરવા આશંકા કરતાં કહે છે–

*બૌદ્ધ* :– *'અવસ્તુનો નિર્ભાસ(=પ્રતિભાસ) હોવાથી તે વિકલ્પરૂપ છે'* આ વચનથી વિકલ્પકજ્ઞાન નિર્વિષય(=વસ્તુરૂપ વિષય વિનાનું) સિદ્ધ થાય છે. તેથી વિકલ્પકજ્ઞાન અપ્રમાણ છે.

*ઉત્તરપક્ષ* :– જો વિકલ્પજ્ઞાન અવસ્તુવિષયક હોય, તો રૂપાદિ પાંચ સ્કન્ધથી ભિન્ન અવસ્તુરૂપ છઠ્ઠા સ્કન્ધઅંગે પણ પ્રવર્તવું જોઇએ, કેમકે છઠ્ઠો સ્કન્ધ પણ સમાનતયા અવસ્તુ છે. અને ઉભયત્ર(વિવક્ષિત વિકલ્પજ્ઞાન અને ષઠસ્કન્ધવિષયક વિકલ્પજ્ઞાનસ્થળે) જ્ઞાનની નિર્વિષયતા સમાન છે. વળી, જો વિકલ્પજ્ઞાન નિર્વિષય–અવસ્તુવિષયક જ હોય, તો વિવક્ષિતઅર્થનું નિર્વિકલ્પકદર્શન થયા બાદ ઉત્તરકાલીન વિકલ્પજ્ઞાનથી તે નિયતઅર્થમાં જ પ્રવૃત્તિ કેમ થાય છે ? અવસ્તુવિષયજ્ઞાનથી વસ્તુમાં પ્રવૃત્તિ થવી યોગ્ય નથી. ॥૩૫૬॥

કેમ યોગ્ય નથી ? તે બતાવે છે–

*ગાથાર્થ* :– જૂઓ ➜ વિવક્ષિત અર્થથી અન્ય અર્થ તે(=વિવક્ષિતઅર્થઅંગેના) વિકલ્પજ્ઞાનમાટે અવિષય છે, તેથી તેમાં (અન્ય અર્થમાં) પ્રવૃત્તિ થવી યોગ્ય ગણાતી નથી. તેજ પ્રમાણે એ વિવક્ષિત વસ્તુ પણ નિર્વિષય એવા તે વિકલ્પજ્ઞાનમાટે સમાનતયા અવિષય જ છે. તેથી વિકલ્પજ્ઞાનથી તે વિકલ્પિત કરાયેલા અર્થમાં પ્રવૃત્તિ થવી સમાનતયા યોગ્ય ન જ ગણાય, અને વિકલ્પજ્ઞાનથી તે અર્થમાં પ્રવૃત્ત થયેલાને અવશ્ય તે અર્થ પ્રાપ્ત થાય, તેવું પણ ન થવું જોઇએ. જેમકે સંશયથી પ્રવૃત્ત થનારને તે અર્થ અવશ્ય પ્રાપ્ત થાય તેવો નિયમ નથી. પણ દેખાય જ છે કે એ વિકલ્પજ્ઞાનથી તે અર્થમાં અવશ્ય પ્રવૃત્તિ થાય છે, અને તે અર્થની અવશ્ય સંપ્રાપ્તિ થાય છે. તેથી વિકલ્પજ્ઞાનને નિર્વિષય માનવું યોગ્ય નથી. ॥૩૫૭॥

અહીં બૌદ્ધના આશયની આશંકા કરતાં કહે છે.

*ગાથાર્થ* :– (બૌદ્ધ) તે (વિકલ્પ) તેને (=અર્થને) પ્રતિબદ્ધ છે. (ઉત્તર) વસ્તુ–અવસ્તુ વચ્ચે પ્રતિબંધ ક્યો ? (બૌદ્ધ) તે (=વિકલ્પ) પણ કથંચિદ્ વસ્તુ છે. (જૈન) તો અવસ્તુ નથી, અથવા વિરોધ છે.

*બૌદ્ધ* :– આ વિકલ્પ પરંપરાએ તે વસ્તુસાથે પ્રતિબદ્ધ છે. તે આ રીતે ➜ તે વસ્તુથી નિર્વિકલ્પકજ્ઞાન ઉત્પન્ન થાય છે, અને તે નિર્વિકલ્પકજ્ઞાનથી આ વિકલ્પકજ્ઞાન. આમ વિકલ્પજ્ઞાન નિર્વિષય હોવા છતાં તેનાથી અવશ્ય પ્રવૃત્તિ ઉપપન્ન થાય છે.

*ઉત્તરપક્ષ* :– વસ્તુ–અવસ્તુવચ્ચે વળી પ્રતિબંધ કેવો ? અર્થાત્ સંભવે જ નહિ. કારણકે સંબન્ધ હંમેશા સદ્ભૂત બે ભાવોમાં જ રહે છે. ઘડાને ક્યારેય ગધેડાના શિંગડાસાથે સંબંધ હોતો નથી. તેમ વિકલ્પ સ્વયં અવસ્તુ છે. કારણકે તેનાથી અભિન્ન પ્રતિભાસનો અવસ્તુતરીકે અભ્યુપગમ કર્યો છે. તેથી અવસ્તુરૂપ વિકલ્પસાથે વસ્તુરૂપઅર્થનો સંબંધ સંભવે નહિ.

*બૌદ્ધ* :– આ વિકલ્પ પણ સ્વસંવેદનની અપેક્ષાએ કથંચિદ્ વસ્તુતરીકે માન્ય છે. તેથી ઉપરોક્ત દોષ નથી.

*ઉત્તરપક્ષ* :– જો વિકલ્પ વસ્તુરૂપ હોય, તો અવસ્તુરૂપ નથી. કારણકે વિકલ્પનું સ્વસંવેદનને છોડી બીજું કોઇ સ્વરૂપ નથી, અને તમને તે રૂપે વિકલ્પવસ્તુરૂપે ઇષ્ટ છે. તેથી વિકલ્પ અવસ્તુરૂપે અસિદ્ધ થશે. બીજુ દૂષણ એ છે કે વસ્તુત્વ અને અવસ્તુત્વ પરસ્પરનો પરિહાર કરીને રહેલા હોવાથી વિકલ્પમાં એ બન્ને (=વસ્તુત્વ અને અવસ્તુત્વ) સાથે રહી શકે નહિ. તેથી તેવી કલ્પના કરવામાં વિરોધ દોષ છે. ॥૩૫૮॥

तम्हा अवग्गहादी कहंचि भिन्नत्थगाहगा णेया ।
अणुहवसंधाणेणं एवं ववहारसिद्धीओ ॥ ३५९ ॥

(तस्मादवग्रहादयः कथञ्चिद्भिन्नार्थग्राहका ज्ञेयाः । अनुभवसंधानेनैवं व्यवहारसिद्धेः)

यत एवं तस्मात् पूर्वपूर्वानुभवसंधानेन प्रवर्त्तमाना एते अवग्रहादयो ज्ञानविशेषाः कथंचित् गृह्यमाणार्थोत्तर-विशेषापेक्षया भिन्नार्थग्राहका ज्ञेयाः, न पुनर्गृहीतग्राहिणो नापि निर्विषयाः । कुतः? इत्याह-*एवं* व्यवहारसिद्धितो(तः) एवं पूर्वपूर्वानुभवसंधानेन कथंचित्तदर्थोत्तरोत्तरधर्मापेक्षया भिन्नार्थग्राहकत्वेन व्यवहारस्य-प्रवृत्त्यादिलक्षणस्य सिद्धेर्नान्यथा, तथा च ते प्रमाणम्, ततश्च यतोऽपायरूपेण विकल्पेनाङ्गुलिद्रव्यस्य तुल्यता गृह्यते तस्मादवस्थान्तरेऽपि तदेवाङ्गुलि-द्रव्यमिति स्थितम् । अवग्रहादिस्वरूपं च सम्यग्ज्ञाननिरूपणाप्रस्तावे दर्शयिष्यते ॥३५९॥ पर आह--

एवंपि किंचि नियमा णियत्तती तस्स ण पुण अन्नंति ।
एतेसि कहमभेदो उभयनिवित्तीए वाऽणुगमो? ॥ ३६० ॥

(एवमपि किञ्चिद् नियमाद् निवर्त्तते तस्य न पुनरन्यदिति । एतेषां कथमभेद उभयनिवृत्तौ वाऽनुगमः?)

*'एवमपि'* कथंचित् द्रव्यपर्याययोर्निवृत्त्यनिवृत्तिभावेऽपि किंचित् रूपं *तस्य*-वस्तुनः संबन्धि नियमान्निवर्त्तत एव, अन्यत् पुनर्नैव, अन्यथैकान्तनित्यत्वानित्यत्वापत्तेः, तत *एतयोः*-निवर्त्तमानाऽनिवर्त्तमानयो रूपयोः कथमभेदः?, नैवाभेद इति भावः, भिन्नस्वभावत्वात् । यदि पुनरभेदाभावभयादनिवर्त्तमानमपि रूपं तस्य निवर्त्तमानमिष्यते तत उभयस्यापि निवृत्तौ कथमनुगमो भवेत्?, नैव कथंचनापि, अनुवर्त्तमानरूपाभावात् । उपलक्षणत्वात् यद्यभेदहानिभयान्न किमपि रूपं निवर्त्तमानमिष्यते तदा कथं व्यतिरेकः? इत्यपि द्रष्टव्यम् ॥३६०॥

तस्स नियत्तति जम्हा अतो न भेदोत्ति सव्वहा मूढ ! ।
सति तम्मि कोऽणुजोगो? तस्सत्ति अइप्पसंगो य ॥ ३६१ ॥

(तस्य निवर्त्तते यस्मादतो न भेद इति सर्वथा मूढ ! । सति तस्मिन् कोऽनुयोगः?, तस्येति अतिप्रसङ्गश्च)

*तस्या*ऽनिवर्त्तमानस्य रूपस्य संबन्धि यस्मादपरं रूपं निवर्त्तते *तत*स्तस्मान्न *मूढ!* सूक्ष्मार्थविचारणानिपुणशेमुषी-विकल! निवर्त्तमानेन रूपेण सहानिवर्त्तमानस्य रूपस्य सर्वथा भेदः, तस्येति व्यपदेशो हि संबन्धनिबन्धनः, संबन्धश्चेह तादात्म्यं, तादात्म्यं च कथंचिदभेदनिबन्धमिति, यदि पुनः सर्वथा भेदः स्यात् ततस्तस्मिन् भेदे सति *कोऽनुयोगः*-संबन्धस्तस्य निवर्त्तमानस्य रूपस्यानिवर्त्तमानेन रूपेण सह?, नैव कश्चित् । *तथाहि*-भेदाश्रयणान्न तादात्म्यं, जन्य-जनकभावाभावाच्च न तदुत्पत्तिः, संबन्धाभावे च कथं तस्येति व्यपदेशप्रवृत्तिरिति? अथ संबन्धाभावेऽपि तस्य तदिति व्यपदिश्यते तर्ह्यतिप्रसङ्गः, तथा सति हि यत्किंचित् यस्य कस्य वा संबन्धीति व्यपदेशार्हं स्यात्, तथा चाह-- *"अइप्पसङ्गो यत्ति"* ॥३६१॥ अत्र पर आह--

---

ઉપસંહાર બતાવે છે.

*ગાથાર્થ* :- આમ હોવાથી પૂર્વ-પૂર્વના અનુભવના અનુસંધાનથી પ્રવર્તતા આ અવગ્રહવગેરે જ્ઞાનવિશેષો કંઇક અંશે ગ્રહણ કરાતા અર્થના ઉત્તરવર્તીવિશેષની અપેક્ષાએ ભિન્નઅર્થગ્રાહક છે. (પૂર્વજ્ઞાનની અપેક્ષાએ ઉત્તરજ્ઞાન કથંચિદ્વિશેષનું ગ્રહણ કરે છે.) તેથી તે બધા જ્ઞાનો ગૃહીતગ્રાહી કે નિર્વિષય નથી. કારણકે પૂર્વપૂર્વના અનુભવના અનુસંધાનપૂર્વક કથંચિદ્ તે અર્થના ઉત્તરોત્તર ધર્મની અપેક્ષાએ ભિન્ન-ભિન્ન અર્થના ગ્રાહકતરીકે જ પ્રવૃત્તિઆદિરૂપવ્યવહાર સિદ્ધ છે. અન્યથા નહીં. તેથી તે (અવગ્રહવગેરે જ્ઞાનો)પ્રમાણભૂત જ છે. તેમાં અપાય(=મતિજ્ઞાનનો અવગ્રહ અને ઇહાપછીનો પ્રકાર)રૂપ વિકલ્પ આંગલીદ્રવ્યનો વાંકી અને સીધી બન્ને અવસ્થાવખતે તુલ્યરૂપે બોધ કરે છે. તેથી અવસ્થાન્તરમાં પણ આંગલીદ્રવ્ય તો તેનું તે જ છે. તેમ નિર્ણય થાય છે. અવગ્રહવગેરેનું સ્વરૂપ સમ્યગ્જ્ઞાનની નિરૂપણા વખતે દર્શાવાશે. ॥૩૫૯॥

*(નિવૃત્તરૂપસાથે અનિવૃત્તરૂપનો કથંચિદ્ અભેદ)*

અહીં પૂર્વપક્ષકાર કહે છે.

*ગાથાર્થ* :- *પૂર્વપક્ષ* :- આમ દ્રવ્ય અને પર્યાયની કથંચિદ્ નિવૃત્તિ અને અનિવૃત્તિ ભલે હો. છતાં તે વસ્તુસંબંધી કોક રૂપ અવશ્ય નિવૃત્ત થાય છે, અને બીજું કોઇરૂપ નિવૃત્ત થતું નથી. વસ્તુને સર્વાંશે નિવૃત્ત માનો તો એકાન્તે અનિત્યતા આવે, અને સર્વાંશે અનિવૃત્ત માનો તો એકાન્તે નિત્યતા આવે. તમને આ બન્ને ઇષ્ટ નથી. તેથી અમુક રૂપની નિવૃત્તિ અને અમુકરૂપની અનિવૃત્તિ જ તમારે ઇષ્ટ છે. હવે કહો કે આ નિવૃત્ત થતાં અને નિવૃત્ત ન થતાં રૂપવચ્ચે શી રીતે અભેદ સંભવે? અર્થાત્ બન્નેના સ્વભાવ ભિન્ન હોવાથી અભેદ સંભવે જ નહિ. જો અભેદના અભાવની આપત્તિના ડરથી નિવૃત્ત ન થતાં રૂપને પણ નિવૃત્ત થતું સ્વીકારી લેશો, તો ઉભયની નિવૃત્તિ થવાથી (=વસ્તુ સર્વથા નિવૃત્ત થતું હોવાથી) અનુગમ કેવી રીતે આવશે ? અર્થાત્ અનુગમ પામતા રૂપનો અભાવ થવાથી કોઇ હિસાબે અનુગમ નહિ થાય. અહીં ઉપલક્ષણથી "અભેદની હાનિના ભયથી નિવૃત્ત થતા રૂપને પણ નિવૃત્ત ન થતાં રૂપતરીકે સ્વીકારશો, તો કોઇપણ રૂપ નિવૃત્ત નથી થતું તેમ ઇષ્ટ થશે, અને તો ભેદ શી રીતે આવશે ? અર્થાત્ ભેદ નહિ આવે" આમ પણ સમજી લેવું ॥૩૬૦॥

*ગાથાર્થ* :- તેનું (=અનિવૃત્તનું) સંબંધી બીજું રૂપ નિવૃત્ત થાય છે તેથી જ હે મૂઢ ! સર્વથા ભેદ નથી. જો સર્વથા ભેદ હોય તો સંબંધ શી રીતે ? અને સંબંધ વિના 'તે તેનું' ઇત્યાદિ વિચારણામાં અતિપ્રસંગ છે.

*ઉત્તરપક્ષ* :- મૂઢ ! (=સૂક્ષ્મઅર્થની વિચારણામાં નિપુણબુદ્ધિથી રહિત !) 'નિવૃત્ત ન થતાં રૂપનું સંબંધી બીજું રૂપ નિવૃત્ત થાય છે' એમ કહો છો, તેથી જ 'નિવૃત્ત થતા રૂપસાથે અનિવૃત્તરૂપનો સર્વથા ભેદ નથી' તેમ સિદ્ધ થાય છે. 'તેનું એક

जइ तस्स कह नियत्तति? कहंचि जं तस्स तो ण दोसोऽयं ।
मोत्तूणमभिनिवेसं संवेदणमो न चिंतेसि? ॥ ३६२ ॥

(यदि तस्य कथं निवर्त्तते? कथञ्चित् तस्य तस्मान्न दोषोऽयम् । मुक्त्वाऽभिनिवेशं संवेदनं न चिन्तयसि?)

यदि तन्निवर्त्तमानं रूपं *तस्या*निवर्त्तमानस्य संबन्धीष्यते ततस्तस्मिन्ननिवर्त्तमाने कथं तत् निवर्त्तते?, नैव निवर्त्तेत इतिभावः, तत्संबन्धित्वेन तत्स्वरूपवत्तस्य निवृत्तस्य निवृत्त्यनुपपत्तेरिति । आचार्य आह–कथंचित् भेदगर्भान्योऽन्यानुवेधेन *यत्*–यस्मात्तत् निवर्त्तमानं रूपं *तस्य*–अनिवर्त्तमानस्य संबन्धि, न तु तत्स्वरूपवत् सर्वथैक्येन, *'तो'* ततो न कश्चिदयम् अनन्तरोक्तो दोषः। एतच्च प्रत्यक्षसिद्धमनेकधोच्यमानमपि यद्दोषवशान्नावबुध्यते तमपाकर्तुं परं शिक्षयन्नाह–*'मोत्तूणेत्यादि'* मुक्त्वा *अभिनिवेशं*–स्वदर्शनविषयकदाग्रहलक्षणं किन्न संवेदनं यथा वस्तुविषये प्रवर्त्तते तथा चिन्तयसि? येनेत्थं पुनः पुनरस्मान्नायासयसि। तदेवं यस्मात् द्रव्यपर्याययोर्भेदाभेदस्तस्माद्बालाद्यवस्थाभेददर्शनादात्मा परिणामीति स्थितम् ॥३६२॥ स्यादेतद्–बालाद्यवस्थाभेदः शरीरस्य न त्वात्मनः, तत्कथं तद्दर्शनादात्मनः परिणामित्वमापाद्यते इति?। उच्यते–शरीरात्मनोः कथंचिदभेदात्। तदुक्तम्–"[1] *अण्णोण्णाणुगयाणं इमं च तं चत्ति विभयणमजुत्तं जह खीरपाणियाणमित्यादि"*। अमुमेवाभेदं व्यतिरेकमुखेनाह––

ण य देहादेगंतेण एस अन्नो उवग्गहे तस्स ।
सुहजोगा मुत्तस्स व न सिया एसो उ अन्नत्ते ॥ ३६३ ॥

(न च देहादेकान्तेन एषोऽन्य उपग्रहे तस्य । सुखयोगाद् मुक्तस्य वा न स्यादेष तु अन्यत्वे ।)

न च देहादेकान्तेन *एष*–आत्मा भिन्नः, किंतु कथंचित् । कुतः? इत्याह–*'उवग्गहे तस्स सुहजोगा' तस्य*–शरीरस्य *उप*–सामीप्येन क्षीरनीरवत् *ग्रहे*–संबन्धे सति सुखयोगात्, उपलक्षणमेतत्, सुखदुःखघटनात् । अथवा, *तस्य*–शरीरस्योपग्रहे–स्रक्चन्दनादिभिरनुग्रहे सुखयोगात्, उपलक्षणमेतत् विषशस्त्रादिभिरुपघाते दुःखयोगदर्शनात्। कथंचिदभेदे हि शरीरोपग्रहादावात्मनः सुखादियोगो भवति नान्यथा। तथा चाह–*'मुत्तस्स वेत्यादि'* एकान्तेन आत्मनः सकाशात् शरीर-स्यान्यत्वे सति *एष*–शरीरोपग्रहनिमित्तसुखयोगो मुक्तस्येव न स्यात्, उभयमपि प्रत्यन्यत्वाविशेषात् । अपि च, यदि

---

રૂપ નિવૃત્ત થાય છે' ઇત્યાદિમાં 'તેનું'(=તસ્ય) એવો જે વ્યપદેશ છે, તેમાં સંબન્ધ કારણભૂત છે. અને પ્રસ્તુતમાં નિવૃત્તરૂપનો અનિવૃત્તરૂપસાથે તાદાત્મ્યસંબંધ ઇષ્ટ છે. આ તાદાત્મ્યસંબન્ધ કથંચિદ્ અભેદનિમિત્તક છે (=કથંચિદ્ અભેદ હોવાથી તાદાત્મ્યસંબંધ છે.) જો બન્નેવચ્ચે અર્થાત્ નિવૃત્તરૂપનો અનિવૃત્તરૂપસાથે સર્વથા ભેદ જ હોય, તો બેવચ્ચે ક્યો સંબંધ સંભવે? અર્થાત્ કોઇ સંબંધ સંભવે નહિ. બેવચ્ચે ભેદનો આશ્રય કર્યો હોવાથી તાદાત્મ્યસંબંધ સંભવે નહિ. તેમજ બન્ને (નિવૃત્ત–અનિવૃત્તરૂપ)વચ્ચે જન્યજનક ભાવ નથી. તેથી તદુત્પત્તિસંબંધ પણ સંભવે નહિ. (બૌદ્ધોને આ બે સંબંધ જ માન્ય છે.) આમ એકપણ સંબંધ સંભવે નહિ. અને સંબંધના અભાવમાં 'આ તેનું' ઇત્યાદિ વ્યપદેશ પણ સંભવે નહી જો સંબંધ વિના પણ 'તે તેનું' ઇત્યાદિ વ્યપદેશ કરશો, તો જે તે વસ્તુને જે તેના સંબંધીતરીકે વ્યપદેશ કરવાનો અતિપ્રસંગ આવે. ॥૩૬૧॥

અહીં બૌદ્ધ કહે છે.

*ગાથાર્થ* :– *પૂર્વપક્ષ* :– જો એ નિવૃત્ત થતું રૂપ પેલા અનિવૃત્ત થતા રૂપના સંબંધીતરીકે ઇષ્ટ હોય, તો તે અનિવૃત્ત થતાં રૂપની અનિવૃત્તિમાં એ નિવૃત્ત થતું રૂપ પણ નિવૃત્ત ન થવું જોઇએ. કારણકે અનિવૃત્તરૂપના સંબંધી હોવાથી નિવૃત્ત થતા રૂપની નિવૃત્તિ અસંગત છે, જેમકે અનિવૃત્તરૂપનું સ્વરૂપ.

*ઉત્તરપક્ષ* :– નિવૃત્ત થતું રૂપ અનિવૃત્ત થતા રૂપનું સંબંધી છે, પણ અનિવૃત્તરૂપના સ્વરૂપની જેમ સર્વથા અભેદભાવ થી સંબંધી નથી, પરંતુ ભેદયુક્ત અન્યોન્યઅનુવેધથી(=ભેદાભેદથી) સંબંધી છે. તેથી ઉપરોક્ત કોઇ દોષ સંભવતો નથી. (આ વાત પ્રત્યક્ષસિદ્ધ છે. અને વારંવાર કહી છે. છતાં પૂર્વપક્ષકાર જે દોષના કારણે સમજતા નથી. તે દોષ(=અભિનિવેશ) દૂર કરવાની પૂર્વપક્ષકારને સલાહ આપતા કહે છે *'મોત્તૂણ'* ઇત્યાદિ) આ વાત સમજવા તમે તમારા દર્શન પ્રત્યેનો કદાગ્રહ છોડો, અને જે પ્રમાણે સંવેદન થાય છે તે જ પ્રમાણે વિચારો. જેથી વારંવાર અમને જે પ્રયત્ન કરાવો છો તે મટી જાય. આમ દ્રવ્યપર્યાય વચ્ચે ભેદાભેદ સિદ્ધ થાય છે. તેથી જ બાળવગેરે અવસ્થાભેદના દર્શનથી આત્મા પરિણામી છે તેવો નિર્ણય થાય છે. ॥૩૬૨॥

*(બાળઆદિ અવસ્થાભેદ કથંચિદ્ આત્માના)*

*પૂર્વપક્ષ* :– બાળાદિઅવસ્થાભેદ શરીરના છે, આત્માના નહિ. તેથી એના બળપર આત્માને શી રીતે પરિણામી સિદ્ધ કરી શકાય ?

*ઉત્તરપક્ષ* :– શરીર અને આત્માવચ્ચે કથંચિદ્ અભેદ હોવાથી એ અવસ્થાભેદ આત્માના પણ ગણી શકાય. કહ્યું છે કે *"અન્યોન્યાનુગત થયેલાઓમાં 'આ આ છે અને આ તે છે' એવો વિભાગ કરવો યોગ્ય નથી. જેમકે દૂધ અને પાણીઅંગે"*

આ જ અભેદ વ્યતિરેકદ્વારા દર્શાવે છે.

*ગાથાર્થ* :– આત્મા દેહથી એકાન્તે અન્ય નથી. કેમકે શરીરના ઉપગ્રહમાં (=સંબંધમાં) સુખનો યોગ થાય છે. જો આત્મા અન્ય જ હોય, તો મુક્તની જેમ સુખ ન થાય.

આ આત્મા શરીરથી એકાન્તે ભિન્ન નથી. પણ કથંચિત્ ભિન્ન છે. અર્થાત્ કથંચિત્ અભિન્ન છે. કારણકે આત્માનો શરીર સાથે ઉપગ્રહ(=દૂધપાણી જેવો સંબંધ) થવાથી જ સુખનો યોગ–ઉપલક્ષણથી સુખદુઃખનો યોગ–થાય છે. અર્થાત્ આત્મા

---

1. अन्योन्यानुगतयोरिमं च तच्चेति विभजनमयुक्तम् । यथा क्षीरपानीययोः ।

शरीरादात्मा एकान्तेन भिन्नः स्यात् ततो नात्मनः शरीरासच्चेष्टादिनिमित्तो बन्धः स्यात्, नहि स्वत एव गिरिशिखरादुपनिपतता पाषाणेन जीवघाते सति देवदत्तस्य तन्निमित्तो बन्धो भवतीति। न च वाच्यं नैवात्मनः शरीरासच्चेष्टादिनिमित्तो बन्धः, किंतु स्वत एव तत्करणस्वभावत्वादिति। शरीरादेकान्तेनार्थान्तरभूतस्य मुक्तानामिव निष्क्रियत्वेन तत्कर्तृत्वायोगात्। अथ मा भूदेष दोष इति नैवात्मा कर्मणां कर्त्तेष्यते किंतु प्रकृतिः, आत्मा तु केवलं तेषां भोक्तेति। तदप्ययुक्तम्, एवमन्यकृतकर्मान्यतत्फलभोगाभ्युपगमे देवदत्तकृतस्यापि कर्मणो जिनदत्तस्य फलोपभोगापत्तेः। अन्यच्च प्रकृतिरचेतना ततः कथं सा घटवत् अध्यवसायशून्यत्वात् कर्म्म करोति? । पुरुषेण प्रेरिता सती कर्म करोति न केवला ततो न कश्चिद्दोष इति चेत्? न, पुरुषस्योदासीनत्वाभ्युपगमेन प्रेरकत्वायोगात्, योगे वा अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावतया सदा तदुपरमाभावप्रसङ्गतो मुक्त्यभावप्रसङ्गः। किंच आन्तरादपि शरीरादेकान्तेनात्मनोऽन्यत्वाभ्युपगमे सति फलोपभोगोऽपि बुद्धिप्रतिबिम्बोदयरूपो व्यावर्ण्यमानो नोपपद्येत, तस्यैकान्तेनामूर्त्तस्याकाशस्येव प्रतिबिम्बासंभवात् । तस्मान्न शरीरादयमात्मा सर्वथा भिन्नः, किंतु कथंचित्, ततश्च तस्यावस्थाभेदे सत्यात्मनोऽपि कथंचिदवस्थाभेदसंभवात्परिणामित्वम् ॥३६३॥ शरीरसंबन्धाभिधानप्रस्तावानुरोधादेव चात्मनः शरीरप्रमाणतामुपपादयति---

ण य सव्वगतो जीवो तणुमेत्ते लिंगदरिसणाओ तु ।
सव्वगते संसरणं कह? तेण सरीरमाणो सो ॥ ३६४ ॥

(न च सर्वगतो जीवस्तनुमात्रे लिङ्गदर्शनात्तु । सर्वगते संसरणं कथम्?)

न चासौ *जीवः*-आत्मा सर्वगतः किंतु तनुमात्रः। कुतः? इत्याह-तनुमात्रे एव *लिङ्गस्य*-चैतन्यसुखादेर्दर्शनात् ।

---

ને થતાં સુખદુઃખના અનુભવમાં આત્માનો શરીરસાથેનો દૂધપાણી જેવો સંબંધ કામ કરે છે. અથવા શરીરના ઉપગ્રહ (અનુગ્રહ ઉપઘાત)વખતે આત્માને સુખઆદિ થાય છે. અર્થાત્ ફૂલની માળા, ચંદનવગેરેથી શરીરને અનુગ્રહ થાય ત્યારે આત્મા ને સુખનો અનુભવ થાય છે. અને ઉપલક્ષણથી ઝેર, શસ્ત્રવગેરેથી શરીરને ઉપઘાત થાય, ત્યારે આત્માને દુઃખ થતું દેખાય છે. જો આત્માનો શરીરસાથે કથંચિદ્ અભેદ હોય, તો જ શરીરના ઉપગ્રહથી(=અનુગ્રહ-ઉપઘાતથી) આત્માને સુખઆદિનો અનુભવ થાય. અન્યથા નહિ. જો આત્માથી શરીર એકાન્તે ભિન્ન હોય, તો જેમ મુક્ત જીવોને શરીરના ઉપગ્રહનિમિત્તક સુખદુઃખ થતાં નથી, તેમ સંસારી આત્માને પણ શરીરના ઉપગ્રહનિમિત્તક સુખદુઃખઆદિ થાય નહિ. કારણકે બન્ને સ્થળે (મુક્ત અને સંસારી) શરીરનું અન્યપણું સમાન છે. વળી, જો શરીરથી આત્મા સર્વથા ભિન્ન હોય, તો આત્માને શરીરની અયોગ્ય ચેષ્ટાવગેરેના કારણે કર્મનો બંધ થાય નહિ. પર્વતપરથી સ્વયં પડેલા પથ્થરથી જીવ હણાય ત્યારે દેવદત્તને એ જીવવધસંબંધી કર્મબન્ધ થતો નથી. (કારણકે દેવદત્ત એ પથ્થરથી સર્વથા ભિન્ન છે. અને પથ્થરની પતનાદિ ચેષ્ટામાં કારણ નથી.)

*પૂર્વપક્ષ* :- આત્માને શરીરની અયોગ્ય ચેષ્ટાના કારણે કર્મબંધ થતો નથી, પરંતુ પોતાના જ તત્કરણ (તેવી ચેષ્ટા કરવાના) સ્વભાવથી કર્મબંધ થાય છે.

*ઉત્તરપક્ષ* :- જો મુક્તોની જેમ સંસારી આત્મા પણ શરીરથી એકાન્તે ભિન્ન હોય, તો મુક્તની જેમ તે(=સંસારી) આત્મા પણ નિષ્ક્રિય જ સિદ્ધ થાય. તેથી તે (=સંસારી આત્મા) તેવી ચેષ્ટાનો કર્તા બની શકે નહિ.

*(સાંખ્યમત નિરાસ)*

*પૂર્વપક્ષ* :- આવા દોષ હોવાથી જ આત્માને કર્મના કર્તા માનવો યોગ્ય નથી. પ્રકૃતિ જ કર્મોની કર્તા છે. આત્મા તો તે કર્મોનો માત્ર ભોક્તા જ છે.

*ઉત્તરપક્ષ* :- આ વાત પણ બરાબર નથી. આમાં તો એકે કરેલા કર્મોના ફળના ભોક્તાતરીકે બીજાને સ્વીકારવાનું આવ્યું. (કર્તા પ્રકૃતિ અને ભોક્તા આત્મા). આમ તો દેવદત્તે કરેલા કામોનું ફળ જિનદત્ત ભોગવે એમ માનવાની આપત્તિ આવશે. વળી તમે પ્રકૃતિને જડ માની છે. તેથી આ પ્રકૃતિ ઘડાની જેમ અધ્યવસાયથી રહિત હોવાથી શી રીતે કર્મ કરી શકે ?

*પૂર્વપક્ષ* :- આ પ્રકૃતિ એકાકીરૂપે કર્મ કરતી નથી, પણ પુરુષથી પ્રેરાયેલી જ તે કર્મ કરે છે. તેથી કોઇ દોષ નથી.

*ઉત્તરપક્ષ* :- તમે પુરુષ(=આત્મા)ને ઉદાસીન(=નિષ્ક્રિય) સ્વીકાર્યો છે. તેથી તે પ્રેરક પણ શી રીતે બની શકે ? આ પુરુષ હંમેશા અવિનાશી, અજ અને એકમાત્ર સ્થિર સ્વભાવવાળો છે. તેથી કદાચ માની લઇએ કે પુરુષ પ્રેરક હોય, તો તેનો પ્રેરણા આપવાનો સ્વભાવ કાયમ રહેશે, ક્યારેય અટકશે નહિ, અને તો મુક્તિના અભાવનો પ્રસંગ આવશે. વળી, જો આત્મા આન્તરશરીરથી પણ એકાન્તે ભિન્ન હોય, તો તમે બુદ્ધિમાં પ્રતિબિંબના ઉદયરૂપ જે ફળોપભોગ વર્ણવો છો, તે પણ યુક્તિ સંગત ઠરશે નહિ. કારણકે એકાન્તઅમૂર્ત આત્માનું આકાશની જેમ પ્રતિબિંબ પડી શકે નહિ. ભેદપક્ષે આ બધી આપત્તિઓ હોવાથી જ શરીર આત્માથી સર્વથા ભિન્ન નથી. પરંતુ કથંચિદ્ ભિન્ન અને કથંચિદ્ અભિન્ન છે. તેથી શરીરની અવસ્થાઓના ભેદવખતે આત્માની અવસ્થાઓમાં પણ કથંચિદ્ ભેદ સંભવે છે. તેથી આત્મા પરિણામી છે. ॥૩૬૩॥

*(આત્મા શરીરપ્રમાણ છે)*

આત્માના શરીરસાથેના સંબંધના કથનથી પ્રસ્તાવને અનુરૂપ 'આત્મા શરીરપ્રમાણ છે' એ તત્ત્વની ઉપપત્તિ દર્શાવે છે.

*ગાથાર્થ* :- વળી, આ જીવ સર્વવ્યાપી નથી, પરંતુ શરીરમાત્રવ્યાપી છે. કારણકે માત્ર શરીરમાં જ જીવના ચૈતન્ય, સુખ વગેરે લિંગો દેખાય છે. (મૂળમાં 'તુ'પદ જકારઅર્થક છે અને 'તનુમાત્ર'પદ પછી પ્રયોજ્ય છે.) વળી જો આત્માને વિભુ સ્વીકારશો, તો આત્માનું નરકવગેરે ભવોમાં ભ્રમણરૂપ સંસરણ કેવી રીતે સંભવશે ? અર્થાત્ સંભવશે નહિ. તેથી આ આત્મા શરીરપ્રમાણ જ છે. ॥૩૬૪॥

तुशब्दोऽवधारणाऽर्थो भिन्नक्रमश्च, स च यथास्थानं योजित एव । अन्यच्च-तस्मिन्नात्मनि सर्वगतेऽभ्युपगम्यमाने सति कथं संसरणं नारकादिभवभ्रमणरूपमुपपद्यते?, नैवोपपद्यत इति भावः । तेन कारणेनासावात्मा शरीरमान एव ॥३६४॥ एतदेव भावयन्नाह--

आसज्ज कुंथुदेहं तत्तियमेत्तो गयम्मि गयमेत्तो ।
ण य संजुज्जति जीवो संकोयविकोयदोसेहिं ॥ ३६५ ॥

(आसाद्य कुंथुदेहं तावन्मात्रो गजे गजमात्रः । न च संयुज्यते जीवः संकोचविकोचदोषैः)

आश्रित्य (आसाद्य) कुन्थुदेहमयमात्मा *तावन्मात्रः*-कुन्थुदेहमात्रो, *गजे तु*-गजदेहे तु *गजमात्रः*-गजदेहमात्रः । न च संकोचविकोचदोषैरेष जीवो युज्यते, तस्य संसारावस्थायां तथास्वभावत्वतस्तयोरभ्युपगमात् । यदुक्तम्-"*देहमात्रः संसारी संकोचविकाशधर्मेत्यादि*" ॥३६५॥ एतदेव दृष्टान्तेन द्रढयन्नाह--

जह दीवो महति घरे पलीवितो तं घरं पगासेति ।
अप्पप्पतरे तं तं एवं जीवो सदेहाइं ॥ ३६६ ॥

(यथा दीपो महति गृहे प्रदीपित स्तद्गृहं प्रकाशयति । अल्पाल्पतरे तत्तदेवं जीवः स्वदेहानि)

यथा दीपो महति गृहे प्रदीपितः सन् *तत्*-महत् गृहं प्रकाशयति, अल्पाल्पतरे च तत् तत्, एवं दीप इव जीवः स्वदेहानि चैतन्यज्योतिषा प्रकाशयति ॥३६६॥ अत्र पर आह--

णणु लोगंते णाणं जायइ इह तं च जेणमायगुणो ।
ण य अद्दव्वा य गुणा तेण तो सव्ववावित्ती ॥ ३६७ ॥

(ननु लोकान्ते ज्ञानं जायते इह तच्च येनात्मगुणः । न चाद्रव्याश्च गुणास्तेन सकः सर्वव्यापीति)

ननु इह व्यवस्थितस्य पुंसो येन कारणेन लोकान्ते ज्ञानं जायते, तच्च ज्ञानमात्मनो गुणः, गुणाश्चाद्रव्या-द्रव्यमन्तरेण केवला न च क्वापि वर्त्तन्ते, *तेन कारणेन*-लोकान्तज्ञानलक्षणगुणदर्शनाऽन्यथाऽनुपपत्तिलक्षणेन एव (एतद् पाठा.) ज्ञायते '*तउत्ति*'सक आत्मा सर्वव्यापी। अथ ब्रूयादात्मदेशस्थमेव सत् ज्ञानं लोकान्तगतमपि ज्ञेयं परिच्छेत्स्यति ततो न सर्वव्याप्यात्मेति । तदयुक्तम्, संबन्धमन्तरेण ज्ञेयस्य परिच्छेत्तुमशक्यत्वात्, न खलु शिखापरिपूर्णोऽपि दीपः कुम्भमध्यनिक्षिप्तो गृहान्तर्वर्त्तिनो भावान् प्रकाशयितुमलम् । तथा चोक्तम्--"*ज्ञातुं वपुःपरिमितः क्षमते त्रिलोकीं, जीवः कथं कथय सङ्गतिमन्तरेण?। शक्नोति कुम्भनिहितः सुशिखोऽपि दीपो, नार्थान् प्रकाशयितुमभ्युदरं गृहस्य ॥१॥*" ततोऽवश्यं लोकान्तगतं ज्ञानमेष्टव्यम्, तथा च सिद्ध आत्मा सर्वव्यापीति ॥३६७॥ आचार्यस्तु परमतीव जडबुद्धित्वात् क्षुद्रत्वाच्च क्रीडनकप्रख्यमवलोक्य तेन सह तावच्चसूरिमारभते--

नियदेससंठियस्सवि रविणो किरणा जहेव अन्नंपि ।
उज्जोयंति देसं तहेव एयंपि नायव्वं ॥ ३६८ ॥

(निजदेशसंस्थितस्यापि रवेः किरणा यथैव अन्यमपि । उद्द्योतयन्ति देशं तथैव एतदपि ज्ञातव्यम्)

---

આ જ અર્થનું ભાવન કરતા કહે છે.

*ગાથાર્થ* :- આ આત્મા કુંથુ(=સૂક્ષ્મ જીવાતવિશેષ)ના શરીરને પામી તે શરીર જેવડો, અને હાથીશરીર પામી હાથીશરીર જેવડો થાય છે. (તાત્પર્ય જે ભવમાં જેવડું શરીર પામે, તેટલા પ્રમાણવાળો થાય છે.) અહીં 'જીવને સંકોચવિકાસના દોષોનો સંભવ છે' તેમ ન કહેવું, કારણકે સંસારી અવસ્થામાં જીવ તથાસ્વભાવથી જ સંકોચ-વિકાસ કરે છે, તે માન્ય છે. કહ્યું જ છે કે '*સંસારી જીવ દેહમાત્ર પ્રમાણવાળો છે અને સંકોચ-વિકાસધર્મથી યુક્ત છે.*' ॥૩૬૫॥

આ જ વાતને દૃષ્ટાન્તથી દૃઢ કરતાં કહે છે--

*ગાથાર્થ* :- જેમ દીવો મોટા ઘરમાં પ્રગટાવવામાં આવે, તો મોટા ઘરને પ્રકાશે છે અને નાના, નાના ઘરમાં નાના, નાના ઘરને. આમ પ્રદીપની જેમ જીવ પોતાના (મોટા કે નાના ) શરીરોને ચૈતન્યજ્યોતિથી પ્રકાશે છે. ॥૩૬૬॥

અહીં વિભુઆત્માવાદી કહે છે.

*ગાથાર્થ* :- (પૂર્વપક્ષ) જ્ઞાન લોકાન્તમાં ઉત્પન્ન થાય છે. અને તે (=જ્ઞાન) અહીં આત્મગુણ છે. વળી, ગુણો અદ્રવ્ય હોતા નથી, તેથી (આત્મા) સર્વવ્યાપી છે.

*પૂર્વપક્ષ* :- અહીં રહેલા પુરુષને લોકાન્તમાં જ્ઞાન ઉત્પન્ન થાય છે. 'આ જ્ઞાન આત્માનો ગુણ છે અને ગુણો દ્રવ્યને છોડી એકલા ક્યાંય રહેતા નથી' એ ઉભયમત સમ્મત છે. તેથી લોકાન્તમાં જ્ઞાનરૂપ ગુણનું દર્શન અન્યથા અનુપપન્ન થવા દ્વારા જ આત્મા સર્વવ્યાપી છે, તેમ સિદ્ધ થાય છે.

*શંકા* :- આત્માના(=પુરુષના) સ્થળે જ રહેલું જ્ઞાન લોકાન્તમાં રહેલા જ્ઞેયનો બોધ કરે છે. તેથી આત્મા સર્વવ્યાપી નથી.

*સમાધાન* :- આ વાત બરાબર નથી. જ્ઞાનનો જ્યાં સુધી જ્ઞેયસાથે સંબંધ ન થાય, ત્યાં સુધી જ્ઞેયનો પરિચ્છેદ(=બોધ) થવો શક્ય નથી. ક્યારેય એવું બનતું નથી કે શિખાથી પરિપૂર્ણ પણ ઘડામાં મુકાયેલો દીવો ઘરમાં રહેલા પદાર્થોને પ્રકાશવા સમર્થ બને. કહ્યું જ છે કે '*શરીરપ્રમાણ જીવ સંબંધવગર ત્રણ લોકને જાણવા સમર્થ કેવી રીતે બને? તે કહો. સારી શિખાવાળો પણ ઘડામાં રખાયેલો દીવો ઘરમાં રહેલા અર્થોને પ્રકાશવા સમર્થ બનતો નથી.*' તેથી જ્ઞાન લોકાન્તગામી છે, તેમ સ્વીકારવું જ રહ્યું. તેથી આત્મા સર્વવ્યાપી સિદ્ધ થાય છે. ॥૩૬૭॥

*निजदेशे*–स्वनभोभागरूपे संस्थितस्यापि सतो रवेः–आदित्यस्य किरणा *यथैवान्यं*–पृथिव्यादिरूपं देशमुद्द्योतयन्ति, *तथैव*–रवेः किरणा इव, एतदपि ज्ञानमात्मनः स्वदेशावस्थितस्यापि सतो भिन्नदेशान्तरस्थितवस्तुतत्त्वप्रकाशकं ज्ञातव्यमिति ॥३६८॥ अत्र परो दृष्टान्तदार्ष्टान्तिकयोर्वैषम्यमुद्भावयन्नाह––

ते तुल्लं सव्वदिसं नाणं पुण होति एगदेसम्मि ।

कम्मघणपडलाच्छादियरूवस्सेवं न सुद्धस्स ॥ ३६९ ॥

(ते तुल्यं सर्वदिशं ज्ञानं पुनर्भवति एकदेशे । कर्मघनपटलाच्छादितरूपस्यैवं न शुद्धस्य)

*ते*–रविकिरणाः, *तुल्यं*–समकालं *सर्वदिशं*–सर्वासु दिक्षु ज्ञेयमुद्द्योतयन्ति, ज्ञानं पुनर्भवति एकस्मिन् देशे वस्तुनां प्रकाशकं, ततो नेह रविकिरणा दृष्टान्तत्वेनोपयुज्यन्ते, ज्ञानस्य तैः सह साधर्म्याभावात्। अत्राह–*'कम्मघणेत्यादि'* एवं–एकदेशस्थितवस्तुप्रकाशकत्वलक्षणेन प्रकारेण ज्ञानमात्मनो भवति कर्मघनपटलाच्छादितरूपस्य सतो, न तु *विशुद्धस्य*–सकलकर्मकलङ्कविप्रमुक्तस्य, तथाभूतस्य संबन्धिनो ज्ञानस्य समकालं सर्वासु दिक्षु सकलज्ञेयविषयतया प्रवर्त्तमानत्वात् । ततो न दृष्टान्तदार्ष्टान्तिकवैषम्यं, रवेरपि घनपटलाच्छादितस्य किरणानामेकदेशविषयत्वात् ॥३६९॥ अधुना प्रकारान्तरेण परो दृष्टान्तदार्ष्टान्तिकयोर्वैषम्यमाह––

किरणा गुणा ण दव्वं तेसि पगासो गुणो ण यादव्वो ।

जं नाणं आयगुणो कहमदव्वो स अन्नत्थ? ॥ ३७० ॥

(किरणा गुणा न द्रव्यं तेषां प्रकाशो गुणो न चाद्रव्यः । यज्ज्ञानमात्मगुणः कथमद्रव्यः सोऽन्यत्र)

ननु किरणा गुणा न भवन्ति किंतु द्रव्यं, यस्तु तेषां किरणानां प्रकाशः स गुणो, न चासौ प्रकाशरूपो गुणोऽ*द्रव्यो*–द्रव्यदेशादन्यत्र वर्त्तते, ज्ञानं पुनरिदं *यत्*–यस्मादात्मगुणस्ततः स कथम*द्रव्यो*–द्रव्यरहितः सन् *अन्यत्र* आत्म–देशपरित्यागेन भवेत्?, नैव भवेदितिभावः । तस्माल्लोकान्ते ज्ञानदर्शनादयमात्मा सर्वव्यापी प्रतीयते एव ॥३७०॥ तदेवं चिराद(व)बुध्यमानेन परेणाभिहिते सत्याचार्यः सम्यगुत्तरमाह––

गंतुं ण परिच्छिंदइ नाणं णेयं तयम्मि देसम्मि ।

आयत्थं चिय नवरं अचिंतसत्तीउ विन्नेयं ॥ ३७१ ॥

(गत्वा न परिच्छिनत्ति ज्ञानं ज्ञेयं तस्मिन् देशे । आत्मस्थमेव नवरमचिन्त्यशक्तेर्विज्ञेयम्)

न ज्ञानं यस्मिन् देशे ज्ञेयमस्ति तस्मिन् देशे गत्वा ज्ञेयं परिच्छिनत्ति, *नवरं* किंतु आत्मस्थमेव सत् तत् दूरदेशस्थस्यापि ज्ञेयस्य परिच्छेदकमचिन्त्यशक्तेर्विज्ञेयम् ॥३७१॥ अमुवेमार्थं दृष्टान्तेन भावयति––

लोहोवलस्स सत्ती आयत्था चेव भिन्नदेसंपि ।

लोहं आगरिसंती दीसइ इह कज्जपच्चक्खा ॥ ३७२ ॥

(लोहोपलस्य शक्तिरात्मस्थैव भिन्नदेशमपि । लोहमाकर्षन्ती दृश्यते इह कार्यप्रत्यक्षत्वात्)

लोहस्याकर्षक उपलः लोहोपलः, अत्राकृष्याकर्षकभावलक्षणसंबन्धे षष्ठी, यथा राज्ञः पुरुष इत्यत्र पोष्यपोषक–भावे, तस्य शक्तिरात्मस्थैव सती *भिन्नदेशमपि*–भिन्नस्थ(लस्थ)मपि लोहमाकर्षन्ती दृश्यते, न च दृष्टे अनुपपन्नं नाम । अतीन्द्रित्वाच्छक्तीनां कथं तस्या दर्शनमिति चेत्? अत आह–*'कार्यप्रत्यक्षा' कार्यं*–लोहाकर्षणलक्षणं प्रत्यक्षं यस्याः सा

---

અહીં આચાર્ય પૂર્વપક્ષકારની અત્યંત જાડી બુદ્ધિ અને ક્ષુદ્રતા જોઇ રમકડાતુલ્ય સમજી તેની સાથે ક્રીડા કરે છે.

*ગાથાર્થ* :– આકાશમાં સ્વસ્થળે રહેલા પણ સૂર્યના કિરણો જેમ પૃથ્વીવગેરે અન્યસ્થળને પ્રકાશે છે, સૂર્યના આ કિરણોની જેમ આ જ્ઞાન પણ આત્માના સ્વસ્થાનમાં જ રહીને ભિન્ન દેશમાં રહેલા વસ્તુતત્ત્વને પ્રકાશે છે તેમ સમજવું.

અહીં પૂર્વપક્ષકાર દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક વચ્ચે વિષમતાનું ઉદ્ભાવન કરતા કહે છે.

*ગાથાર્થ :– પૂર્વપક્ષ* :– સૂર્યના તે કિરણો એક સમયે બધી જ દિશામાં જ્ઞેયઅર્થને પ્રકાશે છે. જ્યારે જ્ઞાન એક જ દેશમાં રહેલી વસ્તુને પ્રકાશે છે. તેથી અહીં સૂર્યકિરણો દૃષ્ટાન્તતરીકે ઉપયોગી નથી. કારણકે જ્ઞાનનું તેઓ સાથે સાધર્મ્ય નથી.

*ઉત્તરપક્ષ* :– કર્મરૂપ વાદળોના પરદાપાછળ છૂપાયેલા આત્માનું જ્ઞાન એકદેશમાં રહેલી વસ્તુને પ્રકાશે છે. પરંતુ સઘળાય કર્મકલંકથી મુક્ત વિશુદ્ધ આત્માનું જ્ઞાન તો એકીકાળે સઘળીય દિશામાં રહેલા સઘળાય જ્ઞેયપદાર્થોને વિષય બનાવી પ્રવૃત્ત થાય છે. તેથી દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકવચ્ચે વિષમતા નથી. બલ્કે, વાદળાઓથી ઢંકાયેલા સૂર્યના કિરણો પણ એકદેશના જ્ઞેયને જ વિષય બનાવતા હોવાથી જ્ઞાનસાથે સુયોગ્ય સાધર્મ્ય ધરાવે જ છે. ॥૩૬૯॥

હવે પૂર્વપક્ષકાર અન્યપ્રકારે દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકવચ્ચે વિષમતા દેખાડે છે.

*ગાથાર્થ:– પૂર્વપક્ષ* :– સૂર્યકિરણો ગુણરૂપ નથી, પણ દ્રવ્યરૂપ છે. તેમનો(=કિરણોનો) પ્રકાશ જ ગુણરૂપ છે. અને આ પ્રકાશગુણ કિરણદ્રવ્યના સ્થાનથી અન્યત્ર ઉપલબ્ધ થતો નથી. આજ પ્રમાણે જ્ઞાન આત્માનો ગુણ છે. તેથી તે આત્મ–દ્રવ્યને છોડી અન્યત્ર(આત્માના સ્થાનથી બીજે) શી રીતે ઉપલબ્ધ થાય ? અર્થાત્ ન જ થાય. તેથી લોકાન્તમાં જ્ઞાન દેખાય છે, તેનાથી આત્મા સર્વવ્યાપીરૂપે જ સિદ્ધ થાય છે. ॥૩૭૦॥

લાંબાકાળે સમજેલા(અથવા લાંબાકાળથી નહિ સમજતા) પૂર્વપક્ષે આમ કહ્યું, તેથી આચાર્ય યોગ્ય ઉત્તર આપતા કહે છે.

*ગાથાર્થ :– ઉત્તરપક્ષ* :– જ્ઞેય જ્યાં હોય, ત્યાં જઇને જ્ઞાન કંઇ તેનો(=જ્ઞેયનો) પરિચ્છેદ(=બોધ) કરતું નથી. પરંતુ આત્મામાં રહીને જ તે દૂર દેશમાં રહેલા જ્ઞેયનો પરિચ્છેદ કરે છે. કેમકે તેની શક્તિ અચિન્ત્ય છે. ॥૩૭૧॥

कार्यप्रत्यक्षा, एतदुक्तं भवति-तत्कार्यस्य प्रत्यक्षत्वात् सापि दृश्यत इति व्यवह्रियत इत्यदोषः ॥३७२॥ तदेवं दृष्टान्तमभिधाय दार्ष्टान्तिके योजनामाह--

एवमिह नाणसत्ती आयत्था चेव हंदि लोगंतं ।
जइ परिच्छिंदइ सम्मं को णु विरोहो भवे एत्थं? ॥ ३७३ ॥

(एवमिह ज्ञानशक्तिरात्मस्थैव हंदि लोकान्तम् । यदि परिच्छिनत्ति सम्यक् को नु विरोधो भवेदत्र?)

*'एवं'* लोहोपलशक्तिरिव *'इह'* जगति *'हंदीति'* परामन्त्रणे, यदि ज्ञानरूपा शक्तिरात्मस्थैव सती सम्यक् लोकान्तं परिच्छिनत्ति ततः को नु अत्र विरोधो भवेत्? नैव कश्चिदिति भावः ॥३७३॥ अत्र परो दृष्टान्तं विघटयन्नाह--

लोहोवलछायाणू घडित्तु लोहेण तो(तं) पलट्टेंति (पकड्ढेंति) ।
माणं किमेत्थ? अन्नह तदभावो चेव ते बुद्धी ॥ ३७४ ॥

(लोहोपलछायाणवो घटित्वा लोहेन तत(स्तत्) प्रकर्षन्ति । मानं किमत्र? अन्यथा तदभाव एव ते बुद्धिः)

लोहोपलसंबन्धिनः छायाणवो लोहदेशं गत्वा लोहेन सह *घटन्ते*-संयुज्यन्ते, ततो घटित्वा *तत्*-लोहं *प्रकर्षन्ति* समाकृषन्ति, नतु लोहोपलस्य शक्तिरात्मस्थैव सती लोहमाकर्षतीति दृष्टान्तानुपपत्तिः । अत्राचार्य आह--*'माणमित्यादि'* *अत्र*-अस्यामेवंविधायां कल्पनायां *मानं*-प्रमाणं किं?, नैव किंचिदित्यर्थः। न च प्रमाणमन्तरेण प्रमेयसिद्धिः, मा प्रापत् सर्वेषामिष्टसिद्धिप्रसङ्गः। अथ *ते*-तव इयं बुद्धिः-*अन्यथा* एवमनभ्युपगमे तदभाव एव-लोहाकर्षणाभाव एव प्राप्नोति, तस्माल्लोहाकर्षणाऽन्यथाऽनुपपत्तिरेवास्यां कल्पनायां प्रमाणम् ॥३७४॥ तथाहि--

जत्तियमेत्ते खेत्ते संति तु ते तेत्तियाउ तं एई ।
कड्ढेज्ज उ सत्तीए सव्वं भुवणोयरगयंपि ॥ ३७५ ॥

(यावन्मात्रे क्षेत्रे सन्ति तु ते तावतस्तदेति । कर्षेत् तु शक्त्या सर्वं भुवनोदरगतमपि )

यावन्मात्रे क्षेत्रे छायाणवः सन्ति तावन्मात्रादेव क्षेत्रात्, तुरवधारणे भिन्नक्रमश्च, स च यथास्थानं योजितः, *तत्*-लोहम् *एति*-आगच्छति, अन्यथा यदि लोहोपल आत्मस्थया शक्त्या भिन्नदेशस्थस्याऽपि लोहस्याकर्षक इष्येत ततः सर्वमपि भुवनोदरान्तर्गतं लोहमाकर्षेत्, सर्वस्यापि अप्राप्तत्वाविशेषात् ॥३७५॥ अत्राचार्य आह-

---

*(જ્ઞાનની શક્તિઅંગે લોહચૂંબકનું દૃષ્ટાન્ત)*

આજ અર્થનું દૃષ્ટાન્તથી ભાવન કરે છે.

*ગાથાર્થ* :- લોહ=લોખંડને આકર્ષતો પથ્થર=લોહોપલ=લોહચૂંબક. અહીં આકૃષ્ય-આકર્ષકભાવરૂપસંબંધઅર્થે ષષ્ઠી-વિભક્તિ છે. જેમકે રાજ્ઞ: પુરુષ: (રાજાનો પુરુષ) સ્થળે પોષ્યપોષકભાવે ષષ્ઠીવિભક્તિ થાય. લોહચૂંબકની પોતાનામાં જ રહેલી શક્તિ ભિન્નસ્થળે રહેલા લોખંડને આકર્ષતી દેખાય છે. અને "જે દૃષ્ટ છે તેમાં અનુપપત્તિ સંભવે નહિ."

*શંકા* :- તમે "શક્તિ ભિન્નસ્થળે રહેલા લોખંડને આકર્ષતી દેખાય છે" એમ કહો છો. પણ શક્તિ તો અતીન્દ્રિય છે. પછી શી રીતે તે તમને દેખાય ?

*સમાધાન* :- આ શક્તિ પોતાના લોખંડને આકર્ષવારૂપ કાર્યના પ્રત્યક્ષથી પ્રત્યક્ષ છે.

*તાત્પર્ય :- તેનું કાર્ય પ્રત્યક્ષ છે, તેથી તે પણ પ્રત્યક્ષ છે તેવો વ્યવહાર કરી શકાય છે, તેમાં કોઇ દોષ નથી.* ॥૩૭૨॥

આમ દૃષ્ટાન્ત બતાવ્યું. હવે તેને દાર્ષ્ટાન્તિકમાં ઘટાવે છે.-

*ગાથાર્થ* :- આમ લોહચૂંબકની શક્તિની જેમ જો જ્ઞાનશક્તિ આત્મામાં રહીને સમ્યગ્ લોકાન્તનો પરિચ્છેદ કરે તો તેમાં શો વિરોધ છે ? અર્થાત્ કોઇ વિરોધ નથી. ॥૩૭૩॥

અહીં પૂર્વપક્ષ દૃષ્ટાન્તનું વિઘટન કરતાં કહે છે.-

*ગાથાર્થ* :- (પૂર્વપક્ષ) લોહચૂંબકસંબંધી છાયાઅણુઓ લોખંડના સ્થાને જાય છે. અને લોખંડસાથે સંબંધમાં આવે છે. આમ સંબંધમાં આવ્યા બાદ લોખંડને ખેંચે છે. એવું નથી બનતું કે લોહચૂંબકની શક્તિ લોહચૂંબકમાં જ રહેતી રહેતી લોખંડને ખેંચે, તેથી આ દૃષ્ટાન્ત પ્રસ્તુતમાં તમારા સિદ્ધાન્તમાટે અનુપપન્ન છે.

*ઉત્તરપક્ષ* :- આવી કલ્પનામાં પ્રમાણ શું છે ? અર્થાત્ કોઇ પ્રમાણ નથી. અને પ્રમાણ વિના પ્રમેયની સિદ્ધિ થતી નથી. નહિતર તો બધાના પોતપોતાના ઈષ્ટની સિદ્ધિનો પ્રસંગ આવે.

*પૂર્વપક્ષ* :-જો અમારી ઉપરોક્ત કલ્પના ન સ્વીકારો તો લોખંડના આકર્ષણનો અભાવ જ આવે. આમ લોખંડના આકર્ષણની અન્યથાઅનુપપત્તિ જ આ કલ્પનામાં પ્રમાણ છે. ॥૩૭૪॥

તે આ પ્રમાણે--

*ગાથાર્થ* :- જેટલા પ્રમાણવાળા ક્ષેત્રમાં છાયાઅણુઓ હોય, તેટલા જ ક્ષેત્રમાંથી લોખંડ ખેંચાઇ આવે છે. (મૂળમાં "તુ" પદ જકારઅર્થક છે, અને "તેત્તિયાઉ"પદ પછી જોડવું.) જો લોહચૂંબક પોતાનામાં જ રહેલી શક્તિથી ભિન્નદેશમાં પણ રહેલા લોખંડને ખેંચે, તેમ સ્વીકારશો, તો તે જગતમાં રહેલા બધા જ લોખંડને ખેંચે તેમ માનવાની આપત્તિ આવે. કારણકે બધું જ લોખંડ સમાનતયા લોહચૂંબકને અપ્રાપ્ત(=અસંબંધિત) છે. ॥૩૭૫॥

અહીં આચાર્ય ઉત્તર આપે છે.

परिमियविसया सत्ती जम्हा दोसो ण एस तो होइ ।
छायाणवोवि अन्नह सव्वं गंतूण कड्ढेज्जा ॥ ३७६ ॥

(परिमितविषया शक्ति र्यस्माद् दोषो न एष तस्माद्भवति । छायाणवोऽपि अन्यथा सर्वं गत्वा कर्षेत्)

यस्मात् शक्तिः परिमितविषया भवति तस्मान्नैव सकलभुवनोदरवर्त्तिलोहाकर्षणलक्षणो दोषोऽस्माकं भवति, इत्थं चैतदङ्गीकर्त्तव्यमन्यथा शक्तेः परिमितविषयत्वानभ्युपगमे छायाणवोऽपि गत्वा सर्वं भुवनोदरवर्त्तिनं लोहमाकर्षेयुः, शक्तिवशाद्धि गमनाकर्षणादिक्रियोपपत्तिस्तस्याश्चापरिमितविषयत्वमिति । तस्मादवश्यं शक्तेः परिमितविषयत्वमङ्गीकर्त्तव्यं, तथा च सति कुतः पूर्वोक्तदोषावकाश इति? ॥३७६॥ अपि च--

तस्सेव एस सत्ती जं परिमितदेसगामिणो हंदि ।
छायाणवोवि सा पुण तत्थत्था चेव कज्जकरी ॥ ३७७ ॥

(तस्यैव एष शक्ति र्यत् परिमितदेशगामिनो हंदि । छायाणवोऽपि सा पुनस्तत्रस्थैव कार्यकारी)

*'हंदि'*तस्यैव लोहोपलस्य एषा शक्तिर्यत्तत्संबन्धिनः छायाणवोऽपि परिमितदेशगामिनो भवन्ति, सा पुनरित्थंभूता शक्तिस्तत्रस्थैव*–*लोहोपलस्थैव सती *कार्यकरी*–स्वसंबन्धिच्छायाणुपरिमितदेशगमनकरी, तद्वदियमपि लोहाकर्षणशक्तिस्तत्रस्था परिमितदेशविषयलोहाकर्षणकरी भविष्यति, ततो न कश्चिद्दोषः ॥३७७॥ अत्र पर आह--

नो तस्स तन्निमित्तो तम्मि देसम्मि तेसि सब्भावो ।
किंतु तदविणाभूता सहावतो चेव ते होंति ॥ ३७८ ॥

(नो तस्य तन्निमित्तस्तस्मिन् देशे तेषां सद्भावः । किन्तु तदविनाभूता स्वभावादेव ते भवन्ति)

नो *तस्य*–लोहोपलस्य *तन्निमित्तः*–शक्तिनिमित्तस्तस्मिन् परिमिते देशे *तेषां*–छायाणूनां सद्भावः, किंतु स्वभावत एव ते छायाणवस्त*दविनाभूताः*–लोहोपलाऽविनाभूताः प्रवाहतो लोहोपलममुञ्चतो लोहदेशगामिनो भवन्ति, ततो नात्मस्था लोहोपलस्य शक्तिर्भिन्नदेशकार्यकरीति तद्दृष्टान्तानुपपत्तिः ॥३७८॥ अत्राचार्य आह--

तेसिं खलु जो सहावो तस्स व णणु सेव होति सत्तित्ति ।
अविणाभावम्मि य से इतरम्मि वि अत्थि सामत्थं ॥ ३७९ ॥

(तेषां खलु यः स्वभावस्तस्येव नु सैव भवति शक्तिरिति । अविनाभावे च तस्यैतरस्मिन्नपि अस्ति सामर्थ्यं)

तेषां–छायाणूनां यः स्वभावो लोहोपलाऽविनाभावनिबन्धनं ननु स *'तस्सवेति'* तस्यैव लोहोपलस्यैव स्वभावस्तस्य तथास्वभावाभावे तेषामपि तथास्वभावत्वायोगात्, *'सेव होइ सत्तित्ति'* सैव च भवति शक्तिः, शक्तिस्वभावशब्दयोः पर्यायत्वात्, *अविनाभावे* च–तेषां छायाणूनामविनाभावविषये च *'से'* तस्य लोहोपलस्य शक्ताविष्यमाणायामितरस्मिन्नपि लोहाकर्षणे *सामर्थ्य*–शक्तिरस्तीत्यभ्युपगम्यतां, विशेषाभावात् ॥३७९॥ अपि च--

अब्भुवगम्माणूणं तहभावं भणितमेतमो एत्थ ।
तद्देसम्मि य तेसिं नियमा सत्तंपि हु असिद्धं ॥ ३८० ॥

(अभ्युपगम्याणूनां तथाभावं भणितमेतदत्र । तद्देशे च तेषां नियमात् सत्त्वमपि असिद्धम्)

---

*ગાથાર્થ* :- (ઉત્તરપક્ષ) શક્તિ પરિમિત વિષયવાળી હોવાથી જગતમાં રહેલા તમામ લોખંડને આકર્ષવાનો દોષ અમને આવશે નહિ. આ વસ્તુ આ પ્રમાણે જ સ્વીકારવી જોઇએ. નહિતર (જો શક્તિને પરિમિતવિષયવાળી ન માનો તો) છાયાઅણુઓ પણ નીકળીને જગતમાં રહેલા તમામ લોખંડને આકર્ષશે. કારણકે શક્તિના આધારે જ ગમન અને આકર્ષણવગેરે ક્રિયા સુસંગત બને, અને શક્તિ તો તમને અપરિમિત વિષયવાળી ઇષ્ટ છે. તેથી શક્તિને જ પરિમિતવિષયવાળી સ્વીકારવી યોગ્ય છે. અને તેમ સ્વીકારવામાં અમારા સિદ્ધાન્તને પૂર્વોક્ત દોષનો સંભવ જ નથી. ॥૩૭૬॥

*ગાથાર્થ* :- વળી, લોહચૂંબકની જ એ શક્તિ છે. કે જેથી પોતાના છાયાઅણુઓ પણ પરિમિતદેશમાં જનારા થાય છે. આવી આ શક્તિ લોહચૂંબકમાં રહીને જ પોતાના છાયાઅણુઓને પરિમિતદેશમાં મોકલવારૂપ કાર્ય કરે છે. (અર્થાત્ છાયાઅણુ ઓની કલ્પનામાં પણ લોહચૂંબકમાં એક એવી શક્તિ તો માનવી જ પડશે, કે જે લોહચૂંબકમાં જ રહીને છાયાઅણુઓને ભિન્ન પરિમિત સ્થળે મોકલે. આમ કલ્પનાગૌરવ કરીને પણ અંતે આત્મસ્થશક્તિને દૂરદેશઅંગે કાર્યકર માનવી પડતી હોય, તો અમારી કલ્પનાલાઘવયુક્ત વાત સ્વીકારવી વધુ સંગત છે. તેજ બતાવે છે)તેજ પ્રમાણે લોખંડને આકર્ષતી શક્તિ લોહચૂંબકમાં રહીને પરિમિતદેશમાં રહેલા લોખંડને આકર્ષે તેમાં દોષ નથી. ॥૩૭૭॥

અહીં પૂર્વપક્ષકાર કહે છે.-

*ગાથાર્થ* :- (પૂર્વપક્ષ) લોહચૂંબકની શક્તિના કારણે પરિમિતદેશમાં છાયાણુઓ હોય તેવું નથી. પરંતુ છાયાણુઓ સ્વભાવથી જ લોહચૂંબકને પ્રવાહરૂપે છોડ્યા વિના લોખંડના સ્થળે જાય છે. આમ લોહચૂંબકની પોતાનામાં રહેલી શક્તિ ભિન્ન દેશમાં કાર્ય કરે તે વાત સિદ્ધ નથી તેથી એ દૃષ્ટાન્ત અસંગત છે. ॥૩૭૮॥

અહીં આચાર્યપુંગવ કહે છે.-

*ગાથાર્થ* :- (ઉત્તરપક્ષ) તમે છાયાઅણુઓના લોહચૂંબકસાથે અવિનાભાવમાં કારણભૂત જે સ્વભાવ બતાવો છે. તે સ્વભાવ લોહચૂંબકનો જ છે. કારણકે જો લોહચૂંબકના તેવા સ્વભાવ વિના છાયાઅણુઓનો પણ તેવો સ્વભાવ સંભવે નહિ. આ સ્વભાવ જ શક્તિરૂપ છે. કારણકે 'સ્વભાવ' અને 'શક્તિ'શબ્દો પર્યાયવાચી છે. અને છાયાઅણુઓનો અવિનાભાવના વિષયમાં જો લોહચૂંબકની શક્તિ ઇષ્ટ હોય, તો લોખંડને આકર્ષવાના વિષયમાં પણ તેની(=લોહચૂંબકની) શક્તિ છે. તેમ સ્વીકારો કારણકે બન્ને સ્થળે સમાનતા જ છે. ॥૩૭૯॥

अभ्युपगम्य अणूनां *तथाभावं*-तथा लोहेन संघटय्य ते लोहमाकर्षन्तीत्येवंभावम् एतत्-पूर्वोक्तं*'परिमियविसया सती'* इत्यादिकमत्र-विचारप्रक्रमे भणितम्, यावता *तद्देशे तेषां*-लोहोपलच्छायाणूनां नियमात्सत्त्वमप्यसिद्धं, तद्ग्राहक-प्रमाणाभावात् । नन्वस्ति तद्ग्राहकमनुमानम् । **तथाहि**-यदाकर्षणं तत्संसर्गपूर्वकं, यथाऽयोगोलकस्य संदंशेन, भवति चाकर्षणं लोहस्य लोहोपलेन, तत्र साक्षात्संसर्गो लोहलोहोपलयोः प्रत्यक्षबाधित इत्यर्थात्संसर्गः छायाणुभिरिति छायाणूनां सत्त्वम्। **तदयुक्तम्,** हेतोरनैकान्तिकत्वात्, मंत्रेण व्यभिचारात्। **तथाहि**-मंत्रेण स्मर्यमाणेनापि भवति विवक्षितवस्त्वाकर्षणं, न च तत्र कश्चिदपि संसर्गस्ततो नेदमनुमानमिति न सिद्धं छायाणूनां सत्त्वम् । तस्माद् यथा लोहोपलस्य शक्तिरात्मस्थैव सती भिन्नदेशमपि लोहमाकर्षति तथेदमपि ज्ञानमात्मस्थं सदचिन्त्यशक्तियुक्ततया लोकान्तं परिच्छिनत्तीति स्थितम् ॥३८०॥ स्यादेतत्, परिच्छिनत्तु ज्ञानमात्मस्थमेव सत् ज्ञेयं, तत् पुनर्ज्ञेयं लोकान्तस्थमपि यावत् परिच्छिनत्तीति कथं श्रद्धीयते? शक्तेः परिमितविषयतया दर्शनादित्यत आह--

सत्तीण य उक्करिसो दीसइ जं कज्जओ इह विचित्तो ।
लोगंतावगमोवि हु न विरुज्झइ तेण तस्सत्ति ॥ ३८१ ॥

(शक्तीनां चोत्कर्षो दृश्यते यत्कार्यादिह विचित्रः । लोकान्तावगमोऽपि हु न विरुध्यते तेन तस्येति)

इह *यत्*-यस्माद् भावेषु यथानुरूपं तथा तथा कार्यदर्शनात् शक्तीनामुत्कर्षो विचित्रो दृश्यते, तेन कारणेन तस्य ज्ञानस्य तथाविधसामग्रीविशेषभावत उत्कर्षे सति लोकान्तावगमोऽपि न विरुध्यते ॥३८१॥ इह *"सर्वगतावभासं भगवन्तमित्यादि"* वचनश्रवणतः केचित् केवलज्ञानं सर्वतः सर्वगतमभिमन्यन्ते, तन्मतं सर्वज्ञसिद्धावग्रे निराकरिष्यमाणमपि प्रकरणानुरोधादिहापि लेशतो निराकर्तुमुपक्रमते--

केई केवलनाणं गंतूणमलोगमवगच्छती तन्नो ।
जम्हा ण एत्थ कस्स(त्थ)इ दिट्ठं अद्दवगुणगमणं ॥ ३८२ ॥

(केचित् केवलज्ञानं गत्वाऽलोकमवगच्छति तन्न । यस्मान्नैवात्र कस्यापि दृष्टमद्रव्यगुणगमनम्)

**केचिदाचार्या** इदमाहुः-गत्वा केवलज्ञानमलोकमवगच्छतीति । तदेतद् न युक्तम् । कुत इत्याह-*यस्मान्नैवात्र*-जगति कुत्रापि प्रदेशे *दृष्टमद्रव्यगुणगमनं*-द्रव्यमन्तरेण केवलानां गुणानां गमनं, किंतु द्रव्याश्रितानामेव, तथा किरणद्रव्याश्रित-प्रकाशस्य, न चान्यथा दृश्यमानमन्यथा कल्पयितुं शक्यते, मा भूदतिप्रसङ्गः ॥३८२॥ अन्यच्च,

---

*ગાથાર્થ* :- વળી, *'પરિમિયવિસયા સતી'*ઇત્યાદિ પૂર્વગાથાથી પ્રસ્તુત વિચારમાં 'છાયાઅણુઓ લોખંડસાથે સંબંધ કરી લોખંડને આકર્ષે છે.' ઇત્યાદિવાત તો અભ્યુપગમથી કરી. વાસ્તવમાં તો તે સ્થળે લોહચુંબકમાં છાયાઅણુઓની હાજરી જ અવશ્ય અસિદ્ધ છે. કારણકે તેઓની હાજરીસાધક કોઇ પ્રમાણ નથી.

*પૂર્વપક્ષ* :- છાયાઅણુઓની સત્તાનું સાધક અનુમાનપ્રમાણ હાજર છે. અનુમાનપ્રયોગ ➜ 'આકર્ષણ હંમેશા સંસર્ગ પૂર્વક જ હોય, જેમકે સાણસાથી લોખંડના ગોળાનું આકર્ષણ. લોખંડનું લોહચુંબકથી આકર્ષણ થાય છે પણ તે બેનો સાક્ષાત્ સંબંધ પ્રત્યક્ષબાધિત છે. તેથી તે બેનો સંબંધ છાયાઅણુઓદ્વારા થાય છે, તેમ અર્થથી સિદ્ધ થાય છે. તેથી છાયાઅણુઓની સત્તા સિદ્ધ થાય છે.

*ઉત્તરપક્ષ* :- અહીં આ અનુમાનમાં મન્ત્રવગેરેથી હેતુમાં અનૈકાંતિકદોષ આવે છે. જૂઓ ➜ સ્મરણ કરાતા મન્ત્રોથી અભિપ્રેત વસ્તુનું આકર્ષણ થતું દેખાય છે. અને ત્યાં કોઇપણ પ્રકારનો સંસર્ગ નથી. તેથી આ અનુમાન પ્રમાણભૂત નથી. તેથી છાયાણુઓની સત્તા સિદ્ધ નથી. તેથી લોહચુંબકની શક્તિ લોહચુંબકમાં રહીને જ લોખંડને આકર્ષે તેમ સિદ્ધ થાય છે. અને આ દૃષ્ટાન્તના બળપર જ્ઞાન પણ અચિન્ત્યશક્તિથી આત્મામાં જ રહીને લોકાન્તનો પરિચ્છેદ કરે. તેમ સિદ્ધ થાય છે. ॥૩૮૦॥

*(કેવળજ્ઞાન આત્મામાં રહીને જ લોકાલોકપ્રકાશક)*

*શંકા* :- ભલે ત્યારે જ્ઞાન આત્મામાં જ રહીને જ્ઞેયનો પરિચ્છેદ કરે. પણ તે (=જ્ઞાન) લોકાન્તમાં રહેલા જ્ઞેયનો પણ બોધ કરે છે. તે વાત શ્રદ્ધાનો વિષય શી રીતે બની શકે ? કારણ કે શક્તિ તો હંમેશા પરિમિતવિષયવાળી જ દેખાય છે.

અહીં આચાર્યપાદ ઉત્તર આપે છે....

*ગાથાર્થ* :- (ઉત્તરપક્ષ) ભાવોમાં(=પદાર્થોમાં) યથાનુરૂપ તેવા તેવા કાર્ય દેખાય છે. (તાત્પર્ય ભાવોમાં સ્વ-સ્વશક્તિને અનુરૂપ કાર્યોમાં તરતમતા દેખાય છે.) તેથી શક્તિઓનો ઉત્કર્ષ વિચિત્ર દેખાય છે. (=શક્તિઓમાં તરતમતા દેખાય છે.) તેથી ક્યાંક ઉત્કૃષ્ટ શક્તિ સંભવે છે. આ જ પ્રમાણે તેવી સામગ્રી વિશેષથી ઉત્કર્ષ પામેલી જ્ઞાનશક્તિ લોકાન્તનો પણ બોધ કરે, તેમાં વિરોધ નથી. ॥૩૮૧॥

"સર્વગતઅવભાસ=જ્ઞાનવાળા ભગવાનને" ઇત્યાદિ વચન સાંભળી કેટલાક એવી અસત્ કલ્પના કરે છે કે, કેવળજ્ઞાન સર્વબાજૂ-સર્વગામી છે. આ મતને આગળ ઉપર સર્વજ્ઞસિદ્ધિ અવસરે દોષિત સિદ્ધ કરશે, છતાં પ્રકરણના અનુરોધથી અહીં પણ અંશે નિરાકરણ કરવા આચાર્યપ્રવર ઉપક્રમ કરે છે.

*ગાથાર્થ* :- કેટલાક આચાર્ય આમ કહે છે *"કેવળજ્ઞાન અલોકમાં જઇ અલોકનો બોધ કરે છે."* પણ, આ બરાબર નથી. કારણકે આ જગતમાં ક્યાંય દ્રવ્યને છોડી એકલા ગુણોનું ગમન દેખાતું નથી. પરંતુ દ્રવ્યને આશ્રિત ગુણો જ ગમન કરે છે. અર્થાત્ દ્રવ્ય જ્યાં જાય, ત્યાં જ તેમાં રહેલા ગુણો જાય. જેમકે કિરણદ્રવ્યને આશ્રયીને રહેલો પ્રકાશ. અને દેખાય એનાથી ભિન્ન કલ્પના કરવી શક્ય નથી, કેમકે અતિપ્રસંગ આવવાનો સંભવ છે. ॥૩૮૨॥

दव्वगमणंपि जुज्जइ न कहंचिवि तत्थ धम्मविरहाओ ।

तम्हा आतत्थं चिय सव्वं परिछिंदइ तयंपि ॥ ३८३ ॥

(द्रव्यगमनमपि युज्यते न कथञ्चिदपि तत्र धर्मविरहात् । तस्मादात्मस्थमेव सर्वं परिच्छिनत्ति तदपि)

द्रव्यगमनमपि आस्तामद्रव्यगुणगमनमित्यपिशब्दार्थः, न कथंचिदपि *तत्र*–अलोके युज्यते । कुत इत्याह–*धर्मविरहात्*–गत्युपष्टम्भकधर्मास्तिकायाभावात् । तस्मात्तदपि केवलज्ञानमात्मस्थमेव सत् *सर्व*–लोकालोकात्मकं ज्ञेयं परिच्छिनत्ति । यदपि च *'सर्वगतावभास'* मित्यादि वचनं तदप्यविरुद्धमेव, परिच्छेदशक्तेरेवावभासशब्दवाच्यत्वात् । उक्तं च–*"सर्वगतावभासमित्यादि विरुध्यत इति चेत्। न । परिच्छेदशक्तेरेवावभासत्वात्, अवभासः परिच्छित्तिः संविदिति ह्यनर्थान्तरमिति"* ॥३८३॥ उपसंहारमाह––

एवं सरीरमेत्तो आया सिद्धो ण याणुमित्तादी ।

जुगवं सव्वसरीरे चेतण्णासंभवाओ य ॥ ३८४ ॥

(एवं शरीरमात्र आत्मा सिद्धो न चाणुमात्रादिः । युगपत् सर्वशरीरे चैतन्यासंभवाच्च)

*एवम्*–उक्तेन प्रकारेण *शरीरमात्रः*–शरीरप्रमाण आत्मा सिद्धः । स्यादेतत्, मा भूदुक्तवदयमात्मा सर्वव्यापी, अणुमात्रादिरूपो भविष्यति, यथाऽन्यैः परिकल्प्यते, *"श्यामाकतन्दुलमात्रोऽयमात्मा, अङ्गुष्ठपर्वमात्रोऽयमात्मा"* इत्यादि, तत्कथं शरीरमात्रः सिद्ध इत्यत आह–*'न येत्यादि'* न चासावात्माऽणुमात्रादिः, आदिशब्दादङ्गुष्ठपर्वमात्रादिपरिग्रहः। कुतः?इत्याह–युगपत्सर्वशरीरेचैतन्यासंभवात्–चैतन्यासंभवप्रसङ्गादनुभूयते च सामान्याकारेण सर्वस्मिन्नपि शरीरे स्वसंबन्धिनि चैतन्यमिति ॥३८४॥ तदेवमात्मनः शरीरमात्रत्वं प्रसाध्य संप्रति सप्रदेशत्वं सिसाधयिषुराह––

करचरणादिसु जोगा न य अपदेसोत्ति होइ विन्नेओ ।

अपदेसम्मि य पावइ करचरणादीणमेगत्तं ॥ ३८५ ॥

(करचरणादिषु योगान्न च प्रदेश इति भवति विज्ञेयः । अप्रदेशे च प्राप्नोति करचरणादीनामेकत्वम्)

*करचरणादियोगात्*––करचरणशिरोहृदयादिसंबन्धान्न चासावात्मा अप्रदेश इति भवति ज्ञातव्यः । कुत इत्याह–*'अपदेसेत्यादि' 'चो'* हेतौ यस्मात्तस्मिन्नात्मन्यप्रदेशे सति करचरणादीनामेकत्वं प्राप्नोति ॥३८५॥ एतदेव भावयन्नाह––

जो चेव उ करदेसे स एव जं होति चरणदेसेवि ।

तो एगत्तं भेदे सपदेसो णियमतो होइ ॥ ३८६ ॥

(य एव तु करदेशे स एव यद्भवति चरणदेशेऽपि तत एकत्वं भेदे सप्रदेशो नियमतो भवति)

*यत्*–यस्मात् य एवात्मा करदेशे व्यवस्थितः स एव चरणदेशेऽपि *'तो'* तस्मात्तदभिन्नदेशत्वादात्मन इव तयोरपि करचरणयोरेकत्वम्–एकदेशत्वं प्राप्नोति । अथ मा भूत् दृष्टहानिरिति तयोः करचरणयोर्भेद इष्यते । तत आह भेदे–भिन्नत्वे करचरणयोः सति तदभिन्नत्वादात्मापि नियमतः सप्रदेशो भवति, अन्यथा युगपत्करचरणादिभिः सह संबन्धायोगात् ॥३८६॥ प्रदेशपरिमाणमाह––

---

*ગાથાર્થ* :– દ્રવ્યરહિત કેવળ ગુણની વાત છોડો, દ્રવ્ય પણ અલોકમાં જાય તે સંગત નથી. (અર્થાત્ કેવળગુણનું ગમન તો અત્યંત અસંગત છે. 'અપિ'(=પણ)શબ્દથી આવું તાત્પર્ય નીકળે છે.) કારણકે ગતિમાં સહાયક બનતું ધર્માસ્તિકાય દ્રવ્ય અલોકમાં નથી. તેથી કેવળજ્ઞાન પણ આત્મામાં જ રહીને લોકાલોકઆત્મક સઘળાય જ્ઞેય પદાર્થોનો બોધ કરે છે.

*શંકા* :– તો 'સર્વગતાવભાસ'વચનને વિરુદ્ધવચન માનવું પડશે. કેમકે આ વચન કેવળજ્ઞાનને સર્વગામી બતાવે છે.

*સમાધાન* :– અહીં કોઇ વિરોધ નથી. કારણકે 'અવભાસ'પદનો અર્થ 'પરિચ્છેદશક્તિ'એવો કરવાનો છે. કહ્યું જ છે કે "સર્વગત ઇત્યાદિવચન વિરોધ પામે છે, એમ ન કહેશો, કેમકે પરિચ્છેદશક્તિ જ અવભાસરૂપ છે. કારણકે અવભાસ, પરિચ્છેદ, સંવિદવગેરે પર્યાયવાચી શબ્દો છે.' તેથી કેવળજ્ઞાનની બોધ કરવાની શક્તિ સર્વગત(=સર્વ જ્ઞેયપદાર્થોમાં વ્યાપ્ત) છે. ॥૩૮૩॥

હવે ઉપસંહાર બતાવે છે.–

*ગાથાર્થ* :– આમ આત્મા શરીરપ્રમાણ જ સિદ્ધ થાય છે.

*શંકા* :– ઉપર કહ્યું તેમ આત્મા ભલે સર્વવ્યાપી નથી, પણ અણુમાત્રઆદિરૂપ તો હશે જ, જેમકે બીજાઓ કલ્પના કરે છે 'આ આત્મા શ્યામાક ચોખા જેટલો છે, અંગૂઠાના પર્વ જેટલો છે.' વગેરે... તેથી આત્મા શરીરમાત્રતરીકે કેવી રીતે સિદ્ધ થાય?

*સમાધાન* :– આત્મા અણુમાત્રઆદિરૂપ પણ નથી. (આદિપદથી અંગૂઠાના પર્વઆદિ પ્રમાણનો પણ નિષેધ થાય છે.) કેમકે આત્માને અણુમાત્રઆદિરૂપ માનવામાં આખા શરીરમાં એક સાથે ચૈતન્યનો અનુભવ અસંભવ થવાનો પ્રસંગ છે. પણ અનુભવ એવો થાય છે કે આખા શરીરમાં સામાન્યઆકારરૂપે સ્વસંબંધી એક જ ચૈતન્ય હોય. ॥૩૮૪॥

*(આત્મા સપ્રદેશ છે.)*

આમ આત્માને શરીરમાત્રતરીકે પ્રસિદ્ધ કર્યો. હવે આત્માને સપ્રદેશી સિદ્ધ કરવાની ઇચ્છાથી કહે છે.–

*ગાથાર્થ* :– આત્માનો હાથ, પગ, મસ્તક, હૃદય વગેરે સાથે સંબંધ છે. તેથી આ આત્મા અપ્રદેશી નથી, તેમ સમજવું. કારણકે જો આત્મા અપ્રદેશી હોય, તો હાથ, પગ, વગેરે એકરૂપતાને પામી જાય. (મૂળમાં 'ચ' હેત્વર્થક છે.) ॥૩૮૫॥

આ જ અર્થનું ભાવન કરતા કહે છે.–

*ગાથાર્થ* :– (આત્મા જો અપ્રદેશી હોય તો) હાથ સ્થળે જે આત્મા રહ્યો હોય, તે જ આત્મા પગ સ્થળે પણ રહેશે.

सो य असंखपएसो लोगागासप्पदेसतुल्लोत्ति ।
जइ एवं संकुडिओ थेवपएसेसु कह चिट्ठति ? ॥ ३८७ ॥

(स चासङ्ख्यप्रदेशो लोकाकाशप्रदेशतुल्य इति । यदि एवं संकुटितः स्तोकप्रदेशेषु कथं तिष्ठति?)

*स च*–आत्माऽसंख्यप्रदेशः । कुत इत्याह–*'लोगागासपदेसतुल्लत्ति'* यस्मादसौ *लोकाकाशप्रदेशतुल्यो*–लोकाकाशप्रदेशतुल्यप्रदेशः, केवलिसमुद्घातावस्थायां चतुर्थसमये तत्प्रदेशैः सकललोकाकाशपूरणादिति, तस्मात्सोऽसंख्यप्रदेशः । पर आह–*'जइ इत्यादि'* यदि एवं सकललोकाकाशप्रमाणप्रदेशोऽयमात्मा, ततः कथं संकुटितः सन् *स्तोकप्रदेशेषु*–स्तोकाकाशप्रदेशेषु तिष्ठति, संकुटनेऽपि तत्सत्ताया अपचयाभावात्, तदवस्थस्य च तदल्पतरदेशेऽवस्थानायोगादिति, तदेतदबाधकं, तथादृष्टत्वात् ॥३८७॥ तथा चाह––

जह खलु महापमाणो णेत्तपडो कोडितो णहग्गम्मि ।
तम्मिवि तावति ते च्चिय फुसइ पएसे ण इय जीवो ॥ ३८८ ॥

(यथा खलु महाप्रमाणो नेत्रपटः कोटितः नखाग्रे । तस्मिन्नपि तावतः त एव स्पृशति प्रदेशान्नेति जीवः)

यथा खलु *महाप्रमाणोऽपि* हस्तशतादिमानतया नेत्रपटः *कोटितः*–संकोचितः सन् नखाग्रे तिष्ठति, न च तत्संकोचने तत्सत्ताया अपचयः, तद्वदयमप्यात्मा लोकाकाशप्रदेशप्रमाणोऽपि संकुटितः सन् तत्सत्ताया अनपचयेऽपि स्तोकप्रदेशेषु स्थास्यतीति। **परो** दृष्टान्तदार्ष्टान्तिकयोर्वैषम्यमापादयन्नाह–तस्मिन्नपि नखाग्रे तिष्ठन् नेत्रपटस्तावत एवाकाशप्रदेशान् स्पृशति यावतो विस्तारितः सन्, संकोचविकाशयोस्तत्सत्तापचयोपचयाभावात्, केवलं तत्र प्रतरघनमात्रकृत एव विशेषः, *'न इय जीवोत्ति'* न *इतिः*–एवं नेत्रपटवत् संकोचे विकाशे च तावन्मात्रप्रदेशस्पर्शको जीवः, समुद्घातावस्थायां सकलमपि लोकमभिव्याप्य तत ऊर्ध्वं तदसंख्येयभागमात्रेऽवस्थानादिति ॥३८८॥ **अत्राह––**

देसे संपुन्नाणं अभावतो तस्स सुहुमपरिणामा ।
ठंतेगम्मिवि बहवे बादरतो णेवं पडदव्वे ॥ ३८९ ॥

(देशे संपूर्णानामभावात् तस्य सूक्ष्मपरिणामात् । (अव) तिष्ठन्ते एकस्मिन्नपि बहवो बादरात् नैवं पटद्रव्ये)

*तस्य*–आत्मनः सूक्ष्मपरिणामा(माणा?)देकस्मिन्नप्याकाशदेशे बहवः प्रदेशास्तिष्ठन्ति, दृष्टं च सूक्ष्मपरमाणूनां मूर्त्तानामपि यावदेकस्मिन्नप्याकाशप्रदेशे बहूनामवस्थानं, यथैकापवरकस्थितप्रदीपशतप्रभापरमाणूनाम्, *'नेवं पडदव्वे इति'* नैवं पटद्रव्ये पटद्रव्यविषयाः प्रदेशा बहवोऽप्येकस्मिन्नाकाशदेशेऽवतिष्ठन्ते । कुत इत्याह–बादरत्वात् । ननु यद्यात्मप्रदेशानां बहूनामप्येकस्मिन्नाकाशदेशेऽवस्थानं ततः कथं कदाचित्सर्वेषामपि न भवति?, संकोचविषयसामर्थ्यस्य कुन्थ्वादिषु प्रकृष्ट–

---

આમ અભિન્નદેશના કારણે આત્માની જેમ હાથ–પગ પણ એકત્વ–એકદેશપણું પ્રાપ્ત કરશે. પણ તેમાં દૃષ્ટહાનિ(=પ્રત્યક્ષબાધ) છે. આ દૃષ્ટહાનિના ભયથી જો હાથ અને પગમાં ભેદ સ્વીકારશો, તો હાથ, પગની ભિન્નતાના કારણે તે–તેથી અભિન્ન આત્માને પણ પ્રદેશવાળો અવશ્ય સ્વીકારવો પડશે. નહિતર આત્મા એકસાથે હાથ, અને પગસાથે સંબંધ કરી શકે નહિ. ॥૩૮૬॥

હવે આત્મપ્રદેશોનું પરિમાણ બતાવે છે.–

*ગાથાર્થ* :– આ આત્મા લોકાકાશના પ્રદેશ જેટલા અસંખ્યપ્રદેશવાળો છે. કારણ કે કેવળીસમુદ્ઘાતના ચોથા સમયે આત્મપ્રદેશો આખા લોકાકાશમાં પથરાઇ જાય છે. તેથી આત્માના પ્રદેશો અસંખ્ય છે.

*પૂર્વપક્ષ* :– આમ જો આત્મા લોકાકાશના પ્રદેશ જેટલા પ્રદેશવાળો હોય, તો તે સંકોચ પામીને કેવી રીતે અલ્પ આકાશપ્રદેશોમાં રહી શકે ? કારણ કે સંકોચ થાય ત્યારે પણ આત્મપ્રદેશોની સત્તામાં ઘટાડો થતો નથી, અને આ અવસ્થામાં અલ્પતરદેશમાં રહેવું સંભવે નહિ.

*ઉત્તરપક્ષ* :– અહીં કોઇ બાધા નથી. વધુપ્રદેશવાળી વસ્તુ અલ્પપ્રદેશમાં રહેતી દેખાય જ છે. ॥૩૮૭॥

આ જ વાત સિદ્ધ કરે છે.–

*ગાથાર્થ* :– નેત્રપટ(=આંખનો પડદો) સેંકડો હાથપ્રમાણ જેટલો હોવા છતાં સંકુચિત થઇને નખના અગ્રભાગપર રહી શકે છે. આમ સંકોચ થવા છતાં તેના પ્રદેશોની સંખ્યામાં અપચય(=ઘટાડો) થતો નથી. આ પ્રમાણે આત્મા પણ લોકાકાશ પ્રદેશ જેટલા પ્રદેશવાળો હોવા છતાં સંકોચાઇને અલ્પપ્રદેશમાં રહી શકે છે. છતાં તેના પ્રદેશોની સંખ્યામાં ઘટાડો થતો નથી.

*પૂર્વપક્ષ* :– દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક વચ્ચે વિષમતા છે. નેત્રપટ નખના અગ્રભાગપર રહેવા છતાં વિસ્તૃત અવસ્થામાં જેટલા આકાશપ્રદેશોને સ્પર્શતો હતો, તેટલા જ આકાશપ્રદેશોને આ સંકોચઅવસ્થામાં સ્પર્શે છે. કેમકે સંકોચ અને વિકાશથી તેના પ્રદેશોની સંખ્યામાં ઘટાડો કે વધારો થતો નથી. માત્ર પ્રતર અને ઘનરૂપે જ વિશેષતા થાય છે. (વિસ્તૃત અવસ્થામાં પ્રતરરૂપે છે. સંકોચ અવસ્થામાં ઘનરૂપ) આ નેત્રપટની જેમ જીવ સંકોચ–વિકાશઅવસ્થામાં સમાન આકાશપ્રદેશોને સ્પર્શતો નથી, કારણકે સમુદ્ઘાતઅવસ્થામાં સકલલોકવ્યાપી થયા બાદ તે (=જીવ) આકાશના અસંખ્યભાગમાત્રમાં જ રહે છે. ॥૩૮૮॥

અહીં આચાર્યવૃષભ કહે છે––

*ગાથાર્થ* :– દેશમાં સંપૂર્ણનો અભાવ હોવાથી તેના(=આત્માના)પ્રદેશો સૂક્ષ્મ પરિણામના કારણે એક દેશમાં પણ ઘણા રહે છે. બાદર હોવાથી પટદ્રવ્યમાં આમ થતું નથી.

આત્માના સૂક્ષ્મપરિણામના કારણે એક આકાશપ્રદેશમાં પણ ઘણા આત્મપ્રદેશો રહી શકે છે. સૂક્ષ્મ મૂર્ત પરમાણુઓ પણ એક આકાશપ્રદેશમાં અનેક સમાઇ શકતા દેખાય છે. જેમકે એક જ ઓરડામાં રહેલા સો દીવાના પ્રભાપરમાણુઓ એક એક આકાશપ્રદેશમાં અનેક સંખ્યામાં રહે છે. (આમ જો મૂર્ત પરમાણુઓ પણ સૂક્ષ્મપરિણામના કારણે એક આકાશપ્રદેશમાં અનેક સંખ્યામાં રહી

तरस्यापि दर्शनात्। अत आह- 'देसे संपुण्णाणं अभावउत्ति' देशे-एकस्मिन्नाकाशप्रदेशे संपूर्णानां-सर्वेषामप्यात्मप्रदेशानामवस्थानाभावात् । कथमिदं ज्ञायत इति चेत्? उच्यते-सर्वस्य हि संसारिणोऽवश्यं कार्मणेन वपुषा भवितव्यं, तच्च तथाविधानन्तानन्तपरमाणुस्कन्धप्रचितत्वाज्जघन्यतोऽप्यसंख्यप्रदेशावगाहि, ततः कथंचिदभेदेन तदुपश्लेषादात्मनोऽप्यसंख्येयप्रदेशावगाहित्वमेव युज्यते, नतु कदाचिदेकप्रदेशावगाहित्वम्, सिद्धानां पुनः कायादिकरणाभावेन तथाविधप्रयत्नाभावान्न संकोचविकाशधर्मता, किंतु योगनिरोधावसरे यावत्प्रमाणावगाहिताऽऽसीत् तावत्प्रमाणैवेति। तदेवमयमात्मा लोकाकाशप्रदेशप्रमाणप्रदेशस्तत्तच्छरीरपरिग्रहाच्च तावत्तावत्प्रमाणाकाशदेशावगाही, शरीराच्च कथंचिदभेदात्तस्यावस्थाभेदे सति तस्यपि अवस्थाभेदात्परिणामीत्युपपादितम् ॥३८९॥ सांप्रतमेतदेव परिणामित्वमनुसंधित्सुरप्रकृतमुपसंहरन्नाह--

पगतमिदाणिं भणिमो कयं पसंगेण तं पुण इमं तु ।
परिणामी खलु जीवो देहावत्थाण भेदाओ ॥ ३९० ॥

(प्रकृतमिदानीं भणिमः कृतं प्रसङ्गेन तत्पुनरिदं तु । परिणामी खलु जीवो देहावस्थानां भेदात्)

*कृतं*-पर्याप्तं प्रसङ्गेन, प्रकृतमिदानीं भणामः । तच्च प्रकृतमिदं, यदुत परिणामी खल्वयं जीवो देहावस्थानां-बालत्वादीनां भेदात् ॥३९०॥

एवं सुहादिजोगो न अन्नहा जुज्जए सती चेव ।
संसारो कम्मफलं मोक्खो य पसाहियमिदं च ॥ ३९१ ॥

(एवं सुखादियोगो नान्यथा युज्यते स्मृतिश्चैव । संसारः कर्मफलं मोक्षश्च प्रसाधितमिदं च)

पच्चक्खपसिद्धातो सयलववहारमूलभूतातो ।
बज्झंतरभेदाओ अण्णयवइरेयभावातो ॥ ३९२ ॥

(प्रत्यक्षप्रसिद्धात् सकलव्यवहारमूलभूतात् । बाह्याभ्यन्तरभेदादन्वयव्यतिरेकभावात्)

*एवं*-परिणामित्वे सति सुखादियोगो युज्यते नान्यथा, तथा स्मृतिश्चैव, संसारः, कर्मफलं, मोक्षश्च । इदं च परिणामित्वं प्रागेव प्रसाधितम् । कुत इत्याह-प्रत्यक्षप्रसिद्धादन्*वयव्यतिरेकभावात्*-अनुवृत्तिव्यावृत्तिभावात्, कथंभूतादित्याह-*बाह्यान्तरभेदात्*, तथा(त्र) बाह्यो देहघटादिगत आन्तर आत्मगतः, पुनरप्येनमेव विशेषयति-सकलव्यवहारमूलभूतात्, न ह्यन्वयव्यतिरेकभावमन्तरेण कश्चित्कार्यकारणभावादिको व्यवहारो घटत इत्युपपादितं प्राक् प्रपञ्चनेति ॥३९१-३९२॥ सांप्रतमेतदेव प्राक् प्रसाधितं परिणामित्वं विनेयजनानुग्रहाय दृष्टान्तेन भावयन्नाह---

---

શક્તા હોય, તો અમૂર્ત આત્મપ્રદેશો તેવા પ્રકારના સૂક્ષ્મપરિણામના કારણે એક આકાશપ્રદેશમાં અનેક સંખ્યામાં રહે તેમાં તો દોષ હોય જ ક્યાંથી ?) પરંતુ આ પ્રમાણે કપડાના પ્રદેશો એક આકાશપ્રદેશમાં અનેક સંખ્યામાં રહી શક્તા નથી કારણ કે તેઓ બાદર છે-સૂક્ષ્મપરિણામ પામતા નથી.

*શંકા* :- જો એક આકાશપ્રદેશમાં ઘણા આત્મપ્રદેશો રહી શકે તો ક્યારેક બધા જ આત્મપ્રદેશો એક આકાશપ્રદેશમાં રહે તેમ કેમ ન બને? કારણકે સંકોચના વિષયમાં કુંથુવગેરેમાં સામર્થ્યની પ્રકૃષ્ટતરતા દેખાય છે. (તેથી ક્યાંક ક્યારેક તો પ્રકૃષ્ટતમતા હોવી જ જોઇએ.)

*સમાધાન* :- એક આકાશપ્રદેશમાં બધા જ આત્મપ્રદેશો ક્યારેય રહેતા નથી.

*શંકા* :- આમ શી રીતે જાણી શકાય ?

*સમાધાન* :- જૂઓ! બધા જ સંસારી જીવોને અવશ્ય કાર્મણશરીર વળગેલું હોય છે. આ કાર્મણશરીર તેવા પ્રકારના પરિણામવાળા કાર્મણવર્ગણાના અનંતાનન્ત પરમાણુસ્કન્ધોથી બનેલું હોય છે. તેથી જઘન્યથી પણ અસંખ્ય આકાશપ્રદેશોને અવગાહીને રહે છે. આત્માનો આ કાર્મણશરીરસાથે કથંચિદ્ અભેદભાવ છે. આમ કાર્મણશરીરના ઉપશ્લેષથી આત્મા પણ અસંખ્ય આકાશપ્રદેશને અવગાહીને રહે તે જ યોગ્ય છે, નહિ કે એક આકાશપ્રદેશને અવગાહીને રહે તે. સિદ્ધ જીવોને ફરીથી શરીર બનાવવાનું હોતું નથી. તેથી તેઅંગેનો પ્રયત્ન પણ કરવાનો નથી. તેથી તેઓને સંકોચ-વિકાસ ધર્મ સંભવતો નથી. પરંતુ યોગનિરોધવખતે આત્મપ્રદેશો જેટલા પ્રમાણમાં આકાશપ્રદેશોને અવગાહીને રહ્યા હોય છે, તેટલું જ પ્રમાણ તેઓનું(=સિદ્ધોનું) કાયમ હોય છે. આમ કોઇપણ જીવ ક્યારેય પણ એકઆકાશપ્રદેશઅવગાહી હોતો નથી. આ પ્રમાણે આત્મા લોકાકાશના પ્રદેશ જેટલા પ્રદેશવાળો છે. અને તે-તે શરીરના સંબંધના કારણે તેટલા(=શરીરને અનુરૂપ) તેટલા આકાશપ્રદેશોને અવગાહીને રહે છે. તથા શરીરથી કથંચિદ્ અભિન્ન છે. તેથી શરીરની અવસ્થાના ભેદવખતે તેની(=આત્માની) પણ અવસ્થામાં ભેદ પડે છે. તેથી આત્મા પરિણામી છે, તેમ સુસંગત ઠરે છે. ॥૩૮૯॥

*(આત્માની પરિણામિતાઅંગે દૃષ્ટાન્ત)*

હવે આ પરિણામીપણાની મૂળચર્ચાનો દોર સાધવા અપ્રસ્તુતનો ઉપસંહાર કરતાં કહે છે.

*ગાથાર્થ* :- પ્રસંગથી સર્યું. હવે પ્રસ્તુત કહીએ છીએ. પ્રસ્તુત વાત આ છે કે દેહની બાળઆદિ અવસ્થાઓના ભેદના કારણે જીવ પરિણામી જ છે. ॥૩૯૦॥

*ગાથાર્થ* :- આમ આત્મા પરિણામી હોય, તો જ સુખવગેરેનો યોગ તથા સ્મૃતિ, સંસાર, કર્મફળ અને મોક્ષ સંભવે છે. અન્યથા નહિ. કારણકે પ્રત્યક્ષપ્રસિદ્ધ પરિણામિત્વઅંગે અન્વય-વ્યતિરેક મળે છે. આ અન્વયવ્યતિરેક પણ દેહ, ઘટઆદિઅંગે બાહ્ય અને આત્માઆદિઅંગે આન્તર એમ બે પ્રકારે છે. આ બાહ્ય-આન્તર અન્વય-વ્યતિરેક જ સકળ વ્યવહારોનું મૂળ છે. અન્વયવ્યતિરેકભાવ વિના કાર્યકારણભાવઆદિ વ્યવહારસંગત ઠરે નહિ. તે વાત પૂર્વે વિસ્તારથી સિદ્ધ કરી જ છે. ॥૩૯૧-૩૯૨॥

जह कंचणस्स कंचण-भावेण अवट्ठियस्स कडगादी ।
उप्पज्जंति विणस्संति चेव भावा अणेगविहा ॥ ३९३ ॥

(यथा कांचनस्य काञ्चनभावेनावस्थितस्य कटकादयः । उत्पद्यन्ते विनश्यन्ति चैव भावा अनेकविधाः)

यथा *काञ्चनस्य*-सुवर्णस्य *काञ्चनभावेन*-सर्वभावानुयायिन्या सुवर्णसत्तया अवस्थितस्य *कटकादयः*-कटककेयूर-कर्णालङ्कारादयो *भावाः*-पर्याया अनेकविधा उत्पद्यन्ते विनश्यन्ति च ॥३९३॥

एवं जीवद्दव्वस्स दव्वपज्जवविसेसभइतस्स ।
निच्चत्तमणिच्चत्तं च होति नाओवलब्भंतं ॥ ३९४ ॥

(एवं जीवद्रव्यस्य द्रव्यपर्यायविशेषभक्तस्य । नित्यत्वमनित्यत्वं च भवति न्यायोपलभ्यमानम्)

एवं जीवद्रव्यस्य *द्रव्यपर्यायविशेषभक्तस्य*-अनुभवप्रमाणसिद्धस्योभयरूपतया विशिष्टस्य न्यायेनोपलभ्यमानं नित्यत्व-मनित्यत्वं च भवति । न्यायः पुनरयं-इह बालाद्यवस्थासु मिथो विभिन्नास्वपि जीवत्वाद्यन्वय उपलभ्यते तत्रैव च बालाद्यवस्थाभेदश्चेति ॥३९४॥ अमुमेव न्यायं समर्थयितुकाम आह--

कारणधम्माणं जइ णो कज्जे संकमो कहंचिदवि ।
तो कह णु तस्स कज्जं तं तस्स च कारणं इतरं? ॥ ३९५ ॥

(कारणधर्माणां यदि नो कार्ये संक्रमः कथञ्चिदपि । तत् कथं नु तस्य कार्यं तत्तस्य च कारणमितरत्?)

यदि कारणधर्माणां कार्ये कथंचिदपि न संक्रमः स्यात्ततः कथं तत्तस्य कार्यमितरच्च तस्य कारणं?, नैव कथंचिदपीति भावः ॥३९५॥ तथाहि--

पुढवीधम्माण पडे ण संकमो जह तहेव य घडेवि ।
तुल्ले असंकमे किं घडो तु कज्जं नतु पडादी? ॥ ३९६ ॥

(पृथ्वीधर्माणां पटे न संक्रमो यथा तथैव च घटेऽपि । तुल्येऽसंक्रमे किं घटस्तु कार्यं नतु पटादि?)

*पृथ्वीधर्माणां*-मृत्पिण्डधर्माणां मृत्त्वादीनां यथा पटे न संक्रमस्तथा घटेऽपि, ततश्चैवमसंक्रमे तुल्ये सति किं मृत्पिण्डस्य घट एव कार्यं भवति नतु पटादि? नियामकाभावात्, तदपि तस्य कार्यं भवेदिति भावः। तस्मात् कार्यकारणभावव्यवस्थामिच्छता कारणधर्माणां कार्ये संक्रमोऽवश्यमभ्युपगन्तव्यस्तथा च सत्यन्वयसिद्धिः ॥३९६॥ अत्रैवाभ्युच्चयेनाह--

अन्नं च दलविहीणं कह जायति किं दलंति से वच्चं ? ।
जइ कारणं अणुगमो अह णो अदला हु उप्पत्ती ॥ ३९७ ॥

(अन्यच्च दलविहीनं कथं जायते? किं दलमिति तस्य वाच्यम्? । यदि कारणमनुगमोऽथ नोऽदला हु उत्पत्तिः)

अन्यच्च तत्कार्यं दलविहीनं कथं जायते? नहि वियति कुसुमादिद्रव्यलक्षणदलव्यतिरेकेण केचिन्मुकुलि-तार्धमुकुलितादिरूपा भावा उपजायन्ते। तस्मात् *'से'* तस्य कार्यस्य किं दलमिति वाच्यं, तत्र यदि कारणं दलमिष्यते तर्हि नियमादनुगमानुषङ्गः, कार्यकालेऽपि तद्दलतया तस्य भावात्। अथ न कारणलक्षणं दलमिष्यते तर्हि कार्यस्यो-त्पत्तिरदला स्यात्, सा च विरुद्धा, तथादर्शनाभावात् ॥३९७॥ तदित्थमन्वयं प्रसाध्य व्यतिरेकं सिसाधयिषुरिदमाह--

---

હવે, પૂર્વે જ સિદ્ધ કરેલી પરિણામિતાનું શિષ્યવર્ગપર અનુગ્રહ કરવા દૃષ્ટાન્તપૂર્વક ભાવન કરવામાં આવે છે.

*ગાથાર્થ* :- જેમ, સુવર્ણભાવરૂપે અવસ્થિત એવા સોનાના કડા, બાજૂબંધ કાનના અલંકારવગેરે અનેક પ્રકારના પર્યાયો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. ॥૩૯૩॥

*ગાથાર્થ* :- આ જ પ્રમાણે દ્રવ્ય-પર્યાયવિશેષરૂપે ભેદ પામતા અને ઉભયરૂપે વિશિષ્ટતરીકે અનુભવપ્રમાણથી સિદ્ધ જીવદ્રવ્યની નિત્યતા-અનિત્યતા ન્યાયથી(=પ્રમાણથી) ઉપલબ્ધ છે. અહીં ન્યાય આ છે ➡ આ જગતમાં પરસ્પર ભેદ પામતી બાળઆદિઅવસ્થાઓમાં પણ જીવત્વઆદિનો અન્વય અને ત્યાં જ બાળઆદિઅવસ્થાભેદ સ્પષ્ટ ઉપલબ્ધ થાય છે. ॥૩૯૪॥

આ જ ન્યાયનું સમર્થન કરવા કહે છે.-

*ગાથાર્થ* :- જો કારણધર્મોનો કાર્યમાં કોઇ અંશે સંક્રમ થતો જ ન હોય, તો કેવી રીતે 'તે જ તેનું કાર્ય છે, અને તે જ તેનું કારણ છે.' એવો નિયમ થઇ શકે ? અર્થાત્ આવો નિશ્ચિત નિયમ જ ન રહે. ॥૩૯૫॥

આ જ વાત સ્પષ્ટ કરે છે--

*ગાથાર્થ* :- પૃથ્વી-મૃત્પિણ્ડવગેરેના મૃત્ત્વવગેરે ધર્મોનો જેમ કપડામાં સંક્રમ નથી, તેમ ઘટમાં પણ નથી. આમ અસંક્રમ તુલ્યરૂપે હોય, તો 'મૃત્પિણ્ડનું કાર્ય ઘડો જ છે અને કપડાવગેરે નથી,' તેમ શી રીતે કહી શકાય ? કેમકે કોઇ નિયામક ન હોવાથી કપડાવગેરે પણ તેના કાર્ય થઇ શકે છે. તેથી કાર્યકારણભાવવ્યવસ્થા ઇચ્છનારે કારણધર્મોનો કાર્યમાં સંક્રમ અવશ્ય સ્વીકારવો જ રહ્યો. અને આમ સ્વીકારવાથી અન્વયની સિદ્ધિ થાય છે. ॥૩૯૬॥

આ જ વિષયમાં અભ્યુચ્ચય દર્શાવે છે.

*ગાથાર્થ* :- વળી, આ કાર્ય દલરહિત શી રીતે ઉત્પન્ન થાય ? ક્યારેય આકાશમાં કુસુમવગેરે દ્રવ્યરૂપ દલના અભાવમાં વિકસિત-અર્ધવિકસિતઆદિરૂપ ભાવો ઉત્પન્ન થતાં નથી. તેથી કાર્યનું દલ(=દ્રવ્ય) શું છે ? તે બતાવો. અહીં જો કારણ દલતરીકે ઇષ્ટ હોય, તો અવશ્ય અનુગમનો પ્રસંગ છે. કારણ કે કાર્યકાળે પણ કાર્યના દલ તરીકે કારણ હાજર છે. હવે કારણરૂપ દલ જો

अणियत्ते य कहंची अविणाभूयम्मि तस्स परिणामे ।
जातमिणंति न जुज्जइ अदरिसणं तह य इतरस्स ॥ ३९८ ॥

(अनिवृत्ते च कथञ्चिदविनाभूते तस्य परिणामे । जातमिदमिति न युज्यतेऽदर्शनं तथा चेतरस्य)

अनिवृत्ते च कथंचित् *तस्य*-कारणस्य मृत्पिण्डादेः *परिणामे*-मृत्पिण्डत्वादिरूपे कथंचिदविनाभूते जातमिदं-घटादिलक्षणं कार्यमिति न युज्यते, तथा इतरस्य-कारणस्य मृत्पिण्डादिरूपस्यादर्शनम्, तस्माद् व्यतिरेकोऽप्यवश्यमङ्गी-कर्तव्यः, तथा च सत्यन्वयव्यतिरेकत्वाद् घटादीनां परिणामित्वं सिद्धम्, एवमात्मन्यपि द्रष्टव्यम् ॥३९८॥ तथा चाह--

अब्भिंतरेवि कज्जे एवं चिय भावणेह कायव्वा ।
तब्भावम्मि य सिद्धो परिणामी हंत जीवोवि ॥ ३९९ ॥

(आभ्यन्तरेऽपि कार्ये एवमेव भावनेह कर्त्तव्या । तद्भावे च सिद्धः परिणामी हन्त जीवोऽपि)

आभ्यन्तरेऽपि *कार्ये*-सुरादिपर्यायलक्षणे मनुष्यादिपर्यायादुत्पद्यमाने *एवं*-घटादिवद् भावना *'इह'* विचारप्रक्रमे कर्त्तव्या । ततश्च *तद्भावे*-अन्वयव्यतिरेकभावे सति, हन्तेत्यवधारणे, जीवोऽपि परिणामी सिद्ध एवेति ॥३९९॥ पुनरपि परः प्रकारान्तरेण परिणामित्वं दूषयितुमुपक्रमते--

णिरहेतुगो विणासो णणु भावाणं तओ य खणिगत्तं ।
जुज्जइ य अवत्थाणं सहेतुगे इह विणासम्मि ॥ ४०० ॥

(निर्हेतुको विनाशो ननु भावानां ततश्च क्षणिकत्वम् । युज्यते चावस्थानं सहेतुके इह विनाशे)

ननु भावानां विनाशो निर्हेतुकः, *तस्माच्च*-निर्हेतुकविनाशात् क्षणिकत्वम्, यस्मादिह सहेतुके विनाशे सति भावानामवस्थानं युज्यते नान्यथा ॥४००॥ *तथाहि*--

जाव ण विणासहेऊ ताव चिट्ठति सति य तम्मि उ विणस्से ।
न य ते घडत्ति (घडंति) सम्मं चिंतिज्जंता कहंचिदवि ॥ ४०१ ॥

(यावन्न विनाशहेतुस्तावत् तिष्ठति सति च तस्मिंस्तु विनश्येत् । न च ते घटन्ते सम्यक् चिंत्यमानाः कथञ्चिदपि)

यावन्न विनाशहेतुरुपढौकते तावदसौ भावस्तिष्ठत्येव, सति च तस्मिन् विनाशहेतावपढौकिते विनश्येत्। यद्येवं तत एतदेवास्तु किं निर्हेतुकविनाशाभ्युपगमेनेत्यत आह-*'न येत्यादि'* न च ते विनाशहेतवः सम्यक्चिन्त्यमानाः कथंचिदपि घटन्ते। अथ चावश्यंभावी भावानां विनाशो दृश्यते, तस्मादसौ निर्हेतुक एव ॥४०१॥ कथं विनाशहेतवो न घटन्त इत्यघटनोपपत्तिमाह--

किं कुणइ नासहेऊ? जओ विणस्सं तु किं तओ अन्नं? ।
किं तदभावं किं वा न किंचि? णणु एत्तिगा भेदा ॥ ४०२ ॥

(किं करोति नाशहेतुः? यतो विनाश्यं तु किं ततोऽन्यत् । किं वा तदभावं किं वा न किञ्चित्? ननु एतावन्तो भेदाः)

---

ઈષ્ટ ન હોય, તો કાર્ય દલ વિના જ ઉત્પન્ન થશે. પણ આ વાત વિરુદ્ધ છે. કેમકે ક્યારેય તેવું દર્શન થતું નથી. ॥૩૯૭॥

આમ અન્વયની સિદ્ધિ કરી. હવે વ્યતિરેકની સિદ્ધિ કરવાના આશયથી કહે છે.

*ગાથાર્થ* :- વળી, મૃત્પિણ્ડઆદિ કારણના કથંચિદ્ અવિનાભૂત મૃત્પિણ્ડત્વઆદિ પરિણામો જો નિવૃત્ત ન થાય, તો 'ઘટ આદિરૂપ કાર્ય થયું' તેવું કહેવું યોગ્ય ન ઠરે. અને મૃત્પિણ્ડાદિરૂપ કારણનું અદર્શન પણ યોગ્ય ન ઠરે. આમ મૃત્પિણ્ડઆદિકારણના મૃત્પિણ્ડત્વઆદિપરિણામની કથંચિદ્ નિવૃત્તિ પણ સ્વીકારવી જ જોઈએ. આમ વ્યતિરેક પણ અવશ્ય અંગીકાર કરવા યોગ્ય છે. આમ અન્વય અને વ્યતિરેકથી ઘડાવગેરે પરિણામીતરીકે સિદ્ધ થાય છે. આ જ પ્રમાણે આત્માઅંગે પણ સમજવું. ॥૩૯૮॥

આત્માની પરિણામિતાઅંગે જ કહે છે.-

*ગાથાર્થ* :- પ્રસ્તુત વિચારસ્થળે મનુષ્યવગેરે પર્યાયમાંથી દેવવગેરેપર્યાયરૂપકાર્યની ઉત્પત્તિમાં પણ ઘડાવગેરેની જેમ જ ભાવના કરવી. આમ અન્વયવ્યતિરેક હોવાથી જીવ પણ પરિણામી જ સિદ્ધ થાય છે. ('હન્ત'પદ 'જ'કારઅર્થક છે.)॥૩૯૯॥

*(ભાવોના નિર્હેતુકનાશવાદનું ખંડન)*

ફરીથી પૂર્વપક્ષ અન્યપ્રકારે પરિણામીપણાને દૂષિત કરવાનો આરંભ કરે છે.-

*ગાથાર્થ* :- (બૌદ્ધ) ભાવોનો નાશ નિર્હેતુક છે. તેથી ભાવો ક્ષણિક છે. જો ભાવનો વિનાશ સહેતુક હોય, તો જ ભાવોનું અવસ્થાન યોગ્ય ગણાય, અન્યથા (=નિર્હેતુક નાશ હોય તો) નહિ. ॥૪૦૦॥

બૌદ્ધ સ્વાશય સ્પષ્ટ કરે છે.

*ગાથાર્થ* :- જ્યાં સુધી વિનાશનો હેતુ હાજર થતો નથી, ત્યાં સુધી એ ભાવ રહે છે. અને વિનાશહેતુ હાજર થયે વિનાશ પામે છે.

*શંકા* :- જો આમ જ હોય, તો એમ જ માનો. નિર્હેતુક વિનાશના સ્વીકારથી સર્યું.

*સમાધાન* :- પરંતુ બરાબર વિચારીએ તો આ વિનાશહેતુઓ જરા પણ સંગત થતા નથી. અને ભાવોનો વિનાશ તો અવશ્ય દેખાય જ છે. તેથી આ વિનાશ નિર્હેતુક જ છે. ॥૪૦૧॥

*यतो*-यस्मादेष *विनाशहेतुः*-मुद्गरादिः किं *विनाश्यमेव*-घटादिकं करोति, किंवा तदन्यत्-कपालादिकं किंवा *तदभावं*-घटाद्यभावं, किंवा न किंचिदपि करोतीति, नन्वेतावन्त एव *भेदा*-विकल्पाः, न चैतेषां भेदानामन्यतमोऽपि भेदो घटते ॥४०२॥ **तथाहि**--

न विणस्समेव जम्हा सहेउतो चेव सो पसूतोत्ति ।
जातस्सवि पुण करणे जायइ अणवत्थदोसो उ ॥ ४०३ ॥

(न विनाश्यमेव यस्मात् स्वहेतुतः एव स प्रसूत इति । जातस्यापि पुनः करणे जायतेऽनवस्था दोषस्तु)

न *विनाश्यमेव*-घटादिकं ताव*द्विनाशहेतुः*-मुद्गरादिः करोति, यस्मात्स *विनाश्यो*-घटादिः स्वहेतुत एव-मृत्पिण्डादेः समुत्पन्नस्तस्मान्न तमेव विनाश्यं करोति । अथ यद्यपि स्वहेतुभ्यः समुत्पन्नस्तथापि तं करिष्यतीत्याशङ्का-पोहायाह-*'जायस्सेत्यादि'* जातस्यापि पुनःकरणेऽभ्युपगम्यमाने *जायते*-आपद्यते अनवस्थादोषः, जातत्वाविशेषेण पुनः पुनः करणप्रसक्तेः ॥४०३॥ द्वितीयं पक्षं दूषयितुमाशङ्कमान आह--

अह उ तदन्नं किं तस्स आगयं? तेण तादवत्थातो ।
दीसेज्ज तओ कुज्ज कज्जंतरमो य जहपुव्विं ॥ ४०४ ॥

(अथ तु तदन्यत् किं तस्यागतम्? तेन तादवस्थ्यात् । दृश्येत सकः कुर्यात् कार्यान्तरं च यथापूर्वम्)

**अथ** *तदन्यत्*-कपालादिकं विनाशहेतुः करोतीत्यभ्युपगमः, *तर्हि* किं *तस्य*-विनाश्यस्य घटादेरागतं?,नैव किंचित्, विनाशहेतोस्तदन्यकरणे व्यापृतत्वात्, तेन कारणेन *'तउत्ति'*सको विनाश्यो घटादिः प्रागिव दृश्येत, यच्च स्वप्रतिबद्धं कार्यान्तरं तदपि कुर्यात्, यथा स्वविनाशहेतूपनिपातात्पूर्वम् । कुत इत्याह-*तादवस्थ्यात्*-स्वरूपाभ्रंशात् ॥४०४॥ **अथ** तेन कपालादिना आवृतत्वान्न प्राग्वदस्य दर्शनादिप्रसङ्ग इति मन्येथास्तत्राह--

आवरणंपि न जुज्जइ तप्पभवं तस्स तादवत्थातो ।
अन्नह तओ उ णासो एत्थ य पुव्वोदिओ दोसो ॥ ४०५ ॥

(आवरणमपि न युज्यते तत्प्रभवं तस्य तादवस्थ्यात् । अन्यथा ततस्तु नाशोऽत्र च पूर्वोदितो दोषः)

***आवरणमपि***-आव्रियमाणत्वमपि *तस्य*-घटादेर्विनाश्यस्य *तत्प्रभवं*-मुद्गरादिजन्यमानतदन्यकपालादिप्रभवं *न युज्यते*-न घटते । कुत इत्याह-तादवस्थ्यात्, *अन्यथा*-तादवस्थ्यानभ्युपगमे तत एव तदन्यस्मात्कपालादेर्तस्य घटादेर्नाशोऽभ्युपगतः स्यात् । स्यादेव को दोष इति चेत् । अत्राह-अत्र च कपालादेर्नाशाभ्युपगमे पूर्वोदितो दोषो द्रष्टव्यः। **तथाहि**-तेनापि कपालादिना किं तदेव घटादिकं क्रियते किंवा तदन्यद्भावान्तरमित्यादि तदेवावर्त्तत इति ॥४०५॥ तृतीयं पक्षमधिकृत्याह-

---

*(વિનાશહેતુઅંગે બૌદ્ધના ચાર વિકલ્પ)*

વિનાશહેતુઓ કેમ સંગત થતા નથી? એ શંકાના સમાધાનરૂપે અસંગતતાની ઉપપત્તિ કરતાં કહે છે.-

*ગાથાર્થ* :- કહો, આ મુદ્ગરવગેરે વિનાશકારણો શું (૧) ઘડાવગેરે વિનાશ્યને જ ઉત્પન્ન કરે છે ? કે (૨) તેનાથી ભિન્ન કપાલવગેરેને ? કે (૩) ઘડાવગેરેના અભાવને ઉત્પન્ન કરે છે ? કે પછી (૪) કશું જ કરતાં નથી ? આ ચાર જ વિકલ્પો સંભવે છે. અને આ ચારે વિકલ્પોમાંથી એકપણ વિકલ્પ સંગત ઠરતો નથી. ॥૪૦૨॥

હવે ક્રમશઃ દરેક વિકલ્પની અસંગતતા બતાવે છે.

*ગાથાર્થ* :- પ્રથમ વિકલ્પે મુદ્ગરવગેરે વિનાશહેતુ ઘડાવગેરે વિનાશ્યને ઉત્પન્ન કરી ન શકે. કેમકે ઘટવગેરે તે વિનાશ્ય પોતાના માટીના પિંડઆદિ હેતુઓમાંથી જ ઉદ્ભવે છે. તેથી વિનાશહેતુ વિનાશ્યને ઉત્પન્ન ન કરી શકે.

*શંકા* :- ભલે વિનાશ્ય સ્વહેતુમાંથી જ ઉત્પન્ન થયો હોય, તો પણ વિનાશહેતુ એ વિનાશ્યને ઉત્પન્ન કરશે.

*સમાધાન* :- ઉત્પન્ન થયેલાને ફરીથી ઉત્પન્ન કરવામાં અનવસ્થાદોષ આવે. કારણકે 'જાતત્વ'(=ઉત્પત્તિ) ની સમાનતાથી વારંવાર ઉત્પન્ન કરવાનો પ્રસંગ છે. ॥૪૦૩॥

હવે બીજા પક્ષને દૂષિત કરવા આશંકા દર્શાવે છે.-

*ગાથાર્થ* :- 'વિનાશહેતુ ઘટઆદિથી ભિન્ન કપાલવગેરેને ઉત્પન્ન કરે છે' એવા બીજા વિકલ્પસ્થળે દોષ આ છે. → જો વિનાશહેતુ કપાલઆદિ અન્યને ઉત્પન્ન કરતો હોય, તો તેમાં ઘટવગેરે વિનાશ્યમાટે શુ આવ્યું ? અર્થાત્ કશું જ નહિ, કારણ કે વિનાશહેતુ તો ઘટઆદિથી અન્યને ઉત્પન્ન કરવામાં પરોવાયેલા છે. તેથી ઘડાવગેરે પૂર્વવત્ દેખાવા જ જોઇએ. અને સ્વસંલગ્ન કાર્યો કરવાના પણ ચાલુ જ રાખશે. જેમકે સ્વવિનાશના હેતુઓની હાજરીની પૂર્વે. કારણકે ઘટવગેરે તદવસ્થ જ છે સ્વસ્વરૂપથી ભ્રષ્ટ થયા નથી ॥૪૦૪॥

*શંકા*:- કપાલવગેરેથી ઘટવગેરે આવૃત્ત થાય છે તેથી તેઓ (=ઘડાવગેરે)ના પૂર્વવત્ દર્શન નહિ થાય.

આ માન્યતાઅંગે કહે છે.-

*ગાથાર્થ* :-(સમાધાન) ઘટવગેરે વિનાશ્યનું મુદ્ગરવગેરેથી ઉત્પન્ન થતાં ઘટભિન્ન કપાલવગેરેથી ઉત્પન્ન થતું આવરણ પણ યોગ્ય નથી. કારણકે તો પણ ઘટવગેરે તદવસ્થ જ રહે છે. જો 'ઘટવગેરે તદવસ્થ(=પૂર્વવત્) રહેતા નથી' એમ સ્વીકારશો તો તેનો અર્થ એ થશે કે, "ઘડાવગેરે સ્વભિન્ન કપાલઆદિથી નાશ પામે છે, એમ માન્ય છે."

*શંકા* :- ઘડાનો કપાલ આદિથી નાશ માનવામાં શો વાંધો છે ?

तइयम्मि पज्जदासे हंत वियप्पम्मि अविगला दोसा ।
एतच्चिय विन्नेया भावंतरओ उ तस्सावि ॥ ४०६ ॥

(तृतीये पर्युदासे हन्त । विकल्पेऽविकला दोषाः । एत एव विज्ञेया भावान्तरतस्तु तस्यापि)

इह तदभावं विनाशहेतुः करोतीति किं पर्युदासविधिना विवक्षिताद्भावाद् भावान्तरमेव करोतीत्युच्यते, किंवा तत्प्रध्वंसमिति विकल्पद्वयम् । तत्र पर्युदासरूपे तृतीये विकल्पे आश्रीयमाणे ये दोषाः प्राक् द्वितीये विकल्पेऽभिहिता एत एवेहाप्यविकला ज्ञेयाः । कुतः? इत्याह-*'भावन्तरओ य तस्सावित्ति'* तस्यापि-पर्युदासविधिनाऽभिमतस्य तदभावस्य भावान्तरत्वात्, तथा च सति विनाशहेतोस्तत्रैव व्यापाराद्विनाश्यस्य तादवस्थ्यमित्यादि प्रसज्यते इति ॥४०६॥ अथ मा भूदेष दोष इति तदभावः प्रसज्यप्रतिषेधात्मा विनाशहेतुना क्रियत इत्यभ्युपगम्यते, इत्येतदेव दूषयितुमाशङ्कमान आह--

तदभावमह करेती तदभा(तब्भा)वं हंत एवं ण करेइ ।
भावं च अकुव्वंतो कहं स हेतुत्ति? चिन्तमिदं ॥ ४०७ ॥

(तदभावमथ करोति तद्भावं हन्त । एवं न करोति । भावं चाकुर्वन् कथं स हेतुरिति? चिन्त्यमिदम्)

अथ *तदभावं*-प्रसज्यप्रतिषेधरूपं विनाशहेतुः करोतीत्यभ्युपगमस्तर्हि हन्त एवं सति तद्भावं न करोतीत्यायातं, प्रसज्यप्रतिषेधे हि नञ् क्रियापदसंबन्धी, ततस्तदभाव करोतीति, किमुक्तं भवति?-तद्भावं न करोतीति । तथापि को दोष इति चेत्? *अत्राह-भावं* च-घटादिभावं चाकुर्वन् कथं स मुद्गरादिस्तस्य विनाशहेतुरुच्यते?, इति चिन्त्यमिदम्, न युक्तमित्यर्थः । पटादयोऽपि हि न घटादिभावकरणे व्याप्रियन्ते न च ते तस्य विनाशहेतवस्तद्वदयमपि मुद्गरादिर्न तस्य विनाशहेतुरिति ॥४०७॥ चरमपक्षमधिकृत्याह--

चरमम्मि वि कह हेऊ? न किंचि कुव्वंति जे विणासस्स ।
भावे य सदाभावा एसिं खणभंगसिद्धित्ति ॥ ४०८ ॥

(चरमेऽपि कथं हेतुः ? न किञ्चित् कुर्वन्ति ये विनाशस्य । भावे च सदाभावादेषां क्षणभङ्गसिद्धिरिति)

चरमेऽपि पक्षे कथं ते मुद्गरादयो विनाशहेतवो भवेयुर्ये *विनाश्यस्य*-घटादेर्न किमपि कुर्वन्ति? मा प्रापत्पटादीनामपि घटादीन् प्रति विनाशहेतुत्वप्रसङ्गः । अभ्युपगम्याप्येतत् दोषमाह-*भावे* च-प्रकरणाद्विनाशं प्रति हेतुभावे चाकिंचित्कराणामिष्यमाणे क्षणभङ्गसिद्धिः । कुतः? इत्याह-एषामकिंचित्कराणां सर्वत्र सर्वदा च भावादिति ॥४०८॥ तदित्थं विनाशहेतूनामसामर्थ्यमघटमानतानिबन्धनमुद्भाव्य सांप्रतं वैयर्थ्यं तन्निबन्धनमुपपादयन्नाह-

अन्नं च नस्सरो वा सहावतो होज्ज अणस्सरो वावि? ।
भावो णस्सरपक्खे नासे किं हेतुणा तस्स? ॥ ४०९ ॥

(अन्यच्च नश्वरो वा स्वभावाद् भवेदनश्वरो वापि? । भावो नश्वरपक्षे नाशे किं हेतुना तस्य)

---

*સમાધાન* :- કપાલઆદિથી ઘડાવગેરેનો નાશ માનવામાં પૂર્વોક્ત દોષ આવે છે. અર્થાત્ આ કપાલ ઘડાને ઉત્પન્ન કરે છે? કે ઘટભિન્ન-ભાવાંતરને ઉત્પન્ન કરે છે ? ઇત્યાદિ પૂર્વોક્ત ચાર વિકલ્પો વેતાલની જેમ ફરીથી ઉભા થશે. ॥૪૦૫॥

હવે ત્રીજા પક્ષને આશ્રયી કહે છે.-

*ગાથાર્થ* :- વિનાશહેતુ વિનાશ્યનો અભાવ કરે છે' આ ત્રીજા વિકલ્પસ્થળે એ પૂછવાનું છે કે 'વિવક્ષિત(=ઘટઆદિ) ભાવથી ભિન્ન ભાવ-ભાવાન્તર ઉત્પન્ન કરવારૂપ પર્યુદાસ અભાવ ઇષ્ટ છે, કે ઘટઆદિ વિનાશ્યના પ્રધ્વંસરૂપ પ્રસજ્ય અભાવ ઇષ્ટ છે ?' આમ બે વિકલ્પ સંભવે છે. જો તૃતીય વિકલ્પ પર્યુદાસઅભાવરૂપે ઇષ્ટ હોય, તો અહીં બીજા વિકલ્પમાં બતાવેલા પૂર્વોક્ત દોષો જરાય ખંડિત થયા વિના લાગુ પડશે. કારણ કે પર્યુદાસવિધિથી ઇષ્ટ અભાવ વાસ્તવમાં ભાવાન્તરરૂપ જ છે. અને વિનાશહેતુ જો ભાવાન્તર બનાવવામાં જ મગ્ન હોય, તો વિનાશ્ય તો સ્વસ્વરૂપે અવિચળ જ રહેશે. ઇત્યાદિ ॥૪૦૬॥

શંકા :- આ દોષ ન આવે, તેથી વિનાશહેતુ પ્રસજ્યપ્રતિષેધરૂપ-પ્રધ્વંસરૂપ અભાવ કરે છે, તેમ સ્વીકારશું.

આ વાત પણ દૂષિત કરવા આશંકા કરે છે.-

*ગાથાર્થ* :- 'વિનાશહેતુ પ્રસજ્યપ્રતિષેધરૂપ અભાવ કરે છે.' એવો તમારો જો અભ્યુપગમ છે. તો તેનો અર્થ એ જ આવીને ઉભો કે તે (=વિનાશહેતુ) તે ભાવને ઉત્પન્ન કરતા નથી. પ્રસજ્યપ્રતિષેધસ્થળે નઞ્(=અભાવ)નો સંબંધ ક્રિયાપદ સાથે હોય છે. તેથી 'તેનો અભાવ કરે છે' તેમ અર્થ આવે. અર્થાત્ 'તે ભાવને ન કરે' તેવો અર્થ આવે.

*શંકા* :- ભલે એમ અર્થ હો. શો વાંધો છે ?

*સમાધાન* :- જો મુદ્ગરવગેરે ઘટઆદિ ભાવોને કરતાં ન હોય, તો તે કેવી રીતે તેના(=ઘટવગેરેના) વિનાશહેતુ કહી શકાય? આ વિચારો, અર્થાત્ આ યોગ્ય નથી. કપડાવગેરે ઘટઆદિભાવને ન કરવામાત્રથી તેમના વિનાશહેતુ ગણાતા નથી. એ જ પ્રમાણે મુદ્ગરવગેરેને પણ ઘટઆદિભાવ ન કરવામાત્રથી તેઓના શી રીતે વિનાશ હેતુ કહી શકાય ? ॥૪૦૭॥

હવે, ચોથા વિકલ્પને ઉદ્દેશી કહે છે.-

*ગાથાર્થ* :- તે વિનાશહેતુઓ કશું કરતા નથી, એવા ચોથા વિકલ્પમાં પણ તે મુદ્ગરવગેરે કેવી રીતે વિનાશહેતુઓ થઇ શકે ? કે જેઓ ઘટઆદિ વિનાશ્યનું કશું જ કરતાં નથી. આમ તો કપડાવગેરેને પણ ઘડાવગેરેના વિનાશહેતુ માનવાનો પ્રસંગ આવે. કેમકે તેઓ પણ ઘટપ્રતિ કશું કરતાં નથી. અને કદાચ આમ સ્વીકારી પણ લઇએ, તો એક દોષ આવે છે કે વિનાશ પ્રત્યે અકિંચિત્કરને પણ જો હેતુ માની લઇએ તો ક્ષણભંગ (=ક્ષણિકવાદ)ની સિદ્ધિ થાય છે. કારણ કે આવા અકિંચિત્કરો (=ફોગટીયા)

अन्यच्च स नाश्यो भावः *स्वभावतः*–स्वरूपेण नश्वरो वा स्यादनश्वरो वेति विकल्पद्वयं, गत्यन्तराभावात् । तत्र नश्वरपक्षेऽङ्गीक्रियमाणे *तस्य*–नाश्यस्य घटादेर्*नाशे*–नाशविषये किं हेतुना मुद्गरादिरूपेण कर्त्तव्यं?, नैव किंचित्, तस्य तत्स्वभावतया स्वयमेव नाशात् ॥४०९॥ एतदेव भावयति–

नो अन्नमिह स भावो भावे भावस्सऽवेक्खए हेउं ।
काठिन्नादी पुढवादिणं च तद्धेतुओ चेव ॥ ४१० ॥

(नोऽन्यमिह स भावो भावे भावस्याऽपेक्षते हेतुम् । काठिन्यादि पृथिव्यादिनां च तद्धेतुत एव)

न इह स नश्वरो भावो *भाव्ये*–उत्पाद्येऽभावे नाशे स्वोत्पादहेत्वतिरेकेणान्यं हेतुमपेक्षते, किंतु *तद्धेतुत एव*–तस्य स्वोत्पादहेतुत *एवासौ*–अभावो भवति, यथा पृथिव्यादीनां काठिन्यादि । नहि पृथिव्यादयः काठिन्यादिभावे स्वोत्पादहेत्वतिरेकेणान्यं हेतुमपेक्षन्ते, किंतु तत्स्वभावतया तेषां स्वोत्पादहेतुत एव काठिन्यादि भवति, तथा विनाशोऽपीति ॥४१०॥ अत्रैव विपक्षे बाधामाह––

अतदुब्भवत्तणम्मि य पावइ तस्स णणु निस्सहावत्तं ।
अह णस्सरोत्ति एवंपि नासहेऊ विधा तस्स ॥ ४११ ॥

(अतदुद्भवत्वे च प्राप्नोति तस्य ननु निःस्वभावत्वम् । अथ नश्वर इति एवमपि नाशहेतु वृथा तस्य)

काठिन्यादेरभावस्य वा अतदुद्भवत्वे–तस्मात्स्वोत्पादहेतोरुद्भवाभावे *तस्य*–भावस्य काठिन्यादिस्वभावस्य पृथिव्यादेर्नश्वरस्वभावस्य वा घटादेर्ननु निःस्वभावत्वं प्राप्नोति, तेषां काठिन्यादिस्वभावात्मकत्वात्, तस्य च हेत्वन्तरापेक्षणेनाद्याप्यभावात् । तस्मात् यो यत्स्वभावः स स्वहेतोरेव तादृश उत्पन्नो न तद्भावे हेत्वन्तरमपेक्षते, यथा काठिन्यादौ पृथिव्यादयः । नश्वरस्वभावाश्चामी भावास्ततो न तद्भावे हेत्वन्तरमपेक्षन्ते इति । द्वितीयं पक्षं दूषयितुमुपन्यस्यन्नाह *'अहेत्वादि'* अथानश्वर इति पक्षः, एवमपि तस्य नाश्यस्य नाशहेतुर्वृथैव ॥४११॥ *यथाहि*––

नहि भावाउ सहावो तीरइ अन्नेण अन्नहा काउं ।
गयणस्सवऽमुत्तत्तं नय दुसहावो विरोधातो ॥ ४१२ ॥

(न हि भावात् स्वभावः शक्यतेऽन्येनान्यथा कर्तुम् । गगनस्येवामूर्त्तत्वं न च द्विस्वभावो विरोधात्)

नहि यस्मात् भावात् स्वभावोऽन्येनान्यथा कर्तुं शक्यते, यथा गगनस्यामूर्त्तत्वं, तद्यदि भावोऽनश्वरस्वभावस्ततः कथं तस्य नाशहेतुना नाशः क्रियते? स्वभावस्यान्यथाकर्तुमशक्यत्वात् । अपिच, स्वहेतोरनश्वरस्वभावस्योत्पन्नस्य पश्चात् नाशहेतुना नश्वरस्वभावता आपाद्यमाना हेतुभेदात् स्वरूपभेदाच्च पूर्वस्वभावादर्थान्तरं स्यात्, तच्चायुक्तम्, यत आह *'नयेत्यादि'* न च *द्विस्वभावो*–नश्वरत्वानश्वरत्वलक्षणस्वभावद्वयोपेतो भावो भवति । कुत इत्याह–*विरोधात्*, अविरुद्धा हि स्वभावा बहवोऽप्येकस्मिन् तादात्म्येन भवेयुरपि, यथा ज्ञेयत्वसत्त्वादयः, नतु विरुद्धाः, शीतोष्णत्वादिवत्, विरुद्धौ च परस्परं नश्वरत्वानश्वरत्वस्वभावौ, तत्कथमेतावेकत्र भवेतामिति? ॥४१२॥ अत्रैवाभ्युच्चयेन दूषणमाह––

---

હંમેશા બધે જ રખડતા પડ્યા હોય છે. ॥૪૦૮॥

આમ અઘટમાનતાદ્વારા વિનાશહેતુઓનું અસામર્થ્ય સિદ્ધ કર્યું. હવે અઘટમાનતાદ્વારા જ વ્યર્થતા સિદ્ધ કરવા કહે છે.–

*ગાથાર્થ* :– વળી, ઘટઆદિ નાશ્યભાવ સ્વભાવથી વિનાશી છે કે અવિનાશી ? આ બે સિવાય ત્રીજો વિકલ્પ સંભવતો નથી. અહીં વિનાશી પક્ષ સ્વીકારીએ, તો ઘટવગેરે વિનાશ્યભાવોના નાશઅંગે મુદ્ગરવગેરેરૂપ હેતુ શું કરશે ? અર્થાત્ કશું નહિ કરે. કારણકે એ ઘટવગેરે વિનાશી સ્વભાવવાળા હોવાથી સ્વયં વિનાશ પામશે. ॥૪૦૯॥

આ જ અર્થનું ભાવન કરતાં કહે છે.–

*ગાથાર્થ* :– અહીં આ નશ્વરભાવ અભાવ(=સ્વનાશ)ના ઉત્પાદનમાં પોતાની ઉત્પત્તિમાં કારણભૂત હેતુને છોડી અન્ય હેતુની અપેક્ષા રાખતો નથી. પરંતુ નશ્વરભાવના ઉત્પાદનહેતુમાંથી જ આ અભાવ પણ ઉત્પન્ન થાય છે જેમકે પૃથ્વીવગેરે કાઠિન્યઆદિભાવ માટે પોતાની ઉત્પત્તિના કારણને છોડી અન્ય કારણની અપેક્ષા રાખતા નથી. પરંતુ પૃથ્વીના જ તેવા સ્વભાવથી પૃથ્વીના જ કારણમાંથી કાઠિન્યવગેરે પણ ઉત્પન્ન થાય છે. આ જ પ્રમાણે વિનાશઅંગે પણ સમજવું. ॥૪૧૦॥

આ જ સ્થળે વિપક્ષમાં બાધા દર્શાવે છે.–

*ગાથાર્થ* :– જો કાઠિન્યવગેરે કે અભાવ વિનાશ્યના ઉત્પાદના હેતુમાંથી ઉત્પન્ન થતાં ન હોય, તો કાઠિન્યાદિસ્વભાવવાળા પૃથ્વીવગેરે અને નશ્વરસ્વભાવવાળા ઘડાવગેરે સ્વભાવવિનાના થઇ જાય, કારણકે તેઓ કાઠિન્યઆદિસ્વભાવવાળા છે, અને તે સ્વભાવ હેત્વન્તરની અપેક્ષા રાખતા હોવાથી હજી સુધી ઉત્પન્ન નથી થયા તેવી આપત્તિ છે. તેથી જે વસ્તુ જેવા સ્વભાવવાળી હોય, તે વસ્તુ તેવા સ્વભાવવાળારૂપે જ પોતાના હેતુમાંથી ઉત્પન્ન થાય છે. તેની સત્તામાટે બીજા હેતુની અપેક્ષા રાખતા નથી.

હવે, બીજા વિકલ્પને દોષિત ઘોષિત કરવા ઉપન્યાસ કરે છે 'અહ' ઇત્યાદિ. જો અનશ્વરપક્ષ સ્વીકારશો, તો પણ તે નાશ્યના વિનાશહેતુઓ વ્યર્થ જ સિદ્ધ થશે. ॥૪૧૧॥

આ જ મુદ્દાને સ્પષ્ટ કરે છે.–

*ગાથાર્થ* :– બીજાદ્વારા ભાવથી સ્વભાવને અન્યથા કરવો શક્ય નથી. જેમકે આકાશનું અમૂર્તત્વ(ગગનના અમૂર્તત્વ સ્વભાવને બદલે મૂર્તત્વસ્વભાવનું આપાદન થઇ શકે નહિ.) તેથી જો ભાવ અનશ્વરસ્વભાવવાળો હોય, તો કેવી રીતે નાશહેતુ તેનો નાશ કરી શકે ? કેમકે સ્વભાવને અન્યથા કરી શકાય નહીં. વળી, જે વસ્તુ પોતાના હેતુમાંથી અનશ્વરસ્વભાવવાળારૂપે ઉત્પન્ન થઇ હોય, તેમાં પાછળથી નાશહેતુદ્વારા નશ્વરસ્વભાવતાનું આપાદન કરવામાં તો હેતુભેદ અને સ્વરૂપભેદ થવાથી પૂર્વ

किंच सहेउगपक्खे कज्जस्स व तस्स पावती नासो ।

तण्णासम्मि य भावो पुव्वविणट्ठस्स भावस्स ॥ ४१३ ॥

(किंच सहेतुकपक्षे कार्यस्येव तस्य प्राप्नोति नाशः । तन्नाशे च भावः पूर्वविनष्टस्य भावस्य)

किंच *सहेतुकपक्षे*–सहेतुकविनाशाभ्युपगमे कार्यस्येव *तस्य*–नाशस्य नाशः प्राप्नोति, *तन्नाशे* च नाशनाशे च सति पूर्वविनष्टस्य भावस्य *भावः*–सत्ता प्राप्नोति, भावाभावयोरेकतरप्रतिषेधस्यापरविधिनान्तरीयकत्वात् ॥४१३॥ अपि च,--

नय सो हवेज्ज नियमा कयगाणवि कारणंतरावेक्खो ।

वत्थस्स जहा रागो कयगोवि ततो न नासेज्जा ॥ ४१४ ॥

(न च स भवेन्नियमात् कृतकानामपि कारणान्तरापेक्षः । वस्त्रस्य यथा रागः कृतकोऽपि ततो न नश्येत्)

कोवि कदाई भावो कारणविरहातो तस्स भावेवि ।

नहि कारणाइं नियमेण होंति जं कज्जवंताइं ॥ ४१५ ॥

(केऽपि कदाचिद् भावः कारणविरहात् तस्य भावेऽपि । नहि कारणानि नियमेन भवन्ति यत् कार्यवन्ति)

न च सः–विनाशः कारणान्तरापेक्षः सन् कृतकानामप्यन्तेऽवश्यमभ्युपगतविनाशानां नियमाद्भवेत्, यथा वस्त्रस्य रागः, रागो हि वस्त्रे तदतिरिक्तकारणान्तरापेक्षत्वान्नावश्यंभावी, कारणान्तराणां स्वस्वहेतुप्रतिबद्धत्वात्, तेषां च क्वचित् कदाचिद्भावात्, तद्वदेषोऽपि विनाशः कारणान्तरापेक्षत्वान्नावश्यं भवेत्, ततश्च कश्चिद्भावः कृतकोऽपि सन् कदाचित् कारणविरहान्न विनश्येदपि, *'तस्स भावेवित्ति' तस्य*–कारणस्य भावेऽपि कश्चिद्भावः कदाचिन्न विनश्येत्। कुत इत्याह– *'नहीत्यादि'* हि यस्मान्न कारणानि नियमेन कार्यवन्ति भवन्ति, प्रतिबन्धवैकल्यसंभवात् ॥४१४-४१५॥ उपसंहारमाह--

ता भावहेतवो च्चिय कुणति पयईएँ नस्सरे भावे ।

उप्पत्तणंतरं चिय तेवि विणस्संति तो खणिगा ॥ ४१६ ॥

(तस्माद् भावहेतव एव कुर्वन्ति प्रकृत्या नश्वरान् भावान् । उत्पत्त्यनंतरमेव तेऽपि विनश्यन्ति तस्मात् क्षणिकाः)

यस्मादित्थं कारणान्तरापेक्षविनाशाभ्युपगमेऽनेकदोषोपनिपातसंभवस्तस्माद्भावहेतव एव भावान् प्रकृत्या स्वभावेन नश्वरान् कुर्वन्ति, प्रकृत्या नश्वरत्वाच्च तेऽपि भावा उत्पत्त्यनन्तरमेव विनश्यन्ति । *'तो'* तस्मात्ते क्षणिका इति स्थितम् ॥४१६॥ अत्राचार्यः प्रतिविधित्सुराह--

निरहेउगो विणासो अहव सहेऊ निरत्थिगा चिंता ।

नहि एत्थऽणवत्थाणं परिणामे सव्वहा अत्थि ॥ ४१७ ॥

(निर्हेतुको विनाशोऽथवा सहेतुकः निरर्थिका चिन्ता । नहि अत्रानस्थानं परिणामे सर्वथाऽस्ति)

---

સ્વભાવથી અર્થાન્તર (=ભિન્નતા) કહેવાય. પણ તે યોગ્ય નથી. કારણ કે એક જ વસ્તુમાં નશ્વરતા–અનશ્વરતારૂપ બે સ્વભાવ સંભવે નહિ. કારણકે વિરોધ છે. હજી એમ બને કે અવિરુદ્ધ હોય, તેવા અનેક સ્વભાવો એક ભાવમાં તાદાત્મ્યથી રહેલા હોય, જેમકે જ્ઞેયત્વ-સત્ત્વવગેરે, પરંતુ વિરુદ્ધ સ્વભાવો રહી ન શકે, જેમકે શીતત્વ, ઉષ્ણત્વવગેરે. આજ પ્રમાણે નશ્વરત્વ અને અનશ્વરત્વ સ્વભાવ પરસ્પર વિરુદ્ધ છે, તેથી તે બે એકસ્થાને રહી ન શકે. ॥૪૧૨॥

આ જ સ્થળે અભ્યુચ્ચયથી દૂષણ બતાવે છે.–

*ગાથાર્થ* :– વળી, સહેતુક વિનાશપક્ષે કાર્યની જેમ વિનાશનો પણ નાશ માનવો પડે. (કારણકે જે સહેતુક હોય, તે વિનાશ્ય હોય.) અને નાશનો નાશ થાય, તો પૂર્વે નાશ પામેલો ભાવ ફરીથી હાજર થાય. કારણકે ભાવ અને અભાવમાં એકનો નિષેધ અવશ્ય બીજાની વિધિ વિના સંભવે નહિ. આમ પૂર્વવિનષ્ટની ફરીથી સત્તા માનવાનો પ્રસંગ છે. ॥૪૧૩॥

*ગાથાર્થ* :– વળી, 'અન્તે જેઓનો અવશ્ય વિનાશ સ્વીકાર્યો છે, તેવા કાર્યોનો અવશ્ય વિનાશ થાય જ' તેવો નિયમ નહિ રહે, કારણકે એ વિનાશ અન્ય કારણને સાપેક્ષ સ્વીકાર્યો છે. જેમકે વસ્ત્રના કારણથી વસ્ત્રના રંગના કારણ અન્ય છે, તો વસ્ત્રપર હંમેશા રંગ ચડે જ, તેવો નિયમ નથી. (અર્થાત્ દરેક વસ્ત્ર રંગાયેલા જ હોય, તેવો નિયમ નથી.) કારણકે કારણાન્તરો પોતપોતાના હેતુઓસાથે પ્રતિબદ્ધ છે. અને એ હેતુઓ ક્યાંક અને ક્યારેક જ હોય છે, નહિ કે સર્વત્ર–સર્વદા. આ જ પ્રમાણે વિનાશ પણ કારણાન્તરને સાપેક્ષ હોવાથી હંમેશા થાય જ તેવો નિયમ ન રહે. તેથી કોઈક વસ્તુ કાર્યરૂપ હોવા છતાં વિનાશના કારણની ગેરહાજરીના કારણે ક્દાપી નાશ ન પણ પામે. વળી કારણની હાજરીમાં પણ કોઈક ભાવ ક્યારેક નાશ ન પણ પામે, કારણ કે પ્રતિબન્ધ(=વ્યાપ્તિ)ની વિકલતાના સંભવથી દરેક કારણો કાર્યવાળા(=કાર્ય કરનારા) હોય જ તેવો નિયમ નથી. અર્થાત્ કારણ હોય, ત્યાં કાર્ય થાય જ તેવો નિયમ નથી. (જેમકે દરેક અગ્નિ ધૂમાડાના ઉત્પાદક નથી.) અથવા પ્રતિબન્ધ(=સંયોગાદિ)ની વિકલતાના કારણે કારણ કાર્યકર ન બને. જેમકે જંગલની માટી. ॥૪૧૪ । ૪૧૫॥

હવે ઉપસંહાર બતાવે છે.–

*ગાથાર્થ* :– આમ કારણાન્તરસાપેક્ષ વિનાશના સિદ્ધાન્તમાં અનેક દોષો આવવાનો સંભવ છે. તેથી ભાવના હેતુઓ જ ભાવોને સ્વભાવથી જ નશ્વર ઉત્પન્ન કરે છે. અને ભાવો પણ સ્વભાવથી નશ્વર હોવાથી ઉત્પત્તિની તરત ઉત્તરમાં જ વિનાશ પામે છે. તેથી ભાવો ક્ષણિક છે, તેમ નિર્ણય થાય છે. ॥૪૧૬॥

*(પરિણામવાદમાં ચારે વિકલ્પો અસ્થાને)*

બૌદ્ધના આ વિસ્તૃત પૂર્વપક્ષનો ઉત્તર આપવા આચાર્યશ્રેષ્ઠ કહે છે.–

***ગાથાર્થ* :– (ઉત્તરપક્ષ) 'આ વિનાશ નિર્હેતુક છે કે સહેતુક છે?' ઇત્યાદિ જે વિચારણા કરી તે બધી નકામી છે. કારણકે**

नन्वयं विनाशः किं निर्हेतुकोऽथवा सहेतुक इति या चिन्ता क्रियते सा सर्वथा निरर्थ(र्थि)कैव। कुत इत्याह *हि* यस्मात् न *अत्र*–परिणामे परिणामपक्षाभ्युपगमे भावानामनवस्थानं–विनाशः *सर्वथा*–एकान्तेनास्ति, किंतु कथंचिद–वस्थानमपि, तथा च सति सर्वथा विनाशाभावात्कथं तद्विषया सहेतुकचिन्तोपयुज्यते ॥४१७॥ कथं सर्वथाऽनवस्थानं नास्तीति चेदत आह––

जं तं चिय परिणमए पतिसमयं चित्तकारणं पप्प ।
दलविरहातो अन्नह जुज्जइ न फलं तु भणियमिणं ॥ ४१८ ॥

(यत्तदेव परिणमते प्रतिसमयं चित्रकारणं प्राप्य । दलविरहादन्यथा युज्यते न फलं तु भणितमिदम्)

*यत्*–यस्मात्तदेव–मृत्पिण्डादिरूपं वस्तु चक्रचीवरादिकं चित्रं–नानारूपं कारणं प्राप्य प्रतिसमयं तथा तथा परिणमते, ततः कुतः सर्वथाऽवस्थानं विनाशो वेति? । इत्थं चैतदङ्गीकर्तव्य*मन्यथा* परिणामपक्षानभ्युपगमे पूर्वकारणस्य निरन्वयविनाशे सति *दलविरहात्*–दलाभावात् उत्तरं फलं न युज्येत । इदं च *'दलविहीणं कह जायइ'* इत्यादिना प्रागेव भणितमिति न पुनः प्रपञ्च्यते ॥४१८॥ अत्र परमतमाशङ्कमान आह––

अह तं पुव्वं रूवं चइऊण तहा हवेज्ज नियमेण ।
तदभावे तदभावो अतादवत्थं चऽनिच्चत्तं ॥ ४१९ ॥

(अथ तत् पूर्वं रूपं त्यक्त्वा तया भवेद् नियमेन । तदभावे तदभावोऽतादवस्थ्यं चानित्यत्वम्)

अथ *तत्*–मृत्पिण्डादिरूपं वस्तु नियमेन पूर्वं *रूपं*–मृत्पिण्डत्वादिलक्षणं त्यक्त्वा तथा घटादिरूपतया भवेत्, अन्यथा *तदभावे*–मृत्पिण्डत्वादिलक्षणपूर्वरूपपरित्यागाभावे *तदभावो*–घटादिरूपतया भवनाभावो भवेत्, न हि मृत्पिण्डा–कारापरित्यागे घटाकारो भवन् दृश्यते, तस्मादवश्यं पूर्वरूपस्यातादवस्थ्यमेष्टव्यम् । इदमेव च भावानामनित्यत्वम्, *"अतादवस्थ्यमनित्यतां ब्रूम"* इति वचनात्। अतः परिणामपक्षेऽप्येकान्तक्षणिकत्वं समापतितमिति॥३१९॥ अत्राचार्य आह–

नियमेण तस्स चातो कहंचि न (तु) सव्वज्झे (हे) व भणितमिणं ।
एवं च तादवत्थे निच्चत्तं कस्स व विरुद्धं? ॥ ४२० ॥

(नियमेन तस्य त्यागः कथञ्चिन्न तु सर्वथैव भणितमिदम् । एवं च तादवस्थ्ये नित्यत्वं कस्येव विरुद्धम्?)

नियमेन *तस्य*–पूर्वरूपस्य त्यागो भवत्येव, परं कथंचित्, न सर्वथा, तत्संबन्धिनो मृदादिरूपस्यान्वयतो दर्शनात्, इदं च सप्रपञ्चं प्राक् भणितमेव । ततः किमित्याह–एवं च सति कथंचित् पूर्वरूपनिवृत्त्या भावानामतादवस्थ्ये सति अनित्यत्वं कस्य वा विरुद्धं?, नैव कस्यचिदित्यर्थः ॥४२०॥ इह परिणामसिद्धौ वस्तुनः कथंचित्पूर्वरूपत्यागसिद्धि–नान्यथेति तां प्राक् सुखादियोगान्यथानुपपत्तिबलेनोपपादितामपि सांप्रतमध्यक्षत उपपादयन्नाह––

पच्चक्खेणेव तहा अणुगमवइरेगगहणतो सिद्धं ।
वत्थु परिणामि(म) रूवं मिम्मयघडवेदणाउत्ति ॥ ४२१ ॥

(प्रत्यक्षेणैव तथाऽनुगमव्यतिरेकग्रहणतः सिद्धम् । वस्तु परिणामिरूपं मृन्मयघटवेदनादिति)

तथेति समुच्चये । प्रत्यक्षेणैवानुगमव्यतिरेकयोर्ग्रहणात् वस्तु परिणामि(म)रूपं सिद्धं, परिणामस्यानुगमव्यतिरेकात्म–कत्वात् । कथं पुनः प्रत्यक्षेणानुगमव्यतिरेकयोर्ग्रहणमिति चेत्? । अत आह– *'मिम्मयघडवेयणाउत्ति'* मृण्मयघटवेदनात्। एतदुक्तं भवति–यतो मृत्पिण्डादुपजायमाने घटे मृत् अन्वयिनी मृत्पिण्डत्वपर्यायव्यावृत्तिश्च प्रत्यक्षत एव वेद्यते,

---

પરિણામપક્ષના સ્વીકારમાં ભાવોનો એકાન્તે વિનાશ નથી. પરંતુ કથંચિદ્ અવસ્થાન પણ છે. આમ સર્વથા વિનાશ જ જ્યાં નથી, ત્યાં તે અંગે સહેતુક કે નિર્હેતુક વિચારણા કેવી રીતે યોગ્ય ઠરે ? ॥૪૧૭॥

'ભાવોનો સર્વથા નાશ કેમ નથી ?' એવી શંકાના સમાધાનમાં કહે છે.

*ગાથાર્થ* :– માટીના પિંડઆદિરૂપ તેની તે જ વસ્તુ ચક્ર, વસ્ત્રઆદિ અનેક પ્રકારના કારણો પામી પ્રત્યેક સમયે તે–તે રૂપે પરિણામ પામે છે. તેથી સર્વથા સત્તા કે સર્વથા વિનાશ શી રીતે સંભવે ? આ વસ્તુ આ પ્રમાણે જ સ્વીકારવી જોઇએ. જો પરિણામવાદનો સ્વીકાર ન કરશો, તો પૂર્વકારણનો નિરન્વયનાશ થયા બાદ દલ(=તથાવિધ ઉપાદાનકારણદ્રવ્ય)ના અભાવમાં ઉત્તરકાલીન કાર્યની ઉત્પત્તિ શી રીતે યોગ્ય ઠરે ? આ વાત પૂર્વે *'દલવિહીણં કહજાયઇ'*(ગા. ૩૯૭) ઇત્યાદિ ગાથાથી કરી જ છે. તેથી અહીં ફરીથી વિસ્તાર કરતા નથી. ॥૪૧૮॥

અહીં પર (=બૌદ્ધ) મતની આશંકા કરતા કહે છે.

*ગાથાર્થ :– પૂર્વપક્ષ* :– એ માટીના પિણ્ડાદિરૂપ વસ્તુ પૂર્વના મૃત્પિણ્ડત્વાદિરૂપને છોડીને જ ઘડાઆદિરૂપે થાય છે. જો મૃત્પિણ્ડત્વાદિ પૂર્વરૂપનો ત્યાગ ન હોય, તો તે ઘડાદિરૂપે બને જ નહિ. ક્યારેય મૃત્પિણ્ડાકારના ત્યાગ વિના જ ઘડો થતો દેખાતો નથી. તેથી પૂર્વરૂપની અતદવસ્થા(=પૂર્વરૂપે ન રહેવું)નો સ્વીકાર અવશ્ય કરવો જ રહ્યો. અને આ જ ભાવોનું અનિત્ય પણું છે કહ્યું જ છે કે 'અમે અતાદવસ્થ્યને જ અનિત્યતા કહીએ છીએ' આમ પરિણામપક્ષે પણ એકાન્ત ક્ષણિકતા ટપકી પડે છે. ॥૪૧૯॥

અહીં આચાર્યશિરોમણિ ઉત્તર આપે છે.–

*ગાથાર્થ* :– (ઉત્તરપક્ષ) પૂર્વરૂપનો ત્યાગ અવશ્ય થાય છે. પણ તે અમુક અંશે જ, સર્વથા નહિ. કારણકે તે પૂર્વરૂપ સંબંધી માટીઆદિનો ઘડાવગેરે ઉત્તરરૂપમાં અન્વય થતો દેખાય છે. આ વાત સવિસ્તાર પૂર્વે કરી જ છે. આમ કથંચિત્ પૂર્વરૂપની નિવૃત્તિથી ભાવોમાં અતાદવસ્થ્ય આવે, અને અનિત્યતા આવે, તે કોની વિરુદ્ધ છે. અર્થાત્ કોઇની વિરુદ્ધ નથી. *તાત્પર્ય*:– ભાવોનો કથંચિત્ અતાદવસ્થ્ય અને અનિત્યપણું ઇષ્ટ છે. પણ એકાંત અનિત્યપણું અતાદવસ્થ્ય અને વિનાશ અયોગ્ય છે.. ॥૪૨૦॥

तस्मात्तदात्मकपरिणामरूपं वस्तु प्रत्यक्षत एव सिद्धम् ॥४२१॥ अत्र पराभिप्रायं दूषयितुमारेकते--

सिय णेदं पच्चक्खं वियप्पतो तमविगप्पगं होउ ।
तेणवि तहेव सो णणु घेप्पइ जम्हा सरूवेण ॥ ४२२ ॥

(स्यात्, नेदं प्रत्यक्षं विकल्पतस्तदविकल्पकं भवतु । तेनापि तथैव स ननु गृह्यते यस्मात्स्वरूपेण)

**स्यादेतत्**-नेदमनुगमव्यतिरेकग्रहणात्मकं ज्ञानं प्रत्यक्षम् । कुत इत्याह-*विकल्पाद्*-विकल्परूपत्वात्, प्रत्यक्षं हि कल्पनापोढम् । तदुक्तम्-*"प्रत्यक्षं कल्पनापोढमभ्रान्तमभिलापिनी । प्रतीतिः कल्पनेत्यादि"* इदं तु अनुगमव्यतिरेक-ग्रहणात्मकं ज्ञानं कल्पनात्मकमतो न प्रत्यक्षम्, तत्कथमुक्तं परिणामरूपं वस्तु प्रत्यक्षतः सिद्धमिति । आचार्य आह-*'तमविकप्पगं होउ'* तत्प्रत्यक्षमविकल्पकं भवतु, नात्र कश्चिद्दोषः, यस्मात्तेनाप्यविकल्पकप्रत्यक्षेण स भावः स्वरूपेण *तथैव*-परिणामिरूपतया गृह्यते, नान्यथा, तस्य यथावस्थितार्थग्रहणस्वभावत्वात्, अर्थस्य च परिणामरूपतयैव स्थितत्वादिति ॥४२२॥ अत्रैवाशङ्काशेषमपाकुर्वन्नाह--

नय तस्स तं ण रूवं कारणनियमादिभावतो णेयं ।
पच्चक्खपिट्ठभावी हंत विह(य)प्पो विणा हेऊ ॥ ४२३ ॥

(न च तस्य तन्न रूपं कारणनियमादिभावतो ज्ञेयम् । प्रत्यक्षपृष्ठभावी हन्त विकल्पो विना हेतुः)

न च *तस्य*-भावस्य तत्-अनुगमव्यतिरेकात्मकत्वं रूपं न ज्ञेयं, किंतु तदेव ज्ञेयम् । कुत इत्याह-*कारण-नियमादिभावतः,* आदिशब्दात्कार्यनियमभावपरिग्रहः, कार्यकारणभावनियमादित्यर्थः । अन्यथा स एव नोपपद्येत, यथा च नोपपद्यते तथा प्रागेव सप्रपञ्चमभिहितमिति न पुनरिहोच्यते । अपि चायं विकल्पः प्रत्यक्षपृष्ठभावी सन् नाहेतुको युक्तः, सदाभावादिप्रसङ्गात् ॥४२३॥ किंतु--

तस्सामत्थप्पभवो न य स सजातीयभेदगहरूवो ।
ता तंपि तहारूवं गेण्हइ किंवा तमन्नंति? ॥ ४२४ ॥

(तत्सामर्थ्यप्रभवो न च स सजातीयभेदग्रहरूपः तस्मात्तदपि तथारूपं गृह्णाति किंवा तदन्यमिति)

***तत्सामर्थ्यप्रभवो***-निर्विकल्पकसामर्थ्यप्रभवो न च *स*-विकल्पस्तत्सामर्थ्यादुद्भूतोऽपि *सजातीयभेदग्रहरूपः*-सजातीया-दपि व्यक्त्यन्तरात् मृत्पिण्डादिघटान्तरादेः भेदस्य ग्राहकः सकलसजातीयव्यावृत्तवस्तुग्रहणरूप इतियावत्, किंतु सजाती-येन सहाभेदस्य ग्राहकः, तथानुभवात्। *'ता'* तस्मात्तदपि-अविकल्पकं प्रत्यक्षं भावं *तथारूपं*-सजातीयाव्यावृत्तस्वरूपं गृह्णाति अन्यथा तस्य विकल्पस्य तद्रूपानुकाराभावेन तत्सामर्थ्यप्रभवत्वानुपपत्तेः। परमेव दूषयितुं पृच्छति-*'किं वा तमन्नंति'* किं वा *तत्*--अविकल्पकं तथारूपाद्भावात् अन्यं भावं गृह्णाति? ॥४२४॥ पर आह--

---

*(અન્વય-વ્યતિરેકનું જ્ઞાન પ્રત્યક્ષ)*

આ જગતમાં પરિણામવાદની સિદ્ધિ પર જ વસ્તુના કથંચિત્ પૂર્વરૂપનો ત્યાગ સિદ્ધ છે, અન્યથા નહિ. તેથી પૂર્વે સુખાદિ યોગની અન્યથાઅનુપપત્તિના બળપર પરિણામવાદની સિદ્ધિ કરી હતી. હવે પ્રત્યક્ષથી જ સિદ્ધ કરતા કહે છે.

*ગાથાર્થ* :- (મૂળમાં 'તથા'પદ સમુચ્ચયઅર્થક છે.) અનુગમ(=અન્વય) અને વ્યતિરેકનું પ્રત્યક્ષથી ગ્રહણ થતું હોવાથી વસ્તુ પરિણામીતરીકે જ સિદ્ધ છે. કારણકે પરિણામ અન્વય-વ્યતિરેકરૂપ છે.

*શંકા* :- અન્વય અને વ્યતિરેકનું પ્રત્યક્ષ ગ્રહણ શી રીતે થાય ?

*સમાધાન* :- માટીના ઘડાના સંવેદનથી. *તાત્પર્ય*:- મૃત્પિંડમાંથી બનતા ઘડામાં માટીનો અન્વય અને મૃત્પિણ્ડત્વ પર્યાય નો વ્યતિરેક(=અભાવ) સાક્ષાત્ જ અનુભવાય છે. તેથી અન્વયવ્યતિરેકરૂપ પરિણામમય વસ્તુ પ્રત્યક્ષથી જ સિદ્ધ છે. ॥૪૨૧॥

અહીં બૌદ્ધના અભિપ્રાયને દોષિત ઠેરવવા આશંકા કરે છે.-

*ગાથાર્થ* :- (બૌદ્ધ) અનુગમ-વ્યતિરેકના ગ્રહણરૂપ આ જ્ઞાન પ્રત્યક્ષ નથી. કારણકે તે વિકલ્પરૂપ છે. જ્યારે પ્રત્યક્ષ જ્ઞાન તો કલ્પનાપોઢ(=કલ્પનારહિત) છે. કહ્યું જ છે કે "પ્રત્યક્ષજ્ઞાન કલ્પનાપોઢ અને અભ્રાન્ત છે. અભિલાપમય પ્રતીતિ કલ્પના છે." ઇત્યાદિ. આ અન્વયવ્યતિરેકગ્રહણાત્મક જ્ઞાન કલ્પનાત્મક છે, તેથી પ્રત્યક્ષરૂપ નથી. તેથી "પરિણામરૂપ વસ્તુ પ્રત્યક્ષ સિદ્ધ છે." એવું કહેવું બરાબર નથી.

*ઉત્તરપક્ષ* :- ભલે ત્યારે પ્રત્યક્ષજ્ઞાન અવિકલ્પક હો....(આ અભ્યુપગમમાત્ર છે. પ્રમાણભૂત સિદ્ધાંતતરીકે માન્ય નથી. એટલો ખ્યાલ રાખવો) અહીં પણ કોઇ દોષ નથી. કારણકે તે અવિકલ્પકપ્રત્યક્ષથી પણ તે ભાવ સ્વરૂપથી પરિણામિરૂપે જ ગ્રહણ થાય છે, અન્યરૂપે નહિ. કેમકે આ જ્ઞાન વાસ્તવિકઅર્થને ગ્રહણ કરવાના સ્વભાવવાળું છે. અને અર્થ પરિણામિરૂપે જ રહેલો છે. ॥૪૨૨॥

આ જ વિષયમાં બાકી રહેલી આશંકાનું ઉન્મૂલન કરતા કહે છે.-

*ગાથાર્થ* - વળી, ભાવનું અનુગમવ્યતિરેકરૂપ નથી તેમ નહિ સમજવું. અર્થાત્ અનુગમવ્યતિરેક જ રૂપ સમજવું, કારણકે કારણનિયમઆદિ છે. આદિથી કાર્યનિયમ સમજવો. અર્થાત્ કાર્યકારણભાવનિયમ હોવાથી જ ભાવોનું અન્વયવ્યતિરેક સ્વરૂપ છે. જો અન્વયવ્યતિરેકસ્વરૂપ ન હોય, તો કાર્યકારણભાવનિયમ અસંગત ઠરે. કેવી રીતે અસંગત ઠરે તે પૂર્વે જ સવિસ્તાર બતાવ્યું છે. તેથી અહીં ફરીથી કહેતા નથી. વળી, આ જે વિકલ્પજ્ઞાન પ્રત્યક્ષની પછી થાય છે, તે નિર્હેતુક તો નથી જ, અન્યથા હંમેશા હોવાનો અથવા હંમેશા ન હોવાનો પ્રસંગ આવે. ॥૪૨૩॥

*(વિકલ્પજ્ઞાનવત્ નિર્વિકલ્પજ્ઞાન પણ અભેદગ્રાહક)*

પરંતુ................

तं चिय उभयविभिन्नं किन्न वियप्पोवि तारिसो होइ ? ।
सारिक्खविप्पलंभा तह भेदे किमिह सारिक्खं? ॥ ४२५ ॥

(तदेवोभयविभिन्नं किन्न विकल्पोऽपि तादृशो भवति? सादृश्यविप्रलम्भात्तथा भेदे किमिह सादृश्यम्)

यमेव भावं विकल्पो गृह्णाति तमेव निर्विकल्पकमपि परं किंतु *भयविभिन्नं*–सजातीयविजातीयविभिन्नं, विकल्पस्तु विजातीयादेव व्यावृत्तं न सजातीयादपि । आचार्य आह–किन्न विकल्पोऽपि तत्सामर्थ्यप्रभवस्तादृशः सजातीय-विजातीयविभिन्नभावस्वरूपग्राहको भवति? तत्सामर्थ्यप्रभवत्वाद्धि सोऽपि विकल्पस्तादृश एव युक्तो नान्यादृश इति भावः। पर आह–*'सारिक्खविप्पलंभात्'* सादृश्यविप्रलंभात् सदृशापरापरदर्शनात् विप्रलम्भान्नासौ विकल्पस्तादृशो विजातीयभेदस्येव सजातीयभेदस्यापि ग्राहको भवतीत्यत्राह–*'तह भेए किमिह सारिक्खं'* तथा–सर्वेभ्यः सर्वात्मना भेदे वैलक्षण्ये सति किमिह भावानां परस्परं सादृश्यं यद्वशाद्विप्रलम्भः स्यात्? नैव किंचिदित्यभिप्रायः । अथोच्येत अतत्कारणात्कार्यव्यावृत्तिनिबन्धनं परिकल्पितं सादृश्यमस्त्येव, तत्कथमुच्यते *'तह भेए किमिह सारिच्छमिति'* अतत्कारणादिभ्य इव तत्कारणादिभ्योऽपि व्यावृत्तेः, पटादविशेषेण व्यावृत्तयोरपि गोघटयोरिव परस्परं व्यावृत्ततया व्यावृत्ति-निबन्धनस्यापि सादृश्यस्य परिकल्पयितुमशक्यत्वात्, परिकल्पितस्य च परमार्थतः खरविषाणकल्पत्वेन यथा-वस्थितवस्तुभेदग्रहणविबन्धकत्वायोगात् ॥४२५॥ पराभिप्रायं दूषयितुमारेकते––

अह भंतं अपडुं वा तम्मि सजातीयभेदगहणम्मि ।
इतरम्मि तु णो एवं उभयसभावादिदोसाउ ॥ ४२६ ॥

(अथ भ्रान्तमपटु वा तस्मिन् सजातीयभेदग्रहणे । इतरस्मिन् तु नो एवमुभयस्वभावादिदोषात्)

अथ तदपि निर्विकल्पकं प्रत्यक्षं सजातीयभेदग्रहणे भ्रान्त*मितरस्मिंश्च* विजातीयभेदग्रहणे न भ्रान्तमतस्तत्पृष्ठभावी विकल्पोऽपि न विजातीयभेदस्येव सजातीयभेदस्यापि ग्राहको भवति, यद्वा तदपि निर्विकल्पकं सजातीयभेदग्रहणे न पटु इतरस्मिंश्च पटु, ततःपट्वनुभवाहितसंस्कारप्रकोपसामर्थ्यादयमप्युपजायमानो विकल्पो विजातीयभेदस्यैव ग्राहको भवति

---

*ગાથાર્થ* :– નિર્વિકલ્પજ્ઞાનના સામર્થ્યથી આ વિકલ્પજ્ઞાન ઉત્પન્ન થાય છે. અને તેના સામર્થ્યથી ઉત્પન્ન થવા છતાં વિકલ્પજ્ઞાન સજાતીયભેદગ્રહણરૂપ. અર્થાત્ માટીના પિંડ, અન્ય ઘટાદિ સજાતીય ભિન્ન વ્યક્તિથી ભેદનું ગ્રાહક નથી. *તાત્પર્ય*:– વિકલ્પજ્ઞાન સઘળાય સજાતીયથી વ્યાવૃત્ત વસ્તુનું ગ્રાહક નથી, પરંતુ સજાતીય સાથેના અભેદનું ગ્રાહક છે. કારણકે અનુભવ તેવો થાય છે. તેથી અવિકલ્પકપ્રત્યક્ષ પણ સજાતીયથી અભિન્નસ્વરૂપવાળા અર્થનું જ ગ્રાહક છે. જો અવિકલ્પકજ્ઞાન સકળ સજાતીયથી વ્યાવૃત્તરૂપનું ગ્રાહક હોય, અને વિકલ્પજ્ઞાન સજાતીયથી અવ્યાવૃત્તરૂપનું ગ્રાહક હોય, તો અવિકલ્પજ્ઞાનના રૂપનું અનુકરણ કરતું નહી હોવાથી વિકલ્પકજ્ઞાન 'નિર્વિકલ્પકજ્ઞાનના સામર્થ્યથી ઉત્પન્ન થાય છે' તે અસંગત ઠરે. (અહીં બૌદ્ધને દૂષણ આપવા બૌદ્ધને જ પૂછે છે.) અથવા શું અવિકલ્પકજ્ઞાન તથારૂપવાળા ભાવથી અન્ય ભાવને ગ્રહણ કરે છે ? ॥૪૨૪॥

અહીં બૌદ્ધ કહે છે.–

*ગાથાર્થ* :– *બૌદ્ધ* :– વિકલ્પ જે ભાવને ગ્રહણ કરે છે, અવિકલ્પકજ્ઞાન પણ તે જ ભાવને ગ્રહણ કરે છે. પરંતુ સજાતીય-વિજાતીયરૂપ ઉભયથી વિભિન્નરૂપે ગ્રહણ કરે છે. જ્યારે વિકલ્પ તો વિજાતીયથી જ ભિન્નરૂપે નહિ કે સજાતીયથી પણ ભિન્નરૂપે ભાવને ગ્રહણ કરે છે.

*ઉત્તરપક્ષ* :– અવિકલ્પકજ્ઞાનના સામર્થ્યથી ઉત્પન્ન થયેલો વિકલ્પ પણ તેવો જ (સજાતીય-વિજાતીયથી ભિન્ન સ્વરૂપવાળા ભાવનો ગ્રાહક) કેમ નથી ? અવિકલ્પકના સામર્થ્યથી ઉત્પન્ન થતો વિકલ્પ પણ અવિકલ્પકને તુલ્ય જ હોવો યોગ્ય છે, અસમાન હોય તે યોગ્ય નથી.

*બૌદ્ધ* :– એક સરખા અપર-અપર (=પૂર્વોત્તરઆદિભૂત) અન્ય-અન્ય ક્ષણોના દર્શનથી ભ્રમના કારણે તે વિકલ્પ વિજાતીયભેદની જેમ સજાતીયભેદનો ગ્રાહક થઇ શકતો નથી.

*ઉત્તરપક્ષ* :– જો દરેક ભાવ બધા ભાવોથી બધી જ રીતે વિલક્ષણ હોય, તો એ ભાવો વચ્ચે પરસ્પર સદૃશતા સંભવે જ શી રીતે ? કે જેના બળપર ભ્રમ ઉભો થાય ? અર્થાત્ ભ્રમમાં કારણભૂત સદૃશતા સંભવતી જ નથી.

*બૌદ્ધ* :– પૂર્વઘટક્ષણથી ઉત્તરપટક્ષણની તથા પૂર્વપટક્ષણથી ઉત્તરઘટક્ષણની જેમ અતત્કારણોથી=વિજાતીયકારણોથી કાર્યની વ્યાવૃત્તિમાં નિમિત્તભૂત પરિકલ્પિતસાદૃશ્ય છે જ. તેથી *'તહ ભેએ કિમિહ સારિચ્છં'*(ભેદમાં સાદૃશ્ય શું હોઇ શકે ? ) ઇત્યાદિ કથન બરાબર નથી.

*ઉત્તરપક્ષ* :– આમ તો, અતત્કારણઆદિની જેમ તત્કારણઆદિથી પણ વ્યાવૃત્તિ છે જ, અર્થાત્ વસ્તુ જેમ વિજાતીય કારણ(અથવા કાર્ય)થી વ્યાવૃત્ત છે, તેમ સજાતીય કારણઆદિથી પણ વ્યાવૃત્ત છે. (અથવા જેમ કાર્ય વિજાતીયકારણ કે વિજાતીય કારણથી ઉત્પન્ન થતા વિજાતીયકાર્યથી વ્યાવૃત્ત છે, તેમ સજાતીયકારણ કે સજાતીયકારણથી ઉત્પન્ન થતાં સજાતીયકાર્યથી પણ વ્યાવૃત્ત જ છે.) તેથી (માત્ર વ્યાવૃત્તિનિમિત્તે) સાદૃશ્ય સંભવે નહિ. પટથી સમાનતયા વ્યાવૃત્ત થયેલા ગાય અને ઘટ પરસ્પર પણ વ્યાવૃત્ત છે. તેથી પટથી તેઓની વ્યાવૃત્તિના નિમિત્તથી તેઓમાં(ગાય અને ઘટમાં) સાદૃશ્યની કલ્પના કરી શકાય નહી. (આ જ પ્રમાણે કાર્યથી સમાનતયા વ્યાવૃત્ત થયેલા તત્કારણ અને અતત્કારણ પરસ્પર પણ વ્યાવૃત્ત છે. તેથી કાર્યથી તે બન્નેની વ્યાવૃત્તિના નિમિત્તને આગળ કરી સાદૃશ્યની કલ્પના કરવી અશક્ય છે.) વળી પરિકલ્પિત વસ્તુ વાસ્તવમાં તો ગધેડાના શિંગડાની જેમ અસત્ જ છે, તેથી વસ્તુઓમાં રહેલા યથાવસ્થિતભેદના ગ્રહણમાં પ્રતિબન્ધક બની શકે નહિ. (અર્થાત્ પરિકલ્પિતઅભેદ વાસ્તવિકભેદના ગ્રહણને અટકાવી ન શકે.) ॥૪૨૫॥

અહીં બૌદ્ધના આશયને દૂષણ લગાડવા આશંકા કરે છે.–

नतु सजातीयभेदस्यापि । अत्राह-*'एवमुभयसहावादिदोसाओ'* एवं सति उभयस्वभावादिदोषाः प्राप्नुवन्ति स्वतन्त्रविरुद्धो-भयस्वभावतादिदोषा प्राप्नुवन्ति । तुः पूरणे । तथाहि-तन्निर्विकल्पकं येनैव स्वभावेन विशिष्टं सत् सजातीयभेदग्रहणे भ्रान्तमपटु वा किं तेनैव स्वभावेन विजातीयभेदग्रहणेऽभ्रान्तं पटु वा, आहोश्विदन्येन? यदि तेनैव तर्हि सजातीयभेदस्येव तत्स्वभावसामर्थ्याद्विजातीयभेदस्यापि ग्रहणं न स्यात्, यद्वा विजातीयभेदग्रहणवत् स्वभावाभेदात् सजातीयभेदग्रहणमविकल्पं स्यात्, तथा च तदनुभवाहितसंस्कारप्रकोपसामर्थ्यादुपजायमानो विकल्पोऽपि सजातीयविजातीयभेदयोरविशेषेण ग्राहकः स्यात् न वा कस्यचिदपि । अथान्येनेति पक्षस्तर्हि हन्त! तस्योभयस्वभावताऽऽपत्तिः, सा च स्वतन्त्रनीतिविरोधिनी, सर्ववस्तूनां निरंशैकस्वभावतयाऽभ्युपगमात् । अपि च, तौ स्वभावौ ततो निर्विकल्पकात् भिन्नौ वा स्याताममभिन्नौ वा भिन्नाभिन्नौ वा? यदि भिन्नौ ततस्तस्य ताविति संबन्धानुपपत्तिः। अथाभिन्नौ तर्हि तयोः स्वभावयोरेकत्वम्, एकस्माद् धर्मिणोऽनन्यत्वात्तत्स्वरूपवत्, तथाच सति कथमेकमुभयस्वभावमिति? अथ भिन्नाभिन्नौ तर्हि स्वतन्त्रनीतित्यागो जात्यन्तरात्मकभेदाभेदाभ्युपगमलक्षणपरसिद्धान्ताश्रयणादिति। अन्यच्च, *'तं चिय उभयविभिन्नमिति'* यदुक्तं तत्स्वाभ्युपगमविरुद्धं, यतो विकल्पस्य गृहीतग्राहित्वमिष्यते तत् *'तं चिय उभयविभिन्न'* मित्यभ्युपगमे सति विरुध्यते॥४२६॥ तथाहि-

निच्छयनाणेण तहा जारिसतो सोऽवगम्मती भावो ।
जइ तेणवि तारिसओ तो तस्स गिहीतगाहित्तं ॥ ४२७ ॥

(निश्चयज्ञानेन तथा यादृशः सोऽवगम्यते भावः । यदि तेनापि तादृशस्तस्मात् तस्य गृहीतग्राहित्वम्)

तथेति दूषणान्तरसमुच्चये । यादृशो भावो *निश्चयज्ञानेन*-सविकल्पकेनावगम्यते, यदि *तेना*ऽविकल्पकेन तादृश एवावगम्यते *ततस्तस्य*-विकल्पज्ञानस्य गृहीतग्राहित्वं स्यान्नान्यथेति ॥४२७॥

इतश्च *'तं चिय उभयविभिन्न'* मित्ययुक्तं, यस्मात्--

अज्झवसियतब्भावा दिस्सविगप्पाण एगकरणेण ।
तम्मि पवत्ती पत्ती जुज्जति नतु अन्नहा किंचि ॥ ४२८ ॥

(अध्यवसिततद्भावाद् दृश्यविकल्पयोरेकीकरणेन । तस्मिन् प्रवृत्तिः प्राप्ति र्युज्यते नत्वन्यथा किञ्चित्)

---

*ગાથાર્થ* :- બૌદ્ધ(નિર્વિકલ્પકજ્ઞાન) સજાતીયભેદગ્રહણમાં ભ્રાન્ત અથવા અપટુ છે, અને બીજામાં (વિજાતીયઅંગે) એવું નથી. *ઉત્તરપક્ષ* :- આમ તો ઉભયસ્વભાવવગેરે દોષો છે.

*બૌદ્ધ* :- આ નિર્વિકલ્પકપ્રત્યક્ષ સજાતીયના ભેદના ગ્રહણમાં ભ્રાન્ત છે, અને વિજાતીયના ભેદના ગ્રહણઅંગે અભ્રાન્ત છે. તેથી તેની ઉત્તરમાં થનારો વિકલ્પ પણ વિજાતીયભેદની જેમ સજાતીયના ભેદનો ગ્રાહક થતો નથી.

(અહીં કોઇ શંકા કરે કે જો નિર્વિકલ્પક જ્ઞાન ભ્રાન્ત હોય, તો પ્રમાણ શી રીતે ? માત્ર વિજાતીયના ભેદના ગ્રહણના હિસાબે કહેશો, તો તે તો વિકલ્પ માટે પણ સમાન છે ઇત્યાદિ તેવી કોઇ સંભવિત આશંકાના આશયથી બીજી વાત કરે છે) અથવા તો એ નિર્વિકલ્પકજ્ઞાન સજાતીયના ભેદના ગ્રહણમાં પટુ છે. અને સ્વાભાવિક છે કે પટુઅનુભવે આધાન કરેલા સંસ્કારના પ્રકોપ(=ઉદય)ના સામર્થ્યથી આ પણ ઉત્પન્ન થતો વિકલ્પ માત્ર વિજાતીયભેદના ગ્રહણમાં જ પટુ બને છે, નહિ કે સજાતીયભેદના ગ્રહણમાં પણ.

ઉત્તરપક્ષ :- આમ કહેવામાં તમારા સિદ્ધાન્તની વિરુદ્ધ ઉભયસ્વભાવતાવગેરે દોષો આવશે. ('તુ'પદ પૂરણઅર્થે છે.) તે આ પ્રમાણે:- નિર્વિકલ્પકજ્ઞાન જે સ્વભાવથી વિશિષ્ટ થઇ સજાતીયભેદના ગ્રહણમાં ભ્રાન્ત કે અપટુ છે, શું તે જ સ્વભાવથી વિજાતીયભેદના ગ્રહણમાં અભ્રાન્ત કે પટુ છે કે બીજા સ્વભાવથી ? જો 'તે જ સ્વભાવથી' એમ કહેશો, તો તે સ્વભાવના સામર્થ્યથી સજાતીયભેદની જેમ વિજાતીયભેદને પણ ગ્રહણ કરી શકશે નહિ. અથવા તે નિર્વિકલ્પકજ્ઞાન વિજાતીયભેદની જેમ સજાતીયભેદ પણ ગ્રહણ કરશે. કારણકે બન્નેઅંગે સ્વભાવ અભિન્ન છે. અને તો તે અનુભવે આધાન કરેલા સંસ્કારના ઉદયના સામર્થ્યથી ઉત્પન્ન થતો વિકલ્પ પણ સમાનતયા સજાતીયભેદ અને વિજાતીયભેદને ગ્રહણ કરશે. અથવા બેમાંથી એકને પણ ગ્રહણ નહિ કરે. હવે જો એમ કહેશો કે 'વિજાતીય ભેદનું ગ્રહણ અન્ય સ્વભાવથી થાય છે' તો નિર્વિકલ્પકજ્ઞાનને ઉભય સ્વભાવવાળું માનવાની આપત્તિ છે. અને તમે તો દરેક વસ્તુ નિરંશએક સ્વભાવી સ્વીકારી છે. આમ તમને તમારા જ સિદ્ધાન્તનીતિ સાથે વિરોધ આવશે. વળી, આ બન્ને સ્વભાવ તે નિર્વિકલ્પજ્ઞાનથી ભિન્ન છે કે અભિન્ન છે ? કે ભિન્ના-ભિન્ન? જો ભિન્ન હોય, તો 'નિર્વિકલ્પકજ્ઞાનના તે સ્વભાવો છે' એમ કહી શકાશે નહિ, આમ સંબંધાભાવની આપત્તિ છે. હવે જો એ બન્ને સ્વભાવ નિર્વિકલ્પજ્ઞાનથી અભિન્ન છે, એમ કહેશો, તો બન્ને એકત્વને જ પામશે, કેમકે એક જ ધર્મીથી તેના સ્વરૂપની જેમ અભિન્ન છે. (સ્વથી અભિન્નથી જે અભિન્ન હોય તે સ્વથી પણ અભિન્ન હોય. અહીં અપટુસ્વભાવથી અભિન્ન નિર્વિકલ્પકજ્ઞાન છે અને તે જ્ઞાનથી અભિન્ન પટુ સ્વભાવ છે, તેથી આ બન્ને સ્વભાવ પરસ્પર પણ અભિન્ન થયા.) અને તો, એક જ વસ્તુ ઉભયસ્વભાવવાળી શી રીતે હોઇ શકે? વિકલ્પથી અસંગતિ છે. હવે જો ભેદાભેદ વિકલ્પ સ્વીકારશો, તો અમારા ભેદ અને અભેદથી જાત્યંતરરૂપ ભેદાભેદ સિદ્ધાન્તનો તમે સ્વીકાર કર્યો, તેનો અમને તો જરૂર આનંદ છે પણ તમારે તમારા સિદ્ધાન્તને જલાંજલિ આપવી પડશે.

## *(વિકલ્પજ્ઞાનની પ્રમાણતાની સિદ્ધિ)*

બીજું બધું તો ઠીક છે, પણ તમે *'તં ચિય ઉભય વિભિન્નં'* (ગા. ૪૨૫) એવું જે કહ્યું, તે પૂર્વાપર અને સ્વાભ્યુપગમ વિરુદ્ધ છે. એક બાજુ વિકલ્પને ગૃહીતગ્રાહી(નિર્વિકલ્પે ગ્રહણ કરેલા અર્થને ગ્રહણ કરનારું) બતાવો છો, બીજી બાજૂ 'તં ચિય' ઇત્યાદિવચનથી નિર્વિકલ્પકજ્ઞાન અને વિકલ્પકજ્ઞાનના ગ્રહણમાં ભેદ બતાવો છો, તેથી વિરુદ્ધવચન છે. ॥૪૨૬॥

આ જ વાત સ્પષ્ટ કરે છે.-

*ગાથાર્થ* :- ('તથા'પદ અન્ય દૂષણના સંગ્રહઅર્થે છે.) નિશ્ચયજ્ઞાન=સવિકલ્પકજ્ઞાનથી જે અર્થનો બોધ થાય છે, જો

*अध्यवसितो*–निश्चितस्तस्य–दृश्यस्य यो *भाव* :–स्वरूपं तस्मात् दृश्यभावविनिश्चयादित्यर्थो *दृश्यविकल्पयोरेकीकरणेन* दृश्यविकल्प्यावर्थावेकीकृत्येत्यर्थः, *तस्मिन्*–दृश्ये वस्तुनि प्रवृत्तिः, प्रवृत्तस्य च सतस्तस्यार्थस्य प्राप्तिर्युज्यते, न त्वन्यथा अध्यवसिततद्भावमन्तरेण किंचिदपि दृश्यविकल्प्यैकीकरणप्रवृत्त्यादि युज्यते ॥४२८॥ कुत इत्याह––

अच्चंतं भेदाओ अतिप्पसंगातो किंच तं मोत्तुं ।

तुल्ले अवबोहत्ते उग्गहमेत्तम्मि को रागो ? ॥ ४२९ ॥

(अत्यन्तं भेदादतिप्रसङ्गात् किञ्च तन्मुक्त्वा । तुल्येऽवबोधत्वेऽवग्रहमात्रे को रागः?)

अत्यन्तं भेदात्, दृश्यं हि स्वलक्षणमर्थक्रियासमर्थं सकलसजातीयविजातीयव्यावृत्तं, विकल्प्यं तु सामान्यलक्षणं क्रियाविकलमिष्यते, ततोऽत्यन्तं भेदात् कथमनयोरेकीकरणम्? एकीकरणनिमित्तस्य साधर्म्यस्यैकान्तेनाभावात् । **अथेत्यमत्यन्तं** भेदेऽप्येकीकरणमिष्यते, तत्राह–अतिप्रसङ्गात् नीलविकल्पाकारस्यापि पीतस्वलक्षणेन सहैकीकरणप्रसङ्गापत्तेः भेदाविशेषात्, तथा च प्रतिनियतसकलव्यवहारोच्छेदप्रसङ्गः । तस्मादध्यवसिततद्भावत्वादेवैकीकरणादि युज्यते नान्यथा । दृश्यं चाविगानेनाध्यवसीयते सजातीयाव्यावृत्तमतस्तत्तथाभूतमेवाङ्गीकर्त्तव्यम्। तथा च सति निर्विकल्पमपि यथावस्थितार्थग्रहणस्वभावत्वात् तथारूपमेव तत् गृह्णाति न तूभयविभिन्नमिति स्थितम् । निर्विकल्पकसमानतामेव विकल्पस्य प्रकारान्तरेण समर्थयमानोऽभ्युच्चयन्नाह– *'किंचेत्यादि;* किंच *तं*–विकल्पं मुक्त्वा *तुल्ये*–समाने *अवबोधत्वे*–परिच्छेदरूपत्वे सति *अवग्रहमात्रे*–अवग्रहकल्पनिर्विकल्पकमात्रे को रागः?–आसक्तता भवतो येन तदेव(इ)मिष्यते न विकल्पः, नैवासौ युक्तो, द्वयोरपि विशेषाभावेनास्य निर्निबन्धनत्वादिति भावः ॥४२९॥ पराभिमतं विशेषमाशङ्क्य दूषयति––

अह सोऽबाहितविसओ इतरस्सवि हंत केण बाधा तु? ।

अत्थे सद्दाभावा तदणुगतत्ता य तस्स त्ति ॥ ४३० ॥

(अथ सोऽबाधितविषय इतरस्यापि हन्त केन बाधा तु । अर्थे शब्दाभावात् तदनुगतत्वाच्च तस्येति)

**अथ** *सः*–अवग्रहो निर्विकल्पकापरपर्यायोऽबाधितविषय इति हेतोस्तस्मिन्नवग्रहे रागः । **अत्राह**–*इतरस्यापि* विकल्पस्य हन्त केन बाधा? नैव केनापीत्यर्थः । **पर** आह–*अर्थे* शब्दाभावात् *तदनुगतत्वाच्च*–शब्दानुगतत्वाच्च *तस्य* विकल्पस्य बाध्यमानविषयता भवतीति शेषः। [illegible] यद्धि–यस्मादर्थादिदमिन्द्रियज्ञानमुदयपदवीं समासादयति तस्यैव अर्थस्य रूपमनुकर्तुमुत्सहते, जनकत्वात्, नान्यस्य। तदुक्तम्– *"तद्धि अर्थसामर्थ्येनोदीयमानं तद्रूपमेवानुकुर्यादिति"।* न चार्थे शब्दाः सन्ति, नाप्यर्थात्मानः शब्दाः, येन तस्मिन्नर्थे स्वकार्यभूतविज्ञानादर्शके प्रतिभासमानेऽर्थवदनुकारितान्वयव्यतिरेकाः सन्तस्तेऽपि कारणभूताः शब्दाः प्रतिभासेरन्। न चान्यादृशोऽर्थः स्वकार्यभूते विज्ञानेऽन्यादृशं प्रतिभासं पुरस्कर्तुमलं,

---

તે જ અર્થનો બોધ અવિકલ્પકજ્ઞાનથી થતો હોય, તો જ વિકલ્પજ્ઞાન ગૃહીતગ્રાહી ગણાય અન્યથા નહિ. ॥૪૨૭॥

વળી, *'તં ચિય ઉભયવિભિન્ન'* પંક્તિ આ પ્રમાણે પણ અસંગત છે.

*ગાથાર્થ* :–– દૃશ્યભાવના સ્વરૂપના વિનિશ્ચયથી દૃશ્ય અને વિકલ્પ્યઅર્થને એક કરીને (=અભિન્નરૂપે નિશ્ચય કરીને) દૃશ્યવસ્તુમાં પ્રવૃત્તિ અને પ્રવૃત્ત થયેલાને તે અર્થની પ્રાપ્તિ થાય, તે સંગત છે. (અર્થાત્ દૃશ્યાર્થ અને વિકલ્પ્યાર્થ સમાન હોય, તો જ દૃશ્યાર્થમાં પ્રવૃત્તિ અને પ્રાપ્તિ સંભવે છે. અહીં નિશ્ચય વિકલ્પરૂપ છે. તેથી દૃશ્યાર્થ અને નિશ્ચિતાર્થને એકરૂપ કરવાથી જ દૃશ્યાર્થમાં પ્રવૃત્તિ યોગ્ય કહી.) જો દૃશ્યના સ્વરૂપનો વિનિશ્ચય જ ન હોય, ન કરો, તો દૃશ્યાર્થ–વિકલ્પ્યાર્થના એકીકરણની પ્રવૃત્તિવગેરે સંગત ન થાય. ॥૪૨૮॥

કેમ સંગત ન થાય? તે બતાવે છે.––

*ગાથાર્થ* :– દૃશ્યાર્થ સ્વલક્ષણ(=સત્) છે, અને અર્થક્રિયામાં સમર્થ છે. તથા સકળસજાતીયો અને વિજાતીયોથી વિલક્ષણ છે. જ્યારે વિકલ્પ્ય(વિકલ્પનો વિષય બનતો)અર્થ સામાન્યરૂપ છે, અને અર્થક્રિયાથી રહિત છે. આમ બન્નેવચ્ચે અત્યન્તભેદ છે. તેથી એ બેનું એકીકરણ શી રીતે થઇ શકે ? કારણ કે એકીકરણમાં આવશ્યકભૂત સાધર્મ્યનો સર્વથા અભાવ છે. જો આમ એકાંતભેદ હોવા છતાં એકીકરણ ઇષ્ટ હોય, તો અતિપ્રસંગ છે. કારણકે નીલવિકલ્પાકારને પીતસ્વલક્ષણસાથે એકીકરણની આપત્તિ આવશે. કારણકે નીલવિકલ્પાકારનો નીલસ્વલક્ષણથી જેવો ભેદ છે, તેવો જ ભેદ પીતસ્વલક્ષણથી છે. આમ અત્યન્તભેદમાં પણ એકીકરણ કરવામાં સઘળાય નિયતવ્યવહારોનો લોપ થવાનો પ્રસંગ આવે. તેથી અધ્યવસિતતદ્ભાવત્વ હોવાથી (દૃશ્યાર્થના સ્વરૂપના વિનિશ્ચયથી) જ એકીકરણઆદિ સંગત ઠરે, અન્યથા નહિ. અને વિવાદ વિના દૃશ્યાર્થ સજાતીયથી અવ્યાવૃત્તરૂપે અધ્યવસિત થાય જ છે. તેથી તે રૂપે તેનો(=દૃશ્યાર્થનો) સ્વીકાર કરવો જ રહ્યો. (તાત્પર્યઃ– વિકલ્પજ્ઞાનના–નિશ્ચયજ્ઞાનના બળપર જ દૃશ્યઅર્થ વિકલ્પ્યઅર્થનું એકીકરણ અને તેના આધારે થતી પ્રવૃત્તિ, પ્રાપ્તિઆદિ સંભવે છે. આમ વિકલ્પજ્ઞાન ખુબ અગત્યનું છે. આ વિકલ્પજ્ઞાન વસ્તુનો સજાતીયથી અવ્યાવૃત્તરૂપે બોધ કરે છે. તેથી વસ્તુ પણ તેવી જ છે.) તેથી નિર્વિકલ્પકજ્ઞાન પણ વાસ્તવિકઅર્થગ્રાહક સ્વભાવવાળું હોવાથી સજાતીયથી અવ્યાવૃત્તરૂપે જ વસ્તુનો બોધ કરે છે નહિ કે વિજાતીય–સજાતીયઉભયથી વિભિન્ન રૂપે, તેવો નિશ્ચય થાય છે. હવે વિકલ્પજ્ઞાનની નિર્વિકલ્પકજ્ઞાનસાથે સમાનતાનું અન્ય રીતે સમર્થન કરવાદ્વારા પ્રસ્તુતને પુષ્ટ કરતાં કહે છે. 'કિંચ' ઇત્યાદિ. વિકલ્પજ્ઞાન અને નિર્વિકલ્પકજ્ઞાન અવબોધરૂપે સમાન છે. છતાં અવગ્રહમાત્રરૂપ નિર્વિકલ્પકપર તમારી એવી તો કઇ આસક્તિ છે કે જેથી માત્ર નિર્વિકલ્પકને જ પ્રમાણતયા સ્વીકારો છો અને વિકલ્પને નહિ. નિર્વિકલ્પકજ્ઞાનપ્રત્યેનો રાગ યોગ્ય નથી. કારણકે બન્ને સમાન હોવાથી એ રાગ પાછળ કોઇ હેતુ નથી. ॥૪૨૯॥

અહીં બૌદ્ધને અભિપ્રેત વિશેષની આશંકા કરી દૂષણ બતાવે છે.–

*ગાથાર્થ* :– (બૌદ્ધ) 'નિર્વિકલ્પક' એવું બીજું નામ ધરાવતો આ અવગ્રહ અબાધિતવિષયવાળો છે, તેથી તેનાપ્રત્યે પક્ષપાત છે.

*ઉત્તરપક્ષ* :– વિકલ્પને પણ કોનાથી બાધા છે ? અર્થાત્ વિકલ્પજ્ઞાન પણ અબાધિતવિષયવાળો જ છે.

यतः कारणस्य जनकत्वं कार्यान्तरात् स्वकार्यस्य भेदकत्वे सति भवति, अन्यथा सर्वस्यापि स्वकारणातिरेकेण कारणान्तरादप्युत्पत्त्या कुत्रचिदप्यन्वयव्यतिरेकानुविधानाभावादहेतुकता स्यात् । तस्मान्नायमर्थः स्वविज्ञानं जनयदऽर्थान्तर-संबन्धिनं प्रतिभासं तत्राधत्ते । तदुक्तम्–*"तस्मादयमुपनिपत्य विज्ञानं जनयन्नानात्मनान्तरीयकं प्रतिभासं पुरस्कर्तुं युक्तो रूपादय इव परस्परमिति"* । अर्थान्तरभूतशब्दसंबन्धिप्रतिभासात्मकं चेदं विकल्पज्ञानमतो न बाह्यरूपादिस्वलक्षणविषयं, तज्जन्यत्वाभावादकारणस्य च विषयत्वायोगात् । यदाह–*"नाकारणं विषय"* इति, अथ च तदध्यवसायि ततो बाध्यमानविषयतेति ॥४३०॥ अत्रोत्तरमाह––

**अत्थगयसद्दगहणा णो तदणुगतो तओत्ति अवि एवं ।**
**तब्बोहसहजमणवइजोगाओ कम्महेऊतो ॥ ४३१ ॥**

(अर्थगतशब्दग्रहणान्न तदनुगतः सक इति अप्येवम् । तद्बोधसहजमनोवाग्योगात् कर्महेतुतः)

*'तओत्ति'* सको विकल्पो न *अर्थगतशब्दग्रहणात् तदनुगतः*–शब्दप्रतिभासानुगतः, अपित्वेवं–किंतु एवमेव शब्द-प्रतिभासानुगतः, एवमेवापि कुतः समुपजायत इति चेदत्त आह–*कर्महेतुकात्तद्बोधसहजमनोवचनयोगात्*–कर्मजनितविवक्षितार्थावबोधसहभूतमनोवचनयोगात् । इदमुक्तं भवति–अर्थात्मानः शब्दाः सन्तीत्येवमर्थगतशब्दग्रहणान्नासौ विकल्पः शब्दाकारानुगत इष्यते, तथाप्रतिभासाभावात्, किंतु तथाविधकर्मविपाकोदयसामर्थ्यहेतुक विवक्षितार्थावबोधसहसमुद्भूतमनोयोग-वचनयोगप्रभावात्, तत्र मनोयोगसामर्थ्यादन्तर्जल्पाकारस्य प्रभवो, वचनयोगसामर्थ्याच्च बाह्यशब्दस्य, ततो न कश्चिदिह पूर्वोक्तदोषावकाशः । नहि घटं विकल्पयतः पुंस इत्थं प्रतिभास उदयते यथा–अयं घटः शब्दः शब्दयुक्तो वेति, तथानुभवाभावात्, किंतु अयं घटो घटशब्दवाच्य इति। ततो यदुच्यते–*'नह्यर्थे शब्दाः सन्ति तदात्मानो वा, येन तस्मिन् प्रतिभासमाने तेऽपि प्रतिभासेरन्निति'*, तद्बहिःप्लवते, अर्थगतशब्दग्रहणात्मकशब्दाकारस्य तथाप्रतिभासत्वेनानभ्युपगमात्, तदन्यरूपस्य च शब्दाकारस्य बोधरूपतादिवत् स्वहेतोरुपजायमानस्य ज्ञानस्यार्थसामर्थ्यजन्यत्वाबाधकत्वात् । यदपि चोक्तं–*'न चान्यादृशोऽर्थः स्वकार्यभूते विज्ञाने'* इत्यादि, तदप्यन्धकारनर्त्तनप्रख्यं, बाह्यार्थजन्यतया शब्दाकारस्यानभ्युपगमात्, बाह्यार्थगतरूपग्रहणात्मकतया रूपाकारस्येव बाह्यार्थगतशब्दग्रहणात्मकतया तस्यानुभवाभावात् ॥४३१॥

---

*(શબ્દપ્રતિભાસ પ્રામાણ્યપ્રતિબંધક નથી)*

*બૌદ્ધ* :– બાહ્યસ્વલક્ષણરૂપ અર્થમાં શબ્દ નથી, અને વિકલ્પજ્ઞાન શબ્દને અનુસરે છે. તેથી જ તે(=વિકલ્પ) બાધ્યમાન વિષયવાળો છે. *તાત્પર્ય* :– જે બાહ્યાર્થથી આ ઈન્દ્રિયજ્ઞાન ઉદય પામે છે, તે જ અર્થના રૂપનું અનુકરણ કરવા તે ઈન્દ્રિય જ્ઞાન ઉત્સાહિત થાય છે. બીજાના નહિ. કહ્યું જ છે *'અર્થના સામર્થ્યથી ઉદય પામતું તે જ્ઞાન તે જ અર્થનાં રૂપનું અનુકરણ કરે.'* અર્થમાં રૂપ હોવાથી જ્ઞાન તેનું અનુકરણ કરે તે શક્ય છે. તેથી જ અર્થ પોતાના કાર્યભૂત જ્ઞાનપાસે પોતાના અન્વય અને વ્યતિરેકનું અનુકરણ કરાવે છે. (અર્થાત્ તે અર્થની હાજરીમાં જ તે જ્ઞાન હોય, તે અર્થના અભાવમાં તે જ્ઞાન ન હોય.) અને તે જ્ઞાનરૂપ દર્પણમાં પ્રતિભાસ પામે છે. પણ શબ્દોમાટે આ બધુ શક્ય નથી. (કેમકે જેમ, શિશુ માતાની ગોદમાં, હોય તો અરિસામાં માતાના પ્રતિબિંબસાથે શિશુનું પ્રતિબિંબ પણ પડે છે. અથવા રૂપવગેરે વ્યક્તિના સ્વરૂપભૂત છે. અને તે વ્યક્તિ જેમ પોતાના અન્વય-વ્યતિરેકનું અનુકરણ અરિસામાં પડતાં પોતાના પ્રતિબિંબપાસે કરાવે છે., તેમ વ્યક્તિગત રૂપવગેરે પણ અરિસાગત પ્રતિબિંબપાસે પોતાના અન્વય-વ્યતિરેકનું અનુકરણ કરાવે છે. તેથી અરિસામાં વ્યક્તિના પ્રતિબિંબવખતે રૂપવગેરેનું પ્રતિબિંબ પણ પડે છે. પણ અર્થ અને શબ્દની બાબતમાં આમ નથી.) કારણકે શબ્દો અર્થમાં નથી તથા અર્થના સ્વરૂપભૂત પણ નથી (અર્થાત્ માતાની ગોદમાં શિશુની જેમ, નથી શબ્દો અર્થમાં સંયોગાદિ કે તદુત્પત્તિઆદિ સંબંધથી રહેલા કે નથી શબ્દો અર્થસાથે રૂપાદિની જેમ તાદાત્મ્યસંબંધ ધરાવતા.) આમ શબ્દો અર્થથી અત્યંત વિલક્ષણ છે. તેથી જ્યારે અર્થો સ્વજન્યવિજ્ઞાનરૂપ અરિસામાં પોતાના પ્રતિભાસપાસે પોતાના અન્વયવ્યતિરેકનું અનુકરણ કરાવે છે. અને તેથી કારણ બને છે. ત્યારે એવું બનતું નથી કે શબ્દો એ અર્થજન્ય વિજ્ઞાનરૂપઅરિસામાં પોતાના(=શબ્દના) પ્રતિભાસપાસે પોતાના અન્વય વ્યતિરેકનું અનુકરણ કરાવે. તેથી તે શબ્દો ત્યાં કારણ બનતા'ય નથી, અને પ્રતિભાસતા'ય નથી.

વળી, શબ્દથી ભિન્નસ્વરૂપે રહેલો અર્થ પોતાના કાર્યરૂપ વિજ્ઞાનમાં અન્યાદેશ(=શબ્દસ્વરૂપે) પોતાનો પ્રતિભાસ ઉપસાવવા સમર્થ નથી. અર્થાત્ જે અર્થ સ્વયં જે સ્વરૂપે છે તે અર્થ પોતાના તે જ સ્વરૂપને પોતાના કાર્યભૂત વિજ્ઞાનમાં ઉપસાવી શકે, અન્યને નહિ. કારણકે કારણની કારણતા હંમેશા પોતાના કાર્યમાં અન્યકાર્યથી વિશિષ્ટભાત પડવામાં જ નિર્ધારિત હોય છે. જો આમ ન માનો તો બધા'ય કાર્યોને પોતાના કારણ વિના પણ અન્ય કારણથી ઉત્પન્ન થવાનો, કાર્ય–કારણવચ્ચેના અન્વયવ્યતિરેકનિયમનો ભંગ થવાનો અને તેથી સર્વકાર્યો નિષ્કારણ થવાનો પ્રસંગ આવે. તેથી ફલિત થાય છે કે, અર્થ જ્યારે સ્વવિષયક વિજ્ઞાનને ઉત્પન્ન કરે છે, ત્યારે તે જન્યવિજ્ઞાનમાં અન્ય સ્વરૂપભૂત શબ્દના પ્રતિભાસનું આધાન કરતો નથી. કહ્યું જ છે કે *"તેથી આ અર્થ ઉપસ્થિત થઇ વિજ્ઞાનને ઉત્પન્ન કરતી વખતે પોતાથી ભિન્ન સ્વરૂપવાળા અન્યના પ્રતિભાસને ઉપસાવવા સમર્થ નથી, જેમકે રૂપવગેરે પરસ્પર"* (અર્થાત્ પીતરૂપ સ્વજન્યજ્ઞાનમાં જેમ નીલરૂપના પ્રતિભાસને આગળ કરે નહિ, તેમ અર્થ સ્વજન્યજ્ઞાનમાં અર્થાન્તરના પ્રતિભાસને આગળ કરે નહિ.) પ્રસ્તુતમાં બાહ્યાર્થથી ભિન્ન એવા શબ્દસંબંધી પ્રતિભાસાત્મક જ આ વિકલ્પજ્ઞાન છે. તેથી આ વિકલ્પજ્ઞાન બાહ્ય રૂપાદિસ્વલક્ષણ વિષયક નથી. કારણ કે તે બાહ્યાર્થથી જન્ય નથી. અને જે કારણ ન હોય, તે વિષય બની શકે નહિ. કહ્યું જ છે કે *'જે કારણ ન હોય, તે વિષય ન બને'* આમ શબ્દજન્ય અને શબ્દપ્રતિભાસાત્મક વિકલ્પજ્ઞાનનો વિષય રૂપઆદિ બાહ્યાર્થ નથી. છતાં એ વિકલ્પજ્ઞાન બાહ્યાર્થનો અધ્યવસાય કરે, એ જ તેની(=વિકલ્પજ્ઞાનની) બાધ્યમાનવિષયતા છે. (તાત્પર્ય :– આ તર્કથી વિકલ્પજ્ઞાનના વિષયતરીકે બાહ્યાર્થ બાધ પામે છે. તેથી બાહ્યાર્થમાં વિકલ્પજ્ઞાનને અપેક્ષીને બાધ્યમાનવિષયતા છે. અથવા વિકલ્પજ્ઞાન શબ્દના પ્રતિભાસથી યુક્ત–શબ્દનું અધ્યવસાયી છે. પરંતુ અર્થમાં શબ્દનો અભાવ છે અને શબ્દો અર્થાત્મક પણ નથી. તેથી વિકલ્પજ્ઞાનની વિષયતા બાધ પામે છે.) ॥૪૩૦॥

अह अत्थमंतरेणवि भावा इतरम्मि किं न सो अत्थि? ।

अज्झारोवेण तओ एत्थवि तीतादवेक्खाए ॥ ४३२ ॥

(अथार्थमन्तरेणापि भावा इतरस्मिन् किं न सोऽस्ति? । अध्यारोपेण सकोऽत्रापि अतीताद्यपेक्षया)

**अथोच्येत**–न विकल्पस्य शब्दाकारानुविद्धतया बाध्यमानविषयता, किंतु कदाचिदर्थमन्तरेणापि भावात्, यदि ह्यर्थनिबन्धनोऽयं विकल्पः स्यात् ततो न कदाचनाप्यर्थमन्तरेण भवेत्, भवति चार्थमन्तरेणापि, यथा–मरीचिकासु जल–विकल्पस्तस्मान्नैवासावर्थनिबन्धनः । **अत्राह**–*'इयरम्मि किन्न सो अत्थि'* इतरस्मिन्–निर्विकल्पके किन्न सोऽर्थमन्तरेणापि भावोऽस्ति? अस्त्येवेतिभावः, कोशांदुकादौ तथादर्शनात् । **इतर आह** *'अज्झारोवेण तओ'* सकोऽर्थमन्तरेणापि निर्विकल्पकभावोऽध्यारोपेण–यः पूर्वमुपलब्धोऽर्थस्तत्समारोपेण, न ह्यर्थमन्तरेणापि उपजायमानमविकल्पकमत्यन्तानुपलब्ध–षष्ठस्कन्धविषयमुपजायते, तस्मात्तदप्यर्थनिबन्धनमिति न काचित्क्षितिः। **अत्राह**–*'एत्थवि तीयादवेक्खाए'* अत्रापि–विकल्पे अतीताद्यर्थपेक्षयाऽध्यारोपेण भावः समान एव, नहि विकल्पोऽपि पुरोवर्त्तिनमर्थमन्तरेणोपजायमानः पूर्वानुभूतार्थाध्या–रोपमन्तरेणोपजायते इति ॥४३२॥ **पर आह**––

तं अन्नत्तविसिट्ठं समाणमेयं ति एवमाईयं ।

जं जं निमित्तमिहइं तं तं इतरम्मि वि समाणं ॥ ४३३ ॥

(तदन्यतो विशिष्टं समानमेतदपि एवमादिकम् । यद् यद् निमित्तमिह तत्तदितरस्मिन्नपि समानम्)

*तत्*–निर्विकल्पक*मन्यतः*–शेषविज्ञानेभ्यो विशिष्टमतोऽबाधितविषयमिति चेत्। **अत्राह**–**समानमेतत्** *एतत्*–विशिष्टत्वं विकल्पेऽपि समानं, तस्याप्यन्यतो विशिष्टत्वात् । कियच्चेहातिप्रबलमहामोहनिद्रावशविह्वलीभूतबुद्धीनामुत्स्वप्नायमानं प्रत्येकं प्रतिविधातुं शक्यमतोऽतिदेशेनोभयोरप्यबाधितविषयत्वनिमित्तसमानतामाचिख्यासुराह–*'इति एवमाईयमित्यादि'* इतिः–अमुना

---

અહી આચાર્યકુંજર ઉત્તર આપે છે.

*ગાથાર્થ* :– 'આ વિકલ્પજ્ઞાન અર્થગતશબ્દના ગ્રહણથી શબ્દના પ્રતિભાસથી અનુગત છે' એવું નથી, પરંતુ એમ જ શબ્દપ્રતિભાસથી અનુગત છે.

*શંકા* :– એમ જ શબ્દપ્રતિભાસથી શી રીતે અનુગત થાય ?

*સમાધાન* :– વિવક્ષિતઅર્થઅંગેના અવબોધની સાથે જ કર્મના હેતુથી ઉત્પન્ન થતાં મન અને વચનના યોગથી તે વિકલ્પજ્ઞાન શબ્દપ્રતિભાસથી યુક્ત ઉત્પન્ન થાય છે. *તાત્પર્ય* :– 'શબ્દો અર્થાત્મક છે, તેથી અર્થગતશબ્દના ગ્રહણથી આ વિકલ્પ શબ્દાકારથી અનુગત છે' તેમ અમને ઈષ્ટ નથી. કારણકે તેવા પ્રકારે પ્રતિભાસ થતો નથી. પરંતુ, તેવા પ્રકારના કર્મના વિપાકોદયના સામર્થ્યથી વિવક્ષિત અર્થાવબોધની સાથે ઉત્પન્ન થતાં મનોયોગ અને વચનયોગના પ્રભાવથી વિકલ્પજ્ઞાન શબ્દ પ્રતિભાસથી અનુગત છે. તેમાં મનોયોગના સામર્થ્યથી અન્તર્જલ્પાકારરૂપ શબ્દવિકલ્પ ઉત્પન્ન થાય છે, અને વચનયોગના સામર્થ્યથી બાહ્યશબ્દ. તેથી અહીં પૂર્વોક્ત દોષને અવકાશ નથી. ઘટનો વિકલ્પ કરતા પુરુષને આવા પ્રકારનો પ્રતિભાસ થતો નથી કે 'આ ઘડો શબ્દ છે, અથવા શબ્દયુક્ત છે' કારણકે તેવો અનુભવ થતો નથી. પરંતુ 'આ ઘડો ઘટ શબ્દથી વાચ્ય છે' તેવા જ અનુભવ અને પ્રતિભાસ થાય છે. તેથી તમે જે કહ્યું કે *'અર્થમાં શબ્દો નથી, અથવા શબ્દો અર્થાત્મક નથી કે જેથી અર્થના પ્રતિભાસમાં તેઓ(=શબ્દો) પણ પ્રતિભાસે'* તે ઊડી જાય છે. કારણ કે અર્થગતશબ્દના ગ્રહણરૂપ શબ્દાકારનો તથા પ્રતિભાસરૂપે સ્વીકાર કર્યો જ નથી પરન્તુ તેથી ભિન્નરૂપવાળા શબ્દાકારવાળું તથા પોતાના હેતુઓથી ઉત્પન્ન થતું જ્ઞાન બોધ રૂપતાઆદિની જેમ અર્થના સામર્થ્યથી ઉત્પન્ન થતું હોય (ઉપર દર્શાવ્યું તેમ) તેમાં કોઇ બાધક નથી. વળી, તમે જે કહ્યું કે 'અર્થજન્ય વિજ્ઞાનમાં અર્થાન્તરનો પ્રતિભાસ થાય નહિ ઇત્યાદિ' તે પણ અજ્ઞાનઅંધકારમાં કરેલા નૃત્યતુલ્ય છે. અમે જ્ઞાનગત શબ્દાકારને બાહ્યાર્થથી જન્યરૂપે સ્વીકારતા જ નથી, કારણ કે બાહ્યાર્થમાં રહેલા રૂપના ગ્રહણરૂપે જેમ રૂપાકાર હોય છે, તેમ બાહ્યાર્થગત શબ્દના ગ્રહણરૂપે શબ્દાકારનો અનુભવ થતો નથી. ॥૪૩૧॥

*(નિર્વિકલ્પકજ્ઞાનની સમાનતાથી વિકલ્પજ્ઞાનનું પ્રામાણ્ય સિદ્ધ)*

*ગાથાર્થ* :– (બૌદ્ધ) 'વિકલ્પજ્ઞાન શબ્દાકારથી અનુવિદ્ધ હોવાથી બાધ્યમાનવિષયવાળો છે' તેમ નથી કહેવું. પરંતુ વિકલ્પજ્ઞાન ક્યારેક અર્થ વિના પણ થાય છે.' તેથી બાધ્યમાનવિષયવાળો છે, તેમ કહેવું છે. જો આ વિકલ્પ અર્થનું કાર્ય હોત, તો ક્યારેય અર્થ વિના થાત નહિ. પણ થતો દેખાય છે. જેમકે મૃગજળમાં પાણીનો વિકલ્પ. તેથી આ વિકલ્પ અર્થનું કાર્ય નથી.

*ઉત્તરપક્ષ* :– શું નિર્વિકલ્પક જ્ઞાન અર્થ વિના થતું નથી ? અર્થાત્ નિર્વિકલ્પકજ્ઞાન પણ ક્યારેક અર્થ વિના થાય છે. કોશ–અંદુક વગેરેસ્થળે અર્થના અભાવમાં પણ નિર્વિકલ્પક જ્ઞાન થતું દેખાય છે. (કોશ=તરલ પદાર્થો રાખવાનું ખાલી ભાજન બાલદીવગેરે, તથા અંદુક=બેડી, હાથકડી આદિ. કોઇ વખતે ખાલી બાલદી આદિમાં પાણીની ભ્રાંતિ થાય.)

*બૌદ્ધ* :– આ નિર્વિકલ્પક અર્થના અભાવમાં થવા છતાં પૂર્વોપલબ્ધઅર્થના અધ્યારોપથી થાય છે. એવું નથી બનતું કે અર્થના અભાવમાં પણ થતું નિર્વિકલ્પકજ્ઞાન છઠ્ઠા સ્કન્ધઆદિરૂપ અત્યન્તઅસત્ અંગે પણ થાય. તેથી આવું પણ નિર્વિકલ્પકજ્ઞાન વાસ્તવમાં અર્થજન્ય છે તેથી કોઇ દોષ નથી.

*ઉત્તરપક્ષ* :– અતીતઆદિ અર્થની અપેક્ષાએ અધ્યારોપથી વિકલ્પની ઉત્પત્તિ પણ સમાનરૂપ જ છે. એવું નથી બનતું કે સામે રહેલા પદાર્થના અભાવમાં થતું વિકલ્પજ્ઞાન પૂર્વાનુભૂત અર્થના અધ્યારોપ વિના થતું હોય. અર્થાત્ વિકલ્પજ્ઞાન માં પણ પૂર્વે અનુભવેલા અર્થનો અધ્યારોપ છે જ. ॥૪૩૨॥

प्रकारेण एवमादिकं यत् यत् अबाधितविषयतया निमित्तमिह-निर्विकल्पकेऽभिधीयते तत्तत् निमित्तमितरस्मिन्नपि-सविकल्पके समानं द्रष्टव्यम् ॥४३३॥ निमित्तासमानताविषयं पराभिप्रायं दुदूषयिषुराशङ्कते--

अच्चंताऽसाहारणगाहगमह तं ण एवमियरं ति ।

तस्सेवाभावातो एयं पि न जुत्तिपडिबद्धं ॥ ४३४ ॥

(अत्यन्ताऽसाधारणग्राहकमथ तन्न एवमितरदिति । तस्यैवाभावादेतदपि न युक्तिप्रतिबद्धम्)

**अथ** निर्विकल्पकप्रत्यक्षमत्यन्ताऽसाधारणग्राहकमतोऽबाधितविषयं, बाह्यार्थस्य तथारूपत्वात्, नैवमत्यन्ताऽसाधारण-ग्राहकमितरत्-विकल्पज्ञानं, सामान्यविषयत्वात्, तेन बाधितविषयं, बहिरर्थस्य सामान्यरूपतयाऽभावात् । अत्राह-*'तस्से-वेत्यादि'* एतदपि अनन्तरोक्तं न युक्तिप्रतिबद्धम्। कुत इत्याह-*तस्यै*वात्यन्ताऽसाधारणस्याभावात् ॥४३४॥ स एव कथमिति चेत् अत आह--

सत्तादीणं साधारणत्ततो अणुभवप्पसिद्धीतो ।

होज्ज व भावाभावो तेसिं अच्चंतभेदम्मि ॥ ४३५ ॥

(सत्त्वादीनां साधारणत्वादनुभवप्रसिद्धितः । भवेत् वा भावाभावस्तेषामत्यन्तभेदे)

*सत्त्वादीनाम*ादिशब्दाद् ज्ञेयत्वप्रमेयत्वादीनां साधारणत्वात् । एतदपि कथं सिद्धमित्यत आह-*अनुभवप्रसिद्धितः*, अविगानेन ह्यनुभवप्रसिद्धाः सत्त्वादयो धर्मा वस्तूनां साधारणाः । अत्रैव विपक्षे बाधामाह-*'होज्ज वेत्यादि'* वाशब्दो-ऽवधारणे भिन्नक्रमश्च, स च यथास्थानं योक्ष्यते। अन्यथा तेषां वस्तूनामत्यन्तं भेदे सति साधारणसत्त्वादिधर्माभावे सति *भावाभाव* एव-स्वरूपाभाव एव भवेत् । **तथाहि**--यदि सत्त्वस्यापि व्यावृत्तिस्ततोऽसत्त्वमेवापद्यत इति ॥४३५॥ अत्र परमतमाशङ्कमान आह--

जं एगम्मी सत्तं अन्नम्मिवि अह तु तस्स भावम्मि ।

पावइ एगत्तं चिय तेसिं तम्हा ठिओ भेदो ॥ ४३६ ॥

(यदेकस्मिन् सत्त्वमन्यस्मिन्नपि अथ तु तस्य भावे । प्राप्नोति एकत्वमेव तेषां तस्मात् स्थितो भेदः)

**अथ मन्येथाः** *तुः पूरणे,* यत्सत्त्वमेकस्मिन् भावे वर्त्तते *तस्य*-सत्त्वस्यान्यत्रापि भावे सति तयोरेकत्वमेव प्राप्नोति, न चैतदस्ति, तयोर्भेदेनोपलभ्यमानत्वात् । तस्मात्तयोः सत्त्वस्य परस्परं भेदः स्थित इति ॥४३६॥ **अत्राह**--

साधारणं ण एगं अवि समाणत्तणं ति ण य एतं ।

एगंताऽभेदम्मि वि जुज्जइ पच्चक्खसंसिद्धं ॥ ४३७ ॥

(साधारणं न एकमपि समानत्वमिति न च एतत् । एकान्ताभेदेऽपि युज्यते प्रत्यक्षसंसिद्धम्)

---

બૌદ્ધ કહે છે. –

*ગાથાર્થ* :– બૌદ્ધ :– નિર્વિકલ્પકજ્ઞાન શેષવિજ્ઞાનોથી વિશિષ્ટ હોવાથી અબાધિતવિષયવાળું છે.

*ઉત્તરપક્ષ* :– આવું વૈશિષ્ટ્ય તો વિકલ્પમાં પણ સમાનતયા છે. કેમકે તે પણ બીજા વિજ્ઞાનોથી વિશિષ્ટ છે. (દરેકમાં કંઈને કંઈ વિશેષતા તો હોય જ, અન્યથા ભેદ અનુપપન્ન બને.) અતિપ્રબળ મહામોહની નિદ્રાને વશ થવાથી મુંઝાયેલી બુદ્ધિવાળાઓએ તો જાણે સ્વપ્ન જોતા હોય, તેમ અનેક કલ્પનાઓ કરી છે, અમે ક્યાં અહીં દરેકનો જવાબ આપવા બેસીએ. તેથી 'નિર્વિકલ્પક અને સવિકલ્પક આ બન્નેમાં અબાધિતવિષયતાના નિમિત્તો સમાન છે' તેવી ભલામણ કરતા કહે છે. **'इति एवम्** ઇત્યાદિ. આમ નિર્વિકલ્પકજ્ઞાનમાં અબાધિતવિષયતાના જે જે નિમિત્તો બૌદ્ધો બતાવે તે-તે નિમિત્તો સવિકલ્પકમાં પણ સમાનતયા સમજી લેવા ॥૪૩૩॥

નિમિત્તની અસમાનતાઅંગેના બૌદ્ધના આશયને દૂષિત કરવાની ઇચ્છાથી આશંકા કરે છે.–

ગાથાર્થ :– (બૌદ્ધ) નિર્વિકલ્પકપ્રત્યક્ષ અત્યંતઅસાધારણનું ગ્રાહક છે, તેથી અબાધિતવિષયવાળું છે. કારણકે બાહ્યાર્થ સ્વયં અત્યંતઅસાધારણ(=સજાતીય-વિજાતીયથી અત્યંત ભિન્ન) છે. વિકલ્પજ્ઞાન સામાન્યને વિષય બનાવે છે. તેથી એ આમ અત્યંત અસાધારણનું ગ્રાહક નથી. તેથી વિકલ્પજ્ઞાન બાધિત વિષયવાળું છે. કારણકે બાહ્યઅર્થ સામાન્યરૂપે નથી.

*ઉત્તરપક્ષ* :– આ કથન યુક્તિ યુક્ત નથી. કારણકે અત્યન્ત અસાધારણનો જ અભાવ છે. ॥૪૩૪॥

અત્યન્ત અસાધારણનો અભાવ શી રીતે કહો છો ?' તેવી શંકાનો ઉત્તર આપતા કહે છે.–

*ગાથાર્થ* :– સત્ત્વ, જ્ઞેયત્વ, પ્રમેયત્વવગેરે સર્વત્ર સાધારણરૂપે હોવાથી અસાધારણતાનો અભાવ છે. 'આ વાત શી રીતે સિદ્ધ કરી ?' તેમ ન પૂછશો, કેમકે સત્ત્વવગેરે ધર્મો વસ્તુમાં સાધારણરૂપે છે તે અનુભવસિદ્ધ વાત છે. ('વા'શબ્દ જકારઅર્થક છે અને ભાવાભાવપદસાથે સંબંધિત છે.) આ વાતથી વિપક્ષમાં આ બાધા છે → જો તે વસ્તુઓ પરસ્પર અત્યન્ત ભિન્ન હોય તેઓમાં સત્ત્વવગેરે સાધારણ ધર્મોન હોય, તો તેઓના સ્વરૂપનો અભાવ જ આવે. તે આ પ્રમાણે → જો સત્ત્વધર્મની પણ વ્યવૃત્તિ હોય, તો વસ્તુ અસત જ બની જાય. અર્થાત્ વસ્તુમાં અસત્ત્વનું જ આપાદન થાય. ॥૪૩૫॥

અહીં બૌદ્ધમતની આશંકા કરતા કહે છે.–

*ગાથાર્થ* :– (મૂળમાં 'તુ'પદ પૂરણઅર્થક છે.) બૌદ્ધ :– જે સત્ત્વ એકભાવમાં રહ્યું છે, તેજ સત્ત્વ જો અન્યભાવમાં રહે, તો બન્ને ભાવ એક જ થઇ જાય. પણ તેમ નથી, કારણકે બન્ને ભાવો ભિન્નતયા ઉપલબ્ધ થાય છે. તેથી તે બન્નેમાં સત્ત્વ પરસ્પર ભિન્ન છે તેવો નિર્ણય થાય છે. ॥૪૩૬॥

ननु सत्त्वादि साधारणमस्माभिरुक्तं, न च साधारणमित्येकमुच्यते, अपि तु परस्परं समानत्वम्, नचैतत्समानत्वं प्रत्यक्षप्रमाणसिद्धमेकान्ताभेदेऽपि युज्यते, आस्तामेकान्तभेदेऽपीत्यपिशब्दार्थः, तस्मान्न भावानां परस्परमेकत्वं प्राप्नोतीति । तदेवं यस्मात्साधारणसत्त्वाद्यनभ्युपगमे भावाभावः प्राप्नोति, तस्मात्तदवश्यमङ्गीकर्त्तव्यम्, तथा च सति वस्तुनोऽत्यन्ताऽसाधारणरूपस्याभावाद् तद्ग्राहकं भवत्परिकल्पितं निर्विकल्पकप्रत्यक्षमेव बाधितविषयं नतु प्रमाणसंसिद्धसमानासमानरूपवस्तुग्रहणप्रवणं सविकल्पकमतस्तदेव प्रमाणं नत्वितरदिति ॥४३७॥ एतदेवोपसंहरन्नाह--

तम्हा तग्गहणाओ ततो पवित्तीओँ लोगसिद्धीओ ।
सवियप्पं पच्चक्खं सिद्धं ति कयं पसंगेण ॥ ४३८ ॥

(तस्मात्तद्ग्रहणात् ततः प्रवृत्तेः लोकसिद्धेः । सविकल्पकं प्रत्यक्षं सिद्धमिति कृतं प्रसङ्गेन)

*तस्मात्तद्ग्रहणात्*-समानासमानरूपवस्तुग्रहणात्तस्माच्च तद्ग्रहणात्प्रवृत्तेरविगानेन सकललोकसिद्धेः । चशब्दस्यानुक्तसमुच्चयार्थस्य गम्यमानत्वादेतदपि द्रष्टव्यं-प्रवृत्तस्य सतस्तथाभूतार्थप्राप्तेश्च सविकल्पकं ज्ञानं प्रत्यक्षं प्रमाणं सिद्धमक्षाश्रितत्वादविसंवादकत्वाच्च। ततः प्रत्यक्षप्रमाणेन अन्वयव्यतिरेकात्मकतया गृह्यमाणत्वाद्वस्तु परिणामरूपं सिद्धं, तत्सिद्धौ च सर्वथा विनाशाभावात् किमयं नाशः सहेतुकः किंवा निर्हेतुक इति चिन्ताऽप्यत्र नोपपद्यते इति कृतं प्रसङ्गेन॥४३८॥ तदेवं परोक्तदूषणानामिह लेशतोऽप्यनवकाशस्तथापि परस्यातीव जडबुद्धितां प्रचिकटयिषुर्दूषणाभासतामुद्भावयन्नाह--

तह भावहेतवो च्चिय कुणंति पयईएँ णस्सरे भावे ।
जं भणियं तदजुत्तं अणेगदोसप्पसंगाओ ॥ ४३९ ॥

(तथा भावहेतव एव कुर्वन्ति प्रकृत्या नश्वरान् भावान् । यद्भणितं तदयुक्तमनेकदोषप्रसङ्गात्)

*तथा* यद्भणितं स्वपक्षमुपसंहरता भावहेतव एव प्रकृत्या नश्वरान् भावान् कुर्वन्तीति, तदयुक्तमवगन्तव्यम् । कुत इत्याह-अनेकदोषप्रसङ्गात् ॥४३९॥ तमेव दर्शयति--

इय भावहेतवो च्चिय तन्नासस्साविं हेतवो नियमा ।
एवं च उभयभावो पावइ एगम्मि समयम्मि ॥ ४४० ॥

(इति भावहेतव एव तन्नाशस्यापि हेतवो नियमात् । एवं चोभयभावः प्राप्नोति एकस्मिन् समये)

*इतिः*-एवमभ्युपगमने भावहेतव एव-घटादिभावहेतव एव मृत्पिण्डादयो नियमात् *तन्नाशस्यापि* घटादिनाशस्यापि हेतव आपद्यन्ते । अस्त्वेवं का नो हानिरिति चेत्? अत आह-एवं सति एकस्मिन्नेव *समये*-क्षणे *उभयभावः*-उत्पादविनाशभावः प्राप्नोति ॥४४०॥

तब्भावम्मि य भावो इतरस्स न जुज्जती उ भावे य ।
तेणाविरोधतो पुण पावइ निच्चंपि तब्भावो ॥ ४४१ ।

(तद्भावे च भाव इतरस्यापि न युज्यते तु भावे च । तेनाविरोधात् पुनः प्राप्नोति नित्यमपि तद्भावः)

---

અહીં ઉત્તર આપે છે.-

*ગાથાર્થ* :- *ઉત્તરપક્ષ* :- અમે સત્ત્વવગેરેને સાધારણતરીકે બતાવ્યાં, ત્યાં સાધારણનો અર્થ એક એવો નથી, પણ પરસ્પર 'સમાનપણું' એવો છે. અને આ સમાનપણું પ્રત્યક્ષપ્રસિદ્ધ છે. પણ આ સમાનપણું એકાન્તભેદની વાત તો દૂર રહો, પણ એકાન્તાભેદપક્ષે પણ સંભવે નહિ. (કારણકે એકાન્તઅભિન્નસ્થળે સમાનતા ન હોય, એકતા હોય,) તેથી ભાવનો પરસ્પર એકત્વ પામવાનો પ્રસંગ નથી. આમ સત્ત્વઆદિસાધારણના અસ્વીકારમાં સ્વરૂપાભાવનો પ્રસંગ છે. તેથી સત્ત્વઆદિસામાન્યનો સ્વીકાર અવશ્ય કરવો જ રહ્યો. અને તેથી વસ્તુના અત્યંતાસાધારણરૂપનો અભાવ સિદ્ધ થશે. અને તો તેવા અસત્ અસાધારણ રૂપના ગ્રાહકતરીકે તમે કલ્પેલું નિર્વિકલ્પકપ્રત્યક્ષ જ બાધિતવિષયવાળું થાય છે, નહિ કે પ્રમાણસિદ્ધ સાધારણ-અસાધારણરૂપ વસ્તુના ગ્રહણમાં કુશળ સવિકલ્પકજ્ઞાન. તેથી સવિકલ્પકજ્ઞાન જ પ્રમાણભૂત છે, નહિ કે નિર્વિકલ્પકજ્ઞાન. ॥૪૩૭॥

આ જ પ્રમાણે ઉપસંહાર કરતા કહે છે.

*ગાથાર્થ* :- આમ સમાન-અસમાનરૂપ વસ્તુના ગ્રહણથી અને તે ગ્રહણમુજબ જ થતી પ્રવૃત્તિ નિર્વિવાદ લોક સિદ્ધ હોવાથી તથા('ચ'પદ અનુક્તસમુચ્ચયાર્થક હોવાથી અને અહીં અધ્યાહારથી હોવાથી) પ્રવૃત્ત થયેલાને તથાભૂતઅર્થની પ્રાપ્તિ થતી હોવાથી સવિકલ્પકજ્ઞાન જ પ્રત્યક્ષપ્રમાણભૂત છે. કેમકે તે જ ઈન્દ્રિયાશ્રિત છે અને અવિસંવાદક છે. અને પ્રત્યક્ષ પ્રમાણથી વસ્તુ અન્વયવ્યતિરેકાત્મકરૂપે જ ગ્રહણ થાય છે. તેથી વસ્તુ પરિણામી સિદ્ધ થાય છે. અને પરિણામિતા સિદ્ધ થવાથી સર્વથા વિનાશ અસિદ્ધ થાય છે. તેથી 'આ વિનાશ સહેતુક છે કે નિર્હેતુક' એવી વિચારણા પણ અસંગત છે. તેથી અહીં પ્રસંગથી સર્યું. ॥૪૩૮॥

આમ પરિણામવાદમાં પૂર્વપક્ષકારે આપેલા દૂષણો અંશે પણ સંભવતા નથી. છતાં પણ પરપક્ષકારની બુદ્ધિ અત્યંત જડ છે. તેમ પ્રગટ કરવા તેઓએ દર્શાવેલા દૂષણો માત્ર દૂષણાભાસ છે, તેમ ઉદ્ભાવન કરે છે.-

*(ભાવહેતુઓ સ્વભાવનશ્વરભાવોત્પાદકતરીકે અસિદ્ધ)*

*ગાથાર્થ* :- વળી, બૌદ્ધોએ સ્વપક્ષના ઉપસંહારવખતે 'ભાવહેતુઓ જ સ્વભાવથી નશ્વર ભાવને કરે છે' એમ જે કહ્યું તે અસંગત જ સમજવું, કારણકે તેમાં અનેકદોષોનો પ્રસંગ છે. ॥૪૩૯॥

આ દોષો બતાવે છે.-

*ગાથાર્થ* :- બૌદ્ધની માન્યતાથી તો ઘડાદિભાવના મૃત્પિણ્ડવગેરે કારણો અવશ્ય ઘડાવગેરેના નાશના પણ કારણ બનશે.

*तद्भावे च*–उभयभावे चैकस्मिन्समये प्राप्नुवति सति इतरस्य उत्पादस्य *भावः*–सद्भावो न युज्यते, स्वविनाशेन तस्य क्रोडीकृतत्वात्, द्वितीयक्षणवत् । अथ मा भूत् दृष्टविरोध इति स्वविनाशभावेऽपि तस्य भाव इष्यते । तत आह–भावे चोत्पादस्येष्यमाणे *तेन*–स्वविनाशेन सहाविरोधात् *नित्यमपि*–आकालमपि तद्भावो–वस्तुभावः प्राप्नोति ॥४४१॥

अह उ खणट्ठितिधम्मा भावो नासो न जुत्तमेयंपि ।

निरहेउगो स इट्ठो एसो य जओ सहेउ त्ति ॥ ४४२ ॥

(अथ तु क्षणस्थितिधर्मा भावो नाशो न युज्यते एतदपि । निर्हेतुकः स इष्ट एष च यतः सहेतुक इति)

अथ क्षणस्थितिधर्मा भाव एव नाशस्तदुक्तं–"*न विनाशो नामान्य एव भावात् कश्चित्, भाव एव विनाश इति*" ततो न कश्चित्पूर्वोक्तदोषावकाशः । अत्राह–न *युक्तमेतदपि*–पूर्वोक्तं, यस्मात्स विनाशो निर्हेतुक इष्टः, '*अहेतुत्वाद्विनाशस्य, स्वभावादनुबन्धिते*" तिवचनात्, एष च भावः सहेतुक इति, तस्मात् स एव भावः क्षणस्थिति–धर्म्मा विनाश इत्ययुक्तमिति ॥४४२॥

अह मोत्तूण सहेउं अन्नं नावेक्खइ त्ति णिरहेऊ ।

तुल्लमिणं इतरम्मि वि अत्थविसेसे वि धणिमेत्तं ॥ ४४३ ॥

(अथ मुक्त्वा स्वहेतुमन्यं नापेक्षते इति निर्हेतुकः । तुल्यमिदमितरस्मिन्नपि अर्थविशेषेऽपि ध्वनिमात्रम्)

अथ *स्वहेतुं* स्वोत्पादहेतुं–मुक्त्वा स भावो न स्वविनाशेऽन्यं हेतुमपेक्षते इति तस्य नाशो निर्हेतुक इत्युच्यते। अत्राचार्य आह––*तुल्यमिदमितरस्मिन्नपि*–उत्पादे, न हि सोऽपि स्वहेतुमतिरिच्यान्यं हेतुमपेक्षते इति, तत इत्थमर्था–विशेषेऽपि यदिदमुच्यते सहेतुक उत्पादो निर्हेतुको विनाश इति, तत् भावार्थशून्यं ध्वनिमात्रमेवेति ॥४४३॥

अह तं पइ हेउस्सा अहेउगत्तं पसाहियं पुव्विं ।

णेयेहि वियप्पेहिं जातिवियप्पा हु ते णेया ॥ ४४४ ॥

(अथ तं प्रति हेतोरहेतुकत्वं प्रसाधितं पूर्वम् । अनेकैर्विकल्पैः जातिविकल्पा हु ते ज्ञेयाः)

अथोच्येत–किमनेन वाग्जालेन? घटादिविनाशं प्रति यो हेतुर्मुद्गरादिरभ्युपगम्यते तस्याहेतुत्वमनेकैर्विकल्पैः *पूर्वं*–प्राक् प्रसाधितं, तदपेक्षया चासौ निर्हेतुक इत्यदोषः । अत्राह–'*जाइविगप्पा हु ते नेया*' ये मुद्गरादेरहेतुत्वप्रसाधनाय अनेके विकल्पाः प्रागभिहितास्ते सर्वेऽपि हुरवधारणे प्रत्यक्षबाधितविषयतया जातिविकल्पा एव ज्ञेयाः ॥४४४॥ जातिविकल्पत्वमेव द्रढयति––

जम्हा अणुहवसिद्धे तस्सुप्पाए वि एवंजातीया ।

संति वियप्पा तेसिं भावे वि य तस्स णाभावो ॥ ४४५ ॥

(यस्मादनुभवसिद्धे तस्योत्पादेऽपि एवंजातीयाः । सन्ति विकल्पास्तेषां भावेऽपि च तस्य नाभावः)

*यस्मात्तस्य*–भावस्योत्पादेऽपि प्रतिप्राण्यनुभवप्रमाणसिद्धे एवंजातीया विकल्पाः सन्ति, न च *तेषां* विकल्पानां भावेऽपि तस्य–उत्पादस्याभावो भवति, तद्वन्नाशपक्षेऽपि भविष्यतीति ॥४४५॥ तानेवोत्पादविषयान् विकल्पान् दर्शयन्नाह–

---

*બૌદ્ધ* :– ભલે એમ થાય એમાં અમને શો દોષ છે ?

*ઉત્તરપક્ષ* :– આમ માનવામાં તો એક જ સમયે ઉત્પાદ-વિનાશ બન્નેની હાજરીની આપત્તિ છે. ॥૪૪૦॥

*ગાથાર્થ* :– કારણ કે એક જ સમયે ઉત્પત્તિ-વિનાશ બન્ને હોય, તો વાસ્તવમાં ઉત્પાદની હાજરી યોગ્ય નથી. કારણ કે બીજી ક્ષણની જેમ ઉત્પાદક્ષણપર પણ વિનાશનો કબ્જો હોવાથી ઉત્પાદ સંભવે નહીં પરંતુ તે ઇષ્ટ છે. આમ દૃષ્ટવિરોધદોષ છે. દૃષ્ટવિરોધના ભયથી તે ક્ષણે વિનાશ હોવા છતાં ઉત્પાદ પણ સ્વીકારશો, તો ઉત્પાદ અને વિનાશ બન્નેનો ભાવ એકકાળે હોવાથી બન્ને પરસ્પર અવિરુદ્ધ થવાથી હંમેશમાટે સાથે જ રહેશે. અને તો હંમેશમાટે વસ્તુની હાજરી સ્વીકારવી પડશે. ॥૪૪૧॥

*ગાથાર્થ* :– (બૌદ્ધ) ક્ષણ રહેવાના ધર્મવાળો ભાવ જ નાશ છે. કહ્યું જ છે '*વિનાશ એ ભાવથી ભિન્ન અન્ય કોઇ વસ્તુ રૂપ નથી, પરંતુ ભાવ પોતે જ વિનાશરૂપ છે.*' તેથી પૂર્વોક્ત દોષને કોઇ અવકાશ નથી.

*ઉત્તરપક્ષ* :– આ તર્ક પણ અસંગત છે. કારણકે તમે વિનાશને નિર્હેતુક સ્વીકાર્યો છે. કહ્યું જ છે કે 'વિનાશ નિર્હેતુક છે. તેથી તેના સ્વભાવ(=સ્વહેતુ)થી જ અનુબન્ધિતા (સદ્‌ભાવ) છે.'(પ્રમાણવાર્તિક ગા. ૧૯૬ પૂર્વાર્દ્ધ) જ્યારે આ ભાવ સહેતુક ઇષ્ટ છે. તેથી 'તે ક્ષણસ્થિતિ ધર્મવાળો ભાવ જ વિનાશ છે' એ કહેવું યોગ્ય નથી. ॥૪૪૨॥

*ગાથાર્થ* :– (બૌદ્ધ) તે ભાવ પોતાના ઉત્પાદના હેતુને છોડી બીજા કોઇની પોતાના વિનાશના હેતુતરીકે અપેક્ષા રાખતો નથી. તેથી 'તેનો વિનાશ નિર્હેતુક છે' એમ કહીએ છીએ.

*ઉત્તરપક્ષ* :– આ વાત તો ઉત્પાદઅંગે પણ સમાન છે. ઉત્પાદ પણ સ્વહેતુને છોડી બીજા કોઇની અપેક્ષા રાખતો નથી (અર્થાત્ બન્નેમાં એકભાવની અપેક્ષા સમાન છે.) આમ અર્થમાં કોઇ વિશેષ ન હોવા છતાં ઉત્પાદને સહેતુક કહેવો અને વિનાશને નિર્હેતુક કહેવો તે ભાવાર્થહીન કોલાહલમાત્ર જ છે. ॥૪૪૩॥

*ગાથાર્થ* :– (બૌદ્ધ) આ શબ્દઆડંબરથી સર્યું. ઘડાવગેરેના વિનાશપ્રત્યે મુદ્‌ગરવગેરે જે હેતુ પરપક્ષ સ્વીકારે છે. તે હેતુરૂપ નથી, એમ અનેક વિકલ્પોથી પૂર્વે સિદ્ધ કર્યું છે. આ અપેક્ષાએ જ વિનાશ નિર્હેતુક ઇષ્ટ છે. તેથી કોઇ દોષ નથી.

*ઉત્તરપક્ષ* :– મુદ્‌ગરવગેરેને અહેતુતરીકે સિદ્ધ કરવા તમે પૂર્વે જે વિકલ્પો બતાવ્યા તે બધાજ પ્રત્યક્ષબાધિત વિષયવાળા હોવાથી જાતિવિકલ્પરૂપ સમજવા ॥૪૪૪॥

उप्पत्तिसहावं वा-णुप्पत्तिसहावगं व तद्धेऊ ।
कुज्जा भावं उभया-णुभयसहावं व इति भेदा? ॥ ४४६ ॥
(उत्पत्तिस्वभावं वाऽनुत्पत्तिस्वभावकं वा तद्धेतुः । कुर्याद् भावमुभयानुभयस्वभाव वेति भेदाः)

*तद्धेतुः*-भावहेतुर्भावमुत्पत्तिस्वभावं वा कुर्यात्, अनुत्पत्तिस्वभावं वा, *उभयस्वभावम्*-उत्पत्त्यनुत्पत्तिस्वभावमनुभयस्वभावं वेति, *भेदा*-विकल्पाः, न चैतेषामन्यतमोऽपि भेदो घटते ॥४४६॥ तथा चाह-

जइ उप्पत्तिसहावं अफलो तस्सेव तस्सभावत्ता ।
हेतू तदवेक्खम्मि य तम्मि विणासेवि किमजुत्तं? ॥ ४४७ ॥
(यदि उत्पत्तिस्वभावमफलस्तस्यैव तत्स्वभावत्वात् । हेतुस्तदपेक्षे च तस्मिन् विनाशेऽपि किमयुक्तम्)

यदि भावहेतुरुत्पत्तिस्वभावं भावं करोतीति पक्षस्ततः स हेतुरफलः। कुत इत्याह-*तस्यैव* तत्स्वभावत्वात्तदुत्पादसिद्धेः। **अथोच्येत**-तस्येत्थंभूत एव स्वभावो येन विवक्षितं हेतुमपेक्ष्योत्पद्यते नान्यथेत्यत आह-'*तदवेक्खम्मीत्यादि*' तस्मिन्नुत्पादे तदपेक्षे-विवक्षितहेत्वपेक्षेऽभ्युपगम्यमाने हन्त विनाशेऽपि किमयुक्तं स्याद्? नैव किंचित्॥४४७॥ **यथाहि**-

तस्सेवेस सहावो पतिणियय्यं चेव अणुवगारिंपि ।
हेउं पप्प विणस्सइ भावोत्ति सहेउगो तो सो ॥ ४४८ ॥
(तस्यैवैष स्वभावः प्रतिनियतमेवानुपकारिणमपि । हेतुं प्राप्य विनश्यति भाव इति सहेतुकस्तस्मात् सः)

*तस्यैव*-घटादेः स्वहेतोरुत्पन्नस्य एष स्वभावो येन प्रतिनियतमेवानुपकारिणमपि सहकारिणं हेतुमपेक्ष्य स घटादिर्भावो विनश्यतीति तस्मादुत्पादवत्सोऽपि विनाशः सहेतुक एव ॥४४८॥ एतदेव भावयति--

णय भावहेतवो वि हु कुणंति भावस्स किंचि तुह पक्खे ।
जं तस्सत्तामेत्तं पडुच्च भणितो तदुप्पातो ॥ ४४९ ॥
(न च भावहेतवोऽपि हु कुर्वन्ति भावस्य किञ्चित्तव पक्षे । यत्तत्सत्तामात्रं प्रतीत्य भणितस्तदुत्पादः)

**न हि** तव पक्षे भावहेतवोऽपि भावस्य किंचित् कुर्वन्ति, *यत्*-यस्मात्तत्सत्तामात्रं-स्वहेतुसत्तामात्रं प्रतीत्य तदुत्पादो-भावोत्पादो भणितः, कारणस्य निरन्वयविनाशे सति तत्प्रतीत्य कार्यस्योत्पादाभ्युपगमात् ॥४४९॥ द्वितीयपक्षमधिकृत्याह-

अहऽणुप्पत्तिसहावं कुज्जा एवं नु खरविसाणंपि ।
अह सो न तस्स हेऊ इतरस्स उ केण हेउत्ति? ॥ ४५० ॥
(अथानुत्पत्तिस्वभावं कुर्यादिवं नु खरविषाणमपि । अथ स न तस्य हेतुरितरस्य तु केन हेतुरिति?)

**अथ** भावहेतुरनुत्पत्तिस्वभावं सन्तं भावं करोतीतिपक्षः । **नन्वेवं** तर्हि स हेतुः खरविषाणमपि कुर्यात्, उभयोरप्यनुत्पत्तिस्वभावत्वाविशेषात् । **अथोच्येत**-न स विवक्षितो भावहेतुः खरविषाणस्यापि हेतुः, किंतु भावस्यैव, ततो

---

*(ચાર વિકલ્પોથી પક્ષકલ્પના ખંડન)*

હવે એ વિકલ્પોનું જાતિવિકલ્પપણું જ દૃઢ કરે છે.

*ગાથાર્થ* :- ભાવનો ઉત્પાદ દરેક જીવને અનુભવસિદ્ધ છે. છતાં એઅંગે પણ આવા પ્રકારના વિકલ્પો છે. પણ એ વિકલ્પો હોવા છતાં ઉત્પાદનો અભાવ નથી થતો. એ જ પ્રમાણે નાશઅંગે પણ સમજવું ॥૪૪૫॥

હવે, ઉત્પાદઅંગેના વિકલ્પો બતાવે છે.-

*ગાથાર્થ* :- ભાવનો હેતુ કેવા સ્વભાવવાળા ભાવને ઉત્પન્ન કરશે? (૧) ઉત્પત્તિસ્વભાવવાળા? (૨) અનુત્પત્તિ સ્વભાવવાળા? (૩) ઉભય-ઉત્પત્તિ-અનુત્પત્તિ સ્વભાવવાળા? કે (૪) અનુભયસ્વભાવવાળા? આ ચાર વિકલ્પો છે. એમાંથી એકપણ વિકલ્પ સંગત નથી. ॥૪૪૬॥

દરેક વિકલ્પની ક્રમશઃ અનુપપત્તિ બતાવે છે.

*ગાથાર્થ* :- જો, 'ભાવનો હેતુ ઉત્પત્તિસ્વભાવવાળા ભાવને ઉત્પન્ન કરે છે' તે પક્ષ લેશો, તો તે હેતુ નિષ્ફળ ઠરશે. કારણકે પોતાના તેવા સ્વભાવથી જ ભાવની ઉત્પત્તિ સિદ્ધ થાય છે.

*બૌદ્ધ* :- ભાવનો સ્વભાવ જ એવો છે કે અભિપ્રેત હેતુની અપેક્ષા રાખીને ઉત્પન્ન થાય, અન્યથા નહિ.

*ઉત્તરપક્ષ* :- જો ઉત્પાદઅંગે અભિપ્રેત હેતુની અપેક્ષા ઇષ્ટ હોય, તો વિનાશઅંગે એવી હેતુની અપેક્ષા સ્વીકારવામાં શી આપત્તિ છે ? અર્થાત્ કોઇ આપત્તિ હોવી ન જોઇએ. ॥૪૪૭॥

આ જ વાત સ્પષ્ટ કરે છે.-

*ગાથાર્થ* :- સ્વહેતુમાંથી ઉત્પન્ન થયેલા ઘડાવગેરેનો એવો સ્વભાવ છે કે અનુપકારી એવા પણ પ્રતિનિયત સહકારી હેતુની અપેક્ષા રાખીને જ વિનાશ પામવો, આમ ઉત્પાદની જેમ વિનાશ પણ સહેતુક જ થયો ॥૪૪૮॥

આ જ અર્થનું ભાવન કરે છે.-

*ગાથાર્થ* :- તમારા પક્ષે ભાવના કારણો પણ ભાવનું કશું કરતાં નથી. કારણકે પોતાના હેતુની હાજરીમાત્રને અપેક્ષીને તમે ભાવનો ઉત્પાદ સ્વીકાર્યો છે. અર્થાત્ તમે કારણનો નિરન્વયવિનાશ થયે છતે તે કારણને આશ્રયીને કાર્યનો ઉત્પાદ સ્વીકાર્યો છે. આમ પ્રથમ પક્ષે કાંતો ઉત્પાદને પણ નિર્હેતુક માનો કાંતો વિનાશને પણ સમાનતયા સહેતુક સ્વીકારો ॥૪૪૯॥

न कश्चिद्दोष इति । अत्राह-*इतरस्यापि*-विवक्षितभावस्य केन कारणेन स विवक्षितो हेतुर्भवति? न केनापि कारणेन हेतुर्भवितुमर्हतीति भावः ॥४५०॥ कुत इत्याह--

जमणुप्पत्तिसहावा खरसिंगघडादओऽविसेसेण ।

ता एगस्साऽहेऊ सेसाणवि, भेयसिद्धी वा ॥ ४५१ ॥

(यदनुत्पत्तिस्वभावाः खरशृङ्गघटादयोऽविशेषेण । तस्मादेकस्याहेतुः शेषाणामपि भेदसिद्धिर्वा)

*यत्*-यस्मादविशेषेणानुत्पत्तिस्वभावाः खरशृङ्गघटादयः*'ता'* तस्मात् *यद्येकस्य* खरविषाणस्याहेतुस्तर्हि शेषाणामपि-घटादीनामहेतुरेव । भेदसिद्धिर्वेति-उत्पत्त्यनुत्पत्तिलक्षणस्वभावभेदसिद्धिर्वा परस्परं खरशृङ्गघटादीनां सा प्रसज्यते ॥४५१॥ *स्पष्टयति*--

तस्सत्थि इहं हेऊ तत्थो उप्पज्जते य ता कह णु? ।

एसोऽणुप्पत्तिसहावगो त्ति पन्ना ववइसंति ॥ ४५२ ॥

(तस्यास्ति इह हेतुस्तत्स्थ उत्पद्यते च तस्मात् कथं नु? । एषोऽनुत्पत्तिस्वभाव इति, प्राज्ञा व्यपदिशन्ति)

*इह*-जगति *तस्य*-उत्पाद्यस्य घटादेरुत्पत्तौ हेतुस्*तत्स्थः*-उत्पाद्यघटादिस्थः तथाभवनस्वभावतालक्षणोऽस्ति । चो यस्मादर्थे । यस्मात् घटादिकमुत्पद्यते, विषयेण विषयिणो लक्षणात् उत्पद्यमानं दृश्यते, न तु खरविषाणस्य तत्स्थो हेतुरस्ति, विवक्षितकारणानन्तरं तदुत्पादादर्शनादिति, अस्त्वेवं भेदसिद्धिः, सुयुक्तियुक्तत्वादिति चेत्। अत आह-*'ता कह णु इत्यादि'* यद्येवं भेदसिद्धिरिष्यते ततः कथं नु *एषः*-उत्पाद्यो घटादिको भावोऽनुत्पत्तिस्वभाव इति प्राज्ञा भवादृशा व्यपदिशन्तीति ॥४५२॥ तृतीयं पक्षमधिकृत्याह--

उभयसहावत्तम्मि उ विरोहदोसोऽणिवारियप्पसरो ।

इतरम्मिवि उप्पातो अभावतो चेव नो जुत्तो ॥ ४५३ ॥

(उभयस्वभावत्वे तु विरोधदोषोऽनिवारितप्रसरः । इतरस्मिन्नपि उत्पादोऽभावादेव न युक्तः)

उभयस्वभावत्वे तु अङ्गीक्रियमाणे विरोधदोषोऽनिवारितप्रसरः प्राप्नोति, *स्पष्टयति*-यदि उत्पत्तिस्वभावं कार्यं कथमनुत्पत्तिस्वभावं? अथानुत्पत्तिस्वभावं कथमुत्पत्तिस्वभावमिति? एकस्य विरुद्धधर्माध्यासायोगात् । कथंचित् योगेऽपि स्वकृतान्तप्रकोपात् । चरमपक्षं दूषयितुमाह-*इतरस्मिन्नपि*-अनुभयस्वभावत्वे तथाभूतस्य वस्तुनोऽभावान्नोत्पादो युक्त इति ॥४५३॥ अत्र पर आह--

किं तिण्हं किं सण्हं किं कसिणं सुक्किल्लं च खरसिंगं ।

जह निव्विसया भेया एए एमेव एतेवि ॥ ४५४ ॥

(किं तीक्ष्णं किं श्लक्ष्णं किं कृत्स्नं शुक्लं च खरशृङ्गम् । यथा निर्विषया भेदा एते एवमेव एतेऽपि)

---

હવે બીજા પક્ષને ઉદ્દેશી કહે છે.-

*ગાથાર્થ* :- 'ભાવના કારણો અનુત્પત્તિસ્વભાવવાળા ભાવને ઉત્પન્ન કરે છે' એમ કહેશો તો તે હેતુ ગધેડાના શિંગડાને પણ ઉત્પન્ન કરશે. કારણકે બન્નેનો ઉત્પન્ન ન થવાનો સ્વભાવ સરખો છે.

*બૌદ્ધ* :- અભિપ્રેત ભાવકારણ ગધેડાના શિંગડાનો હેતુ નથી, પરંતુ ભાવનો જ હેતુ છે. તેથી કોઇ દોષ નથી.

*ઉત્તરપક્ષ* :- એ ભાવહેતુ અભિપ્રેત ભાવનો પણ હેતુ ક્યા કારણથી કહો છો? અર્થાત્ કોઇ કારણથી તે અભિપ્રેત ભાવનો પણ હેતુ બનવા યોગ્ય નથી. ॥૪૫૦॥

કેમ ? તે બતાવે છે.-

*ગાથાર્થ* :- ગધેડાના શિંગડા અને ઘડાવગેરે સમાનતયા અનુત્પત્તિસ્વભાવવાળા છે. તેથી જો ગધેડાના શિંગડારૂપ એકનો હેતુ ન હોય, તો ઘડાવગેરે બાકીનાનો પણ તે હેતુ નથી જ. અથવા તો ગધેડાના શિંગડાવગેરે અને ઘડાવગેરેમાં સ્વભાવભેદ માનવો પડશે, કે ગધેડાના શિંગડાવગેરે અનુત્પત્તિસ્વભાવવાળા છે, અને ઘડાવગેરે ઉત્પત્તિસ્વભાવવાળા છે. ॥૪૫૧॥

આ જ વાત સ્પષ્ટ કરે છે.-

*ગાથાર્થ* :- (બૌદ્ધ) આ જગતમાં ઉત્પાદ્ય ઘટાદિની ઉત્પત્તિમાં ઉત્પાદ્યઘટાદિમાં રહેલો તથાભવનસ્વભાવતા જ હેતુ છે, કેમકે ઘડાવગેરે ઉત્પન્ન થાય છે. - અહીં વિષયથી વિષયીનું લક્ષણ થાય એ ન્યાયે ઘડો ઉત્પન્ન થતો દેખાય છે. એવો અર્થ છે. (ઘટોત્પત્તિ વિષય છે. તેનું દર્શન વિષયી છે.) ગધેડાના શિંગડાનો આવો તત્સ્થહેતુ નથી. કારણકે વિવક્ષિતકારણની ઉત્તરક્ષણે તેની ઉત્પત્તિના દર્શન થતા નથી. આમ ઘડાવગેરેમાં અને ગધેડાના શિંગડાવગેરેમાં ભેદની સિદ્ધિ સુયુક્તિયુક્ત છે.

*ઉત્તરપક્ષ* :- જો આમ ભેદસિદ્ધિ સ્વીકારશો, તો ઘડાવગેરે ઉત્પાદ્યભાવ અનુત્પત્તિસ્વભાવવાળા છે એમ શી રીતે તમારા જેવા પ્રાજ્ઞો (!) કહી શકે ? તેથી બીજો વિકલ્પ પણ અસંગત છે. ॥૪૫૨॥

ત્રીજા વિકલ્પને ઉદ્દેશી કહે છે-

*ગાથાર્થ* :- 'ઉભયસ્વભાવ'વિકલ્પ સ્વીકારવામાં વિરોધદોષને આવતો અટકાવી શકાશે નહિ. વિરોધદોષ આ પ્રમાણે છે જો કાર્ય ઉત્પત્તિસ્વભાવવાળું હોય, તો અનુત્પત્તિસ્વભાવ શી રીતે હોય? અને જો અનુત્પત્તિસ્વભાવવાળું હોય, તો ઉત્પત્તિ-સ્વભાવ શી રીતે હોય ? કેમકે એકમાં બે વિરુદ્ધ ધર્મો રહી શકે નહિ. અને જો કથંચિદ્ રહેતા સ્વીકારશો, તો તમારા સિદ્ધાન્તસાથે વિરોધ ઉભો થશે. (કેમકે એકાન્તવાદી તમે કાર્યને એકસ્વભાવી સ્વીકારો છો.) તેથી તૃતીયવિકલ્પ તો તમારેમાટે અસ્પૃશ્ય જ છે.

यथा खरशृङ्गं किं तीक्ष्णं किं श्लक्ष्णं किं कृष्णं किं वा शुक्लमित्येते भेदाः-विकल्पाः क्रियमाणा निर्विषया एव, विषयस्य खरशृङ्गस्य स्वरूपतोऽभावात्। एवमेतेऽपि उत्पत्तिस्वभावमित्यादयो विकल्पा निर्विषया द्रष्टव्याः॥४५४॥

जम्हाऽणुप्पन्नो सो भावो खरसिंगतुल्ल एवेह ।

उप्पन्नम्मि य तम्मिवि वियप्पणा निप्फला चेव ॥ ४५५ ॥

(यस्मादनुत्पन्नः स भावः खरशृङ्गतुल्य एवेह । उत्पन्ने च तस्मिन्नपि विकल्पना निष्फलैव)

यस्मादसौ भावोऽनुत्पन्नः सन्निह-जगति खरशृङ्गतुल्य एव, स्वरूपसत्त्वाभावाविशेषात्। अथोच्येत-नानुत्पन्ने भावे एते विकल्पाः क्रियन्ते, किंतूत्पन्ने, ततो नाधिकृतविकल्पानां खरविषाणतैक्ष्ण्यादिविषयविकल्पानामिव निर्विषयतेति, अत्राह-*'उप्पन्नम्मीत्यादि'* उत्पन्ने च तस्मिन् भावे या पूर्वोक्ता विकल्पना सा निष्फलैव, दृष्टस्य बाधितुमशक्यत्वात् ॥४५५॥ *तथाहि-*

जो उप्पन्नो णियहेतु-भावतो दिस्सती तहाभावो ।

तस्स वियप्पाभावो जलणस्सुण्हत्तणं किह णु? ॥ ४५६ ॥

(य उत्पन्नो निजहेतुभावतो दृश्यते तथाभावः । तस्य विकल्पाभावः ज्वलनस्योष्णत्वं कथं नु?)

यो भावो घटादिको निजहेतुभावतः-स्वोत्पादहेतुस्वभावतः उत्पन्नस्तथैव चोत्पन्नतया दृश्यते तस्य भावस्य विकल्पाभावः-कल्पनाऽसंभवः। अत्रैव दृष्टान्तमाह-यथा ज्वलनस्य-दहनस्योष्णत्वं कथं न्विति?॥४५६॥अत्राचार्य आह-

उप्पत्तीएँऽविगाणं कह एसा जुज्जइ त्ति चिन्तमिदं(हं)? ।

भणियविगप्पेहिं य सव्वहेव एसा अजुत्ता तु ॥ ४५७ ॥

(उत्पत्तौ अविगानं कथमेषा युज्यत इति चिन्त्यमिदम् । भणितविकल्पैश्च सर्वथैव एषाऽयुक्ता तु)

उत्पन्नो भावस्तथैव दृश्यत इत्येवमुत्पत्तावविगानं, न हि भावानामुत्पत्तौ दृश्यमानायां कश्चिद्विप्रतिपद्यते, केवलमिहेदं चिन्त्यं-कथमेषोत्पत्तिर्दृश्यमाना युज्यत इति? भणितविकल्पैश्च उत्पत्तिस्वभावं वा तद्धेतुः कुर्यादित्यादिरूपैश्चिन्त्यमाना सर्वथैवैषा-भावानामुत्पत्तिरयुक्ता । तुः पूरणे । तन्न खरशृङ्गतैक्ष्ण्यादिविकल्पा इव एते विकल्पा निर्विषया नापि निष्फला इति ॥४५७॥ अन्यच्च यथा भावानामुत्पत्तिर्दृश्यते तथा--

दीसइ य णासहेऊ-वणिवायाओ य तस्स नासोवि ।

तम्हा जाइवियप्पा जह एते एवं(मे?)तेवि त्ति ॥ ४५८ ॥

(दृश्यते च नाशहेतूपनिपातात् च तस्य नाशोऽपि । तस्माद् जातिविकल्पा यथैते एवमेतेऽपीति)

---

હવે ચોથા વિકલ્પને દોષિત ઠેરવે છે. 'અનુભયસ્વભાવ'પક્ષે તો તેવા સ્વભાવવાળી વસ્તુનો જ અભાવ હોવાથી ઉત્પાદ અસંગત ઠરે. આમ ચારે વિકલ્પે ઉત્પાદ અસંગત ઠરે છે. ॥૪૫૩॥

અહીં બૌદ્ધ કહે છે.-

*ગાથાર્થ* :- જેમ ગધેડાનું શિંગડું શું તીક્ષ્ણ છે કે શ્લક્ષ્ણ(=કોમળ) છે ? શુ કાળું છે કે ધોળું ? ઇત્યાદિ કરાતા વિકલ્પો નિર્વિષય છે. કારણકે વિષયભૂત ગધેડાના શિંગડાનો સ્વરૂપથી અભાવ છે. આ જ પ્રમાણે આ 'ઉત્પત્તિસ્વભાવ'વગેરે વિકલ્પો પણ નિર્વિષય જ સમજવા. ॥૪૫૪॥

*ગાથાર્થ* :- કારણ કે આ ભાવ અનુત્પન્ન હોય ત્યારે જગતમાં ગધેડાના શિંગડા જેવો છે. કારણકે એ ભાવમાં પણ સ્વરૂપસત્ત્વનો અભાવ સમાનતયા છે. હવે એમ કહેશો કે 'અનુત્પન્ન ભાવઅંગે આ બધા વિકલ્પો નથી કરાતા પણ ઉત્પન્ન ભાવઅંગે કરાય છે' તેથી અધિકૃતવિકલ્પો ગધેડાના શિંગડાના તીક્ષ્ણઆદિવિષયક વિકલ્પોની જેમ નિર્વિષય નથી.' અહીં કહે છે. 'ઉપ્પન્નમ્મિ'વગેરે... ઉત્પન્ન થયેલા ભાવમાટે પૂર્વે કરેલી વિકલ્પનાઓ નિષ્ફળ જ સમજવી, કારણ કે જે દૃષ્ટ છે, તેને બાધિત કરી શકાય નહિ. ॥૪૫૫॥

તે આ પ્રમાણે-

*ગાથાર્થ* :- ઘટવગેરે જે ભાવ સ્વઉત્પાદહેતુસ્વભાવથી ઉત્પન્ન થયો અને તે જ પ્રમાણે ઉત્પન્ન થયેલો દેખાય છે. તે ભાવઅંગે કલ્પના સંભવી શકે નહિ. જેમકે 'અગ્નિ ઉષ્ણ કેમ છે ?' તે અંગે કલ્પના કરવી નિરર્થક છે. ॥૪૫૬॥

અહીં આચાર્યધોરી ઉત્તર આપે છે.-

*ગાથાર્થ* :- (ઉત્તરપક્ષ) 'ઉત્પન્ન થયેલો ભાવ તેવો જ દેખાય છે' આમ ઉત્પત્તિઅંગે કોઇ વિવાદ નથી. ભાવોની દેખાતી ઉત્પત્તિમાં કોઇ વિરોધ ઉઠાવે તેમ નથી. અહીં માત્ર એ જ વિચારવાનું છે કે 'આ દેખાતી ઉત્પત્તિ કેવી રીતે યુક્તિસંગત ઠરે ?' 'તેનો હેતુ ઉત્પત્તિસ્વભાવવાળા ભાવને ઉત્પન્ન કરે છે કે' ઇત્યાદિ પૂર્વોક્તવિકલ્પોથી વિચારીએ તો ઉત્પત્તિ સંગત ઠરે કે નહિ, એવો વિચાર તો કરી જ શકાય છે. ('તુ'પદ પૂરણાર્થક છે.) ગધેડાના શિંગડા તીક્ષ્ણ છે.' ઇત્યાદિ વિકલ્પો તો સર્વથા અસત્ વસ્તુવિષયક હોવાથી નકકામા છે. પણ આ વિકલ્પો સત્વસ્તુવિષયક હોવાથી નિર્વિષય કે નિષ્ફળ નથી. ॥૪૫૭॥

*(વિનાશની તુચ્છરૂપતાનો નિષેધ)*

વળી, ભાવોની જેમ ઉત્પત્તિ દેખાય છે તેમ-

*ગાથાર્થ* :- ('ચ'પદ અભ્યુચ્ચયાર્થક છે, અને તેનું સૂચન અવતરણિકામાં જ કરી લીધું છે.) નાશહેતુઓ હાજર થાય ત્યારે ભાવનો નાશ પણ દેખાય છે. તેથી જેમ ઉત્પત્તિઅંગેના આ વિકલ્પો પ્રત્યક્ષબાધિતવિષયવાળા હોવાથી જાતિવિકલ્પરૂપ

नाशहेतूपनिपातात्तस्य–भावस्य नाशोऽपि दृश्यते । चशब्दोऽभ्युच्चये, स च प्रथममेव पातनिकायां भावितः, तस्माद्यथा एते उत्पत्तिविषया विकल्पाः प्रत्यक्षबाधितविषयत्वाज्जातिविकल्पाः, एवमेतेऽपि 'किं कुणइ नासहेतू' इत्यादयो विकल्पा जातिविकल्पा द्रष्टव्याः। प्रत्यक्षसिद्धस्य सहेतुकस्य नाशस्य उत्पादस्येव विकल्पशतैरप्यन्यथा कर्तुमशक्यत्वात् ॥४५८॥ अपि च, यदुक्तं *"जम्हाऽणुप्पन्नो"* इत्यादि जातिविकल्पद्विकं तत् नाशपक्षेऽपि समानमित्यावेदयन्नाह––

**अविणट्ठस्स विणासे वियप्पणाऽसंगता विणट्ठस्स ।**

**किं तीएँ फलं? एत्थवि तुल्लमिदं जातिभेददुगं ॥ ४५९ ॥**

(अविनष्टस्य विनाशे विकल्पनाऽसंगता विनष्टस्य । किं फलम्? अत्रापि तुल्यमिदं जातिभेदद्विकम्)

**अविनष्टस्य** सतो घटादेर्विनाशे–विनाशविषया विकल्पनाऽसङ्गतैव, विषयस्याभावात्। **अथ मा भूदेष दोष** इति विनष्टस्य सतः क्रियते इत्याह–विनष्टस्य सतो घटादेर्विनाशे किं तया–विनाशविषयया कल्पनया कर्त्तव्यं? दृष्टस्यापह्नोतुमशक्यत्वादित्येवमत्रापि–नाशपक्षेऽपि जातिभेदद्विकं–जातिविकल्पद्विकं तुल्यं–समानमिति॥४५९॥ **अत्र** पराभिप्रायमाह–

**अह उप्पत्ती दीसइ णतु णासो तस्सभावतो ण तओ ।**

**एगंतेणाभावो घडा कवालादिभावाओ ॥ ४६० ॥**

(अथोत्पत्तिर्दृश्यते नतु नाशस्तस्याभावान्न सकः । एकान्तेनाभावो घटात् कपालादिभावात्)

**अथोच्येत**–भावानामुत्पत्तिरध्यक्षतो दृश्यते, ततो यदुक्तं–*'जो उप्पन्नो नियहेतुभावओ दीसइ य तह चेव' । तस्स विकप्पाभावो'* इति तत्सूक्तमेव, नतु नाशो दृश्यते, तस्य तुच्छरूपत्वात्, तत्कथमुच्यते *'दीसइ य नासहेऊ–वणिवायाओ य तस्स नासोवि त्ति'*, तस्मादुत्पादविषया एव विकल्पा जातिविकल्पा न तु नाशविषया इति। **आचार्य** आह–न *'तउत्ति'* सको विनाश एकान्तेनाभावस्तुच्छरूपः । कुत इत्याह–*'तस्सभावओ'* भावप्रधानोऽयं निर्देशः, तत्स्वभावत्वात् तस्य–उत्पाद्यमानस्य कपालादेर्वस्तुनः स्वभावत्वात्। एतदपि कुतः सिद्धमिति चेत्? अत आह–*'घडा कवालाइभावाओ'* घटात् सकाशादव्यवधानेन कपालादेर्भावात् । **एतदुक्तं भवति**–मुद्गरादिसंपर्कतो घटादेरनन्तर–मुत्पद्यमानं कपालाद्येव तन्निवृत्तिविशिष्टं दृश्यते न तु केवला तन्निवृत्तिरेव, तत उत्पाद्यमानकपालादिस्वभावो घटाद्यभावो न तु तुच्छरूपः, तथा च सति कथमस्यादर्शनमहेतुजन्यता वेति? ॥४६०॥ तुच्छरूपतामेव विनाशस्य दोषान्तरप्रदर्शनेन निराकुर्वन्नाह–

**णय एगंतेण तओ अन्नो निरुवक्ख एव सो तत्तो ।**

**भावा, सहावभेदे भेदाभेदादिया दोसा ॥ ४६१ ॥**

(न च एकान्तेन ततोऽन्यः निरुपाख्य एव स ततः । भावात् स्वभावभेदे भेदाभेदादिकाः दोषाः)

**नच** ततो–मुद्गरादिना जन्यमानात्कपालादेरेकान्तेनान्यो–भिन्नस्वरूपो निरुपाख्यः स–घटादिविनाशः । **कुतः**? इत्याह–*'तत्तो भावा'* इत्यादि, यस्मात्ततो भावात्कपालादेर्विनाशस्य स्वभावभेदे–तुच्छ(ातुच्छ)रूपतया स्वरूपभेदे सति भेदाभेदादयो दोषाः प्राप्नुवन्ति, **तथाहि**–यदि भेदस्ततः संबन्धाभावात् घटादिनिवृत्तिविशिष्टमिदं कपालादीति विशेषणविशेष्यभावानुपपत्तिः, अथाभेदस्तर्हि तदभिन्नत्वात्कपालादेरपि तुच्छरूपतापत्तिर्निवृत्तेर्वा कपालादिरूपता, तथा च सति

---

છે. તેમ 'કિં કુણઇ નાસહેતુ'(નાશહેતુ શું કરે છે? ગા.૪૦૨)વગેરે વિકલ્પો પણ પ્રત્યક્ષબાધિતવિષયવાળા હોવાથી જાતિવિકલ્પ રૂપ જ છે. કારણકે ઉત્પાદની જેમ પ્રત્યક્ષસિદ્ધ સહેતુકનાશને સેંકડો વિકલ્પોથી પણ અન્યથા કરવો શક્ય નથી. ॥૪૫૮॥

વળી, 'જમ્હા અનુપપન્નો' (ગા. ૪૫૫)વગેરે જે બે જાતિવિકલ્પ ઉત્પત્તિઅંગે બતાવ્યા તે બન્ને નાશપક્ષે પણ સમાન છે, એમ સૂચવતા કહે છે.–

*ગાથાર્થ* :– ઘડો નાશ નથી પામ્યો, ત્યારે તેના વિનાશઅંગેની વિકલ્પના અસંગત જ છે. કારણકે વિનાશરૂપ વિષયનો અભાવ છે. આ દોષ ન આવે એ આશયથી વિનાશપામેલા ઘડાઅંગે વિકલ્પના કરશો, તો જે ઘડો વિનાશ જ પામી ગયો છે, તેના વિનાશઅંગેની કલ્પના કરીને કરવું છે શું? વિનાશ થઇ ગયેલો દેખાય જ છે. અને જે દૃષ્ટ છે તેને કંઇ છૂપાવી શકાય નહિ. આમ નાશપક્ષમાં પણ બન્ને જાતિવિકલ્પો સમાન છે. ॥૪૫૯॥

અહીં બૌદ્ધનો આશય પ્રગટ કરે છે.–

*ગાથાર્થ* :– (બૌદ્ધ) ભાવોની ઉત્પત્તિ પ્રત્યક્ષથી દેખાય છે. તેથી જે કહ્યું કે 'જો ઉપ્પન્નો'(=જે પોતાના હેતુભાવથી ઉત્પન્ન થયો, તથા તેમ જ દેખાય છે, તેમાં વિકલ્પનો અભાવ છે. ગા. ૪૫૬) તે તદ્દન યોગ્ય કહ્યું છે. પરન્તુ નાશ દેખાતો નથી. કારણકે તદ્દન તુચ્છ છે. તેથી 'દીસઇ ય નાસ' (નાશ હેતુના ઉપનિપાતમાં તેનો નાશ પણ દેખાય છે. ગા.૪૫૮) એવું કથન શી રીતે કરી શકાય ? તેથી ઉત્પાદઅંગેના વિકલ્પો જ જાતિવિકલ્પ છે નાશઅંગેના નહિ.

*ઉત્તરપક્ષ* :– આ વિનાશ તદ્દન તુચ્છરૂપ નથી. કારણકે ઉત્પન્ન કરાતી તે–તે કપાલવગેરે વસ્તુનો સ્વભાવ છે. (કે ઘટાદિના નાશથી ઉત્પન્ન થવું) 'તસ્સ ભાવતો' એ ભાવપ્રધાન નિર્દેશ છે. તેથી 'તત્સ્વભાવત'નો અર્થ 'તત્સ્વભાવત્વાત' એવો કરવો.) 'આ વાત શી રીતે સિદ્ધ થશે?' તેવી શંકા ન કરવી. કારણકે ઘડાની તરત ઉત્તરમાં કપાલવગેરે દેખાય છે. *તાત્પર્ય*:– મુદ્ગરવગેરેના સંપર્કથી ઘડાવગેરેની તરત ઉત્તરમાં કપાલવગેરે જ ઘડાદિના વિનાશથી અભિન્નરૂપે દેખાય છે. નહિ કે માત્ર ઘડા આદિનો વિનાશ અર્થાત્ મુદ્ગરઆદિના સાન્નિધ્યથી માત્ર ઘડાનો નાશ નથી થતો, પરંતુ સાથે સાથે કપાલવગેરે ઉત્પન્ન થતા પણ દેખાય જ છે. તેથી ઉત્પાદ્યમાન(=ઉત્પન્ન કરાઇ રહેલા) કપાલાદિસ્વભાવરૂપ ઘટાદિનો અભાવ છે, નહિ કે તુચ્છરૂપ. તેથી 'આ અભાવ દેખાતો નથી' કે 'આ અભાવ નિર્હેતુક છે' તેવા વચનો સંગત નથી. ॥૪૬૦॥

घटादिनिवृत्तेरभावात् घटादिभावप्रसङ्गः। भेदाभेदपक्षस्तु विरोधाघ्रातत्वान्न युक्तः, कथंचित् युक्ततायां चैकान्ततुच्छ-रूपताहान्या परसिद्धान्तापत्तिरिति । अपि च, निरुपाख्यस्य सकलशक्तिविकलतया ज्ञेयत्वोत्पत्त्यादिस्वभावानुत्पत्तेः तज्ज्ञानोत्पत्त्याद्यभावप्रसङ्गः केन निवारयितुं पार्यते? तस्मान्नैकान्तेनोत्पाद्यात्कपालादेरन्यो निरुपाख्यो विनाशः, किन्तु तद्धर्म इति ॥४६१॥ अत्र पर आह--

दीवम्मि को णु भावो सुक्के व सरम्मि आतवादिसु य ।
तमदव्वादिपरिणती छायाई चेव विन्नेया ॥ ४६२ ॥

(दीपे को नु भावः शुष्कं वा सरसि आतपादिषु च । तमोद्रव्यादिपरिणतिः छायादयश्च विज्ञेयाः)

यद्युत्पाद्यमानभावान्तरधर्मरूप एव पूर्वभावस्याभावस्ततो दीपे शुष्के वा सरसि आतपादिषु चादिशब्दात्बुद्ध्यादि-परिग्रहः, को नु भावः?-किंनु उत्पाद्यमानं भावान्तरं? यद्धर्मरूपत्वं तेषामभावस्य परिकल्प्येत, नैव किंचिदिति भावः। अत्राह-*'तमेत्यादि'* तमोद्रव्यादिपरिणतिः छायादयश्च भावान्तररूपा विज्ञेयाः, तत्र दीपस्य भावान्तरं तमः, शुष्कसरसः शीतपवनः, आतपस्य छाया, बुद्धेश्च सामान्यं चैतन्यमात्रं विशिष्टं वा ज्ञानमित्यादि। तेन यदुच्यते भट्टार्च्चटेन-*"यदि पूर्वभावविनिर्मुक्तं भावान्तरं प्रध्वंसाभावस्ततो य एतेऽनुपजातविकारा दीपबुद्ध्यादयो ध्वंसन्ते तेषां कतरत् भावान्तरं व्यवस्थाप्येतेति"* तत्प्रतिक्षिप्तमवसेयम्, प्रदीपानामनुपजातविकारत्वासिद्धेः, तमआदेर्विकारस्य दर्शितत्वात् । यत् पुनः *"तेऽप्यव्यक्ततामात्मभावं च विकारमेव ध्वंसलक्षणमालम्बत इति चेत्"*, इत्याशङ्क्य *"न, दीपादेर्भावरूपाव्यक्तताभावे प्रमाणाभावात्, यदि हि शक्तिरूपतापत्तिरव्यक्तिस्तदा शक्तेः कार्यदर्शनोन्नीयमानरूपत्वात् तदभावे कथं प्रदीपादयः शक्त्यात्मना व्यवस्थिताः कल्प्येरन्?, अथोपलब्धियोग्यताविकलात्मतापत्तिरव्यक्तिरत्रापि तदात्मना व्यवस्थितौ नैव प्रमाण-मस्ति, न चाप्रमाणकमाद्रियन्ते वचो विपश्चितः, आत्मनश्चासत्त्वात्कथं तदभावो(वे?) बुद्ध्यादीनां विकारः?"* इत्युच्यते तदनभ्युपगमादेव न नः क्षितिमावहति, नहि प्रदीपादीनामव्यक्तरूपं विकारमभिमन्यन्ते जैनाः येन प्राचीनं विकल्पयुगल-मवतेतीर्येत, किंतु तमःप्रभृतिकं, तस्याध्यक्षतो दर्शनात्, तत्र चोक्तदोषानवकाश इति। यदपि चात्मनोऽसत्त्वमुक्तं तदप्य-नुपपन्नं, पूर्वोत्तरज्ञानक्षणयोरेवानुगमस्यात्मशब्दवाच्यत्वात्, तस्य च स्वसंवेदनप्रत्यक्षप्रमाणसिद्धतयाऽपाकर्तुमशक्यत्वात्, अन्यथा पूर्वज्ञानक्षणस्य विनाशे सति तदुत्तरस्य ज्ञानक्षणस्यात्यन्तासतः खरविषाणस्येवोत्पत्त्ययोगादिति ॥४६२॥ अत्र पर आह-

---

બીજો દોષ દર્શાવી વિનાશની તુચ્છરૂપતાનો નિષેધ કરે છે.

*ગાથાર્થ* :- વળી, મુદ્ગરવગેરેદ્વારા ઉત્પન્ન કરાતા કપાલવગેરેથી ઘટવગેરેનો વિનાશ નિઃસ્વરૂપરૂપ ભિન્નસ્વભાવવાળો કારણકે જો વિનાશનો કપાલવગેરેભાવથી સ્વભાવભેદ હોય-અર્થાત્ કપાલવગેરે અતુચ્છસ્વરૂપવાળા છે અને વિનાશ તુચ્છ સ્વરૂપવાળો છે. એમ જો બન્ને વચ્ચે સ્વભાવભેદ હોય, તો ભેદાભેદવગેરે દોષો ઉભા થાય છે. તે આ પ્રમાણે ➜ જો બન્ને (કપાલ અને ઘટાદિવિનાશ)વચ્ચે ભેદ હોય, તો પરસ્પર સંબંધી રહેશે નહિ. અને તો 'આ કપાલ ઘટાદિના વિનાશથી અભિન્ન છે.' એવા વિશેષણ-વિશેષ્યભાવની અસંગતિ આવશે. હવે જો બન્નેવચ્ચે અભેદ કહેશો, તો વિનાશથી અભિન્ન હોઇ, કપાલ પણ તુચ્છરૂપ(વિનાશ) થવાની આપત્તિ છે. અથવા વિનાશ પણ કપાલરૂપ થવાની આપત્તિ છે. આ પ્રમાણે ઘટવગેરેનો વિનાશ ન થવાથી ઘટાદિની હાજરીનો પ્રસંગ આવશે. એકાન્તભેદાભેદપક્ષ તો પરસ્પર વિરોધ ધરાવતો હોવાથી કલ્પવો યોગ્ય જ નથી. અને આ ભેદાભેદપક્ષને કથંચિત્ યોગ્ય ગણી અહીં એનો (=ભેદાભેદપક્ષનો) અમલ કરશો, તો 'વિનાશ એકાન્ત તુચ્છ છે' એમ કહેવાશે નહિ, અને પર(=અમારા) સિદ્ધાન્તના સ્વીકારનો પ્રસંગ આવશે. વળી, 'નિરૂપ'(=નિઃસ્વભાવ)નામનો આ અભાવ સકળશક્તિથી રહિત છે. તેથી તેમાં 'જ્ઞેયત્વ'(=જ્ઞાનવિષય યોગ્યતા) કે ઉત્પત્તિવગેરે સ્વભાવ અનુપપન્ન છે. (કારણકે તેવા સ્વભાવના સ્વીકારમાં પણ નિરૂપતા ઊડી જાય.) અને તો તેવા તુચ્છ અભાવનું જ્ઞાન પણ નહિ થાય, કે તે અભાવ ઉત્પન્ન પણ નહિ થાય. આ પ્રસંગ આવતો કોણ અટકાવી શકશે?તેથી ઉત્પન્ન કરાતા કપાલવગેરેથી એકાન્તે ભિન્ન નિરૂપ નામનો વિનાશ નથી. પરંતુ કપાલવગેરેનો જ ધર્મ છે. ॥૪૬૧॥

અહીં બૌદ્ધ કહે છે.

*ગાથાર્થ* :- (બૌદ્ધ) જો પૂર્વભાવનો અભાવ ઉત્પન્ન કરાતા નવા ભાવરૂપ જ હોય, તો દીવા, સુકાતા સરોવર, તડકાવગેરે (વગેરેથી બુદ્ધિવગેરેનો સમાવેશ કરવો) સ્થળે ક્યો નવો ઉત્પન્ન કરાતો ભાવાન્તર છે કે જેના ધર્મરૂપે તેઓના (=દીપવગેરેના) અભાવની કલ્પના કરશો ? અર્થાત્ કોઇ નવો ઉત્પન્ન કરાતો ભાવ નથી.

*ઉત્તરપક્ષ :- અહીં પણ તમોદ્રવ્યઆદિપરિણતિ અને છાયાવગેરે જ ભાવાન્તરોતરીકે સમજવા. અહીં દીવાનો વિનાશ* ઉત્પન્ન થતા 'તમ'નામના ભાવાન્તરનો ધર્મ બનશે. સુકાતા સરોવરમાં વિનાશ ઠંડા પવનરૂપ ભાવાન્તરનો ધર્મ બનશે. (પવનથી સરોવર સુકાય છે, પણ તે વખતે પાણીનો નાશ નથી થતો, બલ્કે સૂક્ષ્મ બિંદુ બની પવનસાથે વહેવા માંડે છે. જેથી પવન ઠંડો અનુભવાય છે. તથા પાણીનું બાષ્પીભવન થઇ વાદળા બને છે.) આતપ=તડકાનો વિનાશ છાયારૂપ ભાવાન્તરનો ધર્મ છે. અને તે-તે બુદ્ધિનો વિનાશ સામાન્ય ચૈતન્યમાત્રનો અથવા નવા ઉત્પન્ન થતા વિશિષ્ટજ્ઞાનનો ધર્મ બને છે. આમ આ સ્થળોએ પણ ભાવાન્તર ઉપલબ્ધ જ છે.

*ભટ્ટાર્ચટ* :- જો પૂર્વભાવથી વિમુક્ત ભાવાંતરરૂપ જ પ્રધ્વંસાભાવ હોય, તો જેઓના કોઇ વિકાર ઉત્પન્ન થયા નથી તેવા દીપ, બુદ્ધિવગેરે ધ્વંસ પામે છે, ત્યારે તેઓના ભાવાંતરતરીકે કોની વ્યવસ્થા કરશો ?

*ઉત્તરપક્ષ* :- 'પ્રદીપવગેરેના વિકાર ઉત્પન્ન થતા નથી' એ વાત જ અસિદ્ધ છે. કારણકે તેઓના પૂર્વે કહ્યા તેમ તમઃવગેરે વિકારો બતાવ્યા જ છે.

(અહીં કોઇક જૈનમતના નામે આશંકા કરી તેનું ખંડન કરવાની ચેષ્ટા કરે છે.)

*જૈન* :- તેઓ (=નાશ પામતી વસ્તુ) ધ્વંસરૂપ આત્મભાવભૂત વિકારનું આલંબન કરે છે, અને અવ્યક્તતાને પામે છે.

किं तेण ततो कीरइ? इट्ठमिदं सिद्धसाहणं एवं ।
णो इत (इतर) णिवित्तिअंतरेण जं तेण एत्थं पि ॥ ४६३ ॥
(किं तेन ततः क्रियते ? इष्टमिदं सिद्धसाधनमेवम् । नो इतरनिवृत्तिमन्तरेण यत्तेनात्रापि)
सावि हु तदुब्भवच्चिय तब्भावे भावतो जहुप्पत्ती ।
णय एगंताभावो सा नेया वत्थुधम्मत्ता ॥ ४६४ ॥
(सापि हु तदुद्भवा एव तद्भावे भावतो यथोत्पत्तिः । न च एकान्ताभावः सा ज्ञेया वस्तुधर्मत्वात्)

यदि भावान्तररूप एव भावस्य प्रध्वंसस्ततः किं तेन मुद्गरादिना क्रियते?, ननु कपालाद्येव तेन क्रियते इत्यापतितम् । अस्तु को दोष इति चेदत्राह-"इट्ठमियमिति'इदं-मुद्गरादिना कपालाद्युत्पादनमस्माकमिष्टमेव, तथादर्शनात्, तत एवं सति सिद्धसाधनमेवेति। अत्राचार्य आह-'*नो*' इत्यादि यत्-यस्मान्न इतरस्य-घटादेर्निवृत्तिमन्तरेण कपालादि उत्पद्यते तेन कारणेन अत्रापि-मुद्गरादिजन्यकपालाद्युत्पत्तिपक्षेऽपि ॥४६३॥ सापि-घटादिनिवृत्तिरास्तां कपालाद्युत्पत्तिर-(रित्य)पिशब्दार्थः, तदुद्भवैव-मुद्गराद्युद्भवैव। कुतः? इत्याह-तद्भावे-मुद्गरादिभावे भावात्, दृष्टान्तमाह-यथोत्पत्तिरिति, यथा कपालाद्युत्पत्तिस्तद्भावे भावात् तदुद्भवा, तद्वदियमपि घटादिनिवृत्तिः, तदुक्तमन्यैरपि-"*सन् बोधगोचरः प्राप्तस्तद्भावेनो-पलभ्यते । नश्यन् भावः कथं तस्य, न नाशः कार्यतामियात्? ॥१॥ प्रागभूत्वा भवन् भावो, हेतुभ्यो जायते यथा। भूत्वापि न भवंस्तद्वत्, हेतुभ्यो न भवत्ययम् ॥२॥*" इति॥ स्यादेतत्, घटादिनिवृत्तिस्तुच्छरूपा तत्कथं तत्र कारक-व्यापारसंभवः? भवनधर्मिण्येव तत्संभवोपपत्तेः, न च तस्य भवनधर्मताऽस्ति, तुच्छरूपतया सकलशक्तिविकलत्वादत आह-'*नयेत्यादि*' न च सा-घटादिनिवृत्तिरेकान्तेनाभावस्तुच्छरूपः। कुतः? इत्याह-वस्तुधर्मत्वात्। एतच्च प्रागेवाभिहितम्, '*नो(?) तस्सभावओ भेओ (ण तओ?) एगंतेणाभावो*' इत्यनेन ग्रन्थेन ॥४६४॥ अत्रैव विपक्षे बाधामाह--

---

*ખંડન* :- આ બરાબર નથી. કારણકે દીપવગેરેનું ભાવરૂપ અવ્યક્તતા પામે તેમાં કોઇ પ્રમાણ નથી. જો "તે ભાવ શક્તિરૂપ અવ્યક્તિ પામે છે.' એમ કહેશો, તો શક્તિ હંમેશા સ્વકાર્યથી સૂચિત થવાના સ્વરૂપવાળી હોય છે. પણ દીપવગેરેની કહેવાતી એ શક્તિ ક્યારેય સ્વકાર્યરૂપે સૂચિત થતી નથી. તેથી કેવી રીતે પ્રદીપવગેરે શક્તિરૂપે વ્યવસ્થિત છે, તેવી કલ્પના કરી શકાય ? હવે જો "પોતે ઉપલબ્ધિની યોગ્યતાથી રહિત સ્વરૂપવાળા થવું એ જ અવ્યક્તિ છે." એમ કહેશો, તો તે બરાબર નથી. કારણકે અહીં પણ વસ્તુ તેરૂપે રહી છે તેમ કલ્પવામાં કોઇ પ્રમાણ નથી. અને વિદ્વાનપુરુષો કદી અપ્રમાણભૂતવચનનો આદર કરતા નથી. વળી જ્યારે આત્માનો જ અભાવ છે. તો તેના અભાવતરીકે (કે તેના અભાવમાં) બુદ્ધિ આદિનો વિકાર કેવી રીતે સંભવી શકે ?

*ઉત્તરપક્ષ* :- *વાસ્તવિક જૈનમત*:- અમે આ બધી અવ્યક્તિઆદિ કલ્પનાઓ સ્વીકારતા જ નથી. તેથી અમને કોઇ દોષ નથી. જૈનો કંઇ પ્રદીપાદિના વિકારતરીકે તેના અવ્યક્ત રૂપને સ્વીકારતા નથી. કે જેથી પૂર્વોક્ત શક્તિ અને ઉપલબ્ધિના અભાવરૂપ બે વિકલ્પનું અવતરણ કરવું યોગ્ય ઠરે. અમે તો દીપવગેરેના વિકારતરીકે તમસ્વગેરે બતાવીએ છીએ, અને તે (તમસ)વગેરે પ્રત્યક્ષથી દેખાય છે. તેથી ત્યાં તમે કહેલા દોષો સંભવતા નથી. વળી તમે આત્માનો જે અભાવ કહ્યો, તે જરા પણ સંગત નથી. કારણકે પૂર્વ-ઉત્તરજ્ઞાનક્ષણોવચ્ચે જે અનુગમ છે, તે જ 'આત્મા'શબ્દનો વાચ્ય છે. અને તે સ્વસંવેદન નામના પ્રત્યક્ષપ્રમાણથી સિદ્ધ છે. તેથી તેનો નિષેધ શક્ય નથી. જો બે ક્ષણવચ્ચે અનુગમાત્મક આત્માને નહિ સ્વીકારો, તો પૂર્વજ્ઞાનક્ષણના વિનાશમાં તેની ઉત્તરમાં તદ્દન અસત્ જ્ઞાનક્ષણની ગધેડાના શિંગડાની જેમ ઉત્પત્તિ જ થઇ શકે નહિ. ॥૪૬૨॥

અહીં બૌદ્ધ કહે છે.

*ગાથાર્થ* :- (બૌદ્ધ) જો ભાવનો પ્રધ્વંસ ભાવાન્તરરૂપ જ હોય, તો મુદ્ગરવગેરેથી શું કરાય છે ? તેઓ કપાલ આદિ બનાવે છે, એમ જ આવીને ઉભું રહેશે. એમ ન કહેશો કે 'ભલે એમ હો, એમાં શો દોષ છે ?' કારણકે મુદ્ગરવગેરેથી કપાલ વગેરેનું ઉત્પાદન સ્પષ્ટ દેખાતું હોવાથી અમને ઇષ્ટ જ છે. તેથી તમે કંઇ નવું નથી કહેતા, અર્થાત્ તમને સિદ્ધસાધનદોષ છે.

*ઉત્તરપક્ષ* :- કપાલવગેરેની ઉત્પત્તિ ઘડાવગેરેની નિવૃત્તિ વિના શક્ય જ નથી. તેથી 'મુદ્ગરવગેરેથી કપાલવગેરે જન્ય છે' તેવા પક્ષે પણ કપાલઆદિની ઉત્પત્તિ તો ઠીક, પણ ઘડાવગેરેની નિવૃત્તિ પણ મુદ્ગરવગેરેથી જ થાય છે. કારણકે આ બન્ને(ઘટનિવૃત્તિ-કપાલઉત્પત્તિ) મુદ્ગરાદિની હાજરીમાં જ હોય છે. અર્થાત્ જેમ કપાલઆદિની ઉત્પત્તિ મુદ્ગરવગેરેની હાજરી માં જ હોય છે, તેમ ઘટવગેરેની નિવૃત્તિ પણ મુદ્ગરવગેરેની હાજરીમાં જ હોય છે. બીજાઓ પણ કહે છે. '*નાશ પામતો ભાવ બોધવગેરેનો વિષય બને છે, ત્યારે નાશ પામવારૂપે જ ઉપલબ્ધ થાય છે. તેથી નાશ શું કામ તેનું કાર્ય ન બને? ॥૧॥* પહેલા *અસત્ અને પછી થતો ભાવ જેમ હેતુઓમાંથી જ ઉત્પન્ન થાય છે, તેમ થયેલો તે ભાવ જ્યારે નથી થતો (=તેનો નાશ થાય છે) ત્યારે ભવનની જેમ હેતુઓથી જ નથી થતો (=વિનાશ પામે છે.) ॥૨॥*

*(વિનાશ વસ્તુસ્વભાવરૂપ)*

*બૌદ્ધ* :- ઘડાવગેરેની નિવૃત્તિ તુચ્છરૂપ છે. તેથી તેઅંગે કારકવ્યાપાર શી રીતે સંભવે? કારણકે ભવનધર્મી(=ભાવધર્મ) અંગે જ કારકવ્યાપારનો સંભવ સંગત છે. અને નિવૃત્તિમાં ભવનધર્મતા તો સંભવે જ નહિ કારણકે તે તુચ્છરૂપ હોવાથી સકળ શક્તિથી રહિત છે.

*ઉત્તરપક્ષ* :- આ ઘટાદિનિવૃત્તિ એકાન્તે અભાવ-તુચ્છરૂપ નથી. કારણ કે તે વસ્તુ(=ભાવ)નો ધર્મ છે. આ વાત પૂર્વે જ '*તસ્સભાવતો ણ તઓ એગંતેણાભાવો*' ઇત્યાદિ (ગા.૪૬૦) ગાથાથી બતાવી જ છે. ॥૪૬૪॥

અહીં વિપક્ષમાં બાધ દર્શાવે છે.

अह सा ण वत्थुधम्मो ण तई ता तस्स घडणिवित्तीए ।
जह वत्तमाणसमए सगडस्स निवित्तिसुन्नं वा ॥ ४६५ ॥

(अथ सा न वस्तुधर्मो न सका ततस्तस्य घटनिवृत्तौ । यथा वर्तमानसमये शकटस्य निवृत्तिशून्यं वा)

अथ सा-घटादिनिवृत्तिर्न वस्तुधर्मोऽभ्युपगम्यते किंत्वेकान्ततुच्छरूपा तत्राह-*'न तई ता तस्सत्ति'* न *'ता'* ततः *'तइ त्ति'* सका घटादिनिवृत्तिस्तस्य-घटादेः संबन्धिनी प्राप्नोति, वस्त्ववस्तुनोः संबन्धाभावात्, तादात्म्यस्य तदुत्पत्तेर्वा वस्तुद्वयाधिष्ठानत्वात् । अत्रैव दृष्टान्तमाह-*'घडेत्यादि'* यथा घटनिवृत्तौ सत्यां वर्त्तमानसमये-विवक्षितसमये शकटस्य निवृत्तिर्न घटसंबन्धिनी भवति, तादात्म्यादेः संबन्धस्याभावात्, तद्वदियमपि न तत्संबन्धिनी स्यात्। मा भूत् को दोष इति चेत्, तदयुक्तम्, एवं सति घटस्य नाशो विनष्टो घट इति प्रतिप्राणिप्रसिद्धतादात्म्यसंबन्धनिबन्धनव्यवहार-विलोपप्रसङ्गात्। नन्वयं दोषो भवत्पक्षेऽप्यपरिहार्य एव, तथाहि-घटादिनिवृत्तिरुत्पाद्यकपालादिवस्तुस्वभावरूपा। तदुक्तम् *'तस्सभावओ न तओ एगंतेणाभावो'*इति, न च तदानीं घटो विद्यते, निवृत्तत्वादन्यथा कपालाद्यनुत्पत्तेः, तत्कथं घटादितन्निवृत्त्योस्तादात्म्यलक्षणः संबन्धः? येन 'घटस्य नाश' इत्यादिको व्यवहार उपपद्येतेति। उच्यते, इह घटवस्त्वेव कपालरूपतया परिणमति, सतः सर्वथाविनाशस्यात्यन्तासत उत्पादस्य चायोगात्, ततः कथंचिदवस्थितस्य घटवस्तुनः समुत्पद्यमानकपालपर्यायेण सह तादात्म्योपपत्तौ तत्स्वभावरूपया घटनिवृत्त्याऽपि सह तस्य तादात्म्यमुपपद्यत एव । स्यादेतत्, मृद्रव्यमेव न निवर्त्तते घटपर्यायवस्तु सर्वात्मना निवर्त्तत एव, तत्कथं तस्य तन्निवृत्त्या सह तादात्म्यं घटत इति? नैष दोषः, मृद्द्रव्यवत् तस्यापि कथंचिदनिवर्त्तनात्, तथा प्रत्यक्षतोऽनुभवात् । तथाहि-घटकपालानि केवलान्यपि दृष्ट्वा लोकस्तद्गतोर्ध्वाद्याकारानुवृत्तिदर्शनात् 'घटस्यामूनि कपालानि न शरावादीनामिति' विवेचयन् दृश्यत इति । उक्तं च-*'तम्मि य अणियत्तंते न नियत्तइ सव्वहा सो वित्ति'* । घटादिनिवृत्तेर्वस्तुधर्मत्वानभ्युपगम एव दोषान्तरमाह-*'सुन्नं वा'* इति, यदि हि घटादिनिवृत्तिरेकान्तेन तुच्छरूपा स्यात् ततो न घटादनन्तरमेव कपालोत्पत्तिर्भवेत्, किंतु शून्यं, न चैतदुपलभ्यते, निर्व्यवधानं घटात् कपालोत्पत्तेर्दर्शनात्। तस्मादियं घटादिनिवृत्तिर्न-

---

*ગાથાર્થ* :- (બૌદ્ધ) અમે ઘડાવગેરેની નિવૃત્તિને વસ્તુધર્મ રૂપે સ્વીકારતા નથી, પરંતુ એકાન્તતુચ્છરૂપે સ્વીકારીએ છીએ.

*ઉત્તરપક્ષ* :- તો એ ઘડાઆદિની નિવૃત્તિને ઘડાવગેરેસાથે કોઇ સંબંધ નથી. કારણકે વસ્તુ અને અવસ્તુ(=અસત્) ને કોઇ સમ્બન્ધ હોતો નથી. કારણકે તમને માન્ય તાદાત્મ્ય-તદુત્પત્તિરૂપ બન્ને સમ્બન્ધો સંબંધિત બે વસ્તુમાં જ રહે છે (નહિ કે એક વસ્તુમાં અને એક અવસ્તુમાં.) તેથી જેમ આ વિવક્ષિતસમયે ઘડાની નિવૃત્તિવખતે ગાડાની નિવૃત્તિને ઘડાસાથે કોઇ સંબંધ નથી, કારણકે તાદાત્મ્યવગેરે સંબંધ નથી, તેમ આ ઘટનિવૃત્તિને પણ ઘડાસાથે કોઇ લેવાદેવા રહેશે નહિ, કેમકે કોઇ સંબંધ નથી.

*શંકા* :- ભલેને ઘટનિવૃત્તિને ઘડા સાથે સંબંધ ન હો... શું વાંધો છે ?

*સમાધાન* :- શું વાંધો છે ? એમ પૂછો છો ? ભલા... ઘડા અને તેની નિવૃત્તિવચ્ચેના તાદાત્મ્યસંબંધના કારણે દરેક પ્રાણી 'ઘડાનો નાશ થયો' 'ઘડો નષ્ટ થયો' એવો જે વ્યવહાર કરે છે, તે વ્યવહારના મૂલમાં જ આગ ચંપાઇ જશે. અર્થાત્ વ્યવહારલોપનો પ્રસંગ છે.

*બૌદ્ધ* :- આવો દોષ તો તમારા મતે પણ અપરિહાર્ય જ છે. જૂઓ ➜ તમારામતે ઘડાની નિવૃત્તિ ઉત્પન્ન કરાતા કપાલરૂપ વસ્તુના સ્વભાવરૂપ છે. કહ્યું જ છે, *'તસ્સ ભાવઓ ન તઓ, એગંતેણાભાવો'* (ગા.૪૬૦) (તેનો સ્વભાવ હોવાથી તેનો એકાંતે અભાવ નથી.) હવે આ વખતે(ઘટનાશવખતે) ઘડો વિદ્યમાન નથી, કારણકે નિવૃત્ત થયો છે. નહિતર તો, કપાલ ઉત્પન્ન ન થાત. આમ ઘટનિવૃત્તિકાળે ઘડો સ્વયં નિવૃત્ત હોવાથી અસત્ છે. આ ઘટનિવૃત્તિ કપાલના સ્વભાવરૂપ હોઇ સત્ છે. તો અહીં ઘટ-ઘટનિવૃત્તિવચ્ચે તાદાત્મ્યસમ્બન્ધ શી રીતે ઘટી શકે? કે જેથી 'ઘડાનો નાશ થયો'વગેરે વ્યવહાર સંગત ઠરે ?

*ઉત્તરપક્ષ* :- અમારા મતે ઘડો સર્વથા નિવૃત્ત નથી, પરંતુ કપાલરૂપે પરિણામ પામે છે, કારણકે 'સત્નો એકાંતે નાશ અને તદ્દન અસત્ની ઉત્પત્તિ' ક્યારેય સંભવે નહિં કથંચિત્ અવસ્થિત ઘડાનો ઉત્પન્ન થતાં કપાલપર્યાયસાથે તાદાત્મ્યભાવ સુસંગત છે. અને ઘટનિવૃત્તિ કપાલનો સ્વભાવ છે. અને સ્વમતે સ્વભાવ/સ્વભાવીવચ્ચે કથંચિદ્ અભેદ છે. તેથી કપાલની જેમ કપાલના સ્વભાવભૂત ઘટનિવૃત્તિનો પણ ઘટસાથે તાદાત્મ્યસમ્બન્ધ સુસંગત જ છે.

*બૌદ્ધ* :- તમારા મતે ઘડો પણ પર્યાય છે. દ્રવ્યતરીકે તો માટી જ છે. એ માટી દ્રવ્ય જ ભલે નિવૃત્ત ન થાય. પણ ઘટપર્યાય તો સર્વથા નિવૃત્ત થાય જ છે. તેથી અસત્ થયેલા એ ઘટપર્યાયસાથે ઘટનિવૃત્તિનો તાદાત્મ્યસંબંધ સંગત ઠરે નહિ.

*ઉત્તરપક્ષ* :- આ કોઇ દોષ નથી. કારણકે માટીદ્રવ્યની જેમ ઘટપર્યાય પણ કથંચિદ્ અનિવૃત્ત જ છે. (કારણકે માટી દ્રવ્યથી તે કથંચિદ્ અભિન્ન છે.) ઘડાની કથંચિદ્ અનિવૃત્તિ પ્રત્યક્ષથી અનુભવાય છે. ઘડાના કપાલો એકલા પડ્યા હોય, તો પણ તે જોઇને, ઘડામાં રહેલા ઉર્ધ્વઆકારવગેરે ધર્મોની અનુવૃત્તિના દર્શનથી લોકો 'આ કપાલો ઘડાના છે કોડીયાના નથી' એવું વિવેચન કરતાં દેખાય જ છે. કહ્યું જ છે કે ***तम्मि य अणियत्तंते न*** (ગા. ૩૪૭ તેની અનિવૃત્તિમાં સર્વથા નિવૃત્ત થતો નથી.) ઇત્યાદિ તેથી ઘટ-ઘટનિવૃત્તિના તાદાત્મ્યમાં કોઇ દોષ નથી. વળી, જો ઘડાવગેરેની નિવૃત્તિને વસ્તુધર્મરૂપે સ્વીકારશો નહિ, તો એક બીજો દોષ પણ છે. જો ઘડાવગેરેની નિવૃત્તિ એકાન્તે તુચ્છરૂપ જ હોય, તો ઘડાની તરત ઉત્તરમાં કપાલની ઉત્પત્તિ થાય નહિ. પરંતુ શૂન્ય જ રહે. પણ તેમ દેખાતું નથી. કારણકે ઘડાની તરત ઉત્તરમાં(=વ્યવધાન વિના) કપાલની ઉત્પત્તિ થતી દેખાય છે. તેથી ઘડાની આ નિવૃત્તિ સર્વથા તુચ્છરૂપ નથી, પરંતુ ઉત્પન્ન કરાતા કપાલવગેરે વસ્તુના સ્વભાવરૂપ છે. આમ આ નિવૃત્તિ પણ સત્-વસ્તુરૂપ છે. તેથી તેમાં ભવનધર્મ(=ઉત્પત્તિધર્મ) સંભવે છે. તેથી જ તેને ઉત્પન્ન કરવાઅંગે કારકઅર્થોનો વ્યાપાર થાય તે અસંભવિત નથી. (અહીં કો'ક જૈનમતઅંગે વિકૃત કલ્પના કરી ખંડન કરવાની બાલિશચેષ્ટા કરે છે તે દર્શાવી તેનું ખંડન દર્શાવે છે.)

कान्तेन तुच्छरूपा किंतूत्पाद्यमानकपालादिवस्तुस्वभावा, तथा च सति भवनधर्मकत्वाविरोधान्न तत्र कारकव्यापारासंभवः। एतेन *"तस्यापि नाशस्याभूत्वा भावोपगमात्कार्यता न विरुध्यत इति चेदि"* त्याशङ्क्य *'न, तस्य भवनधर्मिणो भावरूपताप्राप्तेरभावत्वहानेः । यतो भवतीति भावो भण्यते ततो नापरकुञ्जरादेरपि भावशब्दः प्रवृत्तिनिमित्तमिति'* यदुच्यते तत् प्रतिक्षिप्तं द्रष्टव्यम्, भावानुविद्धतया कथंचित्तस्या अपि भावरूपत्वाभ्युपगमात् । अन्यथा ज्ञेयत्वाद्यनुपपत्तेः । यद्येवं तर्हि भावादभावस्य विशेषाभावप्रसङ्ग इति चेत्?। न । पूर्वापररूपव्यापत्त्यापत्तिलक्षणस्वभावभेदतो विशेषाभावप्रसङ्गाभावात् । पूर्वरूपव्यापत्तिस्वभावो हि घटाद्यभावः, अपररूपापत्तिस्वभावा च कपालाद्युत्पत्तिरिति ॥४६५॥ अथोच्येत–नैव काचिदन्या घटादिनिवृत्तिः किंतु कपालाद्युत्पत्तिरेव, तदनन्तरं तस्या एवोपलभ्यमानत्वादत आह––

**णय सा उप्पत्ति च्चिय भिन्ननिमित्तत्तओ विरोधातो ।**
**परिकप्पिय त्ति निच्चं अन्नत्ते पुव्वदोसा उ ॥ ४६६ ॥**

(न च सा उत्पत्तिरेव भिन्ननिमित्तत्वतो विरोधात् । परिकल्पितेति नित्यमन्यत्वे पूर्वदोषास्तु)

न च *सा*–घटादिनिवृत्तिः *उत्पत्तिरेव*–कपालाद्युत्पत्तिरेव केवला। कुत इत्याह–भिन्ननिमित्तत्वतो विरोधात्–भिन्ननिमित्तत्वेन ऐक्यस्य विरोधात् । *तथाहि*–घटादिनिवृत्तेर्निमित्तं घटादिस्वरूपव्यापत्तिरूपतया भवनस्वभावता, कपालाद्युत्पत्तेश्च तद्रूपभवनस्वभावतेति, कथमनयोरैक्यं? मा प्रापदतिप्रसङ्ग इति, न घटाद्यनन्तरं कपालाद्युत्पत्तिरेव केवला उपलभ्यते, किंतु तन्निवृत्तिविशिष्टा, अविगानेन सर्वेषां तथानुभवभावात् । अत्रैवाशङ्काशेषं परिहर्तुमाह–*'परिकप्पिय त्ति'* सा घटादिनिवृत्तिः परिकल्पिता तेनादोष इति चेत्? अत्राह–*'निच्चमिति'* यदि परिकल्पिता ततो नित्यं भावकालेऽपि तद्भावप्रसङ्गः, कल्पनाया इच्छामात्रानुरोधित्वात् । अथ कपालोत्पत्तेरियं घटनिवृत्तिर्भिन्नस्वरूपैव तुच्छरूपा अभ्युपगम्यते नतु तदनुविद्धेत्यत्राह–*'अन्नत्ते पुव्वदोसा उ'* अन्यत्वे–भिन्नस्वरूपत्वे कपालोत्पत्तेः सकाशात्तस्या घटनिवृत्तेरिष्यमाणे पूर्वोक्ता एव भेदाभेदादयो दोषाः प्राप्नुवन्ति । तस्मान्नान्या किंतु तदनुविद्धेति स्थितम् । तदेवं यतो घटादयः स्वहेतुभ्यः सकाशादित्थंस्वभावा एव समुत्पन्नवन्तो येनानुपकारिणमपि प्रतिनियतं मुद्गरादिकं सहकारिणमासाद्य विनिवर्त्तन्ते, तथैवोपलभ्यमानत्वात्, ततः कपालादीनामुत्पत्तिरिव घटादीनामपि निवृत्तिर्विवक्षितहेत्वन्वयव्यतिरेकानुविधानात्सहेतुकेत्युपपादितम् ॥४६६॥ सांप्रतमत्रैव पराकूतशेषं दुदूषयिषुरिदमाह––

---

*જૈનાભાસ* :– તે નાશ પણ પહેલા અસત્ થઈને ભાવરૂપને પામે છે. તેથી તેમાં(નાશ) કાર્યતા વિરુદ્ધ નથી. અર્થાત્ નાશ પણ કાર્યરૂપ છે.

*બૌદ્ધ* :– જો નાશ પણ ભવનધર્મવાળો હોય, તો તેનામાં(=નાશમાં) ભાવરૂપતા આવશે અને તે તેની અભાવરૂપતા રહેશે નહિ (કારણકે ભાવત્વ–અભાવત્વ પરસ્પરનો પરિહાર કરીને રહેનારા ધર્મો છે.) કારણકે 'જે ઉત્પન્ન થાય તે ભાવ' એમ કહેવાય છે. શબ્દ શબ્દના પ્રવૃત્તિનિમિત્ત ન હોય, પણ ગુણ–ક્રિયાદિ હોય. તેથી 'ભાવ'શબ્દ બીજા હાથીવગેરે પદાર્થોનો પણ પ્રવૃત્તિનિમિત્ત નથી.

*ઉત્તરપક્ષ*:– અમારા પૂર્વોક્ત તર્કથી તમારી વાત ખોટી ઠરે છે. કેમકે અમે નાશને પણ ભાવના ધર્મરૂપે ભાવથી અનુવિદ્ધ (સંકલિત) જ માનીએ છીએ. તેથી નાશ પણ કથંચિદ્ ભાવરૂપ છે તેમ જ સ્વીકારીએ છીએ. નહિતર તો નાશવગેરેમાં જ્ઞેયત્વ વગેરે ધર્મો સંગત ન થાય. (પણ નાશવગેરે પણ જ્ઞેય હોવાથી કથંચિદ્ ભાવરૂપ છે. તેથી ભવનધર્મને યોગ્ય છે.)

*બૌદ્ધ* :– જો આમ નાશ પણ ભાવરૂપ હોય, તો ભાવ અને અભાવ વચ્ચે કોઇ વિશેષતા ન રહેવાની આપત્તિ આવશે.

*ઉત્તરપક્ષ* :– તેમ નહિ થાય. અભાવ એ પૂર્વરૂપના નાશરૂપ છે. અને ઉત્તરરૂપની પ્રાપ્તિ એ ઉત્પત્તિ છે. બન્નેમાં આ મહત્વનો ભેદ(=પરસ્પરવિશેષતા) છે. અર્થાત્ ઘડાવગેરેનો અભાવ ઘટઆદિપૂર્વરૂપના નાશસ્વભાવવાળો છે. અને કપાલઆદિની ઉત્પત્તિ કપાલઆદિઅપરરૂપની પ્રાપ્તિસ્વભાવવાળી છે. તેથી બન્નેવચ્ચે વિશેષતા સુસંગત છે. ॥૪૬૫॥

*પૂર્વપક્ષ* :– ઘટઆદિનિવૃત્તિ અન્ય ક્શારૂપે નથી, પરંતુ કપાલઆદિઉત્પત્તિરૂપ જ છે. કારણકે ઘટાદિની નિવૃત્તિની અનન્તર કપાલઆદિઉત્પત્તિ જ ઉપલબ્ધ થાય છે.

આના સમાધાનમાં કહે છે.

*ગાથાર્થ* :–(ઉત્તરપક્ષ) આ ઘટાદિનિવૃત્તિ માત્ર કપાલાદિની ઉત્પત્તિરૂપ જ નથી. કારણકે બન્ને શબ્દો ભિન્નનિમિત્તવાળા હોવાથી બન્નેવચ્ચે સર્વથા ઐક્યમાં વિરોધ છે. જૂઓ ➡ ઘડાઆદિના સ્વરૂપના નાશરૂપે ભવનસ્વભાવતા(=ઉત્પન્ન થવાના સ્વભાવવાળાપણું) ઘટઆદિનિવૃત્તિશબ્દના નિમિત્ત છે. અને કપાલાદિરૂપે ભવનસ્વભાવતા કપાલાદિઉત્પત્તિશબ્દનું નિમિત્ત છે. તેથી આ બે વચ્ચે ઐક્ય શી રીતે સંભવે ? અર્થાત્ ઐક્ય નથી. કેમકે આમ ભિન્નપ્રવૃત્તિનિમિત્તવાળાઓ વચ્ચે પણ ઐક્ય સ્વીકારવામાં બધાનો બધાસાથે અભેદ માનવાનો અતિપ્રસંગ આવે. તથા ઘડાની તરત ઉત્તરમાં માત્ર કપાલની ઉત્પત્તિ જ ઉપલબ્ધ નથી થતી, પણ ઘડાની નિવૃત્તિથી યુક્ત જ કપાલઆદિઉત્પત્તિ ઉપલબ્ધ થાય છે. કારણકે બધાને વિરોધ વિના એવો જ અનુભવ થાય છે. આ જ વિષયમાં બાકી રહેલી આશંકા દૂર કરવા કહે છે – 'પરિકપ્પિય' ઇત્યાદિ.

*(નિવૃત્તિ કલ્પિત નહિ પણ વાસ્તવિક)*

*બૌદ્ધ* :– આ ઘટાદિનિવૃત્તિ વાસ્તવિક નથી, પરિકલ્પિત છે. તેથી અનુભવાતી હોય, તો પણ દોષ નથી.

*ઉત્તરપક્ષ* :– જો ઘટાદિનિવૃત્તિ માત્ર પરિકલ્પિત જ હોય, તો એ નિવૃત્તિ હંમેશા–ઘટકાલે પણ રહે તેવો પ્રસંગ આવશે. કારણકે કલ્પના તો માત્ર ઇચ્છાપર જ આધાર રાખે છે. કારણાદિથી નિયંત્રિત નથી.

*બૌદ્ધ* :– આ ઘટનિવૃત્તિ કપાલોત્પત્તિથી ભિન્નસ્વરૂપવાળી તુચ્છરૂપ જ છે, નહિ કે, કપાલ ઉત્પત્તિથી અનુવિદ્ધ.

अह उ सहेउउ च्चिय उववन्नो अप्पणो विणासम्मि ।
नोवेक्खई तदन्नं हेउं निरहेउगो तेण ॥ ४६७ ॥

(अथ तु स्वहेतुभ्य उत्पन्न आत्मनो विनाशे । नापेक्षते तदन्यं हेतुं निर्हेतुकस्तेन)

अथोच्येत-स्वहेतुभ्य एव इत्थंभूतस्वभावो घटादिरुत्पन्नो येनात्मनो विनाशे न तदन्यं-स्वोपादानहेत्वतिरिक्तं हेतुमपेक्षते, तेन कारणेनासौ निर्हेतुक एव न पुनर्भवत्कल्पनया सहेतुक इति ॥४६७॥ अत्राचार्य आह--

किं एवं ति? अह मती तत्तो च्चिय तस्स तस्स भावो उ ।
एसो चेव सहावो इमस्स णय किंचि वि पमाणं ॥ ४६८ ॥

(किमेवमिति? अथ मतिस्तत एव तस्य तस्य भावस्तु । एष एव स्वभावोऽस्य न च किंचिदपि प्रमाणम्)

किमेवं कल्पनायां भवतः फलं? नैव किंचिदितिभावः। पराभिप्रायमाशङ्कमान आह *'अह मई'* इत्यादि, अथ मतिः-तत एव-स्वहेतोरेव तस्य-घटादेस्तस्य नाशस्य भाव इति । *तुः पूरणे* । आचार्य आह-एष एव स्वभावोऽस्य घटादेर्यदुत आत्मनो विनाशे नान्यो हेतुरपेक्षणीय इत्यत्र च न च-नैव किंचित्प्रमाणं, न चाप्रमाणकमाद्रियन्ते वचो विपश्चित इति यत्किंचिदेतत् ॥४६८॥ अत्र परः प्रमाणमाह--

अत्थकिरियाएँ भावो णहि सा उप्पत्तिमन्तरेणऽन्ना ।
सा य णिरन्नयपक्खे असंगताऽतिप्पसंगाओ ॥ ४६९ ॥

(अर्थक्रियाया भावो नहि सा उत्पत्तिमन्तरेणान्या । सा च निरन्वयपक्षे असंगताऽतिप्रसंगात्)

अर्थक्रियाया भावः पूर्वोक्तस्वभावकल्पनायां प्रमाणम् । तथाहि-अर्थक्रियासामर्थ्यं सत्त्वलक्षणम्, *"अर्थक्रिया-समर्थं यत् तदेव परमार्थसदिति वचनात्"*, सा चार्थक्रिया क्षणिकवस्तुन्येव घटते नाक्षणिके, क्रमेण यौगपद्येन वा तत्र तस्या विरोधात् । तथाहि-क्रमेणार्थक्रियां कुर्वन् अक्षणिको भावः येन स्वभावेन प्रथमे क्षणे कार्यं करोति द्वितीयेऽपि क्षणे किं तेनैव किंवा स्वभावान्तरेण? तत्र यदि तेनैवेति पक्षस्ततो द्वितीयक्षणभाविनोऽपि कार्यस्य प्रथम-क्षण एव करणप्रसङ्गः, तज्जननस्वभावत्वात्, प्रथमक्षणभाविकार्यवत्, यद्वा द्वितीयेऽपि क्षणे तत्कार्यं मा कार्षीत्, तस्य स्वरूपाविशेषात्, प्रथमक्षणवत् । तस्मान्नास्य क्रमेणार्थक्रियासंभवः, नापि यौगपद्येन, प्रथमक्षण एव सकलार्थक्रिया-निष्पादने सति द्वितीये क्षणे करणस्याभावतोऽकारकत्वप्रसङ्गेन स्वभावभेदापत्तेः, तन्नाक्षणिके अर्थक्रियासामर्थ्यं सत्त्वलक्षणं घटते। तदुक्तम्- *"असन्तोऽक्षणिकास्तस्यां, क्रमाक्रमविरोधत"* इति । क्षणिकं च वस्तु उत्पत्त्यनन्तरं निर्हेतुकविनाशे सति घटते नान्यथा, ततोऽर्थक्रियाभावान्यथानुपपत्तिः पूर्वोक्तस्वभावकल्पनानिबन्धनमित्यदोषः । अत्र चार्थक्रियाभावः प्रमाणनिबन्धनत्वात् प्रमाणमित्युक्तः, कारणे कार्योपचारात् । अत्राचार्य आह-*'नहीत्यादि'* नहि सा अर्थक्रिया भवत्पक्षे उत्पत्तिमन्तरेणान्या काचित्, किंतूत्पत्तिरेव । यदुक्तम् *"भूतिर्येषां क्रिया सैव, कारकं सैव चोच्यतः"* इति । सा चोत्पत्तिर्निरन्वयपक्षे-कारणस्य निरन्वयविनाशाभ्युपगमे उत्तरस्यात्यन्तासतः असंगता, कुतः? इत्याह-अतिप्रसंगात्, खर-विषाणस्याप्युत्पत्त्यापत्तेरिति ॥४६९॥ निर्हेतुकविनाशाभ्युपगमे परस्य स्वागमविरोधं दर्शयति--

---

*ઉત્તરપક્ષ* :-જો કપાલોત્પત્તિથી ઘટનિવૃત્તિ ભિન્નસ્વરૂપવાળી ઇષ્ટ હોય, તો પૂર્વે કહેલા (ગા. ૪૬૧માં) ભેદાભેદવગેરે દોષો ઉભા થશે. તેથી ઘટનિવૃત્તિ કપાલોત્પત્તિથી એકાન્તે અન્યરૂપ નથી, પરંતુ અનુવિદ્ધ જ છે. આમ, ઘડાવગેરે પોતાના હેતુઓમાંથી એવા સ્વભાવસાથે જ ઉત્પન્ન થાય છે કે જેથી અનુપકારી એવા પણ પ્રતિનિયત મુદ્ગરવગેરે સહકારીને પ્રાપ્ત કરીને જ નિવૃત્ત થાય. કારણકે તે પ્રમાણે જ દેખાય છે. તેથી કપાલવગેરેની ઉત્પત્તિની જેમ ઘડાવગેરેની નિવૃત્તિ પણ અભિપ્રેત હેતુના અન્વય-વ્યતિરેકને અનુસરતું હોવાથી ઘટનિવૃત્તિ પણ સહેતુક જ છે, એમ સિદ્ધ થાય છે. ॥૪૬૬॥

હવે આ જ વિષયમાં બીજાના બાકી રહેલા આશયને પણ દોષિત ઠેરવવા આમ કહે છે.

*ગાથાર્થ* :- (બૌદ્ધ) ઘડો પોતાના હેતુઓમાંથી જ એવા સ્વભાવવાળો ઉત્પન્ન થાય છે કે, જેથી તે પોતાના વિનાશમાં પોતાના ઉપાદાનભૂત હેતુઓને છોડી બીજા કોઇ હેતુની અપેક્ષા રાખે નહિ, તેથી ઘડાનો વિનાશ નિર્હેતુક જ છે, નહિ કે તમારી કલ્પનામુજબ સહેતુક. ॥૪૬૭॥

અહીં આચાર્યરત્ન ઉત્તર આપે છે.

*ગાથાર્થ* :- (ઉત્તરપક્ષ) તમારી આવી કલ્પનાનું ફળ શું છે ? અર્થાત્ નિષ્ફળકલ્પના છે. કદાચ તમને એવી બુદ્ધિ થાય કે 'ઘડાનો નાશ ઘડાના હેતુઓથી જ થાય છે (એવી સિદ્ધિ જ ફળ છે.)' પણ તે બરાબર નથી. કારણકે 'ઘડાનો એવો જ સ્વભાવ હોય કે પોતાના નાશમાં બીજા હેતુની અપેક્ષા રાખવી નહિ' આ અંગે કોઇ પ્રમાણ નથી. અને સુજ્ઞ પુરુષ અપ્રમાણભૂત વચનનો આદર કરતા નથી. તેથી આ વાત તુચ્છ છે. ॥૪૬૮॥

અહીં બૌદ્ધ પ્રમાણ દર્શાવે છે.

*ગાથાર્થ* :- અર્થક્રિયાનો ભાવ (પ્રમાણ છે.) પણ (બૌદ્ધમતે) તે ઉત્પત્તિને છોડી અન્યરૂપ નથી. અને નિરન્વયપક્ષે તે અસંગત છે. કેમકે અતિપ્રસંગ છે.

*બૌદ્ધ* :- પૂર્વોક્ત સ્વભાવકલ્પનામાં અર્થક્રિયાનો ભાવ પ્રમાણભૂત છે. અર્થક્રિયાસામર્થ્ય સત્ત્વનું લક્ષણ છે. કેમકે કહ્યું જ છે કે *'જે અર્થક્રિયાસમર્થ હોય, તે જ પરમાર્થસત્ છે.'* અને આ અર્થક્રિયા ક્ષણિકવસ્તુમાં જ ઘટે છે, અક્ષણિકવસ્તુમાં નહિ. કારણકે ક્રમથી કે યુગપત્ (એક સાથે) અર્થક્રિયાનો ત્યાં (અક્ષણિકપક્ષે) વિરોધ આવે છે. તે આ પ્રમાણે ➡ અક્ષણિકભાવ ક્રમશઃ અર્થક્રિયા કરતો હોય, તો જે સ્વભાવથી પ્રથમક્ષણે ક્રિયા કરે શું તે જ સ્વભાવથી બીજીક્ષણે ક્રિયા કરે છે કે અન્ય

पाणाइवायविरई–सिक्खावतदेसणा मुहा एवं ।
निव्विसयत्ता जणगो हिंसागारि त्ति पंडिच्चं। ॥ ४७० ॥

(प्राणातिपातविरतिशिक्षाव्रतदेशना मुधा एवम् । निर्विषयत्वाद् जनको हिंसाकारीति पाण्डित्यम्)

प्राणातिपातविरतिलक्षणशिक्षाव्रतदेशना एवं–स्वहेतुत एव नाशाभ्युपगमे मुधा–वृथा प्राप्नोति, निर्विषयत्वात्, यदि हि कोऽपि विनश्येत् ततः उपपद्येत नान्यथेति। अपि च, यदि स्वोत्पादहेतुत एष नाशस्तर्हि स्वोत्पादहेतुरेव तस्य विनाशकः प्राप्तः, तथा च सति पुत्रस्य जनकः–पिता हिंसाकारी–हिंसक इत्यापतितमित्यपूर्वमहो पाण्डित्यं तव, लोकागमव्यवस्थोत्तीर्णत्वात् ॥४७०॥ तदेव भावयति––

णहि सुयजम्मे पिउणो सिद्धं लोगम्मि हिंसगो एस ।
समएवि णावि सिक्खा–वयभंगो तस्स जम्मम्मि ॥ ४७१ ॥

(नहि सुतजन्मति पितुः सिद्धं लोके हिंसक एषः । समयेऽपि नापि शिक्षाव्रतभङ्गस्तस्य जन्मनि)

नहि पितुः सकाशात् सुतस्य जन्मनि सति इदं लोके सिद्धम् *'एष'* पिता सुतस्य हिंसक इति। नापि तस्य–सुतस्य जन्मनि समयेऽपि–आगमेऽपि पितुः शिक्षाव्रतभङ्गो देशित इति ॥४७१॥ पर आह––

परिणामाओ हिसा सोऽवि कहं खणिगपक्खवायम्मि? ।
परिणमणं परिणामो जम्हाऽवत्थंतरावत्ती ॥ ४७२ ॥

(परिणामाद् हिंसा सोऽपि कथं क्षणिकपक्षपाते ? । परिणमनं परिणामो यस्मादवस्थान्तरापत्तिः)

स्यादेतत्, न जनकत्वमात्रेण हिंसा, किंतु हन्म्येनमिति चेतसि संक्लेशपरिणामात्, न चासौ पितुः सुतजन्मनि विद्यते, ततो न कश्चिद्दोष इति । तत्राह–*'सोऽवीत्यादि'* सोऽपि परिणामः कथमेकान्तक्षणिकपक्षवादे घटते?, नैव घटते इत्यर्थः, *यस्मात्कथंचिदवस्थितस्य कथंचित् पूर्वरूपत्यागेन अवस्थान्तरापत्तिः* <u>परिणाम</u> उच्यते, परिणमनं परिणाम इति शब्दान्वर्थात्, तदुक्तम्–*"तद्भावः परिणामो यत्तेन तथा भूयत इति"*। तस्मात्स कथमेकान्तक्षणिकपक्षे स्यादिति?।

---

સ્વભાવથી ? જો તેજ સ્વભાવથી એમ કહેશો, તો બીજીક્ષણે રહેલા કાર્યો પણ પ્રથમક્ષણે જ કરવાનો પ્રસંગ આવશે. કારણકે પ્રથમક્ષણે જ પ્રથમક્ષણના કાર્યની જેમ દ્વિતીયક્ષણના કાર્યો કરવાનો સ્વભાવ છે અથવા તો બીજીક્ષણે પણ સ્વરૂપમાં વિશેષ ન હોવાથી પ્રથમક્ષણની જેમ જ તે કાર્ય નહિ થાય. તેથી બન્ને રીતે અક્ષણિકની ક્રમશઃ અર્થક્રિયા સંભવતી નથી. તે જ પ્રમાણે યુગપત પણ અર્થક્રિયા ન સંભવે, કારણકે પ્રથમક્ષણે જ સઘળી અર્થક્રિયાનું નિષ્પાદન થઇ જવાથી બીજીક્ષણે કરવાનું રહેશે નહિ. અને અકારકત્વનો પ્રસંગ આવવાથી સ્વભાવભેદની આપત્તિ આવે. આમ અક્ષણિકભાવમાં અર્થક્રિયાના સામર્થ્યરૂપ સત્ત્વલક્ષણ ઘટતું નથી. કહ્યું જ છે કે *'અક્ષણિકઅર્થો અસત્ છે કેમકે ક્રમ અને અક્રમ (=યુગપત)થી અર્થક્રિયાનો વિરોધ છે.'* અને ક્ષણિક વસ્તુ ઉત્પત્તિ પછી તરત નિર્હેતુકવિનાશ પામે તો જ સંગત ઠરે અન્યથા નહિ. અર્થાત્ અક્ષણિકતા તો અસંગત છે જ, ક્ષણિકતા પણ તો જ સંગત ઠરે, જો વસ્તુ ઉત્પત્તિ પછી તરત જ બીજા કોઇ હેતુની રાહ જોયા વિના નાશ પામે. આમ અર્થક્રિયાભાવની અન્યથાઅનુપપત્તિ જ પૂર્વોક્ત નિર્હેતુકનાશ કલ્પવામાં કારણભૂત છે તેથી કોઇ દોષ નથી. અહીં અર્થક્રિયાભાવ પ્રમાણમાં કારણ હોવાથી અર્થક્રિયાભાવને જ પ્રમાણતરીકે દર્શાવવામાં કારણમાં કાર્યોપચાર કામ કરે છે.

*ઉત્તરપક્ષ* :– તમારા મતે ક્ષણિકઅર્થની આ અર્થક્રિયા ઉત્પત્તિને છોડી અન્ય કોઇ નથી. પરંતુ ઉત્પત્તિ જ છે. કહ્યું જ છે કે *'જેઓની ઉત્પત્તિ જ ક્રિયા અને કારક કહેવાઇ છે.'* અને કારણના નિરન્વયનાશપક્ષે અત્યન્ત અસત્ ઉત્તરક્ષણની આ ઉત્પત્તિ અસંગત છે. કારણકે એમ તો ગધેડાના શિંગડાની પણ ઉત્પત્તિની આપત્તિનો અતિપ્રસંગ છે. ॥૪૬૯॥

હવે નિર્હેતુકવિનાશપક્ષમાં બૌદ્ધને તેઓના જ આગમનો વિરોધ બતાવે છે.

*(બૌદ્ધમાન્ય હિંસાનું ખંડન)*

*ગાથાર્થ* :– વળી, જો સ્વહેતુથી જ વિનાશ સ્વીકારશો, તો પ્રાણાતિપાતવિરતિરૂપ શિક્ષાવ્રતની દેશના વ્યર્થ સિદ્ધ થશે. કારણકે તેનો કોઇ વિષય નહિ રહે. જો કોઇનો બીજાથી વિનાશ થતો હોય, તો આ વ્રત, અને તે અંગેની દેશના સંગત ઠરે અન્યથા નહિ. વળી, જો સ્વોત્પત્તિહેતુઓથી જ વિનાશ હોય, તો પોતાનો ઉત્પાદક જ પોતાનો વિનાશક નક્કી છે. તેથી, પિતા જ પુત્રનો હિંસક સિદ્ધ થશે. ખરેખર ગજબની તમારી પંડિતાઇ છે. કારણકે તમારી પંડિતાઇ તો લોક અને આગમવ્યવસ્થાને પણ ઉલ્લંઘી ગઇ છે. ॥૪૭૦॥

આ જ અર્થનું ભાવન કરે છે.

*ગાથાર્થ* :– પિતાદ્વારા પુત્રના જન્મ વખતે લોકોમાં એવું સિદ્ધ નથી કે 'આ (પિતા) પુત્રનો હિંસક છે.' તેમજ આગમમાં પણ એવી વાત નથી કે પુત્રના જન્મ સમયે પિતાના શિક્ષાવ્રતનો ભંગ થાય છે. ॥૪૭૧॥

અહીં બૌદ્ધ કહે છે.

*ગાથાર્થ* :– (બૌદ્ધ) જનકપણામાત્રથી હિંસા નથી, પરંતુ 'આને હણું છું' એવા પ્રકારના ચિન્તના સંક્લેશપરિણામથી જ હિંસા છે. પિતાને પુત્રના જન્મ વખતે આવો સંક્લેશપરિણામ હોતો નથી. તેથી પિતાને હિંસક થવાનો કોઇ દોષ નથી.

*ઉત્તરપક્ષ* :– એકાન્તક્ષણિકપક્ષવાદમાં આ પરિણામ પણ ઘટે કેવી રીતે ? અર્થાત્ ન જ ઘટે. કારણકે પરિણમવું એ જ 'પરિણામ'શબ્દનો અન્વર્થ છે. તેથી કથંચિદવસ્થિત રહેલી વસ્તુની પૂર્વરૂપના ત્યાગપૂર્વક ઉત્તરાવસ્થાની પ્રાપ્તિ પરિણામ કહેવાય છે. કહ્યું જ છે કે *'જે તેનાથી તે રૂપે થવાય છે તે તદ્ભાવ જ પરિણામ છે.'* તેથી આ પરિણામ એકાન્તક્ષણિકપક્ષે શી રીતે સંગત થાય?

अथोच्येत-किं तेन कथंचिदवस्थान्तरापत्तिरूपेण परिणामेन? पूर्वक्षणसामर्थ्यादेव हि तथारूपसंक्लेशपरिणामोपेतः स उत्तरक्षण उपजायते, ततस्तस्य हिंसकत्वमिति । तदप्ययुक्तम्, पूर्वक्षणादसंक्लिष्टात् केवलात् तथासंक्लेशविशिष्टोत्तर-क्षणानुपपत्तेः, अन्यथा योगिनामपि तत्प्राप्तिप्रसङ्गात् । मा भूत् केवलात् पूर्वक्षणात्, हिंस्यादिसहकारिसचिवात्तु-भविष्यतीति चेत्? न । हिंस्यादिसहकारिणः सकाशात् पूर्वक्षणस्य समकालभावितया अतिशयलाभायोगात् । अनतिशयाच्च तस्मात् हिंस्यादिसहकारिविकलादिव तथारूपसंक्लेशविशिष्टस्योत्तरक्षणस्योत्पादासंभवात् ॥४७२॥ अथ मा स्मोत्पादि पूर्वक्षणसामर्थ्यादेष तथारूपसंक्लेशपरिणामः किंतु निर्हेतुक एवासावुत्पद्यत इति, एतद्दूषयितुमाशङ्कते--

निरहेउगो तओ अह निच्चं भावो ण वा कदाचिदवि ।

तस्सेवंपि हु सिक्खावतदेसणमणुववन्नं तु ॥ ४७३ ॥

(निर्हेतुकः सकोऽथ नित्यं भावो न वा कदाचिदपि । तस्यैवमपि हु शिक्षाव्रतदेशनमनुपपन्नं तु)

अथ *'तउति'* सकस्तथारूपसंक्लेशपरिणामो निर्हेतुक इत्यत्राह-*"निच्चं भावो न वा कदाचिदवि'* यदि स परिणामो निर्हेतुकस्ततस्तस्य नित्यं भावः प्राप्नोति न वा कदाचिदपि। *"नित्यं सत्त्वमसत्त्वं वाऽहेतोरन्यानपेक्षणादिति न्यायात्"* । ततस्तस्यैवमपि प्राणातिपातविरमणलक्षणशिक्षाव्रतदेशनमनुपपन्नमेव । तुशब्द एवकारार्थः तन्न स्वहेतुत एव भावानां विनाशः किंतु मुद्गरादेरिति स्थितम्। यत्पुनरुक्तं *'विनाशहेतुः किं विनाश्यमेव कुर्यादित्यादि'* तत्र विनाश्यपक्षः केवलतदन्यभावान्तरपक्षश्चानभ्युपगमादेव न नः क्षितिमावहति। तदभावपक्षेऽपि केवलपर्युदासरूपः केवलप्रसज्यरूपो वा अनभ्युपगमेनैव तिरस्कृतः। उभयरूपाभ्युपगमे तु दोषाभावः। यदप्यत्रोक्तम्-*'तदभावमथ करोतीति पक्षस्तर्हि भावं हन्त न करोतीत्यापतितं, प्रसज्यपक्षे नञः क्रियापदेनैव संबन्धात्, अभावस्य प्रसज्यप्रतिषेधरूपस्य एकान्ततुच्छरूपतया कर्तुमशक्यत्वादिति'* । तदप्यनल्पतमोविलसितम्, अभावस्य प्रसज्यप्रतिषेधरूपस्य वस्तुधर्मतया एकान्ततुच्छरूपत्वाभावात्, एतच्च प्रागेवाभिहितमिति । चरमपक्षोऽप्यबाधक एव, अकिंचित्कराणामप्युत्पत्ताविव नाशेऽपि हेतुत्वाभ्युपगमे दोषा-भावात्। यदप्युक्तम् *'नश्वरो वा स्यादनश्वरो वेति विकल्पद्वयम्'*, तत्रानश्वरपक्षोऽनभ्युपगमादेवपास्तः । नश्वरपक्षेऽपि प्रतिनियतानुपकारिसहकारिसापेक्षत्वेन नश्वरस्वभावाभ्युपगमे दोषाभाव इति । एतेन *'न य सो हवेज्ज नियमा कयगाणवि कारणंतरावेक्खो'* इत्याद्यपि प्रत्युक्तम्। यतस्तेषामित्थंभूत एव स्वभावः स्वहेतुभ्यः समुत्पन्नो येनानुपकारिणमपि प्रतिनियतमेव सहकारिणमासाद्यावश्यं विनश्यतीति । तथा च सति न केषांचित् कृतकानामपि न विनाशः प्राप्नोति, तत्स्वभावसामर्थ्येन कारणान्तराणामवश्यमुपनिपातसंभवात् वस्तुस्वभावत्वायोगात्-अन्यथा तेषां तत्स्वभावत्वायोगात् । वस्त्रस्य तु तथास्वभावत्वाभावान्नावश्यं रागकारणोपनिपातसंभवस्तदसंभवाच्च नावश्यं रागसंभव इति। यदप्युक्तम् *'किंच सहेउ-*

---

*બૌદ્ધ :-* કથંચિદ્ અવસ્થાન્તરની પ્રાપ્તિરૂપ પરિણામથી સર્યું. પૂર્વક્ષણના સામર્થ્યથી જ તેવા પ્રકારના સંક્લેશ પરિણામથી યુક્ત ઉત્તરક્ષણ ઉત્પન્ન થાય છે. તેથી તે ઉત્તરક્ષણ હિંસક બને છે.

*ઉત્તરપક્ષ :-* આ વાત પણ નાખી દેવા જેવી છે. કેવળ અસંક્લિષ્ટપૂર્વક્ષણથી તેવાપ્રકારના સંક્લેશયુક્ત ઉત્તરક્ષણની ઉત્પત્તિ અસંગત છે. નહિતર તો યોગીઓમાં પણ અસંક્લિષ્ટપૂર્વક્ષણથી સંક્લિષ્ટઉત્તરક્ષણ ઉત્પન્ન થવાની આપત્તિ આવશે.

*બૌદ્ધ :-* માત્ર અસંક્લિષ્ટ પૂર્વક્ષણથી સંક્લિષ્ટ ઉત્તરક્ષણની ઉત્પત્તિ ભલે ન થાવ. પણ હિંસ્યવગેરે સહકારીઓના સહકારથી તો જરૂર પૂર્વક્ષણ સંક્લિષ્ટ ઉત્તરક્ષણને ઉત્પન્ન કરી શકશે.

*ઉત્તરપક્ષ :-* હિંસ્યાદિસહકારીઓ પૂર્વક્ષણના સમાનકાલીન છે. તેથી તેઓતરફથી પૂર્વક્ષણને કોઇ અતિશયનો લાભ થવાનો સંભવ નથી. અને અતિશય વિનાના અસંક્લિષ્ટપૂર્વક્ષણથી હિંસ્યાદિસહકારીથી રહિત અવસ્થાની જેમ જ તેવા પ્રકારના સંક્લેશયુક્ત ઉત્તરક્ષણની ઉત્પત્તિ સંભવે નહિ. અર્થાત્ હિંસ્યાદિસહકારીઓની હાજરી કોઇ મહત્વની નથી. ॥૪૭૨॥

'પૂર્વક્ષણના સામર્થ્યથી આ તેવાપ્રકારનો સંક્લેશપરિણામ ભલે ઉત્પન્ન ન થાઓ. પરંતુ નિર્હેતુક જ તે ઉત્પન્ન થશે'. આવી આશંકાને દૂષિત કરવા કહે છે.

*ગાથાર્થ :-* જો 'તથારૂપ સંક્લેશપરિણામ નિર્હેતુક છે' તેમ કહેશો, તો તે પરિણામ કાંતો હંમેશા રહેવો જોઇએ, કાંતો ક્યારેય પણ ઉત્પન્ન નહિ થાય. કારણકે *'જે નિત્ય સત્ કે અસત્ છે તે અહેતુક છે, અને અન્ય હેતુઓની અપેક્ષા રાખતો નથી.'* એવો ન્યાય છે. આમ આ પરિણામ નિત્યસત્ અથવા નિત્યઅસત્ થશે. આમ થાય તો પણ તેને પ્રાણાતિપાતવિરતિરૂપ શિક્ષાવ્રતની દેશના અસંગત જ ઠરે. ('તુ'પદ જકારઅર્થક છે.) તેથી પદાર્થોનો નાશ નિર્હેતુક નથી, પરંતુ મુદ્ગરવગેરે હેતુઓથી જ છે. એમ નિશ્ચય થાય છે. વળી, તમે જે 'વિનાશહેતુ શું વિનાશ્ય(ઘટવગેરે)ને જ ઉત્પન્ન કરે છે ગા.૪૦૨' ઇત્યાદિ વિકલ્પો બતાવ્યા. ત્યાં વિનાશ્યપક્ષ અને માત્ર તેનાથી ભિન્ન ભાવાંતરની ઉત્પત્તિપક્ષ તો અમને અમાન્ય હોવાથી જ દોષરૂપ નથી. તે જ પ્રમાણે વિનાશ્ય નો અભાવપક્ષ પણ માત્ર પર્યુદાસરૂપ હો કે માત્ર પ્રસજ્યરૂપ હો, અમને અમાન્ય હોવાથી જ તિરસ્કરણીય છે. વિનાશ્યનો વિનાશ અને ભાવાંતરોત્પત્તિરૂપ ઉભયરૂપ(પર્યુદાસ-પ્રસજ્યઉભયરૂપ)ના સ્વીકારમાં કોઇ દોષ નથી. વળી તમે "વિનાશ્યના અભાવને ઉત્પન્ન કરે છે તે પક્ષમાં 'ભાવ ન કરવો' એવો અર્થ થાય. કારણકે પ્રસજ્ય નિષેધનો ક્રિયાપદસાથે જ સમ્બન્ધ થાય છે. અને પ્રસજ્યપ્રતિષેધરૂપ અભાવ એકાન્તતુચ્છરૂપ હોવાથી કરવો શક્ય નથી એવો જ બકવાટ કર્યો તેમાં પણ ગાઢઅંધકારનો પ્રભાવ છે. કારણકે પ્રસજ્યપ્રતિષેધરૂપ અભાવ વસ્તુધર્મરૂપ હોવાથી એકાન્તે તુચ્છરૂપ નથી, પણ કાર્યરૂપ જ છે. આ વાત પૂર્વે કરી જ છે. 'વિનાશહેતુઓ કશું કરતા નથી' એવો છેલ્લોવિકલ્પ પણ બાધક નથી. કારણકે તમે જેમ ઉત્પત્તિમાં કશુ ન કરનારાઓને હેતુતરીકે સ્વીકાર્યા છે, તેમ નાશમાં પણ તેઓને હેતુતરીકે સ્વીકારવામાં કોઇ દોષ નથી. તથા ગા. ૪૦૯માં 'ઘટાદિ વિનાશ્યભાવ સ્વભાવથી નશ્વર છે કે અનશ્વર' એવા બે વિકલ્પ દર્શાવ્યા છે. તેમાં

*पक्खे कज्जस्स व तस्स पावई नासो । तन्नासम्मि य भावो पुव्वविणट्ठस्स भावस्स त्ति'* । तदप्यसमीचीनम्, यतो घटादिनिवृत्तिविशिष्टानामेव कपालादीनामुत्तरोत्तरकार्यरूपतया परिणामः, ततो घटादिनिवृत्तेरपि उत्तरोत्तरपर्यायधर्मरूपतया परिणममानत्वात् न कृतकत्वान्नाशापादनमस्माकं दोषाय, तथाभ्युपगमात्। न च वाच्यं तन्नाशे घटादिभावोन्मज्जन-प्रसङ्गः, यतः सा कपालसंबन्धिरूपतया विनश्यति न सर्वथा, परिणामपक्षे सर्वथा नाशाभावात्, उक्तं च-*"नार्थान्तर-गमो यस्मात्सर्वथैव न चागमः । परिणामः प्रमासिद्धः, इष्टश्च खलु पण्डितैः॥१॥* इति" इत्थं चैतदङ्गीकर्त्तव्यमन्यथा त्वत्पक्षेऽपि भावकाले तुच्छरूपस्याभावस्याभावात् तत्क्षणानन्तरं च तस्य भा(भ)वतः कादाचित्कतया भावस्येव नाशे सति पुनर्भावोन्मज्जनप्रसङ्गो दुर्निवारः। अपि च, घटाभावस्य नाशहेतुर्मृत्पिण्डपर्यायः सकलसामग्रीकोऽन्त्यावस्थाप्राप्तो, यतो य एव घटभावः स एव तदभावनाशस्ततो य एव घटस्य हेतुः स एव तदभावनाशस्यापि, घटस्य च हेतुर्यथोक्तरूपो मृत्पिण्डपर्यायः, स च घटपर्यायादूर्द्ध्वं प्रायो न भवति, ततस्तदभावात् घटाभावनाशस्याप्यभाव इति कृतं प्रसङ्गेन । तदेवं न निर्हेतुको भावानां विनाशः किंतु सहेतुकस्तथा च कुतः क्षणिकत्वमिति? ॥४७३॥ एवमन्येऽपि ये क्षणिकत्वप्रसाधनाय परिणामादयो हेतवः परैरुपन्यस्यन्ते ते सर्वेऽप्यहेतव एव द्रष्टव्याः, तथा चाह-

इय परिणामंतक्खय-दरिसणपमुहावि हेयवो सव्वे ।
एगंतखणिगपक्खे अहेतवो चेव दट्ठव्वा ॥ ४७४ ॥

(इति परिणामान्तक्षयदर्शनप्रमुखाऽपि हेतवः सर्वे । एकान्तक्षणिकपक्षेऽहेतव एव दृष्टव्याः)

इतिः-एवमुक्तनीत्या परिणामान्तक्षयदर्शनप्रमुखा अपि ये हेतव एकान्तक्षणिकपक्षे परैरुपन्यस्यन्ते ते सर्वेऽप्यहेतवो द्रष्टव्याः। तथाहि-परिणामो नाम कथंचिदवस्थितस्य कथंचित्पूर्वरूपत्यागेनावस्थान्तरापत्तिरभिधीयते। तदुक्तम्-*'परिणमणं परिणामो जम्हावत्थंतरावत्ती'* इति। तत्कथमेष क्षणिकत्वप्रसाधनायालं भवेत्? यदपि चोच्यते *"परिणामवादिभिरवश्यं भावानामतादवस्थ्यमभ्युपगन्तव्यमन्यथा परिणामायोगात्, तथा च सत्यस्माकमिष्टसिद्धिः, अतादवस्थ्यमनित्यता ब्रूम' इति-वचनादनित्यत्वसिद्धेरिति'*। तदपि बालिशजल्पितम्, अतादवस्थ्यस्य परिणामपक्षे कथंचिदेवाभ्युपगमात्, तस्य चान्वया-

---

અનશ્વરપક્ષ તો અમાન્ય હોવાથી જ ઉપેક્ષણીય છે. નશ્વરપક્ષમાં પણ પ્રતિનિયત અનુપકારીસહકારીઓને સાપેક્ષરૂપે નશ્વરસ્વભાવ સ્વીકારવામાં કોઇ દોષ નથી. વળી, કાર્યોનો પણ કારણાન્તરસાપેક્ષ નાશ થાય જ તેવો નિયમ નહિ રહે ઇત્યાદિ (ગા.૪૧૪) વચન પણ ખોટા સમજવા, કારણકે કાર્યોનો સ્વકારણોથી એવો જ સ્વભાવ ઉત્પન્ન થયો છે, કે જેથી અનુપકારી એવા પણ પ્રતિનિયત સહકારીને પ્રાપ્ત કરી અવશ્ય વિનાશ પામે છે. તેથી 'કેટલાક કાર્યો નાશ નહિ પામે' એવી આપત્તિ રહેશે નહિ. કારણકે તેવા સ્વભાવના સામર્થ્યથી કારણાન્તર(=નાશના કારણો) અવશ્ય હાજર થાય જ છે. નહિતર તો તેઓનો ઉપરોક્ત સ્વભાવ સંભવે જ નહિ. વસ્ત્રના રંગની બાબતમાં તો વસ્ત્રનો તેવો સ્વભાવ ન હોવાથી જ રંગના કારણોની અવશ્ય ઉપસ્થિતિનો સંભવ નથી. અને સંભવ ન હોવાથી જ અવશ્ય રંગ લાગવાનો સંભવ નથી. તથા *'કિંચ સહેઉ'*. (ગા.૪૭૩ વળી સહેતુકપક્ષે કાર્યની જેમ નાશનો પણ નાશ પ્રાપ્ત થાય છે, અને નાશના નાશમાં પૂર્વવિનષ્ટ ભાવનો ભાવ થવાનો પ્રસંગ છે.) ઇત્યાદિકથન પણ બરાબર નથી. કારણકે ઘટાદિ નિવૃત્તિથી યુક્ત કપાલ વગેરે જ ઉત્તર-ઉત્તર કાર્યરૂપે પરિણામ પામે છે. આમ ઘટાદિનિવૃત્તિ પણ ઉત્તર-ઉત્તરના પર્યાયના ધર્મરૂપે પરિણામ પામે છે. તેથી કૃતક(=કાર્ય) હોવાથી ઘટાદિનિવૃત્તિના નાશની આપત્તિ બતાવો, તે અમને દોષરૂપ નથી બનતી. કારણકે અમે તે સ્વીકારીએ જ છીએ. એમ ન કહેશો, કે 'તો ઘટાદિનિવૃત્તિના નાશમાં ઘડાનો પુનર્ભવ થશે' કારણકે જ્યારે કપાલ નાશ પામે છે ત્યારે ઘટનિવૃત્તિ કપાલના સંબંધીરૂપે જ નાશ પામે છે, નહિ કે સર્વથા. કારણકે પરિણામવાદમાં કશું સર્વથા નાશ પામતું નથી. કહ્યું જ છે કે *'જેથી સર્વથા અર્થાન્તરગમ(=અર્થાન્તરની પ્રાપ્તિ) નથી કે નથી સર્વથા અગમ(=અપ્રાપ્તિ) તેથી પરિણામ પ્રમાણ સિદ્ધ છે અને પંડિતોને ઇષ્ટ છે.'* આ વસ્તુ આમ સ્વીકારવી જ જોઇએ, અન્યથા તમારા પક્ષે પણ ભાવકાલે તુચ્છરૂપનો અભાવ હોવાથી અને ઉત્તરક્ષણે તેનો(=તુચ્છરૂપનો) ભાવ હોવાથી તુચ્છરૂપ કદાચિત્ક જ છે. અને તેથી ભાવની જેમ તેનો (=તુચ્છરૂપનો) પણ નાશ થવાથી ફરીથી ભાવ પ્રગટ થવાનો પ્રસંગ દુર્નિવાર્ય છે.

વળી, ઘટાભાવનો નાશહેતુ સઘળી સામગ્રીથી યુક્ત અને અંત્યઅવસ્થા પામેલો મૃત્પર્યાય જ છે. કારણકે જે ઘટભાવ છે, તે જ ઘટાભાવનો નાશ છે. તેથી ઘટના જે હેતુ હોય, તેજ ઘટાભાવનાશનો પણ હેતુ બને. અને ઘડાનો હેતુ ઉપરોક્ત મૃત્પિંડપર્યાય જ છે, તેથી તેજ ઘટાભાવનાશનો પણ હેતુ છે. પરંતુ આ હેતુ ઘટપર્યાયના ઉત્તરકાળે પ્રાય: હોતો નથી, તેથી આ હેતુના અભાવમાં ઘટાભાવના નાશનો પણ અભાવ આવશે. આમ ઘટાભાવના નાશની આપત્તિ નથી. તેથી પ્રસંગથી સર્યું. આમ ભાવોનો નાશ નિર્હેતુક નથી, પરંતુ સહેતુક જ છે. તેથી ક્ષણિકપણું અસંભવિત છે. ॥૪૭૩॥

*(બૌદ્ધદર્શિત પરિણામ-અન્તક્ષયાદિ અહેતુભૂત)*

આજ પ્રમાણે ક્ષણિકત્વની સિદ્ધિ કરવા બીજા પણ પરિણામવગેરે જે હેતુઓ બૌદ્ધોએ બતાવ્યા તે બધા પણ હેતુભૂત નથી, તેમ જ સમજવું તેથી જ કહે છે.

*ગાથાર્થ :-* આમ બૌદ્ધોએ બતાવેલા પરિણામ-અન્તક્ષયદર્શનવગેરે હેતુઓ પણ એકાન્તક્ષણિકપક્ષે અહેતુ જ છે.

'કંઇક અંશે અવસ્થિતવસ્તુ અમુકઅંશે પૂર્વપર્યાયનો ત્યાગ કરે અને અવસ્થાન્તરને પામે' એ પરિણામ કહેવાય. કહ્યું જ છે કે *'પરિણમન પરિણામ છે કારણકે અવસ્થાન્તરની આપત્તિ છે'* આવા સ્વરૂપવાળો પરિણામ ક્ષણિકત્વની સિદ્ધિમાટેશી રીતે સમર્થ બને? તથા તમે *"પરિણામવાદીઓએ અવશ્ય ભાવોનું અતાદવસ્થ્ય સ્વીકારવું પડે, કેમકે તે વિના પરિણામ સંભવે નહિ. અને અતાદવસ્થ્યના સ્વીકારમાં અમારા ઇષ્ટની સિદ્ધિ છે, કારણકે 'અતાદવસ્થ્ય જ અનિત્યતા છે એમ કહીએ છીએ' એવા વચનથી અનિત્યત્વની સિદ્ધિ થાય છે."* આવો કરેલો બાલિશ પ્રલાપ વ્યર્થ છે. કારણકે પરિણામવાદમાં કથંચિદ્

विनाभूतत्वेनैकान्तक्षणिकत्वप्रतिपन्थित्वादिति। अन्तक्षयदर्शनमपि अन्त एव क्षयसाधनायालं नादावपि । **स्यादेतत्,** यद्यादौ क्षयो नाभ्युपगम्यते ततोऽन्तेऽपि क्षयो न स्यात्, युक्तित आकालनित्यतापत्तेः, तथाहि–घटस्य वर्षदशकस्थितिस्वभावस्य प्रथमक्षणातिक्रमे तत्स्वभावनिवृत्तिर्भवति वा न वा? तत्र यद्याद्यः पक्षस्ततोऽतादवस्थ्यं, तथा च क्षणिकत्वप्रसङ्गः । अथ द्वितीयः पक्षस्तर्हि क्षणान्तरातिक्रमेऽपि स एव स्वभावो यावच्चरमक्षणेऽपि स एव स्वभावः, ततो यथा प्रथम–क्षणभाविवर्षदशकस्थितिस्वभावत्वसामर्थ्यात्तस्य वर्षदशकं यावदवस्थानमभूत् तथा चरमक्षणवर्तितत्स्वभावसामर्थ्यादन्यदपि वर्षदशकं यावत्तेनावस्थातव्यं, न्यायस्य समानत्वात्, तत्रापि चरमसमये स एव स्वभाव इत्यन्यदपि वर्षदशकं यावत्तेनावस्थातव्यं, तत्रापि चेयमेव युक्तिरित्याकालनित्यतापत्तिः, अथ चान्ते क्षयो दृश्यते, तस्मादन्तक्षयदर्शनान्यथाऽनुप–पत्त्या तस्यादावपि क्षयोऽनुमीयत इति, तदेतदयुक्तम्, वर्षदशकस्थितिस्वभावत्वेऽभिहिते सति परमार्थतो विकल्पयुगल–स्याप्रवृत्तेः, तस्य कथंचिद्वादानुयायित्वात्। तथाहि–घटः स्वहेतुभ्यो वर्षदशकस्थितिस्वभावः समुत्पन्नस्तत्कथमस्य प्रथम–क्षणमात्रातिक्रमे सति एकान्तेनातादवस्थ्यं भवेत्? प्रथमक्षणस्य वर्षदशकत्वायोगात्, कथं वा तादवस्थ्यमेव? तथा सति वर्षदशकस्थितिस्वभावत्वविरोधात्, यदि हि तस्य कथंचित् प्रतिक्षणमपचयभावेन वर्षदशकचरमक्षणे वर्षदशकस्थिति–स्वभावत्वस्य सर्वात्मना निवृत्तिर्भवति तदा तस्य तत्स्वभावत्वकल्पना कर्तुं युज्यते नान्यथा, तन्न वर्षदशक–स्थितिस्वभावत्वस्य प्रथमक्षणातिक्रमे सत्येकान्तेन निवृत्तिर्नाप्येकान्तेनानिवृत्तिः किंतु कथंचित्। तथाहि–प्रथमक्षणापेक्षया निवृत्तिः, शेषक्षणापेक्षया चानिवृत्तिरिति। एतदुक्तं भवति–वर्षदशककालस्य नियतमानत्वादेतद्वर्षदशकस्थितिस्वभावत्वं मनुष्यपर्यायवत् प्रतिक्षणमवश्यं न्यूनभावेन परिणामि । तथाहि–यदेव प्रथमे क्षणे वर्षदशकस्थितिस्वभावत्वमासीतदेव द्वितीये क्षणे प्रथमक्षणहीनवर्षदशकस्थितिस्वभावत्वरूपतयोपजातम्, एवमुत्तरक्षणेष्वपि भावनीयमिति न कश्चिद्दोष इति कृतं प्रसङ्गेन ॥४७४॥ उपसंहारमाह––

तम्हा परिणामी खलु जीवो लोगप्पमाणओ सिद्धो ।
अधुणा जहेस णाता तह सुत्तादेसतो वोच्छं ॥ ४७५ ॥

(तस्मात्परिणामी खलु जीवो लोकप्रमाणतः सिद्धः । अधुना यथैव ज्ञाता तथा सूत्रादेशतो वक्ष्ये)

**तस्मात्परिणामी खलु जीवो लोकतः प्रमाणतश्च सिद्ध इति स्थितम् ॥ (इति) परिणामित्वसिद्धिः ॥ समर्थित मूलद्वारगाथोपन्यस्तं परिणामित्वमिदानीं तु ज्ञायकत्वं समर्थयितुकामस्तदुपक्षेपं कुर्वन्नाह–'*अहुणेत्यादि*' अधुना यथा एष जीवो ज्ञाता भवति तथा सूत्रादेशतः वक्ष्ये ॥४७५॥ प्रतिज्ञातमेवाह––**

---

અતાદવસ્થ્ય જ ઈષ્ટ છે નહિકે સર્વથા. અને કથંચિદ્ અતાદવસ્થ્ય અન્વય વિના સંભવે જ નહિ. તેથી આ કથંચિદ્ અતાદવસ્થ્ય એકાન્તઅનિત્યતાનું સાધક નથી પણ બાધક છે.

તથૈવ અન્તક્ષયદર્શન પણ અન્તે ક્ષય(=નાશ)નું જ સાધક છે, નહિ કે આરંભે પણ ક્ષયનું.

*બૌદ્ધ* :– જો આદિમાં ક્ષય નહિ સ્વીકારશો, તો અન્તે પણ ક્ષય સ્વીકારી શકાશે નહિ. કારણકે યુક્તિથી સદા નિત્યતાની આપત્તિ આવશે. જૂઓ ➡ એક ઘડો દસવર્ષ રહેવાના સ્વભાવવાળો છે. હવે, ઘડાનો આ સ્વભાવ પ્રથમક્ષણ પૂર્ણ થયે નિવૃત્ત થશે કે નહિ થાય? જો 'નિવૃત્ત થશે' એમ કહેશો, તો સ્વભાવ બદલાવાથી અતાદવસ્થ્ય આવ્યું, અને તો ક્ષણિકત્વનો પ્રસંગ છે. હવે જો એમ કહેશો કે 'એ સ્વભાવ નિવૃત્તિ નહિ થાય' તો પ્રથમક્ષણવત્ બીજીક્ષણે પણ તે સ્વભાવ નિવૃત્ત નહિ થાય, યાવત્ દસવર્ષની ચરમક્ષણે પણ તે સ્વભાવ નિવૃત્ત નહિ થાય. તેથી જેમ પ્રથમક્ષણે દસવર્ષ રહેવાના સ્વભાવના સામર્થ્યથી ઘડો દસવર્ષસુધી રહ્યો, તેમ દસવર્ષની ચરમક્ષણે પણ તે જ સ્વભાવના સામર્થ્યથી બીજા પણ દસવર્ષસુધી તે ઘડો રહેશે. કારણકે ન્યાય સર્વત્ર સમાન છે. એ બીજા દસવર્ષ વીતી ગયા બાદ પણ આ જ યુક્તિથી દસવર્ષ રહેવાનો સ્વભાવ અખંડ હોવાથી ફરીથી દસવર્ષ રહેશે. આમ ઘડો સદાભાવી રહેશે. આ આપત્તિ છે પણ ઘડાનો અંતે નાશ થતો તો દેખાય છે, આમ અન્તે દેખાતા ક્ષયની અન્યથાઅનુપપત્તિ દ્વારા ઘડાનો આરંભે પણ ક્ષય થાય છે તેવું અનુમાન થાય છે.

*ઉત્તરપક્ષ* :– આ તમે પાણીમાં રવૈયો ફેરવ્યો. કારણકે જ્યારે એમ કહ્યું કે 'ઘડાનો દસવર્ષ રહેવાનો સ્વભાવ છે.' ત્યારે 'આ સ્વભાવ બીજી ક્ષણે નિવૃત્ત થશે કે નહિ' તેવા તમારા વિકલ્પયુગલને પ્રવૃત્ત થવાનો કોઈ અવકાશ જ નથી. કારણકે આ સ્વભાવ કથંચિદ્વાદ(=સ્યાદ્વાદ)ને અનુસરે છે. તે આ પ્રમાણે ➡ ઘડો પોતાના હેતુઓમાંથી દસવર્ષની સ્થિતિના સ્વભાવવાળો ઉત્પન્ન થયો. તો કેવી રીતે પ્રથમ ક્ષણ પસાર થવા માત્રથી તે એકાન્તે અતદવસ્થ થાય? પ્રથમક્ષણ કંઈ દસવર્ષરૂપ નથી. તે જ પ્રમાણે પ્રથમક્ષણના અંતે સર્વથા તદવસ્થ પણ રહેતો નથી. કારણકે પ્રથમક્ષણ પસાર થયા પછી પણ પૂર્વવત્ જ રહેતો હોય, તો તેના દસવર્ષરહેવાના સ્વભાવસાથે વિરોધ આવે. જો પ્રત્યેકક્ષણે અપચય થવાદ્વારા દસમાવર્ષના અંત સમયે દસવર્ષ રહેવાના સ્વભાવત્વની સર્વથા નિવૃત્તિ થાય, તો જ ઘડાની દસવર્ષરહેવાની સ્વભાવતા કલ્પવી યોગ્ય ઠરે, અન્યથા નહિ.આમ દશવર્ષ રહેવાના સ્વભાવત્વની પ્રથમક્ષણના અત્યયે - એકાન્તે નિવૃત્તિ પણ થતી નથી, અને એકાન્તે અનિવૃત્તિ પણ થતી નથી. પરંતુ કથંચિદ્ નિવૃત્તિ અને કથંચિદ્ અનિવૃત્તિ જ થાય છે. તે આ પ્રમાણે ➡ પ્રથમક્ષણની અપેક્ષાએ નિવૃત્તિ છે, બાકીની ક્ષણોની અપેક્ષાએ અનિવૃત્તિ. *તાત્પર્ય*:– દસવર્ષનો કાળ નિયતપ્રમાણવાળો છે. તેથી આ દસવર્ષરહેવાની સ્વભાવતા મનુષ્યપર્યાયની જેમ પ્રતિક્ષણ ન્યૂનભાવે પરિણામ પામનારી છે. તેથી પ્રથમક્ષણે જે દસવર્ષસ્થિતિસ્વભાવતા હતી, તેજ સ્વભાવતા દ્વિતીયક્ષણે પ્રથમક્ષણન્યૂનદસવર્ષસ્થિતિસ્વભાવતારૂપે પરિણામ પામે છે. આમ ઉત્તર–ઉત્તરક્ષણોઅંગે સમજવું. તેથી કોઈ દોષ સંભવતો નથી. તેથી પ્રસંગથી સર્યું. ॥૪૭૪॥

હવે ઉપસંહાર દર્શાવે છે.

णाता संवित्तीओ जीवो नहि नाणभिन्नरूवाणं ।

सा अत्थि घडादीणं तक्कज्जाऽदरिसणाउ त्ति ॥ ४७६ ॥

(ज्ञाता संवित्तेः जीवो नहि ज्ञानभिन्नरूपाणाम् । सोऽस्ति घटादीनां तत्कार्याऽदर्शनादिति)

*ज्ञाता*–ज्ञस्वभावो ज्ञानादभिन्न इति प्रतिज्ञा। *संवित्तेः*–संविदानत्वादिति व्यतिरेकी हेतुः। व्यतिरेकमेवास्य विपक्षात् साधयति *'नहीत्यादि'* न हि–यस्माद् घटादीनां ज्ञानाद्भिन्नरूपाणां *सा* संवित्तिः–संविदानताऽस्ति । कुतः? इत्याह– *'तत्कार्यादर्शनात्'* तत्कार्यस्य–पर्यालोचनापूर्वकनियतप्रवृत्तिनिवृत्त्यादिलक्षणस्यादर्शनात् इति। तस्मादयं जीवः संवित्त्युपलब्धे– र्ज्ञानादभिन्न इत्यनुमीयते। इदमुक्तं भवति–इयं संविदानता तावज्जीव एवोपलभ्यते नतु घटादौ, तद्यदि ज्ञानाद्भिन्न– रूपेऽपि जीवे स्यात् ततो घटादावपि प्रसज्येत, भेदाविशेषात्, तथा च सति सर्ववस्त्वाश्रयतया भवेत् नियताश्रयतया च व्याप्ता, ततो व्यापकानुपलब्ध्या ज्ञानाद्भिन्नरूपाद्विपक्षाद् व्यावर्त्तमाना ज्ञानाभिन्नवस्त्वाश्रयतया व्याप्यत इति विवक्षित– हेतुसाध्ययोः प्रतिबन्धसिद्धिरिति ॥४७६॥ यदुक्तं भेदाविशेषाद् घटादावपि सा प्रसज्येतेति, तत्र परः समाधानमाह–

तेसिं न तेण जोगो अन्नगुणत्तातो तेण सा नत्थि ।

अविसिट्ठे अन्नत्ते एतं पि य किंकयं एत्थ? ॥ ४७७ ॥

(तेषां न तेन योगोऽन्यत्वात् तेन सा नास्ति । अविशिष्टेऽन्यत्वे च किंकृतमत्र)

तेषां–घटादीनां न तेन–ज्ञानेन सह योगः संबन्धोऽस्ति, *अन्यगुणत्वात्,* ज्ञानं ह्यात्मनो गुणो न घटादीनां, ततस्तत् तेनैव सह संबद्धं न तु घटादिभिः, तेन कारणेन योगाभावलक्षणेन सा–संवित्तिसंविदानता न तेषां घटादी– नामस्ति, न तु ज्ञानाद्भिन्नरूपत्वेन, तन्न ज्ञानाभिन्नवस्त्वाश्रयतया संवित्तेर्व्याप्तिरिति। अत्राचार्य आह–*'अविसिट्ठे इत्यादि'* अविशिष्टे अन्यत्वे एतदपि–ज्ञानमात्मनो गुणो न घटादीनामितीदमपि अत्र–विचारप्रक्रमे किंकृतं–किन्निबन्धनं?, नैव सनिबन्धनमिति, वाङ्मात्रमेतदिति भावः ॥४७७॥ अत्र परस्य मतमाशङ्कमान आह––

अह उ सहावकतं चिय पतिणियता चेव जं गुणा लोए ।

एसो वि हु अनिमित्तो सहावपक्खो सपडिवक्खो ॥ ४७८ ॥

(अथ तु स्वभावकृतमेव प्रतिनयतैव यद्गुणा लोके । एषोऽपि हु अनिमित्तः स्वभावपक्षः सप्रतिपक्षः)

---

*ગાથાર્થ* :–આમ લોક અને પ્રમાણથી જીવ પરિણામી સિદ્ધ થાય છે. આમ પરિણામિત્વની સિદ્ધિ થઇ. તેથી મૂળગાથામાં જે પરિણામીદ્વાર બતાવેલું તેનું સમર્થન થયું.

હવે, આત્માનું જ્ઞાયકપણાનું સમર્થન કરવા, તેના ઉપક્રમના આશયથી *'અહુણા'* ઇત્યાદિ કહે છે. હવે સૂત્રના આદેશથી 'આ જીવ જ્ઞાતા છે' તેમ કહીશ...॥૪૭૫॥

*(આત્મા જ્ઞાયક છે)*

પ્રતિજ્ઞાત કરેલા જીવના જ્ઞાતૃત્વનું સૂચન કરે છે.

*ગાથાર્થ* :- 'જ્ઞસ્વભાવ(=જ્ઞાનસ્વભાવ) જ્ઞાનથી અભિન્ન છે. આ અનુમાન–પ્રતિજ્ઞાવાક્યમાં *'કારણકે સંવિદાન છે.'* એવો વ્યતિરેકી હેતુ છે. હેતુનો આ વ્યતિરેક વિપક્ષદ્વારા સૂચવે છે. *'નહિ'* ઇત્યાદિ. ઘડાવગેરે જ્ઞાનથી ભિન્ન વસ્તુઓમાં સંવિત્તિ નથી. કારણકે તેઓમાં (=ઘડાવગેરેમાં) સંવિત્તિના પર્યાલોચનપૂર્વક નિયત પ્રવૃત્તિ/નિવૃત્તિરૂપ કાર્યો દેખાતા નથી. તેથી આ જીવ સંવિત્તિની ઉપલબ્ધિથી જ્ઞાનથી અભિન્ન છે તેમ અનુમાન થાય છે. **તાત્પર્ય** :- આ સંવેદન જીવમાં જ ઉપલબ્ધ થાય છે, ઘડાવગેરે અજીવમાં નહિ. જો આ સંવેદન જ્ઞાનથી ભિન્ન એવા પણ જીવમાં હોત તો ઘડાવગેરેમાં પણ માનવાનો પ્રસંગ આવત કેમકે તે(=જ્ઞાન) જીવ અને ઘડાવગેરેથી સમાનતયા ભિન્ન છે. અને, તો સંવિત્તિ સર્વવસ્તુ(=જીવ અને જડ)નો આશ્રય કરે, તેમ માનવું પડશે. પણ વાસ્તવમાં સંવિત્તિ નિયત આશ્રયતાથી વ્યાપ્ત છે. (નિયતઆશ્રયતા વ્યાપક છે. સંવિત્તિ વ્યાપ્ય છે.) આમ વ્યાપકની અનુપલબ્ધિ છે. તેથી ભિન્નરૂપ જ્ઞાનાત્મકવિપક્ષથી વ્યાવૃત્ત થઇ સંવિત્તિ જ્ઞાનથી અભિન્ન વસ્તુરૂપ આશ્રયમાં રહેલી આશ્રયતાથી વ્યાપેલી છે. અર્થાત્ જ્યાં જ્યાં સંવિત્તિ છે ત્યાં ત્યાં જ્ઞાનભિન્ન આશ્રયતા છે. જ્યાં જ્ઞાનાભિન્ન આશ્રયતા નથી ત્યાં સંવિત્તિ પણ નથી. **તાત્પર્ય** :- સંવિત્તિ જ્ઞાનના આધારમાં રહેલી છે. હવે જો જ્ઞાન સ્વાશ્રયભૂત જીવથી એકાંતે ભિન્ન જ હોય, અને છતાં જો જીવ જ્ઞાનના આધારતરીકે ઇષ્ટ હોય, તો જ્ઞાનના આધારતરીકે જીવની જેમ ઘટવગેરેને પણ એકાન્તભેદરૂપ ન્યાયની સમાનતાથી સ્વીકારવા જોઇએ. ઘડાવગેરે જ્ઞાનથી ભિન્નરૂપે સર્વત્ર સિદ્ધ છે. અને ત્યાં સંવિત્તિ ઉપલબ્ધ થતી નથી. તેથી માત્ર જીવમાં જ ઉપલબ્ધ થતી સંવિત્તિ અન્યથા અઘટમાન થવાદ્વારા સ્વાશ્રયને જ્ઞાનથી અભિન્ન તરીકે સિદ્ધ કરે છે. આમ હેતુ અને સાધ્યવચ્ચેનો સંબંધ સિદ્ધ થાય છે. ॥૪૭૬॥

*(જ્ઞાન આત્માથી કથંચિત્ અભિન્ન)*

અહીં 'સમાનતયા ભેદ હોવાથી ઘડામાં પણ સંવિત્તિનો પ્રસંગ છે' એવું જે કહ્યું ત્યાં પૂર્વપક્ષ સમાધાન આપે છે.

*ગાથાર્થ* :- *પૂર્વપક્ષ* :- ઘડાવગેરેનો જ્ઞાનસાથે સંબંધ એટલા માટે નથી, કે જ્ઞાન તેઓના ગુણ નથી પણ આત્મારૂપઅન્યનો ગુણ છે. તેથી જ જ્ઞાન આત્માસાથે સંબદ્ધ છે, પણ ઘડાવગેરે સાથે સંબદ્ધ નથી. આમ જ્ઞાનનો ઘડાવગેરેસાથે સંબંધ ન હોવાથી જ ઘડાવગેરેને સંવિત્તિ(=સંવેદન) નથી, નહિકે ઘડાવગેરે જ્ઞાનથી ભિન્નરૂપવાળા હોવાથી. તેથી સંવેદનની જ્ઞાનાભિન્ન આશ્રયતાસાથે વ્યાપ્તિ કલ્પવાની જરૂર નથી.

*ઉત્તરપક્ષ* :- જ્ઞાન આત્મા અને ઘડાવગેરેથી સમાનતયા ભિન્ન હોય, તો પ્રસ્તુતવિચારસ્થળે 'જ્ઞાન આત્માનો જ ગુણ છે ઘડાવગેરેનો નથી' એવો નિર્ણય કરવામાં કારણ કોણ છે? અર્થાત્ કોઇ કારણ નથી. માત્ર વચનવિલાસ છે. ॥૪૭૭॥

अथोच्येत-ज्ञानमात्मनो गुणो नत्वन्येषामित्येतत् स्वभावकृतमेव-स्वभावनिबन्धनमेव, यत्-यस्मात्स्वभावत एव लोके प्रतिनियता गुणा भवन्तीति । अत्राह-एषोऽपि च-स्वभावपक्षोऽनिमित्तो-निमित्तमन्तरेण कल्प्यमानः सप्रतिपक्षः-स्वभावान्तरकल्पनाप्रसङ्गलक्षणप्रतिपक्षयुक्तः ॥४७८॥ सप्रतिपक्षत्वमेव भावयति--

एगंतेण विभिन्नं नाणं आयाउ तग्गुणो तहवि ।

एत्तोच्चिय णन्नगुणो तहासहावातो किं माणं ? ॥ ४७९ ॥

(एकान्तेन विभिन्नं ज्ञानमात्मनस्तद्गुणस्तथापि । अत एवान्यगुणस्तथास्वभावात् किं मानम्)

एकान्तेनात्मनः सकाशात् विभिन्नं ज्ञानं तथाप्येतत्तथास्वभावात्तद्गुण-आत्मगुणो न पुनरत एव भेदाविशेषात् अन्यगुणोऽपीत्यत्र किं मानं-प्रमाणं?, नैव किंचित् । ततोऽन्यगुणतयाऽपि कल्पनाप्रसङ्गात् न यथोक्तस्वभावपक्षः श्रेयानिति ॥४७९॥ यच्चोक्तम्-*'पइनियया चेव जं गुणा लोए'* इति तद्दूषयितुमाह--

पतिणियतता तु लोए गुणाण दिट्ठा निमित्तभेदेण ।

एगंतभेदपक्खे ण य जुज्जइ तमविसेसाओ ॥ ४८० ॥

(प्रतिनियतता तु लोके गुणानां दृष्टा निमित्तभेदेन । एकान्तभेदपक्षे न च युज्यते तदविशेषात्)

प्रतिनियतता तु लोके गुणानां दृष्टा निमित्तभेदेन-निमित्तविशेषेण कथंचिदभेदलक्षणेन। तथाहि-यस्य गुणस्य येन सह कथंचिदभेदोऽस्ति स तत्र प्रतिनियतो भवति, नान्यत्रेति, एकान्तभेदपक्षे चाङ्गीक्रियमाणे, चशब्दो भिन्नक्रमः स च यथास्थानं योजितः, न युज्यते तत्-प्रतिनियतताया निमित्तं किंचित्। कुत इत्याह-*'अविशेषात्'* आत्मघटादीनां ज्ञानाद्भिन्नरूपत्वेन विशेषाऽभावात् ॥४८०॥ परो भेदाविशेषेऽपि निमित्तमादर्शयति--

समवाया संबंधो तेसिं तस्सेव तेहि णणु केण ? ।

जति अन्नेणऽणवत्था अह उ सयं किन्न तेसिं पि ? ॥ ४८१ ॥

(समवायात् सम्बन्धस्तेषां तस्यैव ताभ्यांनु केन ? । यदि अन्येनानवस्थाऽथ तु स्वयं किन्न तेषमपि)

समवायात्सकाशात् यः परस्परं तयोर्ज्ञानात्मनोः संबन्धः स भेदाविशेषेऽपि प्रतिनियततायाः-ज्ञानमात्मन एव गुणो नान्येषामित्येवंरूपाया निमित्तमिति चेत्। अत्राह-*'तस्सेवेत्यादि'* तस्यैव समवायस्य ताभ्यां-समवायिभ्यां सह केन संबन्धः स्यात्? किमन्येन समवायेन किंवा स्वरूपेणैव? तत्र यद्यन्येनेति पक्षस्तर्ह्यनवस्था, तस्यापि स्वसमवायिभिः सह संबन्धस्य तदन्यसमवायबलादेव भावात्, तस्याप्यन्यत इति । अथ, *तुः पूरणे,* स्वयं स्वरूपेणेति पक्षस्ततः किन्न तयोरपि-ज्ञानात्मनोः गुणगुणिनोः स्वयं संबन्धः? किमेतदर्द्धजरतीयमिति ॥४८१॥ अत्र पराभिप्रायं दूषयितुमाह--

---

અહીં પૂર્વપક્ષના આશયની આશંકા કરતાં કહે છે.

*ગાથાર્થ* :- *પૂર્વપક્ષ* :- 'જ્ઞાન આત્માનો ગુણ જ છે, અન્યનો નહિ' એમાં સ્વભાવ જ કારણ છે. કારણકે લોકમાં સ્વભાવના જ કારણે પ્રતિનિયત ગુણો હોય છે.

*ઉત્તરપક્ષ* :- કોઈપણ પ્રકારના નિમિત્ત વિના આવા સ્વભાવની કલ્પના કરવી યોગ્ય નથી, કેમકે તે(=અનિમિત્તક સ્વભાવકલ્પના) અન્યસ્વભાવની કલ્પનાના પ્રસંગરૂપ પ્રતિપક્ષથી યુક્ત છે. ॥૪૭૮॥

સપ્રતિપક્ષપણાનું જ ભાવન કરે છે.

*ગાથાર્થ* :- આત્માથી એકાન્તે ભિન્ન હોવા છતાં જ્ઞાન તેવા સ્વભાવથી આત્માનો ગુણ છે. પણ ભેદની સમાનતા હોવા છતાં ઘડાવગેરે બીજાનો ગુણ નથી, એમ કહેવામાં કોઇ પ્રમાણ નથી. આમ તો અન્યના ગુણતરીકે પણ કલ્પના કરવાનો પ્રસંગ હોવાથી તમે કહેલો સ્વભાવપક્ષ શ્રેયસ્કર નથી. ॥૪૭૯॥

વળી ગા.૪૭૮માં 'પ્રતિનિયત જ ગુણો હોય છે.' ઇત્યાદિ જે કહ્યું તે દૂષિત કરવા કહે છે.

*ગાથાર્થ* :- લોકમાં ગુણોની જે પ્રતિનિયતતા દેખાય છે તે કથંચિદ્અભેદરૂપ નિમિત્તભેદના કારણે હોય છે. જે ગુણનો જે ગુણીસાથે કથંચિદભેદ હોય તે ગુણ તે જ ગુણીમાં પ્રતિનિયત છે અન્યત્ર નહિ. અને એકાન્તભેદપક્ષના અંગીકારમાં તો પ્રતિ-નિયતતાનું કોઇ નિમિત્ત યોગ્ય નથી. કારણકે આત્મા અને ઘટવગેરે જ્ઞાનથી ભિન્નરૂપે સમાન છે. (મૂળમાં 'ચ'પદનો અન્વય 'એકાન્તભેદપક્ષ'શબ્દ સાથે છે.) ॥૪૮૦॥

## *('સમવાય'નું ખંડન)*

અહીં પૂર્વપક્ષ સમાનતયા ભેદ હોવા છતાં જ્ઞાનના આત્મગુણ હોવામાં નિમિત્ત દર્શાવે છે.

*ગાથાર્થ* :- *પૂર્વપક્ષ* :- જ્ઞાનનો આત્માથી ભેદ અવિશેષરૂપે છે. છતાં સમવાયના કારણે તે બન્નેનો(=જ્ઞાન-આત્માનો) સંબંધ થાય છે. તેથી 'જ્ઞાન આત્માનો જ ગુણ છે અન્યોનો નહિ' એવી પ્રતિનિયતતાનું નિમિત્ત આ સમ્બન્ધ છે.

*ઉત્તરપક્ષ* :- આ સમવાયનો તે બે સમવાયી (=સમવાયવાળા-આત્મા અને જ્ઞાન)સાથે સંબંધ કોનાથી છે? શું અન્ય સમવાયથી કે સ્વરૂપથી જ? જો અન્ય સમવયથી એમ કહેશો, તો અનવસ્થાદોષ છે. કેમકે તે અન્ય સમવાયનો પણ પોતાનાસમવાયીઓસાથે સંબંધ અન્યતરસમવાયના બળથી સ્વીકારવો પડશે. અને તે અન્યતરનો વળી અન્યતમથી. આમ અનવસ્થા ચક્ર ચાલશે. હવે સમવાયનો સમવાયીઓસાથે સ્વરૂપથી સંબંધ છે તેમ કહેશો, તો જ્ઞાન-આત્મારૂપ ગુણ ગુણીનો જ સ્વયં સ્વરૂપથી જ સમ્બન્ધ કેમ ઇચ્છતા નથી? અમુકસ્થળે સ્વરૂપ સ્વીકારી અને અમુકસ્થળે ન સ્વીકારી આવો અર્ધજરતીયન્યાય કેમ પકડો છો ? ॥૪૮૧॥

सिय सो उभयसहावो अप्पाणं ते य संघडावेति ।
सपरप्पकासधम्मो तहासहावा पदीवोव्व ॥ ४८२ ॥

(स्यात् स उभयस्वभाव आत्मनां तौ च संघटयति । स्वपरप्रकाशधर्मस्तथास्वभावात् प्रदीप इव)

स्यादेतत्, समवायः उभयस्वभावः-स्वपरसंबन्धनस्वभावस्तत आत्मानं समवायिभ्यां सह तौ च-समवायिनौ परस्परं घटयति-संबन्धयति। अत्रैव दृष्टान्तमाह-*'सपरेत्यादि'* यथा प्रदीपस्तथास्वभावत्वात् स्वपरप्रकाशकरणस्वभावः तद्वदेषोऽपि समवायः स्वपरसंबन्धनस्वभाव इति न तदन्यसमवायापेक्षणेनानवस्थादोष इति ॥४८२॥ अत्राह--

ते चेव किन्न? एवं तहासहावविरहा ण माणमिह ।
न घडइ चिंतिज्जंतं तुह पक्खे दीवणातं पि ॥ ४८३ ॥

(तावेव किन्न? एवं तथास्वभावविरहान्न मानमिह । न घटते चिन्त्यमानं तव पक्षे दीपज्ञातमपि)

तावेव-ज्ञानात्मलक्षणौ गुणगुणिनौ किन्न एवं-स्वभावत एव परस्परं संबद्धौ भवतः? येन तदन्यः समवायः परिकल्प्यते इति । पर आह-*'तहासहावविरहा'* तथास्वभावविरहात्। सूरिराह-*'न माणमिह'* इह ज्ञानात्मनोः स्वत एव संबन्धे न स्वभावः समवायस्य त्वस्तीत्यत्र न किमपि मानं-प्रमाणं, न च प्रमाणमन्तरेण तत्त्वव्यवस्था,मा प्रापदतिप्रसङ्ग इति । यदपि च प्राक् दीपज्ञातमुदारितं तदपि युक्त्या चिन्त्यमानं सर्वथा तव पक्षे न घटत एव ॥४८३॥ अघटनमेव भावयति--

जमभिन्नो सपगासा सो सपरपगासगो णयाभेदो ।
तेसिं पि तुज्झ इट्ठो ता सो वि तहाविहो किह णु? ॥ ४८४ ॥

(यदभिन्नः स्वप्रकाशात् स स्वपरप्रकाशको नचाभेदः । तेषामपि तवेष्टस्ततः सोऽपि तथाविधः कथं नु)

यत्-यस्मात्स्वप्रकाशादभिन्न सन् स प्रदीपः स्वपरप्रकाशको भवति, न च तयोरपि-प्रदीपस्वप्रकाशयोस्तवाभेद इष्टः, किंतु भेदः, गुणगुणिनोर्भेदाभ्युपगमात् । *'ता'* तस्मात्*सोऽपि*-प्रदीपस्*तथाविधः*-स्वपरप्रकाशकः कथं नु स्यात्? नैव कथंचनेतिभावः ॥४८४॥ एतदेव भावयति--

दीवो वि हंत दव्वं तस्स पगासो मतो इहं धम्मो ।
एतेसिं भेदम्मि तु सो सपरपगासगो मोहो ॥ ४८५ ॥

(दीपोऽपि हन्त! द्रव्यं तस्य प्रकाशो मत इह धर्मः । एतेषां भेदे तु स स्वपरप्रकाशको मोहः)

हन्तेति वाक्यारम्भे । तदुक्तम्-*"हन्त हर्षेऽनुकम्पायां वाक्यारम्भविषादयोरिति"* । हन्त इह दीपोऽपि द्रव्यं, *तस्य*-दीपस्य पुनः *प्रकाशः*-प्रकाशत्वशक्तिर्मतो *धर्मो*-गुणस्तत *एतयोः*-दीपतत्प्रकाशयोर्भेदेऽपि । तुशब्दोऽपिशब्दार्थः । *'स दीपः स्वपरप्रकाशक'* इति यदुच्यते तन्मोहो-मोहविलसितं, प्रकाशाद्भेदाविशेषेण घटादीनामपि स्वपरप्रकाशकत्वप्रसक्तेरिति ॥४८५॥ यदुक्तम्-*'सिय सो उभयसहावो'* इति तत्रैवाभ्युच्चयेन दूषणमाह-

---

અહીં પૂર્વપક્ષના અભિપ્રાયને દૂષિત કરવા કહે છે.

*ગાથાર્થ* :- *પૂર્વપક્ષ* :- સમવાય સ્વ અને પર સમ્બન્ધનરૂપ ઉભયસ્વભાવવાળો છે. તેથી પોતાને સમવાયીઓસાથે અને એ બન્ને સમવાયીઓને પરસ્પર સંબંધિત કરે છે. અહીં દૃષ્ટાંત આ છે ➡ જેમ દીવો તથાસ્વભાવથી પોતાનો અને પરનો પ્રકાશ કરવાના સ્વભાવવાળો છે તેમ આ સમવાય પણ સ્વપરસંબન્ધનસ્વભાવવાળો છે. તેથી અન્ય સમવાયની અપેક્ષાથી આવતો અનવસ્થાદોષ રહેશે નહિ. ॥૪૮૨॥

અહીં આચાર્યવર કહે છે.

*ગાથાર્થ* :- *ઉત્તરપક્ષ* :- જ્ઞાન અને આત્મારૂપ ગુણગુણી જ સ્વભાવથી પરસ્પર સંબદ્ધ કેમ થતા નથી કે જેથી સમવાયનામના અન્યપદાર્થની કલ્પના કરો છે.

*પૂર્વપક્ષ* :- એ બેમાં તેવો સ્વભાવ નથી.

*ઉત્તરપક્ષ* :- જ્ઞાન અને આત્માના સ્વત સમ્બન્ધઅંગે સ્વભાવ નથી, અને સમવાયના સ્વતઃ સમ્બન્ધઅંગે સ્વભાવ છે એમ કહેવામાં શું પ્રમાણ છે ? કારણકે પ્રમાણ વિના તત્વનિર્ણય થઇ ન શકે, અન્યથા અતિપ્રસંગ આવે. અને સમવાયના તથાસ્વભાવની કલ્પનામાં કોઇ પ્રમાણ નથી. તથા પૂર્વે જે દીપદૃષ્ટાન્ત બતાવ્યું તે પણ યુક્તિથી વિચારતાં તમારા પક્ષે જરા પણ સંગત ઠરતું નથી. ॥૪૮૩॥

દીપદૃષ્ટાન્તની અસંગતતાનું ભાવન કરે છે.

*ગાથાર્થ* :- જો પ્રદીપ પોતાના પ્રકાશથી અભિન્ન હોય, તો જ સ્વપરપ્રકાશક થઇ શકે અન્યથા નહિ (કારણકે પ્રકાશવાનું કાર્ય પ્રકાશનું છે, તેનાથી અભિન્ન હોવાથી જ પ્રદીપનું પણ કહેવાય છે.) પરંતુ તમને પ્રદીપ-પ્રકાશવચ્ચે અભેદ નહિ પણ ભેદ ઇષ્ટ છે. કારણકે તમારા મતે ગુણ અને ગુણીવચ્ચે ભેદ છે. તેથી પ્રદીપથી ભિન્ન પ્રકાશનું પ્રદીપ તથા પરને પ્રકાશવાનું કાર્ય હોવાથી પ્રદીપને સ્વપરપ્રકાશક કહી શકાય નથી. ॥૪૮૪॥

આજ અર્થનું ભાવન કરે છે.

*ગાથાર્થ* :- ('હન્ત'અવ્યય અહીં વાક્યના આરંભઅર્થક છે. કહ્યું જ છે કે "હર્ષ, અનુકમ્પા વાક્યારંભ અને વિષાદઅર્થે 'હન્ત' અવ્યય આવે.") અહીં દીવો દ્રવ્ય છે તેનો પ્રકાશ-પ્રકાશત્વશક્તિ ધર્મ=ગુણ છે. આમ તમારા મતે દીપ-પ્રકાશ વચ્ચે ગુણ-ગુણીરૂપ ભેદ છે. ('તુ'પદ 'પણ' અર્થક છે.) છતાં 'દીવો સ્વપરપ્રકાશક છે' એવું કહેવું એ મોહરૂપ છે, કારણકે આમતો,

किंच इह ते सहावा तत्तो भिन्ना व होज्जऽभिन्ना वा? ।

भेदे तस्सत्ति कहं? एतेऽभेदे कहं दोन्नि? ॥ ४८६ ॥

(किञ्चेह तौ स्वभावौ ततो भिन्नौ वा स्यातामभिन्नौ वा? । भेदे तस्येति कथम्? एतावभेदे कथं द्वौ)

*किंच*, *इह*-विचारप्रक्रमे *तौ*-स्वपरसंबन्धनस्वभावौ *ततः*-समवायात्सकाशाद्भिन्नौ वा स्यातामभिन्नौ वा? यदि भिन्नौ ततो भेदे सति *तस्य*-समवायस्यैतौ स्वभावाविति संबन्धः कथं स्यात्? नैव कथंचनापि । संबन्धनिबन्धनस्य समवायान्तरस्यानवस्थाभयादनभ्युपगमात् । अथाभिन्नौ ततः समवायमात्रमेव, न तौ, तदव्यतिरिक्तत्वात्, तत्स्वरूपवत् । तथाहि-*'अभेदे कहं दोन्नि'* अभेदे सति कथं द्वौ-समवायतत्स्वभावद्वयलक्षणौ कथं भवतः? नैव कथंचन, स्वभावयोः समवाये अन्तर्भूतत्वात् ॥४८६॥ अन्यच्च, *"अयुतसिद्धानामाधार्याधारभूतानां 'इह' इति प्रत्ययहेतुर्यः संबन्धः स समवाय"* इति वचनादिहेति बुद्धिगम्यः समवाय इष्यते, सोऽप्यनैकान्तिक इति दर्शयन्नाह--

समवाइसु समवातो इह बुद्धी जह विणा तयं इट्ठा ।

इय जीवे णाणमियं ण हवइ णणु केण कज्जेणं ? ॥ ४८७ ॥

(समवायिषु समवाय इह बुद्धिर्यथा विना तकमिष्टा । इति जीवे ज्ञानमियं न भवति ननु केन कार्येण?)

यथा *तकं*-समवायं विना इह-समवायिषु समवाय इतीह बुद्धिरिष्टा। *इतिः*-एवमिह-जीवे ज्ञानमितीयमपि इह बुद्धिः समवायं विना केन *कार्येण*-केन कारणेन न भवति? भवत्येवेति भावः । तुल्ययोगक्षेमत्वात् । तदेवमास्तां तावत्स्वरूपतश्चिन्त्यमानः समवायो न घटते, इहप्रत्ययगम्यतयापि न घटत इत्युपपादितम् ॥४८७॥ सांप्रतमुपसंहारमाह-

एवं समवातोऽवि हु चिंतिज्जंतो न सव्वहा घडइ ।

ता गुणगुणिणो सिद्धो संवेदणओ अभेदोवि ॥ ४८८ ॥

(एवं समवायोऽपि हु चिन्त्यमानो न सर्वथा घटते । तस्माद् गुणगुणिनो सिद्धः संवेदनतोऽभेदोऽपि)

*एवम्*-उक्तेन प्रकारेण समवायोऽपि *'हु'* निश्चितं गुणानां प्रतिनियताधारताया निमित्तं परैः परिकल्पितश्चिन्त्यमानः सर्वथा न घटते । तस्मात् *गुणगुणिनोः*-ज्ञानात्मलक्षणयोः *संवेदनतः*-प्रतिनियताधारतान्यथानुपपत्तिलक्षणयुक्तिमूलानुभवादभेदोऽपि कथंचित्सिद्ध इति स्थितम् ॥४८८॥ अत्र परस्य मतमाशङ्कमान आह--

सिय करणमेव नाणं आता कत्त त्ति चेव भेदो तु ।

नहि वासिवड्ढईणं इहं अभेदो कहंचिदवि ॥ ४८९ ॥

(स्यात् करणमेव ज्ञानमात्मा कर्त्तेति एव भेदस्तु । नहि वासिवर्द्धक्योरिह भेदः कथञ्चिदपि)

**स्यादेतत्, ज्ञानं करणमेव, आत्मा तु कर्त्ता, इतिः एवं कर्तृकरणभावेन ज्ञानात्मनोर्भेद एव । तुशब्द** एवकारार्थः। भेदमेव कर्तृकरणयोर्दृष्टान्तेन साधयन्नाह-*'नहीत्यादि'* नहि वासिवर्द्धक्योरिह-जगति अभेदः कथंचिदपि भवति,

---

ઘડાવગેરે પણ સમાનતયા પ્રકાશથી ભિન્ન હોવાથી તેઓને પણ સ્વપરપ્રકાશક કહેવાની આપત્તિ આવશે. ॥૪૮૫॥

તમે ગા.૪૮૨માં જે કહ્યું કે 'સમવાય ઉભયસ્વભાવવાળો છે' ઇત્યાદિ, ત્યાં પણ અભ્યુગમથી દૂષણ બતાવે છે.

*ગાથાર્થ* :- વળી, પ્રસ્તુતવિચારમાં તે બે સ્વપરસમ્બન્ધસ્વભાવો સમવાયથી ભિન્ન છે કે અભિન્ન ? જો ભિન્ન હોય, તો 'સમવાયના તે બન્ને સ્વભાવ છે.' એવો સમ્બન્ધ શી રીતે સંભવે? અર્થાત્ ન જ સંભવે. કારણકે સમ્બન્ધમાં કારણ તરીકે અન્ય સમવાયની કલ્પના અનવસ્થાદોષના ભયથી જ સ્વીકારી નથી. અને જો તે સ્વભાવો સમવાયથી અભિન્ન જ હોય, તો સમવાયમાત્ર જ બાકી રહે છે, તે બન્ને નહિ. કારણકે તે બન્ને સમવાયથી અવ્યતિરિક્ત છે. જેમકે સમવાયનું સ્વરૂપ. (સમવાયનું સ્વરૂપ સમવાયથી અભિન્ન હોઇ અલગ નથી – સમવાયરૂપ જ છે. તેમ તે બન્ને સ્વભાવો પણ સમવાયથી અભિન્ન હોય, તો અલગરૂપ ન બનતા સમવાયરૂપ જ રહે.) આમ અભેદપક્ષે સમવાય અને તેના બે સ્વભાવ એમ બે વસ્તુ કેવી રીતે રહે ? અર્થાત્ ન જ રહે, કારણકે તે બન્ને સ્વભાવનો સમવાયમાં જ અન્તર્ભાવ થઇ જાય. ॥૪૮૬॥

વળી, નૈયાયિક/વૈશેષિકો સમવાયની આવી વ્યાખ્યા કરે છે. *"અપૃથગ્રૂપ સિદ્ધ થયેલા અને પરસ્પર આધાર/આધેય ભાવ ધરાવતા ભાવોમાં 'ઇહ (=અહીં આ)' પ્રત્યય(=સંવેદન) થવામાં કારણભૂત જે સમ્બન્ધ છે, તે સમવાય છે."* આ વ્યાખ્યાના બળપર 'ઇહ' એવી બુદ્ધિથી ગમ્ય સમવાયપદાર્થ ઇષ્ટ છે. આ કલ્પના પણ અનૈકાન્તિક છે, તેમ દર્શાવતા કહે છે.

*ગાથાર્થ* :- તમને સમવાય વિના પણ 'આ સમવાયીઓમાં સમવાય' એવી ઇહબુદ્ધિ ઇષ્ટ છે. (અન્યથા પૂર્વોક્ત અનવસ્થાદોષ ઉભો થાય.) એજ પ્રમાણે 'આ જીવમાં જ્ઞાન' એવી પણ ઇહબુદ્ધિ સમવાય વિના ક્યા કારણે ન થાય ? અર્થાત્ થઇ જ શકે. કારણકે ઉભયસ્થળે(સમવાય અને જ્ઞાનસ્થળે) તુલ્યયોગક્ષેમ છે. આમ 'સ્વરૂપથી વિચારતા સમવાય અસંગત છે' એ વાત જવા દો પણ 'ઇહપ્રત્યયગમ્યરૂપે પણ સમવાય અસંગત છે' તેમ સિદ્ધ કર્યું. ॥૪૮૭॥

હવે ઉપસંહાર બતાવે છે.

*ગાથાર્થ* :- આમ ઉપર કહ્યું તેમ બીજાઓએ ગુણોના પ્રતિનિયતઆધારતાના નિમિત્તતરીકે કલ્પેલો સમવાય પણ વિચારતા અવશ્ય અસંગત ઠરે છે. તેથી પ્રતિનિયતઆધારતાની અન્યથા અનુપપત્તિરૂપ યુક્તિના મૂળથી ઉદ્ભવેલા અનુભવથી જ્ઞાન આત્મારૂપ ગુણ-ગુણીનો કથંચિદ્ અભેદ પણ સિદ્ધ થાય છે. ॥૪૮૮॥

*(કર્તા-કરણ વચ્ચે અભેદનો સંભવ)*

અહીં પૂર્વપક્ષના આશયની આશંકા કરતા કહે છે.

*ગાથાર્થ* :- *પૂર્વપક્ષ* :- જ્ઞાન કરણ (=સાધકતમ સાધન) છે અને આત્મા કર્તા છે. આમ જ્ઞાન-આત્મા વચ્ચે ભેદ જ

किंतु भेद एव, स च कर्तृकरणभावनिबन्धनः, कर्तृकरणभावश्च ज्ञानात्मनोरप्यविशिष्ट इत्यत्रापि भेद एवेति भावः ॥४८९॥ अत्राह--

तं खलु बज्झं करणं नाणं पुण अंतरं ति वेधम्मं ।
न य अपरिणओ उ तहा अगेण्हिउं तीं अयं घडति ॥ ४९० ॥

(तत्खलु बाह्यं करणं ज्ञानं पुनरांतरमिति वैधर्म्यम् । न चापरिणतस्तु तथाऽगृहीत्वा तामयं घटयति )

*तत्*-खलु वासिलक्षणं करणं बाह्यं, ज्ञानं पुनरान्तरमतो दृष्टान्तदार्ष्टान्तिकयोर्वैधर्म्यम्। यदि हि किंचित्करणमान्तरमेकान्तेन भिन्नमुपदर्श्येत ततः स्यात् दृष्टान्तदार्ष्टान्तिकयोः साधर्म्यं, न च तत्तथाविधमस्ति। न च बाह्यकरणगतो धर्म्मः सर्वोऽप्यान्तरे योजयितुं शक्यते, अन्यथा 'दीपेन चक्षुषा देवदत्तः पश्यती'त्यत्रापि दीपादिवच्चक्षुषोऽप्येकान्तेन देवदत्तस्य भेदः स्यात् । तथा च सति लोकप्रतीतिविरोधः । अपि च, साध्यविकलोऽपि वासिवर्द्धकिदृष्टान्त इत्यावेदयन्नाह-*'नय इत्यादि'* न च अयं वर्द्धकिस्तथा काष्ठमिदमनया वास्या घटिष्ये इत्येवं वासिग्रहणपरिणामेनापरिणतः सन् *'तीति'* तां वासिमगृहीत्वा घटयति, किंतु तथापरिणतस्तां गृहीत्वा ॥४९०॥ ततः किमित्याह--

परिणामे पुण एगत्थ-साहगत्तस्सऽभेदओ किह णु ।
जुज्जइ इमं जमुत्तं ण तेसिंऽभेदो कहंचिदवि? ॥ ४९१ ॥

(परिणामे पुनरेकार्थसाधकत्वस्याभेदतः कथं नु । युज्यते इदं यदुक्तं न तेषामभेदः कथंचिदपि?)

*परिणामे*-यथोक्तस्वरूपे सति पुनरेकार्थसाधकत्वस्य-विवक्षितकाष्ठघटनलक्षणैकार्थकारकत्वस्याभेदतो वासिरपि तस्य काष्ठस्य घटने व्याप्रियते पुरुषोऽपीत्येवंलक्षणतः कथं नु इदं युज्यते? यदुक्तम् *'न तेसिंऽभेदो कथंचिदवि इति?'* नैव कथंचन । अभेदस्याप्येकार्थकारितया तयोर्भावात् ॥४९१॥

इय नाणगहणपरिणामभावतो अत्तणो गहो जेण ।
सो चेव किन्न नाणं तुल्लम्मि तदनुभ(ब्भु)वगमम्मि? ॥ ४९२ ॥

(इति ज्ञानग्रहणपरिणामभावत आत्मनो ग्रहो येन । स एव किन्न ज्ञानं तुल्ये तदभ्युपगमे)

*इतिः*-एवं वासिग्रहणवत् येन ज्ञानग्रहणपरिणामभावतो विवक्षितमर्थमनेन ज्ञास्यामीत्येवं ज्ञानग्रहणपरिणामभावेनात्मनो ग्रहो ज्ञानस्य भवति स-एवं परिणामस्तुल्ये-बोधरूपतया समाने *'तदभ्युपगमे'* तस्य परिणामस्याभ्युपगमे, बोधरूपे तस्मिन्नभ्युपगम्यमाने इत्यर्थः, किन्न ज्ञानमिष्यते बोधरूपतया? तत एव सकलविवक्षितार्थसिद्धेः स एव ज्ञानतया अभ्युपगन्तुं युक्त इति भावः । तथा च सत्यात्मनः कथंचिदभिन्नं ज्ञानं सिद्धमिति ॥४९२॥ अपि च,--

इय कत्तिकरणभावे कज्जं संवित्तिलक्खणं कत्थ? ।
जति जीवे कहमन्नं नाणं तदभिन्नरूवं तु? ॥ ४९३ ॥

(इति कर्तृकरणभावे कार्यं संवित्तिलक्षणं कुत्र? । यदि जीवे कथमन्यद् ज्ञानं तदभिन्नरूपं तु)

---

છે. ('તુ'પદ જકારઅર્થક છે.) કર્તા અને કરણવચ્ચેના ભેદની સિદ્ધિમાં વાસી=સુથારનું ઓજાર વિશેષ (બસૂલ અથવા રંધો) અને સુથાર નું દૃષ્ટાન્ત છે. અહીં રંધા સુથારવચ્ચે જરા પણ અભેદભાવ નથી, પરંતુ ભેદ જ છે. આ ભેદ કર્તા-કરણભાવના કારણે જ છે અને તે તો જ્ઞાન અને આત્માવચ્ચે પણ સમાનતયા છે. તેથી જ્ઞાન અને આત્માવચ્ચે પણ ભેદ જ છે. ॥૪૮૯॥

અહીં આચાર્યરત્ન ઉત્તર આપે છે.

*ગાથાર્થ* :-*ઉત્તરપક્ષ* :- વાંસલું (=બસૂલ રંધો,) બાહ્ય કરણ છે, જ્યારે જ્ઞાન આંતરિક કરણ છે. આમ દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક વચ્ચે મહત્ત્વની અસમાનતા છે. જો તમે એવું કોઇ આંતરિક કરણ આત્મારૂપ કર્તાથી એકાન્તભિન્ન દર્શાવ્યું હોત, તો જરૂર દૃષ્ટાન્ત-દાર્ષ્ટાન્તિકવચ્ચે સમાનતાના બળે કરણ-કર્તાવચ્ચે એકાન્તભેદ સિદ્ધ થાત. પણ તેવું કોઇ આંતરિકકરણ નથી વળી બાહ્યકરણગત બધા જ ધર્મો આંતરકરણમાં પણ યોજવા શક્ય નથી. નહિતર તો "દીવાથી આંખદ્વારા દેવદત્ત જૂએ છે" વગેરેસ્થળે દીવાવગેરેની જેમ આંખને પણ દેવદત્તથી એકાન્તભિન્ન માનવાની આપત્તિથી લોકપ્રતીતિસાથે વિરોધ આવે.

વળી, રંધા-સુથારનું દૃષ્ટાન્ત એકાન્તભેદરૂપ સાધ્યથી વિકલ(=રહિત) છે તે દર્શાવવા કહે છે. *'નય ઇત્યાદિ'* સુથાર 'આ રંધાથી આ લાકડાને આ પ્રમાણે ઘડીશ' એવા પરિણામથી પરિણત થયા વિના અને (વાસંલાને) રંધાને ગ્રહણ કર્યા વિના લાકડાને ઘડતો નથી, પરંતુ તેવા પરિણામથી પરિણત થઇ અને રંધો લઈને જ લાકડાને ઘડે છે. ॥૪૯૦॥

'તેથી શું થાય ?' તે બતાવે છે.

*ગાથાર્થ* :- આમ ઉપરોક્તપરિણામના કારણે સુથાર-રંધામાં અભિપ્રેતકાષ્ઠઘટનરૂપ એકાર્થકારકતાનો અભેદ છે. કારણ કે રંધો પણ તે લાકડાને ઘડવા પ્રવૃત્ત થાય છે અને સુથાર પણ. તેથી તમે 'સુથાર-રંધાવચ્ચે જરા પણ અભેદ નથી' એવું જે કહ્યું તે કેવી રીતે સંગત ઠરે? અર્થાત્ જરાયે સંગત નથી. કારણકે તે બન્નેવચ્ચે એકાર્થકારિતારૂપે અભેદ પણ રહ્યો છે. ॥૪૯૧॥

*ગાથાર્થ* :- આમ રંધાના ગ્રહણની જેમ જ આત્માના 'હુ અભિપ્રેત અર્થને આનાથી જાણીશ' આવા પ્રકારનાં જ્ઞાનગ્રહણપરિણામથી જ જ્ઞાન ગ્રહણ થાય છે. આમ દાર્ષ્ટાન્તિકસ્થળે પણ જ્ઞાનાત્મક કરણગ્રહણનો પરિણામ છે જ. આમ ઉભયસ્થળે પરિણામ બોધરૂપે સમાન છે. તેથી પરિણામને બોધરૂપે સ્વીકારતા હો, તો જ્ઞાનને બોધરૂપ કેમ સ્વીકારતા નથી? કારણકે તેથી જ સકળ અભિપ્રેત અર્થની સિદ્ધિ છે. અર્થાત્ આ પરિણામ જ જ્ઞાનતરીકે સ્વીકર્તવ્ય છે. અને તો જ્ઞાન આત્માથી કથંચિદ્ અભિન્ન સિદ્ધ થશે જ. ॥૪૯૨॥

इतिः-एवं वासिवर्द्धकिवत् आत्मज्ञानयोः कर्तृकरणभावे सति कार्यं संवित्तिलक्षणं कुत्र स्यात्? किं जीवे उत विषये? तत्र यदि जीवे ततः कथमात्मनो ज्ञानमन्यत् स्यात्? नन्वेवं तत्तदभिन्नरूपमेव स्यात्, संवित्तिपरिणामस्यैव ज्ञानशब्दवाच्यत्वात्, तस्य च जीवादभिन्नत्वात् । तु ॥४९३॥

अह विसए णणु एवं कहमिह जीवस्स अणुहवो लोए ? ।
अह तत्तो च्चिय भेदे कहं ण अन्नस्स तदभेदा? ॥ ४९४ ॥

(अथ विषये ननु एवं कथमिह जीवस्यानुभवो लोके । अथ तत एव भेदे कथं नान्यस्य तदभेदात्)

अथ विषये कार्यं संवित्तिलक्षणमिष्यत नन्वेवं तर्हि कथमिह जगति प्रतिप्राणि प्रसिद्धो जीवस्यानुभवः स्यात्? नैव कथंचन, तस्य विषयेऽभ्युपगमात् । अथ तत एव विषयाज्जीवस्याप्यनुभवो भवतीतीष्यते । तत्राह-*'भेदे इत्यादि'* भेदे सति कथं न अन्यस्याविवक्षितस्य पुंसो भवति? तस्यापि स्यादेवेति भावः । कुतः इत्याह-'*तदभेदात्*'तस्य भेदस्याभेदाद्-अविशेषात् ॥४९४॥ अभ्युपगम्याप्येतत् दोषान्तरमाह--

तत्तोवि जइ तइ तम्मि हंत एवंपि सा णहि ण णाणं ।
तब्भावम्मि य चिंतं आता णाणाउ अन्नो त्ति ॥ ४९५ ॥

(ततोऽपि यदि सका तस्मिन् हन्त एवमपि सा नहि न ज्ञानम् । तद्भावे च चिन्त्यमात्मा ज्ञानादन्य इति)

*ततोऽपि*-विषयादपि यदि *'तई त्ति'* सका संवित्तिरनुभवापरपर्याया तस्मिन्-विवक्षितजीवे संभवतीतीष्यते, हन्त एवमपि, हन्तेति परस्य स्वपक्षव्यवस्थापने दुःस्थितस्याऽनुकम्पायाम्,*"हन्त हर्षेऽनुकम्पायामिति"* वचनात्, नहि सा संवित्तिर्न ज्ञानं, किंतु ज्ञानमेव । ज्ञानं संवित्तिरनुभव इत्यादिशब्दानां पर्यायत्वात् । तद्भावे च-ज्ञानभावे च एतत् चिन्त्यं आत्मा ज्ञानादन्य इति ॥४९५॥ अत्र परस्याभिप्रायमाशङ्कते--

सिय कत्तिकरणभावो अभेदपक्खम्मि जुज्जई किह णु? ।
वेढेइ अही अत्ताणमत्तणा चेव जह लोए ॥ ४९६ ॥

(स्यात् कर्तृकरणभावोऽभेदपक्षे युज्यते कथं नु । वेष्टयति अहिरात्मानमात्मनैव यथा लोके)

**स्यादेतत्,** ज्ञानात्मनोरभेदपक्षे सति कथं नु कर्तृकरणभावो युज्यते? नैव कथंचन, तस्य भेदाधिष्ठानत्वादितिभावः । अत्राचार्य आह-'*वेढेइ*'त्यादि यथा लोके-'वेष्टयत्यहिरात्मानमात्मने'त्यत्राभेदेऽपि कर्तृकरणभावो भवति, तद्वत् ज्ञानात्मनोरपि भविष्यतीति ॥४९६॥ पर आह---

परिकप्पितो तु एसो अह णो तक्कज्जदरिसणातो उ ।
णय सेलक्खंभादो वेढणमिह कप्पणाए वि ॥ ४९७ ॥

(परिकल्पितस्तु एषोऽथ नो तत्कार्यदर्शनात्तु । न च शैलस्तम्भादौ वेष्टनमिह कल्पनायामपि)

तुशब्दो हेतौ । अथोच्येत-यस्मादेषोऽहेः कर्तृकरणभावः परिकल्पितस्ततो न कश्चिद्दोषः । परिकल्पितस्य परमार्थतोऽसत्त्वात् । अत्राह-*'नोइति'* यदेतदुक्तं तन्न? कुतः? इत्याह-'*तत्कार्यदर्शनात्*' तत्कार्यस्य-कर्तृकरणभावकार्यस्य वेष्टनलक्षणस्य दर्शनात् । यदि पुनरिह कर्तृकरणभावः कल्पितः स्यात् ततः कथं तस्मात्परमार्थसत् वेष्टनलक्षणं कार्यं भवेत्? वस्तुसतो हि वस्तुसत उत्पत्तिर्नावस्तुसतः, तथाचाह-*'न येत्यादि'*। चो यस्मादर्थे । न यस्मादिहजगति

---

*ગાથાર્થ* :- વળી, આમ રંધો-સુથારની જેમ આત્મા-જ્ઞાનવચ્ચે જો કર્તા-કરણભાવ હોય, તો સંવેદનરૂપ કાર્ય ક્યાં થશે? જીવમાં કે વિષયમાં ? જો જીવમાં થતું હોય, તો આત્માથી જ્ઞાન અન્ય શી રીતે થાય? અર્થાત્ જ્ઞાન આત્માથી અભિન્ન જ રહે. કારણ કે 'સંવેદન પરિણામ' જ જ્ઞાનશબ્દથી વાચ્ય છે. અને તે જીવથી અભિન્ન છે. ('તુ' જકારઅર્થક છે.) ॥૪૯૩॥

*ગાથાર્થ* :- હવે જો તમે વિષયમાં સંવેદનરૂપ કાર્ય સ્વીકારશો, તો આ જગતમાં દરેક વ્યક્તિમાં પ્રસિદ્ધ એવો જીવને થતો સંવેદનનો અનુભવ ઘટશે શી રીતે ? અર્થાત્ જરા પણ નહિ ઘટે. કારણકે આ અનુભવ વિષયમાં સ્વીકાર્યો છે.

*પૂર્વપક્ષ* :- એ વિષયથી જ જીવને પણ અનુભવ થાય છે તેમ ઇષ્ટ છે.

*ઉત્તરપક્ષ* :- આમ અનુભવ વિષયમાં છે, તેથી હોવાથી તેનો જીવથી ભેદ હોવાથી અભિપ્રેતપુરુષની જેમ અન્યને પણ તે સંવેદન કેમ નહી થાય ? અર્થાત્ અન્યને પણ થવું જોઇએ. કારણકે સંવેદનથી ભેદ સર્વત્ર અવિશેષરૂપે છે. ॥૪૯૪॥

'વિષયમાં સંવેદનકાર્ય થાય છે. અને તેમાંથી જીવને થાય છે.' તેમ સ્વીકારીએ તો પણ એક બીજો દોષ ઉભો છે.

*ગાથાર્થ* :- ('હન્ત'પદ પૂર્વપક્ષની સ્વપક્ષવ્યવસ્થાપનઅંગે દયનીયતા જોઇ અનુકંપાસૂચક છે કહ્યું જ છે કે "હન્ત" પદ હર્ષ અને અનુકંપાઅર્થે છે.) 'અનુભવ'અપરનામક આ સંવિત્તિ વિષયપરથી જીવમાં થતી હોય, તો પણ તે સંવિત્તિ જ્ઞાન નથી એમ નથી, પરંતુ જ્ઞાનરૂપ જ છે. કારણકે 'જ્ઞાન' 'અનુભવ' 'સંવિત્તિ'વગેરે શબ્દો પરસ્પર પર્યાયવાચી છે. અને સંવિત્તિ જ્ઞાનરૂપ હોઇ, 'આત્મા જ્ઞાનથી ભિન્ન છે' એ વાત ચિંતનીય છે. અર્થાત્ વ્યાજબી નથી. ॥૪૯૫॥

અહીં પૂર્વપક્ષના આશયની આશંકા કરે છે.

*ગાથાર્થ* :- *પૂર્વપક્ષ* :- જ્ઞાન-આત્માવચ્ચે જો અભેદભાવ હોય, તો તે બન્નેવચ્ચે કર્તૃકરણભાવ શી રીતે સંગત થાય ? અર્થાત્ ન જ થાય, કારણકે કર્તૃ-કરણભાવ ભેદમાં અધિષ્ઠિત છે.

*ઉત્તરપક્ષ* :- 'લોકમાં સાપ પોતાનાથી જ પોતાને વીંટાળે છે' આ સ્થળે જેમ અભેદમાં પણ કર્તૃકરણભાવ છે તેમ જ્ઞાન અને આત્માવચ્ચે પણ સમજવું ॥૪૯૬॥

અહીં પૂર્વપક્ષ કહે છે.

शैलस्तम्भादौ कर्तृकरणभावस्य कल्पनायामपि तत्कार्य वेष्टनलक्षणमुपपद्यते । तस्माद्राहेः कर्तृकरणभावः परिकल्पितः । यथा चेहाभेदेऽपि कर्तृकरणभावोऽपरिकल्पितस्तथा ज्ञानात्मनोरपि द्रष्टव्यः ॥४९७॥ एतदेवोपसंहरति--

तम्हा तहाविहाणेगचित्तपरिणामभावतो सिद्धो ।
अणुहवपामन्ना कत्तिकरणभावो अभेदे वि ॥ ४९८ ॥

(तस्मात्तथाविधानेकचित्रपरिणामभावतः सिद्धः । अनुभवप्रामाण्यात् कर्तृकरणभावोऽभेदेऽपि)

*तस्माद्*-अनुभवप्रामाण्यात् ज्ञानात्मनोरभेदेऽपि तथाविधाऽनेकचित्रपरिणामभावतः कर्तृकरणभावः सिद्ध इति स्थितम् ॥४९८॥ साम्प्रतं ज्ञानविचारप्रकरणानुरोधादज्ञानिकमतमपाचिकीर्षुस्तन्मतं तावदुपन्यस्यन्नाह--

अन्ने भणंति नाणं परलोगविबाहगं विगाणातो ।
न य निच्छयस्स हेऊ तम्हा अन्नाण मो सेयं ॥ ४९९ ॥

(अन्ये भणन्ति ज्ञानं परलोकविबाधकं विगानात् । न च निश्चयस्य हेतुस्तस्मादज्ञानमेव श्रेयः)

अन्ये भणन्ति-यस्मात् ज्ञानं *विगानात्*-विप्रतिपत्तेः परलोकविबाधकम् । तथा, इदं सम्यग्ज्ञानं न मिथ्येत्येवं यो निश्चयः न च तस्यापि निश्चयस्य कश्चिद्धेतुरस्ति । तस्मादज्ञानमेव श्रेयो न ज्ञानमिति ॥४९९॥ तत्र विगानतः परलोकविबाधकं (इति) भावयन्नाह--

अन्नेण अन्नहादेसियम्मि भावम्मि नाणगव्वेण ।
कुणइ विवादं कलुसियचित्तो तत्तो य से बंधो ॥ ५०० ॥

(अन्येनान्यथादेशिते भावे ज्ञानगर्वेण । करोति विवादं कलुषितचित्तस्ततश्च तस्य बन्धः)

अन्येन पुंसा अन्यथा देशिते सति भावे ज्ञानी ज्ञानगर्वेण कलुषितचित्तः सन् विवादं करोति, *ततश्च*-तस्माच्च चित्तकालुष्यात् *'से'* तस्य ज्ञानिनो बन्धोऽशुभकर्मणां भवति, तथा च परलोकव्याघात इति ज्ञानं परलोक-विबाधकम् ॥५००॥ यच्चोक्तम्-*'न य निच्छयस्स हेउत्ति'* तत्समर्थयमान आह-

सव्वे वि मिहो भिन्नं नाणं इह नाणिणो जओ बेंति ।
तीरइ न तओ काउं विणिच्छओ एयमेवं त्ति ॥ ५०१ ॥

(सर्वेऽपिमिथ्ते भिन्नं ज्ञानमिहं ज्ञानिनो यतो ब्रुवन्ति । तीर्यते न ततः कर्तुं विनिश्चयः एतदेवमिति)

सर्वेऽपि-ज्ञानिनो *मिथः*-परस्परं यतो-यस्मात् ज्ञानं भिन्नमेव ब्रुवन्ति, ततो न विनिश्चयः कर्तुं शक्यते, यथा एतत् ज्ञानम् एवं सम्यक् मिथ्या वे(चे)ति ॥५०१॥ एतदेव भावयति--

तव्विसयदरिसणातो जुज्जइ एसो ण तं च पारोक्खे ।
संवेदणमेत्तेण तु पडिपक्खनिसेहणमजुत्तं ॥ ५०२ ॥

(तद्विषयदर्शनात् युज्यते एष न तच्च पारोक्षे । संवेदनमात्रेण तु प्रतिपक्षनिषेधनमयुक्तम्)

---

*ગાથાર્થ* :- ('તુ'પદ હેતુદર્શક છે.) *પૂર્વપક્ષ* :- સાપનો આ કર્તૃકરણભાવ પરિકલ્પિત છે. વાસ્તવિક નથી. તેથી ભેદમાં કર્તૃકરણભાવના નિયમને કોઇ દોષ નથી. કારણકે પરિકલ્પિતવસ્તુ પરમાર્થથી અસત્ હોય છે.

*ઉત્તરપક્ષ* :- આ વાત યોગ્ય નથી. કારણકે સાપમાં કર્તૃ-કરણભાવનું વેષ્ટન(=વીંટળાવું)રૂપ કાર્ય સાક્ષાત દેખાય જ છે. જો કર્તૃકરણભાવ કલ્પનામાત્ર જ હોય, તો તેનાથી પારમાર્થિકવેષ્ટનરૂપ કાર્ય થવું જોઈએ નહિ. કારણકે વસ્તુસત્(=પારમાર્થિક સત્)માંથી જ વસ્તુસત્ની ઉત્પત્તિ સંભવે છે નહિકે અવસ્તુસત્(=અપારમાર્થિક)માંથી. ('ચ'પદ હેતુદર્શક છે.) વળી, અહીં પથ્થરના થાંભલાવગેરેમાં કર્તૃ-કરણભાવની કલ્પના કરીએ, તો પણ વેષ્ટનરૂપ કાર્ય થતું દેખાતું નથી. તેથી સાપનો કર્તૃ-કરણ ભાવ કાલ્પનિક નથી અને જેમ અહીં અભેદમાં પણ કર્તૃકરણભાવ વાસ્તવિક છે, તેમ જ્ઞાન-આત્માઅંગે પણ સમજવું. ॥૪૯૭॥

આજ અર્થનો ઉપસંહાર કરતા કહે છે.

*ગાથાર્થ* :- તેથી અનુભવપ્રમાણના બળપર જ્ઞાન-આત્માવચ્ચે અભેદમાં પણ તેવા પ્રકારના અનેક વિચિત્ર પરિણામના કારણે કર્તૃ-કરણભાવ સિદ્ધ છે, તેમ નિર્ણય થાય છે. ॥૪૯૮॥

*(અજ્ઞાનવાદીનો મત)*

હવે જ્ઞાનવિચારના પ્રકરણના અનુરોધથી અજ્ઞાનવાદીમતનું ખંડન કરવાના આશયથી તે મતની રજુઆત કરે છે.

*ગાથાર્થ* :- *અજ્ઞાનવાદી* :- જ્ઞાન વિવાદના કારણે પરલોકનું બાધક છે. તથા 'આ જ્ઞાન સમ્યગ્ છે મિથ્યા નથી' એવા પ્રકારનો નિશ્ચય કરાવનારુ કોઇ કારણ નથી. તેથી અજ્ઞાન જ શ્રેયસ્કર છે, જ્ઞાન નહિ. ॥૪૯૯॥

અહીં 'વિવાદના કારણે પરલોકનું બાધક છે' એવું કહ્યું તેનું ભાવન કરતાં કહે છે.

*ગાથાર્થ* :- અન્ય પુરુષે કોઇ ભાવ અન્યરૂપે કહ્યો હોય, ત્યારે જ્ઞાની જ્ઞાનના ગર્વથી મલિનઆશયવાળો થઇ વિવાદ કરે છે. આ મલિનઆશયથી તે જ્ઞાનીને અશુભકર્મનો બંધ થાય છે. તેથી પરલોક બગડે છે. તેથી જ્ઞાન પરલોકનું બાધક છે.॥૫૦૦॥

વળી ગા.૪૯૯માં જે કહ્યું કે "સમ્યગ્જ્ઞાનના નિશ્ચયનો કોઇ હેતુ નથી" તે કથનનું સમર્થન કરતાં કહે છે.

*ગાથાર્થ* :- બધા જ જ્ઞાનીઓ પરસ્પર ભિન્ન જ જ્ઞાન કહે છે. તેથી એવો નિશ્ચય કરવો શક્ય નથી, કે 'આ જ્ઞાન સાચું છે કે ખોટું ' ॥૫૦૧॥

આ જ વાત બતાવે છે.

*तद्विषयदर्शनात्*–ज्ञानविषयदर्शनात् एष–ज्ञानस्य सम्यक्त्वमिथ्यात्वविषयो निश्चयः कर्तुं युज्यते नान्यथा, न च तद्विषयदर्शनं *परोक्षे*–परोक्षविषये ज्ञानेऽस्तीति, तद्विषयस्य परोक्षत्वादेवेति। स्यादेतत्, मा भूत् तद्विषयदर्शनं, तथापि यत् युक्त्या घटते तत् सम्यक् ज्ञानमितरच्च मिथ्याज्ञानमिति व्यवस्था भविष्यतीति । अत आह–*'संवेयणेत्यादि'* संवेदनमात्रेण युक्तिमात्रकृतेन प्रतिपक्षनिषेधनमयुक्तं, युक्तीनामुभयत्रापि प्रायः समानत्वात्, तासां पुरुषप्रतिभामात्रापेक्षत्वात् ॥४०२॥ अत्रैव सूरेरभिप्रायमाशङ्कमान आह––

जं सव्वण्णुवदेसा जायइ अह तं मयं सुविन्नाणं ।

तब्भावे किं माणं बहुएसु य एस एव त्ति ? ॥ ५०३ ॥

(यत् सर्वज्ञोपदेशाद् जायतेऽथ तन्मतं सुविज्ञानम् । तद्भावे किं मानं बहुषु च एष एवेति ?)

**अथोच्येत**–यत् ज्ञानं सर्वज्ञोपदेशाज्जायते तन्मतं सुविज्ञानं शेषं तु मिथ्याज्ञानमिति। **अत्राह**–*'तब्भावेत्यादि'* ननु तद्भावे–सर्वज्ञसत्तायां किं मानं–प्रमाणं? भवतु तद्भावस्तथापि बहुषु–कपिलबुद्धवर्द्धमानस्वाम्यादिषु मध्ये एष एव वर्धमानस्वामिलक्षणः सर्वज्ञो नत्वितर इत्यत्रापि किं मानं–प्रमाणं? नैव किंचिदित्यभिप्रायः ॥५०३॥

पुनरप्यत्राचार्याभिप्रायमाशङ्कते–

देवागमादियं चेव विसेसलिंगं ण एत्थ वि पमाणं ।

साहारणं च तं पि हु भावम्मि वि तदुवदेसम्मि ॥ ५०४ ॥

(देवागमादिकमेव विशेषलिङ्गं नात्रापि प्रमाणम् । साधारणं च तदपि हु भावेऽपि तदुपदेशे)

देवागमादिकमादिशब्दाच्चमरादिविभूत्यादिपरिग्रहः विशेषलिङ्गं सर्वज्ञविशेषावगमनिमित्तमिति चेत्। **अत्राह** *'ण एत्थ वि पमाणं'* नात्रापि–देवागमादौ किंचित् प्रमाणं, नहि देवागमादिकं तस्यासीदित्यत्र किंचित् प्रमाणमस्ति, भवेद्वा प्रमाणं, तथापि नेदं देवागमादिकं सर्वज्ञविशेषावसायलिङ्गम् । यत **आह**–*'साहारणं च तं पि हु इति'* तदपि–देवागमादिकं तदन्यमायाविनामपि साधारणं–समानम्, उक्तं च **भावत्कैरपि**–*"देवागमनभोयानचामरादिविभूतयः। मायाविष्वपि दृश्यन्ते, नातस्त्वमसि नो महान्॥१॥"* इति। तस्मान्न देवागमादिकमपि सर्वज्ञविशेषावसायलिङ्गम् । अत्रैवाभ्युच्चयेनाह–*'भावम्मि वि तदुवएसम्मि'* भावेऽपि देवागमादीनां सर्वज्ञविशेषावसायलिङ्गत्वस्य, तदुपदेशे–विवक्षितवर्द्धमानस्वाम्यादिसर्वज्ञ–विशेषोपदेशे किं प्रमाणं? यथाऽयं वर्द्धमानस्वाम्युपदेशो नत्वन्यकृत इति। नैवात्र किंचित् प्रमाणमिति भावः ॥५०४॥

अभ्युपगम्याप्येतत् दूषणान्तरमाह––

णातेवि तदुवदेसे एसेवत्थो मउ त्ति से कह णु? ।

नज्जइ चित्तत्था खलु जं सद्दा समइयाणेगे ॥ ५०५ ॥

(ज्ञातेऽपि तदुपदेशे एष एवार्थो मत इति तस्य कथं नु? । ज्ञायते चित्रार्थाः खलु शब्दाः समयिता अनेके)

ज्ञातेऽपि तदुपदेशे–विवक्षितवर्द्धमानस्वाम्यादिसर्वज्ञविशेषस्य संबन्धित्वेनोपदेशे तस्य–उपदेशस्य एष एवार्थो मतो

---

*ગાથાર્થ* :– જ્ઞાનના વિષયના દર્શનથી જ જ્ઞાનના સમ્યક્ત્વ કે મિથ્યાત્વઅંગેનો નિર્ણય કરવો યોગ્ય છે અન્યથા નહિ. અને પરોક્ષવિષયકજ્ઞાનમાં એ જ્ઞાનનો વિષય પરોક્ષ હોવાથી, વિષયનું દર્શન શક્ય નથી.

*શંકા* :– વિષયના દર્શન વિના પણ 'જે યુક્તિથી ઘટે તે સમ્યગ્ અને બાકીનું મિથ્યાજ્ઞાન' આમ નિશ્ચય થઇ શકે છે.

*સમાધાન* :– માત્ર યુક્તિના આધારે થતાં સંવેદનમાત્રથી આમ પ્રતિપક્ષનો નિષેધ કરવો વ્યાજબી નથી. કારણકે બેધારી તલવાર જેવી યુક્તિઓ તો ઉભયપક્ષે પ્રાયઃ સમાનરૂપે હોય છે. કારણકે યુક્તિને સત્યસાથે લેવા દેવા નથી, એ તો બસ બોલનાર પુરુષની માત્ર પ્રતિભાની જ અપેક્ષા રાખે છે. ા૫૦૨ા

અહીં આચાર્યના અભિપ્રાયની આશંકા કરતા કહે છે.

*શંકા* :– સર્વજ્ઞના ઉપદેશથી જે જ્ઞાન થાય તે સુવિજ્ઞાન=સમ્યગ્જ્ઞાન છે. બાકીનું મિથ્યાજ્ઞાન છે.

*સમાધાન* :– સર્વજ્ઞના અસ્તિત્વમાં પ્રમાણ શું છે ? અર્થાત્ કોઇ પ્રમાણ નથી. અથવા તો ભલે સર્વજ્ઞ હો, છતાં પણ કપિલ, બુદ્ધ, વર્દ્ધમાનસ્વામી વગેરે ઘણાઓની મધ્યમાં 'આ વર્ધમાનસ્વામી જ સર્વજ્ઞ છે બીજા નહિ' એવા નિર્ણયમા શું પ્રમાણ છે ? અર્થાત્ કોઇ પ્રમાણ નથી. ા૫૦૩ા

ફરીથી અહીં આચાર્યના અભિપ્રાયની આશંકા કરે છે.

*ગાથાર્થ* :– *શંકા* :– દેવોનું આગમન, ચામરવગેરે વિભૂતિઆદિ સર્વજ્ઞવિશેષના બોધમાં નિમિત્તભૂત લિંગ છે.

*સમાધાન* :– દેવોના આગમનવગેરે વિભૂતિમાં કોઇ પ્રમાણ નથી. 'વર્ધમાનસ્વામીપાસે દેવો આવતા હતા' એવું કહેવામાં કોઇ પ્રમાણ નથી. અને કદાચ પ્રમાણ હોય, તો પણ આ દેવાગમનવગેરે કંઇ સર્વજ્ઞવિશેષના જ્ઞાનમાં લિંગ ન બને. કારણકે આ દેવતાગમવગેરે તો અન્ય માયાવીઓ માટે સમાનતયા સંભવે. તેથી જ તમારા પક્ષકારોએ પણ કહ્યું છે *"દેવોનું આગમન, આકાશમાં યાન(=ગમન અથવા વાહન) સિંહાસન, ચામરવગેરે વિભૂતિઓ તો માયાવિઓમાં પણ દેખાય છે,* તેથી તું(=ભગવાન) એટલામાત્રથી(=તેવી બાહ્ય વિભૂતિમાત્રથી) અમારે મન મહાન નથી. (પણ આભ્યંતર સિદ્ધિથી મહાન છે.) ા૧ા" તેથી દેવોનું આગમનવગેરે પણ સર્વજ્ઞવિશેષના બોધમાં લિંગ નથી. અહીં જ અભ્યુચ્ચયથી કહે છે *'ભાવમ્મિ વિ તદુ'* અથવા દેવાગમનવગેરે સર્વજ્ઞવિશેષના બોધમાં ભલે લિંગ હો છતાં અભિપ્રેત વર્ધમાનસ્વામીઆદિ સર્વજ્ઞવિશેષના ઉપદેશમાં જેમકે "વર્ધમાનસ્વામીએ જ આ ઉપદેશ આપ્યો છે બીજાએ નહિ" તેમાં શું પ્રમાણ છે ? અર્થાત્ કોઇ પ્રમાણ નથી. ા૫૦૪ા

અથવા 'અભિપ્રેત ઉપદેશ વર્ધમાનસ્વામીનો જ છે' તેવો નિર્ણય થાય, તેમ માનીએ તો પણ બીજું દૂષણ આ છે.

नेत्वन्य इति कथं नु ज्ञायते? नैव कथंचन, यस्मादनेके शब्दाः समयिताः सन्तो लोके खलु चित्रार्थाः-नानार्थाः श्रूयन्ते । तस्मान्न तदुपदेशस्य विवक्षितार्थनियमनिश्चय इति ॥५०५॥ अत्र परः सूरेर्मतमाशङ्कमान आह--

अह तत्तो सवणाओ आयरियपरंपरा इदाणिं पि ।

सवणे वि तव्विवक्खा णहि छउमत्थस्स पच्चक्खा ॥ ५०६ ॥

(अथ ततः श्रवणादाचार्यपरंपरादिदानीमपि । श्रवणेऽपि तद्विवक्षा नहि छद्मस्थस्य प्रत्यक्षा)

अथोच्येत-तदात्वे तत एव-सर्वज्ञात् साक्षात् श्रवणादर्थनियमनिश्चय इदानीं त्वाचार्यपरंपरकात् । अत्र दूषणमाह-'*सवणेवीत्यादि*' न हि यस्मात्ततः साक्षात् श्रवणेऽपि तद्विवक्षा-तस्य सर्वज्ञस्य विवक्षा छद्मस्थस्य प्रत्यक्षा, तस्य (तस्या) अतीन्द्रियत्वात्, छद्मस्थस्य चातीन्द्रियार्थदर्शित्वाभावात् ॥५०६॥ यदि न तद्विवक्षा छद्मस्थस्य प्रत्यक्षा ततः किमित्याह--

तदभावम्मि य नज्जइ कहमिदमेसो इमस्सऽभिप्पातो? ।

तस्साणुवादकरणे मिलक्खुणातं फुडं चेव ॥ ५०७ ॥

(तदभावे च ज्ञायते कथमिदमेषोऽस्याभिप्रायः? । तस्यानुवादकरणे म्लेच्छज्ञातं स्फुटमेव)

तदभावे च-तद्विवक्षाप्रत्यक्षत्वाभावे च कथमिदं ज्ञायते एषोऽस्य सर्वज्ञस्याभिप्राय इति? नैव कथंचन। ततश्चेत्थमभिप्रायपरिज्ञानाभावे तस्य-सर्वज्ञोपदेशस्य आचार्यपरंपरकेणानुवादकरणे-अनुवादे क्रियमाणे स्फुटमेवेह म्लेच्छ-ज्ञातमुपढौकते ॥५०७॥ एतदेव भावयति--

मिलकखू अमिलक्खुस्स जहा वुत्ताणुभासए ।

ण हेउं से वियाणेइ भासियं तऽणुभासइ ॥ ५०८ ॥

(म्लेच्छोऽम्लेच्छस्य यथोक्तानुभाषकः । न हेतुं तस्य विजानाति भाषितं त्वनुभाषते)

यथा म्लेच्छः-अनार्यदेशोद्भवोऽम्लेच्छस्य-आर्यदेशोत्पन्नस्योक्ताऽनुभाषकः सन् न *हेतुं*-प्रवृत्तिनिमित्तं '*से*' तस्योक्तस्य विजानाति भाषितं तु--उक्तं तु केवलमनुभाषते ॥५०८॥

एवमन्नाणिया णाणं वदंता वि सयं सयं ।

निच्छयत्थं न याणंति मिलक्खुव्व अबोधिए ॥ ५०९ ॥

(एवमज्ञानिका ज्ञानं वदन्तोऽपि स्वकं स्वकम् । निश्चयार्थं न जानन्ति म्लेच्छ इवाबोधितः)

एवमज्ञानिका अपि स्वकं स्वकं ज्ञानं-सम्यग्ज्ञानं वदन्तो निश्चयार्थ-परमार्थ न जानन्ति म्लेच्छ इवाऽबोधितः---शब्दार्थमनवगमित इति । अत्र यद्यपि कदवलेपादात्मानं ते ज्ञानिनमभिमन्यन्ते तथापि ते परमार्थेनाऽज्ञानिन एवेति पराभिप्रायं दर्शयितुमज्ञानिका इत्युक्तम् । तदेवं हेत्वभावेन सम्यग्ज्ञानस्य निश्चयाऽसंभवात् संभवे वा विप्रतिपत्तिहेतुतया परलोकप्रतिपन्थित्वात् न तत् श्रेय इत्युपपादितम् ॥५०९॥ सांप्रतमत्रैवाभ्युच्चयेन दूषणमाह--

---

*ગાથાર્થ* :- અભિપ્રેત વર્ધમાનસ્વામીઆદિ સર્વજ્ઞવિશેષનો જ આ ઉપદેશ છે તેવું જ્ઞાન થાય તો પણ 'તે ઉપદેશનો આ જ અર્થ સંગત છે, અન્ય નહિ' તે કેવી રીતે જાણી શકાય ? અર્થાત્ જાણી શકાય નહિ. કારણકે આ જગતમાં સંકેત કરેલા અનેક શબ્દો અનેક વિચિત્ર અર્થવાળા સંભળાય છે. તેથી 'સર્વજ્ઞના ઉપદેશનો અમુક જ અભિપ્રેત અર્થ છે અન્ય નહિ' તેવા નિયમનો નિર્ણય થઇ શકે તેમ નથી. ॥૫૦૫॥

અહીં આચાર્યના આશયની આશંકા કરતા અજ્ઞાનવાદી કહે છે.

*ગાથાર્થ :- શંકા* :- સર્વજ્ઞકાળે તે સર્વજ્ઞપાસેથી જ સાક્ષાત્ શ્રવણ કરવાથી અને હાલ આચાર્યોની પરંપરાથી અર્થ નિર્ણય થાય છે.

*સમાધાન* :- અહીં દૂષણ આ છે ➡ સર્વજ્ઞ પાસેથી સાક્ષાત્ શ્રવણ કરવા છતાં એ શબ્દો પાછળ સર્વજ્ઞની કઇ વિવક્ષા છે તે છદ્મસ્થને પ્રત્યક્ષથી જ્ઞાત થતું નથી. કારણકે વિવક્ષા અતીન્દ્રિય છે, અને છદ્મસ્થ અતીન્દ્રિય અર્થ જોવા સમર્થ નથી. ॥૫૦૬॥

સર્વજ્ઞની વિવક્ષા છદ્મસ્થને પ્રત્યક્ષ ન હોય તેથી શું ? તે બતાવે છે.

*ગાથાર્થ* :- સર્વજ્ઞની વિવક્ષા પ્રત્યક્ષ ન હોય, તો આ કેવી રીતે જાણી શકાય કે 'સર્વજ્ઞનો અભિપ્રાય છે?' અર્થાત્ ન જ જાણી શકાય. આમ અભિપ્રાયના જ્ઞાન વિના સર્વજ્ઞના ઉપદેશનો આચાર્યની પરંપરા અનુવાદ કરે તો સ્પષ્ટ જ મ્લેચ્છ નું દૃષ્ટાન્ત લાગુ પડે છે. ॥૫૦૭॥

આ દૃષ્ટાન્તનું ભાવન કરે છે.

*ગાથાર્થ* :- મ્લેચ્છ=અનાર્યદેશમાં જન્મેલી વ્યક્તિ. અમ્લેચ્છ=આર્યદેશમાં થયેલી વ્યક્તિ. જેમ મ્લેચ્છ અમ્લેચ્છે કહેલાનો અનુવાદ કરતીવખતે તે કથનના પ્રવૃત્તિનિમિત્તને જાણતો નથી, માત્ર કથનનું જ અનુભાષણ કરે છે. ॥૫૦૮॥

*ગાથાર્થ* :- આમ મ્લેચ્છની જેમ શબ્દાર્થને નહિ જાણતા અજ્ઞાનીઓ પણ પોતપોતાના જ્ઞાનને સમ્યગ્તરીકે વર્ણવે છે પણ પરમાર્થને જાણતા નથી. અહીં જોકે ખોટા અહંકારથી તેઓ પોતે જ્ઞાની હોવાનું અભિમાન રાખે છે, છતાં પણ તેઓ પરમાર્થથી અજ્ઞાની જ છે. એવો પર(=અજ્ઞાનવાદી)ના આશયને છતો કરવા 'अज्ञानिका' એમ કહ્યું. આમ હેતુનો અભાવ હોવાથી સમ્યગ્જ્ઞાનના નિશ્ચયનો અસંભવ છે. અને સંભવ હોય તો પણ વિવાદનો હેતુ બનતું હોવાથી જ્ઞાન પરલોકવિરોધી છે. તેથી જ્ઞાન શ્રેયસ્કર નથી, એમ નક્કી થયું ॥૫૦૯॥

जं चाऽकज्जायरणे पवत्तमाणस्स जायई तिव्वो ॥
परिणामो नाणिस्सा तत्तो बंधो वि तिव्वो त्ति ॥ ५१० ॥

(यच्चाकार्याचरणे प्रवर्त्तमानस्य जायते तीव्रः । परिणामो ज्ञानिनस्ततो बन्धोऽपि तीव्र इति)

यच्च-यस्माच्च ज्ञानिनोऽकार्याचरणे प्रवर्त्तमानस्य सततस्तीव्रः परिणामो जायते, नहि जानतोऽकार्ये तीव्राभिष्वङ्गमन्तरेण प्रवृत्तिर्भवतीति । तस्माच्च तीव्रपरिणामाद्बन्धोऽप्यशुभकर्मणां तीव्रो भवति ॥५१०॥ अपि च,

नाणी वि कुणइ पावं नूणं ता एयमेव सेयं ति ।
लोगस्स विपरिणामं जणयंतो बंधई कम्मं ॥ ५११ ॥

(ज्ञान्यपि करोति पापं नूनं तस्मादेतदेव श्रेय इति । लोकस्य विपरिणामं जनयन् बध्नाति कर्म)

यदि ज्ञानं भवत् अवश्यं पापान्निवृत्तिं कारयेत् ततः श्रेयो, यावता *ज्ञान्यपि*-ज्ञानवानपि पापं करोति *'ता'* तस्मात् ज्ञाने सत्यपि विशेषाभावात् नूनमेतदेवाऽज्ञानमेव श्रेय इति । अन्यच्च, यदा ज्ञानवानप्यकार्ये प्रवर्त्तते तदा लोकस्य परलोकास्तिक्यादिविषये विपरिणामो जायते-यदि हि परलोकादिकं किंचित् स्यात्, ततः कथमेष ज्ञानवानपीत्थं प्रवर्त्तते? इति । विपरिणामं च लोकस्येत्थं जनयन् प्रभूतमशुभं कर्म्म बध्नाति । तन्न ज्ञानं प्रेक्षावतामुपादातुमुचितमिति ॥५११॥ एतदेवोपसंहरन्नाह-

तम्हा परलोगसमुज्जयस्स भिक्खुस्स असढभावस्स ।
चरणोवघायगेणं नाणेण अलमसंगस्स ॥ ५१२ ॥

(तस्मात् परलोकसमुद्यतस्य भिक्षोरशठभावस्य । चरणोपघातकेन ज्ञानेनालमसङ्गस्य)

तस्मात् परलोकसमुद्यतस्य भिक्षोरशठभावस्यासंगस्य विगानतश्चित्तकालुष्यापादकतया चरणोपघातकेन ज्ञानेनालं पर्याप्तमिति ॥५१२॥ अत्राचार्य आह--

नाणनिसेहणहेतू नाणं इतरं व होज्ज? जइ नाणं ।
अब्भुवगमम्मि तस्सा कहन्नु अन्नाण मो सेयं ? ॥ ५१३ ॥

(ज्ञाननिषेधनहेतुः ज्ञानमितरद्वा भवेत्? यदि ज्ञानम् । अभ्युपगमे तस्य कथं नु अज्ञानं श्रेयः )

आस्तां तावदन्यत्-येन ज्ञानं निषिध्यते स ज्ञाननिषेधनहेतुः किं ज्ञानं वा स्यात् इतरत्-अज्ञानं वा? तद्यदि ज्ञानमिति पक्षस्ततोऽवश्यं तदभ्युपगन्तव्यं, तस्य चाऽभ्युपगमे सति कथं नु उच्यते *'न ज्ञानं श्रेयः'?* ज्ञानस्यैवेत्थं श्रेयस्तापत्तेः ॥५१३॥

अह अन्नाणं ण तयं णाणनिसेहणसमत्थमेवं पि ।
अप्पडिसेहातो च्चिय संसिद्धं नाणमेव त्ति ॥ ५१४ ॥

(अथाज्ञानं न तकत् ज्ञाननिषेधनसमर्थमेवमपि । अप्रतिषेधादेव संसिद्धं ज्ञानमेवेति)

अथाज्ञानं ज्ञाननिषेधनहेतुरिति पक्षस्तदप्ययुक्तं, यस्मान्न *तकत्*-अज्ञानं ज्ञाननिषेधनसमर्थम्, अज्ञानस्य साधकबाधकत्वायोगात् । तत *एवमपि*-अज्ञानलक्षणद्वितीयपक्षाभ्युपगमेऽपि अप्रतिषेधादेव ज्ञानं संसिद्धमेव। एवकारो भिन्नक्रमः स च यथास्थानं योजितः ॥५१४॥ यदपि च विगानतः परलोकविबाधकत्वं भावयताऽभिहितम्-*'अन्नेण अन्नहादेसियम्मि इत्यादि'*, तत्र प्रतिविधानमाह--

---

હવે અહીં જ અભ્યુચ્ચયથી દૂષણ બતાવે છે.

*ગાથાર્થ* :- વળી, જ્ઞાની અકાર્યમાં પ્રવૃત્ત થાય, તો તેને તીવ્ર પરિણામ ઉભો થાય છે. કારણકે તીવ્ર આસક્તિ વિના જાણતાની અકાર્યમાં પ્રવૃત્તિ થાય નહિ. અને આ તીવ્ર પરિણામથી અશુભકર્મોનો બન્ધ પણ તીવ્ર થાય છે. ||૫૧૦||

*ગાથાર્થ* :- વળી, જો પ્રાપ્ત થતું જ્ઞાન પાપમાંથી નિવૃત્ત કરાવતું હોય, તો સારું છે, પરંતુ જ્ઞાની પણ પાપ કરે છે, આમ જ્ઞાન હોવા છતાં કોઇ વિશેષતા આવતી ન હોય તો તો અજ્ઞાન જ સારુ છે. વળી, જ્યારે જ્ઞાની પણ અકાર્યમાં પ્રવૃત્ત થાય છે, ત્યારે લોકોને પરલોકના અસ્તિત્વવગેરેઅંગે વિપરિણામ થાય છે કે "જો પરલોક જેવું કંઇક હોત, તો આ જ્ઞાની હોવા છતાં કેમ આ પ્રમાણે (અયોગ્ય) વર્તે ? અર્થાત્ પરલોક જેવું કંઇ લાગતું જ નથી" લોકોમાં આમ વિપરિણામ પ્રગટાવતો તે વિપુલ પ્રમાણમાં અશુભ કર્મ બાંધે છે. તેથી વિચારશીલ વ્યક્તિએ જ્ઞાનનું ઉપાદાન ન કરવું જ ઉચિત છે. ||૫૧૧||

આ જ વાતનો ઉપસંહાર કરતા કહે છે.

*ગાથાર્થ* :- તેથી પરલોકમાટે સારી રીતે ઉદ્યમશીલ થયેલા, અશઠ(=અમાયાવી)ભાવવાળા અને સંગરહિતના સાધુને વિવાદના કારણે ચિત્તમાં મલિનતા પેદા કરાવી ચારિત્રને ઉપઘાત લગાડનાર જ્ઞાનથી સર્યું. ||૫૧૨||

*(અજ્ઞાનવાદનું ખંડન)*

અજ્ઞાનવાદીના આ વિસ્તૃત પૂર્વપક્ષનો આચાર્યવર ઉત્તર આપે છે.

*ગાથાર્થ:- ઉત્તરપક્ષ* :- બીજી વાત જવા દો. જેનાથી તમે જ્ઞાનનો નિષેધ કરો છો, તે જ્ઞાનનિષેધનો હેતુ શું જ્ઞાન છે કે ઇતર-અજ્ઞાન છે? જો "જ્ઞાન છે" એવો પક્ષ લેશો, તો અવશ્ય તમારે જ્ઞાનનો અભ્યુપગમ કરવો પડશે. અને જ્ઞાનનો અભ્યુપગમ કરીને "જ્ઞાન શ્રેયસ્કર નથી" એવું શી રીતે કહી શકો? કારણકે આમ તો જ્ઞાન જ શ્રેયસ્કર થવાની આપત્તિ છે. ||૫૧૩||

*ગાથાર્થ* :- હવે, જો "અજ્ઞાન જ્ઞાનના નિષેધનો હેતુ છે" એમ કહેશો, તો તે પણ બરાબર નથી, કારણકે અજ્ઞાન સ્વયં

वादे वि कलुसभावो बंधनिमित्तमिह ण पुण णाणं ति ।
अन्नाणावगमेणं तं पुण कम्मक्खयनिमित्तं ॥ ५१५ ॥

(वादेऽपि कलुषभावो बन्धनिमित्तमिह न पुन ज्ञानंमिति । अज्ञानापगमेन तत्पुनः कर्मक्षयनिमित्तम्)

अन्येनान्यथादेशिते भावे सति वादेऽपि क्रियमाणे यश्चित्तस्य कलुषभावः स एवेह बन्धनिमित्तं न पुनर्ज्ञानं केवलं, तत्पुनर्ज्ञानमज्ञानापगमकारितया कर्मक्षयनिमित्तमेव । एतदुक्तं भवति-यदा विवेकपूतात्मतया ज्ञानगर्वमपहाय परेषामुपकारबुद्ध्या वादं विधत्ते तदा तत् ज्ञानं तस्य वादिनः परेषामज्ञानापगमकारितया कर्म्मक्षयनिमित्तमेव भवति । ततो न ज्ञानं परलोकस्य विबाधकं किंतु चित्तस्य कलुषभाव इति न कश्चिद्दोषः ॥५१५॥ यथा च विवेकात्मनो वादे चित्तस्य कलुषभावो न भवति तं विधिमुपदर्शयन्नाह--

वादो वि वादिनरवइपरिच्छगजणेसु निउणबुद्धीसु ।
मज्झत्थेसु विहिणा उस्सग्गेणं अणुन्नाओ ॥ ५१६ ॥

(वादोऽपि वादिनरपतिपरीक्षकजनेषु निपुणबुद्धिषु । मध्यस्थेषु विधिना उत्सर्गेणानुज्ञातः)

वादोऽपि तीर्थकरगणधरैरुत्सर्गेण विधिना अनुज्ञातो वादिनरपतिपरीक्षकेषु निपुणबुद्धिषु-मध्यस्थेषु सत्सु नान्येषु। तथा च सति कुतस्तस्य कलुषतासमुत्पादः? येन तस्य बन्धो भवेदिति ॥५१६॥ यदुक्तम्-*'सव्वे य मिहो भिन्नं नाणमित्यादि'* तत्राह--

सव्वे वि मिहो भिन्नं नाणं जइ वि इह नाणिणो बेंति ।
तीरइ तओ वि काउं विणिच्छओ एयमेव त्ति ॥ ५१७ ॥

(सर्वेऽपि मिथो भिन्नं ज्ञानं यद्यपि इह ज्ञानिनो ब्रुवन्ति । शक्यते तथापि कर्तुं विनिश्चय एतदेवमिति)

तव्विसयदरिसणाऽसंभवे वि दिट्ठेट्ठऽबाधिता समया ।
संवेदणेण य तओ पडिवक्खनिसेहणं जुत्तं ॥ ५१८ ॥

(तद्विषयदर्शनासंभवेऽपि दृष्टेष्टाबाधितात्समयात् । संवेदनेन च ततः प्रतिपक्षनिषेधनं युक्तम्)

इह यद्यपि सर्वेऽपि ज्ञानिनो मिथो भिन्नं भिन्नं ज्ञानं ब्रुवन्ति, यद्यपि च तस्य ज्ञानस्य परोक्षविषयत्वा-त्तद्विषयदर्शनाऽसंभवस्तथापि दृष्टेष्टऽबाधितात्समयात् विनिश्चयः कर्तुं शक्यते। केनोल्लेखेनेत्यत्राह-*'एयमेवत्ति'* एतज्ज्ञानम् एवं-सम्यक् नान्यथेति । ततश्चैवं संवेदनेनाऽपि युक्तिनिबन्धनानुभवलक्षणेन यत् प्रतिपक्षनिषेधनं तद्युक्तमेव, संवेदनस्य समूलत्वात्, प्रतिपक्षसाधनयुक्तीनां तु निर्मूलतया तदाभासत्वात् ॥५१७॥५१८॥ यदुक्तम्-*'दिट्ठेट्ठऽबाहिया समया इति'* तद्भावयन्नाह--

दिट्ठेणं इट्ठेण य जम्मि विरोहो न जुज्जइ कहं चि ।
सो आगमो ततो जं णाणं तं सम्मणाणं ति ॥ ५१९ ॥

(दृष्टेनेष्टेन च यस्मिन् विरोधो न युज्यते कथञ्चिदपि । स आगमस्ततो यज्ज्ञानम् तत् सम्यग्ज्ञानमिति)

यस्मिन्नागमे दृष्टेन-प्रत्यक्षानुमेयरूपेण इष्टेन च-स्वाभ्युपगतेन न कथंचिदपि विरोधो युज्यते, स खलु तत्त्वत

---

કોઇ વસ્તુનું સાધક કે બાધક બની શકે નહિ, તેથી તે(=અજ્ઞાન) જ્ઞાનના પણ નિષેધમાં સમર્થ નથી. આમ અજ્ઞાનરૂપ બીજા પક્ષના સ્વીકારમાં પણ અપ્રતિષેધથી જ્ઞાન સિદ્ધ જ થાય છે. (મૂળમાં એવકારનો ક્રમ સંસિદ્ધપદ પછી છે.) ।।૫૧૪।।

તથા, 'વિવાદના કારણે જ્ઞાન પરલોકબાધક છે' એવું ભાવન કરતી વેળા અજ્ઞાનવાદીઓએ *અન્નેણ અન્નહા* (ગા.૫૦૦) ઇત્યાદિ ગાથાથી 'બીજાએ અન્યથા ભાવની પ્રરૂપણા કરી હોય' ઇત્યાદિ જે કહ્યું તેનો ઉત્તર આ છે.

*ગાથાર્થ* :- બીજાએ ભાવની પ્રરૂપણા અન્યથા કરી હોય, ત્યારે વાદ કરતી વેળા પણ ચિત્તનો જે મલિનભાવ છે, તેજ અહીં બન્ધનું કારણ છે, નહિ કે જ્ઞાન. એક્લું(મલિનતા વિનાનું) જ્ઞાન તો અજ્ઞાન દૂર કરતું હોવાથી કર્મક્ષયનું જ કારણ છે. *તાત્પર્ય* :- જ્યારે જ્ઞાની વિવેકથી પવિત્ર કરાયેલા ચિત્તવાળો હોવાથી જ્ઞાનના ગર્વને દૂર કરી બીજાઓપર ઉપકારની બુદ્ધિથી જ વાદ કરે, ત્યારે તે વાદીનું તે જ્ઞાન બીજાઓના અજ્ઞાનને દૂર કરતું હોવાથી કર્મક્ષયનું જ કારણ બને છે. તેથી પરલોકનું બાધક જ્ઞાન નથી, પરંતુ ચિત્તનો કલુષભાવ જ છે. તેથી કોઇ દોષ નથી. ।।૫૧૫।।

વિવેકયુક્ત જીવને વાદમાં જે વિધિથી ચિત્તનો કલુષભાવ થતો નથી તે વિધિ દર્શાવતા કહે છે.

*ગાથાર્થ* :- જો (૧) વાદી (૨) રાજા અને (૩) પરીક્ષક આ બધા નિપુણબુદ્ધિવાળા અને મધ્યસ્થ(=પક્ષપાત વિનાના) હોય, તો તેઓની વચ્ચે વાદ કરવાની તીર્થંકર ગણધરોએ ઉત્સર્ગવિધિથી અનુજ્ઞા આપી છે. આમ હોવાથી જ્ઞાની વાદીને ચિત્તની કલુષતા ઉત્પન્ન થવાનો સવાલ જ ક્યાં છે? કે જેથી તેને કર્મબન્ધ થવાનો પ્રસંગ આવે. ।।૫૧૬।।

વળી, અજ્ઞાનવાદીઓએ *'સવ્વે ય મિહો'* (ગા.૫૦૧) ગાથાથી કહ્યું કે 'બધા જ પરસ્પર ભિન્ન જ જ્ઞાન કહે છે ઇત્યાદિ' એવું જે કહ્યુંતે અંગે સમાધાન આપતા કહે છે.

*ગાથાર્થ* :- જો કે, અહીં બધા જ્ઞાનીઓ પરસ્પર ભિન્ન જ્ઞાન કહે છે, અને જોકે તે જ્ઞાન પરોક્ષવિષયવાળું હોવાથી તેના વિષયનું દર્શન અસંભવિત છે, તથાપિ દૃષ્ટ અને ઇષ્ટથી અબાધિત આગમદ્વારા એવો નિશ્ચય કરવો શક્ય જ છે કે 'આ જ્ઞાન સમ્યગ્ જ છે અન્યથા નથી' આમ યુક્તિજન્ય અનુભવરૂપ સંવેદનથી પણ પ્રતિપક્ષનો નિષેધ થાય. તે યોગ્ય જ છે. કારણકે આ સંવેદન યુક્તિ અને આગમમૂલક છે. પ્રતિપક્ષની સાધકયુક્તિઓ તો દૃષ્ટ-ઇષ્ટથી અબાધિત આગમમૂલક ન હોવાથી જ સંવેદનરૂપ નથી પણ સંવેદનાભાસરૂપ છે. ।।૫૧૭-૫૧૮।।

आगमः शेषस्तु तदाभासः। तस्माच्च दृष्टेष्टाबाधितादागमात् यत् ज्ञानमुपजायते तत्सम्यक् ज्ञानं नेतरत् । ततः कथ-मेतदेवमिति न विनिश्चयः कर्तुं शक्यते इति ॥५१९॥ कः पुनरसावागमो दृष्टेष्टाऽबाधित इति चेत्? अत आह--

सो उण जीववत्थावणादिणा दंसिओ तु लेसेणं ।
ववहारजोगउ च्चिय वित्थरयो उवरि वोच्छामि ॥ ५२० ॥

(स पुनः जीवव्यवस्थापनादिना दर्शितस्तु लेशेन । व्यवहारयोगत एव विस्तरत उपरि वक्ष्यामि)

स पुनर्दृष्टेष्टाऽबाधित आगमो व्यवहारयोगत एव यथैव प्रतिप्राणि प्रसिद्धो व्यवहारो घटते तथैव जीव-व्यवस्थापनादिना लेशेन दर्शित एव । तुरवधारणे । उक्तं च-*"तुः स्याद्भेदेऽवधारणे"* विस्तरतस्तु उपरि सर्वज्ञसिद्धौ वक्ष्यामिति ॥५२०॥ यदपि च *'जं सव्वण्णुवएसा जायइ अह तं मयं सुविण्णाण'* मित्याशङ्कयोक्तम्-*'तब्भावे किं माणमित्यादि'*, तत्रापि प्रतिविधानमाह--

तत्तो च्चिय फलभूओ सव्वन्नू चिय असंसयं सिद्धो ।
जं सग्गकेवलत्थी तवादि कुज्जा सुते भणियं ॥ ५२१ ॥

(तत एव फलभूतः सर्वज्ञ एवासंशयं सिद्धः । यत् स्वर्गकेवलार्थी तपआदि कुर्यात् श्रुते भणितम्)

तत एवागमात् फलभूतः सर्वज्ञोऽपि चासंशयं सिद्धः। यत्-यस्मात्तस्मिन्नेव श्रुते-आगमे भणितम्-*'सग्गकेवलत्थी तवादि कुज्जत्ति'* स्वर्गकेवलार्थी तपआदि कुर्यात् । आदिशब्दात् ध्यानादिपरिग्रहः ॥५२१॥ अत्र पर आह--

आगमतो सव्वन्नू तत्तो च्चिय आगमस्स पामन्नं ।
इतरेतरासयो इय दोसो अणिवारणिज्जो उ ॥ ५२२ ॥

(आगमतः सर्वज्ञस्तत एवागमस्य प्रामाण्यम् । इतरेतराश्रय इति दोषोऽनिवारणीयस्तु)

आगमात्सर्वज्ञो भवति, *'तत्तो चिय फलभूओ सव्वण्णू'* इतिवचनात्, तत एव च सर्वज्ञादेव च चियशब्दः प्राकृतनिपातोऽवधारणे, आगमस्य प्रामाण्यम् । *"जिनप्रणीतं साधु निमित्तसिद्धे(शुद्धे)र्नान्यत्तदभावादिति"* वचनात् । ततः किमित्याह-*'इयरेयरेत्यादि'* इतिः-एवमुक्तप्रकारेण इतरेतराश्रयदोषोऽनिवारणीयः प्राप्नोति । तथाहि-यावन्नागमस्य प्रामाण्यं तावत्कुतस्तत्र पुरुषस्य प्रवृत्तिः? निश्चितप्रामाण्य एव तत्र प्रेक्षावतां प्रवृत्तेरन्यथा प्रेक्षावत्ताक्षितिप्रसङ्गात् । प्रवृत्त्य-भावाच्च कुतस्तत्फलभूतः सर्वज्ञः? यावच्च न तत्फलभूतः सर्वज्ञस्तावत्कुतस्तस्य प्रामाण्यं? सर्वज्ञप्रणीतत्वेन तस्य प्रामाण्याभ्युपगमात्, तस्य च प्राग्युक्तेरसंभवात् ॥५२२॥ अत्राचार्य आह--

आगमओ सव्वन्नू तत्तोच्चिय आगमस्स पामन्नं ।
किंतु स एव नवरं तदत्थणाता जओ तस्स ॥ ५२३ ॥

(आगमतः सर्वज्ञस्तत एवागमस्य प्रामाण्यम् । किन्तु स एव नवरं तदर्थज्ञाता यतस्तस्य)

आगमतः सर्वज्ञस्तत्फलभूत इत्येकान्तस्तत एव-सर्वज्ञादागमस्य प्रामाण्यं न तत्प्रणीतत्वेन किंतु एवं-वक्ष्यमाण-

---

ઉપર જ જે "દૃષ્ટ અને ઇષ્ટથી અબાધિત આગમથી" ઇત્યાદિ કહ્યું તે સ્પષ્ટ કરતા કહે છે.

*ગાથાર્થ* :- દૃષ્ટ=પ્રત્યક્ષ અને અનુમેય(=અનુમાન કરવાયોગ્ય)પદાર્થ. ઇષ્ટ=સ્વઅભીષ્ટ સિદ્ધાન્ત. જે આગમમાં આ દૃષ્ટ અને ઇષ્ટસાથે જરાપણ વિરોધ આવતો ન હોય, તે જ આગમ તત્ત્વથી આગમ છે, બીજા બધા માત્ર આગમાભાસ છે અને આ દૃષ્ટ અને ઇષ્ટથી અબાધિત આગમદ્વારા જે જ્ઞાન થાય છે, તે જ્ઞાન સમ્યક્ છે, બીજું નહિ. તેથી 'આ જ જ્ઞાન સમ્યક્ છે' એવો નિશ્ચય કરવો કેમ શક્ય નથી ? અર્થાત્ શક્ય જ છે. ॥૫૧૯॥

'ક્યું આગમ દૃષ્ટ અને ઇષ્ટથી અબાધિત છે' તેવી શંકાના સમાધાનમાં કહે છે.

*ગાથાર્થ* :- જે પ્રમાણે પ્રત્યેક જીવનો પ્રસિદ્ધ વ્યવહાર સંગત થાય તે રીતે જીવઆદિ તત્ત્વોની વ્યવસ્થા બતાવવા દ્વારા દૃષ્ટ અને ઇષ્ટથી અબાધિત તે આગમ અંશે દર્શાવ્યો જ છે. ('તુ'પદ 'જ'કાર અર્થક છે. કહ્યું જ છે કે *"તુપદ ભેદ અને અવધારણ-જકારઅર્થે આવે"*) અને સર્વજ્ઞસિદ્ધિ અવસરે વિસ્તારથી બતાવીશું ॥૫૨૦॥

અજ્ઞાનવાદીઓએ જે *'સવ્વણ્ણુવએસા'* (ગા.૫૦૩) ઇત્યાદિ ગાથાથી 'સર્વજ્ઞના ઉપદેશથી જે જ્ઞાન ઉત્પન્ન થાય' ઇત્યાદિ આચાર્યના અભિપ્રાયની આશંકા કરી 'સર્વજ્ઞની સત્તામાં શું પ્રમાણ' છે ઇત્યાદિ જે કહ્યું ત્યાં પણ ઉત્તર આ છે.

*ગાથાર્થ* :- આ જ આગમથી તેના ફળભૂત સર્વજ્ઞ પણ નિઃશંક સિદ્ધ થાય જ છે. કારણકે તે જ શ્રુતમાં કહ્યું છે કે 'સ્વર્ગ અને કેવલ(=સર્વજ્ઞતા)ના અર્થીએ તપવગેરે કરવા' (વગેરેથી ધ્યાનવગેરેનો સમાવેશ થાય છે.) ॥૫૨૧॥

અહીં અજ્ઞાનવાદી કહે છે.

*ગાથાર્થ :- અજ્ઞાનવાદી* :- 'આગમથી જ ફળભૂત સર્વજ્ઞ છે' એવા ઉપરોક્ત વચનથી આગમથી સર્વજ્ઞ થાય છે. તેમ સાબિત થયું. અને આ જ સર્વજ્ઞથી આગમમાં પ્રામાણ્ય છે. (ચિય'પદ 'જ'કારઅર્થક પ્રાકૃતઅવ્યય છે.) કહ્યું જ છે કે *'જિને રચેલું આગમ જ નિમિત્તશુદ્ધિના કારણે સમ્યગ્ છે, બીજા આગમો નિમિત્તશુદ્ધિ ન હોવાથી સમ્યગ્ નથી.'* આમ ઇતરેતર આશ્રયદોષ અનિવારણીયરૂપે આવે છે. તે આ પ્રમાણે ➡ જ્યાં સુધી આગમ પ્રમાણભૂત સિદ્ધ ન થાય, ત્યાં સુધી તેમાં(=તે આગમવિહિતઅનુષ્ઠાનોમાં) પુરુષની પ્રવૃત્તિ કેવી રીતે સંભવે? પ્રમાણભૂતતરીકે નિશ્ચિત થયેલા આગમમાં જ પ્રેક્ષાવાન પુરુષોની પ્રવૃત્તિ થાય છે. અન્યથા તેઓની પ્રેક્ષાવત્તા જ ન રહે, અને જ્યાંસુધી પ્રવૃત્તિ ન થાય ત્યાં સુધી આગમના ફળભૂત સર્વજ્ઞ પણ ક્યાંથી સંભવે? અને જ્યાંસુધી તેના(=આગમના) ફળભૂત સર્વજ્ઞ ન થાય ત્યાં સુધી તેમાં પ્રમાણતા ક્યાંથી આવે? કારણકે સર્વજ્ઞપ્રણીત હોવાથી જ તેમાં પ્રમાણતા સ્વીકારી છે અને સર્વજ્ઞપ્રણીતત્વનો પૂર્વોક્તયુક્તિથી અસંભવ છે. ॥૫૨૨॥

नीत्या । नवरंशब्दो निपातोऽवधारणे। यतो-यस्मात्स एव-सर्वज्ञस्तदर्थज्ञाता तस्य-आगमस्य यथावस्थितार्थपरिज्ञाता नत्वन्यः ॥५२३॥ एतदेव भावयति--

तीरइ न अन्नहा आगमस्स अत्थो अणिंदिओ नाउं ।
एमादि उवरि वोच्छं सव्वं सव्वन्नुसिद्धीए ॥ ५२४ ॥

(शक्यते नान्यथाऽऽगमस्यार्थोऽतीन्द्रियो ज्ञातुम् । एवमादि उपरि वक्ष्ये सर्वं सर्वज्ञसिद्धौ)

*नान्यथा*-सर्वज्ञमन्तरेणागमस्यार्थोऽतीन्द्रियो ज्ञातुं शक्यते, ततो नियतार्थप्रदर्शकत्वेन सर्वज्ञादागमस्य प्रामाण्यमिष्यते न साक्षात् तत्प्रणीतत्वेन, तस्य कथंचिन्नित्यतया अभ्युपगमात्। [1]*"एसा दुवालसंगी न कयावि नासी, न कयावि नत्थि, न कयावि न भविस्सइ, धुवा नीया"* इत्यादिवचनप्रामाण्यात्। *'जिनप्रणीतं साधु'* इत्यादावपि अर्थप्रदर्शकत्वापेक्षया तत्प्रणीतत्वं द्रष्टव्यं, न साक्षात्कर्तृत्वेनेति नेहेतरेतराश्रयदोषप्रसङ्गः। स्यादेतत्, अर्थप्रदर्शकत्वेनापि ततः प्रामाण्याभ्युपगमे इतरेतराश्रयदोषस्तदवस्थ एव। तथाहि-तत्फलभूतसर्वज्ञप्रदर्शितार्थत्वेनागमस्य प्रामाण्यं, निश्चितप्रामाण्ये च तत्र प्रवृत्तौ तस्यां तत्फलभूतः सर्वज्ञ इति, न, सर्वज्ञपरंपराया अनादित्वेन दोषाभावात्, बीजाङ्कुरादिवत्। *'एमादीत्यादि'* एवमादिकं-नागमस्यार्थोऽतीन्द्रियोऽन्यथा ज्ञातुं शक्यत इत्येवमादिकं सर्वमुपरि-सर्वज्ञसिद्धौ वक्ष्ये। तत्रावश्यं सप्रपञ्चं भणिष्यमाणत्वादिह पुनर्भणने ग्रन्थगौरवप्रसङ्गादिति॥५२४॥ यच्चोक्तम्-*'भावम्मि वि तदुवएसम्मि किं माण'*मिति तत्राह-

जो दिट्ठेट्ठऽविरुद्धो दयावरो सव्वभाववावी य ।
सो सव्वन्नुवदेसो णज्जइ किमओ परं माणं? ॥ ५२५ ॥

(यो दृष्टेष्टाविरुद्धो दयापरः सर्वभावव्यापी च । स सर्वज्ञोपदेशो ज्ञायते किमतः परं मानम्)

य उपदेशो दृष्टेष्टाविरुद्धो, *दयापरः*-सर्वथा प्राणिहिंसानिषेधपरः, *सर्वभावव्यापी* च-समस्तवस्तुस्वरूपाभिधायी च, स ज्ञायते एष सर्वज्ञोपदेश इति। अन्यस्यैवंविधोपदेशदातृत्वायोगात्। ततः किमितो-दृष्टेष्टाविरोधदर्शनादितोऽपरं *मानं*-प्रमाणमुपदेशस्य सर्वज्ञोपदेशत्वज्ञप्तये? न युक्तं तदन्वेषणं, दृष्टेष्टाविरोधदर्शनादिनैव निःसंशयं तस्य तथाज्ञातत्वादित्यभिप्रायः ॥५२५॥ यत्पुनरुक्तं *'णाए वि तदुवएसे एसेवत्थो मतो त्ति से किह णु णज्जइ त्ति'* तत्रेदमाह-

णाते य तदुवदेसे एसेवत्थो मउ त्ति से एवं ।
नज्जइ पवत्तमाणं जं ण णिवारेइ तह चेव ॥ ५२६ ॥

(ज्ञाते च तदुपदेशे एष एवार्थो मत इति तस्यैवम् । ज्ञायते प्रवर्तमानं यन्न निवारयति तथाचैव)

---

અહીં આચાર્ય ઉત્તર આપે છે.

*ગાથાર્થ :- ઉત્તરપક્ષ :-* આગમથી તેના ફળભૂત સર્વજ્ઞ થાય છે, એવો એકાન્ત છે. અને સર્વજ્ઞથી જ આગમની પ્રમાણતા છે તે પણ બરાબર છે. પરંતુ તે પ્રમાણતા 'સર્વજ્ઞએ આગમ રચ્યા છે' તેથી નથી. પરંતુ આ હેતુથી છે ('નવરપદ 'જ'કારાર્થક અવ્યય છે.) સર્વજ્ઞ જ આગમના યથાવસ્થિતઅર્થના જ્ઞાતા છે, બીજા નહિ. (તેથી આગમની પ્રમાણતા છે.) ॥૫૨૩॥

આ જ અર્થને સ્પષ્ટ કરે છે.

*ગાથાર્થ :-* સર્વજ્ઞ વિના આગમના અતીન્દ્રિયાર્થો જાણવા શક્ય નથી. તેથી નિયતાર્થપ્રદર્શક હોવાથી જ સર્વજ્ઞથી આગમનું પ્રામાણ્ય ઇષ્ટ છે, નહિ કે સાક્ષાત્ સર્વજ્ઞએ રચેલું હોવાથી. કારણકે આગમ કથંચિત્ નિત્યરૂપે ઇષ્ટ છે. કારણકે *"આ દ્વાદશાંગી પહેલા ક્યારેય ન હતી એવું નથી, ક્યારેય છે નહિ એવું નથી, ક્યારેય હશે નહિ એવું નથી, પરંતુ ધ્રુવ અને નિત્ય છે."* આ વચન પ્રમાણ છે. 'જિનપ્રણીત સાધુ' એવું જે વચન છે, ત્યાં પણ અર્થના પ્રદર્શકરૂપે જ સર્વજ્ઞ પ્રણીતત્વ ઇષ્ટ છે નહિ કે સાક્ષાત્ કર્તારૂપે. તેથી અહીં ઇતરેતરઆશ્રયદોષ નથી.

*અજ્ઞાનવાદી :-* અર્થપ્રદર્શકરૂપે પણ સર્વજ્ઞથી આગમના પ્રામાણ્યના સ્વીકારમાં ઇતરેતર આશ્રયદોષ એમ જ ઉભો છે. આગમના ફળભૂત સર્વજ્ઞએ પ્રદર્શિત કરેલા અર્થવાળું હોવાથી આગમનું પ્રામાણ્ય છે. અને પ્રામાણ્ય નિશ્ચિત થાય તો તેમાં (=આગમમાં) પ્રવૃત્તિ થાય અને તેના ફળભૂત સર્વજ્ઞ થાય. આમ ઇતરેતરઆશ્રયદોષ છે.

*ઉત્તરપક્ષ :-* એમ નથી, બીજઅંકુરન્યાયથી સર્વજ્ઞપરંપરા અનાદિ હોવાથી કોઇ દોષ નથી. પૂર્વના સર્વજ્ઞ આગમના અર્થને પ્રકાશે, તેના આધારે આરાધના કરી અન્ય સર્વજ્ઞ થાય. તે પણ આગમઅર્થને પ્રકાશે. તેના આધારે વળી અન્ય સર્વજ્ઞ થાય આમ પરંપરા ચાલે તેથી કોઇ ઇતરેતરઆશ્રય દોષ નથી. "આગમનો અર્થ અતીન્દ્રિય હોઇ સર્વજ્ઞતા વિના જાણવો શક્ય નથી" ઇત્યાદિ વાતો સર્વજ્ઞસિદ્ધિઅવસરે વિસ્તારથી કહીશું. તેથી અહીં ગ્રન્થગૌરવનો પ્રસંગ હોવાથી કહેતા નથી. ॥૫૨૪॥

અજ્ઞાનવાદીઓએ *'ભાવમ્મિ વિ'* (ગા.૫૦૪) ગાથાથી 'સર્વજ્ઞ હોય, તો પણ તેના ઉપદેશમાં શું પ્રમાણ છે ?' ઇત્યાદિ જે કહ્યું તેના જવાબમાં કહે છે.

*ગાથાર્થ :-* જે ઉપદેશ દૃષ્ટ-ઇષ્ટથી અવિરુદ્ધ છે, સર્વથા જીવહિંસાનિષેધપરક છે, તથા સમસ્ત વસ્તુઓના સ્વરૂપ ને સૂચવનારો છે, તે જ ઉપદેશ સર્વજ્ઞના ઉપદેશતરીકે જ્ઞાત થાય છે. કારણકે અસર્વજ્ઞ આવાપ્રકારનો ઉપદેશ આપી શકે નહિ. તેથી 'આ ઉપદેશ સર્વજ્ઞનો છે' તેઅંગે આ દૃષ્ટ-ઇષ્ટસાથે અવિરોધના દર્શનને છોડી બીજું ક્યું પ્રમાણ શોધવું ? અર્થાત્ બીજું પ્રમાણ શોધવું યોગ્ય નથી. કારણકે દૃષ્ટ-ઇષ્ટસાથે અવિરોધના દર્શનઆદિથી જ તે ઉપદેશ નિસંશયરૂપે સર્વજ્ઞના ઉપદેશરૂપે જ્ઞાત થાય છે. ॥૫૨૫॥

---

1. एषा द्वादशाङ्गी न कदापि नासीत्, न कदापि नास्ति, न कदापि न भविष्यति ध्रुवा नित्या ।

ज्ञाते च पूर्वोक्तप्रकारेण *तदुपदेशे*–सर्वज्ञोपदेशे *'से'* तस्योपदेशस्य एष एवार्थो मतो नत्वन्य इत्येतत् वक्ष्यमाणयुक्त्या ज्ञायते । तामेवाह–*यत्*–यस्मात् तथा चैव–यथा विवक्षितोपदेशवाक्योक्तप्रकारो ज्ञातस्तेनैव प्रकारेण प्रवर्त्तमानं सन्तं न निवारयति ॥५२६॥

अन्नह य पवत्ततं निवारती न य तओ पवंचेइ ।

जम्हा स वीयरागो कहणे पुण कारणं कम्मं ॥ ५२७ ॥

(अन्यथा च प्रवर्त्तमानं निवारयति नच सकः प्रवञ्चयति । यस्मात् स वीतरागः कथने पुनः कारणं कर्म॥)

अन्यथा च–यदि तस्योपदेशस्य विवक्षितोऽर्थो नाभिमतो भवेत् किंत्वन्य एव तदा यथाज्ञातेन प्रकारेण प्रवर्त्तमानं सन्तं निवारयेत्, हितार्थं हि भगवान् उपदिशति, ततो यद्यन्यथाऽपि तत उपदेशात्प्रवर्त्तमानं न निवारयेत् तर्हि कथमसौ हितो भवेत्? ततो यथाज्ञातप्रकारप्रवृत्त्यनिषेधेन इदं विज्ञायते–एष एवार्थस्तस्योपदेशस्य सम्मत इति । अथोच्येत–हित एवासौ कथं ज्ञायते इत्याह–*'नयेत्यादि'* न च *'तउ त्ति'* सकः सर्वज्ञः प्रवञ्चयति प्रतारयति, यस्मात् स वीतरागः, रागग्रहणमुपलक्षणं क्षीणसकलरागद्वेषमोहः, प्रतारणं च रागादिदोषनिबन्धनमिति । यदि वीतरागस्ततः प्रयोजनाभावादुपदेशमपि कस्मात्प्रयच्छतीति चेत् । अत आह–*'कहणे पुण कारणं कम्मं'* वीतरागस्यापि सतः भगवतः कथने–उपदेशे पुनः कारणं कर्म–तीर्थकरनाम, ततो न कश्चिद्दोष इति ॥५२७॥ एतदेव भावयति––

अरहंतमादिवच्छल्लयादिजणितं अणुत्तरं पुण्णं ।

तित्थगरनामगोत्तं तस्सुदया देसणं कुणइ ॥ ५२८ ॥

(अर्हदादिवत्सलतादिजनितमनुत्तरं पुण्यम् । तीर्थकरनामगोत्रं तस्योदयाद् देशनां करोति)

यस्मादर्हदादिवत्सलतादिजनितम्–अर्हत्सिद्धप्रवचनादिवत्सलताऽभीक्ष्णज्ञानोपयोगादिजनितमनुत्तरं पुण्यं तीर्थकरनाम–गोत्रं–तीर्थकरनामसंज्ञं, तस्योदयात् भगवान् देशनां करोति। तस्मान्न तस्य वीतरागत्वादुपदेशो विरुध्यत इति ॥५२८॥ ननु यदि भगवानपि सकर्म्मा ततोऽस्मादृशस्येव तस्याप्युपदेशो न प्रमाणं स्यादत आह–

णय तं विघायगं केवलस्स भावेवि तस्स तो भगवं ।

सव्वन्नू कयकिच्चो पमाणमिह देसणाए य ॥ ५२९ ॥

(न च तद् विघातकं केवलस्य भावेऽपि तस्य तस्माद् भगवान् । सर्वज्ञः कृतकृत्यः प्रमाणमिह देशनायां च)

न च तत्, चशब्दो यस्मादर्थे, यस्मान्न *तत्*–तीर्थकरनामकर्म केवलस्य–सकलद्रव्यपर्यायज्ञानस्य विघातकं, *'तो'* तस्मा*त्तस्य*–तीर्थकरनामकर्मणो भावेऽपि भगवान् अष्टमहाप्रातिहार्यैश्वर्यादिमान् सर्वज्ञो वीतरागत्वात् कृतकृत्यः प्रमाणमिह देशनायाम्, नत्वस्मादृशः, केवलविघातकृत्तदावरणीयकर्म्मावबद्धत्वात् ॥५२९॥ यदपि चोक्तम्–*'चित्तत्थावि य सद्दा'* इत्यादि तत्रापि दोषाभावमाह–

चित्तत्था वि य सद्दा तत्तो च्चिय समइया अणेगे तु ।

सिद्धा तह चेव तओ न दूसणं होइ एयंपि ॥ ५३० ॥

(चित्रार्था अपि च शब्दास्तत एव समयिता अनेके तु । सिद्धास्तथैव ततो न दूषणं भवति एतदपि)

---

અજ્ઞાનવાદીઓએ *'णाए वि तदु'* (ગા.૫૦૫) ઇત્યાદિથી જે 'સર્વજ્ઞના ઉપદેશતરીકે જ્ઞાત થાય, તો પણ તેનો આ જ અર્થ છે તે કેવી રીતે જણાય ?' ઇત્યાદિ કહ્યું ત્યાં આ ઉત્તર છે.

*ગાથાર્થ* :– આમ પૂર્વોક્ત રીતે સર્વજ્ઞનો ઉપદેશ જાણ્યા બાદ 'તે ઉપદેશનો આ જ અર્થ છે, અન્ય નથી' આ વાત આ યુક્તિથી જાણી શકાય ➡ 'અભિપ્રેત ઉપદેશવાક્યને ઉક્તપ્રકારે જાણી પ્રવૃત્ત થનારને તે સર્વજ્ઞ રોકતા નથી' ॥૫૨૬॥

*ગાથાર્થ* :– તે ઉપદેશનો અભિપ્રેતઅર્થ જો અભિમત ન હોત, પરંતુ કોઇ અન્ય જ અર્થ અભિમત હોત, તો તે જ્ઞાનને અનુરૂપ પ્રવૃત્ત થનારને ભગવાન જરૂર અટકાવે, ભગવાન હિતાર્થે જ ઉપદેશ આપે છે. તેથી જો તે ઉપદેશથી વિપરીત વર્તનારને અટકાવે નહિ તો કેવી રીતે તેઓ હિતકારી બને ? (અલબત્ત આ અટકાવવાનું કાર્ય પ્રજ્ઞાપ્ય વિનીતઅંગે જ સમજવું, જમાલી જેવા અન્યને અંગે નહિ, નહિતર ઉપરોક્ત વાતમાં અનૈકાન્તિકતા આવે. 'પ્રતિમાશતક'આદિ ગ્રન્થોમાં આ ચર્ચા છે.) તેથી જ્ઞાનને અનુરૂપ પ્રવૃત્તિના અનિષેધથી આ વાત જણાય છે કે 'તે ઉપદેશનો આ જ અર્થ સમ્મત છે'.

*શંકા* :– ભગવાન હિતકારી જ છે તેવો નિર્ણય શી રીતે થાય ?

*સમાધાન* :– ભગવાન હિતકારી જ છે કોઇને ઠગતા નથી, કારણકે તેઓ વીતરાગ છે. વીતરાગના ઉપલક્ષણથી 'સઘળાય રાગદ્વેષ અને મોહના ક્ષય કરનારા' એમ સમજવું. અને ઠગવાની પ્રવૃત્તિ રાગ, દ્વેષઆદિ દોષના કારણે હોય છે.

*શંકા* :–જો ભગવાન વીતરાગ હોય, તો પ્રયોજન ન હોવાથી ઉપદેશ પણ શું કામ આપે?

*સમાધાન* :– ભગવાન વીતરાગ હોવા છતાં તીર્થંકરનામકર્મના ઉદયથી ઉપદેશ આપે છે. તેથી કોઇ દોષ નથી. ॥૫૨૭॥ આ જ અર્થ સ્પષ્ટ કરે છે.

*ગાથાર્થ* :– અરિહંત-સિદ્ધ-પ્રવચનવગેરેપર વત્સલતા તથા વારંવાર જ્ઞાનોપયોગાદિથી ઉપાર્જેલા અનુત્તર પુણ્યરૂપ 'તીર્થંકરનામ' કર્મના ઉદયથી ભગવાન દેશના આપે છે. તેથી 'તેઓ વીતરાગ હોવાથી ઉપદેશ વિરુદ્ધ છે' તેમ નથી. ॥૫૨૮॥

*શંકા* :– જો ભગવાન પણ કર્મયુક્ત હોય, તો આપણા જેવા જ હોવાથી તેમનો પણ ઉપદેશ પ્રમાણભૂત ન થાય. અહીં સમાધાન બતાવે છે.

चित्रार्था अपि च अनेके शब्दास्तत एव सर्वज्ञादेव *समयिताः*–संकेतिताः सन्तो जाता नान्यथा । *'सिद्धा तह चेव त्ति'* यथैव च सर्वज्ञेन समयितास्तथैव च लोकेऽपि सिद्धास्ततो न दूषणमेतदपि–चित्रार्थत्वं भवति । यदा हि भगवतैव 'एते शब्दाश्चित्रार्थाः'–चित्रार्थताऽपि च प्रकरणाद्यनुरोधेनैव द्रष्टव्या–इत्युपदिश्यते तदा कः पूर्वोक्तदोषावकाश इति? ॥५३०॥ प्रकारान्तरेण चित्रार्थत्वेऽपि शब्दानां दोषाभावमाह–

आयरियपरंपरओ पमाणमेयम्मि होइ अत्थम्मि ।

अस्स य अपमाणत्ते सव्वागमकिरियलोवो उ ॥ ५३१ ॥

(आचार्यपरंपरकः प्रमाणमेतस्मिन् भवति अर्थे । अस्य चाप्रमाणत्वे सर्वागमक्रियालोपस्तु)

*एतस्मिन्नर्थे*–परोक्षशब्दार्थनियमलक्षणे प्रमाणमाचार्यपरंपरकस्ततो न शब्दानां चित्रार्थताऽपि दोषाय । न च वाच्यमयमाचार्यपरंपरको न प्रमाणं, यस्मादस्य परपरंकस्याप्रमाणत्वे सति सर्वागमक्रियालोपः प्रसज्यते, तमन्तरेणान्यस्यार्थनियमव्यवस्थानिबन्धनस्याभावात् । तस्मादसौ प्रमाणमेव ॥५३१॥ किंच,

अन्नाणिमतं पि इमं आगमघडियं व होज्ज इतरं वा? ।

पढमम्मि परंपरओ माणं इतरम्मि तु ण जुत्तं ॥ ५३२ ॥

(अज्ञानिमतमपि इदमागमघटितं वा भवेत् इतरद्वा? । प्रथमे परंपरको मानमितरस्मिंस्तु न युक्तम्)

अज्ञानिमतमपीदं किमागमघटितं वा भवेदितरद्वा–अनागमघटितं वा? तत्र प्रथमपक्षे परंपरक एव प्रमाणमायातोऽन्यस्य तदर्थावगमनिबन्धनत्वाभावात्। इतरस्मिंश्चनागमघटितत्वलक्षणे पक्षे न युक्तमिदमज्ञानिमतं निर्मूलत्वात् ॥५३२॥ पर आह––

जइवि ण आगमघडितं तहावि उववन्नमेयमेवंति(वत्ति) ।

णाऊण पवित्तीओ का उववत्ती तु अन्नाणे ? ॥ ५३३ ॥

(यद्यपि नागमघटितं तथापि उपपन्नमेतदेवमिति । ज्ञात्वा प्रवृत्तिः कोपपत्तिस्तु अज्ञाने?)

यद्यप्येतदज्ञानिमतमनागमघटितं तथाप्येतदुपपन्नमेवेति चेत्? तदयुक्तम्, कुत इत्याह–*ज्ञात्वा* प्रवृत्तेः, न हि प्रेक्षावतां हेयमुपादेयं वा तत्त्वेनापरिज्ञाय हातुमुपादातुं वा प्रवृत्तिरुपजायते, प्रेक्षावत्ताक्षितिप्रसङ्गात्, तच्च परिज्ञानमज्ञानपक्षेऽतीव दुर्घटमिति कथमज्ञानपक्षे भवतां प्रवृत्तिः प्राप्नोति? स्वाभ्युपगमविरुद्धत्वात्। यदप्युक्तमेतदुपपन्नमेवेति तदपि नूनमज्ञानित्वसूचकमेव, यतो यदुपपत्त्या निश्चितं तदुपपन्नमित्युच्यते, *अज्ञाने* चाज्ञानपक्षे चाभ्युपगम्यमाने का उपपत्तिः? नैव काचित्, तस्या ज्ञाननिबन्धनत्वात्, ज्ञानाच्च भवतामतीव दूरापास्तत्वादिति ॥५३३॥ यदुक्तं–*'ज्ञात्वा प्रवृत्तेरिति'*, तत्र परो व्यभिचारमाह––

अन्नाणओ वि दिट्ठा एत्थ पवित्ती किसादिएसुं ति ।

सफला तीएँ वि फलं नाणातो चेव विन्नेयं ॥ ५३४ ॥

(अज्ञानतोऽपि दृष्टाऽत्र प्रवृत्तिः कृष्यादिषु इति । सफला तस्यामपि फलं ज्ञानादेव विज्ञेयम्)

कृष्यादिकर्म्मसु *अत्र*–जगति अज्ञानतोऽपि कृषीबलादीनां प्रवृत्तिर्दृष्टा, सफला च, ततो नावश्यं प्रेक्षावतां ज्ञात्वैव प्रवृत्तिरिति । अत्राह–*'तीए वि'* इत्यादि तस्यामपि–कृष्यादिविषयायां प्रवृत्तौ फलं ज्ञानादेव विज्ञेयम् ॥५३४॥ अत्र परः प्राह––

---

*ગાથાર્થ* :– ('ચ'શબ્દ હેતુઅર્થે છે.) તીર્થંકરનામકર્મ સકળ દ્રવ્ય–પર્યાયવિષયકજ્ઞાનરૂપ કેવળજ્ઞાનનું વિઘાતક નથી. તેથી તીર્થંકરનામકર્મના ઉદયમાં પણ અષ્ટમહાપ્રાતિહાર્યાદિ ઐશ્વર્યવાળા ભગવાન સર્વજ્ઞ છે અને વીતરાગ હોવાથી કૃતકૃત્ય છે. તેથી તેઓ દેશનામાં પ્રમાણભૂત છે પણ આપણે પ્રમાણભૂત નથી, કારણકે કેવળજ્ઞાનાવારકકર્મોથી બંધાયેલા છીએ.॥૫૨૯॥

અજ્ઞાનવાદીઓએ એ *'ચિન્તથાવિ'* (ગા.૫૦૬) ઇત્યાદિ ગાથાથી એમ કહ્યું કે 'શબ્દો અનેક ચિત્ર અર્થવાળા છે' તેમાં પણ દોષનો અભાવ બતાવે છે.

*ગાથાર્થ* :– અનેક શબ્દોમાં જે વિચિત્ર અર્થો છે તે પણ સર્વજ્ઞે સંકેતિત કર્યા હોવાથી છે અન્યથા નહિ. અને સર્વજ્ઞે જે પ્રમાણે સંકેતિત કર્યા તે જ પ્રમાણે લોકમાં પણ સિદ્ધ છે. તેથી વિચિત્ર અર્થવાળાપણું પણ દૂષણરૂપ નથી. શબ્દોની વિચિત્રઅર્થતા પણ તે–તે પ્રકરણઆદિના અનુરોધથી જ સમજવી અને જ્યારે ભગવાને જ આ શબ્દો વિચિત્ર અર્થવાળા ઉપદિષ્ટ કર્યા હોય ત્યારે તમે કહેલા પૂર્વોક્તદોષને અવકાશ જ ક્યાંથી હોય. ॥૫૩૦॥

શબ્દો ચિત્રાર્થરૂપ હોવા છતાં પ્રકારાન્તરથી દોષાભાવ બતાવે છે.

*ગાથાર્થ* :– જે શબ્દાર્થ પરોક્ષભૂત છે, તેના યથાર્થ નિયમઅંગે (અમુક શબ્દનો અમુક જ અર્થ છે ઇત્યાદિ નિયમ અંગે) આચાર્યની પરંપરા જ પ્રમાણભૂત છે. તેથી શબ્દોની વિચિત્રઅર્થતા પણ દોષરૂપ નથી. અહીં 'આચાર્યોની પરંપરા પ્રમાણભૂત નથી' એમ નહિ કહેવું, કેમકે જો આચાર્યપરંપરા અપ્રમાણભૂત થશે, તો સર્વઆગમસૂચિત ક્રિયાના લોપનો પ્રસંગ આવે. કારણ કે આચાર્યપરંપરાને છોડી અન્ય કોઇ અર્થવ્યવસ્થાના નિયમમાં નિયામક નથી. તેથી આચાર્યપરંપરા પ્રમાણભૂત જ છે. ॥૫૩૧॥

*ગાથાર્થ* :– વળી, આ અજ્ઞાનવાદ પણ આગમઘટિત છે કે અનાગમઘટિત ? પ્રથમપક્ષે પરંપરા જ પ્રમાણતરીકે સિદ્ધ ઠરશે કારણકે પરંપરા સિવાય અન્ય કોઇ આગમના અર્થના બોધમાં કારણભૂત નથી. અનાગમઘટિત બીજાપક્ષમાં તો આ અજ્ઞાનવાદ યોગ્ય નથી, કારણકે નિર્મૂળ છે. ॥૫૩૨॥

અહીં અજ્ઞાનવાદી કહે છે.

णणु संसया पवित्ती फलसंपत्ती य निच्छयाओ उ ।
धन्नादिणाणरहिओ न हि गहणादौ कुणइ जु(ज)त्तं ॥ ५३५ ॥

(ननु संशयात् प्रवृत्तिः फलसंपत्तिश्चनिश्चयतस्तु । धान्यादिज्ञानरहितो नहि ग्रहणादौ करोति यत्नम्)

ननु कृष्यादिषु प्रवृत्तिः संशयादेव न ज्ञानात्तत्कथमुक्तम्–*'तीए वि फलं नाणाओ चेव त्ति'* । तथाहि–प्रवृत्तिनिबन्धना फलप्राप्तिः प्रवृत्तिश्च संशयादतः फलप्राप्तिरपि संशयादेवेति भावः। **आचार्य आह**–*'फलसंपत्ती य निच्छयाओ उ'* अस्ति कृष्यादिषु प्रवृत्तिः संशयात्, फलप्राप्तिः–फलादानं पुनः चः *पुनरर्थे* तत्रापि निश्चयादेव, तुरेवकारार्थ। कुतः? इत्याह–*हिर्यस्मान्न* खलु धान्यादिज्ञानरहितस्तद्ग्रहणादौ यत्नं करोति, तथाऽनुपलम्भात्, तन्न प्रवृत्तेः संशयकृतत्वात् फलप्राप्तिरपि संशयादेव । एवमिहाप्यज्ञानपक्षे प्रथमतस्तद्विचाराभिमुख्यादिलक्षणात् संशयादपि प्रवृत्तिः स्यात् तदादानाभ्युपगमस्तु ज्ञानादेव युज्यते नान्यथा, तच्च ज्ञानं भवतां स्वाभ्युपगमविरुद्धमिति यत्किंचिदेतत् । ज्ञात्वा प्रवृत्तेरित्यत्रापि च प्रवृत्तिरुपादानलक्षणा विवक्षिता नेतरेत्यदोषः । अन्यथा ज्ञात्वा प्रवृत्तेरित्यस्योक्तप्रकारेण व्यभिचार–दर्शनतोऽसाधनाङ्गत्वे तदभिधातुराचार्यस्य निग्रहस्थानमापद्येतेति ॥५३५॥ यत्पुनरुक्तम्–*'सवणे वि तव्विवक्खा नहि छउमत्थस्स पच्चक्खे'*त्यादि तत्र प्रतिविधानमाह––

नज्जति य तव्विवक्खाअपच्चक्खत्ते वि तस्सभिप्पाओ ।
भणिओववत्तिओ च्चिय मिलक्खुणातं तओऽजुत्तं ॥ ५३६ ॥

(ज्ञायते च तद्विवक्षाऽप्रत्यक्षत्वेऽपि तस्याभिप्रायः । भणितोपपत्तित एव म्लेच्छज्ञातं ततोऽयुक्तम्)

ज्ञायते च *तद्विवक्षायाः*–सर्वज्ञविवक्षाया अप्रत्यक्षत्वेऽपि *तस्य*–सर्वज्ञस्याभिप्रायः । कुत इत्याह–भणितोपपत्तितः–*'पवत्तमाणं जन्न निवारेइ'* इत्यादिरूपायाः। ततश्च यत् म्लेच्छज्ञातमुदीरितं तदयुक्तमेव द्रष्टव्यमिति ॥५३६॥ यदपि च *'जं चाकज्जे'*त्याद्यभिहितं तदप्यसंगतम्, यत आह–––

परिणामो पुण तिव्वो पावपवित्तीए बंधहेउ त्ति ।
नत्थेत्थ विसंवादो णय णाणं कारणं एत्थ ॥ ५३७ ॥

(परिणामः पुनस्तीव्रः पापप्रवृत्तौ बन्धहेतुरिति । नास्त्यत्र विसंवादो न च ज्ञानं कारणमत्र)

---

*ગાથાર્થ :– અજ્ઞાનવાદી* :– જોકે અજ્ઞાનવાદ આગમિક નથી (આગમઘટિત નથી), છતાં પણ સંગત જ છે.

*ઉત્તરપક્ષ* :– આ બરાબર નથી. કારણકે જાણીને જ પ્રવૃત્તિ થાય છે. વિચારશીલમાણસની છોડવાની કે ગ્રહણ કરવાની પ્રવૃત્તિ ક્યારેય હેય કે ઉપાદેયના તત્ત્વથી પરિજ્ઞાન વિના થતી નથી. જો તેવા જ્ઞાન વિના પણ પ્રવૃત્તિ થાય તો, તેઓની પ્રેક્ષાવત્તામાં ખામી આવે. અને આ પરિજ્ઞાન અજ્ઞાનપક્ષે અત્યંત અસંગત છે. તેથી અજ્ઞાનપક્ષમાં તમારી (ઉપાદેયરૂપે) પ્રવૃત્તિ શી રીતે સંગત થાય? કારણકે ત્યાં સ્વસિદ્ધાન્તસાથે વિરોધ છે. અને તમે જે કહ્યું કે *'અજ્ઞાનવાદ સંગત જ છે.'* તે ખરેખર તમારા અજ્ઞાનિપણાનું સૂચક છે. કારણકે જે ઉપપત્તિથી નિશ્ચિત થાય, તે જ ઉપપન્ન=સંગત કહેવાય અને અજ્ઞાનપક્ષના સ્વીકારમાં કઇ ઉપપત્તિ છે? અર્થાત્ કોઇ નથી. કારણકે ઉપપત્તિ જ્ઞાનહેતુક છે. અને જ્ઞાનથી તમે સો ગજ દૂર ભાગો છો. ॥૫૩૩॥

અહીં આચાર્યશ્રીએ કહ્યું કે 'જ્ઞાનથી પ્રવૃત્તિ થાય છે.' ત્યાં અજ્ઞાનવાદી અનૈકાન્તિકતા બતાવે છે.

*ગાથાર્થ :– અજ્ઞાનવાદી* :– ખેતીવગેરે ક્રિયાઓમાં ખેડૂતોવગેરેની પ્રવૃત્તિ આ જગતમાં અજ્ઞાનથી થતી દેખાય છે, અને સફળ પણ થાય છે. તેથી વિચારશીલ માણસોની પ્રવૃત્તિ અવશ્ય જ્ઞાનપૂર્વક જ થાય તેવો નિયમ નથી.

*ઉત્તરપક્ષ* :– ખેતીવગેરે અંગેની પ્રવૃત્તિમાં ફળ તો જ્ઞાનથી જ મળતું સમજવું. ॥૫૩૪॥

અહીં અજ્ઞાનવાદી કહે છે.

*ગાથાર્થ:–અજ્ઞાનવાદી* :– ખેતીવગેરેમાં પ્રવૃત્તિ સંશયથી જ છે જ્ઞાનથી નહિ, તેથી તેનું ફળ પણ જ્ઞાનથી જ' એવું કહેવું નહીં. કારણકે ફળપ્રાપ્તિ પ્રવૃત્તિપર આધાર રાખે છે. તેથી જો પ્રવૃત્તિ સંશયથી હોય, તો ફળપ્રાપ્તિ પણ સંશયથી જ છે.

*ઉત્તરપક્ષ* :– અલબત્ત, ખેતીવગેરેમાં પ્રવૃત્તિ સંશયથી છે પરંતુ ફળનું ગ્રહણ તો નિશ્ચયથી જ છે. ('ચ' 'પુનઃ' અર્થમાં છે અને 'તુ'જકારઅર્થક છે.) કારણકે ધાન્યવગેરેના જ્ઞાન વિના ધાન્યઆદિના ગ્રહણમાં યત્ન કરે નહિ. કારણકે જ્ઞાન વિના ગ્રહણમાં પ્રવૃત્તિ થતી દેખાતી નથી. તેથી પ્રવૃત્તિ સંશયથી હોય, તેથી ફળપ્રાપ્તિ પણ સંશયથી હોય તેવું નથી. આ જ પ્રમાણે અજ્ઞાનપક્ષમાં પણ આરંભમાં કદાચ તેના(=અજ્ઞાનવાદના) વિચારની અભિમુખતાઆદિરૂપ (આ અજ્ઞાનવાદ કેવો મત હશે! શું સાચો હશે ?' ઇત્યાદિ) સંશયથી પ્રવૃત્તિ થાય પણ ખરી. પરંતુ એ મતને ગ્રહણ કરવાની સ્વીકૃતિ તો એ મતના જ્ઞાન થયા બાદ જ સંભવે, અન્યથા નહિ. અને આ જ્ઞાન તમારા સિદ્ધાન્તની વિરુદ્ધ છે. તેથી તમારી વાતો ફાલતું છે. આચાર્યએ 'જ્ઞાત્વા પ્રવૃત્તેઃ' (જ્ઞાનપૂર્વક પ્રવૃત્તિ) એવું જે કહ્યું તે ઉપાદાનરૂપ પ્રવૃત્તિઅંગે સમજવાનું છે, તેથી કોઇ દોષ નથી. નહિતર તો ખેતી વગેરેમાં સંશયથી પ્રવૃત્તિઆદિ ઉપરોક્તવાતથી 'જ્ઞાનપૂર્વક પ્રવૃત્તિ'ના નિયમમાં અનૈકાન્તિકતા આવવાથી તે સાંધનાંગ(=હેતુભૂત અવયવ) બની ન શકે, તેથી તેનો સાધનતરીકે ઉપન્યાસ કરનારા આચાર્ય નિગ્રહસ્થાન પામે. ॥૫૩૫॥

અજ્ઞાનવાદીઓએ ગાથા ૫૦૬માં કહ્યું કે 'શ્રવણમાં પણ સર્વજ્ઞની વિવક્ષા છદ્મસ્થને પ્રત્યક્ષ નથી' ત્યાં ઉત્તર આ છે.

*ગાથાર્થ* :– સર્વજ્ઞની વિવક્ષા પ્રત્યક્ષ ન હોવા છતાં 'જન્ન નિવારેઇ' (ગા.૫૨૬)માં બતાવેલી ઉપપત્તિથી (કે *અર્થજ્ઞાનને અનુસાર પ્રવૃત્ત થનારને અટકાવતા નથી. ઇત્યાદિ) સર્વજ્ઞના અભિપ્રાયનું જ્ઞાન થાય જ છે. તેથી મ્લેચ્છનું જે* દૃષ્ટાન્ત બતાવ્યું તે તદ્દન અયોગ્ય છે. ॥૫૩૬॥

અજ્ઞાનવાદીઓએ *'જં ચાકજ્જાયરણ'* (ગા.૫૧૦) *ઇત્યાદિ ગાથામાં જે કહ્યું કે 'અકાર્યમાં પ્રવૃત્ત થનાર જ્ઞાનીને તીવ્ર*

परिणामः पुनस्तीव्रः *पापप्रवृत्तौ*-पापहेतुकार्यप्रवृत्तौ भवन् बन्धहेतुर्भवतीति, अत्र नास्ति विसंवादः, अस्माभिरपि तस्यैवमभ्युपगमात्। न चात्र-पापहेतुकार्यप्रवृत्त्यादौ कारणं ज्ञानं येन पूर्वाभिहितदोषप्रसङ्गः स्यात्॥५३७॥ कुत इत्याह-

अन्नाणिणोवि जम्हा दीसति एयं किलिट्ठभावस्स ।

णाणिस्स पवित्तीए वि तत्तो तु ण तारिसो भावो ॥ ५३८ ॥

(अज्ञानिनोऽपि यस्माद् दृश्यत एतत् क्लिष्टभावस्य । ज्ञानिनः प्रवृत्तावपि तत एव तु न तादृशो भावः)

यस्मादज्ञानिनोऽपि क्लिष्टभावस्य सत *एतत्*-पापहेतुकार्यप्रवृत्त्यादि दृश्यते, तस्मान्न ज्ञानमेतस्य कारणं, तदभावेऽपि भावात्, यथा धूमस्य शक्रमूर्द्धेति । यदप्युक्तम्-*'ज्ञान्यपि पापं करोति तस्मादज्ञानमेव श्रेयो, ज्ञाने सत्यपि विशेषाभावादिति'* । तदप्ययुक्तम्, ज्ञाननिबन्धनस्य विशेषस्य दर्शनात् । तथा चाह-'णाणिस्सेत्यादि' ज्ञानिनः पापकार्ये प्रवृत्तावपि तत एव-ज्ञानादेव तुरेवकारार्थो, न तादृशो भावः-परिणामो भवति यादृशोऽज्ञानिनः, तस्य संवेगाऽभावात्, ज्ञानिनश्च तद्भावादिति ॥५३८॥ एतदेव दृष्टान्तेन भावयति--

जाणंतो विसखाणू पवत्तमाणोवि बीहई जह तु ।

ण उ इतरो तह नाणी पवत्तमाणोवि संविग्गो ॥ ५३९ ॥

(जानन् विषस्थाणू प्रवर्त्तमानोऽपि बिभेति यथा तु । न तु इतरस्तथा ज्ञानी प्रवर्त्तमानोऽपि संविग्नः)

यथा *विषं* स्थाणुं वा जानन् कुतश्चिन्निमित्तविशेषात्तत्र प्रवर्त्तमानोऽपि बिभेति, तन्निबन्धनावश्यंभाव्यपाय-परिज्ञानात्, *नत्वितरः*-अजानन्, भयहेतुविषादिस्वरूपपरिज्ञानाभावात् । तथा ज्ञानी तथाविधकर्मविपाकोदयसामर्थ्यात् प्रवर्त्तमानोऽप्यकार्ये संविग्नो भवति, तन्निबन्धनदुरन्तसंसारमहागर्त्तपातसंभवात् तत्रानभिष्वक्तो भवति । संविग्नस्य च तस्य पूर्वोपार्जितस्यापि पापस्य निवृत्तिरपरिमिता भवति । न चैतदुभयमप्यज्ञानिनः संभवति ॥५३९॥ तथा चाह---

जो संवेगपहाणो अच्चंतसुहो उ होइ परिणामो ।

पावनिवित्ती य परा नेयं अन्नाणिणो उभयं ॥ ५४० ॥

(यः संवेगप्रधानोऽत्यन्तशुभस्तु भवति परिणामः । पापनिवृत्तिश्च परा नेदमज्ञानिन उभयम्)

योऽत्यन्तशुभः संवेगप्रधानः परिणामो ज्ञानिनो भवति, या च परा-प्रकृष्टा पापनिवृत्तिर्नैतदुभयमप्यज्ञानिनः ॥५४०॥ कुत इत्याह--

संसारासारत्ते सारत्ते चेव मुत्तभावस्स ।

विन्नाते संवेगो पावनिवित्ती य तत्तो उ ॥ ५४१ ॥

(संसारासारत्वे सारत्वे चैव मुक्तभावस्य । विज्ञाते संवेगः पापनिवृत्तिश्च ततस्तु)

यस्मात् संसारासारत्वे, सारत्वे चैव *मुक्तभावस्य*-मुक्तत्वस्य विज्ञाते सति भवति संवेगः, तस्माच्च संवेगात्पाप-निवृत्तिश्च भवति, तदपि च संसारासारत्वादि ज्ञायते सम्यग्ज्ञानात्, ततो नोभयमपीदमज्ञानिनः संभवति । तन्न ज्ञाने सत्यपि विशेषाभावः । तथा च सति यदुक्तम्-*'णाणेण अलं असंगस्सेति'* तदतीवासमीचीनम्, ज्ञानस्य संसारासार-

---

*પરિણામ થાય છે'* તે પણ બરાબર નથી, કેમકે-

*ગાથાર્થ* :- 'પાપના કારણભૂત કાર્યોમાં પ્રવૃત્તિ વખતે થતો તીવ્ર પરિણામ કર્મબન્ધમાં કારણ બને છે.' એ બાબતમાં કોઇ વિવાદ નથી, કારણકે અમે પણ તે જ પ્રમાણે સ્વીકારીએ છીએ. માત્ર કહેવાનું એટલું જ છે કે પાપના કારણભૂત કાર્યોમાં પ્રવૃત્તિવગેરેઅંગે જ્ઞાન કારણભૂત નથી. તેથી તમે બતાવેલો દોષનો ટોપલો જ્ઞાનપર ઢોળવો યોગ્ય નથી. ॥૫૩૭॥

અહીં જ્ઞાન કેમ નિર્દોષ છે, તે બતાવે છે.

*ગાથાર્થ* :- ક્લિષ્ટભાવવાળા અજ્ઞાનીની પણ પાપમાં કારણભૂત કાર્યોમાં પ્રવૃત્તિ થતી દેખાતી હોવાથી તેવી પ્રવૃત્તિઓ માં જ્ઞાન કારણ નથી. કારણકે જ્ઞાનના અભાવમાં પણ તેવી પ્રવૃત્તિઓ છે. અહીં ધૂમાડાઅંગે સાફડાનું દૃષ્ટાન્ત છે. (જેમ સાફડાના અભાવમાં પણ ધૂમાડો હોઇ શકે છે તેથી સાફડો ધૂમાડાનું કારણ નથી, તેમ જ્ઞાન પાપપ્રવૃત્તિઓનું કારણ નથી.) તથા અજ્ઞાનવાદીઓએ એવું કહ્યું કે 'જ્ઞાની પણ પાપ કરે છે, તેથી અજ્ઞાન જ શ્રેયસ્કર છે. કારણ કે જ્ઞાન હોવા છતાં વિશેષતા નથી.' આ પણ અસંગત છે. જ્ઞાન જન્ય વિશેષતા ઉપલબ્ધ થાય જ છે. જ્ઞાની પાપકાર્યમાં પ્રવૃત્ત થતો હોય, તો પણ જ્ઞાનના કારણેજ તેને(=જ્ઞાનીને) એવો ભાવ નથી આવતો, જેવો ભાવ અજ્ઞાનીને આવે છે. ('તુ'પદ જકારઅર્થક છે.) કારણકે જ્ઞાની સંવેગયુક્ત છે જ્યારે અજ્ઞાનીને સંવેગ નથી. (અહીં જ્ઞાનથી સમ્યગ્જ્ઞાની અર્થ સમજી લેવો.) ॥૫૩૮॥ આ જ વાત દૃષ્ટાન્તથી સ્પષ્ટ કરે છે.............

*ગાથાર્થ* :- જેમ ઝેર અથવા ઠુઠાને જાણનારો કોઇક કારણવિશેષથી તેઅંગે (ઝેર કે ઠુઠાઅંગે) પ્રવૃત્ત થતો હોય, તો પણ ભય પામે છે, કારણકે ઝેર કે ઠુઠાના કારણે થનારા અવશ્ય નુકશાનને તે જાણે છે. જેને ઝેરઆદિના ભયમાં કારણભૂત સ્વરૂપનું જ્ઞાન જ નથી, તેવો અજ્ઞાની ઝેરઆદિમાં પ્રવૃત્તિ કરતી વેળા ભય પામતો નથી. એજ પ્રમાણે જ્ઞાની તેવા પ્રકારના કર્મના વિપાકઉદયના કારણે અકાર્યમાં પ્રવૃત્તિ થાય, તો પણ સંવિગ્ન હોય છે. અર્થાત્ એ અકાર્યના કારણે દુરન્તસંસારરૂપ મોટી ખાઇમાં પડવાનો સંભવ છે. એવો ખ્યાલ હોવાથી એ અકાર્યમાં તેને(=જ્ઞાનીને) આસક્તિ હોતી નથી. તથા સંવિગ્ન જ્ઞાનીને પૂર્વે બાંધેલા પાપકર્મોની નિવૃત્તિ(=નિર્જરા) પણ અમર્યાદિતરૂપે થાય છે. આમ તીવ્ર આશ્રવબંધનો અભાવ અને વિશિષ્ટ નિર્જરાનો લાભ માત્ર જ્ઞાનીને છે. અજ્ઞાનીને એમાંથી કશું નથી સંભવતું ॥૫૩૯॥ તેથી જ કહે છે..........

*ગાથાર્થ* :- અત્યન્ત શુભ, સંવેગ પ્રધાન જે પરિણામ અને પાપમાંથી જે પ્રકૃષ્ટ નિવૃત્તિ જ્ઞાનીને છે, તે બેમાંથી એકપણ અજ્ઞાનીને નથી. ॥૫૪૦॥

त्वाद्यवगमनिबन्धनतया एकान्तेन चरणोपकारित्वात् ॥५४१॥ एतदेवोपसंहरन्नाह--

तम्हा परलोगसमुज्जतस्स भिक्खुस्स असढभावस्स ।
चरणोवगारगं इय णाणं सुत्तेविमं भणितं ॥ ५४२ ॥

(तस्मात् परलोकसमुद्यतस्य भिक्षोरशठभावस्य । चरणोपकारकमिति ज्ञानं सूत्रेऽपीदं भणितम्)

*तस्मादिति:* एवमुक्तेन प्रकारेण परलोकसमुद्यतस्य भिक्षोरशठभावस्य ज्ञानं *चरणस्य*-चारित्रस्योपकारकं, न तूपघातकम् । एतदेव स्वमनीषिकाशङ्काव्युदासाय सूत्रेऽप्यतिदिशति-सूत्रेऽपीदं भणितम् ॥५४२॥ तदेव सूत्रं पठति--

"पढमं नाणं तओ दया एवं चिट्ठति सव्वसंजए ।
अन्नाणी किं काही? किं वा णाही छेयपावगं? ॥ ५४३ ॥"

(प्रथमं ज्ञानं ततो दया एवं तिष्ठति सर्वसंयतः । अज्ञानी किं करिष्यति ? किं वा ज्ञास्यति छेकपातकम्)

*प्रथमम्*-आदौ ज्ञानं जीवस्वरूपसंरक्षणोपायफलविषयं,*ततः* तथाविधज्ञानसमनन्तरं *दया*-संयम *एवम्*-उक्तेन प्रकारेण ज्ञानपूर्वकक्रियाप्रतिपत्तिरूपेण *तिष्ठति*-आस्ते सर्वः संयतः । यः स पुनर*ज्ञानी* साध्योपायफलपरिज्ञानविकलः स किं करिष्यति? नैव किंचित्, सर्वत्रान्धतुल्यत्वात्। किं वा कुर्वन् ज्ञास्यति *छेकं*-कालोचितं हितं *पातकं* वा हितविपरीतं, ततस्तत्करणं भावतोऽकरणमेव, घुणाक्षरकरणवत् ॥५४३॥ ततश्च,--

इय कह नाणेण अलं जुज्जइ वयणं इमं असंगस्स? ।
अण्णाणं चिय संगो कारणकज्जोवयारातो ॥ ५४४ ॥

(इति कथं ज्ञानेनालं युज्यते वचनमिदमसंगस्य? । अज्ञानमेव संगः कारणकार्योपचारात्)

*इतिः*-एवमुक्तेन प्रकारेण चरणोपकारित्वे सति ज्ञानस्य कथमिदं वचनं युज्यते यदुत *ज्ञानेनालमसङ्गस्येति* । यस्मादिहाज्ञानमेव कारणे कार्योपचारात् सङ्गस्ततोऽसङ्गस्याज्ञानरूपसङ्गपरिहाराय ज्ञानमेवोपादातुमुचितमिति स्थितम्॥५४४॥ मूलत उपसंहारमाह--

तम्हा नाणी जीवो तं पि य परलोगसाहगं सिद्धं ।
नाणण्णाणविवेगे उवायमो चेव निरवज्जो ॥ ५४५ ॥

(तस्माद् ज्ञानी जीवस्तदपि च परलोकसाधकं सिद्धम् । ज्ञानाज्ञानविवेके उपाय एवं निरवद्यः)

तस्मादयं जीवो ज्ञानी-ज्ञानस्वभावः सिद्धः । तदपि च ज्ञानं परलोकसाधकं सिद्धम् । तथा ज्ञानाज्ञानविवेके च इदं सम्यग्ज्ञानमिदं च मिथ्याज्ञानमित्येवं ज्ञानाज्ञानविभागे च कर्त्तव्ये *उपायो*-हेतुर्ज्ञानं दृष्टेष्टाबाधितसमयमूलत्वान्निरवद्यः इति ज्ञायकत्वसिद्धिः ॥५४५॥ समर्थितं 'ज्ञायक' इति द्वारम् ॥ इति पूर्वार्द्धः ।

---

અજ્ઞાનીને ઉપરોક્ત ઉભયનો કેમ અભાવ છે ? તે બતાવે છે.

*ગાથાર્થ* :- સંસારની અસારતા અને મોક્ષની સારતાનું જ્ઞાન થાય, તો જ સંવેગ ઉત્પન્ન થાય. અને તે સંવેગથી પાપ નિવૃત્તિ થાય. આ સંસારની અસારતાનું જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાનથી જ થાય. તેથી અજ્ઞાનીને આ બન્ને(સંવેગ અને પાપનિવૃત્તિ) સંભવતા નથી. તેથી જ્ઞાન હોવા છતાં વિશેષતા નથી' એવો દાવો પોકળ છે. તેથી જ *ણાણેણ અલં અસંગસ્સ* (ગા.૫૧૨) (અસંગ સાધુને જ્ઞાનથી સર્યું.) એવું અજ્ઞાનવાદીઓનું વચન તદ્દન ગેરવ્યાજબી છે. કારણકે સંસારથી અસારતા વગેરેના બોધમાં કારણ બનવા દ્વારા જ્ઞાન એકાંતે ચારિત્રનું ઉપકારી છે. ॥૫૪૧॥ આ જ વાતનો ઉપસંહાર કરતા કહે છે..............

*ગાથાર્થ* :- પરલોકાર્થે ઉદ્યત થયેલા અને અશઠભાવવાળા સાધુમાટે જ્ઞાન ઉપરોક્તરીતે ચારિત્રનું ઉપકારી જ છે. નહિ કે ઉપઘાતક. આ વાત અમે અમારી બુદ્ધિથી કરીએ છીએ, તેવી આશંકા દૂર કરવા સૂત્રનો અતિદેશ બતાવીએ છીએ, - સૂત્રમાં પણ આમ કહ્યું છે ॥૫૪૨॥ જ્ઞાનસમર્થક સૂત્રનો પાઠ જ રજૂ કરવામાં આવે છે....................

*ગાથાર્થ* :- સૌ પ્રથમ જીવનું સ્વરૂપ, જીવના સંરક્ષણનો ઉપાય અને તેનું ફળ આ બધાઅંગે જ્ઞાન જોઈએ, આવા પ્રકારના જ્ઞાનને પ્રાપ્ત કર્યા બાદ દયા=સંયમ છે. આમ ઉપરોક્તરીતે જ્ઞાનપૂર્વકક્રિયાના સ્વીકારરૂપે જ બધા સંયમીઓ રહેલા છે. સાધ્ય, તેનો ઉપાય અને તેનું ફળ ઇત્યાદિઅંગેના જ્ઞાનથી રહિતનો અજ્ઞાની શું કરશે ? અર્થાત્ કંઇ ન કરી શકે, કેમકે સર્વત્ર તે (=અજ્ઞાની) અંધતુલ્ય છે. અથવા તો શું કરતા તે જાણી શકશે કે 'આ છેક=અવસરોચિત છે, અને આ અહિતકર છે.' અર્થાત્ આ નહિ જાણી શકે. તેથી જાણ્યા વિના કરેલી પ્રવૃત્તિઓ વાસ્તવમાં ઘુણાક્ષરન્યાયવત્ નહિ કરેલી જ છે. ॥૫૪૩॥

*ગાથાર્થ* :- આમ, ઉપરોક્તરીતે જ્ઞાન ચારિત્રનું ઉપકારી છે. તેથી અજ્ઞાનવાદીઓનું 'અસંગસાધુને જ્ઞાનથી સર્યું' એવું વચન શી રીતે યોગ્ય ઠરે ? અર્થાત્ અયોગ્ય જ છે. કારણકે વાસ્તવમાં અજ્ઞાન જ સંગનું કારણ હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને કહીએતો અજ્ઞાન જ સંગરૂપ છે. તેથી અસંગ સાધુએ સંગરૂપ અજ્ઞાનનો ત્યાગ કરવા જ્ઞાનનું જ ઉપાદાન કરવું યોગ્ય છે, તેમ નક્કી થાય છે ॥૫૪૪॥ મૂળદ્વારનો ઉપસંહાર કરતા કહે છે.-

*ગાથાર્થ* :- તેથી આટલી વાત સિદ્ધ થાય છે. (૧) આ જીવ જ્ઞાનસ્વભાવવાળો છે. (૨) આ જ્ઞાન પરલોકસાધક છે. અને (૩) જ્ઞાનાજ્ઞાનના વિવેકમાં - 'આ સમ્યગ્જ્ઞાન, આ મિથ્યાજ્ઞાન' એમ જ્ઞાન-અજ્ઞાનના વિભાગમાં કારણતરીકે જ્ઞાન જ નિરવદ્ય ઉપાય છે. કારણ કે તે દૃષ્ટ અને ઇષ્ટથી અબાધિત આગમપૂર્વકનું છે. આમ **જ્ઞાયકત્વની** સિદ્ધિ થાય છે. ॥૫૪૫॥

'જ્ઞાયક' દ્વારનો વિચાર પૂર્ણ થયો.

પ્રથમ વિભાગ દેવગુરુકૃપાએ સમાપ્ત થયો.